
# પ્રવચનસાર પ્રવચન

ભાગ ૮



ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પ્રવચનસાર પ્રવચન

(ભાગ–૮)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૬૮-૬૯ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)
(ગાથા-૧૭૨, અલિંગગ્રહણના વીસ બોલ, ગાથા-૧૯૨
તથા ૪૭ નય)

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

| વિક્રમ સંવત ૨૦૮૧ | વીર સંવત ૨૫૫૧ | ઈ. સન ૨૦૨૪ |
|---|---|---|


**પ્રકાશન**
માગશર વદ-૮, શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્ય પદારોહણ દિન,
તા. ૨૩-૧૨-૨૦૨૪

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

**ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા નંબરે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ. તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી. શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં 'પ્રવચનસાર' શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદાચાર્યના મહિમા દર્શાવતાં અનેક શિલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદાચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ 'પ્રવચનસાર' શાસ્ત્રમાં રહેલાં છે. અતઃ આ 'પ્રવચનસાર' ગ્રંથ છે એ ભગવાન શ્રી સીમંધરસ્વામીના દિવ્ય સંદેશા જ છે. ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ આ ગ્રંથમાં વસ્તુ સ્વરૂપને સમજાવતાં મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થયેલ છે, જે મુમુક્ષુજીવને મહામિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરવા માટે દિવ્ય પ્રકાશ સમાન જ છે.

મહા મિથ્યાત્વથી પ્રભાવિત આ દુષમકાળમાં આવા સર્વોત્કૃષ્ટ પરમાગમોનાં સિદ્ધાંતો સમજવાનું અજ્ઞાની જીવોનું ક્યાં સામર્થ્ય હતું? પરંતુ ભરતક્ષેત્રના અહોભાગ્યે તથા ભવ્ય ૭જીવોને તારવા, આ મિથ્યાત્વના ઘોર તિમિરને નષ્ટ કરવા એક દિવ્ય પ્રકાશ થયો! એ છે કહાન ગુરુદેવ!! પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનાં એક અજોડ રત્ન છે! જેમણે સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા ગૂઢ પરમાગમોના રહસ્યોને ઉકેલ્યા. જેમનાં ઘરમાં આગમો ઉપલબ્ધ હતાં તેમને પણ આગમો ઉકેલવાની શક્તિ નહોતી, એવા આ દુષમકાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રભાવના યોગે ઘરે-ઘરે મૂળભૂત પરમાગમોનાં સ્વાધ્યાયની પ્રણાલિકા શરૂ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ્, વ્યય, ધ્રૌવ્ય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત ઈત્યાદિ અનેકાનેક વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરતાં સિદ્ધાંતોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચનાનુસાર 'પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનો એક અચંબો જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.' ઈત્યાદિ અનેકાનેક બહુમાનસૂચક વાક્યો પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ

પ્રતિભાને વ્યક્ત કરે છે. એવાં ભવોદધિતારણહાર, નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર, ઈ.સ. ૧૯૬૮-૬૯માં ચાલેલ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે. આઠમા ભાગમાં જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપનની ૧૭૨, ૧૯૨ ગાથા તથા પરિશિષ્ટ, ૪૭ નય ઉપરના ૪૩ પ્રવચનોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબ સાઈટ (**www.vitragvani.com**), **vitragvani app, vitragvani YouTube channel** જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલે પાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કરકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ, મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં  એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૨૩૭ | ૧૬-૦૮-૧૯૬૯ | પરિશિષ્ટ, અલિંગગ્રહણ બોલ-૧ | ૦૦૧ |
| ૨૩૮ | ૧૭-૦૮-૧૯૬૯ | અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી. | |
| ૨૩૯ | ૧૮-૦૮-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૧ | ૦૧૩ |
| ૨૪૦ | ૧૯-૦૮-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૧-૨ | ૦૨૪ |
| ૨૪૧ | ૨૦-૦૮-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૨-૩-૪ | ૦૩૭ |
| ૨૪૨ | ૨૧-૦૮-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૪-૫-૬ | ૦૫૧ |
| ૨૪૩ | ૨૨-૦૮-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૬-૭ | ૦૬૫ |
| ૨૪૪ | ૨૩-૦૮-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૭-૮ | ૦૭૯ |
| ૨૪૫ | ૨૪-૦૮-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૮થી૧૦ | ૦૯૩ |
| ૨૪૬ | ૨૫-૦૮-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૯થી૧૧ | ૧૦૬ |
| ૨૪૭ | ૨૭-૦૮-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૧૧-૧૨ | ૧૨૨ |
| ૨૪૮ | ૨૮-૦૮-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૧૨ | ૧૩૫ |
| ૨૪૯ | ૨૯-૦૮-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૧૨થી૧૪ | ૧૫૦ |
| ૨૫૦ | ૩૦-૦૮-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૧૪-૧૫ | ૧૬૪ |
| ૨૫૧ | ૩૧-૦૮-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૧૫થી૧૭ | ૧૭૮ |
| ૨૫૨ | ૦૧-૦૯-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૧૭-૧૮ | ૧૯૩ |
| ૨૫૩ | ૦૨-૦૯-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૧૧-૧૨ | ૨૦૭ |
| ૨૫૪ | ૦૩-૦૯-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૧૯-૨૦ | ૨૨૦ |
| ૨૫૫ | ૦૫-૦૯-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૧થી૧૫ | ૨૩૩ |
| ૨૫૬ | ૦૬-૦૯-૧૯૬૯ | ગાથા-૧૭૨, અલિંગગ્રહણ બોલ-૧૬થી૨૦ | ૨૪૭ |
| ૨૫૭ | ૦૭-૦૯-૧૯૬૯ | અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી. | |

| | | | |
|---|---|---|---|
| ૨૫૮ | ૦૮–૦૯–૧૯૬૯ | ગાથા–૧૯૨ | ૨૬૦ |
| ૨૫૯ | ૦૨–૧૦–૧૯૬૯ | પરિશિષ્ટ | ૨૭૨ |
| ૨૬૦ | ૦૩–૧૦–૧૯૬૯ | પરિશિષ્ટ, નય–૧ | ૨૮૮ |
| ૨૬૧ | ૦૪–૧૦–૧૯૬૯ | નય–૧–૨–૩ | ૩૦૩ |
| ૨૬૨ | ૦૫–૧૦–૧૯૬૯ | નય–૪ | ૩૧૫ |
| ૨૬૩ | ૦૬–૧૦–૧૯૬૯ | નય–૪ થી ૧૧ | ૩૨૮ |
| ૨૬૪ | ૦૭–૧૦–૧૯૬૯ | નય–૧ થી ૧૩ | ૩૪૧ |
| ૨૬૫ | ૦૮–૧૦–૧૯૬૯ | નય–૧૪ થી ૧૬ | ૩૫૫ |
| ૨૬૬ | ૦૯–૧૦–૧૯૬૯ | નય–૧૬ થી ૧૯ | ૩૬૮ |
| ૨૬૭ | ૧૦–૧૦–૧૯૬૯ | નય–૨૦ થી ૨૪ | ૩૮૨ |
| ૨૬૮ | ૧૩–૧૦–૧૯૬૯ | નય–૨૪ થી ૨૭ | ૩૯૬ |
| ૨૬૯ | ૧૫–૧૦–૧૯૬૯ | નય–૨૬ થી ૨૮ | ૪૧૦ |
| ૨૭૦ | ૧૬–૧૦–૧૯૬૯ | નય–૨૮ થી ૩૧ | ૪૨૪ |
| ૨૭૧ | ૧૭–૧૦–૧૯૬૯ | નય–૩૧ થી ૩૪ | ૪૩૭ |
| ૨૭૨ | ૧૯–૧૦–૧૯૬૯ | નય–૩૪–૩૫ | ૪૫૦ |
| ૨૭૩ | ૨૦–૧૦–૧૯૬૯ | નય–૩૫–૩૬–૩૭ | ૪૬૫ |
| ૨૭૪ | ૦૭–૧૧–૧૯૬૯ | નય–૩૬ થી ૩૮ | ૪૭૯ |
| ૨૭૫ | ૦૮–૧૧–૧૯૬૯ | નય–૩૮ થી ૪૦ | ૪૯૩ |
| ૨૭૬ | ૦૯–૧૧–૧૯૬૯ | નય–૪૦ થી ૪૩ | ૫૦૮ |
| ૨૭૭ | ૧૦–૧૧–૧૯૬૯ | નય–૪૩ થી ૪૫ | ૫૨૩ |
| ૨૭૮ | ૧૧–૧૧–૧૯૬૯ | નય–૪૫–૪૬–૪૭, શ્લોક–૧૯ | ૫૩૮ |
| ૨૭૯ | ૧૨–૧૧–૧૯૬૯ | શ્લોક–૧૯ | ૫૫૨ |
| ૨૮૦ | ૧૩–૧૧–૧૯૬૯ | શ્લોક–૧૯–૨૦–૨૧ | ૫૬૬ |
| ૨૮૧ | ૧૪–૧૧–૧૯૬૯ | શ્લોક–૨૧–૨૨ (પંચાસ્તિકાય સંગ્રહ)<br>શ્લોક–૧–૨–૩ | ૫૭૯ |

ॐ

वीतरागाय नमः

# પ્રવચનસાર પ્રવચન

(ભાગ-૮)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૮ની સાલના શબ્દશઃ પ્રવચનો)

**શ્રાવણ સુદ ૩, શનિવાર, તા. ૧૬.૦૮.૧૯૬૯**
**પરિશિષ્ટ, બોલ-૧, પ્રવચન-૨૩૭**

આ પ્રવચનસાર છે. એનું પરિશિષ્ટ છે. વિશેષ પ્રકારની .. કહેવાઈ ગઈ છે એ જ વાતને વિશેષ સ્પષ્ટ રીતે કહે છે એનું નામ પરિશિષ્ટ. અહીંયાં પ્રશ્ન શું છે? 'આ આત્મા કોણ છે...' એ પ્રશ્ન જ પહેલા મૂક્યો છે. જેને સુખી થવું છે અથવા જેને ધર્મી થવું છે, ધર્મ કરવો છે એને આત્મા કેવો છે એવો પહેલો એને જાણવો જોઈએ. એ ધર્મ કરનાર આત્મા છે. એટલે ધર્મ કરનાર આત્મા અને પર્યાય ધર્મ, તો એ દ્રવ્ય પોતે આત્મા કોણ છે? સમજાણું કાંઈ? આ તો ભાઈ! શિષ્યનો પ્રશ્ન છે કે તમે આત્માનું દર્શન કરો, આત્માનું જ્ઞાન કરો, આત્માનું ધ્યાન કરો એમ જે વારંવાર કહો છો ધર્મને માટે. તો એ આત્મા છે કોણ? કેવો છે? છેને? 'આત્મા કોણ છે...' નીચે પછી અર્થ છે ખુલાસો કે આત્મા કોણ છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્માએ તીર્થંકરદેવે આત્મા કોને કહ્યો છે? કે જે જાણવાથી આત્માને આનંદ આવે, ધર્મ થાય અને મુક્તિનો ઉપાય થઈને મુક્તિ થાય. સમજાય છે કાંઈ?

એ પ્રશ્ન કર્યો છે. 'આ આત્મા...' આ આત્મા એમ. 'આ આત્મા...' હવે શિષ્યનો પ્રશ્ન જ એવો છે કે જુઓ એ રીતે વાત કરી છે. બીજી વાત જગતના પદાર્થો ગમે તે

પ્રકારે હોય એ એને સ્થાને રહ્યા. એને તો આત્મા જાણનાર છે. આત્મામાં એ પરપદાર્થ છે નહિ. સમજાય છે કાંઈ? શરીર, વાણી, મન આ તો બધા જડ છે માટી. એ બધા અને આ બીજા બધા, બીજા આત્માઓ કે બીજા શરીરાદિ.. વસ્તુ જે ભગવાન આત્મા છે વસ્તુ. એમાં તો બીજી ચીજનો અભાવ છે. બીજી ચીજ એમાં છે નહિ. પર અને બીજા આત્માઓ એના આત્મા તરીકે અને પર તરીકે થઈને રહેલા છે. એ આત્માના થઈને રહેલા નથી. બરાબર હશે? ..ભાઈ! પૈસો પૈસાનો થઈને રહ્યો છે, આનો થઈને નહિ એમ કહે છે. .. આ આત્મા કોણ છે? એમ પ્રશ્ન કરતા જ આત્માથી બીજી ચીજ છે એમાં આ આત્મા નથી અને બીજી બધી ચીજો છે એ આ આત્મામાં નથી. ત્યારે એ આત્મા છે કોણ? એનું દ્રવ્ય શું? એની શક્તિ શું? એની અવસ્થા શું? એવો પ્રશ્ન છે અહીં. સમજાય છે કાંઈ?

**'અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે...'** અને એને પ્રાપ્ત કરવાની વિધિ શું? આત્માને પ્રાપ્ત કરવો... આનંદકંદ પ્રભુ છે. એ પહેલા બોલમાં જ .. છે. કે દ્રવ્ય છે એ વસ્તુ. વસ્તુ છે. એ વસ્તુ ખરેખર તો શરીરાદિ બધી ચીજ સાથે તન્મય થઈને રહેલી નથી. બીજી ચીજ બીજી ચીજરૂપે રહેલી છે. એને એની સ્થિતિએ રહેલી એ છે અને આની સ્થિતિએ રહેલો આત્મા છે. કારણ કે સંસારની પર્યાયમાં પણ આની સ્થિતિમાં રહેલો.. દ્રવ્ય સ્વરૂપ જે છે. દૃષ્ટિનો વિષય જે દ્રવ્ય છે આત્મા જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ, એમાં તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના વિકલ્પો ભાવ છે બધા એ આત્મા સાથે છે જ નહિ. એ દૃષ્ટિના દ્રવ્યની અપેક્ષાએ, દૃષ્ટિ જે છે સમ્યક્ એનો વિષય દ્રવ્ય શુદ્ધ પરમાનંદસ્વરૂપ. એનું વર્ણન અત્યારે નથી. એ દૃષ્ટિમાં વસ્તુ ભગવાન આત્માથી ચૈતન્ય અનંત લક્ષ્મીજ્ઞાન અને આનંદની લક્ષ્મીથી ભરેલો પદાર્થ એવો દૃષ્ટિમાં લેતા એ આત્માની સાથે... પુણ્ય-પાપના વિકલ્પો, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવે એ બધાને પુદ્‌ગલ સાથે, અજ્ઞાન સાથે એનું એક તન્મયપણું છે. આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદમૂર્તિ છે એની સાથે એનું તન્મય એકપણું છે નહિ. સમજાણું કાંઈ? શોભાલાલજી! થોડું થોડું સમજી લેવું. ગુજરાતી ભાષા છે. કાલથી હિન્દી ચાલશે. અત્યારે તો આ.

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર ત્રિલોકનાથે જે આત્મા સ્વ જ્ઞેયપણે જોયો છે! એ કોણ છે અને કેવો છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. બીજો શું છે? આ જડ શું છે? પર શું છે? એનો પ્રશ્ન .. નથી. કોણ છે ઈ આત્મા જેને તમે આત્મા કહો છો અને એ આત્મા કઈ રીતે પમાય? પણ વસ્તુની અપેક્ષાએ તો એ આત્મા એકલો જ્ઞાનમૂર્તિ ચિદાનંદસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? પણ એ દૃષ્ટિથી થયેલું આત્માનું ભાન અને એનાથી થયેલું જ્ઞાન, એ જ્ઞાન છે એ આત્માના દ્રવ્યને પણ જાણે છે અને એની પર્યાયમાં રાગાદિ, વિકલ્પાદિ હોય એને પણ એ જાણે છે એવી રીતે આત્માને વર્ણવવો છે. સમજાણું કાંઈ? એ માટે અહીં પ્રશ્ન કર્યો છે. .. વસ્તુ છેને? ભગવાન આત્મા વસ્તુ છે સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ. એનું સિદ્ધસ્વરૂપ

છે એવું જ આત્માનું સ્વરૂપ છે. એ એટલો જ આત્મા છે એ બીજી રીતે પણ છે. જ્ઞાનપ્રધાન કથન છેને? તો એ વસ્તુ પણ એ છે, પણ એની અવસ્થામાં... એનું જ્ઞાન થયા પછીની વાત છે. અવસ્થા-દશામાં નિર્મળતા પણ છે, એ પણ જાણવા જેવી છે અને રાગાદિમાં વિકલ્પ થાય છે એ પણ જાણવા જેવી એક ચીજ છે, પર્યાયમાં થાય એ જાણવા જેવી છે. સમજાણું કાંઈ? એ રીતે શિષ્યનો પ્રશ્ન છે કે ભગવાન આત્મા છે કોણ? જેને ધર્મ કરવો છે અને જેને સુખી થવું છે. ધર્મ કરવો એટલે સુખી થાવું અને ધર્મ ન કરવો એટલે દુઃખી થાવું. ચંદુભાઈ!

કાલે કહ્યું હતું કે લક્ષ્મી એ પર્યાય .. છે એની બહેન કહે છે. ... છે એમ કહ્યું છેને. આ લક્ષ્મી જે છે કરોડ, અબજો, ચક્રવર્તી, ઇન્દ્રપદ કે જે કહો તે. સમજાય છે? એ બધી લક્ષ્મીની સખી-બહેનપણી વિપદા છે. શશીભાઈ! બરોબર હશે? ક્યાં તમે પૈસાવાળા છો અને આપદા ક્યાં છે? ... કહો, શેઠ! દુઃખી છો તમે? લક્ષ્મી વિપદાનું સ્થાન છે. વિપત્ત-વિપત્ત, એ વિપત્તનું સ્થાન છે. ભગવાન આત્મા આનંદની લક્ષ્મીનું સ્થાન છે. પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ જોયો, જાણ્યો અને એમણે કહ્યો કે ભાઈ! એ આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન, એ અતીન્દ્રિય જ્ઞાન આનંદમય ભગવાન આત્મા છે, વસ્તુ તરીકે. સમજાય છે? એનું તારે અંતર્મુખ થઈને દૃષ્ટિ-જ્ઞાન કરવું પડશે. ત્યારે તેને સમ્યગ્જ્ઞાન અને શાંતિનું સુખ થશે. એ વિના ધર્મ અને શાંતિનું સુખ થશે નહિ. ધર્મ કરવો એટલે કે સુખી થવું. એ આત્મા આનંદસ્વરૂપ છે. સિદ્ધ ભગવાનને કેવળીને અનંત આનંદ પ્રગટ્યો એ આનંદ ક્યાંથી આવ્યો? ક્યાંય બહારથી આવે એવો છે? એની ઘરમાં પડ્યો છે. વસ્તુની સ્થિતિમાં પડી છે એ. અતીન્દ્રિય આનંદ, અપરિમિત સ્વભાવ એની અંતર દૃષ્ટિ કરતા એ આનંદસ્વભાવની શક્તિની અવસ્થામાં-પર્યાયમાં પ્રગટદશામાં આનંદનું આવવું એને ભગવાન ધર્મ કહે છે. સમજાણું કાંઈ? એની સાથે રાગાદિ હોય છે. સાધકની દશા છેને હજી? સિદ્ધની વ્યાખ્યા નથી. આ તો સાધક શુદ્ધ જ્ઞાન ઉપયોગથી આત્મા પ્રાપ્ત કરે એવો આત્મા છે એમ કહેવું છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! એણે કોઈ દિ' આમ, આમ, આમ નજર કરી. પણ નજરનો કરનાર ગુલાંટ ખાઈને જે નજર કરનાર એ કોણ છે એમ નજર કરી નથી. સમજાણું કાંઈ?

જ્ઞાન એની દશા. એથી તો .. મિથ્યાદૃષ્ટિનો વ્યવહાર-વ્યવહાર. ..માં આવ્યું હતું. ..એથી આત્મામાં પર્યાયમાં જે કોઈ દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ ઉઠે છે એનો આત્મા કર્તા નથી. કેમકે આત્માનું સ્વરૂપ નથી, આત્મામાં એ વસ્તુમાં નથી. અહીં તો પર્યાયનું જ્ઞાન કરાવે છે, પણ એ દયા, દાન, વ્રતના વિકલ્પોનું જે જ્ઞાન છે એ પોતાનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? એની ક્રિયામાં વિકલ્પો ઉઠે છે દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિ એ આત્માનું કર્તૃત્વ નથી, આત્માનું કાર્ય નથી, એમ આત્મામાં નથી. એ ભિન્ન છે. ભિન્ન છે એ આત્માના નથી. પણ હા, છે એ સંબંધીનું જ્ઞાન પોતાનું જ્ઞાન એ પોતાનું છે. સમજાણું કાંઈ? એ .. આવી

છે મગજમાં .. આવે તો આવે, ન આવે તો ન કરે. ... .. તને ખબર નથી. આ કરવું, તે કરવું એ વૃત્તિનું ઉત્થાન છે. એ વૃત્તિનું કર્તવ્ય મારું છે એમ માનનાર તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. સમજાય છે કાંઈ? અને એ મેં કર્યું છે અને મારું કામ છે અને મારું છે. જેને મારું કામ માન્યું એને મારું માન્યા વિના રહે નહિ, પણ એ એનું નથી. એનું હોય તો જુદું પડે નહિ. સર્વજ્ઞ પરમાત્મા થયા એને જુદું પડ્યું એટલે કે એનું નહોતું, આત્માનું નહોતું. આહા..હા..!

જાણેલો પ્રયોજવાન છેને એ ઉપરથી મગજમાં આવ્યું હતું કે એ રાગાદિ ભાવ તદ્દન જડ અને પુદ્‌ગલ છે. અચેતન અને અજીવ છે. ચૈતન્યની જાત સાથે એનું એકમેકપણું નથી. એવો વ્યવહાર જીવનો છે એમ નથી. ત્યારે એ વ્યવહાર જે બંધનું કારણ અને અધર્મ અને દુઃખરૂપ પર્યાય છે ઈ. એ સંબંધીનું જ્ઞાન છે એ જ્ઞાન પોતાનું છે પાછું. એ કોઈ એનું (રાગાદિનું) નથી. સમજાણું કાંઈ? એ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન ચિદાનંદસ્વરૂપ છે. સર્વજ્ઞ પરમેશ્વરે સર્વજ્ઞપદ પ્રગટ કર્યું એ ક્યાંથી? અંદરમાંથી, જ્ઞાનસ્વરૂપ જ આખો છે એમાંથી પ્રગટ થયું છે. એથી એ સર્વજ્ઞ સ્વભાવી એવું ચૈતન્ય ભગવાન એને જે આ રાગાદિ વિકલ્પ હોય, પણ એને હોય એમ કહેવું એ વ્યવહાર છે. એનું નથી. હા, આવા છે રાગાદિ એક પ્રકારનો વિકલ્પ ઉઠે છે એ જ પ્રકારનું જ્ઞાન, એવી જાતનું જ્ઞાન (થાય), એ પણ જ્ઞાન એને લઈને નથી. એ પોતાનો સ્વપરપ્રકાશક જ્ઞાનસ્વભાવ છે એને લઈને સ્વને જાણે, પરને જાણવાની અપેક્ષા કહેવામાં આવે છે પણ એ પરનું નથી. એ જ્ઞાન સર્વજ્ઞસ્વભાવ છે. એ રાગથી ભિન્ન થઈને જાણે છે. સમજાય છે કાંઈ? તેથી એની જાણવાની દશા એની છે. ઓલી .. વ્યવહારની દશા એમ છે નહિ. દૃષ્ટિની મુખ્યતામાં એ નથી. પરિણમનમાં બતાવશે જ્ઞાન, જ્ઞાન જાણે. વિકલ્પનું એટલું પરિણમન છે રાગાદિનું, એ જાણે છે. .. જાણે છે કે છે, બસ એટલું. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! એને આત્માની વાત અપૂર્વ વસ્તુ પરમેશ્વર ત્રિલોકનાથ કહે છે. કેવળી પણ્ણંતો ધમ્મો શરણંમાં નથી બોલતા? આ સાંજ-સવાર બોલે છેને મંગલિકમાં. ..બોલે અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં. એમ કેવળી પણ્ણંતો ધમ્મો કહેવો કોને? સમજાણું કાંઈ? આહા..હા..!

પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ ઈન્દ્રોની સમક્ષમાં અને ગધણરોની સમક્ષમાં એ વાણી અંદર આવી હતી. એ વાણી સાથે આત્મા તન્મય નથી. આહા..હા..! તન્મય એટલે એકરૂપ નથી, છતાં એ બીજી ચીજમાં પણ આવું આવ્યું હતું. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાઈ! તારો આત્મા આનંદસ્વરૂપ છેને પ્રભુ! જ્ઞાનની મૂર્તિ છે, એ તો ચૈતન્યસૂર્ય છે. સૂર્ય તે અંધકાર સાથે એકમેક હોય? એમ ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પો છે એ તો અંધારું-અંધકાર છે. એની સાથે ભગવાન ચૈતન્યસૂર્ય એકમેક નથી. એવો અંતરમાં અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ કહેવાય છે, આહા..હા..! ત્યારે સુખને પંથે ચડ્યો, નહિતર ત્યાં

સુધી એ દુઃખને રસ્તે હતો. શોભાલાલજી! તે દુઃખના વેપાર કરતો હતો.

ત્યારે એ આત્મા કોણ છે? એવો પ્રશ્ન કર્યો. એ નિમિત્તથી કહ્યું. તમે કોણ છો? એમ નથી કીધું. .. છે. આચાર્યે શૈલી જ એવી મૂકી છે. એના શબ્દો કેવા છે એ નહિ. કારણ કે બધાનો જાણનાર એ ચૈતન્યવસ્તુ છે. એ તો આંધળા જડ છે એને આની હયાતી છે કે નહિ એ આને ખબર નથી. ખબર છે આને? આ તો જડ છે માટી. આ તમે જગતમાં ચીજ છે એવી આને ખબર છે? આ તો જડ છે. જાણનારો જાણે છે કે આ એક છે. ભિન્ન રહીને તેના સંબંધીનું જ્ઞાન પોતામાં આવેલું એમાં રહીને એને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. સમજાણું કાંઈ? એ જાણનારો તો ભગવાન આત્મા છે, પછી બીજા દ્રવ્યની પણ હયાતીનો સ્વીકાર કરીને પોતે જાણે છે. સમજાણું કાંઈ?

તો અહીં શિષ્ય કહે છે કે મહારાજ! '**આ આત્મા કોણ છે અને કઈ રીતે પ્રાપ્ત કરાય...**' પૈસા કેમ મળે એમ પ્રશ્ન નથી અહીં. સ્વર્ગ કેમ મળે? સમજાણું કાંઈ? ... કેમ છે પમાય? એ કેમ મળે? એ કેમ પ્રાપ્ત થાય? કેમ અમને એનો અનુભવ થાય? એમ શિષ્યનો પ્રશ્ન છે. ધર્મ જેને કરવો છે એને આ પ્રશ્ન ઉઠે છે. એમ કહે છે. સ્વરૂપચંદભાઈ! બરાબર છે? .. મળે, ... એવી શૈલી લીધી. .. આશીર્વાદથી મળે એમ છે? આત્મા કેમ મળે પોતાના પુરુષાર્થથી એ ચીજ અહીં .. છે. સમજાણું કાંઈ? અમને કેવા પુરુષાર્થથી અને કેવી રીતે અને વિધિથી એ .. પછી પરમાત્મપદ પોતે છે એ કેમ પમાય? આ બે પ્રશ્ન છે. ક્યા બે પ્રશ્ન, સમજાણું? આત્મા કોણ છે? એટલે કેવો છે? અને એ કેમ પમાય? '**એવો પ્રશ્ન કરવામાં આવે...**' જો આવો પ્રશ્ન કરવામાં આવે તો અમે .. પેઠે જગતને કહેતા નથી એમ કહે છે. પરાણે ઘરે કહેવા જતા નથી. આવો જો પ્રશ્ન તમને ઉદ્ભવે અને એવો પ્રશ્ન જો તમે કરો તો એને માટે આ ઉત્તર છે. ..ભાઈ!

'**તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે...**' કહે છે. અમે કહ્યું એમાં. '**ફરીને પણ કહેવામાં આવે છે :—**' વિશેષ સ્પષ્ટ વધારે કરે છે. હવે '**પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે...**' જુઓ, હવે કહે છે. ભગવાન આત્મા ચૈતન્ય સામાન્ય જેનો સ્વભાવ છે જાણવું-દેખવું. જાણવું-દેખવું એનો સ્વભાવ છે. એની સાથે '**અનંત ધર્મોના અધિષ્ઠાતા એક દ્રવ્ય છે,...**' એની સાથે વ્યાપ્ત. ... જ્ઞાન સ્વભાવ છે એ ચૈતન્યના સ્વભાવની સાથે અનંત ધર્મ એટલે એની દશાની અવસ્થા, એના ગુણની અને દ્રવ્યની છે. એ બધી ધારેલી અવસ્થાઓ એ ચૈતન્ય સામાન્યમાં બધા એ અનંત ધર્મ વ્યાપેલા છે. નિત્યપણું, અનિત્યપણું, એકપણું, અનેકપણું બધા ધર્મ એમાં વ્યાપેલા છે. એમ કહે છે. સમજાણું કાંઈ? શું કીધું અહીં આત્માનું .. નય. ... આપણે વાંચ્યું હતું. ... આ .. છે ભાઈ! કહો, સમજાણું કાંઈ?

શું કહે છે? સર્વજ્ઞ ..એમાં જે વસ્તુ છે કે આ શરીર, વાણી, મન, કર્મ જડ એની સાથે વ્યાપ્ત નથી. એનું સામાન્ય ચૈતન્ય જાણવું-દેખવું જે સ્વભાવ છે એ એનામાં રહેલા

વિકારરૂપ પર્યાય, અવિકારરૂપ દશા, અવિકારી ગુણ આદિ અનંત પોતાના ગુણ અને શક્તિ, ગુણ પણ એનો ધર્મ ધારી રાખેલા છે, પર્યાય પણ એનો ધારી રાખેલો ધર્મ છે. ધારી રાખેલો ધર્મ. .. ધારી રાખ્યો એ ધર્મ. ટકાવી રાખ્યો એ. એવા અનંતા ધર્મની સાથે ચૈતન્ય સામાન્ય બધામાં વ્યાપક છે. ..લાલજી! શરીર, વાણી, મન, જડ એમાં વ્યાપેલ નથી, એમાં રહેલ નથી. પણ ચૈતન્ય સામાન્ય જાણવું-દેખવું એવો જે સ્વભાવ, ભગવાન આત્મા દ્રવ્ય વસ્તુ અને એનો સ્વભાવ ચૈતન્ય જાણવું-દેખવું એ એનો ધર્મ. એ સામાન્ય ચૈતન્યસ્વભાવ એનો એ બધા ધર્મોમાં, એના ગુણી દ્રવ્યમાં અને પર્યાય એટલે અવસ્થા—એનામાં રહેલા ધર્મમાં એ સામાન્ય ચેતન વ્યાપક છે. શેઠી! એ કરતાં તો દયા પાળવી, વ્રત કરો સહેલુંસટ. .. કોણ પાળે? એ તો વિકલ્પ છે. અંદર ક્યાં છે આ ચીજ?

ભગવાન આત્મા જ્ઞાનનો સૂર્ય છે એ તો. ત્રણકાળ, ત્રણલોકની શક્તિ ગુણમાં એવી છે કે બધાને જાણે, દ્રવ્યમાં એવો ભાવ છે કે બધાને જાણે. અને પર્યાયમાં એવો સ્વભાવ પ્રગટે તો બધાને જાણે. શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ બધાને જાણે એવો એનો સ્વભાવ છે. ..શ્રુતજ્ઞાન વડે આત્મા અનુભવાય છે એમ કહેશે. સમજાણું કાંઈ?

આ **'આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા એક...'** અધિષ્ઠ એટલે આધાર **'(સ્વામી)...'** એ અનંત ધર્મોનો એ સ્વામી છે. ક્યા ધર્મો? એમાં રહેલા જ્ઞાન, દર્શન, આનંદ વગેરે અને એની નિર્મળ પર્યાય વગેરે. એમાં વિકારી અવસ્થા એ પણ ધારી રહેલી ... આહા..હા..! સમજાણું કાંઈ? .. શક્તિનો સ્વામી નથી. દૃષ્ટિમાં ... અને વસ્તુના ધર્મથી પ્રગટેલું જે જ્ઞાન, એ જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે તે. કોને જાણે છે? તો કહે દ્રવ્યને જાણે, વસ્તુને એના ગુણને જાણે અને અવસ્થામાં નિર્મળતા અને અનિર્મળતા-જે પ્રકારની વર્તતી હોય સાધક જીવને, સમ્યગ્દૃષ્ટિને, જ્ઞાનીને, ધર્મીને જેવી રીતે વર્તતી હોય એને એ જાણે. તેથી તે પર્યાયનો પણ, એ પર્યાયનો પણ આ સ્વામી જીવને કહેવામાં આવે છે. ભારે! એકકોર કહે ભગવાન, એક તો વસ્તુ એવી છે કે પરનો તો એ સ્વામી નથી, પરની સાથે તો તન્મય-એકમેક નથી. અને પુણ્ય-પાપના રાગ સાથે એકમેક નથી, એનો એ સ્વામી જ નથી. પણ એની થયેલી નિર્મળ પર્યાય એનું કર્તૃત્વ એ દ્રવ્યને નથી. શુદ્ધ જે વસ્તુ છે એ પર્યાયને કરતી નથી અને એ પર્યાય ધ્રુવને કરતી નથી.

નિત્યાનંદ સ્વભાવે રહેલો ભગવાન છે... છે... છે... છે. એવો આત્મા એની વર્તમાન પર્યાયનું કર્તૃત્વ પણ દ્રવ્યને નથી. અનેકાંત છે. અમરચંદભાઈ! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તે.' બીજી રીતે સમજવું ... સમજાણું કાંઈ? ... ધ્રુવ ચૈતન્યબિંબ ... પ્રભુ પડ્યો છે એમ ને એમ છે... છે... છે... છે... છે... અનાદિથી. અનંતકાળ .. છે... છે... છે... ધ્રુવ. એવો આત્મા. એ ધ્રુવ એક સમયની પર્યાયમાં આવતો નથી અથવા પર્યાય.. ધ્રુવને નથી. એ એક વિષય કીધો અને પર્યાયને ધ્રુવ કરે છે અથવા ધ્રુવ પોતે સામાન્ય

ચૈતન્ય ગુણ આદિ જે છે એની નિર્મળ પર્યાયમાં અને વિકારી પર્યાયમાં પણ વ્યાપે છે એ જ્ઞાનના વિષય તરીકે જણાવીને વાત કરી છે. સ્વરૂપચંદભાઈ! આવો માર્ગ છે. 'આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ.' ... હેરાન-હેરાન થઈને જિંદગી ચાલી જાય. ધર્મ કરવાનો કાળ આ ભવના અભાવ માટેનો ભવ છે. આહા..હા..! સમજાય છે? આવા ભવ મળવા એ અનંતકાળે મુશ્કેલ છે. લક્ષ્મી, રાગ ને એવું તો અનંતવાર મળ્યું. એ કાંઈ નવી ચીજ નથી. પણ જે દેહમાં આત્માને માટેનું ભાન થાય અને મોક્ષ .. મનુષ્યદેહ છે. મનુષ્ય દેહને લઈને થાય એમ નથી, પણ એમાં એક પ્રસંગ એને છે કે મનુષ્ય દેહની અંદરમાં રહેલો, દેહમાં રહેલો કહેવો એ વ્યવહાર છે. આત્મા દેહમાં વ્યાપ્યો નથી અને દેહમાં રહેલો નથી. દેહ દેહપણે રહેલો છે, ભગવાન આત્મા આત્માપણે રહેલો છે. આત્મા દેહનો થઈને રહ્યો નથી અને દેહ આત્માનો થઈને રહ્યો નથી.

અહીં તો કહે છે જ્ઞાનપ્રધાન કથન છે. .. અંશ જે અંદર થાય એ પણ એના ગુણની પર્યાય છે એમ મુનિ જાણે. સમજાણું કાંઈ? ..ચંદભાઈ! **'અનંત ધર્મોનું અધિષ્ઠાતા છે...'** આધાર છે, આધાર છે, સ્વામી છે એમ કહે છે. એવું એક .. છે. એને અનંતા ધર્મો છે અને અનંતી નિર્મળ અને મલિન આદિ પર્યાયો છે. સાધકજીવની લેવી છેને? મિથ્યાદષ્ટિની લેવી નથી અહીં. ધર્મી દ્રવ્ય-ગુણ-પર્યાયનું વ્યાપવાપણું કેટલું એ આત્મા જણાવે છે. સમજાણું કાંઈ? કોઈ કહે કે આવો ધર્મ? પણ એને સમજાવ્યું કે અપવાસ કરવા, આઠ અપવાસ કરી નાખો, .. કરી નાખો, પૈસા ખરચો, ... સમજાય ત્યાં જાય. એ પણ કહે છે સાંભળ તો ખરો, કરી શકતો નથી તું. ... જ્ઞાન .. નિષ્કલંક છે. ..જી! ભારે કામ!

અહીં તો કહે છે, ભગવાન આત્મા અસ્તિ તરીકે, સત્તા તરીકે, હોવાવાળો પદાર્થ છે. આ છેને? ખરેખર ચૈતન્ય સામાન્ય, એનું જાણવું-દેખવું .. એટલે ધ્રુવપણું પર્યાયમાં .. એમ. ચૈતન્યસામાન્યપણું એટલે એકલું ધ્રુવપણું એમ નહિ કાંઈ. ચૈતન્ય સામાન્ય એટલે દરેક ગુણ અને દરેક પર્યાયમાં ચૈતન્ય સામાન્ય ગુણમાં અને પર્યાયમાં વ્યાપેલો છે. સમજાણું કાંઈ? .. સામાન્ય દ્રવ્ય જે કહેવું. આ તે શું કહે છે? ગ્રીક-લેટીન જેવું લાગે. બાપુ! એ ધર્મનો માર્ગ કોઈ બીજી જાતનો છે. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન આત્મા જેનામાં જ્ઞાન-દર્શન નિર્વિકલ્પ તો છે, પણ એ .. પણ વિકારી પર્યાય બધામાં .. છે એમ કહે છે. ક્યાંય એમાં અંશમાં પણ દર્શન-જ્ઞાન નથી કે ગુણમાં નથી. એમ કે દર્શન-જ્ઞાન ગુણ, દ્રવ્ય અને પર્યાયમાં વ્યાપી ગયેલા છે. સમજાણું કાંઈ? કેમકે એનો મૂળસ્વભાવ તો જાણવું-દેખવું એવો છે. એટલે એને ચૈતન્ય સામાન્ય. સામાન્ય એટલે કે દરેકમાં વ્યાપેલું છે એમ. વિકલ્પ થાય પુણ્યનો ત્યાં પણ ચૈતન્યનું સામાન્ય એટલે બધે.. જાણવા-દેખવાની પર્યાય ત્યાં છે. ગુણમાં છે, દ્રવ્યમાં છે અને ત્યાં પણ છે. બધામાં સામાન્યપણું એટલે એકરૂપતા દર્શન અને જ્ઞાનની બધામાં વ્યાપેલી છે. એ દર્શન જ્ઞાન બધા ધર્મના પર્યાયમાં વ્યાપેલો છે એમ કહે છે. સમજાણું

કાંઈ? કહ્યુંને એમાં .. નીકળી જાય અને સિદ્ધપદ પ્રાપ્તિ થાય એ .. કોઈ અલૌકિક હોય કે નહિ? ધન્નાલાલજી!

**'ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત...'** પ્રસરેલો **'અનંત ધર્મોનું અધિષ્ઠાતા** (સ્વામી) **એક દ્રવ્ય છે, કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા...'** આત્મામાં જેટલા ગુણ અને પર્યાય છે, પછી ભલે વિકારી પર્યાય હોય કે અવિકારી હોય કે ગુણ અવિકારી હોય. એ બધામાં **'અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો...'** એક-એક ધર્મ એટલે પર્યાય કે ગુણ, એને જાણનારો એક-એક જ્ઞાનનો અંશ, જ્ઞાનનો અંશ એટલે નય. સમજાણું કાંઈ? **'કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા...'** ભગવાન આત્મામાં જ્ઞાન-દર્શન આદિ અનંત અને એની પર્યાયો મલિન અને નિર્મળ એ પણ અનંત. સમજાય છે? એ બધામાં **'અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો...'** એક-એક ધર્મ એટલે ટકી રહેલી અવસ્થા, ટકી રહેલો ગુણ, ટકી રહેલું દ્રવ્ય એને એક-એક ધર્મને, એક-એક શક્તિને એક-એક પર્યાયને એક-એક નય જાણનારી છે. અનંત ધર્મોને એક-એક ધર્મને એક નય એટલે જ્ઞાનનો અંશ જ જાણનારો છે. સમજાણું કાંઈ? હજી નય કોને કહેવો એની ખબર ન હોય.

જ્ઞાન આત્માનો ગુણ છે. ઈ ગુણની પર્યાયમાં, અવસ્થામાં આખું સ્વરૂપ જાણે એવી પર્યાયને શ્રુતજ્ઞાનપ્રમાણ કહે છે. શ્રુતજ્ઞાનપ્રમાણ. શુદ્ધ ભાવશ્રુત જ્ઞાનપ્રમાણ. તો આખી ચીજને એક સાથે જાણે એવા ત્રિકાળી ગુણને નહિ, પણ ત્રિકાળી ગુણ જે જ્ઞાન છે, એમાંથી પ્રગટેલો ભાવશ્રુતજ્ઞાનનો પર્યાય એ પર્યાય છે. ભાવશ્રુતજ્ઞાન અવસ્થા છે, એ અવસ્થા પ્રમાણ છે. તો પ્રમાણથી આખું દ્રવ્ય, ગુણ અને પર્યાય બધું જાણે છે. એવા શ્રુતજ્ઞાન જે પ્રમાણ છે એનો અવયવ નામ એનો ભાગ, તેને નય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો...'** એમાં વ્યાપી.. ધર્મ એ. એનાથી ધર્મને જાણનારો છેને એ જાતના એમ કહ્યું. ધર્મને નય કહેવામાં આવે. નય—જ્ઞાનનો અંશ એને જાણે છે માટે નય કહેવામાં આવે છે. એ આવે છેને ભાઈ સ્વામીકાર્તિક નહિ? નય એક-એક ધર્મ છે તેને નય કહે છે. એના જ્ઞાનના અંશને નય કહે અને વાણીના ભાગને નય કહે. નયના ત્રણ પ્રકાર. સમજાણું કાંઈ? ઓહો..હો..! સંતોએ તો વસ્તુને એટલી સ્પષ્ટ કરી છે. સંદેહને સ્થાન રહ્યા નથી. સમજાય છે? એક-એક પર્યાયનો અંશ પણ ..માં રહેલો છે. પરનો નહિ, પરમાં નહિ. એની અહીં વાત નથી. ભગવાન આત્મા પોતાનું દ્રવ્ય એટલે અનંત શક્તિનો રસકંદ, ગુણ એટલે અનંત શક્તિ સ્વભાવ અને પર્યાય એટલે એની વર્તમાન અવસ્થા. પછી બધાને એક સાથે જાણનારું જ્ઞાન તેને પ્રમાણ કહીએ અને એ પ્રમાણનો એક ભાગ એક-એક ધર્મને જાણે તેને નય કહીએ. ચોપડામાં કાંઈ આવે નહિ. આવે? શોભાલાલજી! એય..! આ બે ભાઈઓ વેપાર કરે બીડીનો બાળ બીડી. ૨૫-૨૫ લાખની બીડી. ૭૦ લાખ. બીજે તો કરોડ હોય. એમાં આ વાત આવતી હશે? ... નય શું કહેવાય? પ્રમાણ શું કહેવાય?

અને નય અને પ્રમાણનો વિષય શું છે?

પ્રમાણ એટલે કે આત્માના જ્ઞાનગુણની ત્રિકાળી શક્તિમાંથી પ્રગટેલી સમ્યગ્જ્ઞાનના ઉપયોગરૂપ દશા તેને પ્રમાણજ્ઞાન અને શ્રુતજ્ઞાનરૂપી પ્રમાણ કહેવામાં આવે છે. એ શ્રુતજ્ઞાનનું પ્રમાણ અથવા બધા દ્રવ્યને, ગુણ અને પર્યાય એક સાથે જાણે માટે એને પ્રમાણ કહેવામાં આવે છે. અને એ પ્રમાણનો નય જે અંશ વિભાગ અવયવ છે. એક-એકને કાં દ્રવ્યને કાં ગુણને કાં પર્યાયને. કાં પર્યાયના અનંત પ્રકારના અનંત.. એક ગુણમાંથી એક-એક ગુણને—એ જ્ઞાનનો અંશ જાણે. તે નય અનંત ધર્મોમાં અમુક નયો રહેલી, વ્યાપેલી છે અથવા એનું જ્ઞાન અનંત ધર્મનું અનંત નય વડે થાય છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એમ કહેવું અને .. પાછી ઝીણી વાત કરે. એ માર્ગ આખો બાપા! તને ખબર નથી. આમ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો વસ્તુસ્વભાવ એ કેવો છે અને કેમ જણાય? ઈ આ વાત છે. આમ તો અનંતવાર બીજા ભણતર કર્યા, બીજા જાણપણા કર્યા. એ બધા થોથા ... કર્યું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... કહે છે '**અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ...**' ...ભાઈ! શું કહે છે? આત્મા વસ્તુ છે એના અનંત શક્તિ એટલે ગુણ છે. શક્તિ એટલે સામર્થ્ય એમ નહિ. ત્રિકાળ દ્રવ્ય, પણ એનો ગુણ જે છે જ્ઞાન, દર્શન, આનંદ એવા સંખ્યાએ અનંત છે અને એની પર્યાયો પણ અનંત છે. એવા અનંતગુણનું એકરૂપ દ્રવ્ય અને અનંતી પર્યાય. એક-એક ધર્મને એટલે ટકી રહેલા કાળને એક-એક નયનો અંશ જાણે છે એટલે એમાં વ્યાપેલો છે. .. આ ગુજરાતી છે એટલે થોડું આકરું પડે છે. ધ્યાન રાખે તો પકડાય. ના પાડે કે નહિ? '**અનંત નયો તેમાં વ્યાપનારું...**' જુઓ, એક તો જાણે અનંત ધર્મોમાં વ્યાપનારા અનંત નય અને એ અનંત નયમાં વ્યાપનારું એ શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ. શેઠી! આ તો હીરા-માણેકના રસ્તા આત્માથી જુદી જાતના છે. વસ્તુ છે આત્મા, શક્તિ છે, સત્તા છેને આત્મા? આત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ રૂપ આત્મસત્તા છે. તો એમાં એના અનંત ધર્મ છે. અનંત શક્તિઓ અને અનંતી અવસ્થામાં. એમાં ધર્મ એટલે ટકી રહેલા, ધારી રાખેલા ભાવને ધર્મ કહેવામાં આવે છે. એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એવી વાત અહીં નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણ પર્યાય છે એને પણ ધર્મ કીધો અને રાગને પણ ધર્મ કીધો. ધર્મ એટલે? એણે ધારી રાખ્યો એવો ભાવ. સમજાણું કાંઈ?

'**અનંત ધર્મોનો અધિષ્ઠાતા એક દ્રવ્ય છે,...**' અને તે વસ્તુ એ પાછી. એના '**અનંત ધર્મોમાં વ્યાપનારા અનંત નયો તેમાં વ્યાપનારું...**' રહેલું '**એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...**' ભાવશ્રુતજ્ઞાન પ્રમાણરૂપ '**તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે.**' લ્યો! અંદર ભાવશ્રુતજ્ઞાન જે પ્રમાણજ્ઞાન છે, જેમાં અનંત નયો રહેલી છે અને એ અનંતનયો એક-એક ધર્મને જાણનારી છે. જાણનારી કહો કે વ્યાપનારી. એવા જે નયોના

અનંતનયનું જ્ઞાન તેમાં રહેલું છે. એવું જે શ્રુતજ્ઞાન પ્રમાણ એ વડે આત્મા અનુભવાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...**' પ્રમાણ એટલે આત્મજ્ઞાન. '**તે પ્રમાણપૂર્વક...**' તે પ્રમાણથી '**સ્વાનુભવ વડે...**' એમ. પ્રમાણપૂર્વક, પ્રમાણસહિત સ્વાનુભવ વડે, અંતરના અનુભવ દ્વારા '**(તે આત્મદ્રવ્ય) પ્રમેય...**' એટલે જ્ઞાનની વર્તમાન દશામાં તે પ્રમેય, પ્રમેય એટલે જ્ઞેય થાય છે, પ્રમાણમાં પ્રમેય થાય છે. પ્રમાણ-પ્રમેયની ભાષા કઠણ પડે માણસને. સ્વરૂપચંદભાઈ! લ્યો આ પ્રમેય થાય છે એમ કહે છે. આત્મા જણાય છે પ્રમાણ દ્વારા, એમ કહે છે. નીચે પણ શ્રુતજ્ઞાન પ્રમાણ દ્વારા આત્મા પ્રમેય થાય છે એમ કહે છે, જણાય છે એવો આત્મા છે. ન જણાય એવો આત્મા નથી.

તેમાં '**શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક...**' એટલે તે પ્રમાણસહિત '**સ્વાનુભવ વડે...**' અંતરના અનુભવ દ્વારા વસ્તુ જે ચિદાનંદ ભગવાન, જ્ઞાયકસ્વભાવ એનો અનુભવ કરતા તે રીતે આત્મા પ્રમેય થાય છે. જ્ઞાનની, પ્રમાણજ્ઞાનની અવસ્થામાં આખું ચૈતન્ય દ્રવ્ય જ્ઞેયરૂપે-પ્રમેયરૂપે જ્ઞાનમાં જણાય એવો એ આત્મદ્રવ્ય છે. અને પ્રમાણ જાણે એવું પ્રમાણ છે અને દ્રવ્ય તેમાં જણાય એવું પ્રમેય છે. સમજાય છે કાંઈ? ફરીને. ભગવાન આત્મા અનંતનયોમાં વ્યાપેલું અથવા અનંત જે એમાં ટકી રહેલા ભાવો છે... દ્રવ્યરૂપ ભાવ એને ભાવ કહીએ. શક્તિરૂપ ભાવ એને ભાવ કહીએ. નિર્મળ પર્યાય ને રાગ-દ્વેષ પર્યાય એને પણ ભાવ કહીએ. એ બધા જ્ઞેય કહો કે પ્રમેય કહો, એ પ્રમેયને જાણનારું, એક-એક ધર્મને જાણનારું જ્ઞાન એક અંશ છે. એક એટલે અનંત નયે અનંત ધર્મમાં બતાવે છે માટે વ્યાપ્યું છે એમ કહેવામાં આવે છે અને એ અનંત નયમાં વ્યાપેલું ભાવશ્રુતજ્ઞાન છે અને એ ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્મા કેવો છે તે પ્રમેય થઈ શકે છે. .. છે એમ પૂછ્યું હતુંને? એ આવા ભાવશ્રુત દ્વારા એ આત્મા પ્રમેય થાય એવો એ આત્મા છે. અનંત પ્રમાણ પ્રગટ થયું ત્યાં નિશ્ચય થયું ત્યાં પ્રમાણ.. દ્રવ્યને આશ્રય થયો ત્યાં પર્યાયનું જ્ઞાન પણ જ્ઞાનમાં આવી ગયુંને? જ્ઞાનમાં પર્યાયનું જ્ઞાન આવ્યું છે કે નહિ? સ્વની દૃષ્ટિ થઈ, સ્વાનુભવ થયો તો પર્યાયનું જ્ઞાન તો પર્યાયમાં થાય છે કે નહિ? દૃષ્ટિ એકલી દ્રવ્ય ઉપર છે. પણ દ્રવ્યને અને પર્યાયને બેયને શ્રુતજ્ઞાન પ્રમાણ જાણે છે. ... પ્રમાણજ્ઞાન ક્યારે થયું? દ્રવ્યદૃષ્ટિ તો નિશ્ચયમાં જાય છે એકલું. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનનો વિષય તો ધ્રુવ એકલો છે ચિદાનંદ ધ્રુવ. હવે એમાં પ્રમાણ કેમ થયું? એમ પૂછે છે એ. અમારે પંડિત છે એ. સમજાણું કાંઈ? કહે છે કે દ્રવ્યદૃષ્ટિ દ્વારા જે જ્ઞાન થયું એ ભાવશ્રુતજ્ઞાન દ્વારા જ્ઞેય થયું. દ્રવ્ય, ગુણ અને પર્યાય બધાનું જ્ઞાન ભાવશ્રુત દ્વારા એક સાથે થઈ ગયું છે. સમજાણું કાંઈ? જ્યાં દૃષ્ટિએ દ્રવ્યને પકડી દ્રવ્ય ઉપર ફેલાણી, શ્રદ્ધાએ દ્રવ્યને કબ્જે કર્યું. ત્યારે એ જ ક્ષણે જે જ્ઞાનની પર્યાય નિર્મળ અને રાગાદિ થઈ એને એ જ્ઞાન ભાવશ્રુતજ્ઞાન બધાને જાણે છે. ભાવશ્રુતજ્ઞાન દ્વારા અનુભવ થાય છે એમાં

રાગાદિ પણ છે એ ભાવશ્રુતમાં ગણાય છે. એક સાથે જાણે તો બધું જણાય. નિશ્ચય થતાં પ્રમાણ તો આવે છે એમ કહે છે. ...સમજાણું કાંઈ?

એ તો એમ કીધું હતું '**પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે પ્રમેય થાય છે.**' ત્યાં કીધું કે દૃષ્ટિ દ્વારા અનુભવ થાય છે. આ તો દ્રવ્યનો (અનુભવ થયો), ત્યારે દ્રવ્ય ઉપર જવું. પ્રમાણ ક્યાં થયું એ કાળે? .. જરી .. ન સમજાય .. વાત એવી છે અંદર. સમજવા જેવી છે. સમજાણું કાંઈ? એ દૃષ્ટિ જ્યાં ગઈ એ વખતે જ્ઞાનનો પર્યાય પણ ત્યાં ગયો છે. ... છે કે આઘો-પાછો છે? એ જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય પણ કેવું છે એ જણાય છે .. અને પર્યાય પણ કેવી છે એનું પ્રમાણ જ્ઞાન દ્વારા આત્માનો અનુભવ થયો એમ કહેવામાં આવે છે. ... દૃષ્ટિ જ્યારે દ્રવ્ય ઉપર જાય વસ્તુ અખંડાનંદ .. દ્રવ્ય ઉપર ત્યારે સ્વાનુભવ થાય. અહીં તો પ્રમાણ દ્વારા અનુભવ થાય એમ કહ્યું એ પ્રશ્ન છે એનો. સમજાણું કાંઈ?

ત્યાં કહ્યું કે દૃષ્ટિએ જ્યારે .. એ તો પર્યાય છે. .. જ્ઞાનનો અંશ પણ પર્યાય છે. એ અંશ અને દૃષ્ટિ જ્યારે જ્ઞાનમાં પ્રસરી ત્યારે તેને શ્રદ્ધા પણ સમ્યક્ થઈને અને તેનું જ્ઞાન પણ નિશ્ચયનું અને પર્યાયનું બેય પ્રમાણજ્ઞાન કહ્યું. એ પ્રમાણ જ્ઞાન દ્વારા અનુભવાય છે એમ કહેવામાં આવે છે. આવી વાત છે. શ્રુત પર્યાયનું.. વેદન છે જીવને, પણ દ્રવ્ય અને પર્યાય બેયનો અનુભવ છે. એમ દ્રવ્યનો અનુભવ પર્યાયમાં થયો એ દ્રવ્યનો અનુભવ છે એમ કહેવામાં આવે છે. આત્મા જ્ઞાયક ચિદાનંદ છે. તો એ દૃષ્ટિ થઈ ત્યારે જ્ઞાયક પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. તો જ્ઞાયક પ્રગટે છે? સમજાણું કાંઈ? જ્ઞાયક તો ધ્રુવ છે તે ધ્રુવ જ છે. અગિયારમી ગાથામાં એમ કહ્યું, જ્ઞાયક આવિર્ભાવમાં આવ્યો. ચૈતન્યમૂર્તિ જે રાગની પર્યાયમાં એકત્વબુદ્ધિમાં હતો તિરોભૂત હતો, ઢંકાઈ ગયો હતો. પર્યાયમાં મિથ્યાત્વને લઈને તિરોભાવ હતો. વસ્તુ તો વસ્તુ છે. પર્યાયમાં મિથ્યાત્વ પડ્યું છે અંદર એકત્વબુદ્ધિ એટલે એને દૃષ્ટિમાં આવતો નથી. દૃષ્ટિમાં આવતો નથી એટલે તિરોભૂત થયો એમ કહેવામાં આવે છે.

દૃષ્ટિએ જ્યારે, આત્મા ચિદાનંદ .. છે, પરમાત્મા સર્વજ્ઞદેવે કહ્યો એવો છે—એવું જ્યાં અંદર પકડ્યું એ કાળે શ્રદ્ધાનું જ્ઞાન પ્રમાણરૂપ થઈ ગયું. શ્રદ્ધા શ્રદ્ધારૂપ થઈ અને જ્ઞાન પણ પ્રમાણરૂપ થયું. એ પ્રમાણ દ્વારા અનુભવમાં આવે છે એમ અહીંયાં કહેવામાં આવે છે. જ્ઞાનની પર્યાયથી વાત ચાલે છેને અહીં અત્યારે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ દ્રવ્ય છેને? પર્યાય ... એ માર્ગ એવો છે કે વાણી દ્વારા એને પૂરું પડે નહિ. .. આવે છેને .. આ રીતે. ભગવાન! અમારે . જે શ્રુતજ્ઞાન પ્રમાણ એમાં અનંત નય વ્યાપી છે અને એ દૃષ્ટિનો વિષય એક અંશે વ્યાપે એમ કીધું છે. .. વ્યાપે છે એમ કીધુંને? દ્રવ્ય... એ પણ શ્રુતજ્ઞાન પ્રમાણમાં દૃષ્ટિ જે દ્રવ્ય ઉપર આવી ગઈ છે, પર્યાય

પણ આવી ગઈ છે, ગુણ પણ આવ્યો છે, બધા અનંતા ધર્મો શ્રુતજ્ઞાનપ્રમાણમાં આવી ગયા છે. અહીં તો પ્રશ્ન ઈ છે કે જ્યારે દૃષ્ટિના દ્રવ્યને પકડતા જે અનુભવ થાય, તો અહીં તો કહે છે કે શ્રુતજ્ઞાન પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે આત્મ પ્રમેય થાય છે. આ જાણવાની વાત છે. ઉપાદેય તો એ છે. એ પ્રશ્ન રહેતો નથી. અહીં તો .. જ્ઞાનમાં જણાય છે. શ્રુતજ્ઞાન પ્રમાણ વડે અંતરમાં દ્રવ્ય અને ગુણને અને પર્યાયને શ્રુતજ્ઞાન દ્વારા અનુભવાય છે. અનુભવવાનું વેદન છે. એ અનુભવાય છે નામ જાણવામાં આવે છે પર્યાય એ પણ અનુભવમાં આવે છે એમ કહેવામાં આવે છે. કહેવામાં આવે છે. વેદાય છે ક્યાં રાગનું વેદન? રાગનું .. વેદન એની પર્યાયમાં છે. એ પણ અનુભવમાં આવે છે એમ કહે છે. યોગ્યતા છે એવી. .. છેને? રાગનું વેદન દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ એનું નથી, પણ જ્ઞાનની અપેક્ષાએ રાગનું વેદન જેટલું બાકી છે એને જ્ઞાની જાણે છે. એમાં એ.. જ્ઞાન આવ્યુંને? એનું જ્ઞાન આવ્યું એને. વેદાય છે. જ્ઞાન આવી ગયું ભાવશ્રુતમાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં રહી ગયો. .. એ જ્ઞાનગમ્ય છે. સમજાણું કાંઈ? ... દ્રવ્ય-ગુણ-પર્યાયનું અસ્તિત્વ...

અહીં તો કહે છે, અહીં તો ભાવશ્રુતજ્ઞાન થયેલું એમાં પ્રમેય આત્મા થાય છે એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? દેવીલાલજી! ... અહીં કીધું કે પ્રમેય થાય છે અને ત્યાં કીધું કે દૃષ્ટિ વડે ધ્યેય પકડાય છે. .. નહિ કાંઈ. પર્યાય તો પર્યાય છે એ દ્રવ્યને પકડે છે. એ પર્યાય દૃષ્ટિની સાથે સમ્યક્ જ્ઞાનની પર્યાય પણ સાથે છે. શ્રુતજ્ઞાન બધાને જાણે છે. અંતર્મુખ વેદન .. આનંદને વેદે છે, એને જાણે છે, ઓલું રાગનું વેદન એને જાણે છે, રાગનું કર્તૃત્વ હજી બાકી છે, .. સાધક છેને, એને જાણે છે અને અકર્તાપણે છે એને પણ સાથે જાણે છે. એ પ્રમાણ... માર્ગ આવો છે. ... એમ કરીને શું કીધું? કે ... અને વિકલ્પ ને રાગ દ્વારા અનુભવાય આત્મા એમ નથી. સમજાણું કાંઈ?

ભગવાનની લીલા હોય છે આત્માને. પંડિતજી .. ઈશ્વર કર્તા હોય .. કાંઈ નથી કહે. કોઈ કર્તા-બર્તા છે જ નહિ. પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે છએ દ્રવ્ય અનાદિ-અનંત સ્વતઃસિદ્ધ જોયા છે. એમાં આ દ્રવ્યનું ભાવશ્રુતજ્ઞાન દ્વારા પ્રમાણ-પ્રમેય કેમ થાય છે, પ્રમાણનો પ્રમેય કેમ થાય છે એનું આ વર્ણન છે. સમજાણું કાંઈ? એવા નયથી વ્યાપનારું... શી રીતે શકે? એક .. અંદર બધા .. જાણે છે. .. પ્રમેય થાય છે. જ્ઞાનમાં જણાય છે એમ કીધુંને અહીંયાં? સમજાય છે કાંઈ? લ્યો એમાં પહેલું મંગલિકમાં આત્મદ્રવ્ય નાખ્યું છે લ્યો! એક નયનો વિષય દ્રવ્ય છે. ..મું દ્રવ્ય નાખ્યું. વસ્તુ ભગવાન આત્મા. દ્રવ્ય એટલે વસ્તુ, ધ્રુવ, નિત્ય એકરૂપ રહેનારી ચીજ. એ આત્મદ્રવ્યને ... જોઈએ દ્રવ્ય તો ત્રિકાળી દ્રવ્ય છે, ધ્રુવ છે એ નયે એને જોઈએ.. ધર્મ છેને એ જાતનો અહીંયાં? સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનમાં ધ્રુવ આવ્યો

તો એ એક ધર્મ છે. અનંત માહાત્મ્યલો એક ધર્મ છે. ..એ પણ કામ કર્યા છેને. જૈનશાસનને થંભાવી રાખ્યો છે વીતરાગમાર્ગને. અંદર છેને અંદર. છે એટલે સમજાવે છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ આત્માના અનંતા ગુણો છે, અનંતી પર્યાયો એને ધારી રાખી માટે ધર્મ. એને શ્રુતજ્ઞાન દ્વારા અનુભવાય. એના એક-એક ધર્મની વ્યાખ્યા હવે કરે છે. આત્મદ્રવ્ય વસ્તુ છે એ આત્મદ્રવ્ય દ્રવ્યનયે. દ્રવ્ય એટલે વસ્તુ. એની દૃષ્ટિથી જોતા **'પટમાત્રની માફક ચિન્માત્ર છે...'** પટ છે એ વસ્ત્ર. બસ એને તાણાવાણાને .. ગણવા.. એમ જ્ઞાનમાત્ર આત્મા છે. એકલો જ્ઞાન... બધા ગુણોનું એકરૂપ એવો ચિન્માત્ર આત્મા છે. એ પણ એક નયનો વિષય છે. સમજાય છે કાંઈ? વિશેષ વાત...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં.૨૩૮માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

**શ્રાવણ સુદ ૫, સોમવાર, તા. ૧૮.૦૮.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧, પ્રવચન-૨૩૯**

પ્રવચનસાર છે. જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપન. એની ૧૭૨ ગાથા. ૧૭૨. પહેલો બોલ તો સાધારણ છે. અલિંગગ્રહણ કાલે કહ્યું હતુંને? એ ફરીને ચાલશે. કાલે ગુજરાતીમાં હતું. જુઓ, બીજો પેરેગ્રાફ છે. **'અલિંગગ્રાહ્ય એમ કહેવાનું છે...'** જરી ઝીણી વાત છે. **'અલિંગગ્રાહ્ય એમ કહેવાનું છે...'** આત્મા લિંગથી-ચિહ્નથી જણાતો નથી. એનું જ્ઞાન આત્માનું લિંગથી, ચિહ્નથી, ઈન્દ્રિયો આદિથી થતું નથી. એમ કહેવું છે. પણ કહે છે કે **'અલિંગગ્રાહ્ય એમ કહેવાનું છે ત્યાં જે અલિંગગ્રહણ એમ કહ્યું છે...'** ત્યાં અલિંગગ્રહણ શબ્દ પડ્યો છે. કહેવું છે તો અલિંગગ્રાહ્ય. પહેલા આવી ગયું છે. અલિંગગ્રાહ્યત્વ, અંદર પહેલા. પણ અલિંગગ્રહણ કેમ કહ્યું? કે અલિંગગ્રહણમાંથી ઘણા અર્થોની પ્રાપ્તિ થાય છે. અલિંગગ્રહણમાંથી અનેક ભાવ નીકળે છે એ માટે એને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અલિંગગ્રાહ્ય. કહેવું હતું અલિંગગ્રાહ્ય કે ભગવાન આત્મા એનું ભાન, ધર્મનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, એ મોક્ષમાર્ગનું જ્ઞાન, એ આત્માનું જ્ઞાન ઈન્દ્રિયથી નથી થતું, બાહ્યથી નથી થતું. ખરેખર તો અંતર ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય ભંડાર સ્વભાવનો છે એની દૃષ્ટિ કરવાથી એનું જ્ઞાન થાય છે. સમ્યગ્જ્ઞાન એમ થાય છે. કહેવું હતું એ, પણ અલિંગગ્રાહ્ય ન કહેતા પાઠમાં અલિંગગ્રહણ કહ્યું છે તો એક અ-લિંગ-ગ્રહણ એમાંથી અનેક અર્થો નીકળે છે. અનેક

અર્થો નીકળવાને કારણે એને અલિંગગ્રહણ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ?

હવે પહેલું. '**તે ઘણા અર્થોની પ્રતિપત્તિ...**' અલિંગગ્રાહ્ય કહેવું છે ત્યાં જે અલિંગગ્રહણ કહ્યું છે તો '**ઘણા અર્થોની પ્રતિપત્તિ....**' ઘણા અર્થોની પ્રાપ્તિ, ઘણા અર્થોનું જ્ઞાન, ઘણા અર્થોનું પ્રતિપાદન '**કરવા માટે છે. તે આ પ્રમાણે : (૧) ગ્રાહક એવા જેને...**' ભગવાન આત્મા ગ્રાહક છે જાણનારો. એ જાણનારને '**લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી...**' ઝીણું છે થોડું. સમજાણું કાંઈ? '**જેને...**' એટલે જેને-આત્માને ઇન્દ્રિય વડે જ્ઞાન નથી થતું. આ ઇન્દ્રિયો જડ છે અને ભાવેન્દ્રિય જે છે એ પણ ખંડ-ખંડ છે. એનાથી જે જણાય છે એ જ્ઞાન નથી. એ જ્ઞાન નથી. જે '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' છે એમાં જે બીજો ભાગ જે જ્ઞાન છે, એ જ્ઞાન ઇન્દ્રિયથી જણાય એ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? ભગવાનની વાણી સાંભળવાથી, જે સાંભળવાથી જ્ઞાન થાય તે જ્ઞાન નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. આત્માનું જ્ઞાન, આત્માનું જ્ઞાન અને આત્માનું ભાન, પોતાનો સ્વભાવ અખંડ આનંદસ્વરૂપ એનું અંતર લક્ષ કરીને સ્વભાવને આશ્રયે જે સ્વસંવેદન થાય છે, એ પરથી થાતું નથી. શેઠી!

પાંચ ઇન્દ્રિયમાંથી કોઈપણ ઇન્દ્રિયથી જે જ્ઞાન થાય છે એ રંચમાત્ર આત્માનું જ્ઞાન નથી એમ કહે છે. શાસ્ત્ર સાંભળે અને વીતરાગની વાણી તો એ ઇન્દ્રિય નિમિત્ત થઈ ઇન્દ્રિય. સમજાણું કાંઈ? પોતાની પર્યાયમાં, પર્યાયબુદ્ધિમાં જે ક્ષયોપશમ જ્ઞાન થાય છે એ થાય છે પોતાની પર્યાયથી. પણ જ્યાં હજી એવા અધિકારમાં પણ વિરોધ છે કે ઇન્દ્રિય છે તો ક્ષયોપશમ જ્ઞાન-બુદ્ધિની પર્યાયમાં ક્ષયોપશમ થાય છે, એ તો વિરોધ છે. ઇન્દ્રિયો છે તો જ્ઞાનના ક્ષયોપશમની પર્યાય પોતામાં થાય છે, એ તો વિરુદ્ધ છે. એ પોતાને કારણે થાય છે. અશુદ્ધ ઉપાદાન જ્ઞાનનો ક્ષયોપશમ. સમ્યગ્જ્ઞાનની અહીં વાત નથી. સાધારણ જે અનાદિનું જ્ઞાન પર્યાયમાં થાય છે એ પોતાથી પર્યાયમાં થાય છે. ઇન્દ્રિય છે તો થાય છે એમ નથી. પણ એ જ્ઞાન છે એ (યથાર્થ) જ્ઞાન નથી એમ અહીંયાં તો કહે છે. સમજાણું કાંઈ? જે જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક આત્મા છે એ તો પોતાથી અંતર સ્વભાવનું લક્ષ કરીને જે જ્ઞાનનો અંશ શક્તિમાં પડ્યો છે એને આશ્રયે જે જ્ઞાન થાય એ ધર્મનું જ્ઞાન, એ આત્માનું જ્ઞાન અને એને મોક્ષના માર્ગનું જ્ઞાન કહેવામાં આવે છે. ઝીણી વાત છે. શોભાલાલજી! કાલે તો ગુજરાતીમાં આવી ગયું હતું. આ તો હિન્દીમાં ચાલ્યું. ડોક્ટર! કાલે આવ્યું હતું કે નહિ? અત્યારે તો હિન્દીમાં સ્પષ્ટ થાય છે. આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ જાણનારું. તો જેને એટલે એને, એને. 'એને.' અમારી ભાષામાં 'એને' છેને જેને? '**જેને લિંગો વડે...**' આ કાન, આંખ, નાક, શબ્દ આદિ એ ઇન્દ્રિયો વડે તેને જ્ઞાન થતું નથી અથવા ઇન્દ્રિય વડે જે થાય છે તે જ્ઞાન નથી. સમજાણું કાંઈ? સૂક્ષ્મ ભાવ છે ભાઈ! આ તો આત્માનું જ્ઞાન આત્મજ્ઞાન કેમ થાય એની વાત ચાલે

છે. ચાહે તો અગિયાર અંગ અને નવ પૂર્વ જાણી લે, શબ્દ સાંભળી લે, ભગવાન એવો છે, પરમાત્મા આવો છે એમ આંખથી જોઈ લે અને વાણી કાનથી સાંભળે, એમાં જે જ્ઞાનની પર્યાય જણાય છે એ જ્ઞાન નથી. ...ભાઈ! જ્ઞાન એને કહીએ કે જે જ્ઞાનની સાથે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવીને જ્ઞાન થાય એનું નામ જ્ઞાન છે. સમજાણું કાંઈ? એને સમ્યગ્જ્ઞાન કહે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર જે મોક્ષનો માર્ગ છે એમાં જે સમ્યગ્જ્ઞાન છે એ જ્ઞાન ઇન્દ્રિયથી થતું નથી. સાંભળવાથી થતું નથી. દેવીલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવશ્યક પણ ઇન્દ્રિયથી થતું નથી. અંતર આત્માના આશ્રયે થાય છે. એ વાત કહે છે. એ વાત ઝીણી છે. પહેલા કહ્યું હતું ભાઈ!

ભગવાન આચાર્ય કહે છે કે અલિંગગ્રહણ. તો અલિંગગ્રહણમાંથી એક અર્થ એવો પહેલામાં નીકળ્યો એક અર્થમાં. પહેલા અર્થમાં. એવા તો ૨૦ અર્થ છે. કે લિંગ નામ આ પાંચ ઇન્દ્રિયો ચિહ્ન. અને અંદર ખંડ ઇન્દ્રિય એ પણ ચિહ્ન. એના વડે જે જાણવું થાય છે તે જ્ઞાન નથી. સમજાણું કાંઈ? ડોક્ટરના અને વકીલના જે આ જ્ઞાન છેને એ જ્ઞાન નથી, અજ્ઞાન છે એમ કહે છે. એ તો ઠીક, પણ શાસ્ત્ર સાંભળવાથી જે જ્ઞાન થાય એ પણ જ્ઞાન નથી. આહા..હા..! ભગવાન! તું તો જાણનાર છોને. તો જાણનારો પરની અપેક્ષા રાખે અને જ્ઞાન થાય એને જ્ઞાન કેમ કહેવાય? એમ કહે છે. એ પણ વિકલ્પ છે, એ પણ જ્ઞાન નથી. છેને કળશટીકામાં. .. 'ત્યાં કોઈ કહે કે બાર અંગ છે એ અપૂર્વ છે. તો એમ પણ નથી. બાર અંગ તો વિકલ્પ છે.' આત્માના અંતરમાંથી અનુભૂતિ કરે એ જ્ઞાન . કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'જેને...' આ તો અંતર .. તત્ત્વ અધ્યાત્મની વાત છે, ભાઈ! ક્યાંય બહારથી એ ચીજ છે નહિ. ભગવાન અમૃતચંદ્રાચાર્ય અલિંગગ્રહણ જે ભગવાન કુંદકુંદાચાર્યે કહ્યું એના ૨૦ અર્થ કરે છે. અને .. એમાં ૨૦ અર્થ કરે છે. પહેલો અર્થ એ છે કે લિંગ નામ પાંચ ઇન્દ્રિય એના નિમિત્તે આત્મામાં જ્ઞાન થતું જ નથી. થાય છેને? એ જ્ઞાન નથી, એ આત્મજ્ઞાન નથી, અજ્ઞાન છે. શેઠ! આ તમારા... જ્ઞાનમૂર્તિ ચિદાનંદ દ્રવ્યસ્વભાવ, જ્ઞાયકભાવ એની અંતરમાં એકાગ્ર થઈને દ્રવ્યસ્વભાવમાંથી જે જ્ઞાન આવે છે એને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ક્યા ગયા તારાચંદજી? પંડિતજી ક્યાં ગયા? નથી આવ્યા? ... તારાચંદજી છે. કેમકે સાડા ત્રણથી સાડા ચાર. કહ્યું હતું. હિન્દીમાં... તો આપણે પાઠ છે. સાડા ત્રણે વ્યાખ્યાન છે એ તો સવારમાં કહ્યું હતું. અમારે છોટાભાઈએ કહ્યું હતું ગડબડ ભાષામાં હિન્દી ન આવડે. કહો, સમજાય છે કાંઈ?

અહીં એ જ કહે છે. કે ભગવાન આત્મા જ્ઞાન સમુદ્ર પ્રભુ આત્મા છે. આત્મા એટલે જ્ઞાનસ્વભાવનો સૂર્ય. સમજાણું કાંઈ? તો જ્ઞાનસ્વભાવનો જે સૂર્ય છે એમાં જે જ્ઞાનની પર્યાય અંતરમાં જ્ઞાનનું લક્ષ કરીને, અંતરમાં સ્વસંવેદન રાગની અપેક્ષા વિના, ઇન્દ્રિયની અપેક્ષા

વિના, મનની અપેક્ષા વિના, એક નિરપેક્ષ ભગવાન આત્માની અપેક્ષા કરીને જે જ્ઞાનની પર્યાય થાય છે એને જ્ઞાન કહે છે. .. ખોટું છે આ તમારું વકીલાતનું. આ શેઠને મેં કહ્યું હતું. આ બીડીનું જ્ઞાન, બાળબીડીનું જ્ઞાન, આમ કરી ને તેમ કરી. તમાકુ.. આ બધા કાપડના જ્ઞાન, લાદીના જ્ઞાન, એમ.એ.ના. બધા અજ્ઞાન છે, જ્ઞાન નહિ. ડોક્ટર! બરાબર છે?

મુમુક્ષુ :- શાસ્ત્રમાં જ્ઞાનને અજ્ઞાન કહ્યું.

ઉત્તર :- શાસ્ત્રજ્ઞાન . એ જ્ઞાન નથી. આહા..હા..! જે સાંભળવાથી આવ્યું, જોવાથી થયું. ભગવાનને જોયા અને જે જ્ઞાન થયું એ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? જેમાં નિમિત્તની .. અપેક્ષા છે એ જ્ઞાન જ નથી. એ જ્ઞાન નથી, એ મોક્ષના કારણરૂપ ધર્મજ્ઞાન નથી. સમજાણું કાંઈ? આ તો અલૌકિક માર્ગ છે. સમજાણું કાંઈ? બહારમાં તો અત્યારે ઝપટ બોલે છે. ચંદ્રમાં ગયો. આ આત્માની વાત બધી એમાં છે. ચંદ્રમાં ગયો, ન ગયો એમાં શું આવ્યું? સ્વભાવ ચંદ્ર છે એમાં તો જા. આ એ કહે છે. એ તો છે. આત્મા જો જણાયો તો આખી દુનિયા કેવી છે એને જણાઈ જશે. પોતાના જ્ઞાન વિના બધે માથા ફોડે આમ થયું ને તેમ થયું. ભગવાનના શાસ્ત્ર કહે છે તે યથાર્થ છે. સમજાણું કાંઈ? એમાં કોઈ ફેરફાર નથી. એણે .. પોતાને બુદ્ધિ ન હોય તો ન મેળવી શકે, પણ આત્માને મેળવી શકે કે નહિ? સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય અને એના અર્થ કરનારા ભગવાન અમૃતચંદ્રાચાર્ય. .. છે કે નહિ? પંચપરમેષ્ઠીમાં છે કે નહિ એ? ણમો લોએ... ણમો લોએ સવ્વ આઈરિયાણં. આમ છેલ્લે તો ણમો લોએ સવ્વ સાહુણં. ણમો લોએ પાંચેયને લાગુ પડે છે. ણમો લોએ સવ્વ અરિહંતાણં. એવો પાઠ છે. ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં અને ણમો લોએ સવ્વ સાહુણં. પાંચેયને લોક અને સર્વ લાગુ પડે છે. અંતદીપક છે. છેલ્લે કહ્યું ણમો લોએ સવ્વ સાહુણં. તો આ ણમો લોએ સવ્વ આચાર્યમાં છે. જેને ગણધર પણ શાસ્ત્ર રચના કરે છે. પંચ નમસ્કારનો જે વિકલ્પ છે તો એમાં એ પણ આવી ગયા. નમો આચાર્ય. ણમો લોએ સવ્વ આઈરિયાણં. જગતમાં આચાર્ય કેવા? .. એવા. જુઓ, એમાં શું લખ્યું છે? .. એ આચાર્ય. બધા સંપ્રદાયના આચાર્ય .. ભગવાન! તને ખબર નથી, ભાઈ! સમજાણું કાંઈ? સંપ્રદાયમાં તો ગૃહીત મિથ્યાત્વ ત્યાં આચાર્ય ક્યાં આવ્યા? સમજાણું કાંઈ?

અહીંયાં તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જેવો આત્મા જોયો છે એવા અસંખ્ય પ્રદેશી... સમજાણું કાંઈ? એની અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એને .. કહે છે. સમજાણું કાંઈ? બધા સંપ્રદાયના આચાર્ય અને સાધુ એમાં આવી જાય એમ છે નહિ. એવી ગડબડ કરે છે. બહુ અર્થ કરે છે દિલ્હીમાં. સ્થાનકવાસી એ પણ કહે છે જુઓ, ણમો લોએ સવ્વ સાહુણં. એ શું આવ્યું? જૈનના સાધુ. પણ જૈન એ કોઈ સંપ્રદાય નથી. જૈન તો

વસ્તુનું સ્વરૂપ છે. જે અનંતગુણ, અનંત વીતરાગી શક્તિઓ જે અનંત આત્મામાં છે એનો ભંડાર ભગવાન આત્મામાં .. સમજાણું કાંઈ? એનું વીતરાગી દર્શન કરવાથી, વીતરાગી સ્વભાવ ઉપર એકાગ્ર થવાથી પર્યાયમાં વીતરાગી .. થાય છે. વીતરાગી જ્ઞાન થાય એ ઇન્દ્રિયથી નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? વીતરાગી .. ચારિત્ર રમણતા થાય છે એને અહીંયાં આચાર્ય અને સાધુ કહે છે. બીજા કોઈ આચાર્ય-ફાચાર છે નહિ ક્યાંય. સમજાણું કાંઈ? અહીં તો આચાર્ય (કહે છે), એક વસ્ત્રનો કટકો રાખીને મુનિ માને અને મનાવે એ મિથ્યાદષ્ટિ છે. એય..! શેઠ! વસ્તુનું સ્વરૂપ એવું છે નહિ. મુનિ હોય અને એને વસ્ત્ર-પાત્ર રાખવાનો રાગ હોય અને મુનિપણું હોય—એમ ક્યારે બનતું નથી. સમજાણું કાંઈ? એ તો વીતરાગ શાસનનું સ્વરૂપ જ આત્માનું છે.

કહે છે કે ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્ય અખંડાનંદ પ્રભુ એનો નિર્વિકલ્પ અનુભવ વેદન જે થયું તો એમાં એની પ્રતીત થઈ અને એ નિર્વિકલ્પ જ્ઞાન એમાં અંશ.. જે જ્ઞાનગુણ છે, જ્ઞાનગુણ છે, ગુણી જ્ઞાયક છે. તો જ્ઞાનગુણમાંથી અંતર એકાગ્ર થઈને જે પર્યાય શક્તિરૂપ જ્ઞાનમાં હતી એ પ્રગટ પોતાના લક્ષે થઈ એનું નામ જ્ઞાન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. એ મોક્ષનો ધર્મ અને ધર્મનો માર્ગ એ જ્ઞાન છે. બાકી શાસ્ત્રનું ભણતર, ફણતર. ભારે આકરું કામ. સમજાણું કાંઈ? દુનિયાની કળા તો ક્યાંય રહી, મૂઢ છે બધા. જેનું જ્ઞાન છે એમાંથી બોધ ન આવે તો એને બોધ અને જ્ઞાન કહેતા જ નથી. શેઠ! બહુ ઉંડું ઉતરવું પડશે. કાંઈ બહારથી મળે નહિ. પાતાળમાં જવાથી માલુમ પડે છે. પાતાળ સમજો છો? પાતાળ કૂવો હોય છેને? નાની ઉંમરમાં અમે... કૂવામાં. તો છોકરાઓ હોયને .. કોષ નથી હોતી એ? શું કહે છે લોઢાની? લોઢાની કોષ નથી હોતી આ ખોદવાની? છોકરો આમ કૂવામાં પડતો હતો અને નીચેથી .. હું નીચે .. નીચેથી? તો પાતાળમાં જઈને લાવ્યા છે એનું નામ જ્ઞાન (એમ) અહીં તો કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવનો સમુદ્ર છે. જેમ કેવળજ્ઞાન પરમાત્માનું હતું તો એ કેવળજ્ઞાનની એક સમયની પર્યાય છે. કેવળજ્ઞાન ગુણ નથી. એ કેવળજ્ઞાનની એક સમયમાં એક પર્યાય છે. બીજે સમય રહેતી નથી. બીજે સમયે બીજી કેવળજ્ઞાનની પર્યાય થાય છે. ત્રીજે સમયે ત્રીજી, ચોથે સમયે ચોથી એમ સાદિ-અનંત. ભૂતકાળના સમય કરતા ભવિષ્યકાળનો સમય અનંતગુણો છે. તો એવા જ્ઞાનગુણની કેવળજ્ઞાનની પર્યાય જે ભૂતાકાળના સમય કરતા અનંતગુણા સમયમાં જે પર્યાય નવી... નવી... નવી... ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? એ કેવળજ્ઞાનની અનંતી પર્યાય જ્ઞાનગુણમાં પડી છે. પર્યાય અવસ્થા છે, ગુણ તો ત્રિકાળી સામર્થ્યવાળી શક્તિ છે. તો કહે છે કે એવો શક્તિવાન આત્મા જ્ઞાયક. જ્ઞાયક.

એ આવ્યુંને? જુઓ, જ્ઞાયક. જેને (એટલે) એ જ્ઞાયકને '**લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી...**' આહા..હા..! કેટલી સ્પષ્ટતા! સ્વાશ્રય અને પરાશ્રયની વાત કરી

ભાઈ! આ પરાશ્રય છે, ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યસ્વભાવથી લબાલબ, ઠસોઠસ ભર્યો છે. જ્ઞાનનો સમુદ્ર ભગવાન આત્મા છે. એ સ્વભાવને છોડીને ઈન્દ્રિયો જેમાં નિમિત્ત પડે. ઓહો..હો..! ભગવાનની વાણી કાને સાંભળી, .. જે જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ કે જ્ઞાન હું છું. પરલક્ષી પરાશ્રયબુદ્ધિ થઈ એ જ્ઞાન નથી. એ જ્ઞાન પરાશ્રયમાં રાગ.. ભાવશ્રુતજ્ઞાન કેમ ન રહ્યું? ભાવશ્રુત શબ્દ પડ્યો છે એવું સાંભળવા એવું .. પહેલા કહ્યું હતું. અને ભાવશ્રુત આવ્યું એટલે એનું .. એમ કહેતા હતા. ખબર છે. થોડો અર્થ કહ્યો હતો. વિશેષ .. ઈચ્છા હોય તો કરશે. સમજાણું કાંઈ?

તમારે શું હતું? પહેલા શબ્દમાં પહેલો પ્રશ્ન આવ્યો. ભાવશ્રુત.. કે શ્રુત તો સાંભળવાથી થાય છે. એમ કહેતા હતા. એમ નથી. સમજાણું કાંઈ? સાંભળવું એ તો ઉપાધિ છે. આહા..હા..! અને સાંભળવાથી વિકલ્પ ઉત્પન્ન થાય એ રાગ ઉપાધિ છે. ગજબ વાત છે ભગવાન! ..સારની પણ એને ખબર નથી. સમજાણું કાંઈ? આજ તો હિન્દી છે. સમજાય છે કે નહિ? કાલે ગુજરાતી હતું. ભગવાન આત્મા વસ્તુ જ્ઞાયક-જાણનારો. જેને ઈન્દ્રિયથી સાંભળવાથી... રાખવાથી .. સ્પર્શ કરવાથી .. એ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? સાંભળવાથી ભાવશ્રુત થયું એમ નથી. ભાવશ્રુતજ્ઞાન, જ્ઞાયક ભગવાન આત્મા અંતરમાં એકાગ્ર નિર્વિકલ્પ જ્યારે થાય છે ત્યારે અંદરમાંથી ... જ્ઞાન થાય એને જ્ઞાન કહે છે. અહીં તો થોડુંઘણું શાસ્ત્ર જ્યાં વાંચે તો એમ થઈ જાય કે હું તો ઘણો જ્ઞાની થઈ ગયો. અરે..! ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! તારી ચીજમાંથી જ્યાં સુધી અંદર પાતાળમાંથી પર્યાય ન આવે... ન્યાયથી તો છે કે નહિ? આહા..હા..! જુઓ, કેટલી વાત કરે છે. અલિંગ. લિંગ નામ ઈન્દ્રિયો પાંચ. કારણ કે ક્ષયોપશમભાવની અપેક્ષાએ ... સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકભાવ .. ભગવાન એવા આત્માને .. જાણ્યું. ... એનાથી કામ લીધું. અગિયાર અંગનું .. થઈ જાય ક્ષયોપશમમાં. નવ પૂર્વનો વિકાસ થઈ જાય એ પણ નહિ. એમ કહ્યું હતું નહિ? એ યોગસારમાં આવ્યું છે. કે શરીર ઈન્દ્રિયજ્ઞાન દ્વારા... તો જ્ઞાનના બે ભાગ. એક ઈન્દ્રિયજ્ઞાન દ્વારા શરીરથી જાણે છે અને અતીન્દ્રિયજ્ઞાન દ્વારા આત્મા જાણવામાં આવે છે. જ્ઞાનના બે ભાગ. સમજાણું કાંઈ? ઈન્દ્રિયજ્ઞાન વડે શરીર જણાય છે. તો શરીર ભિન્ન ચીજ થઈ. એને જાણનારું જ્ઞાન તો ભિન્ન. આહા..હા..! અને આત્મા ઈન્દ્રિયથી જણાતો નથી. એ બીજા બોલમાં કહેશે. સમજાણું કાંઈ? ઈન્દ્રિયથી આત્માને જ્ઞાન થતું નથી એટલે કે ઈન્દ્રિયથી જે થયું એ આત્માનું જ્ઞાન નથી. એ તો પુદ્ગલ છે. આહા..હા..! એવી વાત છે. એ રાગ, જેમ પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ એ પુદ્ગલ છે. એનો કર્તા થાય છે એ ભગવાન જીવ જડનો કર્તા મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા ઈન્દ્રિયથી જ્ઞાન થયું એ પોતાનું કાર્ય છે. ભારે કામ ભાઈ! વીતરાગનો માર્ગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથનો પંથ અલૌકિક માર્ગ છે. સમજાણું કાંઈ? એવી ચીજ બીજે ક્યાંય

હોય નહિ, છે નહિ. ..માં પડ્યા એને પણ ખબર નથી કે શું માર્ગ છે. સમજાણું કાંઈ? બસ, રાગની ક્રિયા થઈ થોડી તો ધર્મ થઈ ગયો. ઇન્દ્રિયથી જ્ઞાન થયું તો જ્ઞાન થયું. શ્રદ્ધા તો અમારે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે એ શ્રદ્ધા થઈ ગઈ. એ સમ્યગ્દર્શન-સમ્યક્જ્ઞાન-સમ્યક્ચારિત્ર ત્રણે થઈ ગયું. સમજાણું કાંઈ? મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે. સમજાણું કાંઈ?

ભગવાન અમૃતચંદ્રાચાર્ય અલિંગગ્રહણનો અર્થ ખોલે છે. 'ખોલે' કહે છેને? ખોલે શબ્દ નથી આવતો? 'ખોલે' આવે છે કે નહિ? અમારા વિમલચંદજીએ લીધું ભાઈ! ખોલે છે. કાઢે છે. કાઢે છે એમાંથી. ભગવાન! આત્મા છોને તું પ્રભુ! આ દેહને કેમ દેખે છે? આ તો જડ છે, માટી, ધૂળ છે અને અંદરમાં પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે એ તો આસ્રવ છે. સમજાણું કાંઈ? અને તને પરલક્ષી જ્ઞાન થાય એ પણ બંધનું કારણ છે. કેમકે એવું જે જ્ઞાન બંધનું કારણ ન થાય તો એવું જ્ઞાન તો અનંતવાર થયું છે, ભાઈ! શું કહ્યું સમજાણું કાંઈ? ઇન્દ્રિયોથી જ્ઞાન તો અનંતકાળથી એ જ થયું છે. ઇન્દ્રિયથી થયેલું જ્ઞાન એ જ્ઞાન બંધનું જ કારણ છે. કેમકે ઇન્દ્રિયથી જ્ઞાન થયું એ જો બંધનું કારણ ન હોય તો મોક્ષનું કારણ એમાં થઈ જશે. એવું તો થતું નથી કદી. સમજાણું કાંઈ? આ તમારા ... એ બધા અજ્ઞાન છે, મૂઢ છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મૂઢ છે. નવનીતભાઈ! આહા..હા..! ભાઈ! ચૈતન્યબિંબ છોને પ્રભુ તું. તારામાં તો અનંતા કેવળજ્ઞાનની કળા પડી છે અંદરમાં. અંતર દૃષ્ટિનો સ્પર્શ કરવાથી જે જ્ઞાનની પર્યાય દ્રવ્યમાંથી આવે છે, પરલક્ષની અપેક્ષા વિના, એનું નામ ભગવાન સમ્યગ્જ્ઞાન અને ધર્મનું જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ જ સ્વરાજ છે. બીજું સ્વરાજ કે દિ' હતું? ગપેગપ હતું. ઓગસ્ટની પંદરમી તારીખે સ્વરાજ મળ્યું. ધૂળેય મળ્યું નથી. કજીયા-ઝઘડા થયા. જુઓને ઝઘડા કેટલા થયા અત્યારે. દિલ્હીમાં બહુ ઝઘડા છે. કોક કહે છે. આપણને ક્યાં ખબર છે? પ્રજાનું શું થશે એ વાત તો એકકોર રહી. એ કહે અમે નેતા, અમે નેતા. હવે નેતામાં મરી ગયો. પ્રજાનું શું થશે એની ચિંતા નથી. અમે નેતા. અમારી પદવી છે... અમારી પદવી છે... ઝઘડા ઉત્પન્ન થયા છે. ભગવાન આત્મા પોતાનું સ્વરાજ.. ચિદાનંદ સ્વરૂપ અંતર્મુખ થઈને બહિર્મુખનું લક્ષ છોડીને ... જ્ઞાયકની બેહદ અપરિમિત શક્તિ ... જે સ્વસંવેદન જ્ઞાન થયું એનું નામ મોક્ષનું જ્ઞાન અને મોક્ષનો માર્ગ...સમજાણું કાંઈ? આ તો જૈનશાસન ... નથી આવડતું? ... ત્યાં .. છે ત્યાં દુકાન ઉપર? લાખ રૂપિયા, બે લાખ રૂપિયા, પાંચ લાખ આવ્યા. પેદાશમાં આવ્યા ધૂળમાં ત્યાં તો ઓહો..હો..! અજ્ઞાન-કુજ્ઞાન છે. રામજીભાઈનું વકીલાતનું જ્ઞાન કેવું

હતું? ૩૦ વર્ષ પહેલાં રામજીભાઈ બસ્સો રૂપિયા લેતા હતા પાંચ કલાકના. પાંચ કલાક કોર્ટમાં જાય તો બસ્સો. કોઈ તો એવા હતા કે ભાઈ અમારા બે ... નહિ. હવે નથી કરવું કામ. એટલી બુદ્ધિ ચાલતી હતી એની હોં. એ મૂર્ખાઈની હતી. રામજીભાઈ જ્યાં જાય ત્યાં ઓલા માણસ.. ભોલાભાઈ દેસાઈ એને વિચાર કરવો પડે કે આજે રામજીભાઈ સામે છે. બેરિસ્ટર પણ એકવાર જરી વિચાર કરે કે આ રામજીભાઈ સામે છે... ક્યાં કાઢશે કોને. એ બધું કુજ્ઞાન. આહા..હા..! સંસાર... આહા..હા..! સમજાણું કાંઈ?

અને એક મંડુક-દેડકો એને અંતરમાં જ્ઞાન કરીને એકાગ્ર થઈને જે સમ્યગ્જ્ઞાનની કળા જાગી, એ મોક્ષનો માર્ગ છે અને બંધનો અભાવ કરનારું એ જ્ઞાન છે. દેવીલાલજી! અલિંગગ્રહણનો .. નયનો અધિકાર. આ તો સમજો છોને? ન સમજાય એવું નથી. શું મિત્રસેનજી! આહા..હા..! અરે..! ભગવાન! આત્મા છેને ભાઈ! આ તો માટી છે, જડ છે, પુદ્‌ગલનો આકાર જડનો છે આ. માંસ અને હાડકા અને ચામડા છે. ચામડા કહે છેને? એના અસ્તિત્વમાં તો જડ થઈને એ રહ્યો છે. આ તો જડનો થઈને રહ્યો છે કે આત્માનો થઈને રહ્યો છે શરીર? કહો, ડૉક્ટર! જડનો થઈને રહ્યો છે કે આત્માનો થઈને રહ્યો છે? શરીર જડ થઈને રહ્યું છે કે આત્માનું થઈને રહ્યું છે? જડ થઈને. અજીવ તો અજીવ થઈને રહ્યું છેને. શું અજીવ જીવ થઈને રહે? ક્યાં ગયા હતા? સામે આવો. .. ક્યાં હતો .. સમજાણું કાંઈ?

એમાં તો એમ કહ્યું કે આ શરીર છે એ અજીવપણે રહ્યું છે કે જીવપણે રહ્યું છે? એક વાત. ...જીવપણે રહ્યું એમ કહો. એ તો અજીવ થઈને રહ્યું છે. શરીર જડ દ્રવ્યરૂપે, ગુણરૂપે અને પર્યાયરૂપે અજીવ થઈને રહ્યું છે. બરાબર છે? અને પુણ્ય-પાપનો વિકલ્પ આસ્રવતત્ત્વ થઈને રહ્યું છે. કે આત્માનું થઈને રહ્યું છે? સમજાણું કાંઈ? હવે અહીંયાં તો બીજી ચીજ લેવી છે થોડી. કે ઇન્દ્રિયથી જે જ્ઞાન થાય છે એ આત્માનું થઈને રહ્યું નથી. જડાત્મા થઈને રહ્યું છે. આહા..હા..!

મુમુક્ષુ :- જડનું જ્ઞાન.

ઉત્તર :- હા, જડનું. જેમાં બંધનું કારણ એ જ્ઞાન આત્માનું નથી. આત્મા અબંધસ્વરૂપ ભગવાન એની શક્તિઓ અબંધ અને પર્યાયમાં સ્વઆશ્રયે અબંધ પરિણામ પ્રગટે જ્ઞાનનું એ આત્માનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? આ તો આત્માની અધ્યાત્મ લીલા છે એની. સમજાણું કાંઈ? બહારથી સમજી લે કે અમને આમ સમજાઈ ગયું, અને એવો આત્મા છે. બાપુ! એને જ્ઞાન નથી કહેતા, ભાઈ! .. થઈ ગયું તને. સમજાણું કાંઈ? દેવીલાલજી! શાસ્ત્ર સાંભળવાથી જે ક્ષયોપશમ થયો એ પર્યાયદૃષ્ટિથી થયું છે, અંશદૃષ્ટિથી થયું છે, મિથ્યાદૃષ્ટિથી થયું છે. એ જ્ઞાન આત્માનું નથી. સમજાણું કાંઈ? શું કહ્યું?

**'જેને લિંગો વડે...'** પહેલો બોલ છે. **'ઇન્દ્રિયો વડે...'** લિંગ નામ ઇન્દ્રિયો. અલિંગગ્રહણ. લિંગ નામ પાંચ ઇન્દ્રિયો, ખંડ અને જડ. બેય જડ. બેય અજીવ. ખંડ ઇન્દ્રિયનો

ક્ષયોપશમભાવ એ પણ અજીવ. ભાવલિંગ ઇન્દ્રિયભાવ અજીવ. આહા..હા..! એ ભાવ ઇન્દ્રિય એ નિશ્ચયથી અજીવ છે. કેમ? પોતાના જ્ઞાનસ્વભાવનો એમાં અભાવ છે. જ્ઞાયકસ્વભાવ ભગવાન આત્મા એના દ્રવ્યમાં જ્ઞાયકપણું, ગુણમાં જ્ઞાયકપણું અને પર્યાયમાં પોતાથી આશ્રય થનારી જે જ્ઞાન પર્યાય છે એમાં એનો અભાવ છે. આહા..હા..! ભારે કામ ભાઈ! આવું સાંભળવાનું મુશ્કેલ પડે માણસને આકરું. ઉથલપુથલ થાય છે. એક તો અંતર અને બાહ્યમાં ઉથલપુથલ છે અત્યારે. ભાઈ કૈલાસચંદજીએ લખ્યું છે. એ .. લખ્યું છે એ અપેક્ષાએ. અત્યારે ઉથલપાથલ છેને. તત્ત્વની વાત પણ એવી આવી છે કે આને હાય... હાય... માન્યું, મનાવ્યું એ તો બધા સોથા નીકળી ગયા. .. એ છે એવું. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્માનું જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ઉપાદાન પોતાની શક્તિ અંદરમાં છે. એમાં પોતાની પર્યાય એકાગ્ર થઈને જે પર્યાય પ્રગટી, જ્ઞાનગુણને આશ્રયે પોતાથી, એ પર્યાયને જ્ઞાનની પર્યાય, આત્મજ્ઞાન કહેવામાં આવે છે. બાકી ઇન્દ્રિયથી શાસ્ત્ર આદિ જણાય એ આત્મા જ્ઞાન નથી, એ .. જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોના અભિમાન કરવા કેટલા? અમને આમ આવડે છે, અમને આવું આવડે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તારી જ્ઞાનમૂડી નિધાન ભગવાન આત્મા એની સ્વસન્મુખ થયા વિના તને સમ્યગ્જ્ઞાન કદી થાય નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

'**લિંગો વડે એટલે...**' અહીં તો આપણે અલિંગગ્રહણનો એક અર્થ કરીએ છીએ હજી તો. '**લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી...**' તો જાણવું થાય છેને? જાણવું થાય એ જ્ઞાન નથી. એ પુદ્‌ગલ અથવા બંધનું કારણ છે. એ આત્માનું જ્ઞાન નથી. આહા..હા..! જાતિ વિરુદ્ધ છે આત્મજાતથી. જ્ઞાનદશા ઇન્દ્રિયથી શાસ્ત્ર જાણવા, ભગવાનને જોવા અને .. જ્ઞાન થયું એ ઇન્દ્રિયનું જ્ઞાન તે જ્ઞાન નથી. સમજાણું કાંઈ? જેમાં જ્ઞાનસ્વભાવ છે એમાંથી જ્ઞાન પ્રગટે તો જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? આ તો હજી મિથ્યાજ્ઞાન-પુણ્યથી ધર્મ થાય છે, વ્યવહાર કરતાં-કરતાં થાય છે. એ બધું છે મિથ્યાજ્ઞાન એને સાચું જ્ઞાન માને છે. સમજાણું કાંઈ? અને સાચા જ્ઞાન વિના, સ્વના અનુભવ વિના પરનું યથાર્થ જ્ઞાન સાચું થતું નથી. સમજાણું કાંઈ?

કહે છે કે '**ઇન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી...**' અલિંગગ્રહણ. ઇન્દ્રિયો લિંગ છે એનાથી ગ્રહણ નામ જાણવું, અ નામ નથી થતું. આ શબ્દ છ. અ-લિંગ-ગ્રહણ. લિંગ નામ ઇન્દ્રિયો એને કારણે જે જાણવું થાય એ આત્માનું નથી. એ 'અ'. જેઠાભાઈ! .. શું કહેવાય? ઓડિટર. ચોપડા બહુ ફેરવતા. આહા..હા..! ભલે અલ્પજ્ઞાન હોય, પણ સ્વભાવને આશ્રયે પ્રગટ થયું એ જ્ઞાન છે અને ઇન્દ્રિયથી પ્રગટેલું અગિયાર અંગ અને નવપૂર્વનું જ્ઞાન, તો કહે, એ જ્ઞાન નથી. જુઓ, વીતરાગનો માર્ગ. સમજાણું કાંઈ? એવી વાત સર્વજ્ઞ સિવાય, પરમેશ્વર સિવાય, જૈન સિવાય એ વાત બીજે ક્યાંય છે નહિ.

અહીં તો કહે છે કે પુણ્યના વિકલ્પથી પોતાને જ્ઞાન થાય છે એમ તો નથી. રાગ મંદ કર્યો અને નિગોદમાંથી નીકળ્યો ત્યારે એટલો ક્ષયોપશમ નહોતો. નિગોદમાંથી નીકળીને મનુષ્ય થયો તો રાગ મંદ કરીને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થઈને જ્ઞાન થયું એ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? નિગોદનો જીવ શુભભાવથી પુણ્ય બંધાય તો મનુષ્ય થઈ જાય. અને મનુષ્ય થઈને દ્રવ્યલિંગ સાધુ(પણું) પણ ધારણ કરી લે અને એમાં તો મતિજ્ઞાનના અનંતમા ભાગે અજ્ઞાન હતું. ક્ષયોપશમ ઘણો ઓછો હતો. .. અગિયાર અંગ ભણી લે, નવ પૂર્વ ભણી લે તો કહે છે કે ઇન્દ્રિય જ્ઞાન પોતાનું નથી. આહા..હા..! ગજબ વાત છે!

'**ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે...**' લ્યો! આ એનો અર્થ અસ્તિથી કહ્યો, ઓલું નાસ્તિથી કહ્યું પહેલા. કે લિંગ વડે જ્ઞાન નથી અથવા લિંગ વડે થાય એ આત્મજ્ઞાન નથી. શું છે? એ તો '**આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે...**' અતીન્દ્રિય. ખંડઇન્દ્રિય, દ્રવ્યઇન્દ્રિય એમાં છે જ નહિ. સમજાણું કાંઈ? એવો ભગવાન શુદ્ધ ચિદાનંદ સ્વભાવનો સાગર એ અતીન્દ્રિય છે. તો પર્યાયમાં અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થાય, અતીન્દ્રિય જ્ઞાયક દ્રવ્યને આશ્રયે એને અતીન્દ્રિયજ્ઞાન કહેવામાં આવે છે. એનું નામ મોક્ષનું જ્ઞાન અને ધર્મનું જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અનેકાંત...

ઉત્તર :- અનેકાંત નહિ. જેમ છે એના પર લાવ્યા. જેવું છે એ તરફ લાવ્યા, જેવું નથી એ બાજુથી દૂર કર્યું. સમજાણું કાંઈ? ખેંચતાણની વાત નથી. આ તો સહજાત્મસ્વરૂપ છે. આત્મા દ્રવ્ય સહજસ્વરૂપ છે, જ્ઞાયકભાવ સહજસ્વરૂપ છે અને પર્યાયમાં સહજ પર્યાય પ્રગટ થાય એનું નામ સહજાત્મા છે. સમજાણું કાંઈ? રાગની મંદતા કરીને અંદર ક્ષયોપશમ વાંચન... વાંચન... વાંચન... વાંચન... એવું કરે. એવું વાંચન કરતાં-કરતાં થાય એ જ્ઞાન નથી. આહા..હા..! વીતરાગનો માર્ગ ભાઈ! પ્રભુ! તારો માર્ગ નિરાલંબ અલૌકિક છે. જ્ઞાન છે તો. આત્મજ્ઞાન એ આગમજ્ઞાન છે. શું કહે છે સમજાણું કાંઈ? આગમનું જ્ઞાન... આગમનું જ્ઞાન એને કહીએ કે સ્વને આશ્રયે થાય એનું નામ આગમજ્ઞાન છે. પ્રશ્ન કર્યો એણે. ..જ્ઞાન થાય? એ તો આગમજ્ઞાન અને પોતાથી થાય એ આત્મજ્ઞાન. એ પ્રશ્ન કરે છે એમાં. કે એમ છે નહિ. આગમજ્ઞાન પણ એને કહીએ કે જે આત્મામાં ત્રિકાળ ગમ પડ્યો છે જ્ઞાનસ્વભાવ. એમ એમાંથી અંદર જઈને જ્યારે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એ ભાવશ્રુત કહો, આગમજ્ઞાન કહો, સાચું જ્ઞાન કહો.

એમાં આવ્યું છે પરમાર્થવચનિકામાં. પરાલંબી જ્ઞાનને જ્ઞાની મોક્ષનો માર્ગ જાણતા નથી. આવ્યું છે એમાં? પરમાર્થ ચિઠ્ઠી છેને બનારસીદાસની. બનારસીદાસની પરમાર્થ ચિઠ્ઠી છે. હિન્દી નથી. ગુજરાતી છે. જુઓ ચિઠ્ઠી છેને એ? બનારસીદાસની પરમાર્થવચનિકા ચિઠ્ઠી છે. ગુજરાતી થઈ ગઈ છે. હિન્દી થઈ? 'કોઈ પ્રકારનું જ્ઞાન એવું ન હોય પરસત્તાવલંબીશીલ

બની મોક્ષમાર્ગ સાક્ષાત્ કહે!' પરસત્તાવલંબી. 'કેમકે દશાના પ્રમાણમાં પરસત્તાવલંબક. આગમ અને અધ્યાત્મની વાત ચાલે છે. સમજાણું કાંઈ? શાસ્ત્રનું જ્ઞાન, આગમ બાહ્ય વ્યવહારજ્ઞાન એ પરસત્તાવલંબી જ્ઞાન છે. એમાં પરસત્તાવલંબીશીલ મોક્ષમાર્ગ સાક્ષાત્ ન કહે. અવસ્થાના પ્રમાણમાં પરસત્તાવલંબી છે. બનારસીદાસની .. છે. બનારસીદાસ તો પાતાળમાંથી વાત લાવ્યા છે. સમજાણું કાંઈ? એ જ અહીં કહે છે. એનો અર્થ લીધો. પહેલાના પંડિતો તો પ્રમાણ યથાર્થ કહેતા એ વાત ચાલે છે. પહેલાના પંડિતો .. થઈ ગયા.

કહે છે 'જે જ્ઞાન હોય તે સ્વસત્તાવલંબીશીલ હોય તેનું નામ જ્ઞાન. તે જ્ઞાનને સહકારભૂત.. નિમિત્ત નાનાપ્રકારનો ભાવ હોય, પણ એ મોક્ષનું કારણ નથી.' આહા..હા..! તારી જાતમાંથી ભાત ન આવે ત્યાં સુધી ભાતનું જ્ઞાન સાચું કહેતા નથી. આહા..હા..! કહો, ડોક્ટર! આ સમ્યગ્દર્શન... ભગવાન ધ્રુવ અખંડ અભેદ વસ્તુ એકલો જ્ઞાનનો સાગર, કેવળજ્ઞાનનું .. એમાં અંતર દૃષ્ટિ કરવાથી નિર્વિકલ્પ પ્રતીતને કાળે .. પોતાના સ્વભાવનું જ્ઞાન થયું એ જ્ઞાન ... સમજાણું કાંઈ? જુઓ, કહ્યુંને? 'ઉદયભાવનો જ્ઞાની જ્ઞાતા છે.' જ્ઞાનીને ... હોય એ પણ બંધનું કારણ જાણે છે અને વિકલ્પ આદિ છે એ જ્ઞાની .. છે. દેખનાર છે. કર્તા નથી. વિકલ્પ જે ઉઠે છે વ્રત આદિનો. એ વિકલ્પનો તમાશગીર તમાશો દેખનાર જ્ઞાની છે. જેમ એમાં .. એમાં ભળતો નથી. રાગાદિ થાય છે એમાં જ્ઞાની ભળતો નથી. આત્મા કર્તા નથી થતો. ઝીણી વાત. હું આમ કરું. .. મિથ્યાદૃષ્ટિ છે.

અહીં તો ઈન્દ્રિયથી જ્ઞાન થયું એને જ્ઞાન માને એ પણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પરમાર્થવચનિકા બહાર પડી ગયું છેને. આ મોક્ષમાર્ગ છપાવ્યું દશ હજાર, આ કિસનગઢથી. તો કહે છે કે ભગવાન આત્મા તો '**અતીન્દ્રિયજ્ઞાનમય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' અલિંગગ્રહણમાંથી પરથી આત્માને જાણવો નહિ એ અતીન્દ્રિયજ્ઞાનમય છે. તો અતીન્દ્રિયજ્ઞાનમય પર્યાય સ્વભાવથી સન્મુખ થઈને આવી તો એનું નામ અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા છે. અલિંગગ્રહણમાંથી એક અર્થ એવો થયો છે. એવા ૨૦ અર્થ કરશે. સમજાણું કાંઈ?

બીજો. થોડો શરૂ કર્યો હતોને કાલે બીજો? એક બોલ થયો. હવે અલિંગગ્રહણનો બીજો અર્થ. '**ગ્રાહ્ય એવા જેનું,...**' ઓલું જેને હતું હવે જેનું. એટલે આત્માનું પોતાનું જ્ઞાન '**લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી...**' ઈન્દ્રિય અને મનથી આત્મા જણાતો નથી. સમજાણું કાંઈ? પહેલા તો એમ કહ્યું હતું કે '**એવા જેને લિંગો વડે...**' નથી થતું. આ તો જેનું જ્ઞાન ઈન્દ્રિયો વડે થતું નથી. સમજાણું કાંઈ? બેમાં શું ફેર પડ્યો? આ એમ થયું. પહેલા કહ્યું કે '**જેને...**' આત્માને પરથી-ઈન્દ્રિયોથી જ્ઞાન થતું નથી. હવે આત્માને આત્માનું જ્ઞાન પરથી થતું નથી. આત્માને જ્ઞાન પરથી થતું નથી. ઈન્દ્રિય, મન અને પરથી .. એ પોતાનું જ્ઞાન નથી. એમાં આત્મા જણાતો નથી. સમજાણું કાંઈ? કાલે

વિશેષ વાત થશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૬, મંગળવાર, તા. ૧૯.૦૮.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧, ૨, પ્રવચન-૨૪૦**

પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપન અધિકાર. ૧૭૨નું અલિંગગ્રહણ. આત્મા અલિંગગ્રહણ છે. એના ૨૦ અર્થ કરે છે. એક અલિંગગ્રહણના ૨૦ અર્થ. પહેલા એમ કહે છે કે એવો આત્મા છે. જેને એટલે એને ઇન્દ્રિય વડે ગ્રહણ નથી થતો પહેલો બોલ. એ તો પહેલા ચાલ્યું છે. કારણ કે ઇન્દ્રિય પર છે, ભાવ ઇન્દ્રિય ખંડ પર છે, જડ ઇન્દ્રિય પર છે. અને એ ખરેખર પુદ્ગલ ... સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાનથી તન્મય છે. સમજાણું કાંઈ? જેમ સૂર્યમાં અંધકાર નથી, એમ આત્મામાં ઇન્દ્રિય ખંડખંડ શરીર બાહ્ય .. ઇન્દ્રિય કે સંકલ્પ-વિકલ્પ કોઈ આત્માની દશામાં વસ્તુમાં છે જ નહિ. સમજાણું કાંઈ? સૂર્યમાં અંધકાર નથી, એમ ભગવાન આત્મામાં ઇન્દ્રિય, સંકલ્પ-વિકલ્પ, મન-વચન-કાયાના સંબંધે જે કાંઈ ક્રિયાકાંડ થાય એના પરિણામ બધા આત્મા સાથે તન્મય નથી. સમજાણું કાંઈ? એ તો પુદ્ગલથી, અજ્ઞાનથી તન્મય છે. તો અજ્ઞાનથી આત્મા, જેને અજ્ઞાનથી જ્ઞાન થાય છે એવા ... આ કાલના પહેલા બોલની વાત ચાલે છે. છેને?

**'જેને લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (જાણવું) થતું નથી...'** ભગવાન આત્મા એમાં જે ભાવ નથી. એ ભાવ વડે એને જાણવું થતું નથી, એમ કહે છે. એનું જ્ઞાન પરને કારણે થતું નથી. એને જ્ઞાન હોં. એને જ્ઞાન. એનું જ્ઞાન એ પછી આવશે. એને આત્માને ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. કેમકે એ આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય ... છે. શરીર, ઇન્દ્રિય જડ એ તો અજ્ઞાન એવા પુદ્ગલની સાથે તન્મય છે. એકમેક એની સાથે છે. સમજાણું કાંઈ? .. સંકલ્પ-વિકલ્પ આદિ .. છે ત્યારે અજ્ઞાનથી તન્મય છે. અંધકાર અંધકારથી તન્મય છે. સૂર્યના પ્રકાશનું ... ઇન્દ્રિય જ્ઞાન ભિન્ન છે એમ કહે છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિયજ્ઞાનમય પ્રભુ પોતાના જ્ઞાનની દશાના વેદનથી એ પોતાના જ્ઞાનથી એ જાણે છે. ઇન્દ્રિયથી કામ લે એ આત્મા નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

**'જેને લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (જાણવું) થતું નથી...'** ધ્રુવ

આત્મા પોતાનો અતીન્દ્રિય જ્ઞાનમય સ્વભાવ રાખે છે. અતીન્દ્રિય જ્ઞાન કહ્યુંને અર્થમાં? આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે. એ અતીન્દ્રિય જ્ઞાનમય ચીજ અતીન્દ્રિય જ્ઞાનથી જાણે છે એમ કહે છે. ભારે કામ આકરું ભાઈ! જગતને. ભગવાન આત્મા એ જે ચીજ પોતામાં છે એનાથી કામ લે છે. મોહનભાઈ! પોતામાં ઇન્દ્રિય આદિ છે નહિ એનાથી કામ લેતા જ નથી એમ કહે છે. શેઠ! ... શું થાય છે? એ કહે છે. ... ઇન્દ્રિયથી જ્ઞાન થાય એ તો જ્ઞાન જ નથી, એ તો અજ્ઞાન છે. ઝીણી વાત છે. આચાર્ય મહારાજે એક અલિંગગ્રહણ કહીને આત્માની ચીજ ૨૦ બોલમાં એવું ભરી દીધું છે કે આખા જૈનદર્શનનો સાર ભરી દીધો છે. સમજાણું કાંઈ? હોય છે એને. અજ્ઞાન થાય, જ્ઞાન નથી થતું. ઇન્દ્રિયથી ..એમાં ચીજ .. અપેક્ષા કરીને જે જાણવું થાય છે એ જ્ઞાન જ નથી. એ તો જડ છે, અચેતન છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ...સમજાણું કાંઈ? ભગવાન શબ્દે ભગ-ભગવાન. ભગ શબ્દે જ્ઞાન અને આનંદ એની લક્ષ્મી છે. પંડિતજી! ભગવાન છેને? ભગ-જ્ઞાન અને આનંદ એ ભગ. ભગ નામ લક્ષ્મી. જેની જ્ઞાન અને આનંદ લક્ષ્મી છે એવો ભગવાન. એવો વાન-સ્વરૂપ ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા ઇન્દ્રિયથી કામ લે એ વસ્તુ જ નથી, એમ કહે છે અહીંયાં તો. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય એક અલિંગગ્રહણમાં કાઢ્યું છે વાસ્તવિક જૈનદર્શનનો આત્મા સાર શું છે એ કહ્યું છે. જૈનદર્શનની વસ્તુનું સ્વરૂપ એવું છે.

**'જેને લિંગો વડે...'** પહેલો બોલ હોં. **'ઇન્દ્રિયો વડે ગ્રહણ (જાણવું) થતું નથી...'** કેમકે એ આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છેને. પોતાનો જ્ઞાનસ્વભાવ એ આત્માથી તન્મય છે. ઇન્દ્રિયો આત્માથી તન્મય-એક છે નહિ. ઝીણો વિષય છે ભાઈ! સમ્યગ્જ્ઞાનનો વિષય છે. જ્ઞેય અધિકાર સમ્યગ્જ્ઞાનમાં આત્મા જ્ઞેય. સમ્યગ્જ્ઞાનમાં આત્મા જ્ઞેય કેમ થાય? અને એ જ્ઞેય છે કેવું. આત્મા જ્ઞાનમાં આવવા લાયક જ્ઞેય છે કેવું? તો એ જ્ઞેય જ્ઞાનમાં આવવા લાયક એવું છે કે ઇન્દ્રિયથી કામ લે એ આત્મા જ્ઞેય નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન! આ પરમાણુ તો માટી ભિન્ન છે, આ તો અજીવ છે. અજીવનું લક્ષ કરીને કામ લે એ આત્મા નથી. દેવીલાલજી! આહા..હા..! એને ધર્મનું ભાન નથી એમ કહે છે. પોતાનો ધર્મ આત્માનો તો જ્ઞાનધર્મ, જ્ઞાનસ્વભાવ છે. અતીન્દ્રિય જ્ઞાનમય કહ્યુંને? આત્મા અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવ છે. સ્વભાવવાન અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવવાન છે. અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવવાન એ ઇન્દ્રિયથી જાણે એ ચીજ જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અજ્ઞાન છે, પુદ્ગલ છે. આત્મા નથી. ...

મુમુક્ષુ :- .. જ્ઞાન તો થાય છે.

ઉત્તર :- એ બધું અજ્ઞાન છે. એ તો આવી ગયુંને. હજી આમાં ઘણું આવશે ૨૦

અર્થમાં. સમજાણું કાંઈ? મિથ્યાજ્ઞાન છે. મિથ્યજ્ઞાન એ આત્મા કેવો? પંડિતજી! ઝીણી વાત છે હોં. સોનગઢની વાત કરે.. અરે..! સોનગઢની વાત નથી, ભાઈ! આ તો આત્માની વાત છે. એણે સાંભળ્યું ન હોય એટલે કાંઈ બીજી વસ્તુ થઈ જાય. સત્ય તો ત્રણકાળે સત્ય જ રહેશે. સમજાણું કાંઈ? એમાં આત્મા ભગવાન ચિદાનંદ મૂર્તિ જેમાં અનંત આનંદ અને જ્ઞાનનો સાગર પડ્યો છે. એવા એ જ્ઞાન અને આનંદથી આત્મા તન્મય છે, એકરૂપ છે. એ આત્મા જેની સાથે તન્મય નથી એનાથી જ્ઞાન કરે એમ માનવું મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વભાવ છે. કે ઇન્દ્રિયથી જ્ઞાન પોતામાં થાય. પોતામાં પોતાનું નહિ. પોતાનું તો બીજા બોલમાં આવશે. આત્માને ઇન્દ્રિયથી જ્ઞાન થાય છે, આત્માને ઇન્દ્રિયથી જ્ઞાન થાય છે એ મિથ્યાત્વભાવ છે. ..જી! આવી વાત ભાઈ! લોકો તો બિચારા આમ વ્રત ને નિયમ ને તપ ને કરતા... કરતા... કરતા... મરી જાય છે. હેરાન-હેરાન. સહજાનંદસ્વરૂપ સહજથી પમાય એવી ચીજ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... અહીં તો પરમેશ્વર ત્રિલોકનાથ કહે છે એ જ વાત કુંદકુંદાચાર્ય કહે છે, એ જ વાત અમૃતચંદ્રાચાર્યે ટીકામાં એ વાત કરી છે. અનાદિ સર્વજ્ઞની પરંપરાના સત્ત્વનો એ ભાવ છે. સમજાણું કાંઈ? કોઈના ઘરની વાત નથી. પણ એને ખબર નથી તો એ માની લે છે કે અમને તો આ... આ તો પહેલા કહ્યું હતુંને કે પોતાની જ્ઞાનપર્યાયમાં, અવસ્થામાં ભાવજ્ઞાન થાય છે એ જ્ઞાન છે તો અજ્ઞાન, પણ એ અજ્ઞાન પણ પોતાની પર્યાયથી થાય છે. ઇન્દ્રિયથી (કે) ઇન્દ્રિય નિમિત્ત છે તો થાય છે એમ નથી. સમજાણું કાંઈ? શું કહ્યું? ઇન્દ્રિયો જડ છે તો પોતાની પર્યાયમાં જ્ઞાનનો વિકાસ થાય છે, અજ્ઞાન ભલે અનાદિનો છે એ, (પણ) એ એમ નથી. સમજાણું કાંઈ? એ અજ્ઞાન જ્ઞાનની પર્યાયમાં ક્ષયોપશમભાવ એ પોતાના ઉપાદાનથી પર્યાયમાં અશુદ્ધ ઉપાદાનથી પોતાથી થાય છે.

હવે અહીંયાં કહે છે કે અશુદ્ધ ઉપાદાનથી જે જ્ઞાન ઇન્દ્રિયને નિમિત્ત કરીને થાય છે એ આત્માનું જ્ઞાન જ નથી. એ આત્મા એ દ્વારા જણાણો એ આત્મા જ નથી. આહા..હા..! એ તો જ્ઞાનનો સૂર્ય છે. ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે. તો એ ચૈતન્યસૂર્યમાંથી જે કિરણ નીકળે એ તો ચૈતન્ય અંતરથી નીકળે છે. સમજાણું કાંઈ? સૂર્યનું કિરણ સફેદ હોય કે કાળા કોલસા જેવું હોય? સમજાણું કાંઈ? તો કોઈ કહે કાળું છે. પણ કાળું છે જ નહિ તો કાળું કેમ આવે? એમ અહીં પરમાત્મા આત્મા જ્ઞેય, જ્ઞાનમાં જણાવાલાયક આત્મા કેવો છે કે એ આત્મા ઇન્દ્રિયથી કામ લે એવો આત્મા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો હજી શરીરની ક્રિયાથી ધર્મ થાય છે. એ તમારો પ્રશ્ન છેને? ક્યો? નહિ એ ખાણિયા ચર્ચામાં. ખાણિયા ચર્ચામાં પહેલો પ્રશ્ન એ છે. શરીરની ક્રિયાથી. હા, અમારા શેઠને ખબર છે. ખબર છે કે નહિ? એ આવ્યુંને? તમારે ઘરે આવ્યું કે નહિ પુસ્તક? ખાણિયા ચર્ચા. એય..! શેઠ! તમે તો નવરા નથી. વાંચો છો? ભાઈ વાંચે છે. પ્રશ્ન એ ઉઠ્યો છે.

જીવિત શરીરની ક્રિયાથી ધર્મ થાય કે નહિ? ખાણિયામાં પહેલો પ્રશ્ન એ આવ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહે છેને. આહા..હા..! ભગવાન! શું કરે છે? એ પ્રશ્ન ઉઠ્યો છે. બધાને પહેલો એ પ્રશ્ન ઉઠ્યો હતો. એ અહીં જવાબ દે છે. કે આ શરીર જીવિત આ તો જડ છે. આ ઈન્દ્રિયો જે શરીરની આકૃતિ પર્યાય છે એ તો જડની પર્યાય છે. જડની પર્યાય વડે પોતાનું જ્ઞાન કરે આત્મા... પોતાનું જ્ઞાન થાય એ પછી વાત. એ બીજામાં આવશે. પણ જડની પર્યાય વડે જ્ઞાન કરે છે એ જ્ઞાન જ નથી. તો જ્ઞાન નથી તો ધર્મ છે નહિ. સમજાણું કાંઈ? શરીરથી એવા વ્રત પાળવા, બ્રહ્મચર્ય પાળવા, આમ પાળવું શરીરથી. એ ક્રિયાથી કોઈ ધર્મ થાય કે નહિ? અરે..! એ ક્રિયા તો ધર્મ નથી, પણ એમાં જે રાગની મંદતાના વ્રત, નિયમના પરિણામ થાય એ પણ ધર્મ નથી. એ તો ધર્મ નથી, પણ ઈન્દ્રિયથી જાણવું થાય એ ધર્મનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ?

ચૈતન્ય ભગવાન અતીન્દ્રિય જ્ઞાનમય છે. જુઓ, **'જેને લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ (જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે;...'** અલિંગગ્રહણ છે. ચિહ્ન દ્વારા જાણે નહિ એ અલિંગગ્રહણ છે. **'આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે એવા અર્થની...'** અલિંગ્રહણમાંથી એવો ભાવ પ્રાપ્ત થાય છે. લ્યો એનું નામ ધર્મ. આહા..હા..! પોતાના અતીન્દ્રિય જ્ઞાન વડે જાણવું થવું, પોતાનું નહિ, પણ અતીન્દ્રિય જ્ઞાનથી જાણવું બસ એટલું. એનું નામ ધર્મ છે. ઈન્દ્રિયથી જાણવું એ પણ ધર્મ નથી. ધર્મનું જ્ઞાન નથી અને ધર્મ નથી. આહા..હા..! વીતરાગમાર્ગ છે ભાઈ! સર્વજ્ઞ પરમાત્માએ કહેલો માર્ગ છે. અનાદિ સનાતન એ સત્ય છે. લોકો કહે નિશ્ચયની વાત. એ તો નિશ્ચયની છે એમ કહે છે, પણ નિશ્ચય નામ યથાર્થ, નિશ્ચય નામ વ્યાજબી, નિશ્ચય નામ છે એવું ખરેખર સ્વરૂપ. સમજાણું કાંઈ? વ્યવહારને તો ઉડાવી દે છે, પણ ભગવાન પોતે ઉડાવી દે છે સાંભળને. પરમેશ્વર અહીંયાં કહે છે એ જ કુંદકુંદાચાર્ય કહે છે. એ જ વસ્તુનું સ્વરૂપ છે.

ભગવાન! તું તો અતીન્દ્રિય જ્ઞાનમય છોને પ્રભુ! આહા..હા..! ભગવાન તરીકે બોલાવ્યા છે કર્તાકર્મમાં સમયસારમાં ૭૨ ગાથામાં છેને. ભગવાન આત્મા. આહા..હા..! એમ. કુંદકુંદાચાર્યે એમ કહ્યું છે. પંડિતજી! કર્તાકર્મ ૭૨ ગાથા છે. અહીંયાં પુણ્ય-પાપભાવ અશુચિ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ જે છે એ અશુચિ છે, મેલ છે. અને ભગવાન આત્મા અતિ નિર્મળ છે એવું ટીકામાં લીધું છે. આ શું છે? આ તો પ્રવચનસાર છે. સમયસારમાં લીધું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા આહા..હા..! જુઓ, સંબોધન પણ કેમ કરે છે! ભગવાન આત્મા પ્રભુ! તું તો અતિ નિર્મળ છોને. અને પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-તપનો વિકલ્પ છે અશુભ એ તો મલિન છે. મલિન અને નિર્મળ તો તદ્દન ભેદ છે. બે એક છે નહિ. કહો, સમજાણું કાંઈ? એવા ત્રણ બોલ લીધા છે ૭૨ ગાથામાં કર્તાકર્મમાં. પુણ્ય-પાપના

વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ અચેતન છે, જડ છે. કેમકે એ પર વડે જણાય છે. એ રાગ પોતાને જાણતો નથી અને રાગ પરને જાણતો નથી માટે એ રાગ અચેતન, જડ છે. આહા..હા..! અહીં તો ભાઈ! જ્ઞાનને જડ કહેવું એ પરવડે એવું નથી. આ જ્ઞાન પણ જડ છે. ઈન્દ્રિયથી જાણવું એ જ્ઞાન જડ છે. એ ચૈતન્ય જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ૭૨ ગાથામાં બીજો બોલ એવો લીધો છે. '**असुचितं च विवरीयभावं**' એવો પાઠ છેને. '**विवरीयभावं**'નો અર્થ ચૈતન્ય સ્વભાવથી વિપરીતભાવ છે. કોણ? એ વ્રત, નિયમ, અપવાસ વિકલ્પ જે રાગ ઉઠે છે, રાગ ક્રિયા હોં રાગ. જડની ક્રિયા નહિ. એ રાગ, જેમ શરીરની ક્રિયા જડ છે એમ રાગ જડ. એ રાગમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. આમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે આ શરીરમાં. એમ રાગમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી, પણ એ ચૈતન્યનો અંશ એમાં નથી માટે એને અચેતન અને જડ કહ્યું છે. ન્યાય સમજાય છે? પોપટભાઈ! આહા..હા..!

અને ત્રીજો બોલ .. ભગવાન આત્મા તો ચૈતન્યસ્વભાવવાળો છેને? આ અતીન્દ્રિય જ્ઞાનમય છેને? એમ કહે છે. એ તો ચૈતન્યસ્વભાવવાન છેને? અને જે વિકલ્પ વ્રતાદિ-તપાદિનો ઉઠે એ તો અચેતન, જડ છેને. જડ પોતાને જાણતો નથી, જડ બીજા વડે જણાતો નથી. તો બીજો તો આત્મા છે. એનાથી જણાય છે, કરવામાં આવતો નથી. શેઠ! આહા..હા..! આ બધું સમજવું પડશે હોં. આ એમ ને એમ વર્ષ ચાલ્યા જાય છે. બીડીમાં ને બીડીમાં. શોભાલાલજી! આહા..હા..! દેહને છૂટવાના કાળ તો નજીક આવતા જાય છે કે નહિ? એ જે મુદ્દત છે એ મુદ્દત ફરશે નહિ. ત્રણ કાળમાં નહિ ફરે.

મુમુક્ષુ :- થોડી મુદ્દત નહિ આપે?

ઉત્તર :- એક સમયની મુદ્દત નહિ મળે. આહા..હા..!

ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પ જે છે એ અચેતન છે, જડ છે. ચૈતન્ય સ્વભાવ ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવથી એ શુભ-અશુભ ક્રિયાના પરિણામ એ વિપરીત છે. ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવથી અવિપરીત છે એમ કહ્યું. સમજાણું કાંઈ? એ જ વાત અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા એમ કહે છે અહીંયાં. ઈન્દ્રિયનું જ્ઞાન થાય છે એ પણ આત્માનું નહિ અને એ જ્ઞાન પણ જડ છે એવી વાત છે. જડ ન હોય, આત્માનું જ્ઞાન હોય તો સાથે આનંદ આવવો જોઈએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એવું જ્ઞાન કરીને...

ઉત્તર :- એ જડની જ પર્યાય છે. જો જડ ન હોય તો આનંદ થવો જોઈએ. જ્ઞાન ઈન્દ્રિયથી થાય છે એમાં જો જ્ઞાન સાચું હોય તો આનંદ આવવો જોઈએ. કેમકે આત્મા આનંદ અને જ્ઞાન અવિનાભાવી પદાર્થ છે. તો જે જ્ઞાન થયું એમાં આનંદ ન આવે તો એ જ્ઞાન જ આત્માનું નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે ભગવાન આત્મા

તો અતીન્દ્રિય જ્ઞાન આનંદ આદિ અનંત આનંદની મૂર્તિ છે. તો એ પોતાથી જે જ્ઞાન કરે, પોતાથી જે જ્ઞાન કરે તો એમાં તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ (આવે). કેમકે દ્રવ્ય સ્વભાવમાં અતીન્દ્રિય આનંદ આદિ અનંત શક્તિઓ પડી છે. તો દ્રવ્યનું જ્ઞાન જે થાય. આ તો ઈન્દ્રિયનું જ્ઞાન છે, એ દ્રવ્યનું પોતાનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? ભારે ઝીણું! પણ હવે આ સમજાય એવું છે હોં ઓલું જરી નયનો અધિકાર લેતા હતા જરી ઝીણો પડતો હતો. આ કાંઈ એટલું ઝીણું નથી. છે તો અપૂર્વ વાત, પણ એવી ઝીણી નથી. ઓલું તો બહુ ઝીણું હતું છેલ્લી ગાથા. આહા..હા..!

કહે છે, જેમ આ શરીર જડ, અચેતન, એમ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જડ, જ્ઞાનનો અભાવ એને કારણે. એમ ઈન્દ્રિયથી જાણવું એ પણ જડ. કેમકે પોતાનું જ્ઞાન એમાં આવ્યું નથી. પોતાનું જો જ્ઞાન હોય તો સાથે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો જોઈએ. સમજાણું કાંઈ? એક બોલ થયો.

બીજો. **'ગ્રાહ્ય (જાણવાયોગ્ય) એવા જેનું,...'** જાણવાયોગ્ય એનું, જાણવાયોગ્ય એનું એને જ્ઞાન થાય છે. હવે એનું—આત્માનું જ્ઞાન કેમ થાય છે? બેય શબ્દમાં ફેર છે હોં. પહેલામાં આત્મા ઈન્દ્રિયથી જ્ઞાન કરે એમ નહિ. હવે આત્માનું જ્ઞાન ઈન્દ્રિયથી થાય એમ નથી. સમજાણું કાંઈ? બેમાં ફેર છે. **'ગ્રાહ્ય એવા જેનું,...'** ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય જ્ઞાનમયમૂર્તિ પ્રભુ, એનું **'લિંગો વડે...'** જેનું. અથવા ઈન્દ્રિયો વડે એનું **'જાણવું થતું નથી...'** ઈન્દ્રિયો વડે આત્મા જણાતો નથી. પોતામાં સ્વપરપ્રકાશક (શક્તિ) છે. અતીન્દ્રિય જ્ઞાનમય સ્વપરપ્રકાશક છે. સ્વપરપ્રકાશક સર્વજ્ઞ તો પોતાનો સ્વભાવ છે. એ પરને પ્રકાશે એમ કહેવું એ તો વ્યવહાર છે. શું કહ્યું? વળી પ્રશ્ન થયો. અતીન્દ્રિય જ્ઞાન જે છે એ સ્વપરપ્રકાશક પોતાની પર્યાય પોતાની છે. સમજાણું કાંઈ?

એ પરપ્રકાશક જ્ઞાન પોતાનું છે, પરનું નહિ. સમયસારમાં આવ્યુંને? આ તો પ્રવચનસાર છે. એ શક્તિઓ છેને? લઈ આવ્યા. આત્મવૈભવ બહાર પડ્યું છે. પહેલા આત્મપ્રસિદ્ધિ નીકળ્યું હતું. પ્રસિદ્ધિને? છે કે નહિ આમાં? છેને? સમયસાર છેને અહીંયાં? સમયસાર છે. જુઓ શક્તિ છેને શક્તિ? સર્વજ્ઞશક્તિ. સર્વને જાણે છે માટે સર્વજ્ઞ એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, નવમી શક્તિ જુઓ, **'સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખવારૂપે...'** દર્શનની વાત ચાલે છે. જ્ઞાનની લ્યો. **'સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ.'** એ સર્વજ્ઞશક્તિની પર્યાય આત્મજ્ઞાનમય છે. શું કહ્યું વળી? એ આત્મવૈભવમાં ઘણું સ્પષ્ટ આવ્યું છે. હમણા પુસ્તક નીકળ્યું છેને આત્મવૈભવ? પહેલા આત્મપ્રસિદ્ધિ નીકળ્યું હતું. ૧૦ વર્ષ પહેલા. ૧૭ની સાલમાં. અત્યારે આત્મવૈભવ બહાર પડ્યું છે. એમાં એક-એક શક્તિનું વર્ણન ઘણું સ્પષ્ટ છે. અહીં કહે છે. જોયું છેને? અમરચંદભાઈએ જોયું છે. તમે જોયું નથી. તમને વખત નહિ મળ્યો હોય. શોભાલાલજી!

આત્મવૈભવ ગુજરાતી હોં. ગુજરાતી છેને? ગુજરાતી. હિન્દી નહિ. અહીં તો ગુજરાતી બહુ લે છેને માણસો. હિન્દી તો હવે આવ્યું. પહેલા હિન્દી ક્યાં લેતા હતા?

મુમુક્ષુ :- હિન્દીવાળાની માંગ વધારે છે.

ઉત્તર :- માંગ છે તો તમે કરોને. તમે શેઠિયા છો કે નહિ? અમે કોઈમાં પડતા નથી. એ તો બહુ .. પડ્યા રહે માટે ના પાડી હતી. .. તમારે જોવાનું કે નહિ? ઘણા પુસ્તક છપાવ્યા હતા અને એક લાખ રૂપિયાના પુસ્તકો પડ્યા છે. લાખ રૂપિયાના પુસ્તકો હજી પડ્યા છે.

મુમુક્ષુ :- .. ઘણી માંગ છે.

ઉત્તર :- માંગ છે તો તમારે કરવાનું કે નહિ? કેટલા લેવા એ તમારે જોવાનું. અહીં તો થોડા ખપે અને પછી પડ્યા રહે. હજાર છપાવે. પાંચસો ખપે અને પાંચસો પડ્યા રહે. ...ઉભા રહેવું.

અહીં કહે છે. અહીં સર્વજ્ઞશક્તિ નામ પરને જાણે માટે પરની પર્યાય છે એમ નથી. સાંભળો. ભગવાન આત્મામાં એક સર્વજ્ઞ શક્તિ નામનો ગુણ પડ્યો છે. દ્રવ્યમાં અને ગુણમાં સર્વજ્ઞ શક્તિ નામનો શક્તિ-ગુણ પડ્યો છે. એ જ્યારે પર્યાયમાં સર્વજ્ઞશક્તિ પ્રગટે છે તો કહે છે કે એ સર્વજ્ઞશક્તિ કેવી છે? કે આત્મજ્ઞાનમય. પરમય એમ નથી. લોકાલોકનું જ્ઞાન એ લોકાલોકનું નહિ. એ લોકાલોકનું અને પોતાનું જ્ઞાન પોતાની પર્યાયનું પોતાનું જ્ઞાન છે. ભારે વાતું ભાઈ! દેવીલાલજી! જુઓ, શું કહ્યું જુઓ. સંસ્કૃતમાં છે. '**विश्वविश्वविशेषभावपरिणतात्मज्ञानमयी सर्वज्ञत्वशक्तिः** १०।' સમસ્ત વિશ્વને પોતાના જ્ઞાનમાં પોતાને અને પરને જાણવાની પર્યાય જે છે એ આત્મજ્ઞાનમય છે. પરની છે નહિ. આહા..હા..! એક-એક વાતમાં ફેર કેટલો છે ક્યાં? આ તો કહે બસ પરને (દેખે) છે, પરને. પણ પરને શું જાણે? પરને તો ખરેખર જાણતો જ નથી. ખરેખર તો પોતાની સર્વજ્ઞ પર્યાયને જ સર્વરૂપે જાણે છે. પરને જાણે એમ કહેવું એ તો વ્યવહાર છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞશક્તિનું એવું વર્ણન છે. પોતાની આત્મજ્ઞાનમય સર્વજ્ઞશક્તિ, પોતાની આત્મદર્શનમય સર્વદર્શીશક્તિ. નહિ કે પરને દેખે માટે સર્વદર્શીશક્તિ છે અને પરને જાણે માટે સર્વજ્ઞશક્તિ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? ડોક્ટર!

અહીં કહે છે કે '**જેનું, લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી...**' ઈન્દ્રિયથી સાંભળ્યું, ભગવાન આત્મા એવો છે કે ઈન્દ્રિયથી જાણ્યું એનાથી જે જ્ઞાન થયું એથી પણ આત્માનું જ્ઞાન થતું નથી એમ કહે છે. ઈન્દ્રિયથી સાંભળ્યું કે આત્મા એવો છે. એવું જે ક્ષયોપશમ જ્ઞાન થયું એ જ્ઞાનથી પણ આત્મા જણાતો નથી એમ કહે છે, ભાઈ! જુઓ, ઓહો..હો..! ઈન્દ્રિયથી જે જણાય છે એ પરસત્તાવલંબી જ્ઞાન છે. એ પરસત્તાવલંબી જ્ઞાનથી સ્વસત્તાનું જ્ઞાન નથી થતું. આહા..હા..! એની બાદશાહી તો જુઓ

એ. એનામાં કેટલી પ્રભુતા છે તો રાગથી તો જણાય નહિ, પરથી પણ જણાય નહિ, પણ ઈન્દ્રિયથી જ્ઞાન થયું. ઉપશમ ખ્યાલ થયો અંદર ખ્યાલ (કે) ભગવાન આમ કહે છે, આમ કહે છે, એ ખ્યાલ દ્વારા પણ આત્મા જણાતો નથી. આહા..હા..! એને ફેરવી નાખે છે દૃષ્ટિ ત્યારે એને જ્ઞાન થાય છે એમ કહે છે. એ તો પર્યાયબુદ્ધિ છે ત્યાં. સમજાણું કાંઈ? ઈન્દ્રિયથી જ્ઞાન થાય એ જ્ઞાન આત્માનું નથી એમ પહેલા કહ્યું. હવે કહે છે કે એ જ્ઞાન વડે આત્મા જણાતો નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? ધીરેથી શાંતિથી સમજવાની વસ્તુ છે. માર્ગ તો એવો સૂક્ષ્મ છે કે લોકોને સાંભળવા મળ્યો નથી. સમજાણું કાંઈ? અને માની લીધું કે અમે સમજીએ છીએ અને કાંઈક કરીએ છીએ. તો કાંઈક ધર્મ તો થશે.

મુમુક્ષુ :- ધર્મ કરે એનું કાંઈક ફળ તો

ઉત્તર :- ફળ છેને સંસાર. સફળ છે. એ પ્રવચનસારમાં આવી ગયું એ. અજ્ઞાનીનું જેટલું કર્તવ્ય છે એ સફળ છે. સફળનો અર્થ? જે ચાર ગતિ અનાદિથી ફળે છે એ ફળશે. એ પ્રવચનસારમાં આવ્યું છે આગળ. અમે પહેલા કહ્યું હતું એકવાર. શ્લોક પણ કહ્યો હતો પહેલા. ‘જે અબુધા મહાભાગા વીરા અસમત દંસીણો અસુદ્ધં તેંસિ...’ એ બોલ શ્વેતાંબરનો છે ગાથા. એ જ ભાવ આપણે પ્રવચનસારમાં છે. અહીંયાં પહેલા આવી ગયું છે. જે કોઈ અજ્ઞાની, આત્માનો અનુભવ, દૃષ્ટિ છે નહિ અને છે જે અબુધા. આત્માનું ભાન નથી, પણ છે અબુધા મહાભાગા. પુણ્યશાળી છે, દુનિયા બહુ માને છે. ..છે તો દુનિયા માને છે. એમાં આત્મામાં શું આવ્યું? એમ કહે છે. આહા..હા..! ‘જે અબુધા મહાભાગા’ આત્માના અનુભવરહિત છે, પણ છે પુણ્યશાળી. બે. ‘વીરા અસમંત દંસીણો’ ક્રિયાકાંડમાં મહાવીર છે, મહાવીર છે. એટલી ક્રિયા માસ-માસખમણના અપવાસ, બે-બે મહિનાના અપવાસ, છ-છ મહિનાના અપવાસ. સમજાણું કાંઈ? એવો વીરા. છે વીર અજ્ઞાનનો પુરુષાર્થ કરવામાં, પણ છે ‘અસંમત દંસીણો.’ પણ છે સમ્યગ્દર્શન વિનાનો.

તો કહે છે ‘અસુદ્ધં તેંસિ પર..’ જેટલી પુરુષાર્થની ક્રિયા કરે છે એ અશુદ્ધ છે. .. એ ક્રિયાનું ફળ અનાદિથી ગતિ મળે છે એ જ ગતિ મળશે. બ્રહ્મચારીજી! એ સફળની વ્યાખ્યા. સમજાણું કાંઈ? ક્રિયા એની સફળ છે. સફળનો અર્થ? જે અનાદિથી ચાર ગતિનો ભવ ફળે છે એ ભવ મળશે. અને ‘જે બુદ્ધા મહાભાગા’ હવે એનાથી સુલટું. ‘જે બુદ્ધા’ તત્ત્વજ્ઞાની છે, રાગરહિત પોતાના સ્વરૂપનું ભાન અવબોધ છે, પણ છે મહાભાગા-પુણ્યશાળી છે. લોકો લાખો-કરોડો માને પણ છે. છે સમ્યગ્જ્ઞાની. દુનિયા માને છે. ‘વીરા...’ પુરુષાર્થ કરીને પોતાના પુરુષાર્થની જાગૃતિથી અંતરમાં શાંતિની પ્રાપ્તિ કરે છે, પણ છે ‘સંમત દંસીણો’ સમ્યગ્દૃષ્ટિ છે. ‘સુદ્ધં તેંસિ પરંદર્શન’ એના જેટલા પરાક્રમ છે એ શુદ્ધ છે. ‘અફલં હોઈ સવ્વસો’ એ ક્રિયાનું ફળ ચાર ગતિમાં નહિ મળે. જુઓ, સમજાણું કાંઈ? ‘અફલં હોઈ’ એ ફળ નહિ

લાગે સંસારનું એને. એમ કહે છે. આત્માના મોક્ષનું ફળ લાગશે, બાકી ક્રિયાનું ફળ અફળ છે એમ કહે છે. અફળ નામ ચાર ગતિ નથી એને. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે '**ગ્રાહ્ય એવા જેનું, લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (જાણવું) થતું નથી...**' સમજાણું કાંઈ? ઇન્દ્રિયોથી સાંભળવાથી જે જ્ઞાન થયું, તો કહે છે કે એ જ્ઞાન વડે પણ અંતર આત્માનું જ્ઞાન નથી થતું. સમજાણું કાંઈ? ક્ષયોપશમમાં શાસ્ત્રને વાંચવાનો, લખવાનો વગેરે ભાવ થયો, તો એ બધું ઇન્દ્રિય જ્ઞાન છે. એ વડે આત્મા જણાતો નથી. એ વડે જાણતો નથી એ પહેલામાં ગયું, પણ એ વડે જણાતો નથી એ બીજામાં આવ્યું. સમજાણું કાંઈ? બહુ ઝીણું પડે, પણ આ તો સમજાય એવી ચીજ છે હોં. એવી કોઈ કઠણ નથી. અને એને ન સમજાય એવું ક્યાં છે? આચાર્ય સમજાવે છે તો સમજનારને લાયક છે એને સમજાવે છે કે જડને સમજાવે છે? સમજાણું કાંઈ? એમ ન લેવું કે અમને નહિ સમજાય. ન સમજાય શું? કેવળજ્ઞાન લેવાની તાકાત એનામાં છે. સમજાણું કાંઈ? તો એવી વાત શું છે કે સમજાય નહિ? એમ નથી. કલંક છે જો ના પાડે તો. છે? આહા..હા..!

ભગવાન! તું કેવો છો? તું કેવો છો? કે ઇન્દ્રિય વડે તું જાણવામાં આવે એવો તું છો નહિ. સમજાણું કાંઈ? હા એ ઠીક. પોતાના જ્ઞાનથી અનુભવમાં પ્રત્યક્ષ આવે તો એને નિમિત્ત કારણ વ્યવહારે આરોપ દેવામાં આવે છે. એ થયું તો પરંપરા થયું એમ નથી. એ નહિ. આ થયું તો એને પરંપરા નિમિત્તનો આરોપ દેવામાં આવે છે. શું કહ્યું? જુઓ એમાં વચ્ચે દેશનાલબ્ધિ નાખી. ભાઈ! એમ કે પહેલા એમ આવે છેને શાસ્ત્રમાં કે જીવ સમ્યગ્દર્શન પામે છે તો એને જ્ઞાનીની દેશના નિમિત્ત મળવી જોઈએ. અજ્ઞાનીની દેશનાથી સમ્યગ્દર્શન પામતા નથી. પામે છે તો પોતાથી, પણ અજ્ઞાનીની દેશના એમાં નિમિત્ત નથી થતી. નિયમસાર ૫૩મી ગાથા છે. જ્યારે આત્માનું સમ્યગ્દર્શન પામે છે તે જીવને સમ્યગ્દષ્ટિ જ્ઞાની જીવ હોય, અનુભવી હોય એની વાણીનો ઉપદેશ નિમિત્ત પડે છે. પંડિતજી! નિયમસાર છે. નિયમસારની ૫૩મી ગાથા છે. સમજાણું કાંઈ?

જેને દર્શનમોહનો ક્ષય ક્ષયોપશમ આદિ થયો હોય અને જેને આત્મજ્ઞાનનું ભાન છે, એની જે વાણી છે એ વાણી સમ્યગ્દર્શન પામવાયોગ્ય જીવને નિમિત્તરૂપ બાહ્ય નિમિત્તરૂપ કહેવામાં આવે છે અને એના આત્માનો જે અભિપ્રાય છે તેને અભ્યંતર નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું બે? નિયમસાર હિન્દી નથી? હિન્દી છે? હિન્દી નથી થયું? થયું છે. કેટલામી કહી? ૫૩. જુઓ.

**सम्मत्तस्स णिमित्तं जिणसुत्तं तस्स जाणया पुरिसा।**
**अंतरहेऊ भणिदा दंसणमोहस्स खयपहुदी।।५३।।**

એનો પણ ઉંધો અર્થ કરે છે. અહીં તો એમ કહે છે જુઓ, કે '**આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારી કારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના**

**પ્રતિપાદમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે. જે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી...**' મુમુક્ષુ નામ ધર્માત્મા '**ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે (સમ્યક્ત્વપરિણામના) અંતરંગ હેતુઓ કહ્યા છે, કારણ કે તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.**' શું કહે છે? જે જીવને સમ્યગ્દર્શન ક્ષાયિક, ક્ષયોપશમ કે ઉપશમ થયો છે, એની દેશના સમ્યગ્દર્શન પામનાર જીવને એની વાણી બાહ્ય સહકારી નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. અને એનો જે અભિપ્રાય છે એ છે તો પર, પણ અંતરંગ નિમિત્ત કહેવામાં, અંતરંગ હેતુ કહેવામાં આવ્યો છે. સંસ્કૃત છે સંસ્કૃત. એનો અર્થ ત્યાં કરે છે કે જેને દર્શનમોહનીયનો ક્ષયોપશમ હોય એને સમકિત થાય છે. એમ કહે છે. એવો અર્થ છે જ નહિ અહીંયાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પણ કાંઈ નથી. ના, બનતા નથી. એ તો લખ્યું છે નિમિત્તથી કથન કરવું છે. એનું અજ્ઞાન બતાવવું છે. ટોડરમલે લખ્યું છે મોક્ષમાર્ગમાં. કે આ છોકરો એવો છે, સ્ત્રીનો વેશ લઈને નાચે છે. બીજાને વિકાર થઈ જાય, પણ એને વિકાર નથી થતો. એવું અજ્ઞાનીને નિમિત્ત છે એ તો અજ્ઞાનીનું જ્ઞાન વિપરીત છે એમ બતાવવું છે, પણ એનાથી એ જ્ઞાન ધર્મમાં નિમિત્ત થાય છે એમ નથી.

મુમુક્ષુ :- .. દેશનાલબ્ધિ થાય એમ કીધુંને.

ઉત્તર :- હા, કહેશેને. એ વાત છે જ નહિ. સમજાણું કાંઈ? આ ૫૩મી ગાથામાં એમ છે. સમ્યક્ત્વનું નિમિત્ત જિનસૂત્ર છે. જિનસૂત્રને જાણનાર પુરુષોને સમકિતના અંતરંગ હેતુ કહ્યા છે. સમ્યગ્દષ્ટિને-સમ્યગ્દષ્ટિ પામનાર જીવને (બીજો) સમ્યગ્દષ્ટિનો જીવ અંતરંગ હેતુ કહેવામાં આવે છે અને વાણી બાહ્ય હેતુ કહેવામાં આવી છે. એવું ૫૩મી ગાથામાં છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાણી.

મુમુક્ષુ :- .. નિમિત્ત.

ઉત્તર :- નહિ, નહિ, એ ખબર છે. એ તો પહેલા .. બે હજારની સાલમાં એવું અમારા પંડિતજીએ કહ્યું. એવો અર્થ નથી. આ અર્થ છે. એમાં પંડિતજીએ એમ કહ્યુંને? એ અર્થ કર્યો. પંડિતજીને ઓળખો છો? આ સાથે બેઠા છે. એ પંડિતજી છે. અમારા બધા શાસ્ત્રનો સાર એ કરે છે. અનુવાદ સમયસાર, પ્રવચનસાર, નિયમસાર બધાનો એણે કર્યો છે. ગુજરાતી. સંસ્કૃતમાંથી ગુજરાતી. સ્તુતિ આ બોલીએ છીએ 'સંસારી જીવના ભાવ..' એ બધું એણે કર્યું છે. બધા શાસ્ત્રના અર્થ... બહુ શાંત છે, દેખાય નહિ. અમારા મંડળમાં ક્ષયોપશમ ઘણો છે એને. એટલી શક્તિ છે. એ બહેનના ભાઈ છે. સવારમાં કહ્યું હતુંને. એના મોટા ભાઈ છે. સમજાણું કાંઈ? બહુ ઓછું બોલે છે અને શાંત દેખાય છે. ક્ષયોપશમ એને એટલો ક્ષયોપશમ

છે કે અમારા આખા મંડળમાં એટલો ક્ષયોપશમ કોઈને નથી. શેઠી! એનો અર્થ કર્યો છે આ ૫૩ ગાથાનો. બહુ મેળવણી કરીને. આહા..હા..!

ભગવાન! સાંભળ તો ખરો. કહે છે. સમ્યગ્દષ્ટિની દેશના નિમિત્ત પડે છે. જ્યારે જેને ધર્મ પામવો હોય એને સમ્યગ્દષ્ટિની દેશના મળે અને પોતાના સ્વભાવનો આશ્રય કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? ભાઈએ પ્રશ્ન કર્યોને દેવીલાલજીએ કે દેશના મળી. તો એ દેશના મળી માટે થયું કે નહિ? કહે ના. એ દેશના નિમિત્ત ત્યારે કહેવામાં આવે છે અને દેશનામાં આવ્યું (કે) તારું સ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદકંદ છે. એવો શબ્દ પડ્યો છે ગુરુનો. તો એને ખ્યાલમાં લીધો, પણ એ ખ્યાલ છે એનાથી આત્મા જણાય એમ નથી. આહા..હા..! ભારે વાત!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સર્વજ્ઞની છે તો નહિ. એ દેનારો જ્ઞાની હોવો જોઈએ. એવી વાત છે. એ ધવલમાં પાઠ છે. ધવલમાં છે. સમજાણું કાંઈ? શું શબ્દ છે નહિ ધવલમાં? પરિણમિત. પરિણમિત એવો શબ્દ પડ્યો છે. દેશના જે દે છે એની પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાનથી પરિણત થયો છે. પરિણતવાળાને દેશના નિમિત્ત પડે છે. ધવલમાં છે. બહુ અત્યારે તો બધી ગડબડ... ગડબડ... ગડબડ... આખી. શેઠી!

અહીં તો ભાઈનો પ્રશ્ન હતો કે દેશનાલબ્ધિ, તમે તો એમ કહો છો કે જ્ઞાનીની વાણી અને એનો અભિપ્રાય નિમિત્ત પડે છે. તો વાણી સાંભળી તો એનું જ્ઞાન તો પરથી થયું. તો એનાથી આત્માનું સમ્યગ્દર્શન થાય કે નહિ? કે ના. પોતાથી જ્યારે થાય ત્યારે એ વાણી અને ક્ષયોપશમને નિમિત્ત કહેવામાં આવે છે. અહીંથી લેવું. અરે..! ભગવાન! અનંતવાર સ્વર્ગમાં ગયો. અને કલ્પવૃક્ષના ફૂલ, મણિરત્નના દીવા, ભગવાનની ... દેશના સાંભળી ભગવાનની પણ અનંતાર. શું થયું? એ પોતાના સ્વભાવનો આનંદનો આશ્રય કરીને સમ્યગ્દર્શનનો અનુભવ ન થાય ત્યાં સુધી એ દેશનાને નિમિત્ત પણ કહેવામાં આવતી નથી. આહા..હા..! ત્યાં કહે કે દેશનાલબ્ધિમાં નિમિત્ત. અહીં કહે કે એ પર્યાયમાં જે જ્ઞાન થયું. કહ્યુંને ભાઈ!

કુંદકુંદચાર્યે કહ્યું, અમારા ગુરુએ... પાંચમી ગાથામાં કહ્યું કુંદકુંદાચાર્યે. અમારા ગુરુએ અમારા ઉપર અનુગ્રહ કરીને અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. પાંચમી ગાથામાં છે. સમયસાર પાંચમી ગાથા. અમારા ગુરુએ... સમજાણું કાંઈ? સમયસાર છેને? '**નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા તેમાં અંતર્નિમગ્ન...**' જુઓ, અહીં પણ ન્યાય આવશે. એમ કહેશે જુઓ, કે અમારો વૈભવ કેમ પ્રગટ્યો છે? કુંદકુંદાચાર્ય કહે છે, અમારો આત્મવૈભવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કેમ પ્રગટ થયા છે? કે અમને ઉપદેશ દેનારા કોણ હતા? કે '**નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા તેમાં અંતર્નિમગ્ન પરમગુરુ-સર્વજ્ઞદેવ અને અપરગુરુ-ગણધરાદિકથી માંડીને અમારા ગુરુ પર્યંત,...**' એ બધા નિર્મળ વિજ્ઞાનઘન આત્મા (એમાં) અંતર્નિમગ્ન (હતાં) બધા. સર્વજ્ઞ પણ

એવા છે અને અમારા ગુરુ પણ એવા છે એમ કહે છે. ગૂઢ ભાષા છે. સંસ્કૃતમાં છે સમજાણું કાંઈ? '**निर्मलविज्ञानघनान्तर्निमग्नपरापरगुरुप्रसादीकृतशुद्धात्मतत्त्वानुशासनजन्मा,** ' સમજાણું કાંઈ? અજ્ઞાનીએ અમને ઉપદેશ દીધો અને અમને વૈભવ ઉત્પન્ન થયો—એમ નથી. સમજાણું કાંઈ? કહો, દેવીલાલજી!

અને '**તેમનાથી પ્રસાદરૂપે અપાયેલ જે શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ,...**' અમારા ઉપર કૃપા કરી. અમે પાત્ર હતા એમ નથી કહેતા, પણ અમારા ઉપર ગુરુએ કૃપા કરીને અમને શુદ્ધાત્માનો ઉપદેશ દીધો. જુઓ, ભાષા. બીજી વાત નહિ. '**શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક...**' પ્રેમ કરીને પ્રસાદરૂપે આપ્યો. પૂર્વાચાર્ય અનુસાર ઉપદેશ જેનાથી નિજવૈભવ જન્મ્યો છે. અમારા આત્માના આનંદનો વૈભવ એનાથી થયો છે. એ પણ નિમિત્તનું કથન છે. સમજાણું કાંઈ? પ્રસાદ આવ્યું તે નિમિત્ત. પોતાના સ્વરૂપનો આશ્રય કરીને જ્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા તો સાચા ગુરુએ અમારા ઉપર કૃપા કરીને નિમિત્તથી ઉપદેશ કર્યો એમ કહે છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે જુઓ, અહીં તો એમ કહ્યું કે અમારા ગુરુએ ઉપદેશ દીધો તો અમને સમ્યક્ ધર્મ થયો. અહીં ના પાડે છે, ભાઈ!

મુમુક્ષુ :- એ તો નિમિત્તનું કથન છે.

ઉત્તર :- નિમિત્તનું કથન છે, ભાઈ! એ વ્યવહારનું શું કથન છે અને નિશ્ચયનું પથાર્થ શું કથન છે એ બેને જાણવું જોઈએ. નહિતર ભ્રમણા થઈ જશે. અહીંયાં કહે છે કે અમારા ગુરુએ અમને શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ કૃપા કરીને દીધો. આહા..હા..! હવે અહીં કહે છે કે એ પરથી નથી થતું. એને સાંભળવામાં આવ્યું, લક્ષ થયું કે આ કહે છે પરમાત્મા કે તું શુદ્ધાત્મતત્ત્વ છે, તું આનંદ છો એમ ખ્યાલમાં આવ્યું છે. તો એ ખ્યાલથી પણ આત્મા જણાતો નથી એમ અહીંયાં કહે છે. ભારે વાતું ભાઈ! ભાઈ! આ તો સર્વજ્ઞનો માર્ગ છે, અનાદિનો છે. આ કોઈનો નવો કહેલો નથી. તો એની ગૂઢતા-ગંભીરતા ઘણી સૂક્ષ્મ છે. એમ ઉપરથી જાણી લે, પોતાની કલ્પનાથી માની લે કે અમને સમ્યગ્દર્શન છે. તો જ્ઞાનીનો તો ઉપદેશ નિમિત્ત મળ્યું નહિ અને સમ્યગ્દર્શન થયું એમ બને નહિ. એય..! શેઠ! શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એ તો વળી ક્ષાયિક સમકિત. એ ક્ષાયિક સમકિત પોતાથી થાય છે ત્યારે (કેવળીના) પાદમૂલ ત્યાં કહેવામાં આવે છે. ક્ષાયિક સમકિત પણ પોતાથી, પોતાનું લક્ષ કરીને જે ક્ષાયિક પર્યાય થાય છે ત્યારે એની નજીકમાં કેવળજ્ઞાની તીર્થંકર શ્રુતકેવળી છે એને નિમિત્ત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનાથી થતું હોય તો બધાને થવું જોઈએ. પરિષદ તો લાખો-કરોડો બેઠા છે. તો તીર્થંકરની વાણીથી અને નજીકમાં હોય તો બધાને થવું જોઈએ. પણ પોતાની સમીપ

જઈને જે ક્ષાયિક સમકિત પામે છે તો કેવળી તીર્થંકર, શ્રુતકેવળી ત્યાં નિમિત્ત થાય છે. એટલી વાત છે. સમજાણું કાંઈ? શેઠી! કેટલું જાણવું અને ફેર તે કેટલો?

મુમુક્ષુ :- ... બદલી નાખે.

ઉત્તર :- અર્થ બદલે છે. શું કરે?

જુઓ, '**ગ્રાહ્ય એવા જેનું, લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી...**' આહા..હા..! પંડિતજી! શું લખ્યું છે? પાંચમી ગાથામાં.. શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ મળ્યો તો અમારો વૈભવ પ્રગટ્યો એમ કહે છે ત્યાં. એ તો અમૃતચંદ્રાચાર્યે લખ્યું એનો અર્થ કર્યો છે. આહા..હા..! એ અમૃતચંદ્રાચાર્ય પોતે કહે છે કે જે અમે કહેતા હતા કે અમને શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ મળ્યો માટે અમારો વૈભવ પ્રગટ થયો, એ અમે અહીંયાં કહીએ છીએ કે જે ઇન્દ્રિયથી જણાયું એનાથી આત્મામાં જણાયું એમ છે નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! 'પાવે નહિ ગુરુગમ વિના યહી અનાદિ સ્થિત. યહી નહિ હૈ કલ્પના, યહી નહિ વિભંગ પંચમકાલમેં દેખી વસ્તુ અભંગ.' સમજાણું કાંઈ? 'નહિ દે તું ઉપદેશકો પ્રથમ લે ઉપદેશ. એ જ્ઞાનીનો દેશ.' એમ કહ્યુંને? 'સબસે ન્યારા અગમ હૈ વહ જ્ઞાની કા દેશ, નહિ દે તું ઉપદેશકું પ્રથમ લે ઉપદેશ.' શું ચીજ છે? આહા..હા..! 'સબસે ન્યારા અગમ હૈ વહ જ્ઞાનીકા દેશ.' સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સમ્યગ્દર્શન પામે છે તો, કહે છે કે ઇન્દ્રિયના જ્ઞાનથી બોધ-લક્ષ થયો એનાથી પામતા નથી. આહા..હા..! નવનીતભાઈ! હેતુ કહ્યોને. વ્યવહાર હેતુ કહ્યો. નિયતને હેતુ. નિશ્ચયનો નિયત હેતુ છ ઢાળામાં આવે છે કે નહિ? નિયતનો હેતુ થાય છે, વ્યવહારકારણ થાય છે. આવે છે કે નહિ? ભગવાન! એ તો તારા સ્વભાવનો આશ્રય કરીને જ્યારે નિશ્ચય થાય છે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. એવી વાત છે. વાસ્તવિક સ્થિતિ તો એવી છે. પછી પોતાની કલ્પનાથી ઉંધા અર્થ કરીને દુનિયાને સમજાવે અને સમજી લે એ તો અનાદિથી એવું કર્યું છે અનંતવાર. કહે છે, ઓહો..! એ અલિંગગ્રહણ છે. અહીં જ્ઞાનમાં જણાયું ભાવઇન્દ્રિય. ભગવાને એવો ઉપદેશ દીધો, ગુરુએ ઉપદેશ દીધો એ ખ્યાલ આવ્યો. છતાં કહે છે કે એ વડે આત્માનો અનુભવ થાય, આત્માનું જ્ઞાન થાય એમ નથી. એનું લક્ષ છોડીને પોતાના આત્માનું અતીન્દ્રિય ભગવાનનું લક્ષ કરે તો એને સમ્યગ્દર્શન અને આનંદ આવે છે. ત્યારે આત્માને પોતાની પર્યાયથી જાણ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ ભગવાને કહેલો આત્મા અલૌકિક ચીજ છે. એવી આત્માની ચીજ બીજે ક્યાંય છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... થાય છે મતિશ્રુતમાં. આવશે ત્યાં. અતીન્દ્રિય જ્ઞાનથી અતીન્દ્રિય સર્વજ્ઞ થાય છે. જ્ઞાન અતીન્દ્રિય છે. સમજાણું કાંઈ? કેમકે સર્વજ્ઞ શક્તિ આત્મામાં પડી છે. તો

આત્મામાં છે, તો દ્રવ્યમાં છે અને સર્વજ્ઞ ગુણ છે, ગુણમાં છે અને એની એકાગ્રતા કરે છે તો સર્વજ્ઞ પર્યાયમાં વ્યાપે છે. તો સર્વજ્ઞ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપ્યો. સમજાણું કાંઈ? સર્વજ્ઞશક્તિ ભગવાન આત્મામાં ગુણરૂપ પડી છે. તો ગુણરૂપ છે તો ધરનાર દ્રવ્ય પણ છે. પણ એ દ્રવ્ય-ગુણમાં જે શક્તિ પડી છે સર્વજ્ઞશક્તિ ગુણ, એની અંતર એકાગ્રતા કરવાથી પર્યાયમાં સર્વજ્ઞતા આવી તો ત્રણેમાં વ્યાપી ગઈ. અનાદિથી અજ્ઞાનમાં સર્વજ્ઞની શક્તિ પર્યાયમાં વ્યાપ્તિ નહોતી. સમજાણું કાંઈ? એ પોતાની શક્તિમાંથી સર્વજ્ઞશક્તિની વ્યક્તતા પ્રગટે છે. પરને કારણે નહિ. કહે છેને કે કેવળજ્ઞાન છે, સંહનન છે તો ઉત્પન્ન થાય છે. વજ્રનારાચ-સંહનન છે, મનુષ્ય શરીર છે, પંચેન્દ્રિય છે તો ઉત્પન્ન થાય છે. એ અહીં ના પાડે છે. એમ છે નહિ. સમજાણું કાંઈ? એ તો નિમિત્ત શું હતું એનું જ્ઞાન કરાવ્યું છે, પણ એનાથી થાય છે એમ છે નહિ. આહા..હા..! ભારે ઝીણી વાતું, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય એ તો અનાદિથી અજ્ઞાન એમાં શું આવ્યું? એમાં આત્મા ક્યાં આવ્યો? અહીં તો આત્માની વાત ચાલે છે, ધર્મની. એ તો અનાદિથી છે. નિગોદથી માંડીને છે. સમજાણું કાંઈ? નિગોદમાં બહુ થોડું જ્ઞાન હતું. બહાર નીકળ્યો, મનુષ્ય થઈને નવ પૂર્વનું જ્ઞાન થાય છે. પણ એ છે બધું અજ્ઞાન. આત્માથી એ થયું નથી. એ તો પરના કર્મચક્રથી મંદ થઈને થયું. તો એનાથી આત્મા જણાય એમ છે નહિ. '**આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી...**' ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી. '**એવા અર્થની...**' અલિંગગ્રહણમાંથી '**પ્રાપ્તિ થાય છે.**' અલિંગગ્રહણમાંથી એવો ભાવ નીકળે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૮, બુધવાર, તા. ૨૦.૦૮.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૨-૩-૪, પ્રવચન-૨૪૧**

પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. જ્ઞાનમાં જાણવા લાયક પદાર્થ એનું કથન છે. એમાં અહીં આત્માની વાત છે. આ આત્મા જે ચિદાનંદસ્વરૂપ છે એ જ્ઞેય જ્ઞાનમાં આવવા લાયક છે. ક્યા જ્ઞાનમાં આવવા લાયક છે? શું ઇન્દ્રિયથી જણાય છે? જુઓ અહીં ધર્મની વાત. આત્માને જાણવો એ ધર્મ છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવ આનંદસ્વરૂપ એનું સ્વલક્ષ કરીને જાણવું, આનંદનું પ્રગટવું, મતિશ્રુતજ્ઞાન પ્રત્યક્ષ વડે આત્મા જ્ઞેય થવો એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. કહો, સમજાણું કાંઈ? એ આત્મા એને ઇન્દ્રિય વડે જાણપણું થતું જ નથી. એ પહેલો બોલ

આવ્યો. પરમ દિવસે આવ્યુંને. એને ઈન્દ્રિય વડે જાણવું થતું નથી. જેટલું ઈન્દ્રિય વડે જણાય એ આત્માનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? એ ધર્મજ્ઞાન નથી. ચાહે તો શાસ્ત્રના શબ્દો કાનથી સાંભળે અને એવા જ્ઞાનની પર્યાયમાં લક્ષ આવે કે આ શાસ્ત્ર આમ કહે છે. એવો જે જ્ઞાનનો ક્ષયોપશમભાવ છે એનાથી આત્મા જણાય એમ નથી. ઓહો..હો..! કેમકે આત્મા તો સીધો પરની અપેક્ષા રાખ્યા વિના મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન જે પ્રત્યક્ષ થવા લાયક છે. એ તો પહેલા ૭૬ ગાથામાં આવ્યું હતું કે આત્મા તો પ્રત્યક્ષ થવા લાયક જ છે. એનો સ્વભાવ જ પ્રત્યક્ષ થવાલાયક છે અને પ્રત્યક્ષ થાય એનું નામ જ આત્મા. એ વાત ચાલી ગઈ પહેલા. પહેલા ક્લાસમાં ચાલ્યું હતું. તમે હતા કે નહિ? બાબુભાઈ નહોતા. પહેલા ક્લાસમાં ચાલી ગયું. આ ફરી લીધું. જરી એ સૂક્ષ્મ પડે જ્ઞેય અધિકાર.

કહે છે કે ભગવાન આત્મા એને પરવસ્તુ જે ઈન્દ્રિય આદિની અપેક્ષાથી જે જ્ઞાન થાય એ જ્ઞાન નથી. એ તો અજ્ઞાન, અધર્મ છે. પોતાનું સીધું મતિશ્રુત સમ્યગ્જ્ઞાન વડે સીધું પ્રત્યક્ષ જણાય એવો જ આત્મા છે, એવું જ આત્માનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એવા સ્વસંવેદનથી ભગવાન જ્ઞેય એટલે આત્મસ્વભાવ પૂર્ણ એને ધ્યેય, જ્ઞેય બનાવીને જે પર્યાયમાં મતિશ્રુતજ્ઞાન વડે અનુભવ થયો એ અનુભવ જ્ઞાન એ ધર્મજ્ઞાન છે. સમજાણું કાંઈ? એ પહેલા સ્પષ્ટીકરણ ઘણું આવી ગયું. બીજા બોલમાં. આજે તો ત્રીજો બોલ છે.

મુમુક્ષુ :- મતિજ્ઞાન...

ઉત્તર :- મતિજ્ઞાન મનના સંબંધવાળું નહીં. પરદ્રવ્યના સંબંધવાળું એ મતિજ્ઞાન નથી. (બીજી રીતે કહો તો) પોતાનું પર તરફનું જ્ઞાન છે એ મતિ કહ્યું. મનનો સંબંધ છે માટે મતિ કહ્યું એમ નથી. એ તો વ્યવહારથી કહ્યું છે. સમજાણું કાંઈ? પાંચ ઈન્દ્રિય અને મતિથી જ્ઞાન થાય એ તો વ્યવહાર છે. એનો નિષેધ છે અહીંયાં. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ શુભ-અશુભ પરિણામ કર્મરૂપ છે એ વિકૃતરૂપ છે. એનો સ્વભાવની દૃષ્ટિમાં નિષેધ છે, વ્યવહાર એ નિષેધ છે. એમ મન અને ઈન્દ્રિય વડે જે મતિ(જ્ઞાન) થયું એ વ્યવહારજ્ઞાન છે. સાચું જ્ઞાન નથી, અયથાર્થ જ્ઞાન છે. શેઠી! તત્ત્વાર્થસૂત્રમાં એમ લીધું. મતિશ્રુત જ્ઞાન, મતિ પાંચ ઈન્દ્રિય, મનથી થાય છે અને શ્રુત મનથી થાય છે. સમજાણું કાંઈ? પ્રત્યક્ષ થવાની વાત એમાં નથી કહી. એ વાત બાકી રહી ગઈ છે. સમજાણું કાંઈ? તત્ત્વાર્થસૂત્રમાં પણ આત્મા મતિશ્રુત (વડે) પ્રત્યક્ષ (થાય) એ અપવાદરૂપ વાત એમાં રહી ગઈ. રહી ગઈ એટલે? આચાર્યને ખ્યાલમાં હતું. પણ એ વ્યવહારની વાત ત્યાં કરી છે. સમજાણું કાંઈ?

પણ આત્મા ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ અતીન્દ્રિય આનંદની મૂર્તિ પરમાત્મસ્વરૂપ જ પોતાનું સ્વરૂપ છે. એ પરની અપેક્ષા છોડીને, ઈન્દ્રિય અને મનથી જે જાણવું થયું એ અપેક્ષા છોડીને નિરપેક્ષપણે આત્મા પરની અપેક્ષા છોડીને .. વિના ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ... ઝીણી વાત છેને, ભગવાન! અનંતકાળમાં એણે કરી જ નથી. ધન્નાલાલજી! આહા..હા..!

નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. અગિયાર અંગ અને નવપૂર્વ ભણ્યો એ જ્ઞાન નથી. અને એક કણ પણ અંતર ચૈતન્યનો સ્પર્શ કરીને જે મતિશ્રુતનું જ્ઞાન થયું એ જ્ઞાન અને ધર્મ છે. સમજાણું કાંઈ? અગિયાર અંગ અને નવપૂર્વ ભણે તોપણ એ જ્ઞાન નથી. પરલક્ષી જ્ઞાન એ જ્ઞાન જ નથી. જેનું જ્ઞાન છે... કેમકે જ્ઞાન ઉપયોગ તો જીવનો છે. લક્ષણ ઉપયોગ છે તો લક્ષ દ્રવ્યનું છે. એનું લક્ષ કરીને જે પર્યાય પ્રગટી એ સમ્યગ્જ્ઞાન છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! વીતરાગનું સત્ત્વ સર્વજ્ઞ પરમેશ્વરે જેવું છે એવું કહ્યું એ વાત અનુભવથી સમજવી. અનુભવથી સમજવી. આહા..હા..! સમજાણું? આહા..હા..!

જ્ઞાનનું .. પડ્યું છે આખું. ભગવાન જ્ઞાનનો સમુદ્ર છે. જ્ઞાનસ્વભાવી આખી ચીજ છે. એ જ્ઞાનસ્વભાવમાં લક્ષ દઈને, એમાં અભેદ થઈને મતિશ્રુત જ્ઞાનની પર્યાય પોતાને જાણવામાં પ્રત્યક્ષ થાય છે એ જ્ઞાનથી આત્મા જ્ઞેય થાય છે, જણાય છે. આહા..હા..! શોભાલાલજી! એ જ્ઞાન પછી જે બીજાનું અનુમાન આદિ કરે તો એ ..સહિત વ્યવહાર છે. પણ એવું પ્રત્યક્ષ જ્ઞાન જ નથી અને પછી એકલું અનુમાન કરે... એનો પછી નિષેધ કરશે ચોથા બોલમાં. સમજાણું કાંઈ? માર્ગ અલૌકિક છે. લોકોત્તર માર્ગ છે આ. એ આત્માને સમજવું એ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને આ અનુભવ જ મોક્ષનો માર્ગ છે. મતિશ્રુત આદિ મન અને ઇન્દ્રિય જણાય એ મોક્ષમાર્ગ નથી, એ પરમાર્થ જ્ઞાન નથી. આહા..હા..! આવી વાત. એકલા ભણે, ચોવીસ-ચોવીસ કલાક શાસ્ત્ર સ્વાધ્યાય કરે. સર્વાર્થસિદ્ધના દેવ ૩૩ સાગરની સ્થિતિ. એક સાગરોપમમાં દશ ક્રોડાક્રોડી પલ્યોપમ ચાલ્યા જાય અને એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એટલો ૩૩ સાગર સ્વાધ્યાય કરે તોપણ એ વિકલ્પાત્મક પરવસ્તુ છે એમ કહે છે. આહા..હા..! શેઠી! કેટલાક તો ક્ષાયિકસમકિતી છે, સમ્યગ્જ્ઞાની છે.

પોતાના નિજસ્વરૂપના અનુભવવાળો સ્વર્ગમાં સર્વાર્થસિદ્ધમાં, પાંચ અનુત્તર વિમાન ને બીજા અનુદિશ સમ્યગ્જ્ઞાની છે, અનુભવી છે એ તો દેવ. સમજાણું કાંઈ? એકાવતારી આદિ એક ભવ આદિ બે ભવ કરીને મોક્ષે જવાના છે. એક સર્વાર્થસિદ્ધ .. એ જીવ પણ ૩૩ સાગર સુધી સ્વાધ્યાય પરલક્ષના વિકલ્પથી કરે તો એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? પોતાના આશ્રયથી જેટલું સમ્યગ્જ્ઞાન ને આનંદ ઉત્પન્ન થયો એ જ પરમાર્થ માર્ગ છે. સમજાણું કાંઈ? કહો, ૩૩ સાગર સુધી શાસ્ત્ર સ્વાધ્યાય, કારણ કે એને તો કોઈ કામ જ છે નહિ. એટલા ૩૩ હજાર વર્ષે તો અમૃતનો સ્વાદ આવે. સ્ત્રી આદિ કુટુંબ નથી, મકાન બનાવવાની ચિંતા નથી, વેપાર નથી. શોભાલાલજી! કહો, તમારે તો બીડીયુંના વેપાર, આ કરવું કેટલી ચિંતા. એને તો કાંઈ ન મળે. શેઠ! એ .. લે છે તોપણ એ વ્યવહાર છે, એનો અંતરમાં નિષેધ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? અંતરમાં આત્મા જ્ઞાનાનંદની કળાનો .. પ્રભુ છે એને અંતર સ્પર્શ કરીને જે જ્ઞાન થાય એને જ્ઞાન કહે છે. એ નિશ્ચય જ્ઞાન, યથાર્થજ્ઞાન, વ્યાજબીજ્ઞાન, પરમાર્થજ્ઞાન, મોક્ષના હેતુરૂપ એ જ્ઞાન. સમજાણું કાંઈ? વ્યવહારનો નિષેધ, વ્યવહાર અપરમાર્થ,

અભૂતાર્થ ક્યાં સુધી કહ્યું છે? શાસ્ત્ર ભણવા એ બધો વ્યવહાર છે એમ કહે છે. એ અભૂતાર્થ છે. આહા..હા..! વીતરાગમાર્ગ કષાયની મંદતા એ તો ધર્મ નથી, ધર્મનું કારણ નથી. અલૌકિક વાત છે, ભગવાન! તારી ચીજ જ સર્વજ્ઞસ્વરૂપી છે.

એ આવશે આપણે ત્યાં. પુણ્ય-પાપમાં છેને ૧૬૦ ગાથામાં. ૧૬૦ આપણે વંચાય છેને ત્યાં. ૬૦માં આવશે એ. શેઠ આવ્યા હતા પહેલા હુકમીચંદ. એ વખતે? ૬૦ ચાલી હતી. .. ગડબડ થઈ હતી બહુ. પુરુષાર્થની ગડબડ કરી પહેલા ૨૧ની સાલમાં. ૨૪ વર્ષ થયા. આવી ગઈ. બધી વાત આવી ગઈ છે. પુરુષાર્થથી આત્મા પોતાનું અલ્પજ્ઞપણું પ્રગટ કરે છે અને પુરુષાર્થથી આત્મા સર્વજ્ઞપણું પ્રગટ કરે છે. સમજાણું કાંઈ? પોતાનો સર્વજ્ઞ સ્વભાવ ચિદાનંદ પ્રભુ પોતાની પર્યાયમાં જ્ઞાનની ભરતી આવવી. બાઢ કહે છેને? ભરતી. અમારે ભરતી કહે છે. દરિયામાં ભરતી. તો એ ભરતી, કહે છે કે મન અને ઇન્દ્રિય વડે જ્ઞાન એ ભરતીનું કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમુદ્રમાં ગમે તેટલો ૨૫ ઈંચ વરસાદ પડે અને હજારો નદીનું પાણી પડે, પણ એનાથી સમુદ્રમાં ભરતી આવે એમ નથી. બરાબર છે? સમજાણું કાંઈ? અને સમુદ્રમાં જ્યારે ભરતી આવે અંદરમાંથી, તો ૧૧૮ ડિગ્રીનો તડકો હોય તોપણ ભરતીને રોકવા સમર્થ નથી. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા અંતર મધ્યબિંદુમાં આખું સર્વજ્ઞપદ પડ્યું છે આત્મામાં. એનું લક્ષ કરીને જે પર્યાયમાં ભરતી આવે છે એનું નામ જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? પાંચ ઇન્દ્રિય અને મન દ્વારા ગમે તેટલું જ્ઞાન કરે, પણ જ્ઞાન અને પર્યાયમાં એને ભરતી નથી આવતી. આહા..હા..! સમજાણું કાંઈ? અને મન, ઇન્દ્રિયથી જ્ઞાન ન કરો, પણ અંતર સ્વભાવનો આશ્રય કરીને જે જ્ઞાન થયું એ ભરતીને, મન ને ઇન્દ્રિય નબળા પડી ગયા હોય તોપણ ભરતીને રોકવા સમર્થ નથી. સમજાણું કાંઈ? એ અહીંયાં કહે છે અલિંગગ્રહણમાં. બહુ ઝીણી વાત છે.

બીજા બોલમાં એમ કહ્યું કે ભાઈ! '**જેનું, લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી...**' પોતાનો સ્વભાવ પર વડે જણાતો નથી. તો શાસ્ત્રજ્ઞાન પણ પર છે. એનાથી પણ જણાતું નથી. એમ કહે છે. ત્રણે વ્યવહાર છેને? વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર રાગની મંદતા ચારિત્ર-ત્રણે વ્યવહાર નિષેધ છે. આત્માને આશ્રય કરવાલાયક નથી. ..ચંદજી! ભારે કામ આકરું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દિવ્યધ્વનિ પણ આશ્રય કરવાલાયક નથી. એ પરમાત્મપ્રકાશમાં આવ્યું છે. દિવ્યધ્વનિ હોય કે શ્રુતની વાણી હોય, પોતાને જ્ઞાન કરવામાં એ કારણ છે જ નહિ. આહા..હા..! દિવ્યધ્વનિ પર છે, એ તો જડની પર્યાય છે. અને ભગવાન સાક્ષાત્ હોય તોપણ પોતાથી તો પર છે. પરનું કેવળજ્ઞાન છે એનું લક્ષ કરે તો વિકલ્પ જ ઉઠે છે અને વાણીના લક્ષમાં જે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એ સમ્યગ્જ્ઞાન નથી. બહુ આકરું. એટલે કેટલાક એમ કહે

અરે..! ત્યાં તો નિશ્ચય-નિશ્ચય. બાપુ! નિશ્ચય એટલે યથાર્થ. નિશ્ચય એટલે સત્ય. નિશ્ચય એટલે ખરેખર પરમાર્થ વસ્તુ. સમજાણું કાંઈ? ..જી!

અહીંયાં કહે છે કે પ્રભુ! તારું જ્ઞાન ઇન્દ્રિયથી (જાણે) અને ઇન્દ્રિયથી જણાય—એનાથી પણ નથી થતું. એવો ભગવાન સ્વસંવેદન પ્રત્યક્ષ થવાલાયક જ છે. એ પરોક્ષ રહે એ એનો સ્વભાવ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્જ્ઞાન અને ધર્મ. બે બોલ થઈ ગયા. આજે ત્રીજો છે. **'જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ...'** જુઓ, ગ્રહણ શબ્દ આવ્યો. અહીં ગ્રહણનો અર્થ જ્ઞાન કર્યો છે. જુઓ. **'જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે...'** બે નયને ગ્રહણ કર્યા છેને? એ આવ્યું હતું કે નહિ તમારે બપોરે? શાસ્ત્રમાં બે નયને ગ્રહણ કરવાનું કહ્યું છેને. તો ગ્રહણનો અર્થ 'જાણવું' કર્યો છે. વ્યવહારનયને ગ્રહણ કરવો, આદર કરવો એમ નથી. વ્યવહારનયનું જ્ઞાન જાણવાલાયક છે. આહા..હા..!

એ અહીંયાં ગ્રહણ જુઓ, **'જેમ ધુમાડા દ્વારા...'** ધુમાડો-ધુમાડો. **'અગ્નિનું...'** આ ધુમાડો છે તો અગ્નિ છે. ધુમાડો છે તો અગ્નિ છે. એમ **'ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે તેમ લિંગ દ્વારા એટલે કે ઇન્દ્રિયગમ્ય દ્વારા (-ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા)...'** કે જુઓ, ભાઈ! એ શરીર જીર્ણ થઈ ગયું અને કાયક્લેશ એમ કરે છે અને બહુ (દુઃખ) પડે છે અને શાસ્ત્રનો સ્વાધ્યાય ઘણો કરે છે એ અમે ઇન્દ્રિયપ્રત્યક્ષથી જાણીએ છીએ જુઓ એમ છે. સમજાણું કાંઈ? **'ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે તેમ લિંગ દ્વારા એટલે કે ઇન્દ્રિયગમ્ય દ્વારા (-ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા) જેનું ગ્રહણ (-જાણવું) થતું નથી...'** એમ અનુમાન કરે કે સ્વાધ્યાય વ્રત કરે છે, શરીર જીર્ણ થઈ ગયું છે અને જંગલમાં રહે છે. સમજાણું કાંઈ? અભિક્ષણ.. ભાઈ કહે છેને? લોકો અત્યારે એવી ભાષા કરે છે. ... અભિખણ.. તો જ્ઞાન ઉપયોગ તો વિકલ્પ છે. એય..! કેમકે અભિખણ..ઉપયોગ તો તીર્થંકરગોત્ર બંધનું કારણ છે. મોક્ષ કારણ છે કે નહિ? સમજાણું કાંઈ? આ તો પાછા પ્રશંસા કરે ઓહો..હો..! અભિખણ ઉપયોગ કરે છે. આહા..હા..! એ ચિહ્ન દ્વારા આત્મા જણાતો નથી. સાંભળ તો ખરો. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વાધ્યાય બહુ કરે અને કહે ઓહો..હો..! ભાઈ અભિખણ જ્ઞાનોપોયગ.

મુમુક્ષુ :- સ્વાધ્યાય ન કરે તો ધર્મ ન થાય.

ઉત્તર :- સ્વાધ્યાય ન કરે તો રાગ કર એમ કોણ કહે છે?

મુમુક્ષુ :- તપ કરવું.

ઉત્તર :- તપ કરવું એ તપ એમાં છે જ નહિ. સ્વાધ્યાય તપ છે એ સ્વાધ્યાય તો સ્વ-અધ્યાય. ભગવાન આત્મામાં સ્વાધ્યાય કરવો, એકાગ્ર થવું એ સ્વાધ્યાય, એ તપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઈ કહે છે, ઇન્દ્રિય દ્વારા અનુમાન.. ઓહો..હો..! શાસ્ત્ર.. બહુ કરે છે. માટે આત્મા છે અને એને આત્મા જ્ઞાનમાં આવ્યો છે એવો આત્મા છે નહિ. સમજાણું

કાંઈ? શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છેને એ યોગસારમાં ભાઈ! વિદ્વાનોનો સંસાર શાસ્ત્ર છે. અજ્ઞાનીનો સંસાર બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, બીડી. શોભાલાલજી! બાલકબીડી. વિદ્વાનોનો સંસાર શાસ્ત્ર છે. આમ લખ્યું છે અને આમ કર્યું. માથાફોડ કરી કરીને મરી જાય છે એમાં. પંડિતજી! છે કે નહિ? યોગસારમાં છેને? યોગસારમાં છે. યોગસાર છે અમિતગતિ આચાર્યનું. બનાવ્યું હમણા. જુગલકિશોરે ટીકા બનાવી એની. પહેલા વિદ્યાધર.. બનાવી. એમાં એ શ્લોક છે. કેમકે શાસ્ત્ર .. આ છે અને આ છે, પણ અંતરમાં સમજ્યા વિના આ શાસ્ત્રમાં આમ લખ્યું છે અને આ શાસ્ત્રમાં આમ લખ્યું છે અને આ શાસ્ત્રમાં આમ લખ્યું છે. ત્યાં ને ત્યાં પરાલંબી વૃત્તિ છે એ જ સંસાર છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! ધન્નાલાલજી! આ છે કે નહિ? જુઓને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કહે છે. એમ છે નહિ, ભગવાન! અહીં તો સમ્યગ્જ્ઞાન તો આત્મા આનંદસ્વરૂપ પ્રભુ એની અંતરમાં લીન થઈને નિર્વિકલ્પ જ્ઞાન પ્રગટ કરે એનું નામ જ્ઞાન છે. કે જે નિર્જરાનું કારણ અને મોક્ષનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને અભિક્ષણ જ્ઞાનોપયોગ વિકલ્પ કોને થાય છે? કે જેને તીર્થંકરગોત્ર બંધાય એને અંદરમાં પર તરફના લક્ષવાળું (હોવાથી) હેય વર્તે છે અંદરમાં. તો અભિક્ષણ નામ ઉપયોગ એ તો પરતરફના વિકલ્પવાળું જ્ઞાન છે. સમ્યગ્દૃષ્ટિને એવો ભાવ થાય છે, પણ એ ભાવનો નિષેધ વર્તે છે અંદરમાં. આહા..હા..! આ તે કાંઈ વાત આકરી પડે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને તો આત્માની અંતરમાં આનંદમૂર્તિનું જ્ઞાન અંતરમાં થાય છે એ જ્ઞાન. એ નિશ્ચય, એ યથાર્થ, એ વ્યાજબી. અને જેટલા એ અભિક્ષણમાં પરમાં લાગે છે, બહારમાં ઉપયોગ જોડે છે એ તો વિકલ્પ છે, તીર્થંકરગોત્ર બંધનું કારણ છે, એ તો બંધનું કારણ(રૂપ)ભાવ છે. આહા..હા..! ગજબ વાત છે. ...જી! જુઓ આ.

ભાઈ! સત્ય માર્ગ તો આવો છે, પ્રભુ! તારી પ્રભુતા અંદરમાં પડી છે. આહા..હા..! એ પ્રભુતા પરનું અવલંબન લે એવો લંગડો છે નહિ. આત્મા એવો લંગડો છે નહિ. આહા..હા..! અહીંયાં તો ત્યાં સુધી કહે છે કે ઇન્દ્રિય દ્વારા જેમ ધુમાડાથી અગ્નિનું જ્ઞાન થાય છે એમ ઇન્દ્રિયગમ્ય દ્વારા, ચિહ્ન દ્વારા જેનું જ્ઞાન થતું જ નથી. એનાથી ઇન્દ્રિયના ચિહ્નથી,... ભાઈ એમ છેને? આમ છેને? તો એ આત્માને એણે જાણ્યો, અને એના આત્માને એણે જાણ્યો છે—એમ છે નહિ. સમજાણું કાંઈ? કહો, દેવીલાલજી! આ તો ભારે કામ આકરું પડે. અભિક્ષણ જ્ઞાનનો ઉપયોગ. રાગની મંદતા તો એક બાજુ રહી ગઈ. વ્યવહાર ક્રિયાકાંડના પરિણામની તો કર્તૃત્વબુદ્ધિ છોડ. એમાં તો પોતાના આત્માનું હિત છે નહિ, પણ અહીં તો આ જ્ઞાનમાં વારંવાર ઉપયોગ કરવો એવો શાસ્ત્ર તરફનો એ પણ વિકલ્પ છે.

એ આવ્યુંને બાર અંગ.. વિકલ્પ છે. આપણે આવ્યું છે કળશમાં. કળશટીકામાં આવ્યું છે. સમજાણું કાંઈ? કળશ છેને કળશ? વિકલ્પ છે. કેટલામા કળશમાં છે? ૧૩માં સામે આવ્યું

લ્યો. ૧૩માં છે. ૧૩મા કળશમાં છે. જુઓ, **'આત્માનુભવ મોક્ષમાર્ગ છે.'** શાસ્ત્રનું જ્ઞાન, બહારનું જ્ઞાન એ મોક્ષમાર્ગ નથી. આહા..હા..! **'આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે...'** આનું હિન્દી થયું છે? કળશટીકા હિન્દી. **'કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે.'** બાર અંગનો વિકાસ કોઈ અપૂર્વ લબ્ધિ છે એમ કોઈ જાણે. **'તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે.'** આહા..હા..! **'તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.'** હરિચંદશેઠ! જુઓ, આવું છે. ..બહુ ગડબડ કરે છે તમારા એ. .. કોઈ ભાઈ છેને. કોક છે ખરા. છાપામાં આવે છે. આવે છે. અરે..! ભગવાન! ભૂલમાં પડ્યો છો પ્રભુ! તારી તને ખબર નથી. સમજાણું કાંઈ? ઉપાદાન-નિમિત્તમાં ગડબડ કરે છે. નિમિત્તથી થાય છે... નિમિત્તથી થાય છે... એમ છાપામાં આવ્યું હતું. નિમિત્ત હોય તો જ થાય. નિમિત્તથી કાર્ય થાય છે. અરે..! ભગવાન! કાર્ય તો પર્યાય છે. તો દ્રવ્યની પર્યાય પોતાથી થાય છે કે એ પર્યાય પરથી થાય છે? પર્યાય તો કાર્ય છે. દ્રવ્ય તો કારણ છે. એની પર્યાય કાર્ય છે. તો કાર્ય પર્યાય પોતાથી પોતામાં થાય છે કે પરથી થાય છે? જો પોતામાં કાર્ય ... વિશેષ ન હોય તો વિશેષ પરે બનાવ્યું તો સામાન્યે વિશેષનું શું કર્યું. સમજાણું કાંઈ? સામાન્ય જે દ્રવ્ય છે એનાથી જો પર્યાય ન થઈ, સામાન્યથી વિશેષ ન થયું, વિશેષ કહો, પર્યાય કહો, કાર્ય કહો. તો નિમિત્તથી વિશેષ અને નિમિત્તથી કાર્ય અને નિમિત્તથી પર્યાય થઈ? તો એણે કર્યું શું? સમજાણું કાંઈ? એ ગડબડ બહુ કરી છે. છાપામાં આવ્યું હતું. સભામાં પ્રશ્ન કરવો એવો. એમ આવ્યું ભાઈ! સભામાં પ્રશ્ન કરવાલાયક છે. એમ લખ્યું હતું. અરે..! ભગવાન! ભાઈ! તું ભૂલ્યો છો ભાઈ! વ્યવહારના.. તોડી નાખવા. ઉપાદાનથી થાય છે. સભામાં એવો પ્રશ્ન કરવો. પહેલા કેમ ન થયું? જો વાણી થઈ તો જ્ઞાન થયું. પહેલા કેમ ન થયું? પ્રશ્ન કરવો.

ભગવાન! પર્યાય એકરૂપ રહે છે? પર્યાયનો તો કાળ ભિન્ન-ભિન્ન છે અને ભિન્ન-ભિન્ન કાળમાં ભિન્ન-ભિન્ન પર્યાય થઈ. એમાં નિમિત્તથી થઈ એમ ક્યાં આવ્યું એમાં? કેમકે પર્યાયની સ્થિતિ એકરૂપ નથી. દ્રવ્યની સ્થિતિ એકરૂપ છે. પર્યાય તો ભિન્ન-ભિન્ન કાળમાં ભિન્ન-ભિન્ન થાય છે, પણ ભિન્ન-ભિન્ન થઈ તો નિમિત્ત આવ્યું તો ભિન્ન થઈ એમ છે નહિ. ન્યાયથી સમજવું પડશેને. લોજિકથી આ તો ન્યાયથી છે. આ આવું સમજે તોપણ કહે છે કે એ જ્ઞાન નહિ. આહા..હા..! આ તો હજી ઉંધા જ્ઞાન કરે છે, અરે..! ભગવાન! સમજાણું કાંઈ? એ તો ઉલટું કામ કરે છે. પણ કદાચિત્ એમ સમજે કે પર્યાય પર્યાયથી થઈ, નિમિત્તથી નહિ. એવું જે જ્ઞાન થયું એ પણ પરલક્ષી જ્ઞાન છે. સમજાણું કાંઈ? અને એ અનુમાન કરે કે ઓહો..હો..! આ તો જુઓ કેટલા ઉપવાસ કરે છે! શરીર કેટલું સ્થિર થઈ ગયું! બેઠા-બેઠા સ્વાધ્યાય કરે છે તો... કુંદકુંદાચાર્યનું કીધુંને ભાઈ! .. લ્યો વળી ઈ યાદ આવ્યું. સમજાણું કાંઈ? ક્યાંનું ક્યાં આવે છે . ખબર પડે ક્ષયોપશમ. જુઓ એણે એમ કહ્યું. આમ

ડોક થઈ તો ઇન્દ્રિયથી ચિહ્ન જણાયું. તો એનાથી એ જ્ઞાની છે એમ અનુમાનથી જણાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક નથી.'** .. અટક નથી એમ કહે છે. એય..! આહા..હા..! ભગવાન આત્મા પોતાનું શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ એની અનુભૂતિ (એટલે) એને અનુસરીને વીતરાગી દશાનું આનંદનું વેદન થયું એ જ્ઞાન થયું એ મોક્ષનો માર્ગ છે. એને શાસ્ત્ર ભણવાની અટક નથી, બંધ નથી. કે આટલું કરવું જ પડે. એમ નથી. એ બધું આવી ગયું. સમજાણું કાંઈ? આહા..હા..! એ ૧૩મી ગાથામાં છે. આત્માનુભૂતિ છેને? આત્માનુભૂતિનું જ્ઞાન...

અહીં કહે છે કે એવા બાહ્ય ચિહ્નથી તું એમ જો તો એનાથી એ જ્ઞાની છે અને એનાથી આત્મા જણાયો એમ હોતું નથી. આહા..હા..! આ તો દુનિયાનો ગર્વ ઉતારી નાખે એવી વાત છે.

મુમુક્ષુ :- આઠ મદમાં...

ઉત્તર :- મદ છેને. જાતિમદ, કુળમદ, સૂત્રમદ, એક સૂત્ર મદ છે. સૂત્રમદ એટલે તપમદ. બેય છે. આવે છે લ્યો આવે છે. એવી તપ ક્રિયા કરે, સાધુની જેવી ક્રિયા કરે તો ક્રિયાવાન છે. ક્રિયા અમે કરીએ છીએ. .. ભાવ છે તારો. સમજાણું કાંઈ? મોક્ષની કતરણી છે એ તો. બનારસીદાસમાં આવે છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપ અધિકાર છેને એમાં આવે છે. એ સવારે ચાલે છેને. એમાં છે શ્લોકમાં. મોક્ષની કતરણી. સ્વભાવને કાપનારી રાગની ક્રિયા છે. છે, એવું વ્યવહારું જ્ઞાન, પણ આત્માની શાંતિને લૂંટનારું છે એમ કહે છે. એય..! આહા..હા..! ક્યાં સુધી નિશ્ચય અને વ્યવહાર આચાર્ય સિદ્ધ કરીને વ્યવહારનો નિષેધ કરે છે.

**'ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે તેમ લિંગ દ્વારા એટલે કે ઇન્દ્રિયગમ્ય દ્વારા (-ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા) જેનું ગ્રહણ થતું નથી...'** સમજાણું કાંઈ? અમારે થયાને ભાઈ સુખલાલજી હતા. ૮૦ની સાલમાં ૮૦. બહુ તપ અઠમ-અઠમના પારણા. સુખલાલજી હતા અમારે સંપ્રદાયમાં. ત્રણ દિવસ અને ચાર રાત પાણીનો બિંદુ નહિ. ત્રણ દિવસ અને ચાર રાત પાણીનો બિંદુ નહિ, આહાર નહિ. એવા ૧૪ મહિના કર્યું હતું. અને ૧૬ મહિને બે દિવસ અને ત્રણ રાત પાણીનો બિંદુ નહિ. ૧૬ હોં ૧૬. કેટલા થયા? અઢી વર્ષ. અમે સંપ્રદાયમાં હતાને. એવી ક્રિયા કરતા હતા. પાણીનો બિંદુ નહિ ત્રણ દિવસ, ચાર રાત. ક્રિયાકાંડ એટલી કે એનાથી શરીર જીર્ણ થયું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એમ. એવી રીતે. અઢી વર્ષ. પહેલા ૧૬ વર્ષ એ .. પછી અઠમ. અઠમનું સમજ્યાને? .. બે અપવાસને પારણે બે અપવાસ, બે અપવાસને પારણે બે અપવાસ એવું સવા મહિના. અને ત્રણ અપવાસને પારણે ત્રણ એવા ૧૪ મહિના. અઢી વર્ષ રહ્યા અમારી

સાથે. એ કહ્યું હતું કે ભાઈ આ નહિ. પણ ચડી ગયા એ રસ્તે. મારે તો બીજું કહેવું છે. પછી એક ડોક્ટર આવ્યા હતા, નરસિંહભાઈ. એ જૂનાગઢવાળા મોટા ડોક્ટર હતા નરસિંભાઈ સ્થાનકવાસી નહિ. ડોક્ટર આવ્યા અને જોયું. ઓહો..હો..! આ ક્રિયા! પૂછયું ભાઈને સુખલાલજીએ કે ડોક્ટર! હવે કેટલી છે શરીરની સ્થિતિ? કેમકે શરીર જીર્ણ થઈ ગયું બહુ શરીર ડોક્ટર કહે છે. આમ .. શરીર આમ કર્યું. મહારાજ! એમ નહિ. હજી તો શરીર હાડકા ખખડે છે. હાડકા સમજો છો? હડ્ડી. જેમ કોલસા ભરેલું ગાડું. ગાડું સમજ્યાને? ગાડી. કોલસા ભરેલી ગાડી ખડખડ ખડખડ થાય ચાલતા-ચાલતા, અથવા કુંભારના વાસણ ભરીને ગાડી ચાલે અવાજ થાય ખડખડ એવો. એમ શરીર ચાલતા ખડખડ થાય ત્યારે તમારી સ્થિતિ પૂરી થશે ત્યારે નિર્જરા ઘણી થશે. ત્યારે એમ માનતા હતાને નરસિંહભાઈ. એ .. શ્વેતાંબરમાં. ..ગામ. શ્વેતાંબરમાં ..અણગાર. છઠ-છઠના બે અપવાસ બીજું કાંઈ નહિ. શરીર એવું જીર્ણ થઈ ગયું. ભગવાને વખાણ કર્યા. એ વાત એમાં આવે છે. ત્યાં તો દર્શન-દર્શનની વાત એમાં નથી. ક્રિયાકાંડની એકલી વાત શ્વેતાંબરમાં બહુ. ભગવાને વખાણ કર્યા કે ઓહો..હો..! .. અણગાર .. તપસ્યા... ગણધર ગૌતમ કરતા પણ એની તપસ્યા ઘણી છે ઘણી. એવા વખાણ બહારની ક્રિયાના છે. સમજાણું કાંઈ? એ અંતર સ્વરૂપની પ્રાપ્તિનું કારણ નથી. આહા..હા..! ચાહે તો શરીર જીર્ણ થાય, ઇન્દ્રિયથી .. આહા..હા..! હાડકા અને માંસ એવું ચાલ્યું તો ખડખડ-ખડખડ ચાલતા-ચાલતા. ત્યારે તમારું શરીર છૂટશે. ઘણી નિર્જરા થશે. ધૂળમાંય નિર્જરા નથી. ડોક્ટરને પણ કાંઈ ભાન નથી. શેઠ! એ ઇન્દ્રિયથી, અનુમાનથી જણાયું, આમ થયું તો તપસ્યા છે અને નિર્જરા છે. એ રીતે આત્માનું જ્ઞાન થતું નથી. ધન્નાલાલજી! આહા..હા..!

મુમુક્ષુ :- બાહ્ય ક્રિયાનો લોપ થઈ જશે.

ઉત્તર :- બાહ્ય ક્રિયા છે જ ક્યાં? પણ આત્મામાં છે જ નહિને. લોપ ક્યાંથી થાય? એ તો કહે છે કે અપવાસ આદિનો વિકલ્પ એ તો સવારમાં ચાલે છે. તપ, વ્રત, જપ, નિયમ, શીલ એ બધો વિકલ્પ છે. પરતરફના લક્ષવાળો રાગ છે. એ રાગ બંધનું કારણ છે. એ સ્વદ્રવ્યઆશ્રિત, પરદ્રવ્યાશ્રિત પુદ્‌ગલ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ ગાથા બીજી આવશે કાલે. વ્રત છેને? વ્રત. બે ગાથા છે. એક દ્રવ્ય સ્વભાવી આત્માની ક્રિયા એ મોક્ષમાર્ગ છે. પોતાનો એક સ્વચૈતન્ય ભગવાન સ્વદ્રવ્ય એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય થાય એ એક જ મોક્ષનો માર્ગ છે. પરદ્રવ્ય આશ્રયે વિકલ્પ ઉઠે એ ચારિત્ર નથી, અચારિત્ર છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યાશ્રિત પુદ્‌ગલ છે એ તો. ખરેખર .. વિકલ્પ કરે છે કે અપવાસાદિ છે એ ખરેખર તો પુદ્‌ગલ છે, અજીવ છે, એ અજીવથી જીવને લાભ માનવો (કે) એટલું-એટલું કરે છેને. શું કરે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુદ્ગલ છે એ. ખબરનું શું કામ? ખબરવાળી જ ચીજ હોય તો ખબર વિનાની ચીજ જગતમાં પાંચ દ્રવ્ય હોઈ ન શકે. એમ કે ખબરવાળી ચીજ નથી તો પછી જગતમાં જડ હોય જ નહિ. અને જડ જ ઝાઝા છે. આત્મા તો થોડા છે, અનંતમાભાગે છે અને પરમાણુ તો એનાથી અનંતગુણા છે. માટે જાણનાર હોય તો જ એવી ક્રિયા થાય એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે. ઓહો..! કેટલી વાત! અમૃતચંદ્રાચાર્ય સંતોએ માર્ગને કેટલો સહેલો બનાવી દીધો છે. સમજાણું કાંઈ? જુઓને આ વર્ષીતપ કરે છેને? આ શ્વેતાંબરમાં બહુ કરે છે. એક દિવસ ખાવું અને એક દિવસ ઉપવાસ. વર્ષીતપ કરે છે કે નહિ? તમે કર્યો નહિ હોય. બૈરાએ કર્યું હતું? એને પણ નહિ? નહિતર આપણે કરે છે બીજા ઘણા. એક દિ' ખાય અને અને દિ' અપવાસ. સાંભળ્યું છે? શ્વેતાંબરમાં એવું ચાલે છે. હજારો. વૈશાખ સુદ ત્રીજે અહીંયાં પાલિતાણામાં હજારોના પારણા હોય છે. એક દિવસ ખાવું અને એક દિવસનો ઉપવાસ. એમ બારેય માસ. કેમકે ઋષભદેવ ભગવાનને બાર માસ આહાર નહોતો મળ્યોને તો એની કોપી કરે છે એ. સ્ત્રીઓ બહુ કરે છે અમારે અહીંયાં. શ્વેતાંબરમાં સ્થાનકવાસી-દેરાવાસી સ્ત્રીઓ બહુ કરે છે. નવરી ખરીને. કાંઈ કામ બહુ હોય નહિ. ધૂળમાંય ધર્મ નથી. અપવાસ કરે એ લાંઘણ છે બધી. લાંઘણ છે લાંઘણ.

પોતાનો ચિદાનંદ ભગવાન આનંદના વેદન વિના, શાંતિના વેદનની ક્રિયા વિના એ ક્રિયા બધી લાંઘણ છે. આહા..હા..! લાંઘણ છે. એ તો આવ્યું કે નહિ? મોક્ષમાર્ગમાં આવ્યું છે. વિષય-કષાય... એમાં વિકલ્પનો પણ ત્યાગ. વિષય એટલે પરનું લક્ષ અને કષાય નામ વિકલ્પ. પરના વિકલ્પનો ત્યાગ અને પરના વિષયનો ત્યાગ. વિષય શબ્દે ધ્યેય. પોતાનું ધ્યેય બનાવીને અકષાય પરિણતિ થાય એનું નામ ઉપવાસ અને તપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બહારથી માને કે ઓહો..હો..! આટલા આટલા તપ કરે આટલી ક્રિયા! ઇન્દ્રિયથી પ્રત્યક્ષ જોયું છેને મેં. શું જોયું તે? ધુમાડાથી જેમ અગ્નિ જણાય છે એમ આ ક્રિયા આવી કરે માટે એમાં આત્મા છે અને આત્માનું જ્ઞાન છે એમ જણાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે કે જેનું ગ્રહણ ઇન્દ્રિયના નિમિત્તથી-ચિહ્નથી નથી થતું એ અ-લિંગ-ગ્રહણ છે. અલિંગગ્રહણ. **'આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ...'** અલિંગગ્રહણમાંથી **'થાય છે.'** અ-લિંગ-ગ્રહણ. લિંગ નામ ઇન્દ્રિયના અનુમાન ચિહ્ન એનાથી આત્મા અ નામ નહિ, ગ્રહણ નામ જણાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક...'** એમ. ઇન્દ્રિયપ્રત્યક્ષ જોવે છેને. આંખથી જોવે છે આમ જોવે જુઓ, આ મૌન છે, કેટલા સમયથી મૌન છે. સમજાણું કાંઈ? કાષ્ઠમૌન છે. અન્યમાં ચાલે છે. કાષ્ઠ હલે તો એ બોલે. એવા એવા બાર-બાર મહિના સુધી હોં મૌન રહે. સમજાણું કાંઈ? અને ઉભા રહે બાર-બાર વર્ષ. બાર-બાર વર્ષ ઉભો. આમ

ઉભો રહે. બેસે નહિ. ખાવું... આપણામાં પણ એ બધી ક્રિયા છે. કાયક્લેશની બધી છે. બાર વર્ષ. એક અમારે પાલેજમાં આવ્યા હતા સાધુ બાવા. પાલેજ અમારે દુકાન હતીને. ત્યાં આવ્યા હતા. બાર વર્ષથી ઉભા હતા બાર વર્ષથી. પછી એ જરી બાંધે દોરો. અને આમ કરીને રાખે. રાત્રે સૂવે ઉભા-ઉભા. ઉભા-ઉભા પેશાબ, ઉભા-ઉભા વિષ્ટા, ઉભા-ઉભા ખાવું. એવી ક્રિયા. આ તો અન્યની છે. પણ જૈનમાં એવું કોઈ કરે. આવે છેને? આસનની વાત બહુ આવે છેને. આસન આવે છે શાસ્ત્રમાં. મોરાસન. મોરાસન સમજો છો? આમ કરીને રહે. ઓહો..હો..! શું તપસ્યા છે! તો એ આસનની ક્રિયાથી ઈન્દ્રિયના પ્રત્યક્ષ અનુમાનથી આત્મા ધર્મી છે એમ જણાતું નથી. એ તો અભવિ પણ એવી ક્રિયા અનંતવાર કરે છે. સમજાણું કાંઈ? બે હાથ રાખે અને બરાબર શરીર આમ રાખે અને નીચે અડે નહિ. અડે નહિ સમજો છોને? અડે નહિ. એમાં શું થયું? એ તો જડની ક્રિયા એવી થઈ. અને એમાં કદાતિચ્ વિકલ્પ આવ્યો આમ રાખું તોપણ એ પુણ્ય છે. એનાથી આત્મા છે કે એનાથી ધર્મ થયો એમ છે નહિ. આહા..હા..! ભારે કામ ભાઈ! લ્યો એ ત્રીજો બોલ થયો.

હવે ચોથો. '**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ તેનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે;...**' માત્ર અનુમાન વડે. અનુમાનથી અહીં પરનો આત્મા જણાય એવો આત્માં છે જ નહિ. આહા..હા..! જુઓ, ઓલું તો ઈન્દ્રિયનું અનુમાન કહ્યું. હવે જ્ઞાનથી અનુમાન. ભાઈ! જ્ઞાનથી અનુમાન. જુઓ, સમજાણું કાંઈ? એ તો ઈન્દ્રિય... પ્રત્યક્ષ જોવે એ નિષેધ કર્યો પહેલા. હવે આ તો જ્ઞાનનું એકલું અનુમાન. આહા..હા..! '**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ...**' માત્ર કેમ કહ્યું? કે જેને આત્માનું પ્રત્યક્ષ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન થયું એ બીજાનું જ્ઞાન મતિ શ્રુતજ્ઞાન વડે બરાબર કરે છે. અને એનું અનુમાન પણ બરાબર થાય છે વ્યવહાર એમ. પણ એકલા અનુમાનથી જણાય એવો આત્મા છે નહિ.

જુઓ, '**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ તેનું...**' આપણે ગુજરાતીમાં જેનું. અહીં '**તેનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય) નથી...**' આહા..હા..! સમજાણું કાંઈ? એ ધવલમાં એક લેખ છે ધવલમાં. કે આ ભવિ છે કે અભવિ. બીજો જીવ ભવિ છે કે અભવિ? એવો પ્રશ્ન ઉઠ્યો છે. સર્વાર્થસિદ્ધમાં બીજું લીધું છે. આ દક્ષિણનો છે કે કાઠિયાવાડી.. એમ લીધું. ધવલમાં તો એમ લીધું છે. મતિનું અવગ્રહ, ઈહા, અવાય હોય છેને? મતિજ્ઞાનમાં અવગ્રહ, ઈહા, અવાય, ધારણા. જે મતિજ્ઞાનમાં ચાર બોલ હોય છે એમાં વિચાર કરે છે કે આ પ્રાણી ભવિ છે કે અભવિ? સમજાણું કાંઈ? તો એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સમ્યક્ યથાર્થ છે, નિશ્ચય છે, એનું જ્ઞાન નિશ્ચય સમકિતીને હોય છે. આહા..હા..! પ્રત્યક્ષ જેને આત્માનું ભાન થયું છે એને આ આત્મા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની છે એમ. એનું જ્ઞાન થાય છે કે આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવાળો આત્મા છે. ઓહો..! શુદ્ધ પરિણમનવાળો આત્મા છે.

એવી રીતે જેને પોતાનો આત્મા નિશ્ચયના વેદનમાં પ્રત્યક્ષ થયું હોય તે બીજાને પ્રત્યક્ષ (નિર્ણય) કરી શકે છે. આ રીતે પ્રત્યક્ષ કરી શકે છે. સમજાણું કાંઈ? તો નક્કી કરે કે ભવિ છે એ.

જુઓ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો નિર્ણય થયો સમકિતીને સામા પ્રાણીનો. એકલા અનુમાનથી નહિ. શેઠી! પોતાના સ્વભાવનું વેદન થયું છે નિશ્ચયમાં અને સામાને પણ નિશ્ચય વેદન થયું છે એવો નિશ્ચય જ્ઞાની અનુમાન કરીને નહિ. એના જ્ઞાનમાં એવું આવે છે. આહા..હા..! શું કહે છે જુઓ, જ્ઞાન સ્વપરપ્રકાશક છે તો પરપ્રકાશક વસ્તુ સમ્યક્ જે છે એ જ્ઞાનીના ખ્યાલમાં આવે છે એમ કહે છે. અનુમાનથી નહિ. એકલા અનુમાનથી જણાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..! એટલી વાત! મતિશ્રુતજ્ઞાન પોતામાં પ્રત્યક્ષ થયું તો બીજાને પણ એવું સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રત્યક્ષ થયું છે એને જ્ઞાની પ્રત્યક્ષથી પ્રત્યક્ષને જાણી લે છે. એકલા અનુમાનથી જણાય એવો એ પણ નથી અને આ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એટલી તાકાત મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન પોતે જાણ્યું એનાથી પ્રત્યક્ષ પરને જાણે એવી તાકાત છે. સમજાણું કાંઈ?

જાતિસ્મરણની વાત નથી આવતી શાસ્ત્રમાં ઋષભદેવ ભગવાનની? ઋષભદેવ ભગવાન જ્યારે આહાર લેવા ગયા. બાર મહિના થયા. અને એ શ્રેયાંસકુમાર એને સ્વપ્ન આવ્યું હતું. કે કલ્પવૃક્ષ સુકાય છે. સ્વપ્ન આવ્યું અને નિમિત્ત જ્ઞાનીને પૂછ્યું શું છે? આજે કોઈ મુનિ તમારે ત્યાં આહાર લેવા આવશે. એમ કહ્યું. સમજાણું કાંઈ? અને ઋષભદેવ ભગવાન આવ્યા આહાર લેવા. નગ્નદશા શરીર. બાર મહિનાના અપવાસ પછી પણ શરીર જીર્ણ નથી થતું. એ તો મહાપુરુષ છે, પુણ્યવંત પ્રાણી છેને. એવી તપસ્યા. શ્રેયાંસકુમારે જોયું ઓહો..! ભગવાન પધાર્યા આહાર લેવા. આહાર દેવાની ખબર નહિ. વિધિની ખબર નહીં. તો આમ ટગ-ટગ કરીને જોયું તો જાતિસ્મરણ થયું. અને એવા જાતિસ્મરણમાં... જાતિસ્મરણ તો એક મતિજ્ઞાનનો ભાગ છે. ધારણા છેને? મતિજ્ઞાનના ધારણાનો ભાગ છે. તો એમ જોઈને એવો નિશ્ચય કરી લીધો કે આ આત્મા મારા (પૂર્વના) આઠમા ભવે પતિ હતા. હું પત્ની હતી. હવે આઠ ભવ પહેલા! ઓહો..હો..! એ તો શરીર રહ્યું નહિ, આ શરીર ત્યાં હતું નહિ. આત્મા મતિશ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ જણાતો નથી. સમજાણું કાંઈ? તો આ રાજકુમાર છે. ચરમશરીરી છે. છેલ્લું શરીર છે એને. ભગવાનને પણ છેલ્લું શરીર અને આને પણ છેલ્લું. રાજકુમાર છે એ તો જુવાન શરીર. બરાબર આમ બાંધીને નીચે ઉતર્યા. ભગવાનને પગે લાગ્યા. ઉભા રહી ગયા. શું કરવું એ ખબર નહિ. એકદમ જાતિસ્મરણ થયું. મતિનો ભાગ જાતિસ્મરણ થઈ ગયું. કે ઓહો..! આઠમા ભવે હું પત્ની હતી, હું સ્ત્રી અને એ પતિ. બન્નેએ મુનિને આહાર આપ્યો હતો. એ જાતિસ્મરણમાં ખ્યાલ આવી ગયો. એ જ ક્ષણે. આવી ગયું. આઠ ભવ પહેલા શરીર, એનો આત્મા આ આત્માનું શરીર—એ કાંઈ છે નહિ. પણ એવા જ્ઞાનની નિર્મળતા છે. સમજાણું કાંઈ? એ જ્ઞાન વડે પ્રત્યક્ષ. જેમ કેવળી છે કે આમ છે એવું એણે

કહ્યું. આ પતિ હતા. પતિનો આત્મા દેખાતો નથી. શરીર તો છે નહિ. બાપુ! આત્મા છે કે નહિ અંદર? તો આત્માનું એવું નિર્મળ જ્ઞાન મતિમાં થયું એને આહાર.. દીધો હતો. ઓહો..! ઠીક! એ વિધિ એવી છે. ઘરમાં રસ શેરડીનો. શેરડીનો રસ પડ્યો હતો. શેરડીનો રસ પડ્યો હતો. વૈશાખ સુદ ત્રીજ હતી. ઉપાડીને તિષ્ઠ... તિષ્ઠ... તિષ્ઠ... ... કેટલા વર્ષ પહેલા? આઠ ભવ પહેલા. આઠ ભવ શું? આત્મા ત્રણ કાળ, ત્રણ લોક જાણી શકે છે પોતાની શક્તિથી. સમજાણું કાંઈ? તિષ્ઠ... તિષ્ઠ... તિષ્ઠ... ... હાથમાં. ત્યાં ક્યાં પાત્ર હતું? મુનિને પાત્ર હોય નહિ. સમજાણું કાંઈ? તો એવી કોપી કરે છે શ્વેતાંબર લોકો. બાર માસ એણે વર્ષીતપ કર્યુંને? વર્ષીતપ નહોતું કર્યું હતું. છ મહિના અપવાસ કર્યો હતો. છ મહિના અપવાસ કર્યા અને છ મહિના પછી આહાર લેવા જતા હતા. વિકલ્પ આવ્યો તો જાય છે. એમ બાર મહિના થઈ ગયા. તો એક દિવસ ખાવું અને એક દિવસ ન ખાવું એવું વર્ષીતપ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ હાથે એને ... ટબુડી કરીને આપે છે. ટબુડી સમજો છો? નાની લોટી. નાની લોટીમાં રસ. એણે ભગવાનને આપ્યો હતો શ્રેયાંસકુમારે. હાથમાં આપે અહીં? અહીં-અહીં. એ આપણે જોયું નથી. આમ રાખે. કોપી કરી ભગવાનની. આહા..હા..!

અહીં કહે છે કે એવી બાહ્ય ક્રિયાથી અનુમાનથી એમ ન જણાય કે ભગવાને તપ કર્યું એવું આ તપ છે. એવી એની દશા છે એમ છે નહિ. એ તો અજ્ઞાનતપ છે. એ તો અજ્ઞાની છે. અજ્ઞાની છે તો એવા બાર મહિના કરે છે. લાંઘણ કરે છે. કોઈ રાગ મંદ હોય તો મિથ્યાત્વસહિત પુણ્ય બાંધે છે. રાગ મંદ હોય તો. દુનિયાને દેખાડવા માટે જો કરતા હોય તો તો મિથ્યાત્વસહિત પાપ છે. પણ રાગની મંદતા માટે જો એમ હોય તો દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. પોતાનો ચિદાનંદ સ્વભાવ આનંદકંદ જે પૂર્ણાનંદ પડ્યો છે એ ઉપરનું અનુભવ-વેદન છે તો નહિ. અને ક્રિયા કરે એમાં ધર્મ છે અને નિર્જરા છે. ઓલા વૈશાખમાં એમ હતું. મુંબઈ હતાને? ગયા ફેરી મુંબઈ હતા. થોડી વાત આવી ગઈ વળી. .. લોકોએ ટીકા કરી કે અરે..! આ શું? અમારી ટીકા કરે છે? ભાઈ! તમારી નહિ આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. એટલે એવી ક્રિયાકાંડ છે તો અનુમાનથી બીજા કરી શકે એમ છે નહિ. એ પહેલામાં આવી ગયું. અહીં તો અનુમાન વડે આત્મા જણાય એવો આત્મા છે નહિ. અનુમાન વ્યવહાર છે. આહા..હા..! શું કહે છે? અનુમાનજ્ઞાન પણ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું...**' એટલે આત્માનું જ્ઞાન નથી થતું. તે અલિંગગ્રહણ છે. '**આ રીતે આત્મા અનુમેયમાત્ર...**' અનુમેયમાત્ર '**(કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય) નથી...**' એકલા અનુમાન કરવાથી 'આ આત્મા છે' એવું જ્ઞાન થઈ શકતું નથી. ઓહો..હો..! અહીં તો પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન મતિશ્રુતથી પ્રત્યક્ષ થાય એ બીજાનું મતિશ્રુત જ્ઞાન વડે નક્કી કરે છે કે આહા..હા..! એ આત્મા. એ આત્મા ધર્મી જુઓ, સમજાણું

કાંઈ? અમૃતચંદ્રાચાર્યે કુંદકુંદાચાર્ય વર્ણવ્યા છેને પ્રવચનસારમાં? પ્રવચનસારમાં. આ પ્રવચનસાર છેને. એમાં છે પહેલા. શરૂઆતમાં જુઓ, પહેલા છેને શરૂઆતમાં. એને ખ્યાલ આવી ગયો હતો કે ઓહો..! આ કુંદકુંદાચાર્ય એવા છે, એમ. **'હવે, સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે...'** છે? ગુજરાતીમાં છે. બીજે પાને. નીચે. અમૃતચંદ્રાચાર્ય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સંપન્ન અને વિકલ્પ મહાવ્રતનો વિકલ્પ છે એ પરનું અનુમાન, કેટલા પ્રત્યક્ષથી જ્ઞાન કરે છે? જુઓ, એ તો હજાર વર્ષ પહેલા થઈ ગયા. સમજાણું કાંઈ?

**'સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે...'** કુંદકુંદાચાર્યને સંસારનો કિનારો નિકટ છે. એકાદ ભવે મોક્ષ જવાના છે. એવું નક્કી ... સમજાણું કાંઈ? આહા..હા..! **'સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે સાતિશય વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ ગઈ છે...'** ભેદજ્ઞાન એને છે. કુંદકુંદાચાર્ય એમ અમૃતચંદ્રાચાર્ય હજાર વર્ષ પહેલા મુનિની વાત અંતરજ્ઞાનથી જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેનો **'સાતિશય વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે (અર્થાત્ પરમ ભેદવિજ્ઞાનનો પ્રકાશ જેમને ઉત્પન્ન થયો છે)'** મહારાજ! તમે તો હજાર વર્ષ પહેલા થયા, એના શાસ્ત્ર.. શાસ્ત્રથી તમે નક્કી કર્યું? સાંભળો તો ખરા. અમારા જ્ઞાનથી નક્કી કર્યું છે. **'અને સમસ્ત એકાન્તવાદરૂપ અવિદ્યાનો અભિનિવેશ જેમને અસ્ત થયો છે...'** એકાંતવાદ અભિપ્રાય નિશ્ચય આગ્રહ ખોટો. એકાંત આગ્રહ. જુઓ આ એકાંત. એકાંતનો અર્થ? નિશ્ચયથી પણ થાય, વ્યવહારથી પણ થાય છે, નિમિત્તથી પણ થાય—એ એકાંત આગ્રહ છે. પોતાનો સ્વભાવ પોતાથી છે પરથી નહિ. એવો એકાંત જે આગ્રહ છે બધું અસ્ત થઈ ગયું છે એમને. એવી દૃષ્ટિ એને અનુભવમાં હતી. એવા કુંદકુંદાચાર્ય અમૃતચંદ્રાચાર્ય પોતાના જ્ઞાનથી નક્કી કરે છે. એવો આસન્નભવ્ય મહાત્મા **'પારમેશ્વરી અનેકાન્તવાદવિદ્યાને પામીને, સમસ્ત પક્ષનો પરિગ્રહ છોડ્યો હોવાથી અત્યંત મધ્યસ્થ થઈને, સર્વ પુરુષાર્થમાં સારભૂત હોવાથી જે આત્માને અત્યંત હિતતમ છે એવી, ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી ઊપજવાયોગ્ય,...'** જુઓ, પંચપરમેષ્ઠીના પ્રસાદથી ચારિત્ર ઉત્પન્ન થયું. એ વ્યવહારનું કથન છે. પંચપરમેષ્ઠી જ ચારિત્ર પ્રાપ્તિમાં નિમિત્ત એ છે. બીજું કોઈ નિમિત્ત છે નહિ. એમ બતાવે છે. સમજાણું? **'મોક્ષલક્ષ્મીને ઉપાદેયપણે નક્કી કરતા થકા, પ્રવર્તમાન તીર્થના નાયક (શ્રી મહાવીરસ્વામી) પૂર્વક ભગવંત પંચપરમેષ્ઠીને પ્રણમન અને વંદનથી થતા નમસ્કાર વડે સંભાવીને સર્વ આરંભથી મોક્ષમાર્ગનો આશ્રય કરતા થકા, પ્રતિજ્ઞા કરે છે :—'** નક્કી કર્યું છે કે એ તો મોક્ષમાર્ગની પ્રતિજ્ઞા કરે છે અમારા ખ્યાલમાં છે. એકલા અનુમાનથી જણાય એવો નથી. પ્રત્યક્ષ વેદન હોય તો પ્રત્યક્ષ વેદનનાર કોણ છે એનો ખ્યાલ આવી જાય છે. એને પ્રત્યક્ષપૂર્વક અનુમાન કરે તો નિશ્ચયપૂર્વક વ્યવહાર હોય, પણ નિશ્ચય નથી અને એકલા વ્યવહારથી જણાય એવું વસ્તુનું સ્વરૂપ છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૯, ગુરુવાર, તા. ૨૧.૦૮.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૪ થી ૬, પ્રવચન-૨૪૨**

પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકાર. ૧૭૨ ગાથા ચાલે છે. આત્મા જ્ઞેય કેવો છે અને કેવા પ્રકારે આત્મા પોતાથી જણાય છે? આત્માની વાત છેને અહીંયાં તો? ચાર બોલ ચાલ્યા છે ચાર. ચોથો આવ્યોને ચોથો? '**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી...**' ઝીણી વાત છે, ભગવાન! બીજાઓ વડે, આ આત્મા અનુમાન વડે જણાય એવો આત્મા છે નહિ. શું કહ્યું સમજાણું કાંઈ? '**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા...**' અનુમાન વડે કે આ આત્મા છે એવું અનુમાન વડે, બીજાઓ વડે જ્ઞેયસ્વરૂપ આત્મા, એવો છે નહિ. શેઠી! શું?

મુમુક્ષુ :- કાંઈ સમજાણું નહિ.

ઉત્તર :- કાંઈ સમજાણું નહિ? ઘણું સ્પષ્ટીકરણ કર્યું. જુઓ, વાંચોને શું છે? કેમકે એનો અર્થ થાય છેને ભાઈ! શું છે જુઓ, '**બીજાઓ વડે માત્ર...**' એમ છેને? '**લિંગ દ્વારા જ...**' અનુમાન થાય. પણ એકલા અનુમાનથી બીજાનું જ્ઞાન થાય એવો આત્મા છે જ નહિ એમ કહે છે. ઝીણી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- એ તો શબ્દનો...

ઉત્તર :- એ શબ્દનો અર્થ થયોને. કે અનુમાનથી જણાય એવો આત્મા છે નહિ. આત્મા અંતરમાં જેને પ્રત્યક્ષ જ્ઞાન થાય એ પછી અનુમાન કરે તો પ્રત્યક્ષ વડે પર જણાય છે. આહા..હા..! અમરચંદજી! શું છે કે નહિ એમાં? છે? આહા..હા..! અમારા શેઠ કહેતા હતા.. છેને એમાં? હા, '**બીજાઓ વડે માત્ર...**' માત્ર. કેમકે અનુમાન ભલે હોય, પણ એ અનુમાન વ્યવહાર છે. આહા..હા..! '**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ...**' પાછો 'જ' શબ્દ પડ્યો છેને? એટલે '**લિંગ દ્વારા જ જેનું...**' એટલે ભગવાન આત્માનું ગ્રહણ નામ જ્ઞાન નથી થતું. ઝીણી વાત છે, ભાઈ! '**આ રીતે આત્મા અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય) નથી...**' આહા..હા..! સમજાણું કાંઈ? '**આ રીતે આત્મા અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પછી આવશેને. આ તો નાસ્તિ છે. નાસ્તિ .. હમણા .. આવશે. એ પછી નાસ્તિથી કહ્યુંને એનો અર્થ થયો એ. કે અનુમાનથી કેવળ જણાય નહિ એનો અર્થ

કે પ્રત્યક્ષ જણાય છે. એનો અર્થ જ એવો છે. સમજાણું કાંઈ? પછી તો પોતાને કેમ જાણે એ આવશે, પણ એમાં એ વાત આવશે. છઠ્ઠા બોલમાં આવશેને. સમજાણું કાંઈ?

કેવળ અનુમાનથી ભગવાન આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ધાતુ એવી ચીજ એકલા અનુમાન વડે બીજું અનુમાન કરે અને એ જ્ઞેય આત્મા જણાય એવી ચીજ છે નહિ. ઘણી ગુઢ વાત નાખી. સમજાણું કાંઈ? એનો અર્થ એમ છે કે આત્મા સ્વસંવેદનથી પોતાને જણાય એ જ આત્મા પરનું સ્વસંવેદન છે કે અજ્ઞાન છે સામે? જુઓને. સમજાણું કાંઈ? એનું એ જ્ઞાન બરાબર કરી શકે છે. એમ કહે છે લ્યો ખરેખર તો. સમજાણું કાંઈ? ફરીને. '**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ...**' એકલા લિંગ વડે ચિહ્ન. ચિહ્ન શબ્દે અનુમાન. એ છેને. '**જેનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે;...**' અ-લિંગ-ગ્રહણ. લિંગ નામ માત્ર બીજા વડે લિંગ વડે. અ-નહિ. હવે લિંગ ક્યું? એનો ખુલાસો અર્થમાં કરે છે. '**આ રીતે આત્મા અનુમેયમાત્ર...**' એમ. એ લિંગ. એકલા અનુમેયમાત્ર લિંગ વડે પરને જાણે એવો આત્મા છે નહિ. દેવીલાલજી! ભગવાન! એવું સામર્થ્ય એનું છે એમ અહીં તો કહેવું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પ્રત્યક્ષથી જાણે તો અનુમાનથી જણાય એમ કહેવામાં આવે છે. એવી વાત છે. (અનુમાન)જ્ઞાન એ પોતાને તો ઠીક કે જ્ઞાન તે આત્મા? એ (પણ) નહિ. સમજાણું કાંઈ? આમાં આવે છેને શાસ્ત્રમાં કે ભાઈ! જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા. એ અનુમાન કરવું. પણ એ અનુમાન તો વ્યવહાર છે. પણ આત્મા ચૈતન્યસ્વરૂપ આનંદ જ્ઞાયકમૂર્તિ છે એવો સીધો પોતાને જાણે એ બીજાને પ્રત્યક્ષપૂર્વક અનુમાનથી જાણે. પણ એકલા અનુમાન વડે બીજાનું જ્ઞાન થાય એવો એ આત્મા છે જ નહિ એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- બીજાને તો .. પોતાને એનું પણ પ્રત્યક્ષ?

ઉત્તર :- એનું પણ પ્રત્યક્ષ. અને અહીં નિશ્ચય લેવું છેને? નહિતર એવી બીજી વાત છે. બીજાનો આત્મા કહેવો છેને? તો બીજાનો આત્મા કોણ? રાગ એ આત્મા છે? વિકલ્પ એ આત્મા છે? બીજાનો આત્મા પણ એ છે રાગરહિત સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ આત્મા. એનું જ્ઞાન માત્ર બીજા અનુમાનથી કરે એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પછી અનુભવથી, પરના આત્માને (સ્વના) અનુભવપૂર્વક અનુમાન કરીને જાણે. એ બીજી વાત થઈ. એનો પણ અનુભવ. એ અનુભવ એટલે ભલે અનુભવ ન હોય, પણ એનો આત્મા છે એનું અહીં વેદન થાય તો જ અનુમાનથી જણાય કે આ આત્મા છે એમ. એને ભલે આત્મા ન પ્રગટ હોય. સમજાણું કાંઈ? અને પ્રગટ થયું એને તો પ્રત્યક્ષ પણ બરાબર જાણે. અહીં તો આત્મા કહેવો છે કે નહિ? તો આત્મા કોને કહે છે? શરીર નહિ,

વાણી નહિ, મન નહિ, રાગ નહિ, પુણ્ય નહિ, વિકલ્પ નહિ. નિર્મળ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય, શુદ્ધ ગુણ અને શુદ્ધ પર્યાય એ આત્મા. ભલે સામાને વેદનમાં આવ્યું હોય તોપણ જ્ઞાની બીજાને પ્રત્યક્ષ જાણે છે અને વેદનમાં સામાને ન આવ્યું હોય, પણ સામાનો આત્મા પણ જેને વેદન (પોતાને) છે એ આત્મા છે એમ જાણી શકે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રત્યક્ષ જાણે છે. અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનનું સામર્થ્ય એટલું છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય... આ તો અલૌકિક વાત છે. અતીન્દ્રિય જ્ઞાન પોતાનું થયું એ અતીન્દ્રિય જ્ઞાનથી પોતાને જાણે. એ અતીન્દ્રિય જ્ઞાનમાં એટલી તાકાત છે કે બીજાને (એકલા) અનુમાનથી જાણે એમ નહિ. અતીન્દ્રિય જ્ઞાનથી બીજાને જાણે એવી એની તાકાત છે એમ કહે છે. અરે..! દેવીલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પછી બીજાને પ્રત્યક્ષ... પ્રત્યક્ષ બીજાને થયો હોય કે ન થયો હોય, પણ પોતાનું પ્રત્યક્ષ છે એ વડે પરના આત્માનું જ્ઞાન થાય છે. પરને પ્રત્યક્ષ થયો હોય એનો પણ અહીંયાં પ્રત્યક્ષ દ્વારા નિર્ણય કરે છે. અને પરથી ન થાય તો આ આત્મા છે, આ આત્મા છે, એ આત્માને પ્રત્યક્ષ જેણે જાણ્યો એ 'આત્મા છે' એમ જાણે છે.

મુમુક્ષુ :- એ તો અનુમાન થયું.

ઉત્તર : એ અનુમાન તો થયું, પણ પોતાના આત્મામાં આનંદ પ્રત્યક્ષ થયો, પરનું પણ પ્રત્યક્ષ થયું હોય એને પણ જાણે અને પ્રત્યક્ષ ન હોય તો આત્માને જાણે, તો આત્મા શું? એનાથી ભલે અનુમાન ન થયું હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરના આત્મામાં સ્વસંવેદન તો ન થાયને?

ઉત્તર :- અહીં સ્વસંવેદન કે દિ' થાય એનું? અહીં તો એનું જ્ઞાન થાય એમ કહે છે. અહીંયાં તો સ્વ અને પરનું જ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાનની એટલી તાકાત છે કે પોતાને પણ જાણે અને પરને પણ જાણે. કે આ જ્ઞાની છે, સમ્યગ્દૃષ્ટિ છે. એનું પણ જ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાનથી જાણવામાં આવે છે. એ અતીન્દ્રિય જ્ઞાનમાં એટલી તાકાત છે એમ કહે છે. આહા..હા..! અરે..! વાતું આ તો ભાઈ છેક સુધી ગઈ છે. સમજાણું કાંઈ? અને બીજાનો આત્મા સર્વજ્ઞ દેખે છે કે નહિ? તો કેમ જોવે સ્વપરનો આત્મા? 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગત દેખતા, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા.' સર્વજ્ઞ પણ આત્મા નિજસત્તા શુદ્ધ છે એને આત્મા જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પણ જાણે છે. જ્ઞાનમાં એ પણ આવે છે. આ જ્ઞાન છે. એ અતીન્દ્રિય જ્ઞાનમાં તાકાત છે કે આ અજ્ઞાની છે અને આ જ્ઞાની બધાનો નિર્ણય કરી શકે છે. એમ

કહે છે અહીંયાં. સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ વાત છે. વ્યવહાર-વ્યવહાર નાખ્યો છે. એવી વાત નથી. એ ટીકામાં નાખ્યોને વ્યવહાર. .. નાખ્યો છે. અહીં તો કહે છે કે '**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું...**' એટલે આત્માનું. બીજાઓ વડે આ આત્માને લિંગ દ્વારા એટલે અનુમાન દ્વારા ગ્રહણ નામ જાણવું થતું નથી. એવો આત્મા અલિંગગ્રહણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નાસ્તિ કરીને.

ઉત્તર :- એ નાસ્તિથી પણ એ અર્થ આવ્યો ઈ લ્યો અંદરથી. એ અનુમાનથી ન જાણે એનો અર્થ શું થયો? પણ અસ્તિથી પોતાને જાણે સ્વભાવથી એ અસ્તિ લેશે. છઠ્ઠા બોલમાં. છઠ્ઠા બોલમાં. સમજાણું કાંઈ? અહીં તો પહેલા નાસ્તિથી લેને આમ નહિ. આમ નહિ. કાલે દાખલો આપ્યો નહોતો? જાતિસ્મરણનો નહિ દાખલો? કેટલી તાકાત જાતિસ્મરણમાં છે. જાતિસ્મરણની પર્યાયમાં કેટલી તાકાત! મતિની ધારણા. સમજાણું કાંઈ? જુઓ, આઠ ભવ પહેલા પતિ હતો તો એનું જ્ઞાન થયું. કેવું? અફર-ન ફરે એવું. તો યથાર્થ જ્ઞાન છે. નહિતર અયથાર્થ જ્ઞાન છે અને અનુમાનથી આમ હોય ને તેમ હોય એમ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો જ અનુમાન કહેવાયને, સમ્યગ્દર્શન હોય તો જ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખ્યાલમાં આવે છે. જાણે છે. નહિ, નહિ, નહિ, જાણે એમ છે. જાણે એમ છે. સમ્યગ્જ્ઞાની દ્રવ્યલિંગી મિથ્યાદષ્ટિનું સૂક્ષ્મ (શલ્ય) શું છે એ જાણે છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે બહુ. ટોડરમલજી યાદ કર્યા ઠીક છે. એમાં એમ લખ્યું છે.

મુમુક્ષુ :- .. જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન...

ઉત્તર :- સમ્યગ્જ્ઞાન છે, પણ છતાં એકલા સમ્યગ્જ્ઞાનના અનુમાનથી નહિ એમ કહે છે. આહા..હા..! એટલી તાકાત કે રાગ વિના આત્મા પોતાને જાણે તો એ રાગ વિનાની પર્યાય જે છે એ પરને પણ અનુમાનથી નહિ પણ પ્રત્યક્ષ દ્વારા જણાય એવો એનો સ્વભાવ છે.

મુમુક્ષુ :- ત્યાં બુદ્ધિ કામ ન કરે.

ઉત્તર :- બુદ્ધિ કામ ન કરે એમ નહિ. સ્વસંવેદનની બુદ્ધિ કામ કરે છે. બુદ્ધિ કામ ન કરે એમ કહે ઠીક નાખ્યું ભાઈએ. સ્વસંવેદનનું જે જ્ઞાન છે એ કામ કરે છે.

મુમુક્ષુ :- એ તો સ્વને જાણે...

ઉત્તર :- એ સ્વને જાણે એમ પરને પણ જાણે. અહીં સ્વની વાત છેને? વેદન થતું નથી, પણ જ્ઞાનની વાત છેને અહીં તો. બીજા વડે અનુમાનથી જણાતું નથી એમ કહ્યુંને? વેદન કરવાનું ક્યાં કહ્યું અહીંયાં? જ્ઞાન પોતાનું... જ્ઞાની છે, સમ્યગ્દષ્ટિ છે, વેદન છે, એવું અતીન્દ્રિય જ્ઞાન, સ્વનો નિર્ણય એ અતીન્દ્રિય જ્ઞાનમાં આવે છે હોં. એકલા ઇન્દ્રિય જ્ઞાનમાં

નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ વળી બીજી વાત. એની એને ખબર નથી, પણ જ્ઞાનીને ખબર પડી જાય છે. સમજાણું કાંઈ? એ તો કેવળજ્ઞાની એને ખબર હોય. અંતરમાં અનાદિથી રાગની એકતાબુદ્ધિ છે તો વેદન નથી એવો જ્ઞાનીને ખ્યાલ આવી જાય છે. સ્વપરપ્રકાશક જ્ઞાનની તાકાત એટલી છે એમ કહે છે અહીંયાં તો. એ સ્વપરપ્રકાશકનો અર્થ પોતાનું સ્વરૂપ હોં. પર કહે એ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સૂક્ષ્મ વળી વાત. એ બીજી વાત થઈ. સમય-સમયનું પરિણમન .. ત્યાં ઉત્પન્ન થાય તો સમ્યગ્જ્ઞાની એકલા અનુમાન વડે બીજાને જાણે એમ વસ્તુ નથી. એ પછી જાણે આવી ગયું એમાં. એ આવી ગયું. કે સમ્યગ્જ્ઞાની પ્રત્યક્ષ દ્વારા જાણે અને પ્રત્યક્ષ દ્વારા અનુમાનથી ભલે જાણે, પણ પ્રત્યક્ષ હોય તો અનુમાન દ્વારા જાણે, પણ એકલા અનુમાન વડે જાણે એવી ચીજ છે નહિ. એવી વાત છે.

મુમુક્ષુ :- પરનું પ્રત્યક્ષ તો..

ઉત્તર :- પરનું પ્રત્યક્ષ એટલે? એનું વેદન ભલે ન હોય એને. પણ અહીંયાં પ્રત્યક્ષ કેવળી એ તો પ્રત્યક્ષ જાણે કે નહિ લોકાલોકને? શું પ્રત્યક્ષ જાણે છે લોકાલોક શું છે? પરનું વેદન છે એને? સમજાણું કાંઈ? કેવળી લોકાલોકને પ્રત્યક્ષ જાણે કે પરોક્ષ? અને પ્રત્યક્ષ જાણે છે તો શું નારકીનું વેદન આવી ગયું ત્યાં? એમ અહીંયાં છે. પરનું જ્ઞાન થાય છે, પણ પરના તન્મયથી વેદન થતું નથી. એવી વાત છે. ઝીણી વાત છે, ભાઈ! આ .. સમજવું તો પડશે કે નહિ? આહા..હા..! અમરચંદભાઈ! આહા..હા..!

ભગવાન એવું જ્ઞેય એવું છે કે પ્રત્યક્ષ દ્વારા જણાય તો અનુમાન પ્રત્યક્ષ કહેવામાં આવે છે. નિશ્ચયપૂર્વક વ્યવહાર એમ. એકલા અનુમાન દ્વારા જાણે એવી ચીજ છે નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ? શું કહે છે? એમાં આવ્યુંને? '**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જે...**' આત્માનું એટલે '**જેનું ગ્રહણ થતું નથી...**' જ્ઞેય આત્માને જાણવું નથી થતું. જાણવું નથી થતું. '**તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમેયમાત્ર** (કેવળ **અનુમાનથી જ જણાવાયોગ્ય**) **નથી...**' આહા..હા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાની કેમ પ્રત્યક્ષ જાણે છે? પ્રત્યક્ષની વ્યાખ્યા શું કે એમાં તન્મય થાય છે? એનું વેદન અહીં થાય છે? અહીં પણ વેદનમાં પરનો આશ્રય નથી. સ્વવેદન જાણીને પરને જાણે તો પરનો આશ્રય નથી. એમ અહીંયાં છે. જેવું એને છે એવું અહીં છે. સમજાણું કાંઈ? એ તો કાલે આવી ગયું. આજ તો પોતાથી લીધું છે હવે. પોતાનો આત્મા, આત્મા પણ બીજાને અનુમાનથી જાણે એવો અનુમેયમાત્ર આત્મા છે જ નહિ એમ કહે છે. પાંચમો બોલ છેને?

'**જેને લિંગથી જ**...' જેને એટલે આત્માને. '**લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી**...' પરને જાણવું નથી થતું. અહીં તો જાણવાની વાત છે. '**તે અલિંગગ્રહણ છે;**...' બસ. જેને એટલે આત્માને. '**લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી**...' લિંગથી જ પરનું જ્ઞાન નથી થતું. '**આ રીતે આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી**...' જુઓ, કેવળ અનુમાન કરનારો આત્મા નથી. પોતાના પ્રત્યક્ષપૂર્વક અનુમાન ભલે કરે, પણ એકલા અનુમાન દ્વારા જણાય એવો આત્મા નથી. સમજાણું કાંઈ?

'**જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી**...' જ્ઞાન નથી થતું એમ અહીં કહેવું છેને. '**તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી**...' એકલું અનુમાન કરનારો પણ આત્મા નથી. નિશ્ચયથી જાણે, પછી અનુમાન થાય તો નિશ્ચયપૂર્વક વ્યવહારને જાણ્યો એમ કહેવામાં આવે છે. પરનું જ્ઞાન પોતાના નિશ્ચયપૂર્વક જાણે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા એવો છે. એ તો પર વડે (અનુમાન થતો), આ તો આત્મા એકલો અનુમાન કરવાલાયક છે જ નહિ. ભારે વાત ભાઈ! 'અગમ પ્યાલા પીવો મતવાલા.' એવો આત્મા છે. રાગથી પૃથક્ થઈને પોતાના આત્માનું વેદન અને આનંદનું ભાન થયું એ આત્મા પરના અનુમાનથી જણાય એવો નથી. અને એવો આત્મા એકલો અનુમાન કરનારો નથી એમ. સમજાણું કાંઈ?

પહેલામાં તો એમ કહ્યું કે '**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા**...' ન જણાય. પણ આત્મા એકલો અનુમાન કરનારો છે જ નહિ એમ કહે છે અહીંયાં તો. પાંચમા બોલમાં. શેઠ! ઝીણું છે. ગળે ઉતરવું મુશ્કેલ છે. આ શું છે? વાત તો એવી છે ભાઈ! માર્ગ તો એવો છે. કહ્યું કે ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવનો પિંડ પ્રભુ સહજસ્વભાવી દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં સ્વપરપ્રકાશક સ્વભાવથી ભરેલો છે. દ્રવ્ય-ગુણમાં તો હતો, પણ ભાન થયું ત્યારે પર્યાયમાં સ્વપરપ્રકાશક સામર્થ્ય પ્રગટ થયું. એ સ્વપર કોણ? પોતાનું હોં એમ. સમજાણું કાંઈ? સ્વપરપ્રકાશક જ્ઞાન એ સ્વનું આત્મજ્ઞાન. એ આત્મજ્ઞાનમાં સ્વપરનું સામર્થ્ય આવી ગયું. સમજાણું કાંઈ? ડોક્ટર! બહુ ઝીણું. દયા, દાન, વ્રત, ભક્તિ ધર્મથી ન થાય એ તો વળી ઠીક. .. થઈ ગયું. અહીં તો પોતાનું જ્ઞાન એવો આત્મા છે કે એકલું અનુમાન કરે આત્મા એવો આત્મા જ નથી એમ કહે છે. આહા..હા..! રાગવાળો આત્મા, પુણ્યવાળો આત્મા એમ તો છે નહિ. કેમકે એ તો આસ્રવવાળો આત્મા એ તો મિથ્યાત્વ થયું. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ આદિ જે વ્યવહાર છે, એ વ્યવહારસહિત આત્મા એ આત્મા જ નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં આત્મા એને કહીએ કે વ્યવહારથી મુક્ત છે. પોતાની પર્યાયમાં જે વિકલ્પ ઉઠે છે એનાથી મુક્ત છે. કહો, ફતેચંદજી! ઝીણી વાત છે. આ વસ્તુ છે. શું છે જુઓ, ભગવાન! છે કે નહિ અંદર? સમજાણું કાંઈ?

શું કહ્યું જુઓ, અનુમાનમાત્ર કેવળ નથી. સમજાણું કાંઈ? આત્મા એવો નથી એમ કહે

છે અહીંયાં તો. એકલું પરનું અનુમાન કરે એવો આત્મા છે નહિ. સમજાણું કાંઈ? દેવીલાલજી! રાગાદિ જે વ્યવહાર વિકલ્પ છે એ આત્માનો છે નહિ અને આત્મામાં છે નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું. હું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છું એવું ભાન થયું, એ જ્ઞાની તો નિશ્ચયમાં જ છે. વ્યવહારમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી નિશ્ચય આશ્રય જે પર્યાય છે તો પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સ્વમાં જ છે. વ્યવહારથી પર છે. જેમ વ્યવહારને જાણે છે પોતાના જ્ઞાનથી, એમ પરને પણ વ્યવહારથી, અનુમાનથી જાણે એમ નથી. વ્યવહારને પણ પોતાનું નિશ્ચય જ્ઞાન એવું જ પ્રગટ થયું છે એને વ્યવહાર જાણે છે, ભાઈ! શું કહ્યું જુઓ. કે વ્યવહાર જે વિકલ્પ આદિ છે એ વિકલ્પ છે એનું જ્ઞાન નથી. જ્ઞાન તો પોતાનું છે. એમ આવ્યુંને કર્તા-કર્મમાં આવ્યું છે. એ સંબંધી પોતાના જ્ઞાનને જ જાણે છે. રાગાદિ છે, પુણ્યાદિ ક્રિયાકાંડનો વિકલ્પ હોય તો એ સંબંધીનું જ્ઞાન એનું જ્ઞાન નથી. એ પોતાના જ્ઞાનને જાણે છે. આહા..હા..! એ પર્યાય જ, પોતાની સ્વપરપ્રકાશક પર્યાયનો સ્વભાવ એવો જ પ્રગટે છે. તત્ત્વની વાત એવી સૂક્ષ્મ છે. લોકો બહારથી ચડી ગયા છેને તો એને આ ઝીણી વાત જરી બેસવી કઠણ પડે છે. લોકો કહે કે એ એકાંત છે... એકાંત છે... અરે..! ભગવાન! આ એકાંત એ જ સમ્યક્ છે. સાંભળ તો ખરો. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમ્યગ્જ્ઞાન પણ નિશ્ચયસહિત હોય તો અનુમાન. એમ કહે છે. તો અનુમાન, તો પ્રમાણ કહેવામાં આવે છે. નહિતર તો વ્યવહાર ક્યાંથી આવ્યો? અનુમાન તો વ્યવહાર છે. એમ કહે છે અહીંયાં. આહા..હા..!

જુઓ, '**જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા...**' અલિંગગ્રહણ છે એટલે કે '**આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી.**' એમ. આવી ગયો એમાં ન્યાય. નિશ્ચયવેદન છે એ પૂર્વક અનુમાન કરે તો નિશ્ચય સહિત વ્યવહાર છે. પણ નિશ્ચય નથી અને એકલું અનુમાન કરે એ અનુમાન જ નથી. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો દયા, દાન, વ્રતાદિના જે વિકલ્પ છે એ તો પોતામાં નથી, પણ એ સંબંધીનું જ્ઞાન પણ પોતામાં નથી. પોતામાં તો પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન જ પોતામાં છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ડોક્ટર! ઝીણી વાત છે. લોકોને સમજાય નહિને એટલે પછી એય..! ત્યાં તો એકલી નિશ્ચયની વાત કરે છે. પણ આ ભગવાન શું કહે છે અહીંયાં? અહીં તો હજી આત્મા આવો એમ સમજાવે છે. માસ્તર! સુમનલાલજી! જુઓ, આવું છે. એ વિના ઘણી ગડબડ ચાલે છે. એમ નહિ, તેમ નહિ, એ સોનગઢની વાત છે. અરે..! ભગવાન! સોનગઢની નથી. એ તો વસ્તુનું સ્વરૂપ એવું છે ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સોનગઢનો અર્થ જ ...

ઉત્તર :- છૂટી ગયું શું? છે નહિ. દૃષ્ટિમાંથી છૂટ્યું છે. છે તો ખરું. એમ છૂટ્યું. શું કહ્યું? ખાવા-પીવાનું ક્યાંથી આવ્યું? ખાવા-પીવાની ક્રિયા જડની છે, આત્મા કરી શકતો નથી અને ખાવા-પીવાનો વિકલ્પ છે એ પણ પોતાનું સ્વરૂપ નથી. આહા..હા..! એ તો સ્થૂળ શલ્ય છે. સમજાણું કાંઈ? એને બેસતું નથી. .. નિરાલંબી ભગવાન આત્મા 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ.' પ્રભુ! તમે આત્માને કેવો જુવો છો? 'નિજ સત્તાએ શુદ્ધ સૌને દેખતા હો લાલ.' ભગવાન! બીજા આત્માને તો તમે નિજસત્તાએ શુદ્ધ એમ જુઓ છો. આહા..હા..! તો આ જ્ઞાન પણ બીજાને પ્રત્યક્ષ વડે શુદ્ધ સત્તા છે એવું એને વેદન છે એને પણ જાણે, વેદન ન હોય તોપણ સત્તા આત્મા શુદ્ધ છે એવું પ્રત્યક્ષ જ્ઞાનથી જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જેને લિંગથી જ...**' લિંગથી જ એમ છેને? જ્ઞાન થવાયોગ્ય નથી. સમજાણું? લ્યો! એ પરનું ગ્રહણ નથી થતું. '**તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' લ્યો! ઓહો..હો..! સંતોએ પણ જ્ઞાનના સામર્થ્યના ભાવને કઈ રીતે વર્ણન કર્યું છે જુઓ. સમજાય છે કાંઈ? અહીં તો કહે છે કે એકલા શાસ્ત્રજ્ઞાન દ્વારા પણ પોતાને જાણે નહિ, પણ બીજાને પણ એકલા શાસ્ત્રજ્ઞાન વડે જાણી શકતો નથી એમ કહે છે. આહા..હા..! એ પહેલા કળશમાં આવ્યુંને. પહેલો કળશ નહિ? '**नमः समयसाराय**' '**स्वानुभूत्या चकासते**' કળશમાં આવ્યું છે કળશમાં. સમજાણું? કળશ છેને? પહેલો કળશ છે. જીવ, અજીવ, '**પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળને—અને સંસારી જીવ એને સુખ નથી અને જ્ઞાન પણ નથી.**' સમજાણું કાંઈ? '**नमः समयसाराय**'ની વ્યાખ્યા છે.

મુમુક્ષુ :- જ્ઞાન પણ નથી અને અજ્ઞાન પણ નથી.

ઉત્તર :- કળશ ટીકા છે કે નહિ? કળશ ટીકા વાંચી છે? વાંચી છે કે નહિ? આ ગુજરાતી છે. હિન્દી નથી. પહેલા પ્રસિદ્ધ થઈ ગઈ. હિન્દી અહીં વેચાણમાં છે. કાલે તો મોક્ષમાર્ગપ્રકાશક... મોક્ષમાર્ગપ્રકાશક છેને એ હિન્દી છે. શેઠ તરફથી. કહો, સમજાણું કાંઈ?

શું કહે છે? કે '**અજીવને પદાર્થને—પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળને—અને સંસારી જીવને...**' આ નિગોદના જીવ, આ બધા. એ જીવને '**સુખ નથી, જ્ઞાન પણ નથી,...**' એક વાત. '**અને તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી,...**' આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એવો છે. કહે છે જુઓ, કે પરપ્રાણી છ અજીવ છે પુદ્ગલ આદિ છ અજીવ. પાંચ, અને છઠ્ઠો સંસારી જીવ અનંત. એ બધાને જ્ઞાન પણ નથી, સુખ પણ નથી. અને એને તો જ્ઞાન પણ નથી, પણ એને જાણનારને પણ, એને જાણનારને પણ જ્ઞાન અને સુખ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**અને તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી,...**'

એને જાણનારને જ્ઞાન નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી એ એક શબ્દ. એ જ અહીં તો કહેવા માગું છું.

**'તેમને 'સાર'પણું ઘટતું નથી. શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે,...'** ભગવાન આત્મા શુદ્ધ-શુદ્ધ, પવિત્ર એનું ભાન થયું તો જ્ઞાન છે અને સુખ છે. નહિતર શુદ્ધના ભાન વિના જ્ઞાન પણ નથી, સુખ પણ નથી. કળશ ટીકા રાજમલજીની બનાવેલી છે. અહીંયાંની નથી ટીકા. જુઓ, **'સંસારી જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી,...'** એ તો ઠીક. **'અને તેમનું સ્વરૂપ જાણતાં...'** એના સ્વરૂપને જાણનારો આ બાજુ એકલું ક્ષયોપશમ. એ પણ **'જાણનહાર જીવને જ્ઞાન પણ નથી,...'** .. જ્ઞાન નથી. કઈ રીતે? સમજાણું કાંઈ? આ તો આપણે ગ્રહણ-જાણવું છેને અહીં? એની સાથે મેળવવું છેને?

મુમુક્ષુ :- ..એ જાણવું નથી?

ઉત્તર :- એ જ્ઞાન જ નથી. ઇન્દ્રિયથી જણાય અને આ આત્મા અનંત નિગોદ છે... સમજાણું કાંઈ? એ જ્ઞાન જ નથી. પોતાનો શુદ્ધ આત્મા ચિદાનંદ સ્વરૂપનું અંતર પ્રત્યક્ષ વેદન થાય અને જ્ઞાન થાય એ જ્ઞાન અને એ સુખ. શોભાલાલજી! બહુ આ તો અજર પ્યાલા છે. કેટલા? ... વસ્તુ એવી છે. એનો ખ્યાલ, પ્રતીત કદી કરી જ નથી એણે. બાકી ઉપર-ઉપરથી બધું કર્યું. ક્રિયાકાંડ ને શાસ્ત્રનું જ્ઞાન ને એ બધું જ્ઞાન જ નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાયકમૂર્તિ અને આનંદસ્વરૂપ, એનું જ્ઞાન (થયું) અને એનું જ્ઞાન થયું તો એનાથી સુખ છે. જ્ઞાન અને સુખ ચોથે ગુણસ્થાનથી આવ્યું કે નહિ? તો આ સુખ કોને કહ્યું? તેરમાની વાત છે? શુદ્ધ જીવને જાણ્યો એને જ્ઞાન છે અને એને સુખ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શાતા-અશાતા છે જ નહિ.

મુમુક્ષુ :- સામગ્રી મળે.

ઉત્તર :- સામગ્રી તો જડ છે, ભગવાન! એમાં શું આવ્યું? પરમાં શું આવ્યું? એ તો જડ છે. અહીં તો કહે છે કે સામગ્રીનું જ્ઞાન નથી, પણ સામગ્રીના જાણનારને પણ જ્ઞાન નથી તો એને સુખ પણ નથી.

મુમુક્ષુ :- .. સામગ્રી મળે એનાથી સુખ થાય.

ઉત્તર :- હા એ કહે છેને. પણ સામગ્રીનું જ્ઞાન એ જ્ઞાન નથી. એ તો સુખ પણ નથી. સુખ શું ધૂળમાં હતું? અહીંયાં તો ત્યાં સુધી કહે છે કે પોતાના પરિણામમાં શુભ અને અશુભભાવ બે છે, એમ બે ભંગ પાડે એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપ બે છે. પણ બે એક જ બંધનું કારણ છે, દુઃખરૂપ છે. એમ ન માનતા પુણ્ય-પાપમાં

વિશેષ માને છે. ભાવમાં. સામગ્રી તો ધૂળ રહી ગઈ ક્યાંય હવે. એય..! શેઠ!

મુમુક્ષુ :- શાંતિ...

ઉત્તર :- આત્મા માટે. સમજાણું કાંઈ? જેને આત્મા થવું હોય એને માટે છે. સમજાણું કાંઈ? તો કહે છે કે જે આત્મામાં શુભ અને અશુભભાવ. એનો નિષેધ પ્રવચનસારમાં ઘણો કર્યો. કે પાપના પરિણામમાં પ્રતિકૂળતા મળે છે .. શુભ પરિણામમાં પુણ્યબંધથી અનુકૂળતા, પણ વેદનમાં તો એને આકુળતા જ છે. દેવની સામગ્રી હોય કે ચક્રવર્તીની સામગ્રી. લક્ષ કરે છે તો આકુળતા જ છે. તો આકુળતા બેનું ફળ છે. એમાં ફેર માને છે કે પાપ કરતા પુણ્ય ઠીક. ઘોર સંસારમાં રખડશે. એવું પ્રવચનસારમાં કહ્યું છે. જુઓ અહીંયાં આ પ્રવચનસાર ચાલે છેને લ્યો. જુઓ, છેને? કેટલામી ગાથા છે આ? એ ૭૭ જ નીકળી જુઓ. પાના ફેરવતા એ નીકળી. એ પાનું જ આવ્યું. '**ण हि मण्णदि जो**' ૭૭. આ પાનું આમ ફેરવ્યું ત્યાં એ જ ગાથા નીકળી. આમ આવ્યું જુઓ. આહા..હા..! આમ કર્યું તો સામી ગાથા આવી.

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं।**
**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।।७७।।**

૭૭ ગાથા છે. ૭૭ સમજ્યા? શું? ૭-૭. તમારી ભાષામાં. જુઓ, એનું હરિગીત પણ છે હોં એ તો આગળ છે. '**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो**' પુણ્ય અને પાપમાં જરા પણ ફેર નથી. ભાવમાં હોં અહીંયાં. પુણ્ય અને પાપ, દયા, દાનનો ભાવ, અહિંસાનો ભાવ બેયની એક જાત છે. '**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं।**' પુણ્ય અને પાપમાં કોઈ ફેર નથી. એમ નથી માનતા એ '**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।**' મિથ્યાત્વથી ઢંકાયેલો આત્મા પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે એમ માનનારા ઘોર સંસાર નિગોદ આદિમાં રખડનારો છે. છે? સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! જુઓ!

અહીં તો કહે છે પુણ્ય-પાપ તો ક્યાંય રહ્યા, પણ ભગવાન આત્મા અનુમાન વડે જણાય એવો આત્મા નથી એમ કહે છે. માત્ર અનુમાનથી પરને જાણે અને પોતાને જાણે એવો આત્મા છે જ નહિ. આહા..હા..! દેવીલાલજી! એવી ચીજ છે. સમજાય હોં સમજાય. ન સમજાય એવું નથી. એ શરીરની અવસ્થા બાળ, યુવાન, વૃદ્ધ હોય એ તો શરીરની અવસ્થા છે. અને સ્ત્રી-પુરુષનો આકાર છે એ તો જડનો છે. આત્મા એવો નથી. તો આત્મામાં પુણ્ય-પાપનો વિકલ્પ એવો પણ આત્મા નથી. પણ અહીં તો કહે છે કે પરના અને સ્વના અનુમાનથી જણાય એવો આત્મા નથી. આહા..હા..! ભારે .. વાત. માણસને નવું લાગે છે. આ જાણે નવી વાત છે. નવો ... એમ કહે છેને? ફતેહચંદજી! નવો માર્ગ કાઢ્યો. નવો નથી, ભગવાન! એ તો અનાદિની એ જ વાત છે. તને ખ્યાલમાં ન આવે એટલે કાંઈ નવું થઈ જાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..ની વાત છે. બિલાડીના બચ્ચા હોય છેને તો એને સાત-સાત દિવસે ફરવે છે એ બિલાડી. ફરતા... ફરતા... ફરતા... આંખ ઉઘડે ઓહો..હો..! આ પૃથ્વી ક્યાંથી આવી? પૃથ્વી તો હતી. તને ખબર નહોતી. સમજાણું કાંઈ? બિલાડીના બચ્ચાને ફેરવે છેને તો .. બચ્ચાને ખ્યાલ આવી જાયને તો વળી .. એટલે ફેરવી નાખે, વળી ફેરવી નાખે. રક્ષણ માટે. અને પછી જ્યાં આંખ ઉઘડે ત્યાં સુધી તો ખ્યાલ ન હોય, પણ અહીં તો ઓહો..હો..! આ ક્યાંથી? પૃથ્વી તો આંખ નહોતી તોપણ હતી અને આ આંખ ઉઘડી તોપણ છે. એમ વસ્તુનું સ્વરૂપ જ્ઞાનમાં ન ભાસે તોપણ એવું છે અને ભાસે તોપણ એવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો મુદ્દાની મૂળ વાત છે. એક આત્મા 'એગં જાણહિ સવ્વં જાણહિ.' આત્માને જાણ્યો એણે સર્વને જાણે છે. એ આવી ગયું. આમાં આવ્યુંને ૪૭-૪૮. 'એગં જાણહિ સવ્વં જાણહિ.' યથાર્થ સર્વને જાણે છે એમ કહે છે. આહા..હા..! પોતાનો આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનું સ્વસંવેદન પ્રત્યક્ષ થયું પછી પોતાને અને પરને બધાને જાણે છે. શ્રુતજ્ઞાની પણ પોતાને અને પરને બધાને જાણે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ જાતનું છે. કેવળજ્ઞાનમાં પણ સ્વપરપ્રકાશક આત્મજ્ઞાનમય છે. એ કોઈ પર નથી. એમ અહીંયાં એમ કહેવું છે. એમ સ્વ અને પરના વેદનમાં પોતાના જ્ઞાનની પર્યાય છે. પોતામાં પ્રત્યક્ષ થયો તો પ્રત્યક્ષપૂર્વક પરનું અનુમાન કરીને જ્ઞાન પ્રત્યક્ષપૂર્વક છે. પ્રત્યક્ષ ન હોય એટલો.. એવો આત્મા છે જ નહિ. ઈ આત્મા જ નથી. ઓહો..હો..! રાગ આત્મા નહિ, વ્યવહાર આત્મા નહિ, વિકલ્પ આત્મા નહિ, પણ અનુમાન કરનારો કેવળ એ આત્મા નહિ. એવી વાત કરે છે ઓહો..હો..! એ તો અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતોના કામ છે. આ વાત બીજા કરી શકે નહિ. બીજા શાસ્ત્રમાં આવી વાત છે જ નહિ. આ તો સનાતન સર્વજ્ઞ માર્ગની પરંપરા ચાલી આવી છે એ માર્ગ છે. આહા..હા..! વસ્તુ એવી છે. વસ્તુ એવી છે. ખબર નથી. રૂઢિગત એવું ચાલ્યું છેને. બીજા પરમેશ્વર ત્રિલોકનાથ આત્મા અને સંતો દિગંબર મુનિઓ એ તો પરમેશ્વર જ છે. સમજાણું કાંઈ? એની વાણીમાં કેટલી તાકાત આવી, એ પર્યાયની તાકાત બતાવે છે એની. સમજાણું કાંઈ? વાણી તો પર છે, પણ એની પર્યાયમાં કેટલી તાકાતથી વાત કરે છે એ કહે છે. ધન્નાલાલજી! એ તારા સ્વભાવનું માહાત્મ્ય શું છે એ કહે છે, ભાઈ! તારા સ્વભાવનું જ્યાં ભાન થયું એ તો મતિશ્રુતજ્ઞાનથી પ્રત્યક્ષથી ભાન થાય છે. એ કોઈ પરોક્ષથી મનના સંબંધે અને રાગના સંબંધે આત્માનું ભાન થતું નથી. અથવા આ જ્ઞાન તે આત્મા, આ જ્ઞાન તે આત્મા એ નહિ. એ તો અનુમાન કરે છે પણ પ્રત્યક્ષજ્ઞાનમાં નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

આવે છેને ચિઠ્ઠીમાં નથી આવતું ઓલા પાંચ બોલ આગમમાં. અનુમાન ને કહ્યાને? .. આવે છેને ભાઈ ઓલા ચિઠ્ઠીમાં આવે છેને? આહા..હા..! એ સ્વસંવેદન થયું એ આગમથી

જાણ્યું કહેવામાં આવ્યું. આગમ નામ શ્રુતજ્ઞાન. સમજાણું કાંઈ? એમ કે શાસ્ત્ર એકલું નહિ. પોતાના આત્મામાં ભાવ આગમ, ભાવશ્રુતથી પોતાનો જ્ઞેય આત્મા પ્રત્યક્ષ જણાયો તો પછી પોતે અનુમાન કરે કે ઓહો..! આ આત્માની પર્યાય અલ્પ છે તો સર્વજ્ઞ પૂર્ણ શક્તિ છે. શક્તિનું પ્રત્યક્ષ વેદનમાં આવ્યું, પણ અનુમાન (કરે કે) આ સ્વભાવ પૂર્ણ છે તો પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થશે. એમ પ્રત્યક્ષ થયા પછી અનુમાન કરે એ ઠીક છે. સમજાણું કાંઈ? આખો આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. સર્વજ્ઞ. એ સર્વજ્ઞ જ વસ્તુ આત્મા છે. સર્વદર્શી સર્વજ્ઞ જ આત્મા છે. પુણ્ય-પાપ અધિકારમાં આવ્યું. '**सो सव्वणाणदरिसी**' ૧૬૦ ગાથામાં છેને? '**सो सव्वणाणदरिसी**' વસ્તુ હોં. વસ્તુ એવી છે. ૧૬૦ ગાથા છેને સમયસાર. અત્યારે આપણે ૫૬મી ચાલી કાલે. ૧૬૦ તો બંધરૂપ છે એમ બતાવવા આત્મા '**सो सव्वणाणदरिसी**' છે. એમ કહ્યું. ત્રણ બોલ છેને? વિકારની.. નિર્મળ પર્યાયનો છેદ કરે છે અને બંધ સ્વરૂપ છે અને વિપરીતભાવ પ્રગટ છે. એવા ત્રણ બોલ ૧૬૦ ગાથામાં આવશે. એમાં એમ કહ્યું કે બંધસ્વરૂપ છે રાગ-દ્વેષ-અજ્ઞાન આદિ. કેમકે ભગવાન આત્મા તો સર્વજ્ઞાન સર્વદર્શી છે. વસ્તુ હોં વસ્તુ. સર્વજ્ઞાન, સર્વદર્શી છે. પણ પોતાના અપરાધથી, પર્યાયબુદ્ધિથી, રાગમાં એકત્વથી અલ્પજ્ઞાન પર્યાય એટલી હું છું એવી બુદ્ધિથી એને આવરણ થઈ ગયું, ભાવ આવરણ. સમજાણું કાંઈ? ત્યારે દ્રવ્ય આવરણને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૬૦ ગાથામાં આવશે.

પણ અહીં તો કહે છે કે ભગવાન સર્વજ્ઞ સર્વદર્શી એવી પર્યાયમાં ભાન થયું. શ્રીમદ્ કહે છેને ભાઈ! કે શ્રદ્ધામાં કેવળજ્ઞાન પ્રગટ્યું. જુઓ, ભાષા શું છે? શ્રીમદ્ કહે છે. શ્રદ્ધામાં કેવળજ્ઞાન પ્રગટ થયું. એટલે કે કેવળજ્ઞાની હું નથી, હું અલ્પજ્ઞ છું એવી માન્યતા મિથ્યાત્વમાં હતી. સમ્યગ્જ્ઞાન થયું તો હું કેવળજ્ઞાન પામવાના સામર્થ્યવાળો છું. તો શ્રદ્ધામાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, એકલું જ્ઞાન પૂર્ણ છે એ પ્રાપ્ત થયું. સમજાણું કાંઈ? જ્ઞાનમાં પણ હું એકલો જ્ઞાનમય આત્મા છું એ જ્ઞાન થયું. ઈચ્છામાં પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિની ઈચ્છા છે એ ઈચ્છાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ છે. નિશ્ચયનયથી કેવળજ્ઞાનમય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનમાં આત્માનું ભાન થયું એ પ્રત્યક્ષવાળો જીવ પર અથવા પોતામાં અનુમાન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓલા ધર્મદાસ શું કહેવાય? સમ્યગ્જ્ઞાન દિપીકા. એમાં એમ છે કે પરને જોવામાં આંધળો થઈ જા. પોતાને જોવામાં હજાર સૂર્ય જેવો થા. ભાઈ! એ ચીજ શું છે એ જોવા. હજાર સૂર્ય જેવો થઈ જાય અંદરમાં. અને પરને જોવામાં આંધળો થઈ જા. સમ્યગ્જ્ઞાન દિપીકામાં છે. એવી તાકાતવાળો આત્મા છે એમ કહે છે અહીંયાં. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ પામર જાણે છેને કે પામર જેવો અરે..! પુણ્યની પર્યાય હોય તો મને રાગ થશે. અરે..! આ તો પામરતા. આ તો પામરતા ભિખારીવેડા છે કહે. સમજાણું કાંઈ? ભગવાન સચ્ચિદાનંદ

પ્રભુ પૂર્ણાનંદ એ અંતરમાં પ્રત્યક્ષ થાય, એ પ્રત્યક્ષ થાય એ .. પોતાનું સ્વરૂપ આવે એમ કહે છે. એ ૭૩મી ગાથામાં આવી ગયું જયપુરમાં. અહીંયાં પણ આવ્યું હતું. ... ૭૩ ગાથામાં આવ્યું હતું.

હું તો પ્રત્યક્ષ અખંડ જ્ઞાનમય જ છું. પ્રત્યક્ષ. પરોક્ષ-પરોક્ષ આત્મા છે જ નહિ. એ આત્મા જ નથી. આહા..હા..! દેવીલાલજી! ૭૩ ગાથા છે. એવો પહેલા નિર્ણય કરવો એમ પહેલા કહે છે. નિર્ણય કરનારો પહેલા એવો નિર્ણય કરે. હું પ્રત્યક્ષ જ છું. આહા..હા..! સમજાણું કાંઈ? શું આવ્યું? સમયસાર છેને? આ સમયસાર છેને? ૭૩ ગાથા છેને? એ બહુ ચાલી હતી ત્યાં. '**હું આ આત્મા-પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જયોતિ-અનાદિઅનંત...**' એવું તો સમ્યગ્દર્શન થયા પહેલા નિર્ણય કરે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન થયા પહેલા વિકલ્પની ભૂમિકામાં. પછી સમ્યગ્દર્શન થાય છે. એ ઘણી વાત ચાલી હતી ત્યાં. એ અધિકાર ત્યાં ચાલ્યો હતો. '**હું આ આત્મા-પ્રત્યક્ષ અખંડ અનંત...**' એક-એકનો અર્થ ભિન્ન-ભિન્ન છે. પ્રત્યક્ષ છું, અખંડ છું. ખંડ નહિ. અનંત-બહેદ સ્વભાવ. '**ચિન્માત્ર જ્યોતિ...**' આત્મા. એ ભાવની વાત. '**અનાદિ અનંત...**' કાળ. '**નિત્ય-ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું;...**' એવું તો પહેલા સમ્યગ્દર્શન પહેલા વિકલ્પ નામ રાગમિશ્રિત વિચારમાં એવો નિર્ણય કરે છે. સમજાણું કાંઈ? પછી વિકલ્પ છોડીને નિર્વિકલ્પ દૃષ્ટિ કરે છે. આહા..હા..! આચાર્યોએ કેટલા કામ કર્યા છે ઓહો..હો..! કેટલું ભરી દીધું છે!

મુમુક્ષુ :- કઈ ગાથા?

ઉત્તર :- ૭૩. ૭૩. ૭ અને ૩. બહુ વિસ્તારથી ત્યાં આવી ગયું છે. ..માં પણ એમ કહ્યું હતું. અહીં પણ કહ્યું હતું અમદાવાદ. અમદાવાદમાં. સમજાણું કાંઈ? પંચકલ્યાણક હતોને અમદાવાદ હમણા? ત્યાં તેર દિવસ રહ્યા હતા. ઓહો..! હજી તો વિકલ્પ વડે પણ હું પરોક્ષ છું કે હું પ્રત્યક્ષ છું એના પણ હજી ઠેકાણા નથી. આત્મા જ પ્રત્યક્ષ થવાલાયક છે. થવાલાયક નહિ પ્રત્યક્ષ જ છે. આહા..હા..! પણ સ્વવસ્તુ વળી પ્રત્યક્ષ, સ્વવસ્તુ પરોક્ષ શું? એનો અર્થ શું? સમજાણું કાંઈ? આહા..હા..! એવો પ્રત્યક્ષ હું આત્મા અખંડ છું, અનંત છું. ભાવથી મારી શક્તિ અનંત બેહદ છે. એવો અનાદિ-અનંત એકરૂપ સદા પ્રગટમાન એવો વિજ્ઞાનઘન સ્વભાવ હું છું. એવો તો નિર્ણય સમ્યગ્દર્શન થયા પહેલા કરે છે. હવે એના ઠેકાણા નથી અને પછી થઈ ગયા વ્રત અને તપ ને ચારિત્ર. સમજાણું કાંઈ? અહીં કહે છે, ઓહો..! ભગવાન '(**કેવળ અનુમાન કરનારો જ) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' એવો એમાંથી અર્થ નીકળે છે. અલિંગગ્રહણમાંથી એવો ભાવ નીકળે છે એમ કહે છે. એ પાંચ બોલ થયા.

છઠ્ઠો બોલ. જેને '**લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...**' લ્યો! હવે આવ્યું. અનુમાન દ્વારા નહિ, વિકલ્પ દ્વારા નહિ, નિમિત્ત દ્વારા નહિ. અશુભભાવ

દ્વારા નહિ, વ્યવહાર દ્વારા નહિ-એમ કહે છે જુઓ! આહા..હા..! કહે છેને ભાઈ! પહેલા વ્યવહાર હોય પછી નિશ્ચય થાય. એ કહેતા હતાને. પ્રશ્ન થયો નહોતો સવારમાં? મહાવ્રતાદિ કારણ તો છે કે નહિ? અરે..! ભગવાન! એ આત્મા જ એવો નથી. રાગને કારણ બનાવીને આત્માનું ભાન થાય એવો આત્મા જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શું છે જુઓ, પુસ્તક છેને સામે? કે નહિ? લ્યો અમારે શેઠ તો બોલે છે એ.

જેને **'લિંગ વડે નહિ...'** હવે નકાર આવ્યો. હવે અસ્તિ આવ્યો. ઓલો નકાર-નકાર કરતા હતાને. **'પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...'** ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવ વડે પ્રાપ્ત થાય છે. આહા..હા..! પહેલાથી સમ્યગ્દર્શનના કારણે. જુઓ, સમજાણું કાંઈ? એ આત્મા જ એવો છે. કે શુદ્ધસ્વભાવ, શુદ્ધ ઉપયોગ, શુદ્ધ ઉપયોગ વડે પ્રાપ્ત થાય એવો જ આત્મા છે. વ્યવહારથી, રાગથી પ્રાપ્ત થાય એવો આત્મા છે નહિ. રાગમાં પ્રાપ્ત કરાવાની શક્તિ નથી, પણ આત્મામાં એવી શક્તિ નથી કે રાગ હોય તો પ્રાપ્ત થાય એવો આત્મા નથી. આહા..હા..! કહો ..જી! આહા..હા..! આત્મા સચ્ચિદાનંદ પ્રભુ કહે છે કે પોતાના સ્વભાવથી ગ્રહણ થાય છે. પોતાનો શુદ્ધસ્વભાવ જેવો દ્રવ્યસ્વભાવ, જેવો ગુણસ્વભાવ, એવો પર્યાય નિર્મળ સ્વભાવ છે એમ કહે છે મૂળ તો. શુદ્ધ ઉપયોગ તો પર્યાય છે, પણ એ સ્વભાવ જેમ પોતાનો છે એમ સ્વભાવના શુદ્ધ ઉપયોગ વડે જ સ્વભાવની પ્રાપ્તિ થાય છે. એવો આ આત્મા છે. આહા..હા..! જુઓ, છે કે નહિ એમાં? .. વ્યવહારથી પ્રાપ્ત થાય છે, વ્યવહાર કરતાં-કરતાં થાય એ આત્મા એવો નથી એમ ભગવાન કહે છે. આત્મા એવો છે જ નહિ. તને આત્માની ખબર નથી. સમજાણું કાંઈ? એ કષાય મંદ કરે. પહેલા આવ્યોને પ્રશ્ન સવારમાં? કષાય મંદ હતો એટલે પછી આવ્યું. કહે ના, એવો આત્મા છે જ નહિ. આહા..હા..! કષાયની મંદતા... શેઠ! ..ચંદજી! અહીં એમ કહે છે. જુઓ, જબલપુરમાં બહુ ગડબડ ચાલે છે. બહાર કહ્યુંને. આમ છે ને તેમ છે ને આમ છે. અરે..! ભગવાન! માર્ગ એવો છેને પ્રભુ! તારો એવો સ્વભાવ છે અને તું શું ગડબડ કરે છો?

**'લિંગ દ્વારા નહિ...'** એટલે માથે જે કહ્યુંને? એ બધું નહિ. **'પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...'** પોતાના આત્માનો શુદ્ધ સ્વભાવ ઉપયોગ... વ્યવહાર જે શુભ છે એ તો અશુદ્ધ છે. એ પોતાનો સ્વભાવ નથી. તો વ્યવહારથી પમાય એવો આત્મા છે નહિ. નિમિત્તથી પમાય એવો આત્મા છે નહિ, એમ કહે છે. **'લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે...'** જુઓ, પ્રત્યક્ષ જ્ઞાતા જ છે. જુઓ, અહીં પ્રત્યક્ષ ભાઈ આવી ગયું લ્યો. એ પ્રત્યક્ષ જ્ઞાતા જ છે. આહા..હા..! જુઓ, અહીં બધું આવી ગયું. આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા જ એનો સ્વભાવ છે. રાગથી જણાય એવો તો સ્વભાવ નથી. પ્રત્યક્ષ મતિશ્રુતજ્ઞાનમાં શુદ્ધ ઉપયોગ સ્વભાવ વડે જણાય એવો પ્રત્યક્ષ આત્મા છે. એવું દૃષ્ટિમાં પ્રગટ કરવું તે કારણ સમ્યગ્દર્શન

છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૦, શુક્રવાર, તા. ૨૨.૦૮.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૬-૭, પ્રવચન-૨૪૩**

આ પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન. જ્ઞાનમાં જાણવાલાયક તત્ત્વ શું છે? અને એનું કથન કેવું છે? એમાં આત્માનું પ્રજ્ઞાપન ચાલે છે. છ બોલ થયા. પાંચ થયા. એક છઠ્ઠો થોડો ચાલ્યો. ફરીને વાંચીએ છીએ. પાંચમામાં તો એ આવ્યુંને. ભગવાન આત્મા પરનું જ્ઞાન પણ અનુમાન કરે એવો આત્મા છે જ નહિ. એકલા અનુમાનથી કરે એ આત્મા નથી. આહા..હા..! એ તો અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે એનાથી જે પોતાનું અને પરનું જ્ઞાન કરે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? અનુમાન કરનારો નથી. આહા..હા..! રાગ, પુણ્યને તો કાઢી નાખ્યા, પણ પ્રત્યક્ષ વિના કેવલ-એકલું અનુમાન જ્ઞાનથી અનુભવમાં આવે એવો આ આત્મા છે નહિ. એમ કહે છે.

છઠ્ઠો બોલ. અસ્તિ આવી હવે. ઓલું નકાર-નકાર હતુંને? જેને નામ આત્માને **'લિંગ દ્વારા નહિ...'** અથવા તો ઉપર જે ઇન્દ્રિય આદિ, અનુમાન આદિ કહ્યા એના **'દ્વારા નહિ...'** એ પાંચ બોલ કહ્યાને? એનાથી આત્મા જણાતો નથી, જ્ઞાનનું જ્ઞેય બનતું નથી, એમ કહે છે. આહા..હા..! **'લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...'** આહા..હા..! ભગવાન આત્માનો શુદ્ધસ્વભાવ... શુદ્ધ સ્વભાવ... વ્રતાદિના પરિણામ શુભ છે એનાથી આત્મા જણાય અને આત્માનો ધર્મ થાય એમ નથી. સમજાણું કાંઈ? એ તો શુદ્ધ સ્વભાવથી જણાય અને અનુભવમાં આવે છે, પહેલેથી જ. સમજાણું કાંઈ? જેને **'લિંગ દ્વારા નહિ...'** એટલે ઉપર જે કહ્યા પાંચ બોલ એનાથી જણાતો નથી. ત્યારે **'સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...'** ભગવાન અતીન્દ્રિય જ્ઞાન આનંદસ્વરૂપ એ પોતાની પર્યાયમાં જે એનો શુદ્ધ સ્વભાવ છે એ શુદ્ધ સ્વભાવ વડે પ્રગટ થઈને, શુદ્ધ સ્વભાવ દ્વારા એનું ભાન થાય છે. એનું સમ્યગ્દર્શન શુદ્ધ સ્વભાવ વડે આત્મા પકડાય છે એમ કહે છે. જેઠાભાઈ! ભારે વાત! વ્યવહારવાળાને તો એટલું આકરું લાગેને. વ્યવહાર-વ્યવહાર. .. છેને. અહીં તો વ્યવહાર તો ક્યાંય ગયો,

એનાથી તો લાભ નથી. એ તો પરચીજ છે. ખરેખર વ્યવહારનો વિકલ્પ એ પરદ્રવ્ય છે. તો પરદ્રવ્યથી આત્માને કાંઈ લાભ થાય. છે પરદ્રવ્ય. હોય તો બધા છ દ્રવ્ય છે, આખું લોકાલોક છે. સમજાણું કાંઈ? પણ પરદ્રવ્યથી આત્માને ધર્મ થાય, સમ્યગ્દર્શન-જ્ઞાન થાય એમ નથી. સમજાણું કાંઈ?

સવારે પ્રશ્ન ઉઠ્યો હતો કે વ્યવહાર... વ્યવહાર તીર્થનો નાશ થાય છેને? વ્યવહાર ન હોય તો તીર્થનો નાશ થાય. બરાબર છે એ. જો ભેદરૂપ ભાવ ન હોય તો તીર્થ નામ ચૌદ ગુણસ્થાન પણ રહેતા નથી. છે ખરા. એ છે, પણ આશ્રય કરવાલાયક નથી. એના આશ્રયે લાભ છે એમ નથી. સમજાણું કાંઈ? ગુણસ્થાન ભેદ છેને. ચોથો ને પાંચમો ને છઠ્ઠો એ ભેદ છે. પર્યાયથી ભેદ છે લ્યોને. પર્યાય એ વ્યવહાર છે. નિશ્ચયમાં તો પર્યાય છે એ વ્યવહાર છે. જો પર્યાય ન માને તો વ્યવહારનો નાશ થાય છે ન માને તો. અને પર્યાયનો આશ્રય લેવા જાય તો મિથ્યાત્વ થાય છે. પર્યાયબુદ્ધિ રહે છે. સમજાણું કાંઈ? ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ, કહે છે કે **'સ્વભાવ વડે ગ્રહણ થાય છે...'** ગ્રહણ શબ્દે જ્ઞાન. સ્વભાવ શુદ્ધ ચૈતન્ય, શુદ્ધ ઉપયોગ અથવા પ્રત્યક્ષ જ્ઞાતા. આહા..હા..! સમજાણું કાંઈ? પરોક્ષ જ્ઞાનથી પણ આત્મા જણાતો નથી એમ કહે છે. ઇન્દ્રિય અને મનથી જાણપણું થાય એ જ્ઞાનથી આત્માનો અનુભવ થાય અને સમ્યગ્દર્શન થાય એમ નથી. આત્મા એવો નથી. પોતાનો શુદ્ધ સ્વભાવ પ્રત્યક્ષ જ્ઞાતા. મતિ અને શ્રુત શુદ્ધ ઉપયોગ પ્રત્યક્ષ જ્ઞાતા રાગ અને નિમિત્તની અપેક્ષા વિના એવું મતિશ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થઈને પોતાને જાણે છે. એનું નામ આત્મા જાણવામાં અને સમ્યગ્દર્શનમાં આવ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓ, જેને **'લિંગ દ્વારા...'** એ શુભાશુભ પરિણામ આદિની વાત પછી આવશે. પણ અહીં તો જ્ઞાનની પ્રધાનતા છેને? અહીંયાં તો **'લિંગ દ્વારા નહિ...'** ઉપર કહ્યું હતું એ. **'પણ સ્વભાવ વડે ગ્રહણ થાય છે...'** એ તો જ્ઞાન અને શુદ્ધ પવિત્ર જે વિકલ્પ નામ રાગની અપેક્ષા રાખ્યા વિના, વ્યવહારનો, નિમિત્તનો, મનનો સંબંધ રાખ્યા વિના સીધું જ્ઞાન, જેવો દ્રવ્ય સ્વભાવ અતીન્દ્રિય છે, ગુણ છે, એવી પર્યાય શુદ્ધ રાગ વિનાની, વિકલ્પ વિનાની, નિમિત્તના સંબંધ વિનાની. નિરપેક્ષ પોતાનો જ્ઞાન સ્વભાવ શુદ્ધ થઈને પોતાના જ્ઞાતાપણાનું ભાન થાય છે. જુઓ, આ પ્રથમ સમ્યગ્દર્શનની વાત ચાલે છે. આ કોઈ આગળની વાત છે એમ નથી. **'સ્વભાવ વડે...'** ઓહો..હો..! વ્યવહાર તો વિભાવ છે. ...નું જ્ઞાન એ તો પરની અપેક્ષા રાખે છે. એનાથી આત્માનો અનુભવ અને આત્મદર્શન થતું નથી. આત્મદર્શન એનાથી નથી થતું. આહા..હા..! આત્માનો સાક્ષાત્કાર કેમ થાય? કે શુદ્ધ જ્ઞાનની પર્યાય વડે પ્રત્યક્ષ થઈને આત્મા ભાનમાં આવે છે. આત્માનો પ્રત્યક્ષ સ્વભાવ જ છે એમ કહે છે અહીંયાં તો. આહા..હા..! છે?

જુઓ, **'આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે...'** આહા..હા..! શુદ્ધ ચૈતન્ય સ્વભાવ

એ પ્રત્યક્ષ પોતાની પર્યાયમાં. કાલે કહ્યું હતું કે સમ્યગ્દર્શન થયા પહેલા એવો નિર્ણય કરે છે કે હું તો પ્રત્યક્ષ આત્મા જ છું. નિર્ણય કરે છે, વિકલ્પ દ્વારા હજી નિર્ણય કરે છે. એ પણ સાચો નિર્ણય નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન, ધર્મની પર્યાય પ્રગટ થયા પહેલા રાગમિશ્રિત વિચારમાં પણ એવો પહેલા નિર્ણય કરે છે. હું તો અખંડ પ્રત્યક્ષ આત્મા છું. હવે એટલો હજી રાગમિશ્રિત વિચારના નિર્ણયના ઠેકાણા નથી અને એને સમ્યગ્દર્શન થયું અને સમ્યગ્જ્ઞાન છે (એમ) માની લે. સમજાણું કાંઈ? પોતાની કલ્પનાથી માની લે કે સમ્યગ્દર્શન તો છે ભાઈ અમને. હવે આપણે વ્રતાદિ કરો. એ વ્રત એટલે ચારિત્ર છે. રાગ અને ચારિત્ર ધૂળેય નથી ચારિત્ર. દર્શન પણ નથી અને ચારિત્રની એને ખબર નથી. બહુ ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

જેને એટલે આત્માને 'લિંગ દ્વારા...' અર્થાત્ ઇન્દ્રિયોથી, અનુમાનથી, ધુમાડા દ્વારા અગ્નિનું અનુમાન કરવાથી એવો જે અનુમાન આદિ બધા લિંગથી ગ્રહણ થતું નથી. લ્યો! તો પછી દયા, દાન, વ્રતના પરિણામ એ તો વિભાવ અને વિકલ્પ છે. એ તો જ્ઞાન પણ નથી. એ તો જ્ઞાન પણ નથી. જ્ઞાનનો અંશ પણ એમાં નથી. તો એનાથી આત્માનું જ્ઞાન થાય અને આત્માનું દર્શન થાય એ તો છે નહિ. આહા..હા..! આ તો નિશ્ચય એકાંત લાગે માણસને. નિશ્ચય નામ સત્ય છે એ. સત્ય જ એવું છે. ભગવાન સ્વરૂપ ચિદાનંદ પ્રભુ સત્ય જ એવું છે કે પ્રત્યક્ષ જ્ઞાતા થાય એને આત્મા કહે છે. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનો રાગ એ આત્મા નથી, એ તો અણાત્મા છે, અણાત્મધર્મ છે એ તો. જુઓ, ધન્નાલાલજી! આહા..હા..! વિકલ્પની વૃત્તિ જે ઉઠે છે અંતરંગ પુણ્યનો વિકલ્પ હોય કે બહારની દયા પાળવી વગેરે અહિંસા, સત્યનો વિકલ્પ એ તો અણાત્મ ધર્મ છે. એ આત્મા છે જ નહિ. આત્માનો ધર્મ નથી અને આત્માને સહાય છે જ નહિ. જડ આત્માને સહાયક છે? એ તો જડ અજ્ઞાનભાવ છે. ત્યારે કહે, વ્યવહારને નહિ માનો તો તીર્થનો છેદ થાય એવું આવે છેને શાસ્ત્રમાં? પ્રશ્ન થયો હતો કે નહિ? વ્યવહાર છે નહિ. છે નહિ તો જ્ઞાન કોનું કર્યું? છે એનું જ્ઞાન થાય કે ન હોય એનું જ્ઞાન થાય છે? ભેદ, રાગ, એક સમયની પર્યાય, શુદ્ધિનો અંશ અને અશુદ્ધિ છે. છે એનું જ્ઞાન કરવું એનું નામ વ્યવહાર. પણ એ નથી જ, પર્યાય નથી, ભેદ નથી, રાગ નથી, નિમિત્ત નથી અંદર, રાગ નિમિત્ત છેને એ? વ્યવહાર રત્નત્રય એ નથી જ એમ નહિ. છે ખરા. સમજાણું કાંઈ? એ ધર્મ નથી અને એનો આશ્રય કરવાથી આત્માનું ભાન થતું નથી. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયનો આશ્રય કરવાથી પણ વિકલ્પ ઉઠે છે. સમજાણું કાંઈ? નિયમસારમાં ત્યાં સુધી કહ્યું કે ભગવાન આત્મા એમાં જે રાગાદિ છે એ તો પરદ્રવ્ય છે જ, હેય છે જ, પરભાવ છે જ, પણ પોતાની પર્યાયમાં સમ્યગ્દર્શન જ્ઞાન જે નિર્મળ પર્યાય દ્રવ્યને આશ્રયે થઈ. સ્વદ્રવ્યના અવલંબનથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય વીતરાગી થઈ એને પણ ત્યાં પરદ્રવ્ય કહી છે.

મુમુક્ષુ :- .. ઠીક પડે

ઉત્તર :- ...ઠીક પડે એમ હોય? એ ગમે તેમ ઠીક પડે એમ કહે છે. જ્ઞાનીનું .. એમ છે? વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? કેમ? કે જેમ... મોક્ષમાર્ગ છેને ત્યાં નિયમસાર? જેમ પોતા સિવાય પરદ્રવ્યથી પોતાની નિર્મળ પર્યાય, વીતરાગી પર્યાય ઉત્પન્ન થતી નથી. સમજાણું કાંઈ? તો એ પરદ્રવ્ય શરીર, વાણી જેમ પરદ્રવ્ય. અરે..! સર્વજ્ઞ પરમાત્મા પરદ્રવ્ય. કે એથી પોતાની સમ્યગ્દર્શનની પર્યાય જ્ઞાનથી થતી નથી. ઠીક! એમ રાગ જે અંદરમાં છે પુણ્ય, દયા, દાન, વ્રત એમાંથી પણ નિર્મળ ઉત્પન્ન થતી નથી. એ તો રાગ છે. અને એક સમયની પર્યાય છે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન, તો પર્યાયમાંથી નવી પર્યાય ઉત્પન્ન નથી થતી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન સ્વદ્રવ્યને આશ્રયે થયું, સમ્યગ્જ્ઞાન થયું, આનંદની પર્યાય થઈ, વીતરાગી અવસ્થા થઈ. છે ખરી, પણ એને આશ્રયે નવી પર્યાય શુદ્ધિની વૃદ્ધિ એવા આશ્રયથી થતી નથી. જેમ પરદ્રવ્યને આશ્રયે નથી થતી એમ વર્તમાન પર્યાયને આશ્રયે નવી શુદ્ધ પર્યાય ઉત્પન્ન થતી નથી. એ કારણે વીતરાગી પર્યાયને પણ ચોથે, છઠ્ઠે ગુણસ્થાને વીતરાગી ચારિત્ર પર્યાયને પણ સ્વદ્રવ્યને આશ્રયે શુદ્ધિ-વૃદ્ધિ થાય છે એ બતાવવા શુદ્ધ પર્યાયને પણ પરદ્રવ્ય કહી છે. સમજાણું કાંઈ? ડોક્ટર! સમજ્યા? નિયમસાર-૪૯ ગાથા. પંડિતજી! નિયમસારની ૪૯ ગાથા. નિર્મળ પર્યાય જે સ્વદ્રવ્યના અંતરમાંથી, શક્તિમાંથી આવી છે. અંતરમાંથી અંદર આલંબન કરીને ક્ષાયિક સમકિત થયું. એ પરદ્રવ્ય? આચાર્ય ગમે તેમ કહે એમ હશે? જેઠાભાઈ! ગમે તેમ કહે એનો અર્થ શું? કે એ ન્યાયથી કહે છે. ક્ષાયિક સમકિત પર્યાય ઉત્પન્ન થઈ અને ટકી છે એ દ્રવ્યથી ઉત્પન્ન થઈ અને દ્રવ્યને આશ્રયે ટકી છે. સમજાણું કાંઈ? તો જે પર્યાય છે એમાંથી નવી પર્યાય શુદ્ધિની વીતરાગતાની પર્યાયમાંથી પર્યાય નથી આવતી. એ તો શુદ્ધ ચિદાનંદ ભગવાન દ્રવ્યનો અંદર વિશેષ અને ઉગ્ર આશ્રય કરે. વિશેષ આશ્રય લે તો નવી પર્યાય ઉત્પન્ન થાય છે. શું પર્યાયનો આશ્રય લેવાથી પર્યાય ઉત્પન્ન થાય છે? સમજાણું કાંઈ? ઓહો..હો..! જુઓ તો ખરા.

**'લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...'** આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! એને સાંભળવા મળે નહિ, વિચારવા માટે મળે નહિ, સમજવા માટે મળે નહિ એ કે દિ' રુચિ કરે? અને કે દિ' સમ્યગ્દર્શન પ્રગટ કરે? મૂળ ચીજ તો એ છે. મૂળમાં ભૂલ છે પહેલી. આખી અનાદિ ચક્ર એમ ને એમ પરને આશ્રયે આમ થયું અને આમ થયું અને કરતા-કરતા થશે. ધૂળેય નહિ થાય. ધૂળનો અર્થ? સમ્યગ્દર્શનમાં જેવા પુણ્ય બંધાય એવા પુણ્ય પણ તને નહિ થાય, સાંભળને. સમજાણું કાંઈ? આ તો આત્માનું હિત કરવું હોય એ વાત છે, ભાઈ! વાતું કરવી હોય કે મારું સાચું છે, તારું સાચું છે ને આમ ને તેમ ને. આહા..હા..! કહે છે, ભગવાન! આઠ વર્ષની બાળિકાનો આત્મા હોય. આત્મા કાંઈ બાળિકાનો નથી હોં. ભાષા કેમ કરે! આહા..હા..! જ્ઞાનીને વ્યવહાર છે એ પણ વ્યવહાર

કહેવામાત્ર છે. જ્ઞાનીને વ્યવહાર છે જ નહિ. ભારે વાત ભાઈ! એમ કે સમકિતીને પણ વ્યવહાર હોય છેને. કહે, ના. સમકિતીને વ્યવહાર હોય જ નહિ. વ્યવહાર તો પુદ્ગલમાં થાય છે. આત્મામાં વ્યવહાર છે નહિ. પણ સમજાવવા માટે એમ કહે કે સમ્યગ્દર્શન થયું, તોપણ એમાં જરી રાગભાગ છે, પણ રાગ એનો ક્યાં છે? માટે તો એને વ્યવહાર કહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યવહાર છે એ પોતાની પર્યાય જ નથીને. દ્રવ્ય, ગુણ તો નહિ, પણ પોતાની પર્યાય નથી એ. આહા..હા..! કાયરના કાળજામાં તો એમ થાય. આહા..હા..! એકાંત છે રે એકાંત છે. ભગવાન પાસે જા. એકાંત-બેકાંત પોકારવું હોય તો તારે. એ ભગવાન પાસે ક્યાં જઈ શકે? અહીં હજી વાત યથાર્થ બેસતી નથી. ભગવાન ક્યો ભગવાન? ભગવાન સાક્ષાત્ તીર્થંકર પાસે જાય તોપણ એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યને લક્ષે ભક્તિ આદિ ઉત્પન્ન થાય એ તો રાગ છે. ભગવાન તો ત્યાં એમ કહે છે એની વાણીમાં. સમજાણું કાંઈ? અમારી સામું જોવું છોડી દે અને પર્યાયનું લક્ષ છોડી દે અને અમારા તરફથી ભક્તિનો વિકલ્પ ઉત્પન્ન થયો એનું લક્ષ છોડી અને સ્વભાવથી દ્રવ્યનું લક્ષ કર તો તને સમ્યગ્દર્શન થશે. ભગવાન તો ત્યાં એમ કહે છે. જેઠાભાઈ! એય..! શેઠ! કહો આ અમારા શેઠ છે એણે એમ ને એમ જીંદગી કાઢી ભાન વિના. ભાન વિના નથી તો શું છે? આત્માના ભાન... અત્યારે લોકના ભાનવાળા એમ કહે છે. લોકમાં ડાહ્યા છે. શેઠ વીરચંદજી! લોક ડાહ્યા છે માન્યતા છે ત્યાં. જબલપુરમાં લ્યો. લોકનું ભાન શું? એ તો અજ્ઞાન છે, મૂઢ છે. આહા..હા..! સંસારની સમજણ સંસારમાં ડૂબાડવાની વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો કહે છે, ભગવાન! તારામાં શું ખામી અને કચાશ અને શું .. છે? કે તારે પર્યાયનો અને રાગનો આશ્રય લઈને સ્વભાવનો આશ્રય થાય એવી ચીજ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં તો હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. ક્યાં ગયા? ડોક્ટર! આ સમ્યગ્દર્શન પૂછતા હતાને. એ સવારમાં આજે પૂછતા હતા એ ભાઈ જુવાન. કે ભાઈ સમ્યગ્દર્શન કેમ થાય? કીધું આપણે સમ્યગ્દર્શન કેમ થાય એ જ વાત ચાલે છે આખો દિ'. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ સત્ત્વ છે. તો એના સ્વભાવને આશ્રયે, રાગનું લક્ષ છોડી દે, વિકલ્પનું લક્ષ છોડી દે, શરીરનું લક્ષ છોડ. પરનું લક્ષ છોડશે ત્યારે સ્વભાવની પર્યાય થશે તો એ સ્વભાવ વડે આત્મા જણાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? સહેલો કોઈ માર્ગ છે આ સિવાય? આ સરળ છે. જે પોતાથી થઈ શકે તે સરળ છે. રાગથી, પરથી થઈ શકે એ સરળ નથી. એ તો પરાધીન વાત છે. સમજાણું કાંઈ? શું?

મુમુક્ષુ :- જ્ઞાનની પર્યાય...

ઉત્તર :- પરલક્ષી જ્ઞાનની પર્યાયથી પણ જ્ઞાન નથી થતું. એ તો પહેલા આવી ગયુંને છ બોલમાં? ઇન્દ્રિયથી જ્ઞાન નહિ, અનુમાનથી નહિ, એનાથી આત્મા જણાતો નથી? એ તો છ બોલ આવી ગયા. આહા..હા..! વાત એ કે એને માહાત્મ્ય નથી આવતું. કે ભગવાન

ચિદાનંદ સ્વરૂપ, સાક્ષાત્ પરમાત્મ સ્વરૂપ જ છે. 'અપ્પા સો પરમ અપ્પા.' આત્મા જ પરમાત્મસ્વરૂપ છે. મારામાં અપૂર્ણતા છે જ નહિ. એવી દૃષ્ટિ સ્વભાવથી થાય છે. કોઈ પર્યાયના લક્ષે કે રાગથી એવી દૃષ્ટિ થતી નથી. એ કઠણ લાગે માણસને આમ. આખી જિંદગી ઘૂંટ્યું હોય અને ઘૂંટાવનારા મળ્યા હોય. તત્ત્વ... આવે છેને એ? 'દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા.' એ આવે છે શ્વેતાંબરમાં. ખતરગચ્છમાં થયા એક નહિ દેવચંદજી? 'દ્રવ્ય ક્રિયા રુચિ જીવ' શ્વેતાંબરમાં એમ કહે છે જુઓ, 'દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા જી, ભાવધર્મ રુચિ હીન, ઉપદેશક પણ તેહવા જી' એક તો અજ્ઞાનીને અનાદિથી પુણ્ય-પાપની ક્રિયા, દયા, દાન, વ્રતની ક્રિયાની રુચિ જડની છે. 'દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા અને ભાવધર્મ ધર્મ રુચિ હીન' હું આનંદકંદ સચ્ચિદાનંદ શુદ્ધ છું એવી રુચિથી વિપરીત એની દૃષ્ટિ છે. 'ઉપદેશક પણ તેહવા જી' અને ઉપદેશ દેનારા પણ એવા મળ્યા. રોતી હતી અને પિયરીયા મળ્યા. આવે છેને? કહેવાય આવે છે કે નહિ તમારે? .. એમ. અમારે એમ કહે છે. એક તો બાઈ રોતી હતી. રોતી હતી સમજ્યાને? રુદન કરે. રોતી હતી એમાં એનો ભાઈ મળ્યો. કેમ બેન? તો મૂકી પોક. અરેરે..! ભાઈ! મને. શું છે પણ? અરે..! ઘરેથી મારી સાસુએ આમ કર્યું. હું તો ભાગી આવી છું. રોવા માંડી. એક તો રોતી હતી, રુદન કરતી હતી અને પિયરીયા અમારે એમ કહે. પિયરીયા એટલે એના સગા ઘરના. મા-બાપ આવ્યા. મૂકી પોકરણ સરખાઈની. અરે..! હું તો દુઃખી છે. હવે જ્યારે મારા પતિ તો બહુ .. પણ સાસુ અને સસરા જીવ ખાઈ જાય છે આખો દિ'. શેઠ! વીરચંદજી! એવું ચાલે છેને અહીંયાં? રોતી હતી અને પિયરીયા મળ્યા. અમારી કાઠિયાવાડી ભાષા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ આવ્યા. રોવા માંડી. એમ એક તો રુચતી હતી વાત કે પુણ્યથી ધર્મ થાય, રાગથી ધર્મ થાય એમ થાય અને ઉપદેશક પણ એવા મળ્યા. 'શું કરે જીવ નવીન.' બિચારા શું કરે? 'શું કરે જીવ નવીન રે ચંદ્રાનન જિન.' પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં. ચંદ્રાનન ભગવાન છે વીસ તીર્થંકરમાં. 'ચંદ્રાનન જિન સાંભળીએ અરદાસ. તત્ત્વરસિક જન થોડલા જી બહુ જન સંવાદ' હે પ્રભુ! ભરતક્ષેત્રમાં એવો વિવાદ થઈ ગયો. કે 'તત્ત્વરસિક જન થોડલા જી.' થોડલા સમજ્યા? થોડા. અને 'બહુ જન સંવાદ.' વાદવિવાદ આમ છે ને તેમ છે. એમ વાદવિવાદમાં પડ્યો છે. સમજાણું? 'જાણો છો જિનરાજજી. એ સઘળો વિખવાદ. ચંદ્રાનન જિન સાંભળીએ અરદાસ.' પ્રભુ! આ ભરતક્ષેત્રમાં તત્ત્વના રસિકજન થોડા થઈ ગયા. અને વાદવિવાદ અને સંવાદમાં પડ્યા જગતના પ્રાણી. પ્રભુ! આપે કહ્યા તત્ત્વને સમજવામાં મહા વિવાદ અને ઝઘડો થઈ ગયો. સમજાણું કાંઈ? એ સાચાને લૂંટ્યા. ઓલા કહે છેને? શું કહે છે? બેરિસ્ટર ઓલા. કોતવાલ ચોરને દંડે. ઉલટા ચોર કોતવાલકો દંડે. કોતવાલ તો ચોરને પકડે, પણ આ તો ચોર કોતવાલને દંડે. આમ થઈ ગયું, પ્રભુ!

પોકાર કરે છે. લ્યો! શ્વેતાંબરમાં આમ પોકાર કરે છે. દેવચંદજી અઢીસો વર્ષ પહેલા હોં. પ્રભુ! શું છે? તમે બિરાજો છો પ્રભુ! તમે ત્યાં મહાવિદેહ ક્ષેત્રમાં. અમને તો તમારો વિરહ થઈ ગયો. અહીંયાં તો વાદવિવાદથી ચાલે છે. તમારી કહેલી વાત તો જગતને રુચતી નથી અને ઝઘડામાં પડ્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કરો ચર્ચા.

ઉત્તર :- કરો ચર્ચા. અરે..! ભગવાન! ચર્ચા કોની સાથે કરે? ચર્ચા તો બહુ થઈ ગઈ. અમારા શેઠ કહેતા નથી? ખાણિયામાં થઈ ગઈને શેઠ? લ્યો! ખાણિયામાં થઈ ગઈ. બે પુસ્તક બહાર પડ્યા છે. ખાણિયાના ચર્ચાના બે પુસ્તક બહાર પડ્યા છે. બહુ ચર્ચા છે એમાં. અહીં પહેલા બધું જોયું પછી છપાયું છે. પહેલા અહીં જોયું હતું બધું. સમજાણું કાંઈ? પછી છપાયું છે એ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઘણું લખ્યું છે એમાં. પણ .. મધ્યસ્થતાથી વિચાર કરે તોને.

અહીં કહે છે કે હે નાથ! તમે તો એમ કહો છો કે કોઈપણ રાગ વિકલ્પ અને અનુમાનજ્ઞાન દ્વારા આત્મા જણાતો નથી, પ્રભુ! એમ તમે કહો છો. તો આત્મા, ભગવાન એમ કહે છે એમ ન માનવું, આગમ એમ કહે છે એમ ન માનવું. ગુરુ અને કુંદકુંદાચાર્ય કહે છે એમ ન માનવું. ત્રણેને માન્યા નહિ એણે.

મુમુક્ષુ :- તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ન રહી.

ઉત્તર :- સાચી શ્રદ્ધા જ ક્યાં છે? એ તો આનંદઘનજી કહે છેને. 'દેવ ગુરુ ધર્મની શ્રદ્ધા કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો. દેવ ગુરુ ધર્મની શ્રદ્ધા કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો, શુદ્ધ શ્રદ્ધાન બિન સર્વ ક્રિયા કરે, છાર પર લીંપણું તેહ જાણો.' એક શ્વેતાંબરમાં આનંદઘનજી થઈ ગયા. એ કહે છે. .. પછી સાધુપણું છોડી દીધું હતું. જંગલમાં રહેતા હતા. ... એ કહેતા હતા હોં કે આ .. પ્રભુ! પોતાને તો સમજતા નથી. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ એની સાચી નથી. કેમકે દેવ તો શુદ્ધસ્વભાવથી આત્માનો લાભ કેમ થાય એમ દેવ કહે છે. ગુરુ એમ કહે છે અને શાસ્ત્ર એમ કહે છે કે શુદ્ધ સ્વભાવથી તારા આત્માનું સમ્યગ્દર્શન થશે. રાગ ને વિકાર ને નિમિત્તથી થશે નહિ. તો પ્રભુ! એમ માનતા નથી તો તમને પણ માનતા નથી. હરિચંદજી શેઠ! જુઓ આ. આહા..હા..! 'દેવ ગુરુ ધર્મની શ્રદ્ધા કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.' શુદ્ધ સ્વભાવનો આશ્રય ન કરો અને શુદ્ધથી લાભ થાય એમ ન માનો તો ભગવાનની શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ નથી રહેતી. દેવ-ગુરુ-શાસ્ત્ર તો એ કહે છે. સમજાણું કાંઈ? તો તારી શ્રદ્ધા પણ સાચી નથી.

**'લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...'** એક સિદ્ધાંત. આ

તો એકાંત થઈ ગયું. સ્વભાવ વડે આત્માનો અનુભવ રાગરહિત નિર્મળ પર્યાય શુદ્ધ આનંદ અને મતિ અને શ્રુતજ્ઞાન... રાગ અને નિમિત્તની અપેક્ષા છોડીને સ્વનો આશ્રય કરે તો મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થઈ જાય છે. પોતાના અનુભવમાં મતિશ્રુતજ્ઞાન, સ્વનો આશ્રય છે, પરનો આશ્રય નથી તો તે પ્રત્યક્ષ થઈ જાય છે. તો પ્રત્યક્ષ આત્મા જ્ઞાતા જ છે. મતિશ્રુતજ્ઞાનથી આત્મા પોતાના સ્વભાવથી જણાય તો એ આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા જ છે. પરોક્ષ રહે એ આત્માનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? લક્ષ્મી..જી! આહા..હા..!

અરે..! નિજઘરનું... એ ભક્તિમાં નથી આવતું? 'અબ હમ કબહુ ન નિજઘર આયે.' આવે છેને ત્યાં જયપુર બોલતા હતા કોઈ. પરઘર ભટકત અનેક નામ ધરાયે. હું રાગી છું, હું પુણ્યવાન છું, પુણ્ય કરનાર તો અનંત મિથ્યાત્વ છે બધું. સમજાણું કાંઈ? પણ એ બહારની ક્રિયાના ત્યાગમાં એવી મીઠાશ લાગે છેને એને કે બાહ્યનો મેં ત્યાગ કર્યો અને રાગ, શુભભાવને ગ્રહણ કર્યો. એ તો મિથ્યાત્વભાવ છે. ત્યાગગ્રહણ આત્મામાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા તો ત્યાગગ્રહણ રહિત છે. કોને ગ્રહે અને છોડે? સમજાણું કાંઈ? રાગનો પણ ત્યાગ કરનાર આત્મા પરમાર્થે છે નહિ. પરનો તો ત્યાગ કરનારો છે નહિ, પરનો ત્યાગ હું કરું તો એનો અર્થ કે પરને મેં ગ્રહ્યું હતું. સ્વામી થઈને પરનો ત્યાગ કરે છે તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાત્વ બાદશાહી ગુણસ્થાન છેને. સમજાણું કાંઈ? બાદશાહી ગુણસ્થાન સમજાણું? જે બાદશાહનું રાજ ચાલે એનું નાણું ચાલે. એનો સિક્કો ચાલે. એમ અનાદિથી મિથ્યાત્વનો સિક્કો ચાલે છે. ફતેહચંદજી! એનું જ રાજ છે. મોહરાજાનું રાજ છે જ્યાં-ત્યાં. આહા..હા..! ... આહા..હા..!

ભગવાન આત્મા... શું કહે છે, જુઓ તો ઓહો..હો..! આચાર્યોએ ટૂંકા શબ્દોમાં ગાગરમાં સાગર ભરી દીધો છે. આહા..હા..! કહે છે કે અશુદ્ધ ઉપાદાન રાગ અને મન, ઇન્દ્રિયથી થતું જ્ઞાન એનાથી આત્મા પ્રાપ્ત નથી થતો. અશુભ રાગ જે શુભ છે એનાથી તો પમાતો નથી. એ કઠણ પડે છે. અહીં તો હજી મતિશ્રુતનું મનથી અવલંબનવાળું જ્ઞાન એનાથી પણ આત્મા પમાતો નથી. કેમકે આત્મા એવો પરાધીન છે નહિ. આહા..હા..! પણ એની બાદશાહી બેસે ત્યારેને એને. રાકાંઈ માની છે કે હું ભિખારી છું. 'વરાંકા' એવો શબ્દ છે શાસ્ત્રમાં. વરાંકા. રાંક છો ભિખારી? એવો શબ્દ છે શાસ્ત્રમાં. સમજાણું કાંઈ? બાદશાહ ત્રણ લોકનો નાથ આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણવાની શક્તિ એવી અનંતી શક્તિ આત્માના જ્ઞાનગુણમાં પડી છે. એવો ભગવાન આત્મા પોતાનું જ્ઞાન શુદ્ધ નિર્મળ પ્રત્યક્ષ એ વડે જણાય છે. કેમકે વસ્તુ પ્રત્યક્ષ છેને .. શક્તિ એમાં. .. શું કહેવાય એ વાત? પ્રકાશક. પ્રકાશક. ૪૭ શક્તિમાં. ૪૭ શક્તિ છેને? એમાં બારમી શક્તિ

છેને? પ્રકાશ નામની શક્તિ છે. આત્મામાં એક પ્રકાશ નામનો ગુણ છે. ૪૭ શક્તિઓ છેને? હમણા આત્મવૈભવમાં આવ્યું. જીવતર શક્તિ નહિ? ચિતિશક્તિ, દૃષ્ટિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શી, સ્વચ્છત્વ અને પ્રકાશશક્તિ. બારમો પ્રકાશ નામનો એક ગુણ આત્મામાં છે. તો અનાદિ-અનંત ગુણ છે એનાથી. તો પ્રકાશ ગુણનું કાર્ય શું? કે પ્રત્યક્ષ.. એનો ગુણ એવો છે. પરોક્ષ રહે એવો કોઈ ગુણ છે જ નહિ એમ કહે છે. આહા..હા..! એ વસ્તુ હોય કોઈ? શું કહ્યું સમજાણું કાંઈ?

આત્મામાં ૪૭ શક્તિનું વર્ણન કર્યું છેને સમયસારમાં પાછળ? એ તો આપણે બધું થઈ ગયું છે એક આત્મપ્રસિદ્ધિ અને એક આત્મવૈભવ. એમાં ઘણું સ્પષ્ટીકરણ થયું છે. અમરચંદભાઈ! જોયું છેને? જોયું છે. તો એમાં પ્રકાશક નામનો એક ગુણ છે. શેમાં? આત્મામાં. એ ગુણનો ગુણ શું? અથવા એ ગુણનું કાર્ય શું? કે આત્મા પ્રત્યક્ષ થઈ જાય એ જ પ્રકાશ નામના ગુણનું કાર્ય છે. આત્મા પ્રત્યક્ષ થઈ જાય એ પ્રકાશ ગુણનું કાર્ય છે. તો પ્રકાશ ગુણ જે છે એ દ્રવ્યમાં વ્યાપક છે વસ્તુમાં, ગુણમાં વ્યાપક છે, પણ પર્યાયે એનો આશ્રય ન કર્યો તો પર્યાયમાં વ્યાપક નથી. તો એ આત્મા નથી. શું કહ્યું સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ફરીવાર કહો.

ઉત્તર :- ફરીને કહીએને. કહીએ છીએ આ તો. કે આત્મા જે વસ્તુ છે આ શરીર-બરીર તો પરવસ્તુ ધૂળ છે એનું અસ્તિત્વ આત્મામાં છે નહિ. પુણ્ય-પાપનું અસ્તિત્વ આત્મામાં છે નહિ. એક વાત. એક સમયની અવસ્થા પણ ત્રિકાળ દ્રવ્યમાં છે નહિ. હવે જે વસ્તુ છે ત્રિકાળ દ્રવ્ય અને ગુણ એમાં પ્રકાશ નામનો એક ગુણ છે. શક્તિ છે. ભગવાને અનંતગુણમાં એક શક્તિ એ દેખી છે. આનંદગુણ છે, જ્ઞાનગુણ છે, દર્શનગુણ છે, વીતરાગતા ગુણ છે, એવો એક પ્રકાશ નામનો ગુણ છે. તો એ ગુણ દ્રવ્યગુણમાં તો વ્યાપક છે જ. પણ પર્યાયે એનો આશ્રય ન લીધો તો પ્રકાશ ગુણની પર્યાયમાં વ્યાપકતા નથી. તો એ આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? દેસાઈ! ફરીને કહીએ. એ તો અપૂર્વ વાત છે. લોકોને સાંભળવા મળતી નથી એવી વાત છે. આ તો બહારની ગડબડ... ગડબડ... ગડબડ... આખી.

અહીં ભગવાન કહે છે કે એ પ્રત્યક્ષ જ્ઞાતા છે. એનો અર્થ આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. એનો અર્થ? કે પ્રકાશ નામનો ગુણ છે એ ગુણનું કાર્ય શું? જ્યારે દ્રવ્યસ્વભાવનો આશ્રય લે છે અને ગુણનો આશ્રય લે છે, તો દ્રવ્ય-ગુણ જેમ પ્રત્યક્ષ છે શક્તિમાં. એમ પર્યાયમાં પ્રત્યક્ષ થવું એ પ્રકાશ ગુણનું કાર્ય છે. અને એ પ્રત્યક્ષ (થાય એવું) ગુણનું કાર્ય ન હોય તો આત્મા છે નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! શું વાત કરે છેને. એક તો વીતરાગનું કહેલું તત્ત્વ એને સિદ્ધિ યથાર્થ વસ્તુની. આહા..હા..! સમજાણું કાંઈ? એ બારમી પ્રકાશ નામની આત્મામાં શક્તિ કહો, ગુણ કહો, ભાવ કહો, સ્વભાવ કે સત્‌નું સત્ત્વ કહો. ભગવાન આત્મા સત્ છે એનું સત્ત્વ પ્રકાશ નામનો ગુણ છે. એ પ્રકાશ

ગુણનો આશ્રય કરવાથી, શુદ્ધતા પ્રગટવાથી, શુદ્ધતા પ્રત્યક્ષ થઈ જાય. એ પ્રત્યક્ષ જ્ઞાન વડે આત્મા જણાય છે એમ પ્રકાશ નામનો ગુણ છે. દેવીલાલજી! ભારે આકરું કામ ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- આવી વાત ક્યારેય નથી સાંભળી.

ઉત્તર :- નથી સાંભળી? ડોક્ટર સ્પષ્ટતા કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ સમયસાર છેને. ના, આ તો પ્રવચનસાર છે. એ સમયસાર છે. સમયસાર છેને. વાંચે છે પણ ક્યાં? અમારા શેઠ પાસે સમયસાર પડ્યું હોય ત્યાં. આખું સમયસાર પણ વાંચ્યું નહિ હોય. શેઠ! શું કહે છે? જુઓ, બારમી શક્તિ છે. '**સ્વયં પ્રકાશમાન વિશદ (-સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી (-સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ.**' બારમી શક્તિ. આત્મવૈભવમાં તો ઘણો વિસ્તાર કર્યો છે. શક્તિ વિષય ચાલતો હોય ત્યારે. શું કહે છે? એવો આત્મામાં અનાદિ-અનંત ગુણ છે. જેમ દ્રવ્ય અનાદિ-અનંત છે એમ આ ગુણ પણ અનાદિ-અનંત છે. કેવો ગુણ છે? સ્વયં પ્રકાશમાન. પોતાથી આત્માનો પ્રકાશ થાય. રાગની અપેક્ષા નહિ, નિમિત્તની અપેક્ષા નહિ, વાણીની અપેક્ષા નહિ, દિવ્યધ્વનિની અપેક્ષા નહિ. '**સ્વયં પ્રકાશમાન વિશદ...**' વિશદ નામ સ્પષ્ટ, સ્પષ્ટ નામ પ્રત્યક્ષ. '**એવા સ્વસંવેદનમયી...**' સ્વસંવેદનમયી-સ્વાનુભવમયી પ્રકાશશક્તિ છે. સમજાણું કાંઈ? ચારે બાજુથી જુઓ તો આત્માની જે ચીજ છે એ જ એમાં સાબિત થાય છે. એનો ગુણ એવો છે. તો ગુણ પ્રત્યક્ષ સ્વાનુભવ થાય એવો એ ગુણ છે. પરની અપેક્ષા રાખે એવો કોઈ ગુણ નથી. તો ગુણ નહિ તો એવી પર્યાય પણ એવી છે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ છે તો એમાં વસેલી-વસેલી, રહેલી અનંત શક્તિઓ છે. તો એવી અનંત શક્તિમાંથી આ એક શક્તિ એવી છે સ્વયં પ્રત્યક્ષમાન, સ્વયં પ્રકાશમાન. જુઓ, સ્વંયપ્રકાશમાન. રાગ, વ્યવહાર, નિમિત્તની કોઈ અપેક્ષા નથી.

મુમુક્ષુ :- ઈન્દ્રિય જ્ઞાનની અપેક્ષા નહિ?

ઉત્તર :- ઈન્દ્રિય જ્ઞાનની અપેક્ષા નથી. આહા..હા..!

'**સ્વયં પ્રકાશમાન વિશદ...**' વિશદ શબ્દ પડ્યો છે. સંસ્કૃતમાં '**स्वयम्प्रकाशमानविशदस्वसंवित्तिमयी प्रकाशशक्तिः १२।**' આ સંસ્કૃત લખાણ છે. સ્પષ્ટ. સ્પષ્ટ થઈ જાય. .. એવો આત્મા નથી. '**(-સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી...**' જુઓ, એમાં આવ્યું. સ્વ નામ પોતામાં, સં નામ પ્રત્યક્ષ, વેદન થઈ જાય. સ્વ નામ પોતામાં સં નામ પ્રત્યક્ષ વેદન થઈ જાય. એવી પ્રકાશ નામની શક્તિ આત્મામાં અનાદિ-અનંત પડી છે. તો એ પ્રકાશ નામની શક્તિનું કાર્ય પોતાની પર્યાયમાં આત્મા પ્રત્યક્ષ થવો એવો એનો સ્વભાવ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાનાવરણીય કોણ કહે છે? એ તો પ્રશ્ન કરે છે. પ્રશ્ન તો એવો ઉઠેને. જ્ઞાનાવરણીય કર્મ તો પરદ્રવ્ય છે. એ તો એના ઘરે રહ્યો. પોતાની પર્યાયમાં ક્યાં આવે છે એ? જ્ઞાનાવરણીય કર્મની પર્યાય અને પોતાની પર્યાય બે વચ્ચે તો અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીય પર્યાય જડની છે અને આત્માની—એ બેમાં તો અત્યંત અભાવ છે. એ તો અત્યંત અભાવ છે જ, પણ દયા, દાન, વ્રત, શુભરત્નત્રયનો રાગ છે એનો પણ સ્વભાવમાં અત્યંત અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો પરમાત્મા એમ કહે છે અને એમ છે.

મુમુક્ષુ :- એવો છે.

ઉત્તર :- પ્રતીતમાં ક્યાં લે છે? પ્રતીત ક્યાં બેસે છે એને? સમજાણું કાંઈ? પ્રતીત કરતા નથીને. છે પણ એવી પ્રતીત નથી કરતા. અહીંથી થશે... અહીંથી થશે... એવી પ્રતીત ઉલટી છે. એ ગુણની પ્રતીત છે જ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રતીત...

ઉત્તર :- પ્રતીત નથી કરતા માટે પ્રતીત નથી થતી. પ્રતીત નથી કરતો માટે પ્રગટતો નથી. પુરુષાર્થથી પ્રતીત (થાય કે) આ ગુણ એવો છે. હું આત્મા જ સ્વયં પ્રકાશમાન છું એવી શક્તિની પ્રતીતિ નથી. એવો લંગડો છેને લંગડો એમ માને છે. હું તો ભાઈ કાંઈક રાગ હોય, પુણ્ય હોય, મને પરનું જ્ઞાન હોય, તો એમાં ગુણ છે એવી પ્રતીતિ રહી ક્યાં એને? પરને અવલંબે થાય તો પ્રતીતિ આત્મામાં સ્વયં પ્રકાશમાન પ્રકાશશક્તિ એની પ્રતીતિ નથી? દ્રવ્યની પ્રતીતિ નથી, ગુણની પ્રતીતિ નથી. વાત બરાબર છે. ભાઈ! છે છતાં કેમ પ્રગટતું નથી? શેઠ! વાત તો સાચી છેને. પણ છે એવી પ્રતીતિ ક્યાં છે? મારું નિધાન મારી પાસે છે. હું જ પ્રભુ છું. સમજાણું કાંઈ? એવી પ્રતીત ક્યાં છે એને? હવે આ પ્રકાશના ગુણવાળો હું આત્મા છું. હું પ્રત્યક્ષ છું એવા ગુણવાળો હું આત્મા છું. પ્રતીત ક્યાં આવે છે? સમજાણું કાંઈ? લંગડા જેવો પોતાને માને છે. હવે ... પ્રતીત તો થઈ નહિ આત્માની. પ્રતીતિ વિના પ્રગટ ક્યાંથી થાય? પર્યાયમાં પ્રગટ થાવું છેને? તો ગુણમાં અને દ્રવ્યમાં એમ છે એવી પ્રતીતિ નથી અને બહારથી આવશે (એમ માને) તો ગુણની પ્રતીત, દ્રવ્યની પ્રતીત રહી નહિ. જુઓ, ધન્નાલાલજી! આહા..હા..!

મુમુક્ષુ :- આત્મા અંતરમાં રુચિ લગાવે...

ઉત્તર :- પણ વસ્તુ એવી છે જુઓને. સાદી ભાષાથી તો વાત કરે છે.

ભગવાન આત્મા સ્વયં પ્રકાશમાન થાય એવો તો એનો ગુણ છે. ગુણની પ્રતીતિ ક્યાં રહે છે? અંદરમાં ઉંડે-ઉંડે કાંઈ કલ્પના કરું, ચિંતવન કરું, આમ કરું, આમ કરું તો કાંઈક પમાય. પ્રતીત તો છે નહિ. દ્રવ્યની પ્રતીત નથી અને દ્રવ્યમાં રહેલી શક્તિની પ્રતીત નથી. પ્રતીત વિના પર્યાયમાં ક્યાંથી પ્રકાશે? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ઠીક કહ્યું. એક વાર મૃત્યુ થઈ જાય તો પછી મૃત્યુ આવે તો ધ્યાન રખાય. સમજાણું કાંઈ? દેવીલાલજી! એકવાર જો મરણ થઈ જાય તો પછી મરણ સામે સાવધાની રાખે. પણ મરણ એકવાર આવે છે. દેવીલાલજી! એ કોક કહેતું હતું કે એકવાર જો મરણ દેખાઈ જાયને તો બીજી વાર મરણ આવે તો... પણ મરણ એક જ વાર થાય છે, બે વાર હોય નહિ. દેહની અવસ્થા .. પર્યાયનું વ્યય થવું તો એક વાર જ હોયને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હું રાગવાળો છું, હજી તો પુણ્યવાળો છું, એ રાગથી મને લાભ થાય, પર અનુમાનજ્ઞાન મારી ચીજ છે એમ માને તો પ્રતીતિ છે જ ક્યાં?

મુમુક્ષુ :- ડોક્ટર છું અને વકીલ છું.

ઉત્તર :- ડોક્ટર છું અને વકીલ છું એ બધું મિથ્યા અભિમાન છે. આહા..હા..! અરે..! હું શાસ્ત્રનો જાણનાર છું. મિથ્યાજ્ઞાન છે, એમ કહે છે. શાસ્ત્રજ્ઞાન તો શબ્દના લક્ષે થયું. એ આત્મજ્ઞાન છે? અને એવો સ્વભાવ છે આત્માનો? કે શાસ્ત્રજ્ઞાનથી આત્મા પ્રાપ્ત થાય એવો આત્મા છે? અહીં તો કહે સ્વયં પ્રકાશમાન. આહા..હા..! કહો, પૂનમચંદજી! ભારે વાત આ! જુઓને ન્યાયથી એને ખ્યાલમાં આવે છે. ન્યાયથી તો સમજવું પડશેને લોજિકથી. ન્યાય નિ-ધાતુ છે. નિ-ધાતુ. જેવું સ્વરૂપ છે એ તરફ જ્ઞાનને લઈ જવું એનું નામ ન્યાય. સમજાણું કાંઈ? અને ન્યાય એ લોકોત્તર નીતિ છે. ભગવાનની લોકોત્તર નીતિ ન્યાય છે. કે ભગવાન આત્મા પ્રકાશ-શક્તિ સામર્થ્ય ગુણ એવી શક્તિ. એ શક્તિમાં અનંત સામર્થ્ય છે કે પ્રત્યક્ષ થઈ જાય એવું અનંત સામર્થ્ય છે. સમજાણું કાંઈ? પહેલાથી પ્રત્યક્ષ થઈ જાય એવું સામર્થ્ય. તો એ પ્રત્યક્ષ એકાગ્રતા કરતાં-કરતાં કેવળજ્ઞાન પ્રત્યક્ષ થઈ જશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવી ગયું ભાઈ! એ તો આવતા-આવતા. કાંઈ ક્રિયા તો કરી ન હોય. વાંચતા વાંચતા એમાં આવે છે. આ તો ઘણીવાર વાંચન થઈ ગયુંને. એ સભામાં પહેલા વાંચ્યું હતુંને. લ્યો આ પછી આવ્યું. ક્લાસ હતા તો વાંચતા હતા. પણ બધી જગ્યાએ એક જ વાત આવે એમ નથી. ક્રિયા તે-તે સ્થાને .. પ્રકારે કહી. ક્લાસમાં વાત ચાલી હતી. ક્લાસમાં પણ વાંચ્યું હતું.

કહે છે કે '**લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને...**' એટલો અર્થ એમાં પડ્યો છે જુઓ, '**અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે...**' જુઓ, સિદ્ધ થઈ ગયું. સ્વયં પ્રકાશમાન ગુણ છે તો પ્રત્યક્ષ થાય તેને જ આત્મા કહે છે. પરોક્ષ રહે એવો એનો ગુણ નથી. ગુણ નથી તો પરોક્ષ રહે એવી એની પર્યાય નથી. આહા..હા..! શેઠી! ભગવાન આત્મા પ્રકાશશક્તિમાં પ્રકાશ પ્રત્યક્ષ સ્વસંવેદન થાય એવો ગુણ છે. તો એ

ગુણની પર્યાયમાં પ્રત્યક્ષપણું થાય એ ગુણનું કાર્ય છે. અને એ ગુણની પ્રતીતિ નથી અને અંદરમાં પ્રતીતિ થાય. આ કાંઈક વિકલ્પ હોય કે રાગ હોય કાંઈક... કાંઈક... કાંઈક... શાસ્ત્ર ભણતરનું જ્ઞાન છેને તો એ અંદર જવામાં મને મદદ કરશે. એની પરાલંબી દૃષ્ટિ છે. પ્રત્યક્ષ એ જ્ઞાતા છે. પ્રત્યક્ષ જ્ઞાતા છે. સ્વભાવ જ એવો છે. અનાદિ-અનંત પ્રત્યક્ષ જ્ઞાતા છે એવો સ્વભાવ છે. પ્રતીતમાં આવતો નથી તો પ્રત્યક્ષ થતો નથી. આહા..હા..! '**આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' લ્યો! એ છ બોલ થયા. લ્યો આજ છઠ્ઠો બોલ ઘણો ચાલ્યો હોં. સાતમો બોલ છેને.

હવે સાતમો. એમાં આવ્યું. આવ્યું પણ કાંઈ તૈયાર તો ન હોય. આમાં આવ્યું. પ્રત્યક્ષ ઉપરથી ત્યાં દૃષ્ટિ ગઈ. હવે '**જેને...**' ઓલી આત્માની વાત ત્યાં લીધી. હવે આત્માના ઉપયોગની વાત લે છે. પાંચ (બોલ) સુધી અનુમાન અને ઇન્દ્રિયથી જણાતો નથી, નથી આવતો એમ કહ્યું. છઠ્ઠામાં પ્રત્યક્ષ જ્ઞાતા છે એ સ્વભાવથી જાણવામાં આવે છે એમ કહ્યું. હવે આત્માના ઉપયોગની વાત ચાલે છે. ઓલી આત્માની વાત ચાલી. હવે આત્માનું જ્ઞાન-ઉપયોગ. જાણવું-દેખવું જે ઉપયોગ છે જાણવું-દેખવું. '**જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી...**' શું કહે છે? ગ્રહણનો અર્થ ઉપયોગમાં પરજ્ઞેયનું આલંબન હોય અને જ્ઞાન થાય એ ઉપયોગ જ નથી એમ કહે છે. .. હોં વાત. જ્ઞાનોપયોગ છે એ લક્ષ્ય દ્રવ્યનું લક્ષણ છે ઉપયોગ. એ ઉપયોગ લક્ષ્યથી ન પ્રગટતા એ ઉપયોગમાં પરજ્ઞેયના આલંબનથી પ્રગટે એ ઉપયોગ જ નથી. પંડિતજી!

મુમુક્ષુ :- ફરીથી.

ઉત્તર :- ફરીથી. એમ કાંઈ જવા નહિ દઈએ. એ તો ખૂબ વાત... અહીં તો લઢણ હોય છેને. અહીં કાંઈ પુનરુક્તિ દોષ નથી લાગતો.

અહીંયાં કહે છે જુઓ, '**લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે...**' ઉપયોગ નામનું લક્ષણ. લક્ષ છે દ્રવ્ય અને લક્ષણ છે ઉપયોગ. '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवोगलक्खणो णिच्चं।**' એમ કહ્યુંને? ઉપયોગ નિત્ય લક્ષણ છે આત્માનું ગુણમાં. પર્યાયમાં જરી.. હવે એ ઉપયોગ નામની પર્યાયને (બાહ્ય) લક્ષણ દ્વારા ગ્રહણ નથી. એટલે? જ્ઞેય પદાર્થનું આલંબન નથી. જે ઉપયોગમાં જ્ઞેય, વીતરાગની વાણી, વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર જ્ઞેય છે એનું આલંબન છે એ ઉપયોગ નથી.

મુમુક્ષુ :- દિવ્યધ્વનિ...

ઉત્તર :- હા, દિવ્યધ્વનિમાં એમ આવ્યું. દિવ્યધ્વનિ કહે કે અમારા લક્ષે તારા જ્ઞાનમાં ઉપયોગ આવ્યો એ ઉપયોગ નથી. પંડિતજી! લક્ષણ તો દ્રવ્યનું છે. પણ ત્યાંથી ન આવ્યું અને લક્ષણ આ પરનું લક્ષ કર્યું અને જ્ઞેયનું આલંબન થયું એ ઉપયોગ પણ નથી એમ કહે છે. ફરીને હજી વાત કરીએ છીએને.

આત્મા ઉપયોગ નામનું લક્ષણ. લિંગ એટલે ઉપયોગ નામનું લક્ષણ છે. છે? લક્ષણ કોનું છે? દ્રવ્યનું. તો એ લક્ષણ વડે ગ્રહણ નથી એટલે કે જ્ઞેય પદાર્થનું આલંબન નથી. એ ઉપયોગમાં જાણવા-દેખવામાં જેટલું જ્ઞેય પદાર્થનું આલંબન છે એ ઉપયોગ નથી. કેમકે એ લક્ષ્યનો ઉપયોગ નથી. લક્ષ્ય દ્રવ્યનો ઉપયોગ (નથી). તો એ ઉપયોગમાં પરનું આલંબન થયું તો પર થયો (લક્ષ્ય) અને લક્ષણ આ થયું, એને ઉપયોગ કહેતા જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જેને લિંગ વડે એટલે કે...'** લિંગ કોને કહ્યું? કે **'ઉપયોગ નામના લક્ષણ વડે...'** એટલું. હવે ગ્રહણ નથી. ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ નથી. તો **'ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ નથી...'** એટલે કે જ્ઞેયપદાર્થનું આલંબન નથી એનું નામ ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ નથી. નહિતર તો ઉપયોગ નામના લક્ષ્ય વડે જ ગ્રહણ છે. પણ ક્યા ઉપયોગ વડે ગ્રહણ નથી? આહા..હા..! નહિતર જ્ઞાન ઉપયોગ લક્ષણ છે, આત્મા લક્ષ્ય છે. તો લક્ષણથી લક્ષ્યનું ભાન થાય છે. તો આ કહે છે કે ગ્રહણનો અર્થ એવો અમે કરીએ છીએ, કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ નથી. ગ્રહણ નથી એનો અર્થ શું? કે ઉપયોગમાં જ્ઞેયપદાર્થનું આલંબન છે એ ઉપયોગ નથી.

મુમુક્ષુ :- બાહ્ય ગુણ...

ઉત્તર :- બાહ્ય ગુણ. સ્વજ્ઞેયનું તો આલંબન થયું જ નથી. એ ઉપયોગ નથી એ કેવી રીતે? આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિથી સમજાય એવી ચીજ છે હોં. ન સમજાય એવું નથી. પણ જરા ધ્યાનમાં તો રાખવું જોઈએને. આ એવી ચીજ છે. સાક્ષાત્ ભગવાન આત્મા ઉપયોગ લક્ષણવાળો છે. જાણન લક્ષણ, દેખન લક્ષણ ઉપયોગ. તો લક્ષણવાળો આત્મા છે. તો લક્ષ્ય તો દ્રવ્ય છે ને લક્ષણ (ચૈતન્ય) છે. તો એ લક્ષણમાં જ્યાં પરજ્ઞેયનું આલંબન રહ્યું એ ઉપયોગ નથી. લક્ષણ રહ્યું નહિ. જેનું લક્ષ છે એનું લક્ષણ ન રહ્યું એમ કહે છે. આહા..હા..! શોભાલાલજી! સમજાય છે કે નહિ? રાત્રે પ્રશ્ન.. રાતે તો આવતા નથી. પૂછે તો કોને ત્યાં આવડે? હેં.. હેં.. થઈ જાય. બીડીનું પૂછે તો આવડે બધું ત્યાં. શેઠ!

મુમુક્ષુ :- એ પણ હવે ભૂલી ગયા છે.

ઉત્તર :- હા, એ છોકરા કરતા હોય છે. આહા..હા..! જુઓ તો ખરા, ભગવાન! ભગવાનની પેઢીની રીત તો જુઓ. લ્યો આ તમારી પેઢી યાદ આવી. ભગવાનદાસ શોભાલાલ પેઢી. અહીં તો કહે પેઢી શું? ભગવાન..ની પેઢી શોભાલાલ છે ત્યાં. ભગવાનનો સ્વભાવ એમાં છે. આહા..હા..! એ શોભે નહિતર ઓભા છે બધા. આહા..હા..! એ કહે છે જુઓ, ભગવાન! તારો ઉપયોગ તો તારું લક્ષણ છે. તો એ ઉપયોગમાં લક્ષ કરીને જે લક્ષણ પમાય, લક્ષણથી લક્ષ્ય પમાય તો તો લક્ષણ બરાબર છે, પણ એ લક્ષણ છે દ્રવ્યનું અને લક્ષમાં અવલંબન લીધું પરજ્ઞેયનું.

મુમુક્ષુ :- પરજ્ઞેયમાં નિમિત્તાધીન છેને.

ઉત્તર :- નિમિત્ત આવ્યું કે નહિ? બધું છે. વાણી રાગ. રાગ છેને રાગ? એનો જ્ઞાનોપયોગ પણ પોતાનો નથી. આહા..હા..! રાગ જણાયો એ ઉપયોગ વડે આત્મા જણાતો નથી. આહા..હા..! એ ઉપયોગ જ મારો નહિ.

મુમુક્ષુ :- પરપ્રકાશક આવ્યુંને?

ઉત્તર :- પરપ્રકાશક એ તો સ્વપરપ્રકાશક સ્વના આશ્રયે થાય એ. આ તો એકલો પરપ્રકાશક પરના અવલંબને થયું. એ તો સ્વના આશ્રયે સ્વપરપ્રકાશક થાય એ તો સ્વના આશ્રયે થાય છે. સમજાણું કાંઈ? આ તો સ્વનું લક્ષ ન કરતાં લક્ષણે લક્ષ કર્યું પરનું. અને પરના લક્ષે આત્માનો ઉપયોગ ગણાતો નથી. એ ઉપયોગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત છે. અરે..! આ તો અમૃતના સાગર ઉછળે છે જુઓ. એ અંદર ચીજ એવી છે, ભાઈ! આહા..હા..!

કહે છે, અરે..! ભગવાન! તારા ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ નથી થતું. ઉપયોગ નામના લક્ષણ વડે જ ગ્રહણ થાય છે. તો અહીં ગ્રહણ નથી થતું એનો અર્થ શું? એમ કહે છે. નહિતર તો જાણવું-દેખવું જે લક્ષણ છે એ વડે લક્ષ્ય ગ્રહણમાં આવે છે. અહીં તો ના પાડે છે. ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ નથી થતું. તો ગ્રહણ નથી થતું એની વ્યાખ્યા શું? કે જ્ઞાનોયોગમાં જેટલું પરજ્ઞેયનું આલંબન છે એ આત્માનો ઉપયોગ નથી. માટે એનાથી આત્મા ગ્રહણ થતો નથી. આહા..હા..! વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૧, શનિવાર, તા. ૨૩.૦૮.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૭-૮, પ્રવચન-૨૪૪**

આ પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર, ૧૭૨ ગાથા, અલિંગગ્રહણ. એમાં સાતમો બોલ ચાલે છે. બોલ તો કાલે ચાલી ગયો, છઠ્ઠો અને સાતમો. થોડો ફરીને લઈએ. સાતમો, હોં! છઠ્ઠો તો ચાલી ગયો. જરી સૂક્ષ્મ છે. અનંત કાળથી આત્મા શું ચીજ છે, એણે અંતર્મુખ દૃષ્ટિ કરી જ નથી. સમજાણું કાંઈ? બહિર્દૃષ્ટિથી બધા કામ લીધા. ચાહે તો દયા, દાન, વ્રતના પરિણામનું કર્તૃત્વ માનીને લીધું, ચાહે તો નિમિત્તનું અવલંબન લઈને જે જ્ઞાન થયું

તેનાથી કામ લીધું. એ બધા કામ તો મિથ્યાત્વભાવના છે. સમજાય છે કાંઈ?

આત્મા અંતર જ્ઞાનસાગર સ્વભાવનો પૂર્ણ શુદ્ધ ચૈતન્ય પદાર્થ છે. તેનું અવલંબન લીધા વિના બાહ્ય ક્રિયાકાંડમાં એટલો ઘુસી ગયો કે કર્તૃત્વમાં આમ કરવું ને આમ નહિ કરવું, એ રાગની ક્રિયામાં કર્તૃત્વ બુદ્ધિથી ઘુસી ગયો અને માન્યું કે હું કંઈક ધર્મ કરું છું. બીજી વાત. અહીંયા તો એનાથી આગળની વાત છે. હવે તો જ્ઞાનની વાત ચાલે છે. એ તો મિથ્યાત્વ છે, પણ ભગવાન આત્મા '**જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે...**' ગ્રહણ નથી. શું કહે છે? ચૈતન્યસ્વભાવ શુદ્ધ પવિત્ર મૂર્તિ ભગવાન, એનો જે ઉપયોગ.. હવે ઉપયોગની વ્યાખ્યા છે. પહેલાં છમાં તો આત્માની વ્યાખ્યા હતી. હવે અહીંયાં સાતમામાં ઉપયોગની વ્યાખ્યા ચાલે છે. એનો જે ઉપયોગ છે, જાણન.. જાણન.. જાણન.. દેખન ઉપયોગ, એ ઉપયોગમાં નિમિત્તના લક્ષે થનારો ઉપયોગ એ આત્માનો નહિ. સમજાય છે કાંઈ?

જેમ પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ આત્મા નહિ અને આત્માને હિતકર નથી, એમ આત્મામાં જ્ઞાનની પર્યાયમાં નિમિત્તના અવલંબને થનારો જ્ઞાનનો ઉપયોગ તે સમ્યક્જ્ઞાન નહિ.

મુમુક્ષુ :-

ઉત્તર :- નિમિત્ત છે ને. નિમિત્તમાં ચાહે ઈન્દ્રિયથી વાણી સાંભળે, શાસ્ત્ર સાંભળે બાહ્ય નિમિત્તના અવલંબનથી.

મુમુક્ષુ :- ઈન્દ્રિય નિમિત્ત છે?

ઉત્તર :- હા, ઈન્દ્રિય તો નિમિત્ત છે પણ મન પણ નિમિત્ત છે, રાગ પણ નિમિત્ત છે, બહારની ચીજ નિમિત્ત છે. સમજાય છે કાંઈ?

જેને એટલે આત્માને લિંગ દ્વારા-ઉપયોગ નામક લક્ષણ-જાણનલક્ષણ સ્વભાવ દ્વારા ગ્રહણ થતું નથી અર્થાત્-એનો અર્થ? ગ્રહણ નથી થતો એનો અર્થ જ્ઞેયપદાર્થોનું આલંબન નથી. એનો અર્થ આમ તો કહ્યું હતું, સવારે ૩૬મી ગાથા આવી ગઈ. પ્રવચનસાર. આ પણ પ્રવચનસારની છે. સવારે ૩૬ ગાથામાં પણ આવ્યું હતું કે આત્માનું જ્ઞાન છે કેવળજ્ઞાન, કેવળજ્ઞાન એ પર્યાયમાં જ્ઞેય સહાયક છે, આલંબન છે એમ આવ્યું હતું, અમૃતચંદ્રાચાર્યમાં. આત્માનું જ્ઞાન છે, એ જ્ઞાનની પર્યાયમાં લોકાલોક આલંબન છે. હેમરાજજીએ એવો અર્થ કર્યો છે કે જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય સહાયક છે. સહાયક કહો કે આલંબન કહો કે નિમિત્ત કહો-એક જ વાત છે. સમજાણું કાંઈ?

આત્માનું.. સૂક્ષ્મ વાત છે, ભાઈ! એની જ્ઞાનપર્યાયમાં કેવળજ્ઞાન થયું તોપણ, કહે છે કે એને લોકાલોકનું આલંબન છે. આલંબનનો અર્થ નિમિત્ત છે. નિમિત્તનો અર્થ એનાથી જ્ઞાન થયું નથી, જ્ઞાન પોતાથી થયું છે, એ નિમિત્ત છે એટલું. અને જ્ઞેયમાં જ્ઞાન નિમિત્ત છે. જ્ઞાન કેવળજ્ઞાનની પર્યાય અનુસાર જ્ઞેયની અવસ્થા થાય છે. શું કહ્યું? કેવળજ્ઞાન અનુસાર

જ્ઞેયની અવસ્થા થાય છે અર્થાત્ કેવળજ્ઞાન.. આ તો પૂર્ણની વાત છે, નીચે પણ એમ છે. થોડી સૂક્ષ્મ વાત છે. કેવળજ્ઞાન એક સમયની અવસ્થા, એમાં લોકાલોક સહાયક કહો, આલંબન કહો, નિમિત્ત કહો. બસ, એટલી વાત. અને જ્ઞેયને જ્ઞાનની અવસ્થા આલંબન કહો, સહાયક કહો, નિમિત્ત કહો. તો જ્ઞાનની અવસ્થામાં જેવું કેવળજ્ઞાનમાં ભાસ્યું છે એવી જ્ઞેય અવસ્થા ત્યાં થશે, એમાં જ્ઞેય અવસ્થા જ્ઞાન અનુસાર વર્તે છે એવો શબ્દ છે. એનો અર્થ કે જ્ઞાનમાં જે જ્ઞેયવસ્તુનો ભાસ થયો છે, એ જ્ઞેયની પર્યાયમાં કેવળજ્ઞાનની પર્યાય નિમિત્ત છે. એ જ્ઞેયની અવસ્થા થઈ છે એ આ નિમિત્તથી થઈ છે એમ નથી. કેવળજ્ઞાનમાં જણાણી છે માટે થઈ છે એમ નથી. સમજાય છે કાંઈ? કેટલાક એવો અર્થ કરે છે. જુઓ, કેટલાક તો એવો અર્થ કરી નાખે છે કે જ્ઞાનની પર્યાય અનુસાર જ્ઞેયને પ્રવર્તવું પડે એમ નથી, એમ કોઈ કહે છે, પણ જ્ઞેયની અવસ્થા જેવી થાય એવું એણે જ્ઞાન કરવું પડે. બેય વાત બરાબર નથી. ઘણી ચર્ચા ચાલે છે. મૂળ વાતમાં સૂક્ષ્મતા ક્યાં છે અને ક્યાં મિથ્યાત્વનું સૂક્ષ્મ શલ્ય રહી જાય છે એની એને ખબર નથી. સમજાય છે કાંઈ?

એ કહે છે કે કેવળજ્ઞાનની પર્યાય અનુસાર જ્ઞેયને થવું પડે, એમ નથી. પણ જ્ઞેય અનુસાર જ્ઞાનને થવું પડે. કારણ કે નહિતર ક્રમબદ્ધ સિદ્ધ થઈ જાય. અને આમાં એ શબ્દ પડ્યો છે, ભાઈ! આ હેમરાજજી છેને? એણે જરી એવો અર્થ કર્યો છે, પણ એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે. સમજ્યાને? ૩૬ છેને? જુઓ, જ્ઞાન, જ્ઞેયરૂપ પદાર્થ પરિણામથી થઈ રહ્યું છે, મૂળ પાઠ તો એવો છે. મૂળ પાઠમાં છેને? પરિણામસંબદ્ધં. જ્ઞાન અને જ્ઞેય, બેયના પરિણામનો સંબંધ છે અર્થાત્ આત્માની જ્ઞાનપરિણતિ એ જ્ઞેયપદાર્થની સહાયતાથી છે. આ સહાયતા, સહાયતા બધા કરે છેને? એ સહાયતાનો અર્થ એની મદદથી થાય છે એવો અર્થ નથી. સહાય સ-સાથે છે. આત્માની જ્ઞાનપરિણતિ જ્ઞેય પદાર્થને... છે તો બેયમાં આલંબન શબ્દ છે, પણ એકમાં અર્થ એવો કર્યો કે આત્માની જ્ઞાનપરિણતિ જ્ઞેયપદાર્થની સહાયતાથી છે અને જો જ્ઞેય ન હોય તો કોને જાણે? એક વાત. એ આપણે અર્થ કર્યો છે. અને જ્ઞેયપદાર્થ જ્ઞાનનું અવલંબન કરીને જ્ઞેય અવસ્થાને ધારણ કરે છે. છે તો બેય ઠેકાણે અવલંબન. બેય સંસ્કૃતમાં અવલંબન છે.

અહીં તો કહે છે, ભગવાન આત્મા જ્ઞાનની પરિણતિ પોતાથી કરે છે અને કેવળજ્ઞાનની અવસ્થા, અંદરમાં જ્ઞાનગુણ જે અસાધારણ જ્ઞાનસ્વભાવ છે તેના અવલંબને જ જ્ઞાનની પરિણતિ થઈ છે, પણ એ પરિણતિમાં નિમિત્ત તરીકે લોકાલોક સહાયક કહો, આલંબન કહો, નિમિત્ત કહો, એમાં એ પરાધીન નથી થયું. આપણે ચાલે છે એમાં પરાધીન છે. એ બીજી વાત છે. સાંભળો! સમજાણું કાંઈ?

એક વાત એવી છે.. સૂક્ષ્મ વાત છે. એની સ્વતંત્રતા.. અંતરમાં નિષ્ક્રિય ભગવાન આત્મા રાગની ક્રિયાથી રહિત, જ્ઞાનની ક્રિયા કરનારો અંતરમાં આત્મા છે. એવા આત્માને બાહ્ય ચીજ

નિમિત્ત કહો, નિમિત્તથી પરાધીનતા નથી આવતી. સમજાય છે કાંઈ? એમ જ્ઞાનની પરિણતિ અનુસાર જ્ઞેય અવસ્થા ધારણ કરે છે, તો જ્ઞેય અવસ્થામાં જ્ઞાનની પરિણતિને કારણે આધીનપણું નથી. ફક્ત જ્ઞાનમાં-કેવળજ્ઞાનમાં ભાસ્યું છે એવી પર્યાય જ્ઞેયમાં પોતાને કારણે વર્તે છે, એમાં કેવળજ્ઞાન નિમિત્ત કહેવામાં આવે છે. લોકાલોકની જ્ઞેય અવસ્થામાં એક સમયમાં જ્ઞાનની-કેવળજ્ઞાનની અવસ્થા નિમિત્ત કહેવામાં આવે છે, એક સમયમાં. આહા..હા...! એમ જ્ઞાનની પરિણતિમાં-કેવળજ્ઞાનની પરિણતિમાં-અવસ્થામાં લોકાલોક પ્રત્યેક સમયે નિમિત્ત કહેવામાં આવે છે. એ નિમિત્ત અને આલંબન પરાધીનતા નથી. ફક્ત ત્યાં બીજી ચીજ છે તેનું જ્ઞાન કરાવવું છે. સમજાય છે કાંઈ?

અહીંયાં જે આપણે ચાલે છે એ બીજી વાત છે. ભાષા તો એનો એ આલંબન શબ્દ પડ્યો છે. સમજાય છે કાંઈ? ભાઈ! પ્રભુનો માર્ગ કોઈ અલૌકિક છે. સમજાય છે કાંઈ? આહા..હા..! કાલે કહ્યું હતું ને? કાલે આવ્યું હતુંને? નહિ? કાલે પ્રશ્ન થયો હતોને? આત્મામાં એવી શક્તિ છે, પ્રકાશશક્તિ. પ્રત્યક્ષ થવાને લાયક છે. તો કેમ થતો નથી? કાલે કહ્યું હતુંને? કે આત્મામાં અનાદિઅનંત એક પ્રકાશ નામની શક્તિ-ગુણ છે કે જે ગુણને કારણે પોતાની પર્યાયમાં આત્મા પ્રત્યક્ષ થઈ જાય છે. સર્વજ્ઞશક્તિમાં એવી એક શક્તિ છે. સાથે પ્રકાશ નામની શક્તિ પડી છે. સમજાણું કાંઈ? કહ્યું ને કે પ્રત્યક્ષ થાય એવી શક્તિ છે તો પ્રત્યક્ષ કેમ નથી થતો? ભાઈ! તને ખબર નથી.

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ અનંત ગુણની સાથે પ્રકાશ નામનો ગુણ-શક્તિ-સ્વભાવ છે એની પર્યાયમાં અંતર્મુખ થઈને પ્રતીત નથી થઈ. સમજાય છે કાંઈ? પ્રતીતમાં અલ્પજ્ઞપણાની, રાગની, વિકલ્પની કે નિમિત્તની પ્રતીત છે, પણ ભગવાન આત્મા પ્રકાશ નામના ગુણથી ભરેલો પ્રભુ આત્મા છે, એ ગુણની કહો કે ગુણનો ધરનાર ગુણીની કહો, અંતરમાં વિકલ્પરહિત નિર્વિકલ્પપણે પ્રતીતિ થઈ નથી તો પ્રત્યક્ષ થતો નથી. સમ્યગ્દર્શનના કાળમાં આત્મા પ્રત્યક્ષ થાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નહિતર એણે આત્મા જાણ્યો જ નથી. માને ભલે કે અમે જાણીએ છીએ. સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં એક પ્રકાશ નામનો ગુણ અનાદિ-અનંત છે. જેમ દ્રવ્ય અનાદિ-અનંત છે, એમ ગુણ અનાદિ-અનંત છે. તો એનું કાર્ય શું? પ્રકાશગુણનું કાર્ય શું? એ પ્રકાશગુણનો ગુણ શું? ગુણનો ગુણ. એઈ..! ગુણનો ગુણ શું? કે આત્મા પ્રત્યક્ષ થઈ જાય એવો જ એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? આત્મા પ્રત્યક્ષ થાય. કાલે તો ઘણી વાત કરી હતી. કાલે એમાંથી કોઈએ પ્રશ્ન કર્યો હતોને કે પ્રત્યક્ષ કેમ નથી થતો? પ્રશ્ન કર્યો હતો. પ્રશ્ન તો આવે. આ તો અલૌકિક વાતો છે, ભગવાન! એણે બધું જ કર્યું છે અનંતવાર, પણ વાસ્તવિક સ્વરૂપના અનુભવની દૃષ્ટિ કરી નહિ અને એ દૃષ્ટિ વિના જેટલું કરે એ એકડા વિનાના મીંડા છે, રણમાં પોક છે. સમજાય છે કાંઈ? ધન્નાલાલજી!

મુમુક્ષુ :- મીંડા સમજાણું નહિ.

ઉત્તર :- મીંડા ન સમજ્યા? વિદ્વાન છે ને.

મુમુક્ષુ :- સાકર ખાધા વિના સાકર મીઠી છે એનો વિશ્વાસ કઈ રીતે આવે?

ઉત્તર :- અનુભવ કરે તો વિશ્વાસ આવે, ત્યારે સાચો વિશ્વાસ કહેવાય. સ્વાદ અનુભવમાં આવે ત્યારે વિશ્વાસ આવે છે. આમ ને આમ અનુમાન કરે એની તો પહેલાં ના પાડી ને. અનુમાનથી જ્ઞાન કરવાવાળો આત્મા છે જ નહિ. સૂક્ષ્મ છે ને, ભગવાન! આ વાત એવી છે. આહા..હા..! અંતરમાં આત્મા અંદર જ્ઞાનાનંદ સહજાનંદમૂર્તિ છે જેમાં પ્રત્યક્ષ થવાનો જ ગુણ છે. પ્રત્યક્ષ થાય એવો આત્મા છે, પરોક્ષ રહે એ આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્મા નહિ અને આત્મા થયો નથી. જ્યાં સુધી, અંતરમાં આત્મામાં પ્રકાશ નામનો ગુણ છે એનો ગુણ પ્રત્યક્ષ થવું છે, એવો પ્રત્યક્ષ ન થાય ત્યાં સુધી એ આત્મા નથી.

મુમુક્ષુ :- ત્યાં સુધી ભટકતો જ રહે.

ઉત્તર :- અનાદિથી ભટકે તો છે, પણ ત્યાં સુધી આત્મા જ નથી, ત્યાં સુધી અનાત્મા છે, એમ કહે છે. આહા..હા..! અરે..! ભગવાન! સમજાણું કાંઈ? ભાઈ! આ તો અલૌકિક વાતું છે, ભાઈ! આ તો અંતરની વાત છે. કોઈ વાણીનો વિલાસ ત્યાં કામ કરતો નથી. કહો, ફતેહચંદજી! આવી વાતું. અરે..! સાધરણ જનતાને? બાપુ! સાધારણ જનતા ક્યાં છે? ભગવાન આત્મા છેને. બાળગોપાળમાં પડ્યો છે એ પ્રભુ ચૈતન્ય સામર્થ્યવાળો પરમેશ્વર છે. દ્રવ્યમાં પરમેશ્વર, ગુણમાં પરમેશ્વર. પર્યાયમાં પરમેશ્વર પ્રગટ કરે ત્યારે આત્મા કહેવાય. સમજાય છે કાંઈ?

પ્રકાશ નામનો ગુણ છે તો એનો ગુણ ઈ છે કે એ ગુણની પ્રતીતિ કહો કે દ્રવ્યની પ્રતીતિ કહો, એ ગુણ જેના આધારે છે એવા દ્રવ્યનો જ્યાં અંતરમાં આશ્રય કરીને, જ્ઞાન કરીને પ્રતીતિ થઈ તો એ જ્ઞાન પ્રત્યક્ષ થયા વિના રહે નહિ. મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થાય એમાં આત્મા પ્રત્યક્ષ ભાસે ત્યારે આત્મા કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..! બાકી તો બધા અગિયાર અંગ ભણી ગયો અને નવ પૂર્વ ભણ્યો અને જાણે કે અમે કાંઈક સમજીએ છીએ. મીંડા છે બધા. સમજાય છે કાંઈ? એય..! ધન્નાલાલજી! માસ્તર! શું છે?

મુમુક્ષુ :- મીંડા એટલે શું?

ઉત્તર :- મીંડા એટલે કહ્યું ને, શૂન્ય. મીંડા એટલે આ રખડવાનો મિથ્યાત્વભાવ. સ્વભાવથી શૂન્ય, રખડવાના ભાવથી (પૂર્ણ). મીંડા નથી કહેતા? શૂન્ય. બિંદી તમારે કહે છેને? બિંદી. આહા..હા..! કરોડ મીંડા હોય પણ એકડો ન હોય તો કિંમત કેટલી? કોરે કાગળે કરોડ મીંડા લખે... સમજ્યાને? પણ એનો અર્થ શું? એકડા વિના?

એમ ભગવાન પ્રત્યક્ષ મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થયા વિના એ આત્મા જ નથી, અહીંયાં તો એમ કહે છે અને એમ પ્રત્યક્ષ થયા વિના સમ્યગ્દર્શન થતું નથી. સમજાય છે કાંઈ?

અને આ રીતે પ્રત્યક્ષ થયા વિના આ આત્મા આનંદ છે એવી પ્રતીતિ ક્યાંથી થાય? કેમ કે પ્રત્યક્ષમાં જ્યારે આનંદનો સ્વાદ આવ્યો ત્યારે આ આત્મા આખો આનંદથી ભરપૂર પડ્યો છે એવી પ્રતીતિ થાય છે. આનંદનો નમૂનો પર્યાયમાં ન આવે, પ્રત્યક્ષપણું પર્યાયમાં ન આવે, સ્વચ્છતા પર્યાયમાં ન આવે, પ્રભુતા પર્યાયમાં ન આવે ત્યાં સુધી એ આત્મા નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! ત્યાં સુધી આત્માને જાણ્યો નથી અને એ આત્મા થયો જ નથી. એ આત્મા અનાત્મારૂપ છે. લક્ષ્મીરામજી! બહુ ઝીણી વાત, ભાઈ! હજી તો બહારમાં અટક્યા છે. પેલો કહે, વ્યવહાર છે. દયા, દાન, વ્રત પાળે એ સાધન છે. ધૂળેય સાધન નથી, સાંભળ તો ખરો. એ તો ઝેર છે. આત્મામાં ઝેર સાધન થશે? સમજાય છે કાંઈ? અને એમાં તો કર્તૃત્વબુદ્ધિ છે. હું કરું તો થાય, આમ ન કરું, આમ કરું, એ તો કર્તૃત્વબુદ્ધિ છે. સમજાય છે કાંઈ?

મોક્ષપંથની કતરણી. આમાં આવે છેને? (નાટક) સમયસારમાં આવે છે. સવારનો શ્લોક છેને, એમાં જ આવે છે. બનારસીદાસ. સમજાણું કાંઈ? મોક્ષપંથની કતરણી. દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ છે એ મોક્ષપંથની કતરણી છે, કાતર. છેને એમાં? એમાં છે. આ છેને? આપણે સવારમાં નથી ચાલતું? પુણ્ય-પાપ અધિકાર ચાલે છેને? જુઓ, મોક્ષહેતુમાં આવશે. જુઓ, 'કોઈ શિષ્ય કહૈ સ્વામી! અસુભક્રિયા અસુદ્ધ, સુભક્રિયા સુદ્ધ તુમ ઐસી ક્યોં ન વરની, ગુરુ કહૈં જબલૌં ક્રિયાકે પરિનામ રહૈં, તબલૌં ચપલ ઉપયોગ જોગ ધરની.' ચપળતા યોગની ભૂમિકા છે, આત્માની ભૂમિકા નહિ. આહા..હા..! 'થિરતા ન આવૈ તો લૌં સુદ્ધ અનુભૌ ન હોઈ, થિરતા ન આવૈ તો લૌં સુદ્ધ અનુભૌ ન હોઈ યાતૈં દોઉ ક્રિયા મોખ-પંથકી કતરની.'

એ.. ફતેહચંદજી! આ બધે પ્રતિષ્ઠા ભણાવે એમાં ... છે અંદરથી. આ પ્રતિષ્ઠા કરાવનારા શું કહેવાય? આચાર્ય, પ્રતિષ્ઠાચાર્ય. આ તો એક નામ હોં. આ તો એક દાખલો આપીએ છીએ. તમારી વ્યક્તિગત (વાત) નથી. આ તો એક દાખલો તમારો આપ્યો. આમ થાય, આમ થાય. પ્રતિષ્ઠા કરાવનારને ધર્મ થાય છે, આઠ ભવમાં મોક્ષ જાય છે. અમારે અહીંયાં મંદિર થયું ને? બે લાખનું. રાજકોટ. (સંવત) ૨૦૦૬ની સાલમાં. ઈ આવ્યા હતા. મુન્નાલાલજી પંડિત ઈંદોરના હતા ઈ આવ્યા હતા. બે લાખનું મંદિર અને ઉપર સોનાના કળશ ચડાવ્યો. રાજકોટ છેને? એ કરતાં-કરતાં.. નાનાલાલભાઈ છે અમારે. એણે બનાવ્યું હતુંને અઢી લાખનું. એણે નાનાલાલશેઠને કહ્યું. માણસ ઘણું આવ્યું હતું. પાંચ-છ હજાર આવેલું. એણે કહ્યું, શેઠ! તમે તો આઠ ભવે મોક્ષ જશો. તો નાનાલાલશેઠ કહે છે, અમે એમ નથી માનતા. મંદિર બનાવ્યું અને બે-અઢી લાખ ખર્ચ્યા માટે અમારો મોક્ષ થશે, એમ અમે માનતા નથી. અમારા મહારાજ પણ કહેતાં નથી અને અમે પણ માનતા નથી. પંડિતજી! શેઠે કહ્યું. પંડિતે કહ્યું કે આઠ ભવે મોક્ષ જશો. મુન્નાલાલ પંડિત હતા ને. ગુજરી ગયા. બહુ વહેમીલા હતા. અવિધિ

થાય તો દિકરા મરી જાય અને વિધિ થાય તો આમ મરી જાય, એમ કહેતા હતા. શેઠ તમે તો આઠ ભવે મોક્ષમાં જશે. કરોડપતિ છે નાનાલાલભાઈ, શ્વેતાંબર હતા. દિગંબર મંદિર બનાવ્યું. પંડિતજી! અમે એમ નથી માનતા અને મહારાજ પણ અમને એમ કહેતા નથી કે મંદિર બનાવ્યું અને એમાં પાંચ-દશ લાખ ખર્ચ્યા તો તમારે અંશે ધર્મ થશે. અંશેય નહિ. સમજાય છે કાંઈ? એ.. શેઠ! રાગ છે, શુભ છે. એ પાપથી બચવા માટે એ કાળે આવે છે જરૂર, પણ એ ધર્મ છે કે એનાથી સંવર, નિર્જરા થાય છે કે આત્માનું કલ્યાણ છે- એમ નથી. શું કહ્યું?

'યાતૈ દોઉ ક્રિયા મોખ-પંથકી કતરની, બંધકી કરૈયા...' ત્રણ બોલ લે છેને? ભાઈ! આચ્છાદન, બંધરૂપ અને વિરોધરૂપ. 'બંધકી કરૈયા દોઉ દુહૂમેં ન ભલી કોઉ, બંધકી કરૈયા દોઉ દુહૂમેં ન ભલી કોઉ, બાધક વિચારી મૈં નિસિદ્ધ કીની કરની. (૫૬) ૧૨.' બનારસીદાસ આમ સ્પષ્ટ કરે છે. પાઠમાં આમ છે તો આ કહે, નહિ, નહિ. ઘરનું છેને. આ ઘરનું ક્યાં છે? આ તો અંદર છે. આપણે શ્લોક આવશે. હજી આવશે, આવ્યો નથી. હવે આવશે. **'मोक्षहेतु तिरोधान'**. ભાઈ! એ વાત તો એક કોર રહી. અહીં તો હવે બીજી વાત ચાલે છે.

**'જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન...'** ત્યાં કહ્યું કે કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોક આલંબન છે અને લોકાલોકને જ્ઞાનની પર્યાય આલંબન છે. ત્યાં તો યથાર્થપણે વસ્તુ કહી. અહીં આલંબન ઉડાવ્યું. આ શું? એ બીજી વાત છે. ત્યાં કહ્યું એ તો ફક્ત નિમિત્તની ઉપસ્થિતિ જણાવી. પોતાની જ્ઞાનપર્યાય પોતાથી શુદ્ધ સ્વભાવમાંથી અંતરમાંથી આવી છે, એમાં નિમિત્ત લોકાલોક છે એમ જણાવ્યું; અને જ્ઞેયપદાર્થ પણ પોતાની પર્યાયથી પોતાને કારણે, પોતાની યોગ્યતાથી પરિણમી રહ્યા છે એમાં જ્ઞાનની પર્યાયને નિમિત્ત કહ્યું, બસ, એટલી વાત છે. કોઈ કોઈના આધારે છે એમ નથી. અહીં બીજી વાત છે. શબ્દ તો બેયમાં 'આલંબન' પડ્યો છે. અહીં નિમિત્તના પરાધીનપણાના લક્ષે છે. સમજાય છે કાંઈ? ઇન્દ્રિયનું લક્ષ, મનનું લક્ષ, વિકલ્પનું લક્ષ, વાણીનું લક્ષ, એમ નિમિત્તના લક્ષે જે જ્ઞાનમાં ઉપયોગ થયો એ ઉપયોગ નહિ, અનુપયોગ છે, આત્મા નહિ. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ છે ને, ભગવાન! આહા..! એ વાતું એવી છે. વાત એને અંતરમાં પોતાના નિજ સ્વરૂપનું માહાત્મ્ય આવતું નથી અને બહારમાં ઉંડે... ઉંડે... ઉંડે... આમ થાય ને આમ થાય ને આનાથી થાય, આનાથી થાય, એવું મિથ્યાત્વ શલ્ય ઉંડે.. ઉંડે.. પડ્યું છે. સમજાય છે કાંઈ?

કહે છે, **'જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ...'** નથી થતું. આહા..હા..! ઉપયોગ નામના લક્ષણ વડે આત્માનું ગ્રહણ થતું નથી. એનો અર્થ શું? જ્ઞેયપદાર્થોનું આલંબન નથી. ત્યાં આલંબન કહ્યું હતું. ધન્નાલાલજી! અહીં આલંબનનો અર્થ જ્ઞેયના લક્ષે પરાશ્રયે જેટલું જ્ઞાન ઉત્પન્ન થયું એ ઉપયોગ નહિ, એ ધર્મ નહિ, એ સમ્યગ્જ્ઞાન

નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ? 'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः' એમાં જે સમ્યગ્દર્શનની સાથે સમ્યગ્જ્ઞાન છે એ નિમિત્તના અવલંબને જે જ્ઞાન થયું એ સમ્યગ્જ્ઞાન નહિ, એ મિથ્યાજ્ઞાન છે એમ કહે છે. આહા..હા..! ગજબ વાત છે! ધન્નાલાલજી!

મુમુક્ષુ :- શાસ્ત્રજ્ઞાન..

ઉત્તર :- શાસ્ત્ર છે એ તો પર છે. શાસ્ત્રમાં જ્ઞાન છે? જ્ઞાનમાં જ્ઞાન છે. તો જ્ઞાનમાંથી જ્ઞાન આવે તો જ્ઞાન સમ્યક્ છે. શાસ્ત્રના લક્ષે થાય એ તો પરાલંબી છે. માર્ગ એવો છે, ભગવાન! આહા..હા..!

નિરાલંબી પ્રભુ, જેને નિમિત્તનું આલંબન નથી. પેલું આલંબન બીજી વાત છે. એ તો નિમિત્ત છે એટલું જ્ઞાન. આ આલંબન-પરાધીનપણું. રાગથી, ઈન્દ્રિયના આશ્રયથી, સાંભળવાથી જે જ્ઞાન થયું એ ઉપયોગ જ નથી. એ આત્મા નહિ એ તો એક બાજુ, પણ એ ઉપયોગ નહિ. આહા..હા..! ભગવાન આત્મા આમ જાણન... જાણન... જાણન... જાણન... જાણન... ઉપયોગ, એ ઉપયોગ તો લક્ષણ છે. એ તો લક્ષ્યનો ઉપયોગ છે, એ તો દ્રવ્યનો ઉપયોગ છે. એ ઉપયોગ નિમિત્તને આધીન થઈને ઉપજે એ ઉપયોગ જ નથી, એ જ્ઞાન જ નથી, એ સમ્યગ્જ્ઞાન નહિ. અગિયાર અંગ પરલક્ષે ભણી જાય તોપણ એ ઉપયોગ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! છે કે નહિ એમાં? જુઓ, અહીંથી બહાર નીકળશો તો બીજા પૂછશે, હોં કે તમે શું શીખીને આવ્યા? આ એકાંત શીખીને આવ્યા? અરે..! ભગવાન! અહીંનું તો એકાંત જ કહે છે. કોઈ હરકત નહિ. એકાંત છે, એકાંત છે. એકાંત છે. ઠીક છે, જૈનમાં ... દેવાના. આહા..હા..! ભગવાન! તને તારી ખબર નથી.

પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ તીર્થંકર પરમાત્મા, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન પોતાની પર્યાયમાં અંદર ગુણમાંથી પ્રગટ થયું છે. જ્ઞાનગુણમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાય જે શક્તિરૂપે પડી હતી, એ સમયે તે કેવળજ્ઞાનની પર્યાય પ્રવાહરૂપે નીકળી. બીજે સમયે બીજી, ત્રીજા સમયે ત્રીજી. વાણી નીકળી એમાં ભગવાન તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માનું જ્ઞાન નિમિત્ત થયું, કંપન નિમિત્ત થયું. એ વાણીમાં એમ કહ્યું કે અમારી વાણી સાંભળીને અને શાસ્ત્રના શબ્દો સાંભળીને અને કાનનું નિમિત્ત છે અને વિકલ્પ એમાં નિમિત્ત છે એથી જે જાણવું થયું એ સમ્યક્જ્ઞાન નહિ, એ ધર્મજ્ઞાન નહિ. આહા..હા..! કામ ભારે આકરું પણ જગતને. ડૉક્ટર!

મુમુક્ષુ :- સમ્યક્જ્ઞાન નહિ ત્યાં સુધી તો ઠીક, પણ ધર્મજ્ઞાન નહિ, નહિ કહો.

ઉત્તર :- પણ ધર્મજ્ઞાન નહિ કહો, સમ્યક્જ્ઞાન નહિ કહો કે અજ્ઞાન કહો, બધી એકની એક વાત છે. સમજાય છે કાંઈ? આહા..હા..! જેમાં શક્તિ છે, જ્ઞાન થવાનું સામર્થ્ય છે એવો આત્માની અંતર્મુખ દૃષ્ટિ કરવાથી અંતર્મુખ જ્ઞાનની પર્યાયનો પ્રવાહ આવે તે પ્રત્યક્ષ

છે, એ સમ્યક્જ્ઞાન છે, એ ધર્મજ્ઞાન છે. સમજાય છે કાંઈ? પણ હજી તો પહેલાં નિર્ણયના ઠેકાણા નથી. સમજ્યા? તો આ ચીજ તો એને ક્યાંથી પ્રાપ્ત થાય? ડામાડોળ, ડામાડોળ. જાણે આમ થશે ને આમ થશે ને આમ થશે.

અહીં તો ભગવાન કહે છે કે જ્ઞેય પદાર્થનું આલંબન નથી. અર્થાત્? ત્યાં કહ્યુંને? ભગવાન! એ બીજી વાત છે. ત્યાં તો નિમિત્તની ઉપસ્થિતિનું જ્ઞાન કરાવ્યું. કેવળજ્ઞાન લોકાલોકમાં નિમિત્ત, લોકાલોક જ્ઞાનમાં નિમિત્ત, બસ. ઉપાદાન પોતાથી પરિણત છે, એટલું. જ્ઞેય પણ પોતાના ઉપાદાનથી પરિણત છે અને જ્ઞાન પણ પોતાના શુદ્ધ ઉપાદાનથી પરિણત છે, બસ. અહીંયાં તો ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવી પ્રભુના આશ્રયથી દૃષ્ટિ કરીને જે પરિણમન કરવું જોઈએ, સમજાય છે? એ નહિ થઈને, ફક્ત ઉપયોગમાં જ્ઞાનની પર્યાયનો ક્ષયોપશમ પહેલાં સાધારણ હતો, પછી વિશેષ દેખાણો, વિશેષ ખ્યાલમાં આવ્યું તો એ નિમિત્તની પરાધનીતાથી ખ્યાલમાં આવ્યું એ ખ્યાલ જ નથી, એ ઉપયોગ જ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ? શેઠ! હરિચંદજી! શું છે આ?

મુમુક્ષુ :- ગહન વિષય છે.

ઉત્તર :- ગંભીર માણસ છે ને. ગહન છે, કહે છે. પણ છે તો આમ, ભગવાન!

મુમુક્ષુ :- આત્મા કઠણ છે.

ઉત્તર :- કઠણ છે. લ્યો, અમારા પંડિતજી કહે છે, કઠણ છે. શેઠે કહ્યું કે ગહન છે. આહા..હા...! હજી સાંભળવા મળ્યું નથી. શું ચીજ છે? કઈ રીતે પ્રાપ્ત થાય? એ સાંભળવા મળ્યું નથી. આહા..હા...! છે જ નહિ, ક્યાંથી મળે?

અહીં તો કહ્યું, આહા..! ગજબ કામ કર્યું છે! અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતોએ સત્‌ને પ્રસિદ્ધ કર્યું છે. આહા..! આત્મામાં કબુલ થઈ જાય એવી વાત છે. સમજાય છે કાંઈ? એક-એક ન્યાયથી એવી વાત સિદ્ધ કરે છે, અપૂર્વ વાત! ભગવાન! તું તો આત્મા છો ને! તારામાં તો ભગ નામ જ્ઞાન અને આનંદની લક્ષ્મી પડી છે ને! કેટલી? પૂરેપૂરી. એવો વાન નામ ભગવાન-તારું સ્વરૂપ છે ને, પ્રભુ! આહા..હા..! હજી એક જણાએ તો ભગવાન આત્મા કહે તો કહે, નહિ, નહિ, અત્યારે ભગવાન નહિ. અરે..! ભગવાન! અત્યારે ન હોય તો પ્રગટ ક્યાંથી થશે? પ્રાપ્તની પ્રાપ્તિ છે. છે એમાંથી આવશે. નહિ હોય એમાંથી આવશે? સમજાય છે કાંઈ?

લીંડીપીપરનું દૃષ્ટાંત આપીએ છીએ ને. લીંડીપીપર હોયને? પીપર-પીપર. નાની લીંડીપીપર. એને ઘસે છે. ચોસઠ પહોરી ઘસે છેને. ચોસઠ પહોરી. ચોસઠ પહોરી કહે છેને? તો ચોસઠ પહોરી તીખાશ આવી ક્યાંથી? પત્થરમાંથી આવી છે? પત્થરમાંથી આવી હોય તો કોલસા, પથરા ઘસી નાખો ચોસઠ પહોર. લાખ પહોર ઘસે નહિ, એમાં છે ક્યાં? એમાં છે, છે. લીંડીપીપરનો નાનો દાણો હોય, રંગે કાળો હોય, બહારમાં તીખાશ અલ્પ હોય, પણ અંદરમાં

પૂર્ણ-રૂપિયે રૂપિયો સોળ આના ભરી છે. ચોસઠ શબ્દે એ છેને? અત્યારે સો (પૈસાનો રૂપિયો) થઈ ગયોને. સો પૈસાનો રૂપિયો તો હમણાં થયોને. અત્યાર સુધી તો ચોસઠ પૈસાનો રૂપિયો હતોને, તો ચોસઠ પૈસાનો રૂપિયો કહો કે સોળ આના કહો, રૂપિયો કહો કે પૂર્ણ કહો કે પૂરો કહો. સમજાય છે કાંઈ? એક-એક નાના દાણામાં બહારની કાળાશ છે એ અંદરની ચીજ નથી, અલ્પ તીખાશ અંદરની વસ્તુ નથી. પૂર્ણ તીખાશ ચોસઠ પહોરી, રૂપિયે રૂપિયો સોળ આના અને લીલો રંગ અંદર પડ્યો છે. છે તો પ્રગટ થશે. પત્થરથી અને નિમિત્તથી પ્રગટ થતો નથી.

એમ કહે છે કે નિમિત્તના અવલંબને આત્મજ્ઞાન પ્રગટ થાય એવો આત્મા છે જ નહિ. આહા..હા..! એવો આત્મા નથી. આત્મામાં અંતર કેવળજ્ઞાન જ્ઞાનસ્વભાવ પૂર્ણ સંપૂર્ણ.. સંપૂર્ણ છે. એની દૃષ્ટિ કરીને જે જ્ઞાનની પર્યાયમાં શક્તિમાંથી વ્યક્તતા અંતરમાંથી આવી છે, તે વ્યક્ત પર્યાયને જ્ઞાન ને અનુભવ અને ધર્મ કહે છે. સમજાય છે કાંઈ? આમ તો મોટા-મોટા વકીલ હોય છે બે હજારનું દનિયું લેવાવાળા. એક દિવસના બે હજાર. ભૂલાભાઈ હતાને? દેસાઈ ને બધા, આપણે રામજીભાઈ ગયા હતા ને. ભૂલાભાઈને વિચાર કરવો પડે, રામજીભાઈ સામે હોય તો. એ બધા ભણતર રામજીભાઈના અને ભૂલાભાઈના બધા મીંડા હતા. એય..! નુકસાનકારક હતા. એ તો નહિ, એની તો અહીંયાં વાતેય કરી નથી.

અહીં તો શાસ્ત્રનું અવલંબન નિમિત્તને આધીન થઈને ક્ષયોપશમ થાય એ જ્ઞાન નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? જ્યાં ભગવાન આત્મામાં જ્ઞાનસ્વભાવ પૂર્ણ, પરિપૂર્ણ ભર્યો છે તેમાં એકાગ્ર થાય... ફુવારો હોયને? ફુવારો. દાબે તો ફુવારામાંથી પાણી નીકળે છે. દરિયાનો-સમુદ્રનો દાખલો કહ્યો હતોને? ૧૧૮ ડિગ્રી તાપ હોય, પણ જ્યારે ભરતી આવે છે તો મધ્યમાંથી આવે છે, એ કંઈ બહારથી આવતી નથી; અને બહાર કદાચ ૨૫ ઈંચ વરસાદ હોય ૨૫ ઈંચ વરસાદ અને હજારો નદીના પાણી પડે, પણ જ્યારે ઓટનો વખત હોય, ઓટને શું કહે છે? ભાટા. સમુદ્રમાં ઓટનો વખત હોય તો એ ૧૦૦ ઈંચ કે ૧૦૦ નદીઓ એ ઓટની ભરતી કરી શકે નહિ. સમજાય છે કાંઈ? સમુદ્રમાં જ્યારે ઓટનો કાળ છે, ભાટાનો કાળ છે તો બહાર ૧૦૦ ઈંચ વરસાદ થાય, પચીસ-પચીસ ઈંચ તો પડે છેને કેટલાક ઠેકાણે? અહીંયાં પણ એક વાર પોણો કલાકમાં સવા પાંચ ઈંચ પડ્યો હતો. અહીંયાં સંવત ૧૯૯૨ની સાલમાં. પોણો કલાકમાં સવા પાંચ ઈંચ. એવો આખો દિવસ પડે તો શું ઓટના વખતમાં એ પાણી ભરતી લાવી શકે? સમજાય છે કાંઈ? અને જ્યારે અંદરમાંથી ધારા આવે છે, સમુદ્ર ઉછળીને ભરતી આવે છે તો ૧૧૮ ડિગ્રીનો તડકો ભરતીને રોકી શકે? સમજાય છે કાંઈ? ૧૦૫ હોય તો માણસ મરી જાય. ૧૧૮ ડિગ્રી થાય ત્યાં તો આમ ચકલા ને કાબરુ. કાબર સમજો છો? કાબર હોય એ મરી જાય બિચારી. ગરમી બહુ હોયને.

એક વાર ૧૯૮૬ની સાલમાં ભાવનગર હતા. સંવત ૧૯૮૬. એ વખતે તો અપવાસ

કરતાં હતાને ચોવિહારા. પાણીનું બિંદુ નહિ. ૧૯૮૬ની સાલ. એટલી ગરમી. ૧૧૮ ડિગ્રી તાપ. અમને તો ઘણાં વરસોનો અભ્યાસ હતો. અમારે નારણભાઈને એમ થઈ ગયું જરી. અમારે નારણભાઈ હતા. અરે..! નિગોદના જીવને કેમ હશે? કીધું, કેમ આ પ્રશ્ન ઉઠ્યો? બહુ વિચિક્ષણ હતા. અમારી સાથે હતા નારણભાઈ. તર્ક બહુ. પાણીનું બિંદુ નહિ. અને ગરમી.. ગરમી.. ગરમી. એના ઉપર લક્ષ ગયું કે અરે..! નિગોદના શરીરમાંથી ક્યાંથી બહાર આવશે? કેમ મુક્તિ થશે? પ્રશ્ન કેમ ઉઠ્યો? કીધું. આટલું દુઃખ લાગ્યું ને, તો એમાંથી નીકળવું કઈ રીતે ખબર પડતી નથી. અપવાસનું દુઃખ લાગ્યું ને, દુઃખ. એમાંથી નીકળવું... દૃષ્ટિ નિગોદ ઉપર ગઈ. તર્કબાજ હતા. એ જીવ કઈ રીતે નીકળશે? ક્યારે નીકળશે? આહા..હા..! અરે..! એના ભવનો આરો ક્યારે આવશે? કીધું, શું થયું? ચક્કર ફર્યું, કીધું. પછી મગજ અસ્થિર થઈ ગયું હતું. પોસ્ટ માસ્ટર હતા. વૈરાગ્યથી દીક્ષા લીધેલી પણ.. તર્કબાજ બહુ હતા. શાસ્ત્રના વાંચન કરીને અંતરમાંથી બહુ વાત કરતાં હતા. પછી ... બહુ થઈ ગયા. કીધું, શું થયું? એટલું દુઃખ લાગે છે કે સહન નથી થતું. કારણ કે અંતરમાં સ્વભાવનું તો ભાન છે નહિ. સમજાય છે? અને ઉપવાસ કર્યા. હવે કરવું શું? અંતરમાં તો અણગમો લાગે તો આર્તધ્યાન છે. પુણ્ય તો નહિ, પણ પાપ છે ત્યાં તો. ઊંડે... ઊંડે અણગમો. કેમ કે આત્મા આનંદકંદ છે એવો અનુભવ તો છે નહિ, દૃષ્ટિમાં આનંદ તો આવ્યો નહિ, આત્મામાં પ્રત્યક્ષપણું તો પ્રગટ થયું નથી, દુઃખ દેખાય, દુઃખ દેખાય, દુઃખ દેખાય. પર્યાયબુદ્ધિ મિથ્યાબુદ્ધિ છે. સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે, જ્ઞાનમાં પદાર્થોનું આલંબન નથી. પરના અવલંબને જેટલો ક્ષયોપશમ થયો એ ક્ષયોપશમ જ્ઞાનનો નહિ. આહા..હા..! ભારે વાત! એ આત્માની જાતનો ક્ષયોપશમ નહિ. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! ક્ષયોપશમના પણ બે પ્રકાર. એને ઉઘાડ તો થયો કે નહિ? સાધારણ (માણસ) વાત ન કરી શકે અને એ વાત કરી શકે, ભાષણ આપી શકે, આમ-આમ કરી શકે. એમાં શું થયું? ભાષણ દેવું એ તો જડની ક્રિયા છે. ભાષણ હું આપુ છું એ માન્યતા પણ મિથ્યાત્વ છે. આહા..હા..! અને વિકલ્પ-રાગ છે, એ રાગ પણ મારું કાર્ય છે, ઉપદેશ દેવાનું વિકલ્પનું મારું કર્તવ્ય છે એ મિથ્યાત્વભાવ છે. મણિભાઈ! આહા..હા..!

કહે છે, **'જ્ઞેય પદાર્થોનું આલંબન નથી...'** આહા..હા..! **'તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી...'** બસ. પેલું આલંબન જુદું અને આ આલંબન જુદું. એના આલંબને ત્યાં જ્ઞાન નહોતું થયું. અહીં તો નિમિત્તના લક્ષે, આલંબનથી જાણપણું થયું એવું આત્માનું જ્ઞાન નથી. ઈ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? **'આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** લો. એ સાતમો બોલ થયો.

'(૮) **જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી...**' જુઓ! ભગવાન આત્મા એને કહીએ કે જે જ્ઞાન ઉપયોગ છે એ બહારથી નથી લાવતો. પહેલાંમાં આલંબન કહ્યું હતું, આ બહારથી નથી લાવતો (એમ કહ્યું). '**જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી...**' એટલે? ગ્રહણ નથી કરતો અર્થાત્ '**એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી...**' આહા..હા...! ઉપયોગની ક્રિયા બહારથી નથી આવતી. નિમિત્તથી આવતી હતી, બહારથી આવતી હતી એમ પહેલાં કહ્યું. સમજાય છે કાંઈ? ધન્નાલાલજી! ભારે વાત, ભાઈ! આવો વીતરાગ ધર્મ ઝીણો? આહા..હા..! જેનું ફળ અનંત આનંદ છે, એનું કારણ પણ મહાન અલૌકિક વાત છે. લોકોને સાંભળવા મળે નહિ એટલે શું માર્ગ બીજો થઈ જાય? માર્ગ તો 'એક હોય ત્રણ કાળમાં, પરમાર્થનો પંથ.' પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા અનંત થઈ ગયા, વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે અને અનંત તીર્થંકર ક્રમસર ભરત, ઐરાવત, મહાવિદેહમાં થશે. અનંત થયા, છે અને અનંત થશે. બધાની એક જ વાત છે.

પરમાત્માની વાત અહીંયા કહે છે. કુંદકુંદાચાર્ય સીમંધર ભગવાન પાસે ગયા હતા. સંવત ૪૯. આહા..હા..! નગ્ન મુનિ દિગંબર. એમની પવિત્રતા પણ એવી અને પુણ્ય પણ એવા કે ભરતક્ષેત્રના મનુષ્ય પરમાત્મા પાસે સાક્ષાત્ જઈને દર્શન કરે. ભરતના માનવી મહાવિદેહની જાત્રા કરે એ પુણ્ય છે. બાહ્ય ક્રિયાનું પુણ્ય છેને. અંદરની પવિત્રતા એટલી કે સાક્ષાત્ ભગવાન પાસે સાંભળ્યું. આઠ દિવસ. સમજ્યા? સંવત ૪૯. સંવત ૪૯. બે હજાર વર્ષ પહેલાં. વર્તમાનમાં પરમાત્મા બિરાજે છે. સીમંધર પ્રભુ મહાવિદેહ ક્ષેત્રમાં કેવળજ્ઞાની તીર્થંકરપણે વર્તમાન પાંચસો ધનુષ ઊંચો દેહ, કરોડ પૂર્વનું આયુષ્ય છે, વર્તમાનમાં બિરાજે છે. બે હજાર વર્ષ પહેલાં પણ હતા, અત્યારે પણ છે અને હજી અબજો વર્ષ રહેવાના છે. આવતી ચોવીસીના તેરમા તીર્થંકર જ્યારે અહીંયાં થશે ત્યારે મોક્ષમાં જશે અને વીસમા તીર્થંકર વખતે દીક્ષા લીધી છે. અહીંયાં મુનિસુવ્રત ભગવાન હતા એ વખતે દીક્ષિત થયા છે. પછી કેવળજ્ઞાન થયું ત્યારથી કેવળજ્ઞાનમાં વર્તમાન બિરાજે છે.

મુમુક્ષુ :- જ્યારે વીસમા તીર્થંકર થયા..

ઉત્તર :- અહીંયાં નહિ, ત્યાં થયા. અહીંયાં જ્યારે તેરમા થશે ત્યારે ત્યાં મોક્ષ જશે. અહીંયાં વીસમા હતા ત્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. સમજાય છે કાંઈ? મહાવિદેહ ક્ષેત્રમાં આયુષ્ય મોટા છે ને. મહાવિદેહ ક્ષેત્ર છે હોં. રોકેટ-બોકેટને હાથ ન આવે માટે નથી, એમ નહિ. મહાવિદેહ ક્ષેત્ર છે. ભગવાન સમવસરણમાં બિરાજે છે. તેમની દિવ્યધ્વનિ છૂટે છે. ઈન્દ્રો પણ ત્યાં સાંભળવા આવે છે. એ ભગવાન કહે છે એ આ વાત છે. સમજાય છે કાંઈ? આહા..!

'**જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને...**' ઓહો..! કેટલી વાત! '**ગ્રહણ**

**કરતો નથી એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે...'** બહારથી લવાયેલા જ્ઞાનવાળો આત્મા નથી, એમ કહે છે. જ્ઞાન બહારથી લાવે છે? જ્ઞાન બહારથી આવે છે? આહા..હા..! અંતર્મુખ ચૈતન્ય ભગવાનનો ઉકેલ કરીને દૃષ્ટિ કરીને જે જ્ઞાન આવે તે જ્ઞાન. બાકી વાંચીને થયું, બહારથી લાવ્યો એ જ્ઞાન આત્માનું નથી. કોઈના આલંબનવાળુ પરાધીન જ્ઞાન નથી કહ્યું. આ કહે છે કે બહારથી જ્ઞાન લવાતું નથી. બસ. ક્યાંથી આવે? એની પાસે ક્યાં નથી કે બહારથી લાવે. અંદરમાં પડ્યું છે ને. આખો કેવળજ્ઞાનનો કંદ પડ્યો છેને. આહા..હા...!

સ્વભાવવાન આત્મા અને જેનું સ્વભાવ જેનો જ્ઞાન, એ જ્ઞાનમાં તો અનંતી કેવળજ્ઞાનની પર્યાય પડી છે. એવી વાત હમણાં કરી હતી, બે વર્ષ પહેલાં. મથુરા. જંબુસ્વામી જ્યાંથી મોક્ષ ગયા. જંબુસ્વામી મોક્ષ ગયા ત્યાં ગયા હતા. કૈલાસચંદજી સાથે હતા. વ્યાખ્યાનમાં આવ્યું. કોઈ પંડિત હતો. એમ કહ્યું, કેવળજ્ઞાનની અનંતી પર્યાય જ્ઞાનગુણમાં વર્તમાનમાં પડી છે. અરે..! આ શું? કોઈ દિ' સાંભળ્યું ન હોય. પંડિત. અરે..! અનંતી કેવળજ્ઞાનની પર્યાય આ જ આત્માના જ્ઞાનગુણમાં પડી છે. સમજાય છે કાંઈ? અરે..! આ જ શું, નિગોદના જીવમાં પણ, આહા..હા..! નિગોદના આત્મા છે એક શરીરમાં અનંત. સિદ્ધ કરતા સંખ્યાથી અનંતગુણા જીવ. એક-એક જીવમાં એક-એક જ્ઞાનગુણ. અનંતી કેવળજ્ઞાનની પર્યાયથી ભરેલો જ્ઞાનગુણ એની પાસે છે. સમજાય છે કાંઈ? આહા..હા...! પર્યાયમાં અક્ષરના અનંતમે ભાગે પ્રગટ હો, તેથી શું? પર્યાય તો અલ્પ છે. એની શક્તિમાં તો મહાભંડાર ભર્યો છે. એને અંદરથી વિશ્વાસ આવતો નથી. આમ કરું તો થાશે, આમ કરું તો થાશે, પણ અંતર્મુખ થઈને પ્રગટ થશે એવો વિશ્વાસ આવતો નથી તો એ બહિરાત્મા છે એમ કહે છે.

મુમુક્ષુ :- એ બહિરાત્મા છે?

ઉત્તર :- એને બહિર્આત્મા કહે છે. કોઈ પણ રાગથી મને લાભ થશે, ક્રિયાકાંડથી લાભ થશે, બહિર્ જ્ઞાનથી લાભ થશે, એ બહિરાત્મા છે. આહા..હા..! બાહ્ય શબ્દ પડ્યો છેને અહીંયાં? આહા..! ભારે વાત, ભાઈ! આવી વાત તો કાને પડવી મુશ્કેલ પડે કેટલાકને તો. સાંભળ્યું એવું હોય, આમ કરો ને તેમ કરો, પૂજા કરો, ભક્તિ કરો, અપવાસ કરો, ત્યાગ કરો, વ્રત કરો, આ કરો ને તે કરો. આવું સાંભળી-સાંભળીને હેરાન થઈ ગયો છે એમાં. આહા..હા...!

અહીં તો ભગવાન પરમેશ્વરની વાણીમાં આવ્યું.. (ભગવાનની) વાણી કહેવું એ સંયોગથી કથન છે. વાણીની વાણી છે. કહે છે, ભગવાન! **'પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી...'** પોતે ક્યાંય બહારથી નથી આવતું. અંતર્મુખ ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એમાં વિકલ્પ- રાગરહિત નિર્વિકલ્પ દૃષ્ટિ લગાવીને જે દૃષ્ટિ થઈ તેની સાથે સમ્યક્જ્ઞાનની ધારા આવી

તે આત્માનો ઉપયોગ છે. એ ધર્મજ્ઞાન અને આત્મજ્ઞાન છે. એ આત્મજ્ઞાન છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આત્મજ્ઞાન છેને? આત્મા અંતરમાં સ્વભાવથી લબાલબ, ઠસોઠસ જ્ઞાનસ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવની પરિમિતતા શું? સ્વભાવમાં મર્યાદા કેવી? એવો સ્વભાવ ભગવાન આત્માનો આશ્રય કરીને..

પ્રવચનસારમાં આવે છેને? અસાધારણ જ્ઞાનને પકડીને. એક શ્લોક છે. ક્યાં છે ઈ? કેટલામે પાને છે? સમજ્યા? અસધારણ છે. આ પ્રવચનસાર છે. કેટલામો કીધો? પેલામાં ચિહ્ન કર્યું છે, આમાં ચિહ્ન નહિ હોય. અસાધારણ શબ્દ પડ્યો છે. ચિહ્ન તો ક્યાંક કર્યું છે. પુસ્તક ફરી જાય છેને. નવા-નવા પુસ્તક વંચાય. બધું કંઈ ખ્યાલમાં રહે? અસાધારણ જ્ઞાનનો આધાર લઈને, એમ આવે છે. ૨૧ ગાથા. '**અનાદિ અનંત, અહેતુક અને અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી તુરત જ પ્રગટતા કેવળજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે;...**' લો. ત્યાં પણ આવ્યું, જુઓ ભાઈ! '**સંવેદનને (-પ્રત્યક્ષ જ્ઞાનને) આલંબનભૂત સમસ્ત દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ જ છે.**' ત્યાં પણ આલંબન છે. અમારે તો બહુ જૂનું વાંચેલું હોય ને. એમાં ચિહ્ન આ બાજુ છે.

કેવો છે ભગવાન આત્મા જ્ઞાનગુણ? અનાદિ અનંત, અહેતુક. જે જ્ઞાનસ્વભાવ છે એને કોઈ હેતુ નથી, સત્ છે. '**અસાધારણ જ્ઞાનસ્વભાવ...**' અસાધારણ જ્ઞાનસ્વભાવ એક જ જ્ઞાનસ્વભાવ એવો છે કે બીજો કોઈ એવો ગુણ નથી. તેને જ '**કારણપણે ગ્રહવાથી...**' દેખો, તેને જ કારણપણે ગ્રહવાથી. ત્રિકાળ જ્ઞાનગુણ છે તેને કારણપણે ગ્રહવાથી. એટલે કાર્ય કરવું હોય તો તેને કારણપણે ગ્રહવાથી '**તુરત જ પ્રગટતા કેવળજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે;...**' સમજાય છે કાંઈ? અસાધારણ ભગવાન આત્મામાં જે જ્ઞાનશક્તિ-ગુણ અનાદિ અનંત પડ્યો છે તેને કારણપણે ગ્રહીને. પૂર્વની મતિજ્ઞાન પર્યાય છે તેને કારણે કેવળજ્ઞાન થાય છે એમ પણ નથી, અહીંયાં તો કહે છે. એનાથી નહિ. વિકલ્પથી તો કેવળજ્ઞાન નથી, વ્યવહારરત્નત્રયથી તો થતું નથી, પણ પૂર્વે મતિ-શ્રુતજ્ઞાન જે નિર્મળ હતું તેનાથી પણ કેવળજ્ઞાન થતું નથી. કેવળજ્ઞાન જે થાય છે તે અહેતુક અનાદિ અનંત અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી. ધન્નાલાલજી! છે? આહા..હા..! આચાર્યે તો બહુ સ્પષ્ટ કર્યું છે.

ભગવાન આત્માને પકડ. જે જ્ઞાન ત્રિકાળ ધ્રુવ, ધ્રુવને પકડ્યો કેવળજ્ઞાન કાર્ય થાય છે. પરને કારણે, પરના અવલંબનથી કોઈ કેવળજ્ઞાન થતું નથી. અરે..! મતિ-શ્રુતનો ક્ષયોપશમ ચૌદ પૂર્વનો હોય તો તેનાથી પણ કેવળજ્ઞાન થતું નથી, એમ કહે છે. આહા..હા..! તેનો અભાવ થાય છે. તેનો તો અભાવ થઈ ગયો. ભાવ તો અંદર કેવળજ્ઞાન પડ્યો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જ્ઞાન-ઉપયોગરૂપ થઈને પરિણમે છે પર્યાયમાં કેવળજ્ઞાન. જુઓ, કેવળજ્ઞાન પર્યાય છે, હોં! ગુણ નથી. કેવળજ્ઞાન તો પર્યાય છે. કેવળજ્ઞાનરૂપ થઈને પરિણમે છે, પર્યાય છે. ગુણ જે જ્ઞાનગુણ છે એ ધ્રુવ ત્રિકાળ છે. તેને કારણપણે ગ્રહવાથી, તેની દૃષ્ટિ કરવાથી,

તેનો આશ્રય કરવાથી કેવળજ્ઞાનની પર્યાય અવસ્થામાં ઉત્પન્ન થાય છે. આ રીતે ઉત્પન્ન થવું નહિ માનીને પરના અવલંબને કોઈ જ્ઞાનાદિ થયું, એમાં પણ અભિમાન કરે છે કે અમને આટલો ક્ષયોપશમ છે, અમને આટલું આવડે છે. અરે..! ભગવાન! શું છે? એ તો અજ્ઞાન છે, સાંભળ તો ખરો. પરના અવલંબને બાહ્યથી ઉત્પન્ન થયું, ઉત્પન્ન તો થયું તો પોતાની પર્યાયમાં, હોં! પણ પર્યાયમાં ઉત્પન્ન થયું એ બાહ્ય લક્ષે ઉત્પન્ન થયું એ બહારથી લાવ્યો એમ કહેવામાં આવે છે. એ જ્ઞાન નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ગુરુ વિના જ્ઞાન નહિ.

ઉત્તર :- એ આત્મા વિના જ્ઞાન નહિ. ગુરુ વિના જ્ઞાન નહિ, એ તો વ્યવહારનું કથન છે. નિમિત્ત કોણ છે એ બતાવવું છે. એ વાત તો આપણે ચાલી છે. સમ્યક્જ્ઞાનીનો ઉપદેશ નિમિત્ત હોય છે. સમજાય છે કાંઈ? દેશનામાં તો સમ્યક્જ્ઞાનીનો જ ઉપદેશ નિમિત્ત હોય છે, પણ નિમિત્ત ક્યારે કહેવાય? સ્વના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન અનુભવ પ્રત્યક્ષ કરે ત્યારે ગુરુનું નિમિત્ત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નિમિત્તથી લાભ થયોને.

ઉત્તર :- લાભ થયો ક્યાં? જ્ઞાનમાં જાણવાલાયક છે. આહા..હા..!

**'આ રીતે આત્મા જે ક્યાંયથી લવાતું નથી...'** આત્મા જે ક્યાંયથી લવાતો નથી **'એવા જ્ઞાનવાળો છે...'** જુઓ, ક્યાંથી લવાયેલા જ્ઞાનવાળો આત્મા નથી. સમજાય છે કાંઈ? **'ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** અલિંગગ્રહણમાંથી આવો ભાવ નીકળે છે. આહા..હા..! વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૨, રવિવાર, તા. ૨૪.૦૮.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૮-૧૦, પ્રવચન-૨૪૫**

આ પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. અલિંગગ્રહણ ચાલે છે. આઠ બોલ થયા આઠ. આઠમામાં શું કહ્યું? કાલે તો ઘણું ચાલ્યું હતું. **'જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી...'** શું કહે છે? કે આત્મા ઉપયોગ-જ્ઞાનલક્ષણવાળો છે એ લક્ષણ કોઈ બહારથી નથી આવતું. છેને? પોતે બહારથી નથી લાવતો. એનો અર્થ? જે કંઈ મનથી, ઇન્દ્રિયથી, વિકલ્પથી જે જ્ઞાનમાં જણાય છે એ ઉપયોગ નથી.

મુમુક્ષુ :- ભગવાને દિવ્યધ્વનિથી કીધુંને.

ઉત્તર :- દિવ્યધ્વનિથી તો કહ્યું, પણ વિકલ્પથી થયું એ ઉપયોગ નથી. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ છે જ્ઞાન-દર્શન સ્વભાવસંપન્ન ત્રિકાળ. એનો ઉપયોગ જે છે જાણવું-દેખવું ઉપયોગ ભાવ એ લક્ષણ બહારથી નથી લવાતું. એનો અર્થ ઈ કે એની એ ઉપયોગ નામની દશા એ કોઈ ઈન્દ્રિયથી, દિવ્યધ્વનિથી, શાસ્ત્રથી, સાંભળવાથી જે જ્ઞાન થાય તે ઉપયોગ નથી. લ્યો!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નથી થાતું. એ વાત એવી છે. વસ્તુ કેમકે જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. જેનો સર્વજ્ઞ સર્વદર્શી ત્રિકાળી સ્વભાવ છે. એ સ્વભાવનો જે ઉપયોગ, તે ઉપયોગ તો સ્વભાવને લક્ષે પ્રગટે-થાય તેને ઉપયોગ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? માર્ગ અલૌકિક છે. એ જ્ઞાનના જાણવામાં જેટલું લક્ષ જાય બહારમાં, ભગવાનની વાણી હોય, શાસ્ત્રથી હોય. મનથી ચિંતવન કરવાથી જે જ્ઞાનનો ક્ષયોપશમ-વિકાસનો અંશ દેખાય છે, કહે છે કે એ ઉપયોગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્માનું આત્મજ્ઞાન નથી એમ કહે છે. એ આત્મજ્ઞાન નથી એમ કહે છે. આહા..હા..! પંડિતજી! ભારે વાત ભાઈ! દુનિયાથી ઉલટી ઘણી. ભગવાન!

મુમુક્ષુ :- ઘણી.

ઉત્તર :- ઘણી એટલે પૂરેપૂરી, પૂર્ણનો અર્થ આખો. દરિયામાં દૃષ્ટાંત નહોતું આપ્યું નહિ? કાલે, પરમ દિ'. સમુદ્રમાં પચાસ ઈંચ વરસાદ થાય અને પચાસ ઈંચથી સો નદીના પાણીમાં ધોધ પડે. પણ દરિયામાં જ્યારે શું કહે છે? ઓટ? ભાઠાનો કાળ છે તો એ બહારની નદીનું પાણી અને પચાસ ઈંચનો વરસાદ એમાં ભરતી નથી લાવી શકતો. અમારી ભાષામાં ભરતી નથી લાવી શકતો. ભરતી-ઓટ કહે છે. અંતરમાંથી આવે એ ભરતી અને ચાલી જાય એ ઓટ. ઓટ પાછળ.

મુમુક્ષુ :- ભરતીને બાઢ કહે છે.

ઉત્તર :- હા, બાઢ તમારે કહે છે. એટલું સમજી લેવું. ભરતી-ઓટ. તો કહે છે કે પચાસ ઈંચ વરસાદ હોય, સો ઈંચ વરસાદ. એક-એક કલાકમાં પાંચ-પાંચ ઈંચ વરસાદ. એવો ચોવીસ કલાક વરસાદ પડે અને નદીમાં અંદર હજારો પાણીના પૂર પડે, પણ જ્યારે સમુદ્રમાં ઓટનો કાળ છે તો બહારનું પાણી એમાં ભરતી લાવી શકતું નથી. સમજાણું કાંઈ? અને જ્યારે એ દરિયામાં ભરતીનો કાળ છે. અંદરમાંથી દરિયો મધ્યબિંદુથી ઉછળે છે. મધ્યબિંદુથી દરિયો-સમુદ્ર ઉછળે છે એ કાળમાં બહારમાં ૧૧૮ ડિગ્રી તડકો હોય તો એ ભરતીને તડકો રોકી શકે નહિ. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા પોતાના મધ્યબિંદુને છોડીને, ધ્રુવને છોડીને જેટલો ઉપયોગ પરના લક્ષે કરે છે એને ઉપયોગ કહેવામાં આવતો જ નથી. આહા..હા..! વાત તો જુઓ. સમજાણું કાંઈ? એ ધર્મનો ઉપયોગ નથી. એ આત્માનો ઉપયોગ નથી.

સમજાણું કાંઈ?

જ્ઞાનમાં પરલક્ષથી જે કાંઈ જેટલો જ્ઞાનનો ક્ષયોપશમ આદિ દેખાય છે એ આત્માનો ઉપયોગ નથી, આત્મજ્ઞાન નથી. નવરંગભાઈ! આહા..હા..! એ કહ્યું જુઓ. **'ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી...'** એવો આત્મા, આત્મા જે ક્યાંયથી લવાતો નથી એવા જ્ઞાનવાળો છે. એવો જ્ઞાનવાળો આત્મા છે. આહા..હા..! ડૉક્ટર! ભણવાથી જ્ઞાન થાય તે આત્માનું જ્ઞાન નથી એમ કહે છે. ભણવાથી, લખવાથી, વાંચવાથી, સાંભળવાથી. આહા..હા..! શેઠ!

મુમુક્ષુ :- પર્યાયમાં..

ઉત્તર :- એ સાંભળવાથી થાય એ થતું જ નથી એમ કહે છે. આ તો વિકલ્પ છે અને એ પ્રસંગ હોય તો આવે. વ્યવહાર વચ્ચે હોય, પણ વ્યવહારનો નિષેધ છે અહીંયાં. એનાથી આત્માનું જ્ઞાન થાય છે એમ છે નહિ. બહુ વાત સૂક્ષ્મ. સમજાણું કાંઈ? તો આત્મા જે'' **'(ક્યાંય બહારથી) લાવતો નથી...'** ક્યાંયથી લવાતો નથી. એટલે કે પોતામાં ધ્યેય ભગવાન આત્મા એને જ્ઞાનનું લક્ષણ ધ્યેય બનાવીને જે જ્ઞાનરૂપ પરિણમન થાય એનું નામ આત્મજ્ઞાન, એનું નામ આત્મદર્શનની સાથે સ્વસંવેદન જ્ઞાન અને એનું નામ મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- તો બાકી બધો?

ઉત્તર :- બાકી બધું સંસાર ખાતે. કેમકે ભગવાન આત્મા અબંધસ્વભાવી જ્ઞાનસ્વરૂપ છે. તો એનો સર્વજ્ઞસ્વભાવ એ અબંધસ્વરૂપી છે અંતરસ્વરૂપ. સર્વજ્ઞ સ્વભાવ એવો આત્મા, પોતાના સર્વજ્ઞસ્વભાવની ઉપર દૃષ્ટિ કરીને, લક્ષ બનાવીને જે જ્ઞાનની પર્યાય અંતરમાંથી વહિત, પ્રવહિત, વહન થઈને જે પ્રગટે છે એનું નામ આત્માનું જ્ઞાન અથવા એનું નામ આત્માનો ઉપયોગ એનું નામ સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? દેવીલાલજી! આ બધા ભણેલા-ગણેલાને શું કરવું આમાં? આહા..હા..!

આત્મા જે ક્યાંયથી લવાતો નથી. શિખરચંદજી! શું કદી સાંભળ્યું છે આવું? આહા..હા..! ભગવાન! પ્રભુ! તારી શક્તિ એવી છે એમ કહે છે. તું નપુંસક નથી કે પરથી તારી પર્યાય પ્રગટે. જ્ઞાનની અવસ્થા પરથી પ્રગટે મનથી, વિકલ્પથી, સાંભળવાથી એ પર્યાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ તારું જ્ઞાન નથી, તને લાભદાયક નથી, તને હિતકર નથી. આહા..હા..! ભગવાન આત્મા...

મુમુક્ષુ :- તપ કહ્યુંને...

ઉત્તર :- તપ ક્યું તપ? તપનો શું અર્થ? અતીન્દ્રિય આનંદમાં તપવું, એકાકાર થવું એનું નામ તપ છે. તપથી...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તપ તો આ તપ છે. એ તપ નથી. તપ કહે છે. અતીન્દ્રિય ભગવાન આત્મા અંદરમાં એકાકાર થઈને પર્યાયમાં પ્રતપંતિ ઈતિ તપઃ આનંદ અને શાંતિથી પરિણમન કરે એનું નામ તપ કહેવામાં આવે છે. બાકી બધાને લંઘન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો બીજો છે. દુનિયા બીજી રીતે માને છે. મણીભાઈ! આહા..હા..! ભારે માર્ગ ભાઈ! અને એમાં દુનિયાને પ્રેમ પણ લાગે. સારું સમજાય, ખ્યાલ આવે. અને આ તો અગમ્ય વાત અતીન્દ્રિય જ્ઞાનવસ્તુ. નજર ત્યાં પહોંચે નહિ અને બહારની નજરે જ્ઞાન થાય નહિ. સમજાણું કાંઈ? કહે છે કે નજર ત્યાં નિધાન ઉપર ગયા વિના કદી જ્ઞાનની પર્યાય યથાર્થ, વાસ્તવિક પ્રગટતી નથી. આહા..હા..! એમ કહે છે. આ તો અલિંગગ્રહણમાં તો આખો જૈનશાસનનો સાર ભરી દીધો છે. યથાર્થ એવી જ વાત છે. સમજાણું કાંઈ? આત્મા ક્યાંયથી નથી લાવતો. ..પર્યાય જ્ઞાનને બહારથી નથી લાવતો એમ કહે છે. એ નકાર કર્યો અહીંયાં. સમજાણું? એનો અર્થ એ થયો કે ભગવાન આત્મા મધ્યબિંદુમાં ધ્રુવ, સર્વજ્ઞ પર્યાયમાં અનંતી જ્ઞાનશક્તિ પડી છે. એને ધ્યેય બનાવીને, એમાં વર્તમાન પર્યાયને પ્રસરાવીને અનાદિ-અનંત જ્ઞાનકારણ સ્વભાવ છે એને કારણ બનાવીને જે જ્ઞાનની પર્યાય શાંતિ, આનંદની સાથે પર્યાય પ્રગટે એનું નામ આત્માનું જ્ઞાન અને આત્માનું લક્ષણ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આઠમો બોલ થયો.

હવે આજ તો નવમો બોલ છે. આઠમો તો કાલે ચાલ્યો હતો. હવે કહે છે ધર્મી. જુઓ, શું કહે છે નવમાં બોલમાં? આ મુંબઈમાં મંગળિક પહેલા કર્યું હતું તો આ નવમાથી કર્યું હતું પહેલા. હમણા મુંબઈ ગયા હતા. મંગળાચરણમાં આ નવમો બોલ પહેલા લીધો હતો. કેમકે મંગળિક આ છે.

મુમુક્ષુ :- પાલિતાણા તળેટીમાં...

ઉત્તર :- હા, એ કહ્યું હતું. .. ઈ ને? ઓલા સાધુ આવ્યા હતા ઈ ને? હા. હા. શ્વેતાંબર સાધુ આવ્યા હતા. હા, ત્યાં રહેતા હતા. એક શ્વેતાંબર સાધુ હતા. અમે ગયા હતાને. ત્યાં તળેટી જાતા હતા. પાલિતાણા છેને. ઉપર તો નહિ. નીચે બેઠા હતા એક સાધુ. બહુ ગૃહસ્થ. મુંબઈમાં મોટા ગૃહસ્થ. ઘણા ગૃહસ્થ. ૨૫-૩૦ લાખ રૂપિયા. પછી દીક્ષિત થઈ ગયો. પછી અમારું સાંભળ્યું. અહીં આવ્યા હતા. સાંભળીને એને એવું થયું કે ઓહો..! આ વાત તો કાંઈ અમારી પાસે છે નહિ. મળતી નથી. એમ કહે બિચારા. વૃદ્ધ સાધુ આવ્યા હતા. કેટલી ઉંમર હતી? ૮૫ કે ૮૨. ..જી! કેટલા વર્ષ? ૮૧. એ દેવચંદજી હતા. ઘણા ગૃહસ્થ. મુંબઈમાં દુકાન ચાલતી હતી મોટી. એ ૧૫ વર્ષ પહેલા દીક્ષિત થઈ ગયા. પછી બહુ મધ્યસ્થ .. આમ.. મોટા ગૃહસ્થ આમ દીક્ષા લઈ લીધી. પછી શાસ્ત્ર વાંચ્યું તો કહે ઓહો..હો..! બહુ માર્ગ. આ વાત અહીંયા છે જ નહિ અને આ માર્ગ કોઈ બીજી ચીજ છે. પછી અમને પુસ્તક અહીં મોકલ્યું હતું. .. બોલ્યા હતા.

આ માર્ગ ક્યાંય એમાં તો છે જ નહિ. આ તો દિગંબરમાં માર્ગ છે એને પણ ખબર નથી. એમાં તો એ ચીજ છે નહિ. સમજાણું કાંઈ? કેમકે એ તો વસ્તુની સ્થિતિ છે હોં. કોઈનો અનાદર કરવાની વાત નથી. લ્યો ...ચંદજી શેઠ આવ્યા કે નહિ? નથી આવ્યા? પાલિતાણા ગયા છે. એ તો ખબર છે. પાલિતાણાથી હું આવીશ કીધું. પાછા આવીશ. ખબર છે. સમજાણું કાંઈ? અહીંયાં તો કહે છે.. અહીંયાં તો સનાતન વીતરાગ માર્ગમાં શાસ્ત્રમાં બધી વાત પડી છે. સમજાણું કાંઈ? એને પણ ખબર નથી. આહા..હા..!

કહે છે જુઓ, એ ભગવાન અમૃતચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્યના અલિંગગ્રહણનો અર્થ કરે છે અને સર્વજ્ઞના પેટમાં જે ભાવ હતો એ ભાવ ખોલે છે. અલિંગગ્રહણ નવમો બોલ. **'જેને લિંગ એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી...'** શું કહે છે જુઓ, નવમામાં છે? કહે છે કે જ્યાં ઉપયોગ લક્ષણ છે એણે લક્ષ્ય પકડ્યું છે દ્રવ્ય. જેનું એ લક્ષણ છે એને લક્ષ લક્ષણે લક્ષ્ય પકડ્યું છે. તો લક્ષ્ય પકડીને જે ઉપયોગ થયો એ તો ધ્યેય ધારા ચાલે છે. એ ઉપયોગ હરી શકે, પાછા પડી શકે, લુંટી શકે એવી તાકાત કોઈ ચીજમાં છે નહિ.

મુમુક્ષુ :- કર્મનું જોર હોય તો પડી જાય.

ઉત્તર :- કર્મનું જોર નહિ પણ પોતાની પર્યાય પરલક્ષે થાય એ ઉપયોગ નથી એમ કહે છે. ઉપયોગ નથી પડતો. સાંભળો! એ કહે છે કે ભાઈ! આ તો ધર્મ નથી કરી શકતો તો? મુનિ અગિયારમે ગુણસ્થાને છે. ચોથે આવી જાય. અને ચોથાવાળા સમકિતી વળી મિથ્યાત્વમાં આવી જાય છે. શાંતિથી સાંભળ ભગવાન! અહીં તો કહે છે. એ જે દ્રવ્ય વસ્તુ છે, મધ્યબિંદુ ધ્રુવમાં આખી શક્તિ પરિપૂર્ણ પડી છે. એવું લક્ષ કરીને જે ધર્મના મોક્ષનું કારણરૂપ જ્ઞાન ઉત્પન્ન થયું, એ ઉપયોગનું હરણ થતું નથી. કેમકે એ ઉપયોગ દ્રવ્યની ધારા સાથે સંબંધ રાખે છે. તો દ્રવ્યનો અભાવ થાય તો ઉપયોગનો અભાવ થાય. ત્યારે કહે કોઈ અગિયારમાંથી પડે છેને? એ દ્રવ્યના સ્વભાવથી નથી પડતા. જરી અસ્થિરતા હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! પડે છે એ તો એને કહેવું કે મિથ્યાત્વભાવ થઈ જાય. તો મિથ્યાત્વભાવ... ઉપયોગ લક્ષ તો દ્રવ્ય ઉપર છે. એ ઉપયોગ પડતો નથી. એ તો પછી ઉપયોગે દ્રવ્યનું લક્ષ છોડ્યું છે. એ તો ઉપયોગ નથી. શેઠ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કીધુંને. પહેલી વાત કરી છેને. અગિયારથી ચોથે સુધી આવે છે તો એને ઉપયોગ પોતાનું દ્રવ્ય લક્ષમાં એટલું રમે છે. એ તો ચારિત્રની પર્યાયમાં ફેરફાર થયો છે. ઉપયોગ જે દ્રવ્ય ઉપર લાગ્યો છે એ ઉપયોગ અણુપયોગ નથી થતો. ધન્નાલાલજી!

મુમુક્ષુ :- ફરી કહો.

ઉત્તર :- કહીએ છીએને ફરી કહીએ છીએ. ભગવાન આત્માં અંદર જ્ઞાનનો સમુદ્ર પડ્યો

છે. એનું લક્ષ નામ દ્રવ્યમાં તો જ્ઞાનનો આખો સમુદ્ર પડ્યો છે. એનો લક્ષણ ઉપયોગ છે. તો લક્ષણે લક્ષ્ય કરીને, દ્રવ્યને ધ્યેય બનાવીને જે લક્ષણ ઉત્પન્ન થયું. એ દ્રવ્ય પડે તો ઉપયોગ પડે. દ્રવ્યનો અભાવ થાય તો ઉપયોગનો અભાવ થાય. એમ બને નહિ. આહા..હા..! જુઓ તો એક આચાર્ય શું કહે છે! નવનીતભાઈ! કહે છે કે એ તો પડી જાય છેને કોઈ પછી? એ અગિયારમાંથી ચોથે આવે છેને. કે એ ઉપયોગ નથી પડ્યો, એ તો અસ્થિરતા ચારિત્રની પર્યાયમાં ફેરફાર થયો છે. અગિયાર.. અને ચોથેથી મિથ્યાત્વ થઈ જાય છેને? એ ઉપયોગ નથી પડતો. એ તો અણુપયોગ દશા થઈ એ પડે છે. સમજાણું કાંઈ? શાંતિથી સમજવું. આ તો અલૌકિક વીતરાગ માર્ગ છે, ભાઈ! સર્વજ્ઞનું પેટ છે. સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે છે. આહા..હા..! કેટલી કેવળજ્ઞાનની શક્તિ હજી એને બેઠતી નથી લોકોને. ત્રણ કાળ, ત્રણ લોક એવું સામાન્ય-વિશેષ બધું જાણે. વળી કેટલાક કહે સામાન્ય જાણે, વિશેષ ન જાણે. અરે..! ભગવાન! શું કરે છે? તને ખબર નથી. કેવળજ્ઞાનની પર્યાયની શ્રદ્ધાના ઠેકાણા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એક સમયમાં કેવળજ્ઞાનની પર્યાય સામાન્ય અને વિશેષ બધાને, પોતાને અને પરને એક સમયમાં પ્રત્યક્ષ ઉપયોગમાં જાણે છે. તો એ ઉપયોગ ક્યાંથી આવ્યો? કેવળજ્ઞાન ઉપયોગ છેને. જેઠાલાલભાઈ! ક્યાંથી આવ્યો ભગવાન! એ દ્રવ્યમાંથી આવ્યો છે. દ્રવ્ય વસ્તુ જે ચિદાનંદ છે એને ધ્યેય બનાવીને, લક્ષ્ય બનાવીને કેવળજ્ઞાન ત્યાંથી આવ્યું છે. અને પહેલા પણ મતિ અને શ્રુતજ્ઞાનનો ઉપયોગ એ પણ ધ્યેય લક્ષ્યમાંથી-ધ્યેયમાંથી આવ્યું છે. એનાથી નથી આવતું. એ તો પહેલા કહી ગયા આઠમામાં. સમજાણું કાંઈ? પરથી આવતું નથી એ તો કહી દીધું. ઓહો..હો..! ત્રણ-ત્રણ જ્ઞાનને ધરનારા, ચાર-ચાર જ્ઞાનને ધરનારા, સર્વજ્ઞ આદિ એનો માર્ગ છે. આ કોઈ આલી-દુઆલીનો નથી. આલી-દુઆલી કોને કહે છે સમજાણું? સાધારણ ભિખારીની વાત નથી. આહા..હા..!

કહે છે **'જેને લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી...'** ઓહો..હો..! ભગવાન આત્મા દ્રવ્ય ધ્રુવવસ્તુ એના લક્ષે ઉત્પન્ન થઈ ધર્મપર્યાય, જ્ઞાનની પર્યાય, જ્ઞાનનું લક્ષ ઉપયોગ, એનું હરણ નથી થતું. કેમ હરણ નથી થતું? કે એ ઉપયોગે દ્રવ્ય સાથે બાંધ્યો છે સંબંધ. એ ઉપયોગે ધારા દ્રવ્ય સાથે કરી છે. તો દ્રવ્યનો અભાવ થાય તો ઉપયોગનો અભાવ થાય. સમજાણું કાંઈ? બહુ ઝીણું નથી હોં. આ બહુ સમજવા જેવી વાત છે. બહુ ઝીણું હતું તો મૂકી દીધું વળી. નયનો અધિકાર થોડો. આ તો મૂળ ચીજ છે. આ તો મુદ્દાની રકમ છે, ભાઈ! આ સમજ્યા વિના જેટલું જ્ઞાનાદિ કરે અને ચારિત્ર-ફારિત્ર એ બધા મીંડા છે શૂન્ય. એકડા વિનાના મીંડા. શૂન્યને શું કહે છે? બિંદી. સમજાણું કાંઈ? શું કરે? સાધારણ જનતાને ખ્યાલમાં ન આવે. પણ પ્રભુ! સાધારણ જનતા છે જ નહિ. ભગવાન આત્મા છેને. જેની અંદરમાં વળમાં, કળમાં અંદર

પડ્યું છે. અનંત કેવળજ્ઞાનાદિ પડ્યું છે કળામાં અંદર જ્ઞાનમાં. સમજાણું કાંઈ? એ કળી શક્તિથી ખીલે છે. વનસ્પતિની કળી છે એ પોતાની શક્તિથી ખીલે છે. સૂરજથી નહિ. શેઠ! સમજાણું કાંઈ? એમ અંતરમાં ગુણરૂપ જ્ઞાન, શક્તિરૂપ દર્શન અનંત પડ્યા છે. એને ધરનાર દ્રવ્ય છે વસ્તુ. એનું લક્ષણ જ્ઞાન છે. તો એ લક્ષ્યથી ઉત્પન્ન થયું જ્ઞાન, એ દ્રવ્યનો અભાવ થાય તો ઉપયોગનો અભાવ થાય. જુઓ, મંગળિક નવમા બોલે કહ્યું. નવમો બોલ છેને. અફર છે. અફરમાં આ હરણ ન કરે એમ કહ્યું જુઓ. આહા..હા..! ધીમે-ધીમે સમજાય એવી ચીજ છે હોં. આ ઉતાવળથી કાંઈ કહેતા નથી. ધીમે-ધીમે વિચાર પણ એ કરી શકે એવો અવસર પણ થોડો વચ્ચે રહે છે. બાપુ! આ તો મોક્ષના માર્ગની વાત છે, ભાઈ! 'સાદિ અનંત-અનંત સમાધિ સુખમાં. સાદિ અનંત-અનંત સમાધિ સુખમાં.' એવો જે મોક્ષ 'અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' એવી શાંતિ પરમાનંદ અનંત-જ્ઞાન અને દર્શન એ રૂપ જે મુક્તદશા. આહા..હા..! અને સાદિ અનંત. જ્યારથી ઉત્પન્ન થઈ અનંતકાળ એવી ને એવી રહે. આહા..હા..! એ મોક્ષનો માર્ગ કોઈ અલૌકિક-અપૂર્વ છે. સમજાણું કાંઈ? લોકો પોતાની કલ્પનાથી માની લે કે અમે મોક્ષમાર્ગમાં ચડ્યા છીએ, વ્યવહારમાં પડ્યા છીએ અને આમ કરીએ છીએ. અહીં તો કહે છે કે તારી વ્યવહાર ક્રિયા તો ક્યાંય રહી ગઈ, પણ વ્યવહાર જ્ઞાનનો ક્ષયોપશમ થયો વ્યવહાર પરથી, એ પણ મોક્ષનું કારણ નથી. એને જ્ઞાનનો ઉપયોગ પણ કહેતા નથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

ઓહો..! જેને ધ્યેયને પકડીને, દ્રવ્યને પકડીને જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ. ભલે અલ્પ હોય, પણ એ વિજ્ઞાન ઉપયોગ છે. વિજ્ઞાનઘન થયો. સમ્યગ્દર્શનમાં દ્રવ્યસ્વભાવને પકડીને જ્ઞાન જે થયું, એ જ્ઞાન અલ્પ હોય તોપણ વિજ્ઞાનઘન છે. અને એ વિજ્ઞાનઘન છે એ ઉપયોગને પાછા પાડવાની શક્તિ છે નહિ. અથવા બીજો તો પાડી શકે નહિ પણ એમાં શક્તિ નથી કે પાછળથી પડે. નવરંગભાઈ! બીજો તો પાડી શકે નહિ, પણ એની એવી કોઈ શક્તિ નથી કે એની હીણી દશા થઈ જાય. .. એવી શક્તિ નથી આત્મામાં. આહા..હા..! શું કહે છે?

મુમુક્ષુ :- એની મેળે આવી જાય.

ઉત્તર :- એની મેળે આવી જાય નહિ. એની મેળે નહિ આવે.

મુમુક્ષુ :- એકવાર જાગી જવાની જરૂર છે.

ઉત્તર :- હા, જાગી, પણ એની મેળાએ નહિ આવે. એ દ્રવ્ય ધ્રુવ ઉપર દૃષ્ટિ દેવાથી આવશે, એમ કહે છે. તારી રાગ ઉપર અને નિમિત્ત ઉપર અને પર્યાય ઉપર દૃષ્ટિ છે, તારો ગમે તેટલો પર્યાયબુદ્ધિએ ક્ષયોપશમ પ્રગટ થાય એ ક્ષયોપશમ જ નથી. એ આત્મા નથી. આત્મા તો એને કહીએ કે સાથે અતીન્દ્રિય આનંદ આવે અને એ દ્રવ્યના લક્ષે ઉત્પન્ન થયો ઉપયોગ એને જ્ઞાન અને ઉપયોગ કહે છે. સમજાય છે કાંઈ? કહો, ભીખાભાઈ! લ્યો આવું સાંભળવા માટે આવ્યા છેને. માંડ જીવતો રહ્યો છું એમ કહેતા હતા. રોગ થયો હતો વધારે

કાંઈક. ... ... 'લિંગનું...' આહા..હા..! અમૃત વરસાવ્યા છે અમૃતચંદ્રાચાર્યે તો. શું કહે છે જુઓ, કહે છે.

મુમુક્ષુ :- આજકાલ વરસાદના દિવસો છેને.

ઉત્તર :- બહારનો વરસાદ હોય કે ન હોય, પણ આ વરસાદ તો સાચો છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'સહેજે સમુદ્ર ઉલસિયો જેમાં રતન તણાણા જાય, ભાગ્યવાન કર વાવરે એની મોતીએ મુઠીયું ભરાય.' સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા મધ્યબિંદુથી ઉછળે છે જ્યાં. આહા..હા..! એની ભરતી આવી છે અંદરમાંથી. એ ઉપયોગને કોઈ ઓટ લાવી શકે નહિ. તાકાત નથી કોઈની. બીજાની તો નથી, પણ એમાં ઓટ આવે એવો ગુણ આત્મામાં નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! એય..! નવરંગભાઈ! આહા..હા..! ત્યાં રાજકોટ બાજુ આવું સાંભળવા મળે નથી હોં, ..! ત્યાં તો બધે ગોટેગોટા છે. બહારમાં જાય તો આ સંભળાવે, કાં પૂજા કરો, કાં ..ભક્તિ કરો. પણ માર્ગ શું છે એ તો કહે હવે.

મુમુક્ષુ :- પરની સેવા કરો.

ઉત્તર :- શું સેવા કરે ધૂળમાં? પોતાની સેવા કરી શકતો નથી. રોગ આવે તો ડોક્ટર પડ્યો રહે છે એકકોર.

મુમુક્ષુ :- ડોક્ટરનું માને છે કે આની સેવા કરો.

ઉત્તર :- સેવા કરો એમ માને છે ડોક્ટરનું. વાત સાચી. કોણ કરી શકે? ભગવાન! એક પરમાણુની પર્યાય શું એની પર્યાય વિના દ્રવ્ય રહે છે? કે એની પર્યાય બીજો કરે? એ સામું દ્રવ્ય છે જડ કે ચૈતન્ય. તો એ ચૈતન્ય, પર્યાય વિના દ્રવ્ય રહે છે? તો પર્યાય તો કાર્ય છે. એ કાર્યને કરનાર તો એ છે. તો એનું કાર્ય બીજો કરે? બે કાર્ય કરે. એ માલિક પણ કામ કરે અને બીજો પણ કામ કરે. બે માલિક થઈ ગયા. એમ હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- પરોપકારને તો બહુ મોટો ધર્મ કહ્યો છે.

ઉત્તર :- દુનિયા કહે છે અજ્ઞાની. પરોપકાર આ. પરમ ઉપકાર ભગવાન પરમપદાર્થ પરમાર્થ... પરમાર્થ નથી આવતું? પરમાર્થ પરમપદાર્થ ભગવાન એનું લક્ષ કરીને જે આનંદ અને જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય એ પરોપકાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! અનંતકાળમાં રખડતો, રઝળતો એવી દશા (આડે) એણે કદી અંતર્મુખની શ્રદ્ધા કરી જ નથી. બહિર્મુખના બધા ધંધા કર્યા. આહા..હા..! જુઓ, અમૃતચંદ્રાચાર્ય. આહા..હા..! ગજબ વાત કરે છેને. પણ આવી વાત. દિગંબર સંતો સિવાય, જ્ઞાની સિવાય એ વાત ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એનું જે જાણવું-દેખવું જે ઉપયોગ વેપાર છે એ એનું લક્ષણ. તો એ લક્ષણને ... જુઓ અહીં કહે છેને? જ્ઞાનાવરણીય કર્મે જ્ઞાનનો ઘાત કર્યો. અરે..! ભગવાન શું કહે છે તું? સમજાણું કાંઈ? તું આત્મા જ નથી. પરદ્રવ્ય તારી પર્યાયનો ઘાત કરે, તારી પર્યાય વ્યવહાર પર્યાયની શ્રદ્ધા તને નથી. તારી વ્યવહાર આત્માની શ્રદ્ધાના ઠેકાણા નથી.

આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એવો પાઠ લખેલો આવે છે.

ઉત્તર :- પાઠ લખ્યો છે એનો અર્થ શું છે ભાઈ? એ તો લખ્યું છે કે .. લખેલું લ્યો. આ ગામ આવ્યું. લખ્યું તો છે. બોલે છે. આ ગામ આવ્યું લ્યો. તો ગામ આવે છે? પોતે જાય છે. એમ જોવામાં આવે છે, પણ કઈ અપેક્ષાએ કઈ નયનું કથન છે એ જાણવું જોઈએને. એમ અહીંયાં કહે છે, ભગવાન! ઓહો..હો..! સંતોએ માર્ગને સહેલો કરીને સ્પષ્ટ કરી દીધો છે. સમજાણું કાંઈ? એટલું તો વાણીમાં સ્પષ્ટ કરી દીધું છે. આહા..હા..! અંતરનો અનુભવ તો અનુભવ થાય, વાણી ન હોય એવું કાંઈ.. આ તો એટલી ક્ષયોપશમ શક્તિ કે વાણીમાં એને બે ને બે ચાર જેવા ન્યાયથી સ્પષ્ટ કરી દીધું છે. સમજાણું કાંઈ? જુઓ, આ ધર્મનું જ્ઞાન કોઈ લૂંટી શકે એવી (પરમાં) તાકાત નથી અને પરમાં લૂંટાઈ જાય એવી આત્મામાં તાકાત નથી. અને લૂંટી શકે એવી પરમાં તાકાત નથી.

મુમુક્ષુ :- .. પડે કે નહિ?

ઉત્તર :- કાંઈ પડે નહિ. .. શું તમારે પડે છે આ? કાંઈ પડે નહિ એના પર. આહા..હા..! ત્રણ લોકનો નાથ. ચૈતન્ય બાદશાહ પરમાનંદ મૂર્તિ બિરાજે છે. ભાઈ! એનું જેણે શરણ લીધું પર્યાયે. પ્રજાવાનની પર્યાયે પ્રજાવાનનું શરણ લીધું. એ પર્યાયનો કોઈ નાશ કરે એવી તાકાત નથી. અને એ પર્યાય પોતાથી નાશ થાય એવી આત્મામાં શક્તિ જ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધીમે-ધીમે સમજવું. આ તો અલૌકિક વાતું છે, ભાઈ! સમજાણું કાંઈ? હીરો લે એની તો કિંમત શું કરવી? પણ હીરો જ્યારે સરાણે ચડે છે તો એની ભુકી લે તો લાખો રૂપિયા ઉપજે. હીરો-હીરો હોય છેને? હીરાની સરાણ હોય છેને. સરાણ સમજ્યા? ઘસવાનો સંચો.

મુમુક્ષુ :- .. બોલે છે.

ઉત્તર :- .. બોલે છે. સંચો. અમારે તો હીરાનો સંચો કહે છે. હમણા બહુ થયું હતુંને હીરામાં નહિ? બહુ ચર્ચા ત્યાં ચાલે છે. મુંબઈમાં છે ક્યાંક. હીરાને ... એ હીરા લઈ જાય એની તો કિંમત ઘણી, પણ હીરાની ધૂળ પડેને નીચે ભુક્કી... એમ જેને આત્માનું યથાર્થ ભાન છે એણે તો હીરો લીધું, પણ એને સાંભળીને હા પાડે કે માર્ગ આવો છે તો એણે ધૂળ તો લીધી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક ચૈતન્ય ભગવાન ત્રણ લોકનો નાથ અનંતા કેવળીઓ જેને એક સમયની પર્યાયમાં જણાઈ જાય છે. અનંતા કેવળીઓ એક સમયમાં આત્માના જ્ઞાનની પર્યાયમાં જણાય છે. એવી એવી અનંતી પર્યાયનો પિંડ એ જ્ઞાનગુણ છે. એ જ્ઞાનગુણને ધરનારો ભગવાન ગુણી છે. એ ગુણી ઉપર દૃષ્ટિ દેવાથી ઉપયોગ તો એનો છે. જેનો ઉપયોગ છે એનું ઉપયોગથી કામ લીધું, એ ઉપયોગ પાછો પડતો નથી. અપ્રતિહત ઉપયોગ દ્વારા કેવળજ્ઞાન લેશે એમ કહે છે. એનો ઉપયોગ પાછો ફરે નહિ. આહા..હા..!

સમજાણું કાંઈ? બીજ જે ઉગી છે એ પછી આથમી જાય ત્રીજે? એ તો બીજ ઉગી એ પૂનમ થયે છૂટકો. પૂર્ણિમા કહે છે. પૂર્ણમાસ કહે છે. અમારે ત્યાં ... પૂર્ણમાસ. માસ પૂર્ણ થઈ ગયો.

અહીંયાં કહે છે કે ઓહો..હો..! ભગવાન આત્મા. કેટલી વાત નવમામાં! મહામંગળિક. અફર આંકડો છેને? આ પણ અફર છે એમ કહે છે. નવ અફર છે તો એનો ઉપયોગ અફર છે. એનો ઉપયોગ કોઈ હરી શકે નહિ. સમજાણું કાંઈ? એ તો કુદરતે આવી ગયા આમાં. ત્યાં ક્યાં એમને ખ્યાલ હતો? એ અફર આંકડો છે માટે ત્યાં .. એ તો સહજભાવ મુનિઓને વિકલ્પ આવ્યો સહજ. એનું પણ જ્ઞાન .. જ્ઞાની તો જ્ઞાતા છે. કર્તા-હર્તા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? 'લિંગનું એટલે કે...' અહીં કાંઈ પુનરુક્તિ દોષ નથી લાગતો. આ તો આત્માનો અંતરની ભાવનાનો ગ્રંથ છે. સમજાણું કાંઈ? આ તમારે છોકરાને તો બધું સમજવું કઠણ પડે એવું છે. સાંભળ્યું જ ન હોય કોઈ દિ'. જાડું સાંભળ્યું ન હોય એમાં આ ક્યાં?

મુમુક્ષુ :- ઉંધુ ન હોય.

ઉત્તર :- તો તો સારું. ઉંધા લાકડા ન નાખ્યા હોય તો થવા વાર લાગે નહિ. એ તો ઉંધુ હોય તો સવળું થતા વાર ન લાગે. એવો આત્મા તાકાતવાળો છે. સવળું કરી શકે એવો તાકાતવાળો છે અહીં તો. અવળું કરે એવી તાકાત એમાં છે જ નહિ એમ કહે છે. એ તો પર્યાયબુદ્ધિથી ઉઠાવ.. પ્રગટ કરે છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વ, અજ્ઞાન, વિકાર એ તો પર્યાયના લક્ષે, વસ્તુમાં નથી, ગુણમાં નથી, પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ કરીને એ મિથ્યાત્વ આદિ ઉત્પન્ન કરે છે. એમાં મિથ્યાત્વ ઉત્પન્ન કરવાની શક્તિ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! પર્યાયમાં એવી શક્તિ છે. દ્રવ્ય-ગુણમાં એમ છે નહિ. આહા..હા..!

અહીં તો એમ કહે, એય..! અમુલખચંદજી! શું કહે છે? આહા..હા..! ચૈતન્યનું નૂર પડ્યું છે સ્વભાવથી ભરપૂર, એવો ભરપૂર ભગવાન એનું ધ્યેય બનાવીને, લક્ષ બનાવીને એમાંથી ઉપયોગનો પ્રવાહ આવ્યો, એ ઉપયોગ પછી કદી ફરતો નથી. સમજાણું કાંઈ? એ ઉપયોગ કોઈ હરી શકે નહિ. આહા..હા..! આનંદઘનજી કહે છેને 'ધર્મ જિનેશ્વર ગાઉ રંગ શું, ધર્મ જિનેશ્વર ગાઉ રંગ શું, ભંગ ન પડશો રે પ્રીત પ્રભુજી, બીજો મનમંદિર આણું નાહિ, એ અમ કુળવટ રીત જિનેશ્વર.' અનંત તીર્થંકરો જે રસ્તે ચાલ્યા એ રસ્તાના કૂળની વટ રાખનારા અમે આત્મા છીએ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અમે આત્મા થઈને કહીએ છીએ કે અમારો આત્મા, હે નાથ! તમે જે રસ્તે ચાલ્યા એ રસ્તે અમે ચાલીએ છીએ. ભંગ ન પડશો. એ તો હજી ભંગ ન પડશો એટલી હજી .. કીધી ત્યાં. સમજાણું? અહીં તો ભંગ પડે એવો દ્રવ્ય-ગુણમાં સ્વભાવ જ નથી. આહા..હા..! પડે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને એક વાણી તો જુઓ સંતોની!

જે જ્ઞાનના ઉપયોગે પુલ બાંધ્યો દ્રવ્ય સાથે. પુલ-પુલ સમજો છોને? એ જાણન... જાણન...

જાણન... ઉપયોગ એણે પુલ બાંધ્યો દ્રવ્ય સાથે, બસ એકાકાર થયો ઉપયોગ. જેનું લક્ષણ હતું એનું લક્ષ બનાવ્યું લક્ષણે, ખલાસ થઈ ગયો. એ કેવળજ્ઞાન પામે છૂટકો એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ પ્રશ્ન નહોતું કરતું? કાલે રાતે કોક પ્રશ્ન કરતું હતું. પડે. પડે-ફડેની અહીં વાત નથી. કાલે રાતે વાત કરતા હતા નહિ? કોઈ પ્રશ્ન કરતું હતું. પંડિતજી કરતા હતા. પ્રશ્ન તો ઉઠેને. દ્રવ્ય પડે તો એની પર્યાય પડે. દ્રવ્યનો અભાવ થાય તો દ્રવ્યના લક્ષે ઉત્પન્ન થયેલી પર્યાય નાશ પામે. કારણ નાશ થાય તો કાર્યનો નાશ થાય. તો કારણ દ્રવ્ય તો ત્રિકાળી છે, એનો નાશ થતો નથી. આહા..હા..! ચંદુભાઈ! આ તો ભગવાનના દરબારની વાત ચાલે છે, ભાઈ! રાંકા માણસને રોકે અરે..! અમે આમ મરી ગયા અને અમારે કર્મ.. અરે..! ભિખારી! આવી વાત કરે છે? અમારી પાસે આવી દલીલ કરે છે? સમજાણું કાંઈ? દશ વર્ષનું બાળક હોય અને બાર વર્ષના બાળકને મારે તો બાર વર્ષનું બાળક એની માતા પાસે જાય, બા! મને એ બાળકે માર્યું. કેટલા વર્ષની ઉંમર? દશ. ઢગા! તારી ઉંમર મોટી છે અને તને નાની ઉંમરવાળો તને મારી જાય? લાજ નથી આવતી મારી પાસે વાત કરતા? માતા કહે. એમ ભગવાન કહે છે. ઢગા! ઢગો સમજો છો?

મુમુક્ષુ :- ઉંમરમાં મોટો થઈને મૂર્ખ.

ઉત્તર :- ઉંમરમાં મોટો હોય, પદવીમાં મોટો હોય અને હોય મૂર્ખ એને ઢગો કહે છે. ક, ખ, ગ, ઘ છેને? એણાં ૧૬મો અક્ષર. કેટલો? ૧૪મો અક્ષર ઢ છે. ક, ખ, ગ, ઘ એનો ૧૪મો અક્ષર ઢ છે. ઢ એટલે ઢગો. ત્યાં એમ એક બોલ્યા હતા અમારે કોર્ટમાં. ઉમરાળાની કોર્ટમાં. એક વકીલ એમ બોલ્યા હતા. માળો એક વકીલ ઢ .. અક્ષર ગોખીને આવેલો. અને કોક સામો વકીલ ઉભો હતો. એટલે ચર્ચા કરતાં-કરતાં સાહેબ! એ તો કક્કાનો ૧૪મો અક્ષર છે એ. લોકો વિચારમાં પડ્યા કે આ શું કહે છે? ક, ખ સમજો છો? ક, ખ, ગ, ઘ, ચ, છ, જ, ઝ, ટ, ઠ, ડ, ઢ. એ ૧૪મો અક્ષર થયોને એ ઢ? તો એણે કહ્યું કે કક્કાનો ૧૪મો અક્ષર એ છે. ઢ છે એ. તર્ક કરતા એને આવડતું નથી. લોકો વિચારમાં પડી ગયા. ત્યાં તો પૂરું થઈ ગયું. ઓલો ચાલ્યો ગયો વકીલ. બધા વિચારમાં પડ્યા કે આ ઢ શું કહ્યું? ૧૪મો અક્ષર શું આવ્યો? કોઈએ એવો વિચાર કર્યો નહિ એ ઓલા ક, ખ, ગ, ઘ. એમ અહીંયાં ઢગો કહે છે મૂર્ખ! મોટાને નાનો મારી જાય? તારા આત્માને કર્મ હણે? સમજાણું કાંઈ? આત્મા બાદશાહ ત્રણ લોકનો ચૈતન્ય અનંત વીર્યનો પિંડ, અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... વીર્યનો પિંડ. જુઓને કેટલા અનંત કહે? અનંતના અનંત વર્ગ કરો તોપણ કોઈ દિ' ખૂટે નહિ એવું તો વીર્ય છે એમાં. સમજાણું કાંઈ? એવા અનંત વીર્યનો પિંડ પ્રભુ પુરુષાર્થનો તો સાગર છે. પર્યાયમાં તો અનંતમા ભાગે પુરુષાર્થ હોય છે. પર્યાયમાં તો જેટલું વીર્યના અનંત-અનંત પુરુષાર્થથી અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત વીર્ય જે પ્રગટ્યું એ એક સમયની પર્યાય છે.

બીજું બીજા (સમયે) અનંત વીર્ય પ્રગટ્યું, ત્રીજું ત્રીજે સમયે કેવળીને. એવી સાદિ-અનંત વીર્યની પર્યાય, એક વીર્યપિંડમાં અનંત વીર્યની શક્તિ પડી છે. સમજાણું કાંઈ? તો એવા વીર્યને ધરનારો ભગવાન આત્મા એના કર્મ તને હેરાન કરે, કર્મ મને નુકસાન કરે. એય..! દેવાનુપ્રિયા!

મુમુક્ષુ :- એની ઉંમર તો એનાથી મોટી છેને .. નિકાચિત કર્મની.

ઉત્તર :- એમ કહે છે. અહીં તો અનાદિ-અનંત શક્તિ એક સમયમાં અનંત બળનો પિંડ પડ્યો છે. તને ભાવ એવો લાવે છે, મૂર્ખ છો? કર્મ મને હેરાન કરે છે. એમાં પણ નથી આવ્યું? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ' પર્યાયમાં હીનતા હું કરું છું, પર્યાયબુદ્ધિથી. સમજાણું કાંઈ? કોઈ પરદ્રવ્ય એને હીન કરાવે એવી તાકાત નથી. અહીં તો પર્યાયમાં હીન કરી શકે એ દ્રવ્યની પર્યાય નથી. એય..! એ પર્યાય નથી એની. આહા..હા..! શું કહે છે જુઓને! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંદર ચૈતન્યના ધ્રુવના લક્ષે જે ઉપયોગ થયો એને ઉપયોગ કહે છે, એને જ લક્ષણ કહે છે. તો એ ઉપયોગનું પરથી હરણ ન થઈ શકે. પરથી હીણું થઈ જાય કે અભાવ થઈ જાય એમ બનતું નથી. આહા..હા..! હરી શકતું નથી. એને ઘાત કરી શકે નહિ. શું કરે ઘાત? ભગવાન આત્મા જ્ઞાતા દ્રવ્યસ્વભાવ શુદ્ધ ધ્રુવ એના લક્ષે ઉત્પન્ન થયો એને તો લક્ષણ કહે છે. તો એ લક્ષણને બીજી ચીજ હરે એવી પરમાં તો તાકાત નથી, પણ પોતાના દ્રવ્ય-ગુણમાં પણ તાકાત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! ફતેચંદજી! જિંદગીમાં કોઈ દિ' સાંભળી પણ નહિ હોય આવી વાત. જુઓ, પરમાત્માની વાત વાણી છે. જુઓ, શાસ્ત્રમાં છે કે નહિ આ? જુઓ, આ પ્રવચનસાર છે. ભગવાનની વાણીનો સાર છે. ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞદેવ તીર્થંકરની ઈચ્છા વિના દિવ્યધ્વનિ (નીકળી). સ્વપરપ્રકાશક-સ્વપર કથા કહેવાની તાકાતવાળી વાણીમાંથી આ આવ્યું છે. સમજાણું કાંઈ? એ પ્રવચનનો સાર છે. પ્રવચનસાર કહો, પ્ર-વચન કહો, દિવ્યધ્વનિ કહો, દિવ્ય અવાજ. તો પ્ર-વચન. પ્ર-ઉત્કૃષ્ટ વચન. ભગવાનની ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિ આવે છે એમાં આ કહ્યું છે એમ કહે છે. આહા..હા..! ભગવાનની વાણીમાં શું અને ભગવાન શું કહે છે એની ખબર નથી અને એ કહે કે અમને ભગવાનની શ્રદ્ધા થઈ ગઈ. મંદિરમાં બેઠા. આહા..હા..! જુઓ તો ખરા એક વાત. અને તે ખ્યાલમાં આવે એવી વાત છે હોં. એમ નથી કે ન આવે. ખ્યાલમાં તો આવે કે આ કહે છે એવી ચીજ છે. એવું તો ખ્યાલમાં આવેને? પછી ખ્યાલ આવે તો પ્રયોગ કરે. ખ્યાલ આવ્યા વિના પ્રયોગ ક્યાંથી કરે? એ પણ પરનો ખ્યાલ છે. સમજાણું કાંઈ?

'**ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી તે અલિંગગ્રહણ છે;...**' એવા અલિંગગ્રહણનો ભાવ એમાંથી નીકળે છે. '**આ રીતે આત્માનું**

**જ્ઞાન...**' અથવા આત્માની આત્મજ્ઞાન પર્યાય અથવા આત્માના જ્ઞાનરૂપ ઉપયોગ. એ પહેલા ઉપયોગ કહ્યો હતો, અહીં જ્ઞાન કહ્યું. અને ઉપયોગ માણસ સમજે.. ઉપયોગ. એ તો ભલે એમાં હોય, પણ અહીં તો જ્ઞાન આત્માનું એ સ્પષ્ટ કરી દીધું. સમજાણું કાંઈ? આત્મજ્ઞાન પરથી હણાય, ખસી જાય એવું આત્મજ્ઞાન છે જ નહિ. એમ કહે છે. આહા..હા..! આગમ કહે છે, સર્વજ્ઞના અભિપ્રાયમાં એમ છે અને ગુરુ સંત કુંદકુંદાચાર્ય એમ કહે છે. આહા..હા..! પણ એને એવું લાગે છેને કે પામર જાણે હું પામર-પામર. પ્રભુતાને ખોઈને પામરતાનો સ્વીકાર કર્યો છેને. ભિખારીવેડા કરે છે. અમારે હરજીવનભાઈ કહે છે. હરજીવનભાઈ છે કે નહિ? પછી આવશે. વાહન છેને. એ કહે કે અમને ભિખારી કહે છે. કરોડોપતિ હોય એ ભિખારી, વરાંકા. ભિખારી છે માળા. ભગવાન બાદશાહ અંદરમાં ચિદાનંદ પ્રભુ પડ્યો છે એનો તો આશ્રય લેતા નથી અને પામરનો આશ્રય લે છે રાગનો આશ્રય, નિમિત્તનો આશ્રય. સમજાણું કાંઈ? ભિખારી છે. ક્યાં ગયા મલુકચંદભાઈ! છે? કોક બેઠા છે. કહો, સમજાણું કાંઈ? 'સમજાણું કાંઈ' એ અમારી ગુજરાતી ભાષા છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

ભગવાન! એકવાર કહી ગયા આગળ એ. હે ભગવાન! તારા કુટુંબનો હું ભાઈ છુંને. તો મારો મોક્ષ ન થાય એમ કેમ બને? નેમિનાથ ભગવાન. શ્રીકૃષ્ણની વાત ચાલે છે, શ્રીકૃષ્ણની વાત. નેમિનાથ ભગવાનને એવી સ્તુતિ કરે છે. 'નહિ જાઉં નહિ જાઉં રે પ્રભુજી નહિ જાઉં નીચ દેહે, જેવો તેવો તો તારો બંધવ જાદવ કુળમાં કહેવાણો રે પ્રભુજી.' હે નાથ! નેમિનાથ ભગવાનને કહે છે હું તારો બંધવ છું હોં. અરે..! તારે કુળે અવતર્યો. પ્રભુ! મારે તો મોક્ષ હોય હોં. જરી મૂંઝાણા હતા. એવો પ્રશ્ન.. ભગવાનની વાણીમાં આવ્યું. કૃષ્ણ! આવતી ચોવીસીમાં તમે તીર્થંકર થશો. આવતી ચોવીસીમાં (એમ) ભગવાનની વાણીમાં આવ્યું. તીર્થંકર થશો. પંડિતજી! .. શ્રીકૃષ્ણ. ભવિષ્યમાં તીર્થંકર થશે. આગામી ચોવીસીમાં. આવતી એટલે આગામી. આવતી કહે છેને? ખુશ થઈ ગયા. સિંહનાદ કર્યો એવું આવે છે. .. સિંહનાદ ન હોય. એમ આવે છે તમારા શ્વેતાંબરમાં. સિંહનાદ કર્યો કે ઓહો..હો..! નેમિનાથના કુળનો હું. હું એ જ કુળમાં આવીને તીર્થંકર થઈશ. એ કુળ એટલે તીર્થંકરનું કુળ હોં. એ આત્માની જાત એવી છે. ઓહો..! હું તો તીર્થંકર થઈને જ મોક્ષે જવાનો છું. સમજાણું કાંઈ? એવી ખાત્રી અંદરમાંથી આવે છે. ભગવાને કહ્યું એ તો ભગવાન કહે છે, પણ અંદરમાંથી એને ખાત્રી આવી. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ, વીર્ય આત્માનું. સમજાણું કાંઈ?

'**આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી...**' એ આત્માનું જ્ઞાન ઘટતું નથી, અભાવ થતો નથી, હીણો થતો નથી. આહા..હા..! '**એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' અલિંગગ્રહણમાંથી એવો અર્થ નીકળ્યો. અલિંગગ્રહણ. લિંગ નામ ઉપયોગ જેનું લક્ષણ છે એને ગ્રહણ નામ હરણ, હરણ. અ નામ નથી થતું. જુઓ, એક છ અક્ષરમાંથી આવું કાઢ્યું છે. આહા..હા..! છ અક્ષર છે. છઠ્ઠીના લેખ કહે છેને એ નહિ? સમયસારની છઠ્ઠી ગાથા

છેને આપણે પ્રમત્ત-અપ્રમત્ત. અલૌકિક.

મુમુક્ષુ :- એમાં શું લખ્યું છે?

ઉત્તર :- એમાં એ લખ્યું છે છઠ્ઠીના લેખ. હું પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયમાં નથી. હું આત્મા જ્ઞાયકભાવ છું. મારી પર્યાયમાં કુંદકુંદાચાર્ય કહે છે કે છઠ્ઠી-સાતમી... છઠ્ઠી-સાતમી... પર્યાય ભૂમિકા ચાલે છે એ ભૂમિકાથી વાત કરી છે. પર્યાય છઠ્ઠી-સાતમી એ હું નહિ. હું તો એકલો જ્ઞાયક ચિદાનંદ પિંડ છું. આહા..હા..! સમજાણું કાંઈ? એવો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન ઉત્પન્ન થયું એ ફરે નહિ એમ કહે છે. આહા..હા..! લ્યો એ નવમો બોલ થયો.

હવે દશમો બોલ. શરૂઆત કરીએ આજે, પછી કાલે લઈશું. **'જેને લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ નથી...'** જુઓ, સૂર્યના કિરણમાં મેલ નથી. કોઈ કહે છે કે સૂર્યમાં ભાઈ એ શું હોય છેને? સૂર્યમાં નથી હોતું. .. થઈને .. એમાં ગ્રહણ છે જ નહિ. સૂર્ય અને સૂર્યના કિરણ પ્રકાશમાં ગ્રહણ-ગ્રહણ છે નહિ.

એમ કહે છે કે **'ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ નથી...'** આત્મામાં રાગ છે જ નહિ. રાગ-વ્યવહાર રત્નત્રયનો વિકાર આત્મામાં છે નહિ. ભગવાન આત્મા દ્રવ્ય-ગુણ તો મલિન નથી, નિર્મળ છે, પણ પર્યાય નિર્મળ છે એમ કહે છે. પર્યાયમાં, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પર્યાયમાં છે જ નહિ. સમજાણું કાંઈ? કેમ નથી? એ વિશેષ સ્પષ્ટ કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૪, સોમવાર, તા. ૨૫.૦૮.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૯ થી ૧૧, પ્રવચન-૨૪૬**

પ્રવચનસાર, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. અલિંગગ્રહણના નવ બોલ ચાલ્યા. વીસ બોલ છે, વીસ. એક અલિંગગ્રહણમાંથી વીસ બોલ નીકળે છે. નવમો બોલ ચાલ્યો કે **'જેને લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી...'** કાલે તો ઘણું ચાલ્યું હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લઈએ થોડું? ફરીને આવે એ તો. ... આવે એ આવે ને?

કહે છે, ભગવાન આત્મા જેનું લક્ષણ જાણન-જાણન-દેખન જે ઉપયોગ છે, એ ઉપયોગ જે લક્ષ્યથી ઉત્પન્ન થયો, એ ઉપયોગનું હરણ કદી નથી થતું, એમ કહે છે. સમજાય છે કાંઈ? લક્ષ્ય તો દ્રવ્ય છે, મહા ચૈતન્યસાગર રત્નાકર. એ ઉપયોગ લક્ષણનું લક્ષ તો ત્યાં છે. એ લક્ષ્યથી ઉત્પન્ન થયેલું લક્ષ, એ લક્ષણ તો દ્રવ્યનો નાશ થાય તો ઉપયોગનો નાશ થાય. સમજાય છે કાંઈ? કહે છે કે આ ઉપયોગ પડે છેને પછી? ઉપયોગ નથી પડતો, એ તો અનુપયોગ જ્યારે હોય ત્યારે એ અનુપયોગનું પડવું થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઉપયોગ તો અંદર ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ એનો જે ઉપયોગ થયો, એની ખુમારી કદી પાછી પડતી નથી એમ કહે છે. અપ્રતિહત ભાવ બતાવે છે. સમજાય છે કાંઈ? વસ્તુ જ્ઞાનસાગર ચૈતન્ય રત્નાકર, એની ઉપયોગ દશા ત્યાં જામી, ધ્રુવ ઉપર જ્યાં ઉપયોગ પ્રસર્યો, બસ! ખલાસ. એ ધ્રુવ જાય તો ઉપયોગ જાય. સમજાય છે કાંઈ?

કહે છે, '**પરથી હરણ થઈ શકતું નથી...**' આ કર્મની લોકો રાડ પાડે છેને? જ્ઞાનાવરણીયથી આત્માનો ઉપયોગ હણાય છે જ્ઞાનાવરણીય... અરે..! એ તો તારી ચીજ ક્યાંય ગઈ, સાંભળ તો ખરો. આત્મા પોતાની પર્યાયમાં હીન દશા કરે છે, એ પણ પર્યાયબુદ્ધિમાં છે, દ્રવ્યબુદ્ધિમાં હીન દશા પણ કરતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું છે? અભાવ કોનો થયો? ઉપયોગનો થયો?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ. ઉપયોગનો થયો છે. ક્ષયોપશમ પણ ઉપયોગ છે અને ક્ષાયિક પણ ઉપયોગ છે. એ તો વૃદ્ધિગત થયો. શું છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અણુપયોગ..

ઉત્તર :- અણુપયોગ તો બીજી વાત છે. એ તો દ્રવ્યનો ઉપયોગ જ ન રહ્યો. એ તો રાગને ધ્યેય બનાવ્યો, એ તો ઉપયોગ જ બીજો થઈ ગયો. ઉપયોગ જેનો છે તેનો ઉપયોગ ન રહ્યો. એ તો અણુપયોગ થઈ ગયો.

મુમુક્ષુ :- અણુપયોગ...

ઉત્તર :- અણુપયોગ દ્રવ્યસ્વભાવમાં છે જ નહિ. થોડી ઝીણી વાત છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી...**' આહા..હા..! જુઓ, આચાર્ય કેટલી વાત કરે છે! અને વસ્તુનું સ્વરૂપ છે હોં એ. જેના જ્ઞાન ઉપયોગની દશા જ્યાં દશાવાન ઉપર ગઈ, ખલાસ થઈ ગયું કહે છે.

સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ખલાસ થઈ ગયું, એટલે?

ઉત્તર :- ખલાસ થઈ ગયું એટલે હવે એ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યે છૂટકો, પાછા હટવું નહિ પડે એને. સંસાર ખલાસ થઈ ગયો. સમજાય છે કાંઈ?

આનંદઘનજી એકમાં કહે છે, ક્યાંક આવે છે, 'જિનરાજ સુજસ સુણ્યો મૈં, કાહૂકે કહે કબહૂ ન છૂટે પ્યારે, લોકલાજ સબ ડારી. જૈસે અમલી અમલ કરત સમય, લાગ રહી જ્યોં ખુમારી, જિનરાજ સુજસ સુણ્યો મૈં..' જિનરાજ એટલે આત્મા, હોં! આહા..હા..! વીતરાગ સ્વભાવ જ્યાં વ્યક્ત પર્યાયમાં જોયો, ઉપયોગે આત્માનો જશ જોયો. આ મહિમાવંત પદાર્થ મહાપ્રભુ! એવા ઉપયોગમાં જ્યાં આત્મા આવ્યો, 'જિનરાજ સુજસ સુણ્યો મૈં, કાહૂકે કહે કબહૂ ન છૂટે..' હવે કોઈ કારણે છૂટે એવી ચીજ છે નહિ. સમજાય છે કાંઈ? 'જૈસે અમલી અમલ કરત સમય' અમલી સમજો છોને? અમલ કરે છેને? અફીણ પીવે છે કે દારૂ (પીવે), ખુમારી ચડી જાય છે. એ ખુમારી કોઈને ગણતી નથી. સમજાય છે કાંઈ? 'જૈસે અમલી અમલ કરત સમય, લાગ રહી જ્યોં ખુમારી, જિનરાજ સુજસ સુણ્યો મૈં.. કાહૂકે કહે કબહૂ ન છૂટે પ્યારે, લોકલાજ સબ ડારી.' દુનિયાની લૌકિક વાતની લાળ બધી છોડી દીધી. સમજાણું કાંઈ? પોતાનો દ્રવ્યસ્વભાવ જ્યાં પર્યાયમાં પ્રગટ થયો, જ્ઞાયકભાવ, સમજાય છે કાંઈ? પ્રગટ થયો એ થયો. માતાના પેટમાંથી પુત્ર નીકળે એ પાછો પેટમાં જાય નહિ. સમજાય છે કાંઈ? એ પાછો ન જાય. એય..! દેવીલાલજી! શું કહે છે? ક્ષયોપશમમાંથી ક્ષાયિક થાય છે. આહા..હા..!

એમ ભગવાન આત્મા અંતર ચિદાનંદ સાગર, અનંત રત્નાકર છે એવી જ્યાં દૃષ્ટિ અંદરમાં થઈ તો ઉપયોગ શુદ્ધ થયો. અહીં તો શુદ્ધોપયોગ પછી, પણ એ ઉપયોગ લક્ષણમાં શુદ્ધતા આચરણમાં આવે છે. આહા..હા..! જાણન-દેખન લક્ષણ લક્ષ્યને પકડે છે તો પર્યાયમાં શુદ્ધતા પણ આવી. એ શુદ્ધતા અને જાણવું-દેખવું હવે પાછું પડે નહિ એમ કહે છે. સ્વરૂપનું આચરણ પ્રગટ્યું, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપનો ઉપયોગ, દર્શન. સમજાય છે કાંઈ? એનું કોઈ દિ' હરણ થાય કે પડે એ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિમાં છે જ નહિ. વીતરાગમાર્ગમાં એ ચીજ છે નહિ એમ કહે છે. ધન્નાલાલજી! આહા..હા..!

મુમુક્ષુ :- એમ જ હોઈ શકે.

ઉત્તર :- વસ્તુ એમ જ છે. પરથી હરણ થતું નથી. સમજાય છે કાંઈ?

'**તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી...**' ત્યાં ઉપયોગ શબ્દ લીધો હતો. આત્મજ્ઞાન, એનો અર્થ એ કહે છે. આત્માનું જ્ઞાન-આત્મજ્ઞાન થયું એ પાછું પડતું નથી. સમજાય છે કાંઈ? જુઓ, એમ કહે છે કે જેને એમ શંકા થાય છે કે ભાઈ! અમને આત્મજ્ઞાન તો થયું, પણ અનંત સંસાર બાકી હશે તો? પાછું પડવું પડે તો? એ આત્મજ્ઞાન જ નથી કહે છે. સમજાય છે કાંઈ? ઈ આત્મજ્ઞાન જ નથી. તને

શંકા કેમ છે? અનંત ભવ, અનંત ભવ આત્મામાં નથી, ગુણમાં નથી, પર્યાયમાં નથી. સમજાય છે કાંઈ? એવો આત્મા, એના જ્ઞાનનું હરણ કરી શકાતું નથી. લ્યો કાલે વાત આવી હતી એનું વિશેષ. કેટલી? દશ મિનિટ થઈ. કાલે તો પોણો કલાક ચાલ્યું હતું. પહેલી વાર ચાલ્યું એ કાંઈ ફરીને ચાલે?

હવે દશમો બોલ. **'જેને લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (-મલિનતા, વિકાર) નથી...'** કહો, શું કહે છે? જુઓ, ભગવાન આત્માનો ઉપયોગ... જુઓ! પહેલાં ઉપયોગને લક્ષણ લીધું હતું, અહીં ઉપયોગ નામના લક્ષણમાં, શબ્દ તો એ જ પડ્યો છે, ભાઈ! પણ છતાં શુદ્ધઉપયોગ સ્વભાવી કહેશે. શું કહે છે? સમજાય છે કાંઈ? **'લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં...'** જાણવું-દેખવું એવું જે લક્ષણ છે એ વસ્તુનું સ્વરૂપ છે. એ લક્ષથી ઉત્પન્ન થયેલું લક્ષણ એને **'સૂર્યની માફક...'** સૂર્યના કોઈ કિરણમાં મલિનતા-વિકાર નથી, સૂર્યના કોઈ કિરણમાં-દશામાં મલિનતા-વિકાર નથી. એમ ભગવાન આત્માની પર્યાયમાં શુભ ઉપયોગરૂપી વિકાર પણ નથી. શુભ ઉપયોગ વિકાર એ આત્મા નહિ. સમજાય છે કાંઈ? સૂર્યના કિરણમાં વિકાર હોય તો આત્માના ઉપયોગમાં વિકાર થાય.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગ પ્રકાશકમાં લખે છે, ઉપયોગના ત્રણ ભેદ છે. શુભ, અશુભ, શુદ્ધ.

ઉત્તર :- શુભ, અશુભ, શુદ્ધ તો પર્યાયમાં છે એટલું અજ્ઞાનીને બતાવ્યું છે.

મુમુક્ષુ :- અજ્ઞાનીને?

ઉત્તર :- જ્ઞાનીને તો એકલો શુદ્ધ ઉપયોગ જ જ્ઞાનીને છે. એ તો પર્યાયમાં છે એમ જ્ઞાન કરાવ્યું છે. એવું છે એમ જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? ખરેખર તો એક જ શુદ્ધોપયોગ સ્વભાવી જ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ અલિંગગ્રહણની વ્યાખ્યામાં જૈનશાસનનો આખો સાર ભરી દીધો છે. સમજાણું કાંઈ? ઓહો..! **'ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (-મલિનતા, વિકાર) નથી...'** આ તો રાડ પાડે છેને? વ્યવહારરત્નત્રય અમારો છે. વ્યવહારરત્નત્રયનો અર્થ શુભરાગ. એ અમારો છે. કહે છે કે તું આત્મા જ નથી. સમજાણું કાંઈ? દેવીલાલજી! આહા..હા..! **'ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ...'** ગ્રહણ. આ ગ્રહણ નથી થાતું? સૂર્યને ગ્રહણ હોય છે? સૂર્યને ગ્રહણ હોય જ નહિ. એ તો નીચે (આવરણ) છે એટલે એ દેખાતો નથી તો લોકો ગ્રહણ કહે છે. સૂર્યની કોઈ દશામાં ગ્રહણ નથી. સૂર્ય કોઈથી પકડાતો નથી. સૂર્યને ગ્રહણ છેને? આવે છેને. સૂર્યને ગ્રહણ છે? એમ. સૂર્યગ્રહણનો અર્થ કે લોકો એને જોઈ શકતા નથી. બાકી એમાં કાંઈ નથી. સૂર્યમાં કાંઈ ... છે કે કોઈ પકડી લે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિયમસારમાં વિભાવ જ્ઞાનોપયોગ..

ઉત્તર :- એ વિભાવ જ્ઞાનોપયોગ પોતાનો નહિ. એ જ્ઞાનનો વિષય છે એ જાણવાલાયક છે.

મુમુક્ષુ :- સમ્યગ્જ્ઞાન..

ઉત્તર :- સમ્યગ્જ્ઞાન... કહ્યું એનું કારણ તો અપૂર્ણ છે માટે. પણ એ અપૂર્ણતામાં (પણ) એ શુદ્ધ છે એ જ પોતાનો સ્વભાવ છે, બસ એટલું. અપૂર્ણતાની અપેક્ષાએ વિભાવ કહ્યું છે. જ્ઞાનને-કેવળજ્ઞાનને સ્વભાવ કહ્યો છે એ અપૂર્ણતાની અપેક્ષાએ, પણ છે તો પોતાનો શુદ્ધ ઉપયોગ તે જ એનો સ્વભાવ છે, સાધકમાં એ જ આત્મા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિશ્ચય એક શુદ્ધ ઉપયોગ એ જ. પછી દ્રવ્યનું જ્ઞાન અને ઉપયોગનું જ્ઞાન કરવું એ પ્રમાણજ્ઞાન છે. પણ અહીં તો ઉપયોગ, દ્રવ્યનો સ્વભાવ શુદ્ધ-ઉપયોગ સ્વભાવ છે, એટલું સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :- શુદ્ધ ઉપયોગ કોની પર્યાય છે?

ઉત્તર :- ચારિત્રગુણની પર્યાય.

મુમુક્ષુ :- જ્ઞાનગુણની પર્યાય..

ઉત્તર :- એ નહિ, એ નહિ. જ્ઞાન લક્ષણ છે સાથે ભલે, પણ સાથે ઉપયોગના જે બાર પ્રકાર છે—પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન. એ તો જાણવું-દેખવું વેપાર એટલો ભાવ છે અને શુદ્ધ ઉપયોગ અને અશુદ્ધ ઉપયોગ એ આચરણરૂપ છે. સમજાણું કાંઈ? પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન એ તો જાણવા-દેખવાનો વેપાર. એટલું જ છે. સમજાણું કાંઈ? અને ઉપયોગ જે શુદ્ધ ઉપયોગ છે, એ જાણવા-દેખવાની અપેક્ષા નથી, એ આચરણની અપેક્ષા છે અને શુભ-અશુભ પણ આચરણની અપેક્ષાએ અશુદ્ધ આચરણ છે. અહીં તો જ્ઞાનીને અશુદ્ધ આચરણ નથી. દ્રવ્યને અશુદ્ધ આચરણ છે જ નહિ એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? શું કહે છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- દ્રવ્ય શુદ્ધ છે તો એનો ઉપયોગ પણ શુદ્ધ છે એ જ આત્મા છે. પર્યાયમાં શુદ્ધતા એ જ આત્મા છે, એમ કહે છે. એ શુદ્ધ ઉપયોગના ભાવને મલિનતા ક્યારેય થતી નથી. મલિનતા છે એ આત્માનો ઉપયોગ નહિ. આહા..હા..! જુઓને આ વ્યવહારવાળા રાડ પાડે છે કે નહિ? અમારે વ્યવહાર કરવો પડે, અમારે વ્યવહારનું પ્રવર્તન (હોય). પણ જ્ઞાનીને વ્યવહાર છે જ નહિ, એમ કહે છે અહીંયાં તો. આહા..હા..! વ્યવહાર છે એ તો જ્ઞાનમાં જાણવામાં આવે છે કે આ એક છે, પણ પોતાનો ઉપયોગ જે શુદ્ધ છે તે જ પોતાનું સ્વરૂપ છે. શુભ ઉપયોગ એ આત્માનું સ્વરૂપ છે જ નહિ, એ તો આસ્રવનું સ્વરૂપ છે. આહા..! સમજાય છે કાંઈ?

અમૃતચંદ્રાચાર્ય કેટલી વાત! આચાર્ય. જંગલમાં વસતા હતા આચાર્ય-અમૃતચંદ્રાચાર્ય. જ્યારે

એ શ્લોક બનતા હશે, ટીકા લખાતી હશે. સમજાણું? એમનો ઉપયોગ કેટલો કામ કરતો હશે! આહા..હા..! ચારિત્રવંત સંત મહંત છે. સમજાય છે કાંઈ? ચારિત્રવંત સંત મહંત આત્માના આનંદમાં ઝૂલનારા છે. એ કહે છે કે ભાઈ! આત્મા એને કહીએ કે જેના ઉપયોગમાં મલિનતા ન હોય. આહા..હા..! અહીં તો હજી મારી સ્ત્રી, મારું કુટુંબ. સમજાય છે? મારું કર્મ, મારું શરીર અને મારો શુભ ઉપયોગ. સમજાય છે કાંઈ? કહો, પોપટભાઈ! આ છોકરા છે એને છોકરા માનવા નહિ? જગતની ચીજ છે, તારી ચીજ ક્યાંથી થઈ ગઈ? એનું શરીર તારું ક્યાંથી થઈ ગયું? અને એનો આત્મા તારો ક્યાંથી થઈ ગયો? એ ચીજનો તો તારા આત્મામાં અભાવ છે. સમજાણું કાંઈ? અહીં તો આત્મામાં શુભ ઉપયોગ અને અશુભ ઉપયોગનો અભાવ છે તેને આત્મા કહેવામાં આવે છે. બહારની વાત તો ક્યાં રહી? આહા..હા..! જિનરાજ વીતરાગ માર્ગ. વીતરાગભાવ તે આત્માનો, એમ કહે છે, જુઓ, બીજી રીતે કહીએ તો. વીતરાગ શુદ્ધ ઉપયોગ કહો, વીતરાગભાવ કહો, એ આત્મા છે. દ્રવ્યે શુદ્ધ છે, ગુણે શુદ્ધ છે અને ઉપયોગમાં શુદ્ધ આચરણ જ્યાં ઉપયોગ શુદ્ધ વીતરાગ થયો એ આત્મા. એ વીતરાગતામાં રાગની મલિનતા છે નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પણ મહારાજ! દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે, પર્યાયમાં શુદ્ધિ ક્યાંથી આવી?

ઉત્તર :- આ શક્તિમાં એકાગ્ર થયો તો પર્યાયમાં શુદ્ધતા આવી ગઈ. જેવું અંદર પડ્યું હતું, પ્રાપ્ત હતું તેની પ્રાપ્તિ થઈ ગઈ. પ્રાપ્તની પ્રાપ્તિ થઈ.

મુમુક્ષુ :- અશુદ્ધતા ક્યાંથી આવી?

ઉત્તર :- અશુદ્ધતા નહિ, એ તો પર્યાયબુદ્ધિથી છે. દ્રવ્ય-ગુણમાં છે જ નહિ. દ્રવ્ય-ગુણના આશ્રયમાં અશુદ્ધતા થતી જ નથી. એ તો પર્યાયબુદ્ધિ-નિમિત્તનું લક્ષ કરીને નવી ઉત્પન્ન કરે છે, વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? અહીં તો દ્રવ્યબુદ્ધિની વાત ચાલે છેને? દ્રવ્યસ્વભાવ ભગવાન આત્મા એનો ઉપયોગ કરે છે તો કહે છે કે એનો ઉપયોગ તો શુદ્ધ જ છે. ઓહો..હો..! અશુભ ઉપયોગ તો નહિ, પણ શુભ ઉપયોગ... જેનો શુભ અને અશુભ એ અશુદ્ધના બે ભાગ છે, અશુદ્ધના બે ભાગ છે, એ અશુદ્ધ ઉપપોગ પણ આત્મા નથી. એય..! ફતેહચંદજી! આ પંડિતો પણ એવી ગડબડ-ગડબડ ભણ્યા હોય એવું દુનિયાને કહે. કેમ માસ્તર?

મુમુક્ષુ :- સાંભળવાવાળા શું કરવા .. કરે? કોઈ ગુણની પર્યાય..

ઉત્તર :- પરના આશ્રયે પ્રગટ થાય છે એનો અર્થ નિમિત્તનું લક્ષ કરવું એટલું. કાંઈ પર આશ્રય દે છે એમ નથી. પોતાનું લક્ષ છોડે છે, પરલક્ષ કરે છે ત્યારે પર્યાયમાં વિકાર થાય છે. પરલક્ષ કરે છે એનો અર્થ લક્ષ અહીંયાં નથી, અહીંયા (બીજે) છે એટલું. કર્મનો ઉદય છે એમાં નિમિત્તનું લક્ષ કરે છે તો પર્યાયમાં વિકલ્પ ઉત્પન્ન થાય છે ઊલટા પુરુષાર્થથી, પણ એ ઉલટા પુરુષાર્થથી જે ઉપયોગ છે તે ઉપયોગ આત્માનો નહિ, એમ સિદ્ધ કરવું

છે. એ જ્ઞાનના જ્ઞેયમાં ગયું. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ!

'**ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (-મલિનતા, વિકાર) નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે...'** શુદ્ધ આચરણ નિર્મળ પવિત્રતારૂપ આચરણ, એવો શુદ્ધ આચરણરૂપ સ્વભાવ એ જ આત્માનો સ્વભાવ છે. આત્માનો સ્વભાવ જ એવો છે. સમજાણું કાંઈ? અશુદ્ધતા થવી એ આત્માનો સ્વભાવ છે જ નહિ. ઝીણો વિષય છે, ભાઈ! આ તો ચોથા ગુણસ્થાનથી છે, ભાઈ! સમજાણું કે નહિ? આ એમ કહે છે. આહા..હા..! પણ શું કહે છે? આત્મા શુદ્ધ ઉપયોગસ્વભાવી છે તો સમ્યગ્દર્શનમાં આત્મા આવે છે કે નહિ? સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ ઉપયોગસ્વભાવી છે, બસ એટલું. હવે આત્માનું આત્મજ્ઞાન અને આત્મદૃષ્ટિ થઈ તો એમાં આવો આત્મા આવે છે કે નહિ?

મુમુક્ષુ :- આ તો શું...

ઉત્તર :- થયું ચોથે. સમજાય છે કે નહિ? પંડિતજી! આત્મા જ એવો છે. તો જેને આત્માનું જ્ઞાન થાય એને શુદ્ધ ઉપયોગમાં જ થાય છે. આહા..હા..! એમ કહે છે, ભાઈ!

મુમુક્ષુ :- પંડિતોના શાસ્ત્રમાં આચરણ નથી.

ઉત્તર :- પંડિતોને ખબર ક્યાં છે? આ તો બીજી વાત છે, આચરણની છે. એને ખબર નથી એટલે શું કરે? એ દુઃખ, મિથ્યા અભિપ્રાયનું કેટલું દુઃખ છે, કેટલું ફળ છે, ભગવાન! એ તો બહુ આકરું છે. કોઈ એવો મિથ્યા અભિપ્રાય દુનિયામાં ભલે ચલાવે, માને, પણ એને પ્રતિકૂળ પડશે, ભગવાન! દુઃખ થશે. આહા..હા..! દુઃખીની તો દયા આવે છે. અનુકંપા. અરે..! ભગવાન! શું કરે છે? ભાઈ! શું કરે છે આત્મામાં તું?

આત્મા જ અહીંયાં આવો કહ્યોને. આત્મા જ શુદ્ધ ઉપયોગસ્વભાવી કહ્યો. તો પછી આત્મા સમ્યગ્દર્શનમાં અનુભવમાં આવ્યો કે નહિ? દેવીલાલજી! કે ચોથે ગુણસ્થાને આવ્યો નહિ અને આઠમે આવે? શું કહેવું છે એને? ચોથે અનાત્મા છે? આહા..હા..! અહીં તો ચોથા ગુણસ્થાનથી શુદ્ધ ઉપયોગસ્વભાવનો અનુભવ છે તે જ આત્મા. શુભ-અશુભ છે તે આત્મા નહિ, એ પરમાં ગયું એમ કહે છે. સમજાણું કે નહિ? આત્મા જ એવો છે, તો આત્મતત્ત્વની શ્રદ્ધા કરવી તે શુદ્ધ ઉપયોગમાં જ આત્માની શ્રદ્ધા થાય છે. ડૉક્ટર! લ્યો, ચોથે ગુણસ્થાને. એય..! ફતેહચંદજી! આઠમે-આઠમે કહે છે. ઈ અત્યાર સુધી નહોતું, હોં! હમણાં કાઢ્યું છે, પહેલા એ વાત નહોતી.

મુમુક્ષુ :- વર્ણીજી ગુજરી ગયા પછી.

ઉત્તર :- પછી. પહેલા એ નહોતું. નવી ફેક્ટરી-કારખાના ઉંધા શરૂ કર્યા. પહેલા એવી વાત નહોતી. પહેલા તો સમુચ્ચય ચાલતી હતી. પણ અહીંયાંથી જ્યારે આવી વાત આવી.. ઓહો..! આ કહે છે એવું સમ્યગ્દર્શન અત્યારે તો છે નહિ, તો આપણે સમ્યગ્દૃષ્ટિ ક્યાંના?

તો લગાવો આઠમે ગુણસ્થાને જાવ. નીચે શુભ ઉપયોગ એ જ ધર્મ છે. કહે છેને એ તો? ચોથેથી છઠ્ઠા સુધી શુભ ઉપયોગ જ છે. પંડિતજી! એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અહીં તો શુદ્ધના આશ્રયે શુદ્ધ ઉપયોગ જ છે. એને જ આત્મા કહે છે. એ કહે છે કે ચોથેથી છઠ્ઠા સુધી શુભ ઉપયોગ છે અને સાતમેથી, આઠમેથી શુદ્ધ ઉપયોગ છે.

મુમુક્ષુ :- નવો કાયદો પાસ કર્યો.

ઉત્તર :- નવો કાયદો પાસ કર્યો. બસ, વાત એ. આ તો ભગવાનનો માર્ગ છે. ભાઈ! આ કાંઈ કોઈની દુકાન નથી. આ તો સર્વજ્ઞની દુકાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્મદ્રવ્યનો તો શુદ્ધોપયોગ સ્વભાવ છે.

ઉત્તર :- આત્મા શુદ્ધ ઉપયોગસ્વભાવી જ આત્મા છે, એને આત્મા કહીએ. જો અનુભવમાં એમ ન આવે તો આત્મા જ આવ્યો નથી. આહા..હા..! સમ્યગ્દર્શન પ્રાપ્તિના કાળમાં ઉપયોગ શુદ્ધ ઉપયોગ થયા વિના, આત્મા શુદ્ધ ઉપયોગસ્વભાવી જ છે. આત્માનું જ્ઞાન કેવું થયું અને પ્રતીત કોની કરી? કે અશુભ ઉપયોગ છે અને શુદ્ધ ઉપયોગસ્વભાવી આત્માની પ્રતીત કરી? સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગ સ્વભાવના આશ્રયે પ્રગટ થયો તો એ શુદ્ધ ઉપયોગસ્વભાવીને જ આત્મા કહે છે. એવા આત્માની સમ્યગ્દર્શનમાં પ્રતીતિ અને અનુભવ થાય છે. આહા..હા..! નહિતર તો આત્મજ્ઞાન અને આત્મદર્શન અને આત્માનું ભાન એ તો ચોથે છે જ નહિ, એમ કહેવામાં આવ્યું. અમરચંદભાઈ! અરે..! ભગવાન! શું કરે છે તું? તારી બાદશાહી પૂર્ણાનંદ પ્રભુ... અહીં તો ભગવાન અમૃતચંદ્રાચાર્ય કેટલું કહે છે! લ્યો. આત્મા આવો છે એમાં શું આવ્યું? ચોથે ગુણસ્થાને આત્મા અનુભવમાં આવે છે કે નહિ? કે રાગ જ એકલો અનુભવમાં આવે છે? તો રાગનો જ અનુભવ છે ચોથે? રાગ તો અનાદિનો છે. આહા..! અમરચંદજી! રાગનો અનુભવ તો અનાદિથી છે.

મુમુક્ષુ :- અત્યારે તો કાયદો એવો નીકળ્યો છે કે શુભમાં શુદ્ધનો અંશ છે.

ઉત્તર :- હા, એ કહે છેને. કહે છે, શુભમાં શુદ્ધનો અંશ છે જ નહિ જરીયે. શુભ છે એ તો સર્વથા બંધનું કારણ છે. શુદ્ધ ઉપયોગ જ અબંધનું કારણ છે. પોતાનો આત્મા દ્રવ્ય અબંધ છે, ગુણ અબંધ છે અને શુદ્ધ ઉપયોગ અબંધ છે તો ત્રણે એકરૂપ થઈ ગયા ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત ઘણી. આ તો વસ્તુ એવી છે હવે તું શું કરીશ? તું કહે છે કે ચોથે, પાંચમે, છઠ્ઠે શુભ ઉપયોગ જ છે. તો અહીં તો કહે છે કે શુભ ઉપયોગી આત્મા છે જ નહિ. તો હવે ચોથે ગુણસ્થાને આત્માનો અનુભવ થાય છે કે નહિ? રાગનો અનુભવ તો અનાદિનો છે. શુભ-અશુભરાગનો અનુભવ અને ધ્યેય, લક્ષ કરીને અનુભવ તો અનાદિનો છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે. રાગનો, આસ્રવનો

અનુભવ એ તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપ વિકારનો અનુભવ તો મિથ્યાત્વમાં છે. કેમ કે પોતાનો આત્મા રહ્યો નહિ. આસ્રવતત્ત્વ છે. તો આસ્રવનો અનુભવ તો જીવતત્ત્વ વિનાનો અનુભવ થયો.

મુમુક્ષુ :- ચોથામાં આવ્યો કેવી રીતે?

ઉત્તર :- પછી સમ્યગ્દર્શન થયું ક્યાંથી?

મુમુક્ષુ :- ગુણસ્થાન જ ન રહે.

ઉત્તર :- ગુણસ્થાન ન રહ્યું એ તો મિથ્યાત્વ થઈ ગયું. ન્યાયમાં સમજો છો? ન્યાયથી લોજીકથી સમજો છોને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અત્યારે નહિ, એ રાત્રે. અત્યારે નહિ. ચાલતા વ્યાખ્યાનમાં નહિ. ચાલતા પ્રવાહમાં અંદર રોકાઈ જવાય છે. સમજાણું કાંઈ? અહીંયાં શું ચાલે છે એમાં જો ધ્યાન હોય તો પ્રશ્ન ઊઠે નહિ. અત્યારે એવી વાત ચાલે છે. સમજાણું કાંઈ? એવો જો ખ્યાલ રહે કે આ શું કહે છે, તો બીજો પ્રશ્ન ઉઠવાનો સવાલ જ એ વખતમાં રહેતો નથી.

અહીંયાં કહે છે, શું કહે છે? જુઓ તો ખરા. અહીંયાં તો આત્મા આવો છે એ સિદ્ધ કરે છે તો એના લક્ષમાં એમ આવવું જોઈએ કે આત્મા શુદ્ધ ઉપયોગસ્વભાવી છે એમ એને જ્ઞાનમાં આવવું જોઈએ. સમજાણું કાંઈ? વિકાર નથી. **સૂર્યમાં વિકાર હોય તો ભગવાન આત્માની પર્યાયમાં વિકાર થાય, એમ કહે છે.** આહા..હા..! જ્ઞાનસૂર્ય પ્રભુ ચૈતન્ય છે. હોય વિકાર, આખી દુનિયા પડી છે. એમાં શું? આત્મામાં છે ઈ? એમ કહે છે. શું અજીવ આત્મામાં છે? આ શરીર આત્મામાં છે? શરીર આત્મામાં છે? કર્મ આત્મામાં છે? તો આસ્રવ આત્મામાં છે? આહા..હા..! એ વાત કરે છે બીજી રીતે, અલૌકિક વાત છે. કઈ અપેક્ષાથી વાત કરે છે અને કઈ વાત સિદ્ધ કરે છે એ! સમજાય છે કાંઈ? અલિંગગ્રહણમાં આમ લઈને, આત્મા આવો છે (એમ કહ્યું).

કેમકે દ્રવ્યસ્વભાવ છે એ શુદ્ધ છે, ગુણ છે એ ત્રિકાળી પવિત્ર શુદ્ધ છે અને એમાં ઉપયોગ લાગ્યો તો ઉપયોગ પણ શુદ્ધ છે. એમાં ઉપયોગ લાગ્યો અને પર્યાયમાં શુભ ઉપયોગ રહે એમ છે જ નહિ, તો એ આત્મા થયો જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? થોડી પણ સત્ય વાત એણે લક્ષમાં લેવી જોઈએ. ચાહે વિશેષ ક્ષયોપશમ ભલે ન હોય. સમજ્યા? પણ સત્યનું સ્વરૂપ કેવું છે એને તો એણે પહેલાં લક્ષમાં લેવું જોઈએ. બીજું જ્ઞાન ન હોય, ઓછું હોય એ કંઈ નહિ.

મુમુક્ષુ :- એ જ જ્ઞાન સાચું છેને. બીજું..

ઉત્તર :- એ જ જ્ઞાન છે બીજું શું છે? વસ્તુ સ્વરૂપ ભગવાન આત્મા અસ્તિ છે કે નહિ? સત્તા છે કે નહિ? સત્તા છે કે નહિ? તો દ્રવ્યનું હોવું, દ્રવ્યની સત્તા, ગુણની

સત્તા (શુદ્ધ છે) તો એની પર્યાયની સત્તા શુદ્ધ ઉપયોગ છે. શુદ્ધ ઉપયોગની સત્તાવાળા આત્માને જ આત્મા કહ્યો છે. આહા..હા..! અશુદ્ધ ઉપયોગી આત્મા હોય તો અશુદ્ધ તો આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વવાળો આત્મા છે?

મુમુક્ષુ :- અસમાહિત છે, એમ સવારે આવ્યું હતું.

ઉત્તર :- એ તો આવ્યું હતું સવારમાં. કર્મ અને કર્મકૃત શુભ-અશુભભાવ એનાથી અસમાહિતો-ભગવાન આત્મા તો એનાથી રહિત છે. એ જ શ્લોક અમૃતચંદ્રાચાર્યનો છે, આ અર્થ પણ અમૃતચંદ્રાચાર્યનો છે. કેવું! ઓહોહો..!

મુમુક્ષુ :- શુભ ઉપયોગ આત્માનો ગણ્યો જ નથી.

ઉત્તર :- આત્માનો છે જ નહિ, એ આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વ આત્માનું છે?

મુમુક્ષુ :- શુભ ઉપયોગથી ધર્મ ન થાય તો ધર્મ કરવો કેવી રીતે?

ઉત્તર :- એ વાત તો ઘણી ચાલે છે કે નહિ? શુભ ઉપયોગથી પૃથક્ થઈને પોતાનો શુદ્ધ ઉપયોગ જ આત્મા છે અને એ ધર્મ છે. શુભ ઉપયોગ ધર્મ છે જ નહિ. આત્મા નથી તો પછી ધર્મ ક્યાંથી આવ્યો?

મુમુક્ષુ :- શાસ્ત્રમાં ધર્મ લખ્યો છે.

ઉત્તર :- લખ્યો નથી. પુણ્ય શબ્દ કરીને વ્યવહારનયે ધર્મ કહ્યો છે. વ્યવહારનયથી આરોપ કરીને (કહ્યું). નિશ્ચયધર્મ એક જ ધર્મ છે, ધર્મ એક જ ધર્મ છે. ધર્મનું કથન બે પ્રકારે છે. બે પ્રકારે ધર્મ થઈ જાય એમ નથી. આહા..હા..! ભારે ભાઈ!

'**चरित्तं खलु धम्मो**' ચરિત્ત નામ વસ્તુ જે શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે, પવિત્ર છે, એમાં લીનતા તે જ આત્માનો સ્વભાવ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? રાગાદિ તો આત્માનો સ્વભાવ નથી, એ આત્મા જ નથી. એમ કહે છે. સમજાય છે કાંઈ? પંચાસ્તિકાય-૧૫૫ ગાથામાં આવે છેને? નિયત અને અનિયત. લ્યો, વળી એ આવ્યું ક્યાંથી. ૧૫૫ ગાથા. આત્માનો શુદ્ધ સ્વભાવ એ નિયત છે અને રાગાદિ તે અનિયત છે. કેમકે એનો સ્વભાવ નથી. વિભાવ અનિયત છે. અનિયતનો અર્થ ત્યાં એમ કરે છે કે ક્રમબદ્ધ નથી, આઘુંપાછું થાય છે. અનિયતનો અર્થ ત્યાં એવો છે જ નહિ. અરેરે..!

મુમુક્ષુ :- એ લોકો પણ અનિયતનું કહે છે.

ઉત્તર :- પણ એ અનિયત એટલે અક્રમ, એમ. આઘુપાછું થવું વ્યવહાર. નિયત એટલે ક્રમસર થવું. એમાંથી એવો અર્થ કરે છે. પત્રમાં આવ્યું છે. રતનલાલે લખ્યું છે, લાલબહાદુર લખે છે, બહુ લખે છે. એમ છે નહિ ત્યાં. ૧૫૫ ગાથામાં પંચાસ્તિકાયમાં નિયત-અનિયત લીધું છે, એ સ્વસમય શુદ્ધતા ઉત્પન્ન થઈ તે નિયત નામ સ્વસ્વભાવ છે એમ. અને જેટલો વિકાર ઉત્પન્ન થયો તે અનિયત છે. અનિયત નામ વિભાવ છે. એમ કહેવું છે. અરે..! ભગવાન! શું કરે છે તું? એવો અર્થ અંદર ચોખ્ખો પડ્યો છે. અંદર ટીકામાં પડ્યો છે. સ્વસમય, પરસમય

સિદ્ધ કરે છે. નિયત, સ્વસ્વભાવ છે, સ્વસમય છે અને રાગાદિ પરસમય, પરભાવ, અનિયત છે. અનિયતનો અર્થ આઘુપાછું થાય છે એવો અર્થ છે જ નહિ ત્યાં. ઘણાં છાપામાં આપ્યું હતું, આત્મધર્મમાં આપ્યું, પણ કોણ વાંચે છે માળા? પોતાની દાંડી પીટે છે. પહેલા આમ કહેતા હતા, હવે આમ કેમ કહ્યું? ભૂલ થઈ ગઈ હતી, એમ કહેને તું. શું હરકત છે? શું આત્મા લૂંટાઈ જાય છે? આહા..હા..! સમજાય છે કાંઈ?

પંચાસ્તિકાયમાં એ છે કે નહિ? ઘણી વાર આવ્યું એમાં. એ.. એમાં નિયત-અનિયત કહ્યું છે. એમાં નિયત-અનિયત કહ્યું છે. લેખ. એમ છે જ નહિ. ૧૫૫ હોં. જુઓ, આવી. શું કહે છે? જુઓ, જીવ સ્વભાવનિયત એમ શબ્દ પડ્યો છે. જુઓ,

**जीवो सहावणियदो अणियदगुणपज्जओध परसमओ।**
**जदि कुणदि सगं समयं पब्भस्सदि कम्मबंधादो।।१५५।।**

'**જીવ, (દ્રવ્ય અપેક્ષાએ) સ્વભાવનિયત હોવા છતાં...**' જુઓ, દ્રવ્ય અને પર્યાયની અપેક્ષાએ જેટલો સ્વભાવ છે એ તો નિયત છે. સ્વભાવે. અનિયત ગુણપર્યાય. '**અનિયત ગુણપર્યાયવાળો હોય તો પરસમય છે.**' વિભાવ છે તો પરસમય છે. એમ કહે છે. આહા..! સમજ્યા? પત્રોમાં બહુ આવે છે. આ ૧૫૫ ગાથાનો અર્થ. જુઓ! એમાં નિયત-અનિયત અમૃતચંદ્રાચાર્ય બેય કહે છે અને તમે એકલું નિયત જ માનો છો.

મુમુક્ષુ :- અનિયત વિભાવના અર્થમાં છે?

ઉત્તર :- વિભાવ. અનિયતનો અર્થ વિભાવ. બસ. વિભાવને અનિયત કહ્યું. પ્રવચનસારમાં કહ્યુંને? પ્રવચનસાર. પ્રવચનસારમાં નયોમાં લીધુંને? ૪૭ નયો. એમાં પણ એ કહ્યું છે કે પાણીનો ઠંડો સ્વભાવ એ નિયત છે, ઉષ્ણભાવ છે તે અનિયત છે. અનિયતનો અર્થ અક્રમે ઉત્પન્ન થાય એમ છે જ નહિ. ૪૭ નયમાં લીધું છે. નયપ્રજ્ઞાપન આપણે બહાર આવી ગયું છે. પાણી-જળનો ઠંડો સ્વભાવ એ નિયત છે અને ઉષ્ણતા તે અનિયત છે. ઉષ્ણતા આઘીપાછી થાય છે એ પ્રશ્ન જ નહિ ત્યાં. એવો અર્થ કરે છે ત્યાં. નિયત-અનિયત કહ્યું છે કુંદકુંદાચાર્યે. અરે..! પ્રભુ! શું કરે છે તું આ?

મુમુક્ષુ :- સ્વભાવ તે નિયત, અશુદ્ધિ તે અનિયત...

ઉત્તર :- બસ, ઈ. સ્વભાવને નિયત કહે છે અને વિભાવને અનિયત કહે છે, એટલો અર્થ છે. વાસ્તવિક કાયમી સ્વભાવ નથી તેથી અનિયત. એ આવે છે, ઘણા પત્રોમાં આવે છે. સમજાય છે કાંઈ? એમ છે જ નહિ.

અહીં શુદ્ધ ઉપયોગસ્વભાવ નિયત છે અને અશુદ્ધ ઉપયોગ એ અનિયત છે, માટે આત્મામાં નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ૧૫૫ સાથે આવી ગયું. કુદરતી ક્યાંનું ક્યાં આવી ગયું. કોણ જાણે ક્યાંથી આવે છે? આવવાનું હોય છેને. કહો, વાત સાચી હોં. મેળ ત્યાં ખાઈ ગયો એની સાથે જુઓ, શુદ્ધ ઉપયોગની સાથે મેળ છે. શુદ્ધ ઉપયોગસ્વભાવ

એ નિયત છે, નિયત છે અને અશુદ્ધ ઉપયોગ અનિયત છે. વિભાવ છે. વિભાવ-ઉપયોગી **'આત્મા છે જ નહિ.'** સમજાય છે કાંઈ? આહા..હા..! પૂર્વાપર વિરોધ રહિત સંતોની વાણી. એમાં ક્યાંય વિરોધ એક અંશે નથી. યથાર્થ તત્ત્વને પ્રસિદ્ધ કરે છે. એની દૃષ્ટિમાં આવવું જોઈએ. થોડું સમજાય એવું છે હોં! આ તમારા છોકરાને. આ ક્યાં સમજાય? આવતા રહેશે તો સમજાશે.

**'જેને લિંગમાં...'** ઓહો..હો..! શું કહે છે? **'સૂર્યની માફક...'** સૂર્યનો સ્વભાવ પ્રકાશ તો નિર્મળ છે. એમ ભગવાન આત્માનો સ્વભાવ નિયત શુદ્ધ ઉપયોગસ્વભાવ નિયત-નિશ્ચય છે, એને આત્મા કહે છે. દેવીલાલજી! **'આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે...'** આચાર્યની ભાષા જુઓને! **શુદ્ધ ઉપયોગસ્વભાવી આત્મા છે.** એને અશુદ્ધ ઉપયોગસ્વભાવી કહેવો વસ્તુનો નાશ કરવા બરાબર છે. અનર્થ કરે છે, અર્થનો અનર્થ કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ અનર્થ દેખાતો નથી.

ઉત્તર :- આ અનર્થ જોતા નથી અને બહારમાં કોઈ હિંસા થાય ને ફલાણું થાય તો દોષ લાગ્યો, દોષ લાગ્યો. લાગ્યો. મિથ્યાત્વનો દોષ લાગે છે એની તો તને ખબર નથી. મહા મિથ્યાત્વનો દોષ શું છે એની તો ખબર નથી. એ.. એ... અડી ગયું. આમ થઈ ગયું, આમ ચામડું.. એ દોષ. શુભ ઉપયોગ એ ચામડું છે. એને અડે એ આત્મા નહિ, એમ અહીંયાં કહે છે. અત્યંત અભાવ છેને? શું કહે છે? શુભ ઉપયોગ, અશુભ ઉપયોગ રાગ છે એ સ્વભાવમાં અત્યંત અભાવ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- બે દ્રવ્યમાં..

ઉત્તર :- બે દ્રવ્યમાં નહિ, આ તો વિકાર અને સ્વભાવ વચ્ચે અત્યંત અભાવ છે. બે દ્રવ્ય વચ્ચે તો બીજી (વાત), એ તો વ્યવહાર શાસ્ત્રની વાત છે. અધ્યાત્મ શાસ્ત્રમાં શુભ ઉપયોગ અને આત્મસ્વભાવ બે વચ્ચે અત્યંત અભાવ છે. આવ્યું છે, સમયસારમાં ઘણું આવ્યું છે. સમયસારમાં ઘણું આવ્યું છે. સમજાય છે કાંઈ? પુદ્‌ગલસ્વભાવી ભાવનો આત્મામાં અભાવ છે. આ શું કહ્યું પણ? શુદ્ધ ઉપયોગસ્વભાવ છે તો એનો (-વિકારનો) એમાં અભાવ છે, એમ એમાં આવી ગયું. અન્ય સ્વભાવ કહો, વિભાવસ્વભાવ કહો, આત્મામાં નથી કહો, આત્માના સ્વભાવમાં વિભાવનો અત્યંત અભાવ કહો, એક જ વાત છે. સમયસારમાં પાઠમાં બહુ આવ્યું છે. સમજાણું કાંઈ? ઓહો..! પરદ્રવ્યનો તો અત્યંત અભાવ છે, પણ વ્યવહારરત્નત્રયનો અત્યંત અભાવ? એય..! દેવીલાલજી! એ લોકોને ખટકે છે. વ્યવહાર કરવો તો પડે ને, કરવો પડે ને, પણ પ્રવર્તન કરવું પડે એનું નામ મિથ્યાત્વ છે. આહા..હા..!

મુમુક્ષુ :- સંયોગથી જ સંબંધ છે.

ઉત્તર :- એ તો સંયોગી પરભાવ છે. આત્માનું શુદ્ધદ્રવ્ય... શું કહે છે અહીંયાં? **'આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે...'** એમાં જે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે, એ અત્યંત અભાવરૂપ

છે, નાસ્તિરૂપ છે, શુદ્ધોપયોગસ્વભાવ અસ્તિરૂપ છે. વિભાવની નાસ્તિરૂપ છે. આહા..હા..! શુદ્ધ ઉપયોગસ્વભાવ અસ્તિરૂપ છે અને અશુદ્ધ ઉપયોગભાવ અત્યંત અભાવ, અત્યંત અભાવ-નાસ્તિરૂપ છે. આહા..હા..! એક પર્યાયના બે ભાગ. એક ચારિત્રગુણની એક પર્યાયના બે ભાગ. એક ભાગ શુદ્ધ ઉપયોગ એ આત્માનો સ્વભાવ, બીજો ભાગ અશુદ્ધ તેનો પર્યાયમાં અત્યંત અભાવ. ગજબ વાત છેને આ જૈનદર્શન! સમજાણું કાંઈ? પર્યાય પર્યાયમાં હોં.

એક આત્મા ત્રિકાળી દ્રવ્ય છે અને ચારિત્રગુણ વીતરાગભાવ ત્રિકાળી છે. એમાંથી જે પર્યાય નિર્મળ થઈ શુદ્ધ ઉપયોગસ્વભાવ તે આત્મા. એ પર્યાયમાં થોડો ભાગ જે અશુદ્ધ રહ્યો એ આત્મા નહિ. અને એ શુદ્ધ પર્યાયમાં અશુદ્ધ પર્યાયનો અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ? ન્યાયથી તો વાત આવે છે. પકડવું, ન પકડવું એ કોઈ સમજાવી શકે એવી ચીજ તો છે નહિ. શુદ્ધ ઉપયોગમાં રમે છે. એ વ્યવહારને અડતા નથી. કેમકે એ વ્યવહાર પરવસ્તુ છે. એ આત્મા નથી. બીજી રીતે કહીએ તો એ અણાત્મધર્મ છે. શુભ ઉપયોગ એ અણાત્મધર્મ છે. આત્મધર્મ શુદ્ધ ઉપયોગવાળો એને સ્પર્શતો નથી. જાણે છે એ બીજી વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્માની એક સમયની પર્યાય..

ઉત્તર :- એક સમયની પર્યાયના બે ભાગ—એક શુદ્ધ ઉપયોગ પર્યાય એ પોતાનો સ્વભાવ અને એ પર્યાયમાં જેટલી મલિનતા રહી તેનો પર્યાયમાં અત્યંત અભાવ. એક પર્યાયના બે ભાગ—એક (શુદ્ધ) પર્યાય સ્વરૂપ આત્મા અને બીજો અંશ રહ્યો તેના અભાવસ્વરૂપ આત્મા.

મુમુક્ષુ :- શું કહો છો આપ?

ઉત્તર :- આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? ન્યાયથી સમજાય છે કે નહિ? ચારિત્રગુણની પ્રગટ પર્યાય છે. તો પ્રગટ પર્યાય જે શુદ્ધ ઉપયોગ છે એ આત્મા. શુદ્ધ ઉપયોગનું આચરણ થયું અંદરમાં સ્વભાવની એકતા એ આત્મા. અને એમાં જે શુભનો વિકલ્પ રહ્યો, એ જ પર્યાયનો બીજો ખંડ-ભંગ, એ એક અંશમાં બીજા અંશનો અભાવ છે. આહા..હા..!

મુમુક્ષુ :- કેટલો અભાવ?

ઉત્તર :- અત્યંત અભાવ, સર્વથા અભાવ. આહા..હા..! જૈનદર્શનની તત્ત્વદૃષ્ટિ તો જુઓ!

મુમુક્ષુ :- અમને સમજાણું નહિ.

ઉત્તર :- ન આવ્યું? ફરીથી કહીએ. અમારે શેઠ કહે છે કે અમને સમજાતું નથી. લ્યો.

મુમુક્ષુ :- .. અમારા .. કહે છે કે અમારે વધારે સમજવું છે.

ઉત્તર :- એ તો ખાનદાન માણસ છેને. અહીં થોડું રહે તો સમજાય. શું કહ્યું?

ફરીથી. અહીં કહ્યું, '**લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (-મલિનતા, વિકાર) નથી તે અલિંગગ્રહણ છે;...**' એનો અર્થ '**આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે એવા અર્થની...**' અલિંગગ્રહણમાંથી આવો ભાવ

નીકળે છે. એમાં શું આવ્યું? ભગવાન આત્મા જેટલો શુદ્ધ ઉપયોગ છે એ જ આત્મા. એ શુદ્ધ ઉપયોગના આચરણની પર્યાય ચારિત્રગુણની નિર્મળ છે. એ જ પર્યાયમાં બીજો એક અંશ શુભોપયોગરૂપ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એ આત્મા નથી, એ અનાત્મા છે અને આત્માની પર્યાયમાં એ અનાત્માની પર્યાય નથી. આત્માની શુદ્ધ પર્યાયમાં અશુદ્ધ જે પર્યાય છે એ શુદ્ધ પર્યાયમાં નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ગજબની ખોજ છે.

ઉત્તર :- વસ્તુ એવી છેને, ભાઈ! આહા..હા..! જુઓ, શું કહે છે? અમૃતચંદ્રાચાર્ય શું કહે છે? જુઓને. એક-એક ભાવમાં મહા સિદ્ધાંત પડ્યા છે. સમજાણું કાંઈ? આગમના એક-એક વચનમાં અનંત આગમના રહસ્ય પડ્યા છે. આહા..હા..!

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિને એક જ પર્યાય?

ઉત્તર :- સમ્યગ્દૃષ્ટિને એક જ પર્યાય છે, બીજી પર્યાય છે જ નહિ. એક પર્યાયનો બીજો ભાગ સમ્યગ્દૃષ્ટિનો નહિ.

મુમુક્ષુ :- એટલે એક પર્યાય રહી.

ઉત્તર :- એક નિર્મળ પર્યાય રહી. એક પર્યાયમાં બે ભાગ પડી ગયા. એ નિર્મળ પર્યાય સમ્યગ્દૃષ્ટિની છે. કેમકે એ શુદ્ધાત્મા છે અને શુદ્ધોપયોગસ્વભાવ છે. એમાં જે મલિનતાનો અંશ છે એ પર્યાયનો બીજો ભાગ. જે મલિન અંશ છે તેનો શુદ્ધપર્યાયમાં અત્યંત અભાવ છે. દ્રવ્ય-ગુણમાં તો અત્યંત અભાવ છે જ. આહા..હા..! સમજાય છે કાંઈ? દ્રવ્ય-ગુણમાં તો શુભ ઉપયોગરૂપી પરિણામનો અત્યંત અભાવ છે જ, પણ એની શુદ્ધોપયોગરૂપી પર્યાયનો જે અંશ છે, તેનો જ બીજો ભાગ જે અશુદ્ધ ઉપયોગ-પરિણામ છે તેનો પર્યાયમાં અત્યંત અભાવ છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ પર્યાય તો સમ્યગ્દૃષ્ટિ...

ઉત્તર :- ઈ પર્યાય પોતાના આત્માની છે જ નહિ.

મુમુક્ષુ :- ક્ષેત્ર એક?

ઉત્તર :- ક્ષેત્ર એક, ભલે પર્યાય એક કહ્યો અને કાળ એક કહ્યો. અલૌકિક વાત છે, ભગવાન! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવના શાસનમાં એમનું તત્ત્વ આવું જ છે હોં. આવું છે. આવું છે એનો ખ્યાલ કરાવે છે. સમજાય છે કાંઈ? જુઓને ઓલા .. વખતમાં આવે છે.

મુમુક્ષુ :- બે ભાગ કરવાની આવશ્યકતા છે?

ઉત્તર :-આવશ્યકતા-ફાવશ્યકતા નથી. એ સ્વભાવસન્મુખ થયો એ શુદ્ધઉપયોગ જ આત્મા છે, બસ. બાકી રહ્યું એ જ્ઞાનનું જ્ઞેય, વિષય (તેનો) પોતાના આત્માની પર્યાયમાં અભાવ છે. એક ..નો પ્રશ્ન હમણા ભાઈએ કહ્યો હતોને. પત્ર આવ્યો હતો, લેખ આવ્યો છે એક સાધુનો. પોરબંદરથી. કે આ પંદર-પંદર દિ'માં ચંદ્ર ચાલે છે, નિયત તો દેખાતો નથી, શું

કરવું અમારે? શું બત્રીસ સૂત્ર ખોટા છે? અમરચંદજી તો એમ કહે છે કે આ જેટલી ભવોની વ્યાખ્યાને ભગવાન અડ્યા પણ નથી. ભગવાને તો આત્માની જ વાત કરી છે. તો આ બત્રીસ સૂત્રમાં બે સૂત્ર ભગવાનના નહિ અને ત્રીસ સૂત્ર ભગવાનના. તો ત્રીસેય ભગવાનના છે કે નહિ? આમાં શું છે? મોટો પત્ર આવ્યો છે, ભાઈ! પછી વાંચજો ઘરે. વાંચજો ઘરે. ઉત્તર માગે છે આચાર્યો પાસે. એય..! રામજીભાઈ કહે છે, પંડિતજી ઉત્તર તૈયાર કરે. વાંચવા જેવો છે. પોરબંદરના કોઈ સાધુ છે એણે લખીને મોકલ્યું છે. આ શું છે?

અહીં તો કહે છે, ...ના વખતમાં એક કથા આવે છે. એક હતોને કોક? સમવસરણ બનાવ્યું, તીર્થંકર બનાવ્યા પચીસમા, ગણધર બનાવ્યા. ચાલો, લોકો આવે છે દર્શન કરવા. ...ને કહે, ચાલો. તીર્થંકર આવ્યા છે, તીર્થંકર. સમવસરણ જુઓ, ગણધર જુઓ. તીર્થંકર, ગણધર હોય જ નહિ. સમવસરણ-ફમવસરણ બધું ખોટું છે, જા. પણ આ સાક્ષાત્ સમવસરણ છે. પચીસમા તીર્થંકર આવ્યા છે. એ વિના સમવસરણ ક્યાંથી આવે? ઈન્દ્રો આવે છે જુઓ, વૈક્રિયક દેવે બનાવ્યુંને. વૈક્રિયક બનાવ્યા, દેવ આદિ બનાવ્યા. તુલસા કહે છે, સમવસરણ છે, તીર્થંકર છે એમ અમને એક અંશ પણ (શ્રદ્ધા થતી) નથી. તીર્થંકર છે જ નહિ, એ સમવસરણ જ નથી. આહા..હા..! આ તો ભાઈ! ... ભાઈ વિમલચંદજીએ એ જરી કર્યું. વાત તો આવી છે. ચાહે તો સમવસરણ દેખાડે તો પણ શંકા પડતી નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધોપયોગી સ્વભાવ, એમાં બીજી વાત નથી. તો બીજામાં આમ હશે ને તેમ હશે. ભગવાનની સાથે. અરે..! ચાલ.. ચાલ. ભગવાનના શાસ્ત્ર યથાર્થ છે. એમાં કોઈ ફેરફાર નથી. આપણે મેળવી શકતા નથી માટે ફેરફાર છે એમ શંકા કેમ પડે છે? સમજાણું કાંઈ? અહીં તો કહે છે, વ્યવહાર તારામાં નથી એમ નિઃશંકતા લે. આહા..હા..! બહારની વાતું ક્યાં? ભારે વાત, ભાઈ! સમજાણું કે નહિ?

એક પર્યાયના બે ભાગ, પર્યાય બે નહિ. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી શુદ્ધ છે અને શુદ્ધોપયોગી આત્મા તે આત્મા. શુદ્ધ ઉપયોગી જે પર્યાય ચારિત્રની છે એ આત્મા. અને તે જ કાળે થોડું શુભ રહ્યું તે જ પર્યાયનો બીજો ભાગ, એ આત્મા નહિ. એ શુદ્ધ ઉપયોગમાં તે પર્યાયનો અત્યંત અભાવ છે અને એ અણાત્મા છે. આહા..હા..! આ તે વાત કાંઈ! વેદાંતવાળાને એક જ આત્મા એને તો ગજબ લાગે. આવી વાતું! .. બાપુ! સ્વભાવ એવો છે, ભાઈ! સમજાય છે કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- એક જ પર્યાયમાં બે પ્રકારની લાયકાત છે?

ઉત્તર :- એક જ પર્યાયમાં બે પ્રકારની લાયકાત. ખરેખર એ એની પર્યાય છે જ નહિ. એની પર્યાય તો શુદ્ધ છે તે જ આત્માની પર્યાય છે. ખરેખર તો એને પુદ્ગલના પરિણામ અને પુદ્ગલમાં નાખી દીધા છે. આહા..હા..! સમજાણું કાંઈ? લોકોને વીતરાગનું વાસ્તવિક

તત્ત્વ શું છે એ સમજાણું નથી અને સાંભળવા મળ્યું નથી. ગડબડ... ગડબડ... ગડબડ.... હજી તો પરની દયા પાળે તે ધર્મ. ધૂળમાંય નથી, સાંભળ તો ખરો. પરની દયા... પર વસ્તુ નથી? તો પરની દયા તું પાળી શકે છે? તો તેની પર્યાય તું કરી શકે છે? પણ અહીં તો કહે છે, પરની દયાનો ભાવ ઉઠ્યો જે વિકલ્પ છે એ પણ ધર્મ નથી. ધર્મ નથી, પણ સમ્યગ્દૃષ્ટિની પર્યાયમાં એ ભાવ નથી. આહા..હા..! આ તે પણ વાત! સમજાણું કાંઈ? ઠીક, દશમો બોલ પણ ઠીક ચાલ્યો, હોં! નવમો તો કીધું ઠીક, પણ આ પણ આવ્યું. '**આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? એ દશમો બોલ થયો.

અગિયારમો બોલ. '**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...**' જુઓ,

મુમુક્ષુ :- ગોમ્મટશાર ખલાસ થઈ જાય.

ઉત્તર :- આ કર્મનું ગ્રહણ નથી અર્થાત્ કર્મનો આત્માના ઉપયોગમાં સંબંધ જ નથી. સમજાણું કાંઈ? થોડું-થોડું લઈશું હોં. '**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ...**' જાણવા-દેખવાના લક્ષણ વડે દ્રવ્યના લક્ષમાં લક્ષણ પડ્યું છે તો શુદ્ધની જ ઉત્પત્તિ થાય છે. તો કર્મના ગ્રહણની પર્યાય છે ક્યાં? જીવદ્રવ્યનો સ્વભાવ કર્મના ગ્રહણમાં નિમિત્ત થાય એવો ભાવ છે જ નહિ. સમજાણું કાંઈ? કર્મગ્રહણ તો કર્મને કારણે આવે છે, પણ એમાં નિમિત્ત પડવું. ઉપાદાન તો કર્મગ્રહણ કરવું એ પરમાણુથી ઉપાદાન છે, પણ એમાં નિમિત્ત થવું એ દ્રવ્યસ્વભાવમાં છે જ નહિ. જીવદ્રવ્યના સ્વભાવમાં, કર્મ થવામાં નિમિત્ત થવું એ દ્રવ્યસ્વભાવ નથી. આહા..હા..! વાંચી વાંચીને ગોમ્મટશાર ને આ ને બધું વાંચ્યું હોયને. કર્મકાંડ. કહે છે, '**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા...**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ વસ્તુમાં ક્યાં? વસ્તુ, વસ્તુ-દ્રવ્ય, એનો ગુણ અને એનું ઉપયોગ લક્ષણ જાણવું-દેખવું એ તો પોતાની નિર્મળ પર્યાય છે. તો ત્રણે નિર્મળ થઈ ગયા. નિર્મળ છે તો સમ્યગ્દર્શન થયું. તો નિર્મળમાં કર્મના ગ્રહણમાં નિમિત્ત થવું એ વિકલ્પ છે જ નહિ. એમાં એ અશુદ્ધતા છે જ નહિ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ક્લાસના કાળમાં આ લીધું છે, આ આવ્યું છે. થોડું ઝીણું પડે પણ સમજવાની ચીજ છે. જૈનદર્શન એટલે સર્વજ્ઞદર્શન. સર્વજ્ઞ પરમાત્માએ કહેલો માર્ગ. પરમેશ્વર ઓહો..હો..! એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક પર્યાયમાં જાણ્યા એટલું સામર્થ્ય! લોકોને ક્યાં બેસે છે? આહા..હા..! એવી પર્યાય એમાં જે આવ્યું કે આત્મા અમે એવો જોયો છે કે જે આત્માનો ઉપયોગ છે એ કર્મગ્રહણમાં નિમિત્ત થાય એવો આત્માને અમે જોયો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ઉપયોગ નામના લક્ષણથી કર્મગ્રહણમાં નિમિત્ત થાય એમ છે જ નહિ.

એ તો કર્મનો અભાવ થાય છે, અશુદ્ધતાનો અભાવ થાય છે, શુદ્ધતાની પ્રાપ્તિ થાય છે એનું નામ આત્મા છે. એ ચોથે ગુણસ્થાનથી ભાઈ! અહીં તો ના પાડી દીધી. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિશેષ આવશે, લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૧૫, બુધવાર, તા. ૨૭.૦૮.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૧-૧૨, પ્રવચન-૨૪૭**

આ પ્રવચનસાર ચાલે છે. એમાં જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન. જ્ઞાનમાં જાણવાલાયક જ્ઞેય કેવું છે એનું અહીંયાં કથન કરે છે. એમાં આપણે અલિંગગ્રહણ ચાલે છે. આત્મા જ્ઞેય તરીકે કેવો જણાય તો આત્મા જણાયો કહેવાય? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં અને સમ્યગ્જ્ઞાનમાં આત્મા જ્ઞેય તરીકે કેવો જાણે તો એને સમ્યગ્દર્શન જ્ઞાન કહેવામાં આવે? કોઈ પૂછતા હતા કે ભાઈ! આ અલિંગગ્રહણમાં શું પણ અમારે? એમ વળી કોક પૂછતું હતું. અહીંયાં અલિંગગ્રહણનો અર્થ આત્મા જેવો છે એવો અંતરમાં-દૃષ્ટિમાં લેવો, અનુભવ કરવો એનું નામ ધર્મ અને એનું નામ આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? કોક કહેતું હતું સવારમાં. કે ભાઈ! આ અલિંગગ્રહણમાં આવું અમારે શું સમજવું? કરવું શું? એમ કહેતું હતું કોક.

પણ અલિંગગ્રહણનો અર્થ પહેલાથી ચાલ્યો આવ્યો છે. એ આત્મા ઇન્દ્રિયોથી જણાય એ આત્મા નથી. એ તો પહેલાથી કહેતા આવ્યા છીએ. આ તો દશ બોલ થઈ ગયા છે. પોતાને આત્માને અતીન્દ્રિય જ્ઞાનમય અંદરથી જાણે એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ધર્મ કહેવામાં આવે છે. એ વાત તો પહેલેથી ચાલે છે. સમજાણું કાંઈ? એવા દશ બોલ ચાલ્યા છે. હવે અગિયારમો બોલ આવ્યો. '**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...**' જેમ દશમામાં કહ્યું હતું કે આત્મા એવો છે કે શુદ્ધ ઉપયોગસ્વભાવી છે. એનો અર્થ? કે એમાં રાગ પણ નથી અને કર્મનો સંબંધ પણ નથી. એને આત્મા કહે છે. તો રાગરહિત શુદ્ધ ઉપયોગ વડે આત્માને જાણે એનું નામ જ્ઞેય આત્મા જ્ઞાનમાં, શ્રદ્ધામાં આવ્યો એનું નામ ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

તો પહેલા કહ્યું કે શુદ્ધ ઉપયોગી સ્વભાવ એનો અર્થ શું? કે નિમિત્તનું લક્ષ છોડીને શુભ-અશુભ જે વિકલ્પ રાગ છે એનું લક્ષ છોડીને પોતાની શુદ્ધ પર્યાય, શુદ્ધ ઉપયોગ... આચરણરૂપ શુદ્ધ એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેનો અંશ આવે છે. એમ શુદ્ધ ઉપયોગી સ્વભાવી

આત્મા છે. એટલે કે શુદ્ધ ઉપયોગ વડે આત્માને જાણ્યો એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ધર્મ છે. સમજાણું કાંઈ? જે આ શુદ્ધ ઉપયોગ છે... રાગ છે નહીં, રાગ પોતાનો છે જ નહિ. આત્માનો રાગ છે નહિ. આત્માનો તો શુદ્ધ ઉપયોગ એનો છે. તો એનો અર્થ થયો કે રાગથી અને નિમિત્તથી પૃથક્ થઈને જે પોતાનો શુદ્ધ ઉપયોગ સ્વભાવ એ વડે અંતરમાં દૃષ્ટિ કરે એવો આત્મા છે. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. અલિંગગ્રહણમાં તો એકલું માખણ ભર્યું છે. ...

હવે આ અગિયારમામાં તો એ આવ્યું કે કર્મનો સંબંધ એને છે જ નહિ. કહો, સમજાણું કાંઈ? ઉપયોગ નામના લક્ષણથી કર્મ આદાન, કર્મનું ગ્રહવું નથી. કેમકે એ શુદ્ધ ઉપયોગ સ્વભાવી આત્મા છે. એનાથી કર્મગ્રહણ નથી. કર્મગ્રહણમાં જે નિમિત્ત હતું એ તો રાગ નિમિત્ત હતો. સમજાણું કાંઈ? તો આત્મા એવો નથી. રાગ નિમિત્ત અને કર્મપર્યાય ઉપાદાન એનું. એ તો નિમિત્ત, પણ રાગ અને કર્મગ્રહણ બેય (વચ્ચે) નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એ આત્મામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા '**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા...**' એટલે કે પહેલા શુદ્ધ ઉપયોગ કહી ગયા. તો એ શુદ્ધ ઉપયોગ જે જાણવું-દેખવું તે ઉપયોગ છે એનું લક્ષ-ધ્યેય તો દ્રવ્ય ઉપર છે. તો એ ઉપયોગ કર્મગ્રહણ થવામાં નિમિત્ત છે એવું એનામાં છે નહિ. સમજાણું કાંઈ? પ્રથમ સમ્યગ્દર્શનની વાત ચાલે છે આ. જ્ઞેય આત્મા આવો છે એમ ચાલે છે.

મુમુક્ષુ :- આત્મા જ્ઞેય પણ હોય છે?

ઉત્તર :- જ્ઞેય ન હોય તો શું હોય?

મુમુક્ષુ :- એ તો જ્ઞાયક હોય છેને.

ઉત્તર :- જ્ઞાયક નહિ. જ્ઞાયક તો જાણનાર, પણ જણાનારું જ્ઞેય હોય છે કે નહિ પ્રમેયમાં? એમાં પ્રમેયત્વ ગુણ છે કે નહિ? પોતાના જ્ઞાનના ઉપયોગ દ્વારા આખો આત્મા જ્ઞેય છે તે ઉપયોગ ક્યો? શુદ્ધ ઉપયોગ તે. આહા..હા..! રાગાદિ વિકલ્પાદિ એમાં છે જ નહિ, કાઢી નાખ્યા. છે નહિ પછી શું? આહા..હા..! સમજાણું કાંઈ? જેમ ૧૪મી ગાથામાં કહ્યુંને? અબદ્ધસ્પૃષ્ટ. એ વાત અહીંયાં કહે છે લ્યો. ૧૪મીમાં પાંચ બોલ લીધા છેને. પછી ૧૫મીમાં પાંચ લઈને '**पस्सदि जिणसासणं सव्वं**' (કહ્યું). એને અસંયુક્ત કહો, અસંબંધ કહો કે અબંધ કહો. સમજાણું કાંઈ? વસ્તુ દ્રવ્ય-વસ્તુ જ્ઞાયકભાવ સ્વભાવ એ તો કર્મ અને રાગના સંબંધ વિનાની ચીજ છે. એ અબદ્ધસ્પૃષ્ટ આત્મા (એને) કર્મનો બંધ નથી સંયુક્તપણે, સંબંધપણે. સંબંધ કહો કે બંધ કહો (સંપર્ક) કહો. સમજાણું કાંઈ? બંધ, સંબંધ, સંપર્ક એ રહિત આત્મા છે. અબદ્ધસ્પૃષ્ટ. અબદ્ધ નામ કર્મનો બંધ નથી અને અસ્પૃષ્ટ નામ જે પ્રમાણે છે એનાથી નિમિત્તપણું પણ એમાં છે નહિ. એવા આત્માની અંદરમાં શ્રદ્ધા કરવી '**पस्सदि अप्पाणं**' એવા આત્માને અંદરમાં જોવો, સમજાણું કાંઈ? એનું નામ જૈનશાસન કહેવામાં આવે છે.

આહા..હા..! જુઓ, જૈનશાસન વીતરાગી શુદ્ધભાવ ઉપયોગ છે, વીતરાગી ભાવશ્રુત ઉપયોગ છે. જૈનશાસન પર્યાય છે અહીંયાં હોં. દ્રવ્ય-ગુણ નહિ. ધર્મ કહો, જૈનશાસન કહો, વીતરાગી પર્યાય કહો, એ વીતરાગી ઉપયોગ જે શુદ્ધભાવ ઉપયોગ. એનાથી જાણ્યું કે આ આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. પરથી સંબંધ નથી, અબદ્ધસ્પૃષ્ટ છે.

એ દૃષ્ટાંત લીધુંને? પાણી અને કમળનું. ૧૪મી ગાથામાં. કમળ પાણીમાં જુઓ તો સંયોગ સંબંધે દેખાય છે કે જાણે પાણીમાં કમળ છે. પણ કમળનો સ્વભાવ જુઓ તો પાણીને જરાય અડ્યું નથી. સમજાણું કાંઈ? એ વાત અહીં કહે છે. આમ વ્યવહાર છે ઈ વાત અહીં કરતા જ નથી. ત્યાં તો વ્યવહાર છે એ વાત કરીને એને ઉડાવી. અહીંયાં (કહ્યું કે) વ્યવહાર છે જ નહિ આમાં. સમજાણું કાંઈ? પહેલા વ્યવહાર કહ્યો કે આમ પાણીમાં કમળને પાણીના સંયોગે જુઓ તો વ્યવહાર, પણ એકલા કમળનો સ્વભાવ જુઓ તો છે નહિ. એમ આત્મા અને અનાદિ કર્મના સંબંધ વ્યવહારે જુઓ તો છે, પણ નિશ્ચયથી અબદ્ધસ્પૃષ્ટ જુઓ તો એમાં કોઈ સંબંધ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ઉપયોગ બેય બાજુ...

ઉત્તર :- ...રહે છે ક્યાં? અહીં તો કહ્યું, પણ અહીંયાં તો આ અબદ્ધનું જ્ઞાન થાય, તો બદ્ધ કેટલું છે એનું વ્યવહારુ જ્ઞાન અંદરમાં આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેટલો છે, એ અબદ્ધસ્પૃષ્ટનું જ્ઞાન થયું તો નિમિત્ત સંબંધ કેટલો છે એનું જ્ઞાન થઈ જાય છે. એ ચીજ આવતી નથી. ભારે વાત! સમજાણું કાંઈ? ફરીને.

અહીંયાં તો કહે છે કે '**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ...**' કર્મનો સંબંધ જ નથી. અથવા એ ઉપયોગ જેનો છે એની સાથે કર્મનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ નથી. કેમકે ઉપયોગમાં, સ્વભાવ સન્મુખનો ઉપયોગ છે એ ઉપયોગમાં કર્મના ગ્રહણમાં નિમિત્ત થવું એવો ભાવ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અબદ્ધસ્પૃષ્ટ (આદિ) પાંચ બોલ લીધા છેને ત્યાં તો? ગતિની પર્યાય છેને ભિન્ન-ભિન્ન? ભિન્ન-ભિન્ન છે તો છે. એ અહીં લીધી નથી. અહીં તો પરથી ભિન્ન અબદ્ધ એકલું ચૈતન્ય છે એની દૃષ્ટિ કરવી એનું નામ આત્મા જણાયો અને આત્મજ્ઞાન અને દર્શન કહેવામાં આવ્યું. એનું નામ જૈનશાસન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અનન્ય આવે છેને અબદ્ધસ્પૃષ્ટમાં? અનિયત આવે છે. પર્યાયમાં ઓછું-વત્તુંપણું થાય છે. છે, એની સાથે સંબંધ નથી. એનાથી રહિત એકલો ભગવાન આત્મા દૃષ્ટિ અને ભાવશ્રુતજ્ઞાનના ઉપયોગનું ધ્યેય જે જ્ઞેય પોતાનું સ્વરૂપ છે. એ જ્ઞેયને જ્યાં ઉપયોગથી જણાયો એ ભાવશ્રુતજ્ઞાન ઉપયોગ જ જૈનશાસન છે. કહો, સમજાણું કાંઈ? કેવળજ્ઞાન જૈનશાસન છે એમ ન કહ્યું. કેવળજ્ઞાન તો એનું ફળ છે. સમજાણું કાંઈ?

આ ભગવાન અબદ્ધસ્પૃષ્ટ પ્રભુ, નિર્લેપ. રાગ અને કર્મના લક્ષને છોડી દઈ, છોડીને એકલા દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી એ રાગ અને કર્મનું સંયુક્તપણું એને છે જ નહિ. એવી દૃષ્ટિ ઉત્પન્ન

થવી એનું નામ સમ્યગ્દર્શન અને સાથે જ્ઞાન છે એનું નામ ભાવશ્રુતજ્ઞાન. સમજાણું કાંઈ? અહીં તો ઓલા દ્રવ્યશ્રુતને ફલાણું, ઢીકણી એ વાત જ કરી નથી. એવી વાત છે. જૈનશાસનને સમજવું. કહ્યું કે આત્મા જૈનસ્વરૂપ છે, જિનસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ આત્મા. અનાદિ-અનંત એનો સ્વભાવ જ વીતરાગસ્વરૂપ છે. તો વીતરાગસ્વરૂપને દૃષ્ટિમાં લઈને એને જ્ઞેય બનાવ્યું. તો પર્યાયમાં ભાવશ્રુત થયું અને દર્શન સમ્યક્ થયું એનું નામ જૈનશાસન. જેઠાભાઈ! ભારે વાતું. ક્યાંય અહીં બહારથી પત્તો ખાય એવું ન મળે. સમજાણું કાંઈ? કહે છે, વાણી સામું ધ્યાન રાખે તોપણ સમજાય એવું નથી એમ કહે છે અહીં તો. આહા..હા..!

મુમુક્ષુ :- ભાવશ્રુત..

ઉત્તર :- ભાવશ્રુતજ્ઞાન કહે છેને. જે જ્ઞાનનો ઉપયોગ દ્રવ્યને પકડીને આનંદનું વેદન કરે તે ભાવશ્રુતજ્ઞાન. આહા..હા..! શું કહે છે?

મુમુક્ષુ :- એ સાબિત...

ઉત્તર :- સાબિતી છેને, એ મહોરછાપ છે. આનંદના વેદનની અનુભવમાં મહોરછાપ છે. આહા..હા..! અહીં તો જ્ઞેયથી વાત કરવી છેને. તો જ્ઞાન થયું તો એમાં અનંતગુણની પર્યાય થઈ. ભાવશ્રુતજ્ઞાન જ્યાં થયું સમ્યગ્જ્ઞાન. પોતાના શુદ્ધ ઉપયોગથી આત્માને પકડ્યો તો એમાં અનંતગુણની પર્યાય વ્યક્ત અંશરૂપે સર્વ ગુણની પર્યાય વેદનમાં આવી ગઈ. સમજાણું કાંઈ?

કહે છે કે કર્મનો સંબંધ... હવે અહીં ગોમ્મટશારમાં કેટલા લખાણ? આટલી પ્રકૃતિ, આટલા ઉદય, આટલી સત્તા, આટલું સંક્રમણ, આટલું વિષ.. શું કહેવાય? ..સંયોગ. કર્મના દશ-દશ બોલ આવે છેને ગોમ્મટશારમાં? દશ પ્રશ્ન આવે છેને એ? બંધકર્મ, ..કર્મ આવે છેને? આહા..હા..! અહીં તો કહે છે કે છે જ નહિ સાંભળને. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ જ માર્ગ છે. ભગવાન કહે છે કે ભાઈ! .. એ અહીં જ્ઞેયપ્રજ્ઞાપન છેને. તો આત્માનું જ્ઞેય એવું છે. બીજી રીતે આત્માને માને રાગસહિત, કર્મસહિત, એ આત્મા એણે જાણ્યો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન છે જ નહિ. રાગસહિત અને સંસારસહિત. સંસાર એટલે ઉદયભાવ. કર્મસહિત એવી માન્યતા છે દ્રવ્યની દૃષ્ટિને છોડીને. એ દૃષ્ટિ થાય પછી થોડો સંબંધ છે એનું જ્ઞાન કરે. એ તો જ્ઞાન આવી જાય છે. એણે નવું જ્ઞાન કરવું પડતું નથી. અબદ્ધસ્પૃષ્ટ ભગવાન આત્મા છે એવું જ્ઞાન થયું... એમાં ઘણા પ્રશ્નો ઉઠ્યા હતા દશની સાલમાં. એ જુગલકિશોર હતાને. દિલ્હી. મુખત્યાર એણે ઘણો વિરોધ કર્યો હતો. કે પંદરમી ગાથામાં તો ત્રણ બોલ આવ્યા અને પાંચ બોલ ક્યાંથી કાઢ્યું? અને બધા બદ્ધસ્પૃષ્ટ ક્યાં ગયા? બદ્ધસ્પૃષ્ટ ગયા બદ્ધસ્પૃષ્ટમાં. ઘણું લખાણ કર્યું હતું. ઘણું લખાણ કર્યું. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ઘણું લખ્યું છે. દશની સાલમાં. એ પહેલું આવ્યું હતું લખાણ અમે લાઠી હતાને ત્યાં આવ્યું હતું. બે દિ' લાઠી રહ્યા હતા ત્યાં. એ કંસારાના મકાનમાં. કંસારાનું મકાન

છેને? જમનાદાસની સામે. બધું લખાણ આવ્યું છે એમાં. .. આ ઠીક માળે. છેક સુધી રાખ્યું. મારો વિરોધ .. ૧૫મી ગાથા. જિનશાસનમાં .. કર્મનો સંબંધ છે, રાગ છે, .. છે. એ જૈનશાસન નથી? જૈનશાસન વીતરાગી પર્યાય. ભાવશ્રુતજ્ઞાન, સમ્યગ્દર્શન અને સ્વરૂપના આચરણરૂપી સ્થિરતા એ ત્રણેને જૈનશાસન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्ण भविसेसं**।' ગુણભેદ પણ નથી. ગુણીનો ગુણ આ છે એવો ભેદ પણ નથી. આત્માને એવો જોવો એ જ્ઞેય યથાર્થ છે. અને કર્મના સંબંધે એમાં જે હરખ-શોકનો કષાયનો ભાવ ઉત્પન્ન થાય છે એનાથી રહિત છે, અસંયુક્ત છે, અસંયુક્ત છે. સંયુક્ત છે નહિ. આ જુઓને ઓલી આવી લ્યો એ ૧૪મી ગાથા ભાઈ પુરુષાર્થસિદ્ધિ ઉપાય. અસમાહિત એ શબ્દો ફેરવ્યા છે. અહીં અસંયુક્ત, અસંપૃક્ત છે, અબદ્ધ છે, અસમાહિત છે બધું એક જ છે. અહીં જુઓ પાઠમાં એમ કહે છે. છેને? '**यस्येति द्रव्यकर्मासंपृक्तत्वस्य**।' એમ. પહેલું પૌદ્‌ગલિક કર્મ આદાન કેમકે '**द्रव्यकर्मासंपृक्तत्वस्य**' આહા..હા..! અસંયુક્ત કહો, અસંપૃક્ત કહો, અબદ્ધ કહો, અસમાહિત કહો. સમજાણું કાંઈ? એ બધા અમૃતચંદ્રાચાર્યના શબ્દો છે. એ ત્યાં અસમાહિત અબદ્ધસ્પૃષ્ટ કહ્યું. અમૃતચંદ્રાચાર્યમાં અબદ્ધસ્પૃષ્ટ મૂળ શ્લોકમાં છે. આહા..હા..! બધી વાત ઉડી જાય છે. વિશેષમાં આવી ગયું જૈનસાસન? એનો .. આ બધું પર્યાયની લીનતા અને રાગ અને કર્મ... કેટલા કર્મની વાતું જૈનશાસનમાં જ હોય, બીજે ક્યાંય હોય નહિ.

મુમુક્ષુ :-...

ઉત્તર :- એ પણ જૈનશાસનનો અર્થ? એ કર્મ સંબંધીનું જ્ઞાન પોતામાં આવ્યું બસ. એ પોતાનું જ્ઞાન છે. કર્મ નહિ, વ્યવહાર નહિ, પ્રકૃતિ, ફ્કૃતિ, સત્તા એમાં છે નહિ. સમ્યગ્દર્શનનો વિષય અબદ્ધસ્પૃષ્ટ આત્મા છે. સમજાણું? આ તો મૂળ પહેલી વાત છે.

જુઓ, '**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...**' પૌદ્‌ગલિક કર્મનો સંબંધ પણ નથી એમ કહે છે. ગ્રહણ નથી તો સંબંધ નથી. કારણ કે ગ્રહણ કર્યું નથી તો ક્યાંથી હોય? '**તે અલિંગગ્રહણ છે;...**' આહા..હા..! કર્મના સંપ્રત સંબંધથી રહિત જીવ-આત્માને જોવો, એ આત્માનું સ્વરૂપ એવું જ છે. એવું પ્રતીત અને અનુભવમાં લેવું એનું નામ આત્માનું યથાર્થપણે જ્ઞેયનું જ્ઞાન કહેવામાં આવે છે. એનાથી વિપરીત કંઈ પણ બીજું કહે તો વિપરીત થઈ જશે. સમજાણું કાંઈ? પણ આ બધું આટલું સંબંધ! ઓહો..હો..! ૧૪૮ પ્રકૃતિ. એક-એક પ્રકૃતિમાં અનંત-અનંત પરમાણુનો એક સ્કંધ એવા અનંતા સ્કંધ. અને એમાં રસ પડે, સ્વભાવ પડે, સ્થિતિ પડે, પરમાણુની સંખ્યા હોય. પ્રદેશ, સ્વભાવ, સ્થિતિ અને રસ. ચાર હોય. અહીં તો તત્ત્વાર્થસૂત્રમાં તો વિપાક તે અનુભવ છે. લ્યો આવે છે કે નહિ? તત્ત્વાર્થસૂત્રમાં આવે છે કે નહિ? કર્મના વિપાકનો અનુભવ જીવ કરે. અહીં તો કહે છે. અરે..! ભગવાન! જુઓ

તો ખરા. એ પછી. એના પછી લેશે. ૧૨મા બોલમાં લેશે. ભોક્તા નથી. એક પછી એક વાત ક્રમસર તત્ત્વદષ્ટિનો વિષય આખો ૨૦મો બોલમાં સમાડી દીધો. ઓહો..હો..! સમજાણું કાંઈ? ૨૦ બોલ આવે છેને ગોમ્મટશારમાં નહિ? ગોમ્મટશારમાં ૨૦ બોલ નહિ ઉપયોગના? બોલ આવે છે. ૨૦ પ્રરૂપણા એ વ્યવહારથી છે. અહીં ૨૦ નિશ્ચયથી છે. ૨૦ પ્રરૂપણા આવે છેને? ગોમ્મટશારમાં આવે છે. એ બધી વ્યવહારની વાત છે. સમજાણું કાંઈ? આ નિશ્ચયના ૨૦ બોલ છે. આહા..હા..! બહુ જ ટૂંકામાં, બહુ જ સંક્ષેપમાં આખો સાર જૈનશાસનનો.

'**પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેમાં જેને નથી...**' આ કર્મગ્રહણમાં નિમિત્ત થાય છેને? એ તો યોગ નથી. પણ યોગ જ આત્મામાં નથી પછી પ્રશ્ન શું? એ તો કહે છે. આહા..હા..! યોગ અને કષાય તો મલિનભાવ છે, વિકૃતભાવ છે, વિકૃત વિનાનો આત્માનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું તો છે, ભાઈ! પણ તત્ત્વ તો આ જ છે. અંતર આત્મા એવા બદ્ધસ્પૃષ્ટરહિત અવલોકનમાં આવે ત્યારે એ જ્ઞેય આત્મા જેવો છે એવું એમાં જ્ઞાનમાં જ્ઞેય બનાવ્યું. એનાથી વિરોધ કાંઈપણ કરે એ મિથ્યાદર્શન છે. સમજાણું કાંઈ?

આખા ગોમ્મટશારમાં કર્મની સ્થિતિ, આમ ને તેમ. બધું ઉડાડી દીધું. જુઓ આ જ્ઞાન, આત્મા અબદ્ધસ્પૃષ્ટનું ભાન થયું તો એ જ્ઞાનની પર્યાય એવી સ્વપરપ્રકાશક જાગી છે કે એમાં જરી સંબંધ છે એનું જ્ઞાન, એ સંબંધી જ્ઞાન પોતાનું પોતામાં થયું છે. ફતેહચંદજી! હવે આવા ને આવા. આ સમજ્યા ન હોયને પછી બીજે જાય. જાવ પ્રતિષ્ઠા કરો, તમને ધર્મ થશે. એ તો છે. વાત ચાલે બધી. પદ્ધતિ છે બધી. .. છેને દિલ્હી? ત્યાં પહેલે દિવસે આવ્યા હતા પંડિત બોલવા. પણ એ ભીંડવાળા પંડિત બોલતા હતા, શિખરચંદજી. એ ત્યાં હોય છેને. કેવા? રઘુવિરસિંહ એની પાસે હતું. મંદિર, પ્રતિમા. તો ત્યાં પહેલા અમારું નામ લખી નાખ્યું હતું. કે આપણે અહીંયાં મહોત્સવ થાય છે. પણ કાનજીસ્વામી અહીં આવે છે તો આપણે તો .. નિહાલ થઈ ગયા એમ લખ્યું હતું. અમે તો કાંઈ કહ્યું નહોતું. પણ એણે લખી નાખ્યું. હું ગયો તો પછી (કહ્યું કે) વખત મળશે નહિ. ત્યાં ગયા હતા. શિખરચંદજી... એમ કરતા હતા. વિદ્યાનંદજી ઉભા હતા. વિદ્યાનંદજી નહિ? અને જિનેન્દ્રવર્ણી પાણિપતવાળા. અમે ગયા. સાંભળ્યું, પણ કાંઈ ઠેકાણા ન મળે. શું વ્યવહાર અને શું ..? એ તો અહીંયાના વિરોધમાં છેને? એ તો કાલે કહ્યુંને? એ .. તો બોલ થઈ ગયાને. આહા..હા..!

અરે..! ભગવાન! શું કરે? શું કરે છે તું? એની ખબર પણ નથી. ત્યાં એ વખતે તો માણસ બધા બેઠા હતા અને .. અને જિનેન્દ્રવર્ણી હતા, સમજાણું કાંઈ? વિદ્યાનંદજી હતા. કાનજીસ્વામીને પાંચ મિનિટ અમારે સાંભળવા છે. પાછા બેઠા. .. ગયા હતા. જિનેન્દ્રવર્ણી તો અહીં ચાર મહિના રહી ગયા. એ તો બિચારા ઉભા થઈને પગે લાગ્યા જિનેન્દ્રવર્ણી. અને પછી પા કલાક બોલ્યા હતા. એમાં વિદ્યાનંદજી તો (બોલ્યા કે) સ્વસમય ૧૪મા ગુણસ્થાન

સુધી નથી. સ્વસમય સિદ્ધમાં છે. ત્યાં સુધી સ્પષ્ટ નથી કર્યું. હવે આવી વાત કરી દીધી. અરે..! ભગવાન! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે કર્મનો સંબંધ બિલકુલ નથી એવા આત્માને જાણવો એ સ્વસમય છે. અહીંથી સ્વસમય છે. સમજાણું કાંઈ? એમ કહ્યું કે શું કરે પણ દુનિયા એવી.. પછી વ્યાખ્યાનમાં પણ એમ કહ્યું. સિદ્ધમાં સ્વસમય છે, ચૌદમા ગુણસ્થાન સુધી પરસમય છે. મેં જિનેન્દ્રવર્ણીને કહ્યું કે આ શું કહો છો તમે? કોઈ અપેક્ષાએ કહીએ છીએ. લ્યો કોઈ અપેક્ષાએ! અરે..! ભગવાન! શું કહ્યું? એ .. કહે છે અને ભાઈ કેવા? કૈલાસચંદજી હતા. સુંદર વ્યાખ્યાન. બસ, એણે વખાણ કર્યા. હવે એવી ચીજની ખબર નથી. અહીં તો કહે છે કે ચોથા ગુણસ્થાને સ્વસમય આત્મા થાય છે. આ જ્ઞેય આત્મા. સ્વસમય નામ આત્મા અબદ્ધસ્પૃષ્ટ એવું દૃષ્ટિમાં આવ્યું, એના જ્ઞાનને અહીંયાં એ આત્માને સ્વસમય કહેવામાં આવે છે. આહા..હા..! અરે..! શું થાય? લોકોને આ વાત એવી લાગે કે જાણે કે આવી વાત તો ભાઈ તેરમે છે, ચૌદમે છે, આવી આઠમે છે. ભાઈ! અહીં તો હજી પહેલા એકડામાં આ છે.

મુમુક્ષુ :- .. બધું સિદ્ધમાં છે.

ઉત્તર :- સિદ્ધમાં જ છેને. કીધુંને. સિદ્ધમાં કહ્યું. એક આવે છે ખરું. કહ્યું હતું ત્યાં. રયણસારમાં. અંતર આત્મા અને બહિર્ આત્માને પરસમય કહ્યો છે. એ તો પૂર્ણ નથી. ૧૩મે કેવળજ્ઞાનમાં તો પૂર્ણ શુદ્ધ થઈ જાય છે એમ. જેમ પંચાસ્તિકાયમાં જ્ઞાનચેતના કેવળજ્ઞાનીને જ કહી. નીચે નથી કહ્યું. એથી કાંઈ નીચે નથી? એમ ત્યાં રયણસારમાં તેરમે ગુણસ્થાનમાં સ્વસમય કહ્યો છે. સમજાણું? તેરમે. પૂર્ણ થઈ ગયાને એટલે. જરા થોડું બાકી છે એટલે એને પરસમયમાં નાખ્યો છે બારમા ગુણસ્થાન સુધી.

અહીં તો કહે છે કે એ તો જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? અહીં તો એકલું સ્વસમય એ બદ્ધસ્પૃષ્ટથી રહિત જોવું એનું નામ સ્વસમય છે. આહા..હા..! પછી જ્ઞાન થયું એમાં બાકી છે થોડી અશુદ્ધતા, તે અપૂર્ણતા જ્ઞાન, દર્શન.. એ જાણે છે કે બસ એટલું છે. આહા..હા..! અરે..! ક્યાં આખું તત્ત્વ દૃષ્ટિમાં એટલો મોટો ફેર પડી ગયો.

મુમુક્ષુ :- એટલે તો તમને .. જાય છે કોઈ..

ઉત્તર :- એટલે ભૂલ થાય છે કે સમજણની કચાશ માટે ભૂલ થાય છે? એ ચર્ચા થઈ હતી ત્યાં આપણે કોટા-કોટા, જુગલકિશોર. એને કહ્યું. જુગલકિશોર કહે, ભાઈ! સ્વસમય થાય છે ચોથેથી. છઠ્ઠે વિશેષ થાય છે. ત્યાંથી.. ત્રીજી ગાથામાં લીધુંને? '**जीवो चरित्तदंसणणाणठिदो**' એ તો સુરસાગર સાથે બહુ ચર્ચા ચાલી, પણ ન માન્યા. આ રતનચંદજી ભેગા હતાને ત્યાં. પછી છોડી દીધું. જુગલકિશોરે ચાર દિ' ચર્ચા કરી. આ ચર્ચાનો વિષય નથી. આ તો ભગવાન આત્મા પરમાત્માનું સ્વરૂપ જ એનો દ્રવ્યસ્વભાવ છે. એવો

પરમસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ એને અંતરમાં જ્ઞાનની પર્યાયથી, શુદ્ધભાવથી લક્ષમાં લેવું એનું નામ જ સ્વસમય, અબદ્ધસ્પૃષ્ટ, કર્મના સંબંધ રહિત અને જૈનશાસન કહેવામાં આવે છે. જૈનશાસન ચોથેથી છે. એ તો મુનિની વાત કરી તો છઠ્ઠેથી વાત કરે છે. સમજાણું કાંઈ? જૈનશાસન છે ચોથેથી. એ જૈનશાસન શું બારમે, તેરમેથી છે? એ તો કેવળજ્ઞાન પૂર્ણ થઈ ગયું. સમજાણું કાંઈ? કેટલી વાત કરે છે જુઓ અમૃતચંદ્રાચાર્ય. આહા..હા..!

**'તે અલિંગગ્રહણ છે;...'** છેને? તે. જેમાં પુદ્‌ગલનું ગ્રહવું નથી એવો જે આત્મા એનું નામ અલિંગગ્રહણ આત્માને કહેવામાં આવે છે. **'આ રીતે આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત (અસંબદ્ધ) છે...'** લ્યો, અસંયુક્તનો અર્થ કર્યો અમારે પંડિતજીએ કે અસંબંધ છે. દ્રવ્યકર્મથી આત્માનો સંબંધ છે જ નહિ એને આત્મા કહે છે. આહા..હા..! ચૈતન્ય દ્રવ્યસ્વભાવ, મુક્તસ્વભાવ, એ તો મુક્તસ્વભાવ છે. મુક્તસ્વભાવનો ભાવબંધ નથી અને દ્રવ્યબંધનું નિમિત્ત પણ એમાં છે નહિ. આહા..હા..! અબદ્ધ કહો કે મુક્તસ્વભાવ કહો. વસ્તુ હોં વસ્તુ. પરમાનંદની મૂર્તિ ધ્રુવ અખંડ આનંદનો રસકંદ આત્મા એ મુક્તસ્વરૂપ જ છે. એ અબદ્ધસ્પૃષ્ટ છે નહિ. અબદ્ધસ્પૃષ્ટ તો અહીંથી રહિત કહેવા માટે અબદ્ધસ્પૃષ્ટ કહ્યું છે. અબદ્ધ છે એનો અર્થ મુક્ત છે. સમજાણું કાંઈ? કહો, વજુભાઈ!

**'આ રીતે આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત (અસંબદ્ધ) નથી...'** આ બધા કહે છે કે આટલા-આટલા દ્રવ્યકર્મ છે, સત્તા છે અને કર્મની ચોથે ગુણસ્થાને આટલી સત્તા, પાંચમે આટલો ઉદય. ચૌદમા ગુણસ્થાન સુધી ચાર કર્મનો ઉદય હોય. ત્યાં સુધી અસિદ્ધભાવ છે, ઉદયભાવ ત્યાં સુધી છે. અહીં કહે છે કે ના, ના, ઉદયભાવ આત્મામાં છે જ નહિ. પરમપારિણામિક સ્વભાવભાવ દૃષ્ટિમાં લેતા એ ભાવ એમાં છે નહિ. એ તો થોડું જ્ઞાન કરાવવા એ પર્યાયમાં બતાવ્યું છે. સમજાણું કાંઈ? લ્યો!

મુમુક્ષુ :- પર્યાયમાં ભેદ તો બતાવ્યો છે.

ઉત્તર :- છેને. બતાવ્યો છે, પણ એ વસ્તુદૃષ્ટિમાં અને વસ્તુમાં નથી. વસ્તુદૃષ્ટિના વિષયમાં અને વસ્તુમાં નથી. જ્ઞાન એનું કરાવે છે. પર્યાયમાં અસિદ્ધ(પણું) ચૌદમાં સુધી છે એ પર્યાય. અને એ પર્યાયનું જ્ઞાન કરાવ્યું. એ જ્ઞાન નવું નથી કરવું. અહીંયાં પોતાના અબદ્ધસ્પૃષ્ટનું જ્ઞાન થયું તો એ જ્ઞાનની પર્યાયમાં એવી પર્યાય ઉત્પન્ન થાય છે કે એને પણ જાણે અને બાકી છે એને પણ જાણે, બસ. સમજાણું કાંઈ? આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે હોં અલિંગગ્રહણમાં. કેમકે આત્મા આવો જ્ઞેય છે. તો એવો આત્મા જ્ઞાન-પ્રતીત-અનુભવમાં આવવો એનું નામ અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, એ અગિયાર બોલ થયો.

બારમો. **'જેને લિંગો દ્વારા...'** જેને લિંગો દ્વારા **'એટલે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી...'** ભોક્તા લે છે. એ રાગનો કર્તા છોડી દીધો તો કર્મનું ગ્રહણ નથી શુદ્ધોપયોગમાં. સમજાણું કાંઈ? હવે આત્મા વસ્તુ એને કહીએ કે રાગ

ઇન્દ્રિયોના વિષયને ભોગવે એ આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્મા નથી. આત્મા ભોક્તા જ નથી. પરનો ભોક્તા આત્મામાં છે જ નહિ. પોતાના આનંદનો ભોક્તા એ આત્મા છે. સમજાણું કાંઈ? પુદ્ગલ સ્વભાવ થઈ ગયો એ. રાગનો અનુભવ, વિષયોનો અનુભવ એ પુદ્ગલ સ્વભાવ છે. આત્માનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? સત્યાર્થમાં તો એક જ વાતની મુખ્યતા રહે છેને? એ વાતને ગૌણ કરીને 'નથી' એમ કહી દીધું. વ્યવહારનયનો વિષય જ છે (એને) ગૌણ કરીને, અભૂતાર્થ કહીને એમાં છે નહિ એમ કહ્યું છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- .. પર્યાય.

ઉત્તર :- કોઈની નહિ. આત્માની નથી, એ તો જડની છે. એવી વાત છે. વ્યવહારનયના વિષયને, વિષયને જડ જ કહે છે. આહા..હા..! રાગ વિકલ્પ.. તો અહીં તો આખો ઉદયભાવ એ આત્મામાં છે નહિ. ઝીણી વાત છે, ભાઈ! નિશ્ચય નામ સત્ય અને વ્યવહારના ઉપચારથી કથન હોય, એને જાણવું ખરું નિમિત્તાધિન. પણ એ ચીજ નથી. ભગવાન આત્મા... ગતિના જીવને તો વ્યવહારજીવ કહે છે. ગતિવાળા જીવને વ્યવહારજીવ કહે છે.

મુમુક્ષુ :- સાચો જીવ નથી એ?

ઉત્તર :- નથી. જયસેનાચાર્યની ટીકામાં છે ભાઈ! જયસેનાચાર્યની ટીકામાં. વ્યવહારનયથી જે ગતિ આદિ છે એ તો વ્યવહારનયનો જીવ છે. નિશ્ચયનયનો સત્ જીવ છે? અસત્ જીવ, જૂઠો જીવ છે. જીવમાં પણ જૂઠું અને જીવમાં પણ સાચું.

મુમુક્ષુ :- .. તો જૂઠો જ કહેવાયને.

ઉત્તર :- એ તો ૧૧મી ગાથામાં પણ આવ્યું. એની વાત છે. '**ववहारोऽभूदत्थो**' વ્યવહાર જેટલી પર્યાય છે એ જૂઠી છે. .. નહિ એમાં. કળશટીકામાં. કળશટીકામાં રાજમલજી બહુ લે છે. જૂઠો... જૂઠો... ફુલચંદજી પછી કહે, અરે..! આ જૂઠું-જૂઠું શું કરે છે? જૂઠું નામ સત્યની અપેક્ષાએ જૂઠું. સમજાણું કાંઈ? ત્રિકાળ જ્ઞાયક ભગવાન અબદ્ધસ્પૃષ્ટ છે અને રાગાદિનો, પંચેન્દ્રિયનો વિષય સંબંધીનો ભોક્તા આત્મા છે જ નહિ. કેમકે ભોગવવું એ તો રાગ છે. અથવા દુઃખ છે. સમજાણું? તો શું દુઃખ એનો સ્વભાવ છે તે ભોગવે? શોભાલાલજી! આ આત્મા એવો છે બહુ આકરો. આહા..હા..!

સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદની મૂર્તિ. અહીંયાં તો પાંચ ઇન્દ્રિયનો ભોક્તા નથી એમ કહ્યું નાસ્તિથી. અસ્તિથી કહો તો એ અતીન્દ્રિય સ્વરૂપ છે તો અતીન્દ્રિય આનંદનો ભોક્તા તે આત્મા છે. સમજાણું કાંઈ? આહા..હા..! દ્રવ્ય અતીન્દ્રિય, ગુણ અતીન્દ્રિય અને પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું, શાંતિનું, વીતરાગ પર્યાયનું વેદન એ આત્માની પર્યાય છે. સમજાણું કાંઈ? એ તો આસ્રવતત્ત્વમાં ગયું. ભોક્તાની પર્યાય તો આસ્રવતત્ત્વમાં ગઈ.

મુમુક્ષુ :- ક્ષાયિકભાવ તો સ્વતત્ત્વ છેને.

ઉત્તર :- ક્ષાયિક પર્યાય પણ ત્રિકાળીતત્ત્વ નથી. ક્ષાયિક પર્યાય પણ.. એ આત્મા તો વ્યવહારનયથી કહ્યું. દ્રવ્યદૃષ્ટિથી છે નહિ. કહ્યુંને. તત્ત્વાર્થસૂત્રમાં ઉદયભાવ જીવતત્ત્વ કહ્યો. તત્ત્વાર્થસૂત્રમાં. ઉદયભાવ, પાંચેય ભાવને જીવતત્ત્વ કહ્યો. એ વ્યવહારનયથી. અહીં તો એકલો જીવતત્ત્વ પરમપારિણામિક સ્વભાવભાવની દૃષ્ટિ કરવાથી એકલા પરમપારિણામિક સ્વભાવનો અનુભવ એ આત્મા. સમજાણું કાંઈ? રાગનું વેદન એ તો દુઃખરૂપ, આસ્રવ, ભાવબંધરૂપ ભાવ, ભાવબંધરૂપ એ ભાવ છે. એ અબંધસ્વભાવી ભગવાન. એ કહ્યું પછી તો આ કહ્યું. અસંયુક્ત કહ્યુંને પહેલા ૧૧મીમાં? તો પછી આ કહ્યું. કે જ્યાં કર્મનો સંબંધ અને કર્મનું ગ્રહણ છે નહિ એવો આત્મા. એ પછી ઉદયભાવ એમાં નથી એવો આત્મા. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? એય..! અમુલખચંદજી! ભારે વાત!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે જ નહિ નિશ્ચયમાં. નિશ્ચયમાં વ્યવહારનું અસ્તિત્વ છે નહિ, વ્યવહારનું અસ્તિત્વ વ્યવહારમાં રહ્યું. બે અસ્તિત્વ થઈ જાય તો બે એક થઈ જાય. સમજાણું કાંઈ? ભાઈનો તો પ્રશ્ન છે ત્યાં. ક્ષાયિકભાવ? ક્ષાયિકભાવ પર્યાય છે. એ વ્યવહારનયનો વિષય છે.

મુમુક્ષુ :- સમ્યક્ તત્ત્વજ્ઞાનનો વિષય છે એ.

ઉત્તર :- સમ્યગ્જ્ઞાન એ નહિ. ભાવશ્રુતજ્ઞાન પર્યાય એ વ્યવહારનો વિષય છે. અરે..! આહા..હા..! કેવળજ્ઞાન વ્યવહારનયનો વિષય છે. અંશ છેને? કેવળજ્ઞાન અંશ છેને? અંશી ક્યાં છે? અંશ છે એ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? પર્યાય અંશ છે, વસ્તુ અંશી છે. આહા..હા..! વીરજીભાઈ કહેતા હતા એકવાર કેવળજ્ઞાનને જ્યાં ઠરાવ્યું છે. વ્યવહારનો વિષય નહિ ત્યાં .. ઉઠે છે એમ કહેતા. વીરજીભાઈ હતાને વીરજીભાઈ? .. ૯૨ વર્ષ. ગુજરી ગયા. એને વાંચન ઘણું. કાઠિયાવાડમાં દિગંબરનું વાંચન પહેલું એને—વીરજીભાઈને. બુદ્ધિ સાધારણ એટલે બહુ આગળ વધી ગયેલા નહિ, પણ વાંચન ઘણું. કહો, સમજાય છે કાંઈ? એ કહેતા હતા પહેલા એકવાર. આમ જ્યાં ... કેવળજ્ઞાન વ્યવહાર. અરે..! કોને ...? અંશ છે, વ્યવહાર છે. દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્યાર્થિક ભૂતાર્થનયની અપેક્ષાએ એ અભૂતાર્થ છે. અરે..! એવી વાત છે, ભાઈ! વસ્તુ ભૂતાર્થ ત્રિકાળ આનંદકંદની અપેક્ષાએ જૂઠી છે. એની અપેક્ષા હોય, પણ ત્રિકાળીની અપેક્ષાએ અસત્યાર્થ કહો, અભૂતાર્થ કહો, અસત્ય કહો કે અભૂત કહો. ગજબ વાત છે, બાપુ! જૈનશાસનનો નિશ્ચય-વ્યવહાર સમજવો એ આખું માખણ છે વીતરાગનું. સમજાણું કાંઈ? વસ્તુ એવી છે. એ કોઈ કલ્પનાનો વિષય નથી.

અહીંયાં કહે છે કે '**લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ...**' નથી. ગ્રહણ નથીનો અર્થ? ઇન્દ્રિયો વડે વિષય ભોગવતો જ નથી. અતીન્દ્રિય સ્વરૂપ ઇન્દ્રિય વડે ક્યાંથી ભોગવે? આહા..હા..! સમજાણું કાંઈ? ખંડ ઇન્દ્રિયને દ્રવ્ય અડતું નથી. આ જડની ઇન્દ્રિયનું તો શું કહેવું? ભાવેન્દ્રિય છેને ખંડ-ખંડ? એ દ્રવ્ય વસ્તુ અને દ્રવ્યદૃષ્ટિ એને અડતી જ નથી.

આહા..હા..! કોઈને એમ લાગે કે આ તે વિષય ઝીણો છે. આહા..હા..! સમકિતીને છન્નું હજાર સ્ત્રી હોય, છ ખંડના રાજ હોય તો ભોગવે છે કેટલું? તમે જોયું ભોગવવાનું એનું? ૩૬૦ તો રસોયા હોય મોટા, અમલદાર હોં. રસોયા રાંધનારા નહિ. રાંધનારા રસોયા જુદા. .. એટલે મોટા શું કહેવાય ઈ? મોટા છે એટલે ફક્ત ૩૬૦ દિ'માં એક દિવસ રસોઈ કઈ કરવી એવો બાર મહિના એનો વિચાર કરીને સંગ્રહ કરે. ત્યારે એ અમલદાર એક દિવસ રસોયાને હુકમ કરે કે આજે આવી રસોઈ બનાવવી. બાર મહિના સુધી હેડમાસ્તર મોટો. કહો, પોપટભાઈ!

મુમુક્ષુ :- અહીંની રિદ્ધિ-સિદ્ધિ તો બધી પાણીમાં વઈ ગઈ.

ઉત્તર :- ધૂળમાંય ગઈ નહિ. ક્યાં હતી એની આત્મામાં? સમજાણું કાંઈ? જેના ૩૨ કવળનો એક કવળ છન્નું કરોડ પાયદળ પચવી શકે નહિ. એક કવળ જેને છન્નું કરોડ પાયદળ પચવી શકે નહિ. કહે છે કે એ કવળ ખાતા નથી અને કવળનો અનુભવ કરતા નથી.

મુમુક્ષુ :- .. ખાધું અને પાછું...

ઉત્તર :- એવી વાત છે. ન કહ્યું? હિન્દીમાં નથી આવ્યું? શું ભાષા છે?

મુમુક્ષુ :- એકકોર કહે કે ભોક્તા નથી અને એકકોર કહે કે...

ઉત્તર :- એકકોર એમ કહ્યું કે એના જે છેને મોટા અમલદાર. ૩૬૦ દિવસમાં... એક એનો મોટો અમલદાર છે તે ૩૬૦ દિવસ બધી રસોઈની તૈયારી કરવામાં ધ્યાન રાખે. કે ... હજાર ગાયનું દૂધ સો ગાયને પાવું અને ગાય કેવી? ગાય કેવી? કે જે શેરડી. શેરડી છેને શેરડી? એ શેરડી ખાય હજાર ગાય. અને હજાર ગાયમાંથી જે દૂધ આવે એ સો ગાયને પાય. અને સો ગાયનું દશ ગાયને પાય અને દશ ગાયનું દૂધ આવે એની ખીર બનાવે. અહીં તો પાણી જેવા દૂધ.

મુમુક્ષુ :- પાણી ઝાઝું અને દૂધ થોડું.

ઉત્તર :- હા, એવું દૂધ અને એમાં સાકર. એમાં સોનાની ભસ્મ, હીરાની ભસ્મ. કરોડો, અબજોનો એક હીરો હોય એની ભસ્મ કરીને ખીરમાં નાખે. સમજાણું કાંઈ? એવી બનાવવાની ભાવના ૩૬૦ દિવસ... એમ કહે છે અહીંયાં. ફતેહચંદજી! આ તો થોડી-થોડી વાત કરીએ છીએ હોં. શાસ્ત્રમાં તો બહુ આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ... નહિ... નહિ... એ તો વાત કરે છે. એ વાસુદેવનું સાંભળ્યું નથી? વાસુદેવનું સાંભળ્યું નથી? સિંહકેસરિયા લાડુ. એ પ્રહલાદને? પ્રદ્યુમન. પ્રહલાદ તો અન્યમતિમાં હોય છે. પ્રદ્યુમન ગયા ક્ષુલ્લક.. શરીર જીર્ણ. સમજાણું? માતા જ્યાં ખાવા બેઠી. સિંહકેસરીના લાડુ.. કોઈ ખાઈ શકે નહિ. નાખ્યા તો ખાઈ ગયા. આ શું? શરીર જીર્ણ, ક્ષુલ્લક વેશ છે. આ કોણ? આ અમારા કૃષ્ણ-વાસુદેવના સિંહકેસરિયા લાડુ ખલાસ થઈ ગયા એમાંથી ...

કબાટમાં હતા એ ખલાસ કરી નાખ્યા. આ કોણ છે? વેશ પલટ્યો. પછી માતા! હું પ્રદ્યુમન છું. પ્રદ્યુમન હું છું, માતા! હું એવી પરીક્ષા કરવા માટે આવ્યો. .. આવ્યા હતા પહેલા. માતા! .. સોળ વર્ષે આવ્યાને સોળ વર્ષે? પણ કહે છે કે એ સિંહકેસરિયા લાડુ સમકિતી ખાતા જ નથી. એ તો જડ છે.

મુમુક્ષુ :- પણ મિથ્યાદૃષ્ટિ તો ખાયને?

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ ખાઈ શકતો નથી. મિથ્યાદૃષ્ટિ એ સમયનો રાગ કરે છે તો રાગને ખાય છે. જ્ઞાની રાગને ખાતા નથી અને અનુભવ કરતા નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ? સિંહકેસરિયા શું? મિથ્યાદૃષ્ટિ હતો એ બ્રહ્મદત્ત ચક્રવર્તી. એને પણ આહાર તો એવો હતો. એ તો જડ છે. જડને આત્મા ખાય છે? જડને અડે છે? અડતો નથી તો ખાય ક્યાંથી? એના તરફ લક્ષ કરીને પ્રીતિ-પ્રેમના રાગને ખાય છે. એ આત્મા નથી, અણાત્મા છે. આહા..હા..! એ રાગનો અનુભવ કરે એ આત્મા નથી. આહા..હા..! ગજબ વાત કેટલી! વાત કેટલી કરે છે. એ સમ્યગ્દૃષ્ટિ નથી એમ કહે છે. એય..! ભારે વાત ભાઈ! રાગનું વેદન કરે એ સમ્યગ્દૃષ્ટિ નથી. કેમકે સમ્યગ્દૃષ્ટિનો આત્મા દ્રવ્યસ્વભાવ છે એના ઉપર દૃષ્ટિ છે. અને એને તો દ્રવ્યસ્વભાવના જ્ઞાનનું આનંદનું વેદન છે. એ રાગનું વેદન જ્ઞાનીને છે નહિ. આહા..હા..! એય..! શેઠ! એવી વાત છે. જબલપુરમાં...

મુમુક્ષુ :- જબલપુરમાં બીજો રંગ ચડી ગયો છે.

ઉત્તર :- બીજો રંગ ચડી ગયો છે. એ ત્યાં ચાલે છે. ફુલચંદજીને એ છેને. હા, હા, ... સમજે. ભગવાન! આ જ કરવાનું છે. બીજું શું? લોકોને અવલદોમ લાગેને. અરેરે..! આ શું? અધ્યાત્મદૃષ્ટિમાં એક જ અનુભવ કરે છે. બીજાનો અનુભવ છે એને જ્ઞાનનો વિષય બતાવવો હોય ત્યારે લે. સમજાણું? દ્રવ્યદૃષ્ટિનો એકલો વિષય. અને અહીં તો કહે પાંચ ઇન્દ્રિય સંબંધી ભોક્તા જ આત્મા નથી. જુઓને. સમજાણું કાંઈ? કેમકે એ તો રાગ છે. વીતરાગી આત્મા ભગવાન ચિદાનંદ અનાકુળ આનંદસ્વરૂપ એ અનુભવમાં આવ્યો, દૃષ્ટિનો વિષય અનુભવમાં આવ્યો અને જ્ઞાને એને જ્ઞેય બનાવ્યું તો પર્યાયમાં નિર્મળતા આનંદ થયો, એ આનંદનું વેદન છે સમકિતીને. આહા..હા..! કહો, શેઠ! શેઠી! આહા..! ... દીકરા શેઠીયાનું ધ્યાન રાખે બહુ. આવું ખાવું, આ પીવું, પિતાજી સાહેબ માટે આ લો ને આ લો ને સવાર ને સાંજ. મહેન્દ્રભાઈ.

મુમુક્ષુ :- હુશિયારી કામ કરેને.

ઉત્તર :- ધૂળેય હુશિયારી કામ કરે નહિ. એ હુશિયારી જ નથી. સ્થૂળ જ્ઞાન પરમાં જોડાય અને પરનું જ્ઞાન કરે માટે એ જ્ઞાન પણ નથી, એ તો અજ્ઞાન છે. સમજાણું કાંઈ? રાગ મારું કાર્ય છે એમ માને એ અજ્ઞાન છે, તો પછી આ પરના કાર્યની તો વાત જ નથી. બાપુ! માર્ગ તો એવી ચીજ છે. અંતરમાં નક્કી કરવું પડશે. જેને હિત કરવું હોય તો. બાકી

તો સંસાર ચાલે છે. હિત કરવું હોય તો. બાકી સમુદાયની સાથે .. અરે..! સમુદાય નહિ સહન કરી શકે. હવે? કે સમુદાય માનો કે ન માનો, વસ્તુનું સ્વરૂપ એવું છે. સમાજને રાજી રાખીને વીતરાગનો માર્ગ રહેશે એમ છે નહિ. ડોક્ટર! એ લખ્યું હતુંને ભાઈએ નહિ? જગમોહનલાલ એમાં લખ્યું છે જૈનતત્ત્વ મીમાંસામાં પ્રસ્તાવના. પંડિતોનું એ કામ છે કે સમાજને સમતોલ રાખવો એ નહિ. સમાજ સમતોલ રહે કે ન રહે એ પંડિતોનું કામ નથી. પંડિતોને તો વીતરાગમાર્ગ શું છે એ જોવાનું છે. માસ્તર! સમાજ કેમ સરખો રહેશે? અમને બરાબર માને, સમતોલ રહે, વિષમતા ન થાય—એવી વાત જ્ઞાની, પંડિત જોતા નથી. એ આવ્યું છે ઓલામાં. જૈનતત્ત્વ મીમાંસામાં. પુસ્તકમાં આવ્યું છેને. ... પંડિતોનું એ કામ છે. ફતેહચંદજી! આમ દુનિયાને રાજી રાખવા. આહા..હા..!

મુમુક્ષુ :- પંડિતોને પૈસા ક્યાંથી મળે?

ઉત્તર :- પંડિત પૈસાની ઈચ્છાવાળા હોતા જ નથી. એ પંડિત છે જ નહિ. વસ્તુસ્થિતિ એવી છે. એ કહે છે. લખ્યું છે. આગમનું રહસ્ય ખોલવું એ પંડિતનું કામ છે. અને રહસ્ય ખોલતા સમાજ સમતોલ રહેશે કે વિષમ થઈ જશે એ જોવાનું કામ નથી. સમાજની સાથે શું સંબંધ છે?

મુમુક્ષુ :- .. જે પૈસા મળે એ પંડિત.

ઉત્તર :- એ પંડિત. ઠીક છે. બરાબર .. કરાવે અને પંડિત દે જાવ પાંચસો રૂપિયા. એક હજાર રૂપિયા. ખુશામત. વાત સાચી છે. ખુશામત શેઠિયાઓની કરે બરાબર. આ શેઠિયાઓ હોયને. આવો શેઠિયા! તમે પ્રતિષ્ઠા બહુ સારી કરાવી, બહુ તમે આ કર્યું અને બહુ કર્યું.

મુમુક્ષુ :- ઘણો ધર્મ થયો.

ઉત્તર :- ઘણો ધર્મ ધૂળમાંય ધર્મ નથી.

મુમુક્ષુ :- વ્યવહારધર્મ તો થયો?

ઉત્તર :- નહિ... નહિ... નહિ... વ્યવહારધર્મ તો ત્યારે થાય કે નિશ્ચયનો અનુભવ થાય ત્યારે રાગ આવે એ પુણ્યધર્મને આરોપિત વ્યવહારધર્મ કહેવામાં આવે છે. એવી વાત છે, ભાઈ! દુનિયા સાથે મેળ કરશે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો આ માર્ગ છે, ભાઈ! અમે તો સંપ્રદાયમાં ભાઈ કહેતા હતા. ... એક ટૂકડો છે આચારાંગનો. આચારાંગ પહેલામાં આવેને? ઘણા સમય પહેલા કંઠસ્થ કર્યું હતું. અમારા ગુરુ... પહેલા કર્યું હતું પણ એનો અર્થ સમજતા નહોતા. અને મૂળચંદજી તો ના જ પાડતા હતા કે મને સમજાતું જ નથી એ. પહેલો ભાગ એવો કઠણ છે કે મને સમજાતું જ નથી કે શું કહે છે. હું પછી અર્થ કરતો હતો વ્યાખ્યાનમાં. ... શ્વેતાંબરનું સૂત્ર છે એ. ભગવાન એમ કહે છે કે હે ગૌતમ! મારો ધર્મને દુનિયા સાથે મેળવવો નહિ. ... લોકની

એષણા કરીને અમારા ધર્મને મેળવવો એ માર્ગ છે નહિ. અમારો લોકોત્તર માર્ગ છે. સમજાય છે? સંપ્રદાયની દૃષ્ટિ અને સમાજની દૃષ્ટિથી બીજી જાતનો છે. એવો ટૂકડો એમાં આવે છે. તો એ વખતે અમે આવો અર્થ કરતા હતા હોં. ૫૦ વર્ષ પહેલા. ... એ વખતે તો એમ માનતા હતાને કે આ ભગવાનનું સૂત્ર છે. સમજાણું કાંઈ? હજારો માણસો આમ... હે ગૌતમ! ભગવાન ક્યાં ગૌતમ કહેતા હતા? પણ એમાં આવે છેને શ્વેતાંબરમાં? એ પદ્ધતિ છેને. હે ગૌતમ! ... લોકોની સાથે એષણા ન કરવી. લોકો કેમ માને છે અને કેમ નથી માનતા- એવી તારે કલ્પના નહિ કરવી. અમારો વીતરાગમાર્ગ બીજાથી મેળ ખાશે નહિ. ફતેહચંદજી! એવો ટૂકડો પહેલા પુસ્તકમાં છે. લોકો તો એ વખતે પણ સભા ખુબ ખુશ થતી હતી. સમજ્યાને? ડોલતો હતો એ વખતે પણ સંપ્રદાય. આ વિષય તો ક્યાં હતો જ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્માને અહીંયાં સમજે એ શાસ્ત્ર .. બહાર તો ઠીક ખુશી થાય. એ લોક રંજન કરનારો... એય..! શોભાલાલજી! તારણસ્વામીમાં બહુ આવે છે. લોકરંજન કરનારો પાપી નરક અને નિગોદમાં જશે. એમ કહ્યું છે તારણસ્વામીએ. વીતરાગ માર્ગ છે આ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા. સમજાણું? એ કહે છે કે આ આત્મા. આહા..હા..! ઇન્દ્રિયનો ભોક્તા નથી. જડ ભોગવે? અરે..! સાંભળ તો ખરો, એ અજ્ઞાની રાગને ભોગવે છે એ ખરેખર તો જડ જ છે. સમજાણું કાંઈ? આત્મા પાંચ ઇન્દ્રિયના વિષયનો ભોક્તા છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧, ગુરુવાર, તા. ૨૮.૦૮.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૨, પ્રવચન-૨૪૮**

આ પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકાર ચાલે છે. અધિકાર તો નિશ્ચય સત્યનો છે. તો એમાં વ્યવહાર નથી આવતો એ કેટલાકને ખટકે છે. શું?

મુમુક્ષુ :- અમને નથી ખટકતો.

ઉત્તર :- નથી ખટકતો? પણ કોઈ કોઈ હોય. એનું કારણ છેને કે આ વસ્તુ નિશ્ચય છે અને નિશ્ચય આત્માનું જે સ્વરૂપ છે એ અબદ્ધસ્પૃષ્ટ છે એવી દૃષ્ટિ હોય તો સમ્યગ્દર્શન થાય છે. એ સિવાય સમ્યગ્દર્શન થતું નથી. પણ એને એમ નથી... અહીં ભોક્તા કહ્યુંને? કે એને એમ નથી માંસ, દારૂ ખાતા હોય, પીતા હોય. સમજાણું કાંઈ? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં

આવ્યું છેને એ ૭૪ ગાથામાં. અષ્ટ મૂળગુણ. અષ્ટ મૂળગુણ. પાંચ ઉદુમ્બર ફળ આદિ એમાં ત્રસ જીવ છે. એને ખાતા જ નથી. તો સાધારણ પ્રાણીને એ હોય નહિ. એવા ખાનારને તો જૈનધર્મ નામ વીતરાગ આત્માનું સ્વરૂપ સાંભળવાની પણ યોગ્યતા નથી. એવા ત્રસ જેમાં હોય, એવા પાંચ પ્રકારના ફળ આવ્યાને ઉદુંબર અને માંસ, દારૂ, મદ્ય સાધારણ પ્રાણીને પણ (ન હોય). જૈનમાં જન્મ્યા હોય એને તો એવો ખ્યાલ પહેલેથી હોવો જોઈએ. સમજાણું કાંઈ? ત્યાં તમારે આવશે ૮મી ગાથામાં. શ્રોતા વ્યવહાર-નિશ્ચયનું જ્ઞાન તો હોવું જોઈએ. સમજાણું કાંઈ? શું નિશ્ચય છે અને શું વ્યવહાર છે? શ્રોતાને એટલું હોવું જોઈએ એમ કહે છે. આગળ આવશે ત્યાં. પ્રશ્ન કર્યો કે તો વક્તા અને શ્રોતા એક થઈ ગયા. એમ નથી. વક્તાને નિશ્ચય-વ્યવહાર વિશેષ છે અને શ્રોતાને થોડું-ઘણું (જ્ઞાન) હોવા વિના શ્રોતા સમજી શકે જ નહિ. ક્યો અધિકાર ચાલે છે અને કયા વ્યવહારનો નિષેધ છે? સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને પણ પહેલાથી ધર્મ પામવાની લાયકાત છે. એ તો .. સાંભળ્યું નહિ? ભગવાનને. સિંહ-સિંહ જુઓ, દશમો ભવ. હરણ ખાતા હતા. હરણને થાપ મારીને... છે સામે? પેટમાં હરણના ટૂકડા પડ્યા છે. એકદમ જ્યાં મુનિ આવ્યા અને આમ જોયું તો, ઓહો..હો..! આ શું? મારી નજીક હોય એ દૂર ચાલ્યા જાય (અને) આ ઉપરથી નીચે ઉતર્યા અને મારી પાસે આવ્યા! આ છે કોણ? એમ સિંહને થયું. દશમે ભવે મોક્ષ જવાના છે. મહાવીર ભગવાનનો જીવ છે. સમજાણું કાંઈ? પણ હરણને થાપ મારીને ખાતા હતા. આમ જ્યાં જોવે. અરે..! જુઓ, એક આમ જ્યાં નજર કરી. અરે..! આ કોણ? મારી નજીક હોય એ માણસ દૂર ચાલ્યા જાય અને આ તો દૂર ઉપરથી નીચે ઉતર્યા. નીચેથી ચાલ્યા આવે એ બીજી વાત. એટલો તો ખ્યાલ એને આવી ગયો. સમજાણું કાંઈ? મુનિરાજ કહે છે, જુઓ ..માં કહ્યુંને. ભાવલિંગી સંત છે. અરે..! જીવ! શું કરે છે તું? આ શું? તારો આત્મા તો દશમે ભવે મોક્ષ જવાનો છે. તીર્થંકર છે તું. તીર્થંકર ભગવાન ચોવીસમા તીર્થંકરનો તારો આત્મા છે. આમ જુઓ ઓલું પેટમાં માંસ આદિ છે છતાં વૈરાગ્ય થઈ ગયો એકદમ. ક્ષણમાં એકદમ અંદરથી. આહા..હા..! આંખમાંથી આંસુની ધારા. સિંહ-સિંહ. જેનો ખોરાક માંસનો. આંખમાંથી આંસુ. ત્યાં ને ત્યાં સમાધિ લઈ લીધી. જુઓ, સમજાણું કાંઈ? આત્મા ક્ષણમાં પલટે તો એમાં અનંત પુરુષાર્થ પડ્યો જ છે. અનંત પુરુષાર્થ છે. સ્વભાવમાં તો અનંત... અનંત... અનંત... પુરુષાર્થનો પિંડ જ છે. પર્યાયમાં પુરુષાર્થ અનંત વીર્ય જે પ્રગટે છે એ તો પુરુષાર્થ શક્તિથી તો અનંતમા ભાગે છે. સમજાણું કાંઈ? ક્ષણમાં પુરુષાર્થ એવો જાગ્યો. આહા..હા..! આ તો સમજી ક્યાંથી શક્યા જંગલના પ્રાણી! મુનિની ભાષા પણ કેમ સમજ્યા? જેઠાભાઈ! આહા..હા..! એ પાત્રતા હોય ત્યાં બધું થઈ જાય છે. નહિતર તો માંસ ખાતા હતા અને આ મુનિ આમ આવ્યા. અરે..! આત્મા! તમે ચોવીસમા તીર્થંકર થવાના અને આ શું? અમે કેવળી પાસે સાંભળ્યું છે. મુનિ કહે છે કે અમે કેવળી પાસે સાંભળ્યું છે કે તમે તીર્થંકર

થવાના છો. શું વાત કરો છો? આહા..હા..! એકદમ આંસુની ધારા અને અંતરદૃષ્ટિ થઈ ગઈ. જુઓ, સમજાણું કાંઈ? પાત્રતા પ્રગટ છે, ભાષા પણ કેવી સમજાઈ ગઈ! કોઈ શીખ્યું હતું (સિંહ) જંગલમાં?

મુમુક્ષુ :- એમાં તો .. ઉપદેશ કર્યો ત્યારે એ થયુંને?

ઉત્તર :- એ તો પાત્ર હોય એને ઉપદેશ લીધા વિના રહે નહિ. ઉપરથી નીચે ઉતર્યા. એ આવ્યું જુઓને. પાત્ર હોય અને સમજવાની લાયકાત હોય એને સંભળાવનારા ન મળે એમ બને જ નહિ. ઉપરથી ઉતર્યા જુઓને એક સાધુ ચાલ્યા આવે છે. આકાશમાંથી આવે છે. આકાશમાંથી નીચે ઉતર્યા. સમજાણું કાંઈ? વસ્તુ આવી છે. તાકાત એવી છે. ..ભાષા શું બોલ્યા હશે અને સિંહ કઈ ભાષા સમજ્યો હશે? જુઓ તો ખરા એ ચીજ! આ તો કથાનુયોગમાં છેને. એકદમ દૃષ્ટિ. છોડી દીધું બધું જાવ. અંદર દૃષ્ટિ થઈ સમાધિમાં દેહ છૂટી ગયો. સ્વર્ગમાં ચાલ્યા ગયા લ્યો! સ્વર્ગમાં ચાલ્યા ગયા. એ સમ્યક્ થવાની લાયકાત જો હોય તો એને એવા આઠ મૂળ ગુણ (હોય) છે પાપ ઉંદુબર એ તો હોય જ નહિ. ત્રસનો ખોરાક તો સાધારણ રીતે તો હોય નહિ. સમજાણું કાંઈ? કોઈ દવા, દારૂમાં સાધારણ થઈ જાય એ તો સાધારણ અતિચાર આદિ છે. સમજાણું કાંઈ?

અહીંયાં એ ઉપરાંત એને એવી કોઈ પાત્રતા કહી. સમજાણું કાંઈ? એ ૫૦મી ગાથા છેને એમાં શું છે? નિશ્ચય અબુધ્યમાનો... ૫૦માં છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. ઓલી ગાથા છેને ભાઈ આપણે પંચાસ્તિકાયની. પાછળમાં નિશ્ચય એ નથી ગયા? નથી જાણતો નિશ્ચયને અને એકલા વ્યવહારને છોડી દે છે. દયા, દાન શુભભાવ છે એને છોડે છે. એ ગાથા છેને પંચાસ્તિકાયમાં? ઈ અને આ પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં થોડો ફેર છે. થોડો ફેર છે. એક ગાથા નથી. આમાં આલંબન શબ્દ પડ્યો છે અને ઓલામાં અબુદ્ધ એવો શબ્દ થોડો ફેર છે. પંચાસ્તિકાય. એ તો નિશ્ચય આનંદનો અનુભવ નથી, સમજાણું કાંઈ? નિશ્ચય આત્મા આનંદસ્વરૂપ, અતીન્દ્રિય આનંદમૂર્તિ એવો અનુભવ તો નથી. નિશ્ચયને જાણતો નથી એટલે અનુભવ નથી એમ. અને વ્યવહાર દયા, દાન, વ્રત આદિના પરિણામ છોડી દે છે. તો અહીંયાંથી પણ ગયો અને ત્યાંથી પણ ગયો. એવી વાત ત્યાં કરી છે. સમજાણું કાંઈ? કોઈનો પ્રશ્ન હતો એ. સમજાય છે કાંઈ?

છેને પંચાસ્તિકાય? ક્યાં છે? પંચાસ્તિકાયમાં જે લીધું છેને, છેલ્લે લીધું છેને ૧૭૨ ગાથામાં? ૧૭૨. એ જ વાત ત્યાં છે. એ જ ત્યાં છે. પણ જરી શબ્દફેર છે. ૧૭૨. '**णिच्छयमालंबंता णिच्छयदो णिच्छयं अयाणंता**' નિશ્ચયને નથી જાણતો. દ્રવ્યસ્વભાવ આનંદમૂર્તિ. રાગથી, નિમિત્તથી પાર છે એવી અંતર દૃષ્ટિ, અનુભવ તો થયો નથી. સમજાણું કાંઈ? '**णासंति चरणकरणं बाहरि–चरणालसा केई**' અને બાહ્યમાં શુભભાવ જે છે એને પણ છોડે છે. એની વાત છે. સમજાણું કાંઈ? નિશ્ચય આલંબન શબ્દ પડ્યો છે હોં ત્યાં. અને એ શબ્દ

છે શું કહેવાય? પુરુષાર્થસિદ્ધિ ઉપાય ક્યાં છે? એ ૫૦મી ગાથા. એમાં-શબ્દમાં થોડો ફેર છે. એ કેવળીની વાત છે. ૫૦. '**निश्चयमबुध्यमानो**' શબ્દ આમ લીધો છે. ઓલામાં 'આલંબતા'. નિશ્ચયનું આલંબન નથી. '**યથાર્થ નિશ્ચય સ્વરૂપને જાણ્યા વિના...**' ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદરસનો કંદ છે એવો અનુભવ કર્યા વિના, જાણ્યા વિના '**अबुध्यमानो**' ખબર નથી. એવા '**નિશ્ચય શ્રદ્ધાથી અંગીકાર કરે છે.**' તેને જ અંગીકાર કરે છે '**તે મૂર્ખ...**' સમજાણું? '**મૂર્ખ બાહ્ય ક્રિયામાં આળસુ છે અને બાહ્યક્રિયારૂપ આચરણનો નાશ કરે છે.**' સ્વરૂપનું ભાન નથી અને રાગ દયા, દાન, વ્રતના શુભ પરિણામ છે એને પણ છોડી દે છે. અશુભમાં ચાલ્યો જશે. એ તો અશુભમાં જ જશે. સમજાણું કાંઈ? અને નિશ્ચયનું ભાન છે, અનુભવ છે, એ જ્યારે અંતરમાં ન રહી શકે ત્યારે એવો શુભભાવ વ્રત, દયા, દાન, ભક્તિ, પૂજાનો આવ્યા વિના રહે નહિ, પણ એ સમજે છે કે હેયબુદ્ધિ છે. સમજાણું કાંઈ? એવો વ્યવહાર વચ્ચે આવ્યા વિના રહેતો નથી. નિશ્ચય મોક્ષમાર્ગમાં ચાલતા વ્યવહાર વચ્ચે આવે છે. વિરુદ્ધ છે નિશ્ચયથી પણ આવ્યા વિના રહેતો નથી. આહા..હા..! આ તો પ્રવચનસાર છે. સમયસારમાં આવશે નહિ પાછળ? એ મોક્ષમાર્ગમાં આવશે જયસેનાચાર્યમાં. નિશ્ચય મોક્ષમાર્ગમાં વચ્ચે વ્યવહાર આવે છે, પણ નિશ્ચય વિનાનો વ્યવહાર એ વ્યવહાર છે નહિ. વાસ્તવિક તત્ત્વ સમજે નહિ.

મુમુક્ષુ :- કેટલામાં?

ઉત્તર :- આ પાછળમાં આવે છેને. સર્વવિશુદ્ધ અધિકારમાં, મોક્ષ અધિકારમાં. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- એ હસ્તાવલંબની વાત છે?

ઉત્તર :- હસ્તાવલંબનો અર્થ શું થયો? નિમિત્ત છે. પણ એનું ફળ સંસાર છે એ લખ્યું છે કે નહિ? છે સમયસારમાં? એ તો જાણીને પૂછે છે. અમારે પંડિતજી છેને ઉદયપુરના. કહો, સમજાણું? ૧૧મી ગાથા છેને જુઓ, કહે છે '**પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...**' રાગ કરવો, પર્યાયબુદ્ધિ રાખવી, નિમિત્ત મેળવવું એવી ભેદબુદ્ધિ અને ગુણગુણીનો ભેદ, એક સમયની પર્યાયની બુદ્ધિ—એવી બુદ્ધિ તો અનાદિકાળથી છે. સમજાણું? વ્યવહારનો પક્ષ. '**અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.**'

મુમુક્ષુ : તે દિ' એમ ચાલતું હશે?

ઉત્તર :- તે દિ' જુઓ, આ તે દિ' આ તો. પરસ્પર એ જ વાત કરે છે. હા ભાઈ! વ્યવહાર જોઈએ. વ્યવહાર વિના ચાલે નહિ, આના વિના ચાલે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કે આ લખાણ થયું તો એ વખતે પણ આવું ચાલતું હશે? સમજાણું

કાંઈ? એ તો અનાદિથી ચાલે છે. કાંઈ હમણાનું નથી. અનાદિરૂઢ, વ્યવહારમૂઢ એ તો આવ્યું હતું ૪૧૩માં.

કહે છે કે '**ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. વળી જિનવાણીમાં...**' હવે આવ્યું દેવીલાલજીનું. '**જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક, નિમિત્ત) જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે.**' ૧૧મી ગાથાનો અર્થ છે એ. એય..! દેવાનુપ્રિયા! સમજાય છે કાંઈ? દેવાનુપ્રિયા સમજો છો? દેવને વલ્લભ મનુષ્યનો દેહ એટલે દેવાનુપ્રિયા એમ કહેવામાં આવે છે. આ મનુષ્યનો દેહ દેવને વલ્લભ છે. કે ઓહો..! અમે ક્યારે મનુષ્યપણું પામીએ અને ક્યારે અમે ધર્મ પ્રગટ કરીએ? એવું આવે છે. શ્વેતાંબરમાં બહુ આવે છે. દેવાનુપ્રિયા એમ આવે છે. એવું .. શાસ્ત્રમાં આવે છે. અમને પહેલા ટેવ પડી ગઈ હતી. પછી હવે ફરી ગઈ થોડી. નહિતર બોલાવતા કે દેવાનુપ્રિયા! દેવને વલ્લભ તમારો મનુષ્યભવ તમે પામ્યા છો. દેવને વલ્લભ છે. કે ક્યારે અમે મનુષ્યપણું પામીએ અને ક્યારે અમે આત્મધર્મ આચરણ કરીને મોક્ષ જઈએ એવી ભાવના દેવમાં કરે છે. મનુષ્યને દેવાનુપ્રિયા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ડોક્ટર! આહા..હા..! શ્વેતાંબરના .. નોકરને બોલાવવા હોય તોપણ દેવાનુપ્રિયા! આટલું કામ કરશો? એમ કહે. હે દેવને વલ્લભ! આટલું કામ કરશો? મીઠાશ છેને એ તો મીઠાશ.

અહીં કહે છે કે ભાઈ! એ વ્યવહારનો ભેદનો પક્ષ તો અનાદિનો છે. એક વાત. પરસ્પર એ વાત તો વ્યવહારની કરે છે. એ બીજી વાત અને શાસ્ત્રમાં પણ નિમિત્ત દેખીને એવી વાત શાસ્ત્રમાં ઘણી આવે છે, પણ ત્રણેનું ફળ સંસાર છે. આહા..હા..!

મુમુક્ષુ :- નિશ્ચયનું ફળ કાંઈક આવવું જોઈએને?

ઉત્તર :- નિશ્ચયનું ફળ મોક્ષ છે. આહા..હા..! આકરી વાત છે, ભાઈ! એકલી વાત નથી હોં. નિશ્ચયની એકલી વાત નથી. વસ્તુ આનંદસ્વરૂપ ભગવાન આત્મા. વસ્તુ જ્ઞાનમૂર્તિ આત્મા એની અંતર દૃષ્ટિ કરીને આનંદનું વેદન થવું એનું નામ નિશ્ચય છે. સમજાણું કાંઈ? એ આનંદનું વેદન છે એને નિશ્ચયાભાસ કહેવામાં આવતો નથી. સમજાણું કાંઈ? જેને આનંદનું વેદન નથી અને શુભ પરિણામને અડતા નથી અને તિરસ્કાર કરે છે એને નિશ્ચયાભાસી કહે છે. સમજાણું કાંઈ?

એ પ્રશ્ન આણે લીધો છે. સોગાનીએ લીધો છે સોગાની. સમજાણું કાંઈ? મોટા પુસ્તકમાં લીધું છે કે નિશ્ચયાભાસી એને કહીએ કે જેને આનંદનો અનુભવ નથી અને પુણ્ય-પરિણામને કરતા નથી અથવા આવતો નથી, લાવતા નથી અને પાપના પરિણામ કરે છે. પણ પ્રત્યક્ષ આનંદનો અનુભવ થાય પછી નિશ્ચયાભાસી ક્યાંથી થયો? એમ ભાઈ છે. સોગાનીમાં એક બોલ છે. એને બહુ દ્રવ્યદૃષ્ટિનું પ્રધાનપણું હતુંને? દ્રવ્યનું પ્રધાનપણું, ઘણું જ પ્રધાનપણું. એની વાત સાંભળતા લોકોને આમ થઈ જાય કે હાય... હાય... એથી એને ખુલાસો કરવો

પડ્યો છે. લોકોને દેખીને. કેટલાક એને કહેતાને કે આ તો નિશ્ચયાભાસી છે કાં વેદાંતી છે આ. નિમિત્તને ધર્મ માનતા નથી. એમ કહેતા હતાને. એ વખતે પણ કહેતા હતા. હમણા પાંચ વર્ષ પહેલા ગુજરી ગયા. નહિ... નહિ... નહિ... એ તો અનુભવી જીવ હતો. સમજાણું કાંઈ? ખબર નથી લોકોને. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે **'એનું ફળ સંસાર જ છે.'** વ્યવહાર આવે છે. જ્ઞાનીને પણ વ્યવહાર હોય છે, પણ એ વ્યવહારનું ફળ તો સંસાર બંધ છે. સમજાણું કાંઈ? **'શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...'** અનંતકાળમાં ભગવાન આત્મા આમ લક્ષમાં, દૃષ્ટિમાં આત્મા પૂર્ણાનંદ પ્રભુ એવો પક્ષ તો કદી આવ્યો નથી. વ્યવહાર પક્ષ છોડ્યો નથી અને નિશ્ચય પક્ષ થયો નથી. સમજાણું કાંઈ? **'અને એનો ઉપદેશ પણ વિરલ...'** છે. એની સામે લીધું. એ વ્યવહાર પક્ષ અનાદિનો છે તો શુદ્ધનયનો પક્ષ કદી થયો નથી. વ્યવહારનો ઉપદેશ માંહોમાંહે ઘણા લોકો એ જ કરે છે. ત્યારે શુદ્ધનયનો ઉપદેશ વિરલ છે. **'કોઈ કોઈ પ્રાપ્ત કરે છે...'** કોઈ કોઈ ભાગ્યવંત પ્રાણી પાસે આ નિશ્ચયનું કથન મળે છે. સમજાણું કાંઈ? જુઓ, શાસ્ત્રમાં આત્માવલોકનમાં તો દિપચંદજીએ તો એ કહ્યું પહેલા, કે મુનિ તો વીતરાગની જ વાત કરે. મુહુ-મુહુ. સંત તો એને કહીએ કે વીતરાગભાવ... વીતરાગભાવ... વીતરાગભાવ... શ્લોક છે આત્માવલોકનમાં. દિપચંદજી સાધર્મી. સ્તંભ રોપ્યો છે અમે સમ્યગ્જ્ઞાનનો. અવગાઢ સ્તંભ રોપ્યો છે. એણે વાંચ્યું છેને. હોય, ગૃહસ્થાશ્રમમાં હોય તો શું છે? સમજાણું કાંઈ? અમે અવગાઢ સ્તંભ રોપ્યો છે એમ કહે છે લ્યો. સમજાણું કાંઈ?

મુનિ કોને કહીએ? મોક્ષમાર્ગી ધર્માત્મા વારંવાર વીતરાગ-વીતરાગ... વીતરાગ શબ્દે શુદ્ધ ઉપયોગ. વસ્તુ વીતરાગ છે તો શુદ્ધ ઉપયોગ કરવાની વાત કરે છે. એવો શ્લોક છે આત્માવલોકનમાં. પુસ્તક છે બધા. સમજાણું કાંઈ? રાગ આવે છે એને જણાવે, પણ કરવાલાયક છે એવો ઉપદેશ મુનિનો, ધર્માત્માનો, સમકિતીનો હોય જ નહિ. જેનો ઉપદેશ, વીતરાગ સિવાય શુભ કરવાલાયક છે એવી કર્તૃત્વબુદ્ધિનો ઉપદેશ છે એ જ્ઞાનીનો ઉપદેશ નથી. સમજાણું કાંઈ? આવે છે એ જણાવે છે. આવે છે વચ્ચે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી એમાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા એવો ભાવ નિમિત્તરૂપે-નિમિત્તરૂપે શુદ્ધ ઉપાદાનની પરિણતિ તો પોતાને અંતરથી ચાલે છે એમાં એ આવે છે. સમજાણું કાંઈ? પણ એનું ફળ તો બંધ છે. એ મોક્ષમાર્ગમાં મદદ કરે છે એમ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! ભારે કઠણ જગતને. આત્મા રાગરહિત નિર્વિકલ્પ આનંદકંદ છે, એકલો વીતરાગમૂર્તિ છે એવી રુચિ થવી એ મહાપુરુષાર્થ છે, અનંતવીર્યનું કામ છે એ. સમજાણું કાંઈ?

શાસ્ત્રમાં તો એ કહ્યું છે કે શુભભાવની રચના કરે છે એ વીર્ય જ નપુંસક છે. અમરચંદભાઈ! શુભભાવની રચના કરનારું વીર્ય નપુંસક છે. સ્વરૂપની રચના કરનારા વીર્યને પુરુષાર્થ વીર્ય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૫૦માં આવ્યુંને એ શું કહ્યું? શું કીધું

૫૦માં? '**નિશ્ચયમબુધ્યમાનો**' કહ્યુંને? આહા..હા..! અને ૭૪માં એમ આવ્યું કે આઠ મૂળગુણ... ... છોડ્યા વિના, પાપ છોડ્યા વિના જિનધર્મનો ઉપદેશ પણ સાંભળવાને લાયક નથી. એમ ૭૪ ગાથામાં. અને ૫૦માં એમ કહ્યું કે નિશ્ચયનું તો ભાન નથી. વસ્તુસ્વરૂપ આનંદકંદ છે એનું અંતરમાં વેદન નથી અને શુભભાવ તો કરતા નથી. કરતા નથીનો અર્થ શુભભાવ લાવતા નથી. એવી યોગ્યતા છે એની વાત છે. ઉપદેશમાં તો એમ જ આવેને. .. તિરસ્કાર કરીને અશુભમાં જાય છે તો અશુભમાં જાય તો એનું ફળ પાપ છે. એમ છે. સમજાણું કાંઈ?

હવે આપણે અહીં ચાલે છે એમાં મેળવો. ૧૭૨માં. જુઓ, ૧૨મો બોલ ચાલે છેને એ? '**જેને લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી...**' હવે મેળવો અહીં નિશ્ચય-વ્યવહાર જુઓ. આત્મા કોને કહીએ? આહા..હા..! કે '**લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી...**' બસ, આત્માને વિષય તરફનો રાગ ને એનો ભોક્તા આત્મામાં છે જ નહિ. એનો અર્થ આત્મા એવો છે તો જેની દૃષ્ટિ આત્મ અનુભવમાં થઈ એ આત્મા વિષયનો ભોક્તા નથી. સમજાણું કાંઈ? ફરીને. જુઓ, '**જેને લિંગો દ્વારા...**' પાંચ. કાન, નાક, આંખ આદિ પાંચ અને ખંડખંડ ઇન્દ્રિય એ દ્વારા '**ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી...**' ઓહો..! ચક્રવર્તીને છન્નું હજાર સ્ત્રીનો ભોગ છેને. છન્નું હજાર. ભાઈ! ઈ પરદ્રવ્યની પર્યાય પરમાં થતી હોય તે થાય. એ પોતામાં થતી નથી. અને એ સમયે જરી વિષયનો રાગ આવ્યો એ રાગનો સ્વામી નથી અને રાગને હેયબુદ્ધિએ અંદર રાખે છે. તો નિશ્ચયથી રાગનો જ્ઞાની ભોક્તા છે નહિ. રાગને જ્ઞાની જ્ઞેય તરીકે જાણનાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું? કે લિંગ વડે, ઇન્દ્રિયો દ્વારા વિષયોનો ઉપભોગ નથી. આહા..હા..! હું ઇન્દ્રિયથી વિષયને ભોગવું છું એવી જે દૃષ્ટિ છે એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? તો એનો અર્થ કે સમ્યગ્દૃષ્ટિને વિષયભોગ છે જ નહિ. તો એનો અર્થ સમ્યગ્દૃષ્ટિ છન્નું હજાર સ્ત્રીનો ભોગ કરતા જ નથી. કરે છેને. એ ભોગ ન કરે તો ભોક્તા નથી એમ કહેવામાં આવે, એમ છે? સાંભળો.

મુમુક્ષુ :- છન્નું હજાર સ્ત્રીઓ રાખી કેમ?

ઉત્તર :- શરીર બહુ જાડું કેમ થાય છે? કહો, કોઈનું પાતળું હોય અને કોઈનું જાડું હોય છે એનું કારણ? ઘણા રજકણ છે તો કાંઈ દુઃખરૂપ છે? એમ બીજા ઘણા દ્રવ્ય હોય તો એના કારણે શું છે? કહો, સમજાણું કાંઈ? ઈ અમારે હતાને એણે પ્રશ્ન કર્યો હતો. એક લાલન હતા. શ્વેતાંબર પંડિત. ૯૦ વર્ષે ગુજરી ગયા. શ્વેતાંબર પંડિત. ૧૬ વર્ષથી અભ્યાસ તે ૯૦ વર્ષ સુધી શાસ્ત્રનો અભ્યાસ. ૧૬ વર્ષથી ૯૦ વર્ષ સુધી. પણ ઊંધો બધો. અહીંયાં રહ્યા હતા બાર મહિના. બેસતા હતા, સાંભળતા હતા. પછી એકવાર પ્રશ્ન કર્યો એણે કે મહારાજ! તમારા ચક્રવર્તી એવા! અમારા બાદશાહ જે એડવર્ડ જ્યોર્જ છે એ તો એક રાણી

પરણે છે, બીજી રાણી નહિ. અને તમારા ચક્રવર્તી, સમકિતી, જ્ઞાની અને તીર્થંકર અને છન્નું હજાર સ્ત્રી! વ્યભિચારી છે. પંડિત લાલન હતા એક. ઘણા અભ્યાસી. હજારો, દશ હજાર શાસ્ત્ર વાંચ... વાંચ... વાંચ... .. લગન કર્યા હતા પણ એ સ્ત્રી થોડી .. દીકરી-દીકરા નહોતા. એમ વાંચતા-વાંચતા અહીં આવ્યા હતા. અમેરિકામાં પણ જતા હતા. ૨૦-૨૦ હજાર માણસમાં વ્યાખ્યાન દેતા હતા. એક-એક માણસમાં બબ્બે .. લઈને. ડોલર. ડોલર લઈને. લાખો રૂપિયા, બબ્બે લાખ રૂપિયા આવતા હતા. પણ .. એમાં. વ્યાખ્યાન આપતા હતા અમેરિકામાં. પછી અહીં સાંભળતા. પછી કોઈ વખતે સાંભળતા-સાંભળતા એમ થઈ જતું હતું. રુદન આવતું હતું. અરરર..! આ કેવો માર્ગ? અમે કંઈક પ્રરૂપણા કરી, કંઈક માર્ગ કહ્યો, આ કેવો માર્ગ! પછી કોઈવાર એવું થઈ જાય, મહારાજ! તમારા ચક્રવર્તી, તીર્થંકર, ચક્રવર્તી, સમકિતી, જ્ઞાની. અમારા બાદશાહ એક સ્ત્રી પરણે અને તમારા બાદશાહ છન્નું હજાર પરણે. પંડિતજી! શાંત થાઓ, શાંત થાઓ. સાંભળો. એને દૃષ્ટાંત આપ્યું હતું કે જો કોઈનું શરીર પાતળું હોય તો થોડા રજકણ ગ્રહણ કર્યા એમ છે? અને થોડું કે વધારે આત્મા ગ્રહણ કરી શકે છે? અને કોઈનું મોટું શરીર હોય. જુઓ, આ છેને રાજા કોણ આ? ધ્રોળનો રાજા. છ હાથ લાંબો અને બાર ... પહોળો.

મુમુક્ષુ :- એને માટે ખુરશી જુદી બનાવવી પડે.

ઉત્તર :- બનાવવી પડે. શું કરે? આવ્યા હતા અમારા વ્યાખ્યાનમાં આવ્યા હતા પહેલા. ગાદીએ નહોતા બેઠા ત્યારે વ્યાખ્યાનમાં આવ્યા હતા. ધ્રોળ-ધ્રોળ છેને? એ ધ્રોળનો રાજા છે. મોટો લાંબો અને બાર મણ પહોળો. તેથી શરીરના રજકણ ઘણા છે તો એ તો પૂર્વને કારણે નિમિત્તથી આવ્યા અને આવવાના હતા તે આવ્યા. કાંઈ ઘણા પરમાણુની સંખ્યા નુકસાનકારક છે? એમ સ્ત્રી એક નહિ અને છન્નું હજાર હોય. તો શું સંખ્યા ઘણી છે માટે નુકસાનકારક છે? સમજાણું કાંઈ? એમાં સ્ત્રી મારી છે અને એનો ભોગ લેવામાં જે રાગ છે એમાં મજા માને છે એ મિથ્યાદૃષ્ટિ છે. જે દ્રવ્ય એનું નથી એને પોતાનું માનવું એ મિથ્યાત્વ છે અને એમાં ભોગ લેવાની જે વાસના છે એ મારી છે અને વાસનામાં હું રાજી છું, ખુશ છું. એ આસ્રવમાં મજા માનનારો અને અજીવને-પરદ્રવ્યને પોતાનું માને એ મિથ્યાદૃષ્ટિ છે. અને સમ્યગ્દૃષ્ટિ.. અહીં ના પાડે છેને?

જુઓ, '**લિંગો દ્વારા એટલે ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી...**' એ રીતે આત્માને વિષયોનો ઉપભોગ નથી. એનો અર્થ એ થયો કે આત્મા જેણે જાણ્યો એ વિષયનો ભોગ કરતા નથી. આ તો ભોગ કરે છે છન્નું હજાર, માટે સમકિતી નથી. એમ છે?

મુમુક્ષુ :- કઠણ છે કામ.

ઉત્તર :- કઠણ છે માટે જરી છંછેડ્યું છેને. એય..! ધન્નાલાલજી! ૭૨મી ગાથામાં એવો

અર્થ કરે છેને. ૭૨ ગાથા નથી પહેલી? આ તો પ્રવચનસાર છે. ૭૨માં એમ આવ્યું કે આસ્રવમાં પ્રવર્તે છે એ મિથ્યાદૃષ્ટિ છે. એનો અર્થ એ કરે છે. શું? કે આસ્રવનો ત્યાગ નથી કરતા અને આસ્રવ રાખે તે મિથ્યાદૃષ્ટિ છે. એમ નથી. ત્યાં તો કહે છે કે જેને આસ્રવનો અભિપ્રાય છે, આસ્રવ મારો છે એવો જેને અભિપ્રાય છે એ આસ્રવમાં પ્રવર્તે છે. અને આસ્રવ મારો નથી, હું તો આનંદકંદ છું એવા આસ્રવમાં પ્રવર્તતા નથી, અભિપ્રાય આસ્રવનો છે નહિ. આહા..હા..! ૭૨મી ગાથા છે. એમાં અર્થ પણ એ કરે છે. રતનજી તો. જુઓ, આમાં લખ્યું છે કે જે આસ્રવમાં પ્રવર્તે એ જ્ઞાની જ નથી. પણ એનો અર્થ શું? સમજાણું કાંઈ? ૭૨ ગાથા છે.

મુમુક્ષુ :- આસ્રવમાં પ્રવર્તે...

ઉત્તર :- જ્ઞાની આસ્રવમાં પ્રવર્તતા જ નથી. પ્રવર્તેનો અર્થ? આસ્રવ મારો છે એવો અભિપ્રાય જ્ઞાનીને નથી. આસ્રવ મારો છે એમ માને તે આસ્રવમાં પ્રવર્તે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..નો અર્થ શું? ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ .. એ પર અને એની પ્રવૃત્તિ થાય એ પર અને એમાં જરી રાગ થાય એ પર, એ આત્મામાં નથી. તો આત્મા લિંગ દ્વારા વિષયોનો ઉપભોક્તા નથી તેને અલિંગગ્રહણ કહે છે. એનો અર્થ કે જેને એવો આત્મા દૃષ્ટિમાં આવ્યો સમ્યગ્દૃષ્ટિને, સમ્યગ્જ્ઞાનીને, એ પાંચ ઇન્દ્રિય વડે વિષય ભોગવે છે (એવું) આત્મામાં નથી તો એની પર્યાયમાં પણ નથી. ભારે વાત ભાઈ! પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ છે નહિ ને માને છે. આ તો પોતાનો છે જ નહિ. એવી અંતર અનુભવ દૃષ્ટિ છે સમકિતીને. આત્મા કહ્યો તો આત્માને જાણનારો પણ આવી ગયો એમાં. આત્મા એવો છે કે પાંચ ઇન્દ્રિય દ્વારા વિષયનો ભોક્તા નથી. એનો અર્થ કે જેણે આવો આત્મા અંતર અનુભવમાં જાણ્યો, એ આત્મા પણ પંચેન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. એનો અર્થ? એનો અર્થ કે એ ઇન્દ્રિયથી દૃષ્ટિ હટાવી દીધી છે અને વિષયની વાસનાથી પણ દૃષ્ટિ હટાવી લીધી છે, માટે પરનો ભોક્તા નથી એમ અહીંયાં કહેવામાં આવે છે. એ ક્રિયા ચાલી જાય તો ભોક્તા નથી એવી વાત નથી. આહા..હા..! એ ક્રિયા તો જડની છે અને વિકલ્પ આસ્રવ છે. ઝીણી વાત છે. આહા..હા..! સ્વચ્છંદી નથી કે થાવું હોય તે થાય, ઇન્દ્રિય ઇન્દ્રિયનું કામ કરે એમ જ્ઞાની નથી જાણતા.

જ્ઞાની તો પોતાનું સ્વરૂપ પાંચ ઇન્દ્રિયના વિષયના ભોક્તા રહિત (જાણે છે), ઓહો..! એનું જેને અંતરમાં આત્માનું માહાત્મ્ય આવ્યું અને એવો આત્મા છે એવી દૃષ્ટિમાં એકત્વબુદ્ધિ થઈને આવ્યું, તો એ આત્મા જેમ પાંચ ઇન્દ્રિયના વિષયનો ભોક્તા નથી, એમ આત્માને જાણનાર સમ્યગ્દૃષ્ટિ પણ પાંચ ઇન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. આહા..હા..! પણ એની

વ્યાખ્યા આ. ભોક્તા નથીનો અર્થ? છન્નું હજાર સ્ત્રીના સંગમાં એ નથી? એમ નથી. ભારે વાત આકરી!

મુમુક્ષુ :- લોકોને જોવામાં આવે છે.

ઉત્તર :- લોકો જોવે છે. પણ શું દૃષ્ટિ છે? આત્મા જોયો છે એણે? એ આત્મા શું કરે છે એ જોયું છે લોકોએ? આત્મા તો જે સમકિતી છે એની દૃષ્ટિ તો આત્મા અભેદ ઉપર પડી છે. સમજાણું? અને જે આનંદનું વેદન છે એને જ પોતાનું માને છે. એટલી અધિકતામાં રાગ અને નિમિત્તથી અધિક આત્મા ભિન્ન થઈ ગયો છે. '**णाणसहावाधियं मुणदि आदं**' (સમયસાર) ૩૧મી ગાથા છે. '**णाणसहावाधियं मुणदि आदं**' સમકિતી ઇન્દ્રિયના વિષય, પાંચ જડ ઇન્દ્રિય, ખંડખંડ ઇન્દ્રિય અને વિષય—બધાને-ત્રણેને ઇન્દ્રિય કહી. ત્રણેને ઇન્દ્રિય કહી. એ ઇન્દ્રિયથી '**णाणसहावाधियं मुणदि**' અખંડાનંદ પ્રભુ આનંદસ્વરૂપ જ્ઞાનસ્વભાવ એ ખંડ ઇન્દ્રિય, એ જડ ઇન્દ્રિય અને એનો વિષય. વિષય શબ્દે ભગવાનની વાણી આદિ બધું વિષય છે. સમજાણું કાંઈ? એ ત્રણેને ઇન્દ્રિય કહી છે. અને '**जो इंदिये जिणित्ता**' જેણે ઇન્દ્રિય જીતી. એનો અર્થ એ છે કે વિષય જે શબ્દ, રૂપાદિ છે એનાથી પણ પોતાનું લક્ષ છોડાવ્યું અને અંદર રાગાદિ છે એનું લક્ષ છોડાવ્યું અને ખંડ-ખંડ ઇન્દ્રિય છે એનાથી લક્ષ છૂટી ગયું છે. અખંડ જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ પડી છે તો જિતેન્દ્રિય એને કહેવામાં આવે છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને જિતેન્દ્રિય કહે છે. એ વાત અહીં કહે છે. આહા..હા..! લે ક્યાંનું ક્યાં આવ્યું જુઓ!

મુમુક્ષુ :- સમયસાર સાથે સંધિ...

ઉત્તર :- એની સાથે સંધિ કરી. કહો, આ તો ખ્યાલમાં પણ નહોતું. ત્યાં આવી ગયું. કેટલું આચાર્યે ઓહો..હો..! પૂર્વાપર વિરોધરહિત કેવી શૈલી! આહા..હા..! '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**' એમ આત્મા ઇન્દ્રિયના વિષયનો ભોક્તા જ નથી. એનો અર્થ એ થયો કે આત્મા એવો નથી તો આત્માની દૃષ્ટિ જેને થઈ એ સમ્યગ્દૃષ્ટિ પણ વિષયનો ભોક્તા નથી. રાગ અને જે ક્રિયા જડની થાય એ જ્ઞેય તરીકે-પરજ્ઞેય તરીકે પોતાના જ્ઞાનમાં પોતાના જ્ઞાન વડે જાણે છે. આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ?

લ્યો, '**લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા...**' કોણ કરે? પ્રભુ! એક 'ઇન્દ્રિયો દ્વારા' કહ્યું એ તો જડ છે. જડ વડે કરી શકે છે? જડ વડે આત્મા આમ કરી શકે છે? આમ કરી શકે છે? આમ કરી શકે છે? એ તો જડની પર્યાય છે. એ તો ૪૯ ગાથામાં ન આવ્યું? જડનો સ્વામી નથી કે ઇન્દ્રિય જડ એના કારણે ચાલે. આહા..હા..! ભારે! આ તો એને એમ કે હું છું તો આ ઇન્દ્રિય આમ થાય છે. સમજાણું કાંઈ? આકરી વાત છે, પ્રભુ! ઇન્દ્રિય શરીરની જે જડ જનનેન્દ્રિય છે એની પણ પર્યાય આત્મા કરી શકતો નથી. આહા..હા..! એ આવશે આગળ હોં. હજી આવશે. હવે આવશે ઈ. આ તો વળી આની

સાથે. હવે આવશે ઇ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય અરૂપી જડથી અને રાગથી ભિન્ન ચોસલું પડ્યું છે આખું. આનંદકંદ પ્રભુ છે એવો આત્મા વિષયનો ભોક્તા નથી. એનો અર્થ? એવા આત્માનું સમ્યગ્દર્શન થયું એ પણ વિષયનો ભોક્તા નથી. કેમકે ઇન્દ્રિયો જડ છે એનાથી સ્વામીપણું ઉઠી ગયું છે અને ચેતનદ્રવ્યમાં દૃષ્ટિ સ્વામીપણું આવ્યું. અને રાગનું સ્વામીપણું ઉઠીને નિર્મળ પર્યાયનું સ્વામીપણું આવ્યું છે. આ સ્વામીપણું છૂટીને દ્રવ્યમાં સ્વામીપણું આવ્યું છે. વિકારનું સ્વામીપણું છૂટીને નિર્મળ પર્યાયમાં સ્વસ્વામીપણું આવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! એટલે કોઈ એનો એવો અર્થ કરે કે જુઓ ભાઈ! પાંચ ઇન્દ્રિયનો વિષય એ ક્રિયા છે તે છૂટી જાય તો એ આત્મા અને તો એનું નામ સમ્યગ્દૃષ્ટિ. પણ છૂટે ક્યાંથી? એ એની છે નહિ તો છૂટે ક્યાંથી? એ તો પરની છે. આહા..હા..! સમજાણું કાંઈ? શરીર છૂટી જાય તો અશરીરી આત્માને એણે માન્યો એમ કહેવાય. એમ છે? શરીર ક્યાંથી છૂટે? ચૌદમે (ગુણસ્થાને)-છેલ્લે સમયે છૂટે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છૂટવાની વ્યાખ્યા કે જે આત્મા અખંડાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એ અલિંગગ્રહણ છે. લિંગ નામ ઇન્દ્રિય દ્વારા વિકલ્પ અને ઇન્દ્રિય દ્વારા, પણ નિમિત્ત વડે, પર વડે એ કામ કરતો જ નથી. એને આત્મા કહેતા નથી. ઇન્દ્રિય વડે હું કામ લઉં છું એ આત્મા નથી. એ તો મિથ્યાદૃષ્ટિ અણાત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે '**આ રીતે આત્મા વિષયોનો ઉપભોક્તા નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' અલિંગગ્રહણમાંથી એમ નીકળે છે. ઓહો..હો..! કેટલું થયું? સમજાણું કાંઈ? આ તો કાલે ચાલ્યું પણ થોડું વિશેષ સ્પષ્ટ થયું. એ પ્રશ્ન આવ્યો હતોને. સમજાણું કાંઈ? .. જડ છે અને જડને કાળે જડની પર્યાય થાય એ પોતાથી છૂટે કેમ અને પોતામાં ગ્રહણ કેમ થાય? આહા..હા..! સમજાણું કાંઈ? પણ એમ સ્વચ્છંદી કોઈ કહે કે ઇન્દ્રિયો ઇન્દ્રિયોથી કામ કરે અમને શું છે? દૃષ્ટિ ક્યાં છે તારી? તારી દૃષ્ટિ તો ઇન્દ્રિય ઉપર અને રાગના પ્રેમ ઉપર પડી છે. ઇન્દ્રિય ઇન્દ્રિય કામ કરે છે એ તારા માટે નથી. સમજાણું કાંઈ? જેની અતીન્દ્રિય ભગવાન આત્મા ઉપર સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ પડી છે એ જડની પર્યાયને કાળે પરમાણુ પર્યાય પરિણમે છે. એનો સ્વકાળ છે. અને એ સમયે જે રાગ થયો નબળાઈને લીધે. એ તો ભિન્ન તત્ત્વ છે. મારા દ્રવ્ય-ગુણ-પર્યાયથી ચૈતન્ય તત્ત્વથી એ રાગ ભિન્ન તત્ત્વ છે. તો ભિન્ન તત્ત્વનો ભિન્ન તત્ત્વ અનુભવ કેમ કરે? આહા..હા..! સમજાણું કાંઈ? અમરચંદભાઈ! આહા..! વાતું પણ વીતરાગમાર્ગની એવી છે. આહા..હા..! જેને ઇન્દ્રાણી કરોડ સમકિતી સુધર્મને વરે છે. જુઓ, સુધર્મ ઇન્દ્ર સમકિતી છે, ક્ષાયિક સમકિતી. એકાદ ભવતારી છે. ત્યાંથી નીકળીને મનુષ્ય દેહ પામીને મોક્ષ જશે. સમજાણું કાંઈ? સુધર્મ ઇન્દ્ર અને એની પત્ની ઇન્દ્રાણી. કરોડો ઇન્દ્રાણી. અમુક હોય પણ વિક્રિયા કરે તો કરોડો ઇન્દ્રાણી અને એનું તો આયુષ્ય

થોડું છે ઈન્દ્રાણીનું. એક ભવમાં બે સાગરની સ્થિતિ. એટલી એની અબજોની અબજો, અબજોની અબજો એવી ઈન્દ્રાણી એના એક ભવમાં ભોગવે છે. એય..!

મુમુક્ષુ :- તોપણ સમ્યગ્દૃષ્ટિ રહે છે?

ઉત્તર :- ક્ષાયિક સમકિતી રહે છે. એનું આયુષ્ય તો થોડું છેને ઈન્દ્રાણીનું. અને અહીં તો આયુષ્ય બે સાગરોપમમાં છે. તો એક સાગરોપમમાં દશ ક્રોડાક્રોડી પલ્યોપમ ચાલ્યા જાય. તો એવા એવા અમુક પલ્યોપમવાળી ઈન્દ્રાણી તો કેટલી થઈ જાય? ઓલી મરી જાય અને .. મરી જાય અને થાય. એનું થોડું છેને. ઈન્દ્રનું મોટું આયુષ્ય છે. એવી તો કરોડો... કરોડો... કરોડો... પણ કરોડો શું, આખું જગત છે. એ પરજ્ઞેય છે જ્ઞાનમાં. એ પોતાની ચીજ ક્યાં છે? પછી નજીક હોય કે દૂર હોય એની સાથે સંબંધ શું છે?

મુમુક્ષુ :- .. જડની ક્રિયા જડને કારણે થાય છે.

ઉત્તર :- થાય છે એને જાણે છે. એમાં શું છે? શું છે?

મુમુક્ષુ :- એ જાણતા રહે છે.

ઉત્તર :- કોણ?

મુમુક્ષુ :- અબજો... અબજો... અબજોને જાણે.

ઉત્તર :- હા તો જાણે છે જ્ઞાની. એની પર્યાય એનાથી છે, મારાથી નથી.

મુમુક્ષુ :- જડની ક્રિયા જડથી છે.

ઉત્તર :- જડની ક્રિયા જડથી છે અને રાગની ક્રિયા રાગથી છે જુઓને. આસ્રવ અને પર બેયની વાત ચાલે છે અહીંયાં. એની આનંદ ઉપર દૃષ્ટિ છે સમકિતીની. ઓહો..! મારા આનંદના સ્વાદથી એ વિપરીત સ્વાદ. કાળો નાગ છે અંદર. ઝેર લાગે છે. વિષયની વાસનાનો વિકલ્પ સમકિતીને, કાળો નાગ જેમ દેખાય એમ દેખાય છે. ઝેર છે એ તો. સમજાણું કાંઈ? અહીં તો મીઠાશ વેદે છે અંદરમાં. આહા..હા..! એ મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો એની વાત ચાલે છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરતો જ નથી. એમ છે ભાઈ! કરતા જ નથીને. જાણે છે કે થાય છે એમ બસ. આખી દુનિયા નથી? કેવળજ્ઞાનમાં નથી જણાતી? તો એનો અર્થ શું? હોય એમ જાણે. એમ સમકિતી જીવ પોતાનો સ્વભાવ આનંદકંદ જ્ઞાયકમૂર્તિની દૃષ્ટિમાં આવ્યો છે. તો ચોથે ગુણસ્થાને જે કોઈ પદાર્થનો સંયોગ હોય અને રાગ હોય એને જાણનારો રહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવે છે કે નહિ એમાં? 'જ્ઞાન કળા જિસકે ઘટ જાગી, તે જગ માંહી સહજ વૈરાગી, જ્ઞાની મગન વિષય સુખ માંહી, એહી વિપરીત સંભવે નાંહી.' સમજાણું કાંઈ? બનારસીદાસનો કળશ છે. એ કળશનો અર્થ છે. 'જ્ઞાન કળા જિસકે રે ઘટ જાગી,...' હું

આત્મા વિષય અને ઇન્દ્રિયો અને રાગથી ભિન્ન છું. અલિંગગ્રહણ છું. આહા..હા..! એવા આત્માનું ભાન, જ્ઞાન થયું. 'જ્ઞાન કળા જિસકે રે ઘટ જાગી, તે જગ માંહી સહજ વૈરાગી.' રાગ અને પરથી ધર્મીને તો વૈરાગ્ય છે. 'જ્ઞાની મગન વિષય સુખ માંહી, યહી વિપરીત સંભવે નાહી.' વિષયસુખમાં મગ્ન છે એમ સંભવે નહિ. પણ ક્રિયા સમીપ ન હોય એવી વાત નથી. જડ ન હોય સાથે? જડ તો જડને કારણે પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભરતેશ્વર ઘરમેં વૈરાગી. નથી આવતું? આવે છે કે નહિ? છન્નું હજાર સ્ત્રી અને ભરત વૈરાગી? રાત્રે... એ તો અમારા જેઠાભાઈ એમ કહેતા પહેલા. કે મોટા-મોટા રાજાના દાખલા આપે. નહિ ત્યાં અમરેલીમાં દાખલો આપ્યો હતો પહેલા વહેલા સાંભળવા આવ્યા ત્યારે. આ તો દૃષ્ટાંત છે. પુણ્યવંત પ્રાણી તો પૂર્વના પુણ્યને કારણે સંયોગ હોય, એ પૂર્વનું પુણ્ય પણ પોતાનું નથી, સંયોગ પણ પોતાનો નથી અને જે રાગાદિ ઉત્પન્ન થાય એ પણ પોતાના નહિ. આહા..હા..! જેમાં પોતાની બુદ્ધિ છે ત્યાં રાગાદિની ક્રિયા છે નહિ. એ કહે છે અહીંયાં. આહા..હા..! ભાઈ!

સુખબુદ્ધિ ઝેરમાં? હળાહળ ઝેર વિષયની વાસના. કાળા નાગનું ઝેર. શું કહેવાય એ એની લાળ? કાળો નાગ હોય છેને. આમ એક ફેરી એવો નાગ જોયો હતો જંગલમાં અમે ગયા હતા. એક નાગ એવો કોઈ જોયો નથી. જંગલમાં રહેતો. તળાવમાં પાણી પીવા આવેલો અને તળાવને થોરની વાડ. થોર નથી સમજતા? થોર. એમાં ચોમાસું હતું. હું એકલો ચાલ્યો જતો હતો બોટાદથી ઘણે દૂર. પાણીમાં પગ ન આવેને. જળ એકેન્દ્રિય જીવ છેને. તો જ્યાં પાણી ન હોય ત્યાં અમે દિશાએ ઘણે દૂર જાતા હતા. એમાં એક નાગ મોટો જબ્બર નાગ હોં. સાત-આઠ લાંબો હાથનો. એ પાણી પીતો હતો અને એનું સ્થાન ત્યાં હતું વાડમાં. તો મને જોઈને એવો ડરી ગયો કે એકદમ ઉછળીને વાડમાં ચાલ્યો ગયો. પણ મોટો નાગ, જબ્બર નાગ. કાળો મોટો... એને જોઈને રાડ નાખે એવો. મોટો નાગ. પહોળો એટલો, લાંબો એટલો. જંગલમાં જોયો હતો. અમે તો એકલા હતા ત્યારે. સમજાણું કાંઈ?

ધર્મીને રાગ વાસના ઉત્પન્ન થાય છે તે કાળા નાગ જેવી દેખાય છે. આહા..હા..! મીઠાશ નથી. મીઠાશ વઈ ગઈ આત્મામાં. વસ્તુ એવી છે. આહા..હા..! આ તો આવે તે આવે. તૈયાર તો છે નહિ. અહીંયાં તો જરી આ વિષય આવ્યોને એટલે અમારા હેમરાજજી આવ્યા તો થોડો વિષય આ જરી આવ્યો.

મુમુક્ષુ :- જ્ઞાનની કળાનો .. અમારા માટે કાંઈ...

ઉત્તર :- .. બધામાં છે. બધામાં પડી છે. ચૈતન્ય સૂર્ય મોટો પડ્યો છે. ભગવાન તો અનંત કેવળજ્ઞાનનો કંદ પડ્યો છે. સમીપમાં ભગવાન છે અને દૂર શોધવા જાય છે. આહા..હા..! વિકલ્પમાં શોધવું, નિમિત્તમાં શોધવું. આહા..હા..! સમજાણું કાંઈ? પત્થરના ડુંગરમાં ઉપર પડ્યો હોય. એકલા પત્થર એમાં પાણી શોધવું. ત્યાં ક્યાં પાણી છે? એમ ભગવાન આત્મા

શુભાશુભ રાગમાં શોધવું કે ત્યાંથી મળે. ત્યાં ક્યાં છે? રાગમાં તો અચેતનપણું છે. શરીરાદિ જડ તો અજીવ છે. અજીવમાંથી જીવસ્વભાવ ક્યાંથી આવે? સમજાણું કાંઈ? આહા..હા..! આઠ વર્ષની બાળિકા હોય અને સમ્યગ્દર્શન થાય. પછી લગ્ન કરે છે. પંડિતજી! લગ્ન નથી કરતી. એમ થયું એવો રાગ થયો. પોતાના આનંદની સાથે એ રાગનું જ્ઞાન કરે છે. એવી ચીજ છે, ભાઈ! અજર પ્યાલો ચૈતન્યની દૃષ્ટિમાં રાગનો અનુભવ જ્ઞાનીને છે જ નહિ એમ કહે છે. આત્મામાં નથી એનો અર્થ? આત્માનું સમ્યગ્દર્શન પામનારા જીવને એ રાગ અને વિષયનો અનુભવ છે નહિ. આહા..હા..! કેટલી વાત કરે છે! સમજાણું કાંઈ?

અરે..! જેણે દૂધપાક ખાધો હોય અને દૂધપાકનો સ્વાદ લીધો હોય એ કુચા-કુચા-જુવારના ફોતરા, એ ફોતરાનો સ્વાદ લે છે એ? સમજાણું કાંઈ? એ જુવાર હોય છેને જુવાર. જુવારમાં ધોળી જુવાર કરતા લાલ જુવાર થાય છે એક. લાલ જુવારના ફોતરા બહુ ફીક્કા હોય છે. ધોળી જુવારના ફોતરામાં તો કાંઈક થોડી મીઠાશ પણ હોય. ફોતરા-ફોતરા હોય છેને. અમને તો ઘણા અનુભવ થઈ ગયા છેને. ૭૬ની સાલમાં અમે વિરમગામ ગયા હતા. ૭૬ની વાત છે. ૪૯ વર્ષ. તો ગામડામાં ગયા હતા વિઠ્ઠલગઢ. વિઠ્ઠલગઢ છે. ગયા હતા ત્યાં. ત્યાં તો અમારે નિર્દોષ આહાર લેવાનો હોય. અમારે માટે બનાવેલો હોય એ તો કદી લેતા નહિ. રોટલી, પાણી એક બિંદુ પણ બનાવ્યું હોય તો લેતા નહિ. ત્યાં તો વાણિયાના ઘર નહોતા. ભિક્ષા લેવા ગયા હતા. અમે એક વખત ગયા હતા. ..હતાને એ જાતા. રાતી જુવારના ફોતરાના રોટલા મળ્યા. એ પણ અમે ખાતા હતા. છાશ મઠ્ઠો. છાશ. સમજાણું કાંઈ? પણ મીઠાશ છે એમાં? એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો સમકિતીએ સ્વાદ લીધો છે. એને વિકારના ફોતરા શુભાદિ હોય એનો સ્વાદ એને દેખાતો નથી. એમાં સ્વાદ માનતા નથી. આહા..હા..! કહો, શેઠી! એવી વાત છે. શેઠી કહે, થોડું લ્યો હજી. આહા..હા..!

રાજકુમાર હોય છે સમકિતી. જેના ઘરમાં-મહેલમાં નીલમણિની લાદી હોય છે. નીલમણિની લાદી. આ લાદી નહિ, એકલી નીલમણિની લાદી. સમજાણું કાંઈ? અને પદ્માણી જેવી સ્ત્રીઓ અને જ્યારે અંદરમાં સમ્યક્ ભાન થયું. ભાન થયું એ જ કાળે બધો ભાવ ઉડી જાય છે. ઓહો..હો..! મારી ચૈતન્ય ઋદ્ધિ આગળ આ શું છે? રાગ ઝેર છે, સ્ત્રીઓ પર છે. અને જ્યારે દીક્ષા લેવાનો વૈરાગ્ય થાય છેને. 'માડી મોરી રે ક્ષણ રે લાખેણી રે જાય માડી મોરી રે.' હે માતા! મારા આનંદના સ્વાદની આગળ આ સમય મારો માતા! ચાલ્યો જાય છે. માતા! રજા આપો. હું જંગલમાં જઈને આત્માના આનંદનો વિશેષ સ્વાદ લઉં. સમજાણું કાંઈ? કે આ સ્વાદ છેને? અરે..! બેટા! ૩૨-૩૨ હજાર-હજાર રાણીઓ પદ્માણીઓ આમ જોવે તો તારું મોઢું જોઈને રાજી થાય છે અને તને કેટલો પ્રેમ કરે છે. માતા! મને આત્મા સિવાય ક્યાંય ચેન નથી પડતું. સમજાણું કાંઈ? જનેતા! એકવાર રજા દે. ફરી જનેતા નહિ કરું જા કહે. ફરીને માતા નહિ કરું, બા! એકવાર તો રજા દે. એકવાર રોઈ લે રોવું હોય

તો. બીજી મા નહિ કરવું હવે. અમારા આનંદના સ્વાદના અનુભવ કરવા માટે વનવાસમાં ચાલ્યા જઈએ છીએ. એનું નામ સાધુપદ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાંથી જ્યાં રાગની મીઠાશ ઉડી ગઈ, તો મુનિ જ્યાં થયો.. આહા..હા..! પ્રચુર સ્વસંવેદન છે. સમજાણું કાંઈ? એ ખાય છે એમ દેખાય છેને. કહે ના, એ જાણે છે. આહાર લેવાનો વિકલ્પ આવ્યોને? કહે ના એ તો જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે આત્મા એને કહીએ કે પાંચ ઇન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. અર્થાત્ સમકિતી એને કહીએ કે જે પાંચ ઇન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. એનો અર્થ એ કે રાગ અને પર ઇન્દ્રિયનો સ્વામી ન થતાં સ્વભાવના સ્વામી(પણા)માં પડ્યો છે એ પંચેન્દ્રિયનો ભોક્તા છે નહિ. એનો એ અર્થ છે. લોકો એમ કહે કે લ્યો આ તો છૂટી જાય. જ્ઞાનં ફલં વિરતી. ભાઈ! એમ કહે છેને પાછા? આ એમ કહે છે માળા. એય..! આવે છે કે નહિ? પણ વિરતી. એ માની વિરતી. આહા..હા..! અરે..! માણસને કાંઈકના કાંઈક મિથ્યાત્વ શલ્યે ક્યાંય પડ્યા છે. વિરતીનો અર્થ કે અંદરમાં પહેલા વિરક્ત દશા થઈ ગઈ. દૃષ્ટિમાં જ્યાં અનુભવ થયો ત્યાં રાગથી વિરક્ત થઈ ગયો, રાગથી વિરક્ત થઈ ગયો. એ આવે છેને પુણ્ય-પાપ અધિકારમાં નહિ? પુણ્ય-પાપના વિકલ્પથી વિરક્ત થયો એનું નામ વૈરાગ્ય છે. બાયડી, છોકરા છોડ્યા અને ઉદાસ થઈ ગયો અને ચાલ્યો ગયો એ તો સ્મશાન વૈરાગ્ય છે. સમજાણું? એ ક્ષણિક વૈરાગ્ય છે, કૃત્રિમ છે. શુભ અને અશુભ જે વિકલ્પ છેને રાગ એનાથી ખસી ગયો છે, વિરક્ત થયો છે, વિરક્ત થયો છે. આત્મામાં રક્ત થયો છે, પુણ્ય-પાપથી વિરક્ત થયો છે. એનું નામ વૈરાગ્ય કહેવામાં આવે છે. કહો, દેવીલાલજી! એવી વાત છે, ભાઈ! આ કાંઈ પોપાબાઈના રાજ નથી કે સાધારણ માણસ સમજી અને માની લે. આહા..હા..! હવે અમે પણ એમ માનીશું. જુઓ, ઇન્દ્રિયનો ભોગ ઇન્દ્રિય કરે છે. મીઠાશ છે કે નહિ તને? મરી જઈશ માળા! ઇન્દ્રિય ઇન્દ્રિયનો ભોગ કરે અમારે કાંઈ નથી. મરી જઈશ. પોપાબાઈના રાજ અહીંયાં નથી. મરી જઈશ મિથ્યાત્વ કરીને, નિગોદમાં જઈશ. સમજાણું કાંઈ? એવો ઇન્દ્રિયનો ભોક્તા આ પ્રકારે નથી. જેમ આત્મા, એમ સમકિતી પણ છે નહિ. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૨, શુક્રવાર, તા. ૨૯.૦૮.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૨ થી ૧૪, પ્રવચન-૨૪૯**

આ પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન. અલિંગગ્રહણ ચાલે છે અલિંગગ્રહણ. બાર બોલ ચાલ્યા છે બાર. એ વસ્તુ એવી છે કે વ્યવહારપક્ષવાળાને આ વાત એટલી બધી આકરી લાગે છે. વિરોધ છે વિરોધ.

મુમુક્ષુ :- .. વિરોધ હોય જ.

ઉત્તર :- હોય જ તે. વાત સાચી તમારી. આ એકલો નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચય... જૈનદર્શનમાં વ્યવહાર છે જ નહિ? એમ કહે છે. ભાઈ! વ્યવહાર છે, પણ વ્યવહાર આત્માના સ્વભાવમાં નથી. વ્યવહારને નિશ્ચયથી ચૈતન્યથી ભિન્ન અચેતનભાવને વ્યવહાર કહ્યો છે. એ અચેતન (એટલે) શરીરની ક્રિયા નહિ. આહા..હા..! એ લોકોને ..અણુવ્રત ને મહાવ્રત ને એ બધા પરિણામને જડ કહે, પુણ્ય કહે, હેય કહે, અરર..! તો ધર્મ રહેશે શી રીતે? એમ કહે છે લોકો. શ્રાવક અને મુનિનો ધર્મ તો એ છે. અરે..! ભાઈ! એમ નથી. તે સાંભળ્યું નથી. સમજાણું કાંઈ? એ તો વિકલ્પ છે, રાગ છે ભાઈ! એ શુભરાગ એ દુઃખદાયક અનુભવ છે, રાગની આકુળતા છે. એ આકુળતા એ કાંઈ ધર્મ છે? આહા..હા..! ૧૨માં કહ્યુંને? આત્મા તો વિષયનો ભોક્તા નથી. હવે આ વાત..

મુમુક્ષુ :- ખાવું, પીવું ને ભોક્તા નથી?

ઉત્તર :- ખાય કોણ? પીવે કોણ? ભાઈ! એ બધી પરમાણુઓની પર્યાયને કાળે પરમાણુ થાય એ પણ બેસતું નથી. ક્રમબદ્ધ હોય નહિ. એનો પણ વિરોધ... વિરોધ... વિરોધ... જૈનદર્શનમાં આજે આવ્યુંને ઈ. ભરાણી છેને, સભા ભરાણી છેને દિલ્હી આગ્રા. .. સભા ભરાણી છે. આ વાત.. ચૈતન્ય વસ્તુ આનંદ અને જ્ઞાનની મૂર્તિ શું છે? એમાં તો વિકલ્પનો અભાવ છે આસ્રવનો અને જડનો અભાવ છે, ભાઈ! એ અભાવસ્વભાવરૂપ આત્મા છે એનો અંતર અનુભવ કરવો એ ધર્મ અને શાંતિ છે. આહા..હા..! શું કહે? વ્યવહારવાળાને તો અમારો ધર્મ ઉડી જાય છે... ઉડી જાય છે... ભાઈ! એ વસ્તુ. એને ભગવાને તો આત્માના સમ્યક્ અનુભવની દૃષ્ટિ વિનાના વ્રત ને તપને તો બાળતપ અને બાળવ્રતની ઉપમા દીધી છે. મૂર્ખાઈ ભરેલા વ્રત છે ભાઈ! તારા... નથી.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં ...

ઉત્તર :- બાળતપ છેને. શાસ્ત્ર એકલા ભણે તોપણ શું છે? અંદર આત્મા જે જ્ઞાનનો ભંડાર, જેનો સ્વભાવ જ એકલો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એવા સ્વભાવમાં અપરિમિત

સ્વભાવમાં દૃષ્ટિ આપતા જે જ્ઞાન પ્રગટે તે આનંદવાળું જ્ઞાન, એને જ્ઞાન કહેવામાં આવે છે. એને જ્ઞાન હોય. ... અને ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદસ્વરૂપ એની અંતરમાં દૃષ્ટિ દેવાથી જે જ્ઞાનની શક્તિમાંથી વ્યક્તતા અંતરમાંથી આવે છે. એવા જ્ઞાનની દશા જેમાં આત્માની શાંતિ સાથે છે, આનંદ સાથે છે. શાંતિનો અર્થ સ્વરૂપનું આચરણ. સમજાણું કાંઈ? આજે એ આવ્યું છે રતનચંદજીનું. અરે..! ભગવાન! એ તો બધા ચોથા ગુણસ્થાને સ્વરૂપાચરણ માને તે મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- એમાં એમ લખ્યું છે કે ન માને તે મિથ્યાદૃષ્ટિ છે.

ઉત્તર :- પણ ભગવાને એમ કહ્યું છે કે સ્વરૂપાચરણ નથી. સ્વરૂપાચરણ તો અગિયારમે, આઠમે ગુણસ્થાને અગિયારમે હોય. અરે..! ભાઈ! પહેલા પણ લખ્યું હતું, આજે પણ આવ્યું છે. ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ? મિથ્યાદૃષ્ટિ છે. કહો, બ્રહ્મચારીજી! એમ કહે છે, ભાઈ! આહા..હા..! અરે..! ભગવાન! એને અનંતાનુબંધીના વેદનમાં, અનંતાનુબંધીના વેદન રહિત શું છે એ તને ખબર નથી, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? અનંતાનુબંધી કષાયનું જ્યાં વેદન છે અને એ વેદનમાં શાસ્ત્ર આદિની વાત કરે તો એમાં શાંતિ છે એ તો ભાસતું નથી. આહા..હા..! એ શાંતિ ભાસતી નથી તો અનંતાનુબંધીનો અભાવ થતાં આત્મામાં સ્વરૂપની શાંતિ થાય છે એ ખબર પડે નહિ. ડોક્ટર! અરે..! આમાં વાદવિવાદનો વિષય નથી, ભાઈ! ડોક્ટરને .. થાતું નથી. ડોક્ટર બરાબર પકડે છે. કેમ ડોક્ટર! .. ન્યાયથી વાત છેને. ન્યાયથી છે. આમાં ક્યાં કોઈ પક્ષની વાત છે? આ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. લ્યો એનો પણ ઘણો વિરોધ કર્યો છે. એ તો, કર્મથી આત્મામાં કાંઈ થતું જ નથી એમ કહે છે. વિકાર પોતાથી થાય છે... પોતાથી થાય છે... પોતાથી થાય છે... પોતાથી થાય તો સિદ્ધને કેમ નથી થતું?

મુમુક્ષુ :- એને પૂછી જુઓ.

ઉત્તર :- એવો પ્રશ્ન કર્યો છે જુઓ, અરે..! ભગવાન! એ તો બાળબુદ્ધિ પણ કહે. આહા..હા..! સમજાણું કાંઈ? નરકમાં જાય છે તો પોતાની યોગ્યતાથી જાય છે. નરકગતિને કારણે નરક આયુષ્ય નથી. ભાઈ! એમ જ છે. પોતાની પર્યાયની સ્વતંત્રતા સમયે સમયે જે ક્રિયા આદિની થાય છે એનું પરિણમન કરીને અહીં ગતિ કરીને જાય છે. સમજાણું કાંઈ? ગતિ આદિ કર્મ કે આયુષ્ય કર્મ તો નિમિત્ત છે. નિમિત્તથી જાય છે? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ આ તો નિમિત્તથી કહે છે એ પણ નિમિત્તથી કહે છે એમ. નરકનું આયુષ્ય છે એ નરકમાં લઈ જાય છે. આહા..હા.. ભાઈ! આ વસ્તુનું સ્વરૂપ એવું વીતરાગે કહ્યું નથી અને એવું વસ્તુનું સ્વરૂપ હોય જ નહિ. આહા..હા..! જન્મ-મરણ ટાળવાના કાળ, અરે..! ચોર્યાસીના અવતારમાં રખડતો પ્રાણી દુઃખી-દુઃખી. મિથ્યાત્વભાવથી દુઃખી છે. અરે..! પ્રતિકૂળ

સંયોગથી દુઃખી નથી. વસ્તુની સ્થિતિ એની વિપરીત માન્યતા તત્ત્વાર્થ શ્રદ્ધાનથી વિપરીત ભાવ એ સંસાર, એ દુઃખ અને ઝેર છે. એમાંથી નીકળવું એને .. આહા..હા..!

એ અહીંયાં કહે છે. જુઓ, બારમામાં આવ્યું. કાલે તો ખુબ ચાલ્યું હતું. ભાઈ અમારે હેમરાજજીનો પ્રશ્ન હતોને ઈ. ... ગયા હતા તો. રાત્રે કરે. રાત્રે થઈ શકે. એમ નથી કે અમારાથી કેમ થાય? પુસ્તક .. પ્રશ્ન ઉઠે છે. સાધારણને પણ પ્રશ્ન ઉઠે છે. એ તો ..વાત ઝીણી વાત છે. બારમામાં તો એમ આવ્યું કે આત્મા વિષયોનો ઉપભોક્તા નથી. હવે અહીંયાં ત્યારે કહે કે ઉપભોક્તા કોણ જડ છે? એમ કહે કોઈ પ્રશ્ન એમ કરે. ભગવાન આત્મા વિષયો તો પર છે, પણ એમાં ભોક્તાનો ભાવ છે એ પણ વિકારભાવ છે. તો એ વિકારભાવ એ પર છે. જે આત્મા છે એ વિષયનો ભોક્તા થઈ શકતો જ નથી. આહા..હા..! જેમ આત્મા નથી થઈ શકતો એનો અર્થ, સમ્યગ્દૃષ્ટિ આત્મા છે (તેથી) એ સમ્યગ્દૃષ્ટિ પણ વિષયોનો ભોક્તા નથી. શેઠ! આવી વાત છે, ભાઈ! પણ એ તો રાગ આવે એને જાણે છે. પોતામાં છે જ નહિ. હું તો શુદ્ધ આનંદ છું. એવું દૃષ્ટિમાં.. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈ લે નહિ, ભાઈ! એ તો વ્યવહારનું કથન. લે કોણ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને મેળવીને .. દૃષ્ટિનો વિષય.. કાંઈ ભોગ નિર્જરાનો હેતુ નથી ખરેખર તો. એ તો અશુભભાવ છે. સમજાણું? પણ આત્મા શુદ્ધ આનંદકંદનો સ્વાદમાં એની દૃષ્ટિની અધિકતા-પ્રધાનતાનું ફળ બતાવવા તે અશુભભાવને પણ નિર્જરાનું (કારણ) કહે છે. છે તો એ બંધનું જ કારણ. સમ્યગ્દૃષ્ટિનું અશુભ તો બંધ છે, શુભ બંધનું કારણ છે તો અશુભ તો બંધનું કારણ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ બંધનું કારણ છે, એ તો શુભ છે. એ પણ લીધું છે. અહીંના વિરોધના ઘણા પ્રશ્નનો સંગ્રહ કર્યો છે. પુણ્યફળા અર્હંતા. પુણ્યફળથી ... અરિહંત હોય છે અને એ પુણ્યને હેય બતાવે છે. અરે..! ભગવાન! તને તત્ત્વની ખબર નથી, ભાઈ! ઉપાદેય માને રાગને એ તો મિથ્યાદૃષ્ટિ છે. એને તો તીર્થંકરગોત્રનો ભાવ .. એને હોતો જ નથી. સમ્યગ્દૃષ્ટિને હોય છે. જેને હેયબુદ્ધિ છે એને ભાવ આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી બીજું. પુણ્યના ફળમાં અરિહંત હોય અને વાણી નીકળે, દિવ્યધ્વનિ નીકળે, જગતનું કલ્યાણ થાય, અનંતા જીવોની મુક્તિ થાય. અરે..! ભાઈ! મુક્તિ તો પર્યાયની થાય છે, ભાઈ! એ ચીજ વાણી આદિ તો નિમિત્ત છે. વાણીથી થાય તો બધાને થવું જોઈએ. એમ છે નહિ. શું થાય? એવા ઉંધા રસ્તા ચડી ગયા છેને અનાદિથી. એને પાછું ફરવું કઠણ પડે છે અંદરમાં.

અહીં કહે છે કે આત્મા એને કહીએ અને આત્મા માનનાર એને કહીએ, આત્મા એને કહીએ અને આત્મા માનનાર એને કહીએ કે જેને જડ વિષયોનો તો સંસર્ગ છે નહિ, પણ વિષયોમાં જે રાગાદિ આવે એનો પણ આત્મા ભોક્તા નથી, આત્માનો અનુભવ માણનારો પણ ભોક્તા નથી એમ કહે છે. આ .. કહ્યુંને. છન્નું હજાર સ્ત્રીમાં પડેલો દેખાય, લડાઈમાં પડ્યો દેખાય. ભગવાન! શું જોયું તે? એનો આત્મા શું કરે છે એ તે જોયું છે? એથી આત્મામાં શું થાય છે એ તે જોયું છે? એ બાહ્યની ક્રિયા તું જોવે છે. જડની, પરમાણુની પર્યાય થાય છે એને જોવે છો. અને એમાં કદાચિત્ પર તરફનો રાગ હોય તો એટલો સંબંધ જોવે છે, પણ રાગરહિત અંદર શું ચીજ છે? રાગથી ભિન્ન પોતાનો અનુભવ કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-..

ઉત્તર :- આ તો ચોથા ગુણસ્થાનની વાત છે. એવી વાત છે. સમજાણું કાંઈ? શ્રીફળ હોય છે કે નહિ? નાળિયેરનું દૃષ્ટાંત ઘણીવાર દઈએ છીએ. શ્રીફળ-નાળિયેર. શ્રીફળનો ધોળો ગોટો કોને કહીએ? કે એ તો બહારના છાલા છે એનાથી રહિત છે. છાલા હોય છેને ઉપરના? શું કહે છે? અને એ કાચલી છે એનાથી ભિન્ન છે અને કાચલીકોરની ઓલી રાતડ હોય છે રાતી છાલ ઝીણી-પાતળી, એનાથી પણ ધોળો ગોળો ભિન્ન છે.

મુમુક્ષુ :- ભિન્ન કરે તો ભિન્નને?

ઉત્તર :- ભિન્ન છે જ. એ તો માનતા નથી. એ માને, ન માને એનો અર્થ શું? સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા, આ શરીર ઉપરના છાલા છે એનાથી ભિન્ન છે. અને આઠ કર્મ કાચલી છે. કાચલી સમજ્યા એ કઠણ? એનાથી ભિન્ન છે. અને પુણ્ય-પાપનો ભાવ એ રાતડ જેવી ફોતરા-છિલકા છે. એનાથી પણ ભિન્ન છે. સફેદ આનંદનો ગોળો શુદ્ધ અને આનંદસ્વરૂપ. સફેદ એટલે શુદ્ધ, મીઠાશ એટલે આનંદ. એ તો શુદ્ધ જ્ઞાન અને આનંદનો કંદ એને આત્મા કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! ભગવાન! આ અનંતકાળમાં માંડ વખત મળ્યો. મનુષ્યપણે બહાર આવ્યો નિગોદમાંથી નીકળીને. ભાઈ! આ વસ્તુ કરવા જેવી છે. એના ઉપર જો દૃષ્ટિ નહિ કરે, આહા..હા..! ક્યાંય ચાલ્યો જઈશ, ભાઈ! દુનિયાને જોવા માગશે, દુનિયામાં રોકાઈશ તો બાપા! સમય ચાલ્યા જાય છે. આયુષ્યની સ્થિતિ છે એમાં કોઈ એક સમય વધવાની નથી. એની તકરાર લીધી છે, અકાળ મૃત્યુ માનતા નથી. બધું લીધું છે. હવે સાંભળને ભગવાન! ભાઈ! તને શું થયું છે? કોઈ દિવસ ત્યાગ કરવો નહિ અને પૈસાથી કામ લઈને, શેઠાઈ લેવી મોઢા આગળ. ..એવું લખ્યું છે. અરે..! ભગવાન! શું કરે છે?

અહીં કહે છે, ભગવાન આત્મા સફેદ નામ શુદ્ધ, આનંદ નામ અતીન્દ્રિય રત્નથી ભરેલો છે એ આત્મા. જેમ શ્રીફળમાં સફેદ અને મીઠાશથી ભરેલો ગોળો એ શ્રીફળ. ઝીણી લાલ

છાલ એ તો... ટોપરાપાક કરે તો કાઢી નાખે છે કે નહિ ખમણીને કે રાખે છે? એમ જેણે આત્માનું કલ્યાણ કરવું હોય અને એ પુણ્ય-પાપની છાલ ઘસી નાખવી. પોતામાં છે નહિ. પહેલે દૃષ્ટિથી ઘસી નાખવું. મારામાં છે જ નહિ. મારામાં તો શુદ્ધ આનંદ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ કર્યા વિના આત્મા આનંદ અને શુદ્ધ છે એનો અનુભવ નહિ થાય. જ્યાં સુધી વિષયના ભોગવામાં રસ પડે છે, વિષયોમાં રસ પડે છે અથવા વિષય સંબંધી રાગ જે આવે છે એમાં મજા લાગે છે તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ફતેહચંદજી!

મુમુક્ષુ :- પુણ્ય-પાપનો તો ભોક્તા છેને?

ઉત્તર :- ભોક્તા એ મિથ્યાત્વને ભોગવે છે. રાગની મીઠાશ કરે છે એ મિથ્યાત્વનો અનુભવ કરે છે એમ કહે છે. ભગવાન આત્માના રસનો અનુભવ એને નથી. સમજાણું કાંઈ? 'કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક હું, અપને રસ સો ભર્યો અનાદિ ટેક હૂં. મોહ કર્મ મમ નાહીં, નાહીં ભ્રમ કૂપ હૈ.' એને કૂપ કીધો હોં. 'શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' ... આહા..હા..! 'કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક હું.' સદા હું ત્રિકાળ એક છું. 'અપને રસ સો ભર્યો અનાદિ ટેક હું.' પોતાના આનંદ રસમાં ભર્યો અનાદિ એ રીતે હું રહ્યો છું. 'મોહ કર્મ મમ નાહીં, નાહીં ભ્રમ કૂપ હૈ.' એ મોહકર્મ અને રાગાદિ (મારા) નથી. એ તો ભ્રમણા-ભ્રમણાનો કૂવો છે. કૂવો-કૂવો કહે છેને? 'મોહકર્મ મમ નાહીં, નાહીં ભ્રમકૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' એ વાત અહીંયાં કહે છે બારમામાં.

ભગવાન આત્મા વિષયોનો ભોક્તા નથી. ઇન્દ્રિયો જડ છે એના પ્રવર્તનમાં તો આત્મા આવતો જ નથી. અને પ્રવર્તનને કાળે જે પરસંબંધી રાગ-મીઠાશ આવે છે વિકાર એ આત્મા નથી. સમજાણું કાંઈ? એ રાગની મીઠાશથી પાર ભગવાન અનાકુળ જ્ઞાન અને આનંદમૂર્તિ એ પોતાના આનંદને ભોગવે એ આત્મા અને આનંદનો ભોગવતો એ આત્માને માનનારો જ્ઞાની. સમજાણું કાંઈ? વાત તો એવી છે, ભાઈ! આત્મા '**લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા...**' ત્યારે કોણ જડ ભોગવે એમ પ્રશ્ન થાયને માણસને? અરે..! ભાઈ! અહીંયાં એ વાત છે નહિ. એક છોકરાઓ કોક કહેતા હતા. કોણ ખાય છે? જડ ખાય છે. પણ જડ પણ ખાતો નથી અને આત્મા પણ ખાતો નથી. ખાય કોણ? શું પરમાણુ ખાય? કોના? પરમાણુને પરમાણુ ખાય? એમ આવેને કે આત્મા ખાતો નથી, તો જડ ખાય.

મુમુક્ષુ :- કોઈ ખાનાર તો જોઈએ.

ઉત્તર :- કોઈ ખાનાર તો જોઈએ. એ તો 'ખાવું' એમ શબ્દ છે. પર્યાય પરમાણુમાં પરમાણુની પર્યાય વર્તે છે, આત્મામાં આત્માની પર્યાય વર્તે છે, તો આત્મા કોને ખાય અને પરમાણું કોને ખાય? આહા..હા..! એવી વાત છે. સમજાણું કાંઈ? એમ આત્મા શું રાગનો અનુભવ કરે? તો અહીં તો કહે છે કે જે કાંઈ એકલો રાગનો અનુભવ કરે એ આત્મા નથી, મિથ્યાદૃષ્ટિ છે લ્યો એમ કહે છે. સમજાણું કાંઈ? એકલા રાગનો, શુભ કે અશુભ રાગનો

ભોક્તા થાય એ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે પોતાના આનંદ સ્વભાવનો તો અનાદર કરીને વિકારી પરિણામમાં મજા અને સુખબુદ્ધિ થઈ એ જ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? જ્ઞાનીની વિષયોમાં સુખબુદ્ધિ હોતી નથી. આહા..હા..! ભારે વાતું! એ પરમસત્યની વાત સાંભળતા પણ કાયરોના કાળજા કંપે એવી વાત છે. સમજાણું કાંઈ? અહીં કહે છે કે ઓહો..હો..! **'વિષયોનો ઉપભોગ નથી...'** ત્યારે કોણ ભોગવે છે? કોઈ ભોગવતું નથી. રાગાદિ આવે એને જ્ઞાની જાણે છે. બધી ક્રિયા થાય છે એ જ્ઞેય તરીકે જ્ઞાની જાણે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પરમાણુ છે એ તો એ ક્ષેત્રાંતર થયું એ .. બતાવે છે. જડની પર્યાય છે ક્ષેત્રાંતર એ પ્રમાણે સ્કંધની અવસ્થા પોતાથી પર્યાય બને છે. એનો આત્મા કર્તા છે નહિ અને એમાં જે રાગ થયો એ જ્ઞેય હતું. એ રાગ ઉપર દૃષ્ટિ રહે અને રાગને વેદે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! પણ એ રાગરહિત ચૈતન્ય ભગવાન આત્મા છે એવી દૃષ્ટિ રાખીને આત્માના જ્ઞાનનું, આનંદનું વેદન કરે, રાગ આવ્યો એને જ્ઞેય તરીકે જાણે, એણે આત્મા માન્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગ છે ભાઈ! એ પણ રાગ છે, આનંદ નથી. એ તો પ્રશ્ન આવ્યો છે. ભગવાનની ભક્તિમાં ભઠ્ઠી છે કષાયની? તો શું છે? એ સોગાનીનો પ્રશ્ન છેને? સોગાની થયાને નિહાલચંદજી. એણે થોડી વાત ખુલ્લી મૂકી. વાત તો એમ જ છે. ભાઈ! ભગવાનની ભક્તિમાં પણ રાગ આવે છે ઈ છે તો ભઠ્ઠી. કષાય છેને? અશુભભાવ તીવ્ર ભઠ્ઠી છે, શુભ મંદ ભઠ્ઠી છે. કષાય રહિત ભગવાન શાંતિની ખોજ અંદરમાં કરે છે તો શાંતિ નીકળે છે. તો શું શુભરાગમાં શાંતિ છે? આવે ખરો ભેગો. આવે એ તો જુદી (વાત). પાપથી બચવા એ સમયે શુભભાવ આવે બરાબર છે. આવે છે તો એ શાંતિ છે (એમ નથી). દયા, દાનનો ભાવ તો આવે છેને? દયા, દાન, ભક્તિ, પૂજા, હોય, પણ એ રાગ છે, એ આસ્રવ છે, ભાવબંધ છે, આકુળતા છે. એવી દૃષ્ટિ કર્યા વિના એની તત્ત્વદૃષ્ટિ સાચી હોતી નથી. આહા..હા..! કોણ આપે માન અને કોણ આપે અપમાન? બહારમાં ક્યાં સુખ છે? પોતે આનંદથી ભરેલો છે એને માને નહિ અને અહીંયાં બહારમાં આનંદ સ્ત્રીથી આવશે, પૈસાથી આવશે, આબરૂથી સુખ થશે, મકાનથી સુખ થશે. તો .. એમ માને તો આપણે આ છોડી દીધું. તો આપણે વિષયનો ત્યાગ કર્યો. પણ પરને છોડું એમ માનવું એ મિથ્યાત્વ છે. શું છોડે? શું તારામાં એ ચીજ ગરી ગઈ હતી? છોડવું શું છે? એ તરફની રુચિ છોડીને અને રાગની રુચિ છોડીને સ્વભાવની દૃષ્ટિ કરવી એ કરવું છે. એને ઠેકાણે કહે, જુઓ ભાઈ! પાપ હતુંને એમાં? વિષય .. સ્ત્રી, કુટુંબ છોડી દીધું. મકાન, ધંધો, દુકાન છોડી દીધો. છોડ્યું શું? તારામાં હતું તે છોડ્યું? એ તો બહારમાં કામ થતું હતું. તારાથી કામ એમાં થતું નથી.

તો આત્મામાં શું પરનો ગ્રહણ-ત્યાગ છે? પરને ગ્રહ્યો છે તો ત્યાગ કરે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પણ નથી ખરેખર તો. સ્વભાવની તરફની દૃષ્ટિ એકાગ્ર થઈને ઇચ્છા ઉત્પન્ન થતી નથી એને ઇચ્છાનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ ૩૫મી ગાથામાં છે નહિ? સમયસાર. ૩૪માં છે. આત્મા પરમાર્થે રાગનો ત્યાગ કર્તા પણ છે નહિ. આહા..હા..! ગ્રહણ તો કરતો નથી. આહા..હા..!

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એ રાગને શું પકડે? અને રાગને શું છોડે? એ તો આનંદસ્વરૂપ અને જ્ઞાનની મૂર્તિ છે. એવું અંતર ભાન થયું તો જેટલો અંદર સ્થિર થાય છે એટલી રાગની ઉત્પત્તિ નથી થતી, એટલો રાગ છોડ્યો એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ બારમો થયો.

તેરમો હવે. '**લિંગ દ્વારા એટલે કે...**' અડધો કલાક થઈ ગયો? '**લિંગ દ્વારા એટલે કે...**' આ તો થોડી ધૂન મગજમાં હતીને ઓલી. '**મન અથવા ઇન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી તે અલિંગગ્રહણ છે;...**' ઓહો..હો..! પાંચ ઇન્દ્રિયો અને મન, વચન અને કાય અને શ્વાસ અને આયુષ્ય એવા દશ પ્રાણ છે. એનાથી આત્મા જીવતો નથી. એનાથી આત્માનું જીવન નથી. સમજાણું કાંઈ? '**આ રીતે આત્મા શુક્ર...**' રજ. માતાના પેટમાં જે લોહીનું બિંદુ અને વીર્યનું બિંદુ એ પકડીને આત્મા ઉત્પન્ન થયો છે એમ નથી. સમજાણું કાંઈ? આત્મા એને કહીએ કે જે પાંચ ઇન્દ્રિયો, અતીન્દ્રિયથી ભિન્ન ઇન્દ્રિયો, આયુષ્ય, અક્ષય સ્થિતિથી ભિન્ન આયુષ્યની સ્થિતિ હતી. આ જડની પહેલી લ્યો પછી અંદર અશુદ્ધતા. દશ પ્રાણ જે જડ છે-પાંચ ઇન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસ અને આયુષ્ય એ તો જડની પર્યાય છે. તો શું એનાથી આત્માનું જીવન છે? સમજાણું કાંઈ? 'જીવો અને જીવવા દ્યો.' લ્યો! 'મહાવીરનો સંદેશ' 'જીવો અને જીવવા દ્યો.' ભગવાન કહે અમારો સંદેશ એવો છે જ નહિ. જીવો શું? આયુષ્યથી જીવે એ જીવન? અહીં તો ના પાડે છે. પાંચ ઇન્દ્રિય અને મન, વચન, કાયા અને આયુષ્ય અને શ્વાસ દશ પ્રાણ એનાથી જીવવું એ આત્માની ચીજ છે જ નહિ. આહા..હા..! ગામ જ્યાં સ્વાગત થાયને ત્યારે સામા બોલે એવું. મહાવીરનો સંદેશ. કીધું, આને કાંઈ ભાન ન મળે, મહાવીર સંદેશ શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમાં લખે. જીવો અને જીવવા દ્યો. અહીં પરમાત્મા સર્વજ્ઞદેવ આત્માનું જીવન શું છે એ બતાવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુદ્‌ગલની પર્યાય છે. મન છે અહીંયાં. આ વાણી છે, શરીર છે, આયુષ્ય

છે. પાંચ ઈન્દ્રિયો ... એ પુદ્ગલની હયાતીથી આત્માનું જીવન છે? ચેતનજી!

મુમુક્ષુ :- બેય મળીને...

ઉત્તર :- બેય મળીને એ તો નહિ, પણ અંદર પર્યાયમાં જેટલી અશુદ્ધ યોગ્યતા, ઈન્દ્રિયથી જીવનની યોગ્યતા, મન, વચન, કાયાના લક્ષે જીવનની યોગ્યતા, અશુદ્ધ ભાવપ્રાણથી યોગ્યતા- એ પણ આત્મા નથી. એ આત્માનું જીવન નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાનનો ક્ષયોપશમ જ...

ઉત્તર :- એ ક્ષયોપશમ પરના લક્ષે અશુદ્ધ છે. મન છે તો એટલી યોગ્યતા છે ત્યાં. સમજાણું કાંઈ? મન, વચન અને કાયાનું બળ. એ તરફનું બળ છે એ આત્માનું અનંત- અનંત ગણું બળ એનાથી અનંતમા ભાગે એક પર્યાય બળ વીર્યની છે. એ પણ ખરેખર પોતાના સ્વરૂપમાં છે નહિ. પર્યાય બુદ્ધિવાળામાં છે એમ કહે છે અહીંયાં તો. આહા..હા..! સમજાણું કાંઈ? પાંચ ઈન્દ્રિય, મન, વચન અને કાયા ત્રણ બળ અને આયુષ્ય, શ્વાસ. એ તો જડ દશ છે. દશથી આત્માનું જીવન છે જ નહિ. દશથી આત્મા જીવે એમ છે જ નહિ. એક વાત. અને દશ તો નિમિત્ત છે, પણ પોતાની યોગ્યતામાં એવું હોય, પાંચ ઈન્દ્રિયનો ખંડ-ખંડરૂપ ભાવ અને મન, વચન અને કાયામાં બળ જે અનંતગણુ બળ એમાં અનંતમા ભાગના વીર્યની પર્યાયનો અંશ છે. ... અને શ્વાસ અક્રિય ભગવાન એમાં શ્વાસની ક્રિયા ચાલે છે એની યોગ્યતા એવી છે શ્વાસમાં નિમિત્તરૂપ. પોતાની પર્યાયનું ઉપાદાન શુદ્ધ અને આયુષ્ય અક્ષય સ્થિતિનું એમાં ખંડ કરીને એટલું રહેવું એવી યોગ્યતા પોતાની પર્યાયમાં. એ પણ અશુદ્ધ ભાવપ્રાણ છે. એનું જીવન એ આત્માનું જીવન નથી. આહા..હા..! નિમિત્તનું જીવન એ જીવન નથી, અશુદ્ધ પર્યાયનો ભાવ એ જીવન નથી એમ કહે છે.

મુમુક્ષુ :- આ લોકોએ નવો પ્રકાશ કર્યોને.

ઉત્તર :- નવો પ્રકાશ કાંઈ નહિ. અનાદિની વાત છે. આ જોવે તો ખબર પડેને. સમજતા નથી. શેઠ! સાંભળ્યું નથી કોઈ દિ'. લ્યો આ શેઠ અગ્રેસર છે ત્યાં જબલપુર. ડોક્ટર! ..માણસ છે, ઠંડા માણસ છે. જુઓ, શું કહે છે તેરમાં? મનથી જીવન એ જીવન નથી. દ્રવ્યમન લો તો એનાથી જીવન એ જીવન નથી. દ્રવ્યપ્રાણ. મન એ તો જડ છે અને ઈન્દ્રિય આદિ એટલે કે પાંચ ઈન્દ્રિય, આયુષ્ય અને શ્વાસ. દશે પ્રાણ લઈ લીધા. એનાથી **'લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું...'** જીવત્વને ધારણ કરી રાખવું **'નથી તે...'** આહા..હા..! એ સમ્યગ્દૃષ્ટિ પણ એ દશ પ્રાણથી હું જીવું છું એમ માનતો નથી.

મુમુક્ષુ :- વ્યવહારથી...

ઉત્તર :- વ્યવહારથી કહેવામાં આવે છે. વ્યવહારનો અર્થ? એમ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દ્રવ્યસંગ્રહમાં કહ્યું હતુંને વ્યવહાર..

ઉત્તર :- એ વ્યવહારનો અર્થ ઈ કે વ્યવહાર છે. એમ કે જાણવાલાયક છે. વ્યવહાર

એટલે વસ્તુના સ્વરૂપમાં છે એમ નથી. લૌકિક યુક્તિથી છે. લોકોક્તિથી વ્યવહાર છે. પોતાના સ્વભાવની દૃષ્ટિમાં એ છે નહિ. એને આત્મા જ કહેતા નથી અહીં તો. જડ પાંચ ઇન્દ્રિયથી જીવે, દશ પ્રાણથી. એવી યોગ્યતા છે પર્યાયમાં. એનાથી જીવન એ આત્મા જ નથી એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં સુધી આવી ગયું. જુઓ, એ લોકો કહે છે કે ઉપાદાનથી થાય છે, નિમિત્ત તો અકિંચિત્કર છે. ... જળ, વાયુ, અગ્નિ, ખોરાકથી તો જીવે છે પ્રાણી. નિમિત્તથી બધા પ્રાણી જીવે છે. આ તો ઉપાદાન-નિમિત્તમાં લીધું છે ભૈયા ભગવતીદાસજીએ, એનાથી જીવે તો કોઈ મરે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો નિમિત્તથી કથન કર્યું છે. એવું જીવન છે જ નહિ એમ કહે છે. એનાથી જીવન છે નહિ. પરના જીવનથી જીવન છે? એ તો આયુષ્ય એમ કે ખાવા, પીવાથી જીવે છે તો ખાવું-પીવું તો છે. બસ, બતાવવાનો હેતુ એટલો છે. ખાવા-પીવાથી જીવે તો ખાવું-પીવું તો છે. તો એવું જીવન છે નહિ. એ તો નિમિત્તની પ્રધાનતાથી કથન કરે છેને સામે? તો એને ઉડાડયું એમાં. સમજાણું કાંઈ? ઉપાદાનમાં આવેને ૪૭ દોહા. ૪૭ દોહા ભૈયા ભગવતીદાસ.

અહીં પણ એ કહે છે '**ઇન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી તે અલિંગગ્રહણ છે;...**' ભાવ અશુદ્ધ ... ભાવપ્રાણ અને દ્રવ્ય જડ પ્રાણ એનાથી જીવે તે આત્મા નથી. પોતામાં જીવત્વ શક્તિ નામનો એક ગુણ છે. જીવમાં જીવત્વ શક્તિ નામની એક ગુણ શક્તિ છે. જે પહેલી ૪૭ શક્તિમાં લીધું છે. ૪૭ શક્તિમાં પહેલી લીધી છે જીવત્વશક્તિ. અમૃતચંદ્રાચાર્ય મહારાજ. જે ચૈતન્ય ભાવપ્રાણ(રૂપ) જીવત્વશક્તિ. આનંદ અને જ્ઞાન અને સત્તામાં સમજાણું? દર્શન. એવો આત્માનો ત્રિકાળી સ્વભાવ ભાવપ્રાણ એનાથી જીવે છે તે જીવ છે. પર્યાયમાં એ પ્રાણની દશા પ્રગટ કરીને, એ જીવત્વ નામની શક્તિ છે એ દ્રવ્ય અને ગુણમાં વ્યાપક છે, પણ જ્યારે દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડે છે ત્યારે એ જીવત્વશક્તિ પર્યાયમાં પરિણમન કરે છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, આનંદ અને હોવાપણું-સત્તા એવા ભાવપ્રાણથી જીવે તે આત્મા છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, આ જીવો અને જીવવા દો તો ક્યાંય રહી ગયું. અને અશુદ્ધ ભાવપ્રાણથી જીવે તે જીવ નથી. અલિંગગ્રહણ છે. અશુદ્ધથી લિંગ ... સમજાણું કાંઈ?

ઓલું છઠ્ઠા બોલનું હતુંને. '**લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને...**' એમ અર્થ કર્યો છે. તમારો પ્રશ્ન હતોને રાત્રે? અત્યારે યાદ આવ્યો. છઠ્ઠા બોલમાં '**લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે...**' એમ લીધો છે અલિંગગ્રહણનો અર્થ. અસ્તિ કરી. એવો આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહા..હા..! કહે છે, પાંચ દ્રવ્ય ઇન્દ્રિય અને મન દ્રવ્ય, વચન દ્રવ્ય એ જ લીધું. એ લોકો કહે છે કે ભગવાનની વાણી નથી, વાણી તો જડ છે. ત્યારે વાણી

જડ નથી તો શું ચેતન છે? જો વાણી જડ હોય તો એમ કે બધી વાત કેમ કરે? પણ વાણીમાં સ્વપર કથા કહેવાની તાકાત છે. શું પરમાણુની પર્યાય આત્મા કેવળી કરે છે? એ તો જડ-અજીવ છે. પરમાણુમાં સ્વપર કથા કરવાની સ્વતઃ તાકાત છે.

મુમુક્ષુ :- ક્યાંથી આવી?

ઉત્તર :- તાકાત છે પછી ક્યાંથી આવી? એ શક્તિ છેને. આ પ્રવચનસાર છે કે નહિ? એમાં છેને છેલ્લે જુઓ. છેલ્લે છે એ. જુઓ, શબ્દમાં કહેવાની તાકાત છે ... જુઓ, છેને? છેલ્લો પાઠ છે. જુઓ, છે. ૪૧૫ પાને છે. '(**ખરેખર પુદ્‌ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે,...**' છે? જુઓ એમાં. ૪૧૫ પાનું. અને ૨૦ શ્લોકની ટીકા. ૨૦-૨૦ શ્લોક. '(**ખરેખર પુદ્‌ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે,...**' ભગવાનથી નહિ. એ તો પરમાણુ છે, જડ છે. લ્યો શબ્દના પરમાણુ .. અને ભગવાનની વાણી નથી. વાણીથી તો અનંત જીવોનું કલ્યાણ થાય છે. અરે..! કલ્યાણ વાણીથી નથી થતું, સાંભળ તો ખરો. એનું કલ્યાણ તો એના વીતરાગભાવથી થાય છે. છેને છેલ્લે? ગુજરાતીમાં. એક જ પાનું છેલ્લે છે બસ.

'(**ખરેખર પુદ્‌ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે,...**' કેવળીને કે જડ બીજા અજ્ઞાનીને, બધાને. '**આત્મા તેમને પરિણમાવી શકતો નથી,...**' શબ્દની પર્યાય આત્મા કરી શકતો નથી. '**તેમ જ ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે-પ્રમેયપણે પરિણમે છે, શબ્દો તેમને જ્ઞેય બનાવી-સમજાવી શકતા નથી માટે)**' શબ્દની પર્યાય પરને સમજાવી શકતી નથી. આહા..હા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મૃતક શું? મૃતક જ બોલે છે જડ. આ મૃતક બોલે છે. આ શરીર મડદું છે. જોયું નથી? સમયસારમાં આવ્યુંને? શું છે? આ તો પ્રવચનસાર. સમયસારમાં એમ આવ્યું છે. મૃતકકલેવર કહ્યો છે અમૃતચંદ્રાચાર્યે એને. મૃતકકલેવર છે, મડદું છે. આ શું ચૈતન્ય છે? એમાં ચૈતન્યની પર્યાય છે? આ તો પરમાણુ છે. એના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે અચેતન છે. પણ ભારે લાકડું ગરી ગયું બહારનું. આહા..હા..! અહીં તો શબ્દની પર્યાય ... અને આ તો વાણીની ગૂંથણી વ્યાખ્યા છે. '**આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા છે અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા છે એમ મોહથી જનો ન નાચો.**' વાણી વાણીથી થાય છે. સમજનાર સમજનારથી (સમજે) છે. સમજનાર પ્રમેય વાણીથી સમજતો નથી. વાણી આત્માથી થતી નથી. વાણીથી એ . સમજતો નથી.

મુમુક્ષુ :- નિશ્ચયની વાત કરી...

ઉત્તર :- નિશ્ચય કહ્યો. વ્યવહાર તો બોલવાની વસ્તુ છે. એ વાણી જડ છે એ બોલે છે. આત્મા શું બોલે? એ તો વાણી કહે છે કે એની વાણીથી અમે સમજ્યા. અને એ વાણી ભગવાનની છે. ભગવાનની વાણી છે? જડ ભગવાનનું છે? ભગવાન આત્મા જડ

છે? આહા..હા..! મૂળ વસ્તુસ્થિતિ સાંભળવા મળી નથી અને પ્રવાહ અંદર સત્યનો છૂટી ગયો છે એટલે લોકોને એમ લાગે કે આ તો નવીન પંથ કાઢ્યો. એ નવીન નથી, ભાઈ! અનાદિ પરમાત્માનો પંથ છે. નવીન પંથ છે. નવીન પંથ નીકળશે તો આપણો નાશ થઈ જશે. ચેતો... ચેતો... કહે. એ તો એક એવી ...

**'સ્યાદ્વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે અવ્યાકુળપણે નાચો.'** ભગવાન આનંદસ્વરૂપ છે એવું પરિણમન કરો. આજ જ કરો. કાલે નહિ, કાલે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? શબ્દનું પરિણમન શબ્દથી થાય છે. પરમાણુ છે કે નહિ? ભાષા થવાની પર્યાય એ સમયે એની તાકાત છે કે નહિ? કાંઈ આત્મા જડને કરે? એ પરમાણુ એકઠા થઈને ભાષા બનાવે છે.

મુમુક્ષુ :- જીભ હલાવવી તો પડેને.

ઉત્તર :- જીભ પણ જડ છે. કોણ ચલાવે? જીભ તો માટી છે. આમ-આમ હલે એ તો જડની ક્રિયા છે. અને એ રાગ થાય એ વિકાર છે. એ પણ ચૈતન્યથી ભિન્ન છે. હુમલો છે હુમલો. એ તમારે નહોતા કહેતા વકીલ રેવાશંકરભાઈ? હતાને અહીં દિવાન-દિવાન. પ્રધાન હતા અહીં જુનાગઢના. દશાશ્રીમાળી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધી વ્યવહારની વાત છે. કોણ સાંભળે? ભગવાન તો વીતરાગ છે. વીતરાગ .. સાંભળે? એ તો પહેલેથી ખબર છે એને. એ બોલવાની રીત તો એવી આવેને? ભગવાન! મારી પ્રાર્થના સાંભળો. દયા કરો... દયા કરો... તમે દીનદયાળ છો. એ બોલવાની ચીજ છે, વિનયની વાણી છે. શું એ દઈ દે છે? સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કામ ભાઈ આકરું. સત્યની સમ્યક્ વાત એની સામે એને હુમલો છે એમ કહેતા. હુમલોને શું કહેતા? બળવો. હુશિયાર માણસ હતા. પ્રધાન હતા. બ્રાહ્મણ હતા વેદાંતી. અહીં ૧૮ દિવસ સાંભળ્યું. વાત યથાર્થ છે, પણ દુનિયા સાથે બળવો છે, દુનિયા સામે બળવો છે આ. દુનિયાને બેસવું કઠણ. જેને આત્માનું કલ્યાણ કરવું હોય એને રુચે, બાકી બીજા તો વિરોધ કરશે. કરે, એ તો એનો સ્વભાવ છે. ઓહો..હો..! ત્યારે તીર્થંકરનો, સમ્યગ્દૃષ્ટિનો આત્મા સમકિત. તીર્થંકર તો .. લઈને આવે છે માતાના પેટમાં. પણ એમાં એ વીર્ય અને શુક્રમાં નથી ઉત્પન્ન થતો? આ પાઠ ના પાડે છેને. ભગવાનને કહો. ભગવાન કહે, હું તો મારા આત્માની પર્યાયમાં ઉત્પન્ન થાઉં છું. હું રાગમાં અને શુક્ર-વીર્યમાં ઉત્પન્ન થાઉં છું એની ના પાડું છું. એ સમયે પણ ઉત્પન્ન નથી થતો.

મુમુક્ષુ :- .. એક નય

ઉત્તર :- કઈ એક નયે?

મુમુક્ષુ :- એક નયે જોયું પણ બીજી નય વ્યય થઈ ગઈ.

ઉત્તર :- બીજી નય કહે છે કે એ કહેવું કે નિમિત્ત છે એમ જાણવું એ બીજી નય.

મુમુક્ષુ :- બીજી નય...

ઉત્તર :- છે જ નહિ. વ્યવહાર કહે છે કે .. છે નહિ. એમ છે નહિ. નિમિત્તનું જ્ઞાન કરાવવા. નિમિત્ત આદિ શબ્દ પડ્યો છે. નિમિત્ત આદિનું જ્ઞાન છે. ઉપચાર આદિ છેને? ઉપચાર છે, ભેદ છે. એનું જ્ઞાન કરાવવા માટે કથન છે. ભારે આકરું કામ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પણ માને કે ભગવાન મને તારી દે. એનું એ થયું. કર્તા થયો ભગવાન. ભગવાન કર્તા થયો. કર્તા છે કોઈ ચીજ? સ્વતંત્ર અનાદિ ચીજ સત્ ભગવાન આત્મા. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્ ત્રણે સત્ છે. પ્રવચનસાર ૧૦૭ ગાથા છેને. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્‌ને કોણ કરે? આહા..હા..! સમજાણું કાંઈ? એમ અહીં તો ત્યાં સુધી કહે છે કે અશુદ્ધપણે જીવવું એ જીવ નથી. જડપણે જીવવું એ તો જીવ નથી, પણ અશુદ્ધપણામાં યોગ્યતા પ્રમાણમાં જે પોતાની સિદ્ધ પર્યાયથી રહે છે એ પણ વાસ્તવિક આત્મા નથી. ઓહો..હો..! .. ટકવું થવું. .. જીવન એ જીવથી થયું. .. જીવન એ જીવન નથી. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો આત્મા નિમિત્તથી જીવતો નથી, પર્યાયબુદ્ધિથી જીવતો નથી એમ કહે છે. આહા..હા..! પર્યાયબુદ્ધિથી જીવે એ જીવ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

'**લિંગ દ્વારા એટલે કે મન અથવા** ઈન્દ્રિય વગેરે...' એટલે શ્વાસ, આયુષ્ય, વાણી '**લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને**...' જીવપણું '**ધારણ કરી રાખવું જેને નથી**...' એને ધારણ કરવું એ પોતામાં છે નહિ. મન, પાંચ ઈન્દ્રિય વગેરેને ધારણ કરે એ પણ આત્મા નથી. ધારણ કરતો જ નથી. અને યોગ્યતા જે છે એને પણ આત્મા ધારણ કરતો નથી. આહા..હા..! ઝીણી વાત છે ભાઈ! શું કરીએ? વસ્તુનું સ્વરૂપ એવું છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... અજ્ઞાનમાં ન સમજ્યો. એ નહિ સમજે. એ તો કહે છેને. 'એ .. ભૂલ્યા, .. ભૂલ્યા, ભૂલ્યા સકળ સંસાર.' એ કવિ પણ કહે છે. 'દાસ કબીરા એક ન ભૂલ્યા, જેને એક અલખનો આધાર.' આખું જગત ભૂલ્યું છે. સમજાણું કાંઈ? એક આત્માર્થી જ્ઞાની ભૂલ્યા નથી. એ કબીર કહે છે એમાં. કબીરની વાણી બહુ આવે છેને. કબીર એ પણ એકાંત મિથ્યાદૃષ્ટિ હતા. એને ક્યાં વસ્તુનું ભાન હતું?

અહીં તો વસ્તુ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે કહ્યો એવો ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી, દ્રવ્ય એક, અનંત ગુણ એવો ભગવાન આત્મા જડ પ્રાણથી જીવે તે આત્મા નથી. અને એ તરફના લક્ષે યોગ્યતા ઉત્પન્ન થઈ પોતામાં, પોતાને કારણે. ઈન્દ્રિય ભાવેન્દ્રિય આદિ, ... એનાથી જીવન ધારણ કરવું એ આત્મા નથી. આત્મા તો પોતાની જીવત્વશક્તિ એના

ચૈતન્ય આનંદ આદિ પ્રાણ, એનો ધરનાર આત્મા એની દૃષ્ટિ કરવાથી આનંદ અને જ્ઞાનના પ્રાણથી જીવે તેને જીવન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટા અને આનંદ (આદિ) પોતાની સત્તા પર્યાયમાં પ્રગટ કરીને જીવે છે એ જીવન અને જીવનું જીવન કહેવામાં આવે છે. આકરી વાત તો ખરી, ભાઈ! કહેવામાં આવે છે. છે ખરોને જીવ અનાદિથી. સમજાણું કાંઈ? ઈ આત્મા? આત્મામાં શું જડપણું છે? અને આત્મામાં શું એ યોગ્યતારૂપ જે પર્યાય અશુદ્ધ છે એ આત્માની છે? આત્મામાં છે? છે જ નહિ. છે જ નહિ.

મુમુક્ષુ :- એ તો જીવ છેને.

ઉત્તર :- જીવરૂપ જ નથીને. એ અજીવ છે. આહા..હા..! ખંડખંડ ઈન્દ્રિય એને પણ અજીવ કહી છે ૩૧મી ગાથામાં. ઈન્દ્રિયને જીતવો ... આ જીવ છે, એ તો અજીવ છે. આહા..હા..! એ (અભેદ) નથી, પર્યાય જીવ છે. એ વ્યવહારે જીવ, નિશ્ચયથી અજીવ છે. ભારે વાત! જીવના પણ બે પ્રકાર. એક નિશ્ચય જીવ અને વ્યવહાર જીવ. આહા..હા..! પર્યાયનો અંશ છે એ વ્યવહાર જીવ અને ત્રિકાળી જ્ઞાયક દ્રવ્ય છે તે નિશ્ચય જીવ. તો અહીં નિશ્ચયથી જીવે તેને જીવન કહે છે. ઓહો..હો..!

મુમુક્ષુ :- એટલી બધી વાત કરી યાદ પણ નહિ રહે.

ઉત્તર :- યાદ ક્યાં રાખવું છે? આ તો ન્યાય સમજવાનો છે. આખું દ્રવ્ય છે, પોતાના અનંતગુણની પર્યાયથી જીવે છે, બસ એને આત્મા કહે છે. આમાં ક્યાં રાગાદિથી જીવવું અને જડથી જીવવું એ આત્મામાં છે જ નહિ. એવી વાત છે. કહો, સમજાણું કાંઈ?

**'આ રીતે આત્મા શુક્ર અને આર્તવને...'** જુઓ, વીર્ય અને લોહીબિંદુ જે માતાનું છે, એનાથી થનારો નહિ. એનાથી થનારો નથી. પહેલા કહે છે કે ભાઈ! માતાના ઉદરમાં આવે, પછી શરીર આદિ લોહી થયું, પછી પાંચ ઈન્દ્રિય બંધાણી, પછી આવું મન થયું, પછી ભાષા બંધાણી... હા એ બંધાણી. કહે એ આત્મામાં છે જ નહિ બંધાણી-બંધાણી. આરે..! આરે..! ભારે વાત ભાઈ! .. એમ કે ત્યાં એમ આવ્યું, શરીર થયું, શરીરમાં ભાગ પડ્યો પાંચ ઈન્દ્રિયનો પછી એન્લાર્જ થઈ. એની ઈન્દ્રિયો મોટી થઈ. એ તો જડ છે. આત્મા ક્યાં છે એમાં? આત્મા એમાં ઉપજ્યો જ નથી અને આત્માનું એ જીવન છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

જુઓ, એ **'આત્મા શુક્ર અને આર્તવને અનુવિધાયી (-અનુસરીને થનારો) નથી...'** નાસ્તિથી વાત કરી છે. અસ્તિથી એ કે પોતાનો આનંદ અને જીવત્વ પ્રાણ શાંતિના પ્રાણથી જીવે એ જીવ છે. જ્ઞાન, આનંદ, શાંતિ. શાંતિ એટલે ચારિત્ર, વીતરાગતા. એવી શક્તિને ધરનારો ભગવાન એની દૃષ્ટિ કરીને પર્યાયમાં શાંતિ, આનંદ અને જ્ઞાનની પર્યાયથી ટકે, જીવે એ જીવ છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? મા-બાપની ફરજ છે કે એને મોટા કરવા, એને શીખવવું, એને આમ કરવું. કેટલુંય આવે. અમેરિકા મોકલ્યા હતા એણે લ્યો. કેટલાય હજારો

ખર્ચીને. તોપણ અહીં રોટલા કોક કરે અને ખાય ઈ. એ ત્યાં પડ્યો રહ્યો. પણ આ ભણાવ્યા અને પૈસા નાખ્યા એ ઓલો રખડે ત્યાં .. આ એનો બાપ અહીં રહે. કોના બાપ અને કોના દીકરા? વાતું છે બધી કલ્પના છે. એય..! ભણાવ્યા. ભણાવીને રામજીભાઈ હુશિયારને એટલે છોકરો હુશિયાર થયો એમ લોકો કહે છે. હુશિયાર થયા, પણ હુશિયાર કેળવણી આપીને. આપી શકે છે કેળવણી? સ્વરૂપચંદજી! આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય એક ૨૦ બોલ કરીને આખા જૈનશાસનનો વીતરાગ માર્ગ પ્રસિદ્ધ કરી દીધો છે. ગજબ કામ કર્યા. એવી વાણી સંતો દિગંબર સિવાય ક્યાંય છે નહિ. અને એ વસ્તુ એવી છે. દૃષ્ટિમાં અનુભવ કરે તો એવી એને લાગે. એવી વાત, સ્પષ્ટ વાત. જગજાહેર (કરવા) માટે વાત કરી છે. કાંઈ ગુપ્ત (રાખવા) માટે કરી છે? કે આવી વાત ગુપ્ત રાખવી.

મુમુક્ષુ :- ધર્મ ગુપ્ત રાખવો.

ઉત્તર :- વ્યવહારની વાત જગત પાસે પ્રસિદ્ધ કરવી. એમ છે? આ તો આનું નામ તાત્પર્યવૃત્તિ છેને. શું છે? નામ શું છે એ ટીકાનું? તત્ત્વદીપિકા. તત્ત્વ છે એની દિપીકા છે બતાવવાવાળી. આત્મા વીર્ય અને ઋતુ એથી ઉત્પન્ન થનારો આત્મા નથી. કેમકે વીર્ય અને ઋતુ જડની પર્યાય છે. એમાં આત્મા આવતો નથી અને એનાથી ઉત્પન્ન થતો જ નથી. અને પોતાની પર્યાયમાં એટલી યોગ્યતાથી જે આવ્યો છે એ યોગ્યતાથી ઉત્પન્ન થયો જ નથી. એ સમયે પણ આનંદકંદ સ્વભાવ ભગવાન એની દૃષ્ટિથી જીવે, જ્ઞાન અને આનંદની પર્યાયમાં એ જીવનું જીવન કહેવામાં આવે છે. બીજાને જીવન કહેવામાં આવતું નથી. એ તેર બોલ થયા.

૧૪. '**લિંગનું એટલે કે મેહનાકારનું (-પુરુષાદિની ઈન્દ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી...**' આહા..હા..! અરે..! પુત્ર ઉત્પત્તિનું નિમિત્ત જનન-ઈન્દ્રિય. શરીરની ઈન્દ્રિય માટી. સમજાણું? કહે છે કે એ આત્મામાં છે જ નહિ. આહા..હા..! '**મેહનાકારનું (પુરુષાદિની...**' પુરુષ અને સ્ત્રી બેય. બેયની જે ઈન્દ્રિયનો આકાર જડ-માટી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરમાણુનો આકાર છે એ જડની અવસ્થા છે, પુરુષાદિની ઈન્દ્રિયનો આકાર. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! તો એ ઈન્દ્રિયમાં કઠણપણું થવું અને ઈન્દ્રિયમાં સંકોચ આમ થવો એ ક્રિયા આત્માની નથી. સમજાણું કાંઈ? '**મેહનાકારનું (પુરુષાદિની...**' પુરુષ અને સ્ત્રી આદિ. આદિમાં સ્ત્રી આદિ, નપુંસક લેવા. પાવૈયા-હીજડા હોય છેને. એને પણ ચિહ્ન હોય છેને નપુંસક? એને .. ચિહ્ન હોય છે.

'**(-પુરુષાદિની ઈન્દ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી...**' એ ઈન્દ્રિયનું ગ્રહણ આત્મામાં છે જ નહિ. એ ઈન્દ્રિય જ આત્મામાં નથી. એ ઈન્દ્રિય આત્માએ પકડી નથી. આહા..હા..! એ તો જડ છે. સમજાણું કાંઈ? ગજબ વાત છે, ઝીણી વાત બહુ હોં. લોકો એમ કરશે, આમ કરશે. પણ કોણ કરે? ભગવાન! સાંભળ તો ખરો. જડની પર્યાય જડથી

થાય છે. એને ગ્રહણ કરવું આત્મામાં છે નહિ એવું અલિંગગ્રહણ છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૩, શનિવાર, તા. ૩૦.૦૮.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૪-૧૫, પ્રવચન-૨૫૦**

આ પ્રવચનસાર જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન. ૧૭૨ ગાથા. આત્મા કેવો છે અને કેવી રીતે જાણવાથી એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે. સમ્યગ્દર્શનનું ધ્યેય એવો જે આત્મા આ રીતે છે, આવો છે. એનું જ્ઞેય કયા પ્રકારે જ્ઞાનમાં લેવાથી એ સમ્યગ્જ્ઞાન થાય, એ વાત ચાલે છે. ૧૪મો બોલ ચાલે છેને? કેવો છે આત્મા? કે મેહનાકાર ... શરીર આદિની જે ઈન્દ્રિયો છે શરીરની ઈન્દ્રિય, જનન ઈન્દ્રિય આદિ. પુત્ર, પુત્રી જનનનું સાધન એવી જે ઈન્દ્રિયો છે એ આત્મામાં નથી. પાંચ ઈન્દ્રિય છે એ નહિ. આ તો બીજી વાત ચાલે છે. '**મેહનાકારનું (પુરુષાદિની ઈન્દ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી...**' શરીર ઈન્દ્રિય, જનન ઈન્દ્રિય, સ્ત્રીની ઈન્દ્રિય કે નપુંસક. એ આત્મામાં છે જ નહિ. એ આત્માની ચીજ જ નથી. સમજાણું કાંઈ? '**જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા લૌકિકસાધનમાત્ર નથી...**' લૌકિક પ્રજા ઉત્પન્ન કરનારી ઈન્દ્રિયો આત્મામાં છે જ નહિ. આત્મા પ્રજાને ઉત્પન્ન કરે એવું આત્મામાં સાધન છે જ નહિ. શેઠી! શું છે? માણસ કહે છેને કે ભાઈ! પુત્ર-પુત્રીને જન્મ આપી શકીએ.

કહે છે કે આ શરીરની ઈન્દ્રિયો છે એ તો જડ છે, માટી છે. એ પરમાણુના સ્કંધની પર્યાય છે. એ સાધન આત્મામાં છે નહિ. આહા..હા..! ધન્નાલાલજી! ભારે વાત ભાઈ! પુત્ર-પુત્રી ઉત્પન્ન કરે છે, કુળની પરંપરા રાખવી એવું આવે છે શાસ્ત્રમાં લ્યો! ધર્મી જીવને પણ ... કથામાં એવી વાતું આવે છે. .. આહા..હા..! અહીં તો કહે છે, ભગવાન! તું તો આત્મા છો. તારામાંથી તો નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની પ્રજા ઉત્પન્ન થાય એ તારું સાધન છે. તારી પ્રજા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્શાંતિ, સમ્યક્ આનંદ, શાંતિ એટલે ચારિત્રનો અંશ એ આદિ પર્યાય નિર્મળ, વીતરાગી પર્યાયનું સાધન આત્મા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કહે છે એ ના પાડે છે. પુદ્ગલની પર્યાય છે, એ આત્મામાં ક્યાં આવી? આત્માએ ક્યાં ઉત્પન્ન કરી? એ તો .. લીધું છેને. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એ ઇન્દ્રિયની ક્રિયાથી તો ભિન્ન છે, પણ એ તરફના વિકલ્પથી.. એ પછી લેશે વેદ આદિ. સમજાણું? એનાથી ભિન્ન છે. ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ, અખંડ આનંદ એની ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન આદિ પર્યાય નિર્મળ ઉત્પન્ન થાય છે એ નિર્મળ ઉત્પન્ન પર્યાયનું આત્મા સાધન છે. કેમકે આત્મામાં સાધન નામનો-કરણ નામનો ગુણ પડ્યો છે. અનાદિ-અનંત કરણ નામનો, કારણ નામનો એક ગુણ આત્મામાં પડ્યો છે. એ આત્મા કરણનો આધાર છે. એ ગુણનો આધાર છે. એવા ગુણીને, અંતરમાં, દૃષ્ટિમાં, પર્યાયમાં ગુણીને સ્વીકારતા, ગુણીનો સત્કાર કરતા, ગુણીમાં એકાકાર થવાથી નિર્મળ વીતરાગી મોક્ષના માર્ગની પ્રજા ઉત્પન્ન થાય એનું આત્મા સાધન છે. આ કુળને પરંપરા ચાલે એવું સાધન આત્મામાં નથી.

મુમુક્ષુ :- વ્યવહાર સાધન.

ઉત્તર :- વ્યવહાર સાધન પણ નથી. લૌકિક માત્ર નથી એમ કહે છે. બિલકુલ નથી એમ કહે છે. નહિતર તો એવો શબ્દ પડ્યો છે, લૌકિકમાત્ર સાધન નથી. એટલે બીજું પણ છે અને કાંઈક લૌકિક પણ છે. એમ નથી અહીંયાં. આહા..હા..! બીજે ઠેકાણે તો આપણે ચાલ્યું હતું કે આત્મા અનુમાન કરનારો નથી. માત્ર પરથી આત્મા અનુમાનથી બીજાને જણાય એવો આત્મા નથી. ત્યાં તો અનુમાનમાત્ર કહ્યું હતું. અહીંયાં તો પ્રત્યક્ષ આત્મા જેને હોય, આત્માના આનંદનું વેદન હોય એ આત્મા બીજાને પ્રત્યક્ષ કરીને જાણી શકે છે. એ તો બધું આવી ગયું પહેલા અલિંગગ્રહણમાં. અલિંગગ્રહણમાં આવી ગયું. સમજાણું કાંઈ? પાંચમો બોલ છેને. ચોથા બોલમાં. આત્મા. ચોથો બોલ છેને જુઓ એમાં. સમજાણું?

‘**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી...**’ ચોથો-ચોથો બોલ. ત્યાં માત્રનો અર્થ એવો નથી કે અનુમાન પણ થાય, પણ પ્રત્યક્ષથી એ જણાય છે. એકલા અનુમાનથી જણાતો નથી. ‘**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમેયમાત્ર નથી...**’ કહો, સમજાણું કાંઈ? બીજા દ્વારા અનુમાનમાત્રથી જણાય એવો આત્મા છે જ નહિ. ત્યાં તો અનુમાન અને પ્રત્યક્ષપણું લીધું છે સાથે. પ્રત્યક્ષ હોય તો પ્રત્યક્ષથી જણાય પછી અનુમાન વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પહેલા આ બધું આવી ગયું છે. પ્રત્યક્ષ થયા પછી અનુમાન કરે કે એ આત્મા પૂર્ણ અલ્પકાળમાં થશે એમ અનુમાન કરે છે. ભવિષ્યનું પૂર્ણ જ્ઞાન એનો નિર્ણય થઈ જાય છે એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ? શ્રીમદ્‌નું દૃષ્ટાંત નહોતું આપ્યું? શ્રીમદ્

રાજચંદ્રનું. .. આવ્યો હતો. અનુભવ થયો, અનુભવમાં રાગ કેટલો બાકી છે એનું અનુમાન કર્યું. 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે, જેથી દેહ એક ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે.' ડોક્ટર! મતિશ્રુતમાં એવો નિર્ણય થઈ ગયો? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મતિશ્રુત વિદ્યા..

ઉત્તર :- હા, પ્રત્યક્ષપૂર્વક એ અનુમાન છે. એ તો બધું આપણે આવી ગયું છે હોં. ઘણું આવી ગયું છે. આ તો જરી 'માત્ર' શબ્દ આવ્યોને. આ 'માત્ર' જુદું અને આ 'માત્ર' જુદા પ્રકારે આવ્યું છે. એ માત્રમાં તો અનુમાત્ર નથી. કેવળ અનુમાન કરનારો નહિ. જ્યારે આત્માને પોતાના સ્વસંવેદનથી, અનુભવમાં સમ્યગ્દર્શનમાં પ્રત્યક્ષ થાય છે. સમ્યગ્દર્શનમાં આત્મા મતિશ્રુત જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થઈ જાય છે. મતિશ્રુત જ્ઞાનની પર્યાય વડે આત્મા પ્રત્યક્ષ થાય છે. સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન કાળે, અનુભવમાં. તો એ પ્રત્યક્ષ જે આત્મા થયો એ આત્મા બીજાનો પ્રત્યક્ષ કેવો છે એ નક્કી કરી શકે છે. અને પછી અનુમાન સાથે ભલે હોય, પણ પહેલા પ્રત્યક્ષ હોય તો પ્રત્યક્ષ નક્કી કરી શકે છે. એવી વાત છે. સમજાણું કાંઈ?

એ પ્રશ્ન થયો હતો અમારે ૭૭ની સાલમાં. ૭૭માં અહીં હતાને ... દેવીદાસ હતા. પોરબંદરવાળા દેવીદાસ. દેવીદાસ ઘેવરિયા હતા એ અગ્રેસર. તમારા મામા દેવીદાસભાઈ અને હરખચંદભાઈને એ બધા. હરખચંદ શેઠ અને ભવાનજી ત્રણે આવ્યા હતા ૭૭માં બોટાદ. ત્યારે આ પ્રશ્ન કર્યો હતો. આમ હું એક ભવતારી છું એવો નિર્ણય છદ્મસ્થ કરે? મતિશ્રુત જ્ઞાની? એવો પ્રશ્ન થયો હતો. ૭૭ની સાલમાં. કેટલા વર્ષ થયા? ૪૮ વર્ષ પહેલા. ૪૮ સમજ્યા? ૪૦ અને ૮. ૫૦માં બે ઓછા. ત્યારે એ પ્રશ્ન ઉઠ્યો હતો. ઘણા પ્રશ્નો ચાલ્યા હતા. દેવીદાસભાઈ જરા .. એવા હતાને. .. નહિ એમ નહિ. સાંભળો. ભગવતીસૂત્ર હતું તો એનું દૃષ્ટાંત આપ્યું હતું ત્યારે. ત્યારે તો હજી આ સમયસાર નહોતું જોયું. ૭૮માં જોયું. આ ૭૭ની વાત છે. ત્યારે કહ્યું કે ભગવતીસૂત્રમાં એમ આવ્યું છે કે શ્રુત જ્ઞાન ... ... એવો પાઠ છે. શ્રુતજ્ઞાન હોં, ભાવશ્રુતજ્ઞાન. સંમતભદ્ર આચાર્યે પણ કહ્યુંને. કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે, શ્રુતજ્ઞાન પરોક્ષ પણ બેય સરખા છે. આવે છે કે નહિ? આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રુતજ્ઞાન. એમાં તો એમ લીધું છે ... સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ ભાવને શ્રુતજ્ઞાન જાણે છે. તો પોતાની પર્યાય કેમ પૂર્ણ થાય એને જાણે નહિ. સમજાણું કાંઈ? એમ ન જાણે? એનું તો દૃષ્ટાંત આપ્યું છે એમાં. બે હાથ બાંધેલા છે. સમજાણું કાંઈ? દોરડીનું. અહીંયાંથી દોરડી છૂટી ગઈ તો અંદર છૂટી ગયો. તો અહીંયાં પણ આમ ઢીલો થઈ ગયો. કરતા... કરતા... કરતા... અહીંયાં આમ થઈ જશે એવું એ નક્કી નથી કરતા? સમજાણું કાંઈ? અહીંયાંથી દોરી. અહીંયાંથી છોડી દીધી. આમ કરતા-કરતા ઢીલું થોડું અહીંયાં રહ્યું. આમ કરશે તો છૂટી જશે.

મુમુક્ષુ :- .. અનુમાન થયું.

ઉત્તર :- એ થયું. એમ આત્મામાં મિથ્યાત્વનું બંધન મહામૂળ સંસાર મિથ્યાત્વ છે. એવી સત્ય વાત જગતને બેસતી નથી. સમજાણું કાંઈ? સવારમાં આવે છેને પુણ્ય વિકલ્પ. એ શુભરાગને રાખવા જાય તો મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. આહા..હા..! એ મિથ્યાત્વની રક્ષા અહીંયાં છોડીને જ્યાં આત્માની રક્ષા કરવા ગયો. સમ્યગ્દર્શન છે... છૂટી ગયું. હું મુક્ત પુરુષ છું અને મુક્ત જ થયો હવે. પર્યાયમાં જરી મુક્તિ હતી. .. છે. પણ એના પુરુષાર્થની ગતિ એવા વેગથી અનુમાન કરે છે કે ઓહો..! એકાદ દેહ ધારણ કરીને હું સ્વરૂપ પ્રાપ્ત કરનારો... અનુમાન... સમજાણું કાંઈ? શોભાલાલજી! એ તો ઘણા પ્રશ્નો થયા હતા. ૭૭. ૪૮ વર્ષ પહેલાં. બોટાદ આવ્યા હતા. પછી સમઢિયાળા ગયા હતા પછી...

મુમુક્ષુ :- ભગવતીસૂત્રમાં આવો લેખ છે?

ઉત્તર :- હા, શ્વેતાંબરના ભગવતીસૂત્રમાં છે. અમે તો એનું આખું પુસ્તક જોયું છેને. ૩૨ સૂત્ર. ૭૧ હજાર શ્લોક છે. પણ આ લખ્યું છે કે નહિ? કે સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ, સર્વ ભાવ શ્રુતજ્ઞાન જાણે છે. તો સર્વભાવ શ્રુતજ્ઞાન જાણે ... એય..! આ એના જ મામા હતા દેવીદાસભાઈ. સમજાણું કાંઈ? લ્યો!

અહીં એ કહે, ભાવશ્રુતજ્ઞાનની તાકાતની તને ખબર નથી. ભાવશ્રુતજ્ઞાનમાં પોતાનો આત્મા જ્યાં પ્રત્યક્ષ થયો પછી એની એટલી તાકાત છે. સમજાણું કાંઈ? કે પોતાની પર્યાય કેટલા કાળે થશે. ભલે સમય એવું નક્કી ન કરી શકે. પણ એકાદ દેહ બાકી રહ્યો. અહીંથી સ્વર્ગમાં જશે અને પછી એકાદ દેહ મનુષ્યનો એ ગણવામાં આવે છે. વચ્ચે સ્વર્ગની ગણતરી કરવામાં નથી આવતી. સમજાણું? 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ.' એક દેહ ધારણ કરવો છે. લાખો રૂપિયાનો ધંધો હતો. શું કહેવાય તમારે? ધંધો-ધંધો ઝવેરીનો. ઝવેરીનો વેપાર, મોતીના લાખો રૂપિયાનો, સ્ત્રી ઘરમાં હતી, દીકરો હતો, દીકરી હતી. એમાં શું થયું? એ એને ઘરે રહી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કહ્યુંને એને ઘરે રહી. અહીં ક્યાં આવી આત્મામાં? આત્મા એનું સાધન નથી. આત્મા પરનું સાધન ઉત્પન્ન કરનારો છે જ નહિ. આહા..હા..! એવો આત્મા, રાગથી ભિન્ન થઈને પોતાના આત્માનો અનુભવ કર્યો તો નિર્મળ વીતરાગી પર્યાયને ઉત્પન્ન કરનારો આત્મા છે. પણ ઈન્દ્રિય વડે પુરુષ પુત્ર કે પુત્રી ઉત્પન્ન કરે એવું આત્મામાં છે નહિ. દેવીલાલજી! ભારે વાત! ભાવશ્રુત વડે એ નક્કી કરી શકે છે. શું છે? દેવીદાસભાઈ ન બોલે. ... ગૃહસ્થાશ્રમમાં રહ્યા, ધંધો કરતા હતા. પણ લોકોને બાહ્ય ત્યાગની બહુ મહિમા છે. મિથ્યાદૃષ્ટિથી બાહ્ય ત્યાગ હોયને તો કહે ઓહો..હો..! ભારે આ તો કરે છે! ભારે આમ કરે છે! ધૂળેય નથી સાંભળને. સમજાણું કાંઈ? અને સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહે, ખાવા-પીવાની ક્રિયા કરે, અનુકૂળ લે. લ્યો આ તો મજા કરે છે અને કહે કે અમે સમ્યગ્દૃષ્ટિ છીએ. અરે..! ભગવાન! સાંભળ

તો ખરો ભાઈ! એ તો પૂર્વના પુણ્યનો યોગ હોય તો એવી સામગ્રી મળે છે. બાહ્યના સાધન એને ક્યાં અડે છે? સમજાણું કાંઈ? અજ્ઞાનીને પણ મિથ્યાદૃષ્ટિ છે અને બાહ્યનો ત્યાગ કરે છે એ તો ખરેખર અંતરાયકર્મનો ઉદય છે તો બાહ્ય ત્યાગ થયો છે. ઝીણી વાત છે. ઘણી ઝીણી વાત છે. વીતરાગમાર્ગ પણ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો જાતિસ્મરણ. એ તો મતિની ધારણાના ભેદ. મતિમાં ચાર બોલ છેને. અવગ્રહ, ઈયા, અવાય અને ધારણા. તો ધારણામાં એવી સ્મૃતિ આવે છે. ધારણામાંથી સ્મૃતિ. ધારણા કરી હોયને. ધારણા તો ઘણી હોય, પણ એમાંથી એટલી સ્મૃતિ આવે છે. એ તો આપણે દૃષ્ટાંત આપ્યું હતુંને? ઋષભદેવ ભગવાનનું. ઋષભદેવ ભગવાનનું નહોતું દીધું? શ્રેયાંશકુમારને ત્યાં ભગવાન પધારે છે પહેલા વહેલા. હજી તો દશ ક્રોડાક્રોડી સાગરોપમમાં કોઈ સાધુ નહોતા. કોઈ જુગલિયા. જુગલિયા સમજ્યા? શું કહે છે? ભોગભૂમિ. ભોગભૂમિ હતી. ઋષભદેવ ભગવાને છ મહિનાના અપવાસ કર્યા હતા અને છ મહિના પછી આહાર લેવા ગયા. મળ્યું નહિ. વિધિ તો આવડે નહિ. ખબર નહિ લોકોને. બધા જુગલિયામાં ... સ્વપ્ન આવ્યું શ્રેયાંશકુમારને. રાજકુમાર ચરમશરીરી, છેલ્લું શરીર. રાજકુમાર ઘરે રાણીઓ. આમ જુઓ તો મણિરત્નનું પૂતળું દેખાય. એવો વૈભવ... મહેલમાંથી ઉતરે. ભગવાન પધાર્યા. ઓહો..! સ્વપ્ન આવ્યું હતું. આ કલ્પવૃક્ષ પધારશે. તમારે ત્યાં કલ્પવૃક્ષ આવશે કોઈ. ઓહો..હો..! ભગવાન આવ્યા નીચે ઉતર્યા. .. બે ભાઈ હતા. હા એ. ત્યાં ફોટો હતો. આપણને કાંઈ નાના-મોટાનું યાદ ન રહે. ચાતુર્માસમાં... એ રાજકુમાર ઉતર્યા. આમ જોયું. .. વહોરાવાની ખબર ન પડે. હવે શું કરવું? આમ દૃષ્ટિ લગાવી તો જાતિસ્મરણ થઈ ગયું. મતિજ્ઞાનમાં જે ધારણામાં શક્તિ પડી હતી. આઠ ભવ પહેલા ઋષભદેવ ભગવાનનો આત્મા મારા પતિ હતા અને હું એની પત્ની હતી. આ શરીર તો નહોતું. આઠ ભવ પહેલાનું શરીર તો વીંખાઈ ગયું છે. વીંખાઈ ગયું સમજ્યા? વીખાઈ ગયું એટલે...

મુમુક્ષુ :- પરમાણુ...

ઉત્તર :- પરમાણુ છૂટા પડી ગયા છે. આત્મા તો મતિજ્ઞાનમાં જણાતો નથી. પ્રત્યક્ષ દેખાતો નથી. છતાં એમ નિર્ણય થયો, એ આઠમાં ભવમાં મારા પતિ હતા. ઓહો..! મુનિને આહાર આપ્યો હતો. એવી વિધિ. એ વિધિ બધી યાદ આવી ગઈ. જાતિસ્મરણમાં .. આવી ગઈ અંદર. એવું .. તિષ્ઠ-તિષ્ઠ. ઉભા રહો એમ. આપણે તો તિષ્ઠ પછી ભાષામાં કરે. ઉભા રહો... ઉભા રહો... આહાર શેરડીનો હતો. શેરડીનો રસ. વૈશાખ સુદ ત્રીજ હતીને ત્રીજ? શેરડીનો રસ પડ્યો હતો ઘડામાં. રાજકુમાર હતાને. ... અહો..! દાનં, મહા દાનં. ઓહો..! દાન, મહાદાન, વિસ્મયકારી દાન ભગવાનનું. આ ચોવીસીમાં પહેલા તીર્થંકરને દાન શ્રેયાંશકુમારને ઘરે થયું. સમજાણું કાંઈ? જુઓ, ક્યાંથી યાદ આવ્યું? મારે તો એટલું કહેવું છે. મતિની

ધારણામાં... આ તો જુગલિયામાં તરત જ થયા છે હજી તો. જુગલિયા સમજ્યાને? ભોગ ભૂમિ. એમાં એકદમ અંદરથી આમ. ઓહો..! મતિજ્ઞાનની ધારણામાં એટલી તાકાત છે કે આઠમા ભવ પહેલાની વાત યાદ આવી ગઈ. આહા..હા..! અને અફર. એ જ હતી. એ પતિ હતા અને હું પત્ની હતી. એ યાદ આવ્યું. મહારાજ! ધન્ય અવતાર! ધન્ય અવતાર! એને ઘરે ભગવાનનો આહાર પહેલા વહેલા આ ચોવીસીમાં પહેલો વહેલો થયો. ... સમજાણું કાંઈ? શ્રુતજ્ઞાનમાં પણ એવી તાકાત છે. આ તો મતિજ્ઞાનની વાત કરી. પણ શ્રુતજ્ઞાનમાં એટલી તાકાત છે કે પોતાની પર્યાયમાં કેટલા કાળે આ પૂર્ણ થશે એવો નિર્ણય કરવાની તાકાત છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, એવી પર્યાય પ્રગટ કરવાની તાકાત આત્મામાં છે. એનું સાધન છે. આ સાધન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કુળ રાખવા માટે એવો વિષય લેવો. એ આવે છેને? કોઈ કોઈને રાખી શકે નહિ, સાંભળને. જ્ઞાનીને એવો વિકલ્પ આવ્યો. પણ એ આવ્યું એનું જ્ઞાન કર્યું, પણ એનાથી કુળની ઉત્પત્તિ થાય છે અને પ્રજાને ઉત્પન્ન કરી શકે એવું આત્મામાં છે નહિ. એય..! પોપટભાઈ! શું છે અંદર જુઓ, શું છે? '**લિંગનું એટલે કે મેહનાકારનું (-પુરુષાદિની...**' સ્ત્રી, નપુંસક આદિ લેવું. કૌંસમાં આદિ શબ્દ પડ્યો છેને? પુરુષ, નપુંસક, સ્ત્રી આદિ ઇન્દ્રિયના આકારનું '**ગ્રહણ નથી...**' શરીરની ઇન્દ્રિયનો આકાર એનું આત્મામાં ગ્રહણ જ નથી. એણે આત્માને પકડ્યો જ નથી. એ આત્માના અસ્તિત્વમાં ઇન્દ્રિયનું અસ્તિત્વ છે જ નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? એ ઇન્દ્રિયનું કઠણપણું થવું એ પણ પોતાના આત્માથી નથી થતું. અરે..! ભગવાન એમ કહે છે અહીંયાં તો. સમજાણું કાંઈ?

અને નરમ પડવું એ પણ જડની પર્યાયને કાળે પોતાને કાળે .. છે. આત્માનો રાગ આવ્યો વિકારનો એ કારણે જડ ઇન્દ્રિયની જાગૃતિ થાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એ જડની પર્યાય સ્વતંત્ર જડની છે. એનું સાધન આત્મા નથી. આ એ કહે છે. જરીએ સાધન નથી. કે ભાઈ થોડો રાગ થયો તો આમ થયુંને? બિલકુલ નહિ. આહા..હા..! જુઓ તો માર્ગ! સમજાણું કાંઈ? પરમેશ્વરે તો જેવો માર્ગ હતો એવો પ્રસિદ્ધ કરી દીધો. એવી વસ્તુ છે, ભગવાન! આહા..હા..! તું તો આનંદકંદ છોને નાથ! તારામાં પ્રજા ઉત્પન્ન કરવાનું સાધન ક્યાં છે? એ સાધન તો જડનું છે. જડને હલાવી શકે નહિ, જડને રાખી શકે નહિ, જડની અવસ્થા કરી શકતો નથી, જડની અવસ્થાથી બીજાનું કામ કોઈ લઈ શકે એમ છે નહિ. આહા..હા..!

એવા આત્માને, જડનું સાધનમાત્ર ભગવાન નથી. એ તો સાધનમાત્ર નથી એનો અર્થ એવો નથી કે સાધન પણ છે અને બીજું પણ છે. એવું ન લેવું અહીંયાં. ઓલા અનુમાન તો એમ લીધું હતું. ત્યાં લાગુ પડે. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તે.' સમજાણું

કાંઈ? પહેલા કહ્યું હતું કે અનુમાનમાત્ર નહિ પણ પ્રત્યક્ષ છે એ તો .. છે. એ તો આવે છેને ભાઈ! ચિઠ્ઠીમાં આવે છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં. કે પહેલા અનુમાન આગમથી જાણવું, અનુમાનથી જાણવું, વિશેષ જાણવું. આહા..હા..! ..બોલ આવે છેને આગમમાં. મતિના ભેદ આવે છે. એ પરની-અનુમાનની વાત છે ત્યાં. એ અનુમાન, પ્રત્યક્ષ હોય તો અનુમાનસહિત એ વાત બરાબર છે. અહીં કહે છે કે એ અનુમાનમાત્ર ત્યાં કહ્યું હતું તે પહેલું પ્રત્યક્ષ એની સાથેનું અનુમાન કહ્યું હતું. અહીંયાં લૌકિકમાત્રની સાથે સાધન લૌકિક પણ છે અને બીજું પણ છે એમ નથી. લૌકિકમાત્ર નથી. બિલકુલ સાધન નથી એવો અર્થ કરવો અહીંયાં. સમજાણું કાંઈ? ..ભાઈ! આ તો અગમનિગમની વાતું છે, ભગવાન! આહા..હા..! ઇન્દ્રિયગમ્ય કરે ...

કહે છે, ભગવાન! તને ગ્રહણ નથીને ભગવાન! એ ઇન્દ્રિયને પકડવી, તારામાં હાથ-પગ છે તો ઇન્દ્રિયને પકડે? એ તો જડની પર્યાય જડમાં બદલે છે, પલટે છે અને રહે છે. તારામાં શું છે એ? આહા..હા..! શું આત્મા રાગ ન કરે તો ઇન્દ્રિયથી વિષય થઈ જાય છે? અરે..! સાંભળ તો ખરો, ભગવાન! અહીં એ વાત તો કરે છે. કે રાગ થયો તો ઇન્દ્રિયનું કાર્ય ઇન્દ્રિયમાં થાય છે એમ છે નહિ. આહા..હા..! ... ભગવાન આત્મા પોતાના આનંદમાં લીન થાય છે એ તો પોતાનો સ્વભાવ છે. એ નિમિત્તની પર્યાય પ્રગટ કરવી એ તો આત્મામાં સાધન છે. અનાદિ સાધન આત્મામાં પડ્યું છે. આ કિંચિત્ સાધન નથી એમ કહે છે. ઓલું અનાદિ સાધન છે. આનંદની પર્યાય ઉત્પન્ન કરવી એ આત્મામાં અનાદિ સાધન નામનો ગુણ છે. ત્યારે ઇન્દ્રિય દ્વારા કામ કરવું એ કિંચિત્ માત્ર સાધન નથી આત્મામાં. આહા..હા..!

મુમુક્ષુ :- નિમિત્તથી પણ નહિ?

ઉત્તર :- નિમિત્ત પણ નહિ. નિમિત્તનો અર્થ શું? છે નહિ અનું નામ નિમિત્ત. નિમિત્તનો અર્થ તો પૃથક્ છે. શું કહે છે?

મુમુક્ષુ :- મડદું તો કાંઈ કરતું નથી.

ઉત્તર :- અહીં પણ મડદું શું કરે છે? આ મડદું જ છે. આ આવ્યુંને? આ શું છે? સમયસાર છેને? આ તો પ્રવચનસાર છે. સમયસારમાં. સમયસારમાં જુઓ કેટલામી? ૯૬-૯૬. ઘણીવાર આવી ગયું છે. જુઓ, ૯૬ ગાથા સમયસાર. સમયસાર નથી? '**મૃતક કલેવર** (**-શરીર**) વડે **પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન** (પોતે) **મૂર્છિત થયો હોવાથી...**' આ મૃતક કલેવર છે એમ લે છે. અમૃતચંદ્રાચાર્ય. ૯૬ ગાથાની ટીકા છે. સમયસાર જુઓ, સમજાણું કાંઈ? એ '**મૃતક કલેવર**(**-શરીર**) વડે **પરમ અમૃતરૂપ...**' મૃતક, અમૃત એમ વાત ગુલાંટ ખાય છે. શરીર મૃતક છે. અત્યારે પણ હોં.

મુમુક્ષુ :- જીવ નીકળી જાય ત્યારે નહિ?

ઉત્તર :- અરે..! શું જીવ નીકળે એ જુદો જ છે. સદાય મૃતક છે. જુઓ સંસ્કૃતમાં

છે સંસ્કૃતમાં. '**मृतककलेवरमूर्च्छितपरमामृतविज्ञानघनतया च तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति।**' ભગવાન આત્મા અમૃત સ્વરૂપ હોવા છતાં પણ. અ-મૃત. મૃતક કલેવરમાં પોતાનું માનીને કર્તા થાય છે એવી એની ચીજ નથી. મૂર્છિત થાય છે. મૂર્છિત થઈ ગયો. અમૃતસ્વરૂપ ભગવાન મૃતકસ્વરૂપમાં મૂર્છિત થઈ ગયો. એ સમયસારમાં છે.

મુમુક્ષુ :- બે પ્રકારના મૃતક ..

ઉત્તર :- એ ... અહીં તો અમૃતચંદ્રાચાર્ય કહે છે મૃતક જુઓ, સમયસાર છેને. ત્યાં બીજું સમયસાર છે કે નહિ? નથી? સમજાણું કાંઈ? .. લ્યો આ સંસ્કૃત. એમને દ્યોને ફતેહચંદજીને. એ જરી જિજ્ઞાસાથી સાંભળે છે. એ ૯૬ ગાથા છેને? છેલ્લો પેરેગ્રાફ. સંસ્કૃતનો છેલ્લો પેરેગ્રાફ. ૯૬ ગાથાનો સંસ્કૃતનો છેલ્લો પેરેગ્રાફ. જુઓ, '**मृतक कलेवर**' છે? '**मूर्च्छितपरमामृतविज्ञानघनतया च तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति।**' એનો અર્થ નીચે. '**મૃતક** કલેવર(-શરીર) વડે...' મુનિ. '**મૃતક** કલેવર(-શરીર) વડે **પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન..**' બે લીધું. આહા..હા..! પરમ અમૃતરૂપ પ્રભુ વિજ્ઞાનનો ઘન આત્મા તો છે. એવો ભગવાન '(પોતે) **મૂર્છિત થયો...**' મૃતક કલેવરમાં પોતે મૂર્છિત થયો. મડદું છે આ તો. સમજાણું કાંઈ? છે? ક્યાં છે?

મુમુક્ષુ :- '**મૃતક** કલેવર(-શરીર) વડે **પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન** (પોતે) **મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.**'

ઉત્તર :- થાય છે. આ અમૃતચંદ્રાચાર્ય મુનિ છે.

મુમુક્ષુ :- સ્વયં મૂર્છિત?

ઉત્તર :- પોતે મૂર્છિત છે. પોતાથી મૂર્છિત છે. પરથી ક્યાં? એ તો સવારમાં ઘણી વાત આવી ગઈ નહિ? એ મૂર્છા પોતાના ષટ્કારકથી કરે છે. પરને કારણે નહિ. એ તો સવારમાં ઘણું ચાલ્યું. ગાથા બતાવી હતી. અમૃતલાલજી! જોયું? પંચાસ્તિકાયની વાત.. બરાબર આખી ટીકા... એ તો .. અને સમજાય નહિ ત્યાં સુધી પ્રશ્ન પણ થાય. સમજાય તો છે. આ તો બીજી અલૌકિક વાત છે, ભગવાન! નામ પણ અમૃતલાલ છે. એ કહે છેને? '**પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન** (પોતે) **મૂર્છિત થયો હોવાથી...**' મ-મા લીધું. મૃતકમાં મૂર્છિત અમૃતસ્વરૂપ ભગવાન મૂર્છિત થયા. આહા..હા..!

ભગવાન! તું તો અમૃતસ્વરૂપ વિજ્ઞાનઘન છો ભાઈ! આ મૃતકકલેવરમાં મૂર્છા, પ્રભુ! શું કહો છો? મડદામાં મૂર્છા? આ તો મડદું છે મડદું. અત્યારે હોં! પછી નહિ. જેને શાસ્ત્રમાં સચેત શરીર કહે છે. સચેત વનસ્પતિ, સચેત શરીર કહે છે કે નહિ? એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા સચેત શરીર (કહ્યું). સચેત શરીર છે જ નહિ. શરીર અચેત જ છે. આહા..હા..! એ શરીરનો પ્રેમ એ મૂર્છા. મૂર્છાઈ ગયો આત્મા, ભગવાન અમૃતને ખોઈને. મારું સુંદર શરીર, મારું નાક સુંદર છે, આંખ સુંદર છે, કાન સુંદર છે. ભગવાન! એ ચામડી ખોલે તો તો

માલુમ પડે. શેરડીની એક છાલ ઉતારે અને જેવી દેખાય એવી એક ચામડી આ ખોલીને જોવે. થૂંકવા ઉભો ન રહે એવી ચીજ છે આ તો. આહા..હા..!

એક શેઠને અમારે ગામમાં થયું હતું. ... એવું ... શરીર ગંધ મારે. ઓહો..! એવી ગંધ મારે કે ખાઈ શકે નહિ. શીરો કરે. શીરો સમજ્યાને? હલવો. એકદમ-એકદમ લે ત્યાં ઉલટી થઈ જાય. એવું આ સડી ગયું પાછળનો ભાગ. આહા..હા..! બીડી પીતા હતા. ... ઓહો..હો..! ભગવાન! એ તો સડેલું ગુમડું છે. પાકેલું ગુમડું છે આ તો શરીર. આ આમાં કપડા પાટો છે. પાટો બાંધે છે. છેને? આહા..હા..! ભગવાન! તારી ચીજ તો અમૃતસ્વરૂપ વિજ્ઞાનઘન તું છો. એમાં તો વિકાર પણ નથી. વિકાર તો આસ્રવતત્ત્વ છે. એ આસ્રવતત્ત્વ જુદું છે. શરીર અજીવતત્ત્વ જુદું છે, તારું જ્ઞાયકતત્ત્વ જુદું છે. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ ન કરતાં અરે..! મૃતક કલેવરમાં વિષય-વાસનાથી જાણે શું કરું? શું મૃતક કલેવરમાંથી રસ કાઢી લઉં. સમજાણું કાંઈ? અરે..! ભગવાન! શું થયું તને? મૃતક કલેવરના કટકા કરીશ તો માંસ નીકળશે. એમાં કોઈ રસ છે નહિ. પણ વિષય-વાસનાના કાળે અજ્ઞાની વાસનાનો સ્વામી થઈને પરની ક્રિયામાં જ્યાં જોડાય છે. આહા..હા..! ગાંડો થઈ જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ભગવાન! તારી ચીજ એવી છે. અહીં સમ્યગ્દર્શનથી બતાવે છે. સમજાણું? કર્તા-કર્મ બતાવે છેને? એ રાગનો કર્તા થાય તો દેહની મૂર્છાનો કર્તા થાય છે. ભગવાન! તારી ચીજ તો અમૃતસાગર ભિન્ન છેને. એની દૃષ્ટિ કર તને સમ્યગ્દર્શન અને આનંદ થશે. એવો આત્મામાં આનંદ પડ્યો છે. સમજાણું કાંઈ? મૃતક કલેવર. આહા..હા..! અરે..! પણ નિમિત્ત છે કે નહિ? અરે..! ભગવાન! નિમિત્તનો અર્થ શું? નિમિત્તનો અર્થ એ ચીજ જોડે છે, પણ એનાથી શરીરની ક્રિયા એવી થાય છે તો તો નિમિત્ત ન રહ્યું, એ તો ઉપાદાન થયું. આહા..હા..! ભાઈ! તારી ચીજ ભિન્ન છે, ભગવાન! તારાથી ભિન્ન ભગવાન આ જડ, માટી ભિન્ન છે, ભાઈ! સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ કર્યા વિના શરીરમાં મૂર્છા મિથ્યાત્વભાવ છે. આહા..હા..! કહે છે, એ શરીરાદિ, પુત્ર આદિનું સાધનમાત્ર નથી. બિલકુલ સાધન નથી. સમજાણું કાંઈ? એવો અલિંગગ્રહણ એવો અર્થ એમાંથી અમૃતચંદ્રાચાર્ય કરે છે. લ્યો એ ચૌદ બોલ થયો.

પંદર. હવે જરી આકરો પંદરમો બોલ છે. સમજાણું કાંઈ? આકરું છે. વેદાંતીને આકરું લાગે. અમે વાંચ્યું હતું તે દિ' .. આ પ્રશ્ન પાંચની સાલમાં .. થયો. સમજાણું કાંઈ? મગનલાલ. મગન મૂળજી. આમ અમારું સાંભળે અને બુદ્ધિની ચતુરાઈનું અભિમાન. મોદી નહિ. દફતરી. મગન દફતરી મોરબીવાળા. પત્ર આવ્યો હતોને હમણા. એકવાર ઓલા વાઈસરોયે વખાણ કર્યા હતાને. ગવર્નરે કર્યો હતો. મગનલાલ ગુલાબચંદ. કે ઓહો..હો..! .. રત્ન મોરબીમાં છે. ખબર છેને. વાઈસરોય આવ્યા હતા ત્યારે બોલ્યા. ચતુરાઈથી બોલે, રૂપાળા હતા દફતરી.

એ કોક આવ્યું હતું. આપણે તો સાંભળેલું હોય. આપણને ક્યાં ખબર છે? ત્યારે એમ કહે ઓહો..હો..! ઓલો ભાષણ કરેને તો એમણે કહ્યું કે રત્ન છે તમારા ગામમાં. પછી બુદ્ધિની ચતુરાઈની મીઠાશ .. અહીં ચૌદ બોલ સુધી સાંભળ્યું. આ બોલ ચાલતો હતો. ત્યાં તો આ ૨૦ બોલ ૨૮ દિવસ ચાલ્યા હતા. હવે તો .. એમાં કોઈ દાખલો આપે, કોઈ આમ કહે. હજી શરૂઆત હતીને. ૮ની સાલની વાત છે. ૨૦ વર્ષ પહેલાની. આ ૧૪ બોલ ચાલ્યા હતા. પછી મારી પાસે આવ્યા. સાંભળતા-સાંભળતા. મહારાજ! શું જૈનમાં અને વેદાંતમાં કાંઈ ફર્ક છે? બેય એક છે. સાંભળો કીધું. શું સાંભળવું છે તારે કે ફેર છે કે નહિ? સ્વરૂપચંદભાઈ! ... બહુ રૂપાળા હતા અને બુદ્ધિની ચતુરાઈનું અભિમાન હતું. તો અમારી આ વાત સાંભળી. બહુ પ્રેમથી સાંભળી. પછી એકવાર નિશ્ચયની વાત ઘણી આવીને. તો એકવાર સાંજે આવ્યા. મહારાજ! શું જૈનમાં અને વેદાંતમાં કાંઈ ફેર નથી? .. એ કહેતા હતા. તો અત્યાર સુધી શું સાંભળ્યું? કીધું. સાંભળો કીધું કાલે, જૈન અને વૈદમાં શું ફર્ક છે એ. કાલે સાંભળો કીધું. એ આ ૧૫મો બોલ આવ્યો હતો એ વખતે. એ આવવાનો હતો અને એનો પ્રશ્ન સાંજે આવ્યો. .. એ સિવાય ... કહેતા હતાને છઠ્ઠી સાલમાં ભાઈ લાઠીમાં. નાથુલાલ હતાને આ. .. ઈંદોરવાળા. એ પણ એમ કહેતા હતા. એ બીજી વાત, પોતાની નહિ. કે દેવકીનંદનજી એમ કહેતા હતા. દેવકીનંદન પંડિત હતાને? તો દેવકીનંદન એમ કહે છે કે વેદાંત અને જૈનને ઘોડાનું એ હોય છેને .. તો કાનસૂર્યા થોડું અંતર.. કોઈના ઉભા હોય, કોઈના આમ હોય. એમ. બીજો કોઈ ફેર છે નહિ. છઠ્ઠી સાલમાં જેઠ મહિને જ્યારે આ દિગંબર મંદિર થયું લાઠીમાં. પંચકલ્યાણક થયું હતું. એ નાથુલાલ આવ્યા. અરે..! કીધું સાંભળને ... કોણ કહેતું હતું? કીધું. દેવકીનંદન એમ કહે છે. અરે..! ઉગમણો-આથમણો ફેર છે. વેદાંત અને જૈનદર્શનમાં ઉગમણો-આથમણો ફેર છે. ઉગમણો-આથમણો સમજ્યા? પૂર્વ-પશ્ચિમનો ફેર છે. સમજાણું કાંઈ? નિશ્ચયની એવી વાત સાંભળીને એમ લાગે કે આ તો વેદાંતમાં પણ એમ છે. એવું છે નહિ ક્યાંય. સમજાણું કાંઈ?

એ વાત કરે છે જુઓ, ૧૫મો બોલ. મેહનાકાર આવ્યુંને એટલે શરીર-ઇન્દ્રિયનું વ્યાપકપણું ભલે ન હોય એમાં. પણ અમહેનાકાર થયો તો લોકવ્યાપક થઈ ગયો. શરીરનું આકારપણું એમાં નથી અને ઇન્દ્રિયના આકારનું ગ્રહણ એમાં નથી. તો અશરીર .. એ તો લોકવ્યાપકપણે આકાર થઈ ગયો એનો. એમ કોઈ કાઢે તો એનો અર્થ કહે છે હવે. સ્વરૂપચંદભાઈ! **'લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે...'** એટલે કે મેહ નામ લોકસાધનથી, શરીરથી રહિત એવું **'જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી...'** લોકમાં વ્યાપે એવો આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? લોકના અસંખ્ય પ્રદેશ છે એટલા આત્માના પ્રદેશો છે, પણ દેહ છૂટી જાય તો લોકવ્યાપક થઈ જાય એમ છે નહિ. લોકવ્યાપક છે જ નહિ. લોક અને અલોકને જાણવામાં જ્ઞાનમાં વ્યાપક છે. લોકાલોકનું જ્ઞાન થતાં જ્ઞાનમાં આત્મા

વ્યાપક છે. પણ ક્ષેત્રથી લોકમાં વ્યાપી જાય એમ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... હોય તો શું છે? એ તો શરીર આદિની ક્રિયા થઈ. અને તે પણ ક્ષણિક અસંખ્ય પ્રદેશ અમુકકાળ સુધી રહે છે. એ કાંઈ વ્યાપક થઈ ગયું? વ્યાપક તો સદાય રહે છે. એ તો અમથું બે-ત્રણ સમય રહે છે લોકમાં. સમજાણું? એ તો કેવળ સમુદઘાતમાં છે જ નહિ. એ માટે તો આ આત્માની વાત લીધી છે. કોઈ એવી નિશ્ચયની વાત સાંભળીને વેદાંતની સાથે મેળવે. સમયસાર વાંચીને કેટલાય મેળવે છે. સમજાણું કાંઈ? એ પણ કહે છે, શુદ્ધ છે, બુદ્ધ છે, ચૈતન્ય આનંદ છે, નિર્વિકલ્પ છે. સમજાણું કાંઈ? સર્વવ્યાપક છે. અમે પણ કહીએ છીએ. એ સર્વવ્યાપક પહેલા આવી ગયું સર્વગતં. પહેલા આવ્યું. સર્વગત લોકાલોકમાં વ્યાપે છે. લોકાલોક વ્યાપ્તિનો અર્થ જ્ઞાનમાં જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમયસારની નિશ્ચયની વાસ્તવિકતાની વાત સાંભળીને.. શ્રીમદ્‌માં પણ આવે છે કે સમયસાર સાંભળીને કોઈને એક આત્માની શ્રદ્ધા થઈ જાય છે. એ શ્રીમદ્‌માં પણ છે. એમ નથી.

આત્મા અનંત છે અને અનંતગુણા પરમાણુ છે અને એક આત્મા અસંખ્ય પ્રદેશી છે. એ અસંખ્ય પ્રદેશ લોકમાં વ્યાપી જાય એવો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? કહે છેને કે ભાઈ! પંખી છે, પાંખ ટૂટી ગઈ, બસ ત્યાંને ત્યાં રહી ગયો. સમાઈ ગયો. એમ નથી. રાગ-દ્વેષ અજ્ઞાનની પાંખ ટૂટી ગઈ તો ત્યાં ને ત્યાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું. સમજાણું કાંઈ? પછી એ પંખી બીજામાં વ્યાપી જાય એમ નથી. અનંતમાં અનંત મળી જાય છે એમ કહે છે લોકો. અનંત છે વ્યાપક, મોક્ષ થાય તો અનંતમાં મળી જાય છે. એમ નથી. સમજાણું કાંઈ? અથવા જ્યોતથી જ્યોત મળી જાય. આવે છે કે નહિ? એ વળી ત્યાં કહેતા હતા. ૯૫ની સાલમાં. એક .. આવ્યો હતો. જ્યોતમાં જ્યોત મેળવી. જ્યોત છે એમાં મોક્ષ થાય તો જ્યોત મળી જાય. એનો અર્થ શું કીધું. જ્યોતમાં જ્યોત મળી એ. શું આત્માની સત્તાનો નાશ થઈને બીજી સત્તામાં ભળી જાય છે? ભિન્ન-ભિન્ન સત્તા છે. સિદ્ધમાં પણ દરેક આત્માની પોતાના ક્ષેત્રમાં પોતાના કાળથી વાત તદ્દન ભિન્ન છે. કોઈની સાથે મળી જાય તો સંસારમાં ભિન્ન સત્તા રાખે છે અને મુક્તિ થાય તો સત્તાનો નાશ થઈ જાય, એનો તો અભાવ થઈ ગયો. સત્યાનાશ કરે છે. બંસીધરજી કહે છે. બંસધરજી છેને પંડિત. .. સત્યાનાશ થઈ ગયો. સત્તાનાશ થઈ ગયો. એમ નથી ભગવાન! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ કહેને એમ કે આવું હોય તો સત્યાનાશ થઈ જાય. તો એમ થતું નથી. એમ. એમ. આનો ટેકો આપવા. સત્યાનાશ નથી થતું. સત્તાનો નાશ નથી થતો. એમ કહે છે. ભારે કામ ભાઈ! એના પક્ષની વાત બોલે તો એને એવું લાગે કે ... આ બોલ

ચાલ્યો હતો પહેલા ક્લાસ વખતે. એક વેદાંતી બેઠા હતા. સાંભળવા આવ્યા હતા. આ બોલ જ્યાં આવ્યો. અરેરે..! વિચાર કોટીમાં રાખો, આમ રાખો, આમ રાખો. આ ચર્ચા કરી હતી. ... એ ચર્ચાનો વિષય રાખો. ચર્ચાનો શું વિષય? યથાર્થ એમ જ છે. નિર્ણય, આવો જ નિર્ણય છે, બીજો નિર્ણય પછી નથી. એમ કે લોકમાં વ્યાપે એક જ આત્મા છે એમ નક્કી કરવા ચર્ચાનો વિષય કરો. એમ છે જ નહિ કદી. સમજાણું કાંઈ?

તો કહે છે કે '**લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે...**' વ્યાપક શરીર વિના એમ. '**લોકમાં વ્યાપવાપણું નથી...**' શરીરમાં વ્યાપક નથી એટલે ઓલી ઈન્દ્રિય આદિમાં. તો પછી લોકમાં વ્યાપી જાય એમ નથી. લોકમાં વ્યાપે એવો આત્મા નથી. પોતાના આનંદસ્વરૂપમાં વ્યાપક છે. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનમાં પણ કેટલાક સમયસાર વાંચીને એવી ગડબડ કરે છે. હિંમતભાઈ! વેદાંત અને જૈનની મુક્તિની વાત એક જ છે. અરે..! એકેય એક નથી. આ આત્મા અનંત માને અને એક આત્મામાં અનંતગુણ માને એ જૈનદર્શન વસ્તુનું સ્વરૂપ એવું છે. અનંતગુણની અનંતી પર્યાય માને. પર્યાય-ફર્યાય એમાં તો છે નહિ. એક સામાન્ય કૂટસ્થ, દ્રવ્ય સામાન્ય વ્યાપક કહે છે. એમ છે નહિ. એવો આત્મા છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જેને લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી તે અલિંગગ્રહણ છે;...**' અલિંગગ્રહણ કહેવું છેને? લિંગથી વ્યાપે નહિ એવું એ. લિંગ નામ લોકમાં વ્યાપવાપણું નથી એવો છે. '**આ રીતે આત્મા...**' હવે શબ્દ કઠણ આવ્યો. આચાર્યે સ્પષ્ટ કરી દીધું છે. એક આત્માને માનનારા વ્યાપક માને એ '**પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો...**' એ તો પાખંડીઓનું પ્રસિદ્ધ સાધન છે. આકરું લાગે. ... એ તો સ્વરૂપનો દ્વેષ થઈ ગયો. એમ છે નહિ, ભાઈ! તારી દૃષ્ટિમાં ફેર છે. વસ્તુનું સ્વરૂપ છે. જેની જે માન્યતા હોય એમાં ઘા પડેને, આહા..હા..! એવું લાગે અને દુઃખ લાગે દુઃખ. એ ઓલો આવ્યો હતોને. ભાગી ગયો બિચારો. ફરીને આવીશ એમ કહીને વયો ગયો. રોકાણો નહિ. ક્લાસમાં... એમ બધે ...

અહીં તો કહે છે, 'જેનો પક્ષ લઈને બોલું તે મહા સુખ માણે, જેનો પક્ષ મૂકીને બોલું તે મનમાં દુઃખ તાણે.' નહિ, આમ નહિ. જેના પક્ષમાં બોલું એ પક્ષવાળો રાજી થાય, પણ જેનો પક્ષ છોડીને યથાર્થ કહું તો એ પક્ષવાળો દુઃખી થાય છે. સમજાણું કાંઈ? અમારે સંપ્રદાયના ગુરુ હતાને .. ત્યાં જાય. એને માટે બનાવેલા આહાર-પાણી બિલકુલ ન રહે. તો પહેલા .. જૈન. એમાં તો એક બિંદુ પણ પાણી બન્યું હોય બિલકુલ નહિ. તો .. પછી બપોરે વ્યાખ્યાન કરે. કઠણ હોં. એવું કહે. સાધુ માટે આહાર-પાણી બનાવીને જે સાધુને દે છે એ ગર્ભમાં ગળશે. ગર્ભમાં સમજ્યા? ગર્ભમાં ગળી જાશે. ગર્ભમાં જન્મ નહિ થાય, પણ ગર્ભમાં ને ગર્ભમાં પતન થઈ જશે. એવી કઠણ વાત હતી. સંપ્રદાયના ગુરુની એવી

કડક ક્રિયા, બહુ કડક હતી. કડક નામ શાંત હતા. પણ એને માટે બનાવ્યું હોય...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ એ. એમ પહેલા કહે. નાના ગામમાં જાય તો સાત-આઠ ઘર જૈનના હોય. તો પહેલા ત્યાં ભિક્ષા માટે અજાણ્યા એકદમ જાય. અમે પણ એવું કર્યું છે ઉમરાળા. સમજાણું કાંઈ? અજાણ એટલે? ગામમાં ખબર ન પડે કે મહારાજ આવ્યા છે. તો ત્રણ-ચાર કોસ ચાલતા હતા. ટાઈમ થઈ ગયો હોય અને ... એક ગામ બહાર કોઈ નેરુ હોયને .. નેરુ સમજો છો? નાની નદી. .. ત્યાં ચાલ્યા જઈએ ખાનગી. ત્યાં બેસે, સજ્ઝાય કરે અડધો કલાક, કલાક. પછી ટાઈમ હોય દશ વાગે નીકળીને ગામમાં પ્રવેશ કરીએ. કોઈને ખબર જ ન પડે ક્યારે આવશે અને ક્યારે જાય. એમ. પ્રવેશ કરે અને જ્યાં ઘર હોય ત્યાં જાય. લાવો. રોટલી-બોટલી બની હોય, દાળ-ભાત બની ગયા હોય, રોટલી બનાવતા હોય. લાવો. પછી કોઈ કરે એ નહિ. એને માટે કરે તો લે નહિ. એકવાર લેતા હતા. એટલું કરીને બપોરે ભાષણ કરે વ્યાખ્યાન. પહેલી આ વાત. સાધુ માટે ઉદ્દેશિક બનાવીને જે કોઈ દેશે એ ગર્ભમાં ગળશે. બીજા સાધુને એવું લાગતું હતું કે અરે..! આ તો અમારી નિંદા કરે છે. અમારા માટે પાણી બનાવે છે. નાગનેશને નપાણીયું કહેતા હતા. એય..! મલુકચંદભાઈ! તમારું ગામ છેને. પાણી બનાવે જ નહિ. અને કોઈ ન્હાય નહિ એટલે પાણી મળે નહિ. કોઈ સાધુ આવે તો ઉના પાણી મળે નહિ. તો નાગનેશ નપાણીયું ગામ. નપાણીયું સમજ્યા? પાણી વિનાનું. અમારા ગુરુ ગુજરી ગયા સંપ્રદાયના. એની પણ એવી કડક ક્રિયા. તો બીજા સાધુને એવું લાગે કે આવું શું કરે છે? અમને પાણી નહિ મળે, આહાર નહિ મળે તો અમે મરી જઈશું. પછી મરી ગયા. કુદરતી એવું થયું, રસ્તામાં ચાલતા-ચાલતા મરી ગયા. ડચૂરો આવ્યો. ક્ષુધા-તૃષા કાંઈ નહિ, પણ એવો રોગ થઈ ગયો. .. એમને તો કહેતા હતા. કે જુઓ, બીજામાં પાણીનો અંતરાય કર્યો આ પાણી વિના મરી ગયા. એ ચોપડી છપાણી હતી. મેં કીધું, આ શું લખ્યું છે તમે? અમને ખબર છેને. પાણીના બિંદુ.. બિલકુલ તૃષા.. એ તો બહુ સમર્થ હતા. વીર્યવાળા હતા. દૃષ્ટિ ખોટી એ વસ્તુ ક્યાં હતી. પણ આઠમના ઉપવાસ. ઉપવાસ ચોવિહારા પાણીનું બિંદુ ન લે. નવ-દશ .. ચાલ્યા એકદમ ડચુરો થયો. દેહ છૂટી ગયો. લોકોએ એવું ઉડાડ્યું કે જુઓ, એ જ્યાં-જ્યાં સાધુ માટે આહાર-પાણી બનાવતા હતા એને ના પાડતા હતા એ પાણી વિના મરી ગયા. અરે..! ભગવાન! શું કરે છે તું? એ અમારી ક્રિયા એ વખતે એવી હતી કે વર્તમાન દિગંબર સંપ્રદાયવાળા સાંભળે તો એવી આકરી લાગે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ... નહિ.. બિલકુલ ન લેવું જોઈએ. દેવું જ ન જોઈએ. એમ જ છે. એને માટે બનાવે ક્યાંથી? પણ ભારે કઠણ. એ વાત સાંભળતા લોકોને .. વ્રતાદિમાં રહી

ન શકે તો ગડબડ... ગડબડ... દુઃખ થાય છે અમને સાંભળતા. હવે સાંભળને, ભાન નથી. આહા..હા..!

અહીં કહે છે, એ વાત લોકોને પ્રતિકૂળ બહુ પડતી હતી. અહીં આ વાત પ્રતિકૂળ પડે છે હવે. અરેરે..! તારા આત્માને તેં એવો માન્યો છે કે અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે અને લોકમાં વ્યાપે એવું કહેનારને તું પાખંડી કહે છો? આવ્યું કે નહિ? વસ્તુસ્વરૂપ કહીએ છીએ. તને દુઃખ લાગે, ન લાગે તું જાણ. અમને શું છે? સમજાણું કાંઈ? કોઈના દ્વેષની ભાષા નથી. વસ્તુનું સ્વરૂપ બતાવે છે. અહીં આમ છે, તું સમજણમાં લે. તારી ભૂલ હોય તો સુધાર. એ માટે છે. ... પોતાની પર્યાયમાં પોતાની માનેલી વાતમાં ધક્કો લાગે તો દુઃખ થાય. દુઃખ તો મિથ્યાદૃષ્ટિને અનાદિથી થાય જ છે. એમાં શું છે? સમજાણું કાંઈ?

અમૃતચંદ્રાચાર્ય મુનિ એમ કહે છે કે કોઈપણ આત્મા લોકવ્યાપક માનનારો એ **'પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો...'** અને એ ઘણી તીક્ષ્ણબુદ્ધિમાં એવી વાત ચાલી છે. સમજાણું કાંઈ? એક વ્યાપક છે... વ્યાપક છે... એની ઘણી ચર્ચા ચાલતી હતી. પંડિતજી! એ .. છેને સ્થાનકવાસીના. એ એમ કહે છે, વેદાંત બહુ ખેડાયેલું છે. વેદાંત બહુ ખેડાયેલું છે. ખેડાયેલું સમજ્યા? જમીન ખેડે છે. ઘણો ખેડાયેલો માટે માર્ગ છે. જૈન એવો ખેડાયેલો નથી. અરે..! ન ખેડાયેલો હોય તો શું થયું? એમ કે જૈનનો એટલો પ્રસાર નથી અને વેદાંતનો ઘણો પ્રસાર મોટા-મોટા પંડિત માને છે, વેદાંતી માને છે માટે એ ઘણો ખેડાયેલો છે, એ માર્ગ સાચો છે. એમાં લૌકિકમાં પણ અત્યારે છે. એને જૈનની શ્રદ્ધા નથી, વેદાંતની શ્રદ્ધા છે. સમજાણું કાંઈ? અહીં કહે છે કે ખેડાયેલો, ન ખેડાયેલો પરની અપેક્ષાની વાત અહીંયાં નથી. થોડું માનનારા હોય તો સત્ય નથી, ઝાઝા માનનારા હોય તો સત્ય છે એવી કોઈ ચીજ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ વોટની જરૂર નથી. આ .. ફલાણા.. આહા..હા..! તમારી વાત બરાબર છે. સત્યની જરૂર છે ત્યાં. સમજાણું કાંઈ?

**'આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ...'** આહા..હા..! એક આત્મા અખંડ આનંદ પરિપૂર્ણ પ્રભુ એટલામાં છે. એટલા એક આત્માને અનંત વ્યાપક કહીને એક આત્માને ખંડ કરી દીધો. સમજાણું કાંઈ? અનંત આત્મા અખંડાનંદ પ્રભુ પૂર્ણાનંદ ભિન્ન-ભિન્ન છે. અખંડ વસ્તુ એક આત્મા અત્યારે એટલામાં અખંડ પરિપૂર્ણ છે. અને એટલામાં એનું જ્ઞાન અને આનંદ પરિપૂર્ણ છે. જેને વીતરાગતા પૂર્ણ-પૂર્ણ થાય એને સંપૂર્ણ સર્વજ્ઞદશા એટલામાં જ ઉત્પન્ન થાય છે. લોકવ્યાપક થાય તો સર્વજ્ઞપણું પ્રગટે એમ છે નહિ. આહા..હા..! .. કોક તો એમ કહેતું હતું હોં કે આ તો વેદાંત જેવી વાત છે. વેદાંતી. અરે..! સાંભળ તો ખરો. વેદાંતમાં એવી વાત! અરે..! ભગવાન! વ્યવહાર લાવે છેને. આ લોકો બધા વ્યવહાર... વ્યવહાર... આમ

ખાવું, આમ પીવું એવી વ્યવહારની વાત છે. વ્યવહારનો તો અહીં નિષેધ કરે છે. એ તારી ચીજમાં કર્તાપણું ઘુસી જાય છે. ઓહો..હો..! વેદાંત જેવી વાત છે. ... હતાને એ નાથુલાલ કોણ? પ્રેમી. મુંબઈમાં. એણે એવું લખ્યું હતું એકવાર કે કુંદકુંદાચાર્યે સમયસાર વેદાંતની ઢાળામાં ઢાળી દીધું છે. ખોટું છે, કીધું. સમજાણું કાંઈ? વેદાંતના ઢાળામાં. ઢાળા સમજ્યાને આ? વેદાંતના ઢાળામાં ઢાળી દીધું સમયસારને.

મુમુક્ષુ :- વેદાંત જેવું બનાવી દીધું.

ઉત્તર :- વેદાંતી જેવું બનાવી દીધું. વેદાંતી જેવું બનાવી દીધું એવું નથુલાલે લખ્યું. અરે..! હાલ.. હાલ.. ભગવાન! તને ખબર નથી. આ તો નિશ્ચય યથાર્થ વસ્તુ છે એવી બનાવી છે. સમજાણું કાંઈ?

**'પાખંડીઓને પ્રસિદ્ધ...'** એમ કહ્યું. એવા **'સાધનરૂપ આકારવાળો...'** એટલે લોકના આકારવાળો **'લોકવ્યાપ્તિવાળો નથી એવા અર્થની પ્રાપ્તિ...'** અમહેનાકારમાંથી અલિંગગ્રહણનો એવો અર્થ પ્રાપ્ત **'થાય છે.'**

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ વદ ૪, રવિવાર, તા. ૩૧.૦૮.૧૯૬૯
## ગાથા-૧૭૨, બોલ-૧૫-૧૭, પ્રવચન-૨૫૧

આ પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન. એમાં અલિંગગ્રહણના ૨૦ બોલ ચાલે છે એમાં ૧૫ ચાલ્યા. અલિંગગ્રહણ કહેતા આત્મા.. પહેલેથી ચાલ્યું આવે છેને. આત્મા ઈન્દ્રિયથી જાણે એ આત્મા નથી. સમજાણું કાંઈ? આત્મા તો અતીન્દ્રિય સ્વરૂપ છે. રાગથી જાણે કે ઈન્દ્રિયથી જાણે કે પરથી જાણે એ એનો સ્વભાવ નથી. એને આત્મા જ કહેતા નથી. આત્મા તો અતીન્દ્રિય છે, ખંડ ઈન્દ્રિય, દ્રવ્ય ઈન્દ્રિય અને બાહ્ય વિષયો એનાથી ભિન્ન અતીન્દ્રિય જ્ઞાનમય દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શનમાં, અતીન્દ્રિય જ્ઞાનમાં આત્માનો અનુભવ થાય છે. કહો, સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન કહે છે. સમ્યગ્દર્શન, અતીન્દ્રિય આત્મા તરફનો અનુભવ એ અનુભવમાં પ્રતીત થવી એનું નામ સમ્યગ્દર્શન છે. ધર્મની પહેલી સીઢી છે. પહેલું સોપાન. એ વિના ધર્મ થતો નથી.

શું ચાલ્યું? આપણે પંદરમો આવ્યા છીએ. **'લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે...'** શું કહે છે જુઓ, **'જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી...'** લોકમાં વ્યાપી જાય એવું એનું સ્વરૂપ નથી. **'તે અલિંગગ્રહણ છે;...'** કેમકે **'આ રીતે આત્મા પાખંડીઓને**

**પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો...'** જુઓ, કેમકે જ્યારે આત્મા અસંખ્ય પ્રદેશી છે તો જેટલામાં છે એટલામાં અંતર્મુખ ધ્યાન કરવાથી આત્મા ધ્યેય પકડાય છે. આત્માને પકડવા કાંઈ બહાર નથી જાવું પડતું. અહીંયાં અસંખ્ય પ્રદેશી શરીર પ્રમાણે પોતાનું ભિન્ન સ્વરૂપ વ્યાપવાપણે રહે છે. તો અંતરમાં એવી એકાગ્રતા કરવાથી જેટલામાં છે એ તરફ એકાગ્રતા કરવાથી એને આત્મા ધ્યાનનું ધ્યેય બને છે. સમજાણું કાંઈ? આત્મા વ્યાપક હોય તો તો આમ કરવું પડે. આ બધી એકાગ્રતા થાય તો આત્માનો પત્તો લાગે એવો આત્મા નથી. તેથી કોઈ વ્યાપકપણે સર્વ એક જ આત્મા છે એવું કર્મ .. વિશેષ કહ્યું. સમજાણું કાંઈ? ખરેખર તો ભગવાન અસંખ્ય પ્રદેશમાં એવો વ્યાપક છે કે જેમાં પુણ્ય-પાપનો વિકાર પણ વ્યાપક નથી. સમજાણું કાંઈ? પુણ્ય-પાપનો ભાવ એનું પણ ક્ષેત્ર ભિન્ન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિશેષ કહેશે. .. આવે છે કે નહિ? ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી લોકના પ્રદેશ જેટલો છે એ બરાબર છે, પણ એ લોકવ્યાપક થઈ જાય એવો આત્મા નથી. ભગવાન અસંખ્ય પ્રદેશી આત્મા શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન. આવે છેને શ્રીમદ્‌માં ઈ? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.' ભગવાન શુદ્ધ છે, બુદ્ધ નામ જ્ઞાનની મૂર્તિ છે અને ચૈતન્યઘન છે. ચૈતન્યઘનનો અર્થ? અસંખ્ય પ્રદેશી ઘન છે. ત્રીજા બોલમાં પ્રદેશ નાખ્યો છે. સમજાણું કાંઈ? શુદ્ધ છે, બુદ્ધ નામ જ્ઞાનની મૂર્તિ છે અને ચૈતન્યઘન છે. અસંખ્ય પ્રદેશી ચૈતન્ય વિજ્ઞાનઘન અસંખ્ય પ્રદેશનો પિંડ છે. સ્વયં જ્યોતિ છે. પોતાથી પ્રકાશમાન થનારી છે અને સુખધામ છે. અતીન્દ્રિય આનંદનું એ સ્થાન છે. સ્થાન આવ્યુંને? આ તો ક્ષેત્ર આવ્યું એટલે ખ્યાલમાં આવ્યું. ક્ષેત્ર કહે છેને? સમજાણું કાંઈ? ધામ છે, ઠામ છે. એ પોતામાં એટલું વિજ્ઞાનઘનસ્થાન અહીંયાં છે. સમજાણું કાંઈ? ગુજરાતી ભાષા છેને એ તો? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' એ તો સમજાય એવી ભાષા છે.

મુમુક્ષુ :- હિન્દીમાં પણ એમ જ બોલે.

ઉત્તર :- હિન્દીમાં એમ બોલે છે. 'બીજું કહીએ કેટલું?' એ વળી ગુજરાતી છે. 'બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.' કર અંતર વસ્તુ સ્વભાવ તરફ ધ્યાન દે, વિષય કરે, ભગવાન આત્માની જ્ઞાન પર્યાયમાં, ધ્યાનની પર્યાયમાં એને વિષય કરે તો પામે. એના ક્ષેત્રમાં આ વ્યવહારરત્નત્રય જે દયા, દાન, વ્રતાદિના પરિણામ, સવારમાં આવ્યુંને? એ પરિણામ આત્માના ક્ષેત્રમાં નથી. એ ક્ષેત્ર જ ભિન્ન છે. સાંભળ્યું નથી? સંવર અધિકારમાં આવ્યું છે. સંવર અધિકારમાં છે કે વિકારનું ક્ષેત્ર જ ભિન્ન છે. આહા..હા..! એ સંવર અધિકારમાં આવ્યું છે. ભગવાન આત્મા શુદ્ધ ક્ષેત્ર જે શુદ્ધ અસંખ્ય પ્રદેશી પિંડ છે એ આત્મા છે. એમાં જે પુણ્યનો વિકલ્પ ઉઠે છે એ ક્ષેત્ર-પ્રદેશનો અંશ (જુદો છે). પ્રદેશ તો એ જ છે. એમાં છે. આ પ્રવચનસાર. સમયસારમાં છે. સંવર ગાથા. સંવરના પહેલા અધિકારમાં છે કે પુણ્ય પરિણામ

ભિન્ન વસ્તુ છે, ક્ષેત્ર ભિન્ન છે. સમજાણું કાંઈ? આત્મામાં ગુણે ગુણ ભિન્ન છે, પણ ગુણે ગુણ ભિન્ન એમ નથી, સમજાણું કાંઈ? કે જેમ વિકારનું ક્ષેત્ર ભિન્ન છે એમ ભિન્ન નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિકારનું ક્ષેત્ર દ્રવ્યસ્વભાવના ક્ષેત્રથી જુદું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ફરીને કહીએ, પણ આ નવી વાત છે કે નહિ? અહીં તો ક્ષેત્રની વાત આવીને ક્ષેત્ર. સંવર અધિકાર છે કે નહિ? એ આવ્યું છે. બહુ ચાલ્યું છે, આ તો ૧૭મી વાર ચાલે છે સમયસાર. વ્યાખ્યાનમાં અને અંતરમાં સેંકડોવાર ચાલ્યું છે. સંવર-સંવર. જુઓ, '**ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...**' સંવર અધિકાર. '**(અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી) કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...**' વિકારના પરિણામનું ક્ષેત્ર ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાના ક્ષેત્રમાં તો આનંદ પાકે એ પોતાનું ક્ષેત્ર. પુણ્ય પરિણામ વ્રત, તપ આદિનો વિકલ્પ પાકે એ પોતાનું ક્ષેત્ર નથી. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગે કહેલો આત્મા એવો છે. એમ અહીંયાં સિદ્ધ કરે છે ૧૫માં. કોઈ એમ માની લે કે સર્વવ્યાપક એ તો નિશ્ચય છેને. બે (દ્વૈત) શું વળી? આખું વ્યાપક થઈ જાય અખંડ. નહિતર એક શરીરપણે એટલામાં રહે તો ખંડ થઈ ગયો. ખંડ એ જ અખંડ છે. સમજાણું કાંઈ? દ્રવ્યપણે અખંડ છે, ક્ષેત્રથી અખંડ છે, કાળથી અખંડ છે અને ભાવથી અખંડ છે. પાછળ આવે છેને ભાઈ પાઠ? '**न द्रव्येण खंडयामि न भावेण खंडयामि**' એ અંતરની ચીજ છે. વસ્તુ અખંડ અસંખ્ય પ્રદેશી વસ્તુ પરથી ભિન્ન છે એ વસ્તુથી અખંડ છે. એ જ વસ્તુ ક્ષેત્રથી પણ અખંડ છે. ક્ષેત્ર ભિન્ન છે અને દ્રવ્ય ભિન્ન છે એમ નથી. ક્ષેત્રથી જુઓ તો એક જ. દ્રવ્યથી જુઓ તો એક જ અને કાળથી જુઓ તો અખંડ એક જ અને ભાવથી-ગુણથી જુઓ તો એક જ છે. ચાર ભાગ નથી એમાં કે દ્રવ્યનો ભાગ બીજો, ક્ષેત્રનો બીજો, કાળનો બીજો અને ભાવનો બીજો. એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? શોભાલાલજી! થોડું ઝીણું પડ્યું. ઝીણું પડે. ઝીણું પડે. એવી વાત છે. વિકારનું ક્ષેત્ર ભિન્ન છે. બન્નેના પ્રદેશ ભિન્ન છે. તેથી '**તેમને એક સત્તાની અનુપપત્તિ છે...**' જુઓ, એ '**અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.**' આહા..હા..! જુઓ, ઝીણી વાત છે.

મુમુક્ષુ :- ...શુદ્ધિ થઈ.

ઉત્તર :- તો ..ગુણમાં શુદ્ધિ આવે છે.

મુમુક્ષુ :- વિકારનું ક્ષેત્ર ક્યાં ગયું?

ઉત્તર :- વિકારનું ક્ષેત્ર ભિન્ન થઈ ગયું. ઝીણું છે, ભાઈ!

અહીંયાં કહ્યું કે '**જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે, જ્ઞાનમાં જ**

છે; ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે તે, ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી અભિન્નપણું હોવાને લીધે,...' ક્ષેત્ર જ ભિન્ન. ક્ષેત્રનો અંશ જે છે એ સ્વક્ષેત્ર નથી. અશુદ્ધતાનો અંશ ક્ષેત્ર છે એ શુદ્ધતાનું ક્ષેત્ર નથી. એવી વસ્તુ છે એ. એને તો વસ્તુ જ ભિન્ન કહી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, અહીં એ જ વાત કરે છેને ભાઈ! આ વાત સાંભળી નથી. અંતર છે. અહીંયાં આચાર્ય મહારાજ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે અસંખ્ય પ્રદેશ જે શુદ્ધ છે એ પોતાનું નિજ છે અને એ પ્રદેશમાં જેટલી અશુદ્ધતા ઉત્પન્ન થાય છે, દયા, દાન, વ્રતાદિ એ ક્ષેત્ર ભિન્ન છે એમ કહે છે. જરી ઝીણી વાત છે. અત્યારે લોકોને આવી તત્ત્વની વાત મળી નથી. મળી નથી? પંડિત એમ કહે છે. આ તો આમાં છે. સંવર અધિકારમાં સ્પષ્ટ છે. સંવર અધિકારમાં વસ્તુ... પુણ્ય-પાપના પરિણામને વસ્તુ કહી, આસ્રવતત્ત્વ કહ્યું. તો આસ્રવતત્ત્વ જેમ વસ્તુથી ભિન્ન, એમ એના ક્ષેત્રથી પણ એ તત્ત્વ ભિન્ન છે. છે તો એનો પ્રદેશ, પણ એ પ્રદેશનો અંશ જે છે એ ભિન્ન છે અને શુદ્ધસ્વભાવનું ક્ષેત્ર એ પોતાનું છે. આહા..હા..! બહુ ઝીણું પડે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્ષેત્રની અપેક્ષાએ ભિન્ન છે. ભાવની અપેક્ષાએ ભિન્ન એ તો સાધારણ માણસ કહે છે. એ તો કહે છે, ભાઈ! આમ વસ્તુ. બાહ્યમાં પણ એમ છેને. જે ક્ષેત્રમાં સમજાણું? કળથી પાકે છે. કળથી-કળથી સમજો છો? કળથી નથી થતી? એ ક્ષેત્રમાં કાંઈ ચોખા. વાસ આવે એ શું કહેવાય? બાસમતી ચોખા ન પાકે ત્યાં. જે ક્ષેત્રમાં બાસમતી ચોખા પાકે ત્યાં કળથી ન પાકે. ક્ષેત્ર ભિન્ન છે. સમજાણું? અમે તો ભાઈ કુલફાના ચોખા. બાસમતી તો હવે આવ્યા. કુલફાના ચોખા અમારે પહેલા દુકાન ઉપર રહેતાને જ્યારે પાલેજમાં ત્યાં .. કુલફાના ચોખા આવતા એક કુલફાના. બહુ ઝીણા, પાતળા, ઉંચા. ઈ ત્યાં રસોઈમાં લેતા લોકો વાપરતા. કુલફાના ચોખા બહુ ઝીણી અને પાતળા, ઉંચા. એ મોટા જુદા ભાઈ! એ ઓલાના. ઈ નહિ. ..નેરના શું કહેવાય એ? .. મોટા આવડા લાંબા. આ તો બહુ ઝીણા અને પાતળા. બહુ ઉંચા હતા. પણ ત્યારે.. આપણને તો કાંઈ ખબર નહિ. રસોડે રંધાતા ઘરે ખાતા હતા એ ખબર છે. કુલફાના ચોખા કહે છે. કુલફાના. .. આ ૬૦ વર્ષ પહેલાની વાત છે. એ કુલફાના ચોખાની જમીન બીજી હોય અને કળથી પાકે એની જમીન બીજી હોય. અહીં તો ભિન્ન ક્ષેત્ર જોવે છે, પણ આ તો અસંખ્ય પ્રદેશમાં પવિત્રતા પાકે તે પ્રદેશ નિજ છે અને અપવિત્રતા પાકે એ ક્ષેત્ર એનો અંશ છે. છે તો એનું, પણ એ ભિન્ન ક્ષેત્ર છે. આહા..હા..!

મુમુક્ષુ :- વિકારનું જે ક્ષેત્ર છે...

ઉત્તર :- હા, ભિન્ન છે. શું કહે છે? .. એટલે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અસંખ્ય પ્રદેશમાં જેટલો અંશ ઉપર જે પરથી ઉત્પન્ન થાય છે ઈ એની મર્યાદાએ ક્ષેત્ર ભિન્ન છે. મલિનતાનો ભાવ તો ભિન્ન જ છે. વાત ભાઈ બીજી છે. '**उवओगे उवओगो कोहादिसु णत्थि को वि उवओगो।**' ભગવાન આત્મા જાણનક્રિયામાં આત્મા છે. જાણનક્રિયાને આધારે આત્મા છે. સમજાણું કાંઈ? અને વ્યવહારરત્નત્રયનો આધાર આત્મા નથી. શું વાત! વ્યવહારરત્નત્રયનો આધાર આત્માનું શુદ્ધ ક્ષેત્ર નથી. આત્મા નથી. જેને શુદ્ધ ક્ષેત્ર કહે છે એ આત્મા છે. એ પુણ્ય-પાપનો આધાર આત્મા નથી.

મુમુક્ષુ :- વ્યવહારરત્નત્રય?

ઉત્તર :- નહિ, વ્યવહારરત્નત્રય કહો, રાગ કહો, મેલ કહો, પાપ કહો એ તો એક જ વાત છે. કાલે સવારે કહ્યું હતુંને. આહા..હા..! સ્વરૂપચંદભાઈ! ભારે વાતું આવી છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્ષેત્ર એનું ભિન્ન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલો અંશ એટલે? જ્યાં સુધી પૂર્ણ શુદ્ધતા ન પ્રગટ કરે ત્યાં સુધી .. છે. આહા..હા..!

જુઓ અહીંયાં આવ્યું. આધારાધેય નથી. સમજાણું કાંઈ? એકબીજાને એકબીજાનો આધાર નથી. એક વસ્તુનો પ્રદેશ ભિન્ન છે. ઘણું સ્પષ્ટ છે. વાત પણ વસ્તુનું આમ ધ્યાન કરવા જાય છે તો જે પ્રદેશ શુદ્ધ છે એની અંતર એકાગ્ર થા એમ કહે છે. અશુદ્ધતા ભિન્ન રહી જાય છે. એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- કેટલામી ગાથા?

ઉત્તર :- એ ૧૮૧, ૮૨, ૮૩. સંવર અધિકાર. પહેલા શરૂઆતમાં છે. આ તો બધું વંચાઈ ગયું છે. આખું વ્યાખ્યાન આવી ગયું આત્મધર્મમાં. રેકોર્ડિંગ ઉતરી ગયું છે. ૧૮૧, ૧૮૨, ૧૮૩ ત્રણ ગાથા સંવરની પહેલી ગાથા. એ તો બધાનું રેકોર્ડિંગ ઉતરી ગયું છે. આખાનું રેકોર્ડિંગ ઉતરી ગયું છે. એક આફ્રિકા તરફથી આખું રેકોર્ડિંગ ઉતર્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘણું ચાલે છે. અહીં તો એક-એક સમયમાં ઘણું ચાલ્યું છે. આહા..હા..! પણ નવા-નવા હોય, કોઈ દિ' સાંભળ્યું ન હોય એને આશ્ચર્ય લાગે.

કહે '**ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી (અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી)** કારણ કે **બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...**' અહીં તો વિકલ્પ જે ભિન્ન છે, એનું ક્ષેત્ર ભિન્ન છે, ભાવ ભિન્ન છે, કાળ ભિન્ન છે તો એ દ્રવ્ય નામ એ

વસ્તુ પણ ભિન્ન છે. આહા..હા..! વસ્તુ છેને રાગ. ઓહો..! શુદ્ધ વીતરાગ પિંડ પ્રભુ આત્મા છે. એનું ક્ષેત્ર જ આત્માનું છે. સમજાણું કાંઈ? અહીં તો બીજું કહેવું છે. કે '**લોકવ્યાપ્તિવાળો નથી...**' કેમકે એવું ધ્યાન અંતરમાં કરવું પડે છે, એમ એટલી વાત. આમ તો નથી, પણ વિકલ્પ ઉઠે છે એ ક્ષેત્રમાં પણ ધ્યાન કરવાનું નથી. અંતરમાં ધ્યાન કરવું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, અંતર નહિ એક જ.. એ વિકલ્પ પરક્ષેત્રમાં રહ્યું. ઈ પરક્ષેત્રમાં રહ્યું. અંતરમાં ન આવ્યું. એ બહાર રહી ગયું. અરે..! ભગવાન! આમ કરે છે જ્યાં અંદરમાં. ધ્યાન જે વીતરાગ સ્વરૂપ પ્રભુ આત્મા એને ધ્યેય બનાવે ત્યારે તો પુણ્યના ભાવ અને પુણ્યનું ક્ષેત્ર ભિન્ન રહી ગયું. અંદરમાં અભેદનું ભેદજ્ઞાન થઈ ગયું, એનું નામ ભેદ છે. આ ભેદજ્ઞાનની ગાથા છે. સંવર છેને સંવર? 'ભેદજ્ઞાન સાબુ ભયો સમરસ નિર્મળ નીર, ધોબી અંતર આત્મા...' સમજાણું? 'નિર્મળ નીર..' ધોવે નિર્મળ ચીજ. એ ગાથા છે. નિજગુણચીર. એ વાત છે. સમજાણું કાંઈ? ભેદજ્ઞાનમાં ક્ષેત્ર ભિન્ન, ભાવ ભિન્ન, કાળ તો એક જ છે, પણ એનો કાળ ભિન્ન, આનો કાળ ભિન્ન. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ એક સમયની પર્યાયમાં શુદ્ધતાનો અંશ એક પર્યાયમાં એ પોતાનો અને એ જ પર્યાયનો અશુદ્ધતા અંશ એ પરનો. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! આ તો ભેદજ્ઞાનની વાત છે, ભાઈ! વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિ કેમ થાય એની વાત છે.

'ભેદજ્ઞાન એ જ્ઞાન છે બાકી બુરો અજ્ઞાન, ધર્મદાસ ક્ષુલ્લક કહે હેમરાજ તું માન.' એમાં આવે છે એ. ધર્મદાસક્ષુલ્લક છેને... સમ્યગ્જ્ઞાન દીપિકા. એ થઈ ગયા એમાં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા... અહીં તો એ ક્ષેત્રનું આવ્યુંને તો જરી ખ્યાલ આવ્યો કે આ ક્ષેત્રનો અર્થ અસંખ્ય પ્રદેશી પોતાના શરીર પ્રમાણે શરીરથી ભિન્ન અને શુદ્ધ અસંખ્ય પ્રદેશ છે એમાં આત્મા વ્યાપક છે. બહારમાં વ્યાપક નથી. બહારમાં નથી અને રાગમાં પણ વ્યાપક નથી. સમજાણું કાંઈ? દેવીલાલજી! ભારે વાત ભાઈ!

તો કહે છે કે '**પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ...**' આચાર્ય દ્વેષ નથી કરતા હોં. વસ્તુનું સ્વરૂપ એવું છે, ભાઈ! બીજાને તો એમ લાગે કે અરરર..! અમને પાખંડી કહે છે? ભાઈ! પાખંડનો અર્થ વસ્તુના સ્વરૂપથી વિપરીત છે એ પાખંડ છે એમ કહે છે. એ તો કરૂણાબુદ્ધિથી, કરૂણાથી કહે છે કે એમ નથી. સમજાણું કાંઈ? એની માન્યતાનું શલ્ય કાઢવા માટે એમ કહે છે, ભાઈ! '**પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો—લોકવ્યાપ્તિવાળો...**' ભગવાન આત્મામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, દેવના, ગુરુના પ્રદેશ જે છે એ તો પોતાથી ભિન્ન છે. ત્યાંથી કાંઈ લેવું છે એને?

મુમુક્ષુ :- એ તો આપે છેને 'દદાતી' કહ્યુંને.

ઉત્તર :- એ દદાતીનો અર્થ ઈ. એમ છે અષ્ટપાહુડમાં. દેવ એને કહીએ. અષ્ટપાહુડમાં

છે. કે દદાતી ઈતિ દેવ. ધર્મ આપે, અર્થ આપે, કામ આપે, મોક્ષ આપે. બધું આપે તો દેવ કહેવામાં આવે છે. જુઓ, .. અષ્ટપાહુડમાં છે. એ કુંદકુંદાચાર્ય કહ્યું. પણ કઈ અપેક્ષાએ છે એ? આહા..હા..! સમજાણું કાંઈ? અષ્ટપાહુડ છે? નથી. એવો પાઠ છે. દદાતી ઈતિ દેવઃ દેવ મોક્ષ આપે. એનો અર્થ કે મોક્ષનું સ્વરૂપ એ બતાવે અને પોતે લે તો દેવે દીધું એમ વ્યવહારથી કહેવામાં આવે છે. અને એવું દેવનું સ્વરૂપ પોતાનું જ છે. એને જાણે અને વિકલ્પ થોડો રહી જાય, એમાં પુણ્ય બંધાય, સમજાણું કાંઈ? એ ધર્મ છે. ધર્મનો અર્થ વ્યવહાર ધર્મ છે પુણ્ય. અને એનાથી લક્ષ્મી આદિ મળે છે એ અર્થ છે. ધર્મ, અર્થ અને કામ. અને લક્ષ્મીથી ભોગાદિ મળે છે. સમજાણું કાંઈ? એ છે એનું જ્ઞાન કરાવ્યું છે. એમાં પણ આવે છેને ૐકારમાં? '**कामदं मोक्षदं चैव**' આવે છે કે નહિ? '**कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः**' એનો અર્થ બે ભાગ બતાવ્યા છે. કે પોતાનો શુદ્ધ ભગવાન આત્મા દેવ, ખરેખર તો પોતાનો આત્મા જ દેવ છે. એ દેવનું અંતર દર્શન કરવાથી મોક્ષ મળે છે અને બાકી રાગ રહે છે પુણ્ય, એ પુણ્ય વ્યવહાર ધર્મ છે, એ પણ આત્માએ આપ્યો. પુણ્ય તો એના છેને. વ્યવહાર છે. આહા..હા..! અને એનાથી અર્થ મળે. અર્થ નામ? આ લક્ષ્મી. આ ધૂળ મળે છેને?

મુમુક્ષુ :- સંયોગરૂપ.

ઉત્તર :- સંયોગરૂપ. હા. પુણ્યથી અર્થ મળે છે, લક્ષ્મી મળે છે અને લક્ષ્મીથી વિશેષ ભોગાદિ સાધન મળે છે. એ તો જ્ઞાન કરાવ્યું છે કે શુદ્ધતાનું સાધન કરવાથી મોક્ષ મળે છે, બાકી થોડું અશુદ્ધ રહે છે એનું પુણ્ય, અર્થ અને વિષય. એ જાણવાલાયક ચીજ છે. એને દીધું એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કરવા માગે? ભગવાને લક્ષ્મી આપી એમ કહે. '**कामदं मोक्षदं चैव**' '**कामदं**' લ્યો! આવ્યું કે નહિ? '**ॐकाराय**' ૐકાર તો કામ પણ આપે અને મોક્ષ પણ આપે. એનો અર્થ? જેટલું અંતર સ્વરૂપનું સાધન કર્યું એટલું તો મોક્ષનું કારણ મોક્ષરૂપ થયું. બાકી થોડો રાગ રહ્યો એનું પુણ્ય થયું. લક્ષ્મી મળી અને વિષયાદિ. એ જાણવાની વસ્તુ છે. એ પોતામાં છે નહિ. એમ સમ્યગ્દૃષ્ટિ માને છે. સમજાણું કાંઈ? લ્યો!

'**સાધનરૂપ આકારવાળો...**' એવો આકાર છે જ નહિ એમ કહે છે. '**પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો...**' એવો આકાર આત્માનો છે જ નહિ. ભગવાન અસંખ્ય પ્રદેશી શરીરમાં... શરીરમાં શરીરથી ભિન્ન પોતાનો શુદ્ધ અસંખ્ય પ્રદેશી આકારવાળો છે એને આત્મા કહે છે. એવી અંતરમાં દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શનમાં એવો શુદ્ધ આત્મા ધ્યેય થાય છે. એ પંદરમો બોલ થયો.

હવે સોળમો. '**જેને લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ**

નથી...' ભગવાન આત્મા એવો છે કે જે આ દ્રવ્યવેદ છે એ સ્ત્રી, પુરુષ, નપુંસકનું દ્રવ્ય વેદ એ આત્મામાં છે જ નહિ. એ તો અજીવની પર્યાય છે. સમજાણું કાંઈ? દ્રવ્યવેદનું અસ્તિત્વ આત્માની સત્તામાં-અસ્તિત્વમાં દ્રવ્યવેદનો અભાવ છે અને ભાવવેદનો પણ અભાવ છે. ભાવવેદ છે એ વિકલ્પ વિકારરૂપ છે. આત્મા વિકારરૂપ નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનો વિષય આત્મા એ આત્મામાં દ્રવ્યવેદ અને ભાવવેદનો અભાવ છે. દ્રવ્યવેદ અજીવ છે, ભાવવેદ આસ્રવ છે. એ ભાવબંધ તત્ત્વ છે. તો ભાવબંધતત્ત્વ અને અજીવ એ અબંધતત્ત્વ એવા ભગવાન આત્મા એમાં છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વેદીને મોક્ષ કહ્યો જ નથી. અવેદીને મોક્ષ કહ્યો છે. એ તો નિમિત્તનું કથન છે. આત્મા વેદ છે જ નહિને. અહીં તો પહેલેથી વેદ નથી અનાદિથી, એને આત્મા કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! વસ્તુની સ્થિતિમાં. વસ્તુની સ્થિતિ એવી છે. એવી દૃષ્ટિ છે તે જ્ઞાની છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભેદ નથી?

ઉત્તર :- ભેદ નથી. ભગવાન .. પ્રભુ આત્મા છે. આહા..હા..! વસ્તુસ્વભાવ અજીવરહિત છે અને વિકારરહિત છે. .. આત્મતત્ત્વ છે. તો આત્મતત્ત્વ અલિંગગ્રહણ છે. લિંગ નામ વેદ દ્રવ્યવેદનો એમાં અભાવ છે.

મુમુક્ષુ :- વેદ ક્યાંથી હોય?

ઉત્તર :- છે ક્યાં વેદ એમાં? છે નહિને. આહા..હા..! લ્યો ભાઈએ ઠીક પ્રશ્ન કર્યો. પુરુષલિંગે સિદ્ધ થાય છે, સ્ત્રીલિંગે સિદ્ધ થાય છે. નપુંસક લિંગે સિદ્ધ થાય છે લ્યો એવો જ પાઠ છે. નપુંસક શું? આ હીજડો-પાવૈયો છે એ? એ નહિ. સ્ત્રીલિંગે સિદ્ધ થાય છે શું એ સ્ત્રીનો દેહ? નહિ. પુરુષલિંગે સિદ્ધ થાય છે તો શું પુરુષનું લિંગ છે એનાથી મુક્તિ છે? સમજાણું કાંઈ? હા, જેને અંદરમાં મુક્તિ થાય છે, કેવળજ્ઞાન પ્રાપ્ત થાય એને બાહ્ય શરીર પુરુષનું હોય છે. સ્ત્રીનું શરીર નથી અને નપુંસકનું પણ શરીર હોતું નથી. સમજાણું કાંઈ? એ પર્યાયમાં હતું એનો અભાવ કર્યો. પણ વસ્તુમાં તો છે જ નહિ. એ વસ્તુની સિદ્ધિ કરવી છેને. આહા..હા..! એવી વસ્તુની દૃષ્ટિ થયા વિના આત્મા સમ્યગ્દર્શનમાં યથાર્થ પ્રતીતમાં આવતો નથી. વિકલ્પસહિત માને, વેદશહિત માને એ તો ભવનું બીજ મિથ્યાત્વ છે. એ તો પુરુષાર્થસિદ્ધિમાં આવ્યુંને. આસ્રવસહિત માને, ભેદશહિત આત્માને માને. તો જે તત્ત્વ એમાં નથી એ સહિત માનવું અસમાહિતો... વેદના ભાવરહિત આત્મા છે. એને સમાહિત માનવું, સહિત માનવું એ મિથ્યાત્વ ભવબીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જાણપણું

તો માણસ વાતું કરે છે એ બીજી વાત છે. આ તો અંતરની વાત છે. સમજાણું કાંઈ? વાતું તો અગિયાર અંગ ભણે, નવ પૂર્વ ભણે તો વાતું તો હોય કે નહિ? એ ચીજ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ચીજ તો અંતરમાં તદ્દન નિર્વિકારી ભગવાન... કોઈ કહે કે વેદનો વિષય ન લે તો એને વેદરહિત થયોને એ? ..ધર્મી થયોને? એ પ્રશ્ન જ નથી અહીંયાં.

અહીંયાં તો અંતર દૃષ્ટિમાં આત્મા અલિંગગ્રહણ કેમ કહ્યું? લિંગ ને ગ્રહણ નથી. દ્રવ્યવેદ પણ એમાં નથી, ભાવવેદ એમાં નથી. એવો અવેદી ભગવાન, અવેદી નામ નિર્વિકારી ચૈતન્ય અંતરમાં દૃષ્ટિ કરવાથી અનુભવ થાય એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. એ ધર્મની પહેલી સીઢી, સોપાન છે. સમજાણું કાંઈ? કહે છે કે સમકિતી છેને. છન્નું હજાર રાણીઓ છેને ચક્રવર્તીને અને એની વાસના છેને એને? નથી આવતું ભરત ચક્રવર્તીમાં? ૩૨ હજાર તો દીકરીઓ છે કાંઈક. ૬૪ હજાર પુત્ર. છન્નું હજાર છેને તો એક એકને એક એક. સમજાણું કાંઈ? છે જ નહિ, ભાઈ! તને ખબર નથી. એ ભરત ચક્રવર્તીને પોતાનું સ્વરૂપ એ વેદ વિનાનું સ્વરૂપ છે એ પોતાની દૃષ્ટિમાં પડ્યું છે. આહા..હા..! વેદની વાસના અને દેહનું-જડનું વેદ એને ભિન્ન રાખીને, પોતાનો ભિન્ન સ્વભાવની દૃષ્ટિ પોતામાં થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી...**' ક્યારે? આત્મા છે ત્યાં, ત્યારે. જ્યાં જ્યાં આત્મા છે ત્યાં ત્યાં વેદભાવ અને દ્રવ્યવેદ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- અટપટી વાત છે.

ઉત્તર :- અટપટી છે. આ શરીરના રજકણ છે. જુઓ, આ આત્મા છે તો આત્મામાં રહે. શું શરીરના રજકણમાં છે? એનું ક્ષેત્ર ભિન્ન છે, આનું ક્ષેત્ર ભિન્ન છે.

મુમુક્ષુ :- પર્યાય...

ઉત્તર :- એ પર્યાય પરિણમન એ ખરેખર એનું પરિણમન જ નથી. એવી વાત અહીંયાં છે. એનું પરિણમન નિર્વિકારી એ એનું પરિણમન છે. વેદનું પરિણમન એનું નથી. વસ્તુ ભિન્ન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એ બાપ જ નથી. એ પ્રજા જ નથી એની. ઈ પ્રજા જ નથી એ. વેદની પર્યાય, વાસના એ જીવની પર્યાય જ નથી. આહા..હા..! એ પુદ્ગલની પર્યાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સ્ત્રીવેદ પણ નથી બિલકુલ. અંદરમાં સ્ત્રી(વેદ)નો ઉદય હોય, બહારમાં પુરુષ હોય, પણ અંદરમાં સ્ત્રીવેદનો ઉદય હોય એનો અભાવ કરીને જાય છે એની વાત છે. ભાવની

વાત છે. એનો પણ અભાવ કરીને થાય છે. સ્ત્રીનો દેહ હોય ને અંતરમાં મુક્તિએ જાય એવું કદી ત્રણ કાળમાં બનતું નથી. તો દેહ નડતું નથી. એની પર્યાયની યોગ્યતા જ એવી છે. સમજાણું કાંઈ? સ્ત્રીનો દેહ હોય એના આત્માની યોગ્યતા જ પાંચમા ગુણસ્થાનને યોગ્ય થઈ શકે એવી યોગ્યતા છે. મુનિની પર્યાય હોય અને ક્ષપકશ્રેણી ચડે એવી યોગ્યતા નથી. એ વસ્તુનું સ્વરૂપ છે. કોઈ .. વિશાળતા કરે છેને કે ભાઈ વિશાળ કરો, સ્ત્રીને પણ ભગવાને હક આપ્યો.

મુમુક્ષુ :- પુરુષાર્થની ખામી છે.

ઉત્તર :- એ પોતાની યોગ્યતામાં પુરુષાર્થની ખામી છે. સ્ત્રીપણાનું .. કર્યું એ વખતે એના બીજમાં પુરુષાર્થની ખામી છે. એ કારણે પોતાની પર્યાયમાં અને સ્ત્રીવેદમાં દેહ હોય તો એમાં મુનિપણું પ્રગટે એટલું પુરુષાર્થ હોઈ શકે જ નહિ. પાંચમા ગુણસ્થાન સુધી આવે છે.

મુમુક્ષુ :- સંહનન.

ઉત્તર :- સંહનનની વાત નથી. સંહનન ભલે હોય. બીજી વાત નથી. ઠીક કહે છે. એની પર્યાયની યોગ્યતા જ પાંચમા ગુણસ્થાન સુધી છે. છઠ્ઠું ગુણસ્થાન હોય એવી પર્યાયની યોગ્યતા પોતાથી નથી. સંહનન નથી અને સ્ત્રીનો દેહ છે માટે નથી એમ નથી. ભારે કામ આકરું. આહા..હા..! બહુ આકરું. સમજાણું કાંઈ? અને નપુસંક લિંગે મુક્તિ કહી શાસ્ત્રમાં. તો શું હીજડા-પાવૈયા-નપુંસકને (મોક્ષ) હોય છે? બિલકુલ નહિ. બાહ્ય પુરુષનું શરીર છે. અંદરમાં નપુંસકવેદનો ઉદય હોય, એનો અભાવ કરીને .. ભાવની વાત છે. સમજાણું કાંઈ? કેટલાક કહે છે કે ભાઈ! દ્રવ્ય સ્ત્રી હોય તોપણ છઠ્ઠું ગુણસ્થાન અંદરમાં આવે. સમજાણું કાંઈ? ચરણાનુયોગની અપેક્ષાએ આવે. વાત જ જૂઠી છે. ચરણાનુયોગમાં ગુણસ્થાન કેવું? કરણાનુયોગની અપેક્ષાએ ન આવે એમ છે જ નહિ. સમજાણું કાંઈ? જેને સ્ત્રીનો દેહ છે એને યથાર્થપણે અંતર અનુભવ હોય તો પાંચમા ગુણસ્થાન સુધીની દશા પામે છે બસ. તો અહીં તો એ પાંચમા ગુણસ્થાનની પ્રાપ્તિ ક્યારે થાય? કે વેદનો વિકલ્પ મારામાં નથી. હું આત્મા છું. મારામાં દ્રવ્યવેદ નથી અને મારામાં ભાવવેદ નથી. નથી તો શું થયું? મારામાં અવિકારી સ્વભાવ અખંડાનંદ પૂર્ણ પડ્યો છે એવી અંતર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! ખોટી વાત છે. અનાદિ કોણ? એ તો વસ્તુની સ્થિતિ અનાદિની છે. આવા ને આવા. લોકો માને છે. એ તો સાંભળ્યું છેને. અમે તો બધી વાત સાંભળી છે. ભગવાને પછી બધાને .. બનાવ્યું, સ્ત્રીને પણ હક આપ્યો. સમજાણું? વેદે.. વેદે.

મુમુક્ષુ :- કાયદામાં ફેરફાર કરે.

ઉત્તર :- કાયદામાં શું ફેરફાર કરે? એવું માણસ એમ કહે છે. કલ્પના કરે. સ્ત્રીનો વેદ

.. લૂંટી લીધો. વેદાધ્યયન ન કરવું. ભગવાને તો બધાને હક આપી દીધો. તો ભગવાન દ્રવ્યની પર્યાયથી વિરુદ્ધ કહે છે? દ્રવ્યની પર્યાય સ્ત્રી દેહ હોય એની પર્યાયમાં પાંચમા ગુણસ્થાન સુધીની જ દશા આવે છે. એવું ભગવાને જોયું એવું કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, અહીં તો સમ્યગ્દર્શનમાં પહેલા તો લિંગ પણ નથી. એમ કહે છે. પછી વળી.. સમ્યગ્દર્શનનો આત્મા જે છે એ તો લિંગરહિત ભાવવેદ અને દ્રવ્યવેદ રહિત છે. એ જ આત્મા છે. સમજાણું કાંઈ? ખરેખર તો વાસના જે વેદ છે એનો આધાર આત્મા નથી. સમજાણું કાંઈ? આત્માને આધારે વેદ રહે છે એમ નથી. આધારાધેય બીજી વસ્તુ છે. વાસનાનો આધાર વાસના છે. આત્મા નહિ. આહા..હા..! એ તો સંવર અધિકારમાં લીધું છેને. સમજાણું કાંઈ? આ શરીરનો, ઈન્દ્રિયનો આધાર આ શરીર દ્રવ્યવેદનો આધાર દ્રવ્યવેદ જડ છે. આત્મા આધાર નથી. સમજાણું કાંઈ? આ તો ભેદજ્ઞાનની વાત છે, ભાઈ! આહા..હા..! બીજું જાણપણું ઓછું-વત્તું હોય એની સાથે સંબંધ નથી. પણ આ વસ્તુની દૃષ્ટિ આ ન હોય તો સમ્યગ્દર્શન નથી, સમ્યગ્જ્ઞાન નથી. અને સમ્યગ્દર્શન-જ્ઞાન વિના એના બધા વ્રત અને તપ મીંડા, એકડા વિનાના મીંડા-શૂન્ય છે. વસ્તુ એવી છે ભાઈ! કોઈ વ્યક્તિગત કોઈ ઉપર બોલે. સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ... એવી વાત નથી?

ઉત્તર :- નથી. શું કહ્યું? ..માં? અરે..! હા, હા. ..કુમાર તો એવી વાત હતી. મુનિકુમારી.. તીર્થંકર કોઈ દિ' સ્ત્રી હોય? એ તો કલ્પના છે. બધો ફેરફાર. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં મલ્લિનાથને સ્ત્રી કહે છે. સ્ત્રી બનાવી. ક્યારેય સ્ત્રીની મૂર્તિ બનાવી? પુરુષ વેશમાં છે. એવી હોય છે. સંમતભદ્ર.. ક્યાં હોય છે? પણ એ પક્ષની વાત માનીને તકરાર કરે. પક્ષની વાત ક્યાં છે? આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાણું કાંઈ? ત્રણ લોકનો નાથ તીર્થંકર એ સ્ત્રીવેદે હોય એ ત્રણ કાળમાં બને? એને પૂજનારા પુરુષ વાસુદેવ, બળદેવ, ચક્રવર્તી કે ઈન્દ્ર કદી સ્ત્રી છે? તીર્થંકરને સ્ત્રીનું શરીર હોય જ નહિ. આહા..હા..!

અહીં તો કહે છે કે અંદરના વેદનો ઉદય, પુરુષનો વેદ હોય અને અંદરમાં સ્ત્રીવેદનો ઉદય હોય. દ્રવ્યવેદ પુરુષનો હોય અને ભાવવેદ સ્ત્રીનો હોય. એ બેયથી રહિત આત્મા છે. સમજાણું કાંઈ? શરીર સ્ત્રીનું હોય અને પુરુષનો ભાવવેદ હોય એવું નથી બનતું. દેહ સ્ત્રીવેદનો હોય, અંદર ભાવવેદ હોય પુરુષ, પણ એ પાંચમા ગુણસ્થાન સુધી જઈ શકે છે. ભલે પુરુષનો ઉદય હોય. સમજાણું કાંઈ? અને પુરુષનો દેહ હોય અને અંદરમાં સ્ત્રીના વેદનો ઉદય હોય, અરે..! નપુંસકનો ઉદય હોય, પણ એ ઉદય જે છે એ બેય આત્મામાં નથી. ત્યારે કહે, આત્મામાં નથી તો પછી શું નડે છે? પણ નડવાની ક્યાં વાત છે? તો સ્ત્રીવેદમાં કેમ નહિ? એમ કહે છે. નડતર શું? વિઘ્ન કરનાર. એ પરવસ્તુ ક્યાં રોકે છે?

મુમુક્ષુ :- એ ક્યાં રોકે છે?

ઉત્તર :- હા, એ ક્યાં રોકે છે? એ તો એની પર્યાયની યોગ્યતા રોકે છે. અહીં તો ભગવાન કહે છે કે ભાઈ! સ્ત્રીનો દેહ હોય અને પુરુષવેદનો ઉદય હોય અંદરમાં, પણ એ આત્મા નથી. એ આત્મામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી...'** હવે શાસ્ત્રમાં એમ આવે ગોમ્મટશાર આદિમાં કે ભાઈ! નારકી નપુંસક લિંગ છે, દેહમાં સ્ત્રી-પુરુષ છે, તિર્યંચ-પશુમાં ત્રણે લિંગ છે. આવે કે નહિ? એ તો જ્ઞાન કરાવવા, એ સમયે શું ચીજ છે એ જ્ઞાન કરાવવા માટે છે. આત્મામાં છે એવી વાત છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. વિકાર છે, પર્યાયમાં વિકાર છે. એ વિકાર પોતાનો નથી. એવી વાત છે. આહા..હા..! ભગવાન ચૈતન્યબિંબ પ્રભુ, કહે છે કે જેને ત્રણ લિંગ પણ નથીને. જેમાં ભાવ અને દ્રવ્ય બે લિંગ જ નથીને. લિંગ છે એ આત્મા નથી અને આત્મામાં લિંગ નથી. કારણ કે પુરુષની અંદર સ્ત્રીનું ભાવલિંગ છે એ તો આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વ આત્મા ક્યાંથી થયો? અને સ્ત્રીનો દેહ તો અજીવતત્ત્વ છે, આ તો માટી છે. આહા..હા..! આ ભાવવેદ છે એ આસ્રવતત્ત્વ છે અથવા ભાવબંધ છે. તો ભાવબંધ છે એ આસ્રવતત્ત્વ થયું કે બંધતત્ત્વ. આત્મા તો અબંધતત્ત્વ છે. **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं'** આવ્યું કે નહિ? અબદ્ધસ્પૃષ્ટ જોવે. આત્માને પરથી, રાગથી પણ બદ્ધ નથી. કર્મથી બદ્ધ નથી. એવું અબદ્ધસ્પૃષ્ટ દેખે એ આત્મા. એમાં રાગ જે ભાવવેદ છે એ તો રાગ છે, એ તો ભાવબંધ છે. એ આત્મામાં કેવું? અને દ્રવ્ય એક શરીર છે. એ શરીર કેવું એમાં? આ તો અજીવ છે.

મુમુક્ષુ :- જીવતત્ત્વમાં નથી.

ઉત્તર :- જીવતત્ત્વમાં નથી. એવા જીવતત્ત્વને જીવતત્ત્વ કહેવામાં આવે છે. એવી દૃષ્ટિ કરનારને સમકિતી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સોળમો બોલ થયો.

સત્તરમો. **'લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે;...'** એક અલિંગગ્રહણમાંથી કેટલા અર્થ કરે છે! આહા..હા..! કહે છે કે **'ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી...'** આહા..હા..! સાધુનું નગ્નપણું અને અઠ્યાવીશ મૂળગુણપણું આત્માએ ગ્રહણ કર્યું જ નથી. સમજાણું કાંઈ? એ બાહ્યનો ભેખ છે. આહા..હા..! અજીવનો ખેલ છે. આત્મામાં નથી. **'લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું...'** ભાષા ચોખ્ખી કરી ધર્મચિહ્ન હોં! નગ્નપણું કે બહારનું ક્ષુલ્લકપણું એ આત્મામાં છે જ નહિ. લંગોટી રાખે છેને ઈ? છેલ્લે નહિ સમયસાર? આવે છેને છેલ્લે. ૪૧૨-૧૩ ગાથા. કહે છે, ભગવાન આત્મામાં એ ધર્મચિહ્ન—નગ્નપણું કે લંગોટી એક રાખે એ આત્મામાં છે જ નહિ. તો કોઈ એમ કહેતું હતું કે એવું નથી તો ગમે તેટલા બાહ્યમાં લિંગ હોય એમાં શું વાંધો છે? એય..! ચેતનજી! ક્યાં ગયા? લિંગ ગમે તેટલા હોય એમાં શું? ઠીક છે ભાઈ! લીંબડીવાળા કેશવલાલજી. કેશવલાલજી. ચંદ્રશેખર

.. કેશવલાલજીએ તમને કહ્યું નહોતું? કેવશવલાલજીએ અહીં નહોતું કહ્યું કે નિમિત્ત ગમે તેવા હોય. એ ભૂલી ગયા.

મુમુક્ષુ :- કેશવલાલજી ..પક્ષના સાધુ.

ઉત્તર :- અહીં આવ્યા હતાને. તમારી સાથે વાત થઈ હતી. હા એ. ગમે તેવા નિમિત્ત હોય. એમ હોય નહિ. નિમિત્ત હોય તો નગ્નપણું જ નિમિત્ત હોય છે. સમજાણું કાંઈ? નિમિત્ત હોય તો અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ જ નિમિત્ત થાય છે. પણ એ ચીજ આત્મામાં નથી. સમજાણું કાંઈ? અગમ-નિગમની વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્મામાં વિકલ્પ...

ઉત્તર :- છે જ નહિ. આત્મામાં વિકલ્પ છે જ નહિ. વિકલ્પ તો આસ્રવમાં છે, પર્યાયમાં છે. આસ્રવ છે. આત્મામાં નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુનિ છે જ નહિ. બાહ્યનું લિંગ નથી અને અંતરનું વિકલ્પનું લિંગ (નથી). એ તો વાત ચાલે છે. એ તો વાત ચાલે છે. અંદર ભેદજ્ઞાનની વાત. આત્મા એને કહે છે કે જેણે ધર્મચિહ્ન ગ્રહણ જ નથી કર્યું. એમ કહે છે. આહા..હા..! લ્યો! પ્રવચનસારમાં તો આવે છે, ભાઈ! બે પ્રકારના લિંગ ગ્રહણ મહારાજ! અમને આપો. લ્યો! પછી આપે આચાર્ય મહારાજ એને આપે લ્યો. એ તો ચરણાનુયોગનું કથન વ્યવહારનયની પ્રધાનતાથી કથન છે. એમ આવે છેને પહેલા પ્રવચનસાર શરૂઆતમાં. ચરણાનુયોગમાં. દીક્ષા વખતે. હે મહારાજ! ચોથે ગુણસ્થાને, પાંચમોવાળો હોય વિકલ્પ ઉઠ્યો હોય. દ્રવ્ય-ભાવલિંગ અમને આપો. કેટલામાં છે? એય..! ... સાતમું છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા એ .. ઈ બરાબર છે. ઠીક! એમાં ને એમાં કહ્યું છે. ૨૦૩. '**પછી શ્રામણ્યાર્થી પ્રણત અને અનુગૃહીત થાય છે. તે આ પ્રમાણે : આચરવામાં અને અચરાવવામાં આવતી સમસ્ત વિરતિની પ્રવૃત્તિના સમાન આત્મસ્વરૂપ—એવા શ્રામણ્યપણાને લીધે જે શ્રમણ છે,...**' સમજાણું? અને '**અનુગૃહીત થાય છે.**' લ્યો! '**અંતરંગ શુદ્ધ સ્વરૂપ અનુમાન...**' એ તો કુળવિશિષ્ટમાં આવ્યું. છેલ્લે છે. શ્રામણ્ય અર્થી પરિણત થયો થકો ઈ? '**એવા ગણીની પાસે--શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિના સાધક આચાર્યની પાસે--શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ સિદ્ધિની મને અનુગૃહીત કરો એમ કહીને જતો થકો પ્રણત થાય છે. આ પ્રમાણે આ તને શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ સિદ્ધિ એમ તે ગણીને વડે પ્રાર્થિત અર્થથી સંયુક્ત કરાતો થકો અનુગૃહીત થાય છે.**' લ્યો! ઈ બે આપો અમને, એ શબ્દ ન આવ્યો એમાં. એના ઉપર છે ઠીક. '**પૌરુષેય દોષોને નિઃશેષપણે નષ્ટ કર્યા હોવાથી મુમુક્ષુઓ વડે જેમનો બહુ આશ્રય લેવાતો હોવાને લીધે જે**

**શ્રમણોને અતિ ઈષ્ટ છે એવા ગણીની પાસે—'** અનુગૃહીત કરો એટલું નહિ. આ તો બે શબ્દ ન આવ્યા. અનુગૃહીત કરો એ નહિ. બે લિંગ અનુગૃહીત કરો એ આવવું જોઈએ. એ વાત ચાલે છેને. ક્યાં આવ્યું એ? બે લિંગ અમને ગ્રહણ (કરાવો) એમ છે. એ વાત આપણે શબ્દ જોયો નહિ? શ્રામણ્યનું અંતરંગ લિંગ... જુઓ, પાંચ? **'યથાજાતરૂપધર થયેલા આત્માને અયથાજાતરૂપધરપણાનાં કારણભૂત...' 'વસ્ત્રાભૂષણનું ધારણ, (૨) માથાના અને દાઢીમૂછના વાળનું રક્ષણ,...'**

મુમુક્ષુ :- શ્રામણ્ય અર્થ કર્યો બંને લિંગને ગ્રહીને.

ઉત્તર :- હા, ઈ. ક્યાં આવ્યું એ? લ્યો એક છેલ્લું લઈ લ્યોને આપણે. જુઓ. મથાળું છેને. **'અનાદિ સંસારથી અનભ્યસ્ત હોવાથી જે અત્યંત અપ્રસિદ્ધ છે એવા આ યથાજાતરૂપપણાનાં બહિરંગ અને અંતરંગ બે લિંગોનો—' 'ઉપદેશ કરે છે :-'** એ મથાળુ અને ૨૦૬નું મથાળું. **'હવે (શ્રામણ્યાર્થી) આ બન્ને લિંગને ગ્રહીને...'** લ્યો! (ગાથા) ૨૦૬નું મથાળું. **'બન્ને લિંગને ગ્રહીને...'** આ એકેય લિંગના ગ્રહણની ના પાડે છે. એક અંતરંગ લિંગ, ભાવલિંગ છે એને અંદર ગ્રહણ કરે છે. સમજાણું કાંઈ? બાહ્ય લિંગ તો એમાં છે જ નહિ તો ગ્રહણ શું કરે? પણ ચરણાનુયોગના કથનમાં એવું નિમિત્ત હોય છે એને ગ્રહણ કરીને એમ કહેવામાં આવે છે. એમ છે નહિ, પણ ત્યાં આગળ બાહ્ય દ્રવ્યલિંગ કેવું હોય? એનું જ્ઞાન કરાવવા માટે ગ્રહણ કરવું એમ કહેવામાં આવે છે. એ તમારે આવ્યું ગ્રહણ... ગ્રહણ... ગ્રહણનો અર્થ શું? બે નયને ગ્રહણ કર.. ગ્રહણનો અર્થ જાણવું. આહા..હા..!

**'બહિરંગ તથા અંતરંગ લિંગના ગ્રહણની વિધિના પ્રતિપાદક હોવાને લીધે, વ્યવહારથી તે લિંગના દેનાર છે;...'** જુઓ, .. વ્યવહારસ્વરૂપ .. લેનાર.

મુમુક્ષુ :- પરમ ગુરુ..

ઉત્તર :- હા ઈ.

आदाय तं पि लिंगिं गुरुणा परमेण तं णमंसित्ता।
सोच्चा सवदं किरियं उवट्ठिदो होदि सो समणो।।२०७।।

**'आदाय तं पि लिंगिं'** લ્યો ૨૦૭મી ગાથામાં છે. બરાબર છે. **'પરમ ગુરુ વડે દેવામાં આવેલા તે બન્ને લિંગને ગ્રહીને,...'** લ્યો એ બરાબર છે. આ તો અર્થમાં એમ છેને. બે લીટી.. ધ્યાન રાખે છે. આ .. એવા છેને જરી. ઈ બરાબર લ્યો. છેને? **'બન્ને લિંગને ગ્રહીને,...'** ટીકામાં પણ છે. **'વળી ત્યાર પછી શ્રમણ થવાનો ઈચ્છક બન્ને લિંગને ગ્રહે છે,...'** લ્યો! ઈ બરાબર. આ વાત છે.

અહીં કહે છે કે બાહ્યલિંગ આત્મામાં ગ્રહણ કરતા નથી. અરેરે..! ભારે ભાઈ! સમજાણું કાંઈ? આત્માનો નિશ્ચય સ્વભાવ છે એમાં તો યતિના બાહ્યલિંગનો અભાવ છે. પણ ચરણાનુયોગમાં બાહ્યલિંગ નિમિત્ત કેવું હોય છે એ બતાવવા માટે બાહ્ય લિંગ ગ્રહણ કર્યું

એમ વ્યવહારથી કથન કરવામાં આવે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! એમ નથી. લિંગ-બિંગ ગ્રહણ કર્યું નથી. પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા કે એ સમયે બાહ્ય દ્રવ્યલિંગ જ હોય છે. મુનિની દશા અંતરમાં આનંદની દશા પ્રગટી તો બાહ્યલિંગમાં નગ્નપણું જ હોય છે અને બહુ તો અંદરમાં જુઓ તો અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ હોય છે બસ. પણ અહીંયાં તો કહે છે કે વિકલ્પ અને બાહ્યલિંગ જેમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છે તો મુનિ. જુઓ, પોતે મુનિ છે, અમૃતચંદ્રાચાર્ય. કહે છે કે ના. એ લિંગ નગ્નપણું અને અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ મારા આત્મામાં તો નથી. બાહ્ય (લિંગ) છે એના અમે જાણનાર છીએ. વ્યવહારને જાણનાર છે. વ્યવહારને પોતામાં મેળવનાર નથી. આહા..હા..! બહુ વાત. પંડિતજી! એવી વાત સમજી પણ નથી, વાંચી પણ નથી. પંડિત જે નિવૃત્ત છે. સ્ત્રી કેટલા વર્ષથી ગુજરી ગઈ છે. એકલા નિવૃત્ત છે તોપણ આટલું વાંચ્યું નથી? આહા..હા..! માર્ગ તો પ્રભુ! તારો આવો છે. તને ઠીક લાગે, ન ઠીક લાગે એનાથી કાંઈ માર્ગ બીજો થઈ જતો નથી. આહા..હા..!

ત્યાં એમ કહે છે કે બે લિંગ ગ્રહણ કરે છે. અહીં કહે છે કે ભાવલિંગ ભલે હોય એનું, પણ જે અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ છે, નગ્નપણું છે એ આત્મામાં છે જ નહિ. યતિનું બાહ્યલિંગ આત્મામાં છે જ નહિ. એટલે કોઈ એમ કહે કે અંદરમાં નથી, તો બાહ્યનું લિંગ ગમે તેવું ન હોય એ બતાવવા માટે, આવું જ હોય છે એ બતાવવા ચરણાનુયોગમાં કહ્યું. સમજાણું કાંઈ? એમાં નથી તો બાહ્યમાં ગમે તેવું લિંગ હોય. સમજાણું કાંઈ? એકનો નિષેધ કરવા આ નિમિત્ત થાય છે એ ચરણાનુયોગમાં કથન કર્યું. સમજાણું કાંઈ? બાકી આત્મામાં તો છે નહિ. આહા..હા..! બેય વાત યથાર્થ જ્યાં જ્યાં જે કહેવી હોય. અલૌકિક વાત. સંતોની, દિગંબર મુનિઓની તો વાત સર્વજ્ઞના પ્રવાહની વાત છે. એમાં એક અક્ષર પણ ફેરફાર નથી. આહા..હા..! લ્યો!

આત્મા એ લિંગ રહિત છે. **'બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.' 'બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** એ સત્તરમો બોલ થયો લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૫, સોમવાર, તા. ૦૧.૦૯.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૭-૧૮, પ્રવચન-૨૫૨**

આ પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકાર. અલિંગગ્રહણ. ૧૭ બોલ ચાલ્યા છે ૧૭. આત્મા... ૧૭માં એ આવ્યુંને '**ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી...**' આત્મા એને કહીએ અને એ સમ્યગ્દર્શનનું ધ્યેય આત્મા એને કહીએ કે જેને યતિના બાહ્યલિંગનો જેને અભાવ છે. અઠ્યાવીશ મૂળગુણ આદિ વિકલ્પ કે નગ્નપણું એનો વસ્તુસ્વરૂપ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એમાં અભાવ છે. એ '**(બાહ્ય) યતિલિંગોનો અભાવ છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' એટલું અહીંયાં કહ્યું છે. સમજાણું કાંઈ? બાહ્ય કોઈ પર્યાયમાં.. ખરેખર તો ભાવલિંગની પર્યાયનો પણ દ્રવ્યમાં અભાવ છે. સમજાણું કાંઈ? ન આવ્યું?

વસ્તુ જે આત્મા દ્રવ્યસ્વભાવ વસ્તુ છે એમાં શરીર, કર્મ આદિ નોકર્મ એનો તો અભાવ જ છે. એમાં એ છે નહિ. પણ અંદર સાધુપણાનો વ્યવહારાદિ વિકલ્પ કહે છે, પંચ મહાવ્રતાદિ એ પણ વિકલ્પ છે અને નગ્નપણું એ અજીવની પર્યાય છે. એ બહિર્ યતિલિંગનો વસ્તુમાં અભાવ છે. એવી વસ્તુ ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થતું નથી. એવી વાત છે. એ ઉપરાંત ભાવલિંગ જે છે મોક્ષનો નિશ્ચય માર્ગ. આત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુ એના આશ્રયે પ્રગટ થનારી ભાવલિંગ મુનિનું, અથવા મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ભાવલિંગ પણ જીવનું સ્વરૂપ નથી. એ જીવમાં એ ભાવલિંગની પર્યાય છે નહિ. જુઓ, સમજાણું કાંઈ? અહીં તો એટલું કહ્યું કેમકે એ વાત પર્યાયમાં લેશે. એમાં લેશે. એ ૧૯માં લીધું. પર્યાય નથી. પર્યાયનું આલિંગન નથી કરતું એ ૧૯માં લીધું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધર્મચિહ્ન કહ્યુંને ઈ. અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ છેને. વ્યવહાર ધર્મચિહ્ન છેને? પણ એ આત્મામાં નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં ધર્મ નથી અને એ ધર્મનું ચિહ્ન આત્માનો સ્વભાવ છે જ નહિ. એ તો કાલે ઘણી વાત ચાલી હતી કે આત્મા ધ્રુવ ચૈતન્યમૂર્તિ એકરૂપ સ્વભાવ જેનો એવા આત્મામાં શરીરની નગ્ન અવસ્થા નથી અને અઠ્યાવીશ મૂળગુણનો જે પંચ મહાવ્રતનો વિકલ્પ એ પણ એમાં નથી. કેમકે એ રાગાદિ વિકાર છે, નગ્ન અવસ્થા આદિ અજીવની પર્યાય છે, એ અજીવની પર્યાય અને વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ એમાં નથી. એવા આત્માની દૃષ્ટિ કરવાથી પ્રથમ અનુભવમાં સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? પણ આ તો યતિલિંગ

આવ્યુંને? ધર્મચિહ્ન શબ્દ પડ્યો છે. ધર્મચિહ્નનું બહિરંગ યતિલિંગ (શબ્દ) પડ્યો છે. નહિતર તો ભાવલિંગ જ યતિલિંગ છે. સાચા મુનિપણાની પર્યાય. નિશ્ચય મોક્ષમાર્ગની વીતરાગી પર્યાય એ ભાવલિંગ પણ દ્રવ્યમાં નથી. એ જીવનું સ્વરૂપ જ નથી એમ કહ્યું છે ભાઈ! પરમાત્મપ્રકાશમાં. પરમાત્મપ્રકાશમાં. ૮૮ ગાથા. ૮૮ ગાથા પહેલા ભાગની. ભાવલિંગ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાન અને નિર્વિકલ્પ વીતરાગી પર્યાય એ ભાવલિંગ મોક્ષનું કારણ છે એ જીવસ્વરૂપ નથી.

મુમુક્ષુ :- પર્યાય છે.

ઉત્તર :- પર્યાય છેને. ત્રિકાળી સ્વરૂપ નથી. વ્યવહારસ્વરૂપ છે. એ દ્રવ્યની અપેક્ષાએ તો વ્યવહારસ્વરૂપ છે. નિશ્ચય મોક્ષમાર્ગની અપેક્ષા વ્યવહારરત્નત્રય એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? એ તો હેય છે.

મુમુક્ષુ :- દૂરની વાત છે.

ઉત્તર :- દૂરની વાત છે. પણ જે નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય છે એ પણ પર્યાય દૃષ્ટિ કરવાથી જણાય છે. પણ એ વસ્તુસ્વરૂપમાં છે નહિ. આહા..હા..! એક સમયની પર્યાય-મોક્ષનો માર્ગ દ્રવ્યમાં નથી. આમ અંતર દ્રવ્યને પકડતા ધ્રુવમાં પ્રસરતા સમ્યગ્દર્શન થાય છે.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન પણ આત્માનું નહિ?

ઉત્તર :- ના, કેવળજ્ઞાન પણ નહિ. એ તો વ્યવહારનયની પર્યાય છે. દ્રવ્ય નિશ્ચય તો પર્યાય વ્યવહાર. નિશ્ચય મોક્ષમાર્ગ એ પણ પરિણમનની સક્રિય પર્યાય થઈ. વસ્તુ ત્રિકાળી નિષ્ક્રિય છે. સમજાણું કાંઈ? ભારે આકરું! નવનીતભાઈ! હજી બહારમાં અટક્યા લોકો. એવો ભેખ છે માટે સાધુપણું થઈ ગયું. એવો વ્યવહાર આવ્યો કે સાધુપણું થયું. એ તો ક્યાંય બહારમાં રોકાઈ ગયું. એ તો દૃષ્ટિ તદ્દન વિપરીત છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**ધર્મચિહ્નોનું...**' લોકો એમ કહે છે કે ભાઈ આ ધર્મચિહ્ન છે. ધર્મચિહ્ન આ લોકો કહે છેને કે આ પીંછી, કમંડળ છે. આ અઠ્યાવીશ મૂળગુણ પાળે છે. પંચ મહાવ્રત પાળે છે. લોકો કહે છેને કે આ ધર્મચિહ્ન છે. તો એ જ શબ્દથી કહ્યું કે એ ધર્મચિહ્ન આત્મામાં નથી. સમજાણું? લૌકિક ભાષાથી લોકને સમજાવવું છેને. ચૈતન્ય ભગવાન શું છે એની તો એને ખબર નથી. બહારથી જરી ત્યાગ કર્યો અને એમ હોય તો ઓહો..હો..! ભારે ભાઈ! મુનિ થઈ ગયો, ત્યાગી થઈ ગયો. ઘણું કષ્ટ સહન કરે છે. સમજાણું કાંઈ? કહે છે કે એ ધર્મચિહ્ન છે, પંચ મહાવ્રતનો વિકલ્પ જે રાગ છે અઠ્યાવીશ મૂળગુણવાળો કે એ શ્રાવકને પાંચમા ગુણસ્થાનમાં યથાર્થ બાર વ્રતનો વિકલ્પ આદિ હોય તો એ આત્મામાં નથી. ભગવાન આત્મા એ ચિહ્નથી તો રહિત છે. સમજાણું કાંઈ?

આ તો ભાવ યતિલિંગ આદિનો અભાવ છે. આ તો બહિરંગની વાત કરી છે. એક સમયની પર્યાયમાં નિશ્ચય મોક્ષમાર્ગ એ વ્યવહારની અપેક્ષાએ નિશ્ચય મોક્ષમાર્ગ. માર્ગની અપેક્ષાએ

નિશ્ચય, પણ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ પર્યાય એ વ્યવહાર. માર્ગ વ્યવહાર એમ નથી. પર્યાય (વ્યવહાર). સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- પર્યાયની અપેક્ષાએ?

ઉત્તર :- દ્રવ્યની અપેક્ષાએ પર્યાય વ્યવહાર છે. દ્રવ્ય ત્રિકાળી છેને? દ્રવ્ય ત્રિકાળી નિષ્ક્રિય છે, અભેદ છે. એ અપેક્ષાએ પર્યાય વ્યવહાર છે. પણ ખરેખર તો દ્રવ્ય છે એ પર્યાયને કરતું નથી. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયને કરતું નથી. અને નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય દ્રવ્યને કરતી નથી.

મુમુક્ષુ :- કોણ કરે છે?

ઉત્તર :- એ પર્યાય પર્યાયથી થાય છે, ધ્રુવ ધ્રુવથી થાય છે. એવી વાત છે. એવી વાત છે, ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- તદ્દન ભિન્ન.

ઉત્તર :- ભિન્ન છે. સ્વરૂપ ભિન્ન છે, ભાવ ભિન્ન છે.

મુમુક્ષુ :- પર્યાયની મદદ...

ઉત્તર :- આવે એમ કહેવું એ પણ વ્યવહાર છે. એવી ઝીણી વાત બહુ છે. ધ્રુવમાંથી આવી એમ કહેવું એ ધ્રુવનો ભેદ પાડીને કહેવું એ વ્યવહાર છે. પણ ધ્રુવ ધ્રુવ જ છે અને પર્યાય પર્યાયથી ઉત્પન્ન થઈ છે. આહા..હા..! એવી વાત! જૈનદર્શનનું તત્ત્વ રહસ્ય ઘણું સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ? લોકોને હજી તો બહારમાં તકરાર છે, વાંધા ઉઠે છે.

મુમુક્ષુ :- લોકો તો બહારમાં...

ઉત્તર :- અરે..! ભાઈ! તારો ભગવાન તારી પાસે છે. સમજાણું કાંઈ? શુદ્ધ આનંદ અને જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલું દ્રવ્ય, તો કહે છે કે એ દ્રવ્યમાં તો ભાવલિંગ... યતિના ભાવલિંગ, નિશ્ચય સત્ય મોક્ષમાર્ગ, સાચો મોક્ષમાર્ગ... એ મોક્ષની પૂર્ણ આનંદની પર્યાય, એના કારણરૂપ પર્યાય એ દ્રવ્યની અપેક્ષાએ વ્યવહારે ભેદ થઈ ગયો. અને એ યતિલિંગ, ભાવલિંગ મોક્ષનો માર્ગ એ દ્રવ્ય સ્વરૂપમાં છે જ નહિ. પર્યાયનો અંશ દ્રવ્યમાં નથી. આહા..હા..! માર્ગ આવો છે. સાંભળ્યું ન હોય એટલે લોકોને એમ થાય કે આહા..હા..! આ તો બહુ વાતો ક્યાંય આઘી ગઈ વાત! આઘી ક્યાંય ગઈ નથી, હજી તો સમ્યગ્દર્શનની વાત ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અસ્તિત્વ ભિન્ન થઈ ગયું. અંશ અસ્તિત્વ, એ અંશી અસ્તિત્વ. એ હવે આવશે જુઓ, સમજાણું કાંઈ? '**એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' આહા..હા..!

હવો ૧૮મો બોલ. આ ત્રણે બોલ ઝીણો છે. ૧૮, ૧૯ અને ૨૦. '**લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ...**' અર્થ અવબોધ '**(પદાર્થજ્ઞાન) તે**

**જેને નથી...**' પદાર્થમાં જ્ઞાન પણ નથી. એટલે કે પદાર્થમાં જ્ઞાન શબ્દે ગુણ નથી. પદાર્થ ગુણને આલિંગન કરતું જ નથી, ભેદને આલિંગન કરતું જ નથી. કહીએ છીએને. હળવે-હળવે થાયને. હળવે-હળવે અંદરથી આવતું જાય એમ થાયને. શું કહે છે જુઓ, '**લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ...**' પાઠ તો એટલે છેને? '**न लिंगं गुणो ग्रहणमर्थावबोधो यस्येति गुणविशेषानालीढशुद्धद्रव्यत्वस्य।**' આમાં વિશેષ શબ્દ પહેલા નથી નાખ્યો, ગુણ શબ્દ નાખ્યો છે. કેમ? કે આખો આત્મા દ્રવ્યસ્વભાવ અભેદ છે. એમાં અભેદ ગુણને સ્પર્શતો નથી. અહીં તો શબ્દ તો એવો લીધો છે અર્થાવબોધ. અર્થાવબોધ નામ જ્ઞાન. પછી એક જ્ઞાન ન લેવું. સમસ્ત ગુણ. સમસ્ત ગુણ, ગુણી છે એ ગુણને સ્પર્શતા જ નથી. એટલે કે અભેદ ચીજ છે એ ભેદને સ્પર્શતી જ નથી. શેઠ! તમે કદી સાંભળ્યું નહિ હોય.

શું કહે છે જુઓ, ભાઈ! આત્મામાં શરીર, વાણી, કર્મ નથી. શરીર, વાણી, કર્મને તો કદી અડતો નથી. આત્મા પુણ્ય-પાપ, વ્યવહારરત્નત્રય જે વિકલ્પ છે એને પણ અડતો નથી કેમકે એ તો વિકાર છે. ઓહો..હો..! પણ ભગવાન આત્મા ધ્રુવ સ્વરૂપ પ્રભુ દ્રવ્ય એ ગુણને અડતું નથી. ગુણને આલિંગન કરતું નથી. ગુણને.. અમારી ગુજરાતી ભાષામાં કહીએ તો ગુણને અડતું નથી. તમારે છુતે નહિ કહે છેને? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભેદ થયોને ભેદ? ભેદ નથી. ગુણી ગુણના ભેદની સાથે એકમેક નથી એમ કહે છે. અભેદ છે. સમજાણું કાંઈ?

જુઓ, '**લિંગો એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે...**' એ ગ્રહણની વ્યાખ્યા. '**અર્થાવબોધ...**' અર્થ પદાર્થ બોધ. પદાર્થજ્ઞાન. એટલે કે પદાર્થજ્ઞાન તો શબ્દ લીધો છે. પણ ત્યાં બધા ગુણ લેવા. એક જ્ઞાન ન લેવું. એકલું જ્ઞાન ન લેવું, બધા ગુણ. જે સર્વગુણરૂપ ભાવ જેને નથી '**તે અલિંગગ્રહણ છે;...**' સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે.

ઉત્તર :- એ દ્રવ્ય કહે છે. એ ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે, પણ ભેદ છે એને સ્પર્શતો નથી. અભેદ છે એ ભેદને અડતો નથી. બધા ગુણ. અહીં પદાર્થ એક જ્ઞાનનું નામ લીધું છે, પણ બધા ગુણ. સમજાણું કાંઈ? એ .. નથી આવતું? પાછળ આવે છે. ન દ્રવ્યેન ખંડયામિ આવે છે કે નહિ પાછળ ટીકામાં? ન દ્રવ્યેન ખંડયામિ, ન ક્ષેત્રે ખંડયામિ, ન કાળથી ખંડયામિ, ન ભાવથી ખંડયામિ. ભગવાન આત્મા દ્રવ્ય કોઈ ભિન્ન વસ્તુ છે અને ક્ષેત્ર કોઈ એની ભિન્ન ચીજ છે અને કાળ કોઈ એનાથી ભિન્ન ચીજ છે અને ભાવ કોઈ એનાથી ભિન્ન ચીજ છે. એવું ત્યાં લીધું છે જુઓ, સમજાણું કાંઈ? દ્રવ્યથી જુઓ તોપણ એ આત્મા, ક્ષેત્રથી જુઓ તોપણ એ આત્મા, કાળથી જુઓ તો ત્રિકાળ રહેનારો એ જ આત્મા, ભાવથી જુઓ તો એ જ આત્મા. સમજાણું કાંઈ? આ ઝીણો વિષય છે.

એ દાખલો આપ્યો છે એમાં. ..ભાઈએ આપ્યો છે બનારસીદાસે. આંબાનો. આંબો છેને કેરી? આમ. કેરીના ચાર ભાગ—એક ભાગ છાલનો, એક ભાગ જાળી. જાળી સમજો છો? એમાં જાળી નથી હોતી? તાણાવાણા. કેરીમાં જાળી છે એમ નથી કહેતા? અથાણા કરે એમાં જાળીવાળી કેરી ન હોય. સીધી કપાય છરીથી એ અથાણું સમજો છોને અથાણું–આચાર. અથાણું કરવામાં એવી કેરી કામ આવે છે. કેરી હોયને સીધી કપાઈ જાય ઠપ ચીભડા જેવી. અને વચમાં જાળી હોય તો કામ ન આવે. એક કેરીમાં એક છાલ છે, એક જાળી છે, એક ગોટલી છે, એક રસ છે. એવી કેરી નથી, એવો આત્મા નથી. એવા ચાર ભાગ એવી વસ્તુ નથી. એ તો ચાર એમ નથી કે ભાઈ એક કેરીમાં છાલ છે. છાલ-છાલ સમજો છોને? ફોતરા. અને એક છે જાળી, એક છે ગોટલી. ગોટલી છેને? અને એક રસ છે. એવી ચીજ નથી. ભિન્ન-ભિન્ન ચાર એવો આત્મા નથી. એમ આત્મામાં દ્રવ્ય આ છે, કોઈ ક્ષેત્ર બીજું છે, કોઈ કાળ બીજો છો, કોઈ ભાવ બીજો એવી ચીજ નથી. પણ જેમ એ આબામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે એવી કેરી છે. વર્ણથી જુઓ તો એ આખી વર્ણરૂપ કેરી છે, ગંધથી જુઓ તો આખી ગંધરૂપ કેરી છે, રસથી જુઓ તો આખી રસરૂપ છે, સ્પર્શથી જુઓ તો આખી સ્પર્શરૂપ છે. સમજાણું કાંઈ? એમ આત્મામાં દ્રવ્યથી જુઓ તો આખું દ્રવ્યરૂપ જ છે, ક્ષેત્રથી જુઓ તો આખું અસંખ્ય પ્રદેશી ક્ષેત્રરૂપ જ છે. વળી દ્રવ્ય જુદું છે અને અસંખ્ય ક્ષેત્ર જુદું એમ નથી. આહા..હા..! અને કાળરૂપથી નામ ટકવું ત્રિકાળ. ત્રિકાળ ટકવું હોં કાળ એનો. એ કાળથી પર્યાયની વાત અહીંયાં નથી. ત્રિકાળ ટકવું એ કાળથી જુઓ તો એ છે અને ભાવથી જુઓ તો એ આખું ભાવસ્વરૂપ જ કેરી છે. એમ આત્મા પણ દ્રવ્યથી-ક્ષેત્રથી-કાળથી-ભાવથી ચારેયથી એકરૂપ જ છે. જુઓ, અહીંયાં ગુણનો સ્પર્શ નથી કરતો તો ચારેય એકરૂપ કહ્યું, ભાઈ! આહા..હા..! ત્યાં તો પરથી જુદું પાડીને. સમજાણું કાંઈ?

જુઓ, ભાવથી એ છે. સમજાણું? આ વળી બીજું આવ્યુંને એક નહિ? કળશમાં. ચાર બોલ. સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ. સમજાણું કાંઈ? આત્માનું સ્વદ્રવ્ય અભેદ-અખંડ, સ્વક્ષેત્ર અખંડ, કાળ ત્રિકાળ, ભાવ એકરૂપ ત્રિકાળ. એ સ્વદ્રવ્યમાં ભેદ પાડવો કે આ દ્રવ્ય છે અને આ ગુણ છે એવો ભેદ પાડવો એ પરદ્રવ્ય. આહા..હા..! અને અસંખ્ય પ્રદેશી એકરૂપ છે એ સ્વક્ષેત્ર. એમાં આ પ્રદેશ એવો ભેદ પાડવો એ પરક્ષેત્ર. પરદ્રવ્યના દ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવ તો એમાં નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના અભેદ દ્રવ્યથી જુઓ તો એ દ્રવ્ય એક અને એ દ્રવ્યમાં આ ગુણ એવો ભેદ પાડવો એ પરદ્રવ્ય છે. વિકલ્પ કરવો કે આ ગુણ છે, આ ગુણી છે-એ વિકલ્પ પરદ્રવ્ય છે. અસંખ્ય પ્રદેશી વસ્તુ તે એક સ્વક્ષેત્ર છે અને પ્રદેશમાં આ પ્રદેશ ભેદ છે, અસંખ્ય છે એવો વિકલ્પથી ભેદ પાડવો એ પરક્ષેત્ર છે. અને ત્રિકાળી વસ્તુમાં એક સમયની પર્યાય ભિન્ન પાડવી તે પરકાળ છે. સમજાણું

કાંઈ? અને અનંતગુણમાં એક ગુણને લક્ષ કરીને ગુણમાં ભેદ પાડવો એ પરભાવ છે. સમજાણું કાંઈ? તો પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવ એ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, ભાવમાં છે જ નહિ. અરે..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ઘરમાં ને ઘરમાં?

ઉત્તર :- ઘરમાં ને ઘરમાં. એ ઘરમાં પરદ્રવ્ય નથી. પરદ્રવ્ય પરદ્રવ્ય જે છે એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ચતુષ્ટય તો એમાં છે. એ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ચતુષ્ટય તો સ્વદ્રવ્યમાં છે જ નહિ, પણ સ્વદ્રવ્યમાં ભેદ પાડીને, ક્ષેત્રનો, દ્રવ્યનો, કાળનો અને ભાવનો ભેદ પાડીને કહેવું એ પરદ્રવ્ય-પરક્ષેત્ર-કાળ-ભાવ છે. એ પણ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં નથી. હા એ. એ કળશટીકામાં છે. સમજાણું? ક્યો કળશ છે? કયો કળશ?

મુમુક્ષુ :- ૧૪ બોલ છેને એમાં.

ઉત્તર :- ૧૪ બોલ છેને એમાં? જુઓ, એ પાનું આવ્યું. દોરી પણ ત્યાં પડી છે હોં કુદરતી કોણ જાણે. અને પાનું ખોલતા એ આવી ગયું. જુઓ, '**તેમનું લક્ષણ : સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ,...**' લ્યો ક્યાં સુધી છે? ૨૫૨. ૨૫૨ કળશ છે. ૭૮ છેને ૭૮? એમાં ૨૫૨ કળશ છે. '**સ્વદ્રવ્ય એટલે...**' આ ગુજરાતી આવ્યું. આપણે હિન્દી છે હોં. હિન્દી છેને? હિન્દી છે. સવારે જોયું હતું હિન્દી માથે પડ્યું છે. એ પડ્યું છે અંદર. એ માથે પડ્યું હતું. સવારે હું આવ્યોને ઉપર જોયું તો આટલા બધા પુસ્તક કેમ પડ્યા? ઓલા ઘોડાની અંદર. એ હિન્દી છે. કળશટીકા હિન્દી. આ ઘોડો છેને. અહીં છે. એ ઘોડા ઉપર છે જુઓને. એક લાવોને અંદરમાં છે. એ અંદર-અંદર ઓરડી. એ અંદર ઓરડીમાં. આજ સવારમાં જોયું હોં! કીધું, આ છે શું? ખબર નહિ પણ ઉપર ચડીને મૂક્યું છે. અંદર .. છેને જરી. પાટલા ઉપર પગ મૂકીને જોયું તો આ તો હિન્દી કળશટીકા છે. અહીં ક્યાંથી આવ્યું? કોણ જાણે એ વાંચતા હશે ગમે તેણે મૂકી દીધું હશે. ઘણી પડી છે હોં ત્યાં ૧૫-૨૦. વાંચવા માટે લાવ્યા હશે પહેલા વાંચન માટે. આજે સવારે જોયું હતું. ઝાઝાનું કામ નથી અહીં. વાંચન માટે કાઢ્યા હશે. મેં તો આજે સવારે જોયું હોં. આ તમારે હિન્દી જોઈએને હિન્દી? ૨૫૨ છેને?

જુઓ, કહે છે '**ઉત્તર આમ છે કે જ્ઞાનવસ્તુનું પોતાના અસ્તિત્વથી અસ્તિત્વ છે. એના ચાર ભેદ છે :**' જ્ઞાન એટલે આત્મા હોં. '**જ્ઞાનમાત્ર જીવવસ્તુ સ્વદ્રવ્યપણે અસ્તિ, સ્વક્ષેત્રપણે અસ્તિ, સ્વકાળપણે અસ્તિ, સ્વભાવપણે અસ્તિ; પરદ્રવ્યપણે નાસ્તિ, પરક્ષેત્રપણે નાસ્તિ, પરકાળપણે નાસ્તિ, પરભાવપણે નાસ્તિ. તેમનું લક્ષણ :**' હવે એની વ્યાખ્યા. '**સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ,...**' પરથી. લ્યો ડોક્ટર. .. ડોક્ટર વળી ધીમા.. ૨૫૨ લ્યો. ૨૨૫ પાનું છે. ૨૨૫ પાનું. મળ્યું? સમજાણું કાંઈ? ત્યાં તો ઘણા પડ્યા છે હોં. વાંચવા કાઢ્યા હશે. આજે જ ખબર પડી. એ જોઈને કાઢ્યું

છે. ધૂળ તો ચડી ગઈ છે. હાથ મૂક્યો ત્યાં ખંખેર્યું હતું. સ્વદ્રવ્ય છેને? વચ્ચે છે જુઓ, **'સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ, સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ,...'** અસંખ્ય. **'સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા,...'** મૂળ અવસ્થા ત્રિકાળી. **'સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ;...'** જોયું! હવે **'પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદકલ્પના,...'** અખંડ વસ્તુમાં ભેદકલ્પના કરવી એ જ પરદ્રવ્ય છે. અમૃતલાલજી! એવી વાત છે, ભગવાન! આહા..હા..! ભાઈ!

એ અભેદ ચીજ, અભેદ ચીજ, અખંડાનંદ પ્રભુ. એકરૂપ દૃષ્ટિનો વિષય છે સમ્યગ્દર્શનનો. સમ્યગ્દર્શનનો વિષય એકરૂપ અભેદ ચિદાનંદરૂપ. એમાં ગુણગુણીનો અને પર્યાયનો ભેદ નથી. આહા..હા..! કહે છે કે સ્વદ્રવ્ય આદિ કહ્યું એ **'પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદકલ્પના,...'** છે ડોક્ટર? શું છે? સ્વદ્રવ્યમાં વિકલ્પસહિત ભેદકલ્પના કરવી આ છે, ક્ષેત્ર છે, કાળ છે એવો ભેદ કરવો એ જ પરદ્રવ્ય. **'પરક્ષેત્ર એટલે જે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદકલ્પનાથી...'** એ જ પ્રદેશ સવિકલ્પ ભેદ. વિકલ્પથી ભેદ કે આ પ્રદેશ... આ પ્રદેશ.. એમ. એમાં ને એમાં હોં. **'પરપ્રદેશ બુદ્ધિગોચરરૂપે કહેવાય છે,...'** બુદ્ધિગમ્ય ભેદ પાડવો કે આ પ્રદેશ... આ પ્રદેશ.. એમ. એને જ પરપ્રદેશ કહેવામાં આવે છે. પરક્ષેત્ર કહેવામાં આવે છે.

**'પરકાળ એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા તે જ...'** ત્રિકાળી. દ્રવ્યની ત્રિકાળી જે અવસ્થા છે. અવસ્થા એટલે પર્યાય ન લેવી અહીંયાં. વસ્તુ. ત્રિકાળ રહેનારી વસ્તુ. એ **'મૂળની નિર્વિકલ્પ અવસ્થા તે જ અવસ્થાન્તર-ભેદરૂપ...'** એ અવસ્થાંતર એક સમયની પર્યાયનો ત્રિકાળમાં ભેદ પાડવો. **'કલ્પનાથી પરકાળ કહેવાય છે,...'** એની એક સમયની પર્યાય જે છે એને પરકાળ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભેદવિકલ્પ છે. ૨૫૨. સ્યાદ્વયાદનો છઠ્ઠો (કળશ) છે. છઠ્ઠો કળશ છે. અને **'પરભાવ એટલે દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા...'** લ્યો! ભગવાન અનંતગુણરૂપ છે. હમણા આવે છે એ. એમાં આ જ્ઞાન છે, આ આનંદ છે—એવી ભેદકલ્પના એ પરભાવ છે. સમજાણું કાંઈ? પરભાવ કહ્યો. બસ, પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવ એ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, ભાવમાં છે નહિ. આહા..હા..! આવું ઝીણું! વાંધા એ બહારમાં વાંધા. આત્મા રાગ કરે છે કે નહિ? વ્યવહાર કરે છે કે નહિ? વ્યવહાર કરવો પડે છે કે નહિ? વ્યવહાર થાતો જ નથી. એ વાંધો ત્યાં છે. અરે..! ભગવાન! વ્યવહાર કરે છે, કરે છે એમ માને એ તો મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- બહુ ..

ઉત્તર :- .. પડ્યા? અમારે લક્ષ્મીનારાયણજી ત્યાં વાંચતા હતા કલકત્તામાં. હવે ત્યાંથી છૂટી ગયા. એકકોર વીરચંદભાઈ વાંચતા હતા અને એકકોર લક્ષ્મીનારાયણ કલકત્તામાં છેને?

આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે એ ભેદકલ્પના એ જ વ્યવહાર છે. અથવા પર છે. પર કહો કે વ્યવહાર કહો. આહા..હા..! અને નિશ્ચય અભેદવસ્તુ એ નિશ્ચય છે, એ સ્વ છે. આહા..હા..! એમ અભેદમાં દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શનનો વિષય અભેદ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- દ્રવ્યની. એનો ભેદ. દ્રવ્યેન ખંડયામિ છેને? તો દ્રવ્યેન ખંડયામિ.. એ (કળશ) ૨૭૧ની ઉપર છે જુઓ, એ પણ છે. જરીક આણે ફેર કેવો પાડ્યો છે? અન્વયાર્થ. '.. એક આમ્રફળ ..કોઈ અંશ રસ, કોઈ અંશ ફીકો, કોઈ અંશ ગોટલી, કોઈ અંશ મીઠો.' એ જરી બરાબર નથી. રસ લીધો, છાલ લીધી, ગોટલી લીધી, મીઠાશ લીધી. પણ એ તો રસની અવસ્થા જ મીઠાશ છે. પણ એ કરતા આ ભાઈએ લીધું છેને બનારસીદાસ. ૪૦. કેરી દ્રવ્ય એની જાળી. કેરીની છાલ, એની જાળી, એની ગોટલી, એનો રસ. એવી ચીજ નથી એ. એ તો આમ્ર વર્ણ, ગંધ, રસ, સ્પર્શ. વર્ણથી જુઓ તો ઈ છે. ગંધથી જુઓ તો એ છે. પણ ભગવાન આત્મા એક ભાગ દ્રવ્ય છે, બીજો ભાગ ક્ષેત્ર છે, ત્રીજો ભાગ કાળ છે અને ચોથો ભાગ ભાવ છે. એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ મૂકી દેજો હોં જેનું હોય તેનું.

મુમુક્ષુ :- .. માની લે છેને.

ઉત્તર :- શેનું માની લે સમજ્યા વિના? કેમ માને? જે ચીજ લક્ષમાં નથી આવી એ તો સસલાના શિંગડા જોયા નથી તો એને માનવા કઈ રીતે? માનવું એ કથન કોઈ કહે છે એ એના ખ્યાલમાં તો આવ્યું નથી. એના ભાવમાં ભાસન તો થયું નહિ. મહાપુરુષ કહે છે અને ગુરુ કહે છે એવી માન્યતા ક્યાંથી થઈ એને? સસલાના શિંગડાને માનોને. છે? પણ જે ચીજ જ નથી. ભાવમાં ભાસી નથી અને માનવું કેમ? એ ચીજ છે એવું ભાવભાસન થાય તો માની કહેવામાં આવે છે. એમ કહે છે. આહા..હા..! લોકોને એ સમ્યગ્દર્શનની પહેલી દશા એનું ધ્યેય અને ઉત્પત્તિ તો અલૌકિક ચીજ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ વાત બરાબર છે તો ધર્મ કરીએ...

ઉત્તર :- ચાલુ હોયને. આ સમ્યગ્દર્શન થાય ત્યારે ધર્મ ચાલુ થાય છે. પંડિતજી! ક્યારે ધર્મ શરૂ થાય છે? ભગવાન! ધર્મ તો તારો સ્વભાવ છે કે નહિ? અંતરમાં જે શાંતિ, આનંદ પડ્યો છે એને ધરનારો આત્મા, એની દૃષ્ટિ કરવાથી આનંદ અને શાંતિ થાય છે એનું નામ ધર્મ. તો સમ્યગ્દર્શનથી ધર્મ થાય છે. કહ્યુંને પહેલા? ત્યાં પણ લીધું છે એણે. જીવના અનુભવમાં, કાલે કહ્યું હતુંને, ત્રણે બોલ આવી જાય છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણે આવી જાય છે. જીવના અનુભવમાં ત્રણે આવી જાય છે. એમ કે તમે કહ્યું કે જ્ઞાનમાત્ર મોક્ષનો માર્ગ છે તો શાસ્ત્રમાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ કહ્યો. ભગવાન! એ

જ્ઞાનમાત્રમાં ત્રણે બોલ આવી જાય છે. કેમકે સ્વરૂપ ભગવાન અભેદ ચિદાનંદ સ્વરૂપ છે એવી દૃષ્ટિ કરી તે દર્શન થયું, એમાં જ્ઞેય બનાવીને જ્ઞાન થયું અને સ્થિરતા થઈ તે ચારિત્ર થયું. તો જીવના અનુભવમાં ત્રણે બોલ આવી જાય છે.

એ કહ્યું હતુંને ક્યાંક. કહ્યું હતું ચોથી સાલમાં નહિ? સાક્ષાત્. સાક્ષાત્ કહ્યું હતુંને? સાક્ષાત્ કાલે કહ્યું. ૩૪ પાનું હતું કે ક્યું હતું? ૩૪ પાનું કાલે કહ્યું હતું. એમ કે પરિણમન જેણે ... મિથ્યાત્વ પરિણતિનો ત્યાગ થતા. હિન્દીમાં પણ હશે જુઓ, '**શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.**' ૩૧ કળશ છે ૩૧. સમજાણું કાંઈ? એ કાલે ૭૬નું કહ્યું હતું કે નહિ? ૩૧ કળશ છે. આ ચાલતું હતુંને. ત્યાં કહ્યું જુઓ, એ '**दर्शनज्ञानवृत्तैः कृतपरिणतिः**' એવો પાઠ છે. ૩૧ કળશ છે. '**कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः**' '**प्रकटितपरमार्थैर्दर्शनज्ञानवृत्तैः।**' એ ૩૧ કળશ છે. '**શ્રદ્ધા-રુચિ-પ્રતીતિ, જાણપણું, શુદ્ધ પરિણતિ- એવાં જે રત્નત્રય તે-રૂપે કર્યું છે પરિણમન જેણે એવો છે. ભાવાર્થ આમ છે કે મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં, શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.**' સમજાણું? દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે એમાં. અરે..! દર્શનનું ધ્યેય જે દ્રવ્ય છે, એણે દ્રવ્યને ધ્યેય બનાવ્યું તો જેવા અનંતગુણ છે એની બધા ગુણની વ્યક્ત પર્યાયે અંશ પ્રગટે છે. સમજાણું કાંઈ?

દ્રવ્ય છે કે નહિ? તો દ્રવ્ય કેટલું? અમારા શેઠી આજે આવ્યા હતા બપોરે. ગુણની સંખ્યા લખાવો. આજે આવ્યા હતા. એ કાગળ લઈને આવ્યા હતા. કીધું આ ક્યાં? અમારી પાસે? કાગળ ..પેન હતી? શું હતી? એવું લઈને આવ્યા હતા. કીધું આ શું લખવું છે? એ જીવદ્રવ્યમાં ગુણ કેટલા છે એ લખાવો. કેટલા અનંત છે? અનંતના અનંત પ્રકારમાં કેટલા અનંત છે. એ લખ્યું હતું એણે કાગળમાં. છ માસ અને આઠ સમયમાં જે સિદ્ધ થાય છે. ૬૦૮ એની સંખ્યા ... અનંત પુદ્ગલ પરાવર્તનથી થતા આવે છે. અનંત પુદ્ગલ પરાવર્તન થયું. છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધ-મુક્તિ પામે છે. અઢીદ્વીપમાંથી. અહીંયાં નથી. એ તો અત્યારે પણ મહાવિદેહમાંથી ૬૦૮ તો મુક્તિ પામે જ છે. તો એવા અનંત પુદ્ગલ પરાવર્તન. એક પુદ્ગલ પરાવર્તનના અનંતમા ભાગમાં અનંતી ચોવીસી. અનંતી ચોવીસી. એક ચોવીસીમાં દશ ક્રોડાક્રોડી સાગરોપમ. એક સાગરોપમમાં દશ ક્રોડાક્રોડી પલ્યોપમ. સમજાણું કાંઈ? અને એક પલ્યોપમના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ.

મુમુક્ષુ :- અહીં તો છ મહિનામાં ૬૦૮

ઉત્તર :- અહીં તો છ મહિના અને આઠ સમયમાં મુક્ત ૬૦૮. તો કેટલો કાળ થયો? કેટલા સિદ્ધ થયા? એ સિદ્ધની સંખ્યા કરતા નિગોદના એક શરીરમાં અનંતગુણ જીવ છે. બટાટાની એક કટકી લ્યો રાઈ જેટલી. રાઈ જેટલી. રાઈનો ટૂકડો એક ટૂકડો રાઈ જેટલો. તો એમાં અસંખ્ય ઔદારિક શરીર છે, અસંખ્ય ઔદારિક શરીર છે. એમાં એક શરીરમાં અત્યાર

સુધી સિદ્ધ થયા એનાથી અનંતગુણા જીવ છે. ભગવાન મોટો ભંડાર છે. આહા..હા..! અરે..! વસ્તુનો સ્વભાવ. સમજાણું? તો એ સિદ્ધની સંખ્યા કરતા એક શરીરમાં અનંતગુણા જીવ છે. એવા-એવા બધા (નિગોદના) જીવ. બીજા પણ અસંખ્યગુણા હોય છે. એક શરીરથી બીજા અસંખ્ય ગુણા હોય છે. ભલે એક શરીરમાં અનંતગુણા કહ્યા તો એવા અસંખ્ય શરીર, અસંખ્ય ચોવીસી જેટલા શરીર છે નિગોદના. તો એ (એક નિગોદ શરીરના અનંત જીવથી) અસંખ્ય ગુણા જ હોય છે. વિશેષ હોય નહિ. તો સિદ્ધની સંખ્યા કરતા અનંતગુણા જીવ થયા. અને અનંતગુણા જીવ કરતા પરમાણુની સંખ્યા અનંતગુણી છે. અને પુદ્‌ગલની સંખ્યા કરતા ત્રણ કાળનો સમય અનંતગુણો છે અને ત્રણ કાળના સમય કરતાં આકાશના પ્રદેશ અનંતગુણા છે. માપ વિનાનું છેને આકાશ? છે... છે... છે... છે... છે... એ ત્રણ કાળના સમય કરતાં આકાશના પ્રદેશ અનંતગુણા છે અને એમાં એક જીવમાં અનંતગુણા ગુણ છે. કહો, સમજાણું કાંઈ? હરિષચંદજી શેઠ! આહા..હા..! પછી તો એટલું થોડું કહ્યું હતું શેઠને. કે એટલા ગુણ એક પરમાણુમાં છે. લખી લીધું. જેટલા ગુણ એક જીવમાં કહ્યા, એટલા જ ગુણ એક પરમાણુમાં છે. આ ચૈતન્ય છે અને એ જડ છે, પણ ગુણની સંખ્યા બેમાં સરખી છે. આહા..હા..! બાપુ! વસ્તુનો સ્વભાવ, એ સ્વભાવ છે. આહા..હા..! એટલા એક પરમાણુ. જુઓ અહીંયાં. એટલો એક ટૂકડો લ્યો જરી આમ કટકી ઉડે એમાં અનંત સ્કંધ છે અને એમાં એક સ્કંધ અનંત પરમાણુનો. એમાં એક પરમાણુમાં એ આકાશના પ્રદેશની સંખ્યા કરતાં અનંતગુણા ગુણ છે.

મુમુક્ષુ :- એટલામાં?

ઉત્તર :- એટલામાં નહિ, એક રજકણમાં. આ તો એક રજકણ ઉડે છે એ તો બહુ સ્થૂળ છે. ભાઈ! સ્વભાવ એવો છે. એ લોકોને સ્વભાવની ખબર નથી. સમજાણું કાંઈ? એવા ગુણમાં અનંત જીવ છે એ અહીંયાં કહે છે જુઓ, એવા ગુણરૂપ ગ્રહણ, એવા ભેદરૂપ ગુણ એનું દ્રવ્યને આલિંગન નથી. આહા..હા..! શેઠી લખી ગયા. આજ બપોરે આવ્યા હતા.

'ગુણ એવું જે ગ્રહણ...' એક ગુણ ન લેવો. એ તો શબ્દ લીધો છે. અર્થાવબોધ શબ્દ લીધો છે. અર્થ નામ પદાર્થ, અવબોધ એટલે જ્ઞાન. એ જ્ઞાન શબ્દે બધા ગુણ લીધા. દરેક ગુણ. અનેક ગુણ. ભગવાન એકરૂપ છે, ગુણ અનંત છે આ કહ્યા એટલા. તો એ અનંતગુણને દ્રવ્ય આલિંગન કરતું નથી ભેદરૂપ છે માટે. આહા..હા..! અહીં તો હજી રાગને આલિંગન કરે છે, વ્યવહારરત્નત્રય કરવો પડે છે. શું કરવું ત્યારે? કરવું શું? રાગ કરવો? એ છે જ નહિ એમાં શું કરવું છે તારે? આહા..હા..! ઘણો જ દૃષ્ટિનો વિષય અત્યારે તો બદલાઈ ગયો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા... કહે છે કે એ નિમિત્ત પરદ્રવ્યને અડતું તો નથી. આત્મા અંદર છે એ કર્મના દ્રવ્ય, શરીરને તો અડતો જ નથી ત્રણ કાળમાં. એક જગ્યાએ રહેવા છતાં પણ સ્વદ્રવ્ય પરદ્રવ્યને અડતું નથી. પણ અહીં તો કહે છે કે એ દ્રવ્ય

ભગવાન વિકારને અડતું નથી. એ તો કહી ગયા. હવે એના અનંતગુણને ભેદરૂપને એકરૂપ અડતું નથી.

મુમુક્ષુ :- તમે ભેદને પણ ... કહ્યું.

ઉત્તર :- ભેદમાં વિકલ્પ ઉઠે છે. ભેદ છે જ નહિ. અભેદમાં ભેદ ક્યાંથી આવ્યો? અભેદમાં ભેદ જુઓ તો અભેદ રહેતું નથી. આહા..હા..! અભેદ વસ્તુ ભગવાન આત્મા એકરૂપ વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વિષય છે, ભાઈ! આહા..હા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષય એમાં કતૃત્વબુદ્ધિ રહી જ નથી ને. રાગનું કર્તૃત્વ તો રહ્યું નહિ, નિર્મળ પર્યાય કરું એવો વિકલ્પ રહ્યો નથી. આહા..હા..! જેમાં આ ગુણ અને આ ગુણી એવો ભેદરૂપ વિકલ્પ રહ્યો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવું દ્રવ્ય... લ્યો!

**'તે જેને નથી...'** આત્મામાં નથી. જુઓ, જેને એટલે આત્મા. અમારી ગુજરાતી ભાષામાં **'જેને નથી...'** તમારે જિસકે નહીં હૈ. ભગવાન આત્મા અનંત ગુણરૂપ એક વસ્તુ, એક વસ્તુ, અનંતગુણનો ભેદ એ જેને નથી. જેમ ગુણ જ જેને નથી. ઓહો..હો..! ભાષા એ આવીને? એવો જે ગુણ એ જેને નથી. લે! ગુણ જેને નથી! ઓહો..હો..! ગુણી અને ગુણ એમ છે નહિ એમ કહે છે. એવા આત્માને આત્મા કહે છે. આત્મા આત્મા તો બધા કહે છે. આત્મા આવો... આત્મા આવો... પણ ભાઈ! આત્મા સર્વજ્ઞ કહે એવો આત્મા આ-એ સમજણ કરીને દૃષ્ટિમાં લેવું એ અપૂર્વ પુરુષાર્થ છે. બાકી તો વ્રત-ફ્રત ને ઢીંકણા, ફીંકણા રાગાદિ તો સાધારણ અભવિ પણ કરે છે એમાં શું થયું? સમજાણું કાંઈ? પણ લોકોને એમ જોવે. સમજાણું? બાહ્ય ત્યાગી હોય, એકવાર આહાર લેતા હોય, એ પણ સાધારણ લેતા હોય. જુઓ, સમકિતી હોય, બે વાર ખાતા હોય, ક્ષાયિક સમકિતી હોય, છન્નું હજાર સ્ત્રી હોય. લ્યો! શું? .. ત્યાગ.

મુમુક્ષુ :- બહારને બહાર જોવે છે.

ઉત્તર :- બહાર જ જોવે છે. અંતર વસ્તુને જોતા નથી. અંતર વસ્તુને જોવાની દૃષ્ટિ નથી. દૃષ્ટિમાંથી આખું દ્રવ્ય તો કાઢી નાખ્યું, રાગને તો કાઢી નાખ્યો, ભેદને કાઢી નાખ્યો. પરનો ત્યાગ, રાગનો ત્યાગ અને ભેદનો ત્યાગ આ તે શું ચીજ છે જુઓ તો ખરા! આહા..હા..! પંડિતજી! ત્યાગ એનો થયો. સમ્યગ્દર્શનમાં જ્યાં અખંડ આત્મા અભેદ દૃષ્ટિમાં આવ્યો એને કહે છે કે પરનો ત્યાગ થઈ ગયો, પર તો પોતામાં છે નહિ એટલે ત્યાગ થઈ ગયો. આહા..હા..! આખી દુનિયાનો ત્યાગ દૃષ્ટિમાં થઈ ગયો. એ તો થયો, પણ વિકલ્પનો ત્યાગ થઈ ગયો. એ તો થયો, પણ ભેદનો ત્યાગ થઈ ગયો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... ગઈ એક વસ્તુ. એવી વાત છે, શેઠ! આ શેઠ થવાની ચીજ છે. .. ખાનદાન માણસ છે. ... લોકો કહે છે.. વસ્તુ તો એવી છે. અનાદિકાળથી પરમેશ્વર, સંતો, જ્ઞાની

એમ કહે છે. આ એમ છે. કોઈ જુદી ચીજ નથી. પણ એને સાંભળવા મળી નથી. બહારમાં એટલો ઘૂસી ગયો છે કે એને સાચી વાત કહે તો ઉંહું.. ઉંહું.. હાય.. હાય.. અમારું બધું ચાલ્યું જાય છે. વ્યવહારે અમે કાંઈક ત્યાગ કર્યો, કાંઈક રાગ ઘટાડ્યો. બાયડી-છોકરા છોડીને, લૂગડાં ફેરવ્યા, .. કર્યા, નગ્નપણું કર્યું એની તો કોઈ કિંમત જ નહિ. બાપુ! કિંમત તો જેની હોય એની હોયને કિંમત તો. આહા..હા..!

ભગવાન આત્મા... કેટલો ત્યાગ! આહા..હા..! અને પરનો ત્યાગ કરું એવી માન્યતા છે એ સમકિતનો ત્યાગ, આત્માનો ત્યાગ થયો એમાં. સમજાણું કાંઈ? કેમકે પરનો તો અભાવ જ છે. અભાવનો ભાવ કરવો? પરનો ત્યાગ તો છે જ. એનો ત્યાગ કરું (એમ માન્યું) એ તો ભાવ થયો. આહા..હા..! આવી વાત. રાગનો ત્યાગ કરું. એનો અર્થ એ કે રાગને ગ્રહ્યો હતો. તો દ્રવ્યમાં તો રાગનું ગ્રહવું છે જ નહિ. ગુણભેદનું ગ્રહવું નથી ત્યાં રાગને ગ્રહવું ક્યાં આવ્યું? એમ કહે છે. આહા..હા..! એય..!

મુમુક્ષુ :- કયું પ્રકરણ ચાલે છે?

ઉત્તર :- આ આત્માનું પ્રકરણ ચાલે છે. આ જ્ઞેયપ્રજ્ઞાપન લખ્યું છેને. શું લખ્યું છે ઉપર? જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન. તો આત્મા જ્ઞેય જ્ઞાનમાં કેવી રીતે આવે, એ પ્રકરણ ચાલે છે. એ જ્ઞાનમાં એવું અભેદ આવ્યું તો એ જ્ઞેયતત્ત્વ જ્ઞાનમાં આવ્યું એમ કહેવામાં આવે છે. એવી દૃષ્ટિ ન થતાં, પરના ત્યાગ ઉપર દૃષ્ટિ છે, રાગની મંદતા ઉપર દૃષ્ટિ છે કે પર્યાય ઉપર વિકૃત દૃષ્ટિ છે તો એણે દ્રવ્યનો ત્યાગ કર્યો. એનું (રાગનું) સેવન કર્યું. પંડિતજી! આકરું કામ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંદર દૃષ્ટિમાં ત્યાગ થઈ ગયોને? અસ્થિરતા રહી ગઈ, પણ અસ્થિરતા પોતાના સ્વરૂપમાં નથી. એકત્વબુદ્ધિ તો ચાલી ગઈ. સમજાણું? સ્વભાવ સાથે એકત્વ થયું, પરથી પૃથક્ થઈ ગયો. 'तं एयतं वियतं दाएणं अप्पणो सव्वि हवेणं' કુંદકુંદાચાર્ય કહે છે હું સ્વભાવથી એકત્વ, વિકલ્પથી પૃથક્ એ વાત તને કહીશ. પ્રમાણ કરજે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? રાગથી, નિમિત્તથી પૃથક્ છે અને પોતાનું દ્રવ્ય, પોતાના સ્વભાવથી અપૃથક્ છે. અહીં તો એ વાત કહે છે કે સ્વભાવવાન સ્વભાવના ભેદને સ્પર્શતો નથી. આહા..હા..! રાગને તો અડતો નથી, વ્યવહારરત્નત્રયને ભગવાન આત્મા કદી અડતો જ નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ પોતાના આત્માને... આત્મા એવો છે. તો સમ્યગ્દૃષ્ટિને એવા આત્માનો અનુભવ થયો, તો સમ્યગ્દૃષ્ટિને પણ, આત્મા જેમ રાગને સ્પર્શતો નથી, નિમિત્તને સ્પર્શતું નથી, ભેદને સ્પર્શતો નથી, એમ સમ્યગ્દૃષ્ટિ ભેદને સ્પર્શતા નથી, રાગને સ્પર્શતા નથી. ભારે બોલ ભાઈ! આહા..હા..! વસ્તુ અંદર છે એની ઉપર દૃષ્ટિની મહિમા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભેદ નથી. ભેદ શું? આ તો એકરૂપ વસ્તુ છે ત્યાં. આ વસ્તુ અને આ વસ્તુનો સ્વભાવ એમ બે ભેદ છે એમાં? એક જ વસ્તુ અભેદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ... અપૂર્વ વાત છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- .. કહ્યું હતું. .... આ વાત એવી ચીજ છે. કે પહેલા સાંભળ્યા વિના એનું યથાર્થ જ્ઞાન થતું નથી. એ યથાર્થ જ્ઞાન સાંભળવાથી થયું એ પણ યથાર્થ જ્ઞાન નથી. યથાર્થ કહ્યું એ વ્યવહારથી કહ્યું. સમજાણું કાંઈ? એ સાંભળવાથી જે જ્ઞાન થયું એ આત્માનું જ્ઞાન નથી. એ તો ઈન્દ્રિયનું જ્ઞાન થયું. એ આત્મા ઈન્દ્રિયજ્ઞાનને અડતું નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ! પરસત્તાવલંબી જ્ઞાન સ્વસત્તાવલંબી જ્ઞાનને અડતું જ નથી. અહીં તો પોતાના સ્વભાવમાં અનંત ગુણ જે છે સ્વભાવ. સમજાણું કાંઈ? કહે છે કે ગુણરૂપ ગ્રહણ. ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્ય. કુંદકુંદાચાર્યે તો તીર્થંકર જેવું કામ કર્યું પંચમકાળમાં. પંચમકાળના તીર્થંકર છે એ. અને અમૃતચંદ્રાચાર્યે ગણધર જેવું કામ કર્યું. એ ભાવને છોડીને .. આ કહે છે ભગવાન કુંદકુંદાચાર્ય. પરમેશ્વરનો આ સંદેશ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો એમાં છે ઈ આવ્યું છેને. જે છે એ આવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ફતેહચંદજી! શું આવું કદી સાંભળ્યું હતું? આવું ક્યારે વાંચ્યું હતું પરમાત્મપ્રકાશ? તો તમે પંડિત ક્યાંથી થઈ ગયા? એમ લોકો કહે છે. મોટી પ્રતિષ્ઠા કરાવે છે. માને છે. તે પણ એવી દૃષ્ટિથી નહિ.

મુમુક્ષુ :- આત્માની પ્રતિષ્ઠા...

ઉત્તર :- હા, ભાઈ! તારી પ્રતિષ્ઠા ભગવાન આત્મા અનંત ગુણનો રસકંદ એકરૂપ એવો એકરૂપ અભેદ. કહે છે કે ભેદને સ્પર્શતો નથી. ભેદને સ્પર્શે તો અભેદ એ ભેદ(રૂપ) થઈ જાય. સમજાણું કાંઈ? કેટલી વસ્તુ છે!

છે કે નહિ એમાં? જુઓ, **'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ તે જેને નથી...'** જેને નથી. ગુણરૂપ લિંગ નામ ગુણ. હવે ગ્રહણ. પછી અ એમ કહે છેને? અલિંગગ્રહણ. લિંગ નામ ગુણરૂપ, ગ્રહણ નામ અર્થાવબોધરૂપ જ્ઞાન તે જેને નથી. અ. **'તે અલિંગગ્રહણ છે;...'** એનું નામ ભગવાન અલિંગગ્રહણ કહે છે. આહા..હા..! **'આ રીતે આત્મા...'** ત્યાં વિશેષ શબ્દ નહોતો લીધો. એકલો ગુણરૂપ શબ્દ પડ્યો હતો. હવે અહીં પછી કહ્યું. પર્યાયમાં બીજો બોલ લેશે. **'આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત...'** એવું છે. પહેલા વિશેષ નહોતું કહ્યું. પહેલા ગુણરૂપ ગ્રહણ જેને નથી, એટલું. એનો અર્થ એ થયો કે વિશેષ ભેદરૂપ ગ્રહણ એને નથી. અહીં ખુલ્લું કર્યું. કે જેને **'આ રીતે આત્મા ગુણવિશેષથી...'** ગુણવિશેષ નામ ભેદ. ગુણી ભગવાન આત્મા, ગુણવિશેષનો ભેદથી

**'આલિંગિત...'** નથી થતું. એને સ્પર્શતો નથી. આલિંગન નથી કરતો. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો નાના બાળકને આલિંગન કરે છે કે નહિ? બચ્ચી કરે છે. શું કહે છે તમારી ભાષામાં? સ્પર્શતો જ નથી. પાઠમાં .. નહિ. આલિંગન નહિ. આલિંગન તો એને કહે છેને હમણા? આ મળવું આમ નહિ? નાના બાળકને આમ આલિંગન નથી કરતા? સ્પર્શે, ચુંબન કરે છે. એ પણ ખરેખર તો પરને ચુંબન કરતા જ નથી, પરને અડતા જ નથી. અરેરે..! ભારે વાત! .. તો પરપર્યાય છે. સ્વપર્યાય પરને ચુંબન કરતી જ નથી કદી. માને છે કે મેં ચુંબન કર્યું. એમ આલિંગન. **'अनालीढ'** શબ્દ પડ્યો છે સંસ્કૃતમાં. જુઓ, **'गुणो ग्रहणमर्थावबोधो यस्येती'** એટલે આત્માને. **'गुणविशेषानालीढ शुद्धद्रव्यत्वस्य।'** **'अनालीढ'** નામ આલિંગન નથી. અડતો નથી, સ્પર્શતો નથી, એકરૂપ થતો નથી. અભેદ ભેદરૂપ થતો નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સાધારણ પ્રાણીને ખબર ન હોયને એટલે સાધારણ વાત .. જ્ઞાની હોય એને એમ લાગે કે આહા..હા..! આહા..હા..! પણ મૂળ ચીજની ખબર વિના યથાર્થ જ્ઞાન ક્યાંથી આવે? સમજાણું કાંઈ?

આત્મા આ પ્રકારે અલિંગગ્રહણ છે માટે **'ગુણવિશેષથી નહિ આલિંગિત...'** આલિંગન નથી કરતો. અભેદ ભગવાન ગુણભેદને આલિંગન નામ અડતા નથી, સ્પર્શતા નથી. રાડ નાખી જાયને માણસ. અભેદ-અભેદ જો ભેદમાં આવી જાય તો ભેદ રહેતો નથી. સમજાણું કાંઈ? ભેદ અને અભેદ બેય ચીજ ભિન્ન થઈ ગઈ. આહા..હા..! શરીર, વાણી, મન, કર્મ, ફર્મ રાગ તો ભિન્ન થઈ ગયો, પણ આ તો અભેદમાં ભેદ ભિન્ન થઈ ગયો. એકરૂપ અનાદિ-અનંત નિષ્ક્રિય દ્રવ્યસ્વભાવ ધ્રુવ છે. એને જે પર્યાય આલિંગન કરે છે. એ પણ નહિ. એ પછી કહેશે. આહા..હા..! ભારે વાત ભાઈ! અહીં તો આત્મા એવો ધ્રુવ વસ્તુ એના ગુણભેદને અડતો નથી, સ્પર્શતો નથી. કારણ કે તો અભેદથી ભેદ થઈ જાય તો અભેદપણું રહેતું નથી. માટે અભેદ એવો ભગવાન આત્મા ગુણને આલિંગન કરતું નથી. એવો આત્મા જ્ઞેયરૂપે જ્ઞાનમાં આવે તો એ જ્ઞેય જણાયું એમ કહેવામાં આવે છે. આહા..હા..! ડોક્ટર! **'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** લ્યો! અલિંગગ્રહણમાં આવા એક અર્થની પ્રાપ્તિ થાય છે. બીજી વાત કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૬, મંગળવાર, તા. ૦૨.૦૯.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૧-૧૨, પ્રવચન-૨૫૩**

આ પ્રવચનસાર ચાલે છે. એમાં જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન. જ્ઞાનમાં જાણવાલાયક જ્ઞેય કેવું છે? એનું અહીં કથન કરે છે. એમાં આપણે અલિંગગ્રહણ ચાલે છે. આત્મા જ્ઞેય તરીકે કેવી રીતે જણાય તો આત્મા જણાયો કહેવાય? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં અને સમ્યગ્જ્ઞાનમાં આત્મા જ્ઞેય તરીકે કેવી રીતે જાણે તો એને સમ્યગ્દર્શન-જ્ઞાન કહેવામાં આવે? કોઈ પૂછતું હતું કે ભાઈ આ અલિંગગ્રહણમાં પણ શું અમારે સમજવું? એમ કોઈ પ્રશ્ન કરતું હતું. અહીંયાં અલિંગગ્રહણનો અર્થ આત્મા જેવો છે એવો અંતરમાં-દૃષ્ટિમાં લેવો, અનુભવ કરવો એનું નામ ધર્મ અને એનું નામ આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? કોઈ કહેતું હતું સવારમાં. કે ભાઈ આ અલિંગગ્રહણમાં અમારે શું કરવું? કરવું શું? એમ કહેતા હતા. આહા..હા..! પણ અલિંગગ્રહણનો અર્થ પહેલેથી ચાલ્યો આવે છે. એ આત્મા ઇન્દ્રિયથી જણાય તે આત્મા નથી. એ તો પહેલાથી કહેતા આવ્યા છીએ. આ તો દશ બોલ થઈ ગયા છે. પોતાના આત્માને અંદરથી જાણે અતીન્દ્રિય જ્ઞાનમય એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ધર્મ કહેવામાં આવે છે. એ વાત તો પહેલેથી ચાલે છે. સમજાણું કાંઈ? એવા દશ બોલ ચાલ્યા છે. ૧૧મો બોલ છે આજે.

‘**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...**’ જેમ દશમામાં કહ્યું હતું કે આત્મા એવો છે કે શુદ્ધોપયોગ સ્વભાવી છે. એનો અર્થ? કે એમાં રાગ પણ નથી અને કર્મનો સંબંધ પણ નથી. એને આત્મા કહે છે. તો રાગરહિત શુદ્ધ ઉપયોગ વડે આત્માને જાણે એનું નામ આત્મા જ્ઞેય, જ્ઞાનમાં અને શ્રદ્ધામાં આવ્યો એનું નામ ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તો પહેલા કહ્યું કે શુદ્ધ ઉપયોગી સ્વભાવ એનો અર્થ શું? કે નિમિત્તનું લક્ષ છોડીને, શુભ-અશુભ જે વિકલ્પ રાગ છે એનું લક્ષ છોડીને, પોતાની શુદ્ધ પર્યાય, શુદ્ધ ઉપયોગ આચરણરૂપ શુદ્ધ. એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેનો અંશ આવે છે. એવો શુદ્ધોપયોગી સ્વભાવી આત્મા છે. એટલે કે શુદ્ધ ઉપયોગ દ્વારા આત્માને જાણ્યો એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ધર્મ છે. સમજાણું કાંઈ?

આ શુદ્ધ ઉપયોગ છે. રાગ નથી. તો રાગ પોતાનો નથી. આત્માનો રાગ નથી. આત્માનો તો શુદ્ધ ઉપયોગ છે. તો એનો અર્થ એ થયો કે રાગથી અને નિમિત્તથી પૃથક્ કરીને જે પોતાનો શુદ્ધ ઉપયોગ સ્વભાવ એ વડે અંતરમાં દૃષ્ટિ કરવી એવો આત્મા છે. એનું નામ

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. અલિંગગ્રહણમાં તો એકલું માખણ ભર્યું છે આખા તત્ત્વમાં. અગિયારમામાં તો એ આવ્યું કે કર્મનો સંબંધ એને છે જ નહિ. કહો, સમજાણું કાંઈ? ઉપયોગ નામના લક્ષણથી કર્મ આદાન, કર્મનું ગ્રહવું નથી. કેમકે એ શુદ્ધ ઉપયોગસ્વભાવી આત્મા છે. એનાથી કર્મગ્રહણ નથી. કર્મગ્રહણથી જે નિમિત્ત થયું એ તો રાગ નિમિત્ત હતું. સમજાણું કાંઈ? તો આત્મા એવો નથી. રાગ, નિમિત્ત અને કર્મ પર્યાય ઉપાદાન એનું. એ તો નિમિત્ત. પણ એ રાગ અને કર્મગ્રહણ બેય ઉપાદાન નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એ આત્મામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આત્મા **'લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા...'** એટલે પહેલા શુદ્ધ ઉપયોગ કહી ગયા. તો એ શુદ્ધ ઉપયોગ જાણવું-દેખવું જે ઉપયોગ છે એનું લક્ષ તો દ્રવ્ય ઉપર છે ધ્યેય. તો એ ઉપયોગ વડે કર્મ ગ્રહણમાં નિમિત્ત છે એવી વાત છે નહિ. સમજાણું કાંઈ? પહેલી સમ્યગ્દર્શનની વાત ચાલે છે આ. જ્ઞેય આત્મા આવો છે એમ ચાલે છે.

મુમુક્ષુ :- સાથે જ્ઞેય પણ હોય છે?

ઉત્તર :- જ્ઞેય જ હોયને. શું હોય?

મુમુક્ષુ :- જ્ઞાયક હોય છે.

ઉત્તર :- જ્ઞાયક તો જાણનાર, પણ જાણનાર જ્ઞેય થાય છે કે નહિ પ્રમેયમાં? પ્રમેયગુણ છે કે નહિ એમાં? પોતાના જ્ઞાનના ઉપયોગ દ્વારા આખો આત્મા જ્ઞેય છે એ ઉપયોગ કયો? શુદ્ધ ઉપયોગ તે. આહા..હા..! રાગાદિ વિકલ્પાદિ એમાં છે જ નહિ. કાઢી નાખ્યું. છે નહિ પછી શું? આહા..હા..! સમજાણું કાંઈ?

જેમ ચૌદમી ગાથામાં કહ્યુંને અબદ્ધસ્પૃષ્ટ એ વાત અહીંયાં કરે છે લ્યો! ચૌદમાં પાંચ બોલ લીધા છેને. પછી પંદરમામાં પાંચ લઈને **'पस्सदि जिणसासणं सव्वं'** જેને અસંયુક્ત કહો, અસંબંધ કહો કે અબંધ કહો. સમજાણું કાંઈ? વસ્તુ દ્રવ્ય વસ્તુ, જ્ઞાયકભાવ સ્વભાવ એ તો કર્મ અને રાગના સંબંધ વિનાની ચીજ છે. એ અબદ્ધસ્પૃષ્ટ આત્મા, કર્મનો બંધ નથી સંયુક્તપણે, સંબંધપણે. સંબંધ કહો કે બંધ કહો કે .. કહો. સમજાણું કાંઈ? બંધ, સંબંધ, સંપર્ક એ રહિત આત્મા છે. અબદ્ધસ્પૃષ્ટ. અબદ્ધ નામ કર્મથી બંધ નહિ, અસ્પૃષ્ટ નામ જેના પરમાણુ છે એનાથી પણ નિમિત્તપણું એમાં નથી. એવા આત્માની અંદરમાં શ્રદ્ધા કરવી **'पस्सदि अप्पाणं'** એવા આત્માને અંદરમાં જોવો. સમજાણું કાંઈ? એનું નામ જૈનશાસન કહેવામાં આવે છે. આહા..હા..!

જૈનશાસન એ વીતરાગી શુદ્ધભાવ ઉપયોગ છે. વીતરાગ ભાવશ્રુત ઉપયોગ છે. જૈનશાસન પર્યાય છે અહીંયાં હોં. દ્રવ્ય-ગુણ નથી. ધર્મ કહો, જૈનશાસન કહો, વીતરાગી પર્યાય કહો, એ વીતરાગી ઉપયોગ જે શુદ્ધભાવ ઉપયોગ એનાથી જાણ્યું કે આ આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. પરથી સંબંધ નથી, અબદ્ધસ્પૃષ્ટ છે. દૃષ્ટાંત આપ્યુંને એ? પાણી અને કમળનું. ૧૪મી ગાથા.

કમળ પાણીમાં જુઓ તો સંયોગસંબંધે દેખાય છે કે જાણે પાણીમાં કમળ છે. કમળીનો સ્વભાવ જુઓ તો પાણીને બિલકુલ અડ્યું નથી. સમજાણું કાંઈ? એ વાત અહીંયાં કહે છે. આ વ્યવહાર છે એ વાત અહીં કરતા જ નથી. ત્યાં તો વ્યવહાર છે એ વાત કરીને એને ઉડાવી. અહીં વ્યવહાર છે જ નહિ એમાં. સમજાણું? .. વ્યવહાર બતાવ્યો કે જેમ પાણીમાં કમળ પાણીથી સંયોગ જુઓ તો કહે વ્યવહાર, પણ એકલા કમળનો સ્વભાવ જુઓ તો છે નહિ. એમ આત્મા અને અનાદિકર્મના સંબંધથી વ્યવહારથી જુઓ તો છે, પણ નિશ્ચયથી અબદ્ધસ્પૃષ્ટ જુઓ તો એમાં કોઈ સંબંધ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- એટલે ગુણમુક્ત રહે છે?

ઉત્તર :- ગુણમુક્ત રહે છે શું? અહીંયાં તો બતાવ્યું પણ અહીંયાં આ અબદ્ધનું જ્ઞાન હોય તો બદ્ધ કેટલું છે એનું જ્ઞાન વ્યવહારું અંદરમાં આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેટલો છે એ અબદ્ધસ્પૃષ્ટનું જ્ઞાન થયું તો નિમિત્ત સંબંધ કેટલો છે એનું જ્ઞાન થઈ જાય છે. એ ચીજ આવતી નથી. ભારે વાત! સમજાણું કાંઈ? ફરીને.

અહીંયાં તો કહે છે કે જે '**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ...**' કર્મનો સંબંધ જ નથી. અથવા એ ઉપયોગ જેનો છે એની સાથે કર્મનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જ નથી. કેમકે ઉપયોગમાં સ્વભાવ સન્મુખનો ઉપયોગ છે એ ઉપયોગમાં કર્મના ગ્રહણમાં નિમિત્ત થવું એવો ભાવ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પાંચ બોલ લીધા છેને ત્યાં તો. અબદ્ધસ્પૃષ્ટિ, ગતિ. ગતિની ભિન્ન-ભિન્ન પર્યાય છેને? .. ભિન્ન-ભિન્ન છે તો છે. એ અહીં નથી લીધું. અહીં તો પરથી ભિન્ન અબદ્ધ એકલું ચૈતન્ય છે એની દૃષ્ટિ કરવી એનું નામ આત્મા જણાયો અને આત્મજ્ઞાન અને દર્શન કહેવામાં આવે છે. આ એનું નામ જૈનશાસન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અનન્ય આવે છેને એ અબદ્ધસ્પૃષ્ટમાં અનન્ય? અનિયત આવે છે. પર્યાયમાં ઓછું-વત્તુપણું થાય છે. છે, થાય એની સાથે સંબંધ નથી. એનાથી રહિત એકલો ભગવાન આત્મા દૃષ્ટિ અને ભાવશ્રુત જ્ઞાનના ઉપોયગનું ધ્યેય જે જ્ઞેય પોતાનું સ્વરૂપ છે એ જ્ઞેયને જ્યાં ઉપયોગથી જણાયો એ ભાવશ્રુત જ્ઞાન ઉપયોગ જ જૈનશાસન છે. કહો, સમજાણું કાંઈ? કેવળજ્ઞાન જૈનશાસન છે એમ ન કહ્યું, તો પછી કેવળજ્ઞાન તો એનું ફળ છે. સમજાણું કાંઈ? આ ભગવાન અબદ્ધસ્પૃષ્ટ પ્રભુ. નિર્લેપ રાગ અને કર્મના લક્ષને છોડીને એકલા દ્રવ્ય ઉપર હોવાથી એ રાગ અને કર્મનું સંયુક્તપણું એને છે જ નહિ. એવી દૃષ્ટિ ઉત્પન્ન થવી એનું નામ સમ્યગ્દર્શન અને સાથે જ્ઞાન છે એનું નામ ભાવશ્રુતજ્ઞાન. સમજાણું કાંઈ? અહીં તો ઓલા દ્રવ્યશ્રુત અને ફલાણું-ઢીંકણું એ વાત જ કરી નથી. એવી વાત છે. જૈનશાસનને સમજવું.. કહ્યું કે આત્મા જૈનસ્વરૂપ છે, જિનસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ છે. અનાદિ-અનંત એનો સ્વભાવ જ વીતરાગસ્વરૂપ છે. તો વીતરાગ સ્વરૂપને દૃષ્ટિમાં લઈને એને જ્ઞેય બનાવ્યું તો પર્યાયમાં ભાવશ્રુત

થયું અને દર્શન સમ્યક્ થયું. એનું નામ જૈનશાસન. જેઠાભાઈ! ભારે વાતું પણ. ક્યાંય અહીંયાં બહારથી પત્તો ખાય એમ ન મળે. સમજાણું કાંઈ? કહે છે કે વાણી સામું ધ્યાન રાખે તોપણ સમજાય એવું નથી એમ કહે છે અહીં તો. આહા..હા..!

મુમુક્ષુ :- ભાવશ્રુત પર્યાય..

ઉત્તર :- ભાવશ્રુત કહે છેને. જે જ્ઞાનનો ઉપયોગ દ્રવ્યને પકડીને આનંદનું વેદન કરે એ ભાવશ્રુત જ્ઞાન. આહા..હા..!

મુમુક્ષુ :- સાબિતી

ઉત્તર :- સાબિત છેને. એની મહોરછાપ છે. આનંદના વેદનની અનુભવમાં મહોરછાપ છે. આહા..હા..! અહીં તો .. થી વાત કરવી છેને. તો જ્ઞાન થયું તો એમાં અનંતગુણની પર્યાય, ભાવશ્રુત જ્ઞાન જ્યાં થયું સમ્યગ્જ્ઞાન, પોતાના શુદ્ધ ઉપયોગથી આત્માને પકડ્યો તો એમાં અનંતગુણની પર્યાય વ્યક્ત અંશરૂપે સર્વ ગુણની પર્યાય વેદનમાં આવી ગઈ. સમજાણું કાંઈ? કહે છે કે કર્મનો સંબંધ.. હવે અહીંયાં ગોમ્મટશારના કેટલા લખાણ. એટલી પ્રકૃતિ, આટલા ઉદય અને આટલી સત્તા અને આટલું સંક્રમણ અને આટલું વિસંયોગ. દશ-દશ બોલ આવે છેને ગોમ્મટશારમાં કર્મના. .. આવે છેને એ બંધકર્મ, ઉદયકર્મ આવે છે. આહા..હા..! અહીં તો કહે છે કે છે જ નહિ સાંભળને. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ જ માર્ગ છે. ભગવાન કહે છે ભાઈ! એ અહીં જ્ઞેયપ્રજ્ઞાપન છેને. તો આત્માનું જ્ઞેય એવું છે. બીજી રીતે આત્માને માને, રાગસહિત, કર્મસહિત એણે આત્માને જાણ્યો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન છે જ નહિ. રાગસહિત અને સંસારસહિત, સંસાર એટલે ઉદયભાવ. કર્મસહિત એવી માન્યતા છે. દ્રવ્યદૃષ્ટિને છોડીને એ દૃષ્ટિ થાય, પછી થોડો સંબંધ છે એનું જ્ઞાન કરે. એ તો જ્ઞાન આવે, એનું નવું જ્ઞાન કરવું પડતું નથી. અબદ્ધસ્પૃષ્ટ ભગવાન આત્મા છે એવું જ્ઞાન થયું, એમાં એ પ્રશ્ન ઉઠ્યો બહુ ઉઠ્યો. દશની સાલમાં. એ જુગલકિશોર હતાને? દિલ્હી. ... એણે બહુ વિરોધ કર્યો હતો. ૧૫મી ગાથામાં ત્રણ બોલ છે અને પાંચ બોલ ક્યાંથી કાઢ્યા? અને આ બધું બદ્ધસ્પૃષ્ટ ક્યાં ગયું? બદ્ધસ્પૃષ્ટ ગયું બદ્ધસ્પૃષ્ટમાં. બહુ લખાણ કર્યું હતું ઘણું લખાણ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ઘણું લખ્યું છે. દશની સાલમાં. પહેલું લખાણ અમે લાઠી હતાને ત્યાં આવ્યું હતું. બે દિ' લાઠી રહ્યા હતા ત્યાં. કંસારાના મકાનમાં. કંસારાનું મકાન હતુંને? જમનાદાસની સામે. કંસારાના મકાનમાં આવ્યું હતું. આ ઠીક. છેક સુધી રાખ્યું હતું એણે તો. મારો વિરોધ છેક છે ૧૫મી ગાથાનો. જૈનશાસન આવો? કર્મનો સંબંધ છે, રાગ છે, આગ છે એ જૈનશાસન નથી? અરે..! જૈનશાસન વીતરાગી પર્યાય. ભાવશ્રુતજ્ઞાન, સમ્યગ્દર્શન અને સ્વરૂપની આચરણરૂપી સ્થિરતા એ ત્રણેને જૈનશાસન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।**' અવિશેષણ. ગુણ-ભેદ પણ નથી. ગુણીનો ગુણ આ છે એવો ભેદ પણ નથી. એવો આત્માને જોવો એ યથાર્થ જ્ઞેય છે. અને કર્મના સંબંધે એમાં જે હરખ-શોકનો, કષાયનો ભાવ ઉત્પન્ન થાય છે એનાથી રહિત છે, અસંયુક્ત છે. અસંયુક્ત છે, સંયુક્ત નથી. આ જુઓને એ પણ આવ્યું લ્યો! એ ૧૪મી ગાથા ભાઈ! પુરુષાર્થસિદ્ધિ ઉપાય. અસમાહિત. શબ્દ ફેર છે. અંસતૃપ્ત છે, અબદ્ધ છે, અસમાહિત છે બધું એક જ છે. અહીં જુઓ પાઠમાં એમ છે. ... એમ. .. કેમકે દ્રવ્યકર્મ ... આહા..હા..! અસંપ્રત કહો, અસંયુક્ત કહો, અબદ્ધ કહો, અસમાહિત કહો. સમજાણું કાંઈ? એ બધા અમૃતચંદ્રાચાર્યના શબ્દો છે. .. અસમાહિતો, અબદ્ધસ્પૃષ્ટ. અમૃતચંદ્રાચાર્યમાં અબદ્ધસ્પૃષ્ટ મૂળ શ્લોકમાં છે. આહા..હા..! બધી .. વાત કહે છે. વિશેષમાં આવી ગયું જૈનશાસન? તો આ બધી પર્યાયની હીનતા અને રાગ અને કર્મ કેટલા કર્મની વાતું જૈનશાસનમાં જ હોય બીજે ક્યાંય હોય નહિ. એ પણ એ જૈનશાસનનો અર્થ? એ કર્મસંબંધીનું જ્ઞાન પોતામાં આવ્યું. બસ. એ પોતાનું જ્ઞાન છે. કર્મ નહિ, વ્યવહાર નહિ, પ્રકૃતિ-ફકૃતિ સત્તા એમાં નથી.

સમ્યગ્દર્શનનો વિષય અબદ્ધસ્પૃષ્ટ આત્મા છે. સમજાણું? આ તો મૂળ પહેલી વાત છે. જુઓ, '**લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...**' પૌદ્‌ગલિક કર્મ એની પાસે જ નથી એમ કહે છે. ગ્રહણ નથી એટલે પાસે નથી. ગ્રહણ જ કર્યું નથી તો ક્યાંથી હોય? '**તે અલિંગગ્રહણ છે;...**' આહા..હા..! કર્મના સંપ્રત સંબંધથી રહિત જીવ આત્માને જોવો એ આત્માનું સ્વરૂપ એવું છે. એવું પ્રતીત અને અનુભવમાં લેવું એનું નામ આત્માનું યથાર્થપણું જ્ઞેયનું જ્ઞાન કહેવામાં આવે છે. એનાથી વિપરીત કાંઈપણ બીજું કહે તો વિપરીત થઈ જશે. સમજાણું કાંઈ? પણ આ બધું આટલું સંબંધ! ઓહો..હો..! ૧૪૮ પ્રકૃતિ. એક-એક પ્રકૃતિમાં અનંત-અનંત પરમાણુના એક સ્કંધ એવા અનંતા સ્કંધ. અને એમાં રસ પડે, સ્વભાવ પડે, સ્થિતિ પડે, પરમાણુની સંખ્યા હોય. પ્રદેશ, સ્વભાવ, સ્થિતિ અને રસ ચાર હોય. અહીં..

તત્ત્વાર્થસૂત્રમાં .. લ્યો આવે છે કે નહિ? તત્ત્વાર્થસૂત્રમાં આવે છે કે નહિ? કર્મના વિપાકનો અનુભવ કરે તે જીવ. અહીં તો કહે છે.. અરે..! ભગવાન! જુઓ તો ખરા. એ પછી લેશા. એના પછી લેશે. ૧૨માં બોલમાં લેશે એ ભોક્તા નથી. એક પછી વાત ક્રમસર આખી તત્ત્વદૃષ્ટિનો વિષય આખો એક બોલમાં, ૨૦ બોલમાં સમાડી દીધો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૨૦ બોલ આવે છેને ગોમ્મટશારમાં નહિ? ગોમ્મટશાર ૨૦ બોલ નહિ? બોલ આવે છે. ૨૦ સ્વરૂપના એ વ્યવહારથી છે. આ ૨૦ નિશ્ચયથી છે. ૨૦ પ્રરૂપણા આવે છેને? સમયસારમાં. એ બધી વ્યવહારની વાત છે. સમજાણું કાંઈ? આ નિશ્ચયના ૨૦ બોલ છે. આહા..હા..! બહુ જ ટૂંકામાં, બહુ જ સંક્ષેપમાં આખો સાર જૈનશાસનનો.

**'પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...'** આ કર્મ ગ્રહવામાં નિમિત્ત પડે છેને? યોગ નથી તો વિયોગ જ આત્મામાં નથી પછી પ્રશ્ન શું? એ કહે છે. આહા..હા..! યોગ અને કષાય તો મલિનભાવ છે, વિકૃતભાવ છે, વિકૃત વિનાનો આત્માનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું તો છે, ભાઈ! પણ તત્ત્વ તો એ છે. અંતર આત્મા અવલોકનમાં એવા બદ્ધસ્પૃષ્ટ રહિત અવલોકનમાં આવે ત્યારે એ જ્ઞેયને આત્મા જેવો છે એવો એમાં જ્ઞાન અને જ્ઞેય બનાવ્યું. એનાથી વિરુદ્ધ કાંઈપણ કરે તો મિથ્યાદર્શન છે. સમજાણું કાંઈ? આખા ગોમ્મટશાર, કર્મસ્થિતિ ને આમ ને તેમ. બધું ઉડાડી દે. જુઓ, જ્ઞાન આત્મા અબદ્ધસ્પૃષ્ટનું ભાન થયું તો એ જ્ઞાનની પર્યાય એવી સ્વપરપ્રકાશક જાગી છે કે એમાં જરીક સંબંધ છે. સમજાણું? એનું જ્ઞાન. એ સંબંધીનું જ્ઞાન પોતામાં પોતાથી થયું છે. ફતેહચંદજી! લ્યો આવા ને આવા. હવે વાંચતા સમજ્યા ન હોયને પછી દીધે રાખે. જાવ પ્રતિષ્ઠા કરો, તમને ધર્મ થશે. આ એક .. છે. .. ચાલે. પદ્ધતિ છે. .. છેને દિલ્હી? ... વાળા પંડિત બોલતા હતા. કોણ? એ ત્યાં હતાને. ... ત્યાં પહેલા અમારું નામ લખી નાખ્યું હતું. આપણે તો અહીંયાં મહોત્સવ થાય છે, પણ કાનજીસ્વામી અહીં આવે છે તો આપણે તો .. થઈ ગયું. .. થયું એવું લખ્યું હતું. મને તો કાંઈ કહ્યું નહોતું. પણ એણે લખી નાખ્યું હતું. પછી હું ગયો તો પહેલા ... ત્યાં ગયા હતા. શિખરચંદજી... એમ કરતા હતા. વિદ્યાનંદજી ઉભા હતા. વિદ્યાનંદજી નહિ? .. એ જિનેન્દ્રવર્ણી. સ્થાનકવાસી. અમે ગયા. સાંભળ્યું પણ કાંઈ ઠેકાણા ન મળે. શું વ્યવહાર અને શું ચીજ છે? એ તો ..માં છેને? કાલે કહ્યુંને? .. થઈ ગયાને? આહા..હા..! અરે..! ભગવાન શું કરે છે?

એ વખતે તો માણસ બધા બેઠા હતાને. ખબર છેને. શેઠિયા આવ્યા હતા અને જિનેન્દ્રવર્ણી હતા. સમજાણું? વિદ્યાનંદજી હતા. એણે પણ કહ્યું. ... અમારે સાંભળવું છે. વિદ્યાનંદજી આવ્યા. જિનેન્દ્રવર્ણી પણ હતા. .. એ તો બિચારા પગે લાગ્યા જિનેન્દ્રવર્ણી. ઉભા હતા. પછી ... એમાં એ વિદ્યાનંદજી કહે સ્વસમય ચૌદમા ગુણસ્થાન સુધી નથી. સ્વસમય સિદ્ધમાં છે. ત્યાં સુધી... આવી વાત કરવી, અરે..! ભગવાન! શું કરે છે? સમજાણું કાંઈ? અહીં તો કહે છે કર્મનો સંબંધ બિલકુલ નથી એવા આત્માને જાણવો તે સ્વસમય છે. અહીંથી સ્વસમય. આહા..હા..! સમજાણું કાંઈ? આમ કહ્યું. શું કરે પણ દુનિયા એવી.. પછી વ્યાખ્યાનમાં પણ એ કહ્યું સિદ્ધમાં સ્વસમય છે. ચૌદમા ગુણસ્થાન સુધી પરસમય છે. એ સમયે જિનેન્દ્રવર્ણીને કહ્યું શું કહે છે આ? એ કોઈ અપેક્ષાએ કહે. લ્યો કોઈ અપેક્ષાએ? અરે..! ભગવાન! ભાઈ કેવા? કેલાસચંદજી હતા. સરસ વ્યાખ્યાન. લ્યો એણે વખાણ કર્યા એવી ચીજના.

અહીં તો કહે છે કે ચોથે ગુણસ્થાને સ્વસમય આત્મા હોય છે આ જ્ઞેય આત્મા. સ્વસમય નામ આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે એવું દૃષ્ટિમાં આવ્યું, એવા જ્ઞાનને અહીંયાં એ આત્મા સ્વસમય કહેવામાં આવ્યો. આહા..હા..! અરે..! શું થાય? લોકોને આ વાત એવી લાગે કે આવી વાત

તો તેરમે હશે, ચૌદમે હશે, આવી આઠમે હશે. અહીં તો હજી પહેલા એકડામાં આ છે.

મુમુક્ષુ :- .. સિદ્ધમાં છે.

ઉત્તર :- સિદ્ધમાં છેને કીધું છેને. સિદ્ધમાં છે. એ આવે છે ખરું. એ કહ્યું હતું. રયણસારમાં. અંતરાત્મા અને બહિરાત્માને પરસમય કહ્યો છે. એ તો પૂર્ણ નથી. તેરમે પૂર્ણ શુદ્ધ થઈ જાય છે એમ. કેવળજ્ઞાનમાં જેમ પંચાસ્તિકાયમાં જ્ઞાનચેતના કેવળજ્ઞાનીને જ કહી. નીચે નથી કહી. સમજાણું? એથી કાંઈ નીચે નથી? એમ ત્યાં રયણસારમાં તેરમે ગુણસ્થાને સ્વસમય કહ્યો છે. સમજાણું? તેરમેં. પૂર્ણ થઈ ગયોને એટલે. જરી થોડું બાકી છે એટલે એને પરસમયમાં નાખ્યો છે બારમા ગુણસ્થાન સુધી. અહીં તો કહે છે કે એ તો જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? અહીં તો એકલો સ્વસમય બદ્ધસ્પૃષ્ટથી રહિત જોવું એનું નામ સ્વસમય છે. આહા..હા..! પછી જ્ઞાન થયું એમાં થોડી અશુદ્ધતા બાકી છે એ અપૂર્ણતા જ્ઞાન-દર્શન-વીર્ય એને જાણે છે બસ એટલું. આહા..હા..! અરે..! ક્યાં આખું તત્ત્વ દૃષ્ટિમાં એટલો મોટો ફેર પડી ગયો.

મુમુક્ષુ :- એટલે તો ..

ઉત્તર :- એટલે ભૂલ થાય છે કે સમજવાની કચાશ માટે ભૂલ થાય છે? એ ચર્ચા થઈ હતી ત્યાં આપણે કોટા-કોટા. જુગલકિશોર. .. જુગલકિશોર તો ભાઈ સ્વસમય ચોથાથી થાય છે એને કહે છે. છઠ્ઠે વિશેષ થાય છે. ત્યાંથી લઈને આવ્યા. ત્રીજી ગાથામાં લીધુંને? '**जीवो चरित्तदंसणणाणठिदो**' એ સુરસાગર.. ફુલચંદજીને હતાને ત્યાં. છોડી દીધું. જુગલકિશોરે ચારની ચર્ચા કરી. આ ચર્ચાનો વિષય નથી. આ તો ભગવાન આત્મા પરમાત્માનું સ્વરૂપ જ એનો દ્રવ્યસ્વભાવ છે. એવો પરમસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ એની અંતરમાં જ્ઞાનની પર્યાયથી, શુદ્ધભાવથી લક્ષમાં લેવું એનું નામ સ્વસમય, અબદ્ધસ્પૃષ્ટ, કર્મના સંબંધરહિત અને જૈનશાસન કહેવામાં આવે છે. તો જૈનશાસન ચોથેથી છે. તો મુનિ છઠ્ઠેથી વાત કરે છે. સમજાણું કાંઈ? છઠ્ઠેથી જૈનશાસન છે ચોથેથી. તો શું જૈનશાસન આઠમેથી, બારમા, તેરમાંથી છે? એનું કેવળજ્ઞાન પૂર્ણ થઈ ગયું. સમજાણું કાંઈ? કેટલી વાત કરે છે જુઓ અમૃતચંદ્રાચાર્ય. આહા..હા..!

'**તે અલિંગગ્રહણ છે;...**' આ અલિંગગ્રહણ છે. છેને? તે. જેમાં પુદ્‌ગલનું ગ્રહણ નથી એવો જે આત્મા એનું નામ અલિંગગ્રહણ આત્માને કહેવામાં આવે છે. '**આ રીતે આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત (અસંબંધ) છે...**' લ્યો! અસંયુક્તનો અર્થ કર્યો અમારે પંડિતજીએ. અસંબંધ છે. દ્રવ્યકર્મથી આત્માનો સંબંધ છે જ નહિ. એને આત્મા કહે છે. આહા..હા..! ચૈતન્યદ્રવ્ય સ્વભાવ, મુક્તસ્વભાવ, એ તો મુક્તસ્વભાવ છે. મુક્તસ્વભાવનો ભાવબંધ નથી અને દ્રવ્યબંધનું નિમિત્ત પણ એમાં નથી. અબદ્ધ કહો કે મુક્તસ્વભાવ કહો. વસ્તુ હોં વસ્તુ. પરમાનંદની મૂર્તિ ધ્રુવ અખંડ આનંદનો કંદ, રસકંદ આત્મા. મુક્તસ્વરૂપ જ છે. બદ્ધસ્પૃષ્ટ નથી. અબદ્ધસ્પૃષ્ટ તો અહીંથી રહિત કહેવા અબદ્ધસ્પૃષ્ટ કહ્યું છે. અબદ્ધ છે એનો અર્થ મુક્ત

છે. સમજાણું કાંઈ? કહો, વજુભાઈ! 'આ રીતે **આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત** (અસંબંધ) છે...' ઓલા કહે છે આટલા-આટલા દ્રવ્યકર્મ છે, સત્તા છે અને કર્મની ચોથા ગુણસ્થાને આટલી સત્તા, પાંચમે આટલો ઉદય.

મુમુક્ષુ :- ચૌદમા ગુણસ્થાન સુધી ...

ઉત્તર :- ચૌદમા ગુણસ્થાન સુધી ચાર કર્મનો ઉદય. ત્યાં સુધી અસિદ્ધભાવ છે, ઉદયભાવ ત્યાં સુધી છે. અહીં કહે છે કે ના, ના ઉદયભાવ આત્મામાં નથી. પરમપારિણામિક સ્વભાવભાવ દૃષ્ટિમાં લેવાથી એ ભાવ એમાં છે નહિ. એ તો થોડું જ્ઞાન કરાવવા માટે એ ચીજ પર્યાયમાં લીધી છે. સમજાણું કાંઈ? જુઓ,

મુમુક્ષુ :- પર્યાયમાં ભેદ બતાવ્યો...

ઉત્તર :- છેને. એ બતાવ્યો છે, પણ વસ્તુદૃષ્ટિમાં અને વસ્તુમાં નથી. વસ્તુદૃષ્ટિના વિષયમાં અને વસ્તુમાં નથી. હા, જ્ઞાન કરાવે છે. પર્યાયમાં અશુદ્ધપણું ચૌદમા સુધી પણ છે. એ પર્યાય અને એ પર્યાયનું જ્ઞાન કરાવ્યું. એ જ્ઞાન નવું નથી કરવું. અહીંયાં પોતાનું અબદ્ધસ્પૃષ્ટનું જ્ઞાન થયું તો એ જ્ઞાનની પર્યાયમાં એવી પર્યાય ઉત્પન્ન થાય છે કે એને પણ જાણે અને બાકી છે એને પણ જાણે, બસ. સમજાણું કાંઈ? આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે હોં અલિંગ્રહણમાં. કેમકે આત્મા એવો જ્ઞેય છે. તો એવો આત્મા જ્ઞેય, પ્રતીત, અનુભવમાં આવવો એનું નામ અલિંગગ્રહણ કહેવામાં આવે છે. આહા..હા..! એ ૧૧ બોલ થયા.

૧૨મો. '**જેને લિંગો દ્વારા...**' જેને લિંગો દ્વારા '**એટલે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી...**' ભોક્તા લે છે. એ રાગનો કર્તા છોડી દીધો તો કર્મનું ગ્રહણ નથી શુદ્ધોપયોગમાં. સમજાણું કાંઈ? હવે આત્મા વસ્તુ એને કહીએ કે રાગ ઇન્દ્રિયના વિષયને ભોગવે તે આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... તો આત્મા જ હોયને.

ઉત્તર :- આત્મા નથી. અતીન્દ્રિય ભોક્તા આત્મા નથી. પરનો ભોક્તા આત્મામાં છે જ નહિ. પોતાના આનંદનો ભોક્તા તે આત્મા છે. સમજાણું કાંઈ? ... રાગનો અનુભવ, વિષયોનો અનુભવ એ તો દ્રવ્યસ્વભાવ છે. આત્માનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? સત્યાર્થમાં તો એક જ વાતની મુખ્યતા રહે છેને. એ વાત ગૌણ કરીને નથી એમ કહી દીધું. વ્યવહારનયનો વિષય એ નથી. ગૌણ કરી અભૂતાર્થ કહીને એમાં નથી એમ કહ્યું છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ... પર્યાય.

ઉત્તર :- કોઈની નથી. આત્મા નથી. એ તો જડની છે. એવી વાત છે. વ્યવહારનયના વિષયને જડ જ કહે છે. રાગ વિકલ્પ ગતિ તો.. અહીં તો બધો ઉદયભાવ આત્મામાં નથી. ઝીણી વાત છે, ભાઈ! નિશ્ચય નામ સત્ય અને વ્યવહારના ઉપચારથી કથન હોય એને જાણે ખરે નિમિત્તાધીન અધિકાર છે. પણ એ ચીજ નથી. ભગવાન આત્મા ગતિના જીવને તો

વ્યવહાર જીવ કહે છે. ગતિવાળા જીવને વ્યવહાર જીવ કહે છે.

મુમુક્ષુ :- સાચો જીવ નથી એ?

ઉત્તર :- નહિ. જયસેનાચાર્યની ટીકામાં છે, ભાઈ! જયસેનાચાર્યની ટીકામાં. વ્યવહારનયથી જે ગતિ આદિ છે એ તો વ્યવહારનયનો જીવ છે. નિશ્ચયનયનો સત્ જીવ છે, અસત્ જીવ જૂઠો જીવ છે. લે! જીવમાં પણ જૂઠું અને જીવમાં પણ સાચું. એ તો અગિયારમી ગાથામાં આવ્યું એની વાત છે. '**વવહારોऽભૂદત્થો**' વ્યવહાર જેટલી પર્યાય આદિ છે એ જૂઠી છે. એમાં સ્પષ્ટિકરણ છે. સ્પષ્ટિકરણ રાજમલજી બહુ કરે છે. જૂઠો-જૂઠો. ફુલચંદજી ત્યારે કહે આ જૂઠું શું કહે છે? જૂઠું નામ સત્યની અપેક્ષાએ જૂઠું. સમજાણું કાંઈ? ત્રિકાળ જ્ઞાયક ભગવાન અબદ્ધસ્પૃષ્ટ અને રાગાદિ પંચેન્દ્રિયના વિષય સંબંધીનો ભોક્તા આત્મા નથી. કેમકે ભોગવવું એ તો રાગ છે. અથવા દુઃખ છે. સમજાણું? તો શું દુઃખ એનો સ્વભાવ છે તો ભોગવે? શોભાલાલજી! આત્મા એવો છે, બહુ આકરો. આહા..હા..!

સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદની મૂર્તિ. અહીંયાં તો પાંચ ઇન્દ્રિયનો ભોક્તા નથી એમ કહ્યું નાસ્તિથી. અસ્તિથી કહો તો અતીન્દ્રિય સ્વરૂપ છે. તો અતીન્દ્રિય આનંદનો ભોક્તા એ આત્મા છે. સમજાણું કાંઈ? આહા..હા..! દ્રવ્ય અતીન્દ્રિય, ગુણ અતીન્દ્રિય અને પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું, શાંતિનું, વીતરાગ પર્યાયનું વેદન એ આત્માની પર્યાય છે. સમજાણું કાંઈ? એ તો આસ્રવ તત્ત્વમાં ગયું. ભોક્તાની પર્યાય તો આસ્રવતત્ત્વમાં ગઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્ષાયિક પર્યાય પણ ત્રિકાળ તત્ત્વ નથી. ક્ષાયિક પર્યાય પણ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આત્મા તો વ્યવહારનયથી કહ્યો. દ્રવ્યદૃષ્ટિથી છે નહિ. કહ્યુંને. તત્ત્વાર્થસૂત્રમાં ઉદયભાવ જીવ તત્ત્વ કહ્યું. તત્ત્વાર્થસૂત્રમાં. ઉદયભાવ પાંચેય ભાવને જીવતત્ત્વ કહ્યો. એ વ્યવહારનયથી કહ્યું. અહીંતો એકલું જીવતત્ત્વ પરમપારિણામિક સ્વભાવભાવની દૃષ્ટિ કરવાથી એકલા પરમપારિણામિક સ્વભાવનો અનુભવ એ આત્મા. સમજાણું કાંઈ? રાગનું વેદન એ તો દુઃખરૂપ, આસ્રવ, ભાવબંધરૂપ ભાવ, ભાવબંધરૂપ એ ભાવ. એ અબંધસ્વભાવી ભગવાન. એ કહ્યા પછી તો આ કહ્યું. અસંયુક્ત કહ્યુંને પહેલા ૧૧મીમાં? પછી આ કહ્યું. જ્યાં કર્મનો સંબંધ અને કર્મનું ગ્રહણ છે નહિ એવો આત્મા. એ પછી ઉદયભાવ એમાં નથી એવો આત્મા. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? એય..! અમરચંદજી! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે જ નહિ નિશ્ચયમાં. નિશ્ચયમાં વ્યવહારનું અસ્તિત્વ નથી. વ્યવહારનું અસ્તિત્વ વ્યવહારમાં રહ્યું. બે અસ્તિત્વ થઈ જાય તો બે એક થઈ જાય. સમજાણું કાંઈ? ભાઈનો તો પ્રશ્ન એ હતો કે ક્ષાયિકભાવ? ક્ષાયિકભાવ પર્યાય છે. એ વ્યવહારનયનો વિષય છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર...

ઉત્તર :- સમ્યગ્જ્ઞાનની નહિ. ભાવશ્રુતજ્ઞાન પર્યાય એ જ વ્યવહારનો વિષય છે. આહા..હા..! કેવળજ્ઞાન વ્યવહારનયનો વિષય છે. કેવળજ્ઞાન અંશ છેને? કેવળજ્ઞાન અંશ છેને? અંશી ક્યાં છે? અંશ છે એ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? પર્યાય અંશ છે, વસ્તુ અંશી છે. આહા..! વીરજીભાઈ કહેતા હતા એકવાર કેવળજ્ઞાનને જ્યાં ઠરાવ્યું. વ્યવહારનયનો વિષય નથી ત્યાં .. ઉઠતી હતી. વીરજીભાઈ હતાને વીરજીભાઈ? વૃદ્ધ. ૯૨ વર્ષ. ગુજરી ગયા. એને વાંચન બહુ. પાઠશાળામાં દિગંબરનું વાંચન પહેલું એને-વીરજીભાઈને. બુદ્ધિ સાધારણ એટલે બહુ આગળ વધી ગયેલા નહિ, પણ વાંચન તો.. કહો, સમજાય છે કાંઈ? એ કહેતા હતા પહેલા એકવાર આમ જ્યાં કેવળજ્ઞાન વ્યવહાર. ...અંશ છે. વ્યવહાર છે.

દ્રવ્યદષ્ટિની દ્રવ્યાર્થિક ભૂતાર્થનયની અપેક્ષાએ એ અભૂતાર્થ છે. અરે..! એવી વાત છે, ભાઈ! વસ્તુ ભૂતાર્થ ત્રિકાળ આનંદકંદની અપેક્ષાએ જૂઠી છે. બીજી અપેક્ષા હોય, પણ ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ કહો, અભૂતાર્થ કહો, અસત્ય કહો કે .. કહો. ગજબ વાત છે, બાપુ! જૈનશાસનનો નિશ્ચય-વ્યવહાર સમજવો એ આખું માખણ છે વીતરાગનું. સમજાણું કાંઈ? વસ્તુ એવી છે એ કોઈ કલ્પનાનો વિષય નથી. અહીંયાં કહે છે કે **'લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ...'** નથી. ગ્રહણ નથીનો અર્થ? ઇન્દ્રિય દ્વારા વિષય ભોગવતો જ નથી. અતીન્દ્રિય સ્વરૂપ ઇન્દ્રિય દ્વારા ક્યાંથી ભોગવે? આહા..હા..! સમજાણું કાંઈ? ખંડ ઇન્દ્રિયને દ્રવ્ય અડતું જ નથી. આ જડની ઇન્દ્રિયનું તો શું કહેવું? ભાવ ઇન્દ્રિય છેને ખંડ-ખંડ? એ દ્રવ્ય વસ્તુ અને દ્રવ્ય દૃષ્ટિ એ તો એને અડતી પણ નથી. આહા..હા..! કોઈને એમ લાગે કે આ તો વિષય કેનો? આહા..હા..! સમકિતીને છન્નું હજાર સ્ત્રી હોય, છ ખંડના રાજ હોય. તો ભોગવે છે કેટલું? અને એનું જોયું ભોગવવાનું? ૩૬૦ તો રસોયા હોય મોટા. અમલદાર હોં. રસોયા રાંધનારા નહિ. રાંધનારા રસોયા જુદા. .. એટલે મોટા શું કહેવાય ઈ? મોટા છે એટલે ફક્ત ૩૬૦ દિ'માં એક દિવસ રસોઈ કઈ કરવી? એવો બાર મહિના એનો વિચાર કરીને સંગ્રહ કરે. ત્યારે એ અમલદાર એક દિવસ રસોયાને હુકમ કરે કે આજે આવી રસોઈ બનાવવી. બાર મહિના સુધી હેડમાસ્તર મોટો. કહો, પોપટભાઈ!

મુમુક્ષુ :- અહીંની રિદ્ધિ-સિદ્ધિ તો બધી પાણીમાં વઈ ગઈ.

ઉત્તર :- ધૂળમાંય ગઈ નહિ. ક્યાં હતી એની આત્મામાં? સમજાણું કાંઈ? જેના ૩૨ કોળનો એક કોળ છન્નું કરોડ પાયદળ પચવી શકે નહિ. એક કવળ જેને છન્નું કરોડ પાયદળ પચવી શકે નહિ. કહે છે કે એ કવળ ખાતા નથી અને કવળનો અનુભવ કરતા નથી.

મુમુક્ષુ :- .. ખાધું અને પાછું...

ઉત્તર :- એવી વાત છે. ન કહ્યું? હિન્દીમાં નથી આવ્યું? શું ભાષા છે?

મુમુક્ષુ :- એકકોર કહે કે ભોક્તા નથી અને એકકોર કહે કે...

ઉત્તર :- એકકોર એમ કહ્યું કે એના જે છેને મોટા અમલદાર. ૩૬૦ દિવસમાં એક એનો મોટો અમલદાર છે. તો ૩૬૦ દિવસ બધી રસોઈની તૈયારી કરવામાં ધ્યાન રાખે. કે આ ગાયનું, સો ગાયનું દૂધ, દશ ગાયનું હજારનું દૂધ સો ગાયને પાવું અને ગાય કેવી? ગાય કેવી? કે જે શેરડી. શેરડી છેને શેરડી? એ શેરડી ખાય હજાર ગાય. અને હજાર ગાયમાંથી જે ગાય દૂધ આવે એ સો ગાયને પાય. અને સો ગાયનું દશ ગાયને પાય અને દશ ગાયનું દૂધ આવે એની ખીર બનાવે. અહીં તો પાણી જેવા દૂધ અહીં તો.

મુમુક્ષુ :- પાણી ઝાઝુ અને દૂધ થોડું.

ઉત્તર :- હા, એવું દૂધ અને એમાં સાકર. એમાં સોનાની ભસ્મ, હીરાની ભસ્મ. કરોડો, અબજોનો એક હીરો હોય એની ભસ્મ કરીને ખીરમાં નાખે. સમજાણું કાંઈ? એવી બનાવવાની ભાવના ૩૬૦ દિવસ... એમ કહે છે અહીંયાં. ફતેહચંદજી! આ તો થોડી-થોડી વાત કરીએ છીએ હોં. શાસ્ત્રમાં તો બહુ ચાલે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ... નહિ... નહિ... એ તો વાત કરે છે. એ વાસુદેવનું સાંભળ્યું નથી? વાસુદેવનું સાંભળ્યું નથી? સિંહકેસરિયા લાડુ. એ પ્રહલાદને? પ્રદ્યુમન. પ્રહલાદ તો અન્યમતિમાં હોય છે. પ્રદ્યુમન ગયા ક્ષુલ્લક વેષ લઈને શરીર જીર્ણ. સમજાણું? માતા જ્યાં ખાવા બેઠે. સિંહકેસરીના લાડુ.. કોઈ ખાઈ શકે નહિ. નાખ્યા તો ખાઈ ગયા. આ શું? શરીર જીર્ણ, ક્ષુલ્લક વેશ છે. આ કોણ? આ અમારા કૃષ્ણ-વાસુદેવના લાડુ સિંહકેસરિયા ખલાસ થઈ ગયા એમાંથી ... કબાટમાં હતા એ ખલાસ કરી નાખ્યા. આ કોણ છે? વેશ પલટ્યો. પછી માતા હું પ્રદ્યુમન છું. પ્રદ્યુમન હું છું, માતા! હું એવી પરીક્ષા કરવા માટે આવ્યો. .. આવ્યા હતા પહેલા. માતા! .. સોળ વર્ષે આવ્યાને સોળ વર્ષે? પણ કહે છે કે એ સિંહકેસરિયા લાડુ સમકિતી ખાતા જ નથી. એ તો જડ છે.

મુમુક્ષુ :- પણ મિથ્યાદૃષ્ટિ તો ખાયને?

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ ખાઈ શકતો નથી. મિથ્યાદૃષ્ટિ એ સમયનો રાગ કરે છે તો રાગને ખાય છે. જ્ઞાની રાગને ખાતા નથી અને અનુભવ કરતા નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ? સિંહકેસરિયા શું? મિથ્યાદૃષ્ટિ હતો એ બ્રહ્મદત્ત ચક્રવર્તી. એને પણ આહાર તો એવો હતો. એ તો જડ છે. જડને આત્મા ખાય છે? જડને અડે છે? અડતો નથી તો ખાય ક્યાંથી? એના તરફ લક્ષ કરીને પ્રીતિ-પ્રેમના રાગને ખાય છે. એ આત્મા નથી, અણાત્મા છે. આહા..હા..! એ રાગનો અનુભવ કરે એ આત્મા નથી. આહા..હા..! ગજબ વાત કેટલી! વાત કેટલી કરે છે. એ સમ્યગ્દૃષ્ટિ નથી એમ કહે છે. એય..! ભારે વાત ભાઈ! રાગનું વેદન કરે એ સમ્યગ્દૃષ્ટિ નથી. કેમકે સમ્યગ્દૃષ્ટિનો આત્મા દ્રવ્યસ્વભાવ છે એના ઉપર દૃષ્ટિ છે. અને એને તો દ્રવ્યસ્વભાવના જ્ઞાનનું આનંદનું વેદન છે. એ રાગનું વેદન જ્ઞાનીને છે નહિ. આહા..હા..! એય..! શેઠ! એવી

વાત છે. જબલપુરમાં...

મુમુક્ષુ :- જબલપુરમાં બીજો રંગ ચડી ગયો છે.

ઉત્તર :- બીજો રંગ ચડી ગયો છે. એ ત્યાં ચાલે છે. ફુલચંદજીને એ છેને. આ.. આ સમજે. ભગવાન! આ જ કરવાનું છે. બીજું શું? લોકોને અવલદોમ લાગને. અરેરે..! આ શું? અધ્યાત્મદૃષ્ટિમાં એક જ અનુભવ કરે છે. બીજાનો અનુભવ છે એને જ્ઞાનનો વિષય .. ત્યારે લે. સમજાણું? દ્રવ્યદૃષ્ટિનો એકલો વિષય અને અહીં તો કહે પાંચ ઇન્દ્રિય સંબંધી ભોક્તા જ આત્મા નથી. જુઓને. સમજાણું કાંઈ? કેમકે એ તો રાગ છે. વીતરાગી આત્મા ભગવાન ચિદાનંદ અનાકુળ આનંદસ્વરૂપ એ અનુભવમાં આવ્યો, દૃષ્ટિનો વિષય અનુભવમાં આવ્યો અને જ્ઞાને એને જ્ઞેય બનાવ્યું તો પર્યાયમાં નિર્મળતા આનંદ થઈ એ આનંદનું વેદન છે સમકિતીને. આહા..હા..! કહો, શેઠ! શેઠી! આહા..! ... દીકરા શેઠીયાનું ધ્યાન રાખે બહુ. આવું ખાવું, આ પીવું પિતાજી સાહેબ માટે આ લો ને આ લો ને સવાર ને સાંજ. મહેન્દ્રભાઈ.

મુમુક્ષુ :- હુશિયારી કામ કરેને.

ઉત્તર :- ધૂળેય હુશિયારી કામ કરે નહિ. એ હુશિયારી જ નથી. સ્થૂળ જ્ઞાન પરમાં જોડાય અને પરનું જ્ઞાન કરે એમ માને એ જ્ઞાન પણ નથી, એ તો અજ્ઞાન છે. સમજાણું કાંઈ? રાગ મારું કાર્ય છે એમ માને એ અજ્ઞાન છે, તો પછી આ પરના કાર્યની તો વાત જ નથી. બાપુ! માર્ગ તો એવી ચીજ છે. અંતરમાં નક્કી કરવું પડશે. જેને હીત કરવું હોય તો. બાકી તો સંસાર ચાલે છે. હીત કરવું હોય તો. બાકી સમુદાયની સાથે .. અરે..! સમુદાય નહિ સહન કરી શકે. હવે? કે સમુદાય માનો કે ન માનો, વસ્તુનું સ્વરૂપ એવું છે. સમાજને રાજી રાખીને વીતરાગનો માર્ગ રહેશે એમ છે નહિ. ડૉક્ટર! એ લખ્યું હતુંને ભાઈએ નહિ? જૈન...માં. એમાં લખ્યું છે જૈનતત્ત્વ.. પ્રસ્તાવના. પંડિતોનું એ કામ છે કે સમાજને સમતોલ રાખવો એ નહિ. સમાજ સમતોલ રહે કે ન રહે એ પંડિતોનું કામ નથી. પંડિતોને તો વીતરાગમાર્ગ શું છે એ જોવાનું છે. માસ્તર! સમાજ કેમ સરખો રહેશે? અમને બરાબર માને, સમતોલ રહે, વિષમતા ન થાય એવી વાત જ્ઞાની, પંડિત જોતા નથી. એ આવ્યું છે ઓલામાં. પુસ્તકમાં આવ્યું છેને. ... પંડિતોનું એ કામ છે. ફતેહચંદજી! આમ દુનિયાને રાજી રાખવા. આહા..હા..!

મુમુક્ષુ :- પંડિતોને પૈસા ક્યાંથી મળે?

ઉત્તર :- પંડિત પૈસાની ઇચ્છાવાળા હોતા જ નથી. એ પંડિત છે જ નહિ. વસ્તુસ્થિતિ એવી છે. એ કહે છે. લખ્યું છે. આગમનું રહસ્ય ખોલવું એ પંડિતનું કામ છે. અને રહસ્ય ખોલતા સમાજ સમતોલ રહેશે કે વિષમ થઈ જશે એ જોવું નથી. સમાજની સાથે શું સંબંધ છે?

મુમુક્ષુ :- .. જે પૈસા મળે એ પંડિત.

ઉત્તર :- એ પંડિત. ઠીક છે. બરાબર .. કરાવે અને પંડિત દે જાવ પાંચસો રૂપિયા. એક હજાર રૂપિયા. ખુશામત. વાત સાચી છે. ખુશામત શેઠિયાઓની કરે બરાબર. આ શેઠિયાઓ

હોયને. આવો શેઠિયા! તમે પ્રતિષ્ઠા બહુ સારી કરાવી, બહુ તમે આ કર્યું અને બહુ કર્યું.

મુમુક્ષુ :- ઘણો ધર્મ થયો.

ઉત્તર :- ઘણો ધર્મ ધૂળમાંય ધર્મ નથી.

મુમુક્ષુ :- વ્યવહારધર્મ તો થયો.

ઉત્તર :- નહિ... નહિ... નહિ... વ્યવહારધર્મ તો ત્યારે થાય કે નિશ્ચયનો અનુભવ થાય ત્યારે રાગ આવે એ પુણ્યધર્મ તો વ્યવહારધર્મ તો આરોપિતમાં કહેવામાં આવે છે. એવી વાત છે, ભાઈ! દુનિયા સાથે મેળ કરશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો આ માર્ગ છે, ભાઈ! અમે તો સંપ્રદાયમાં ભાઈ કહેતા હતા. ... એક ટૂકડો છે આચારાંગનો. આચારાંગ પહેલામાં આવેને? ઘણા સમય પહેલા કંઠસ્થ કર્યું હતું. અમારા ગુરુ... પહેલા કર્યું હતું પણ એનો અર્થ સમજતા નહોતા. અને મૂળચંદજી તો ના જ પાડતા હતા કે મને સમજાતું જ નથી એ. પહેલો ભાગ એવો કઠણ છે કે મને સમજાતું જ નથી. હું પછી અર્થ કરતો હતો વ્યાખ્યાનમાં. ... શ્વેતાંબરનું સૂત્ર છે એ. ભગવાન એમ કહે છે કે હે ગૌતમ! મારો ધર્મને દુનિયા સાથે મેળવવો નહિ. ... લોકની એષણા કરીને અમારા ધર્મને મેળવવો એ માર્ગ છે નહિ. અમારો લોકોત્તર માર્ગ. સમજાય છે? સંપ્રદાયની દૃષ્ટિ અને સમાજની દૃષ્ટિથી બીજી જાતનો છે. એવો ટૂકડો એમાં આવે છે. તો એ વખતે અમે આવો અર્થ કરતા હતા હોં. ૫૦ વર્ષ પહેલા. ... એ વખતે તો એમ માનતા હતાને કે આ ભગવાનનું સૂત્ર છે. સમજાણું કાંઈ? હજારો માણસો આમ... હે ગૌતમ! ભગવાન ક્યાં ગૌતમ કહેતા હતા? પણ એમાં આવે છેને શ્વેતાંબરમાં? એ પદ્ધતિ છેને. હે ગૌતમ! ... લોકોની સાથે એષણા ન કરવી. લોકો કેમ માને છે અને કેમ નથી માનતા? એવી તું કલ્પના નહિ કર. અમારો વીતરાગ માર્ગ બીજાથી મેળ ખાશે નહિ. ફતેહચંદજી! એવો ટૂકડો પહેલા પુસ્તકમાં છે. લોકો તો એ વખતે પણ સભા ખુબ ખુશ થતી હતી. સમજ્યાને? ડોલતો હતો એ વખતે પણ સંપ્રદાય. આ વિષય તો ક્યાં હતો જ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્માને અહીંયાં સમજે એ શાસ્ત્ર .. બહાર તો ઠીક ખુશી થાય. એ લોક રંજન કરનારો. એય..! શોભાલાલજી! તારણસ્વામીમાં બહુ આવે છે. લોકરંજન કરનારો પાપી નરક અને નિગોદમાં જશે. એમ કહ્યું છે તારણસ્વામીએ. વીતરાગ માર્ગ છે આ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા. સમજાણું? એ કહે છે કે આ આત્મા. આહા..હા..! ઇન્દ્રિયનો ભોક્તા નથી. જડ ભોગવે? અરે..! સાંભળતો ખરો, એ અજ્ઞાની રાગને ભોગવે છે એ ખરેખર તો જડ જ છે. સમજાણું કાંઈ? આત્મા પાંચ ઇન્દ્રિયના વિષયનો ભોક્તા છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૭, બુધવાર, તા. ૦૩.૦૯.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧૯-૨૦, પ્રવચન-૨૫૪**

આ પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વ અધિકાર. અલિંગગ્રહણ. ૧૯ બોલ ચાલ્યા ૧૯. ૧૯માં ઘણું ચાલ્યું કાલે. શું કહ્યું ૧૯માં જુઓ. એકલું જૈનદર્શન અથવા આત્મદર્શનનું રહસ્ય છે આ તો, વસ્તુ અલિંગગ્રહણ એટલે. ચાહે તો અનંત આત્મા કે બીજા અનંત દ્રવ્ય હોય, એ તો આત્માની એક સમયની પર્યાયમાં બધા જણાય છે. એક સમયની પર્યાય, જ્ઞાનની એક સમયની પર્યાયનું એટલું સામર્થ્ય છે, શ્રુતજ્ઞાન હોય કે કેવળજ્ઞાન હોય. છ દ્રવ્ય એના ગુણ-પર્યાય જેટલા છે એટલું એક પર્યાયમાં જણાઈ જાય છે. એટલું તો એક પર્યાયનું સામર્થ્ય છે. અહીંયાં તો દ્રવ્યનું સામર્થ્ય કહે છે. એવી અનંતી-અનંતી પર્યાયનો (ધરનાર) એક ગુણ. એક-એક જ્ઞાનની પર્યાયનું અનંત (સામર્થ્ય). એવી શ્રદ્ધા આદિ અનંતગુણ, અનંતગુણનું એકરૂપ દ્રવ્ય એ ગુણને સ્પર્શતું નથી એમ કહે છે ૧૯માં. આહા..હા..! સમજાણું કાંઈ?

'લિંગ એટલે...' છેને? ગુણ તો આવી ગયા. આ '**પર્યાયરૂપ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને નથી...**' એ ગુણ(ભેદ)ને તો સ્પર્શતો નથી. એકરૂપ, અનેકરૂપ થતું નથી. એવું સમ્યગ્દર્શનનું ધ્યેય એકરૂપ આત્મા છે એ ગુણને સ્પર્શતો નથી એ ૧૮માં બોલમાં આવ્યું. ૧૯માં—જેને પર્યાયરૂપ ગ્રહણ નથી, જેને પર્યાય નથી. આહા..હા..! ગ્રહણનો અર્થ એ કર્યોને. જેને '**પર્યાયરૂપ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને નથી...**' ગ્રહણનો અર્થ અર્થાવબોધ વિશેષ જેને નથી. આહા..હા..! વસ્તુ દ્રવ્ય અખંડ પૂર્ણ સ્વરૂપ ધ્રુવ, એને પર્યાય નથી. એ દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. આહા..હા..! કેટલી વાત! સમજાણું કાંઈ? .. લખ્યું.. એક આત્મા પરને તો અડતું નથી, રાગને અડતું નથી. અહીં તો કહે છે કે પર્યાયને સ્પર્શતું નથી. આહા..હા..! એવું દ્રવ્ય છે. પંડિતજી! ઘણું ઝીણું તત્ત્વ છે. ઉપરથી સાધારણ વાંચ્યું હોય તો એને પત્તો લાગે નહિ એવી ચીજ છે. મહા ભગવાન બ્રહ્મ, બ્રહ્માનંદ પ્રભુ પૂર્ણ સ્વરૂપ એકરૂપ. કહે છે કે એકરૂપ એ ગુણને સ્પર્શતું નથી, પણ એક સમયની પર્યાયને સ્પર્શતું નથી. સમજાણું કાંઈ? પર્યાય પર્યાયરૂપ છે, ધ્રુવ પારિણામિક ત્રિકાળી ધ્રુવ ધ્રુવરૂપ છે. બેય નિરપેક્ષ તત્ત્વ છે. નિરપેક્ષ સમજ્યા? પર્યાયની અપેક્ષા દ્રવ્યને નથી અને દ્રવ્યની અપેક્ષા પર્યાયને નથી.

અહીંયાં તો એક સમયની પર્યાય છ દ્રવ્ય જણાય, છ દ્રવ્યનું જ્ઞાન, એક પર્યાયને એટલું માને છ દ્રવ્યને જાણનારી તાકાતવાળી. છ દ્રવ્યને ત્યારે માન્યા કહેવાય કે એક સમયમાં છ દ્રવ્યની જે શક્તિ છે એ બધી પર્યાયમાં જણાઈ જાય છે. તો એક પર્યાયને માનવામાં

છ દ્રવ્યને માને છે. જે છ દ્રવ્યને નથી માનતા એણે એક પર્યાયને નથી માની, તો દ્રવ્ય તો માનવામાં આવતું નથી. સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ છે.

જેને '**પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ...**' એમ. અર્થાવબોધ, ઓલામાં ગુણવિશેષ હતું, અહીં અર્થાવબોધ વિશેષ એટલે પર્યાય લેવી. '**તે જેને નથી...**' એવો ધ્રુવ ભગવાન. પર્યાયથી દ્રવ્યને લક્ષ કરે, પણ એ દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. સામાન્ય જો વિશેષમાં આવે તો વિશેષ જેટલું દ્રવ્ય થઈ જાય. અરે..! ભારે વાત! સમજાણું કાંઈ? તો કહે છે કે ભગવાન આત્મા આનંદકંદ પ્રભુ પરમપારિણામિક સ્વભાવવાળું ધ્રુવ દ્રવ્ય એ પર્યાયને સ્પર્શતું નથી. બે ભિન્ન-ભિન્ન વસ્તુ છે એમ કહે છે. સામાન્ય છે એ પર્યાયને સ્પર્શતું નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! પરથી તો ક્યાંય ભિન્ન રહ્યું, રાગથી ભિન્ન, પણ એક સમયની પર્યાયમાં સામાન્ય ચીજ પણ આવતી નથી. એ સામાન્ય વસ્તુ ધ્રુવ પર્યાયવિશેષને સ્પર્શતું નથી, ચુંબતું નથી, આલિંગન કરતું નથી. બેય ભિન્ન તત્ત્વ છે. એક અંશ તત્ત્વ અને ત્રિકાળી ધ્રુવ તત્ત્વ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાયનો તાદાત્મ્ય સંબંધ કોની સાથે...

ઉત્તર :- એ એક સમયની પર્યાયનો તાદાત્મ્ય સંબંધ એક સમયનો. ધ્રુવની સાથે ખરેખર નહિ. કહો.

મુમુક્ષુ :- એ તો જ્ઞાનમાં આવે છે.

ઉત્તર :- જ્ઞાનમાં આવે એ બીજી વાત છે. દ્રવ્ય પર્યાયમાં આવે, સામાન્ય પર્યાયમાં આવે તો સામાન્ય એક અંશરૂપ પર્યાયરૂપ થઈ જાય સામાન્ય.

મુમુક્ષુ :- જ્ઞાનમાં તો ..

ઉત્તર :- એ જ્ઞાનમાં તો ત્રણ કાળ જણાય છે એમાં શું આવ્યું? સમજાણું કાંઈ? વસ્તુ છે ... હજી એક ૨૦મો બોલ આખો છે. આ તો હજી ઠીક. અને છેલ્લો ૨૦મો બોલ જરી આકરો છે. અત્યાર સુધી દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... સિદ્ધ કરે છે. આ તો અલૌકિક વિષય છે. સમજાણું કાંઈ? ભગવાન પર્યાયરૂપી લિંગ, પોતાની નિર્મળ શુદ્ધ પર્યાયરૂપી લિંગ એને પણ દ્રવ્ય ચુંબતું નથી, આલિંગન નથી કરતું. અશુદ્ધતાની તો વાત ક્યાં રહી? અને નિમિત્તને તો સ્પર્શતા નથી. એ વાત તો ક્યાંય દૂર રહી ગઈ. આહા..હા..! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે છે અને એમ છે. પ્રભુ! તું તો પરિપૂર્ણ છોને. એવી ધ્રુવવસ્તુ, દ્રવ્યવસ્તુ, દ્રવ્યવસ્તુ જેનું માહાત્મ્ય કરવાથી સમ્યગ્દર્શન થાય છે, છતાં એ દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. આહા..હા..! સમ્યગ્દર્શનની પર્યાયને ધ્રુવ સ્પર્શતું નથી. ચારિત્રની વીતરાગી પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. કેવળજ્ઞાનની એક સમયની પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી, અડતું નથી, આલિંગન કરતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કુટસ્થ એ અપરિણામી. ધ્રુવ અપરિણામી, પારિણામિકભાવ અપરિણામી. ત્રિકાળી પારિણામિકભાવ અપરિણામી. બદલતું નથી. એ બદલતું નથી. પર્યાય બદલે છે. બહુ ઝીણું છે, ભાઈ! સમજાણું કાંઈ? પારિણામિકભાવ છેને ત્રિકાળી પારિણામિક ધ્રુવ, એ પારિણામિકભાવ અપરિણામિક છે. અપરિણામ નામ બદલતું નથી. અરે..! પંડિતજી! પલટે એ તો પર્યાય. ધ્રુવ પલટે નહિ. ધ્રુવ તો સદશ એકરૂપ રહે. ત્રિકાળી સદશ એકરૂપ. સદશ. છે... છે... છે... છે... એકરૂપ રહે. કહે એને પારિણામિકભાવ, છતાં પલટે નહિ એને પારિણામિકભાવ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રિકાળી પર્યાય-ફર્યાય અહીંયાં છે નહિ. અહીંયાં તો એક સમયની પર્યાયની વાત છે. શું? એક સમયની પર્યાયને, એક સમયની અનંતી શુદ્ધ પર્યાયને દ્રવ્ય શુદ્ધ જરાય સ્પર્શતું નથી એ વાત છે. ત્રિકાળીની ક્યાં વાત છે અહીંયાં? એ ત્રિકાળી વ્યવહાર થઈ ગયો. આ ભૂતકાળ અને આ વર્તમાન અને ભવિષ્ય એમ પણ અહીંયાં નથી. ..ચંદજી! એ છે બસ ધ્રુવ એકરૂપ પિંડ પડ્યું છે દ્રવ્ય. છે એ ચૈતન્યમૂર્તિ '**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**' એવું જે ધ્રુવ છે એ પર્યાયને ચુંબતું નથી. એનો અંશ વર્તમાનને ચુંબતું નથી. એટલું ચુંબે અને એક થઈ જાય તો સામાન્ય અંશ એક સમય જેટલો થઈ જાય. સમજાણું કાંઈ? પંડિતજી! એવી વાત છે. પારિણામિકભાવ-પારિણામિકભાવ ત્રિકાળ કૂટસ્થ ધ્રુવ છે. આહા..હા..! અરે..! એના માહાત્મ્યની લોકોને ખબર નથી તો બહારમાં ક્રિયાકાંડમાં એવો ઘૂસી ગયો કે એમાં તો મિથ્યાત્વનું પોષણ થાય છે એની પણ એને ખબર નથી. કર્તૃત્વબુદ્ધિ જ્યાં-ત્યાં આમ કરું... આમ લું એ તો કર્તૃત્વબુદ્ધિ મિથ્યાત્વનું પોષણ છે. આ તો સમ્યગ્દર્શનનો વિષય. સમજાણું કાંઈ? મહા અપૂર્વદશા એનો વિષય ધ્રુવ એ દશાને સ્પર્શતું નથી. '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' નિશ્ચય. એ નિશ્ચય મોક્ષમાર્ગ એ પર્યાય છે. ધ્રુવ એને અડતું નથી.

મુમુક્ષુ :- અમને શું ખબર કે તમે...

ઉત્તર :- એવી વસ્તુ છે એમ અહીંયાં તો કહે છે. શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત સાચી છે. તમારી વાત સાચી છે. પરને છોડી દીધું, વ્યવહારરત્નત્રય છોડી દીધું, પર્યાયને છોડી દીધી. હજી તો ૨૦મા બોલમાં વધારે આવશે. ૨૦મા બોલમાં દ્રવ્યને પહેલા છોડી દેશે. હજી તો કાલની થોડી વાત સ્પષ્ટ થાય છેને. ભાઈ! આ તો ભગવાનના પેટ શું છે એ વાત ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચૈતન્ય મહા પ્રભુ જેમાં અનંતા-અનંતા કેવળજ્ઞાનની પર્યાય જેના જ્ઞાનગુણમાં પડી છે એવી-એવી અનંતી પર્યાય અનંતી પર્યાય એક-એક ગુણની એવું જે ધ્રુવ, એવું જે ધ્રુવ. એ ગુણ-ગુણી એમ નહિ. એવું જે ધ્રુવ, એવું જે દ્રવ્ય. દ્રવ્યમાં પર્યાય છે જ નહિ. દ્રવ્યરૂપ આત્મામાં પર્યાય નથી. અર્થ કરો.

'લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે **અર્થાવબોધવિશેષ** તે જેને **નથી...'** છે જ નહિ. **'આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત...'** છે નહિ માટે પર્યાયમાં આલિંગિત નથી ભાઈ! એમ કહ્યું છે. દ્રવ્યમાં પર્યાય નથી માટે દ્રવ્ય પર્યાયને આલિંગન કરતું નથી એમ. આહા..હા..! ભારે ઝીણું જગતને. કહો, સમજાણું કાંઈ? જુઓ, શબ્દ છે કે નહિ? જુઓ અંદર પાઠ છે. સંસ્કૃત પાઠ છે જુઓ, '**न लिंगों पर्यायो ग्रहणमर्थावबोधविशेषो यस्येति**' આત્મા નથી. નથી માટે '**पर्यायविशेषानालीढशुद्धद्रव्यत्वस्य**' આહા..હા..! બેય અંશ ભિન્ન. છે અસંખ્ય પ્રદેશ. છે અસંખ્ય પ્રદેશ. અસંખ્ય પ્રદેશનો એક ભાગ સામાન્ય અને એક ભાગ વિશેષ. છે બધો અસંખ્ય પ્રદેશનો પિંડ. સમજાણું કાંઈ? એમાં સામાન્ય એકરૂપ ધ્રુવ (અને) એ જ અસંખ્ય પ્રદેશમાં જે પર્યાયનું એક રૂપ છે, તે અને સામાન્ય ધ્રુવ (તેમના) પ્રદેશ એક હોવા છતાં. આહા..હા..! વિકારનું તો ક્ષેત્ર ગણવામાં નહોતું આવ્યું. સમજાણું કાંઈ? એ તો જુદું. એ તો ક્ષેત્ર જુદું. ઓહો..હો..!

અહીં તો શુદ્ધ પર્યાય જે નિર્મળાનંદ અસંખ્ય પ્રદેશમાં ઉત્પન્ન થઈ. તો કહે છે કે એમાં ધ્રુવપણું જે છે, દ્રવ્ય છે એમાં પર્યાય આવી નથી. પર્યાય નથી માટે દ્રવ્ય પર્યાયને ચુંબતું નથી. નથી માટે ચુંબતું નથી. નથી માટે આલિંગિત કરતું નથી. ભારે વાત ભાઈ! આવી ધર્મની વાત હવે. વ્રત પાળવા હોય, દયા પાળવી, કંદમૂળ ન ખાવું અને રાતે ન ખાવું, ચોવિહાર કરવા હવે એ તો સમજાય અજ્ઞાનપણે.

મુમુક્ષુ :- એ દેખાય છે.

ઉત્તર :- દેખાય, ધૂળેય દેખાતું નથી. શું થાય છે એની તો એને ખબર નથી. આત્મામાં શું થાય છે અને બહારમાં શું થાય છે એ ભિન્ન પડ્યા વિના એને ભાસ્ય ક્યાંથી થયું? ધ્રુવ આખા અંશમાં થાય છે. એ સાંભળો-સાંભળો આમાં. એ વાતું આકરી છે. એ પચવવી આકરી છે. ... દઈએ છીએને. આ દઈએ છીએને. કહેવાય છેને આ. ભગવાન આ કહે છે જુઓ, આહા..હા..!

ભાઈ! અસંખ્ય પ્રદેશનો પિંડ પ્રભુ આત્મા શુદ્ધ એકલું હોં, અશુદ્ધ નહિ. એવો અસંખ્ય પ્રદેશી શુદ્ધ પિંડ ચૈતન્ય, એમાં જે ધ્રુવ અંશ છે-દ્રવ્ય છે, કાયમ સદશ, સામાન્ય એકરૂપ રહેનારું દ્રવ્ય છે એમાં એક સમયની અવસ્થા નથી. એમાં નથી. જો એમાં થઈ જાય તો તો આત્મા સામાન્યમાં પર્યાય આવે તો વિશેષ સામાન્ય થઈ ગયું. તો વિશેષ રહ્યું નહિ. તો એ વિશેષ સામાન્યમાં છે જ નહિ. એ કારણે આત્મા દ્રવ્યમાં પર્યાય નથી. એ કારણે આત્મા, પર્યાયને એક થઈને ચુંબતું, સ્પર્શતું નથી. આહા..હા..! આવી ચર્ચા ક્યાં સાંભળે? નવનીતભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સર્વથા. દ્રવ્યમાં સર્વથા પર્યાય નથી અને પર્યાયમાં સર્વથા દ્રવ્ય નથી. શું કહે

છે? બૌદ્ધમત શું? બૌદ્ધમત કે દિ' ધ્રુવને માને છે? એ ધ્રુવને માનતા જ નથી. એને ક્યાં, એ તો ક્ષણિક પર્યાયને માને છે એકલી.

મુમુક્ષુ :- હા તો બે માને ત્યારે...

ઉત્તર :- બે માને ત્યારે એકબીજાને સ્પર્શતું નથી એમ થાય છે કે નહિ? એક માને એમાં એકને ન સ્પર્શે એ આવ્યું ક્યાંથી? એ આત્મમીમાંસામાં આવતું નથી? આત્મમીમાંસામાં લીધું છે કે બે ધર્મ છે—સામાન્ય અને વિશેષ. બેય નિરપેક્ષ ધર્મ છે. આત્મમીમાંસામાં લીધું છે. પછી કહ્યું આ પર્યાય એની અને આ સામાન્યની આ પર્યાય. એ તો પછી વ્યવહાર થયો. સમજાણું કાંઈ? કે અત્યાર સુધી તો દ્રવ્ય ઉપર જ જોર દે છે. પણ આ ૨૦મા બોલમાં પર્યાય આવી. હવે શું કરવું? સાંભળો. કીધું સાંભળો. પાંચની સાલની વાત છે. ૨૦ વર્ષ પહેલાની. એ ચાલતું હતું. સમજાણું કાંઈ? શાંતિથી.. આ તો અમૃતનો પ્રવાહ છે.

ભગવાન આત્મા... કહે છે ૨૦મા બોલમાં '**લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ...**' આ આત્મા પહેલા હતો એ જ છે, પહેલા હતો એ જ છે, પહેલા હતો એ જ છે. એ પ્રત્યભિજ્ઞાનનું કારણ ધ્રુવ. આત્મા પહેલા હતો એ આ છે, પહેલા હતો એ આ છે. એમ '**પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ...**' એટલે સામાન્ય દ્રવ્ય '**જેને નથી...**' આત્માને સામાન્ય દ્રવ્ય છે જ નહિ. બાબુલાલજી! એવી વાત છે. સાંભળો.

મુમુક્ષુ :- .. ગુણસ્થાનમાં છે જ નહિ.

ઉત્તર :- એ તો બીજી વાત. એ છે નહિ, પણ અહીંયાં બીજું કહેવું છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે...**' આ... આ... આ... આ... આ... આ... આત્મા પહેલા હતો એ જ આ છે. સામાન્ય... સામાન્ય... સામાન્ય... સામાન્ય... સામાન્ય... સામાન્ય... જે દ્રવ્ય. દ્રવ્ય નામ ધ્રુવ. '**એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય...**' જુઓ, ગુણમાં પણ અર્થાવબોધ લીધો હતો, પર્યાયમાં પણ અર્થાવબોધ લીધો અને દ્રવ્યમાં પણ અર્થાવબોધ લીધો. ફક્ત એનું અર્થાવબોધ સામાન્ય, બસ એટલું. ઓલો અર્થાવબોધ ગુણ, અર્થાવબોધ પર્યાય, અર્થાવબોધ સામાન્ય. એનો અર્થ પદાર્થના જ્ઞાનરૂપ સામાન્ય એમ નહિ. એવી સામાન્ય ચીજ જે ધ્રુવ છે, ધ્રુવ છે, દ્રવ્ય છે એ જેને નથી. આત્માને ધ્રુવ છે જ નહિ. કહો, કેમ છે એ ખુલાસો કરશે હોં. ખુલાસો કરશે. શાંતિથી સાંભળો. આહા..હા..! કહે છે કે '**પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય...**' સામાન્ય નામ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એવું સામાન્ય જેને નથી. એવું સામાન્યરૂપ આત્માને નથી. '**જેને નથી...**' શું અર્થ જુઓ, '**જેને નથી...**' આત્માને સામાન્યરૂપ નથી.

મુમુક્ષુ :- કેમ?

ઉત્તર :- કેમ, કહે છેને હમણા. '**સામાન્ય તે જેને નથી...**' આપણી ગુજરાતી ભાષામાં જેને સામાન્યપણું નથી. અહીં જેને સામાન્યપણું નથી એવો આત્મા '**તે અલિંગગ્રહણ છે;...**' એ કદી સામાન્યને ગ્રહણ કરતો નથી. અનુભૂતિમાં સામાન્યને લાવતા નથી. આનંદની જે અનુભૂતિ થાય છે એ પર્યાયની અનુભૂતિ થાય છે. અનુભૂતિમાં દ્રવ્યનો અનુભવ થતો નથી. સમજાણું કાંઈ? અહીંયાં તો આચાર્ય આત્માની પર્યાયમાં જે અનુભવ થાય અનંત પર્યાયનો અનુભવ, એ અનુભવને દ્રવ્ય આત્મા અનુભવને સ્પર્શે છે, પણ એ આત્મા (-પર્યાય) દ્રવ્યને સ્પર્શતું નથી. કેમકે અનુભવમાં પર્યાય આવે છે, અનુભવમાં દ્રવ્ય આવતું નથી. સમજાણું કાંઈ? અનુભવ શબ્દે જ્ઞાન નહિ, અનુભવ શબ્દે આનંદનું વેદન. સમજાણું કાંઈ? શુદ્ધ પર્યાયનું વેદન. પોતાની શુદ્ધ નિર્મળ આનંદ પર્યાય જે પ્રગટ અવસ્થા એને વેદન કહ્યું છે. તો આત્મા સામાન્ય એવું આત્માને નથી. કેમકે આત્મા સામાન્યનો અનુભવ કરી શકતો નથી. તો સામાન્ય અનુભવ કરી શકતો નથી, માટે આત્માને સામાન્ય નથી, તો આત્મા કોણ છે? સામાન્ય નથી એવો '**દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે...**' આહા..હા..! એકલું ધ્રુવ નિત્ય પ્રભુ છે એનો અનુભવ નથી થતો. નિત્યનો અનુભવ શું થાય? શોભાલાલજી! આનંદનો અનુભવ-વેદન તો પર્યાયમાં છે. તો અહીં તો કહે છે કે અમારો ભગવાન દ્રવ્યને અડતા નથી, અનુભૂતિમાં, અનુભવમાં, આનંદની પર્યાયને સ્પર્શે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વેદન છે એ પર્યાયનું છે. ધ્રુવનું વેદન નથી. ધ્રુવ કૂટસ્થ પડ્યું છે. એનું જ્ઞાન થાય, પણ વેદન ન થાય. સમજાણું કાંઈ? એ સાંભળો. અત્યારે વાત નહિ. જે પ્રવાહ ચાલતો હોય અંદરમાં... એ રાતે પ્રશ્ન કરવો. આ તો અધ્યાત્મ વાત છે. કોઈ કથા નથી. અંદરથી ચાલતું હોય એ ચાલવા દેવું. આ કાંઈ .. વાત નથી. કહીએ છીએને. એક-બેવાર શું, ઘણીવાર કહીએ છીએ. એમ છોડીશું નહિ. એ તો બે, ત્રણ, ચારવાર કહીશું, પાંચ વાર. સ્વરૂપચંદભાઈ!

કહે છે, સાંભળો. ભગવાન આત્મા એક વસ્તુ. સામાન્ય જે ધ્રુવ છે એને દ્રવ્ય અડતું નથી. આત્મા પોતાના દ્રવ્યને અડતું નથી. કેમ? કે અનુભૂતિ છે એ પર્યાયની છે. પર્યાયની દશાનો અનુભવ છે. તો અનુભવમાં આત્મા દ્રવ્યને સ્પર્શતું નથી. કેમકે આત્માને દ્રવ્યનો અનુભવ ન થાય, પર્યાયનો અનુભવ થાય. કદી સાંભળ્યું જ નથી. શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત તો એવી છે, ભગવાન! માર્ગ તો આવો છે. એણે સાંભળ્યો નથી. આવો ત્રણ લોકનો નાથ. અહીં તો કોઈ પર્યાય ન માનેને એને કહે છે કે આત્મા પર્યાયરૂપ જ છે, સાંભળ તો ખરો. આહા..હા..! કેમકે પર્યાયનો અનુભવ થાય છે. ધ્રુવનો અનુભવ થતો નથી. કારણ કે પર્યાય તો એક સમયની છે એનો અનુભવ હોય, બીજે સમયે ચાલી જાય છે, તો બીજો અનુભવ. ધ્રુવનો અનુભવ થાય તો ધ્રુવ તો એક સમયે (પર્યાયમાં) આવી ગયું, પછી ધ્રુવ બીજે સમયે રહે નહિ. સમજાણું કાંઈ? અનુભૂતિ આનંદની વેદન

દશા એ શુદ્ધ પર્યાયનું જ વેદન છે. દ્રવ્યનું, ધ્રુવનું વેદન હોય નહિ. સમજાણું કાંઈ? અલૌકિક વાત છે. ઓહો..હો..! એ લખ્યું છે એમાં. શુદ્ધ પર્યાય લખ્યું છે જુઓ, આત્મા '**એવો શુદ્ધ પર્યાય છે...**' દ્રવ્યને આત્મા સ્પર્શતું નથી એનો અર્થ શું? આ કોઈ વેદાંત આદિ છેને જે પર્યાયને માનતા નથી. તો કહે છે કે તને વસ્તુની જરીએ ખબર નથી. સમજાણું કાંઈ? અહીં તો છેલ્લે એમ કહ્યું કે વસ્તુ ધ્રુવ જે સામાન્ય છે, આત્મા એ સામાન્ય દ્રવ્યને સ્પર્શતું જ નથી. શા કારણે? અનુભૂતિ વેદન આત્માની પર્યાયમાં થાય છે. તો પર્યાયમાં અનુભવ થાય એ પર્યાયમાં દ્રવ્યનો અનુભવ નથી થતો, ધ્રુવનું વેદન નથી થતું. ધ્રુવ તો કૂટસ્થ દ્રવ્ય છે. ડોક્ટર! આહા..હા..! સમજાણું કાંઈ? ગજબ વાત છે. અમૃતચંદ્રાચાર્ય ખોલે છે. ઓહો..હો..! દિગંબર મુનિ, સંત ૯૦૦ વર્ષ પહેલા થયા. આજથી પહેલા. સમજાણું કાંઈ?

કોઈ એકાંત લઈ જાય કે (એકલું) દ્રવ્ય ધ્રુવ જ છે... દ્રવ્ય ધ્રુવ જ છે. તો શું અનુભવ ધ્રુવનો થાય છે? પર્યાયનો અનુભવ થાય છે. પંડિતજી! આ પ્રવચનસાર છે. ઠંડા થઈ ગયા. આહા..હા..! ભગવાન! તારો માર્ગ તો એવો છે. એમ અહીં સિદ્ધ કરવું છે કે તારું વેદન સામાન્યનું વેદન છે કે તું પર્યાયને ન માન? તો વેદન શુદ્ધનું છે અને એ શુદ્ધ વેદન દ્વારા આ દ્રવ્ય શુદ્ધ છે એમ ભાન થાય છે. શું ધ્રુવ વડે શુદ્ધનું ભાન થાય છે? સમજાણું કાંઈ? શુદ્ધની પર્યાયનું વેદન છે આનંદ, શાંતિ પ્રગટ-વ્યક્ત. સમજાણું કાંઈ? એ આનંદ પર્યાય એનું જે વેદન છે એ વેદન દ્વારા જણાય છે કે આ દ્રવ્ય ધ્રુવ છે. પણ એ વેદન દ્રવ્યનું નથી, પર્યાયનું છે. દ્રવ્યનું વેદન થઈ શકતું જ નથી. આહા..હા..! ન્યાય સમજાય છે કે નહિ? કેમકે આ પર્યાય છે એ ક્ષણવર્તી છે, એક ક્ષણવર્તી છે. તો ક્ષણવર્તીનું વેદન હોય, અનુભવ આનંદની અનુભૂતિ. અનુભૂતિ પર્યાયની હોય છે. અનુભૂતિ દ્રવ્યની હોય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ! અહીં પરનો અનુભવ તો નથી. આ વ્યવહારરત્નત્રય વિકલ્પનો અનુભવ પણ નથી. એક આનંદના વેદનની શાંતિ અવિકારીનું વેદન એ વેદનમાં રાગને સ્પર્શતો નથી, નિમિત્તને સ્પર્શતો નથી, એ વાત તો ક્યાંય રહી ગઈ. સમજાણું કાંઈ? આનંદની અનુભૂતિ, અનુભૂતિ આનંદની જે દશા છે એ રાગને-વ્યવહારને તો સ્પર્શતી નથી, નિમિત્તને સ્પર્શતી નથી, પણ અનુભૂતિ દ્રવ્યને સ્પર્શતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પણ એક પર્યાય છે. સર્વજ્ઞ કોઈ ગુણ નથી. ગુણ તો ત્રિકાળી શક્તિ છે. સમજાણું કાંઈ?

એક બીજી વાત. અનુભૂતિ ઉત્થાન લ્યો તો એક જ્ઞાનની પર્યાય છેને એક શુદ્ધ... શુદ્ધ પર્યાય એક. તો એક સમયની પર્યાયમાં આખા દ્રવ્ય-ગુણનું જ્ઞાન થઈ જાય છે. આખા ત્રણ લોકનું જ્ઞાન. પહેલા તો કહ્યું કે એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય છે, પોતાના દ્રવ્ય સિવાય. હવે એક સમયની પર્યાયમાં આખા ત્રિકાળી દ્રવ્ય-ગુણનું પણ અહીં પર્યાયમાં જ્ઞાન થાય છે. .. એક સમયની પર્યાય એ જ આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? જે

શુદ્ધ પર્યાય થઈ જ્ઞાનની, આનંદની, શ્રદ્ધાની, બસ એ શુદ્ધ પર્યાયમાં એટલી તાકાત છે કે આખું દ્રવ્ય-ગુણ પણ જણાયું અને રાગાદિ અને પરવસ્તુ પણ જણાઈ, તો આ જગતમાં શુદ્ધ પર્યાય એ જ આત્મા બસ. સમજાણું કાંઈ? આ વસ્તુદર્શનનો અંશ સિદ્ધ કરવો છે. એકલી કોઈ પર્યાય માને જ નહિ તો અનુભવ કોનો? ધ્રુવનો અનુભવ છે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો પર્યાય છે. સમજાણું કાંઈ? અને પર્યાયનો અનુભવ થાય છે વેદન. પર્યાયમાં દ્રવ્ય-ગુણનું, પરનું, બધાનું જ્ઞાન થાય છે. તો એક સમયની પર્યાયમાં એટલી તાકાત એ જ્ઞાનની, એવી દર્શનની, એવી એક.. બધી શુદ્ધ પર્યાય. એવી તાકાત (કે) આખા દ્રવ્ય-ગુણ અને સર્વવસ્તુ એક સમયની પર્યાય જાણી લે છે. એક સમયની પર્યાય એ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં અગમ-નિગમની વાત છે આ ભગવાનની તો.

આત્માની પર્યાયનો અનુભવ ન થાય અને દ્રવ્યનો થાય તો એનો શું અર્થ થયો? અનુભૂતિની પર્યાય તો ફરી જાય છે. અને અનુભૂતિ પર્યાય દ્રવ્યની સાથે તાદાત્મ્ય કહો તો અનુભૂતિ ફરી જાય છે તો દ્રવ્ય પણ ફરી જાય, ધ્રુવ પણ ફરી જાય. સમજાણું કાંઈ? એ તો એક સમયમાં પણ અલગ રહીને તાદાત્મ્ય કહેવામાં આવે છે. ખરેખર તો એક છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છે કે નહિ આ? સંસ્કૃત ટીકા છે. ત્યારે શું તમે સંસ્કૃત ભણ્યા છો કે નહિ? આ તો ૨૦મો. '**न लिंगं प्रत्यभिज्ञानहेतुर्ग्रहणमर्थावबोधसामान्यं यस्येति द्रव्यनालीढशुद्धपर्यायत्वस्य।।**' ૨૦મો બોલ છે. આહા..હા..! સમજાણું કે નહિ? પંડિતજી! ફરીને.

વસ્તુ જે સામાન્ય છે ધ્રુવ. પોતાની એક-એક ચીજ હોં. એ ધ્રુવ તો ધ્રુવ જ છે. ધ્રુવમાં તો મોક્ષના માર્ગની પર્યાય પણ નથી, મોક્ષની પર્યાય પણ નથી, બંધમાર્ગની પર્યાય અને બંધ પણ નથી. એ તો એની પર્યાયમાં છે. હવે તો કહે છે કે એ બંધનો માર્ગ અને બંધ એ પણ નહિ. ફક્ત જે શુદ્ધ પર્યાય વેદનમાં આવી એ આત્મા. અહીં તો અમારા અનુભવમાં આવ્યો એ અમારો આત્મા, એમ કહે છે. ધન્નાલાલજી! અમારે તો ખોરાકમાં-ખાવામાં આવી એ અમારી ચીજ. આહા..હા..! રાગનો અનુભવ નથી, વ્યવહાર વ્યવહારનો એકરૂપ (અનુભવ) નથી. એ તો જડનો અનુભવ છે, એ પોતાનો નથી. આ તો સમ્યક્ ચોથા ગુણસ્થાનની વાત છે હોં!

મુમુક્ષુ :- આઠમાની.

ઉત્તર :- આઠમાની તો વાત ક્યાં? હજી આઠમું તો ક્યાં આવ્યું? આ કહીએ છીએને. બધું કહીએ છીએને. એવી વાત આઠમે હોય. અરે..! ચાલ સાંભળ તો ખરો. અહીં તો કહે છે કે ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન જે થયું એનું જે વેદન થયું, એ વેદન પર્યાયનું વેદન છે, શુદ્ધ પર્યાયનું વેદન છે. દ્રવ્યનું વેદન નથી. સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગ છે દ્રવ્યને પકડવાની ચીજ શુદ્ધ ઉપયોગ. શુદ્ધ ઉપયોગમાં જ આત્માને સમ્યગ્દર્શન થાય છે.

સમજાણું કાંઈ? એ કહે છે કે સમ્યગ્દર્શન અને શુદ્ધ ઉપયોગ એક સમયની પર્યાય છે. અને એ પર્યાયનું વેદન છે, અનુભવ એનો છે, ભોગવટો એનો છે. ભોગ એનો છે. સમજાણું કાંઈ? પર્યાયનો ભોગ છે આત્માનો. આ પર્યાયનું જમણ છે આત્માને. દ્રવ્યનું જમણ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ દ્રવ્યનો (અનુભવ) એક સમયમાં ખવાઈ જાય, અનુભવ થઈ જાય તો બીજે સમયે... આહા..હા..! જુઓ, વીતરાગ માર્ગ. એક સમય પણ... એ માટે કહ્યું કે એક સમયમાં ધ્રુવ આવે તો બીજે સમયે રહે શું? અનુભવ માટે સમય-સમયની પર્યાય ભિન્ન-ભિન્ન છે. પહેલે સમયે જે અનુભૂતિ છે એ બીજે સમયે નથી. એવી હોય પણ એ નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. એ અમારે શેઠી બોલ્યા લ્યો આજ અત્યારે નહિતર સમજવાની વાત છે એમ બોલતા હતા હોં ઘણીવાર. ઘણીવાર એમ બોલતા હતા કે સમજવાની વસ્તુ છે. આજે વળી ફેરવ્યું. આજે એનાથી વિશેષ આગળ ગયા. આહા..હા..! એની આગળ ગયા. છે તો એક જેવી હોં. કદી જયપુરમાં સાંભળવા નથી મળી.

મુમુક્ષુ :-...

ઉત્તર :- નહિ? લ્યો! આવો માર્ગ છે, બાપુ! લોકોને ખબર નથી. વસ્તુનું શું સ્વરૂપ છે, પર્યાયનું શું સ્વરૂપ છે? દ્રવ્યની પર્યાય શુદ્ધ છે, તો કહે છે કે શુદ્ધના અનુભવમાં આત્માને (-પર્યાયને) દ્રવ્ય નથી. આહા..હા..! આત્માને દ્રવ્ય, એમ છેને? જુઓ, જેને દ્રવ્ય નથી. જેને સામાન્ય નથી. આત્માને સામાન્ય નથી, આત્માને સામાન્ય નથી. અમરચંદભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ શુદ્ધ પર્યાય ઈ જ આત્માનું વેદન છે, ઈ જ આત્મા ખરેખર, એમ કહે છે. મારા અનુભવમાં આવ્યું એ હું આત્મા. હું દ્રવ્યનો અનુભવ કરતો નથી. દ્રવ્યને તો અડતો પણ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ અલિંગગ્રહણનું...

મુમુક્ષુ :- બરાબર સમજાતું નથી.

ઉત્તર :- નથી? આ તો વિશેષ લઈએ આપણે. હજી ઘુંટવામાં ક્યાં વાંધો છે? એ અલિંગગ્રહણનું પુસ્તક બહાર પડ્યું હતું કે નહિ? અમૃતલાલ. પ્રવચનસાર પડ્યું હતું ભાઈ અમૃતલાલભાઈએ કાઢ્યું, નહિ? ઘણા વર્ષ પહેલા. ઘણા વર્ષ પહેલા. હિન્દી કે ગુજરાતી? ગુજરાતી છે. એ પહેલું પડ્યું હતું. ઘણા વર્ષ પહેલા પુસ્તક બહાર પડ્યું હતું. અમૃતલાલભાઈ હતાને. શેઠ અમૃતલાલભાઈ આ છેને. બહુ એને લાગણી બહુ. સારી સારી વાત આવે તો લખી લે. ૧૩ની સાલમાં ગુજરી ગયા. દૈનિક કાઢતા હતા. એક માસિકના ૯ રૂપિયા. એવું સદ્ગુરુ પ્રવચન પ્રસાદ દૈનિક લખતા હતા. એ ગુજરી ગયા તો બંધ થઈ ગયું. પછી કોઈએ કહ્યું કે અમે કાઢીશું. ક્યાં ગયા ફુલચંદભાઈ! આ રહ્યા. હું નિવૃત્તિ લઈશ. લીધા પછી થઈ

રહ્યું. અને લે તો કાંઈ એનું મગજ એટલું કામ ન કરે. અમૃતલાલભાઈનું મગજ તો બહુ કામ... બહુ કામ... સમજાણું કાંઈ? એટલું અમૃતલાલભાઈ જેવું કામ ન કરી શકે. એ વેપારી માણસ છે અને અમૃતલાલભાઈ તો મગજવાળા-ઉકેલવાળા હતા. સમજાણું?

કહે છે. આહા..હા..! **'લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ...'** ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્યે શું કર્યું! શું કહે છે? ભગવાન! ઘરમાં ઘણું અનાજ હોય, પકવાન આદિ બહુ હોય. સમજાણું? આ મારા ભોજનમાં જેટલી ચીજ આવી એટલી મારી છે. એમ કહીને આચાર્ય પર્યાયની અસ્તિ સિદ્ધ કરે છે અને પર્યાયનો અનુભવ એ જ આત્મા એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, સ્વાદ છે એની વાત છે, શેઠી! શેઠી હવે હળવે-હળવે... ઘરમાં પાંચ મણ પડ્યું હોય, પણ અમારા ખાવામાં આવી એ મારી ચીજ છે. એ લોકો નથી કહેતા ઘરમાં પાંચ જણા હોય તો? મારા ભોજનમાં આવી અને મેં ખાધું એ મારી ચીજ. બીજી વસ્તુ મારી નથી. એમ મારી પર્યાયમાં અનંત ગુણનો પિંડ પ્રભુ ભગવાન એની દૃષ્ટિ-જ્ઞાન કરીને જે પર્યાય પ્રગટી એ પર્યાયનું જ મને વેદન છે. અનુભૂતિ પર્યાયની છે. દ્રવ્યની અનુભૂતિ થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મામાં તો જે અનંતગુણ છે, જે આનંદ છે એ તો સદશ છે. આત્મામાં જે આનંદ ધ્રુવ એ તો સદશ છે. સદશનો અનુભવ નથી. સમજાણું કાંઈ? પર્યાયનો અનુભવ છે. આહા..હા..! એ વિરુદ્ધ-અવિરુદ્ધ આવે છેને ભાઈ! ત્રીજી ગાથામાં નહિ? વિરુદ્ધ-અવિરુદ્ધ. એ ધ્રુવનો જ અર્થ આપણે પછી કર્યો હતો. પહેલા અસ્તિ-નાસ્તિથી કર્યો. અસ્તિથી કર્યો. નિમિત્ત પરસ્પર નિમિત્ત એટલી વાત. પછી કહ્યું કે અવિરુદ્ધ એટલે ગુણ અને વિરુદ્ધ એટલે પર્યાય. કેમકે પર્યાયમાં ઉત્પાદ-વ્યય થાય તે વિરુદ્ધ છે.

મુમુક્ષુ :- એકબીજાને?

ઉત્તર :- એકબીજાને. ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... ધ્રુવ તો અવિરુદ્ધ છે. એવું ને એવું છે. શું કહ્યું સમજાણું? ભગવાન આત્મા જે ધ્રુવ છે એ તો એવું ને એવું અવિરુદ્ધપણે છે, એકરૂપ. એકરૂપ કહો કે અવિરુદ્ધ કહો અને પર્યાય છે એ ઉત્પાદ-વ્યય છે. ઉત્પાદ-વ્યય. નવી ઉત્પન્ન થાય છે, જૂની જાય છે. ઉત્પાદ અને વ્યય તો વિરુદ્ધ થયો. ભાવ-અભાવ... ભાવ-અભાવ.. એ ભાવરૂપ છે. ત્રિકાળી વસ્તુ ભાવરૂપ છે, અવિરુદ્ધરૂપ છે, પણ પર્યાયમાં ઉત્પાદ એક સમયનો અનુભવ થયો, બીજે સમયે વ્યય થઈને બીજા સમયનો અનુભવ થયો. છે કે નહિ? ભગવાન! જુઓ, એ તમારે નક્કી થાય, આત્મા કબુલ કરે એવી ચીજ છે. આહા..હા..! એને ખ્યાલમાં આવે કે વાત તો આવી છે. આહા..હા..! દુનિયામાં .. દુનિયા જાણે દુનિયાની. ધ્રુવ જાણે ધ્રુવને, અહીંયાં તો એમ લીધું. આહા..હા..! અરે..! ગજબ વાત છેને. દુનિયા તો દુનિયામાં રહી. એની તો અહીં પરવા નથી. પણ અમારા વેદનમાં

ધ્રુવ ભલે ન હોય, તો ધ્રુવ ધ્રુવને ઘરે રહ્યું. અમારું વેદન એ મારો આત્મા છે, બસ.

મુમુક્ષુ :- ..વેદન...

ઉત્તર :- બસ, બસ એ. આહા..હા..!

જુઓ, '**લિંગ...**' લિંગ. લિંગ એટલે પ્રત્યભિજ્ઞાનનું કારણ. કોણ? સામાન્ય. સામાન્ય. એ ગ્રહણનો અર્થ કર્યો કે સામાન્ય. છે ધ્રુવ. સામાન્ય. '**તે જેને નથી...**' આત્માને સામાન્ય નથી. આત્માને ધ્રુવ નથી. '**તે અલિંગગ્રહણ છે;...**' અલિંગગ્રહણ છે. લિંગ નામ સામાન્ય, ધ્રુવ. અ-નહિ. આત્મામાં સામાન્યપણું છે જ નહિ. એનો અર્થ? '**આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત...**' એનો ખુલાસો કર્યો. આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત. આત્મા દ્રવ્યને આલિંગન કરતું જ નથી. કેમકે દ્રવ્યનો અનુભવ થતો નથી. શુદ્ધ પર્યાય જ આત્મા છે. દ્રવ્ય નથી. અમને અનુભવ થયો એ અમારો આત્મા. શુદ્ધ પર્યાય એ અહં અસ્તિ. એ ધ્રુવ ભલે હોય. છે તો ખરાને એમાં શું? અહીં તો પહેલા કહ્યું કે આત્મા પર્યાયને સ્પર્શતો નથી. ૧૯માં એમ કહ્યું. અહીંયાં કહ્યું કે આત્મા દ્રવ્યને સ્પર્શતું નથી. વીતરાગ માર્ગની લીલા એવી છે. સમજાણું કાંઈ? પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી એ તો હજી ઠીક કહે. આત્મા પર્યાયને સ્પર્શે નહિ, પણ (આ તો) આત્મા દ્રવ્યને સ્પર્શે નહિ. અરે..! ગજબ વાત છે. એ વસ્તુનું સ્વરૂપ એવું છે. પણ સ્યાદ્વાદ ન્યાયમાં વાત આવે કે નહિ? કે વેદન છે એ તો વર્તમાન પર્યાયનું વેદન અનુભવમાં છે. કાંઈ વેદન દ્રવ્યનું, ધ્રુવનું નથી. તો આત્મા વેદન કરે છે એ આત્મા શુદ્ધપર્યાય જ છે. એ આત્મા દ્રવ્યને સ્પર્શતું નથી. વેદનમાં દ્રવ્યને સ્પર્શતું નથી. પંડિતજી! બહુ અલૌકિક વાત છે, ભાઈ! આહા..હા..! આવી વાત સમજાણું? દિગંબર સંતો વિના ક્યાંય નથી.

મુમુક્ષુ :- પર્યાયને આશ્રયે તો...

ઉત્તર :- આશ્રય-ફાશ્રય નહિ. આશ્રય-ફાશ્રય નહિ. પર્યાયનો આશ્રય પર્યાય, પર્યાયનું વેદન પર્યાય. વેદનની અપેક્ષાએ ગણવું છેને. અનુભવ-અનુભૂતિ. એ આત્માની દશા ભોગવવામાં આવે છે. ધ્રુવ ભોગવવામાં આવતું નથી. ધ્રુવ ભોગવાતું નથી એ અપેક્ષાએ. શોભાલાલજી!

મુમુક્ષુ :- અનુભવ તે આત્મા.

ઉત્તર :- હા, એ આત્મા છે. એ પૈસા તમારા કરોડ-કરોડ, ૫૦, ૬૦, ૭૦ લાખ જે હોય, પણ તમારા ખાવામાં આવે થોડા રૂપિયા એ તમારા ગણાય. બાકી બધા છોકરા-બોકરાના. આહા..હા..! સમજાણું કાંઈ? એવી ચીજ છે. આહા..હા..!

અહીંયાં તો એ પણ સિદ્ધ કરવું છે કે આખું દ્રવ્ય પડ્યું છે આનંદનો કંદ. પણ એમાં પ્રગટ થઈ અનંતગુણની પર્યાય શુદ્ધ. સમ્યગ્દર્શન થયું તો દ્રવ્યને પકડીને થયું. તો દ્રવ્યમાં જેટલા ગુણ છે તેટલા સમસ્ત સમ્યગ્દર્શનની પર્યાયમાં સર્વગુણાંશ તે સમકિત. એવું શ્રીમદ્‌નું વાક્ય છે. આપણે અહીંયાં કહો તો જ્ઞાનાદિ સર્વનો અંશ પ્રગટે છે. સમજાણું કાંઈ? કહ્યું

હતું ત્યાં. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ત્યાં કહ્યું હતું એ જયપુરમાં. આદર્શનગર જયપુરમાં. પંડિત હતાને. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છેને? એમાં છે. જ્ઞાનાદિ પણ આ કહ્યું છે. એ સર્વે આવી ગયા. .. શું? એ ચોખવટ કરી છે. ચોખવટ કરી છે. જ્ઞાનાદિ પણ એ શબ્દ આવી ગયો. જુઓ, અહીં છે. આમાં હશે. આમાં કાઢોને આમાં છે. જ્ઞાનાદિ. કેટલામાં છે? હિન્દી કરતા આ ગુજરાતીમાં. હા એ. જુઓ, 'ચોથા ગુણસ્થાનમાં આત્માના જ્ઞાનાદિ ગુણ એકદશ પ્રગટ્યા છે.' જ્ઞાનાદિ નામ બધા આવી ગયા. જેટલા ગુણ છે એટલા ચોથા ગુણસ્થાનમાં બધા ગુણના વ્યક્ત અંશ પ્રગટે છે. શ્રીમદ્દે પછી એકદમ ચોખ્ખી ભાષા વાપરી કે 'સર્વ ગુણાંશ તે સમકિત.' જેટલા અનંતાનંત ગુણ છે એ સર્વે અંશે પ્રગટે એનું નામ સમકિત. એકલી સમકિતની પર્યાય ન પ્રગટે. કેમકે સમકિત આખા દ્રવ્યને પ્રતીત કરે છે. સમકિત પર્યાય આખા દ્રવ્યને પ્રતીત (કરે). તો જેટલા દ્રવ્યમાં અનંતા-અનંત ગુણ છે, અનંતા-અનંત. અમારા શેઠી લખી ગયા છે. એ બધા ગુણ ચોથા ગુણસ્થાને વ્યક્તરૂપ-અંશરૂપ પ્રગટે છે. તો એ અંશનું વેદન છે એમ કહે છે અહીંયાં? સમજાણું કાંઈ?

જુઓ, 'ચોથા ગુણસ્થાનમાં આત્માના જ્ઞાનાદિગુણ...' જ્ઞાન આદિ એટલે અનંતગુણો. 'એકદેશ પ્રગટ થયા છે.' એક અંશ ચોથે ગુણસ્થાન બધા ગુણનો... તો ચારિત્રગુણનો પણ એકદેશ આવ્યો કે નહિ. અમરચંદજી! ના પાડે છેને સ્વરૂપાચરણ. અરે..! ભગવાન! તને કાંઈ ખબર ન પડે અને શાસ્ત્રના અર્થ કરવા બેસે ભાઈ! જ્ઞાનાદિ એકદેશ પ્રગટ. તો જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ બધાની પર્યાય એક અંશ પ્રગટે છે. જેટલા ગુણ છે એટલી એક અંશ પ્રગટે એ ચોથું ગુણસ્થાન. તો વેદનમાં અંશ આવ્યો છે. વેદનમાં દ્રવ્ય નથી આવ્યું. પછી. 'તેરમા ગુણસ્થાનમાં આત્માના જ્ઞાનાદિ ગુણ સર્વથા પ્રગટે છે.' સર્વથા. સર્વ શબ્દ પહેલામાં આવી ગયો, પણ સર્વથા પર્યાયમાં પ્રગટ થયો એ કેવળજ્ઞાન. સમજાણું કાંઈ? 'જેમ દૃષ્ટાંતોની એક જાતિ છે એમ જેટલા ગુણ અવ્રત સમ્યગ્દષ્ટિને પ્રગટ થયા,' જેટલા. 'એને અને તેરમા ગુણસ્થાને જે ગુણ પ્રગટ્યા એની એક જાતિ છે.' જાત એક છે. કેવળજ્ઞાનીને અનંતા ગુણ પર્યાયરૂપે બધા પ્રગટ થઈ ગયા. પૂર્ણ. ચોથે ગુણસ્થાને અનંતા ગુણ પર્યાયમાં પૂર્ણ નથી. પણ અપૂર્ણ સર્વ અંશે પ્રગટ થયા.

મુમુક્ષુ :- જાતિ એક?

ઉત્તર :- જાતિ એક. જાતિ તો એક છે કે નહિ? સમજાણું કાંઈ? થોડું ઝીણું છે, પણ માલ છે એમાં. એકલા પકવાન છે.

મુમુક્ષુ :- પચે એવો પકવાન છે.

ઉત્તર :- પચે એવો જ પકવાન છે. સમ્યક્ થતાં રૂપાંતર-બધા ગુણની દશા બદલાઈ જાય છે. જ્ઞાન વ્યક્ત પ્રગટ, દર્શન વ્યક્ત પ્રગટ, શાંતિ વ્યક્ત પ્રગટ, આનંદ પ્રગટ, કર્તા-કર્મ જાતિ બધું કેવળજ્ઞાનમાં છે એ બધાનો અંશ અહીં પ્રગટ થાય છે. કહો, પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. નહિ... નહિ... નહિ... પ્રગટ-વ્યક્ત પર્યાયમાં આવે છે. ઉત્પાદ થઈ ગયું બધા ગુણની પર્યાય નિર્મળ. જ્ઞાનમાં આવે એ બીજી વાત થઈ. અહીં તો પ્રગટ-પ્રગટ છે એક સમયની પર્યાયમાં. જેટલા દ્રવ્યમાં ગુણ છે અનંતાનંત, એમાં જ્યાં અંતર એકાગ્ર થઈને જ્ઞેય કરીને બનાવ્યું અને પ્રતીત થઈ તો સર્વ ગુણની પર્યાય પ્રગટ થઈ ગઈ. શુદ્ધરૂપ સર્વગુણની પ્રગટ. જ્ઞાન તો કેવળજ્ઞાનીનું જ્ઞાન થાય છે અત્યારે અહીં જ્ઞાનમાં. એ અહીં (કેવળજ્ઞાન) પ્રગટ નથી. કેવળજ્ઞાનનું જ્ઞાન તો જ્ઞાનની પર્યાયમાં પ્રગટ થાય છે. તો એ નહિ. અહીં તો મતિશ્રુત જ્ઞાનની અવસ્થા વ્યક્ત-પ્રગટ છે. એવા દરેક ગુણની, આનંદની, કર્તા-કર્મની, પ્રભુતાની, જીવત્વશક્તિ, દર્શનની, જ્ઞાનની, વીર્યની. સમજાણું કાંઈ? .. ૪૭ શક્તિઓ છેને? પછી અનંત શક્તિ એક સમયમાં અંશરૂપે પ્રગટ છે. પ્રગટ છે એ આત્મા. આહા..હા..! કેમકે વેદન એનું છે. ધ્રુવનું વેદન નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! ભારે વાત! અજબગજબની વાત છે. આ તો કેવળજ્ઞાન લેવું છેને એમાંથી? ચીજ તો એવી હોય કે નહિ? કેવળજ્ઞાનનો નમુનો છે એ. એ જાતનો નમુનો છેને. એક જાત છે કે બીજી?

હજાર મણ રૂ લે રૂ. તો રૂનો માલ તો એ જાતનો છે કે ભાઈ આ માલ. આ રૂ. એમ સમ્યગ્દર્શનમાં અનંતગુણનો નમુનો પ્રગટ થઈ જાય છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વમાં બધું ઢંકાઈ ગયું છે. ભલે જ્ઞાનનો ક્ષયોપશમ છે પણ એ ક્ષયોપશમ પરાલંબી છે. એ સ્વનું જ્ઞાન નથી. એ ઢંકાઈ ગયું છે. પોતાના શુદ્ધદ્રવ્યનું અવલંબન કરીને જે ગુણની અનંતી પર્યાય પ્રગટ થઈ એનું વેદન છે. એ પર્યાય જ આત્મા છે એમ કહેવું છે અહીં તો. ધ્રુવને અડતું નથી માટે પર્યાય જ આત્મા અમારો. આહા..હા..! એ અપેક્ષાએ ઓલા આત્માનું વેદન નથી (કેમકે) ધ્રુવ છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! કોઈ વખતે પર્યાયને આત્મા વ્યવહારથી કહે, દ્રવ્યને આત્મા નિશ્ચયથી કહે. સમજાણું કાંઈ? પર્યાય એક અંશ છે તો વ્યવહાર આત્મા છે. ધ્રુવ ત્રિકાળી છે તો એ નિશ્ચય આત્મા છે. એ તો અસ્તિપણાની સિદ્ધિ કરવી છે. અહીં તો વેદનની સિદ્ધિ કરવી છે. સમજાણું કાંઈ? વેદનમાં તો આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવી, દ્રવ્યને સ્પર્શે નહિ એવી શુદ્ધપર્યાય છે. આત્મા દ્રવ્યને સ્પર્શે નહિ એવો આત્મા શુદ્ધ પર્યાય છે. શબ્દ લ્યો. શબ્દ જુઓ, સંસ્કૃત જુઓ.

મુમુક્ષુ :- આ શુદ્ધ પર્યાયથી...

ઉત્તર :- **'આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે...'** આત્મા શુદ્ધ પર્યાય છે. કેમકે વેદન એનું છે તો એ પર્યાય જ આત્મા છે. આહા..હા..! **'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** લ્યો આ ૨૦મો બોલ ભાઈ છેલ્લો આવી ગયો. સમજાણું કાંઈ? બહુ અલૌકિક છે. માલ નીકળીને અનુભૂતિ. વેદનમાં આવ્યું. હવે થોડી શક્તિની વ્યક્તિ... પરમાત્માને પૂર્ણ શક્તિ ... અનુભવમાં સિદ્ધ સમાન જે આનંદ કહે છે એ જાતની અપેક્ષાએ છે. જાતની

એ અપેક્ષા છે. સિદ્ધ સમાન આનંદ, પણ સિદ્ધ જેટલો આનંદ ચોથે હોય નહિ. .. વેદન છે. બારમે સુખ પૂર્ણ થઈ જાય, તેરમે અનંત સુખ હોય છે, બસ પૂર્ણ થઈ ગયું. પણ છે તો સુખની જાત ચોથે પ્રગટી એ જ જાત તેરમે પૂર્ણ થાય છે. સમજાણું કાંઈ? કહો, અહીંયાં ૨૦ બોલમાં છેલ્લો બોલ એ લીધો. સમય થઈ ગયો છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૯, શુક્રવાર, તા. ૦૫.૦૯.૧૯૬૯**
**ગાથા-૧૭૨, બોલ-૧ થી ૧૫, પ્રવચન-૨૫૫**

એ તો ૧૮ દિવસ લીધું. આ સંક્ષેપમાં લઈએ. શું કહે છે જુઓ, આ જૈનદર્શનનું રહસ્ય છે. પરમેશ્વર જેને આત્મા કહે એને અતીન્દ્રિય જ્ઞાનથી અંતર જાણવું, ત્યારે તેને સમ્યગ્જ્ઞાન થાય છે, ત્યારે તેને ધર્મ થાય છે. તો પહેલો બોલ એમ છે જુઓ, **'જેને લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી...'** પહેલો બોલ છે. જે ઈન્દ્રિયો છે એ સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? કોઈ કહે કે આ તો વેદાંત જેવું થઈ ગયું. ઈન્દ્રિયો વેદાંતમાં ક્યાં છે? ઈન્દ્રિય અને ઈન્દ્રિયથી જાણવું જે છે એ આત્મામાં નથી. છે. પાંચ જડ ઈન્દ્રિયો છે અને ખંડ ઈન્દ્રિય એનાથી જે જાણવું થાય છે શાસ્ત્ર શ્રવણ કરીને, વાંચન કરીને એ જ્ઞાન નથી. મગનભાઈ! એનું નામ સમ્યગ્જ્ઞાન નથી. એ તો પર્યાયની વાત ચાલે છે. સમ્યગ્જ્ઞાન પર્યાય છે. એ પર્યાય ઈન્દ્રિય અને મનથી લક્ષ કરીને વાંચન કરે, શ્રવણ કરે અને જે જાણપણું થાય છે એ આત્માનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ?

તો કહે છે કે **'ઈન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી...'** અનંતકાળથી તો ઈન્દ્રિય વડે જ જાણે છે. તો એ જ્ઞાન જ નથી એમ કહે છે. કેમકે અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે. તો પર્યાયમાં અતીન્દ્રિય જ્ઞાયકસ્વભાવનું લક્ષ કરીને જે જ્ઞાન થાય છે, એ જ્ઞાન આત્માનું અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. પંડિતજી! તે **'અતીન્દ્રિયજ્ઞાનમય છે...'** આત્મા તો અતીન્દ્રિયજ્ઞાનમય છે. ઓહો..હો..! દિવ્યધ્વનિ સાંભળતા જે જ્ઞાન થાય એ જ્ઞાન જ નથી. એમ કહે છે. મગનભાઈ! એ સમ્યગ્જ્ઞાન જ નથી. એને તો પરલક્ષી જ્ઞાનમાં બંધ થાય છે. પરસત્તાવલંબી જ્ઞાન હોય, સિદ્ધ કર્યું છે, પણ એ આત્માનું જ્ઞાન નથી. આહા..હા..!

મુમુક્ષુ :- પુદ્ગલ પદાર્થ...

ઉત્તર :- પુદ્ગલ પરમાં લીધું છે.

**'આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** એ પેલો

બોલ થયો. આ તો ટૂંકું-સાર લેવો છેને? બીજો. **'ગ્રાહ્ય એવા જેનું,...'** આત્માનું. જેને પહેલા હતું. જેને ઈન્દ્રિયો વડે જ્ઞાન નથી થતું. હવે જેનું-આત્માનું જ્ઞાન ઈન્દ્રિયથી નથી થતું. સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાન, ધર્મરૂપી જ્ઞાન, ધર્મનું જ્ઞાન એની વાત ચાલે છે. પહેલા કહ્યું કે **'જેને લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી...'** ઈન્દ્રિય દ્વારા જે જ્ઞાન થાય છે એ આત્મજ્ઞાન નથી. એમ કહે છે કે **'જેનું, લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી...'** આત્માનું ઈન્દ્રિયો વડે જાણવું થતું નથી. પહેલામાં એમ કહ્યું કે ઈન્દ્રિયો વડે જાણવું એનું નથી. આ તો કહે, ઈન્દ્રિયો વડે આત્માનું જાણવું જ નથી થતું. અતીન્દ્રિયજ્ઞાનમય છે. બધા અભ્યાસ-અભ્યાસ કરે છે તો એ પણ ઈન્દ્રિય જ્ઞાન છે એમ કહે છે. નવનીતભાઈ! આહા..હા..! ભારે વાત ભાઈ! શેઠી!

**'જેનું...'** એટલે કે આત્માનું **'ઈન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી...'** કે આ આત્મા અખંડાનંદ પ્રભુ છે. એ તો અતીન્દ્રિય જ્ઞાનથી આત્માનું જાણવું થાય છે. સમજાણું કાંઈ? તો ઈન્દ્રિયો છે. ઈન્દ્રિયથી જણાતું નથી તો ઈન્દ્રિય છે એનાથી જણાતું નથી એમ કહ્યુંને? ઈન્દ્રિયો સિદ્ધ છે અને અતીન્દ્રિય... દ્રવ્ય બાહ્ય, ખંડ ઈન્દ્રિય એનાથી પ્રત્યક્ષ, અંતરમાં ઈન્દ્રિય દ્વારા, (આત્મા) પ્રત્યક્ષ (ન થાય). અતીન્દ્રિય દ્વારા આત્માનું જ્ઞાન (થાય). ઈન્દ્રિય વડે થાય એ આત્મા નથી. આત્માનો અનુભવ ઈન્દ્રિય વડે થતો નથી. આત્માનું સમ્યગ્દર્શન, એની સાથે સમ્યગ્જ્ઞાન એ ઈન્દ્રિયથી થતું નથી. આહા..હા..! પંડિતજી! પાછળથી આવ્યા છેને? આખું સાંભળ્યું નથી એણે.

**'ઈન્દ્રિયો વડે ગ્રહણ થતું નથી...'** ભગવાન આત્મા એનું ઈન્દ્રિય વડે જ્ઞાન નથી થતું. એ તો અતીન્દ્રિય જ્ઞાન વડે એનું જ્ઞાન થાય છે. એનું નામ સમ્યગ્જ્ઞાન, ધર્મનું જ્ઞાન, મોક્ષના કારણરૂપ જ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાનથી (થાય) તે જ્ઞાન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવી વાત વેદાંતમાં છે? ઈન્દ્રિયો છે ને આમ છે. ઈન્દ્રિય ક્યાં, એ તો એક જ આત્મા માને છે. એ તો અહીંયાં હમણા આવશે. એ બે બોલ થયા. અહીં તો ૧૮ દિ' થયા ૨૦ બોલમાં. આ તો થોડું સંક્ષેપમાં કહીએ છીએ. આપણે ૧૮ થયાને કાલે? તો ૧૮ દિવસ ૨૦ બોલમાં ૧૮ દિવસ થયા. હવે આ તો થોડું છે.

ત્રીજો. **'આત્મા ઈન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી...'** એ બીજો બોલ કહ્યો. ઈન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી. હવે ત્રીજો **'જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે તેમ લિંગ દ્વારા એટલે કે ઈન્દ્રિયગમ્ય દ્વારા જેનું ગ્રહણ થતું નથી...'** અનુમાનથી ઈન્દ્રિય દ્વારા આ જ્ઞાન તે આત્મા એવો જે વિકલ્પ છે એથી આત્માનું જ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ? આ આત્મા પર છે તો ઈન્દ્રિયથી ચિહ્ન જાણે કે શરીર જીર્ણ થઈ ગયું, ઘણા અપવાસ છે, તપસ્યા બહુ છે, આવી ક્રિયા છે. તો એ વડે અનુમાનથી એ ધર્માત્મા છે એમ એમ (જ્ઞાન) થઈ શકે નહિ. સમજાણું કાંઈ? **'(ઈન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા) જેનું ગ્રહણ**

**થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઈન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી...'** ત્રણ બોલ થયા.

'**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી...'** બીજા અનુમાનથી આત્માને જાણે એવો આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ચોથા બોલમાં નહોતા તમે નહિ? નહોતા. ઠીક આવી ગયું. એ તો એક-એક દિવસમાં ૧૮ દિવસ થયા ૨૦ બોલમાં. આ તો ટૂંકું લીધું છે. કહે છે કે '**બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી...' 'આ રીતે આત્મા અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય) નથી...'** એ તો જ્ઞાન દ્વારા આત્મા પ્રત્યક્ષ થાય છે. પોતાને પ્રત્યક્ષ જ્ઞાન થાય તો બીજાને પ્રત્યક્ષ જ્ઞાન છે એનું જ્ઞાન કરી શકે છે. અનુમાન દ્વારા પોતાથી પરનું જ્ઞાન થાય એવો આત્મા છે જ નહિ. ઓહો..હો..! ભારે વાત. સમજાણું કાંઈ? તો કહે છે કે પરોક્ષ જ્ઞાન છે. ઈન્દ્રિય દ્વારા એ તો પરોક્ષ છે, અનુમાન પણ ખરેખર પરોક્ષ છે. અંતરમાં જેને અતીન્દ્રિય જ્ઞાનનું (જ્ઞાન) થયું હોય, એ બીજાનું અતીન્દ્રિય જ્ઞાનનું (જ્ઞાન) કરી શકે છે કે આ અતીન્દ્રિય જ્ઞાન તે આત્મા છે. સમજાણું કાંઈ? કહે છે કે અનુમાનથી જ્ઞાન થાય એવો આત્મા છે જ નહિ. એ ચોથો બોલ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાન નથી. અતીન્દ્રિય જ્ઞાન હોય તો એનું જ્ઞાન થઈ શકે. એવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનો (પોતાનો) આત્મા કેવો છે એવું જેને અતીન્દ્રિય જ્ઞાન થયું એ પરનું યથાર્થ જ્ઞાન કરી શકે છે. અલૌકિક વાત છે. ૨૦ બોલમાં તો આખા જૈનદર્શનનું રહસ્ય ભરી દીધું છે એમાં. સમજાણું કાંઈ? .. એવા અર્થની પ્રાપ્તિ થાય છે. અનુમાનથી નહિ.

'**જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી...'** આત્મા અનુમાન કરનારો છે જ નહિ. આત્મા એકલો અનુમાન કરે એવો આત્મા છે જ નહિ. આહા..હા..! પ્રત્યક્ષ આત્મા છે એવો આત્મા છે. મતિ-શ્રુતજ્ઞાન વડે આત્મા પ્રત્યક્ષ થાય છે એનો એવો જ સ્વભાવ છે. અનુમાન દ્વારા આત્માનું જ્ઞાન થાય એવો આત્મા છે નહિ. એટલે આત્મા પરનું (જ્ઞાન) અનુમાનમાત્રથી કરે એવો અનુમાતામાત્ર આત્મા છે જ નહિ. આહા..હા..! ભારે વાત! આ આત્મા આખા બાર અંગનો સાર તો એ છે. તો એ સમજવામાં આ ચીજ આવી છે. સમજાણું કાંઈ? ગમે તેટલી ક્રિયાકાંડ કરી કરીને મરી જાય.

મુમુક્ષુ :- એમાં મરે છે ક્યાં વાત આવી?

ઉત્તર :- મરી જાય.. ..આવે છેને નિર્જરા અધિકારમાં. ભુક્કો થઈ જાય એમ લખ્યું છે. મરીને શરીરનો ભુક્કો થઈ જાય જીર્ણ. ચુર-ચુર. એ નિર્જરા અધિકારમાં આવે છે. એનાથી આત્મા જણાતો નથી. દયા, દાન, વ્રત, કષાયની મંદતા વડે જણાતો નથી, એ તો સ્થૂળ

છે. પણ એકલું અનુમાન કરનારો આત્મા નથી અને અનુમાન દ્વારા જણાતો નથી. ..ભાઈ! ભારે કામ ભાઈ! આહા..હા..! ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રત્યક્ષ આત્મા જ્ઞાનસ્વભાવમાં પ્રત્યક્ષ થાય એવો જ આત્મા છે. પરોક્ષ રહે અને અનુમાનથી પોતાનું જ્ઞાન થાય કે પરનું થાય એવો આત્મા છે જ નહિ. કહો, સમજાણું કાંઈ? પાંચ બોલ.

'**લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે...**' હવે અસ્તિ આવ્યું. હવે ઈ છે કેવો? પાંચ તો નકારથી કહ્યું. '**સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' લ્યો અસ્તિ કરી. આત્મા જ એવો છે કે મતિ-શ્રુતજ્ઞાન વડે, મન અને રાગની અપેક્ષા રાખ્યા વિના સીધો મતિ-શ્રુત જ્ઞાન વડે આત્મા જણાય છે એવો શુદ્ધ પ્રકાશસ્વભાવ આત્મા છે. પંડિતજી! બહુ ઝીણી વાત છે આ. ભણી-ભણીને ભણે (અને) આ સાર કાઢે નહિ તો બધા મીંડા છે એમ કહે છે. '**સ્વભાવ વડે ગ્રહણ થાય છે.**' પ્રત્યક્ષ જ્ઞાતા છે. '**પ્રત્યજ્ઞ જ્ઞાતા છે...**' પોતાનો નિર્મળ સ્વભાવ. રાગ નહિ, ઈન્દ્રિય સંબંધી જ્ઞાન નહિ. અતીન્દ્રિય જ્ઞાન એવો પ્રત્યક્ષ, એ પ્રત્યક્ષ દ્વરા જ આત્મા થાય છે ચોથે ગુણસ્થાને. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને આત્મા સીધું... ઈન્દ્રિયનું જ્ઞાન નથી, કષાયની મંદતા નથી. એના આશ્રયે આત્માનું જ્ઞાન થતું નથી. વસ્તુ એવી છે. ભગવાન ચિદાનંદ પ્રત્યક્ષ પ્રભુ. પોતાના સ્વભાવથી, જુઓ, '**સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે...**' કષાયની મંદતાથી, શુદ્ધોપયોગથી અને શુભરાગથી જણાય અને નિશ્ચય થાય છે (એમ નથી).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ ઉપાદેય નથી, ઝેર છે. સમજાણું કાંઈ? ઝેર ન માને ત્યાં સુધી સ્વભાવનો આશ્રય કરશે નહિ. વાત એવી છે, ભાઈ! સમજાણું કાંઈ? દેવીલાલજી! નવા પંડિત આવ્યા છેને પહેલા-વહેલા બાબુલાલજી?

'**સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે...**' તેને આત્મા કહે છે. મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા આત્મા અનુભવમાં પ્રત્યક્ષ થાય એવો જ આત્મા છે. પરોક્ષ રહે એને આત્મા કહેતા નથી. આહા..હા..! એ તો સમ્યગ્દર્શન શું છે એની ખબર પણ નથી. એય..! પંડિતજી! ગપ્પા માર્યા. ખબર નથીને ખબર નથી. પરમેશ્વરનું પેટ શું છે? ભગવાન! તું તારી જાત સ્વભાવથી જણાય એવો તું છો. કજાત રાગાદિ છે એનાથી જણાય એવો તું છો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો ઈન્દ્રિયથી જ્ઞાન થાય, ભગવાનની વાણી સાંભળવાથી, શાસ્ત્ર વાંચનથી—એનાથી જ્ઞાન નથી થતું, પછી વળી કષાયની મંદતા અને શુભરાગથી આત્માનો અનુભવ, ધર્મ થાય એવો આત્મા નથી. એણે આત્મા જાણ્યો નથી, માન્યો જ નથી. જેમાં એમ લાગે કે રાગની મંદતા શુભોપયોગ હોય તો જણાય. એને આત્મા કેવો છે એને જણાતો નથી. ભગવાને કહ્યો એ આત્માની

એને ખબર નથી.

મુમુક્ષુ :- શુભ ઉપયોગ હોય તો શુદ્ધ ઉપયોગ થાય.

ઉત્તર :- ખોટું કહે છે. શુભોપયોગ હોય તો શુદ્ધ ઉપયોગ અજ્ઞાની માને છે. એને આત્માની ખબર નથી, ભગવાન શું કહે છે એની ખબર નથી. શાસ્ત્ર શું કહે છે એની ખબર નથી. ગુરુ શું કહે છે એની ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! સ્વભાવ વડે આત્મા જણાય છે. ભારે ભાઈ વાત. એય..! ..ભાઈ! ગુરુ વડે જાણવામાં નથી આવતું એમ કહે છે. ભગવાનની સાક્ષાત્ વાણી સાંભળવાથી પણ જણાતો નથી એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- એવું ક્યાં લખ્યું છે?

ઉત્તર :- શું કહ્યું? પહેલા આવ્યુંને ઇન્દ્રિયમાં? ઇન્દ્રિયજ્ઞાન પહેલા આવ્યું કે નહિ? તો ઇન્દ્રિયથી સાંભળવું એ શું છે? .. નથી નીકળતું શું? એ સ્પષ્ટીકરણ કરાવે છે. કહો, સમજાણું કાંઈ? પરમાત્મપ્રકાશમાં તો ઘણું લીધું છે. જેનું જ્ઞાન દિવ્યધ્વનિથી પણ થતું નથી. જેનું જ્ઞાન શાસ્ત્ર.. થતું નથી. એવો શબ્દ છે. પરમાત્મપ્રકાશમાં મૂળ પાઠ હોં. મૂળ શ્લોક. પરમાત્મપ્રકાશ છે. ક્યા શ્લોકમાં હોય શી રીતે ખબર પડે? ઇન્દ્રિય, દિવ્યધ્વનિ વડે પણ જેને જ્ઞાન થતું નથી એવો આત્મા છે. આહા..હા..! પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરથી ભિન્ન છે. ઇન્દ્રિયજ્ઞાનથી પણ ભિન્ન છે. ઇન્દ્રિયજ્ઞાન બંધનું કારણ છે, ભગવાનની વાણી સાંભળે એનાથી જે જ્ઞાન થાય એ બંધનું કારણ છે. રાડ નાખે માણસ. અરરર..! જો અબંધનું કારણ હોય તો એ તો અનંતવાર સાંભળ્યું છે. સમવસરણમાં જઈને દિવ્યધ્વનિ અનંતવાર સાંભળી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનંતવાર સમવસરણમાં ગયો અને દિવ્યધ્વનિ સાંભળી. મણિરત્નના દીવા અને કલ્પવૃક્ષના ફૂલ. જય નારાયણ, જય પ્રભુ ભગવાન. સમજાણું કાંઈ? પણ પોતાની આરતી ઉતારી નથી. મગનભાઈ! આહા..હા..! ત્રણ લોકના નાથ પરમેશ્વર કહે છે, મારી પણ એણે આરતી અનંતવાર ઉતારી છે એમ કરીને. એ તો વિકલ્પ છે, પરલક્ષીજ્ઞાન છે. એનાથી આત્મા સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતો નથી. આહા..હા..! માસ્તર! ભારે વાત ભાઈ! એ છ બોલ થયા.

સાતમો. **'જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ...'** ઉપયોગમાં જ્ઞેયપદાર્થનું આલંબન છે એ ઉપયોગ નથી. ઓલું આત્મા નથી એમ કહ્યું હતું. ઓહો..હો..! જ્ઞાનનો વેપાર ચાલે એમાં જ્ઞેયનું આલંબન હોય, વીતરાગની વાણી, શાસ્ત્ર, ભગવાનની મૂર્તિ, સમવસરણ. સમજાણું કાંઈ? એ આત્માને જાણવામાં, જાણવામાં એટલે પર્યાયમાં, પરજ્ઞેયનું આલંબન છે તે ઉપયોગ નથી. તે આત્માનો ઉપયોગ નથી. એ અનુપયોગ જડ છે. એક

વાર સાંભળે તો ખરા. સમજાણું કાંઈ? વાત તો એવી છે, ભાઈ! એવી અલૌકિક વાત. વીતરાગના માર્ગનું પેટ છે એ. અલૌકિક વાત છે. લોકો તો ક્યાંના ક્યાં માનીને બેઠા છે. છ બોલ સુધી તો આત્મા લીધો. હવે આત્માનો વેપાર જે જ્ઞાનનો છેને, એ ઉપયોગમાં જેટલું નિમિત્તનું અવલંબન થાય એ ઉપયોગ નથી. એ અનુપયોગ છે, એ અચેતન છે, એ જડ છે. એ ઉપયોગ નથી. ઉપયોગ તો એને કહીએ કે ત્રિકાળી જ્ઞાયક ભગવાનને અવલંબીને જે ઉપયોગ પ્રગટ્યો એને ઉપયોગ કહે છે. પંડિતજી! સાંભળે તો ભડકે બિચારા. આહા..હા..! સત્‌ની ખબર નથી અને જાવ જોડાઈ જાવ, ક્રિયાકાંડ કરો આમ ને તેમને. મરી જાય નહિ ક્રિયાકાંડ કરીને.

મુમુક્ષુ :- જૈન તો છે...

ઉત્તર :- જૈન પણ નથી. જૈન ક્યાંથી આવ્યો? એ અમારે શેઠ વળી બચાવ કરે છે જરી. જૈન ક્યાંથી થયો? જૈન કોને કહે છે?

મુમુક્ષુ :- આત્માનો અનુભવ કરે તે જૈન.

ઉત્તર :- આત્મા જૈનસ્વરૂપ જ છે. આત્મા જિન વીતરાગસ્વરૂપ છે. તો વીતરાગ સ્વરૂપનો આશ્રય કરીને જે પર્યાયમાં વીતરાગતા પ્રગટે કરે તે જૈન છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, ભીખાભાઈ! રાડ નાખે એવું છે માણસ. બધું આવી ગયું છે આપણે હોં. ૨૦ બોલ ૧૮ દિ' ચાલ્યા. આ તો જરી કાલે બોલ્યા હતા એટલે થોડું... વેદાંતની સાથે આનો મેળ ખાય છે એમ જરીએ છે નહિ. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરે કહેલો માર્ગ એ આત્માનો આવો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

'**ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી...**' આહા..હા..! આ ઉપયોગને જ્ઞેયનું આલંબન, જે ઉપયોગને પોતાના જ્ઞેયનું આલંબન નથી અને ઉપયોગને પરના જ્ઞેયનું આલંબન છે એ ઉપયોગ નથી. અમૃતલાલજી! જુઓ આ. અમૃતસાગર ભગવાન આત્માના અંદરમાંથી ઉપયોગ આવે તેને ઉપયોગ કહે છે. આહા..હા..! એ '**ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી...**' '**આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી...**' બાહ્ય પદાર્થનું નિમિત્ત હોય... ઉપાદાન પોતાની પર્યાય છે. એ ઉપાદાનની પર્યાય પોતાથી પ્રગટી, પણ નિમિત્તના લક્ષે ઉત્પન્ન થઈ છે એ ઉપયોગ નથી.

મુમુક્ષુ :- નિમિત્ત ક્યાં નડ્યું છે?

ઉત્તર : નિમિત્ત ક્યાં નડે છે. સ્વ આલંબન ચૈતન્ય ભગવાનમાં જે આનંદકંદ પૂર્ણ '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं**' નિત્ય ત્રિકાળી જ્ઞાનદર્શનના ઉપયોગસ્વરૂપ જ ભગવાન છે. એવી અંતરમાં દૃષ્ટિ કર્યા વિના સત્ય ઉપયોગ આવતો નથી. બાહ્ય જ્ઞેયના જેટલા આલંબનવાળો ઉપયોગ અચેતન છે. રાગને અચેતન કહ્યો, હવે આ ઉપયોગને પણ

અચેતન કહ્યો. રાડ નાખી જાયને. કષાયની મંદતા દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ અચેતન છે, જડ છે, આત્મા નથી. પણ અહીંયાં તો ઇન્દ્રિયના આલંબનથી જ્ઞાન થયું એ ચૈતન્ય આત્મા નથી. સમજાણું કાંઈ? ભગવાનની વાણી સમજવી, એનો ભાવ (સમજવા) એ કાયરના કામ નથી. સમજાય છે કાંઈ?

**'આલંબન નથી...'** આલંબન નથી. આહા..હા..! ભગવાનને દેખે, પરમાત્મા આવા છે, આમ છે, મૂર્તિ જોવે. આલંબન થયુંને? આલંબન થયું. આલંબનથી જે જ્ઞેય જ્ઞાનમાં (જણાયું) કહે કે એ ઉપયોગ નથી. ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ ચૈતન્ય એના આશ્રયે જે ઉપયોગ પ્રગટે તે ઉપયોગ છે. નવરંગભાઈ! છે આવું વેદાંતમાં? એણે બહુ વેદાંતનું પડખું સેવ્યું હતું. આ તો વાત છે. બાપુ! આ તો અલૌકિક વીતરાગ સર્વજ્ઞ સ્વભાવી આત્માનો માર્ગ છે. સર્વજ્ઞસ્વભાવી આત્મા. આત્મા જ સર્વજ્ઞસ્વભાવી છે. એની અંતરમાં દૃષ્ટિ કરવાથી જે ઉપયોગ પ્રગટે એ આત્માનો ઉપયોગ છે. સ્વપરપ્રકાશક ઉપયોગ ન હોય તો એ ઉપયોગને ઉપયોગ કહેતા નથી. જ્ઞેયના આલંબનમાં, નિમિત્તના આલંબનમાં એકલું પરપ્રકાશક જ્ઞાન થાય. ભગવાન તો સ્વપરપ્રકાશક સ્વરૂપ છે. તો પરપ્રકાશસ્વરૂપ જે જ્ઞાન છે એ તો મિથ્યાજ્ઞાન થયું. બાબુલાલજી! ન આવ્યું? ફરીને. ભગવાન આત્માનો તો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. તો જે પર્યાયમાં નિમિત્તના અવલંબને પરનું જ્ઞાન થયું એ તો એકલું પરપ્રકાશક જ્ઞાન થયું. સ્વપરપ્રકાશક જ્ઞાન થયું નથી તો પરપ્રકાશક જ્ઞાનને ઉપયોગ કહેતા નથી. ભારે વાત ભાઈ!

**'આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી...'** આહા..હા..! નવ પૂર્વ ભણી લે તોપણ, કહે છે કે એ આત્માનું જ્ઞાન નથી. આત્મા તો અંદરમાંથી, ચૈતન્યમૂર્તિમાંથી એક કણ પણ આવ્યો અંદરમાંથી ઉકેલ મેળવીને, જ્ઞાયકભાવ આખો ઉપયોગમય આત્મા ત્રિકાળી, એમાં અંતર દૃષ્ટિ દેવાથી નિર્વિકલ્પ જાણવા-દેખવાનો ઉપયોગ પરિણમે છે તે આત્માનો ઉપયોગ. સમજાણું કાંઈ? આ ૨૦ બોલ થોડું લઈ લઈએ કીધું. કાલે લેવાનો ભાવ હતો, પણ કાલે છેલ્લો પૂરો થઈ ગયો. કેટલાક નહોતા. ..ભાઈ નહોતા આ પણ .. નેમિદાસભાઈ નહોતા. ત્યાં રખડતા હતાને પોરબંદર? સાત બોલ થયા. સાત થયાને?

આઠ. **'ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી...'** બહારથી ઉપયોગ આવતો નથી એમ કહે છે. આહા..હા..! ભગવાન ઉપયોગમય ચિદાનંદ **'सव्वण्हुणाणदिट्ठो'** એ ઉપયોગમય છે. એનો આશ્રય કરીને જે ઉપયોગ થાય તેને ઉપયોગ કહેવામાં આવે છે. **'પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી...'** આહા..હા..! બીજી રીતે વાત કરી છે. ઉપયોગ બહારથી નથી આવતો. પોતાનો ઉપયોગમય સ્વભાવ છે એ ઉપયોગ બહારથી નથી આવતો. બહારથી આવે એને ઉપયોગ કહેતા નથી. ઓહો..હો..! શેઠી! શેઠી પહેલેથી હતા કે નહિ? પહેલેથી હતા? એ પછી વાત. એ અંતર કહ્યુંને. એમાં એમ કહ્યું કે લિંગ દ્વારા હતો તે ઉપયોગ નથી, હવે અહીં ઉપયોગ બહારથી લવાતો નથી એટલી વાત. અંદરથી લવાતો નથી, પણ

બહારથી લવાતો નથી. અંદરથી આવે એમ સિદ્ધ કરવું છે તો બહારથી લવાતો નથી. ઓલામાં જ્ઞેયનું અવલંબન નથી એટલો ઉપયોગ કહ્યો. હવે એ ઉપયોગ બહારથી નથી આવતું. અવલંબનવાળો જે ઉપયોગ છે એને બહારથી આવ્યો એમ કહેવામાં આવે છે. એવું ઉપયોગમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓ, સમ્યગ્દર્શનનો જ્ઞાનોપયોગ એ ઉપયોગ અંતરમાંથી આવે છે. સમુદ્ર ઉછળીને આવે છે. તે વખતે દાખલો આપ્યો હતો. સમુદ્રમાં ભરતી આવે છે તે મધ્યમાંથી આવે છે. રાતે પાણી પછી .. નદી તો એમાં ભરતી નથી આવતી. ભરતી સમજ્યા? બાઢ. બહારના પાણીથી ભરતી નથી આવતી. એમ નિમિત્તના અવલંબને જ્ઞાન થાય એ આત્માનું જ્ઞાન નથી. અને એ જ્ઞાન બહારથી લાવ્યા છે ઉઘાડ કરીને, ગુરુ પાસેથી સાંભળીને લાવ્યો એ જ્ઞાન નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ કથન તો વ્યવહારના બહુ છે. શાસ્ત્રમાં એમ આવે છે. અને મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું નહિ? સામાન્ય જ્ઞાનથી વિશેષ બળવાન છે. લ્યો! એમાં કહે અભ્યાસ નથી કરતા? કોઈ કહે કે બહારનું જ્ઞાન તે જ્ઞાન નથી. તો અભ્યાસ છોડી દે છે. તો કહે છે કે અભ્યાસ કરવાથી જ્ઞાન નિર્મળ થાય છે. એ દર્શન-જ્ઞાન નિર્મળ થાય છે એમ કહ્યું ત્યાં. એનો અર્થ કે બહારનું જ્ઞાન નિર્મળ થાય છે એ વ્યવહાર છે. એને છોડીને અંતરનું નિર્મળ જ્ઞાન થાય એનું નામ નિશ્ચય છે. સમજાણું કાંઈ? વ્યવહારની કથની તો બહુ આવે છે, પણ સમજવું જોઈએ કે તે અભૂતાર્થ છે. એનો એ અર્થ કરે છે. ... બહારથી જ્ઞાન આવતું નથી એટલે કે જે ઉઘાડ દેખાય છે એને કહે છે. એ ઉઘાડ દેખાય એ બહારથી નથી આવ્યો. બહારથી આવ્યું તે જ્ઞાન જ નથી. અંતરમાં ઉઘાડ જોવે છે અંદરના સ્વભાવમાંથી વિકાસ થાય તેને ઉપયોગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ આઠમો બોલ થયો.

'**ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી...**' મંગળિક. જાણન-દેખન જે ઉપયોગ છે એ દ્રવ્ય સાથે સંબંધ રાખે છે. એ ઉપયોગનું કદી હરણ નથી થતું. એ ઉપયોગ કદી પાછું પડતું નથી. એમ દ્રવ્ય સાથે .. જડ છે. જ્ઞાયક ભગવાન સાથે જ્ઞાનની પર્યાયને જોડી છે તો દ્રવ્ય પડે તો ઉપયોગ પડે. સમજાણું કાંઈ? પડી જાય છેને? એ ઉપયોગ નથી. પડે તે ઉપયોગ નથી. સમજાણું કાંઈ? થોડું વિશેષ કહ્યું હતું. .. ભલે સ્થિર હોય એ બીજી વાત છે. મિથ્યાત્વ થઈ જાય એ અનુપયોગ હોય છે. ઉપયોગથી નથી થતું. ઉપયોગ તો જ્ઞાન જેનો ભાવ છે એની સાથે મીટ માંડી છે. જાણવા-દેખવાનો ઉપયોગ જે છે એની તો દ્રવ્યસ્વભાવથી મીટ છે. દ્રવ્યસ્વભાવની સાથે સંધિ કરી છે એ ઉપયોગનું હરણ કદી થતું નથી. એ ઉપયોગ પાછો પડતો નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ? આજે થોડું-થોડું લેવું છેને જરી. વ્યાખ્યાનમાં ઘણું આવી ગયું છે.

**'હરણ થઈ શકતું નથી...'** આહા..હા..! એ ઉપયોગનો ઘાત નથી થતો. એ ઉપયોગની હીનતા નથી થતી. આહા..હા..! ભગવાન જ્ઞાનસાગર પ્રભુ ચિદાનંદની સાથે જ્યાં પોતાને જોડી દીધો છે. સમજાણું કાંઈ? જેણે પોતાનો જ્ઞાનવેપાર આત્મદ્રવ્ય સાથે જોડી દીધો તે ઉપયોગ. તો આત્માની સંધિ કરીને જે ઉપયોગ થયો એ ઉપયોગ કેમ પડે? ઉપયોગ પાછો ફરે નહિ. દ્રવ્યનો અભાવ થાય તો ઉપયોગ પાછો ફરે. એનો અર્થ કે દ્રવ્યનું લક્ષ છૂટી જાય એ તો અનુપયોગ થઈ ગયો. એ તો અનુપયોગવાળો પડે છે. ઉપયોગ પડતો નથી. આહા..હા..! ... ઓલા સત્તામાં આવે છેને. કે જ્ઞાની જ્ઞાન સમજે છે, અજ્ઞાની નહિ. ... જ્ઞાની જ્ઞાનને સમજે છે, અજ્ઞાની નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! અસ્તિ જેનું જ્ઞાન છે એ જ્ઞાન જ્ઞાની જ સમજે છે. સત્તા (સ્વરૂપ)માં આવે. આપણે આવી ગયું છે પુસ્તક. જ્ઞાની સમજે છે, જ્ઞાની સમજે છે. અજ્ઞાની સમજે એ વાત હોઈ શકે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

જેને જ્ઞાન-લક્ષ થયું દ્રવ્યનું એ સમજી શકે છે. અજ્ઞાન છે એ અજ્ઞાની ક્યાંથી સમજે? એનો અભાવ કરે તો સમજે. એ તો જ્ઞાની સમજે છે, અજ્ઞાની સમજતા નથી. સત્તાસ્વરૂપમાં બહુ લીધું છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! **'આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી...'** ભગવાન આત્માનો ઉપયોગ હરી નથી શકાતું. હરણ કહ્યું તો હરણીયું છે? કહે છેને કે એ સીતાજીનું હરણ થયું તો ક્યારે સીતાજી થશે? સીતાજીનું આખું વ્યાખ્યાન સાંભળ્યું. સીતાનું હરણ થઈ ગયું. તો કહે મહારાજ! સીતાજીનું હરણ થઈ ગયું તો હરણની સીતાજી ક્યારે થયા પછી? આવા ને આવા સાંભળનારા. માળા હરણનો અર્થ મૃગ થઈ જાય? સીતાજીને રાવણ લઈ ગયો એનું નામ હરણ છે. હરણ શું હરણ-મૃગલો થઈ ગયું. હરણ થઈ ગયું એમ કહે છેને. અરે..! બરાબર સાંભળી રામાયણ? કહે હા. બધું સાંભળ્યું પણ સીતાજીનું હરણ થયું તો હરણના સીતાજી ક્યારે થયા? આ સાંભળ્યું. ભાન ન મળે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા પોતાનો જ્ઞાનનો ઉપયોગ જે દ્રવ્ય સાથે કર્યો છે એને હરી શકાતો નથી નામ નાશ નથી થતો. .. કઈ રીતે ... સમજાણું કાંઈ?

દશમો. **'ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ નથી...'** એ ઉપયોગમાં રાગ નથી, રાગ ને ઉપયોગ કહેવામાં આવતો નથી. **'શુદ્ધોપયોગસ્વભાવી છે...'** જુઓ, શુભરાગસ્વભાવી આત્મા નથી. દયા, દાન, વ્રત, ભક્તિનો શુભોપયોગ એ આત્માનો સ્વભાવ નથી અને એ આત્મા જ નથી. આહા..હા..! અણાત્માથી આત્મા જણાય? પરંપરા પણ નથી. ખોટી વાત છે. એ તો સમ્યગ્દૃષ્ટિનો રાગનો અભાવ છે અને શુભ છે, પછી અભાવ કરીને વીતરાગથી સ્થિરતા થશે એ અપેક્ષાએ (કહ્યું). રાગથી બિલકુલ આત્માને લાભ નથી.

મુમુક્ષુ :- નુકસાન તો નથીને?

ઉત્તર :- પૂરું નુકસાન. રાગ તરફની રુચિ છે એને પૂરું મિથ્યાત્વભાવનું નુકસાન છે. સમજાણું કાંઈ? કારણ કે આત્મા એવો ઉપયોગી છે જ નહિ. જુઓ શું કહે છે? **‘આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે...’** આહા..હા..! આ તો ચોથા ગુણસ્થાને આત્માનું જ્ઞાન થાય છે એ શુદ્ધોપયોગમાં થાય છે એમ કહે છે. રાડ નાખે છે ઓલા તો. ચોથે સ્વરૂપાચરણચારિત્ર ન હોય, ઢીંકણું ન હોય, ફીકણું ન હોય. વીતરાગ ચારિત્ર સાથે અવિનાભાવી સમકિતી નિશ્ચય કહે છે. આવે છેને? પણ એ વીતરાગ આ ચોથે ગુણસ્થાને વીતરાગ છે, સાંભળ તો ખરો. વીતરાગ જ છે. સમજાણું કાંઈ? .. શું કહે છે? વીતરાગ ચારિત્રમાં .. શું છે? .. છે? પ્રવચનસારનું .. જયધવલ. આ? જયસેનાચાર્યનું છે આમાં? આ. આ? એ છે. માથે ઓલું. ક્યાંક છે વીતરાગ નિશ્ચય. ઘણે ઠેકાણે મગજમાં આવી ગયું. ‘વીતરાગ ચારિત્રના અવિનાભાવી સમકિતને નિશ્ચય સમકિત કહે છે.’ એવી વાત લે છે ભાઈ! સમજાણું કાંઈ? ... અને વીતરાગ ચારિત્રનો અર્થ અહીંયાં સ્વરૂપની દૃષ્ટિ થઈ અને સ્વરૂપચારણ થયું એ વીતરાગ સમકિત છે. એટલું વીતરાગ ચારિત્ર છે. એટલે એમ કહે છે કે ઉપરના (ગુણસ્થાને) વીતરાગ ચારિત્ર જ્યારે થાય ત્યારે નિશ્ચય સમકિત થાય. એમ નથી. ચોથા ગુણસ્થાન નિશ્ચય સમકિત છે. સમજાણું કાંઈ? શુદ્ધોપયોગ સ્વભાવી ભગવાન આત્મા પહેલાથી છે. અનાદિનો સ્વભાવ એવો છે અને શુભમાં રોકાય છે એને શુદ્ધ સ્વભાવી ઉપયોગ થઈને આત્માનું જ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ? કાંઈક ચિહ્ન કરીને છે.

વીતરાગ નિશ્ચય સમકિત છે. વીતરાગ .. સૂર્યના કિરણમાં જેમ કોલસાનો કણ નથી. સૂર્યના કિરણમાં કોલસાનો કણ નથી, એમ ભગવાન આત્માના ઉપયોગમાં રાગનો કણ નથી. સમજાણું કાંઈ? રાડ નાખે. ઘણા દિવસથી ચાલે છે ભાઈ! એક સાથે થોડો ઉપસંહાર કરીએ છીએ. જુઓ શું? શુદ્ધોપયોગસ્વભાવી છે તો એને શુભ અને અશુભભાવ તો છે કે નહિ? છે, પણ એ આત્મા નથી. શુદ્ધોપયોગસ્વભાવી આત્મા છે. તો શુદ્ધોપયોગ જ્યારે થાય ત્યારે આત્મા પકડાય છે. શુભથી પકડાતો નથી. કહો, સમજાણું કાંઈ? દશ બોલ થયા.

**‘લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...’** ઓહો..હો..! આત્મા એને કહીએ કે જે પુદ્ગલનું ગ્રહવું થાય એમાં નિમિત્ત ન થાય એનું નામ આત્મા. કેમકે પુદ્ગલ ગ્રહણમાં નિમિત્ત તો રાગ અને દ્વેષ છે. તો રાગ-દ્વેષ એ આત્મા નથી. સમજાણું કાંઈ? **‘લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી...’** આહા..હા..! રાડ નાખે. આખું ગોમ્મટશાર, ૧૪૮ પ્રકૃતિ ને આમ ને તેમ, કર્મગ્રહણ. ભાઈ! એ આત્મા કર્મ પરમાણુની યોગ્યતાથી જે આવે છે એમાં નિમિત્ત થવું તે આત્મા નથી. એ તો રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ નિમિત્ત થાય છે. આત્મામાં એ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? **‘કર્મનું ગ્રહવું જેને નથી...’ ‘આ રીતે આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત છે...’** આત્મા

એને કહીએ કે દ્રવ્યકર્મનો સંબંધ નથી. આહા..હા..! ચોથે ગુણસ્થાનથી હોં. સમ્યગ્દર્શન થયું તો દ્રવ્યસ્વભાવના આશ્રયે થયું. એ સમ્યગ્દર્શન કર્મ આવવામાં નિમિત્ત નથી. કર્મનો સંબંધ જ નથી એને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ નહિ. એ વાત જ ખોટી છે. કર્મનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એની વાત જડમાં રહી. એની સાથે સંબંધ જ એને નથી. અહીં તો પોતા વડે પુદ્ગલનું ગ્રહવું થાય એવો આત્મા જ નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ? ૧૧ બોલ થયા.

'**ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી...**' તે આત્મા છે. તે આત્મા. '**વિષયોનો ઉપભોગ...**' તે આત્મા નથી. કે વિષયોના ઉપભોગમાં જે વિકલ્પ ઉઠે છે એ તો આસ્રવતત્ત્વ છે. સમજાણું કાંઈ? એ આત્મા નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સમ્યગ્દષ્ટિ વિષયોનો ઉપભોગ નથી કરતો. અજ્ઞાની રાગનો ઉપભોગ કરે છે. એ રાગનો ભોગ કરે છે. જ્ઞાનીને રાગનો ભોગ નથી એમ કહે છે. રાગનો અનુભવ નથી. વિષયોનો અનુભવ નથી થતો એટલે કે રાગનો અનુભવ નથી. એ તો ધર્મ છે તો ધર્મસ્વભાવ શુદ્ધ જ છે. એ કર્મબંધમાં.. સમજાણું કાંઈ? નથી. દ્રવ્યકર્મ.. ૧૧મો બોલ છેને? આ ૧૨મો બોલ. '**વિષયોનો ઉપભોગ નથી...**' ઓહો..હો..! કોઈને એમ લાગે વિષયોનો ઉપભોગ તો છન્નું હજાર સ્ત્રી ક્ષાયિક સમકિતી કરે છેને? નથી કરતા, તને ખબર નથી.

મુમુક્ષુ :- શાંતિનાથ ભગવાનને હતીને.

ઉત્તર :- શાંતિનાથ ભગવાનને છન્નું હજાર સ્ત્રી, કુંથુનાથ, અરનાથ, ચક્રવર્તી તો એને વિષયનો ભોગ નહોતો? કે ના. એ સંબંધ જે હતો એમાં રાગ આવતો હતો એનાથી ભિન્ન જ્ઞાન કરનાર આત્મા હતો. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આ. વિષય અને વિષયનો ભોક્તા અને પર્યાય.. અહીં તો કહે, વિષય છે પરવસ્તુ. અને એમાં લક્ષ જાય છે તો રાગ થાય છે તો અજ્ઞાની રાગનો ભોક્તા છે. સમજાણું કાંઈ? જ્ઞાની રાગનો ભોક્તા નથી. કેમકે આત્મા .. છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! બહારમાં ઉપભોગ નથી.

'**લિંગ દ્વારા એટલે કે મન અથવા ઈન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી...**' એ માતાનું બિંદુ, વીર્ય એમાં ઉત્પન્ન થાય એ આત્મા નથી. એમાં ઉત્પન્ન થતો નથી. એ તો જડ પર્યાય છે. સમજાણું કાંઈ? '**આત્મા શુક્ર અને આર્તવને અનુવિધાયી નથી...**' શુક્ર એટલે વીર્ય અને લોહીના બિંદુથી ઉત્પન્ન થતો નથી. આહા..હા..! પોતાની પર્યાય તો દ્રવ્યને અનુસારે પ્રજા આનંદની ઉત્પન્ન થાય છે. ત્યાં શુક્ર અને ઓલામાં ઉત્પન્ન થવું એ આત્માનો સ્વભાવ જ નથી.

'**લિંગનું એટલે કે મેહનાકારનું (પુરુષાદિની ઈન્દ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી...**' આત્માને પુરુષની ઈન્દ્રિય કે સ્ત્રીની ઈન્દ્રિય કે નપુંસક-હીજડાની ઈન્દ્રિય છે જ

નહિ. આત્મા પુત્ર ઉત્પન્ન કરે એ સાધન આત્મામાં છે જ નહિ. ઓહો..હો..! ગજબ વાત! એમાં રાગ પણ નથી, તે ઇન્દ્રિયની આકૃતિનું કારણ બને એ એમાં છે જ નહિ. એ તો જડની પર્યાય છે. સમજાણું કાંઈ? **'આ રીતે આત્મા લૌકિકસાધનમાત્ર નથી...'** લૌકિક પુરુષલિંગ અને સ્ત્રીલિંગ છે એ સાધન એનું નથી. એ આત્માનું સાધન નથી. આહા..હા..! લોકોને એવું લાગે, લોકો રાડ પાડે બિચારા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગાદિ શું છે? એ તો જ્ઞાનસ્વભાવી આત્મા છે. એને આત્મા કહે છે. જ્ઞાનીને હોય છેને? કે ના, રાગનું અને વિષયનું જ્ઞાન થાય છે. રાગ અને વિષય એમાં છે નહિ. સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનમાં વિષયની ચીજ અને એનો રાગ એ સમ્યગ્જ્ઞાનીને નથી. એનું જ્ઞાન છે. એ સંબંધી પોતાના જ્ઞાનમાં જ્ઞાન છે, પણ એ સંબંધીમાં નથી. ધર્મી રાગમાં નથી, ધર્મી વિષયની ક્રિયામાં નથી. આસ્રવમાં? આત્મા આસ્રવમાં આવી જાય? અજીવમાં આવી જાય? આહા..હા..! ... એ ચાલતી જ નથી હોં. વાત જ ઉંધી ચાલે છે બધી. ધર્મને નામે વિપરીત-વિપરીત અને માને કે અમે ધર્મ કરીએ છીએ. આહા..હા..! અને પોતાની દૃષ્ટિએ બીજાને જોવે. એવો ત્યાગી ન હોય તો એ ધર્મી નથી. અમને ત્યાગાદિ છે તો અમે ધર્મી છીએ. આહા..હા..! ધર્મનો ત્યાગ છે. દેવીલાલજી! એની તો એવી વાત છે. આહા..હા..! વીરના માર્ગમાં વીર આવી શકે. પાવૈયા-હીજડા એના માર્ગમાં આવી શકે નહિ. સમજાણું કાંઈ?

એ પાવૈયાનું દૃષ્ટાંત આપ્યું હતુંને એકવાર નહિ? એ જામનગર-જામનગરમાં. પાવૈયા. પાવૈયા સમજો છો? હીજડા. હીજડા બહુ હતા. જામનગરમાં હીજડા બહુ પાવૈયા. તો એ વખતે હતીને ..તો એકવાર હીજડા રાજા પાસે ગયા. ... સાહેબ! આ આવા લશ્કરના આટલા પૈસા આપો છો, એને આપો છો. અમને રાખોને અમારું શરીર કેટલું મોટું છે. શરીર એવું મોટું હ્રુષ્ટપુષ્ટ. કેમકે વીર્ય-બીર્ય ખરે નહિ અને હોય નહિ એને. એવું શરીર. ભાઈ! તમારું કામ નથી. એ લશ્કરને પૈસા આપે છે.. અમને કામ આપો. અમે બધું કામ કરીશું. પોલીસને કાઢી નાખ્યા અને પાવૈયા. બહુ પાવૈયા હતા પહેલા. અમારે રામજીભાઈ પાવૈયાની શેરીમાં હતા. એ પાવૈયાની શેરી હતી ત્યાં ગોંડલમાં. પાવૈયા પહેલા બહુ હતા. પાવૈયા પહેલા બહુ હતા. અમને ખબર છેને. કહો, સમજાણું કાંઈ? પછી? થયા પોલીસ. અને પહેલા એવું હતું કે રાજાએ ... ગાય. સાંજે ગાય બહાર નીકળી હોયને તો ગાય જ્યારે ગામમાં પ્રવેશ કરે તો જે રાજાને લડાઈ કરવી હોય એ ગાય પાછી વાળે. ગામમાં ન .. અને ગાયુ પાછી વાળે. રાજાને ખબર પડી કે ગાયુ વાળી છે કોઈ રાજાએ. તો પોલીસને હુકમ કર્યો કે જાઓ. પોતાની ગાયોને પાછી બોલાવો. ગયા. એવા હ્રુષ્ટપુષ્ટ હતા. .. ઓલા જોવે આહા..હા..! જબરા પોલીસ આ તો. ભાગ્યા બિચારા એ રાજના .. પણ એ નદી આવી નદી. નદી આવીને ત્યાં ઉતરવા ગયા ત્યાં પાવૈયાની ભાષા બોલ્યો કાંઈક. ..એમ. ત્યાં એ સમજ્યો

કે આ તો પાવૈયા છે માળા. પછી ખસીને ગામમાં આવ્યા. પાવૈયા કહે, મહારાજ! અમારું કામ નહિ. કહ્યું નહોતું તમને? 'અમે ખીચડા ખાઈએ અને ગીતડા ગાઈએ, વિભા! એ મારા કામ નહિ.' પાવૈયા પુણ્ય-પાપને પોતાના માનનારા હીજડાનું કામ નથી આ. હીજડા નથી સમજતા? પહેલા કહ્યુંને? એ સમજતા નથી. હિન્દી ભાષા જ ચાલે છે. કહો, સમજાણું કાંઈ?

ઇન્દ્રિયના આકારથી આત્માનું સાધન નથી. ભગવાન આત્મા આનંદ સાધનવાળો એમાં આ સાધન કેવું? આહા..હા..! જુઓ, આત્માની જાત. સમજાણું કાંઈ? જાત સમજ્યા જાત? ચૌદ બોલ થયા. પંદર. '**લિંગ વડે એટલે કે અમહેનાકાર વડે...**' લ્યો આવ્યું. '**જેને ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો...**' નથી. જુઓ, આ તો સ્પષ્ટ આવ્યું હતું. વાત સાંભળમાં લક્ષ ક્યાં રાખો છો? પાખંડીઓમાં પ્રસિદ્ધ આત્મા સમજાણું? લોકમાં આકાર. પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો નથી. લોકવ્યાપમાં પ્રસરી જાય એવો આત્મા છે જ નહિ. પાખંડીઓએ તો એવી વાત કરી... એક આત્મા માનનારા પાખંડી છે, મિથ્યાદૃષ્ટિ છે, ગૃહીત મિથ્યાત્વી છે. એવું તો સ્પષ્ટ કર્યું ત્યાં ક્યાં વેદાંત આવ્યું એમાં? એય..! મગનભાઈ! શું કહ્યું? '**પાખંડીઓને પ્રસિદ્ધ...**' લોકમાં વ્યાપવામાં એક આત્મા વ્યાપી જાય એવું માનનારા પાખંડીઓને પ્રસિદ્ધ છે. આચાર્યે અમૃતચંદ્રાચાર્યે મૂક્યું છે. સમજાણું કાંઈ?

ઓહો..હો..! ભગવાન એક સ્વરૂપ જ અખંડ પૂર્ણાનંદ એક છે. એને અનંત-અનંત આત્મામાં એક જ વ્યાપક છે (એમ માનીને) ઘણો ખંડ કરી દીધો. સમજાણું કાંઈ? પૂર્ણાનંદ સ્વભાવ એનો. સ્વભાવ છેને? સ્વભાવ છેને? એક-એક સ્વભાવ પરિપૂર્ણ... પરિપૂર્ણ... પરિપૂર્ણ... એક અખંડાનંદ ભગવાન છે. એવું એક દ્રવ્ય છે. એવા એક દ્રવ્યને લોકમાં વ્યાપક માનનારા પાખંડીનું સાધન કરનારો છે. '**પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો—લોકવ્યાપ્તિવાળો નથી...**' કહો, સમજાણું કાંઈ? વેદાંતની દૃષ્ટિ છેને. લોકમાં વ્યાપે છે. અહીંની કેટલીક વાત ત્યાં સારી લાગે, પણ આવું જ્યાં આવે ત્યાં આહા..! એક આવ્યો હતો તો ભાગી ગયો. ઓહો..! આ! વિચાર રાખો. વિચાર શું કાંઈક કહેતો હતો. ચર્ચા. ચર્ચા કરીએ. ચર્ચા નહિ, કીધું, વસ્તુ આવી છે.

ભગવાન આત્મા અંતરમાં પોતાના અનંતગુણ પિંડરૂપ પરિણમન કરે છે, વિકાસ થયો તો લોકમાં વ્યાપી જાય એવો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**લોકવ્યાપ્તિવાળો નથી...**' આખા લોકમાં.. બહુ માને છે. સંતબાળ છે એ વેદાંત માને. જૈન સાધુ છે અને કપડા રાખે, મુહપતિ આદિ. માને છે વેદાંત. એક જ આત્મા. બે આત્મા હિન્દુસ્તાનમાં માનનારા ન હોય, જાઓ. એમ કહે છે.

મુમુક્ષુ :- સાચું છે.

ઉત્તર :- સાચું છેને. બે આત્માને, કર્મને અન્યને માને એ હિન્દુસ્તાની પ્રાણી નથી. હિન્દુસ્તાનનો આત્મા તો ... માનનારો. ઋષિ ન કહેવાય. મુહપતિ.. સ્થાનકવાસી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભ્રષ્ટ. જૈનની શ્રદ્ધા બિલકુલ નથી. લોકો અહીંયાં મુહપતિ રાખે, ..રાખે, ભિક્ષા માટે પાત્ર રાખે તો લોકો ઓહો..હો..! એમ માને. છે પોતે વિદ્વાન. ક્ષયોપશમ ઘણો, ક્ષયોપશમ ઘણો હોં. એ જુદી વાત છે આ તો. લોકોને પડે ઓલાને. બહુ રસ પડે એને. ખાનગી-ખાનગી કહે કે આત્મા એક જ છે હોં. બહારમાં એને .. બહુ મગજવાળો માણસ. ઉંધી દૃષ્ટિએ ચડી ગયો... એના ગુરુની શ્રદ્ધા એવી હતી. એટલે એમ થઈ ગયું સંપ્રદાયમાં... અહીં કહે છે. એના ગુરુને પૂછયું એક જણાએ, મગનભાઈએ. તમે જૈનને અર્પણ કર્યું છે બધું? કહે ના. .. અર્પણ કરી શકે નહિ. આહા..હા..! જૈન એટલે ભગવાન આત્મા એકલું વીતરાગસ્વરૂપ. પૂર્ણસ્વરૂપ અસંખ્ય પ્રદેશમાં જ વ્યાપક છે. સમજાણું કાંઈ? લોકમાં વ્યાપક હોતું નથી. ..જાય તો લોકમાં વ્યાપક નથી થતું. એ મોટી ચર્ચા ચાલી હતી. પરમાત્મપ્રકાશમાં જ ચાલી. ..પ્રકાશ. એમાં .. તો . પ્રકાશ ફેલાય. અહીં પરમાત્મપ્રકાશમાં લીધું છેને. એક ગાથામાં લીધું છે. બધા બોલ લીધો છે દ્રવ્ય-ગુણ-પર્યાય. તો આત્મા કેમ .. આત્મા તો સાથે નીકળી જાય તો કેમ ખીલતું નથી. એમ નથી. પહેલેથી આત્મા સંકોચ પરિણામ અનાદિથી છે. અને દીવાનો પ્રકાશ એવો નથી. દીવાનો પ્રકાશ તો જે ... એની સાથે આત્માને મેળ ખાય નહિ. સમજાણું કાંઈ? અસંખ્ય પ્રદેશ એમ કે લોક જેટલો છે. વ્યાપે કેમ નહિ? દીવાનો પ્રકાશ બધે ઠેકાણે વ્યાપે છે તો. એ સિદ્ધાંત અહીં લાગુ ન પડે. દીવાનો પ્રકાશ તો પહેલેથી ખુલ્લો હતો. એમ આત્માના અસંખ્ય પ્રદેશ પહેલા લોકપ્રમાણે હતા એમ નથી. સમજાણું કાંઈ? જરી ઝીણી વાત છે. દ્રવ્યસંગ્રહમાં આવે છે, પરમાત્મપ્રકાશમાં આવે છે. અસંખ્ય પ્રદેશ છે લોકપ્રમાણે, પણ વ્યાપતો નથી. એ તો અનાદિથી સંકોચમાં છે. પહેલા વ્યાપે અને પછી સંકોચ થાય .. થઈ જાય. પણ એમ કદી બનતું નથી. મગનભાઈ! બહુ આ તો ફેર.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧૦, શનિવાર, તા. ૦૬.૦૯.૧૯૬૯**
**ગાથા-૧૭૨, ૧૯૨, બોલ-૧૬-૨૦, પ્રવચન-૨૫૬**

કર્મ, વિકાર કે પરવસ્તુ એમાં છે નહિ. એવા આત્માની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમજાણું કાંઈ? પહેલા તો આવી ગયું કે વ્યાપક આત્મા નથી. તો કહે છે. '**જેને...**' એટલે આત્માને '**લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ નથી...**' ભગવાન આત્મામાં દ્રવ્યલિંગ જે આ શરીરને આકારે છે એ પણ નથી. અને ભાવલિંગનો જે વિકલ્પ છે વેદ, વાસના એ આત્મામાં નથી. દ્રવ્યવેદ છે એ અજીવની પર્યાય છે, ભાવવેદ છે એ બંધની અથવા આસ્રવની પર્યાય છે. સમજાણું કાંઈ? '**લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક...**' સ્ત્રીનો અવયવ હોય, પુરુષનો કે પાવૈયા-હીજડા અને એના ભાવવેદનો વિકાર એ જેને નથી. અથવા વેદોની પક્કડ નથી. પકડ્યું જ નથી. એણે વેદભાવ ગ્રહણ કર્યો નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ? '**એવા અર્થની પ્રાપ્તિ થાય છે.**' કેવા? કે આત્મા દ્રવ્યથી અને ભાવથી સ્ત્રી, પુરુષ, નપુંસક નથી. ભગવાન આત્મા દ્રવ્યથી આ ઈન્દ્રિયનો આકાર અને ભાવથી વેદ-વાસના વિકલ્પ સ્ત્રીનો વિકાર, પુરુષનો વિકાર, નપુંસકને બેયનો એ વિકારની લાગણી ચૈતન્ય તત્ત્વ ભગવાન આત્મામાં નથી. સમજાણું કાંઈ? એવું અલિંગગ્રહણ કહેવામાં આવે છે. જેમાં દ્રવ્ય અને ભાવલિંગ નથી એવો આત્મા.

દ્રવ્યવેદથી દૃષ્ટિ ઉઠાવીને, ભાવવેદથી પણ દૃષ્ટિ ઉઠાવીને, એક પર્યાયની પણ લક્ષ-દૃષ્ટિ ઉઠાવીને દ્રવ્યસ્વભાવ ધ્રુવસ્વભાવ છે એના ઉપર દૃષ્ટિ કરવી એનું નામ અલિંગગ્રહણ છે. (એને) ધર્મદૃષ્ટિ, આત્માનું જ્ઞાન કે આત્માનું દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ચક્રવર્તી હોય, સમ્યગ્દૃષ્ટિ ઈન્દ્ર હોય, તોપણ દ્રવ્યવેદનો સ્વામી નથી, દ્રવ્યવેદમાં પોતાપણું નથી. અને ભાવવેદનો સ્વામી નથી અને ભાવવેદમાં પોતાપણું નથી. આહા..! રાજપાટ તો ક્યાંય રહી ગયું. ચૈતન્યબિંબ પ્રભુ અનાકુળ આનંદકંદ સચ્ચિદાનંદ એવો આત્મા એમાં દ્રવ્ય અને ભાવવેદ નથી. ઓહો..હો..! એવા આત્મા તરફ દૃષ્ટિ કરવાથી લિંગનું ગ્રહણ નથી, પણ આત્માનું ગ્રહણ થાય છે. સમજાણું કાંઈ?

કાલે તો આવ્યું હતું લૌકિક સાધનમાં. સ્ત્રી-પુરુષ આદિનું જે ચિહ્ન છે એ સાધન એનું નથી. એ તો જડનું છે. પુત્ર ઉત્પત્તિ આદિ ઉત્પન્ન (કરનાર) આત્મા નથી. સમજાણું કાંઈ? એ અહીં કહ્યું કે એમાં સ્ત્રી, પુરુષ, નપુંસક વેદ જ નથીને. ભાવવેદ અને દ્રવ્યવેદ છે નહિ. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને, આઠ વર્ષની છોકરી હોય તો એને પણ સમ્યગ્દર્શન થાય છે. તો એ સમ્યગ્દર્શનમાં આત્મા દ્રવ્ય અને ભાવવેદથી રહિત આત્માને અનુભવે છે. આહા..હા..!

કહો, શેઠ! એને છન્નું હજાર રાણી છે એમ કહેવું, ૬૪ હજાર પુત્ર, ૩૨ હજાર જમાઈ, ૩૨ હજાર દીકરીયું ચક્રવર્તીને. આવે છે કે નહિ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈને ક્યાં ઈ હતું? અહીંયાં તો ભાવવેદ જે અંદરમાં છે એને પણ આત્મા પોતાનો માનતો નથી. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદ જ્ઞાયકભાવરૂપભાવ એ હું છું. એવી દૃષ્ટિમાં ભાવવેદ-દ્રવ્યવેદનું ગ્રહણ નથી. એનું નામ લિંગથી રહિત, વેદથી રહિત અલિંગગ્રહણ કહેવામાં આવે છે. વ્યવહાર છેને? પણ વ્યવહાર છે તો શું છે? છે એને જાણે છે. ... ભગવાન આત્માં એમાં પોતાનું અસ્તિત્વ છે કે રાગમાં, વેદમાં અને પરમાં અસ્તિ છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! આહા..હા..! તો કહે, એવા આત્માને માને એ લગન શું કામ કરે? આઠ વર્ષની છોકરીને પણ આવું સમ્યગ્દર્શન થાય છે. આઠ વર્ષના બાળકને પણ થાય છે. આત્મા છેને. આત્મા છે એનું ભાન થાય છે. તો ભાઈ! લગન કરે છેને. કોણ કરે છે? કોઈ કરતું નથી. એ તો સંયોગી ચીજ આવવાની હોય તે આવે છે. વિકલ્પ ઉઠે છે એનાથી પણ પોતાના સ્વરૂપનું ભાન ભિન્નપણે કરે છે. આહા..હા..! ભારે કામ! કોઈ કહે, પણ આવું નથી તો પછી થઈ રહ્યું. આવું ભાન થાય એ પછી લગન કરે. કરતો જ નથી, પણ તમારી દૃષ્ટિએ તમને એમ લાગે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અજ્ઞાની ભાવ તો કરે છે. ભાવ કરે છે. વેદની વાસનાનો ભાવ કરે અને હું પરનો સ્વસંબંધ જોડું એવો ભાવ કરે, એ ભાવ તો મિથ્યાભ્રાંતિ છે. સમજાણું કાંઈ? ભ્રમ છે. કહે કે એ આત્મામાં સંબંધ કરવાની ચીજ છે જ નહિ. ભગવાન આત્મા અસંગ સ્વરૂપ છે એવા આત્માને અલિંગગ્રહણ કહેવામાં આવે છે. લ્યો! ૧૬ થયા?

૧૭. '**લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી...**' '**આ રીતે આત્માને બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે...**' નગ્નપણાનો અભાવ છે. એ બાહ્ય ક્રિયા જડની અને અંદરમાં અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પનો અભાવ છે. નગ્નપણું અજીવની પર્યાય છે અને અઠ્યાવીશ મૂળગુણ આસ્રવની પર્યાય છે તો બે તત્ત્વથી જ્ઞાયકભાવ ભિન્ન છે. સમજાણું કાંઈ? એ દ્રવ્યલિંગ મારું છે એમ માનનારો આત્માને માનતો નથી. અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ મારા છે એમ માનનારો આત્માને માનતો નથી. પંચ મહાવ્રતના પરિણામ તો આસ્રવ છે. એ પોતાના (માને) છે તો આસ્રવસહિત પોતાના આત્માને માનવો એ તો ભવનું બીજ છે. એ તો આવી ગયું છે પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં.

મુમુક્ષુ :- મુનિને હોય છે.

ઉત્તર :- મુનિને હોય નહિ. જડની પર્યાયમાં થાય છે.

મુમુક્ષુ :- તો આખી જિંદગી કુંદકુંદાચાર્યે પાળ્યાને.

ઉત્તર :- કોણ પાળે? પોતાની નિર્મળ પર્યાયની પરિણતિને પાળે. રાગને કોણ પાળે, રાગને પાળે? અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ છે. આસ્રવતત્ત્વને પાળે? જીવતત્ત્વ આસ્રવતત્ત્વને પાળે? ભિન્ન તત્ત્વ ભિન્ન તત્ત્વને રાખે? તો ભિન્ન તત્ત્વ ભિન્ન રહેતું નથી. સમજાણું કાંઈ?

**'ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી...'** એનો અર્થ કર્યો કે **'બહિરંગ યતિલિંગોનો અભાવ છે...'** નિશ્ચયથી તો ભાવ યતિલિંગ જે છે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ પણ ભાવલિંગ ઉપચારથી આત્મામાં છે. નિશ્ચયથી તો અંતરમાં છે નહિ. ઓહો..હો..! મુનિનું ભાવલિંગ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન વીતરાગી પર્યાય, એ પણ એનું ત્રિકાળી સ્વરૂપ નથી. એ તો .. ઉપચારસ્વરૂપ છે, વ્યવહારસ્વરૂપ છે. રાગનો વ્યવહારરૂપ ક્યાંય ગયું. એ અસદ્ભૂતવ્યવહાર. આ સદ્ભૂતવ્યવહાર. એમાં નથી. એવો ભગવાન આત્મા ધ્રુવ નિત્યસ્વભાવ ત્રિકાળી એના ઉપર દૃષ્ટિ દેવાથી યતિલિંગનું એમાં ગ્રહણ-એકત્વ થતું નથી. પૃથક્ થઈ જાય છે. યતિલિંગનું ચિહ્ન એ પૃથક્ થઈ જાય છે. સ્વભાવની પર્યાય સ્વભાવ સાથે એકત્વ કરે છે. કહો, સમજાણું કાંઈ?

એમાં તો એવું લખ્યું છે કોઈએ કે લિંગ આત્મામાં નથી. લિંગ ગમે તે હોય.. અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ નગ્નપણું એ બહિર્ લિંગ આત્મામાં છે નહિ. તો ગમે તેવું લિંગ હોય. સમજાણું કાંઈ? બાવા, જોગીનો ભેખ હોય અને કપડા પહેર્યા હોય, સ્ત્રીનો દેહ હોય, તોપણ એમાં શું બાધા છે? એમ છે જ નહિ. અંતરમાં બાહ્ય વ્યવહારલિંગ અને અંતર ક્રિયા રાગની જે યતિલિંગ નથી, તોપણ એમ નથી કે જે મુનિ અંતરમાં આત્મ અનુભવ કરે છે એના શરીર ઉપર કપડા હોય, સમજાણું કાંઈ? અને પંચ મહાવ્રત સિવાય વિષય-વાસનાનો ભાવ થાય—એમ હોય નહિ. સમજાણું કાંઈ? નિમિત્ત તો જેવું છે એવું હશે એમ કહે છે. પણ નિમિત્ત છે નહિ આત્મામાં. આહા..હા..! એ ૧૮મો બોલ થયો. ૧૭-૧૭ને? ૧૭મો બોલ થયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિકલ્પમાં આવતો જ નથીને. નિર્વિકલ્પ જ્ઞાયક ચૈતન્યમાં રમે છે, અંદર એકાગ્રતા એ જ એની ચીજ છે. નહિ... નહિ... નહિ... એ માટે તો વાત કરી છે. અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ છે એ પોતાની પર્યાયમાં નથી. એ ભિન્ન છે, આસ્રવની પર્યાય છે. જુદી જાત છે, પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ગપ્પા માર્યા હોયને બહુ આડાઅવળા .. માં. એવો બંધ પડ્યો છે. એવો.. અઠ્યાવીશ મૂળગુણ પાળે છે. અહીં કહે કે અઠ્યાવીશ મૂળગુણ આત્મામાં છે નહિ. વસ્તુ એવી છે. આહા..હા..! ભગવાન જ્ઞાન આનંદસ્વરૂપ એવો આનંદ દ્રવ્યમાં, એવો ગુણમાં, એવી પર્યાયમાં. તો પર્યાય આનંદની, જ્ઞાનની પર્યાય દ્રવ્યને પકડે છે. સમજાણું કાંઈ? અંતર્મુખ એ પર્યાયનું ધ્યેય તો દ્રવ્ય ઉપર છે. બસ, એ પર્યાય, ગુણ અને દ્રવ્ય એમાં છે. રાગાદિ

છે નહિ. અઠ્યાવીશ મૂળગુણ પણ નથી, નગ્નપણું નથી. પણ હોય છે નગ્નપણું અને અઠ્યાવીશ મૂળગુણ જ હોં! ભિન્ન ચીજ તરીકે, નિમિત્ત તરીકે છે તો એ જ વસ્તુ, પણ પોતાના આત્મામાં નથી. ભિન્ન તરીકે એનું જ્ઞાન કરે છે.

૧૮મો બોલ. ૧૭ સુધી તો ઠીક હવે, પણ ૧૮, ૧૯, ૨૦. **'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ તે જેને નથી...'** જેને જ્ઞાન જ નથી એમ કહે છે. ભગવાન આત્મા ગુણ એકલા ચિદાનંદ પ્રભુ એમાં જ્ઞાન, ભેદરૂપ જ્ઞાન પણ એમાં નથી. ગુણીમાં ગુણનો ભેદ પણ નથી. ઝીણું છે. સમજાણું કાંઈ? છઠ્ઠી આવીને પછી. અહીં તો ગુણી ભેદને સ્પર્શતો નથી. અભેદ ચિદાનંદ ભગવાન એકરૂપ છે એની દૃષ્ટિ, એનું નામ સમ્યગ્દર્શન. જેને ગુણરૂપ ગ્રહણ અર્થાવબોધ... અર્થ નામ પદાર્થનું જ્ઞાન. ભલે પદાર્થજ્ઞાન એક શબ્દ લીધો, પણ બધા ગુણ લેવા. જેને બધા ગુણ જ નથી. જેને ગુણ જ નથી. ઓહો..હો..! ... વિકાર નથી, જેમાં ગુણ નથી. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી બીજી વાત. એ વળી જુદી ચીજ. એ તો એક ગુણમાં બીજો ગુણ નથી. એ જુદી વસ્તુ છે. એ તો એક ગુણમાં બીજો ગુણ નથી. આ તો ગુણીમાં ગુણરૂપ ભેદ નથી. પંડિતજી! આ નિશાળ જુદી જાતની છે. લગાવી દે જ્યાં ત્યાં 'નિર્ગુણા ગુણા'. એ તો એક ગુણમાં બીજો ગુણ નથી. ગુણ દ્રવ્યને આશ્રયે છે એટલું ત્યાં. ગુણ દ્રવ્યને આશ્રયે છે, ગુણ ગુણને આશ્રયે નથી. અહીંયાં જુદી વસ્તુ છે. અહીંયાં તો ગુણી ભગવાન આત્મા ગુણનો ગુણી. ગુણી-ગુણી વળી આ ગુણી નથી કહેતા આપણે? કોથળાની ગુણી. .. ચીજ. એમ ભગવાન ગુણી એવું જે દ્રવ્ય ચૈતન્ય એમાં ગુણનો ભેદ નથી અથવા અભેદે ભેદને ગ્રહણ કર્યો જ નથી. ગુણીએ ગુણને ગ્રહણ કર્યો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલી ધીરજ જોઈએ! સમજાણું કાંઈ? અંદરની વસ્તુ છે. અંતરની ચીજ છે. ગુણ છે, પણ એ ગુણી અભેદની દૃષ્ટિમાં ગુણનો ભેદ નથી, એવી દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ?

**'ગુણ એવું જે ગ્રહણ...'** જેને નથી. એટલે પદાર્થજ્ઞાન જ નથી **'તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત...'** ભગવાન આત્મા ગુણના ભેદને એટલે વિશેષને સ્પર્શતો નહિ થકો. ગુણી ગુણના ભેદને-વિશેષને સ્પર્શતો નથી એવો આત્મા છે. **'એવું શુદ્ધ દ્રવ્ય છે...'** શુદ્ધ દ્રવ્ય. ગુણનો ભેદ કરવો એ અશુદ્ધ થઈ જાય છે. આહા..હા..! શેઠ! એવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..વળી ક્યાં ગયા? ભાઈ કહે છે કે આવું કથન અત્યાર સુધીમાં કોઈએ કર્યું નથી. શું કરીએ? આહા..હા..!

આ ભગવાન! વસ્તુ છેને પરિપૂર્ણ આનંદકંદ. પૂર્ણ ઈદં. એકલો ભગવાન પૂર્ણ ગુણરૂપ આખો સ્વભાવ એ અભેદદષ્ટિ કરવી એ અભેદ જ આત્મા છે. ભેદ આત્મા નથી. ગુણનો ભેદ કરીને લક્ષમાં લેવું એ તો રાગ ઉત્પન્ન થાય છે. એનાથી દષ્ટિ ઉત્પન્ન નથી થતી, સમ્યગ્દર્શન પ્રગટ નથી થતું. આ આત્મા જ્ઞાન છે અને એવો ભેદ કરવા જાય તો વિકલ્પ ઉઠે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ગુણી સ્વરૂપ રાગ અને ભેદરહિત અભેદ ચૈતન્ય છે, એકરૂપ વસ્તુ છે, અનેકગુણને એ પકડતું નથી, એક અનેકમાં આવતું નથી, એક અનેકરૂપ થતું નથી. કહો, આ સમ્યગ્દર્શનનો વિષય. સ્વરૂપચંદભાઈ! તમે તો હતા નહિ આજમાં. એ ૧૮મો બોલ થયો.

**'લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને નથી...'** આહા..હા..! ભગવાનમાં પર્યાય જ નથી. એય..! ..ભાઈ! છે એ છે. ... પણ છે. વેદાંત કહે છે કે નેતી... નેતી... નેતી... પણ નેતી પછી છે શું? સમજાણું કાંઈ? છે સામાન્ય જ્ઞાયકમૂર્તિ ભગવાન એકરૂપ સ્વરૂપ એના ઉપર દષ્ટિ કરવાથી જેવી ચીજ છે એવી પ્રતીતમાં, જ્ઞાનમાં, અનુભવમાં આવે છે. ભેદ કરવાથી આત્માની દષ્ટિ અને અનુભવ થતો નથી. લ્યો, મગનભાઈ! પર્યાય નથી એમ કીધું લ્યો!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ નથી એટલે? વસ્તુ છે. એ નથી—એક સમયની પર્યાયનો ભેદ નથી. વસ્તુ અભેદ ત્રિકાળી જ્ઞાયક છે. અભેદ એ પર્યાયને, વિશેષને આલિંગન કરતું નથી. અભેદ ચીજ એ પર્યાયને આલિંગન નામ સ્પર્શતી નથી, અડતી નથી. સમજાણું કાંઈ?

**'લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ...'** ભારે આકરું પડે. અરે..! દ્રવ્યમાં પર્યાય, ગુણ નહિ? બીજું તો કાઢી નાખ્યું, પર્યાયને પણ કાઢી નાખી? ગુણ-ભેદ કાઢી નાખ્યા? કોઈ કહે છેને કે આ તો વેદાંત થઈ ગયું. અરે..! વેદાંત નથી, સાંભળ તો ખરો. આ તો છે, પર્યાય તો છે, સમય-સમયની અવસ્થા અનંતગુણની છે, અનંતી પર્યાય છે. પણ એકરૂપ દષ્ટિ થતાં પર્યાય જ્યાં અંતર વળે છે એ દ્રવ્યમાં પર્યાય છે નહિ. ભારે ભાઈ! પર્યાય નથી એ પર્યાય એનું લક્ષ કરે. એ પ્રશ્ન ભાઈ લખીને આવ્યા હતાને. એમ કે પર્યાય એક ન્યાયે પરદ્રવ્ય કહ્યું છે નિયમસારમાં. નિર્મળ પર્યાયને પરદ્રવ્ય (કહ્યું) અને પરદ્રવ્ય સ્વદ્રવ્યને પકડે. એય..! એ તો કઈ અપેક્ષાએ પરદ્રવ્ય? એમાંથી નવી પર્યાય આવતી નથી એ અપેક્ષાએ. બાકી પર્યાય જ દ્રવ્યનું કાર્ય કરે છે. દ્રવ્યમાં કાર્ય ક્યાં છે? સમજાણું કાંઈ? પર્યાય જે છે એમાં કાર્ય થાય છે. શું દ્રવ્યમાં કાર્ય થાય છે? દ્રવ્ય તો કૂટસ્થ-ધ્રુવ છે, પણ અહીંયાં કહે છે કે પર્યાયનું જે પરિણમન, પર્યાય—એક અંશ પરિણમન છે એ ત્રિકાળી દ્રવ્યમાં નથી. દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ કરું... આ કરું... એવું થઈ ગયું છેને અંદર. એ તો નહિ, પણ આ નહિ. આહા..હા..! આ તો મિથ્યાભાસ થઈ ગયું.

હવે તને નિશ્ચય કોને કહેવું, વ્યવહાર કોને કહેવો એની ખબર ન મળે. મિથ્યાભાસ કોને કહેવો?

**'પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે...'** આહા..હા..! શુદ્ધ પર્યાયને નહિ આલિંગન કરતું દ્રવ્ય છે. રાગની અશુદ્ધ પર્યાયને આલિંગન કરતું નથી અથવા એમાં છે જ નહિ, પણ શુદ્ધ પર્યાય જે છે એને પણ દ્રવ્ય સ્પર્શતું નથી. એવા દ્રવ્યની અંતર વસ્તુ દૃષ્ટિ કરવી એ સમ્યક્ છે.

૨૦મો **'લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ...'** પ્રત્યભિજ્ઞાન આ પહેલા હતું એ છે. આ છે એ (તે જ) છે. આ છે એ તે જ છે. છે... છે... છે... છે... એવા **'પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે...'** ધ્રુવ. **'અર્થાવબોધસામાન્ય...'** એ અર્થાવબોધ.. ત્યાં શબ્દ તો એક ઠેકાણે એ લીધો છે. અર્થાવબોધ ધ્રુવ. એ ધ્રુવ જે આત્માને નથી. આત્મા ધ્રુવને સ્પર્શતું નથી. કહો, મગનભાઈ! સાંભળો. ૨૦મા બોલનું. **'પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ અર્થાવબોધસામાન્ય તે જેને નથી...'** આત્માને ધ્રુવ નથી, આત્મામાં દ્રવ્ય નથી. દ્રવ્ય કોણ? પ્રમાણનો વિષય દ્રવ્ય નહિ. આત્મામાં ત્રિકાળી દ્રવ્ય નથી. કેમ? કે અનુભૂતિ તો પર્યાયની થાય છે. મગનભાઈ! અનુભવ તો પર્યાયનો થાય છે. તો આત્મામાં દ્રવ્ય નથી એનો અર્થ? આત્મા પર્યાયને અનુભવે છે તો આત્મામાં દ્રવ્યનો અનુભવ નથી, માટે દ્રવ્ય નથી. ભારે ભાઈ!

**'લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને નથી...'** જેને નામ આત્મામાં ધ્રુવ નથી, આત્મામાં સામાન્યપણું નથી, આત્મામાં એક સદશરૂપ ભાવ જે ત્રિકાળી એ નથી. કેમ? કે એનો અનુભવ આત્મા કરી શકતો નથી. અનુભૂતિ તો પર્યાયમાં થાય છે. જુઓ, છેલ્લો બોલ લીધો. જુઓ, પર્યાય ન માને. વેદાંતમાં આ છે પર્યાય-ફર્યાય?

મુમુક્ષુ :- ત્યાં પર્યાય કેવી?

ઉત્તર :- પર્યાય કેવી? શુદ્ધ શું? અશુદ્ધ શું? એ ત્યાં છે જ ક્યાં? આહા..હા..! અનંતગુણ છે એવો ભેદ ક્યાં છે? એ તો એક સર્વવ્યાપક માને છે અને સર્વવ્યાપકને નિત્ય-અનિત્યનો વિવેક કહે છે. સમજાણું કાંઈ? એમ નથી. વસ્તુની સ્થિતિ એવી છે નહિ. સર્વજ્ઞે જોયું એવું એણે જોયું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. દ્રવ્ય અલગ-અલગ છે.

ઉત્તર :- દ્રવ્ય અલગ છે, પર્યાય અલગ છે.

મુમુક્ષુ :- આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત થતું.

ઉત્તર :- દ્રવ્યથી આલિંગિત નથી. છેને? સાંભળ્યું નહિ? આત્મા પોતાના દ્રવ્યને આલિંગન કરતું નથી. કેમ? કે પર્યાયનો અનુભવ કરે છે, પણ દ્રવ્યનો અનુભવ કરતા નથી માટે નથી.

વાત તો આ બહુ આકરી છે. પહેલા પણ આવી ગઈ. અનુભૂતિ તો પર્યાયનું કાર્ય, અનુભવ છે એ પર્યાયનો છે. દ્રવ્યનો અનુભવ ક્યાં છે? એ તો ધ્રુવ છે, કૂટસ્થ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત તો સાંભળી પણ ન હોય, એય..! પંડિતજી! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા હવે શુદ્ધપર્યાય અને શુદ્ધ દ્રવ્ય બે. વિકાર નીકળી ગયો. હવે બેમાં પણ આત્મા પોતાના દ્રવ્યને સ્પર્શતું નથી, ચુંબન કરતું નથી. કેમ? કે સ્પર્શની ક્રિયા તો અનુભૂતિની પર્યાયની છે. અનુભૂતિની પર્યાયનો સ્પર્શ છે. એ અનુભવ પર્યાયનો થાય છે, વેદન પર્યાયનું થાય છે. આનંદનો અનુભવ પર્યાયમાં થાય છે. આનંદનો અનુભવ દ્રવ્યમાં થતો નથી. સમજાણું કાંઈ?

'**આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત...**' પહેલેથી જ કહ્યું કે જેને નથી. લેને. આત્માને દ્રવ્ય નથી. આત્માને દ્રવ્ય નથી. એય..! આત્માને દ્રવ્ય નથી, દ્રવ્ય ત્રિકાળી દેવપર્યાયવાળું દ્રવ્ય નહિ, દ્રવ્યાર્થિકનું દ્રવ્ય. ધ્રુવપણું આત્મામાં નથી. કેમકે ધ્રુવપણું અનુભવમાં આવતું નથી. શુદ્ધપર્યાય અનુભવમાં આવે છે તો એને આલિંગન કરે છે. ધ્રુવને આલિંગન કરતા નથી. આહા..હા..! ભારે વાત! ..ભાઈ! આવી વાતું ક્યાં છે ક્યાંય? કઠણ પડે એવું છે, બાપુ! સર્વજ્ઞ વીતરાગની વસ્તુમાં આત્મા આવી ચીજ છે, ન્યાયથી ખ્યાલમાં આવનારી વસ્તુ છે. અનુભૂતિમાં તો આવે, પણ ખ્યાલમાં યુક્તિથી, આગમથી, ન્યાયથી પણ ખ્યાલમાં આવે છે. કારણ કે ધ્રુવનો અનુભવ થાય તો બીજે સમયે તો અનુભૂતિની પર્યાય બદલાઈ જાય છે. પર્યાયનો અનુભવ છે, ધ્રુવનો અનુભવ તો એક સમયે અને બીજે સમયે બીજો અને ત્રીજે સમયે ત્રીજો. આનંદનું વેદન જે શુદ્ધ પર્યાય છે એના વેદનમાં અનુભૂતિ છે. તો એ જ હું આત્મા છું. મારા ભોગવવામાં આવી એ મારી ચીજ. ભોગવવામાં ન આવે મારી ચીજ નહિ. શેઠ! સમજાણું કાંઈ? પૈસા તો હતા. દશ લાખ, પણ મેં વાપર્યા, ખાધું-પીધું એ મારું. બાકી પડ્યા રહ્યા છોકરા માટે એ મારા નહિ. એ મૂકીને જાવું છેને. કાંઈ ખાઈને બધું નથી જવાનું. એય..! શેઠ! મજુરી કરીને અત્યાર સુધી ઘણી?

તો અહીં કહે છે કે ભગવાન આત્મા એને કહીએ. પરમેશ્વર પરમાત્મા એમ ફરમાવે છે કે આત્મા જે છે એ ત્રિકાળ ધ્રુવ તો છે અને એની પર્યાયમાં વેદન જે શાંતિનું, આનંદનું, સમ્યગ્દર્શનનું, જ્ઞાનનું એક-એક ગુણની એક-એક પર્યાયનું વેદન છે... જ્ઞાનનો આનંદ, દર્શનનો આનંદ, આનંદનો આનંદ, શાંતિનો આનંદ, શાંતિ એટલે ચારિત્ર. સમજાણું? અસ્તિત્વ આનંદ, વસ્તુત્વ આનંદ. એ એક આનંદની પર્યાયમાં અનંતી પર્યાયના આનંદનું જે વેદન છે એ હું છું. સમજાણું કાંઈ? આહા..હા..! ધ્રુવનો આનંદ પણ આનંદ થયો પર્યાયમાં. ધ્રુવનો આનંદ ભોગવાતો નથી. ધ્રુવ આનંદ છે એ કૂટસ્થ છે એને ભોગવે કેમ? આહા..હા..! બહુ ઝીણું! કહો, પંડિતજી! પર્યાયને અનુભવે તો દ્રવ્યને, આત્મા પોતાના ધ્રુવને અડતું નથી. ભારે વાત! ડોક્ટર! સમય-સમયની આનંદની પર્યાય ભિન્ન-ભિન્ન છે. ધ્રુવ તો એનું એ છે. તો વેદનના

કાળે અનુભૂતિમાં આનંદનું વેદન થાય છે. એ ધ્રુવનું વેદન હોય નહિ. લ્યો છેલ્લો બોલ થયો. કેટલા થયા? અડધો કલાક થયો. **'એવા અર્થની પ્રાપ્તિ થાય છે.'** લ્યો! એ પ્રમાણે ૨૦ બોલથી આત્મા અખંડાનંદ અભેદ કેવો છે એવું વર્ણન કર્યું છે. આખું જૈનદર્શન વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એણે કહેલું શાસન એ શાસનનો આ બધો સાર એ છે.

૧૯૨ ગાથા. હવે ૧૯૨. ૯૨ કહે છે શું કહે છે તમારે? ૧૯૨ ગાથા. એમાં ધ્રુવત્વનું ફરીને આવશે. સાંભળો. ૧૯૨ છેને પ્રવચનસાર? નીકળી?

**'હવે ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવાયોગ્ય છે એમ ઉપદેશે છે :-'** જુઓ, છે ઉપર? જુઓ, આ ધ્રુવ અને એ ધ્રુવમાં ફેર છે. સમજાણું કાંઈ? શું ફેર છે એ આવશે એમાં. ઉપદેશે છે કે ધ્રુવપણાને લીધે... ભગવાન આત્મા ધ્રુવ છે, નિત્ય છે. એને **'લીધે શુદ્ધ આત્મા જ...'** શુદ્ધ આત્મા જ. એકત્વ છે. એકત્વ છે એ શુદ્ધાત્મા છે અને શુદ્ધ છે એ જ ધ્રુવ છે એવા ત્રણ બોલ લેશે. ભગવાન આત્મા એકપણે છે. રાગથી, પરથી ભિન્ન અને પોતાના રાગના અને પોતાના જ્ઞાનથી અભિન્ન. રાગનું જ્ઞાન પણ પોતાના જ્ઞાન એનાથી અભિન્ન છે. એવું જે એકત્વ થયું તે આત્મા એ એકત્વ શુદ્ધ છે. ઓલું અશુદ્ધ છે માટે ધ્રુવ છે. સમજાણું કાંઈ? આ વિષય ફર્યો. બીજો વિષય છે આ.

**'ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવાયોગ્ય છે...'** બાકી બધું અધ્રુવ છે. કર્મ છે નહિ. આ ધ્રુવત્વની વ્યાખ્યામાં ફેર છે હોં. ઓલો ત્રિકાળી ધ્રુવ જે છે એ સિવાય આ ધ્રુવ.. રાગાદિનું જ્ઞાન થાય છે તો એને પણ ધ્રુવની પર્યાય (કહી). એ તો ભાન થયું પર્યાયમાં, પણ ભાન થયું તો આ ધ્રુવ છે એમ આવ્યું. તો પર્યાયસહિતનું ધ્રુવ ગણવામાં આવ્યું છે. એ અપેક્ષા લીધી છે. શું કહે છે સમજાણું કાંઈ? કે ભગવાન આત્મા ધ્રુવ છે નિત્યાનંદ પ્રભુ, એની પર્યાયમાં ભાન થયું કે આ ધ્રુવ છે. શુદ્ધ પર્યાયમાં ભાન થયું કે આ ધ્રુવ છે. તો પર્યાયમાં ભાન થયું તો પર્યાયસહિત ધ્રુવને ધ્રુવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અલિંગગ્રહણમાં આવ્યું જુદી વસ્તુ છે. એ ધ્રુવ તો એકલા સામાન્યની વાત હતી. ત્યાં ધ્રુવ એકલું સામાન્ય. એ સામાન્ય વિશેષને સ્પર્શતું નથી, વિશેષ સામાન્યને સ્પર્શતું નથી. અહીં બીજી ચીજ છે. અહીં જે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય ધ્રુવ... ધ્રુવ નિત્ય એનું જે જ્ઞાન થયું તો એ જ્ઞાનમાં પોતાનું પણ જ્ઞાન થયું ધ્રુવનું. અને એ સમયે જે રાગાદિ છે, રાગ સંબંધીનું જ્ઞાન થયું. તો પોતાનું જ્ઞાન ને રાગનું જ્ઞાન સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાયમાં ધ્રુવનું ભાન થયું. તો સ્વપરપ્રકાશક પર્યાય સહિતને ધ્રુવ ગણવામાં આવ્યું છે. ઓહો..હો..!

મુમુક્ષુ :- ... પર્યાયસહિત ધ્રુવ કહેવામાં આવ્યું.

ઉત્તર :- હા, એને ધ્રુવ કહેવામાં આવે છે. પર્યાયસહિતને અહીં ધ્રુવ કહેવામાં આવે છે. ધ્રુવ તો હતું, પણ ધ્રુવ એની પ્રતીતમાં અને જ્ઞાનમાં ન આવે ધ્રુવ ક્યાં રહ્યું તારી પાસે? એમ કહેવું છે. સમજાણું કાંઈ? છઠ્ઠી ગાથામાં .. એ લીધું છે. છઠ્ઠી ગાથામાં લીધું છેને?

ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।
एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव।।६।।

શુદ્ધ પણ ક્યારે શુદ્ધ? કે પરદ્રવ્યથી લક્ષ છોડીને લક્ષ ગયું ધ્રુવ ચૈતન્ય ભગવાન ઉપર, તો ધ્રુવનું સેવન થયું તો પર્યાયમાં શુદ્ધતા પ્રગટી. શુદ્ધતા પ્રગટી એ દ્વારા આ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. શુદ્ધ છે, શુદ્ધ છે, પણ પર્યાયમાં ભાન થયા વિના શુદ્ધ કોને કહેવું? સમજાણું કાંઈ? છઠ્ઠી ગાથામાં એમ લીધું છે કે આત્મા શુદ્ધ છે. કેવો છે શુદ્ધ? જેને જાણવું જરૂરી છે. એમ કહ્યું છેને? જેને જાણવું જરૂરી છે એવું શુદ્ધ કોને કહે છે? તો કહે છે કે ભગવાન! તારું સ્વરૂપ પરદ્રવ્યથી ભિન્ન, પરનિમિત્તથી, પરવસ્તુથી ભિન્ન. ત્યાંથી લક્ષ છૂટ્યું તો લક્ષ ગયું ધ્રુવ ઉપર. ધ્રુવ ઉપર લક્ષ ગયું તો પર્યાયમાં એકાગ્રતા સુલટી થઈ. જે પર ઉપર લક્ષ હતું તો રાગમાં એકાગ્રતા હતી. સમજાણું કાંઈ? પર ઉપર લક્ષ હતું, પોતાનું લક્ષ નહોતું ત્યારે તો પુણ્ય, વિકલ્પ આદિમાં એકાગ્ર હતો. સમજાણું કાંઈ? એ આત્મા નથી. આત્મા એને શુદ્ધ કહ્યો કે પરદ્રવ્યથી લક્ષ છોડીને 'उपास्यमानः' એવો પાઠ છેને? આત્માને 'उपास्यमानः' આ તો પ્રવચનસાર છે. આત્માને સેવવાથી. ધ્રુવ છે એ તરફ દૃષ્ટિ કરવાથી આત્માની સેવા કરી. સેવા કરી એટલે પર્યાયમાં શુદ્ધતાથી ધ્રુવને જાણ્યું તો શુદ્ધતાએ આત્માની સેવા કરી. તો શુદ્ધતા થઈ ત્યારે આ દ્રવ્ય શુદ્ધ છે એને ખ્યાલમાં આવ્યું. એકલું શુદ્ધ છે... શુદ્ધ છે... કહે એમ નથી. સમજાણું કાંઈ? ભાઈ! આત્મા તો શુદ્ધ છે, આત્મા શુદ્ધ છે. પણ કેમ શુદ્ધ છે? તને ખ્યાલમાં આવ્યા વિના શુદ્ધ ક્યાંથી થયું? સમજાણું કાંઈ? જ્ઞાનમાં તો આવ્યું નથી કે શુદ્ધ છે.

તો પોતાની જ્ઞાનપર્યાય દ્રવ્યમાં એકાગ્ર થઈ, પરથી છૂટ્યો તો નિમિત્તથી પણ છૂટ્યો અને રાગથી પણ છૂટી ગયો. એકાગ્ર જ્ઞાનમાં થયો તો આત્માની સેવા કરી. સેવા કરી તો શુદ્ધતા પ્રગટ થઈ. શુદ્ધતા પ્રગટ થઈ એવા જીવને આ શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. એવા જીવને દ્રવ્ય શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. મગનભાઈ! સમજાણું કાંઈ? ભારે ભાઈ! તત્ત્વદૃષ્ટિ એવી સૂક્ષ્મ છે. આ શુદ્ધ છે પણ એની પર્યાય પ્રગટ્યા વિના આ શુદ્ધ છે એને પ્રતીતમાં કેમ આવે? રાગનું સેવન કરે છે, પુણ્ય પરિણામનું સેવન કરે છે અને દ્રવ્ય શુદ્ધ છે. પણ ક્યાંથી શુદ્ધ આવ્યું તને? શુદ્ધની ખબર ક્યાંથી પડી તને?

મુમુક્ષુ :- ગુરુદેવે કહ્યું એટલે ખબર પડી.

ઉત્તર :- પણ એ તો બીજો અનુભવ થયો એનો. પણ એને ખ્યાલ ક્યાંથી આવ્યો? જગતમાં કોઈ ચીજ શુદ્ધ છે એનો ખ્યાલ કેમ આવ્યો? એ તો વાણી દ્વારા (જાણ્યું). જુઓ, વાણી દ્વારા જણાય એ જાણ્યું જ નથી. સમજાણું કાંઈ? વાણી દ્વારા જ્ઞાન કર્યું એ જ્ઞાન જ આત્માનું નથી, એ તો વાત ચાલે છેને. આહા..હા..! વાણી સાંભળી અને જે જ્ઞાન થયું કે આ શુદ્ધ છે એ જ્ઞાન જ નથી, એ આત્માનું જ્ઞાન જ નથી. એ તો પરની પર્યાય

છે. પરાલંબી, પરસત્તાવલંબી, બંધનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? એને ક્યારે જણાય? ભગવાન ચૈતન્યસ્વરૂપ વસ્તુ અંતર્મુખ દૃષ્ટિ કરવાથી જે પર્યાયમાં શુદ્ધતાથી દ્રવ્યનું સેવન કર્યું તો શુદ્ધતા છે (એની) અંશે જે આનંદ આદિની પવિત્રતા પ્રગટ થઈ એ આખો આત્મા આનંદ છે. આત્મા શુદ્ધ છે. શુદ્ધ કહો, આનંદ કહો... શુદ્ધની પ્રગટ પર્યાયમાં આ શુદ્ધ છે. આ અંશ શુદ્ધ પર્યાય પ્રગટ્યો તો એ અંશ દ્વારા આ આખો આત્મા શુદ્ધ છે એવું જ્ઞાનીને જ્ઞાનમાં શુદ્ધ ભાસ્યું ત્યારે શુદ્ધ કહેવામાં આવ્યું. મગનભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ વિના ખ્યાલ કેમ આવે કે આ શુદ્ધ છે, શુદ્ધ છે. પણ શું શુદ્ધ? ક્યાં છે? શુદ્ધ છે એ તો દ્રવ્ય. પણ શું દ્રવ્ય શુદ્ધ છે. તને એનો નમુનો પ્રગટ કર્યા વિના તારી ચીજ શુદ્ધ છે એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પમાં તો કર્તૃત્વબુદ્ધિ રોકાઈ ગઈ. એ તો અશુદ્ધ છે. એમાં દ્રવ્ય શુદ્ધ છે એ ક્યાંથી આવ્યું તને?

મુમુક્ષુ :- આ અંશના નિમિત્તે.

ઉત્તર :- એ તો અંશ... પર્યાય.. થયો. આમ લક્ષ હતું એ આમ લક્ષ કર્યું તો પર્યાયમાં શુદ્ધિ થઈ કે નહિ? આમ પર ઉપર લક્ષ હતું એ તો રાગની એકતા હતી. હવે પરની રુચિ છોડીને, લક્ષ છોડીને અહીં દૃષ્ટિ ગઈ તો પર્યાયમાં (સ્વભાવની) એકતા થઈ કે નહિ? રાગથી ભિન્નતા અને સ્વભાવમાં એકતા થઈ. સ્વભાવમાં એકતા થઈ એ શુદ્ધતા થઈ, એ શુદ્ધતા થઈ એમાં ભાન થયું કે આ શુદ્ધ છે. એને દ્રવ્ય શુદ્ધ છે એમ આવ્યું. આહા..હા..!

મુમુક્ષુ :- ...શુદ્ધતા જ છે.

ઉત્તર :- ..શુદ્ધતાને માની. અખંડ છે. નિમિત્ત તો હજી પર્યાયમાં શુદ્ધતા તો વીતરાગ થઈ જાય. પણ દ્રવ્ય શુદ્ધ છે એની કોને પ્રતીત થાય છે?

મુમુક્ષુ :- નમુનો જાણીને.

ઉત્તર :- હા, એનો નમુનો બહાર આવ્યો. એ તરફની દૃષ્ટિ કરવાથી એને આ દ્રવ્ય શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. મગનભાઈ! આહા..હા..! ના, આ તો શુદ્ધતા છેને શુદ્ધતા. સેવન કર્યું એ લેવું છે. .. એ તો ભેદ પડ્યો. પણ એ પણ નથી અહીંયાં. એ ભેદ છે. એમ નથી.

અહીં તો એમ કહેવું છે, અહીં એકાકાર થયો તો અભેદ થયો. વસ્તુમાં એકાકાર થયો ત્યારે શાંતિ પ્રગટ થઈ એ શાંતિ દ્વારા આ દ્રવ્ય આખું શાંતિમય છે. સમજાણું કાંઈ? અમૃતચંદ્રાચાર્યની શૈલી એવી છે. પરદ્રવ્યથી ખસીને ઉપાસ્યમાન છેને એ? ઉપાસના... એવું .. એ ઉપાસના ધ્રુવની ઉપાસના છે. સમજાણું કાંઈ? '**અહીં પ્રશ્ન ઉપજે છે કે એવો શુદ્ધાત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ?**' જાણવું જોઈએ. એવો પ્રશ્ન ઉઠ્યો છઠ્ઠી ગાથામાં... કહ્યું કે '**એ પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. એ પ્રમત્ત-**

**અપ્રમત્ત પર્યાયનો ભેદ નથી.'** એટલું. '**તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી,...'** અન્ય દ્રવ્યના ભાવથી. પરની પર્યાયથી. '**ભિન્નપણે ઉપાસવામાં આવતો...'** અન્ય દ્રવ્યના ભાવથી ભિન્ન ઉપાસવામાં આવતો... '**ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે.'** કર્મનો ઉદય એનાથી ભિન્ન. સમજાણું કાંઈ? આશ્રય ભિન્ન નથી. આશ્રય ભિન્ન સર્વથા થઈ જાય તો સર્વજ્ઞ થઈ જાય. પણ પરદ્રવ્યના ભાવથી, લક્ષથી ભિન્ન થયો તો અહીં ઉપાસમાન કર્યું. જુઓ, 'અન્ય સમસ્ત પરદ્રવ્યોના ભાવથી ભિન્નરૂપથી ઉપાસવામાં આવતો થકો' અન્ય દ્રવ્યોના ભાવનો અર્થ વિકાર પરિણામની વાત અહીંયાં નથી. વિકારી પરિણામથી સર્વથા ભિન્ન થઈ જાય તો તો સિદ્ધ થઈ જાય. પણ કર્મનો જડ ઉદય જે છે એના સમસ્ત ભાવ જડના છે. એનાથી ભિન્ન ઉપાસ્યમાન થયો થકો આત્મસન્મુખ થઈ ગયો. ભિન્ન થયો તો આત્માની સન્મુખ થયો. એવો ઉપાસ્યમાન થયો થકો, સેવા કરતો થકો શુદ્ધ કહેવાય છે. સમજાણું કાંઈ? એને દ્રવ્ય શુદ્ધ છે એમ થયું. મગનભાઈ! આહા..હા..! ભારે વાત!

માણસને એવું લાગે કેટલા લખાણ એવા આવે છેને એકાંત છે... એકાંત છે... અરે..! ભગવાન ભાઈ! સમ્યક્ એકાંત વસ્તુ એવી છે ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ? એમ કે વ્યવહારની પ્રવૃત્તિ અને ક્રિયાની તો વાત જ કરતા નથી. કરવું આ... કરવું આ... આવે વચમાં વિકલ્પ હોય. વ્યવહાર છે એમ કહ્યું નથી? પણ એ બંધનું કારણ છે, એ ધર્મ નથી. ઉલટપલટ વસ્તુ આખી. દુનિયાની માન્યતાથી માર્ગની વાત આખી ઉલટપલટ છે. આમ લક્ષનો દોર જડ ઉપર હતો, પોતાનું અસ્તિત્વ કેટલું છે એની ખબર નથી. તો પરના અસ્તિત્વ ઉપર લક્ષ હતું એ મિથ્યાત્વભાવ હતો. એ અનાદિની દૃષ્ટિ મિથ્યાત્વ છે. એ લક્ષ છોડીને ઉપાસિત. ઉપાસિત થયો એમ કહ્યુંને? ભાવથી ભિન્નરૂપ ઉપાસવામાં આવતો થકો. જુઓ, ઉપાસના આવી. ભગવાન દેવની ઉપાસના. આ દેવી અને દેવલાની ઉપાસના કરે છેને. શું દેવી, દેવલા? આ ભગવાન દેવ છે પોતાનો. બહારમાં દેવદેવલા છે નહિ. તારો દેવ તો તારી પાસે પડ્યો છે. હવે પોતે દેવ છે ત્યાં પાસે પડ્યો એમ કહેવું? સમજાણું કાંઈ?

સ્વયં દ્રવ્ય છે એ દેવ છે. એ દેવની ઉપાસના. જુઓ, રાગની ઉપાસના-સેવા કરી એમાં તો મિથ્યા ભ્રમ ઉત્પન્ન થઈને દુઃખી થયો ચાર ગતિમાં. પછી ભલે સ્વર્ગ મળે. બાહ્યધર્મની ઉપાસના કરી, બ્રહ્મની ઉપાસના ન કરી. ભ્રમની ઉપાસના કરી. બ્રહ્મ આનંદકંદની ઉપાસના ન કરી. ભ્રમ અને બ્રહ્મ. ભ્રમ પણ એ એક વસ્તુ છે કે નહિ? વસ્તુ છે હોં. અનિત્ય છે પણ વસ્તુ છે. નથી એમ નહિ. પર્યાય છે. એવી સેવા કરી, ચાર ગતિ મળી રખડવાની દુઃખી. લ્યો આ તપ. આત્માનું આરાધન છોડીને વિરાધક થયો. આહા..હા..! એ ઉપાસના છોડીને સચ્ચિદાનંદ પ્રભુ પોતાનો એની ઉપાસના કરી કે આ શુદ્ધ, ત્યારે તેને દ્રવ્ય શુદ્ધ છે એમ જણાયું. અહીં એમ કહ્યું કે એ શુદ્ધ કહેવાય છે અથવા શુદ્ધ જાણવામાં આવ્યું. કહેવાય છે એ વાણી થઈ. ત્યારે શુદ્ધ જણાયું. સમજાણું કાંઈ? પંડિતજી! થોડું-થોડું. આ

તો હિન્દી ચાલે છે. કાલે સવારથી ગુજરાતી ચાલશે. કાલે બપોરે પણ ૩ થી ૪ ચાલશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ઝાઝી સંખ્યા કાંઈ નહિ. કાલથી ગુજરાતી. જેણે સાંભળવું હોય તો ૨૦ દિવસ દરમ્યાન આવવું. પછી ગુજરાતી થશે. એવા તો આવ્યા જ કરે તો શું બારે મહિના હિન્દી ચાલે? એની તો દરકાર નથી. જ્યારે ક્લાસ હોય ત્યારે હિન્દી ચાલે. પછી ક્લાસ પૂરા થયા પછી ત્રણ-ચાર દિ' પાંચ દિ' પછી આવે અને પછી રહે. કાલથી ગુજરાતી ચાલશે.

મુમુક્ષુ :- ગુજરાતીની ટેવ પડી જાય.

ઉત્તર :- ...ગુજરાતીમાં જેટલી સ્પષ્ટ ભાષા આવે એની હિન્દીમાં નથી આવતી. હવે દશ દિવસ તો બિલકુલ ગુજરાતી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈની માટે નહિ. ગુજરાતી માટે પણ નહિ. બહુ હોય તો સવારથી ગુજરાતી. કાલથી ખાસ. બિલકુલ ગુજરાતી. એક જ વાત. એમાં બીજી વાત નથી. અને કાલે બપોરે ૩ થી ૪.

મુમુક્ષુ :- બપોરનો ટાઈમ ૩ થી ૪.

ઉત્તર :- ૩ થી ૪ કહ્યું. કાલથી ટાઈમ પણ બદલાઈ જશે, બધું બદલાઈ જશે.

કહે છે, જુઓ, આ ઉપાસતો થકો શુદ્ધ કહેવામાં આવે છે. એમ અહીંયાં કહે છે '**ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવાયોગ્ય છે.**' એ ધ્રુવ ચીજ છે એના ઉપર દૃષ્ટિ દેવાથી જે જ્ઞાન થયું તે સ્વનું જ્ઞાન થયું અને રાગાદિ છે એનું પણ જ્ઞાન થયું. એ સ્વપરપ્રકાશક જ્ઞાનસહિત ધ્રુવને અહીંયાં ધ્રુવ કહેવામાં આવ્યું છે. અહીંયાં એ ચીજ છે.

મુમુક્ષુ :- ... જ્ઞાન સહિત ધ્રુવ.

ઉત્તર :- સહિતનું ધ્રુવ એને ગણવામાં આવ્યું છે. એ પર્યાયનું જ્ઞાન અને ધ્રુવનું જ્ઞાન પ્રમાણજ્ઞાન છે. ૯૨ ગાથા ચાલી હતી ક્લાસ વખતે.

**एवं णाणप्पाणं दंसणभूदं अदिंदियमहत्थं।**
**धुवमचलमणालंबं मण्णेऽहं अप्पगं सुद्धं।।१९२।।**

એનું હિન્દી છે હિન્દી. કેટલામી? ૧૯૨.

**એ રીત દર્શન-જ્ઞાન છે, ઈન્દ્રિય-અતીત મહાર્થ છે,**
**માનું હું—આલંબન રહિત, જીવ શુદ્ધ, નિશ્ચળ, ધ્રુવ છે. ૧૯૨.**

ગુજરાતી છે. એનો અન્વયાર્થ લઈએ પહેલા થોડો. 'હું...' ધર્મી પોતાના આત્માને એવો જાણે છે કે '**હું આત્માને એ રીતે જ્ઞાનાત્મક, દર્શનભૂત,...**' હું તો જ્ઞાનસ્વરૂપ છું અને દર્શનભૂત છું. રાગાદિ નથી એમ પહેલા ન લેતા, હું જ્ઞાનસ્વરૂપ છું, દર્શનસ્વરૂપ છું. '**અતીન્દ્રિય મહા પદાર્થ,...**' છું. અતીન્દ્રિય મહા પદાર્થ. જુઓ, ભગવાન આત્મા અતીન્દ્રિય મહા પદાર્થ

છે. ઈન્દ્રિયગમ્ય નથી. કેમકે અતીન્દ્રિય મહા પદાર્થ છે. મહા પદાર્થ. ઓહો..હો..! જો એ મહા પદાર્થ ન હોય તો પોતાને અને પરને કેમ જાણે? પરની સ્થિતિને પણ જાણનાર તો એ છે. બીજા છ દ્રવ્યની હયાતી છે એને જાણનારો તો આત્મા છે. એવો મહાપદાર્થ ભગવાન શરીર પ્રમાણે હોવા છતાં મહા પદાર્થ અતીન્દ્રિય.

'**ધ્રુવ,...**' બધાની, એક-એક શબ્દની વ્યાખ્યા કરશે. '**અચળ, નિરાલંબ...**' છે. પરનું એમાં બિલકુલ આલંબન નથી '**અને શુદ્ધ માનું છું.**' લ્યો! સમ્યગ્દૃષ્ટિ એવા આત્માને માને છે. મિથ્યાદૃષ્ટિ એમ માની શકે નહિ. જેમ છે તેમ એમ માનતા નથી. એનાથી વિરુદ્ધ માને છે કે એવી પુણ્યની ક્રિયા કરનારો છું, દયા, દાન, વ્રતની ક્રિયા કરનારો છું, એનો પણ હું કર્તા છું. એવું માનનારો, એવા આત્માને માની શકે નહિ. આત્મા તો એવો છે.

હવે એની વ્યાખ્યા કરે છે '**ટીકા :- શુદ્ધ આત્મા સત્...**' વિદ્યમાન, અસ્તિત્વવાળો, ત્રિકાળ હયાતીવાળો. અસ્તિત્વ ગુણ છેને એમાં? અસ્તિત્વના ગુણને કારણે કદી ઉત્પન્ન થતો નથી. અને કદી નાશ થતો નથી. છ ગુણ છેને? અસ્તિત્વ ગુણને કારણે ગુણી કદી ઉત્પન્ન થાય નહિ, કદી નાશ થતો નથી. એવો સત્ અસ્તિત્વાળો હોવાથી '**અને અહેતુક...**' '**જેનું કોઈ કારણ નથી એવો;...**' ઈશ્વર-બીશ્વરે બનાવ્યો છે એવો આત્મા નથી. સમજાણું કાંઈ? બ્રહ્મા ઉત્પન્ન કરે, આવે છે કે નહિ? વિષ્ણુ રક્ષણ કરે, શંકર નાશ કરે. એવી કોઈ ચીજ છે નહિ. સમજાણું કાંઈ? સ્વયં એવો હોવાથી અહેતુક, '**અકારણ હોવાને લીધે અનાદિ-અનંત...**' અનાદિ-અનંત. જેની આદિ નથી, જેનો અંત નથી. '**અને સ્વતઃસિદ્ધ છે...**' સ્વતઃ પોતાથી સિદ્ધ છે. સિદ્ધ નામ સિદ્ધ પરમાત્માની વાત નથી. સ્વતઃસિદ્ધ છે. પોતાથી સિદ્ધ-સાબિત છે. પોતાની સાબિતી પોતાથી છે, પરથી છે નહિ. લ્યો, કોઈ વિષ્ણુ કર્તા છે કે બ્રહ્માએ આત્માને ઉત્પન્ન કર્યો એવી વાત છે નહિ. એ જૂઠું અને ગપ્પ છે. એવો પહેલો અર્થ કર્યો.

'**તેથી આત્માને શુદ્ધ આત્મા જ ધ્રુવ છે,...**' આ કારણે આત્માને શુદ્ધાત્મા જ ધ્રુવ છે. '**(તેને) બીજું કાંઈ પણ ધ્રુવ નથી.**' શરણભૂત, આશ્રય કરવાલાયક આ ચીજ છે. કોઈ બીજી ચીજ આશ્રય અને શરણ કરવાલાયક નથી. '**આત્મા શુદ્ધ એટલા માટે છે...**' જુઓ, પહેલા ધ્રુવ કહ્યું. પછી એ કારણે શુદ્ધ છે. હવે '**શુદ્ધ એટલા માટે છે...**' ત્રણ બોલની વાત છે. '**તેને પરદ્રવ્યથી વિભાગ...**' પરદ્રવ્યથી ભિન્ન '**અને સ્વધર્મથી અવિભાગ હોવાને લીધે એકપણું છે.**' ધ્રુવ છે એ શુદ્ધ છે. શુદ્ધ કેમ છે? એકત્વ છે માટે શુદ્ધ છે. ધ્રુવ છે તો શુદ્ધાત્મા છે, શુદ્ધ છે તો ધ્રુવ છે એમ. શુદ્ધ છે, એકત્વ છે તો શુદ્ધ છે, એકત્વ છે તો શુદ્ધ છે અને શુદ્ધ છે તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? કેવો છે ભગવાન આત્મા? '**આત્મા શુદ્ધ એટલા માટે છે...**' શુદ્ધ છે તે ધ્રુવ છે એમ. હવે શુદ્ધ કેમ છે? શુદ્ધ કેવું? એમ લેવું છેને અહીંયાં? પરદ્રવ્યથી ત્રિકાળ ભિન્ન છે '**અને સ્વધર્મથી**

**અવિભાગ હોવાને લીધે...'** પોતાનો સ્વધર્મ જે શક્તિ છે, ગુણ છે એનાથી તો અવિભાગ છે. સ્વધર્મ શબ્દે તો ગુણ અને પર્યાય એનાથી તો જુદો નથી. પોતાના ગુણ-પર્યાયથી જુદો નથી. પરથી જુદો છે. સમજાણું કાંઈ? તેથી **'એકપણું છે.'** આ કારણે પરદ્રવ્યથી ભિન્ન, પોતાના સ્વભાવથી અભિન્ન એ કારણે એકત્વ છે, એકત્વને કારણે શુદ્ધ છે. શુદ્ધ કારણે ધ્રુવ છે. ધ્રુવને કારણે શરણ લેવા લાયક છે.

મુમુક્ષુ :- પર્યાય એમાં આવી ગઈ.

ઉત્તર :- આવી ગઈ. એનો વિશેષ ખુલાસો કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન નં. ૨૫૭માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

**શ્રાવણ વદ ૧૨, સોમવાર, તા. ૦૮.૦૯.૧૯૬૯**
**ગાથા-૧૯૨, પ્રવચન-૨૫૮**

પ્રવચનસાર. જ્ઞેયતત્ત્વનું કથન છે. એવો આત્મા ધ્રુવ છે કે જે અવલંબન કરીને અનુભવ કરવાલાયક છે. પાંચ બોલે એકપણું છે એમ પહેલું સિદ્ધ કર્યું. ત્રણ બોલ તો ચાલ્યા હતા. ચોથો બોલ ચાલ્યો હતો પણ ફરીને લઈએ. પહેલું એમ કહ્યું કે આ આત્મામાં પાંચ બોલે એકપણું છે. પરથી ભિન્નપણું, સ્વથી એકપણું. જ્ઞાન અને દર્શનને ધરવાથી-ધારણ કરવાથી અને જ્ઞાન, દર્શન જેનામાં નથી તેનાથી ભિન્ન હોવાથી બીજા દ્રવ્યોથી ભિન્ન છે અને એના જાણવા-દેખવાના ભાવથી—સ્વધર્મથી અભિન્ન છે. સમજાય છે કાંઈ? જાણવા-દેખવાના સ્વભાવને ધરવાથી જેમાં જાણવા-દેખવાનો સ્વભાવ નથી તેનાથી ભિન્ન છે. આ જાણવું-દેખવું હોં. ભગવાનનું જાણવું-દેખવું પણ એનું એનામાં છે. આ જાણવું-દેખવું એનામાં નથી. એ શું કહ્યું? જેમ કે આ આત્મામાં જાણવા-દેખવાનો જે સ્વભાવ એને ધારી રાખ્યો છે એવો ભાવ. એવો ભાવ આ જાણવા-દેખવાનો બીજાએ ધારી રાખ્યો નથી. પછી ભગવાન હોય કે કેવળી હોય કે સિદ્ધ હોય. સમજાણું કાંઈ? જાણવા-દેખવાનો જે સ્વભાવ આત્માએ ધારી રાખ્યો હોવાથી જેનામાં આ જ્ઞાન અને દર્શન ધાર્યું નથી એવા જે બીજા દ્રવ્યો એનાથી આત્મા ભિન્ન છે. સમજાણું કાંઈ? એ આવ્યું છેને. ઈ આવી ગયું કાલે. આ તો થોડું. જ્ઞાન પોતામાં છે.

મુમુક્ષુ :- પહેલા બે ભેગા લીધા.

ઉત્તર :- ભેગા છેને.

**'આત્માને અતન્મય પરદ્રવ્યથી વિભાગ છે અને સ્વધર્મથી અવિભાગ છે...'** આહા..હા..! ઝીણી વાત છે જુઓ, જ્ઞેય જે દૃષ્ટિમાં લેવાલાયક, પ્રાપ્ત કરવાલાયક. આ પ્રાપ્ત કરવાલાયક. સમજાય છે કાંઈ? મેળવવા લાયક. પૈસા મેળવવા લાયક કે રાગ આદિ મેળવવા લાયક નથી. આત્મા મેળવવા લાયક એ આત્મા વસ્તુ છે તેને પ્રાપ્ત કરવાલાયક, મેળવવાલાયક વસ્તુ આવી છે. આહા..હા..! એમાં દૃષ્ટિ દેવાથી એ આત્માની પ્રાપ્તિ થાય છે. સમજાય છે કાંઈ? કહે છે કે જેણે તો જ્ઞાન-દર્શન ધાર્યું છે એવો ભગવાન આત્મા, જેનામાં આ જ્ઞાનદર્શન નથી એવા જડ અને બીજા આત્માઓ. તેથી ધારી રાખ્યો એ શબ્દ કહ્યો છેને. ભગવાન જાણવું-દેખવું ધારી રાખ્યું. સામાન્ય-વિશેષ સ્વભાવ એવો ધારી-ટકેલો સ્વભાવ એવો ભાવ જેમાં નથી એ ત્યાં જડ પદાર્થ હોય કે બીજા આત્મા હોય. એવા પરપદાર્થમાં આ જ્ઞાન અને દર્શન તન્મય નથી એટલે એક-મેક નથી. એવા અતન્મય પદાર્થો આ જ્ઞાન-દર્શન જેમાં નથી એવા અતન્મય પદાર્થો એનાથી ભગવાન ભિન્ન હોવાથી અને સ્વધર્મથી અભિન્ન છે. વિભાગનો ભાગ .. શબ્દ.

પરદ્રવ્યથી વિભાગ છે, સ્વધર્મથી અવિભાગ છે. એથી તે એક છે. તેથી તે એક છે. એક છે માટે શુદ્ધ છે. શુદ્ધ છે માટે ધ્રુવ છે. ધ્રુવ માટે તેની પ્રાપ્તિ કરવાલાયક છે. આહા..હા..! ભારે! સમજાણું? પછી બીજો બોલ એ લીધો કે મહાપદાર્થ છે. અતીન્દ્રિય મહા પ્રભુ છે. પાંચ ઇન્દ્રિયો એના જે ગુણો એનાથી અતિક્રમીને. ઇન્દ્રિયોથી અતિક્રમીને અને સર્વ રસ-ગંધ-રંગ આખી દુનિયાના. આહા..હા..! જુઓ, પહેલો જ આત્મા સિદ્ધ કરતા આવો લીધો છે. સર્વજ્ઞ (થાય એ) વખતે નહિ, પણ આત્મા જ આવો છે. જગતના જેટલા સર્વ સ્પર્શ, રંગ, ગંધ આદિ તેના પર્યાયને અને એને ગ્રહણ કરનારો, એના જ્ઞાનને ગ્રહણ કરનારો છે, પણ તે પદાર્થને પકડનારો નથી. આહા..હા..!

**'ઇન્દ્રિયોને અતિક્રમીને, સર્વ સ્પર્શ-રસ-ગંધ...'** જુઓ, હવે. આટલી બધી તાકાત નીચે! હવે એ છે. સર્વ સ્પર્શ. સુંવાળું આદિ છેને? ઇન્દ્રિયના વિષયથી અતિક્રમેલો છે એનો સ્વભાવ અને સ્પર્શ, રસ, ગંધના ભાવ જે છે એનો જાણનારો છે. સર્વને જાણનારો છે. એવો **'એક સત્ મહા પદાર્થ છે...'** એકકોર રામ અને એકકોર ગામ. ભગવાન આત્મા, અનંત પદાર્થો છે તે બધાને જાણનારો છે. માટે **'એક સત્ મહા પદાર્થ છે એવા આત્માને ઇન્દ્રિયાત્મક પરદ્રવ્યથી વિભાગ છે...'** આ ઇન્દ્રિયો જડ-માટી એનાથી જુદો અને એના જ્ઞાનસ્વરૂપ તે સ્વધર્મથી અવિભાગ. ત્યાં સ્વ શબ્દ પડ્યો નથી પણ એમાં લઈ લેવો. **'સ્પર્શાદિના ગ્રહણસ્વરૂપ...'** સર્વ સ્પર્શ આદિ. આહા..હા..! જ્ઞાનમાં સ્પર્શ આદિ ચીજ દેખીને જો એની મહત્તા મગજમાં આવે, તો કહે છે કે આત્માને ભૂલ્યો, મિથ્યાત્વભાવ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! શરીરાદિના સુંદર આકાર કે શરીરાદિની સુંદર ચેષ્ટાઓ કે આકૃતિઓ

સુંદર—એમ દેખીને જેને ઉલ્લાસ આવી જાય, કહે છે કે એનો ઉલ્લાસ મિથ્યાત્વમાં ગયો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કેમકે એ તો ઇન્દ્રિયના વિષયથી અતિક્રમેલો પદાર્થ છે અને સર્વને જાણવું-દેખવું એવો એનો સ્વભાવ છે. જાણવા-દેખવાના સ્વભાવથી અભિન્ન છે, અવિભાગ છે, પણ એ સ્પર્શાદિથી ભિન્ન છે. એ ભિન્ન ચીજ છે... એમાં તો બધું આવ્યું કે નહિ? સ્પર્શ, રસ, ગંધ. મેસુબનો કટકો જો એને લલચાવે. સમજાય છે? કે શ્રીખંડ અને પૂરી આમ દેખતા એનો રસ એને લલચાવે તો કહે છે કે મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. એનામાં લલચાવાનો સ્વભાવ નથી, આત્મા લલચાય એવો આત્મામાં સ્વભાવ નથી. ફક્ત એ ચીજો છે તેનું જ્ઞાન થાય એવો આત્માનો સ્વભાવ છે અને એ જ્ઞેય થાય જ્ઞાનમાં, જ્ઞેય અધિકાર છેને? એવો એ સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ 'સ્પર્શ-રસ...' ફૂલ સુગંધ, શરીરમાં પણ કોઈ સુગંધ એવી દેખીને, તેનું રૂપ-રસ આકૃતિ સુંદર દેખીને ચિત્તની વૃત્તિ ઉલ્લસિત થાય તો, કહે છે કે એ સ્વભાવનો અનાદર કરી એણે મિથ્યાત્વભાવને સેવ્યો છે એમ કહે છે. એ આત્માને પ્રાપ્ત કરતો નથી. એ મિથ્યાત્વને પ્રાપ્ત કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા તો, કહે છે કે એ સ્પર્શ, રસ, ગંધ, રંગ એ બધાને (જાણનારો) અને બધાથી જુદો, પણ બધાના જ્ઞાન કરનારી, જ્ઞાનની અવસ્થાથી જુદો નથી. આહા..હા..! બાપુ! તત્ત્વને પ્રાપ્ત કરવો એ મહાપુરુષાર્થ છે. એ મહાપુરુષાર્થ છે. સમજાય છે કાંઈ? કોઈપણ સ્પર્શ, ગંધ, સુંવાળી ચીજ, માખણ જેવી ચીજ એના ખ્યાલમાં આવતા એને આમ (થાય કે) ઠીક છે આ. પ્રતિકૂળતાની ચીજ દેખતા આ અઠીક છે, કાંટા, ગોખરુ, છરી, તલવાર એ પણ એક સ્પર્શ-રસવાળી પર્યાય છે. એને દેખીને એમ થાય ઉંહું.. હું... તો કહે છે કે એના જ્ઞેયનો એવો સ્વભાવ નથી કે આને લલચાવે. જ્ઞાનનો એવો સ્વભાવ નથી કે તે લલચાઈ જાય, પણ વચ્ચે ભાવ ઉભો કરે છે, નવનીતભાઈ! સમજાય છે કાંઈ? એ મિથ્યાત્વભાવ છે. એમાં આત્માની પ્રાપ્તિ નથી, પણ અણાત્માની પ્રાપ્તિ એમ કહેવું છે. સમજાય છે કાંઈ?

અહીં તો આત્માની પ્રાપ્તિ. આહા..હા..! કહે છે સમ્યગ્દર્શનમાં આત્માની પ્રાપ્તિ, સમ્યગ્જ્ઞાનમાં સ્વજ્ઞેયની પ્રાપ્તિ. તો સ્વજ્ઞેય કેવું છે? કે બધા સ્પર્શ, રસ, ગંધ આદિ એનાથી જુદો, પણ એના સંબંધીનું પોતાનું જે જ્ઞાન, એ વખતે જ્ઞાન થાય એવો એનો સ્વભાવ છે, પણ આ ઠીક છે અને અઠીક છે એવો એનો સ્વભાવ નથી ને એવો સ્વભાવ ઉભો કરે તો અણાત્માની પ્રાપ્તિ છે. આહા..હા..! વાતું જુદી, ભાઈ! સમજાણું કાંઈ? એક છોકરો સારો થાય, રૂપાળો, સુંવાળો, રળાઉ, કમાઉ. કહે છે કે એ ચીજ છે ઈ દેખાય છે એનો સ્પર્શ, રસ આદિ. હવે ઈ આત્મા એનાથી તો ભિન્ન છે. આ જ્ઞાન, દર્શન એમાં નથી અને આનાથી એ જુદી ચીજ છે. છતાં એ જુદી ચીજને લક્ષમાં લઈને એનું જ્ઞાન કરે એવો એનો સ્વભાવ છે. પણ એ આ.. આ.. આવો થયો એવી જે માન્યતા છે ત્યાં મિથ્યાત્વની પ્રાપ્તિ છે.

એય..! શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં બીજું શું છે? હજી તો એ પર્યાયની પછી વાત. એ તો પછી આવશે. અહીં તો સ્પર્શ-રસ ઉપર જરી આ સ્પર્શ દેખતા ચીજ પર છે. એનાથી તો જુદો છે. પણ એ સંબંધીનું જે જ્ઞાન છે એનાથી ભાગ નથી, વિભાગ નથી. એને ઠેકાણે વચમાં એમ નાખે... કારણ કે જ્ઞાનનું એ જ્ઞેય છે અને આ જ્ઞાન એને જાણે તેવું પ્રમાણ જ્ઞાનસ્વરૂપ આનું છે. આહા..હા..! તો એ જ્ઞાન જાણવાના સ્વભાવથી પ્રાપ્ત થવો જોઈએ એમ પ્રાપ્ત ન કરતા, પરપદાર્થના સંગમાં-લક્ષમાં આવીને, ઠીક છે આ અથવા આ અઠીક છે—એવી જે માન્યતા એ સ્વજ્ઞેયને જાણ્યું નથી અને પરજ્ઞેયના જ્ઞાન તરીકે, પ્રમેય તરીકે જાણવાનો સ્વભાવ એમ એણે માન્યો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે એવા '**સ્પર્શાદિના ગ્રહણસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે...**' એ સ્પર્શ, રસ, ગંધ આદિ એનું જે આ જ્ઞાન થાય એનાથી આત્મા સ્વધર્મથી જુદો નથી, પણ એ ચીજથી તો જુદો છે. આહા..હા..! કેવી શૈલી પણ. ઓહો..હો..! '**તેથી તેને એકપણું છે; (૪) વળી ક્ષણવિનાશરૂપે પ્રવર્તતા...**' ચોથો બોલ. દરેક પદાર્થ... હવે પર્યાય અને દ્રવ્ય બે લે છે. કે દરેક પદાર્થ અને અંદરમાં રાગ અને દ્વેષ. રાગની ઉત્પત્તિ થાય અને રાગનો નાશ થાય. એ જગતની પર્યાય આમ દેખાય છે એ પર્યાય ક્ષણમાં ઉત્પન્ન થઈને નાશ થાય છે. '**ક્ષણવિનાશરૂપે પ્રવર્તતા જ્ઞેયપર્યાયોને (ક્ષણે ક્ષણે નાશ પામતા જણાવાયોગ્ય પર્યાયોને) ગ્રહવા-મૂકવાનો અભાવ હોવાથી...**' અચળની વ્યાખ્યા છે આ. આહા..હા..! શરીરની પર્યાય ક્ષણે-ક્ષણે બદલે છે, વાણીની બદલે છે, બાહ્યપદાર્થ જે દેખવામાં આવે એની પણ ક્ષણે-ક્ષણે પર્યાય બદલે છે. એવા '**ક્ષણવિનાશરૂપે પ્રવર્તતા જ્ઞેયપર્યાયોને ગ્રહવા-મૂકવાનો અભાવ હોવાથી...**' શરીરની પર્યાય ક્ષણે વિનાશ થાય તેને ગ્રહતો નથી જીવ. તેમ છોડતો પણ નથી. કે આ પર્યાયને હું છોડું. ગ્રહી હતી તે છોડે? સમજાણું કાંઈ? દાળ-ભાત, રોટલા, શાક અપવાસના કાળમાં એની પર્યાય જે છે એને હું છોડું. એમ માન્યતા છે એ મિથ્યાત્વ માન્યતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેમાં આત્માની પ્રાપ્તિ નથી, પણ અનાત્માની, મિથ્યાત્વની પ્રાપ્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(ક્ષણે ક્ષણે નાશ પામતા જણાવાયોગ્ય પર્યાયોને)...**' જ્ઞેય પર્યાયો. પર્યાયો (એટલે) વર્તમાન અંશ લીધો છે. પછી દ્રવ્ય આખું લેશે. અચળમાં અંશનું નિમિત્ત અને નિરાલંબનમાં દ્રવ્યનું નિમિત્ત એમ જુદાં કરીને બે ભાગ પાડ્યા છે. શું કહ્યું? ક્ષણે-ક્ષણે આ શરીરાદિની અવસ્થા, શરીરના અવયવોની જુવાનીની અવસ્થા ક્ષણે-ક્ષણે નાશ પામે છે. એવા પર્યાયોને ગ્રહવું-મૂકવું. જે પર્યાયને ગ્રહવી-પકડવી કે છોડવી એ તો આત્મામાં છે નહિ. સમજાણું કાંઈ? આહા..! એ '**ક્ષણવિનાશરૂપે પ્રવર્તતા જ્ઞેયપર્યાયોને (ક્ષણે ક્ષણે નાશ પામતા**

**જણાવાયોગ્ય પર્યાયોને) ગ્રહવા-મૂકવાનો અભાવ હોવાથી...**' એ પર્યાય પકડે કે છોડે એવું તો આત્મામાં નથી. અરે..! રાગ ઉત્પન્ન થાય અને જાય એને પણ ગ્રહવું-મૂકવું એ આત્મામાં નથી. ક્ષણે વિનાશ સ્વભાવ છે. ઉત્પન્ન-ધ્વંસિ. વિકાર પુણ્યનો, દયા, દાન, વ્રતાદિ એ વિકલ્પ છે ક્ષણે ઉત્પન્ન થાય અને નાશ પામે. એને ગ્રહવું કે મૂકવું એવો આત્મામાં સ્વભાવ નથી. સમજાણું કાંઈ? એવો ગ્રહવા-મૂકવાનો સ્વભાવ નહિ હોવાથી અચળ ભગવાન છે. એવા '**આત્માને જ્ઞેયપર્યાયોસ્વરૂપ પરદ્રવ્યથી વિભાગ છે...**' શરીરની અવસ્થા ઉત્પન્ન જે થાય એનાથી તો જુદો છે.

એના ઉત્પન્ન-વ્યયના '**તન્નિમિત્તક...**' ઉત્પન્ન-વ્યય થાય તેમાં નિમિત્તિક '**જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે...**' જે ચીજ ઉત્પન્ન-વ્યય થાય છે તેનું અહીં જ્ઞાન થાય. એવા જ્ઞાનની પર્યાયથી જુદો નથી. એ ચીજથી જુદો નથી. આહા..હા..! જુઓ એક જ્ઞેયની, મહાપદાર્થની મહત્તા ચીતરવાની એક કળા. સમજાય છે? આવી વ્યાખ્યા વીતરાગમાર્ગ સિવાય બીજે મળે નહિ. સમજાય છે કાંઈ? ઈન્દ્રો ભગવાનનું રૂપ હજાર આંખ કરીને દેખે છેને. આવે છે કે નહિ? કહે છે કે એ તો રૂપ સંબંધીનું અહીં જ્ઞાન થાય છે. રૂપ તો ક્ષણે-ક્ષણે બદલતી તેની પર્યાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ પર તરફ લક્ષ જાય એટલે રાગ થાય વિકલ્પ. એ રાગમાં એને ઉત્પન્ન-વ્યય થાય તેનું જ્ઞાન કરનારો છે, પણ રાગ કરું છું એમ માનનાર અણાત્માને પ્રાપ્ત કરે છે. એવી વાત. વાત કરી.. એમ છે. ઉપરથી ભલે સાધારણ લાગે. આ અણાત્મા અને આત્મા. આત્માની પ્રાપ્તિ આમ છે, આમ અણાત્માની. સમજાય છે કાંઈ? કહો, ભીખાભાઈ! આહા..હા..!

અરે..! દેહ છૂટવાના કાળ હોય, જુવાન અવસ્થા હોય, આમ પાંચ વર્ષથી પરણેલી કન્યા બેઠી હોય, ભર્યું ઘર હોય, પચાસ-સો માણસ ભેગા થયા હોય. એ વખતનો કાળ જુઓ. સમજાય છે? ઉદાસ... ઉદાસ... ઉદાસ... ક્યાંય તેજ ન દેખાય, ખુશીપો ન દેખાય. મહેમાન આવ્યા હોય ૨૫-૫૦ જોવા. સારું ઘર હોય. એ મર્યો નથી ત્યાં સુધી તો ચુરમા પણ કરે. મહેમાનને માટે લાડવા પણ કરે. મર્યો નથીને. મરે પછી વળી કરેલા પણ પડ્યા રહે એમ ને એમ ..માં. આહા..હા..! જગતના જુઓ દેખાવ! ૨૦ વર્ષનો જુવાન આમ સૂતો છે. ડોક્ટરોએ કીધું હોય કે હવે છેલ્લી સ્થિતિ છે. સાધ્ય છેને એને? કહે. ખબર છે. આહા..હા..! કદાચ ખ્યાલ આવે તો એમ પણ કહે હું જાવ છું. દેહ છૂટવાનો કાળ છે હવે. એ સ્થિતિએ અંદરમાં જવાને માટે પ્રયત્ન કરે ત્યાં બહારની કોઈ ચીજ એને આધાર માટે છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આમ આંખ કામ કરે નહિ. આ બે બાજુ શું કહેવાય? ન્યુમોનિયા. બે બાજુ ન્યુમોનિયા. એમ થતું હોય ત્યાં તો આમ શુળ પડતું હોય અંદર. એમ કરે તો શુળ પડે અંદર. આમ આટલું ન થાય. એવી બે બાજુ સજ્જડ. એમાં સામે સ્ત્રી ઉભી હોયને. કાંઈક કહોને. આહા..હા..! એ વખતે એમ કહે અરે..! કોનો હું? ક્યાં છું? કોને કહું? કોની પાસેથી

લઉં? શું ચીજ છે આ? એને સમજણમાં અંદર જતાં સ્વભાવનો આધાર છે. કોઈ વિકલ્પ અને પરપર્યાય કોઈ આધાર છે નહિ. ઉદાસ... ઉદાસ... ઉદાસ... સમજાણું? એમ આત્મા સદાય પરદ્રવ્યથી ઉદાસ છે એમ કહેવું છે અહીં તો. એ તો મરણટાણાની એક ક્ષણ. આત્મા પરદ્રવ્યથી તો તદ્દન ઉદાસ છે. પરદ્રવ્યમાં કાંઈ એનો આશ્રય નથી. ક્ષણે-ક્ષણે પલટતી અવસ્થા જુવાનજોધ ૨૦ વર્ષનો હોય. ક્ષણમાં પલટી પાણી થઈ જાય લ્યો ઈ? શું થયું? ન્યુમોનિયા. એ અંદરનો આત્મા ખરેખર તો ક્ષણે પલટતી અવસ્થાનું જ્ઞાન કરનાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ ઈ અવસ્થાને પકડે કે રાખે એવો એનો સ્વભાવ નથી.

એમ નિરોગતા શરીરમાં. આમ સાંઢડા જેવી, બળદ જેવી અવસ્થા દેખાય અવયવોની. એ તો જડની અવસ્થા છે, ભગવાન! એ અજીવની અવસ્થાનું ઉત્પન્ન થવું અને બદલવું એ તો જડને કારણે છે. એમાં જ છે. તારામાં નથી, તું નથી, તે તારાથી થયું નથી. એને દેખીને જ્ઞાન કરવાનો એનો સ્વભાવ છે, પણ આ ઠીક થતું નથી અને આ ઠીક છે એવો એનો કરવાનો સ્વભાવ નથી. આહા..હા..! શોભાલાલજી! ભારે વાતું ભાઈ! એવો સ્વભાવ છે એવો જ્યારે અનુભવે ત્યારે તેને આત્માની પ્રાપ્તિ થાય. એનાથી વિરુદ્ધ કરવા જાય તો અણાત્માની, મિથ્યાત્વની પ્રાપ્તિ થાય એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞેય અધિકાર છેને?

'**અચળ છે એવા આત્માને જ્ઞેયપર્યાયોસ્વરૂપ પરદ્રવ્યથી વિભાગ છે અને તન્નિમિત્તક...**' તન્નિમિત્તક-તે જ પ્રકારનું જ્ઞાન થવામાં. ભલે નિમિત્ત હોય ઈ, પણ પર્યાય તો પોતાથી થયેલી છે. '**તન્નિમિત્તક જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે...**' તે પ્રકારના ક્ષણે-ક્ષણે દેહના, વાણીના, મકાનના, ઘરના માણસોના બદલતા ક્ષણ વાર ન લાગે આમ ફડાક. આહા..હા..! સમજાય છે? ઓલા પ્લેગનું ટાણું હતુંને પ્લેગનું? એકને જ્યાં બાળીને આવીને ત્યાં બીજો મરે. એવું થઈ ગયું હતું. પડેલો હોય પ્લેગમાં એને કહેવાય નહિ કે ભાઈ મરી ગયો છે. કારણ કે એની મરવાની તૈયારી છે. કહેવાય નહિ (કે) ભાઈ મરી ગયો. ત્યાં બીજે ઓરડે હોય. બાળવા ગયા હોય એ પાછા આંખમાં આંસુ. અહીં જ્યાં આવે ત્યાં આ આંખ ફેરવી નાખે. એને બાળવા જાય. આ પ્લેગમાં બહુ થયેલું આવું. સમજાય છે કે નહિ? બાળવું-બાળવું નથી સમજતા? નથી સમજતા. જલાવું અને બાળવું એ ભાષા એટલી નથી આવડતી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બાળે. બાળવું એટલે પણ જલાવું એટલી ભાષા ન સમજાય? આ કાંઈક મડદાની વાત કરે છે તો બાળે એટલે જલાવ્યું એમ અર્થ લઈ લેવો જોઈએને. આહા..હા..! શેઠ! હવે કેટલાકને એવું થઈ જાય કે આપણને એની ભાષા ન સમજાય. પણ એનું અનુમાન કરીએને સાથે કે આ મડદાની વાત કરે છે અને પછી બાળવા લઈ જાય છે ત્યાં બીજો

આવીને મરે છે એને લઈ જાય છે, એનો અર્થ કે સ્મશાનમાં લઈ જાય છે. એમ તો સંધિ કરીને અર્થને સમજવો જોઈએને? એય..! આ બનેલું છે હોં પહેલા પ્લેગમાં. ભીંગરાજ ભીંગરાજમાં એમ બન્યું હતું. ... સમજાણું? આહા..હા..! કહે છે, પણ તે ક્ષણે પણ ભગવાન આત્મા તો ક્ષણે-ક્ષણે પલટતી... ઘરમાંથી એક મર્યો, બીજો મર્યો, ત્રીજો મર્યો, ૧૯ મર્યા, ૨૦ મર્યા. રહ્યો એક છેલ્લે. કરતાં... કરતાં... ઘરમાં ૨૧ માણસમાં એક રહ્યો. આહા..! ભાઈ! એનો ક્યાં હતો? પણ તું ત્યાં હતો નહિ, એ ત્યાં તારા અહીં હતા નહિ. એ ચીજો તો તારા જ્ઞાનમાં જણાવાયોગ્ય વસ્તુ છે. તન્નિમિત્તક જ્ઞાન થાય તેનાથી તું જુદો નથી, પણ એ ચીજ .. તો આહા..હા..! સમજાણું કાંઈ?

'**તન્નિમિત્તક જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે તેથી તેને એકપણું છે;...**' એ ચોથો બોલ. એકપણું છે તે તે ચીજની પર્યાયોનું ક્ષણે-ક્ષણે નાશ થવું હો, એનો જ્ઞેયનો સ્વભાવ છે. તે સંબંધીનું જ્ઞાન થાય તે આત્મા તેના જ્ઞાનથી જુદો નથી. એ ચીજથી જુદો છે. માટે તે પરથી જુદો માટે તે એક છે. એક છે માટે તે શુદ્ધ છે અને શુદ્ધ છે માટે ધ્રુવ છે એમ તે પ્રાપ્ત કરવાલાયક છે. ત્યાં દૃષ્ટિ કરીને અનુભવ કરવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે નિરાલંબની વાત કરે છે. '(૫) **વળી નિત્યરૂપે પ્રવર્તતાં...**' ઓલું તો ક્ષણે પલટતા (હતું). પણ કાયમ રહે છેને વસ્તુ? ભલે રહે. '**નિત્યરૂપે પ્રવર્તતાં (શાશ્વત એવા) જ્ઞેયદ્રવ્યોના...**' કહો, સમજાણું? કાયમ રહેનારા પરમાણુઓ, કાયમ રહેનારા બીજા આત્મા. એવા '**નિત્યરૂપે પ્રવર્તતાં (શાશ્વત એવા) જ્ઞેયદ્રવ્યોના આલંબનનો અભાવ...**' છે. એમ કે ક્ષણે-ક્ષણે પલટે તો એનું આલંબન ન લેવાય. આનું તો લેવાયને? એમ કહે છે. તેથી ક્ષણ-ક્ષણ વિનાશિક પર્યાયનું જ્ઞાન કરે, પણ ક્ષણ-ક્ષણ વિનાશિક પર્યાયને ગ્રહે-મૂકે નહિ એટલી ત્યાં વાત કરી. અને અહીં કહે છે કે કાયમ રહેનારા શરીરાદિ પદાર્થો નિત્ય તે વસ્તુ છે, કાયમ રહે .. આત્માઓ.. એવા '**નિત્યરૂપે પ્રવર્તતાં (શાશ્વત એવા) જ્ઞેયદ્રવ્યોના આલંબનનો અભાવ...**' છે. એનું આલંબન લે એવો આત્મામાં સ્વભાવ નથી. ભગવાન આત્મા ચિદાનંદ પોતાનું આલંબન લે. ત્રિકાળી જ્ઞાયકનું આલંબન લે એ એનો સ્વભાવ છે. લ્યો, આમાં તો દેવ-ગુરુ-શાસ્ત્રની મૂર્તિ ને પ્રતિમા ને સમ્મેદશિખરનું આલંબન નથી. આ બે વચ્ચે તકરાર ચાલે છેને સ્થાનકવાસી અને દેરાવાસી. આ કહે આલંબન છે, ઓલા કહે આલંબન એવું જડનું ન હોય મૂર્તિનું. ભાઈ! આલંબન છે. એ તો શુભરાગ હોય ત્યારે તેને નિમિત્ત કહેવાય એવો એક વ્યવહાર છે. ત્યારે એ વ્યવહાર નથી એમ કરીને... સમજાય છે કાંઈ? એ તો શુભરાગ હોય વિકલ્પ, પણ આ તો રાગ અને નિમિત્ત બેયને જાણનારો છે. અને તે વખતે તે જ પ્રકારના રાગનું જ્ઞાન થાય અને તે પ્રકારે તે જ પ્રકારના પર્યાયનું અથવા નિત્ય દ્રવ્ય છે તેનું જ્ઞાન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

પ્રશંસાના ઢગલા પડતા હોય ચારેકોર વખાણ... વખાણ... કહે છે કે એ તો જડની પર્યાય છે, ભગવાન! એને ગ્રહવાનો તારામાં સ્વભાવ છે? છોડવાનો સ્વભાવ છે? ઈ તારા ત્યાં વખાણ થાય છે? તું તો અહીં છો. એ તો જડની પર્યાય છે. આહા..હા..! પણ ત્યાં એમ માને કે આહા..! મારી. ત્યાં ગયો, અણાત્મા થયો. પોપટભાઈ! આહા..હા..! મારા વખાણ ત્યાં થાય, મારી નિંદા ત્યાં થાય, પણ તું અહીં અને ત્યાં થાય એ ત્યાં તું ક્યાં છો? સમજાણું કાંઈ? એ પર્યાયમાં જાય છે એ વાત નિંદા-પ્રશંસાની. આ કાયમ ટકનારા તત્ત્વો.

'**નિત્યરૂપે પ્રવર્તતાં જ્ઞેયદ્રવ્યોના આલંબનનો અભાવ હોવાથી...**' પરનું આલંબન ક્યાં? પરનો તો અહીંયાં અભાવ છે. આનો ત્યાં અભાવ છે. કોનું આલંબન હોય? આહા..હા..! ભગવાન નિરાલંબી પ્રભુ પરની અપેક્ષાએ નિરાલંબી છે, સ્વની અપેક્ષાએ સ્વાવલંબી છે. છે એમાં છે ભાઈ! સંસ્કૃતમાં છેને? અણાલંબન '**स्वाधीनद्रव्यत्वेन सालम्बनं भरितावस्थमपि समस्तपराधीनपरद्रव्यालम्बनरहितत्वेन निरालम्बनमित्यर्थः**' છેલ્લો શબ્દ છે જયસેનાચાર્યમાં. આહા..હા..! આવી વ્યાખ્યા છે.

ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ પોતાની અપેક્ષાએ સ્વાવલંબન છે અને પરની અપેક્ષાએ તે નિરાલંબન છે. આહા..! સમજાણું કાંઈ? આખો ભગવાન ધ્રુવ ચૈતન્ય પડ્યો છે એ સ્વદ્રવ્યની અપેક્ષાએ સ્વાવલંબી છે. સ્વાવલંબી છે. માણસ નથી કહેતા? અમે સ્વાવલંબી હમણા જીવીએ છીએ અને સ્વાવલંબી આજીવિકા કરીએ છીએ. બાપની દરકાર અમારે નથી. બાપે પૈસા ભેગા કરીને આપ્યા એ અમારે નહિ. અમે તો સ્વાવલંબી ધંધો પ્રગટ કર્યો છે ને ઢીંકણું કર્યું છે. એવું બોલે છે કાંઈક માણસ. એય..! પ્રાણભાઈ! પ્રાણભાઈને લાગુ ન પડે. એ તો એના બાપ મૂકી ગયા છે. પણ કેટલાક એમ કહે છે હોં, પ્રાણભાઈ! કે અમારા બાપ મૂકી ગયા છે ખરા, પણ હવે એને આધારે અમે નથી. પોતાના બાહુબળથી, અમારી હુશિયારીથી અને અમારી પોતાની જ કળાથી હવે અમે પેદા કરીએ છીએ બધું. એય..! લ્યો એને લાગુ પડે. શેઠ! ક્યાં તમારા બાપ મૂકી ગયા હતા આ બધું? આહા..હા..! અરે..! ભગવાન! કોણ મૂકી જાય? કોને માટે? કોણ લે? કોનાથી? ભાઈ! એ બધા ભ્રમ છે કહે છે. આહા..હા..!

ભગવાન આત્મા આનંદકંદ ધ્રુવ એ આલંબન કરવાલાયક અને સ્વાવલંબી જીવ છે, પણ પરપદાર્થનું એને બિલકુલ આલંબન છે નહિ. આહા..હા..! ઈ આમાં... કહે છે. આલંબન નથી તો વળી આ મૂર્તિ અને આ મંદિરોને વળી! એય..! ભાઈ! એ તો એને કાળે થાય. બાપુ! તને ખબર નથી. અને શુભરાગનો વિકલ્પ હોય એ કાળે તે રાગનું પણ જ્ઞાન થાય. રાગ રાગરૂપે એકલો રહે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો માર્ગ વીતરાગનો અલૌકિક માર્ગ છે, પણ સાધારણ જનતાને કાને ન પડે તો એનો વિચાર અને એવો વિવેક કઈ રીતે કરવો એ ક્યારે કરે? આહા..હા..!

કહે છે કે ભાઈ! આહા..હા..! એ ૨૫ વર્ષનો જુવાન અને રળાઉ-કમાઉ હોય અને ઘરમાં બાયડી મૂકીને જાય. એના પછી કોઈ નથી. એ વખતની મરણની સ્થિતિ. જુઓ તો બધા ભેગા થયા હોય. કોઈના મોઢે ઉત્સાહ દેખાય નહિ. શોક... શોક... આ ઉદાસ... ઉદાસ... બધા દ્રવ્યોથી ભગવાન ઉદાસ છે એમ કહે છે. સમજાણું કાંઈ? અનંત નિત્ય દ્રવ્યમાં પડ્યા છતાં તે નિત્ય દ્રવ્ય ટકનારાનું આને આલંબન બિલકુલ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, સમજાણું કાંઈ? એવા '**જ્ઞેયદ્રવ્યોના આલંબનનો અભાવ હોવાથી જે નિરાલંબ છે...**' સમજાણું? પાઠમાં એમ છેને ત્યાં? '**अणालंबं**' '**अणालंबं**' કહો કે નિરાલંબન કહો. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં પણ બહારના આલંબનથી મને લાભ થાય, ધર્મનો, સમ્યક્‌નો એ મિથ્યા ભ્રમ છે. સમજાણું કાંઈ? એ ભગવાન ત્રિલોકનાથ સમવસરણમાં (એમનો) આત્મા તો નિત્ય છેને ત્યાં? એ નિત્યનું પણ અહીંયાં આત્માને આલંબન નથી એમ કહે છે. એ પરદ્રવ્યનું આલંબન નથી. આહા..હા..! એની વાણી ક્ષણે-ક્ષણે પલટે છે એનું અહીં ગ્રહવું-મૂકવું નથી. વાણીને ગ્રહે કે મૂકે એમ નથી. આહા..હા..! એ તો ઓલા પેલામાં આવ્યું આ. જ્ઞેયપદાર્થ ક્ષણ-ક્ષણની એને જાણે એ પર્યાયે. પણ એને ગ્રહે-મૂકે એમ નથી. વાણીને ગ્રહે છે, મૂકે છે—એમ છે? ઓહો..હો..!

એટલે કે કહે છે કે '**નિત્યરૂપે પ્રવર્તતાં જ્ઞેયદ્રવ્યોના આલંબનનો અભાવ હોવાથી જે નિરાલંબ છે એવા આત્માને જ્ઞેય પરદ્રવ્યોથી વિભાગ છે...**' ચાહે તો ત્રણ લોકના નાથ તીર્થંકર આદિ હોય, સિદ્ધ આદિ નિત્ય વસ્તુ છે, એનાથી તો વિભાગ છે. આત્મા તદ્દન એનાથી જુદો છે. '**અને તન્નિમિત્તક જ્ઞાનસ્વધર્મથી અવિભાગ છે...**' પણ તેના નિમિત્તના તે કાળે પોતાને જ્ઞાન પોતાથી તે થયું. તેનાથી તે અવિભાગ છે—તેનાથી જુદો નથી. '**તેથી તેને એકપણું છે.**' કેટલી વાત છે જુઓ, સમજાણું કાંઈ? લ્યો! અરે..! સમાધિમરણ હોય. તો ગુરુ સારું સંભળાવે તો એનું આલંબન છે. અરેરે..! ભારે વાત ભાઈ! કહો, સમજાણું? કે મરતા ભગવાનની મૂર્તિ પાસે જાવું. એ આલંબન-બાલંબન આત્મામાં નથી. આહા..હા..! એવો વિકલ્પ હોય, તો એ ક્ષણવિનાશિકનું જ્ઞાન કરનાર આત્મા છે. નિમિત્ત હોય તો આલંબન વિનાનો રહેનારો જ્ઞાનસ્વરૂપ છે. ભારે આકરું! સમજાણું કાંઈ? ઓલા ધર્મરાજા નહિ મરે ત્યારે કહે છેને? એનો ચોપડો ઉખેળે છે. એમ આ આત્મા ધર્મરાજા એનો ચોપડો ઉકેલે છે આ. તારી દશા આવી છે, બાકી પરનું આલંબન તારે છે નહિ. ધર્મરાજા ભગવાન આત્મા પોતાના સ્વભાવનો રાજા છે. એને સ્વધર્મ છેને. પરના નિમિત્તનું એને આલંબન નથી એવો એ સ્વધર્મ જ્ઞાન-એવા જ્ઞાનથી તે જુદો નથી, પણ ચીજથી તો જુદો છે. ..માં ક્ષણ વિનાશિક નાખ્યું હતું, અણાલંબનમાં નિત્ય દ્રવ્યને રાખ્યું. નિત્ય દ્રવ્યને છોડીને. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે!

ભગવાન આનંદસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ છે એની મીઠાશ છોડીને ક્યાંય પણ જરી જો મીઠાશ ગઈ એમ કહે છે મૂળ તો. મિથ્યાત્વ ભાવ છે ઈ તો. આહા..હા..! સમજાણું? એ સજ્ઝાયમાં આવે છે. 'હોંશીડા મત હોંશ ન કીજે' એવી ચાર સજ્ઝાયમાળા આવે છે. તે દિ' દુકાન ઉપર વાંચતા હતા. 'હોંશીડા મત હોંશ ન કીજે.' ભાઈ! કોની હોંશ તને? ભાઈ! તું ક્યાં છો? જ્યાં છો ત્યાં જગતની હોંશ તારામાં નથી. હોંશ-હોંશ સમજો છોને? હોંશને શું કહે છે? ઉત્સાહ-ઉત્સાહ. શેનો ઉત્સાહ પણ? હોંશની વ્યાખ્યા પ્રમાણે ઉત્સાહ ન જોઈએ. ઉત્સાહ શબ્દ અને હોંશમાં બરાબર મેળ નથી. ઉલ્લાસ. ઉલ્લાસ ઠીક છે. ઉલ્લાસ. પરદ્રવ્યનો ઉલ્લાસ એ આત્માના સ્વભાવનો અભાવ બતાવે છે.

મુમુક્ષુ :- કોઈ ઠેકાણે ઉભા રાખવા છે કે નથી રાખવા?

ઉત્તર :- ઉભા રાખવા છેને. આખો આત્મા છેને એમાં ઉભા રાખવાની વાત ચાલે છેને. બહારમાં ઉભો રહે તો બહિરાત્મા છે. અહીં તો અંતરમાં ઉભો રહે ત્યાં અંતરાત્મા છે. એની વાત ચાલે છે. શોભાલાલજી! એમ કે બધાને ઉથાપી મૂકવું છે? મૂર્તિ, પૂજા, ભક્તિ આ બધું સાંભળવું. પણ એ બધું પર છે. સાંભળને! આહા..હા..! એ સંબંધીનું જે જ્ઞાન તે ક્ષણે થાય તે જ્ઞાનથી તે જુદો નથી, પણ એ ચીજથી તો જુદો છે. એ માટે તે એક છે. એકલો ભગવાન છે તેને શુદ્ધ કહેવામાં આવે છે અને તેને ધ્રુવ કહેવામાં આવે છે. એ જ આત્મા પ્રાપ્ત કરવાલાયક ઉપલભ્ય-અનુભવ કરવાલાયક છે. આહા..હા..! બાપુ! ધર્મ ચીજ અલૌકિક છે. સમજાય છે કાંઈ? ધર્મને નામે અનેક પ્રકારના ધતીંગ ઉભા કરીને ધર્મ થાય એમ માને એ ચીજ જુદી છે. સમજાણું કાંઈ?

**'આ રીતે આત્મા શુદ્ધ છે...'** જુઓ, ઓલું એક કહ્યુંને એક? પાંચ પ્રકારે એક કહ્યો. **'આ રીતે આત્મા શુદ્ધ છે...'** એમ. આ રીતે જે પાંચ પ્રકારે એક કહ્યો એથી તે શુદ્ધ છે. આવો એક છે માટે શુદ્ધ છે. જો પરનું એમાં લક્ષ અને અવલંબન આવ્યું તો એકપણું રહેતું નથી. તે બેકલો થઈ જાય અને મિથ્યાત્વભાવ થઈ જાય છે. આહા..હા..! આ તો કેવળજ્ઞાનના કક્કા છે. કેવળજ્ઞાન લેવાના આ બધા કારણો છે એમ કહે છે, ભાઈ! આહા..હા..! પરમાત્મા થવાના ઉપાય છે આ. સમજાય છે? પરથી ભેદજ્ઞાન કરવાના ઉપાયની આ વાત છે. **'આ રીતે આત્મા શુદ્ધ છે કારણ કે ચિન્માત્ર શુદ્ધનય માત્ર તેટલા જ નિરૂપણસ્વરૂપ છે...'** જુઓ, શુદ્ધ ચિન્માત્ર.. એક હતોને તે શુદ્ધ છે એમ. ચિન્માત્ર, જ્ઞાનમાત્ર જાણનાર... જાણનાર... એવો ચિન્માત્ર. ચિન એટલે જ્ઞાનમાત્ર. જ્ઞાનમાત્ર શબ્દે? રાગ નહિ, નિમિત્ત નહિ, ક્ષણિક બીજી પર્યાય નહિ, દ્રવ્ય નહિ એમ. પોતે ચિન્માત્ર. રાગ પણ નથી અંદર. ક્ષણે ઉત્પન્ન થાય વ્યવહારનો એ પણ નહિ. રાગનું જ્ઞાન કરનારો છે, રાગમાં રહેનારો એ નથી. એમ કહીને તો વ્યવહારરત્નત્રયનો રાગ એમાં આત્મા નથી. આહા..હા..! એવા રાગના કાળે રાગનું જ્ઞાન કરનારો તે આત્મા છે. તે આત્માને સ્વજ્ઞેય તરીકે કહેવામાં આવે છે. આહા..હા..!

સમજાણું કાંઈ?

'**આ રીતે આત્મા શુદ્ધ છે કારણ કે ચિન્માત્ર શુદ્ધનય માત્ર તેટલા જ નિરૂપણસ્વરૂપ છે...**' ... પર્યાયે શુદ્ધ લીધો છે ભેગો. એ તો શુદ્ધ છેને આ? એમ થતાં એનું જ્ઞાન થયું પર્યાયનું. તે સહિતને અહીં શુદ્ધ કહેવામાં આવ્યો છે, ધ્રુવ કહેવામાં આવ્યો છે. '**નિરૂપણસ્વરૂપ...**' લ્યો ભાષા એવી. ઓલા આવે છેને નિરૂપણ? નિશ્ચય-વ્યવહારનું નિરૂપણ. નિશ્ચયનું નિરૂપણ તે યથાર્થ, વ્યવહારનું નિરૂપણ તે અન્યની અપેક્ષાએ અયથાર્થ. કથન શૈલી આવો જ આત્મા વાચ્ય છે. પરથી તદ્દન ભિન્ન પોતાના તે ક્ષણના તે તે જ્ઞાનની પર્યાય અને તે તે આલંબન વિનાની ચીજ જે નિરાલંબન એવું જે જ્ઞાન, એવા જ્ઞાનથી અભિન્ન છે, પરથી ભિન્ન છે. એવો એક શુદ્ધ તે ચિન્માત્ર '**શુદ્ધનય માત્ર તેટલા જ નિરૂપણસ્વરૂપ છે (અર્થાત્ ચૈતન્યમાત્ર શુદ્ધનય આત્માને...**' એટલે આ ચૈતન્યમાત્ર જાણનાર-દેખનાર ભાવમાત્ર એવો જે '**શુદ્ધનય આત્માને માત્ર શુદ્ધ જ નિરૂપે છે).**' આવો શુદ્ધ નિરૂપે છે. જ્ઞાનપ્રધાન કથન છેને આમાં? એટલે એની પર્યાયસહિતનું શુદ્ધપણું લીધું. એકપણું લીધું છેને? એનું જ્ઞાન થઈને એકપણું લીધુંને? એકપણું છે ત્યાં શુદ્ધ છે એમ લીધું છેને? પર્યાયનું એકપણું પરથી એકપણું એમાં જ્ઞાન આવ્યું, જ્ઞાનની પર્યાય અને તેથી તે શુદ્ધ છે. એ શુદ્ધ પ્રરૂપણા આ રીતે કરે છે. જ્ઞાનપ્રધાન કથન છેને?

'**અને આ એક જ (શુદ્ધ આત્મા એક જ) ધ્રુવપણાને લીધે ઉપલબ્ધ કરવાયોગ્ય છે...**' લ્યો! અને આ એક જ ભગવાન આત્મા શુદ્ધ આત્મા એક જ '**ધ્રુવપણાને લીધે ઉપલબ્ધ કરવાયોગ્ય છે...**' અનુભવ કરવાલાયક છે. '**(રસ્તે ચાલતા) મુસાફરના અંગ સાથે...**' જુઓ, '**સંસર્ગમાં આવતી માર્ગનાં વૃક્ષોની અનેક છાયા સમાન...**' સડક ઉપર એની છાયા હોય વૃક્ષની. સૂર્ય આમ હોય, છાયા આમ પડતી હોય, ચાલતો માણસ. છાયા અનેક હોય, અંગને સ્પર્શતો દેખાય, છતાં તેને અડતો નથી. એમ ને એમ ચાલ્યો જાય છે. સડક ઉપર હજાર ઝાડ હોય આમ. સૂર્ય આમ હોય તો છાયા પડે. મુસાફર ગતિ કરતો હોય તો કોઈ છાયાને ઓળંગે છે, (પણ) છાયાને અડતો નથી. આહા..હા..! '**(રસ્તે ચાલતા) મુસાફરના અંગ સાથે સંસર્ગમાં આવતી...**' સંસર્ગમાં આવતી એમ. '**માર્ગનાં વૃક્ષોની અનેક છાયા સમાન અન્ય જે અધ્રુવ તેમનાથી શું પ્રયોજન છે?**' શરીરાદિ વાણી આદિ અને બાહ્ય પદાર્થ એને ઓળંગતો જાય છે ધ્રુવ ભગવાન. અરે..! પુણ્ય-પાપના રાગને ઓળંગતો જાય. એ છાયા સાથે સંસર્ગમાં હોવા છતાં. તેની સાથે એકમેક નથી. સમજાણું કાંઈ?

'**મુસાફરના અંગ સાથે સંસર્ગમાં આવતી માર્ગનાં વૃક્ષોની અનેક છાયા...**' અનેક-અનેક. બધી છાયા. એમ ભગવાન મુસાફર છે. ધ્રુવપણે ગતિ કરતો એમ ને એમ ચાલ્યો જાય છે. એના સંસર્ગમાં પુણ્ય-પાપના વિકલ્પો અને નિમિત્તો આવે એને અડતો નથી. મોક્ષમાર્ગે

આત્મા ગતિ કરતો ચાલ્યો જાય છે. સમજાય છે કાંઈ? આહા..હા..! પહેલું તો હજી શું કહે છે એને પકડવું (મુશ્કેલ) સ્વરૂપચંદભાઈ! કોઈ દિ' પરિચય ન મળે અને બહારના થોથા કરેલા હોય. આહા..હા..! જુઓ, ભગવાન નિત્યાનંદ પ્રભુ એમ ને એમ ધ્રુવપણે ટકતો... ટકતો... ટકતો... ચાલ્યો જાય છે. એના વચમાં, કહે છે કે પુણ્ય અને પાપ આદિ છાયા, જેમ મુસાફરને છાયા હોય પણ ઓળંગતો ચાલ્યો જાય છે. એના ઉપર અટકતો નથી. એમ પુણ્ય-પાપના વિકલ્પો અને નિમિત્તોમાં નહિ અટકતા ધ્રુવપણે ભગવાન પોતે ચાલ્યો જાય છે. છાયાની સાથે કાંઈ સંબંધ કરતો નથી. '**અન્ય જે અધ્રુવ (-બીજા જે અધ્રુવ પદાર્થો) તેમનાથી શું પ્રયોજન છે?**' લ્યો!

'**ભાવાર્થ :- આત્મા (૧) જ્ઞાનાત્મક,...**' એ પાંચ બોલ છે હવે ટૂંકામાં. '(૨) **દર્શનરૂપ,** (૩) **ઈન્દ્રિયો વિના સર્વને જાણનારો...**' ઈન્દ્રિયો વિના સર્વને જાણનારો. ઈન્દ્રિયો હોય તો જાણે એવું એનું સ્વરૂપ નથી. '**સર્વને જાણનારો મહા પદાર્થ,...**' છે. ચૈતન્ય મહાપ્રભુ છે. આહા..હા..! આ રાંકા જીવને માનનારામાં પણ આવો હશે? માને એટલે કાંઈ વસ્તુ ફરી જાય? પર્યાયમાં રાંક માને, ભિખારી માને, વિષયનો ભિખારી, માનનો ભિખારી, આબરૂનો ભિખારી, પણ વસ્તુ તો કહે છે કે મહા બાદશાહ છો, ભાઈ! સમજાય છે કાંઈ? આહા..હા..! મોઢા .. બીજા કેમ મને માને? મને કોણ મોટપ દે છે? કોણ અનાદર કરે? હવે પણ તારે શું કામ છે? પર સાથે કામ શું છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? એય..! ...ભાઈ! 'પ્રભુનો માર્ગ છે શુરાનો'

એ '**ઈન્દ્રિયો વિના સર્વને જાણનારો મહા પદાર્થ,** (૪) **જ્ઞેય પરપર્યાયોને ગ્રહતો-મૂકતો નહિ હોવાથી અચળ...**' છે '**અને** (૫) **જ્ઞેય પરદ્રવ્યોનું આલંબન નહિ લેતો હોવાથી નિરાલંબ છે;...**' ટૂંકી ભાષા કરી. '**તેથી તે એક છે.**' આ કારણે ભગવાન અંદર એક છે. એ બે નથી. રાગ સાથે જોડાયેલો નથી, રાગ એનું સ્વરૂપ નથી, નિમિત્તમાંથી આવતો નથી. અમરચંદભાઈ! આહા..હા..! અરે..! એના ઘરની વાત મીઠાશ તરીકે કોઈ દિ' સાંભળી નહિ એણે. ઉંહું.. હું... આ શું છે બધું? ઝીણું-ઝીણું લાગે. બહારની વાત જો એને કરેને તો આહા..હા..! તમે આમ કર્યા, તમે આમ કર્યા કામ હોં. ઓહો..! તમે અભિનંદનને પાત્ર છો. નિંદાને પાત્ર છો ખરેખર. નિંદાને પાત્ર છે. એ તો નિંદા અને અભિનંદન બેયનું જ્ઞાન કરનારો છે અહીં તો. આહા..હા..! સમજાણું?

'**પરદ્રવ્યોનું આલંબન નહિ લેતો હોવાથી...**' ભગવાને તો ના પાડી કે પરદ્રવ્યનું આલંબન નથી. વળી અહીં પરદ્રવ્યનું આલંબન ક્યાંથી માંડ્યું? એમ કહે છે બીજા. મંદિર ને મૂર્તિ ને સમ્મેદશિખરની જાત્રા. એય..! નેમિદાસભાઈ! તમારા સંપ્રદાયથી તો વિરુદ્ધ હતું પહેલું. કલકત્તામાં હતાને ત્યાં અગ્રેસર. સેક્રેટરી લ્યો. ભાઈ! એ તો વિકલ્પનો કાળ હોય છે ત્યારે તે નિમિત્ત અને એ વિકલ્પનું જ્ઞાન કરનારો છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાનનું નામસ્મરણનો વિકલ્પ હોય તોપણ તે વિકલ્પને ગ્રહતો-મૂકતો નથી, પણ તેનો જ્ઞાન કરનાર છે. આહા..હા..! **'તેથી તે એક છે. આ રીતે એક હોવાથી તે શુદ્ધ છે.'** ખુલાસો સારો કર્યો છે, જુઓ. આ રીતે પાંચ પ્રકારે ભગવાન એક હોવાથી શુદ્ધ છે.

**'આવો શુદ્ધ આત્મા...'** આવો શુદ્ધ આત્મા **'ધ્રુવ હોવાને લીધે તે જ એક ઉપલબ્ધ કરવાયોગ્ય છે.'** લ્યો! નીચે લખ્યું છે એ. **'જ્ઞેય પર્યાયો જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન...'** નિમિત્ત છે એનો અર્થ? જ્ઞાન તો થયું પોતાથી. ત્યારે ઓલાને નિમિત્ત કહેવામાં આવે છે. **'તે-સ્વરૂપ સ્વધર્મથી (જ્ઞાનસ્વરૂપ નિજ ધર્મથી) આત્માને અભિન્નપણું છે.'** નિમિત્ત જ્યાં આવે ત્યાં અંદર ગરી જાય. જુઓ, નિમિત્ત છે કે નહિ? પણ નિમિત્તનો અર્થ શું થયો? એનાથી કાંઈ થયું નથી. થયું છે પોતાના જ્ઞાનની પર્યાયથી. એ જ્ઞાન પર્યાયથી તો એક-મેક છે અને નિમિત્તથી તો ભિન્ન છે. આહા..હા..! આ કારણે **'તે જ એક ઉપલબ્ધ કરવાયોગ્ય છે.'** વેપાર કરીને પ્રાપ્ત કરવાયોગ્ય હોય તો આ આત્મા. અંતરના વેપારમાં હોં. બાકી તો કોઈ પ્રાપ્ત કરવાલાયક નથી. લ્યો! એ ગાથા પૂરી થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૭, ગુરુવાર, તા. ૦૨.૧૦.૧૯૬૯**
**પરિશિષ્ટ, પ્રવચન-૨૫૯**

પ્રવચનસાર છે. એમાં પરિશિષ્ટ અધિકાર. પ્રવચનસાર એટલે? સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ તીર્થંકરદેવને જે કેવળજ્ઞાન થયું ત્યારે એમને ઈચ્છા વિના દિવ્યધ્વનિ નીકળી. એ દિવ્યધ્વનિને પરમ આગમપણે રચી એને અહીંયાં પ્રવચનનો સાર કહેવામાં આવે છે. પ્ર-વચન-સાર. પ્ર એટલે ઉત્કૃષ્ટ વચનો. વીતરાગના. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાન પ્રાપ્ત થયા. એટલે એક સમયમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ અને ત્રણ લોક સર્વજ્ઞની પર્યાયમાં જાણવામાં આવ્યા. ત્યારે એને, પૂર્વે તીર્થંકરગોત્ર પ્રકૃતિ બંધાયેલી એને કારણે વાણી નીકળી. ૐ ધ્વનિ ઉઠી. એને ઈચ્છા નથી. એ તો વીતરાગ છે. હું બીજાને ઉપદેશ કરું એવી એને ઈચ્છા હોતી નથી. એ તો વીતરાગ સર્વજ્ઞ છે.

મુમુક્ષુ :- તત્ત્વની વાત તો..

ઉત્તર :- એ પોતાના પુણ્યના ઉદયે નીકળે છે તો ભવ્યોનું ભાગ્ય નિમિત્ત કહેવામાં આવે છે. ભવ્યોનું ભાગ્ય તો એની પાસે રહ્યો, પણ અહીંયાં પુણ્યનો ઉદય એવો એની વાણીમાં છે તો ધ્વનિ નીકળે છે, ૐ ધ્વનિ આખા શરીરમાંથી. એ તો પછી નિમિત્તથી કથન છે. ઈન્દ્રો, નરેન્દ્રો, ચક્રવર્તી, જંગલમાંથી સિંહ આદિ સભામાં આવે છે. ભગવાનની ૐ ધ્વનિ નીકળે છે. ગણધરો એવા સંત મુનિ એ પોતે વાણીને સાંભળીને બાર અંગની રચના કરે છે, બાર અંગ રચે છે. તેનો સાર શું છે એ અહીં પ્રવચનસારમાં કહેવામાં આવે છે. એનું નામ પ્ર-વચન. પ્ર-ઉત્કૃષ્ટના વચનો દિવ્યધ્વનિ, એનો સાર. જુઓ, છે?

'(**હવે ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ વડે પરિશિષ્ટરૂપે થોડું કહેવામાં આવે છે** :)' છે શબ્દ પહેલો? હવે પ્રશ્ન શું છે અહીંયાં? કહેવાઈ તો ઘણું ગયું છે. પોણી ત્રણસો ગાથા, એની ટીકા ઘણી વ્યાખ્યા કરી છે. પણ હજી વિશેષ સ્પષ્ટ માટે શિષ્યને પ્રશ્ન એમ થાય કે મહારાજ! '**આ આત્મા કોણ છે**...' કે જેને જાણે આત્માને ધર્મ થાય? સમજાય છે કાંઈ? શિષ્યનો પ્રશ્ન છે એવો. આ દેહમાં રહેલો ભગવાન આત્મા જેને કહીએ એ શું ચીજ છે? એ કોણ છે? એવી જેને જિજ્ઞાસા થઈ છે. કારણ કે એણે અનંતકાળમાં અનંત(વાર) બધું કર્યું. સમજાણું કાંઈ? હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાના ભાવો અનંતવાર કર્યા. એમ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ પણ અનંતવાર કર્યા, પણ એણે આત્મા શું છે એને જાણવાનો કોઈ દિ' પ્રયત્ન કર્યો નથી. ..ભાઈ! બરાબર છે? વાત આકરી છે બહુ.

ભગવાન આત્મા અંદર કોણ છે? શું ચીજ છે? અને એનામાં રાગાદિ છે એ શું? અને એ નિર્મળ વસ્તુ છે અનંત ગુણધામ એ કોણ છે? શિષ્યને એવી ઝંખના થઈ છે એવા પ્રશ્નકારને મુખમાં પ્રશ્ન લઈ અને એનો ઉત્તર દેવામાં આવે છે. સમજાય છે? વેઠ તરીકે નહિ એમ. વેઠ તરીકે એટલે આ કાપડ-બાપડ વેચવા જાયને કાંખમાં નાખીને ઘરે. એની પાસેથી.. દુકાને કાપડ લેવા આવે તો બતાવે કે ભાઈ આ કાપડ છે. પણ કાપડ દશ શેર કે અધમણ પોટલું લઈને કાઠીને ઘરે દેવા જાય તો એ તો કાઠી કહે કે અહીં આવો આવો શેઠ! આવો સવા રૂપિયે દેવું છે? પછી .. આવવું-જાવવું એનું થાય. ઓલો તો બેઠો હોય. એની કિંમત ગણાય નહિ. અહીં તો પ્રશ્નકારના ઘરે નથી દેવા ગયા એમ કહે છે. ઉપદેશ એને ઘરે નથી દેવા ગયા. ઉપદેશ લેનાર આવ્યો છે ઝંખનાથી, પ્રભુ! આ આત્મા કોણ છે? જેણે અનંતકાળમાં એક સેકન્ડ પણ જાણ્યો નથી અને એક સેકન્ડ પણ આત્મા જ્ઞાન થાય એને જન્મ-મરણ મટ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? પોપટભાઈ! બીજું બધું કર્યું, જાણ્યું. પરનું તો કાંઈ કર્યું નથી. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના.

મુમુક્ષુ :- વિભાવભાવો...

ઉત્તર :- વિભાવભાવો અનંતવાર કર્યા. તે સિવાય આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા પણ શુભભાવ છે, એ પણ એક વિભાવભાવ છે, એ પણ ધર્મ નથી. દેવીલાલભાઈ! સમજાય છે કાંઈ? નવમી ગ્રૈવેયક ગયો અનંતવાર. નવમી ગ્રૈવેયક સમજાય છે? આ પુરુષના આકારે ભગવાને લોક જોયો છે. આ ચૌદ રાજ બ્રહ્માંડને છેને? ચૌદ રાજુલોક એ ઉભો પુરુષ હોયને કડે હાથ દઈને. એવે આકારે આ લોકને ભગવાન કેવળીએ જોયો છે. એને ઠેકાણે ગ્રીવા હોય છેને આ, ત્યાં નવ વિમાન હોય છે પાસડામાં, તેને ગ્રૈવેયક કહે છે. ત્યાં ૩૧ સાગરની સ્થિતિ છે ઝાઝામાં ઝાઝી. સાગરોપમ હોં ૩૧. એક સાગરોપમમાં દશ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય અને એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય. એવી ૩૧ સાગરની સ્થિતિએ પણ આ જીવ અનંતકાળમાં અનંતવાર જઈ આવ્યો છે. સમજાણું કાંઈ? 'મુનિવ્રત ધાર અનંતબાર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' નવમી ગ્રૈવેયક ગયો. એટલી ક્રિયાકાંડ. મહિના-મહિનાના અપવાસ, બબ્બે મહિનાના અપવાસ. શુક્લલેશ્યા વિના નવમી ગ્રૈવેયક જઈ શકે નહિ. શુક્લલેશ્યા હોં. શુક્લધ્યાન નહિ. શુક્લલેશ્યા એટલે શુભભાવ. એવો શુભભાવ એનો કે ચામડા ઉતરડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે એવી તો એને ક્ષમા શુભભાવની હોય, પણ એ ધર્મ નથી.

મુમુક્ષુ :- ધર્મ મોંઘો તો છે.

ઉત્તર :- વસ્તુ એવી છે. મોંઘો ક્યાં? બોધિદુર્લબ આવે છે કે નહિ બાર ભાવનામાં? સમ્યગ્દર્શન દુર્લભ છે. બોધિદુર્લભ છે. આવે છે કે નહિ? બાર ભાવનામાં આવે છે? સમ્યગ્દર્શનજ્ઞાન બોધિદુર્લભ. પૈસા દુર્લભ છે કે પુણ્ય કર્મ દુર્લભ એમ નથી કહ્યું. શેઠ! સમજાણું કાંઈ? પુણ્ય કરવું દુર્લભ છે એમ નથી કહ્યું. પુણ્ય તો અનંતવાર કર્યું છે. પાપ પણ અનંતવાર કર્યું. બેય કર્મ શત્રુઓ અનંતવાર કર્યા છે, પણ એનો જન્મનો આરો આવે, અંત આવે એવી ક્રિયા એણે આત્મજ્ઞાન કર્યું નથી. સમજાણું કાંઈ? એથી એને શિષ્યને પ્રશ્ન થયો કે પ્રભુ! મેં તો ઘણું કર્યું હોં અનંતકાળમાં શુભ અને અશુભભાવ, પુણ્ય-પાપના ભાવ, લાગણી, વૃત્તિઓ. પણ આ આત્મા કોણ છે? સર્વજ્ઞે કહ્યો, પરમેશ્વરે કહ્યો, વીતરાગદેવે કહ્યો, એવો આત્માને મેં અનંતકાળમાં જાણ્યો નથી. અને એક સેકન્ડ પણ આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન થાય એને જન્મ-મરણ મટ્યા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? બોધિબીજ કહે છેને એને? બીજ ઉગે તો પૂનમ થયા વિના રહે નહિ. એમ જેને એક સેકન્ડ પણ... ચૈતન્યમૂર્તિ ભગવાન એ દેહ, વાણી, મનથી તો જુદો, પણ પુણ્ય-પાપના વિકલ્પો વિભાવથી જુદો છે અને અખંડ આનંદકંદ પૂર્ણ શુદ્ધસ્વરૂપ એવી જે એક સેકન્ડ પણ સમ્યગ્દર્શનની દશા થાય તો એને બીજની પૂનમ થયા વિના રહે નહિ. તો એ મેં આત્મા અનંતકાળમાં પ્રભુ જાણ્યો નથી. બાકી તો બધું કર્યું. સાધુ અનંતવાર થયો દ્રવ્યલિંગી. 'મુનિવ્રત ધાર અનંતબાર ગ્રૈવેયક ઉપજાયો.' અનંતવાર સાધુ. તે સાધુ કેવો? નગ્ન દિગંબર, વનવાસી, હજારો રાણીને છોડીને. પણ અંતરમાં એક

શુભરાગનો વિકલ્પ જે છે મહાવ્રતનો, એ મારું કર્તવ્ય છે અને એ મારા રાગનું કારણ એ હું છું—એવી જે માન્યતા હતી તે મિથ્યાદષ્ટિની માન્યતા મિથ્યાત્વને લઈને, એને સમ્યગ્દર્શન થયું નહિ અને જન્મ-મરણનો અંત આવ્યો નહિ એમ છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે પ્રભુ આ આત્મા... 'આ' એમ શબ્દ વાપર્યો છેને? 'આ' એમ શબ્દ વાપર્યો જુઓ, 'આ...' અસ્તિ બતાવે છે. **'આ આત્મા કોણ છે...'** પ્રભુ! કોણ છે ભગવાન પરમેશ્વરે આત્મા કહ્યો એ તે શું ચીજ છે? '(-કેવો છે)...' એનો અર્થ કર્યો કોણ છે એનો અર્થ. ભગવાન આત્મા કેવો છે? એક વાત. **'અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે...'** બે વાત. છે કેવો? અને એની પ્રાપ્તિની વિધિ અને રીત શું? સમજાય છે કાંઈ? કઈ રીતે પ્રાપ્ત કરાય છે? એ ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે, સિદ્ધ સ્વરૂપ એનું છે. વિકાર આદિ પુણ્ય-પાપ તો કૃત્રિમ, ક્ષણિક અવસ્થામાં છે, પર્યાયમાં. વસ્તુના સ્વભાવમાં નથી. એવો ભગવાન આત્મા પ્રભુ એની પ્રાપ્તિ કઈ રીતે કરાય? જુઓ, પૈસા કેમ પ્રાપ્ત થાય? પુણ્ય કેમ પ્રાપ્ત થાય? સ્વર્ગ કેમ પ્રાપ્ત થાય? એમ પૂછયું નથી. જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઓલામાં ચાલે છે પણ રાગનો પુરુષાર્થ છે. એ કાંઈ આત્માનો પુરુષાર્થ નથી. એ તો અનંતવાર કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો પ્રભુ! એ કઈ રીતે? એની પ્રાપ્તિનો ઉપાય શું છે? એવા બે પ્રશ્ન છે. કેવો છે? કોણ છે? એ એક પ્રશ્ન. અને કઈ રીતે તેની પ્રાપ્તિ? અને એની પ્રાપ્તિ થાય તો મુક્તિ થયા વિના રહે નહિ. **'એવો પ્રશ્ન કરવામાં આવે...'** એમ છે? છે અંદર જુઓ, **'એવો પ્રશ્ન કરવામાં આવે તો...'** જુઓ, **'પ્રશ્ન કરવામાં આવે તો...'** અમે અજાણ્યા માણસને વગર પૂછે કહેવા માગતા નથી. ..ભાઈ! પૂછવા આવ્યો, ઘરે માગવા આવ્યો, મહારાજ! આ તે કોણ છે અને કેમ પ્રાપ્ત થાય? **'એવો પ્રશ્ન કરવામાં આવે તો...'** એમ છેને? આવું જો પૂછવામાં આવે તો **'તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે...'** પૂર્વે ઘણું કહેવાઈ ગયું છે આખું. આ તો વળી થોડું બાકી છે. **'અને (અહીં) ફરીને પણ કહેવામાં આવે છે :—'**

હવે વાત કરે છે પહેલી. **'પ્રથમ તો,...'** મૂળ વાત તો એ છે કે. કેવો છે એની વ્યાખ્યા હવે. કોણ છે આત્મા એની વ્યાખ્યા કે આ **'આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનો અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે,...'** એની વ્યાખ્યા. વાત તો ધીરેથી. તેથી તો મૂકી દીધું હતું આપણે અધિકાર. કારણ કે બહારથી માણસો બહુ આવેલા. ચારસો માણસો હોય, પાંચસો માણસ હોય. ક્યાંયથી આવેલા. નહિ સમજે કીધું આ. પછી આ અધિકાર આવ્યો હતો પણ મૂકી દીધો હતો. ક્લાસ ચાલ્યાને આપણે ૨૦ દિ'? ઘણા માણસો બહારથી આવ્યા હતા. ગુજરાતના હિન્દીના ચારસો. આપણે તો છે ઈ છે. એ સિવાય બહારથી

આવ્યા હતા. ૨૦ દિ' ક્લાસમાં. એટલે કીધું આ સમજશે નહિ. મૂકી દીધું હતું. ભોગીભાઈ! તાકડે તમે આવ્યા અને આ શરૂ કરવાનું હતું લ્યો. કાલે શુદ્ધભાવ અધિકાર નિયમસારનો પૂરો થયો. નિયમસાર મોક્ષમાર્ગનો અધિકાર કાલે પૂરો થયો. આ વાંચવું હવે થોડા માણસો છેને. તે દિ' તો માણસો ઘણું હતું. અહીં તો વ્યાખ્યાન ક્યાં થયા આપણે? અહીં તો સમાય એવું નહોતું. ઘણું માણસ હતુંને ત્યારે. અને પરમાગમની ભાદરવા સુદ બીજે .. થઈ હતીને. આવ્યા હતાને ભાઈ નહોતા આવ્યા. ભોગીલાલભાઈ નહોતા. પરમાગમ આરસપહાણમાં કોતરવાના છે. પાંચ લાખનું મકાન થશે. આ સમયસાર, પ્રવચનસાર એ બધા આરસપહાણમાં કોતરાશે. એનું મુહૂર્ત થઈ ગયું બીજનું. લગભગ શરૂ કરશે. બહારથી ઘણું હતુંને માણસ. એટલે આ તો સમજાય નહિ. આ તો એવું છે કે જેને શાંતિ અને ધીરજ હોય, વખત નિવૃત્તિ હોય તો આ આત્મા શું ચીજ છે એને જાણવાનું એને જ્ઞાન એને સમજાય. ઉપર ટપકે થોડી વાત આવે કે ભાઈ! આત્મા નિર્મળ છે, એ રાગ-વિકલ્પ, પુણ્ય-પાપથી રહિત છે. એનું આત્માનું અંતર ભાન કરે, એવો સમ્યગ્દર્શન કરે તો તને ધર્મ થાય. એ વાત તો એને જરી ખ્યાલમાં પણ આવે.

અહીં તો હવે લ્યો, શું કહે છે? '**ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત...**' હવે આ શું ભાષા? વસ્તુ છેને આત્મા? એનું ચૈતન્યસામાન્યપણું છે. જાણવું-દેખવું એવું સામાન્યપણું કાયમનું, કાયમનું. સામાન્યપણા વડે વ્યાપ્ત '**અનંત ધર્મોનું અધિષ્ઠાતા એક દ્રવ્ય છે,...**' એ સામાન્ય એટલે જાણવું-દેખવું. એની અંદર પર્યાય આવી જાય છે હોં એમાં તો. આહા..હા..! ચૈતન્ય સામાન્ય બધા વ્યાપક છેને ભાઈ! જાણવું-દેખવું એવો આત્મા બધામાં વ્યાપક છે. રાગમાં, જ્ઞાનમાં, આનંદમાં બધામાં વ્યાપક એમ કહે છે. ધ્યાન રાખજો. દ્રવ્ય તે વસ્તુ છે તે આત્મા. ઈ '**ખરેખર ચૈતન્યસામાન્ય વડે...**' જાણવું-દેખવું એવો એનો સ્વભાવ છે. એ પર્યાયમાં પણ પરિણમે છે અને રાગાદિમાં પણ આવે છે. એ બધું ચૈતન્યનું સામાન્યપણું અને પર્યાયમાં વ્યાપવુંપણું એ બધો થઈને આત્મા કહેવામાં આવે છે. વજુભાઈ! ઓલો રાગ... રાગ હોય છેને? ચેતનની પર્યાયમાં રાગ દયા, દાનનો વિકલ્પ રાગ, એ પણ એની પર્યાયમાં છે. અહીં તો પરથી ભિન્ન બતાવવો છેને? રાગ છે એ પણ ચૈતન્યસામાન્યની પર્યાયમાં છે, પણ જોનાર એ એક પર્યાય દ્વારા જોવે તોય ધ્રુવ ચૈતન્યને જોવે છે અને બધા ધર્મોવાળું શ્રુતજ્ઞાન વડે જોવે તોપણ આખા દ્રવ્યને જોવે છે. એ છેલ્લે આવશે. ઝીણો અધિકાર છે.

ભગવાન આત્મા ચૈતન્ય સામાન્ય એનો ગુણ છે. હવે ગુણ છે એની પાછી પર્યાય પણ એમાં આવી જાય છે. એ બધું થઈને સામાન્ય કહેવામાં આવે છે. શું કીધું સમજાણું? '**આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત...**' એટલે કે એમાં સામાન્યપણું બધું રાગપણે પરિણમે, જ્ઞાનપણે પરિણમે, આનંદપણે પરિણમે, સમ્યગ્દર્શનપણે પરિણમે, એ બધું જે થઈને વ્યાપ્ત '**અનંત ધર્મો...**' છે એમાં. આત્મામાં અનંત ધર્મ છે. જ્ઞાનધર્મ. ધર્મ એટલે ધારી રાખવું.

આત્માએ જ્ઞાન ધારી રાખ્યું છે, દર્શન ધારી રાખ્યું છે, આનંદ ધારી રાખ્યું છે. એમ પર્યાયમાં પણ પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી રાગ પણ એની પર્યાયમાં એણે ધારી રાખ્યો છે. સમજાણું કાંઈ?

**'ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત...'** વ્યાપ્ત નામ પ્રસરેલ **'અનંત ધર્મો...'** જાણવું-દેખવું, આનંદ, હોવાપણું આદિ અનંત સ્વભાવોનો અધિષ્ઠાતા-સ્વામી છે આત્મા. પોતે અનંતગુણનો સ્વામી છે. સમજાય છે કાંઈ? પરનો સ્વામી નથી. શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર એનો સ્વામી નથી, પણ પોતાના જે અનંત જ્ઞાન, દર્શન આદિ ગુણો છે અને એની પર્યાયમાં નિર્મળ અને રાગાદિ પર્યાય છે એ બધા અધિષ્ઠાનનો એ સ્વામી છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો પરિશિષ્ટ છે. એટલે કીધેલું કહે છે વિશેષ, નહિ કીધેલું કહે છે, વિશેષ સ્પષ્ટ કરે છે. કહે છે. આહા..હા..! ભગવાન આત્મા આ શરીર, વાણી, મન આ તો જડ છે. આમાં કાંઈ આત્મા નથી. આ તો પરમાણુ અજીવતત્ત્વ છે. આ વાણી એ તો અજીવ જડ છે. શરીર, વાણી અને કર્મ એ તો અજીવ થઈને રહ્યા છે. જીવના પર્યાયપણે પણ થઈને રહ્યા નથી. શું કીધું? આ શરીર, આ વાણી, આઠ કર્મ છેને જ્ઞાનાવરણીય આદિ? એ તો અજીવપણે થઈને રહ્યા છે. એ કાંઈ આત્માના દ્રવ્યપણે થઈને રહ્યા છે એમ નથી, આત્માના ગુણપણે થઈને રહ્યા નથી અને આત્માની પર્યાયપણે પણ થઈને શરીર, વાણી, કર્મ રહ્યા નથી. ભારે વાતું ભાઈ! દેવીલાલજી!

હવે થઈને રહ્યા છે શું? કે અનંત જ્ઞાન, દર્શન આદિ થઈને રહેલો આત્મા અને સમ્યગ્જ્ઞાન અને દર્શનની પર્યાયપણે થઈને રહેલો આત્મા અને કાંઈક રાગાદિમાં રહેલો, રાગાદિ પર્યાય છેને એનામાં? પૂર્ણ વીતરાગ નથી એટલે. એમાં રહેલો એ આત્મા છે. એની પર્યાયમાં-અવસ્થામાં રાગ છે. આ તો ધર્મ પામેલાની વાત છે. સાધકની વાત છે. તો આત્મા અનંતગુણનું ધામ એવી દૃષ્ટિ અંતર થઈ, સમ્યગ્દર્શન થયું અને સમ્યગ્જ્ઞાનમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે જેણે ખ્યાલમાં લીધા એવો આત્મા એની વાત ચાલે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, મિથ્યાત્વ નથી. મિથ્યાત્વ નથી લેવું અહીં. રાગાદિ લેવું છે. મિથ્યાત્વ નહિ, અજ્ઞાન નહિ. સમજાય છે કાંઈ? અને સામાન્યની વ્યાખ્યા એવી છે કે એ ચૈતન્ય વસ્તુ છે દ્રવ્ય એનું સામાન્યપણું એટલે ચૈતન્યગુણ, એ ગુણપણે અને એની પર્યાયપણે વ્યાપેલું છે, એ પરપણે નથી વ્યાપ્યું એવું એનું સામાન્યપણું એમ કહેવું છે, ભાઈ! આહા..હા..! તેથી કહ્યુંને કે આ આત્મા, આ દેહની ક્રિયાપણે થઈને રહ્યો જ નથી. આ દેહની જે આ ક્રિયા થાય છે એ દેહપણે, જડપણે થઈને ક્રિયા જડની થાય છે. આત્માપણે થઈને આ ક્રિયા થતી નથી. સમજાણું કાંઈ? અને આ બોલવાની જે ક્રિયા થાય છે એ પણ જડપણે રહીને જડની ભાષા થાય છે. આત્માની પર્યાયપણે ભાષા આવીને થાય છે એમ છે નહિ.

આહા..હા..! સમજાણું કાંઈ?

ત્યારે છે શું ઈ? કે દ્રવ્ય જે વસ્તુ ભગવાન આત્મા એના જે અનંતગુણો થઈને રહ્યા છે જીવપણે અને એની પર્યાયમાં વસ્તુનું ભાન થયું છે કે હું તો ચૈતન્ય દ્રવ્ય છું. એથી એને સમ્યગ્દર્શનની પર્યાય થઈને એ સહિત રહ્યું છે અને હજી બાધકપણું થોડું છે. પૂર્ણ વીતરાગ થયો નથી એટલે રાગ દયા, દાનના, ભક્તિનો વિકલ્પ છે એ પણે પણ એની પર્યાયમાં થઈને રહેલ છે, પણ પરપણે થઈને રહેલ છે એમ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અર્થ છે. સામાન્ય એટલે વિશેષ ઓલું જડાદિ એ પણે નથી થયું. સમજાણું કાંઈ? આત્મા પોતે પોતાપણે રહ્યો છે એ દ્રવ્ય એટલે વસ્તુપણે રહ્યો, એના ગુણ ત્રિકાળ જ્ઞાનપણે રહ્યો અને એની પર્યાય નિર્મળ અને મલિન એવી પર્યાયપણે રહેલું તત્ત્વ છે. પરથી ભિન્ન છે. જ્ઞાનપ્રધાન કથન છેને આ પ્રવચનસારમાં? દૃષ્ટિપ્રધાન કથન સમયસારમાં તો રાગ પણ એનામાં નથી અને શુદ્ધતા પરિપૂર્ણ છે અને તદ્દન દૃષ્ટિ કરાવવા માટે તો કહે એક સમયની નિર્મળ પર્યાય પણ દ્રવ્યમાં નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ સર્વજ્ઞે જેવો જોયો અને જેવો પ્રગટ કર્યો પરમેશ્વરે. એવો આત્મા વસ્તુ તરીકે દ્રવ્ય આવશે આમાં. નિત્યનય આવશે. નિત્ય જે વસ્તુ ધ્રુવ છે. ત્રિકાળ નિત્યાનંદ છે એમાં તો પરવસ્તુ નથી, રાગ પણ નથી અને એને ધર્મની પર્યાય પ્રગટેલી એ પણ નિત્યમાં નથી. એવું નય આમાં લેશે એક. ..નય આવશે પાછળથી. સમજાય છે કાંઈ? આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! જરી. આત્મા જ્ઞાનથી જણાવે છે કે આત્મા વસ્તુ છે એને જ્ઞાને જાણ્યું, એના ગુણો અનંત છે એવું જ્ઞાને જાણ્યું અને તેની પર્યાયમાં ધર્મદૃષ્ટિ પ્રગટી છે દ્રવ્યને લક્ષે એને પણ જ્ઞાને જાણ્યું, અને હજી રાગાદિ થોડો બાકી છે એને પણ જ્ઞાને જાણ્યું. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! એવી વાત છે. પરની સાથે કાંઈ સંબંધ નથી. એ તો 'જડ અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન.' કોઈને કાંઈ લેવા-દેવા નથી. જડ જડપણે થઈને રહ્યા, કર્મ કર્મ થઈને રહ્યા. આ બાયડી, છોકરાનો આત્મા અને એના શરીરો પણ એના થઈને રહ્યા છે. આત્માના થઈને રહ્યા નથી. ભોગીલાલભાઈ! મીલનું શું હશે? મીલ મીલની થઈને રહી છે. ભોગીલાલભાઈની પર્યાયમાં આવ્યું નથી. હું કામ કરું એવો જે વિકલ્પ છે એ એની પર્યાયમાં છે. પણ એ વિકલ્પ રાગ, પણ એ રાગ છે એનું જ્ઞાન ક્યારે કહેવાય? કે જ્ઞાન ચિદાનંદ આત્મા અખંડ દ્રવ્ય શુદ્ધ છે એવું એનું જ્યારે જ્ઞાન થાય ત્યારે તેને દ્રવ્યનું જ્ઞાન થાય, ગુણનું જ્ઞાન થાય, વર્તમાન પ્રગટેલી નિર્મળનું જ્ઞાન થાય અને રાગ બાકી એનું પણ જ્ઞાન થાય. સમજાણું કાંઈ? ચાર થયાને. દ્રવ્ય, ગુણ, નિર્મળ પર્યાય, મલિન પર્યાય. નહિતર આ વિકલ્પ છે એનું જ્ઞાન અજ્ઞાનીને નથી. સમજાય છે કાંઈ?

આ રાગ છે મારામાં એવું અજ્ઞાનીને ખબર નથી. કારણ કે જેણે રાગને જ હું માન્યું છે. રાગના અંશને જ આખો આત્મા માન્યો છે. સમજાય છે કાંઈ? એને તો રાગ જાણવામાં રહેતો નથી. કારણ કે એ તો રાગ જ હું છું એમ માનીને બેઠો છે. એને તો આત્મા છે નહિ, એને ધર્મદૃષ્ટિ છે નહિ. આહા..હા..! ભારે વાતું ભાઈ! કેવળીનો માર્ગ વીતરાગનો આખી દુનિયાથી જુદી જાતનો છે. એની કળા અને એની રીત જ અપૂર્વ છે. એ અનંતકાળમાં એણે જાણવામાં લીધી નથી અને આ જાણ્યા વિના એના જન્મ-મરણ કોઈ દિ' મટે એવા નથી, માથાકુટ કરીને મરી જાય તોપણ. આહા..હા..!

શું કહે છે? '**આત્મા...**' ઉત્તર અપાય છે. ઓલો કહે છે કે કેવો છે? કોણ છે? તો કહે આવો છે. કેવો છે? કે '**આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય...**' જાણવું-દેખવું એવું અને એની પર્યાયમાં મલિનતા અને નિર્મળતા એ બધામાં વ્યાપ્ત. અનંત ધર્મોનું એણે અનંત સ્વભાવો ધારી રાખ્યા છે. આનંદ આદિ ગુણો ધારી રાખ્યા છે અને ધર્મદૃષ્ટિ થઈ છે માટે નિર્મળ પર્યાય પણ ધારી રાખી છે અને પૂર્ણ નિર્મળ નથી એટલે સાધકે હજી રાગાદિ છે એને પણ એની પર્યાયમાં ધારી રાખ્યા છે. સમજાણું કાંઈ? તો એકલો રાગને ધારી રાખ્યો હોય એની ઉપર જો દૃષ્ટિ હોય તો તો મિથ્યાત્વ છે. કારણ કે આ તો અનંત ધર્મને ધારી રાખ્યા છે ભાઈ! ધ્યાન રાખજો. એકલો દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે એ જ મારું છે એમ માને તો એક અંશને માન્યો એણે આખા આત્માને માન્યો નથી. એટલે માન્યતા એની મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો એવું .. એ તો. આ તો પરમેશ્વરના પેટ છે, ભાઈ! એવી વાત છે. કેવળજ્ઞાની પરમાત્મા જેણે ઈન્દ્રોની સમક્ષ, ગણધરોની સમક્ષ ભગવાનની વાણી અત્યારે પણ મહાવિદેહમાં નીકળે છે. સીમંધર ભગવાન સાક્ષાત્ બિરાજે છે. ત્રિલોકનાથ પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં પાંચસો ધનુષનો દેહ અને કરોડપૂર્વનું આયુષ્ય. કરોડપૂર્વનું આયુષ્ય. કરોડપૂર્વ કોને કહેવાય સમજાય છે? એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ વયા જાય, એક પૂર્વમાં. એવું કરોડપૂર્વનું આયુષ્ય ભગવાનનું છે. ઋષભદેવ ભગવાનનું ૮૪ લાખ પૂર્વનું હતું. સાંભળ્યું છે કે નહિ? ૮૪ લાખ પૂર્વનું. અહીં ભગવાન બિરાજતા હતા ત્યારે. તો પૂર્વ કોને કહીએ? કે જેમાં ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ વર્ષ હોં. ૭૦ લાખ કરોડ. એક, બે કરોડ એમ પણ નહિ. ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ એટલાનું એક પૂર્વ. એવા-એવા ૮૪ લાખ પૂર્વનું ઋષભદેવ પરમાત્માનું તીર્થંકરનું આયુષ્ય હતું. સમજાણું કાંઈ? આયુષ્ય તો, અનંતકાળ ગયો એમાં આટલું આયુષ્ય એ તો નાનું આયુષ્ય છે. સમજાણું?

એ ભગવાન ત્યાં એ વાણી (દ્વારા) આમ જ કહી રહ્યા છે. દિવ્યધ્વનિ દ્વારા, ઈચ્છા વિના. સમજાણું કાંઈ? કે ભાઈ! તેં તારા આત્માને અનંત ગુણ, અનંતી પર્યાયે ટકેલું એવા

તત્ત્વને તે યથાર્થપણે અનંતકાળમાં જાણ્યું નથી. જાણવામાં આવે ત્યારે એ આત્મા ખરેખર અનંત જ્ઞાન, દર્શન, આનંદગુણો એને પણ હું છું એમ જાણે અને એનું જાણવું થયું એટલે નિર્મળ પર્યાય પ્રગટ થઈ સમ્યગ્દર્શન-જ્ઞાન ધર્મને. એ પણ જાણે કે મારામાં એ છે. અને રાગ પણ સધાય છે એ પણ મારામાં છે. આવા અનંત ધર્મનો સ્વામી એવો આત્મા દ્રવ્યદૃષ્ટિ જતાં, દ્રવ્ય ઉપર લક્ષ જતાં આવો સ્વામી એને ખ્યાલમાં આવે છે. આહા..હા..! જેઠાલાલભાઈ! આવું ઝીણું હતું. તે વખતે જરી માણસ બિચારા ક્યાંયથી આવ્યા હોય હવે. ક્યાંય દિલ્હીથી અને ક્યાંયથી આવ્યા હોય જુઓને. ગોહાટી? .. આવ્યું હતું ભાઈ? છેકથી આવે. ૨૦ દિ' હતાને. આ ક્લાસ ચાલ્યાને ૨૦ દિ'. કોઈ રીતે શું સત્ય સમજવા માટે. વર્ષોથી આપણે ચાલે છે અહીં ક્લાસ. વર્ષોથી ક્લાસ ચાલે છે. ઘણા વર્ષોથી. બહુ માણસો બહારથી આવે છે. ૨૦ દિ' આવે અને વયા જાય.

અહીં તો કહે છે કે ભગવાન! જ્યારે શિષ્યને એમ પ્રશ્ન ઉઠ્યો. બીજો કોઈ પ્રશ્ન કર્યો નથી કે મહારાજ! અમને પૈસા કેમ થાય? એ પણ પૂછવા આવે છેને કેટલાક. ખાનગી પૂછવા આવે છે કે મહારાજ! તમારી પાસે લાકડી છે તો ફેરવોને. છેને લોકોમાં એવું નથી? એ વળી કોક ચોરી ગયું એક ઠેકાણે. આ તો હમણા વળી નવી વાત આવી એક હિન્દુસ્તાનમાંથી. એક ભાઈ કહેતા હતા પંડિતજી! બાબુલાલજી. કે તમારી વાત એવી બહાર આવી છે કે ઈ ધર્મની એવી વાત કરે છે ધારાવાહી, એની પાસે કોઈ દેવની દેવી લાગે છે. હમણા એક પંડિત આવ્યા હતા બાબુલાલજી. ક્યાંના હતા? ગુનાના. ગૃહસ્થ નરમ માણસ પંડિત હતા. કે તમારી વાત આવે છે બહાર. કે દેવ આ આત્મા દેવ છે અહીં તો ભાઈ! એમ કે ઈ એવી વાત કરે છે કે લોકો રંજાયમાન થઈ જાય છે. મોટા ગૃહસ્થો પણ ફીદા થઈ જાય છે. માટે કાંઈક એની પાસે કોઈ દેવ કે દેવીનો વાસ છે એ વાત નક્કી. અરે..! ભગવાન! આ દેવ તો આત્મા છે અહીં. અને એ વાણી ભગવાનની છે એવી અહીંયાં વાણી આવે છે અને મધ્યસ્થ જીવોને એને ચમત્કાર લાગે કે આ વાત કાંઈક બીજી લાગે છે. એ દેવ અને દેવી છે. ભોગીલાલભાઈ! શું કરવો છે દેવને તારે હવે? દેવ તો અનંતવાર થયો છે.

ભગવાન તો એમ કહે છે કે નરકના જેટલા ભવ કર્યા નારકીના અત્યાર સુધી અનંતા. એથી અસંખ્ય ગુણા અનંતા સ્વર્ગના કર્યા એમ કેવળજ્ઞાનમાં ભગવાન કહે છે. આ નરક છેને નીચે? (જઘન્ય) ૧૦ હજારની સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરની સ્થિતિ છે સાતમી નરકની. તો ત્યાં જીવ અનંતવાર ગયો છે. તો કેટલો અનંતવાર? કે અનંતા અનંતવાર. પણ એ નરકના અનંતભવ કર્યા એના કરતા પરમેશ્વરે ચાર ગતિનો સરવાળો જોયો કેવળજ્ઞાનમાં. કે સૌથી થોડા ભવ મનુષ્યના કર્યા. કર્યા અનંતા, મનુષ્યના અનંતા. થોડા એથી અસંખ્યગુણા નારકીના. તેથી અસંખ્યગુણા નારકીના. એથી અસંખ્ય ગુણા દેવના.

મુમુક્ષુ :- એ સિવાય જુદા?

ઉત્તર :- એ માટે તો કહેવાય છે આ. આ લોકો નહિ ચાર દુકાને ખોટ ગઈ હોય તો સરવાળો કરે કે નહિ? ભાઈ! ઝવેરીની દુકાને ૫૦ હજાર ગયા, આ દાણાની દુકાને ૧૦ હજાર ગયા, કાપડની દુકાને... ચાર દુકાનનો સરવાળો ત્રણ લાખનો આવે છે. એમ કહેને ભાઈ! એમ પરમાત્મા કેવળજ્ઞાની ત્રિલોકનાથ પરમેશ્વરે જગતના રખડાવ જીવની ગતિમાં કેટલા ભવ કર્યા એ ભગવાને જોયું. રખડાઉ છેને ઈ? તો ક્યાં ભવ કેટલા કર્યા એ ભગવાને કહ્યું. કે થોડામાં થોડા મનુષ્ય પણ અનંતા હોં, એ પણ અનંતા.

મુમુક્ષુ :- ઓછામાં ઓછા તોપણ અનંત?

ઉત્તર :- તોપણ અનંત. પણ અનંતકાળ થયોને? અનંતેકાળે એકવાર થયો તોપણ અનંતવાર થયો. તેથી અસંખ્યગુણા નરકના. આહા..હા..! ભગવાન તો કહે છે કે એ નારકીના ભવ કર્યા એથી અસંખ્ય ગુણા અનંતા સ્વર્ગમાં. કારણ કે પશુમાંથી સ્વર્ગમાં ઘણા જનારા હોય છે. પશુ ઘણા છે. અઢીદ્વીપ બહાર અસંખ્ય દ્વીપ સમુદ્ર છે. સ્વયંભુરમણ સમુદ્ર મોટો છે. એમાં અસંખ્યાતા તો મચ્છ પડ્યા છે મોટા. સમકિતી હોં આત્મજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ (પણ) પડ્યા છે. તો એમાંથી કેટલાક ભાવવાળા શુક્લલેશ્યા આદિ હોય ...લેશ્યા તો સ્વર્ગમાં જાય છે. તો જીવના રખડવાના ભવની સંખ્યા ભગવાને જોયેલી, તો નરકની ગતિના અનંત કરતા મનુષ્યના, દેવના અનંતા, અસંખ્ય ગુણા અનંતા. એક નરકના તો અસંખ્ય દેવના, એક નારકીના તો અસંખ્ય દેવના. એવા અનંતા નારકીના તેથી અસંખ્ય ગુણા દેવના. હવે શું કરવું છે તારે દેવનું કરીને? ચંદુભાઈ! અનંતા દેવના ભવ કર્યા છે. સાચી વાત હશે?

મુમુક્ષુ :- ભગવાને કીધું તો સાચી વાત હોયને.

ઉત્તર :- પણ આ ન્યાયથી કહેવાય છે કે નહિ? અનંતકાળ રખડ્યો છોને અત્યાર સુધી. ચાર ગતિમાં હતો કે ક્યાંય સિદ્ધ થયો હતો? તો ચાર ગતિમાં કેટલા ભવ કર્યા છે એ તને ખબર છે કાંઈ? અનંતકાળ છે. ચારેય અનંતા. પણ અનંત-અનંતમાં ફેર. આહા..હા..! મનુષ્યના ભવથી નરકના અને નરકના ભવથી દેવના અસંખ્યગુણા. અને એનાથી પશુ નિગોદના અનંતગુણા. બટાટા, શક્કરકંદ. દેવના ભવ કરતા બટાટા, શક્કરકંદ છેને આ? એક કટકીમાં અસંખ્ય શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એનાથી અનંતગુણા જીવ છે. ..દાસભાઈ! આ બટેટા, શક્કરકંદ શું કહેવાય તમારે? લસણ, ડુંગળી, બટાટા. અમારે બટાટા કહે છે. આલુ કહે છે. એની આટલી કટકી રાઈ જેટલી લ્યો રાઈ જેટલી કટકી. એક શક્કરકંદની મુળાદિ એની .. હોયને. એક કટકી આટલી લ્યો રાઈ જેટલી. તો ભગવાન કહે છે કે એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે. ... ઝીણું. અને એક શરીરમાં એટલા જીવ છે કે અત્યાર સુધી સિદ્ધ ભગવાન થયા. છ મહિના અને આઠ સમયે એવા ૬૦૮ મોક્ષે જાય. એવું ભગવાને જોયું છે. છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ જીવ અઢીદ્વીપમાંથી જાય. અત્યારે અહીં નથી જનારા તો ભગવાન પાસે જનારા મહાવિદેહમાં છે. છ મહિના

અને આઠ સમયમાં ૬૦૮. કેટલો કાળ ગયો? એટલા કાળથી સિદ્ધ થતા આવે છે અનંતા-અનંતા. અનંતા પુદ્ગલ પરાવર્તનના જીવો. એવા સિદ્ધની સંખ્યા કરતા બટાટાની એક કટકી રાઈ જેટલી લ્યો એમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં એટલા સિદ્ધ કરતા અનંતગુણા જીવ છે. એમાં એણે અનંતા ભવ કર્યા. દેવ કરતા પણ અનંતા ભવ કર્યા. ખબર ક્યાં છે એને કાંઈ? આહા..હા..! એ મિથ્યાત્વને લઈને.

સાધુપણું અનંતવાર કર્યું, શ્રાવકપણું અનંતવાર કર્યું મિથ્યાત્વસહિત. મિથ્યાત્વ શું છે અને સમકિતનું કાંઈ ભાન નથી. શાંતિભાઈ! સાચી વાત હશે આ? આહા..હા..! આમ તો કહે કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. ત્વમેવ સચ્ચં ત્વમેવ સચ્ચં. ભાઈ! ભગવાન કહે છે, બાપા! ભાઈ! તેં દેવના ભવ અનંતા કર્યા. એ કોઈ અપૂર્વ ચીજ નથી. દેવ કોઈ અપૂર્વ (નથી). આ કરોડોપતિ અને અબજોપતિના અનંતા ભવ એવા પણ કર્યા. જેઠાલાલભાઈ! આહા..હા..! સમજાણું? ઓલા કાલે કહેતા હતા એક જણા કે ઓહો..હો..! એટલા બધા પૈસા! ઓલા શાંતિલાલ ખુશાલ. ગોવામાં છેને ભાઈ! શાંતિલાલ ખુશાલ છે આપણા દશાશ્રીમાળી. સ્થાનકવાસી જૈન. એ આ બાજુના. બે અબજ ચાલીસ કરોડ. ...ઓલા પ્રેમચંદભાઈ નહોતા બેસતા અહીં? રાણપુરવાળા બેસતા હતા. ગુજરી ગયા. પ્રેમચંદ રાણપરવાળા. એના સગા મામાના દીકરા થાય. ગોવામાં છે શાંતિલાલ ખુશાલદાસ. બે અબજ ચાલીસ કરોડ. એટલે ૨૪૦ (કરોડ). ધૂળ ગણવી છેને ત્યાં. ક્યાં સાથે લઈ જવાના? આહા..હા..! શું ધૂળમાં? એથી અનંતવાર હોં. થયો છો પુણ્યના કોઈ પરિણામને કારણે. કારણ કે નિગોદમાં પણ શુભભાવ થાય છે. નિગોદ હોં બટાટામાં પણ. ભગવાન કહે છે ત્યાં પણ શુભભાવ થાય અને એ શુભભાવનું પુણ્ય બંધાય તો માણસ થઈ જાય તો એવો અનંતવાર થયો. એમાં દાળિયા શું થયા તારા? આહા..હા..!

મુમુક્ષુ :- ચક્રવર્તીને ઘરે જન્મે.

ઉત્તર :- ચક્રવર્તીને ઘરે પુત્ર થાય. નિગોદમાંથી નીકળ્યો. આવે છેને ભરતચક્રવર્તીના? કેટલા પુત્ર? ૯૨૭ કેટલા છે? ૯૨૩. એ મમોલા થયા હતા. ઓલા લાલ રંગના નથી ચોમાસામાં? લાલ રંગના નથી થતાં? એ નિગોદમાંથી નીકળીને મમોલા થયા. પહેલા અનંતકાળ.. એમાંથી આ હાથી નીકળ્યો ભરતનો, એની નીચે દબાઈ ગયા. અને દબાઈને એને ઘરે .. રાજકુમાર થયા. એ તો અનંતવાર એવા ભાવ શુભ-અશુભ... શુભ-અશુભ... ચક્ર અનંતવાર કર્યું છે એમાં શું છે? સમજાણું કાંઈ? અહીં જરી દયા, દાન અને વ્રતનો શુભભાવ કરે ત્યાં તો કહે, આહા..હા..! આપણે ધર્મ. હવે ધૂળેય નથી સાંભળને. મમોલા ૯૧૩ પાછા એવા પાકે સમજાણું? ઓલા દશ હજાર .. બોલ્યા એ. ૯૨૩. એમાંથી નીકળ્યા. નિગોદમાંથી નીકળીને અનંતકાળમાં ત્રસ નહિ થયેલા, એમાં મમોલા થયા, એમાંથી મરીને રાજકુમાર. બોલે નહિ જન્મ્યા પછી. પુણ્યના પૂતળા મણિરત્ન જેવા. ભગવાન પાસે આવ્યા ૠષભદેવ ભગવાન

પાસે. ગયા બધા દર્શન કરવા. ભરત પોતે રાજકુમારોને લઈને. મહારાજ! આ મારા ઘરે આવા પુત્રો! જુઓ તો રાજકુમાર મોટા મણિરત્નના પૂતળા. આ બોલતા કેમ નથી? ભરતે પ્રશ્ન કર્યો ભગવાનને. કે આ મારે ઘરે આવ્યા અને આ બોલે કેમ નહિ? હે ભરત! હમણા બોલશે. એમ કહ્યું ભગવાને. વાણી સાંભળીને હમણા બોલશે. ત્યાં તો ... પ્રભુ! ઓલા કોઈ દિ' નહોતા બોલતા, પ્રભુ! અમને મુનિપણું અંગીકાર કરાવો. આ પહેલી ભાષા છે. નગ્નમુનિ દિગંબર. ૯૨૩ દિગંબર મુનિ થઈ ગયા સમવસરણમાં ધર્મસભામાં. બોલ્યા ત્યારે આ બોલ્યા. નહોતા બોલ્યા ત્યારે કાંઈ નહિ. નગ્ન દિગંબર આનંદકંદમાં મણિરત્નના પૂતળા અને રાગથી ભિન્ન પડી, પુણ્યની ક્રિયાના પરિણામથી ભિન્ન પડી સ્વરૂપમાં આનંદમાં ઝૂલતા મોક્ષે ગયા. સમજાણું કાંઈ? અનાદિના નિગોદ, વચ્ચે બે ભવ. મમોલા અને માણસ. વચમાં બે ભવ. આહા..હા..! એટલો પુરુષાર્થ છે આત્મામાં. અનંત પુરુષાર્થ છે. એને પ્રતીત ક્યાં છે?

એ કહે છે જુઓ, કે અનંત ચૈતન્ય વડે વ્યાપ્ત. એમાં અનંત પુરુષાર્થ છે એમાં વ્યાપેલો આત્મા છે ગુણ તરીકે, અનંતજ્ઞાન છે એમાં એ આત્મા વ્યાપેલો છે. અનંત આનંદ છે એમાં વ્યાપેલો છે. એવા-એવા અનંતગુણોમાં આત્મા ધર્મ એટલે સ્વભાવમાં વ્યાપેલો આત્મા છે. સમજાણું કાંઈ? આહા..હા..! એની એને ખબર ન મળે આત્માની અને ધર્મ થઈ જાય હવે. ધર્મ કરનારો કેવો છે એની ખબર નથીને. ધર્મ થાય. શું ધૂળમાં ધર્મ થાય? ...ભાઈ! વલ્લભભાઈને તો બહુ પ્રેમ હતો હોં. બધું સાંભળતા મગજમાં બેઠી હતી વાત એને. છેલ્લે કીધું હો એણે અરે..! આ વાત ક્યાંય છે નહિ અને આ વાત જ સાચી છે એમ કહેતા. ...વલ્લભભાઈ! બહુ મગજવાળા હતા. ... આહા..હા..!

ભગવાન! કહે છે. એક શબ્દમાં જ અહીં છે. '**ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત...**' પ્રસરેલો, રહેલો '**અનંત ધર્મોનું અધિષ્ઠાતા એક દ્રવ્ય છે,...**' જેને સમ્યગ્જ્ઞાન થયું છે એની વાત છે આ. એ સમ્યગ્જ્ઞાનમાં આત્મા દ્રવ્યને જોવે છે, એના અનંતા આનંદ આદિ ગુણો-શક્તિ છે એને જોવે છે અને એની અનંતી નિર્મળ પર્યાય પ્રગટી એને પણ જોવે છે અને એમાં જરી રાગાદિ બાધકપણે પર્યાય છે એને જોવે છે. એ બધાયનો ધણી એવું દ્રવ્ય એક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રાગનો સ્વામી?

ઉત્તર :- એટલે એનામાં છે એ અપેક્ષાએ સ્વામી. અધિષ્ઠાતા છેને? આનો આધાર છેને? પર્યાય રાગ છે એનો આધાર આત્મા છે. એ રાગનો આધાર જડ નથી અત્યારે. દેવીલાલજી! એવી વાત છે જરી.

મુમુક્ષુ :- પરથી ભેદ..

ઉત્તર :- પરથી ભેદ અહીં કરાવવો છેને એટલું દ્રવ્ય પોતે પરથી ભેદજ્ઞાન થયું ત્યારે આવું જણાય છે એમ કહે છે. અમરચંદભાઈ! ઓલું દ્રવ્યદૃષ્ટિનું અત્યાર સુધી સાંભળ્યું હતું

ઓલા શુભભાવનું. એટલે આ જરી કઠણ પડે. શુદ્ધભાવનો અધિકાર તો કાલે પૂરો થઈ ગયો. ત્યાં તો ભગવાન આત્મા સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ શુદ્ધભાવ ત્રિકાળી. એમાં તો કર્મ પણ નથી, શરીર પણ નથી, દયા, દાનના વિકલ્પ પણ નથી, પણ દયા, દાનના જાણવાની જે જ્ઞાનની પર્યાય અવસ્થા એ પણ દ્રવ્યમાં નથી. ચાર ભાવ વિનાનું તત્ત્વ તેને ભગવાને દ્રવ્ય કહ્યું છે. તે દ્રવ્યદૃષ્ટિના વિષયની વાત છે. ઉદય પુણ્ય-પાપના ભાવ ઉદયભાવ, ઉપશમ, સમકિત આદિ, ક્ષાયિક, ક્ષયોપશમ આદિ એ ચાર પર્યાયો છે. એ પર્યાયો દ્રવ્યમાં નથી. આહા..હા..! ભારે ઝીણી વાત! સમજાય છે કાંઈ? એ તો દ્રવ્ય ત્રિકાળી ધ્રુવની દૃષ્ટિ કરીને જ્યાં જોયું ત્યાં એનામાં એ પર્યાય નથી. તો અહીં તો જ્ઞાનપ્રધાન કથન છે. એટલે જ્યાં આત્માનું ભાન થયું કે હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદકંદ છું. એવું જ્યાં જ્ઞાન થયું તો એ જ્ઞાને કેવો આત્મા જોયો અને જાણ્યો? અમરચંદભાઈ! આ એ વાત છે. આહા..હા..! આવી વાત પણ કાને પડવી મહા અનંતે કાળે મુશ્કેલ છે. એવી વાત પણ એને... શું થાય? ..નથી અરે..! હું શું છું? ક્યાં છું? મારું શું થશે? આંખ મીંચીને ક્યાં જઈશ? ચોર્યાસીના અવતારમાં ક્યાં ઉતારા થશે? સમજાય છે? ત્યાં કાંઈ સિફારીશ ચાલે એવી નથી.

પરમાત્મા પરમેશ્વર કહે છે કે ભગવાન! તારું જે તત્ત્વ છેને, વસ્તુ છેને તું એ અનંત જગતના તત્ત્વોથી જુદું, પણ તારા ગુણ જે શક્તિઓ અનંત છે એનાથી તો તું અભેદ ભરેલો એમાં ટકેલો છો અને એની જે પર્યાય અહીં તો જાણપણું જ્ઞાન થયું એની વાત છેને? સમ્યગ્જ્ઞાન થયું છે, શ્રુતજ્ઞાન થયું છે. આત્મા નિર્મળાનંદ છે, રાગની પર્યાયની વિવિધતા ભલે પર્યાયમાં હોય, પણ એનો હું જાણનાર છું. હું ગુણનો જાણનાર, દ્રવ્યનો જાણનાર અને નિર્મળ ધર્મદશા એનો જાણનાર અને રાગ થાય એનો પણ જાણનાર. એવો જાણનાર થાય તેને સમ્યગ્જ્ઞાન અને શ્રુતજ્ઞાન અને ધર્મી કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! શું કહ્યું?

મુમુક્ષુ :- એ કળા શીખવી.

ઉત્તર :- હા, આ કળા શીખવી. તમારી બીડીયું-બીડીયું શીખીને મરી ગયા છે. ક્યાંય સખ નથી એમાં. પૈસા થયા હશે ૫૦-૬૦-૭૦ લાખ. કરોડપતિ કહે છે લોકો. એ ૫૦-૬૦ લાખવાળાને કરોડપતિ કહેવાય. એવું સાંભળ્યું છે. આપણે ક્યાં ગણવા ગયા હતા? એમ લોકો કહે. ૬-૬ લાખના આરસપહાણના મકાન. એવા તો કેટલાય મકાન. ૪૦ તો મોટરું એવી બધી વાતું લોકો કહે. બે ભાઈઓ કરોડપતિ છે એમ કહે. ..કોક કહે કરોડપતિ કહેવાય છે. ૫૦-૬૦ લાખ હશે. પણ ગમે તે હોય હવે ધૂળેય ત્યાં ક્યાં છે?

મુમુક્ષુ :- આત્મા છે એમ નક્કી કર.

ઉત્તર :- આત્મામાં એ પૈસા નથી. એ આત્માના પૈસા નથી. એ અજીવના છે. અજીવના અજીવપણે છે એમ જાણે અને અજીવ સંબંધીનું જરી મમત્વ પરિણામ છે એ પણ ક્યારે

જાણે? કે આત્મા જ્ઞાયક ત્રિકાળી ચિદાનંદ સ્વરૂપ છે તેનું જ્ઞાન કરતાં જે સમ્યગ્જ્ઞાન થયું તે દ્રવ્યને જાણે, શક્તિને જાણે, નિર્મળને જાણે, મલિનને જાણે. જાણવાનું કાર્ય કરે એનું નામ ધર્મી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ફુલચંદભાઈ! આ તો શરૂ કર્યું છે આ થોડા માણસમાં હવે. એય..! જયંતિભાઈ! ક્યાં ગયા તમારા બીજા ગયા? મોટા વયા ગયા. ચંદુભાઈ છેને? ઠીક. કહો, સમજાણું આમાં? આમાં સમજાણું? આહા..હા..! કેવી એક વાત કરી છે આચાર્યે! આહા..હા..!

કહે છે ભગવાન, આત્મા એને અમે કહીએ છીએ અને એવો આત્મા છે કે જેના જ્ઞાનમાં આખું દ્રવ્ય પણ જણાણું (કે) પૂર્ણ છે, એને અનંતગુણો જે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવા અનંતા ગુણો છે એવું પણ જેને જ્ઞાનમાં જણાણું છે. ત્યારે તેને સાધક અને ધર્મી કહેવામાં આવે છે. જેને એકલો રાગ જ જાણવામાં આવે છે અથવા એક સમયની પર્યાય ધારી એટલો જ જાણવામાં આવે એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આત્માની નિર્મળ પર્યાય અસ્તિત્વ ગુણ આદિની છેને કેટલીક તો? અને મિથ્યાત્વ રાગાદિની મલિન. એટલો હું છું—એટલા ધર્મને માને એણે આખા દ્રવ્યને માન્યું નથી. એટલે પર્યાયદૃષ્ટિવાળો તેને મિથ્યાદૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ? પણ જેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું છે એ ધર્મી જીવ આત્માને કેવો જાણે છે? તે આત્મા દ્રવ્ય છે વસ્તુ અને એમાં અનંત જ્ઞાનાદિ એવા અનંતા ગુણો એને અસ્તિપણે છે એમ જાણે છે અને એની દૃષ્ટિમાં સમ્યક્ થયું છે. ધર્મને અવલંબીને એથી તે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન પર્યાય છે એ પણ મારામાં છે અને રાગની અવસ્થા પણ થાય એ મારામાં છે. એમ સમ્યગ્જ્ઞાની જ્ઞાન દ્વારા ત્રણેને જાણે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયને, એમાં પર્યાયના બે પ્રકાર મલિન અને નિર્મળ એ ચારેયને જાણે છે. સમજાણું કાંઈ? આદરણીય છે એમ નહિ, ભાઈ! અહીં તો જાણે એની વાત છે. આહા..હા..! સમજાય એવું છે હોં. ન સમજાય એવું એમ નથી, પણ જરી એણે ધ્યાન તો રાખવું પડેને ભાઈ! લોકોમાં એમ કહે ભાઈ ગણવામાં ધ્યાન રાખજે નહિતર એક નોટ વઈ જશે. સો-સોની નોટ લેતા હોય એમાં હજારની આવી જાય નહિ. ભોગીલાલભાઈ! નોટું ગણે ત્યારે આવે કે નહિ? એક સોની. એલા હજારની આવી જાય નહિ. ધ્યાન રાખજે. એમ અહીં ધ્યાન રાખજે ઉંધુ આવી જાય નહિ. આહા..હા..! ભારે કામ!

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ ભગવાનનો માર્ગ જગતથી તદ્દન જુદી ચીજ છે. દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. સર્વજ્ઞથી સિદ્ધ થયેલો છે એમાં ક્યાં આમ હશે? કે તેમ હશે? એમ પણ ક્યાં છે? આ તો આમ જ છે. સમજાણું કાંઈ? કે આત્મા આવો જ છે. કેવો છે? કે વસ્તુ તરીકે એક છે, ગુણ તરીકે અનંત છે અને તેની પર્યાય તરીકે મલિન અને નિર્મળ તરીકે અનંત છે. એવો આત્મા એ જેને જાણવામાં આવે ત્યારે તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ત્યારે તેન ધર્મ થાય. આહા..હા..!

'**પ્રથમ તો,...**' મુદ્દાની રકમ એ કહેવી છે કે. એમ કહે છેને? વાણિયા એવા હોયને ભાઈ આ દશ લાખ તમને ધીર્યા છે અને છ આનાનું વ્યાજ ૨૦ વર્ષથી ખાઈએ છીએ. .. લાવને મૂડી? પૈસા તો ખાધા હવે તારા છ આનાના. હવે છ આના નથી. અત્યારે તો વધી ગયા છે. પહેલા તો ત્રણ આના, ચાર આના હતા હોં રાજા આદિ આ .. ચાર આના ભાઈ. આપણે દામોદર શેઠ હતાને દામનગરના એ બે લાખ ધીરતા ..માં. ..ધીરતા. વોરાબજાર છેને આપણે દારોદર શેઠ નહિ? .. દુકાન પેઢી છેને. ભાવનગરમાં છે .. એ બબ્બે લાખ ધીરતા. તે દિ' વ્યાજ બહુ થોડું હતું. હવે તો રૂપિયો કોઈ તો દોઢ-દોઢ ટકો કહે છે હવે અત્યારે. કારણ કે ભાવ પણ વધી ગયાને. સોળ ગણા વધી ગયા અને પૈસા પણ વધી ગયા અને ભાવ પણ વધી ગયા બધાના. ઓલા તો પૈસા સોળ લાખ હોય તો એક લાખ કહેવાય પહેલાના હિસાબે. અત્યારે તો ભાવ પણ બધો મોંઘો થઈ ગયો. બધું થાય. એટલે વ્યાજ પણ પછી વધેને એના હિસાબે.

મુમુક્ષુ :- રૂપિયાની કિંમત ઘટી જાય.

ઉત્તર :- ઘટી જાય અને વ્યાજ વધે. પણ એ વ્યાજ વધે તો વ્યાજ ખાધા હવે. મૂળ લાવને? એ નથી. હાય.. હાય.. તો ઓલા ..શું કરવી? એમ અહીં કહે છે કે મૂળજી તે રાગાદિ કર્યા, પુણ્યાદિ કર્યા હવે મુળજી મૂડી આત્મા કોણ છે એ તે જાણ્યું નથી. સમજાણું કાંઈ? એકલો પુણ્યનો કરનારો છે આત્મા? એ પાપના પરિણામવાળો જ આત્મા? કે એક સમયની ઉધારવાળી જ્ઞાનની પર્યાયવાળો એટલો જ આત્મા? શું જાણ્યું તે મૂળજીમાં? એમ કહે છે. આહા..હા..! ઓહો..હો..! ગજબ વાત કરી છે. અમૃતચંદ્રાચાર્ય વનવાસી સંત છે, જંગલમાં રહેતા. એમને આત્મા પૂછયો છે કોઈએ મહારાજ! આત્મા કેવો? એ પ્રશ્ન ઉઠાવ્યો છે. એનો ઉત્તર કહે, બાપુ! આત્મા આવો છે. ભગવાન આત્મા દ્રવ્ય છે એક. એક છેને? એક દ્રવ્ય પણ કેવું? વસ્તુ એક પણ કેવી? કે જેણે અનંતગુણ અને પર્યાય ધારી રાખ્યા છે એવી. એણે શરીર ને વાણી ને કર્મ ધારી રાખ્યા છે એવી એ નહિ. સમજાણું કાંઈ? .. મૂળ ધારી રાખ્યું છે... મૂળ ધારી રાખ્યું છે અને આ બધી વ્યવસ્થા એવો નહિ કહે છે. ભોગીલાલભાઈ!

ત્યારે? એ સંબંધીની જે થોડી મમતા છે એને ધારી રાખી. પણ ધારી રાખ્યું એનું જ્ઞાન ક્યારે થાય એને? કે ત્રિકાળી દ્રવ્ય અને ત્રિકાળી અનંતાગુણોનું જ્ઞાન કરે ત્યારે એને નિર્મળ પર્યાયનું જ્ઞાન અને રાગ છે એનું જ્ઞાન ત્યારે થાય. એકલા રાગને કરીને રાગનું જ્ઞાન થાય એમ બની શકે નહિ. એ મિથ્યાદષ્ટિ છે. તો રાગના અંશને જ માનનારો, એને જ જાણનારો એ તો મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ આમાં?

'**આત્મા...**' હજી એક લીટીનો અર્થ ચાલે છે આ તો. ભોગીદાસભાઈ! તમે આવો ત્યારે આવું જ આવે છે કોણ જાણે. આહા..હા..! ભાવનગર જયંતિભાઈ રવિવારે વહોરાવશે

ત્યાં. ભગવાન! આ તો ન્યાલ થવાના રસ્તાની વાત છે. અનંતકાળથી ખોટમાં એનો ધંધો ગયો છે એ ન્યાલ ક્યારે થાય? કે ભગવાન આત્મા વસ્તુ એના અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતા... ગુણો. અનંતા-અનંતા ગુણો એટલા બધા ગુણો છે એના. એ બધાને જ્ઞાન માનીને જાણે. ક્યારે? કે એની સ્વસન્મુખ થાય ત્યારેને? એની હયાતીની કબુલાત ક્યારે થાય? કે રાગ ને નિમિત્ત તરફનું લક્ષ છોડી અને એના તરફનું જ્ઞાન જાય દ્રવ્ય ઉપર ત્યારે તેનું જ્ઞાન સાચું થાય અને તે જ્ઞાન સાચું થયેલું દ્રવ્યને જાણે, ગુણને જાણે અને ધર્મની પર્યાય થઈ સમ્યગ્દર્શન આદિ એને જાણે અને રાગ બાકી છે એ બધું થઈને હું આત્મા છું એને જાણે. અમરચંદભાઈ! આહા..હા..!

**'અધિષ્ઠાતા એક દ્રવ્ય છે, કારણ કે...'** હવે કારણ આપે છે. **'અનંત ધર્મોમાં વ્યાપનારા...'** કારણ કે આત્માના અનંત ધર્મો છે. નિત્ય છે, અનિત્ય છે, ગુણ છે, વિકાર છે એવા અનંત ધર્મો છે. **'અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો...'** છે. એક-એક ધર્મને જાણનારો એક-એક નયનો અંશ છે. એક-એક ગુણને, પર્યાયને જાણનારો એક-એક જ્ઞાનનો અંશ છે. એવા અનંતગુણ ને અનંત પર્યાયને જાણનારો અનંત નય છે. અનંત નયે તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ. એ અનંત નયોનું એકરૂપ જાણવું તો શ્રુત પ્રમાણ છે. એક-એક ધર્મને જાણવો એ તો નય છે. બધા ગુણોને જાણે એક સાથે પર્યાયને જાણે એનું નામ શ્રુત પ્રમાણજ્ઞાન છે. આહા..હા..! હજી એને ... થવા આવ્યું છે.

**'જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે પ્રમેય થાય છે.'** આવા અનંતા ગુણોને એક-એક નય જાણે, પણ શ્રુતજ્ઞાન તો અનંતા દ્રવ્ય, ગુણ અને પર્યાયને એક સાથે જાણે એવું જાણવાનું જ્ઞાન એ દ્વારા આત્મા શુદ્ધ છે એમ અનુભવમાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૮, શુક્રવાર, તા. ૦૩.૧૦.૧૯૬૯**
**પરિશિષ્ટ, નય-૧, પ્રવચન-૨૬૦**

આ પ્રવચનસાર છે. એમાં શિષ્યનો પ્રશ્ન છે કે આ આત્મા કોણ છે આ આત્મા? આ દેહમાં રહેલું તત્ત્વ આત્મા એ કોણ છે, કેવો છે અને કેમ પ્રાપ્ત થાય? અનંતકાળથી એણે આત્માનું જ્ઞાન કોઈ દિ' કર્યું નથી. અનંત-અનંત કાળ થયો ચોર્યાસીના અવતારમાં અનંત પરિભ્રમણ કરતાં. આત્મા શું સ્વરૂપે છે એનું પ્રમાણજ્ઞાન વડે કે નયજ્ઞાન વડે વાસ્તવિક જ્ઞાન કર્યું નથી. સમજાણું કાંઈ? એનો ઉત્તર આપ્યો જુઓ, '**પ્રથમ તો, આત્મા...**' આ દેહ નામ ભગવાન આત્મા '**ખરેખર ચૈતન્યસામાન્ય વડે...**' ખરેખર ચૈતન્યસ્વરૂપ છે ઈ. એ ચૈતન્યનું સામાન્યસ્વરૂપ બધે વ્યાપેલું છે. દ્રવ્યમાં-વસ્તુમાં, ગુણમાં અને પર્યાયમાં. સમજાણું કાંઈ? એ '**વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા...**' છે. આત્મા એનામાં દ્રવ્ય એટલે વસ્તુ, એનો શક્તિ ગુણ અને એની પર્યાય, એવા અનંત ધર્મો એટલે અનંત ભાવો છે. એ અનંત ભાવોનું એક દ્રવ્યસ્વરૂપ છે. કહો, સમજાણું આમાં? દેહથી ભગવાન આત્મા ભિન્ન તત્ત્વ છે. એમાં અનંત ધર્મો છે. ધર્મો એટલે? એનામાં રહેલા ગુણો અને એની અવસ્થાઓ, વિકાર કે અવિકાર અવસ્થા કે સ્વભાવ કે ત્રિકાળી દ્રવ્ય, એ બધા અનંત ધર્મો એમાં ભાવો રહેલા છે.

એ '**અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે,...**' વસ્તુ આત્મા. '**કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો...**' જે જ્ઞાન, દર્શન, આનંદ એની અવસ્થા અને એમાં થતો વિકાર—એ બધા અનંત ધર્મોમાં એક-એક જ્ઞાનનો અંશ, એક-એક ધર્મને વિષય કરે છે. એટલે નય ધર્મમાં વ્યાપે છે એમ કહેવામાં આવે છે. ઝીણો વિષય છે આ. સમજાણું કાંઈ? '**અનંત ધર્મોમાં...**' જુઓ, એમાં તો એ ધર્મ લેશે. રાગનો કરનારો પણ જીવ છે, પુણ્યના પરિણામનો કરનારો પણ જીવ છે અને હરખનો ભોગવનાર પણ જીવ છે. એ પણ એ તેનો ધર્મ. ધર્મ એટલે ધારી રાખેલો ભાવ. સમજાણું કાંઈ? ઓલા કહે છેને કે ભાઈ! જુઓ એમાં અનંત ધર્મ છે. કે જુઓ ભાઈ! આ દયા, દાન, વ્રત, ભક્તિ કરવા એનાથી પણ ધર્મ થાય અને આત્માની વીતરાગદશા દ્વારા પણ ધર્મ થાય. તો એનું નામ સ્યાદ્વાદ અને અનંત નયોથી જાણ્યું કહેવામાં આવે છે. ..દાસભાઈ! અનેક નયો છે કે નહિ? કોઈપણ અપેક્ષા નય છે કે નહિ? એમ આવે છે કે નહિ? જુઓ, ક્રિયાનયે આત્માની અંદર... નય આવે છે કે નહિ અંદર?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આવશે હવે જુઓ, ક્રિયાની પ્રધાનતાથી દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાના ભાવ જે છે, એની પ્રધાનતાથી, અનુષ્ઠાનથી પણ આત્માને ધર્મ થાય. રાગ થાય એવું આવે છે? એય..! અમરચંદભાઈ! આવે છે કે નહિ? ક્યાં આવે છે? ક્રિયાનયમાં? એટલે એનો અર્થ શું? વાત એ છે. પાછું એક આત્મામાં એક ક્રિયાથી ધર્મ થાય અને બીજાને જ્ઞાનથી ધર્મ થાય એમ નથી. એક-એક આત્મામાં એવા અનંત ધર્મ રહ્યા છે, અનંત એક ક્ષણે. હવે કોઈને દયા, દાન, વ્રતથી ધર્મ થાય અને કોઈને જ્ઞાનના વિવેકથી થાય એમ નથી. ત્યારે કહે કે કહ્યું છેને એમાં? એ એક જીવમાં અનંત ધર્મ છે એ માહ્યલી એક એવી યોગ્યતા છે કે કષાયની મંદતાથી આને ક્રિયાથી રાગ એવી એક યોગ્યતા ગણીને ધર્મ ગણ્યો છે. પણ એ જ ક્ષણે જ્ઞાનની યોગ્યતાથી ધર્મ થાય એવો પણ ધર્મ ત્યાં છે. સમજાણું કાંઈ? એ એક જ જીવને એ અનંત ધર્મ લાગુ પડે છે. કોકને આમ થાય અને કોકને આમ થાય એમ છે નહિ.

મુમુક્ષુ :- એક સમય?

ઉત્તર :- એક કીધુંને? અનંત ધર્મોમાં વ્યાપનારા અનંત નયો. એક સાથે અનંત નયો વ્યાપે છે.

મુમુક્ષુ :- ... શું કામ વ્યાપે?

ઉત્તર :- ઉપયોગ-ઉપયોગની વાત નથી. અહીં તો જાણવાની વાત છે. ચીમનભાઈ! એવી ઝીણી વાત છે. આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ એ દેહથી જુદી ચીજ છે, પણ એ સ્વરૂપમાં અનંત ધર્મ છે. ધર્મ છે એનો અર્થ? પર્યાયનો સ્વભાવ છે, વિકારનો સ્વભાવ છે, ગુણનો સ્વભાવ છે, દ્રવ્ય સ્વભાવ છે એવા અનંત ધર્મો એમાં રહેલા છે. તો એમાં એક ધર્મ એવો પણ રહ્યો છે કે ક્રિયાના અનુષ્ઠાનની પ્રધાનતાથી જીવને ધર્મ થાય. એટલે કે રાગની મંદતાના ભાવમાં એવી એક યોગ્યતા ત્યાં ગણી કે રાગની મંદતાથી ત્યાં કાંઈ શુદ્ધતાનો અંશ, શુદ્ધતાનો અંશ છે રાગની મંદતાનો હોં. એને ધર્મ ગણીને એ જ જીવને તે જ કાળે રાગથી મંદ એવું, ભિન્ન એવા જ્ઞાનના વિવેકથી ધર્મ થાય એવો ધર્મ પણ ત્યાં છે પાછો. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. દેવીલાલજી!

આ ઘણા એ રાડું પાડે છેને લ્યો એ આમ થયું, આમ થયું. ત્યાં તો એકાંત કરે છે અને લક્ષ્મી અને ભોગના અર્થીઓ તો છે. એને એમ કહે છે કે તમ તમારે ખાવો, પીવો, લહેર કરો, તમ તમારે આત્માને જાણો. અરે..! ભગવાન! શું કરે છે? સમજાણું? એવો ત્યાં ધર્મ કહેવાય છે એમ કહે છે. શું કહે છે? ખાય, પીવે કોણ? આ તો આત્મા ચૈતન્ય ભિન્ન છે, આ તો જડ-માટી છે. ખાવા, પીવાની ક્રિયા આત્મા કરી શકે છે એ વાત છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ખાઈ, પી શકે છે ક્યાં? એક લાડવો, એક રજકણ ખાઈ શકે નહિ તો

પછી બીજું ખાય કોણ? એ તો જડની દશા છે.

મુમુક્ષુ :- લાડુ ખાય.

ઉત્તર :- હા, તો લાડુ ખાવાનો અર્થ શું? આનંદ અનુભવવો ને મોક્ષે જાવું.

મુમુક્ષુ :- ખાઈ કોણ શકે?

ઉત્તર:- લાડુને કોણ ખાતો હતો? જડ? એ તો માટી છે. આત્મા તો અરૂપી ચિદ્દ્ઘન આનંદકંદ છે. એ જડને ખાય? એની ખબર નથી આત્મા શું ચીજ છે? એવી એક યોગ્યતા ગણી છે જીવમાં કે ક્રિયા .. એટલે રાગની મંદતા થઈ ત્યાં એવી એક યોગ્યતા એક ધર્મ એ જાતનો ગણ્યો. એક સ્વભાવ ગણ્યો. અને એ જ ક્ષણમાં રાગથી ભિન્ન પડેલો ધર્મ થાય છે. એવી પણ એક યોગ્યતા એ સમયમાં ગણી છે. કોઈ જીવને આમ થાય અને કોઈ જીવને આમ થાય એમ છે નહિ. દેવીલાલજી! સમજાણું કાંઈ?

એજ જીવને રાગ કરનારો કહ્યો અને એજ જીવને એ રાગ કરવાનો એક ધર્મ છે એની પર્યાયમાં એ જ ક્ષણે રાગ નહિ કરવો એ પણ એ જ ક્ષણે ધર્મ છે. એવા અનંત ધર્મ એક સાથે છે. આહા..હા..! આત્મામાં એવા અનંત પ્રકારના સ્વભાવો, અનંત પ્રકારની યોગ્યતાઓ એની અંદરમાં એક ક્ષણે છે. એની વાત ચાલે છે. આ તો કોકને કહે આમ થાય અને કોકને આમ થાય એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ અનંત નય એક સાથે કીધા છેને. એક સાથે કીધા છે એમ આપણે શું છે? આ શું કહે છે? એના માટે તો અહીં.. ખરેખર આ આત્મા ચૈતન્યસ્વરૂપ જાણન-દેખન આત્મા સ્વભાવ અને એ સર્વ ધર્મમાં પોતાના ગુણ, દ્રવ્ય અને પર્યાયમાં વ્યાપેલો અનંત ધર્મોનો સ્વામી નામ અધિષ્ઠાતા છે. તમારે દેવીલાલજીએ પ્રશ્ન કર્યો હતોને કે સ્વામી થઈ ગયો? રાગનો સ્વામી છે કે નહિ? એ અપેક્ષાએ સ્વામી એટલે મારી પર્યાયમાં આવું છે, એમ પોતે જાણે છે. તો રાગનું થવું પર્યાયમાં છે એમ જાણવું એનું નામ અધિષ્ઠાતા-સ્વામી કહેવામાં આવે છે. અને રાગનું નહિ કરવું એવો પણ મારો સ્વભાવ છે, એ પણ તે જ ક્ષણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્યાદ્વાદ માટે જ આ બધું કર્યું છેને. .. આખું. સ્યાદ્વાદ માર્ગ છે, ભાઈ! એ તો ઝેર ખાતા પણ જીવાય અને અમૃત ખાતા પણ જીવાય. સિદ્ધ સંસારમાં આવે અને સંસાર મટી અને સિદ્ધને સંસાર થાય—એમ અનેકાંત હશે? એનામાં જે ધર્મની યોગ્યતાઓ છે તે તેને અહીં વર્ણવ્યું છે. જે નથી એનું વર્ણન કેમ થઈ શકે? સમજાણું કાંઈ? ઘણા આમાં જ ઉંધુ મારેને કાળનય અને અકાળનય. કાળે જ મોક્ષ થાય એક નય. બીજો કહે અકાળે મોક્ષ થાય. કોઈને થાય એમ પ્રશ્ન જ ક્યાં છે? સમજાણું કાંઈ?

અહીં તો એક જ જીવને તે સમયે, તે સમયે જે ક્ષણ છે તે ક્ષણે તેની મુક્તિ થવાની. એવો એક ધર્મ છે અને અકાળ એટલે કાળ સિવાયના પુરુષાર્થ સ્વભાવથી પણ મુક્તિ થાય

છે. એટલે કાળ સિવાયના બીજા બોલને અકાળ ગણ્યો છે. પણ આઘો-પાછો સમય છે અને મુક્તિ થાય એ તો વિરુદ્ધ તત્ત્વ થયું. સમજાણું કાંઈ? ભારે! અમરચંદભાઈ! અકાળ એટલે? અકાળનો અર્થ? એક પરિત સંસાર થાય છે, અલ્પકાળે મોક્ષ જાય છે એમ કહેવાય છે કે નહિ? એ ધર્મ ગણ્યો. માટે આ અત્યારે રાખ્યું છેને. ઓલા ઝાઝા માણસમાં નહોતું રાખ્યું. હવે તો થોડા માણસ છે તો હળવે-હળવે પકડાશે કે નહિ?

મુમુક્ષુ :- પહેલો નિશ્ચય, પહેલો વ્યવહાર

ઉત્તર :- કોઈ પહેલે-ફહેલો કાંઈ નથી. એ વ્યવહાર-નિશ્ચય એક સમયે છે. અહીં આવશે. એક અનંત ધર્મનો વ્યવહારધર્મ એટલે? કર્મ સાથેનો સંબંધ હતો અને સંબંધ છૂટ્યો એવો પણ એક નય છે એવો એક ધર્મ છે. અને પોતાથી રાગથી બંધાયેલો અને રાગ છૂટ્યો એવો પણ એક એનો ધર્મ છે. એ એક સમયમાં બધા ધર્મ છે. ધર્મ એટલે? ભાવ. આહા..! ભારે ઝીણું ભાઈ! સમજાણું કાંઈ? આજે આવ્યું છે બધું. ચંદ્રશેખરનું આવ્યું છેને. એ તો .. શું કહેવાય? પત્ર. એમાં આવ્યું છે. હું ત્યાં ગયો હતો. અમને જવાબ ન આપ્યા. ફલાણું કહ્યું, તમને ઝીણું પડશે. તમારા ભક્તોને સમજાવો છો અને હું તો એના કરતા વધારે સમજદાર છું, મને તો સમજાવો. લ્યો! અરે..! ભાઈ! શું થાય? જીવ જ્યાં પોતે સ્વચ્છંદતામાં પડે અને રોકાય એને શું કહેવું? તીર્થંકર સમજાવી શકે છે? અનાદિકાળનો અજાણ્યો 'અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યા નહિ અભિમાન.' સમજાણું કાંઈ?

કહે છે, અહીં તો અનંતધર્મો એક ક્ષણે છે એટલું અહીં સિદ્ધ કરવું છે. પછી એની વ્યાખ્યા ચાલશે. .. ધર્મ. કોકને વળી રાગથી ધર્મ થાય અને કોકને વળી અરાગથી ધર્મ થાય અને કોકને ક્રિયાથી થાય અને કોકને જ્ઞાનથી થાય, કોકને કાળે મોક્ષ થાય અને કોકને અકાળે થાય—એમ છે નહિ. દેવીલાલજી! શું કહ્યું જુઓ, કે '**અનંત ધર્મોમાં વ્યાપનારા...**' એક સાથે છે કે નહિ આ? '**અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...**' વસ્તુને જાણે, ગુણને જાણે, પર્યાયને વિકારને જાણે, અવિકારને જાણે. એવું '**શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...**' અનંત ધર્મોને એક સાથે જાણનારું એક સમયે સાથે જાણનારું પ્રમાણ એવા પ્રમાણ, '**તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે પ્રમેય થાય છે.**' એ આત્મા શ્રુતજ્ઞાન દ્વારા, અનુભવ દ્વારા આખો આત્મા પ્રમેય નામ જ્ઞાનમાં જણાય છે. દ્રવ્ય જણાય, ગુણ જણાય, પર્યાય જણાય. ઓહો..હો..! સમજાણું કાંઈ?

એ શું લીધું છે આમાં જુઓ, કે એવું અનંત ધર્મોનું અધિષ્ઠાન એક સમયનો આધાર એવો એક આત્મા. એક વાત. કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા એટલે જાણનારા એવા જે અનંત નયો. એટલે એક નય એક ધર્મને જાણે, બીજો નય બીજા ધર્મને જાણે. એવા અનંતને જાણનાર અનંત નયો. એમાં અનંત નયમાં પણ વ્યાપનારું પ્રમાણજ્ઞાન. એ પ્રમાણનો

અંશ છે અને આખું જ્ઞાન તેને પ્રમાણ કહેવામાં આવે છે. '**તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...**' ભાવશ્રુતજ્ઞાન રાગને પણ જાણે, દ્રવ્યને પણ જાણે. એ પણ એક ધર્મ છે નિત્ય. નિત્ય, દ્રવ્ય એ પણ ધર્મ છે એમ જાણે. પર્યાયને જાણે, રાગને જાણે, વીતરાગતા પર્યાય પ્રગટી એને જાણે. એવા અનંત ધર્મનો ધરનાર જે દ્રવ્ય તેને શ્રુતજ્ઞાન પ્રમાણ દ્વારા તે આત્મા દ્રવ્ય-ગુણની પર્યાયરૂપે પ્રમેય થાય છે. દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપે પ્રમેય થાય છે. ભાષા જ કોઈ એવી જુદી જાતની. ઘરમાં સંભળાય નહિ વાત. ભગવાનજીભાઈ! .. લ્યો કે અનંત ધર્મોનું વ્યાપનારું, અનંત નયો વ્યાપે અને અનંત નયમાં વ્યાપનારું શ્રુતજ્ઞાન. એ ધર્મની ક્યાં અહીં વાત છે? અહીં તો ધર્મ એટલે આત્માએ અનંત પ્રકારના ભાવો ધારી રાખ્યા છે. ધર્મ એટલે ભાવ. એક દ્રવ્યરૂપી ભાવ, એક ગુણરૂપી ભાવ, એક પર્યાયરૂપી અનંતી પર્યાયોના વિકારરૂપી ભાવ. એવા એણે ધારી રાખ્યા છે.

મુમુક્ષુ :- દરેક સમયે?

ઉત્તર :- દરેક સમયે. આહા..હા..! પહેલા તો મૂકી દીધી હતી વાતને. કે ભાઈ આ ઝાઝા માણસમાં નહિ સમજાય આ. પણ હવે તો થોડા હળવે-હળવે સમજશે કે નહિ?

મુમુક્ષુ :- ... સાંભળનાર છે.

ઉત્તર :- લ્યો ઠીક! જુઓ, ..ભાઈ દલીલ કરી કે ..સાંભળનારા હોય એને તો સમજાય જ ને. એમ કહે છે.

મુમુક્ષુ :- પરસત્તા..

ઉત્તર :- ... અત્યારે હવે નહિ ભાઈ! આહા..હા..! મનુષ્યપણું તો ચાલ્યું જશે. આ તો હાડકા જડ છે. દેહસ્થિતિ પૂરી થઈ જશે અને રખડી પડશે ચોર્યાસીના અવતારમાં જો આ સમજણ ન કરી અને જ્ઞાન ન કર્યું, અનુભવ ન કર્યો તો પરિભ્રમણના પાર નથી. એવા અવતાર તો અનંત-અનંત કરીને મરી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? આ ૪૭ નયમાંથી જ ઊંધું કરે માળા કેટલાક. કાળે મોક્ષ થાય, અકાળે મોક્ષ થાય, ક્રિયાથી મોક્ષ થાય, જ્ઞાનથી મોક્ષ થાય. નિયત-અનિયત એ બધું આવે છેને એમાં? એ બીજી વ્યાખ્યા છે નિયત-અનિયતની. અહીં તો નિયત એટલે એનો સ્વભાવ. સ્વભાવ છે તે નિયત છે. એમ જાણે જ્ઞાન અને સ્વભાવથી વિરુદ્ધ જે વિભાવ છે તે અનિયત છે એમ જાણે જ્ઞાન. એમ નિયત અને અનિયતની વ્યાખ્યા છે.

મુમુક્ષુ :- ક્રમફેર નથી?

ઉત્તર :- ક્રમફેર કેવો? ક્યાંકનું ક્યાંક કરે. શું કરે! આકરી વાત બહુ. અનંતકાળનો અજાણ્યો. અનંત-અનંત કાળથી રખડે ચોર્યાસીમાં. અનંતવાર જૈનનો સાધુ થયો. દિગંબર મુનિ થયો, જંગલમાં રહ્યો. હજારો રાણીનો ત્યાગ કર્યો, પણ આ આત્મા અંદર શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એના પર્યાયમાં, ગુણમાં, દ્રવ્યમાં શું એવું એણે વાસ્તવિક જ્ઞાન કર્યું નહિ અને એ જ્ઞાન

થાય એટલે એની દૃષ્ટિ દ્રવ્યનું જ્ઞાન કરે, ગુણનું પણ જ્ઞાન કરે અને પર્યાયનું જ્ઞાન પણ કરે. ઓલો તો અનાદિકાળથી તો રાગ મંદ ક્રિયા કરી એવા ધર્મને એકને જાણ્યો. સમજાણું કાંઈ? એક ધર્મને જાણ્યો તો એકાંત થઈ ગયો. આખું દ્રવ્ય દૃષ્ટિમાં આવ્યું નહિ. સમજાણું કાંઈ? એમ પર્યાયના પ્રકાર પણ અનેક છે એને પણ કદાચિત્ જાણે. તોપણ એ તો પર્યાય અંશ છે એને જાણ્યું. એ એકલું દ્રવ્ય નથી. દ્રવ્ય તો આખા દ્રવ્ય વસ્તુને ધારી રાખે છે, એની અનંત શક્તિઓને ધારી રાખે છે અને એની નિર્મળ, અનિર્મળ (પર્યાયને ધારી રાખે છે). સાધકની વાત છેને? સમ્યગ્દૃષ્ટિ સાધક જીવની વાત છે. સાધકજીવ જે ધર્મનો છે આત્માનો, એની પર્યાયમાં વિકાર પણ છે, અવિકાર પણ છે, અનંત ગુણ નિર્વિકારી છે, વસ્તુ એક છે. તે બધાને એક સાથે છે એમ એક સાથે એને જાણે છે. તો ઓલા પર્યાયનું જ્ઞાન એક ન રહ્યું, એકલા ગુણનું જ્ઞાન રહ્યું નહિ, તેમ એક પર્યાયનું એકનું જ જ્ઞાન ન રહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! ભીખાભાઈ! ક્યાં ગયા તમારા? હા એ. કહો, સમજાણું? એ ઝીણું છે આ બધું. સમજવું પડશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ આત્માનું. પણ સમજ્યો છે એના. આહા..હા..! જેને સમ્યગ્જ્ઞાન થયું છે, ધર્મ પ્રગટ્યો છે, આત્મા આનંદમૂર્તિ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે એવું પર્યાયમાં ભાન થયું છે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન. એ જીવને આવા અનંત ધર્મો લક્ષમાં અને જ્ઞાનમાં આવે છે. એમ વાત કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! આ પૈસા ધારી રાખ્યા એમ નથી આવતું શોભાલાલજી!

મુમુક્ષુ :- કોણ ધારી રાખે?

ઉત્તર :- ન ધારી રાખે? રાખેને આટલું રક્ષણ કરે કે નહિ? વ્યાજ ઉપજાવવું જોઈએ બરાબર. દોઢ ટકો વ્યાજ ઉપજે એને દેવા. ઓછું વ્યાજ દે એને રૂપિયા ન દેવા. ફલાણું કરવું.

મુમુક્ષુ :- એને રાગ તો આવ્યોને?

ઉત્તર :- રાગ આવ્યો, પણ એ રાગને જાણનાર ક્યારે? એ રાગનો સ્વામી થાય નહિ અને અનંત ગુણને જાણે અને અનંત દ્રવ્યને જાણે. અનંતગુણનો ધર્મી દ્રવ્યને જાણે ત્યારે રાગને જાણ્યો કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ છે કે નહિ એમાં અંદર? જુઓને. શું છે જુઓ, એ માટે તો અટકાવ્યું. કાલે ભોગીલાલભાઈ હતા તો થોડું. જાડું જાડું આવ્યું હતું. ... હવે માંડ કેટલા મહિને આવ્યા. ઓલા આવ્યા હતાને કાલે શેઠ? ભોગીલાલ ભાવનગરથી. શ્વેતાંબરના અગ્રેસર છે. પ્રેમ છે અહીંનો પ્રેમ છે, પણ નિર્ણય કરવાનો વખત ન મળે. કારણ કે આ ઝીણી વાત. ... ઝીણી

ક્યાં અહીં હોય છે? સમજાવનારને સમજાવતા આવડે તો ઝીણી હોય નહિ. માટે ઝીણી કહો છો એટલે સમજાવતા તમને આવડતું નથી. ... એ આવે છે.

મુમુક્ષુ :- અમદાવાદ પણ આવ્યો હતો, અહીં પણ આવ્યો હતો.

ઉત્તર :- કોણ? ના, લીંબડી આવ્યા હતાને. લીંબડી આવ્યા હતાને. એમ નહિ. ઝીણી વાત છેને. એ નહિ આ. જીવાપ્રતાપ... પત્ર આજે પુસ્તક આવ્યુંને એમાં એક કાગળ આવ્યો. એક બોટાદનો .. વિશાશ્રીમાળી. ....છે જુવાન છોકરો આવે છે કોઈ કોઈવાર. એને એમ કે આવ્યું હશે તો મોકલ્યું. 'મહાવીર શાસન' કરીને પત્ર છે એમાં નાખે છે આ બધું. પુસ્તક જે છપાવ્યું છેને એમાં થોડું... થોડું... થોડું... નાખવું પડશે. પત્રમાં નાખશે. એ આજે આવ્યું હતું. અરે..! ભગવાન! શું કરે? બાપુ!

ભગવાન આત્મા અનંત આનંદનો કંદ પ્રભુ આત્મા છે. એનો આનંદ ક્યાંય બહારમાં નથી. આહા..હા..! એનો આનંદ રાગમાં પણ નથી. દયા, દાન, વ્રતના પરિણામ હોય, સમકિતીને આગળ વધેલો હોય તો એ પરિણામ હોય, પણ એ પરિણામમાં આનંદ નથી—એમ જ્ઞાની જાણે છે. આનંદ તો જે ગુણમાં છે, દ્રવ્યમાં છે તેને આનંદ જાણે છે અને જે આનંદની પર્યાય પ્રગટી છે તેમાં આનંદ છે એટલું જાણે છે. કારણ કે એક આનંદની પર્યાય પણ પ્રગટી. સમ્યગ્દર્શનની વાત ચાલે છેને અહીંયાં? સમ્યગ્દૃષ્ટિને આનંદની પર્યાય પણ પ્રગટી છે અને રાગ પણ છે. તો બેય છે એમ જાણે છે. રાગ આનંદ છે અને આનંદ રાગ છે એમ જાણતો નથી. આહા..હા..! નહિતર અનંત પર્યાય શી રીતે થશે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, રાગને રાગરૂપે જાણે ત્યારે એને ધર્મ થયેલું એક નયે જાણ્યુંને? અને આખું શ્રુતપ્રમાણ તો બધા પર્યાયો, બધા ગુણો અને દ્રવ્ય—બધાને એક સાથે જાણે તો ભાવશ્રુતજ્ઞાન પ્રમાણ કહેવામાં આવે છે. એ ભાવશ્રુતજ્ઞાન દ્વારા આખું દ્રવ્ય, ગુણ અને પર્યાય પ્રમેય થાય છે એમ કીધુ છેને જુઓ, શું કીધું? એક એવા '**અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...**' હું એક છું. ઓલો નય છે એ અનેક હતું. હવે એમાં વ્યાપીને એકરૂપ '**શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે...**' આત્મદ્રવ્ય પ્રમેય. એટલે દ્રવ્ય કોને કીધું પહેલું? અનંત ધર્મોને અધિષ્ઠાતા એવું જે દ્રવ્ય. એવું એક દ્રવ્ય શ્રુતજ્ઞાન દ્વારા પ્રમેય નામ જ્ઞેય તરીકે જાણવામાં આવે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! પછી એમ કહે, સિદ્ધ પણ સંસારમાં પાછા આવે. સ્યાદ્વાદ એવું હોય. મિથ્યાત્વમાં પણ સમકિત હોય. સ્યાદ્વાદ એવું હોય. કથંચિત્ મિથ્યાત્વ અને કથંચિત્ સમકિત મિથ્યાત્વમાં. એવું હશે? અરે..! શું થાય પણ?

એને દાખલો આપે છે. હવે આ કાકો છે. એક ભત્રીજો કહે કે ભાઈ આ મારો કાકો છે. પણ કાકો જ એક જ છે એમ કહે તો તે મિથ્યા વાક્ય છે. ..એ તો જુદી વાત થઈ.

કે ભાઈ! આ ભાણેજની અપેક્ષાએ મામો છે, એના બાપની અપેક્ષાએ એ દીકરો છે. દીકરાની અપેક્ષાએ બાપ, પણ એનામાં એ જાતની અપેક્ષા ધર્મ છે એને લાગુ પડેને? કે ન (હોય તો) લાગુ પડે? કે પાડાનો આ બાપ છે એમ લાગુ પડે? ઘરમાં એક મીંદડું હોય. મીંદડાનો આ બાપ છે. એક ધર્મ લગાવો એક. એમ લાગુ પડે? એનામાં જે હોય એ લાગુ પડે. એમ આત્મામાં જેટલા ધર્મો જે રીતે હોય તે રીતે જાણે અને તે લાગુ પડે. પણ એમાં નથી એ રીતે લાગુ પાડે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિને નયજ્ઞાન...

ઉત્તર :- પણ એની વાત છેને.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિને...

ઉત્તર :- એ વાત જ ચાલે છેને અહીંયાં. એ વાત છે, પણ અહીં તો કઈ રીતે ઉંધું કરે છે અને સવળું કેમ એ વાત ચાલે છે અહીંયાં. એવી વાત કરે છેને. સમજાય છે? એમ કે ભાઈ! વ્રત ને ક્રિયાકાંડ અનંતવાર તમે કર્યા એમ કરીને ઉડાવે છે ઈ. એમ કહે. પણ સાંભળને હવે એ અનંતવાર કર્યા એ વાત પણ સાચી છે. એ તો વિકલ્પ છે, રાગ છે, એ કાંઈ ધર્મબર્મ નથી. પણ જ્યારે અહીંયાં અનંત ધર્મમાં જ્યારે જણાવવું છે કે પ્રગટ્યો છે આત્મધર્મ. આત્માના દ્રવ્યને જાણીને, ગુણને જાણીને, પર્યાયને જાણીને શ્રુતજ્ઞાન પ્રગટ્યું છે. સમજાણું કાંઈ? એકલા રાગને જાણીને, રાગની મંદતાના એક ધર્મને જાણીને પ્રગટ્યું છે જ્ઞાન એમ છે? પ્રગટે જ નહિ એને. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ છે એનામાં અનંત-અનંત ધર્મો, શક્તિઓ, અવસ્થાઓ ધારેલી છે. ધરેલી છે. એવું જેને ભાન થયું છે સમ્યગ્દર્શનમાં, એની વાત ચાલે છે. જેને ભાન નથી અને એકાંત છે એની તો વાત અહીં ચાલતી નથી. એને નય પણ ન હોય અને એને પ્રમાણ ન હોય. એક ધર્મનો એક અંશ નય એ જેને આખું દ્રવ્યનું જ્ઞાન થયું, ગુણનું થયું, એને એક નયનો આ ધર્મ છે એવો નય તે સમ્યક્ નય અને યથાર્થ અંશ પ્રમાણનો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આચાર્યે એવી શૈલી મૂકી છે. જ્ઞાનપ્રધાન કથન છેને પ્રવચનસારમાં. એટલે દૃષ્ટિ થઈ દ્રવ્યની. વસ્તુ અખંડ આનંદ એવું દ્રવ્યની દૃષ્ટિ-સમ્યગ્દર્શન થયું ત્યારે એની સાથે જે જ્ઞાન થયું એ જ્ઞાન કોને જાણે છે? એ વાત ચાલે છે. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં તો એક દ્રવ્યનો જ આશ્રય છે. દૃષ્ટિ તો શ્રદ્ધારૂપ છે, એને સ્વપરનું જાણવું એમાં નથી. અનેકનું જાણવું એમાં નથી. વસ્તુ જે ધ્રુવ છે ચિદાનંદ પ્રભુ એની દૃષ્ટિ પ્રસરતા સમ્યક્ થાય. એ દૃષ્ટિનો વિષય તો ધ્રુવ એક જ રૂપ છે. સમજાય છે કાંઈ? એમાં ભલે અનંતગુણો હોય, છતાં એ ગુણોનું ભેદપણું દૃષ્ટિમાં ન આવે. ગુણનું એકરૂપ અભેદ છે તે દૃષ્ટિમાં આવે. સમજાણું કાંઈ? ભારે!

પણ એ દૃષ્ટિએ દ્રવ્યને પકડ્યું જ્ઞાયકમૂર્તિ પ્રભુ, પર્યાય દ્વારા અનંતગુણનો એક રાશિ

આત્મા એને જાણ્યો, અનુભવ્યો. સમ્યક્ થયું એ તો શ્રદ્ધાની પર્યાય થઈ. હવે કહે છે કે જ્ઞાનની પર્યાય જે પ્રગટી એની સાથે એ જ્ઞાન શું-શું જાણે? સમજાણું કાંઈ? કે એ જ્ઞાન એમ જાણે કે દ્રવ્ય પણ છે અને ગુણ પણ છે. એક-એક ગુણ એક-એક નયનો વિષય એમ છે અને અનંતનયમાં વ્યાપનારું આખું શ્રુતપ્રમાણ તે અનંત ધર્મોને, દ્રવ્યને અને અનંતી પર્યાયને શ્રુતજ્ઞાન દ્વારા પ્રમેય નામ જ્ઞેય કરે છે એવો જ્ઞાનનો ત્યાં સ્વભાવ પ્રગટે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

રાગ, પુણ્યાદિ અને જ્ઞાનનો ક્ષયોપશમ અંશ એ ઉપર દૃષ્ટિ છે એને તો એક ધર્મ છે. અનંત ધર્મનો આધાર દ્રવ્ય એ તો દૃષ્ટિમાં આવ્યો નથી. સમજાણું કાંઈ? આમાં છે એવું બધું હોં! પણ કાલે તો બિચારા ભોગીલાલભાઈ અને બે-ચાર એવા હતા તો માંડ .. લઈને આવ્યા. ચોમાસા પહેલા આવ્યા હતા તો આજે આવ્યા હતા. હવે આ બધી ઝીણી માંડે તો. પાછું કીધું આમાં છે તો ઘણું ઝીણું, પણ હવે અત્યારે તો એના પ્રમાણમાં આવેને પછી તો? આને માણસને આ માને છે, આ એક પક્ષ છે એમ માને છે. આ પક્ષ નથી, વસ્તુનું સ્વરૂપ આવું છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે જ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા અને તેમાં આત્માનો જે સ્વભાવ જોયો અને જે રીતે છે એમ જ્ઞાનીએ જ્ઞાનમાં જાણ્યું એને શું-શું જણાય એ વસ્તુનો સ્વભાવ છે. એ કોઈ પક્ષ નથી આ. એ વાત બીજે નથી માટે એમ કહે કે આ એક સાચી છે અને બીજી સાચી છે નહિ. એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જ્ઞાન કરે, સમજે તો ખબર પડે કે આ ચીજ છે જ નહિ ક્યાંય બીજે. સમજાણું કાંઈ?

આવો આત્મા એક સમયમાં અનંતગુણની શક્તિનું આખું એક તત્ત્વ, અનંતાગુણો એવા અનંત ધર્મો, દ્રવ્ય પણ એનો એક ધર્મ ગણ્યો ભાઈ આમાં. ધ્રુવ-ધ્રુવ જે છે એ પણ એક ધર્મ છે. ધર્મ એટલે એક ભાવ, ગુણ પણ એક ભાવ. પુણ્ય-પાપ. એનો એક-એક ગુણ, એક-એક ભાવ અને અનંતી પર્યાયો પણ એક-એક ભાવ, એક-એક ધર્મ. એવા અનંતા ધર્મ પર્યાયના, અનંતા ધર્મ ગુણના, અને એક દ્રવ્યનો એક અંશ ધર્મ એ પણ એક ધર્મ. એ બધા ધર્મને શ્રુતજ્ઞાન એક સમયે અનંતા ધર્મને પ્રમાણ દ્વારા તેને પ્રમેય કરે છે. સમજાણું કાંઈ? આ પ્રમેય શું અને પ્રમાણ શું?

મુમુક્ષુ :- અહીં પ્રમેય આવ્યું, પ્રમાણ આવ્યું.

ઉત્તર :- બધું આવ્યું. પ્રમાણ આવ્યું, પ્રમેય આવ્યો, એનો વિષય એટલા ધર્મો આવ્યા. ઓહો..હો..! કાલે ... આચાર્યોની શૈલી ગજબ વાત છે! ગજબ શૈલી છે. ભાવ પ્રવાહમાં જેમ છેને એવી વાણી આવી અંદરથી. આહા..હા..! આવી વાત સત્ય વિના ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરમ સચ્ચિદાનંદ સ્વરૂપ સત્-શાશ્વત. આ દેહ જડ આ તો માટી છે,

આ તો ધૂળ છે, આ તો રાખ થઈ જશે. નિરંજન નિરાકાર ચૈતન્યમૂર્તિ પ્રભુ. આહા..હા..! એમાં રહેલા અનંતા ભાવો, સ્વભાવો, પર્યાયભાવ, ગુણભાવ, દ્રવ્યભાવ એ બધાને અહીં ધર્મ કહેવામાં આવે છે. રાગભાવ એને ધર્મ (કહ્યો). ધર્મ શબ્દે આત્મામાં ધારી રાખેલો ભાવ. ધર્મ એટલે સંવર, નિર્જરાને એમ અહીં નથી. સમજાણું કાંઈ? ... જાણે તો બોલેને માણસ. આહા..હા..! પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં સર્વજ્ઞપણું પ્રગટ્યું, ત્રણ કાળ, ત્રણ લોક જણાણા. એમાં સમ્યગ્દૃષ્ટિને અથવા સમ્યગ્જ્ઞાનીને જેવો આત્મા જ્ઞાનમાં આવ્યો તેવું પણ એના જ્ઞાનમાં આવ્યું છે.

સમ્યગ્જ્ઞાનીને કેવો આત્મા જ્યાં પ્રમેય થયો તે પણ ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે. આહા..હા..! એવું વાણીમાં કહેવામાં નીકળ્યું છે, કે ભાઈ! અંદર આત્મા તો આનંદકંદ સચ્ચિદાનંદ અનંત-અનંત શાંતિનો સાગર છે. સમજાય છે કાંઈ? એની પર્યાયમાં, અવસ્થામાં જે અશાંતિ, રાગ અને દુઃખ દેખાય છે એ કૃત્રિમ ક્ષણિક અવસ્થા છે. એટલે કૃત્રિમ ક્ષણિક અવસ્થાનું પણ જ્ઞાન કોને સાચું થાય? સમજાણું કાંઈ? કે જેને દ્રવ્યમાં રાગ નથી, દુઃખ નથી એવો જે આત્મદ્રવ્ય એનું જેને જ્ઞાન થાય અને આત્મા અનંતગુણે પવિત્ર છે એનું જેને જ્ઞાન થાય, એને રાગનું સાચું જ્ઞાન થાય અને પવિત્રતા પ્રગટી દશા એનું સાચું જ્ઞાન થાય. ભાઈ આ તો... સમજાણું કાંઈ?

અરે..! ભગવાન! શું કરે? સમજવામાં ન આવે અને પછી વાદ ને વિવાદને. વસ્તુની ખબર નથી. પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા શું કહે છે અને એ પરમાત્માએ પરમેશ્વરે એમ જોયું કે જે જ્ઞાની સમકિતી છે એને આવો આત્મા પ્રમેય તરીકે જણાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું સ્વરૂપ જ એવું છે. શું થાય પણ એ તો. બીજી રીતે છે, ભાઈ! કે આમાં એમ કહ્યું, ઓલું દ્રવ્યરૂપનું જ્ઞાન કીધું પાછું. ધર્મરૂપ છેને દ્રવ્યનું જ્ઞાન આવ્યું. જુઓ, એ પર્યાય ત્યાં વળી છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વિના દ્રવ્યનું જ્ઞાન ક્યાંથી થયું? પણ દ્રવ્ય-ગુણનું જ્ઞાન ક્યાંથી થયું, શ્રુતજ્ઞાન ક્યાંથી થયું? જે જ્ઞાનની અવસ્થામાં આ ભગવાન પૂર્ણ છે દ્રવ્ય એનું જ્ઞેય થયું છે, તો એ પર્યાય અંદર વળી છે. આહા..હા..! કેવી શૈલી કરી છે! ઓહો..! ગજબ કામ કર્યું છે. વસ્તુની સ્થિતિને ઓહો..હો..! મૂકવાની ઢબ કે એનો આત્મા શું ત્યાં કામ કરે છે એ ખ્યાલ આવી જાય. જ્ઞાનીનો આત્મા શું કામ કરે છે એ પણ ભેગો ખ્યાલ આવી જાય. આહા..હા..!

અહીં કહે છે કે '**આત્મા ખરેખર...**' આપણે તો આ ઉપોદ્ઘાતમાં બધું ઘણું છે એ પહેલું નક્કી કર્યા પછી .. લેવાનું. આગળ ચાલે. પાયો પહેલો મજબુત નાખેને આ મકાનમાં

પણ. શું કહે છે? નીંવ-નીંવ જડ. પછી મકાન ચઢાવે. નીચે પાયા જ ખોટા હોય ત્યાં ઈંટોના પાયા નાખ્યા હતા એકફેરી. વજુભાઈના ઓલામાં હતું. ઈંટુ શું ઓલા ઈંટુ-ઈંટું, સમજ્યાને? ભૂક્કો. ... નીચે નાખવી જોઈએ ઓલી સીમેન્ટ કે એવું. એણે નાખી ઈંટુ. ઉપર જોવે તો પોલું નીચે. પાયા પોલા એના માથે મકાન થાય નહિ. એમ જેના પાયા ખોટા એને ધર્મ કોઈ દિ' થાય નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પડે એ તો. અહીં કહે છે. અહીં તો એક ધર્મ ઓછો આમાં ગણે તો પૂર્ણ જ્ઞાન સાચું થાય નહિ. એક ઈંટ તૂટી. જેવો આત્મા છે એના આનંદ આદિ અનંતગુણ છે અને એની દશા છે. અહીં પ્રગટેલી ધર્મની દશાની વાત ચાલે છે. સમજાય છે? એ દશા પ્રગટેલીમાં એકપણ ધર્મને ન ગણે તો એ એનું દ્રવ્યનું જ્ઞાન સાચું છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત...**' હવે શું? '**અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે, કારણ કે અનંત ધર્મો...**' જે આત્માના ભાવો, સ્વભાવો, દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવ, પર્યાય નિર્મળ સ્વભાવ, વિકારી પર્યાય સ્વભાવ. એવા '**અનંત ધર્મોમાં વ્યાપનારા...**' એટલે જાણનારું '**જે અનંત નયો...**' એક-એક ધર્મને એક નય જાણે એવા અનંત નયો. એટલી બધી નયોને એક સાથે કેમ જાણે? એટલે કહે છે કે આ તેમાં વ્યાપનારું એક શ્રુતજ્ઞાનસ્વરૂપ. સમજાણું કાંઈ? તે અનંત નયના અંશોને સમાડી દેતું શ્રુતજ્ઞાન પ્રમાણ. એવા એક શ્રુતજ્ઞાન. જુઓ ઓલા અનેક કીધા હતાને અનંત નયો. આમાં એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ. ઓહો..હો..! ભાવશ્રુત, રાગથી ભિન્ન પડીને વસ્તુનું ભાન થયું. પછી રાગ છે ભલે. આહા..હા..! એ વિના દ્રવ્યને ક્યાંથી જાણ્યું? આહા..હા..! દ્રવ્યને જાણ્યું ક્યાંથી? ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ છે, સચ્ચિદાનંદ પ્રભુ છે-એમ જ્ઞાને જેને જ્ઞેય કર્યું, એની પર્યાય દ્રવ્ય ઉપર વળી ગઈ છે. સમજાણું કાંઈ? એને જ અનંતા ધર્મો એક ક્ષણમાં શ્રુતજ્ઞાનમાં પ્રમેય થાય છે. અજ્ઞાનીને અનંતા ધર્મોમાં દ્રવ્ય-ગુણ કે એકેય પર્યાય પ્રમેય થતી નથી. ઓલો કહે ત્યાં રાગ મને થાય છેને એને જાણું છુંને. ના. ખોટી વાત. રાગને જાણે એ તો એક જ અંશ થયો. આખો અનંત દ્રવ્ય ગુણનો ધરનાર અને અનંત ગુણ એના જ્ઞાન વિના તારા રાગનું જ્ઞાન પણ સાચું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવું કોણ નવરા હોય તે સમજવા માગે. કરો આ વ્રત કરો, અપવાસ કરો, પૂજા કરો, મંદિર બનાવી દ્યો એક-બે. હવે સાંભળને. એય..! કે ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન-ભગવાન તો વિકલ્પ છે, રાગ છે એ તો. ૐ... ૐ... ૐ... ૐ... ૐ... કરે લ્યો. એ તો વૃત્તિનું ઉત્થાન એ પણ રાગ છે. એ કાંઈ આત્મધર્મની વસ્તુ નથી. એ રાગનું પણ જ્ઞાન યથાર્થ કોને હોય? વ્યવહાર જાણેલો પ્રયોજનવાન. જુઓને માથે નાખ્યું

છે. સમજાણું કાંઈ?

**'અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો...'** એટલે એ ધર્મને નય કહે છે. સમજાય છેને? ધર્મને નય કહે છે. જણાવે છેને. એને નય કહે સ્વામીકાર્તિકિયાનુપ્રેક્ષામાં. કે ધર્મ પોતે નય છે. એ અપેક્ષાએ સમજવું. અનંત ધર્મોમાં, અનંત ભાવોમાં. ધર્મ એટલે ભાવો. પર્યાય, દ્રવ્ય અને ગુણ ત્રણે ધર્મ કહેવાય. અનંત વ્યાપનારા, **'તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...'** એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ **'તે પ્રમાણપૂર્વક...'** પ્રમાણ સમ્યગ્જ્ઞાન, શ્રુતજ્ઞાન, પ્રમાણપૂર્વક **'સ્વાનુભવ વડે...'** અંતરના અનુભવ દ્વારા **'(તે આત્મદ્રવ્ય)...'** જે માથે એક કહ્યું હતું. **'તે પ્રમેય થાય છે (-જણાય) છે.'** કહો, સમજાણું કાંઈ? બધું યાદ રહેવું મુશ્કેલ પડે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વર્તમાન દ્રવ્યમાં છે અને બધું જાણે છે. ભૂત-ભાવી પર્યાય પણ પડી છે તો ગુણમાંને. ગુણને જાણે, દ્રવ્યને જાણે, વર્તમાન એક સમયમાં બધું જાણે, આખું જાણે એમ કહે છે. એ વાત નથી. પણ જાણે છે પૂરું. પરોક્ષ-પ્રત્યક્ષ એમ પ્રશ્ન છે નહિ. સમજાણું કાંઈ? એ તો ત્યાં સ્પષ્ટ કહેશે આગળ છેને ઓલા. આ હમણા નહોતું કીધું? વસવાટ... શું કીધું હતું? સ્પષ્ટ અનંત ધર્મવાળા નિજ આત્મ દ્રવ્યમાં અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે. એમાં સ્પષ્ટ છે. આવે છે. **'પ્રસ્ફુટાનન્તધર્મ'** પૂરું છેને પૂરું થાય છે ત્યાં પાઠ છે. ઓલો શ્લોક છેને ૧૯મો? **'સ્યાત્કારશ્રીના વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે જુએ...'** જુઓ, **'તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ...'** પ્રગટ, પ્રત્યક્ષ **'અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.'** ભલે પર્યાયમાં એમ દેખે છે, પણ દ્રવ્યને શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે એમ કહે છે. આહા..હા..! ત્યારે દ્રવ્યને એ રૂપ જાણ્યું કહેવાયને? પર્યાયમાં નયથી એક-એક ધર્મને એક નયથી જોવે તોપણ આ રાગને જાણ્યું, બસ, પણ છતાં એ જોયું આ દ્રવ્યને? એ દ્રવ્ય તો શુદ્ધ દ્રવ્ય છે એને જોવે છે એ. એક ધર્મ દ્વારા અનંત ધર્મનો ધરનાર જે દ્રવ્ય છે એને જોવે છે અને પ્રમાણ દ્વારા પણ અનંત ધર્મોવાળા આખો એક પ્રમેય જણાય છે. પોપટભાઈ! ઝીણું છે થોડું. વાહ! ઉત્સાહ એને ઘણો ઉત્સાહ. ન સમજાય એમ બોલે નહિ કોઈ દિ'. થોડું ઝીણું પડે કોકવાર બોલી જાય. આહા..હા..!

ભગવાન! આ તો તારી વાત છે, બાપા! આહા..હા..! તું કેવડો છો? એમ છેને જુઓને. કેવડો છે એ બતાવે છે. કેવડો એટલે કોણ છો? કેવો છો? કે હું છું અનંત ધર્મનો ધરનાર. ધર્મ એટલે સ્વભાવ, દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ધરનાર. અનંત ધર્મમાં રાગનો પણ હું કરનાર. એવો પણ ધર્મનો ધરનાર, આ રાગનો ભોગવનાર એવા ધર્મનો પણ ધરનાર. આહા..હા..! એની પર્યાયમાં છેને. વેદન પણ છેને. વેદન ન હોય તો પૂર્ણ વીતરાગતા (હોય). સાધક

જીવની વાત છે. સમજાણું કાંઈ?

**'એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...'** દ્વારા **'તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે.'** લ્યો હવે એટલી સાડા ત્રણ લીટીની વ્યાખ્યા થઈ. પોણો કલાક થયો. કહો, સમજાણું કે નહિ? આ રાતે પૂછે તો આવડે કે નહિ? એ શેઠિયાને ન આવડે. બીડીયુંનું આવડે. આ શું છે? પૂછે તો આવડે કે નહિ? કેટલા પૈસા છે એ ખબર છે કે નહિ? કેટલા મકાન પૈસાના? કેટલા પૈસા ને ધૂળ. એની બધી ખબર. આ સાંભળેલું હોય તોપણ ખબર રહે નહિ.

મુમુક્ષુ :- આ .. ઓલું તો અનંતવાર.. બચાવ કર્યો.

ઉત્તર :- આ બચાવ કર્યો પૂનમભાઈ! તમારો. ઓલું તો અનંતવાર કર્યું છેને. એ યાદ રહે. આ તો પહેલુંવહેલું કરીએ છીએ, એમ કહે છે. આહા..હા..! પહેલું પણ છે તારુંને ભાઈ! તું ક્યાં પહેલો છો? તું તો અનાદિનો છો. આહા..હા..! કામ એવું છે પણ. લ્યો! એટલી વ્યાખ્યા. હવે એ ક્યા ક્યા ધર્મનું છે એનું વર્ણન કરે છે. ૪૭ ધર્મની વ્યાખ્યા કરશે. ૪૭ ભાવની. છે તો અનંત. પણ અનંત કહેવાય શી રીતે? ખાસ-ખાસ મુદ્દાના ૪૭ બોલ લઈ ઈત્યાદિ કહી દેશે. કારણ કે અનંત કહેવા જાય તો અનંત કાળ જોઈએ. એક... એક... એક... એમ કરવા જાય તો અનંત કાળ જોઈએ અનંતને કહેવા. એને અનંત કાળ જોઈએ. આયુષ્ય ક્યાં છે એટલું? થોડામાં કહી દેવું જોઈએ.

હવે એ લે છે કે જે અનંતભાવ કહ્યા હતા, શક્તિ, પર્યાય, દ્રવ્ય એવા જે અનંતભાવ ધર્મો કહ્યા હતા એ માહ્યલો એક ધર્મ એવો છે કે, એક ધર્મ એવો છે કે, આત્મદ્રવ્ય **'તે આત્મદ્રવ્ય...'** માથે કહ્યું **'તે આત્મદ્રવ્ય, દ્રવ્યનયે,...'** જુઓ, પહેલું દ્રવ્ય લીધું આમાં. એક ધર્મ છે. દ્રવ્ય એ પણ એક જ ધર્મ છે. કારણ ગુણ, પર્યાયો અનંત ધર્મ છેને? દ્રવ્ય એક વસ્તુ દ્રવ્ય ત્રિકાળી વસ્તુ. **'દ્રવ્યનયે પટમાત્રની માફક,...'** વસ્ત્ર જેમ એક છે. વસ્ત્ર-વસ્ત્ર હોયને આ જેમ. એ **'પટમાત્રની માફક,...'** કારણ કે પર્યાયમાં વર્ણવવું છેને એટલે પટનો દાખલો આપીને ત્યાં લાગુ પાડે છે. આ આત્મા દ્રવ્ય. આત્મા વસ્તુ, **'તે દ્રવ્યનયે,...'** એક દ્રવ્યને જોવાની નયે, એક ધર્મને જોવાના જ્ઞાનનયે એ **'પટમાત્રની માફક,...'** જેમ પટ એક છે એમાં તંતુ આદિના ભેદ ગણવામાં આવતા નથી. એમ **'ચિન્માત્ર...'** આત્મા છે. **'(અર્થાત્ આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે,...'** એ પણ એક ધર્મ છે, એક ભાવ. નય છેને તો એમાં એક ભાવ આવે. બીજા બધા આવે નહિ. બીજા ભાવની ત્યાં ગૌણતા રહે અને પ્રમાણમાં બધા ભાવો એક સાથે જણાય. સમજાણું કાંઈ? આ સ્યાદ્વાદના જ ગોટા ઉઠ્યા છેને. ભગવાનનો માર્ગ સ્યાદ્વાદ છે, આમ પણ થાય અને આમ પણ થાય. એવું નથી ભગવાનનું સ્વરૂપ. તને ખબર નથી.

મુમુક્ષુ :- એક જ પ્રકારે થાય.

ઉત્તર :- એક જ. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહેલો એક જ પ્રકારનો માર્ગ હોય છે. એની જેને ખબર નથી પછી ક્યાંકની ક્યાંક ગડબડ ચલાવી નાખે. નહિ હાથ આવે ભાઈ! આત્મા હાથ નહિ આવે. જેવો છે એવો જાણીશ તો હાથ આવશે. નહિતર જવાબ નહિ દે. કાં સત્ જેવું છે એવું હશે તો જવાબ આપશે. સમજાણું? ભિખારી! એમ કહે તો શોભાલાલને? લ્યો! જવાબ નહિ દે. માળાને ભાન નથી. એને ખબર નથી. એમ આત્મામાં જેટલા ગુણો અને પર્યાય છે એટલા સત્ રીતે કબુલશે તો જવાબ આપશે. એમાં એક ઓછો-વત્તો કે આડો-અવળો કરશે તો જવાબ આપશે નહિ. શોભાલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, એ વસ્તુ સ્વરૂપ એવું નથી. સત્-સત્ છે જેવું એ રીતે જ્ઞાનમાં ન આવે તો એનું જ્ઞેય થશે જ નહિ યથાર્થપણે. આહા..હા..! દૃષ્ટિ નહિ થાય, સમ્યગ્જ્ઞાન નહિ થાય, અનુભવ નહિ થાય. આહા..હા..! ભારે વાત ભાઈ! આકરું માણસને આવું. ઈ કરતા અપવાસ કરવા.

મુમુક્ષુ :- અપવાસ કરે તો કાગળમાં લખાય.

ઉત્તર :- લખાય હા, કે આ અમારે ઘરે બૈરાએ આ એક માસખમણ કર્યું છે, મોટી તપસ્યા કરી છે અને એના ઉજવણા માટે અમારે સગાવ્હાલાને બોલાવ્યા છે અને એમાં અમારે ફલાણું પીરસણું.. શું કહેવાય એને? લાણું. લાણું કરે તો એ સમજાય પણ ખરું લોકોને. પોપટભાઈ! વર્ષીતપ-બર્ષીતપ કર્યો છે કે નહિ કોઈ દિ'? લોકો કહેતા આપણા મોહનભાઈ. ડાહીબહેને કર્યો હતો નહિ એક ફેરી? વર્ષીતપ કર્યો હતો કે નહિ? કર્યો હતો. બલુભાઈએ તો હમણા કર્યો હતો. આવ્યા હતાને એણે પણ .. કર્યા હતા. પછી ત્યાં ઉજવણા.. પછી સમજી ગયા એ. માળે આરે માર્યા આ તો. મલાડમાં. પંદર હજાર આપ્યા હતાને? ઓલામાં નહિ? ..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લ્યો ત્યારે. તમે ક્યાં કર્યો છે કોઈ દિ' વર્ષીતપ? બૈરાએ કર્યો છે કોઈ દિ'? કહો, સમજાણું આમાં? અપવાસ કરીને લાંઘણું કરી. ઓલો લખે છે હોં. અમે અપવાસ કરીએ એને લાંઘણું કહે છે કહે. લાખોપતિની બાયું ઉભી-ઉભી અપવાસ કરે. એક દિ' ખાય અને એક દિ' ન ખાય. એક દિ' ખાય એ એક દિ' ન ખાય, હવે એને કહે છે લાંઘણું તારી. લાંઘણ તો સારી. લાંઘણ તો ઠીક, પણ એમાં મિથ્યાત્વભાવનું પોષણ છે, સાંભળને. કારણ કે એક દિ' આહાર ન કર્યો તો મેં ન કર્યો. એના ઉપર લક્ષ રાખ્યું હોય તો કદાચિત્ શુભરાગ હોય તો પુણ્ય છે. એમાં એને તપ માને અને ધર્મ માને તો મિથ્યાત્વનું પોષણ થાય છે. આહા..હા..!

કહો, '**આત્મદ્રવ્ય,...**' એવો એક ધર્મ. ધર્મ એટલે ભાવ. ભાવ એટલે સ્વભાવ. દ્રવ્યસ્વભાવ '**દ્રવ્યનયે,...**' ચિન્માત્ર છે. આખું વસ્ત્ર જેમ દેખે કે આખું બસ, એમ. તાણા-વાણાનો ભેદ નથી. એક ચિન્માત્ર એવો એક ધર્મ છે લ્યો. આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ સચ્ચિદાનંદ જ્ઞાનસ્વભાવ પ્રજ્ઞાસ્વરૂપ આત્મા એ ચિન્માત્ર સ્વરૂપ આત્મા છે. આહા..હા..! જુઓ, આ પહેલી લીટીએ ઉપાડ્યું. એ પણ એક ભાવ છે. એવા તો અનંતા એમાં ભાવો છે. ધર્મ એટલે ભાવ. સમજાણું કાંઈ? '**આત્મદ્રવ્ય દ્રવ્યનયે, પટમાત્રની માફક, ચિન્માત્ર છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે...**' જાણક સ્વભાવ ચૈતન્યમાત્ર જાણકસ્વભાવ '**જેમ વસ્ત્ર વસ્ત્રમાત્ર છે તેમ).**' જાણકસ્વભાવ તે જાણકસ્વભાવમાત્ર છે. એવો એક ધર્મ છે. શ્રુતજ્ઞાનમાં એ પણ ધર્મ એની દૃષ્ટિમાં આવે છે. એકલો પર્યાય અને ગુણ જ આવે છે એમ છે નહિ.

ધર્મીને સમ્યગ્જ્ઞાનીને ચૈતન્યમાત્ર વસ્તુ છું તેવો એક શ્રુતજ્ઞાનમાં અંશરૂપી નયનો વિષય તેને દૃષ્ટિમાં આવે છે. સમજાણું કાંઈ? અને એ દ્રવ્યનય એવો એનો ધર્મ દૃષ્ટિમાં ન આવે તો એને સમ્યગ્જ્ઞાન છે નહિ, એની દૃષ્ટિ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! પહેલેથી વર્ણવ્યું જુઓ, ગજબ વાત!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ બધું એક જ છે અહીંયાં. દ્રવ્યાર્થિકનો અર્થ દ્રવ્ય સામાન્ય એક છે. દ્રવ્યનયે, દ્રવ્ય કહો કે દ્રવ્યાર્થિકનય, એક જ અંશ છેને એ દ્રવ્ય? પર્યાયાર્થિકનો અર્થ બીજો કરશે. એ તો બીજો પ્રશ્ન કરશે. બીજો ભાવ છે. સમજાણું કાંઈ? એ પહેલું જ લીધું, દ્રવ્યાર્થિક દ્રવ્યનો અંશ છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનો વિષય એકલો જે દ્રવ્ય, પણ એ તો એક ધર્મ થયો કહે છે. સમજાણું? અહીં તો જ્ઞાન છેને તે બધા ધર્મો એના પ્રમેયમાં આવી જાય. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાયને વિનાનું. પર્યાય સિવાયના અનંતા ધર્મ બાકી છે. આ તો એક જ દ્રવ્ય સામાન્ય. સામાન્યની વ્યાખ્યા બીજી આવશે હજી. આ તો દ્રવ્યનયે. સામાન્ય બીજી આવશે. અભેદ બીજી આવશે. અહીં તો ભિન્ન-ભિન્ન છે. એ બધા નયો જુદી જાતના છે. એકલું જ્યાં ચિન્માત્ર જ્ઞાયકભાવ, ચૈતન્યમાત્ર એકલો દ્રવ્ય હોં. એ એક ભાવ ગણવામાં આવ્યો. એક નયનો અંશ એક દ્રવ્યને જોવે છે અને એવા એવા અનંતા ધર્મોને શ્રુતપ્રમાણ જાણે છે. ત્યારે તે આખું પ્રમેય યથાર્થપણે જ્ઞાનમાં આવ્યું કહેવાય. ત્યારે તેને ધર્મ થયો કહેવાય. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૯, શનિવાર, તા. ૦૪.૧૦.૧૯૬૯**
**નય-૧, ૨, ૩, પ્રવચન-૨૬૧**

આ પ્રવચનસાર. નયનો અધિકાર. પહેલી નય ચાલી જુઓ, પહેલામાં તો એમ આવ્યું હતુંને કે આત્મા કોણ છે એટલે કેવો છે? કઈ રીતે પ્રાપ્ત કરાય? એ તો પછી આવશે. આ રીતે પ્રાપ્ત કરાય છે, પણ કઈ રીતે એ બીજી વિધિ બતાવશે. ત્યાં આવ્યું કે '**પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે...**' ફરીને લઈએ છીએ. '**વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા એક દ્રવ્ય છે,...**' ચૈતન્ય સામાન્ય દ્રવ્ય, ગુણ અને પર્યાય બધામાં વ્યાપેલું છે. અનંત ધર્મો એટલે એક સમયમાં અનંતા દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપ ભાવ જેને ધારી રાખ્યા છે. '**કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો...**' એક-એક દ્રવ્યનય, પર્યાયનય, ગુણનય, ..નય વગેરે-વગેરે એક-એક ધર્મમાં એક-એક નય લક્ષ કરે. તો અનંત ધર્મોમાં વ્યાપનારા અનંત નયો '**તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...**' અહીં તો થોડું બીજું લેવું હતું એટલે જરી..

'**એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે.**' એટલે કે શ્રુતજ્ઞાન જે છે તે અનંત નયનો સમુદાય શ્રુતજ્ઞાન પ્રમાણ છે. એ પ્રમાણ દ્વારા દ્રવ્ય પણ જ્ઞાનમાં જ્ઞેય થાય, એના ગુણો પણ જ્ઞાનમાં જ્ઞેય થાય, તેની નિર્મળ પર્યાય. અહીં તો ધર્મીની વાત છેને. સમ્યગ્દૃષ્ટિ સાધક જીવને નય હોય છે, તેને પ્રમાણ હોય છે, તેને ધર્મ હોય છે અને એને આ દ્રવ્ય પ્રમેયરૂપે જણાય છે. એટલે કહે છે કે '**એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે...**' અંતરના અનુભવ દ્વારા '**(તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે.**' ૧૫મી ગાથામાં એમ કહ્યું હતું કે જે કોઈ આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે ભાવશ્રુતજ્ઞાન દ્વારા તો ભાવશ્રુતજ્ઞાન જ જૈનશાસન છે. ૧૫મી ગાથામાં આવ્યું છેને? શેઠને તો ક્યાં વાંચેલું હોય છે તો ખબર હોય? ૧૫મી ગાથામાં પહેલું આવી ગયું છે. કોઈ દિ' વાંચ્યું છે? સમયસાર આખું વાંચ્યું છે?

૧૫મી ગાથામાં એમ કહ્યું છે કે જે કોઈ આ આત્માને અબદ્ધસ્પૃષ્ટ કર્મ અને રાગથી બંધન નથી, તેમ પરદ્રવ્યથી કાંઈ સ્પર્શ નથી. એવો આત્મા અનેરી-અનેરી દશાવાળો નથી, એકરૂપ છે, નિયત છે અને ભાવ પણ ભેદ નથી જેનો સામાન્ય ભાવ છે અને જેમાં આકુળતા રાગ-દ્વેષની નથી એવો જે ભાવ—વસ્તુ એને જે અનુભવે, એને જે જાણે, ભાવશ્રુતજ્ઞાન દ્વારા એણે જૈનશાસનને જાણ્યું. સમજાણું કાંઈ? એ તકરાર એ છેને. ઓલી ભાઈને હતીને ...જુગલકિશોર. કે આમાં આ આવ્યું એમાં કર્મબંધન છે ને રાગ છે ને ફલાણું છે એ તો

આવ્યું નહિ. જૈનશાસન આવી ગયું આમાં? એમાં વસ્તુ જે છે અબદ્ધસ્પૃષ્ટ સામાન્ય એવી જે દૃષ્ટિ થઈ અને એમાં જે જ્ઞાન થયું, એ જ્ઞાનમાં સ્વનું જ્ઞાન અબદ્ધપણે થયું, એ જ જ્ઞાનમાં... જ્ઞાનનો વિષય તો અભેદ એકલો અબદ્ધસ્પૃષ્ટ વસ્તુ છે. એવું જે જ્ઞાન થયું એ જ્ઞાનની દશામાં સ્વપરપ્રકાશક શ્રુતજ્ઞાનની દશા જે થઈ તેણે આ બધું જાણ્યું દ્રવ્ય અભેદ આદિ અને અહીં રાગાદિ થોડો સંબંધ છે પરની નિમિત્તની સાથે કે રાગ સાથે, એ સંબંધનું જ્ઞાન આમ જાણતા એનું જ્ઞાન આવું થઈ જાય છે. સમજાણું કાંઈ?

અહીંયાં એમ કહ્યું કે ભાવશ્રુતજ્ઞાનનો આખો વિષય, દ્રવ્ય પણ વિષય, ગુણ પણ વિષય, નિર્મળ પર્યાય વિષય અને રાગ જે થાય છે અંદર દયા, દાન, .. વિકલ્પ, એ રાગ પણ જ્ઞાનનો વિષય થઈ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રમેય કીધુંને? આત્મદ્રવ્ય પ્રમેય થાય છે. એટલે આત્મદ્રવ્ય કેવું? કે અનંત ધર્મવાળું. અનંત ધર્મ કેવા? કે અનંત નયમાં વ્યાપેલા એવું. અનંત નય કેવા? કે એનો સમુદાય શ્રુતપ્રમાણ એવું. એવા શ્રુતપ્રમાણ દ્વારા, ધર્મીને શ્રુતપ્રમાણ દ્વારા જે આત્માનું ભાન થયું એ શ્રુતપ્રમાણ પોતે ધર્મ છે. સમજાણું કાંઈ? એમાં તો દ્રવ્ય પણ જાણવામાં આવ્યું, ગુણ પણ જાણવામાં આવ્યા અને નિર્મળ અને સમળ પર્યાય બેય પ્રમેય થઈ છે... ત્યાં બીજી ઢબે વાત હતી. ત્યાં પ્રમેય તો થયું છે, પણ ત્યાં આમ આખું દ્રવ્ય અભેદ છે એવું જે જ્ઞાન સામાન્ય થયું. સામાન્ય એટલે? છે તો પર્યાય વિશેષ. રાગના મિશ્રિતપણા વિના, જ્ઞેયના મિશ્રિતપણા વિના જે જ્ઞાન સ્વ દ્રવ્યના લક્ષે થયું, એ જ્ઞાન રાગ બાકી છે એને ઈ જાણે છે અંદર. એનો વિષય આમ નથી. પણ આમ જે વિષય કર્યો દ્રવ્યનો એથી પ્રગટેલું જ્ઞાન એ સ્વને જાણે છે અને રાગ છે તેના સંબંધ છે તેટલું જ્ઞાન છે. એની મુખ્યતા નથી. મુખ્યતા તો સ્વને જાણવાની છે. એમાં રાગ બાકી છે તેને જ્ઞાની એના સ્વજ્ઞેય તરીકે જાણે છે. આ તો સ્વજ્ઞેય તરીકે જાણે છે એમ લેવું છે અહીં તો. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્વ પ્રમેય છે. સમજાણું કાંઈ? અલૌકિક વાત છે, ભાઈ! અંતર વાત એને ખ્યાલમાં જે આ વસ્તુ છે એમ આવવી જોઈએ.

ભાવશ્રુતજ્ઞાન દ્વારા પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે તે પ્રમેય થાય છે. શું પ્રમેય થાય છે? અનંત ધર્મવાળો આખો આત્મા. તેમાં વ્યવહારે રાગનું કરવું અને હરખનું ભોગવવું એ પણ પ્રમેય થાય છે. પ્રમેય થાય છે. અમરચંદભાઈ! બીજી વાત છે આ જરી. પહેલું દ્રવ્યદૃષ્ટિનું સાંભળ્યું હોયને એટલે જાણે અંદર... રાગનું કરવું એમ આવતું નહિ. રાગનું કરવું પરિણમન છે જીવમાં. સાધક છે, માટે રાગનું કરવું પર્યાયાં છે. કરવું એટલે કર્તૃત્વ તરીકે એમ નહિ, પણ પરિણમન તરીકે છે. અને ભોક્તા તરીકે પણ રાગને, હરખને ભોગવવા તરીકેનું પરિણમન છે. એને શ્રુતજ્ઞાન પ્રમાણમાં આખા બધા ધર્મો એના પ્રમાણમાં આવી જાય છે. આહા..હા..!

સમજાણું કાંઈ? ઝીણું તો છે, ભાઈ! તેથી તો મૂકી દીધું હતું પહેલું. હવે અત્યારે તો થોડું ધીમે-ધીમે સમજશે કે નહિ? આવું ઘરે વાંચવાનો વખત ન મળે. અહીં વાંચે તો થઈ રહ્યું ખંખેરીને ચાલ્યા જાય પાછા. ઘરે વાંચવું જોઈએ કે આ શું કહ્યું? કયા શબ્દનો ન્યાય કહ્યો એમ વાંચવું જોઈએ કે નહિ? તો બેસે. પોતાથી ખુલે નહિ માટે આપણે વાંચવું નહિ. એટલે વાંચતા નથી. શોભાલાલજી! પણ આ વાત સાંભળ્યા પછી તો મેળવવું કે નહિ? કે આ તે શું અર્થ કોનો થયો અને કેમ થયો? સમજાણું કાંઈ?

કહે છે, આ ભાવશ્રુતજ્ઞાન જે છે. ભાવશ્રુતની વાત છેને અહીંયાં? શ્રુતજ્ઞાન પ્રમાણની વાત છેને? ભાવશ્રુતજ્ઞાન દ્વારા અનંત ધર્મ ધરેલા, રાખેલો એવો જે દ્રવ્ય, એવું એક દ્રવ્ય. એ આખું દ્રવ્ય પ્રમેય ભાવશ્રુતમાં થાય છે. સમજાણું કાંઈ? ઓલામાં તો એમ હતું કે અબદ્ધસ્પૃષ્ટ તે જ્ઞાનનો, દૃષ્ટિનો જે વિષય છે એવું જે જ્ઞાન જ્ઞેયનું થયું. એવું જે ભાવશ્રુતજ્ઞાન એને ઓલો રાગ બાકી છે ઈ જાણે છે, એ તો આમ જાણતા સ્વપરપ્રકાશક થઈ ગયું એટલે જાણે છે, પણ એનો વિષય આમ બનાવ્યો નથી. અહીં તો જ્ઞાનમાં વિષય જ આખો બનાવ્યો છે આમ. અરેરે! ભારે વાત! સમજાણું કાંઈ? ત્યાં તો દૃષ્ટિપ્રધાન કથનો છે. દૃષ્ટિ પ્રધાનનું જ્ઞાન હતું. અને અહીં તો એકલા જ્ઞાનપ્રધાનના જ્ઞાનની વાત ચાલે છે. સમજાણું કાંઈ? અંતરમાં ભાવશ્રુતજ્ઞાન.. આવું તો ક્યાંય સાંભળ્યું પણ ન હોય અંદર અપાસરામાં. લ્યો! એટલે માણસને એમ થાય કે શું છે આ તે? બાપુ! આ જ વસ્તુ છે.

ભગવાન આત્મા દ્રવ્ય છે ઈ એક ધર્મ છે, પર્યાય છે ઈ પણ એક બીજો ધર્મ છે. દૃષ્ટિનો વિષય જે દ્રવ્ય છે એ તો એક જ ધર્મ છે. એવા-એવા તો અનંતા ધર્મ દ્રવ્યમાં છે. આ દ્રવ્ય એટલે આખું લેવું છેને પર્યાય સહિતનું દ્રવ્ય? સમજાણું કાંઈ? અહીં તો પ્રમાણ શ્રુતજ્ઞાન.. અનંત ધર્મનો ધરનારો આત્મા, ધર્મ શબ્દે ભાવ. દ્રવ્યભાવ, ગુણભાવ, પર્યાયભાવ. ધર્મ શબ્દે રાગ. દયા, દાન, વ્રતનો રાગ એ પણ ધર્મ છે. કેમકે એ દ્રવ્યે પોતે ધારી રાખ્યો છે. કાંઈ કોઈનો નથી, કોઈમાં નથી. સમજાણું કાંઈ? મહેનત કરવી પડશે શેઠ! એમાં કાંઈ મળે એવું નથી એમ ને એમ એકદમ. પૈસા તો વગર મહેનતે મળી ગયા છે. મળ્યા છે ક્યાં? મમતા મળી છે. પણ આ તો પુરુષાર્થ જોઈએ અંદર ભાઈ! એની ઘડ બેસવી જોઈએ. જે રીતે છે તે રીતે એને ઘડમાં બેસાડવું જોઈએ. શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ .. તો એને પૂછવાનું છે કે અહીં? આહા..હા..! અલૌકિક વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ મહેનત કરી દે? મહેનત કરવાનું એને. એમ કહે કે આમ છે. હવે કરવું તો એને છે કે કોક કરાવી દે? કોક કરાવી દે તો પાછો બીજો આવીને મૂકી દે. એના અધિકારમાં તો રહ્યું નહિ. એટલે કહે છે કે આમ શ્રુતભાવ. પ્રવચનસારની શૈલી અહીંયાં જ્ઞાનપ્રધાન છે

તો એ શૈલીએ આમ આખો આત્મા પ્રમેય તરીકે જ્ઞાનમાં લીધો છે અને એ જ્ઞાન સમ્યક્ થયું એની સાથે સમ્યક્ શ્રદ્ધા અને એની સાથે અંશે સ્થિરતા એને ધર્મ કહે છે. નવનીતભાઈ! ભારે આવું કહ્યું! આમાં તો ક્યાંય.. જૈનદર્શનમાં આવું દર્શન હશે? વીતરાગનો માર્ગ આવો કાંઈ લોકોને.. આ તો જીવદયા પાળવી, લીલોતરી ન ખાવી, અપવાસ કરવા, વ્રત કરવા, કંદમૂળ ન ખાવા, રાત્રે ન ખાવું એ ધર્મ છે એનો લ્યો!

મુમુક્ષુ :- ..મૂર્તિ બેસાડે છે.

ઉત્તર :- મૂર્તિ બેસાડે છે. આ કાનાતળાવની વાત આવી છેને .. ઈંદોર. એ ઓલો ઈંદોર. ઓલા પોપટલાલ.. પોપટલાલ નહોતા? હિંમતલાલ. એનો કાગળ આવ્યો હતો. એનો કાગળ આવ્યો છે. ... કેટલા .. અમારે કાંઈક .. લઈને. એવું કાંઈક છે. કોણ કહેતું હતું? .. કીધું હોય લ્યો. એ ત્યાં ગઈ વાત. ત્યાં પોપટભાઈ, કહે, અગ્રેસર છે. ત્યાં ગઈ ત્યાં ક્યાં આપણે... કોણ જાણે શું થયું?

અહીં કહે છે કે બહારની ક્રિયા એ જ્ઞાનનો વિષય નથી. એના લક્ષે થતો રાગ અને રાગનું જે કર્યું જ્ઞાન. ચૈતન્યના જ્ઞાન સાથે રાગનું થયું જ્ઞાન. એ જ્ઞાનની સાથે જે દ્રવ્યની પ્રતીતિ સમ્યક્ અને એ જ્ઞાન એકાગ્ર થયું એટલી સ્થિરતા, એને ધર્મ કહે છે. એક ધર્મ એની પર્યાયમાં રહે છે. એ ધર્મ ક્યાંય દેરાસરમાં રહેતો નથી, ભામંડળમાં રહેતો નથી, મૂર્તિમાં રહેતો નથી. આ ચૈતન્યમૂર્તિ એમ. એ તો હોય. ભલે શુભભાવ લક્ષ એટલું, પણ ધર્મ ત્યાં રહેતો નથી. ધર્મ તો અહીં રહે છે. સમજાણું કાંઈ? ભાઈ!

'**સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે.**' ભાવના ભાવગુણ દ્વારા આખું દ્રવ્ય અને પર્યાય એનું એક સાથે જ્ઞાન થયું એવા શ્રુતજ્ઞાન દ્વારા આત્મા અનુભવ થતાં આત્માને ધર્મ થાય છે અને એ ધર્મ કેવળજ્ઞાનને લાવે છે. સમજાણું કાંઈ? એમાં પહેલો નય. કાલે આવી ગયું હતું આપણે. '**આત્મદ્રવ્ય દ્રવ્યનયે,...**' દ્રવ્યનયે તો પછી પણ આવશે. ઈ બીજો દ્રવ્યનય આવશે. નામ સ્થાપના, દ્રવ્ય, ભાવ એ દ્રવ્ય. એ લોકોને ... આ દ્રવ્ય એટલે વસ્તુ. વસ્તુ જે દ્રવ્ય ત્રિકાળી એ '**દ્રવ્યનયે,...**' દ્રવ્યાર્થિકનયનું દ્રવ્ય જે ઈ. એ પણ એક ધર્મ છે. એ કાંઈ અનંત ધર્મનો આવેલો એક ધર્મ. .. ધર્મ એમાં આવી જતા નથી. સમજાણું કાંઈ? '**આત્મદ્રવ્ય...**' વસ્તુ, '**દ્રવ્યનયે, પટમાત્રની માફક,...**' પટ-વસ્ત્રની માફક '**ચિન્માત્ર** જ્યોતિ છે...' ચૈતન્યમાત્ર આત્મા છે. એવો એક આત્મદ્રવ્યનો એક ધર્મ છે. એ ધર્મ દ્વારા જોવે તોપણ શુદ્ધ ચૈતન્ય જોવે અને એવા અનેક ધર્મ દ્વારા, શ્રુતપ્રમાણ દ્વારા દેખે તોપણ શુદ્ધ ચૈતન્ય દેખે. સમજાણું કાંઈ? આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે. જેમ વસ્ત્ર વસ્ત્રમાત્ર છે તેમ. એ કાલે આવી ગયું છે. હવે આજ તો પર્યાયનય.

'**આત્મદ્રવ્ય પર્યાયનયે,...**' એ એની પર્યાય છે. પર્યાય અહીં આમ લેવી નથી. એ ચીજ જે આમ .. એ અહીં લેવી નથી. સમજાણું કાંઈ? એક પછી એક થાય પર્યાય એમ

નથી લેવી અહીં. '**આત્મદ્રવ્ય પર્યાયનયે, તંતુમાત્રની માફક, દર્શનજ્ઞાનાદિમાત્ર છે...**' વસ્ત્રમાં તાણાવાણા આમ છેને ઘણા આમ. એમ આત્મામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે પર્યાયો એટલે ભેદો. એટલી વ્યાખ્યા બીજી આવી ગઈ છે. પણ ઈ ભેદમાં આમ લેશે. બાળ, વૃદ્ધ, યુવાન જેમ અવસ્થા ક્રમે-ક્રમે થાય. એને ભેદમાં લેશે. અહીં તો પર્યાય એક સાથે આમ જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ પ્રકાર છે એને અહીં પર્યાયનય ગણવામાં આવી છે. સમજાણું કાંઈ?

'**આત્મદ્રવ્ય પર્યાયનયે,...**' આ એક ધર્મ છે, એક ધર્મ. એવા અનંત ધર્મ છે દ્રવ્યમાં. દ્રવ્યમાં એટલે? પ્રમાણના વિષયના દ્રવ્યમાં. દ્રવ્યાર્થિકનયના વિષયના દ્રવ્યમાં નહિ. દ્રવ્યાર્થિકનયનું દ્રવ્ય એમાં ધર્મ એક જ છે. પ્રમાણનો વિષય જે દ્રવ્ય એમાં અનંતા ધર્મ આવે છે. '**તંતુમાત્રની માફક, દર્શનજ્ઞાનાદિમાત્ર છે...**' એમ પોતાના ગુણોની પર્યાય નાખે છે. આત્મા પર્યાયનયે દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ માત્ર છે. એટલે બીજા એમાં ગુણો, બીજી પર્યાયો એમાં નથી એ... '**જેમ વસ્ત્ર તંતુમાત્ર છે તેમ).**' એક પર્યાયના ધર્મ દ્વારા જોવે, દર્શન આદિ તોપણ દેખવું છે તો શુદ્ધ ચૈતન્ય. અને અનંત ધર્મને દેખનારું શ્રુતપ્રમાણ દ્વારા દેખે તો દેખવું છે અંદર શુદ્ધ ચૈતન્ય. સમજાણું કાંઈ? એ બે નય થઈ.

મુમુક્ષુ :- પર્યાયનયે વર્તમાન...

ઉત્તર :- હા, દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ભેદો. આ ભેદરૂપ પર્યાય.

હવે ત્રીજો અસ્તિ-નાસ્તિ જે મૂળ જૈનદર્શનની સપ્તભંગી. એ સપ્તભંગીના અહીં સાત ધર્મ ગણવામાં આવ્યા છે. '**આત્મદ્રવ્ય અસ્તિત્વનયે...**' 'છે' નયે. વસ્તુ છે. દ્રવ્યથી છે, ક્ષેત્રથી છે, કાળથી છે, ભાવથી છે. ધ્યાન રાખજો જરી. એ બધો થઈને એક ધર્મ છે હોં આ. વસ્તુ દ્રવ્યથી છે, વસ્તુ ક્ષેત્રથી છે, કાળથી છે અને ભાવથી છે. એ '**સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે;...**' હોવાવાળું તત્ત્વ છે. આત્મદ્રવ્ય હોવાવાળા ધર્મવાળું તત્ત્વ છે. લખ્યું છેને અમારે? ક્યાં ગયા ફુલચંદજી? ફુલચંદજી આવ્યા હતા .. છે કે નહિ? આ એક જ .. નાખ્યું લાગે છે? ... ધ્યાન રાખજો જુઓ, હવે આ તો બીજી જાતની આવશે વાત. સ્વચતુષ્ટયમાં. એક આત્મદ્રવ્ય અસ્તિત્વનયે સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર બધાને સ્વ લાગુ પાડવા. સ્વ એક શબ્દ છે. આત્મદ્રવ્ય હોવાવાળા નયે—હોવાવાળો ગુણ છે એ નયે સ્વદ્રવ્યથી છે, સ્વક્ષેત્રથી છે, સ્વકાળથી છે, સ્વભાવથી છે. હવે એ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કોને કહેવા? એનો વિસ્તાર કરે છે. એવાવાળું છે ઈ એક ધર્મ છે આવો હોં. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી એવો એક ધર્મ છે. એક ધર્મથી જોવે તોપણ અંદરમાં આખો દ્રવ્ય સ્વભાવ છે એ જોવામાં આવે. એ રીતે અહીં વર્ણન છે. ભારે વાત ભાઈ! હવે આ એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, તેઈન્દ્રિયા, ચૌઈન્દ્રિયા વૈયા.. ઈચ્છામી.. થઈ ગયા ઉભા. થઈ ગયું ઈચ્છામી પડિક્કમણું. પતી ગયું. એ તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરે. થઈ રહ્યું જાવ સામાયિક.

મુમુક્ષુ :- એ ..

ઉત્તર :- એ સંકેલવામાં બેસે. આહા..હા..!

હવે કહે છે, બાણનો દાખલો આપે છે આચાર્ય પોતે અમૃતચંદ્રાચાર્ય દ્રવ્યને સમજાવવા, ક્ષેત્રને સમજાવવા, કાળને સમજાવવા અને ભાવને સમજાવવા. ચારેય થઈને ધર્મ એક છે. ચાર ધર્મ નહિ અહીંયાં. સમજાણું કાંઈ? '**લોહમય,...**' જેનું. લોહમય છેને આ? લોઢાનું છેને આ? લોહમય આખું દ્રવ્ય '**દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા,...**' આ દોરી અને કામઠું અંતરામાં આ બધું ક્ષેત્ર કહેવાય. સમજાણું કાંઈ? આ દોરી આ. અને આ કામઠું અને આ વચ્ચે આ બધું એનું ક્ષેત્ર કહેવાય. સમજાય છે કે નહિ? '**દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા,...**' પછી આત્મામાં ઉતારશે હોં. એણે ઉતાર્યું નથી આત્મામાં. એણે પછી કહી દીધું કે સમજી લેવું. ઓલા સમજનારા છેને એટલે.

'**સંધાયેલી અવસ્થામાં રહેલા...**' આમ સંધાયેલી. બરાબર જ્યાં બાણ મારવું હોયને એનીકોર જાય છેને આ? અહીંથી આમ મારે, અહીં રાખેને? એ તો આમ વાળે. દોરી ચાલે છે એ .. એ દોરી આમ કરે લ્યો. આમ કરીને અહીંથી ખેંચાઈને? જુઓ આ સંધાઈ જાય. અહીં તો ઠીક હજી ત્યાં સુધી ભાવમાં જરી. આ સંધાયેલી અવસ્થા તો જેનીકોર નાખવું છે આમ, એ અવસ્થા લેવી છે. અવસ્થા. દ્રવ્ય વસ્તુ, ક્ષેત્ર અંદરની પહોળાઈ, આ એક અવસ્થા પર્યાય. દોરી ચાર થઈને એક ધર્મ છે હોં પાછો. અસ્તિત્વ. '**અને લક્ષ્યોન્મુખ...**' લક્ષ .. છે. આમાં જે ભાવ છેને ભાવ? એ ભાવનો જે ભાવ છે એ પર્યાય સન્મુખ થયો એટલે એ પર્યાય એમાંથી નીકળે છેને? ભાવ જે છે આમાં શક્તિરૂપ કાયમ. એ અવસ્થા આમ સન્મુખ થઈ છે, પણ ઈ અવસ્થાની સન્મુખ ભાવ પણ છે એમ કીધું અહીંયાં તો. સમજાણું કાંઈ? શું કીધું?

મુમુક્ષુ :- અવસ્થાની સન્મુખ થાય છે.

ઉત્તર :- ઓલો ભાવ પણ એ જાતની પર્યાયની શક્તિ જે હતીને લાયકાત તે સમયની નીકળવાની, તેની સન્મુખ ભાવ થયો છે કહે છે. સમજાણું કાંઈ? આખો ભાવ છે એ એક સમયની પર્યાય જ્યાં આમ .. થઈ છે એને ઈ કાઢવામાં એ સન્મુખ થયો છે. સમજાણું કાંઈ? માળે આવું તે કાંઈ! કોઈ દિ' સાંભળ્યું હતું આ? શું કીધું?

જુઓ, '**સંધાયેલી અવસ્થામાં રહેલા...**' આમ. આમ રહેલું. સોપારીમાં નાખે છેને .. પાંદડામાં... પોલીસો હોય છેને એ ગોળી મારેને અંદર? નિશાન કરવા માટે. ઓલી પાંદડાની રગ એક-એક લટકે ત્યાં મારજે. ... પણ અહીં તો સંધાયેલી દશામાં રહેલો એને કાળ કીધો અને લક્ષ્ય સન્મુખને ભાવ કીધો. એય..! ભાવ તો ત્રિકાળી છે. તે ત્રિકાળી ભાવ ઓલો પર્યાય નીકળવાની છેને એમાંથી આવવાની છે એટલે એને ભાવને લક્ષ્ય સન્મુખ કહેવામાં આવ્યો છે. એ જ અંશ નીકળવાનો છે એટલે ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે

ઈ તો હજી અહીંયાં  આ તો લોઢાની વાત ચાલે છે. પછી આત્મામાં ઉતારવું પડશે કે નહિ?

'**લક્ષ્યોન્મુખ તીરની માફક.**' જુઓ, '(**જેમ કોઈ તીર સ્વદ્રવ્યથી લોહમય છે,...**' આ લોઢું. '**સ્વક્ષેત્રથી દોરી ને કામઠાના વચગાળામાં રહેલું છે, સ્વકાળથી સંધાન-દશામાં છે...**' અવસ્થા. '**અર્થાત્ ધનુષ્ય પર ચડાવીને ખેંચેયાલી સ્થિતિમાં છે...**' લ્યો આમ ખેંચાઈને આમ થાયને? '**અને સ્વભાવથી લક્ષ્યોન્મુખ છે...**' લક્ષ્ય ઉન્મુખ છે. ઉન્મુખ એટલે લક્ષની સન્મુખ છે. ભારે વાત ભાઈ એય..! એ દશાની સન્મુખ ભાવ છે. આહા..હા..! જે જાતની પર્યાય આવવાની છેને એ પર્યાયને અવસ્થા કીધી અને ભાવને લક્ષ્યોન્મુખ કીધો. ઓહો..હો..! સમજાણું કાંઈ? એ '**નિશાનની સન્મુખ છે, તેમ આત્મા...**' આચાર્યે તો સમજી લીધું છે કે '**તેમ આત્મા અસ્તિત્વનયે સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળો છે.)**' સમજાણું કે નહિ? જેઠાલાલભાઈ! એમ કીધું છેને. જુઓ થઈ રહ્યું, સમજી લેશે એમ. '**वत्... स्वद्रव्यक्षेत्रकालभाव ऐर...**'

હવે આપણે આત્મામાં ઉતારીએ. આ તો આમાં ઉતાર્યા. આત્મા જે છે એ દ્રવ્ય-વસ્તુ એ ચૈતન્યમય છે, આ લોહમય છે. ભગવાન ચૈતન્યમય વસ્તુ એ દ્રવ્ય. એનો અસંખ્ય પ્રદેશી એ એનું ક્ષેત્ર એટલામાં છે. અને એની વર્તમાન પ્રગટ અવસ્થા તે એનો કાળ. સમજાણું કાંઈ? અનંતગુણની, અનંતગુણની એક સમયની પ્રગટ અવસ્થા તે એનો કાળ. અને એનો ભાવ, ભાવ તો ત્રિકાળી છે, પણ એ ભાવ અત્યારે આ પર્યાય નીકળવાની સન્મુખ થયો છે એ ભાવ. સમજાણું કાંઈ? આવું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ સમ્યગ્દૃષ્ટિની વાત ચાલે છે. મિથ્યાત્વનો અનંતાનુબંધીનો છે જ નહિ. મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અહીં વાત છે જ નહિ. વસ્તુ છે, જેમ લોહમય બાણ, એમ વસ્તુ ચૈતન્યમય. એકલો ભગવાન જ્ઞાનમય આત્મા. .. ચૈતન્યમાત્રપણે કહ્યું હતુંને? ચૈતન્યમાત્ર ઓલું દ્રવ્ય. હવે એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી. આનું ક્ષેત્ર કેટલું? કે આ દોરીને. અહીં દોરી નથી, આ તો તાર નાખ્યા છે. પણ આ તારના રજકણો છે. હવે અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર. એનો કાળ વર્તમાન પ્રગટ અનંતગુણની પર્યાયરૂપ વ્યક્ત અવસ્થા તે તેનો સ્વકાળ. પર્યાય છેને? એનો ભાવ તો ત્રિકાળી છે, એ જ અંશને સંમત થવાને માટે છે એમ એના ભાવ ગણવામાં આવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, આવું તો યાદ રહેશેને. આ તો દાખલો છે. એ હજી બેસવો કઠણ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બચાવ કરે છે. ઠીક તમારે આ શેઠ બચાવ કરે છે. પોપટભાઈ! પોપટભાઈ તો .. કે હા તો પાડો. આહા..હા..!

ભગવાન આત્મા એનો એક ધર્મ એવો છે કે સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વદશા અને સ્વભાવ-એનાથી હોવાવાળો એ પદાર્થ છે. એ એક ધર્મ છે લ્યો! એક ગુણ એટલે એ જાતનો એક ભાવ છે. એક ભાવથી આખું દ્રવ્ય જોવામાં આવે તો એ શુદ્ધ દેખાય છે. અને એવા અનંતા ભાવવાળાને જાણનારું શ્રુતપ્રમાણ, એવા શ્રુતપ્રમાણ દ્વારા એક સાથે દેખો તો એ શુદ્ધ દ્રવ્ય ચૈતન્ય દેખવામાં, અનુભવમાં આવે છે. ભારે! સમજાણું કાંઈ?

'**આત્મદ્રવ્ય અસ્તિત્વનયે...**' હોવાવાળા ધર્મને જાણનાર નયે. હોવાવાળું અસ્તિત્વ છેને? સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવથી હોવાવાળું છે. ચારેય ચીજ પોતે પોતાના એક ધર્મથી હોવાવાળું છે. '**લોહમય,...**' લોઢું, એમ ચૈતન્યમય આત્મા. '**દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા,...**' એનું ક્ષેત્ર બાણનું, એમ આત્મા અસંખ્ય પ્રદેશ એ એનું ક્ષેત્ર. સમજાણું? '**સંધાયેલી અવસ્થામાં રહેલા...**' જેમ બાણ એની અવસ્થા, એમ આત્માના અનંતાગુણની એક સમયની પ્રગટ અવસ્થા, વ્યક્ત અવસ્થા, તે તેનો સ્વકાળ, તે તેનો કાળ, તે તેનો સ્વકાળ. આહા..હા..! સ્વકાળે જ એની પર્યાય હોય એમ પણ સિદ્ધ કરે છે અહીં. સમજાણું કાંઈ? એ ક્રમબદ્ધ એમાં આવી ગયું. શું કહ્યું ... એમાં? જે પર્યાય, જે સમયે, જે કાળે પૂર્વ અને પછીના આશ્રય વિના જે પ્રગટ છે તે તે પર્યાયનો તે જ એનો સ્વકાળ છે, તે અવસ્થાનો તે જ એનો કાળ છે. આઘી-પાછી, પહેલા-પછીનો પ્રશ્ન હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ પછી કહેશે. પરકાળથી નાસ્તિ. સમજાણું કાંઈ?

એ પરના પર્યાયને લઈને એક દ્રવ્યની સ્વપર્યાય પ્રગટ થતી નથી. સ્વદ્રવ્યની સ્વ પર્યાયનું અસ્તિત્વ પોતાથી છે અને એ કાળની અવસ્થા, પરદ્રવ્યની જે અવસ્થાની પર્યાયો છે એ પરકાળ છે. પરકાળથી એમાં નથી. પરકાળ એમાં નથી. પરકાળને લઈને છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો રાગાદિ પણ સ્વકાળની વાત છે હોં! બધા ધર્મની છેને અહીં વાત? આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણ એનો સ્વકાળ છે અને રાગાદિનો પણ એનો જે સ્વકાળ છે ત્યારે રાગ પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ઝીણું! એ કાળ '**અને લક્ષ્યોન્મુખ...**' જે કાંઈ પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ કે રાગ, તેનો જે ત્રિકાળી ભાવ છે તે જ પ્રગટવાની પર્યાયનો સન્મુખ એ ભાવ છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..! સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :- પર્યાય?

ઉત્તર :- હા, એ પર્યાય પ્રગટવાનો સન્મુખભાવ છે. એનું પરિણમન જે ભાવ છે ત્રિકાળી. આત્મામાં ત્રિકાળી જ્ઞાન-દર્શન-આનંદ ત્રિકાળી એ ભાવ. એ ભાવમાં અહીં તો સન્મુખના ભાવને ભાવ કીધો. સમજાય છે કાંઈ? ત્રિકાળીભાવમાંથી પર્યાયની સન્મુખ થવાની જે યોગ્યતા છે એને અહીંયાં ભાવ ગણવામાં આવે છે. એનાથી તે અસ્તિ છે. એનાથી તે વર્તમાન અસ્તિ છે. સમજાણું કાંઈ? આ તો સપ્તભંગી છે. વસ્તુદર્શનનું મૂળીયું છે આ તો. અને આ તે

સમ્યગ્જ્ઞાનીના લક્ષમાં આવે એમ કહે છે ભાઈ! આ અજ્ઞાનીની અહીં વાત છે નહિ. શ્રુતજ્ઞાનમાં અથવા નયજ્ઞાનમાં એ ધર્મ એને આવો લક્ષમાં આવે છે. સમજાણું? એક નયજ્ઞાનમાં વસ્તુનું દ્રવ્યપણું, ક્ષેત્રપણું, સ્વકાળપણું અને ભાવ—એવું એક ધર્મપણું એક નયના જ્ઞાનમાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભેદ તો સ્વ ને ... બધું ભેદજ્ઞાનનો ક્યાં છે? અહીં તો સ્વને દેખે છે એમાં પર છે નહિ, એની તો અહીં વાત કરે છે. અહીં તો ભેદજ્ઞાન, શ્રુતજ્ઞાન ઉપયોગવાળાની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

**'અને લક્ષ્યોન્મુખ તીરની માફક.'** ઉન્મુખ કહો કે સન્મુખ કહો. સમજાય છે કાંઈ? નિશાનની સન્મુખ છે. વાહ રે વાહ! ભાવ તો કાયમ છે, પણ એ ભાવનો એક પર્યાય છેને એ પ્રગટ (થવાની લાયકાતવાળો) છે એની સન્મુખ છે. એક-એક કાળની પર્યાયને પ્રગટવાની સન્મુખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચારિત્રગુણ છે, અહીં તો નિર્મળ પર્યાય પણ છેને સાથે? સમ્યગ્દર્શનની વાત ચાલે છેને? તો સમ્યગ્દર્શન પર્યાય છે એ દર્શન-શ્રદ્ધા નામના ગુણની એ સમ્યગ્દર્શન પર્યાય એ સ્વકાળ એનો. પણ ઓલો ભાવ છે એ એની સન્મુખ થયેલો આમ પ્રગટવાની યોગ્યતા થઈ છે. એમ જ્ઞાનની પર્યાય પ્રગટવાની અહીં સન્મુખ છે. એમ અહીં ચારિત્રની પર્યાય નિર્મળ અને રાગ બેય હોં. એક પર્યાયના બે ભાગ. પર્યાય બે નહિ. નિર્મળ પર્યાય અને રાગ એ ચારિત્રગુણની એક પર્યાયના બે ભાગ. સમય એક, પર્યાય એક. પર્યાય બે નહિ. એ પર્યાયના બે ભાગ એ સ્વકાળ છે એનો. ઝીણું છે બહુ વધારે હોં આ. પર્યાય સન્મુખ છે... પહેલી તો પર્યાય વ્યક્ત છે તે .. અવસ્થા અને ઓલો અંદરનો ભાવ છે એક-એક ગુણનો એ એની સન્મુખ છે. ત્યાં જ આમ વળેલું છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! એ પ્રગટેલી અવસ્થા તે સન્મુખ ભાવ તેનો જ ... આવે છે. આમ આવે છે. એક સમયની વાત છેને. આહા..હા..!

વીતરાગ માર્ગ અને દ્રવ્યનો સ્વભાવ એ સમજવો અલૌકિક વાત છે. એ કાંઈ નાની-સુની વાત નથી. પરમેશ્વરને કબ્જે લેવો છે. સમજાય છે કાંઈ? સમ્યગ્જ્ઞાનમાં અને સમ્યગ્દર્શનમાં આખા પ્રભુને કબ્જે લેવો છે. આહા..હા..! પરની સાથે અહીં સંબંધ નથી. પર પરમાં રહ્યું. સમજાણું કાંઈ? એમ આત્મા ઓલા લોહના દાખલામાં. આમાં તો એમ કીધુંને લોહમય ..તીરની માફક એમ. **'લક્ષ્યોન્મુખ તીરની માફક.'** શું? કે **'આત્મા અસ્તિત્વનયે...'** આ ચારરૂપે અસ્તિત્વવાળું છે. તીરની માફક. બસ એટલું. પાઠ તો એટલો છેને? આત્મવસ્તુ હોવાવાળા નયે સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવથી હોવાવાળું છે. કોની પેઠે? કે **'તીરની માફક.'** છેને? એટલો પાઠ છે બસ. પછી એનો દાખલો આપ્યો. સમજાણું?

**'અસ્તિત્વનયે...'** લ્યો છેને **'शिखवत्'** બસ એટલું. **'स्वद्रव्यक्षेत्रकालभावैरस्तित्ववत्'**

એમ. સમજાણું કાંઈ? એમ તીરના ચાર બોલ, લોઢાનું આખું બાણ તે દ્રવ્ય, એની પહોળાઈ તે તેનું ક્ષેત્ર, તેની અવસ્થા તે તેનો કાળ અને એનો ભાવ જે અવસ્થા પ્રગટ થવાને માટે યોગ્ય એ એનો ભાવ છે. એમ આત્માના ચાર બોલ. સમુચ્ચય નાખ્યા છેને? લોઢાના બોલ તો નાખ્યા છે અંદર. ટીકામાં જુઓને છે કે નહિ? '**अस्तित्वनयेनायोमयगुणकार्मुकान्तरालवर्ति...**' જુઓ, એ તો નાખ્યું છે. એ રીતે '**स्वद्रव्यक्षेत्रकालभावैरस्तित्ववत्**' સમજાણું? ઈ પહેલા બોલ છેને એ બધા પાઠમાં જ છે. પહેલો બોલ. જુઓ, '**આત્મદ્રવ્ય અસ્તિત્વનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે;...**' એ પાઠ છે. '**લોહમય,...**' એ પાઠ છે. '**દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા,...**' એ પાઠ છે. '**સંધાયેલી અવસ્થામાં રહેલા...**' એવો પાઠ છે. '**લક્ષ્યોન્મુખ તીરની માફક.**' લ્યો! સમજાણું કાંઈ? લોઢાના .. એનો પાઠ છે. ... સમાડી દીધું. એ આત્મદ્રવ્યમાં લઈ લેવું. સમજાણું? એ તો આત્મદ્રવ્યને કેમ લેવું એ તમારે લોઢાના દાખલે સમજી લેવું એમ કહે છે. હવે તો એટલા ઘણા વખતથી સાંભળનારા હોય એ સમજે કે નહિ? એમ કહે છે અહીં તો. આ તો સમજેલાને સમજાવે છે. સમજેલાને કહે છે કે તારું આવું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? કહો, હીરાભાઈ! લ્યો એક બોલ થયો એ.

એટલે ત્રણ ધર્મ થયા—એક દ્રવ્ય ધર્મ, એક પર્યાય ધર્મ, એક અસ્તિત્વનય ધર્મ. ત્રણ થયા. એવા-એવા અનંતા ધર્મ. વાત કરશે ૪૭ની. કેટલી કરે? આહા..હા..! એવો મોટો ભગવાન આત્મા જેણે શ્રુતજ્ઞાનમાં લીધો, એ શ્રુતજ્ઞાન છે એ જ્ઞાન છે અને વસ્તુ તે જ્ઞેય છે આખી. એ દ્રવ્યને જ્ઞેય કર્યું, ગુણને કર્યું, પર્યાયને કર્યું એ શ્રુતજ્ઞાન જે પોતે પર્યાય છે પ્રમાણ એને પણ જ્ઞેય કર્યું. સમજાણું કાંઈ? પ્રમાણ છે એ પણ પર્યાય છેને? એ પ્રમાણ છે કે નહિ? પર્યાય છે કે નહિ? શ્રુતપ્રમાણ પણ પર્યાય છે. શ્રુતપ્રમાણ એ ગુણ નથી. આહા..હા..! ભારે વાત! સમજાણું કાંઈ? એય..! દેવાનુપ્રિયા! કઠણ કર્યું કહે છે આ. સ્પષ્ટ થાય ત્યારે તો જે હોય ઈ આવેને?

વસ્તુ આત્મદ્રવ્ય અનંત ધર્મવાળી. વિકાર, અવિકાર, ત્રિકાળ, સ્વભાવ અને દ્રવ્ય એવા અનંત ધર્મવાળી. એણે શ્રુતજ્ઞાને જ્ઞેય કર્યું. સમ્યગ્જ્ઞાને જ્ઞેય બનાવ્યું. તો એ જ્ઞેયમાં દ્રવ્ય પણ જ્ઞેય (તરીકે) આવ્યું એના જ્ઞાનની પર્યાયમાં. પર્યાય છેને પ્રમાણ? ગુણ પણ પ્રમેયમાં આવ્યા. એની અનંતી પર્યાયો છે એ પણ પ્રમેય ગુણમાં આવી, એનો વિકારભાવ અને પોતે પર્યાય પણ પોતાના પ્રમેયમાં આવી. આહા..હા..! સમજાણું કાંઈ? આ જૈનદર્શનનું, વસ્તુદર્શનનું મૂળીયું છે આ સ્વચતુષ્ટય. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ આત્મતત્ત્વમાં .. સાધન છે કે નહિ? એને અનંતા ધર્મ છે કે નહિ? જ્ઞાનના વિષયમાં અનંતા ધર્મ છે. અને આ સપ્તભંગી જૈનદર્શન એ વસ્તુનું મૂળિયું છે. વસ્તુ આવી

છે. એક-એક વસ્તુ આવી છે એમ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની તો વાત છે આ. જ્ઞાનપ્રધાન કથનમાં તો બધો વિષય આખો આવવો જોઈએને. પ્રમાણનું દ્રવ્ય અહીં બતાવવું છે. એકલું દ્રવ્યદૃષ્ટિનું દ્રવ્ય એક બતાવવું નથી. એ તો એક ધર્મ નિશ્ચય એ સમકિતે-સમ્યગ્દર્શને દ્રવ્યનો એક ધર્મ પકડ્યો અને બાકી બીજા ધર્મ એ નય છેને? નય છે તો એક અંશને પકડ્યો, ભલે ત્રિકાળી પણ એક અંશ છે. એમાં પર્યાયને આવ્યા નથી. સમજાણું કાંઈ? પ્રમાણ તો આખા દ્રવ્યને અને બધી પર્યાયોને વિષય બનાવે ત્યારે તેને પ્રમાણ કહેવામાં આવે છે. બેય ભાવ જેના જ્ઞાનમાં આવે ત્યારે પ્રમાણજ્ઞાન (કહેવાય). બે ભાગ એટલે? ત્રિકાળી દ્રવ્ય અને એની અનંતી પર્યાયો. દ્રવ્યમાં ગુણ આવી ગયા, ત્રિકાળી ધ્રુવ તરીકે. સમજાય છે? અને એની અનંતી પર્યાયો. સમજાય છે? એ બધો જેના પ્રમાણજ્ઞાનમાં પ્રમેયરૂપે વિષય થાય ત્યારે તેને શ્રુતજ્ઞાન પ્રમાણ સાચું કહેવામાં આવે છે. .. વસ્તુ છેને?

દ્રવ્યદૃષ્ટિમાં તો દ્રવ્યને મુખ્ય કરીને કહ્યું અને પર્યાયને ગૌણ કરી. અભાવ કર્યો નથી. **'भूदत्थमस्सिदो खलु'** ભૂતાર્થ ધ્રુવ એક વસ્તુ તે દૃષ્ટિનો વિષય અને તે જ સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય, પણ પર્યાયનો ત્યાં અભાવ નથી. પર્યાયને ગૌણ કરીને, ગૌણ કરીને અભાવ કરીને, ગૌણ કરીને અભાવ કરીને, અભાવ કરીને અભાવ (કર્યો) એમ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- .. વાત જ આખી.

ઉત્તર :- એ અસત્ કઈ અપેક્ષા છે? ત્રિકાળ રહેતું નથી એ અપેક્ષાએ અસત્યાર્થ એક સમયની પર્યાય તરીકે સત્યાર્થ છે. આશ્રય કરવાલાયક ત્રિકાળી ચીજ છે એ નથી એટલી. સમજાણું કાંઈ? એક સમયનો પર્યાય આશ્રય કરવાલાયક(નથી). કારણ કે પર્યાયમાંથી પર્યાય આવતી નથી. એટલે એને તો ખરેખર તો પરદ્રવ્ય કહી દીધું. પરભાવ કહી દીધા. આ અપેક્ષાએ એ બરાબર છે. સમજાણું કાંઈ? પણ એ ગૌણ કરીને, અભાવ કરીને વ્યવહારનય કીધો છે. ગૌણ કરીને અભાવ કર્યો છે વ્યવહારનો. સમજાય છે? બિલકુલ નથી કરીને અભાવ કર્યો છે એમ નથી. અરેરે..! ભારે ભાઈ! આ શેઠિયાઓનું શું બહુ મગજ કામ ન કરે પછી ઉપરથી પૈસા ખર્ચે. બહારમાં પૂજા ને ભક્તિ ને હો..હા.. ધમાલ કરે. આહાર-પાણી દે સાધુને, જાવ થઈ ગયો ધર્મ. સમજાણું? અંદર વસ્તુસ્વરૂપ શું છે એને સમજવી, એને ઓળખવી, એને શ્રદ્ધવી એની તો ખબર ન મળે. એમ ને એમ આંધળે આંધળા. એય..! શેઠ! ઉપરટપકે મોઢા આગળ બેસાડે. ..

મુમુક્ષુ :- ઉપરટપકે એટલે?

ઉત્તર :- ઉપરટપકે એટલે અંદરમાં બીજો શેઠિયો હોય પૈસાવાળો તો એને કાઢી મૂકે. આહા..હા..! કોઈના આશીર્વાદે ફળે એવી નથી. આશીર્વાદ. વાદ છેને એ તો વચન છે.

આશીરનું વચન છે એથી કાંઈ આત્માનો ભાવ આવે નહિ. એમ કહે છે. આહા..હા..! ઓલામાં એ તો બહારની ૠદ્ધિની વાત છે. અંદરની ૠદ્ધિની વચનલબ્ધિ ક્યાં કામ કરતો હતો? જાવ સમ્યગ્દર્શન થશે એમ કહે? એય..! આહા..હા..! જા થશેનો અર્થ કે દ્રવ્યને પકડ અને સમ્યગ્દર્શન થયા વિના રહેશે નહિ. એની વાત છે. પણ પકડાવી દે ઈ? એક ઓલામાં આવ્યું હતુંને. એ તો આ નિશ્ચયે ગુરુ પોતે થાય ત્યારે વ્યવહારે ગુરુ કહેવાય એમ વાત છે. ઓલા નથી આવતા? જુગલિયામાં ઉતર્યા હતાને સાધુ. આ ૠષભદેવ ને બધા જીવ હતા પાંચ-છ? નથી આવતું? આ મુનિ ઉતર્યા ઉપરથી. સમકિત પામવાનો કાળ હતો. એમ કર્યું. ... એનો ભાવને જોઈને કહ્યું.

મુમુક્ષુ :- એ પણ...

ઉત્તર :- એ કીધુંને. એ .. મૂક્યું હતું. આશીર્વાદ નથી. એની યોગ્યતા જોઈ એણે. આવે છેને? ... એ જુગલિયામાં. જુગલિયામાં ઉતરેલા છે બધા. સમજ્યાને? ઓલો વાંદર ને બધા. આહાર લીધો હતો.. ત્યાં. સમકિત ગ્રહણ કરો, તમારો કાળ છે. ... અમે ... જઈએ છીએ. અમારો ભાવ અહીં આવવાનો થયો જુગલિયામાં. આ જુગલી જીવો શું છે આ? સમજાણું કાંઈ? એમ કરીને .. ભાવ છે. એય..! આ ... ઉપરથી જઈએ છીએ અને આ ... શું છે આ તે? સમજાણું કાંઈ? જુઓને આ પણ એમ થયુંને. ઓલો સિંહ ખાતો હતો હરણ. સાધુ. ... દશમે ભવે તીર્થંકર મહાવીર પ્રભુ થવાના છે. આ શું? ... મારી સામે. માણસ ચાલતા હોય તે આઘા વયા જાય. આ ઉપરથી નીચે ઉતર્યા. છે શું આ?

મુમુક્ષુ :- એટલો બધો વિચાર કર્યો હશે એણે?

ઉત્તર :- હા, ... ઓહો..હો..! આ શું છે આ? ફટ ખ્યાલ આવી ગયો. ઓલા કહે છે એ વાણીનો ખ્યાલ આવી ગયો. જુઓ તો ખરા! ત્યાં એ ક્યાં વાણી ભણવા ગયો હતો? .. શું કહે? એય..! સિંહ! દશમા ભવે તીર્થંકર થવાના. આ ભાષા સમજતો હશે ઈ? ફટ અંદર આવીને તેને એ જાતનો ઉઘાડ થઈ ગયો. સમજાણું કાંઈ? ઈ આત્માની બલિહારી છે, બાપા! એની વાતું છે આ. આત્માની બલિહારી છે. એય..! આહા..હા..! ભાષા સમજી ગયા. શું છે આ? .. માર્ગમાં.. કોણ? તીર્થંકરનો જીવ આવું કરે? બધી ભાષા સમજી ગયા. તીર્થંકરની ભાષા સમજી ગયા! કે દિ' શીખવા ગયા હતા એ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ ઓલાની લાયકાતમાં સમજી ગયા એની વાત મારે કહેવી છે અત્યારે. પણ એની લાયકાત હતી માટે સમજી ગયા માટે એમ કીધું. ભાષા શીખ્યા નહોતા, આ નહોતું. ફાટ-ફાટ અંદર. આહા..હા..! ... આહા..હા..! એ કથામાં એવા ભાવ ભરેલા છે... ન્યાય... એકલી કથાનયે વાંચે.

અહીં કહે છે ઓહો..હો..! ભગવાન આત્મા તારો ભાવ તો તે પર્યાયને સંમત થયેલો

તેવા અસ્તિત્વને અમે ભાવને અસ્તિત્વ, પર્યાયથી અસ્તિત્વ. સમ્યગ્જ્ઞાનના વિષયની .. અહીં વાત લેવી છેને? આહા..હા..! સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા, સમ્યગ્જ્ઞાનીનો આત્મા, ભેદજ્ઞાનીનો આત્મા, એની વાત છેને અત્યારે? એનું જ્ઞાનપર્યાય પ્રગટેલી તે તેનો સ્વકાળ છે, જ્ઞાનનો આદિ. અને જે ભાવ તેમાં સન્મુખ પરિણમવું છે ત્યાં. .. સમજાણું? ભાવ તો પ્રગટ થઈ ગયો. પર્યાયનો રસકંદ. જે કાળે જે પ્રકારનો પર્યાય એના સંબંધવાળો છે. એવું સ્વદ્રવ્ય ભગવાન આત્મા સ્વદ્રવ્યપણે, સ્વક્ષેત્રપણે, સ્વઅવસ્થાપણે, સ્વભાવપણે અસ્તિત્વ છે. આવા અસ્તિત્વ ધર્મને લક્ષમાં લઈ આખો આત્મા આવો છે આનંદઘનવાળો એમ દૃષ્ટિમાં આવે છે જ્ઞાનમાં, એને ભાવશ્રુતજ્ઞાનનું પરિણમન કહે છે. એની વાત છે કે નહિ આ? સમજાણું કાંઈ? એક બોલ કીધો લ્યો બીજો આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૦, રવિવાર, તા. ૦૫.૧૦.૧૯૬૯**
**નય-૪, પ્રવચન-૨૬૨**

... નય અધિકાર છે. આત્મા કેવો છે? કોણ છે? એનું સ્વરૂપ વર્ણવે છે. આવી ગયું છેને? ત્રણ બોલ તો આવી ગયા. દ્રવ્ય, પર્યાય અને અસ્તિત્વ ત્રણ આવી ગયા. હવે ચોથો. આ ધર્મ છે એ આત્મામાં એક સમયે સાથે છે. કથનમાં ક્રમ પડે છે. સમજાણું કાંઈ? આ ૪૭ કહેશે એવા અનંત. દ્રવ્યસ્વભાવભાવ, ગુણસ્વભાવભાવ, પર્યાયસ્વભાવભાવ,.. વિકાર કે અવિકાર—એ બધું એક સમયે બધું છે. એક સમયે એને શ્રુતજ્ઞાન પ્રમાણથી જાણવું ત્યારે શુદ્ધ ચૈતન્યમાત્રનો એને અનુભવ હોય છે. સમજાણું કાંઈ? એનું નામ ધર્મ છે. પહેલા ત્રીજા બોલમાં અસ્તિત્વનું આવી ગયું. ચોથો હવે નાસ્તિત્વ. ચોથો બોલ છેને. દ્રવ્ય ધર્મ કીધો પહેલો. આત્મા દ્રવ્યનયે જ્ઞાનમાત્ર છે. વસ્તુદૃષ્ટિએ એ જ્ઞાનમાત્ર છે. એ પણ એક એનો ધારી રાખેલો ધર્મભાવ છે. એ પર્યાયનયે વસ્ત્રના તાણાવાણાની પેઠે જ્ઞાન, દર્શન આદિ પર્યાયધર્મવાળો પણ છે. સમજાણું કાંઈ? અસ્તિત્વનયે પોતાના સ્વવસ્તુ, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ. એનાથી એની અસ્તિ છે. પોતાના અનંતધર્મરૂપી દ્રવ્ય જે છે એ પોતાથી પોતે પોતાથી છે. પરને લઈને બિલકુલ એમાં પોતાનું હોવાપણું નથી.

હવે નાસ્તિત્વનય. આત્મામાં પરદ્રવ્ય જે છે વસ્તુ તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો આત્મામાં અભાવ છે. બરાબર છે? શરીરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, કર્મના, બીજા દ્રવ્યના એનો આમાં અભાવ છે. બીજા દ્રવ્યની અપેક્ષાએ આ દ્રવ્ય જ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરથી...

ઉત્તર :- છે જ નહિ. પરથી છે જ નહિ. પરદ્રવ્યને લઈને છે જ નહિ.

**'આત્મદ્રવ્ય નાસ્તિત્વનયે પરદ્રવ્ય-ક્ષેત્ર...'** પરવસ્તુ, પરની પહોળાઈનું ક્ષેત્ર, પરની અવસ્થા અને પરની શક્તિ-ભાવ એનાથી નાસ્તિત્વવાળું છે આત્મદ્રવ્ય. કહો, સમજાય છે કાંઈ? ભાઈ! કોક આધાર જોઈએ આધાર પરનો. આત્મા ક્યારે રહી શકે કે પરની કાંઈક મદદ જોઈએ મદદ.

મુમુક્ષુ :- બીજાની તો નહિ પણ નિમિત્તની તો જોઈએ.

ઉત્તર :- કહો, નિમિત્તની જોઈએ. ...? અહીં તો કહે છે કે ભાઈ! પરને લઈને તો કિંચિત્ તું નથી. તારું દ્રવ્ય પણ નથી, તારું ક્ષેત્ર નથી, તારી દશા નથી, તારી સન્મુખ અવસ્થા સ્વભાવની એ પણ નથી. આહા..હા..! ગજબની વાત છે. ધીરેથી સમજવાની વાત છે હોં! ઉપર ધારી લે એમ નહિ.

ભગવાન આત્મા પરવસ્તુને લઈને તો નથી એટલે અદ્રવ્ય છે એમ કહે છે. સમજાણું કાંઈ? દાખલો છેને જુઓ, **'અલોહમય,...'** તીર-તીરનો. જે તીર લોહમય છે આ. જુઓ, છેને? એ બીજા તીરની અપેક્ષાએ તો અલોહમય છે. એટલે સોનામય છે એમ? શું છે શબ્દ જુઓ, લોહમય છે. એટલે કે આ તીર છે એ પોતાથી લોહમય છે અને બીજા તીરની અપેક્ષાએ આ લોહમય નથી. એટલે સોનામય છે, ચાંદીમય છે એમ છે? બીજું જે લોહમય છે એની અપેક્ષાએ આ અલોહમય છે એટલે એ લોહમય આમાં નથી. આહા..હા..! ઝીણી વાત છે, ..ભાઈ! સમજાણું કાંઈ? આ જે બાણ છે એ પોતાથી છે અને ઈ પર બીજા તીરનું લોઢું એ લોહમય આ નથી એટલે અલોહમય થયું એને હિસાબે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

આત્મા સ્વદ્રવ્ય એટલે વસ્તુએ સ્વદ્રવ્યપણે છે. અને બીજા દ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય છે. અદ્રવ્ય એટલે દ્રવ્ય નથી? ઈ પરદ્રવ્યરૂપે નથી. એનું રહેવું પરદ્રવ્યને લઈને નથી. સમજાણું કાંઈ? આ તો વિશ્વદર્શનની સપ્તભંગી છે. સમજાય છે કાંઈ? ભાઈ! સારું શરીર હોય, કાંઈ શુભકર્મ સારું હોય, સારા દીકરા હોય, સારી બાયડી હોય સંભાળ કરનાર-એને લઈને કાંઈક આ દ્રવ્ય રહે કે પરને લઈને જરીએ ન રહે? હતું ક્યાં પણ એમાં? એ છ છોકરાને લઈને આ આત્મા ...ભાઈનો છે એમ છે? એના આત્માની અપેક્ષાએ તો આ આત્મા આત્મા જ નથી. આત્મા નથી એટલે જડ છે એમ છે? એમ નહિ. પોતે વસ્તુ છે, જેમ બાણ કીધું એ લોહમય છે વસ્તુ. હવે ઈ બરાબર પોતાની અપેક્ષાએ. બીજા લોહમય બાણની અપેક્ષાએ અલોહમય છે. અલોહમયનો અર્થ કાંઈ લોઢામય નથી એટલે બીજા સ્વરૂપે છે એમ નહિ. સમજાણું કાંઈ? એટલે કે જે બીજા તીરનું લોહમયપણું છે એ લોહમયપણું આમાં નથી. એથી આ તીરને અલોહમય કહેવામાં આવે છે. એમ ભગવાન આત્મા, પોતાનું દ્રવ્ય છે વસ્તુ તે દ્રવ્યની અપેક્ષાએ સ્વદ્રવ્ય છે, પણ શરીર, કર્મ, ભગવાન પરમાત્મા ત્રણ લોકના નાથ

તીર્થંકરનો આત્મા, સિદ્ધનો આત્મા એ દ્રવ્ય છે નહિ. એ દ્રવ્યની અપેક્ષાએ તો આ અદ્રવ્ય છે. એ દ્રવ્યની અપેક્ષાએ આ અદ્રવ્ય છે. અદ્રવ્ય એટલે દ્રવ્યનો અભાવ. એ દ્રવ્યને લઈને આ દ્રવ્ય નથી, માટે એ દ્રવ્યથી આ અપેક્ષાએ એની અપેક્ષાએ આ અદ્રવ્ય છે, એની અપેક્ષાએ આ આત્મા અવસ્તુ છે. પોતાની અપેક્ષાએ વસ્તુ છે. પરની અપેક્ષાએ અવસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે તું જે દ્રવ્ય છો એક ભાવમાં એવા દ્રવ્યથી તારું સ્વરૂપ છે, પણ પરદ્રવ્યને લઈને તું છો એમ નથી. તેમ પરદ્રવ્ય જે છે તેના દ્રવ્યથી છે, પણ તારા દ્રવ્યને લઈને એ દ્રવ્ય છે એમ નથી. આ દ્રવ્યને (માટે) તો આ જગતની બધી ચીજો અવસ્તુ છે, અદ્રવ્ય છે. સમજાણું કે નહિ? એક આત્મા પોતાના દ્રવ્યની અપેક્ષાએ બીજા બધા દ્રવ્યો જેટલા સિદ્ધના, અરિહંતના, નિગોદના એકેન્દ્રિય એ બધા આ દ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય છે. આ દ્રવ્ય નહિ માટે અદ્રવ્ય છે. હવે એને લઈને હોય એનું તારે શું કામ છે? કહે છે. તારું એનામાં કાંઈ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિશ્ચયની વાત છે.

ઉત્તર :- નિશ્ચય નહિ, વસ્તુની સ્થિતિ આમ છે. વળી વ્યવહાર ક્યો બીજો? પરને લઈને હશે? એ પરને લઈને નિશ્ચયથી નથી અને વ્યવહાર(નયે) પરને લઈને છે એમ બે હશે? એમ છે જ નહિ. આહા..હા..!

**'અલોહમય,...'** પહેલું બાણ, તીર પરના લોહમયની અપેક્ષાએ અલોહમય. એમ આ દ્રવ્ય જે વસ્તુ છે ભગવાન એ. સ્વદ્રવ્યની અપેક્ષાએ સ્વદ્રવ્ય અને સિદ્ધ ને અરિહંત ને પંચપરમેષ્ઠી ને નિગોદને પરમાણુથી માંડીને બધા સ્કંધ એ દ્રવ્યની અપેક્ષાએ તો આ અદ્રવ્ય. જેઠાલાલભાઈ! ભારે વાત! કહો, આ ભગવાનદાસનો આત્મા એના આત્માને લઈને છે, પણ શોભાલાલના આત્માને લઈને એનો આત્મા નથી એમ કહે છે. પણ બે ભાઈઓ તો ભેગા હોય કે જુદા હોય? ભેગા છે જ નહિ પણ ક્યાંય. જુદે જુદા જ છે. બે કહેતા જ બે થઈ ગયા, જુદાં થઈ ગયા. આહા..હા..! ભગવાનજીભાઈ! ભારે કામ. પ્રેમ પણ. કહે છે કે તારું... એ પછી ભાવ લેશે. તું તારાથી છો અને તું પરથી નથી. પરને લઈને તારાપણું નથી. પરને લઈને તારાપણું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો પરને લઈને મારાપણું નથી. જેમ લોહમય બીજા બાણને લઈને આ લોહમય નથી એવા એક ધર્મથી પણ જો દ્રવ્યને જોવે તો તે અનંત ધર્મનો ધરનાર શુદ્ધ ચૈતન્યમાત્ર દૃષ્ટિમાં આવે. તેને ધર્મ અને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહે છે. આહા..હા..!

**'દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા,...'** ક્ષેત્ર. જુઓ, શું કહે છે? પોતાની અપેક્ષાએ તો આ બરાબર હતું. ...આ દોરી અને આ કામઠું. એના વચ્ચેનું ક્ષેત્ર છે ઈ એનું ક્ષેત્ર છે અને બીજા જે છે તીર એના ક્ષેત્રની અપેક્ષાએ તો આ અક્ષેત્ર છે. અક્ષેત્ર એટલે

આનું ક્ષેત્ર.. એનું એનાથી છે, પણ પરક્ષેત્રને લઈને આનું ક્ષેત્ર નથી. બરાબર છે? આવી વાત કરીને શું હશે પણ આમાં? આમાં ધર્મ કેમ થાય ભાઈ! અમારે તો.. ઈ જ કહે છે બાપુ! હવે ધર્મ આ ધર્મ છે. પરપણાને લઈને તારામાં કાંઈ નથી. એનો અર્થ કે દેવ, ગુરુ અને શાસ્ત્ર આદિ નિમિત્ત હોય તો એને લઈને તારામાં દ્રવ્યપણું કાંઈ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- એને લઈને ધર્મ તો થાય?

ઉત્તર :- કહો, એને લઈને થાય તો એને લઈને રહ્યો, પોતાને લઈને રહ્યો નહિ. એ તો પર્યાયમાં જરી આવશે. સમજાણું કાંઈ?

'**દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા,...**' દોરી અને કામઠાનું વચલું ક્ષેત્ર જે છે એ પરના ક્ષેત્રની અપેક્ષાએ અક્ષેત્ર છે. એમ આત્મા અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્ર છે. અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્ર. એ પરના ક્ષેત્ર આ શરીરના અને કર્મના ક્ષેત્રની અપેક્ષાએ નથી. એના ક્ષેત્રનું રહેવું પરક્ષેત્રની અપેક્ષાએ નહિ. સમજાણું કાંઈ? જુઓ આ ભેદજ્ઞાન છે આ. અને એનું પરપણે ન થવું એવો એક એનો ધર્મ છે. એનો પણ એક એ ધર્મ છે. ધર્મ એટલે ધારી રાખેલો એક ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? દોરી અને કામઠાના વચગાળામાં રહેલું જે ક્ષેત્ર (એને) નથી કહે છે. પરના ક્ષેત્રની અપેક્ષાએ આત્માનું ક્ષેત્ર નથી.

હવે અવસ્થા આવી. આ તકરારી વાંધો. '**સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા...**' બાણ આમ જે સંધાયેલી અવસ્થામાં રહ્યું છે એ તો પોતાને લઈને એક પર્યાય રહેલી છે, પણ બીજા જે સંધાયેલી અવસ્થામાં રહેલું તીર એની અપેક્ષાએ સંધાયેલી અવસ્થામાં છે જ નહિ. એ સંધાયેલી જે અવસ્થા છે, પર્યાય છે એ પર સંધાયેલી અવસ્થાની અપેક્ષાએ તો એ પર્યાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જે તીરની વર્તમાન અવસ્થા ત્યાં એ પોતાથી છે, પણ પરના તીરની અવસ્થા જે આમ સંધાય એનાથી તો આ છે જ નહિ. ઈ છે આમ તો આમ છે આ—એમ છે નહિ. સમજાણું કાંઈ? એમ આત્મામાં જે અનંતગુણ છે એક સમયમાં, એની એક સમયની જે પર્યાય છે તે કાળની તે સ્વકાળની પર્યાય અપેક્ષાએ છે, પણ દેવ, ગુરુ અને શાસ્ત્રની જે પર્યાય છે એ પર્યાય અપેક્ષાએ આ પર્યાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ સાંભળનારને જે અંદર જ્ઞાનની પર્યાય થાય છે સમયે-સમયે, કહે છે કે એ પર્યાય પોતાથી ત્યાં છે, પણ આ વાણી અને આ બીજાની જે આ પર્યાય આવે એ પર્યાયને લઈને એ પર્યાય નથી. ભારે!

મુમુક્ષુ :- કાળદ્રવ્યને કારણે છેને?

ઉત્તર :- કાળદ્રવ્યની વાત જ ક્યાં છે આ? કાળદ્રવ્યની વાત પણ ક્યાં છે? અહીં તો કાળ એટલે પર્યાય તે જ એનો કાળ છે. કાળદ્રવ્યનો કાળ એને લઈને આ સ્વકાળ નથી. કાળદ્રવ્ય છે અસંખ્ય અણુઓ લોકપ્રમાણે. એનો જે પર્યાય છે કાળનો એ પણ દ્રવ્ય છે, અનંતગુણનો પિંડ છે, એનું ક્ષેત્ર છે, એની અવસ્થા છે. એની શક્તિ.. એ કાળદ્રવ્યની

પર્યાય છે એને લઈને આ પર્યાય આત્માની નથી. અથવા કોઈપણ દ્રવ્યની પર્યાય, કોઈપણ દ્રવ્યની પર્યાયને લઈને નથી. આહા..હા..! કેટલી વાત કહે! આ મોટા વાંધા જુઓ, નહિ, પરદ્રવ્યની પર્યાયની...

મુમુક્ષુ :- .. પણ નિમિત્ત દ્રવ્ય છે.

ઉત્તર :- હા પણ એનો અર્થ શું થયો? નિમિત્ત તો પર રહી ચીજ. નિમિત્તની અવસ્થા નિમિત્તમાં રહી અને તે જ ક્ષણે નિમિત્તની અવસ્થાથી આ અવસ્થા નથી. કહો, સમજાય છે કે નહિ? આ વાણીની અવસ્થા કે આ જ્ઞાનની અવસ્થા, એને લઈને ત્યાં જ્ઞાનની અવસ્થા છે એમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનના પ્રતિમા કે ભગવાન સાક્ષાત્ એની જે પર્યાય છે, પ્રતિમાની પર્યાય કે ભગવાનની પર્યાય, એને લઈને એનું દર્શન કરનાર માણસ છે. એને જે પર્યાય થાય છે એ આ પર્યાયને લઈને એ પર્યાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? તો અહીં કેમ એવો ભાવ થતો નથી કે મંદિરમાં જાય એમ ભાવ શુભ થાય? પણ એનો સ્વકાળ ત્યાં છે. અહીં તો બીજો સ્વકાળ હતો. સમજાણું કાંઈ? મોટા વાંધા નિમિત્તના ઝઘડા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કઠણ છે. બીજા ઉંધા માને છે માળા, માટે કઠણ છે.

અહીં કહે છે કે એ સંધાયેલી અવસ્થાથી જે બાણ છે એ પરની સંધાયેલી અવસ્થાના કાળને લઈને નથી. એના કાળને લઈને આ નથી. એમ ભગવાન આત્મામાં જ્ઞાનની પર્યાય સ્વકાળે તે સમયે થાય તે બીજાની, ભગવાનની દિવ્યધ્વનિની પર્યાય કે ભગવાનનો કેવળજ્ઞાનનો પર્યાય, એ પર્યાયને લઈને આ પર્યાય નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકલો ક્યાં હતો કે દિ' કે કાઢે? સમજાણું? પણ એને વાત ઈ છે કે એને બેસતું નથી. મને પણ આને.. પણ ઈ જ કહે છે અહીં. તારું દ્રવ્યની જે એક સમયની જ્ઞાનપર્યાય છે એ ગુણનો એ સ્વકાળ પર્યાયમાં છે. સમજાય છે? આત્મામાં કેવળજ્ઞાન થાય એ કેવળજ્ઞાન પણ એક અવસ્થા છે. તો એ કેવળજ્ઞાનની અવસ્થા સ્વથી છે અને વજ્રનારાચ સંહનન, મનુષ્યદેહ કે કર્મના પર્યાયનું બીજી રીતે પલટવું, કર્મ અવસ્થા છે એનું અકર્મરૂપે થવું એને કારણે કેવળજ્ઞાનની અવસ્થા છે એમ નથી. આહા..હા..! કહો, સમજાણું? ચોખો ચડે છે ચોખો-ચાવલ. જે આમ પોચો થાય છે એ પોતાની પર્યાય સ્વથી છે. એ પોતાની પર્યાય સ્વથી થઈ છે. એ પોચો આમ પોચો રૂ જેવો થયો એ પાણી અને અગ્નિની પર્યાયને લઈને નથી.

મુમુક્ષુ :- રસોઈ કરવી કેમ?

ઉત્તર :- કોણ કરે છે? એય..! આહા..હા..! એમ શ્રદ્ધાનો પર્યાય, જીવનો શ્રદ્ધાનો

પર્યાય સમ્યક્... અહીં તો ધર્મની વાત છેને. સમ્યક્ પર્યાય જે છે એ પોતાથી છે. બીજાની વાણી એનું નિમિત્ત છે અને એ પર્યાયથી આ પર્યાય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો આ નિમિત્તવાળાના તો વાંધા ઉઠ્યા મોટા. નિમિત્ત હોય તો થાય. પર્યાય વિનાનો કાળદ્રવ્ય છે? .. છે. .. પૂરેપૂરો પોતાના પર્યાયના કાળે પૂરો સો ટકા સામર્થ્યવાળો છે. પરની પર્યાયને લઈને એકેય ટકો એનામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જીવમાં રાગ અવસ્થા થાય. સાધક છેને? રાગ અવસ્થા થાય તે (પોતાની) અવસ્થાથી છે, તે કર્મના ઉદયની અવસ્થાથી રાગ અવસ્થાનો અભાવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આવી કે નહિ એમાં? મૂળચંદભાઈ! આહા..હા..! એમાં વાંધા.. નહિ કર્મ વિના ભટકે નહિ, કર્મ વિના રખડે નહિ. પણ પર્યાય વિના દ્રવ્ય નહિ એમ કહેને? દેવીલાલજી! કર્મ વિના રખડે? જે રખડવાની પર્યાય છે... અહીં તો જ્ઞાનીની વાત છે, એને પણ હજી રાગની પર્યાય છે, ધર્મીને પણ જે રાગની પર્યાય છે એ રાગની પર્યાય રાગથી છે. એ બીજા દ્રવ્યની પર્યાયથી નથી, પણ બીજા ગુણની પર્યાયથી પણ એ પર્યાય નથી. સમજાણું કાંઈ? આવો જ વસ્તુનો સ્વભાવ છે. લિબાસ છે... લિબાસ છે એનો એમ કહેને? ..વસ્તુનો સ્વભાવ આ છે. સમજાણું કાંઈ?

આત્મામાં ચારિત્રની પર્યાય થાય. પહેલી જ્ઞાનની લીધી, પછી શ્રદ્ધાની, હવે ચારિત્રની. એ ચારિત્રની પર્યાય પર્યાયથી છે. પણ શરીર નગ્ન છે, વસ્ત્રનો અભાવ છે એવી પર્યાયને લઈને આ ચારિત્ર પર્યાય નથી.

મુમુક્ષુ :- વસ્તુ સ્વતંત્ર છે એટલું પણ સમજાતું નથી એને?

ઉત્તર :- ન સમજાયને? જુઓને પણ હવે તમને ખબર છે કે નહિ? તમે પ્રશ્ન મૂક્યો એમાં જુઓને વાંધા કેટલા ઉઠ્યા?

મુમુક્ષુ :- તમે તો .. કરી છે.

ઉત્તર :- કરી છે. એને વાંધા ઉઠતા હતા પહેલા સાંભળતા. આ શું કહે છે આ તે? જૈનદર્શન તો કર્મવાદી છે. કર્મને લઈને મિથ્યાત્વ થાય, કર્મને લઈને મિત્યાત્વ થાય. અહીં મિથ્યાત્વની વાત નથી. પણ અહીં તો ધર્મીની વાત છે. કારણ કે નયની વાત છેને? જેને એનું જ્ઞાન થાય. અજ્ઞાનીને જ્ઞાન થતું નથી. એને પણ મિથ્યાત્વનો પર્યાય મિથ્યાત્વને કાળે જ થાય છે. પરને કારણે દર્શનમોહના ઉદયની પર્યાયથી એ પર્યાય નથી, પણ એને જ્ઞાન નથી એટલે નય લાગુ પડતો નથી. કહો, સમજાણું કાંઈ? આત્મામાં વીતરાગી ચારિત્ર પર્યાય કે પંચમગુણસ્થાનની પર્યાય, એ પર્યાય પર્યાયથી છે. એ બહારના લૂગડાં ફેરવે કે છૂટ્યું આ છૂટ્યું એવી પર્યાયને લઈને એ પર્યાય નથી. આહા..હા..! ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ? એમ આત્માની આનંદ પર્યાય, એ આનંદ-અતીન્દ્રિય આનંદની પર્યાય-અવસ્થા અવસ્થાથી

છે. એ પરના અનેક પ્રકારની પર્યાય બહાર સંયોગો સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, શરીર અનુકૂળની અવસ્થા હોય, એ અવસ્થાને લઈને આ સુખની અવસ્થા નથી. કહો, સમજાણું કાંઈ? એટલું નહિ, પણ જ્ઞાનીને જરી દુઃખની અવસ્થા.. છેને એ ધર્મ છે થોડો. દુઃખની અવસ્થા સમ્યગ્દૃષ્ટિને પણ થોડી દુઃખની ભોક્તા અવસ્થા છે. પણ એ દુઃખની અવસ્થા પ્રતિકૂળ સંયોગો. દીકરો મરી ગયો, દીકરી રાંડી, પૈસા ગયા, એક સાથે સળગ્યું મકાન. એની અવસ્થાને કારણે આ દુઃખની અવસ્થા જ્ઞાનીને છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહુ? જોબાળિયા તો ઘણા ભેગા થયા જુઓને. પણ આ છે કે નહિ આ? નહિ તો ન્યાયથી નક્કી કરો. કેમ? ગુલાબચંદભાઈ! આ કેટલા થયા લ્યો ત્રણ તો ભાઈઓ છેને એમાં. બે ... ત્રણ છે ત્રણ. સમજાણું? હિંમતભાઈ હોય તો ચાર થઈ જાય. પાંચ એક સાથે કોક દિ' થાતા હોય. કારણ કે ચીમનભાઈ ત્યાં રહે તો હિંમતભાઈ અહીં રહે, હિંમતભાઈ અહીં રહે તો ચીમનભાઈ ત્યાં, નહિ? પાંચેય (સાથે રહે), પણ પર્યાય પોતાથી છે, પરથી નથી. આરે, આરે, ભારે વાત ભાઈ! શરીરમાં નિરોગ અવસ્થાનું થવું તે સ્વકાળને લઈને એ છે, પણ દવાની અવસ્થાને લઈને એ નિરોગ અવસ્થાનું થવું એમ છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું જોવે છે? દવા બહુ લે છે ખરાને એટલે પર દેખે છે એમ. અજ્ઞાની ભ્રમણાથી માને છે, (પણ) એમ છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શાસ્ત્રની પર્યાય જડમાં. એમાં આત્માને શું છે? એમ છે. પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક અવસ્થા, પર્યાય, હાલત પોતાથી છે. એ શ્વાસ ચાલે માટે ત્યાં દુઃખની પર્યાય થાય છે એમ નથી. આહા..હા..! કહો, પોપટભાઈ! છોકરા ધાર્યું ન થાતું હોય અને સરખા હોય એમાંથી એક-બે .. જાય. ... બળે થોડું. કહે છે કે એ બળવાની પર્યાય પરની પ્રતિકૂળતાને લઈને નથી. આહા..હા..! આવા છોકરાના પાળ્યા હોય, પોષ્યા હો, મોટા કર્યા હોય અને એમાં જ્યારે ધાર્યું ન થાય. અંદરમાં જરી (અણગમો) થાય.

મુમુક્ષુ :- એને કારણે થાય?

ઉત્તર :- એને કારણે ન થાય તો એ વખતે કેમ થયું? પહેલા કેમ થાતું નહોતું? એને કારણે થયું જ નથી તે કાળે. એને કારણે થાય એ માન્યતા જ મિથ્યાત્વની છે. આહા..હા..! ધર્મીને અનંત ધર્મનો ધરનાર ભગવાન એવો જે જ્ઞાનમાં જણાય એમાં, કહે છે કે આનંદની પર્યાય થઈ ને એના સ્વકાળે તે ગુણનો પર્યાય થયો. અને તે પર્યાય બીજી અનુકૂળતા કે ભગવાનની વાણી એને લઈને આનંદની પર્યાય થઈ એમ છે નહિ. આહા..હા..! કહો, ભીખાભાઈ! ... વાત કહે. આ શરીર સુંદર આદિ જડ અવસ્થા માટીની છે. કહે છે કે

આ અવસ્થા આવી છે માટે આત્મામાં રાગ થાય એમ નથી. અને આ અવસ્થા છે ત્યાં એ સંભાળવાનો રાગ છે, માટે આવી અવસ્થા છે એમ નથી. આહા..હા..! શોભાલાલજી! કહો, સમજાણું કાંઈ? આ ચશ્માની અવસ્થા છે જુઓ આ. અહીં અવસ્થા આમ થાય. એ અવસ્થા પોતાથી છે. આ આંગળીની અવસ્થાથી તે અવસ્થા નથી.

મુમુક્ષુ :- એ નાકના ટેરવાથી છે.

ઉત્તર :- આ ટેરવાની અવસ્થા છે માટે આ અવસ્થા આમ રહી છે એમ નથી. એને કારણે અવસ્થામાં એને કારણે અવસ્થા અટકી છે. આની અવસ્થાથી એની અવસ્થાની નાસ્તિ છે. આરે આરે, ભારે!

મુમુક્ષુ :- એનું કારણ ... નાકની દાંડીનો સહારો ન હોય તો નીચે પડી જાય.

ઉત્તર :- એ નીચે પડવાની અવસ્થા પણ પોતાને કારણે થઈ છે. પરને કારણે થઈ નથી.

મુમુક્ષુ :- પડી જાય.

ઉત્તર :- પડી જાય. પડે શું, પણ પડવાની વ્યાખ્યા શું? પડવાની વ્યાખ્યા શું? જે ઠેકાણે એનું ક્ષેત્ર છે તે ઠેકાણે એની પર્યાય થાય છે. એનું ક્ષેત્ર અહીં હતું? એનું ક્ષેત્ર તો એની અંદરમાં છે અનંત પરમાણુનું ક્ષેત્ર. એ અનંત પરમાણુનું ક્ષેત્ર છે ત્યાં અવસ્થા થયા કરે છે. પછી અહીં હોય કે નીચે હોય કે અહીં હોય. ગમે ત્યાં એ કાંઈ આને લઈને ત્યાં થાય એમ છે નહિ. ભારે ભાઈ! આ શું લખ્યું છે આ? શું કહીએ છીએ આ?

'**સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા...**' તે. બીજું તીર જે છે એ સંધાયેલી અવસ્થામાં રહ્યું છે. એને લઈને આ તીરની સંધાયેલી અવસ્થા નથી. એમ આત્માની એક-એક ગુણની એક-એક પર્યાય જે કાળે જ્યાં થઈ છે તે બીજા કોઈપણ દ્રવ્યની પર્યાયને લઈને નથી. કહો, સમજાણું આમાં? ભગવાન! એની પર્યાયમાં પરથી ... એટલે? પરથી ભિન્ન પોતાનું આસન્ન નાખીને પર્યાય પડી છે. આહા..હા..! મૂળ વસ્તુની ખબર ન મળે અને વસ્તુના ભાન વિના સમ્યગ્જ્ઞાન હોય નહિ, સમ્યગ્જ્ઞાન વિના આગળ વધવાની ક્રિયા ચારિત્રની હોય નહિ. એકડામાં આવ્યો હોય તો આગળ વધવાનું બગડો, ત્રગડો (હોય). પણ હજી એકડામાં આવ્યો નથી એને બગડો, ત્રગડો ક્યાંથી એને આવ્યો? સમજાણું કાંઈ? ઓહો..હો..! પણ એ જ્યાં રહ્યો છે ત્યાં આત્મા પોતાના ક્ષેત્રમાં રહ્યો છે, પરક્ષેત્રને લઈને નહિ, આકાશના ક્ષેત્રને લઈને નહિ. કહો, ભગવાનજીભાઈ! થાણાનું ક્ષેત્ર છે જુઓ, .. ક્ષેત્ર છે, થાણાનું ક્ષેત્ર. જોડાનું ક્ષેત્ર. એકકોર દાણાનું ક્ષેત્ર. જોડાનું ક્ષેત્ર જોડામાં રહ્યું અને દાણાનું ક્ષેત્ર દાણામાં રહ્યું. આહા..હા..! વાત તે પણ. સમજાણું કાંઈ? આનું નામ સમ્યગ્જ્ઞાન અને ભેદજ્ઞાન છે. એની દૃષ્ટિ પોતાના દ્રવ્યની પર્યાય મારામાં છે એવો મારો ધર્મ છે. આ ચાર થઈને એક ધર્મ છે હોં. દ્રવ્યે હું છું, ક્ષેત્રે હું છું, કાળે હું છું, ભાવે હું છું. અને પરના દ્રવ્યથી હું નથી, પરના ક્ષેત્રથી હું નથી અને

પરની પર્યાયને લઈને હું નથી. આંગળી આમ-આમ થઈ માટે ઘડાની અવસ્થા આકાર ધારે છે—એમ નથી એમ કહે છે. કુંભારની અવસ્થા.. આમ પિંડલા ઉપર સરખું આમ થાયને? એ અવસ્થાને લઈને એ ઘડાની આકૃતિની અવસ્થા એવા આકરો થઈ એમ નથી. સમજાણું કાંઈ? રોટલીની અવસ્થા જે થાય છે એની અવસ્થા આમ સરખી ગોળ ચક્કર જ્યારે થઈ એ પોતાને કારણે છે. એ માથે ફરે છે વેલણ, એ વેલણની અવસ્થાને લઈને એ અવસ્થા નથી. વેલણ ઉપર ન મૂકો, જોઈએ. પણ મૂકે કોણ? સાંભળને. આહા..હા..! બડથોલ જેવા છે. આહા..હા..! કહે છે, લોટનો શું કહેવાય ગોરણું-ગોરણું. શું તમારે કહે? ગોરણું હોયને લોટનું? ... લોઈ કહે છે. ભાઈ અમારે છેને હિન્દીના જાણકાર? કહે છે કે આ અવસ્થાને લઈને રોટલીની અવસ્થા નથી. કહો, માળો સાથે દેખાય છેને. જેવો આમ ભીંસ કરે એ લોટ આમ થાય. ગોળ આમ પડ્યું હોય આમ. આમ જ્યાં દાબે તો આમ થાય. ભ્રમ છે અજ્ઞાનીને, સાંભળને. એય..! અરે..! ભારે વાત ભાઈ! .. વેલણ ફેરવે આમ-આમ. એની મેળાએ થઈ જશે રોટલી લ્યો ઓલા એમ કહે છે. ચંદ્રશેખરને ઓલા છેને એક જબલપુરવાળા? અરે..! ભગવાન! શું કરે બાપુ! મશ્કરી આની ન હોય. સમજાણું? સત્‌ની મશ્કરી ન હોય. શું થાય? વાત બેઠી નથીને. .. ચંદ્રશેખર કહે એ લોકોને પૂછો. ફલાણાની સભામાં બધા પૂછો. કંઈ નિમિત્ત વિના થાય? ઉપાદાન લંગડું છે. અરે..! ભગવાન! શું કહે છે? બાપા! આહા..હા..! ચંદ્રશેખર. દૃષ્ટિમાં લંગડો થઈ ગયો. પક્ષઘાત છે. પણ એ તો બિચારાને શરીરની અવસ્થા. .. ભાઈનું સાંભળતા હતા. ... આહા..હા..! ... એ ... ન આવડ્યું માટે એ અવસ્થા થઈ એમ નહિ. આહા..હા..! પક્ષઘાતનું ધ્યાન રાખે. કે ધ્યાનની અવસ્થાથી પરમાં અવસ્થા નહિ. ત્યારે શું કરવું હવે આમાં? આહા..હા..!

બાપુ! તારી અવસ્થા તારામાં એવું લક્ષ કરનાર એને દ્રવ્ય ઉપર લક્ષ હોય છે. કારણ કે એવો ધર્મ છેને એ? એક ધર્મને જોનાર એક ધર્મ દ્વારા પણ આ અવસ્થા દ્રવ્યની છે એમ એણે નક્કી કરીને જ્ઞાન કર્યું છે. એને સમ્યગ્જ્ઞાન અને ધર્મ કહેવામાં આવે છે. શું થાય? જગતને લૂંટે લૂંટાય છે. પંડિતો પણ વાડ વેલાને ખાય. એ પણ શું કરે બિચારા? એ ક્યાં પરની પર્યાય કરે છે ખરેખર તો? સામાની જે યોગ્યતા હોય છે એ એને લઈને એ પર્યાય એને થાય છે. એ પર પંડિતો ઉલટું બનાવે અને વાત કરે માટે એની પર્યાય થાય છે (એમ નથી). એય..! શેઠ! સંભળાવનાર હોય તો શું કરીએ? એ વાત ખોટી પડે છે જુઓ અહીંયાં. એ વખતે ઉંધી પર્યાય પણ પોતાથી થઈ છે. સંભળાવનારા ઉંધા મળ્યા માટે થઈ છે એમ નથી. ભારે વાત! વીતરાગમાર્ગ એવો છે. આહા..હા..! ક્યાંય નજર ઠરે એવી કોઈ ચીજ જ નથી કહે છે. તારા માટે નજર ઠરે એ તો તું છો. આહા..હા..! એમ કહે છે ભાઈ! સમજાણું કાંઈ? ક્યાંય ઉલ્લાસિત વીર્ય અનુકૂળ પરચીજને દેખીને શરીરની સુંદરતા, મકાનની ચમકતા, દાળ, ભાત આદિની આહારની.. અનેક પ્રકારના થનગનાટ... ભગવાન! એ તો જડની

અવસ્થા પ્રભુ! છેને? એ અવસ્થા તારે લઈને થઈ નથીને. અને એ અવસ્થાને લઈને તને ત્યાં ભાવ થાય છે એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આમ દુકાનમાં સરખી ગોઠવણી કરી હોયને માલબાલ આમ. દરરોજની પેદાશ દશ-દશ હજારની. આહા..હા..! પ્યાલા ફાટી જાયને મગજના. આહા..હા..! આજ તો દશ હજાર પેદા કર્યા. પણ પેદા શું કર્યું? તારામાં ક્યાં આવ્યું? સાંભળને. તને થઈ મમતા. એ મમતાની અવસ્થા તારે લઈને છે. એ લક્ષ્મી આવી એને લઈને નહિ. શોભાલાલજી!

મુમુક્ષુ :- એ તો આવીને પણ?

ઉત્તર :- ઈ હતી કોણ? અમરચંદભાઈ આ બે ભેગા રાખે છેને ત્યાં. પૈસા ભેગા કરવા ત્યાં જાય છેને કાનપુર? ભગવાનદાસ ત્યાં જાય. કહો, સમજાણું? આહા..હા..! ભારે વાત ભાઈ! કહો, ભાઈ! આજ એક લેણું હતું પાંચ લાખનું. આ એક દિ'એ લાખ આવી ગયા લ્યો. તો એને લઈને હરખ થાય કે નહિ? પણ એ મમતાના હરખની પર્યાય એ લક્ષ્મી આવી માટે નહિ? એમ કહે છે. એના પોતાથી થયેલી અવસ્થા છે. એ અવસ્થાનો તો આમાં અભાવ છે. દેવીલાલજી! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ન આવતી એટલે? આવવાનો કાળ છે તો આવ્યા વિના રહે નહિ. એ એનો સ્વકાળ છે. એ આના પુણ્યને લઈને આવે છે એમ પણ નથી. પણ પુણ્યના પરમાણુ છે એ પર્યાય ભિન્ન છે. આ પરમાણુ પર્યાય ભિન્ન છે. એનું નિમિત્ત કોણ હતું એ જ્ઞાન કરાવે છે. પુણ્યને લઈને પર્યાય ક્યાં પૈસાની આમ આવી છે અહીં? સમજાણું? આમ ગણવા માંડેને આમ એક હજાર, બે હજાર, ત્રણ હજાર. ઝાઝા હોય લાખ તો .. ગણતા હોય. ત્યાં ચેક કરતા હશે. એક લાખનો ચેક. લાખનો ચેક, આ બે લાખનો, દશ લાખનો, વીસ લાખનો. આહા..હા..! આ લેવા આવ્યા ચેક તમારે ઘરે. અરે..! ભગવાન! એ તો જડની પર્યાય છે. જડની પર્યાય તારા પુણ્યને લઈને નહિ અને તારે લઈને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જયંતિભાઈ! સમજાય છે આ? ભારે વાત આ!

બીજો જીવ અને શરીર આમ બચે છે એટલે બીજો જીવ ત્યાં છે, આ હાથ રાખીને બેઠો છે માટે બચે છે એમ છે નહિ. એમ કહે છે. એની જે બચવાની પર્યાય છે એ પરને લઈને પર્યાય થઈ છે એમ નથી. આહા..હા..! ભાઈ કહે છેને કે અમે પૈસાવાળા કાંઈ અમારા માટે રળીએ છીએ? માણસોને નભાવવા માટે રળીએ છીએ. બે, પાંચ, દશ હજાર રોટલા ખાય. મૂઢ છો? માળા મૂર્ખ! એય..! પોપટભાઈ! શેઠને મૂર્ખ કહે અહીં તો. પરને અમે નભાવીએ છીએ. ધૂળેય નહિ. એની પર્યાય એનાથી છે. તારી પર્યાયને લઈને એની પર્યાય છે? કેમ હશે બખાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો નિમિત્તથી કથન છે. ઠીક કરી વાત. એને સમજવાની લાયકાત હોય ત્યારે એવું નિમિત્ત છે. પણ નિમિત્તને લઈને પર્યાય થઈ છે એમ નથી. આહા..હા..! એક કુંચીએ આખું તાળું ખુલી જાય એવું છે. ત્યાં કાંઈ હથોડા મારવા ન જોઈએ. ત્યાં કુંચી એવડી મોટી ન જોઈએ. તાળા જેવડી કુંચી હોય? નાની ચાવી હોય. ફટ નાખીને આમ કરે ત્યાં આખું તાળું ખૂલે. લ્યો! .. કહેવાય ઈ? ... આહા..હા..!

અહીં તો કહે છે, ભાઈ! તું તારી પર્યાય સ્વદ્રવ્યની કોઈપણ જ્ઞાનની, દર્શનની, ચારિત્રની, આનંદની, અસ્તિત્વની, વર્તમાન અસ્તિત્વની ગુણ છે એનો પર્યાય છે એ પણ પોતાને લઈને પર્યાય છે. હોવાપણાની પર્યાય છે એ પોતાને લઈને છે. બીજાને હોવાપણાને લઈને આની હોવાપણાની પર્યાય છે એમ નથી. એટલે એને તો જોવાનું રહ્યું દ્રવ્ય, ગુણ અને પર્યાય પોતામાં. એને પરમાં જોવાનું ન રહ્યું. શું કહ્યું? '**સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા...**' તીર. પણ રહ્યું છેને.

મુમુક્ષુ :- એ તો પોતામાં રહ્યું છે.

ઉત્તર :- પણ એ પોતાને લઈને રહેલું છે. પરની અવસ્થાને લઈને છે નહિ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક કુંચીએ તો અનંતા દ્રવ્યની એક સમયની પર્યાય સ્વકાળે પોતાથી થાય. આઘા-પાછા .. પછી પણ નહિ એમ વાત છે આમાં તો. પછીના સ્વકાળે બીજો કાળ, પછીનો પછી, પહેલામાં પહેલો કાળ. એમ બતાવે. અહીં તો અલૌકિક વાત છે ઓહો..હો..! સમજાણું કાંઈ? સારી દવા કે ખોરાક ઉંચો મેસુબ ને સાલમપાક, એની પર્યાયને લઈને શરીરમાં લાલપની પર્યાય થાય નિરોગતાની—એમ ના પાડે છે. પાક ખાય છે કોણ? એ તો જોવે છે. જોવે છે કે આમ થાય છે. એ માને છે. એ તો માન્યતા થઈ. સમજાણું કાંઈ? એ ત્રીજો બોલ થયો. ત્રીજા બોલમાં આખો મોટો ફેર છે અત્યારે લ્યો! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ, એક કહે, નિશ્ચયથી છે કર્મ અને આત્માની સાથે. હમણાં દેખાડ્યો કોકને. વ્યવહાર નહિ, કર્મની સાથે નિમિત્ત સંબંધ વ્યવહાર નહિ. બીજાની સાથે નિમિત્ત સંબંધ એ વ્યવહાર. ઠીક! લેખ મોટો લખ્યો. બધા ડહાપણ હવે કરવા માંડ્યા બધા ત્યાં .. લખાણ. અહીંનું... આહા..હા..! કોકમાં લખાણ છેને. કોક હશે. જુઓ, નિમિત્ત-નૈમિત્તિક કર્મની સાથેનું નિમિત્ત સંબંધ નિશ્ચયથી છે. એટલે કે કર્મનો ઉદય જે આવે એ પ્રમાણે વિકાર થાય. અહીં ભગવાન ના પાડે છે. કે આત્માની વિકારી અવસ્થા... આ આવું જાણે એ તો જ્ઞાનીની વાત છેને. અજ્ઞાનીને તો ખબર નથી.

કહે છેને કેટલાક? ભાઈ! સમકિતીને તો રાગ કરવાનો ભાવ નથી તો એ રાગ ક્યાંથી આવ્યો? કર્મ વિના કેમ આવે? સમકિતી ક્ષાયિક સમકિતી છે શ્રેણિક રાજા. એને નરકમાં જવાનો ભાવ નથી, પણ નરકમાં જવાની અવસ્થા કર્મને લઈને થાય છે. અહીં કહે છે કે સોએ સો ટકા તારી શ્રદ્ધા જૂઠી છે. આહા..હા..! ભારે કામ! એ વખતનો એની દ્રવ્યની

પર્યાયનો આમ ગતિ કરવાનો .. તરફનો એ પર્યાય પોતાથી છે. એ આનુપૂર્વી પ્રકૃતિ કે આયુષ્યની પ્રકૃતિને કારણે આ પર્યાય છે એમ છે નહિ. આહા..હા..! ભારે વીતરાગમાર્ગની કુંચી ટૂંકી અને મહાગંભીર. લોકોને સાંભળવા મળ્યું નહિને એટલે લોકો કહે, એકાંત છે... એ એકાંત છે. એને બહુ ટૂંકુ અત્યારે કરી નાખ્યું છે. એ ટૂંકું કરી નાખ્યું છે. એ એકાંત છે. ઠીક ભગવાન! તે ઠીક કર્યું કહે. બાપુ! આ કોઈ શરણ નહિ થાય તને. આહા..હા..! શરણ નહિ થાય. તું આ માનીશ તોપણ નહિ થાય બાપુ! આહા..હા..! એ પક્ષઘાત થાય અને આઠ-આઠ દશ-દશ વર્ષ સુધી પીડાવું પડે એ એને લઈને નહિ. આહા..હા..! પણ એણે તો એમ માન્યું છે કે આ અનુકૂળતા છે એ મને ઠીક છે. ભગવાન કહે છે, પણ ઠીક માન્યતા છે એ તારી તારે લઈને છે. પરને લઈને નથી. અને એ માન્યતા છે તો મિથ્યાત્વ છે. અહીં એ વાત નથી.

અહીં તો જ્ઞાનીને રાગનો એક ધર્મ થાય દયાનો, દાનનો વિકલ્પ આવે, કહે છે કે એ વિકલ્પની અવસ્થા સ્વને લઈને છે. પૂર્વે વિકલ્પ હતો માટે વિકલ્પ આ સ્વકાળ થાય એ પૂર્વનો કાળ ગયો અને આ કાળ ભિન્ન છે. અને કર્મનો એવો તીવ્ર ઉદય આવ્યો માટે ત્યાં આગળ રાગ જ્ઞાનીને પણ આવે-એમ છે નહિ. રામચંદ્રજી જેવા પુરુષોત્તમ પુરુષ, ચરમશરીરી-તે ભવે મોક્ષ જનાર કેવળજ્ઞાન પામીને જુઓ! છેને અંદર? લક્ષ્મણને અને બેને એટલો પ્રેમ. કે દેવતાએ પરીક્ષા કરી. લક્ષ્મણજી બેઠા હતા, વાસુદેવ છે હીરાના સિંહાસન ઉપર અને એના મહેલમાં કાંઈ રામચંદ્રજી ન હોય. રામચંદ્રજી બીજા મહેલમાં હતા. રાણીઓનું મોટું સ્થાન.. એ તો દૈવી પુરુષો. દેવે પરીક્ષા કરી કે આટલો બધો પ્રેમ હશે બેને? લક્ષ્મણજી! રામચંદ્રજી સ્વર્ગવાસ પામ્યા. એમ દેવે કહ્યું. જુઓ આ રોવે રાણીઓ. દેવે કર્યું કોલાહલ. હે રામ! રામ ન બોલી શક્યા. દેહ છૂટી ગયો. દેવે કર્યું માટે એમ થયુંને?

એની પર્યાયનો એ કાળ છે. આહા..હા..! ભારે કામ! હે રામ! રામ ન બોલી શક્યા. બહુ પ્રેમ હતોને. રામચંદ્રજી અને લક્ષ્મણજીને બહુ પ્રેમ. બે ભાઈઓને વાસુદેવ-બળદેવને. સાંભળી ન શક્યા. લક્ષ્મણજી! રામચંદ્રજી સ્વર્ગે સીધાવ્યા. એમ જ્યાં કહ્યું ત્યાં હે રામ! થઈ રહ્યું. સિંહાસનમાં ઢળી ગયું શરીર. આયુષ્ય પૂરું થયું માટે એમ થયું કે નહિ? અને એનો રાગ આવ્યો માટે એમ અવસ્થા થઈ કે નહિ? બધું જુદું-જુદું. ... ભાઈ! મારી નાખ્યા. ઈર્ષ્યા કરવા ગયા તો આ થઈ ગયું. એ છ મહિના સુધી ઉપાડ્યા. રામચંદ્રજીને ખબર પડે છે કે લક્ષ્મણ મરી ગયા. આવ્યા મહેલમાં. ભાઈ! આ શું લોકો કહે છે? કે ભાઈ! ચારિત્રમોહનો ઉદય રહે છેને એને એટલે એને પર્યાય હજી થાય છે. ચારિત્રમોહ ગયો છ મહિને, છ મહિને ... સમાધાન થયું. એમ છે નહિ. ભારે વાત! એના પર્યાયને કાળે... આહા..હા..! તો ક્રમબદ્ધ થઈ ગયો? પણ ક્રમબદ્ધ જ છે. સાંભળને માળા તું ન માન તો કાંઈ બીજું આડુઅવળું થઈ જતું હશે? અને ક્રમબદ્ધ માનનારની દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે અહીં કીધુંને. એ ધર્મને

જાણનાર. આ કાળે આ થયું એમ પરને લઈને નહિ એને જાણનારની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા છું એ ઉપર દૃષ્ટિ છે. એને આ ધર્મ આ મારાથી થાય અને મારામાં છે એમ ઈ માને છે. પરને લઈને જરીએ મારામાં રાગ છે નહિ. પ્રેમ હતો માટે આ રાગ થાય છે એમ પણ નથી. સમજાણું કાંઈ? પોતાને સમયની પર્યાયમાં તે કાળે... ઓહો..હો..! એના જ્ઞાનમાં બેસવું જોઈએ. સમજાણું કાંઈ? ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બળજબરીથી જરીએ નહિ થાય એમ કહે છે. .. અભિપ્રાય નથી એટલે અસ્થિરતાની પર્યાયની યોગ્યતા એની પોતાની છે. શ્રદ્ધા પૂરી થઈ માટે ચારિત્રગુણ પૂરો થઈ જાય. એવો કાંઈ મેળ છે બે બોલને? સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો ત્રીજામાં જ આ બધા દાખલા થયા. ત્રીજામાં જ દાખલાનું ડહાપણ કરવા જેવું છે. આહા..હા..! બધું ઉડી જાય. આ બોલમાંથી તો ક્રમબદ્ધ સિદ્ધ થાય, નિશ્ચય પર્યાય સિદ્ધ થાય, વ્યવહાર કાંઈ કરે નહિ એમ સિદ્ધ થાય, સમજાય છે? નિશ્ચય અને વ્યવહાર બે છે એમ સિદ્ધ થાય, ઉપાદાન, ઉપાદાનમાં નિમિત્ત કાંઈ કરતું નથી અને ક્રમબદ્ધ સિદ્ધ થાય. પાંચેય બોલ આ બોલમાં સિદ્ધ થઈ જાય છે. એ વાંધા છે સોનગઢવાળા સાથે લોકોને. એય..! ઉપાદાનથી થાય. નિમિત્તનો નકાર કરે છે. એ પોતાથી થાય અને નિમિત્તથી કાંઈ ન થાય લ્યો! હવે રાગ છે માટે અહીં ધર્મની પર્યાય હોય, બિલકુલ ન થાય કહે. નિશ્ચયની પર્યાય પોતાથી થાય, રાગની રાગને લઈને થાય. વ્યવહાર-નિશ્ચય બે સ્વતંત્ર થઈ ગયા. અને જે કાળે જે પર્યાય થવાની તે થાય ત્યાં ક્રમબદ્ધ આવી ગયું. આહા..હા..! પણ એની દૃષ્ટિ ક્યાં છે? આ કાળે જ મારો પર્યાય આ થયો એમ જોનાર દ્રવ્યને જોવે છે. એક ધર્મને જોતો નથી. એક ધર્મને જોવે તોપણ દૃષ્ટિ ત્યાં શુદ્ધ ચૈતન્ય ઉપર છે અને બધા ધર્મને જોવે એકસાથે તોપણ દૃષ્ટિ તો (ત્યાં જ છે). એ પાછળ આવશે. પાછળ આવશે. છેને શ્લોક? જુઓ, '**स्यात्कारश्री**' જુઓ, ૧૯મો કળશ છે. આમાં ૫૦૨ પાનું છે. પાનું. '**આ રીતે સ્યાત્કારશ્રીના વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે...**' છે અંગુઠો ત્યાં છે ૫૦૨. આવ્યું કે નહિ? ઈ. '**આ રીતે સ્યાત્કાર...**' એટલે કથંચિત્ એક ધર્મ પોતાથી છે, અનંત ધર્મનો પિંડ છે આખો એ બધો. '**વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે જુએ તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.**' સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાનમાં આખો ચૈતન્યમૂર્તિ આ રીતે માને. પર્યાયમાં માને છે કે દ્રવ્ય આવું શુદ્ધ છે. એમ જાણે ત્યારે એને સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ શ્રુતજ્ઞાન થયું કહેવાય. આ રીતે ન માને, ઉલટું માને એને મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શન છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૦, સોમવાર, તા. ૦૬.૧૦.૧૯૬૯**
**નય-૪ થી ૧૧, પ્રવચન-૨૬૩**

આ પ્રશ્ન હતોને કાલે. નાસ્તિથી ભિન્ન કહ્યો છે. એની ને એની અપેક્ષાએ ધર્મ. પહેલું તો દ્રવ્ય આવ્યુંને? દ્રવ્યને ધર્મ કીધો છેને? ત્રિકાળી રહે તે દ્રવ્ય. અરે..! આ કરવાનું છે, મૂકને પડતું બધું. ઓલા ... કરે છેને. ત્યાં ગોતવા કરતા અહીં ગોતને. આહા..હા..! વાંધા જગતને એટલા છે. ... એમ કહે છે જુઓ, આ આકાશમાં .. એમ કહે છે ચંદ્રને. અંદરમાં.. બહાર આકાશની વાત નહિ. .. નહિ મળે. એમ કાંઈ મળે? .. કાંઈ? અજબ-ગજબની વાત છે. અહીં .. એમ કરીને ખોટા પાડવા સામાને. લોકોને ક્યાં મધ્યસ્થતા છે?... લ્યો! કે ..નો અર્થ કેવો કર્યો વેદાંતમાં? વિદ્યાનંદજીએ બીજો કર્યો. ... કેમકે પછી એને એ.. ભગવાને એમ કહ્યું શાસ્ત્રમાં કે .. છે એ પશુવધના કરનારા છે. એમ કરવું છે તમારે? પશુવધ.. એમ પાઠ છેને શાસ્ત્રમાં? વેદ પશુવધના ઉપદેશ કરનારા છે. એમ કહ્યું છે ત્યારે તમારે પશુવધનો અર્થ બીજો કરીને આ લોકોને ખોટું પાડવું છે? એમ કરીને ખૂબ આવ્યું. સ્થાનકવાસીમાં છેને. અરે..! ભાઈ! જેમ છે એમ રહેવા દે. એને .. આત્માને જોને હવે. અકસ્માત થતાં ચાલ્યો જશે. .. શ્રીમદ્ એમ કહ્યુંને લ્યો અધ્યાત્મની દૃષ્ટિએ.. એ કઈ રીતે મળે? મળે શી રીતે? અસંખ્ય જીવ છે, ચંદ્ર, સૂર્ય છે, એના ..ની સંખ્યા છે, આયુષ્ય છે. બધી સ્થિતિ જેમ હોય એમ જાણવું જોઈએ. .. આપણે મેળવી શકતા નથી એટલે કરીને શાસ્ત્ર ખોટાં એમ પણ નથી. સમજાણું કાંઈ? ભારે જગતને. .. એને પકડવું કઠણ પડે જગતને. સમજાણું? ધન્નાલાલજી! ક્યાં ગયા તમારા? ...

આ આત્મામાં અનંત ધર્મ છે. ધર્મ એટલે ભાવો. .. ધર્મ હશે. દ્રવ્યસ્વભાવરૂપ ધર્મ, પર્યાય સ્વભાવરૂપ ધર્મ એવા-એવા અનંતા ધર્મોને ધારી રાખેલો એ આત્મા છે અને એ ધર્મ એક-એક નયથી (જણાય) છે અને તે આખા અનંત ધર્મને જાણનાર શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાન દ્વારા, એક નય દ્વારા એક ધર્મને જોતાં પણ શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છે એમ અંદર .. પડે. સમજાણું કાંઈ? આ અનંત ધર્મને જોતા પણ એક ચૈતન્યમૂર્તિ છે. પર્યાયમાં છે એવું જ્ઞાનમાં લક્ષ કરે. પર્યાયમાં રાગ છે એ લક્ષ કરે .. છે એમ. પણ એમાં દૃષ્ટિ જાય ત્યાં. સમજાણું કાંઈ? તેથી લીધું છેને અંદર? શુદ્ધ ચૈતન્યને એક ધર્મ કીધો હતો ઈ અને અનંત ધર્મ .. અર્થ પણ પર્યાયમાં ખ્યાલમાં હોય. રાગ છે, નિર્મળતા છે. અસ્તિત્વ છે. નયનો ખ્યાલ છે, પણ એને જોઈને જોવાનું છે તો અંદરમાં. શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ છે એની દૃષ્ટિ કરીને અનુભવ લેવો એ એનું કર્તવ્ય અને એ ધર્મી છે. બધી લાખ વાતની વાત આ વાત છે. શોભાલાલજી!

હવે અહીંયાં ચોથો કીધો જુઓ, '**આત્મદ્રવ્યે...**' ફરીને લઈએ ચોથો બોલ. '**નાસ્તિત્વનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું છે;...**' કોની પેઠે? '**અલોહમય,...**' બીજું તીર લોહમય છે, પણ આ તીર તે લોહમય નથી. એ અપેક્ષાએ અલોહમય કહ્યું. અલોહમયનો અર્થ એવો નથી કે ઈ લોઢાવાળું નથી અને સોનાવાળું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અલોહમય,...**' લોહમય બીજું છે એવું આ લોહમય નથી. '**દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા,...**' બીજું જે તીર છે એ દોરી અને અંતરાયમાં રહેલું ક્ષેત્ર છે. એ રીતે આમાં નથી. એ ક્ષેત્ર આમાં નથી. એથી આટલું તે અંતરાળમાં નથી. એમ અંતરાળમાં નથી એટલે બીજે છે એમ નહિ. સમજાણું કાંઈ? દોરીને ઓલામાં કહ્યુંને આ? અંતરાળમાં નથી. એટલે અહીં અંતરાળમાં નથી અને ખુણે છે અને બીજે છે એમ નથી કાંઈ. બીજું જે અંતરાળમાં છે એ રીતે અહીં નથી. એથી એને અંતરાળમાં નથી એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..!

ત્રીજું. '**સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા...**' એક સમયની અવસ્થા છે અનંતગુણની દરેકની. એ સમય સમયની અવસ્થા, એ સંધાયેલી અવસ્થા જેમ બાણની છે એમ એ અવસ્થા છે. પણ એ અવસ્થા બીજાની છે એવી અવસ્થા ઈ અહીં નથી. એથી '**સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા...**' સમજાણું કાંઈ? આ ત્રણ સુધી તો આવ્યું હતું. પરની પર્યાયને લઈને આ પર્યાય નથી એમ કહે છે. .. કહેતા હતા. આહા..હા..! પરની પર્યાયને લઈને અથવા એ પર્યાય અહીં નથી. એટલે એ પર્યાયને લઈને અહીં નથી એમ. આવું તો સ્પષ્ટ છે. દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ પોતાની પર્યાય પોતાથી છે અને બીજાની પર્યાયથી તે પર્યાય નથી, બીજાની પર્યાયથી તે પર્યાય નથી. જેમ પોતાથી છે તેમ પરથી હોય તો તો બે એક થઈ જાય. પોતાથી પર્યાય છે અને પરથી પણ હોય તો બે એક થઈ જાય. સમજાણું કાંઈ? એમ પોતાથી પર્યાય છે એ પરથી પર્યાય નથી.

જુઓ, '**સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા...**' પણ છેને? નહિ રહેલા, પરની અપેક્ષાએ નહિ રહેલું. આહા..હા..! ભારે! અનંતા દ્રવ્યના ભાવ. આ તો આત્માની વાત છે અત્યારે. અનંતા દ્રવ્યની જે સમયની જે પર્યાય છે તેનાથી તે સ્વકાળે છે, પરનો સ્વકાળનો પર્યાય તે તેમાં નથી. એમ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે ચોથો બોલ. '**અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક.**' બીજું જે તીર છે તેના લક્ષની સન્મુખ છે ઈ અને આ પણ લક્ષની સન્મુખ છે. પણ આ લક્ષની સન્મુખ છે એ રીતે આ નથી. એટલે એની અપેક્ષાએ '**અલક્ષ્યોન્મુખ...**' છે. કે જે ભાવ છે અંદરનો ભાવ ઈ એ જ સમયે આવવાવાળો ભાવ છે. એ સમયે પર્યાય જે આવે છે એ વાળો એ ભાવ છે. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? એક જે ભાવ છે એ લોઢાનો ભાવ, ભાવ હોં. એ ભાવની જે પર્યાય આવી છેને એ પર્યાયની સન્મુખ એ ભાવ છે, પણ બીજાના ભાવની અપેક્ષાએ આ ભાવ સન્મુખ છે નહિ. સમજાણું કાંઈ? '**અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના**

**તીરની માફક.'** સામાન્ય અવસ્થા ભાવની અપેક્ષાએ જાણવું ... બીજાના ભાવ છે એ ગુણી છે. .. જે ભાવ એવો છે કે એ પર્યાયની સન્મુખ થયો છે અને એ ભાવ આમ પરિણમવાનો આમ થયો. એ રીતે અહીં નથી. એ ભાવ અહીં નથી. સમજાણું કાંઈ?

'**(જેમ પહેલાંનું તીર અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાથી અલોહમય છે,...**' ખુલાસો કર્યો છે ભાઈએ. '**અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી દોરી ને કામઠાના વચગાળામાં નહિ રહેલું છે, અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે...**' જુઓ, '**અને અન્ય તીરના ભાવની અપેક્ષાથી અલક્ષ્યોન્મુખ છે, તેમ આત્મા નાસ્તિત્વનયે...**' ભગવાન આત્મા પરદ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય છે, પરક્ષેત્રની અપેક્ષાએ અક્ષેત્ર છે, પરની પર્યાયના સ્વકાળની અપેક્ષાએ અકાળ છે અને પરના ભાવની અપેક્ષાએ અભાવ છે. આવું વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો આત્માનો બીજો ધર્મ કીધો આ. આ એક જ ધર્મ હોં. પરપણાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવો નથી એવો એક ધર્મ. ચાર નહિ. ચારનો થઈને એક. નાસ્તિપણે એક ધર્મ. બે ધર્મ થયા. હવે એવા-એવા પાંચ છે બીજા. એ લાંબો ઘણો વિસ્તાર. એનો વિસ્તાર.. એ પ્રમાણે સમજી લેવું. એ થોડું ટૂંકું કરીએ જુઓ ત્રીજો ધર્મ.

(૫) '**આત્મદ્રવ્ય અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ...** ' ક્રમે '**સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વ-નાસ્તિત્વવાળું છે;...**' સમજાણું કાંઈ? આત્મદ્રવ્ય અસ્તિત્વ પોતાથી છે, નાસ્તિત્વ પરથી (નથી) એ ક્રમશઃ કહેવા જાઓ, ક્રમશઃ કહેવા જાઓ તો સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વ છે અને પરદ્રવ્યના ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વ એક સાથે છે. પણ ક્રમે. પ્રથમ ક્રમશઃ કીધુંને. ધર્મ એક સાથે છે. ક્રમે થાય. સમજાણું? .. બધું ઉતાર્યું. એ ક્રમે લેવું એટલો ફેર છે.

છઠ્ઠો. (૬) અવ્યક્તનયે યુગપદ્ લઈ લેવા. સ્વથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પણ છે અને પરથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે નથી એવા એક સમયના બે ધર્મ છે. સમજાણું કાંઈ? એક સમયે બે. તો એક સમયે બે કહી શકાય કે નહિ? કે અવ્યક્તવ્ય છે-કહી શકાતું નથી. કહી શકાતો નથી એવો એક સાથે ધર્મ છે. .. ધર્મ ભારે છે. દ્રવ્યમાં છે. નહિ કહી શકાય એવો પણ એક.

(૭) એમ '**આત્મદ્રવ્ય અસ્તિત્વ અવક્તવ્યનયે...**' છે અને નહિ કહી શકાય એવા એક સાથે એક ધર્મ થયેલો. સ્વથી છે અને સ્વપરથી એક સાથે કહી શકાય નહિ. એવો પણ એક ધર્મ છે. આ અર્થ બીજો.

(૮) આઠમો. 'આત્મદ્રવ્ય નાસ્તિત્વઅવ્યક્તનયે પરથી નથી અને બેનું એક સાથે કહેવા જાય તો કહી શકાય નહિ. માટે '**નાસ્તિત્વ-અવક્તવ્યનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વ-પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું અવ્યક્ત્વ છે.** ' હવે છેલ્લું

(૯) '**આત્મદ્રવ્ય અસ્તિત્વ-નાસ્તિત્વ-અવકતવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી,**

**પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું-નાસ્તિત્વવાળું-અવક્તવ્ય છે;...'** સ્વથી છે એક અસ્તિ. પરથી નથી તે નાસ્તિ. બે એક સાથે થયા. અને એક સાથે કહી શકાય નહિ એવો ત્રીજો થયો. એમ થઈને એ એક ધર્મ છે. ત્રણ થઈને એક ધર્મ છે. એવા સાત ધર્મ છે. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ સિવાય આ વાત બીજે છે નહિ. ત્રણ કાળ, ત્રણ લોક જેણે એક સમયમાં જોયા છે. એવું એનું સામર્થ્ય છે. કે જેના આવા સામર્થ્ય દ્વારા દ્રવ્યને જોવે એની ભ્રાંતિ ટળે અને અસ્થિરતા ટળે. આ તો ભ્રાંતિ ટળ્યા પછીની વાત છે. પણ આ રીતે જેને જોવે તેની ભ્રાંતિ ટળે અને અસ્થિરતા ટળે એવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ ધર્મ છે. બાકી બધી સમજવા જેવી વાતું છે. વિકલ્પની, વ્યવહારની વાતું આવે. વ્યવહાર છે ખરો અંદર. ઈ લોકોને નડે. ભગવાનની પ્રતિમા ઈન્દ્રોએ કીધી નથી. ઈન્દ્રો તો ભાવ પૂજા કરતા. અરે..! ઈન્દ્રો દ્રવ્યની-ભગવાનની પૂજા કરતા એ પણ રાગ છે સાંભળ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શાશ્વત ભગવાન, કીધું, શાશ્વત તીર્થંકર બિરાજે એની પૂજા કરે તો એટલો રાગ છે. પણ .. આગ્રહ ..જીવને. આમ માથું ફરી જાય. અભિપ્રાય જે બાંધ્યો હોય. ભગવાનની પ્રતિમાને પૂજવું નહિ એમ કહે. પૂજવાનો ભાવ એ તો એકાંત છે. ચોથા ગુણસ્થાનવાળો એમ ન કરે એમ કહે. ચોથા ગુણસ્થાનની ખબર પણ નથી તને. સમજાણું કાંઈ? એય..! ચોથા શું, છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ હોય છે મહાસંત વીતરાગી ગણધર, એને પણ એવો એ વિકલ્પ આવે છે એવો એ પર્યાયનો ધર્મ છે એમ કહે છેને રાગને. એને જાણતા છતાં એ ભગવાનની પૂજા તરફનું લક્ષ એનું જાય છે ગણધરનું. ગણધર.. દ્રવ્યપૂજા ન હોય એને, મુનિ છેને. સમજાણું કાંઈ? એકાંત તાણે તો મિથ્યાત્વ પોષાય છે. એવી વાત છે. એય..! ભગવાનજીભાઈ! ભારે આકરું કામ. જગતને છૂટવું. બંધનના છ ખંડના પ્રકાર અનંત અને છૂટવાનો એક પ્રકાર. દ્રવ્યનો આશ્રય લેવો અને પર્યાયમાં રાગ હોવા છતાં તેને જાણવો એ એક જ પ્રકાર છે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- જગત માટે ગૂંચવાડો છે.

ઉત્તર :- જગતને ગૂંચવાડો છે ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- આહારક શરીર હોય તોપણ એવો ભાવ હોય છે?

ઉત્તર :- આહારક શરીર હોય તો ભગવાનને વંદન કરવા. આહારક શરીરવાળો ચૌદ પૂર્વનો ધરનાર તીર્થક્ષેત્રે જાય છે. એને ખબર ક્યાં છે? સમજાણું કાંઈ? ચૌદ પૂર્વનો ધરનાર આહારક શરીર... આવે છેને ગૌમ્મટશારમાં. તીર્થયાત્રા માટે જાય. .. જાય એ તો હોય છે. આ તીર્થયાત્રા માટે જાય છે. તીર્થયાત્રામાં ભગવાન બિરાજે છે? પ્રતિમા હોય ત્યાં નંદીશ્વર દ્વીપ ત્યાં પણ દેવ જાય. મુનિ ન જાય. .. છેને અઢી દ્વીપમાં. .. ક્ષેત્ર પર્વત ઉપર .. મુનિ છે. વીતરાગ

.. લોકમાં કોઈ દિ' ત્રણ કાળમાં ખાલી ન હોય. વીતરાગ સર્વજ્ઞ સિવાયનો ત્રણ લોક કોઈ દિ' ત્રણ કાળમાં ખાલી ન હોય. ત્રણ કાળ, ત્રણ લોકમાં સર્વજ્ઞ ન હોય એવો કોઈ દિ' કાળ ખાલી ન હોય. એમ ભગવાન પ્રતિમા વિનાનો કાળ કોઈ દિ' જગતાં ખાલી હોતો નથી. માળા વસ્તુ સમજે નહિને. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! ભારે આકરું કામ! 'જેનો પક્ષ લઈને બોલું એને મનમાં સુખ માણે, જેનો પક્ષ મૂકીને બોલું તો ઉં..હું... ઉં..હું...' એમ ન હોય. એવું .. થઈ ગયું છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રાયશ્ચિત્ત કરે એ વાત. આવે-આવે એટલી વાત છે. આવે છે એ ખરેખર દ્વૈતપણું છેને? ... ભાઈએ લખ્યું હતુંને એ માટે. પ્રકાશ હિતેષીએ લખ્યું છે. એનો અર્થ કે આ તો એ રાગ છેને? પણ રાગ છે એ છેદવા જેવો છે કે રાખવા જેવો છે? આહા..હા..! તે ક્ષણે .. એક નયે. જે વખતે થાય છે તે જ વખતે એને હેયપણું વર્તે છે. લ્યો, નવ ધર્મ થયા. અસ્તિ આદિના સપ્તભંગીના સાત અને એક દ્રવ્ય અને પર્યાય. નવ થયા નવ. નવ છેને પહેલા દ્રવ્યધર્મ છે, પર્યાય ધર્મ બે પહેલા આવી ગયા.

હવે આ દશમો ધર્મ. છે એક સાથે હોં, આ તો સમજાવવામાં ક્રમ પડે છે. **'આત્મદ્રવ્ય વિકલ્પનયે, બાળક, કુમાર અને વૃદ્ધ એવા એક પુરુષની માફક,...'** પર્યાયમાં એમ આવ્યું હતું કે આમ જ્ઞાનદર્શન આમ આવ્યું હતું, આમ જ્ઞાનદર્શન. આમાં વિકલ્પને ભેદે આમ આવ્યું. બાળ, યુવાન અને વૃદ્ધ આમ કાળક્રમે થાય એને આમાં નાખ્યા છે ભેદનયે. **'આત્મદ્રવ્ય વિકલ્પનયે, બાળક, કુમાર અને વૃદ્ધ એવા એક પુરુષની માફક, સવિકલ્પ છે (અર્થાત્ આત્મા ભેદનયે,...'** ભેદ નામ વર્તમાન આમ ભેદ નહિ, આમ ભેદ લેવો. સમજાણું કાંઈ? આમ દર્શન-જ્ઞાન-ચારિત્ર આમ છે તે પર્યાય(નય)માં લીધી છે ઈ આમ આણે લેવું. ઉર્ધ્વ. **'પુરુષની માફક, (અર્થાત્ આત્મા ભેદનયે, ભેદ સહિત છે, જેમ એક પુરુષ, બાળક, કુમાર અને વૃદ્ધ એવા ભેદવાળો છે તેમ).'** આત્મા તો એક પુરુષ તો એ છે, પણ બાળક.. એમાં અમુકદશા, પછી અમુકદશા, પછી અમુકદશા એવી દશાવાળાને એ ભેદ ગણવામાં એવો પણ એક એનો ધર્મ છે. સમજાણું કાંઈ?

**'આત્મદ્રવ્ય વિકલ્પનયે, બાળક, કુમાર અને વૃદ્ધ એવા એક પુરુષની માફક, સવિકલ્પ છે...'** ભેદ સહિત છે. કેમકે એનો ધર્મ છે એ. કોઈ કહે કે આત્મદ્રવ્ય એકાંતે અભેદ જ છે. કહે છેને કેટલાક. ... કીધુંને (સમયસાર) સાતમી ગાથા, જયસેનાચાર્યની (ટીકામાં કે આત્મા ભેદાભેદસ્વરૂપ) છે, વ્યવહાર અને નિશ્ચયનયે. અને (મોક્ષમાર્ગ પ્રકાશક, ઉભયાભાસીના પ્રકરણમાં) કહ્યું કે આત્મા અભેદ છે. જુઓ! ત્યારે આમાં (સમયસારમાં) કહે કે ભેદાભેદ છે. એ કઈ અપેક્ષાએ (છે એ જાણવું જોઈએ). (મોક્ષમાર્ગ પ્રકાશકમાં) અભેદ કહેવા માગે છે એ વિકલ્પને તોડવા માટે. જ્યાં સુધી પૂર્ણ અભેદ ન થાય ત્યાં સુધી એને (સાધકને)

વિકલ્પ હોય છે. આ (મોક્ષમાર્ગ પ્રકાશકમાં) તો (આત્મા) અભેદ જેમ છે એમ જ્ઞાની જાણે છે, એમ કહ્યું. (સમયસારમાં) કહ્યું કે વસ્તુ ભેદાભેદ છે. ટોડરમલે અભેદ કીધું, અહીં (સમયસારમાં) ભેદાભેદ કહ્યું. ટોડરમલ કહે છે કે (આત્મા) અભેદ છે એક જ, ત્યારે આમાં સાતમી ગાથામાં કહે છે કે ભેદાભેદ છે. ભાવ.. જુઓ! ત્યાં (પર્યાયનયમાં) વ્યવહારથી દર્શન-જ્ઞાન-ચારિત્રના આમ ભેદ પાડ્યા. અને આ પછીની પર્યાય... પછીની પર્યાય... પછીની પર્યાય થાય એવા પર્યાયની અપેક્ષાએ એનો ધર્મ એવો છે એમ બતાવે છે. એવો એક એનો ધર્મ છે. એકરૂપ જ રહેવું એવો એનો ધર્મ નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

આત્મા ભેદનયે ભેદશહિત છે. **'જેમ એક પુરુષ બાળક-કુમાર-વૃદ્ધ એવા ભેદવાળો છે તેમ.'** પુરુષ તો એક જ છે, પણ બાળક, યુવાન અને વૃદ્ધ એવા ત્રણ પ્રકાર પડે છે. એમ આત્મા તો એક જ છે. સાધક અવસ્થા, વિશેષ શુદ્ધ અવસ્થા, પૂર્ણ અવસ્થા. ભેદ પડે છે કે નહિ? અથવા સંસાર અવસ્થા, સાધક અવસ્થા, સિદ્ધ અવસ્થા જુઓ, સંસાર અવસ્થા એટલે જ્યાં સુધી પૂર્ણ નથી એમ કહે છે. સંસાર અવસ્થા, અશુદ્ધદશા ચૌદમા સુધી ગણી છે. અહીં તો કર્તાનો સંસારનો ઉદયભાવ છે એ પર્યાય ધર્મ ગણ્યો છેને? એ છે અને પછી શુદ્ધતાનો અંશ છે અને શુદ્ધતા વધે છે અને શુદ્ધતા પૂર્ણ થાય છે. એવા એના પર્યાયના ભેદ પડે એવો એનો ધર્મ છે. એમ કોઈ પરને લઈને નથી એમ કહે છે. કર્મને લઈને આ ભેદો પડે છે આમ શુદ્ધ-શુદ્ધના અનંતા એમ છે નહિ. એનો પોતાનો જ શુદ્ધનો ધર્મ એમ છે. આવે છેને કાંઈક નહિ? કે શુદ્ધતા અનંતી છે, પણ એક જાતની ઉત્પન્ન થાય છે. આવે છેને શુદ્ધતા?

શુદ્ધતા પહેલે સમયે છે એવી જ બીજે સમયે વધે, ત્રીજે સમયે વધે એવી શુદ્ધતાના ભેદે છે. સમજ્યાને? પણ શુદ્ધતા બધા અભેદને સિદ્ધ કરે છે. એ હમણા આવશે પ્રવચનસારમાં. .. ભેદ આમ. સિદ્ધ નહિ અહીંયાં સાધકમાં. સાધકજીવને પણ વિકલ્પનયે ભેદ નિર્મળ અવસ્થા, વિશેષ નિર્મળ... વિશેષ નિર્મળ... રાગનું થવું-ઘટવું એવા ભેદો અંદર છે. એવો એનો ધર્મ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, સાધકની વાત છેને અહીંયાં. ... શ્રુતજ્ઞાનની વાત છેને? શ્રુતજ્ઞાન દ્વારા આત્માને જોવે છે તે ભેદ ધર્મવાળો પણ છે. સમજાણું કાંઈ? લ્યો એ ૧૦મો થયો. આ તો ટૂંકાની વાત છે. આમાં કાંઈ બહુ લાંબું નખાય એવું છે નહિ કાંઈ.

મુમુક્ષુ :- ભેદજ્ઞાનીની ...

ઉત્તર :- નહિ, નહિ, ભેદજ્ઞાનની અહીં વાત જ નથી. મિથ્યાત્વને અહીં વાત જ નથી. અહીં ભાવશ્રુતજ્ઞાનના ઉપયોગમાં દ્રવ્ય કેવો આવે એની વાત છે. મિથ્યાદષ્ટિની વાત નથી, કેવળીની વાત નથી. કારણ કે મિથ્યાદષ્ટિને નય હોય નહિ અને કેવળીને નય હોય નહિ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરિપૂર્ણ થઈ ગયું.

ઉત્તર :- પરિપૂર્ણ થઈ ગયું એમ પછી ક્યાં રહ્યું? મિથ્યાદષ્ટિને કાંઈ વસ્તુ જ નથી. શુદ્ધતાનો અંશ આવ્યો જ નથી. એ વિના જ્ઞાન સમ્યક્ ક્યાં થયું અહીંયાં? મિથ્યાદષ્ટિ છે, રાગમાં એકત્વબુદ્ધિએ પડ્યો છે. ત્યાં નય કેવા? શુદ્ધતાનો અંશ પણ નથી. એ તો મિથ્યાત્વમાં પડ્યો છે. એમાં .. છે ..ત્યાં. સમજાણું કાંઈ? આકરું કામ છે. ભેદ પડે છે. દરેક ગુણોમાં પડે છેને લ્યોને. વિકલ્પ લ્યો તો જ્ઞાનની પહેલી અવસ્થા થોડી છે નિર્મળ, પછી વધારે... પછી વધારે... પછી વધારે... એવો ભેદ છે કે નહિ? એ એનો પોતાનો ધર્મ છે કે નહિ? એક ન્યાયે એમ જુઓ કે એ કાંઈ કર્મ ખસે છે માટે આવો ધર્મ છે એમ નથી. એનો પોતાનો એ ધર્મ છે. લ્યો ઠીક! .. કહેવાનો શું આશય છે? કે જ્ઞાનનો ધર્મ પહેલા નિર્મળ ઓછો છે, પછી વધારે છે, પછી વધારે છે એવો પોતાનો ધર્મ છે એવો. પરને લઈને આવો ભેદ પડે છે એમ નથી. અને શ્રદ્ધાગુણની પર્યાય સમકિત થયું ક્ષયોપશમ, પછી ક્ષાયિક વગેરે-વગેરે. સમજાણું? તો એ ભેદ(રૂપે) પ્રવર્તન પર્યાયનો પોતાનો સ્વભાવ છે. પરને લઈને નહિ, કર્મને લઈને નહિ. ક્ષાયિક સમકિત થયું તો ભગવાનનું નિમિત્ત હતું માટે નહિ. એનો પોતાનો એ જાતનો ધર્મ છે. આહા..હા..! નિમિત્ત-નૈમિત્તિકના... આ તો પોતાના ધર્મની વાત છેને. પરની સાથે કાંઈ સંબંધ છે જ નહિ. સમજાણું કાંઈ?

એમ ચારિત્ર. ચારિત્ર-સ્વરૂપનું આચરણ પ્રગટ્યું એ ચોથે ગુણસ્થાને દૃષ્ટિ થતાં, પછી સ્થિરતા વધી અંશે. સ્થિરતા... સ્થિરતા... તો એવા ભેદ પડે છે. એ પોતાનો ભેદધર્મ છે, પરને લઈને નહિ, કર્મને લઈને નહિ. સમજાણું કાંઈ? અથવા ભાઈ! આ પંચમકાળ છે માટે આગળ વધી શકતો નથી ભેદમાં એમ નથી. .. માટે આમ છે એમ નહિ. એનો પોતાનો જ ભેદધર્મ છે કે જેટલો પ્રકારનો આગળ વધે છે એ પોતાના ભેદથી વધે છે અને અટકે છે તો ઈ પોતાના કારણે અટકે છે. આગળ ભેદ નથી જ્યાં ઉત્કૃષ્ટ વિશેષ. પરને કારણે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ જે છે એ અત્યારે નથી લેવું. આમ લેવું છે. ક્રમ..માં. સમજાણું? દાખલો આપ્યો છેને જુઓને. પાઠમાં છેને ઈ? બાળક-વૃદ્ધની પેઠે આપ્યો છેને? શિશુ છેને? **'शिशुकुमारस्थविरैकपुरुषवत्'** જુઓ, **'शिशुकुमारस्थविरैकपुरुषवत्'** સ્થવિર એટલે વૃદ્ધ. શિશુ એટલે બાળક, કુમાર એટલે યુવાન અને સ્થવિર એટલે વૃદ્ધ. એક પછી એક એમ. સમ્યગ્દર્શનની અવસ્થા એ બાળક અવસ્થા, એ શિશુ અવસ્થા છે. અજ્ઞાન અવસ્થાનો પ્રશ્ન નથી. ચારિત્ર આદિ ઉગ્ર થયું એ બરાબર યૌવન અવસ્થા છે એની. ધર્મની યૌવન અવસ્થા ગણી છે અને આગળ વધીને સ્થિર થાય એ વૃદ્ધાવસ્થા. એવું આવે છે હોં. હા, કહે છેને. અહીં તો ઉત્કૃષ્ટ સામાન્ય લેવું છે. નીચેની દશા... સાધકની. સમજાણું કાંઈ? ધર્મનો યૌવનકાળ એમ ગણ્યું છે લ્યો. ધર્મનો યૌવનકાળ. આહા..હા..! ધર્મની યુવાની આવી અંદરમાં. ફાટ-

ફાટ કરતો વીતરાગભાવ પ્રગટ્યો, ધર્મની યુવાની આવી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા અંતરાય. ખરેખર તો સમ્યગ્દર્શન થયું એ જ ખરેખર તો પાત્ર થયો સિદ્ધને. પાત્રતા ત્યાંથી આવે છે. મિથ્યાત્વ-બિથ્યાત્વમાં પાત્રતા આવતી હશે? રાગ અને એકત્વમાં પાત્રતા છે જ નહિ. સમજાણું કાંઈ? પાત્ર આ ગણવો છે અહીં તો.

મુમુક્ષુ :- ભેદ વિકલ્પથી...

ઉત્તર :- એ વિકલ્પ છૂટ્યો અને નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ ત્યારે એ પાત્ર થયો સિદ્ધને માટે. કહો, સમજાણું કાંઈ? જ્યાં સુધી રાગ અને એકતાપણે પડ્યો છે એ જીવ અપાત્ર છે સિદ્ધને માટે. સંસાર માટે પાત્ર છે, સિદ્ધને માટે અપાત્ર છે. એ એમ જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! ટાણા આવ્યા ત્યારે માળાએ કાંઈકનું કાંઈક કર્યું ઉંધું. ખરા ટાણા આવ્યા ત્યારે ઉધું જ માર્યું બધું. કાંઈક-કાંઈક કોઈ કાંઈક-કાંઈક, કોઈ કાંઈ પણ અંદર અટકીને પડ્યા છે. સમજાણું કાંઈ?

પોતે કહે છે કે ભગવાન આત્મા પોતાની એક-એક ગુણની, એક-એક પર્યાયમાં જે આમ વધારો થાય, ભેદ પડે એવો તેનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મના અભાવની અપેક્ષા નહિ, પરની અપેક્ષા નહિ, એનો પોતાનો અપેક્ષિત એવો ધર્મ છે. આહા..હા..! એમ આનંદ પહેલો થોડો ઉત્પન્ન થાય સમ્યગ્દર્શનમાં આનંદનો સ્વાદ, એથી આગળ વધતા વિશેષ... એથી આગળ વધતા વિશેષ... બારમે સિદ્ધ થઈને પૂર્ણ થાય. તેરમે અનંત સુખ થાય એની વાત અત્યારે નથી. સમજાણું કાંઈ? ધર્મ થતાં આનંદ આવે એમ કહે છે. શોભાલાલજી! આહા..હા..! એ આનંદના પાછા અંશ પડે, ભેદ પડે. એવા આનંદની વૃદ્ધિ થાય એ ભેદ પડે એવો પણ એક જીવનો ધર્મ છે, આત્માનો ધર્મ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... દેખાય છે?

ઉત્તર :- વેદાય પછી વળી દેખવાનું શું? પ્રત્યક્ષ દેખાય કેવળીને. પણ એને વેદાય છે આનંદ. એને ખબર પડે છે કે નહિ આનંદ છે આ? સમજાણું? એ શ્લોક આવ્યો હતો આમાં. આ નહિ સમયસાર ચાલતું હતું એમાં? સંવરમાં આવે છે. ...નો અર્થ તે કાંઈ ભગવાન હથેળીમાં બતાવે છે આત્મા? આ જયસેનાચાર્યમાં આવે છેને. સંસ્કૃત ગાથા આવે છેને. એમ હથેળીમાં બતાવે છે કાંઈ? એમ બતાવે કે આ .. જ્ઞાનથી જોવે તો છે. ભાવશ્રુતજ્ઞાનથી જોવે છે. આંધળો સાકર ખાય છે તો સાકરને જોઈ શકે છે? પણ સાકરનો સ્વાદ આવે છે એ આંધળાને બરાબર પ્રત્યક્ષ છે કે પરોક્ષ છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ સ્વાદ જોયો જ નથી. જોયો જ નથી. જોયો જ નથી. આત્મા વસ્તુસ્વરૂપ છે એવું જ્યાં ભાન થયું ત્યારે એને આનંદનો સ્વાદ અંદર આવે એ પ્રત્યક્ષ છે. એ કોઈને

પૂછવા જાવું પડે કે આ મને આનંદ થયો કે નહિ? સમજાણું કાંઈ? પણ ભાઈએ પૂછયું એમ કે આનંદ દેખાય કે નહિ? દેખાય એટલે આમ દેખાય એમ નહિ. એ કેવળ થાય તો દેખાય. દેખનારો સાકરને દેખે છે અને સ્વાદ લે છે, પણ આંધળો છે એ સાકરનો સ્વાદ લે છે, પણ દેખી શકતો નથી. દેખે એટલે આમ પ્રત્યક્ષ હોં. વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ, જ્ઞાનની અપેક્ષાએ પ્રત્યક્ષ નથી. જ્ઞાનની અપેક્ષાએ પ્રત્યક્ષ નથી. અસંખ્ય પ્રદેશ અહીં દેખાય છે ત્યાં? સમજાણું કાંઈ? ઝીણી વાતું ભારે! ઈ કહે છે. જુઓ, એક-એક વાતું .. વાત.

અનંતગુણ જે છે વીર્યગુણ લ્યો. પહેલો થોડો પ્રગટ્યો હોય, પછી વધારે પ્રગટે, પછી વધારે પ્રગટે એવો એક એનો સ્વભાવ છે. એક સાથે કેમ વીર્ય પ્રગટતું નથી? એ ધર્મ છે એનો. સમજાણું કાંઈ? એક સાથે ત્રણ અવસ્થા કેમ પુરુષને થાતી નથી? બાળક, યુવાન અને વૃદ્ધ એક સાથે કેમ થાતી નથી? પણ એક સાથે ન હોય. સમજાણું કાંઈ? એક સાથે ન હોય. ભિન્ન-ભિન્ન હોય એવો એનો ધર્મ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, વીર્ય, કર્તા આદિ ગુણો છેને બધા? જે ગુણોની પર્યાય પણ અમુક-અમુક અંશે પરિણમે છે. પછી વિશેષ... વિશેષ... વિશેષ... વિશેષ... પરિણમે છે. કહો, નિશ્ચય આદિ નિર્મળપણે અને મલિન તો એનો અંશ છે એટલે એને .. સમજાણું? એ પણ નિર્મળપણાનું કર્તૃત્વ વેદન એક સમયે છે એવો બીજે સમયે બીજી જાતનો છે. બીજે સમયે વધે છે. રાગાદિ ઘટે છે. રાગાદિ ઘટે છે અને સ્થિરતા વધે છે. જુઓ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ચારિત્ર એક સાથે જ હોય છે. ચારિત્ર.. એની શ્રદ્ધામાં આટલું જ હોય ક્ષયોપશમ અને ક્ષાયિકની અપેક્ષાએ. એટલો ભેદ. બીજો ભેદ એમાં નથી. એ ચારિત્રમાં તો બહુ ભેદ, ઘણા ભેદ (હોય). અનંત-અનંત અંશ વધે ત્યારે તેને સંયમ કહેવામાં આવે. ..દશાનો જે .. કહેવામાં એવો અંશ ચોથે ન હોય. છતાં ત્યાં ચારિત્રનો અંશ છે, પણ સંયમ કહેવામાં આવે એવો અંશ ન હોય. એ આગળ વધીને વધે ત્યારે એવો અંશ એને આવે છે. એવો જ એનો સ્વતઃ ધર્મ-ભેદ છે. કહો, સમજાણું કાંઈ? જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ વગેરે-વગેરે. એની શક્તિ છેને? ...

પ્રભુત્વ. પૂર્ણ પ્રભુત્વ પ્રગટ્યું નથી. આવે છેને? એય..! નિયમસારમાં નથી આવતું? રાગાદિ થાય છે ત્યાં પૂર્ણ પ્રભુત્વ પ્રગટ્યું નથી. .. પ્રભુત્વ પ્રગટ્યું છે. એ પ્રભુત્વ વિશેષ-વિશેષ વધતું જાય છે. ત્યાં એમ કહ્યું છે. આવે છે. ત્યાં કળશમાં આવે છે નિયમસારમાં. છેને? પ્રભુત્વગુણની વિશેષતાને પરિણમ્યો નથી માટે રાગપણે પરિણમે છે. જુઓ,

મુમુક્ષુ :- આમાં કાંઈ રાગ-દ્વેષ...

ઉત્તર :- પર્યાયની કરે કેવળજ્ઞાનની. એમાં કાંઈ .. છે? સમજાણું? એમ કે પ્રભુત્વ-લીધું છેને પંચાસ્તિકાયમાં. પ્રભુત્વ રાગાદિનું લીધું. રાગનું પરિણમવું એ પ્રભુત્વ વિશેષ છે,

શુદ્ધતાપણે પ્રભુત્વ .. છે લ્યો. નહિ એમ લખેલું છે. પંચાસ્તિકાયમાં .. એમાં છે. સમજાણું કાંઈ? ત્યાંય પ્રભુત્વ લીધું જુઓ, રાગપણે પરિણમવું પણ એની પ્રભુતા છે એ. સિદ્ધપણે પરિણમવું પણ એની.. બધા સંવર, આસ્રવ, નિર્જરા, બંધ એ એની પ્રભુતાથી પરિણમે છે એમ કહે છે લ્યો! સમજાણું? એના ભેદ પડે છે એમ કહ્યું છે. આ ૨૭ જુઓ.

**जीवो त्ति हवदि चेदा उवओगविसेसिदो पहू कत्ता।**
**भोत्ता य देहमेत्तो ण हि मुत्तो कम्मसंजुत्तो।।२७।।**

લ્યો. '**ભાવકર્મોનાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ કરવામાં સ્વયં ઈશ (સમર્થ) હોવાથી પ્રભુ છે,...**' જુઓ, આ બધાને હોં. ભાવકર્મો એટલે ભાવરૂપી કાર્ય. આસ્રવનું પણ એક કાર્ય, બંધનું પણ કાર્ય, સંવરનું પણ ભાવકર્મ. જુઓ એને ભાવકર્મ કીધા છે. એ સંવર છે એ ભાવકર્મ છે. રાગ ભાવકર્મ, આ સંવર શુદ્ધતારૂપી ભાવકર્મ અને નિર્જરા એ ભાવકર્મ. શુદ્ધતા વધીને? અને મોક્ષ એ પૂર્ણ ભાવકર્મ. એવું '**મોક્ષ કરવામાં સ્વયં ઈશ...**' છે. ઈશ્વર છે. પોતે સ્વ ઈશ્વર છે. કોઈ એનું કરનાર નથી. પોતે જ પ્રભુ છે. એની પ્રભુતાને ખીલવનાર પોતે જ છે. એની ખીલવટમાં કોઈ કારણ છે નહિ. એ પ્રભુતાના ભેદની પર્યાયનો ધર્મ એનો પોતાનો છે એમ કહે છે. એક સાથે કેમ પ્રગટ્યું નથી? નથી એક સાથે પ્રગટ્યું એવો તેનો ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! કર્મ નડે છે એમ કહે છેને કેટલાક? કર્મ નડે શું ધૂળ નડે? .. એ ધર્મ નથી. એ કહેશેને આગળ ઈશ્વરનય, અનીશ્વરનય? સ્વતંત્રતા એ પોતે હરણને ફાડીને ખાય છે. છેને અંદર?

જુઓને આચાર્ય કહે છે. ઈશ્વરનય ૩૪ છે જુઓ, '**ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે,...**' એવો પણ એનો એક ધર્મ છે. ૩૪-૩૪. ૩૪ .. અને '**આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે, હરણને સ્વચ્છંદે ફાડી ખાતા સિંહની માફક.**' સમજાણું કાંઈ? ઈશ્વરનય છેને? '**પરતંત્રતા ભોગવનાર છે,...**' એ પરતંત્ર પણ પોતાનો એવો ધર્મ છે. પરતંત્રતા નિમિત્ત કરાવે છે એમ છે નહિ. જુઓ, એ પરતંત્રતા પરને લઈને છે. પણ એમ નહિ, પોતે પરને વશ થાય છે એવો પણ એક એનો ધર્મ છે. આહા..હા..! ૩૪મો નય. ભાઈ!

અને ૩૫માં '**અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે, હરણને સ્વચ્છંદે ફાડી ખાતા સિંહની માફક.**' રાગાદિને તોડી નાખે, ભુક્કો કરે એવો એનો અનીશ્વર ધર્મ સ્વતંત્ર ધર્મ છે લ્યો. પરને વશ થવું એ પણ ધર્મ છે અને પરને વશ ન થવું, સ્વતંત્ર થવું એ પણ એક એનો ધર્મ છે. આહા..હા..! એવો ભગવાન પણ એને નજરે પડતો નથી. નજર કરતો નથી તો નજર ક્યાંથી પડે? બહારમાં ભટક્યા ભટક કરે છે અનાદિથી. આહા..હા..! પોતાનો પ્રભુ પોતામાં છે અને એ પ્રભુતાની નજર કરતાં પ્રભુતા નજરે પડે છે. એવો ઈ છે. આહા..હા..! ક્યાં માગવા? ભગવાન પાસે માગે હે ભગવાન! મને આપજે. ભગવાન કહે, પણ તું એવો

નથી. આ ભગવાને શું કીધું? ભગવાને તો આ કીધું કે નહિ? તું એવો નથી. તું મારી પાસે માગ એવો તું નથી, એમ કહે છે અહીં જુઓને. તારા સ્વતંત્રતાના ભોગવનારો તું છો, તારામાં એ બધું પડ્યું છે. સમજાણું કાંઈ? ભગવાને એમ કહ્યું. કહ્યું કે નહિ? શું કીધું?

સ્વતંત્ર ધર્મ તારો છે એમ કીધું કે નહિ? મારી પાસે માગ અને તને મળે એવો તારામાં ધર્મ નથી. મારી પાસે માગ અને તને મળે એવો મારામાં પણ ધર્મ નથી. હું તને દઉં એવું મારામાં છે નહિ. સંપ્રદાન આવે છેને? સંપ્રદાન—તું અંતરમાં એકાગ્ર થઈને દે એવો ધર્મ તારામાં છે. મારી પાસેથી લે અને મારી પાસેથી લઈને રાખ એવો ધર્મ તારામાં નથી. આહા..હા..! આવો આત્મા પણ ભિખારી થઈને પણ જ્યાં ત્યાં માગ્યા કરે છે, માગ્યા કરે છે. મોટો કહો, સારો કહો, મને... આહા..હા..! મારી નાખ્યા પણ એને. સમજાણું કાંઈ? અભિનંદન આપો. છાપામાં આવે, લખાણ કરે, છાપામાં નામ આવે. .. નામ પણ જડ છે. એ નામમાં તું ગરી ગયો? મારું નામ આવ્યું. મારું નામ આવ્યું કહે. નામ મારું. મિથ્યાદૃષ્ટિ છે કહે છે. આહા..હા..! ..નું વર્ણન કરીને વસ્તુની સ્વતંત્રતાના પર્યાયે-પર્યાયે સ્વતંત્રતાના ભેદ ધર્મ પણ એનો પોતાનો છે. લ્યો એ ૧૦મો થયો.

૧૧. **'આત્મદ્રવ્ય અવિકલ્પનયે,...'** સામો પાછો બીજો ધર્મ છે. એક સાથે, એક સમયે. **'એક પુરુષમાત્રની માફક, અવિકલ્પ છે (અર્થાત્ અભેદનયે આત્મા અભેદ છે,...'** લ્યો! પુરુષ જેમ એક છે. એના ભેદ ન લક્ષમાં લ્યો તો પુરુષ તો પુરુષ છે. પુરુષ... પુરુષ... પુરુષ... એમ. ભેદલક્ષમાં ન લ્યો તો આત્મા... આત્મા... આત્મા... આત્મા... આત્મા... એ પર્યાયની શુદ્ધિ વધી તો આત્મા, એ (રૂપે) થયો તો આત્મા. આગળ વધી ગયા. અભેદનયે **'અવિકલ્પનયે એક પુરુષમાત્રની માફક, અવિકલ્પ છે (અર્થાત્ અભેદનયે આત્મા અભેદ છે, જેમ એક પુરુષ બાળક-કુમાર-વૃદ્ધ એવા ભેદો વિનાનો...'** છે. કહો, પુરુષમાં કાંઈ ભેદ છે? એ તો પર્યાયનો ભેદ પૂર્ણ-અપૂર્ણ. **'એવા ભેદો વિનાનો એક પુરુષમાત્ર છે તેમ).'** તો શુદ્ધતા... શુદ્ધતા... શુદ્ધતા... શુદ્ધતા... શુદ્ધતા... વધી-ઘટી એમ ન લેવું એમ કહે છે. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... એકરૂપ. અભેદ છે એવો પણ એક એનો ધર્મ છે. પરસ્પર વિરોધ—ભેદ ધર્મ અને અભેદ ધર્મ. રહે એક સમયે. ...

દર્શન સામાન્યને દેખે, જ્ઞાન એક-એક અંશને ભેદ પાડીને દેખે. આવા બે ધર્મ એક સાથે રહે. કહ્યું હતું નહિ? પરમાત્મપુરાણમાં નથી? એવી અદ્ભૂતતા છે એમ કહે છે. એક સમયનો સામાન્યદર્શન કંઈપણ ભેદ પાડ્યા વિના એકરૂપે દેખે અને એ જ સમયનો એ જ્ઞાનગુણ એક-એક અંશને જુદો... જુદો... જુદો... જુદો... જુદો... પાડીને વિકલ્પ વિના જાણે કેટલી ...? વિરોધ છે, પણ અદ્ભૂતતા છે એમ કહે છે. એવા બે ધર્મ એક સમયમાં અદ્ભૂત ધર્મ છે. ભેદ અને અભેદ.. અહીં એ યાદ રહી ગયું ઓલા ભેદ-અભેદનું સામાન્ય. સમજાણું કાંઈ? દર્શન છે એ અભેદ. હું આત્મા છું કે આ જ્ઞાન છે એમ ભેદ નહિ. બધું અસ્તિત્વ(રૂપ)...

આ અસ્તિત્વ છે એમ પણ ક્યાં છે? એવો એક ધર્મ છે અભેદ અને એની સાથે જ્ઞાન જાણે છે દરેકને એવો ભેદ. એ બીજો પણ હોં. આ બીજો. આ.. આ.. ક્રમ પડે તે ભેદ. એક સાથે રહે એક સમયે પુરુષ તરીકે એ અભેદ. સમજાણું કાંઈ? એમ આવે છે ક્યાંક અદ્‌ભૂત નય.. બે ધર્મ એક સાથે .. અદ્‌ભૂતતા છે એવું આવે છે પરમાત્મપુરાણમાં. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... ત્યાં તો એક સાથે છે. જે સમયે ભેદધર્મ થયો એ સમયે અભેદ ધર્મ. જે સમયે દ્રવ્યધર્મ એ સમયે પર્યાય ધર્મ, એ જે સમયે અસ્તિત્વ ધર્મ એ સમયે નાસ્તિત્વ ધર્મ, અને.. ધર્મ આદિ બધા એક સાથે જ છે. આઘા-પાછા નથી. સમજાણું કાંઈ?

**'આત્મદ્રવ્ય અવિકલ્પનયે, એક પુરુષમાત્રની માફક, અવિકલ્પ છે (અર્થાત્ અભેદનયે આત્મા અભેદ છે, જેમ એક પુરુષ બાળક-કુમાર-વૃદ્ધ એવા ભેદો વિનાનો એક પુરુષમાત્ર છે તેમ).'** લ્યો! દરેક ગુણની અભેદતા ગણવામાં આવે ત્યારે અભેદ... અભેદ... અભેદ... અભેદ... દેખાય. આ પર્યાય પહેલી ઓછી હતી અને વધી એવું દેખાય નહિ. એ ભેદધર્મમાં જાય. અને આ અભેદ... અભેદ... એવું આવે છેને ૨૦૫મી ગાથામાં સમયસાર. મતિશ્રુત આદિ ભેદો પડે, પણ એ અભેદને અભેદ એમ દેખે છે. અભેદને અભેદ એમ દેખે છે. ૨૦૫. મતિશ્રુત અને શ્રુતમાં નિર્મળતા ઘણી-ઘણી. સમજાણું? અવધિ, મનઃપર્યાય અને કેવળ પૂર્ણ .. એ વાત નથી. પણ ત્યાં એટલો બધો .. અને એ ભેદ અભેદ થાય છે. ભેદ પડતો નથી. અભેદ થાય છે, એકરૂપ થાય છે, એકરૂપ થાય છે. ... છતાં પણ એકરૂપ છે. એવો એનો અભેદ ધર્મ છે. સમજાણું કાંઈ? ઝીણું પણ નયનો અધિકાર શક્તિ કરતા જરી પકડવામાં કઠણ પડે. શક્તિમાં તો એમ કે દરેક શક્તિ છે અને શક્તિવાન દ્રવ્ય છે. એ દ્રવ્યને પકડતાં એ શક્તિનું કાર્ય પર્યાયમાં આવે છે. એટલે માળું ઝટ પકડાય. સમજાણું કાંઈ? અને જેમ આનંદ શક્તિ છે આત્મામાં. આનંદ શક્તિ-આનંદ ગુણ. ગુણનું કાર્ય શું? કે ગુણનો ધરનાર દ્રવ્ય એને દૃષ્ટિમાં લેતા, ગુણનું કાર્ય આનંદનું પ્રગટવું થાય એ ગુણનું પરિણમન છે. આ શક્તિ.. શક્તિનું .. આવ્યું. એ શક્તિમાં આવ્યું એ સમજાય એમ. આ જરી કઠણ પડે.

આત્મા આનંદ શક્તિ છે, આનંદ શક્તિવાન. પરમ આહ્‌લાદ... આહ્‌લાદ... આહ્‌લાદ... શું પણ હવે આહ્‌લાદ કહે છે? એ શક્તિ છે એ શક્તિવાન દ્રવ્યની છે. એ શક્તિ દ્રવ્યવાનની છે. એ દ્રવ્યનું રૂપ છે. એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતા જે આનંદ દ્રવ્ય અને ગુણમાં વ્યાપ્યો હતો એ દૃષ્ટિ આપતા પર્યાયમાં આનંદ વ્યાપી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્મવૈભવમાં આવ્યું છે કે નહિ? વાંચ્યું છે? ઠીક. દ્રવ્ય ગુણ પર્યાયમાં ત્રણેમાં વ્યાપે. એ તો સમજાય કે આ દ્રવ્ય વસ્તુ છે એકરૂપ અને આ ગુણો છે અનેક અને એનું .. પર્યાય તો એ દ્રવ્યદૃષ્ટિનો વિષય છેને એટલે ત્યાં શક્તિનું વર્ણન કર્યું છે અને જ્ઞાનની પ્રધાનતાનો

વિષય છે ત્યાં નયોનું વર્ણન કર્યું છે. આહા..હા..! ... એ પણ સનાતન દિગંબર વીતરાગ ધર્મ સિવાય આ વાત બીજે ક્યાંય હોઈ શકે નહિ. આહા..હા..! ઓલા બિચારા ગોથા ખાય છે. આપણે હજી .. હવે તો ઘણા-ઘણાએ .. ફેરવ્યો હતો. વાત બહુ આવે છે. કે આપણે ચર્ચા એક ફેરી કરી હતી. પર.. શાસ્ત્ર કેટલાક કબુલ કર્યા છે. બધા પ્રમાણો, શાસ્ત્ર સ્વતઃપ્રમાણ નથી. એમ કરીને વાંધો આવે છેને? અને ..પ્રમાણ. .. પ્રમાણ શાસ્ત્ર એક .. પ્રમાણ રહ્યા નહિ. અને કેટલાક શાસ્ત્રમાં આપણે એ પણ નક્કી કર્યું છે કે ક્યાંક પ્રક્ષેપ પણ છે અને ક્યાંક પરિવર્તન પણ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનેક એમ છે ત્યાં લખ્યું છે સમજ્યાને? શું કહેવાય એ? અમરભારતી. જુઓ, હા એવું લખ્યું છે એમાં હોં. બહુ લાંબુ. બેયનું ભેગું આવ્યું. ..આવ્યું .. ભાઈનું કહેલું. હરિભાઈ. એ વાંચ્યું અને આ પણ વાંચ્યું. જુઓ, 'શાસ્ત્રમેં કુછ પ્રક્ષેપ ભી હુઆ હૈ ઔર પરિવર્તન ભી.' એ શાસ્ત્ર કહેવાય? કોકે ઓછા-વત્તા કર્યા .. ખૂબ લખ્યું છે. સમજ્યાને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો મોક્ષમર્ગપ્રકાશકમાં કહ્યું છે કે નહિ? .. કલ્પના કરેલા છે. ... ક્યાંથી આવે? બીજા શાસ્ત્રમાં તમે ઘટાડો એ શી રીતે ઘટાડે? આવું છે બધું. એવું બધું ઘણું આવ્યું છે આમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, સ્વતઃ પ્રમાણવાળી વસ્તુ રહી નહિ. સ્વતઃપ્રમાણ એ ચીજ કહેવાય. શાસ્ત્રમાં તો એમ કહ્યું કે અનુભવપ્રમાણ એ જ પ્રમાણ છે. બીજું પ્રમાણ નહિ. એ અનુભવ પ્રમાણ એ આવ્યું છેને ભાઈ! જયધવલ. જયધવલમાં આવ્યું છે. અનુભવપ્રમાણ એ પ્રમાણ છે. પોતાથી જેને ખાતરી થઈને આવ્યું છે એનું નામ પ્રમાણ છે. પરથી ખાતરી થાય અને કોકને કહે ...પ્રમાણ... આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..!

મુમુક્ષુ :- એ તો ...

ઉત્તર :- હા, એને શંકા પડી છે બધાને. .. આપણે તો આમ વિચાર કર્યા હતા. ઘણો ફેર આવે છે. ત્યાં જ્યોતિષમાં દેખે.. ત્યાં એવું આવે છે. .. લખાણ છે એટલું છે. ... આ નક્ષત્રમાં .. તો આમ થાય. એલા! પણ આ શાસ્ત્રવચન હોય આવા. એ લખાણ જ કાંઈ... તમે જે કહેવા માગો છો ... એ ભગવાનની વાણી હોય તો એ નીતિવાળાની વાણી નથી એમ ભાઈ કહેવા માગે છે. ઓલા ચંદ્રસુરી.. છેને. પણ એમાં આવા લખાણ છે. આદ્રા નક્ષત્રમાં... નામ છે પછી. આ નક્ષત્રમાં આ દિશાએ હરણનું માંસ ખાઈને જાય તો એ સફળ થાય, ફલાણું માંસ ખાઈને સફળ. આર્ય માણસના વચન આવા હોય? .. ઘણા વર્ષ પહેલા વાંચ્યું હતું એનું આખું ઓલું. ૭૬માં વાંચ્યું હતું આખું. ... .. શું કહેવાય ભાષા?

અશ્લેષ. અશ્લેષ .. એમ કરીને બતાવ્યું હતું. ... ... અશ્લેષ એવી ભાષા છે. સમજ્યાને? અશ્લેષ શબ્દ વાપર્યો છે. એક ઠેકાણે લખ્યું છે. જ્યોતિષ પાપસૂત્ર છે. એમ આવે છે. જ્યોતિષ પાપસૂત્ર છે એમ આવ્યું. આ જ્યોતિષ એ પાપસૂત્ર નહિ એમ કે ભગવાનના કહેલા નથી. એમ કહ્યું એ. ...

મુમુક્ષુ :- ... માંસ ખાવું એ શાસ્ત્રમાં લખ્યું છે?

ઉત્તર :- શાસ્ત્રમાં લખ્યુંને. .. પરિણતિ એવું લખ્યું છે. લખ્યું છે અંદર. પછી નગ્નઅશ્લે એવો શબ્દ પડ્યો.

મુમુક્ષુ :- શ્વેતાંબર શાસ્ત્રમાં?

ઉત્તર :- શ્વેતાંબર શાસ્ત્રમાં. આ ચંદ્ર .. એના વચનો છે. દિગંબર શાસ્ત્રમાં એવું હોય નહિ. ચંદ્ર.. વાત આવે, પણ આમાં આમ થાય અને આમ થાય એવું આવે? ભાઈ! આ તો અત્યારે એવી ગડબડ થઈ છે કે લોકોને પરીક્ષા કરીને સત્ય સમજવું અલૌકિક વાત છે, અલૌકિક વાત છે, ભાઈ! જેને આત્માની પર્યાય .. એની વાત છે આ. સમજાણું? એ એક ભેદ વિનાનો પણ એક આત્માનો ધર્મ. પછી ..મૂકશે વાત.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ ૧૧, મંગળવાર, તા. ૦૭.૧૦.૧૯૬૯
## નય-૧ થી ૧૩, પ્રવચન-૨૬૪

આ પ્રવચનસાર અધિકાર છે. નયનો અધિકાર છે. જરી ઝીણું તો છે, પણ સાચો છે. આ આત્મા છે આત્મા. એમાં અનંત ધર્મો છે. ધર્મો એટલે? ભાવો. જેમ દ્રવ્યભાવ, ગુણભાવ, પર્યાયભાવ, એકભાવ, અભેદભાવ-એવા એક આત્મામાં અનંતા ધર્મો છે. એ એક-એક ધર્મને જાણનારું એક નય છે. નય એટલે જ્ઞાનનો એક ભાગ. જ્ઞાન જે પર્યાય છે, શ્રુતજ્ઞાન પર્યાય છે આખી. એ પ્રમાણજ્ઞાન કહેવાય. અને એ પ્રમાણનો એક અંશ ભાગ પડે એને નય કહેવાય. એ એક-એક ધર્મ એક-એક નયને જાણનારી છે. અને (બધા) ધર્મરૂપ આખો આત્મા તેને શ્રુતપ્રમાણ દ્વારા જણાય એવો પ્રમેય છે. ઝીણું છે બહુ. એવું ભાવશ્રુતજ્ઞાન દ્વારા... વિકલ્પ નહિ, શરીર, વાણી, મન નહિ. ભાવશ્રુત એટલે જ્ઞાનની પર્યાયની નિર્મળતા જે જ્ઞાન અનંત ધર્મોને જાણતું, દ્રવ્યને અંતર જાણે ત્યારે તેને અનુભવ દ્રવ્યનો થાય, તેને અહીં આ ભાવશ્રુતજ્ઞાન અથવા ધર્મની દશા આત્માની કહે છે. શોભાલાલજી! આવી વાત છે ભારે!

વિકલ્પ રાગ આદિ એની અવસ્થામાં હોય, સાધક છેને? એમ ભોક્તાપણું રાગનું પણ અનુભવમાં હોય, પણ એ તો એક-એક ધર્મ છે. એવો એને નહિ ભોગવવું એવો પણ એક ધર્મ છે અને એને નહિ કરવું એવો પણ એક ધર્મ છે. એ બધા ધર્મ એટલે ભાવ એક

સમયમાં એક સાથે રહેલા છે. કોકને આમ અને કોકને આમ એમ છે નહિ. કોક રાગનો કર્તા અને કોક રાગનો અકર્તા એમ નથી.

મુમુક્ષુ :- એવો પ્રશ્ન..

ઉત્તર :- એમ કે રાગનો કર્તા વળી કોઈ જીવ અને રાગનો અકર્તા કોક જીવ. આ બે ધર્મ એકમાં ન રહે પણ ભિન્ન-ભિન્નમાં રહે—એમ નથી. અહીં સાધકની વાત છેને?

આત્મા જ્યાં વસ્તુ છે અનંત ધર્મનો પિંડ પ્રભુ. એનું જ્યાં ભાવશ્રુતજ્ઞાન દ્વારા જ્ઞેય થયું, પ્રમેય થયું, જાણવામાં આવ્યો ત્યારે અનુભવમાં આવ્યો એ આનંદ અનુભવમાં આવ્યો. તો આનંદ આદિ અનુભવમાં આવતા છતાં તેમાં રાગનું અને રાગ ભોગવવાપણું છે એ પણ એના જ્ઞાનમાં, લક્ષમાં હોય છે. સમજાણું કાંઈ? અહીંયાં તો ૧૧ ધર્મ આવ્યા છે. ૧૧ ધર્મ આવ્યા છેને?

૧૨. બારમો ધર્મ છે આજે. પહેલો એમ આવ્યો હતો કે દ્રવ્યનય. દ્રવ્ય એટલે દ્રવ્યાર્થિકનયનો વિષય દ્રવ્ય પહેલો ધર્મ આવ્યો હતો. શું કીધું?

મુમુક્ષુ :- દ્રવ્યાર્થિકનયનો વિષય દ્રવ્ય છે.

ઉત્તર :- એ પહેલો બોલ આવ્યો. વસ્તુ જે છે આત્મા એનું આખું દ્રવ્ય જે છે એ દ્રવ્યાર્થિકનયે એટલે જેનો જ્ઞાનનો અંશ આખા દ્રવ્યને લક્ષ કરે, જાણે એને દ્રવ્યાર્થિકનય કહીએ. તો એનો આચાર્યે પહેલો બોલ એ લીધો છે. હા, આખું ત્યાં મૂળ તો દ્રવ્યને જોવું છે એમ કહેવું છે. જે ઈ છે ધર્મ એક. અનંત ધર્મ માહ્યલો એક એ ધર્મ છે. દ્રવ્ય, દ્રવ્યાર્થિકનયનો વિષય દ્રવ્ય. એકરૂપ વસ્તુ જે છે તે એક નય તેને જાણે છે, પણ એ એક ધર્મ છે અને એને જાણનારી નય એક છે. સમજાણું કાંઈ? '**भूदत्थमस्सिदो**' ન કહ્યું કે ભાઈ એકલો દ્રવ્ય ત્રિકાળ ધ્રુવ છે તે નય છે અથવા તે વસ્તુ છે એમ કીધું. પણ છતાં એ નય છે. એટલે નય આખા આત્માને ન જાણે. નય એક અંશને અથવા એક ભાગને અથવા એક ધર્મને જાણે. એટલે દ્રવ્યનય પણ એક નય છે અને એનો વિષય પણ એક અંશ છે, એમ. સમજાણું કાંઈ? એટલે ત્યાંથી પહેલાથી ઉપાડ્યું. દ્રવ્યનયે ચિન્માત્રની જેમ, એકલો જ્ઞાનમાત્ર. એ પણ એક ધર્મ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વખતની .. દૃષ્ટિની અપેક્ષાએ શુદ્ધનય એટલે દ્રવ્ય છતાં એ શુદ્ધનયનો અંશ છે એ એક અંશ છે. નય છે કે પ્રમાણ છે ઈ? ત્યાં આગળ પર્યાયને ગૌણ કરીને, વ્યવહારનો અભાવ કરીને એને કહ્યું કે એ દ્રવ્ય એકલી ધ્રુવ તે જ વસ્તુ છે. સમજાણું? ભારે ઝીણું! દ્રવ્યને મુખ્ય કરીને, પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહીને અભાવ છે એમ કહેવામાં આવ્યું હતું. કારણ કે ત્યાં દૃષ્ટિનો વિષય અભેદ બતાવીને અભેદ ઉપર જાય ત્યારે એની દૃષ્ટિ નિર્મળ થાય, પણ એમાં બીજા ધર્મો રહી ગયા છે ઘણા. એથી ત્યાં બારમી

ગાથામાં કહ્યું. સમ્યક્ વિષય એક અભેદ છે એમ જાણ્યું, પણ હવે કોઈ પર્યાયમાં રાગ, શુદ્ધતાના અંશો વધે એવો કોઈ ભાગ છે કે નહિ? કે એકલું ધ્રુવ જ છે? તેથી ૧૨મી ગાથામાં કહ્યું કે તે તે કાળમાં ધર્મી જીવને દ્રવ્યના ભાનની દૃષ્ટિ હોવા છતાં પર્યાયમાં મલિનતાનો અંશ અને નિર્મળતાના અંશો એટલે કે એ અનેકપણાને જાણે તેને વ્યવહારનયે જાણેલો પ્રયોજનવાન છે એમ કહેવામાં આવે છે. એને અહીં એક સાથે ધર્મો જણાવે છે શ્રુતજ્ઞાનમાં. સમજાણું કાંઈ? શું કીધું? એ આમ મુખ્ય-ગૌણ કરીને જે કહ્યું હતું... એને અહીંયાં નયમાં મુખ્ય-ગૌણ છે. એક નયની મુખ્યતાથી જુઓ તો આખું આમ છે અથવા એક સમયની પર્યાય.. એક નય ધર્મ છે. ત્યાં બીજા નયો ત્યાં ગૌણ રહી જાય છે અને શ્રુતજ્ઞાન પ્રમાણમાં તો બધા ધર્મો એક સાથે છે. એને મુખ્ય-ગૌણ હોઈ શકે નહિ. આહા..હા..! આ વીતરાગ શાસન સિવાય આવી વસ્તુ હોઈ શકે નહિ ક્યાંય. સમજાણું કાંઈ? કે વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

કહે છે કે દ્રવ્યનયે એક જ્ઞાનના અંશે દ્રવ્યનયે એ ધર્મથી જુએ તોપણ તે શુદ્ધ ચૈતન્યમાત્ર જ ત્યાં અનુભવમાં આવે છે. પર્યાયનયે તંતુ જેમ વસ્ત્રના. ઓલામાં વસ્ત્રનો દાખલો આપ્યો. આમાં દ્રવ્યનયે એકરૂપ છે. જેમ વસ્ત્ર એકરૂપ છે તેમ. બીજામાં પર્યાયનયે જ્ઞાન-દર્શન આદિ અનેક છે. આમ નહિ. આમ ઉંચું એમ ન લેવું. પણ જ્ઞાનદર્શન આદિ અનેક છે. દ્રવ્ય એક છે તો આ અનેક છે. તે પણ એક નય છે અને બેયનો ધર્મ એક સાથે જ રહેલો છે. દ્રવ્યધર્મ અને પર્યાયધર્મ તે દ્રવ્યમાં એક સાથે રહેલ છે. આઘો-પાછો કે મુખ્ય-ગૌણ કરીને એને સમજાવવું છે પ્રમાણમાં. એમ હોઈ શકતું નથી. આ બધા...

મુમુક્ષુ :- .. ધર્મ કેમ થાય...

ઉત્તર :- પણ આ ધર્મ કેમ થાય એની તો વાત ચાલે છે આ.

મુમુક્ષુ :- .. ધર્મ સમજાવવા તો આવ્યા છે.

ઉત્તર :- હા ત્યાં પણ એકદમ ગુજરાતી ભાષા અને વળી આ ભાવ તદ્દન બીજી જાતના. કોઈ દિ' સાંભળ્યું પણ ન હોય એણે. એય..! શોભાલાલજી! ત્યાં તો બધા ... મારે અને જ્યાં ઠીક હોય લાગે ત્યાં પૈસા ખર્ચે અને પૈસા આપે જુઓ. ઓલા કેવા? રજનીશ. રજનીશ શું કહેવાય તમારા? અરે..! ગપના ગપ મારે બધા. આચાર્ય. ગપે ગપ મારે ઉંધેઉંધું. આ તો જૈનદર્શનથી અને વસ્તુદર્શનથી તદ્દન ઉંધું.

મુમુક્ષુ :- ખુલ્લું થઈ ગયુંને.

ઉત્તર :- ખુલ્લું થઈ ગયું હવે તો બધું ખુલ્લું. વિષયાનંદ તે બ્રહ્માનંદ છે. ગજબ કરે છેને. કાળા કેર કરે છે. હળવે... હળવે... હળવે... એનું મૂળિયું જ ત્યાં હતું. કહો, શોભાલાલજી! પૈસા-બૈસા આપ્યા છેને તમે એને બધાને? હમણા ક્યાં કહ્યું? ...

ભગવાન! પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એણે કેવળજ્ઞાનથી જોયેલું તત્ત્વ એ તત્ત્વ કોઈને

ખ્યાલમાં અજ્ઞાનીને હોઈ શકે જ નહિ. અન્યમતમાં કે બીજા મતમાં એ વસ્તુ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એક-એક ભગવાન પરમાનંદની મૂર્તિ કહે છે જુઓ! સાધક છેને તેથી એને રાગનો ભાવ આવે છે, ક્રોધનો ભાવ આવે છે લડાઈ આદિનો. સમજાય છે? છતાં એ એક ધર્મ છે. એ આખી ચીજ નથી. એટલે જ્ઞાનીને એ લક્ષમાં રાખવા છતાં એનું પરિપૂર્ણરૂપ આખું છે એના ઉપર એની દૃષ્ટિ જાય છે. સમજાણું કાંઈ? આ તે દિ' તો મૂકી દીધું હતું. ઓલું ઝીણું પડે એ ખાતર. કારણ કે આવું તો ઓલા સમજે નહિ. બહારથી આવ્યા હતા કેટલા હિન્દુસ્તાનથી. શું કહે છે આ?

ભાઈ! આ વસ્તુ જ એવી સત્ય જ આ છે. આ સ્યાદ્વાદ અને અનેકાંત એનો સ્વભાવ છે. સ્યાદ્વાદ તો કથન છે, પણ અનેક અંત એના ધર્મ છે. અનંત ધર્મ એટલે અનંત પર્યાય, અનંત ગુણ અને દ્રવ્યસ્વભાવ એવા અનંત ભાવો એનો સ્વભાવ છે. અને સ્યાદ્વાદ તો એને મુખ્ય-ગૌણ કરીને કહેવું એ સ્યાદ્વાદ છે. સ્યાદ્વાદ એ વાણી છે. એ વાચક છે અને અનેકાંત વાચ્ય છે એમ નથી. આહા..હા..! શું કહ્યું સમજાણું? કારણ કે એમાં તો એક સમયના અનંતા ધર્મ એક સાથે છે. અને સ્યાદ્વાદમાં તો એકને મુખ્ય કરીને બીજાને ગૌણ કરીને કહેવું છે. એ આમાં (પ્રમાણમાં) મુખ્ય-ગૌણ વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ? એ મુખ્ય-ગૌણ નથી એ પ્રમાણથી જ્ઞાનમાં ગૌણ-મુખ્ય નથી અને એક સાથે જણાય છે એમ અહીં કહેવું છે. દેવીલાલજી! આહા..હા..! આ વસ્તુ એવી ચીજ છે. એને ક્યાંય પર સાથે સંબંધ જ નથી. એને કહેશે થોડું આગળ વ્યવહારનયથી. કર્મનો સંબંધ છેને છૂટ્યો એટલો પણ એક એનામાં ધર્મ છે એવી વાત કરશે વ્યવહારનયથી. સમજાણું?

કર્મનો સંબંધ એવો એક ધર્મ અને છૂટી જાય એવો બે થઈને એક ધર્મ. વ્યવહારનયનો એક ઈ ધર્મ. ધર્મ એટલે યોગ્યતા. અરેરે..! એય..! અહીં વ્યવહારનય એટલે ઓલો રાગ એમ નથી લીધો, ભાઈ! સમજાય છે આમાં? ઓલી દૃષ્ટિના વિષયમાં તો દ્રવ્ય શુદ્ધ ચૈતન્ય છે અને પર્યાયમાં જે રાગાદિ છે તે વ્યવહારનયનો વિષય છે. એ બીજી જાત છે. એય..! અહીંયાં તો રાગાદિ દ્વેષાદિ છે. વસ્તુનું ભાન છે કે દ્રવ્ય આવ્યો છે. છતાં પર્યાયમાં રાગાદિ છે તેનું જ્ઞાન એક સાથે છે. મુખ્ય દ્રવ્યનું જ્ઞાન કરાવીને પર્યાયનું રાગનું ગૌણ જ્ઞાન કરાવ્યું છે અને રાગ તે વ્યવહાર છે એમ અહીંયાં નથી. અહીં તો એ રાગ છે તે નિશ્ચય છે એનામાં. પર્યાયમાં નિશ્ચય રાગ છે અને નિશ્ચયથી તે પોતાની પર્યાયને ભોગવે છે એવી એક યોગ્યતા છે. એને પ્રમાણજ્ઞાન બધું જ્ઞાન છે, ફક્ત વ્યવહારમાં અહીં બીજી રીતે વ્યવહાર લીધો કે બીજા દ્રવ્યનો સંબંધ અને છૂટવું એટલે કે યોગ્યતા છે તેને જ વ્યવહારનયનો એક ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! ... એને બદલે ઓલા.. આહા..હા..! કહો, વજુભાઈ! સમજાણું કે નહિ આમાં?

ઓલું વ્યવહારનય એવું આવે કે રાગાદિ વિકલ્પ એ જડના છે, પરના છે.. એના નહિ,

અને વ્યવહાર છે તે પરવસ્તુને વ્યવહાર કહે. સ્વવસ્તુમાં વ્યવહાર છે નહિ. અહીં તો કહે છે કે રાગ એ સ્વવસ્તુમાં છે અને આનંદ પણ સ્વવસ્તુમાં છે. પરિપૂર્ણતા પણ સ્વવસ્તુમાં છે અને ઓછપ પણ પોતાના પર્યાયધર્મમાં છે. સમજાણું કાંઈ? ક્યાં ગયા હિંમતભાઈ? સમજાય છે કે નહિ આ? આ બધું ઝીણું છે આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ માર્ગ સિવાય બીજો માર્ગ નથી. એને અંદરમાં .. જોઈએ. .. એને ઘરે રહી. અને દુનિયા સાથે મેળ ન ખાય તો એને ઘરે રહ્યું. સમજાણું કાંઈ? આગમની વાત અને અંતરની વાત એની સાથે દુનિયા માને કે ન માને એથી કાંઈ અમેળ ખાય છે અંદર એવું છે? દુનિયાથી .. આ વાત. આહા..હા..! કહો, પોપટભાઈ! ગજબ વાત કરી. નયથી વ્યાખ્યા કરીને એક-એક દ્રવ્યનું પરથી ભિન્નપણું આખું કેવી રીતે છે એમ જણાવ્યું છે. કારણ કે ભાનવાળા જીવની દશા ચાલે છે. સમજાણું કાંઈ? રાગ મારી પર્યાયમાં છે, એમ મારી પર્યાયમાં રાગ નથી એવો પણ એક ધર્મ છે. બેય નિશ્ચય છે. સ્વમાં છેને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય એક સમયમાં છે. સાધક છેને. રાગપણે નથી થયો એટલી પણ એક અવસ્થા છે અને રાગપણે થયો છે એવી પણ એક અવસ્થા છે. એક પર્યાયના બે ભાગ પણ એ આખી પર્યાયના આવા ભાગ પાડ્યા છે. આહા..હા..! એક સાથે બેય ધર્મ ગણ્યા છે અને તે નિશ્ચયથી સ્વના છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ તો પરને આખો દ્રવ્ય જ બતાવવો છે અહીંયાં. એક ધર્મ દ્વારા જુઓ તો આખું દ્રવ્ય જોવું છે અને પ્રમાણથી જુઓ તો આખું દ્રવ્ય જોવું છે પોતાનું. પરની સાથે કાંઈ સંબંધ નથી. કારણ કે એ તો પોતાના જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાય છે. છતાં લોકાલોક સાથે આ પર્યાયનો સંબંધ કાંઈ બિલકુલ નથી. જ્ઞાનની એક સમયનો પર્યાય લોકાલોકને જાણે. જાણવું એ કાંઈ લોકાલોકને લઈને જાણે એમ નથી. લોકાલોકને જાણે એવો શ્રુતજ્ઞાનનો એક સમયના પર્યાયનું સ્વતઃ સ્વને કારણે સામર્થ્ય છે. લોકાલોક સાથે કાંઈ સંબંધ નથી. જાણવાને અને લોકાલોકને, જાણવાને અને લોકાલોકને કાંઈ સંબંધ નથી. એક નિમિત્ત કહ્યો તો એનો સંબંધ છે કાંઈ? આહા..હા..! શું કહે છે? આ લોકાલોકને જ્ઞાનપર્યાય જાણે એ પર્યાય લોકાલોક છે માટે જાણે છે એમ નથી. સમજાણું કાંઈ? એ બધું પોતાની પર્યાયનું જ એટલું સામર્થ્ય છે અને તે એનું ભલે નિમિત્ત કહો કે સામર્થ્ય કહો, એનો અર્થ ઈ કે પૃથક્ ચીજ છે એમ જણાવે છે. નિમિત્ત છે માટે અહીં નૈમિત્તિકનું જ્ઞાન થયું એમ નથી. ભારે! શશીભાઈ! ભારે ઝીણું ભાઈ! વીતરાગદર્શન એવું. વીતરાગ નહિ, વસ્તુનું સ્વરૂપ એવું છે. વીતરાગે ક્યાં કાંઈ નવી વાત કરી છે ઘરની? એ તો જેવો સ્વભાવ દ્રવ્યનો, ચૈતન્યનો, ગુણનો, પર્યાયનો, રાગાદિનો જેવો છે એવું વર્ણન કર્યું. સમજાણું કાંઈ? શાંતિભાઈ! સમજાય છે આ? ભારે ઝીણું.

અહીં કહે છે કે એક આત્મા એને આખો જોવો. એને દ્રવ્યથી જુઓ, પર્યાયથી જુઓ, અશુદ્ધથી જુઓ અને શુદ્ધથી. બધું જ્ઞાન કરીને એને જુઓ. એનું નામ સાચું પ્રમાણજ્ઞાન અને ધર્મજ્ઞાન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? પહેલા દ્રવ્ય લીધું, પછી પર્યાય લીધી. પછી આ સાત બોલ અસ્તિત્વ-નાસ્તિત્વના દરેક દ્રવ્ય સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવથી છે એક ધર્મ થયો એ. પોતે પોતાના દ્રવ્યથી વસ્તુ, ક્ષેત્રથી પહોળાઈ, કાળથી પર્યાય, ભાવથી શક્તિ સન્મુખ. એવો જે ભાવ એનાથી સ્વથી છે. અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પરદ્રવ્યની અપેક્ષાએ આ અદ્રવ્ય છે, પરક્ષેત્રની અપેક્ષાએ અક્ષેત્ર ધર્મ છે. પરકાળની અપેક્ષાએ અકાળ ધર્મ છે. પરભાવની અપેક્ષાએ આ ભાવ પરસન્મુખ છે એમ છે નહિ. ભારે ઝીણું! સમજાણું કાંઈ? એ તો બધું આવી ગયું છે આપણે. એવા સાત ધર્મ લેવા. સ્વથી અસ્તિ એક ધર્મ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ. પરથી નાસ્તિ બીજો ધર્મ. ક્રમે કહેવો ત્રીજો ધર્મ, અવ્યક્ત કહેવો એ ચોથો ધર્મ. એક સાથે કહ્યું છે. અસ્તિ થઈને અવ્યક્ત કહેવો એ પાંચમો ધર્મ, નાસ્તિ થઈને અવ્યક્ત કહેવો તે છઠ્ઠો ધર્મ. અસ્તિ-નાસ્તિ એક સાથે કહીને અવ્યક્ત કહેવો એ સાતમો ધર્મ. આરે, ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

નવ ધર્મ થયા નવ નયના. દશમો વિકલ્પ અને (અગિયારમો) અવિકલ્પ. દશમો વિકલ્પનય. એટલે? જેમ એક પુરુષને બાળ, યુવાન, વૃદ્ધ ત્રણ અવસ્થાથી જુઓ તો ભેદ છે. એમ આત્માને નિર્મળ અવસ્થા થોડી પછી વધારે, પછી વધારે એમ જુઓ તો તે ભેદ છે. ભેદ છે એ પોતાનો સ્વતઃ ધર્મ છે. કેટલાક કહે છેને? એ કહે છે, એકરૂપદશા જ્ઞાનની કેમ નથી. આવ્યું છેને ભાઈ! પ્રશ્ન.. કર્મ છે માટે. ત્યાંથી આવ્યું છે. એ કહે છે. પત્રમાં આવે છે. કાનજીસ્વામી એમ કહે છે કે આત્મામાં પર્યાયની યોગ્યતાથી ભેદ પડે છે, કર્મને કારણે નહિ. બરાબર છે? કીધું નહિ, બરાબર નથી. કેમ નથી? કર્મ વિના ભેદ હોઈ શકે નહિ. આત્મામાં કર્મ ન હોય તો એવો પરિપૂર્ણ એક હોવો જોઈએ. ભેદ હોઈ શકે નહિ. એ ઓલામાં આવ્યું. શું કહેવાય? રેકોર્ડિંગ. રેકોર્ડિંગમાં આવ્યું છે પણ પત્રમાં આ પંડિતો લખે છે.

અહીં કહે છે કે એક આત્મામાં જે સ્વભાવને આશ્રયે નિર્મળતા પ્રગટી અને પછી વિશેષ નિર્મળતા પ્રગટે છે અને અનિર્મળતા થોડી મલિનતા રહે છે એવો એનો ભેદધર્મ છે. પોતાનો સ્વભાવ છે. પરને લઈને નહિ. અમરચંદભાઈ! ઓલામાં આવે છે એ શું કહેવાય? એ રેકોર્ડિંગમાં. સમજ્યાને? રેકોર્ડિંગ છેને? છેને આમાં? આમાં હશે આમાં. ક્યાં છે? આગળ. ભેદને એ લાગુ પડે છે ત્યાં. જુઓ, 'કાનજીસ્વામી યહ કહતે હૈં કિ મહારાજ! જ્ઞાનાવરણાદિ કર્મ કુછ નહિ કરતે. અપની યોગ્યતા સે જ્ઞાનમેં કમી-બેસી હોતી હૈ. મહારાજ! જ્ઞાનમેં કમી હોતી હૈ વહ અપની વજહસે હોતી હૈ, અપની યોગ્યતાસે હોતી હૈ. કાનજીસ્વામી યહ કહતે હૈ કિ જ્ઞાનાવરણીય કર્મ કુછ નહીં કરતા. ક્યા ઠીક હૈ? ક્યા ઠીક હૈ? આપ હી સમજો કૈસે ઠીક હૈ. ઠીક નહીં. કોઈ ભી કહે, હમ તો કહતે હૈં કિ અંગધારી કહે તો ભી ઠીક નહીં.'

જુઓ, પ્રશ્ન આ છે. 'જ્ઞાનમેં જો કમી હુઈ, જીવકા સ્વભાવ તો કેવળજ્ઞાન હૈ ઔર વર્તમાનમેં જો હમારી સંસારી અવસ્થામેં જિતને ભી જીવ હૈ ઉનકે જ્ઞાનમે જો કમી હુઈ વહ ક્યા કર્મ કે ઉદયકી વજહ સે કમી હુઈ યા બિના કર્મકે ઉદય કે વજહ સે કમી હુઈ? દોનોં કારણ હૈ. કર્મકા ઉદય કારણ હૈ, ઉપાદાન કારણ આત્મા હૈ.' જવાબ આપ્યો છે. ઓછું-વત્તું શું? અહીં પૂર્ણ થઈ ગયું. અહીં કહે છે કે ઓછું-વત્તું એ એનો ધર્મ છે, કર્મને કારણે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે!

એમાં પ્રશ્ન ઈ પૂછયો. એ બીજામાં આવે છે ઘણે ઠેકાણે. કે આત્મા તો એકરૂપ અવસ્થા હોવી જોઈએ જો કર્મ ન હોય તો. અને કર્મ છે માટે એમાં ભેદ પડે છે. ઓછું આવરણ, વધારે આવરણ, જ્ઞાનાવરણીયનો જેટલો ક્ષયોપશમ થાય એટલો ઉઘાડ થાય. જેટલો ઉદય એટલો અભાવ રહે. એ તો અપેક્ષા પરની આવી, પોતાની ન આવી. અહીં ના પાડે છે કે એમ છે નહિ.

મુમુક્ષુ :- ...શાસ્ત્ર કહે છે તે ખોટું?

ઉત્તર :- નથી, એમ શાસ્ત્ર કહે છે. એ શાસ્ત્ર એમ કહેતું જ નથી. આ શાસ્ત્ર તો આ કહે છે. ઓછી-વત્તી દશા પણ પોતાની યોગ્યતા ધર્મથી છે. કર્મને કારણે યોગ્યતા ઓછી-વત્તી થાય છે એમ છે નહિ. આહા..હા..! શું થાય? સમજાણુંને? મણિલાલભાઈ! એ પ્રશ્ન ઉઠ્યો છે ઈ. ઓછું-વત્તું થાય છે કે નહિ એમાં? તો ઓછું-વત્તું એકલાને થાય? એક લીટી છે એની નાની-મોટી કહેવી હોય તો પરની અપેક્ષાએ કહેવાય. એને એકલાને નાની-મોટી શી કહેવી. એકલી લીટી કરી હોય એને નાની છે કે મોટી? નાની-મોટી શી રીતે કહેવી? તો ઓલો કહે આમ તાણી બીજી. જુઓ આની અપેક્ષાએ નાની. એક તાણી નાની કે આની અપેક્ષાએ મોટી. એમ આત્મામાં જ્ઞાનની હીણી અવસ્થા કર્મની અપેક્ષાએ.. કર્મની અપેક્ષાએ. ઉગ્ર અવસ્થા કોની અપેક્ષાએ? કર્મના અભાવની અપેક્ષાએ. એય..! વજુભાઈ! આ તો અત્યારે આવ્યું બધું હોં. કોણ જાણે ક્યાંથી આવ્યું? આમ જ્યાં ઓલા વિકલ્પમાં જરી આવ્યું હતુંને કાલે? એમ વધારે આવે. હીરાભાઈ! .. છેને. મુંબઈના પંડિતજી છે. એક બીજા પંડિત આવ્યા નથી. એ હિંમતલાલ ગયા છે. કહો, સમજાણું કાંઈ?

કોઈ કહે પણ આત્મા તો વસ્તુ છે અને તેની અવસ્થા તો એકરૂપ હોવી જોઈએ, કેવળજ્ઞાન. એમ લખ્યું છેને? એકરૂપ અવસ્થા કેવળજ્ઞાન જોઈએ. ત્યારે ઓછી અવસ્થા છે એનું કારણ કોણ? કે ઓછી અવસ્થા એ એનો પર્યાયનો ધર્મ છે ભેદનો. પોતાનો ભેદધર્મ છે. પરને લઈને નહિ. આહા..હા..! વસ્તુની સ્થિતિને તો. સમજાણું કાંઈ? એમ કે ક્ષયોપશમ સમકિત થાય છે ત્યાં દર્શનમોહનો ક્ષયોપશમ છે માટે અને એ ક્ષય થઈ જાય તો અહીં ક્ષાયિક થાય. કેવળજ્ઞાનાવરણીયનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય. કહે ના, એવો સ્વભાવ છે નહિ. એ પૂરી પર્યાય થવાનો પણ સ્વતઃ સ્વભાવ છે અને અધૂરી રહેવાનો ભેદનો એ પણ સ્વતઃ

સ્વભાવ છે. આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ?

એ પહેલું આવ્યું દશમો બોલ. '**આત્મદ્રવ્ય વિકલ્પનયે, બાળક, કુમાર અને વૃદ્ધ એવા એક પુરુષની માફક, સવિકલ્પ છે (અર્થાત્ આત્મા ભેદનયે, ભેદ સહિત છે, જેમ એક પુરુષ બાળક, કુમાર અને વૃદ્ધ એવા ભેદવાળો છે તેમ).**' લ્યો! આહા..હા..! છેને શોભાલાલજી! બહુ ગંભીર છે એ વસ્તુ. ઓલા ચોપડામાં નામા ગણે છે એમાં ... આ તો બહુ ઝીણી વસ્તુ છે. એ તો સમજે તો ખ્યાલ આવેને ધીમે-ધીમે. ૧૧મી. '**આત્મદ્રવ્ય અવિકલ્પનયે, એક પુરુષમાત્રની માફક,...**' જુઓ જે પર્યાય અભેદ થાય છે એ પણ અભેદ પોતાનો ધર્મ છે. સમજાણું કાંઈ? અભેદ જે પર્યાયમાં થાય એ પણ પોતાનો ધર્મ છે અને ભેદ આમાં વધે એ પણ ધર્મ છે. સમજાણું કાંઈ? '**અવિકલ્પનયે, એક પુરુષમાત્રની માફક, અવિકલ્પ છે (અર્થાત્ અભેદનયે આત્મા અભેદ છે, જેમ એક પુરુષ બાળક-કુમાર-વૃદ્ધ એવા ભેદો વિનાનો એક પુરુષમાત્ર છે તેમ).**' એ ૧૧ થઈ ગઈ છે.

૧૨મો '**આત્મદ્રવ્ય...**' એ કેવો છે આત્મદ્રવ્યમાં એક ધર્મ બીજો? આવા અનંત ધર્મ છે એવા-એવા ૪૭ ધર્મ બધા આચાર્યે વર્ણવ્યા છે અહીંયાં. સમજાણું કાંઈ? '**નામનયે,...**' એવી તે યોગ્યતા છે જીવમાં, સાધક જીવને. આહા..હા..! જુઓ, ભાઈ અહીંયાં નામ-નિક્ષેપ લાગુ પડે છે જ્ઞાનીને. આ નીકળ્યું જુઓ હવે અત્યારે. સમજાણું? અને તે પણ '**નામનયે, નામવાળાની માફક, શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે...**' એમ કહે. એટલે? શબ્દબ્રહ્મથી કહી શકાય એવી એક એનામાં યોગ્યતા છે. જીવમાં એવો એક ધર્મ છે કે શબ્દબ્રહ્મ દ્વારા કહી શકાય. જો ન કહી શકાય તો વાણીમાં એને કાંઈ બતાવી શકે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એને બતાવી શકાય નહિ, તો પછી આ એનો ધર્મ ન હોય તો બતાવી શી રીતે શકે? એવો એક એની યોગ્યતાનો ધર્મ છે કે નામ-નિક્ષેપે શબ્દ દ્વારા, શબ્દબ્રહ્મ દ્વારા પરમ આનંદસ્વરૂપ છે એ દ્રવ્યસ્વરૂપ છે, શુદ્ધ ચિદાનંદ પરમાત્મા છે એવા શબ્દ દ્વારા એની યોગ્યતા છે કે એ માહ્યલો એક ધર્મ છે. નામ દ્વારા તેને ઓળખી શકાય એવો એક એનો ધર્મ છે. સમજાણું કાંઈ? એ નામ દ્વારા એટલે શબ્દોથી જણાય એમ કાંઈ નથી કહેવું. આહા..હા..! આ તો શબ્દમાંથી કહેવાય છે કે આ આત્મા. પરમબ્રહ્મ પરમાત્મા પોતે છે એમ નામનિક્ષેપે શબ્દબ્રહ્મથી કહેવાય. એ એનો પોતાની એક એવી યોગ્યતા છે. એથી યોગ્યતા છે માટે શબ્દબ્રહ્મની વાણી નીકળે છે એમ નહિ. સમજાણું કાંઈ? એનો એક એવો ધર્મ છે યોગ્યતાનો કે શબ્દબ્રહ્મથી એ કહી શકાય છે કે આ આત્મા, આ પરમબ્રહ્મ આત્મા. વાણી દ્વારા એવું જો ન કહેવાય તો તો સમજવાની લાયકાત તો એની હોતી નથી. તો તો પછી સમજે નહિ એ પોતાથી. સમજાય છે? એવી એની યોગ્યતા છે.

પાઠ તો એવો લીધો છે કે ઈ શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે. એનો અર્થ ઈ કે એને શબ્દબ્રહ્મ

દ્વારા એ કહી શકાય એટલે વાણી, વાણીમાં તાકાત છે કે સ્વપરને કહે, આત્મામાં તાકાત છે કે સ્વપરને જાણે. પણ એ સ્વપરને જાણે એવો એક એમાં ધર્મ છે કે શબ્દરૂપી કહી શકાય એવો એક એનો પોતાનો ધર્મ છે. શબ્દને લઈને નહિ. આહા..હા..! ભારે ઝીણું. પોપટભાઈ! એનો ધર્મ છે. અનંત ધર્મ માહ્યલો એક એનો ભાવ, આ ધારી રાખેલો અનંત ધર્મને ધારી રાખેલો એવો એનો ભાવ છે. શબ્દથી કહેવાય માટે શબ્દથી એ ધર્મ છે એમ નથી. અને એનામાં એ ધર્મ છે માટે એ શબ્દ કહી શકે છે એમ નથી. એય..!

'**આત્મદ્રવ્ય નામનયે, નામવાળાની માફક,...**' નામવાળાની માફક. આનું નામ ભગવાન, આનું નામ જીવોભાઈ. જુઓ, આત્મારામ જુઓ, આત્મારામ. એ આ શબ્દ જે છે એ દ્વારા જણાય એવી એની પોતાની યોગ્યતા છે, એવો એક એનો ધર્મ છે. એથી એનામાં ધર્મ છે માટે શબ્દ શબ્દરૂપે એને સમજાવવામાં પરિણમે છે એમ નથી. અને શબ્દરૂપે પરિણમ્યો માટે તેમાં ધર્મ એને લઈને છે ત્યાં એમ નથી. એનાથી છે. સમજાણું કાંઈ? નહિ તો વાચ્ય થઈ શકે નહિ. વાચ્ય થઈ શકે નહિ. .. એ બની શકે નહિ. ભગવાન આત્મા પરમાનંદનું પૂર્ણ પ્રભુ છે. કહે છે કે એવો એનો એક ધર્મ પોતાનો છે. પૂર્ણ પ્રભુ એવો એક ધર્મ છે. સમજાણું કાંઈ? ધર્મ એટલે ભાવ, ધર્મ એટલે પર્યાય, એની યોગ્યતા. એવો એક એનો ભાવ છે. કહો આ તો થોડામાં બેસે એવી ગાથા. મુંબઈ-મુંબઈમાં આવું ચાલે તો ભાગે બધા. ભાવનગરમાં ભાગે એય..! શાંતિભાઈ! આવું ત્યાં કહેવાય? લોકોને તત્ત્વનો અભ્યાસ ન મળે.

લ્યો આત્મદ્રવ્ય વસ્તુ ભગવાન. અનંત ભાવને એટલે શક્તિને, પર્યાયને, યોગ્યતાને, એમ. પાછો એ ભાવ એટલે કાંઈ ગુણ છે એવું કાંઈ નથી. નામનિક્ષેપે કહી શકાય એવો તેનો ગુણ છે અને એ ગુણની પાછી પર્યાય છે એમ નથી. સમજાણું કાંઈ? સમજાણું કે નહિ? આત્માનો એક ધર્મ નિત્ય છે. આવે છેને નિત્ય? નિત્ય ધર્મ છે માટે નિત્યનો ગુણ છે અને ગુણની પાછી એક પર્યાય અનિત્ય છે—એમ નથી. એ તો નિત્ય કાયમ રહે છે એવો એક એની યોગ્યતાનો ધર્મ છે. એ ધર્મની પાછી પર્યાય હોય અને એ ધર્મ પરિણમે એમ નથી અહીં. આહા..હા..! સમજાય છે કાંઈ? ભારે વાત! ગજબ કામ કર્યું છે. અમૃતચંદ્રાચાર્યે આ વસ્તુને (કહી એ) શ્રુતજ્ઞાન દ્વારા જણાય છે એવી ચીજ છે. અને શ્રુતજ્ઞાન એને આવો પ્રમેય કરે છે. સમજાણું? એ મારો ધર્મ છે એ માને તે જણાય એમ શ્રુતજ્ઞાન પોતાને પ્રમેય કરે છે. એટલે એવા ધર્મને પણ પ્રમેય કરે છે. પરને લઈને નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને લઈને નહિ. તેમ આ ઓલાને ધર્મ છે માટે શબ્દબ્રહ્મ પરિણમે છે એમ નહિ. .. ધર્મ એટલે ભાવ, ધારી રાખેલી દશા શક્તિની. સમજાય છે કાંઈ? જુઓને તેથી મૂકી દીધું હતુંને તે દિ'? ઝાઝા માણસમાં હવે આ ક્યાં લોકોને... અલિંગગ્રહણ લીધું હતું. .. ચોખ્ખી વાત. બે ને બે ચાર જેવી. આ પણ ચોખ્ખી છે, પણ જરી ઝીણી છે ચોખ્ખી.

જુદી જાતની ઝીણવટ જેવું, ઝીણવટ જેવું. ઓહો..હો..! કહે છે, **નામનયે નામમાત્ર 'આત્મા નામનયે શબ્દબ્રહ્મથી કહેવાય છે,...'** જોયુંને? **'જેમ નામવાળો પદાર્થ...'** જેમ નામવાળો પદાર્થ **'તેના નામરૂપ શબ્દથી કહેવાય છે તેમ).'** સાકર. સાકર એમ શબ્દ થયોને? બતાવે છે કોને? સાકરને. પણ સાકરમાં એવો એક ધર્મ છે જેને એ બતાવે છે. શબ્દ બતાવે માટે એનામાં એક ધર્મ છે એમ નહિ. એમ આત્માનો આત્મારૂપી ધર્મ આત્મા શબ્દથી બતાવાય છે, પણ શબ્દથી બતાવે માટે એમાં ધર્મ છે એમ નહિ. આત્મા એવી એની યોગ્યતાનો એ ધર્મ છે. અતતિ ગચ્છતિ ઈતિ આત્મા. સમજાય છે? આત્મા પોતે અતતિ ગચ્છતિ પોતાની પર્યાયને પ્રાપ્ત કરે, વિકાર કે અવિકાર ... પ્રાપ્ત કરે તે આત્મા. સમજાણું કાંઈ?

જુઓ, આ જ્ઞાન ઘટી ગયા અને ભગવાન રહ્યા નહિ અને જાણપણા ઘટી ગયા. પછી વિપરીત માન્યતાએ જેને જેવું લાગ્યું એમ હાંકે રાખ્યું. અભ્યાસ ન મળે. આ વસ્તુ છે ભાઈ! આ પરમાત્મા પોતે કેટલા ગુણો અને અવસ્થાની યોગ્યતાને ધારે છે. એવી એ વસ્તુ એને શ્રુતજ્ઞાન દ્વારા, ભાવશ્રુતજ્ઞાન દ્વારા લક્ષ કરે તો તેને શુદ્ધ ચૈતન્યનો અનુભવ થાય, ભલે વેદનમાં આનંદ હોય અને જરી રાગ પણ હોય. સમજાય છે? પણ એ વેદન હોવા છતાં તેથી ધર્મ કોઈ જુદો છે. સમજાણું કાંઈ? ધર્મદશા પ્રગટતા ધર્મી વસ્તુના ધર્મોને જાણે, પર્યાયને જાણે, રાગને જાણે. છતાં તેના અનુભવમાં આનંદ હોય અને રાગનો અનુભવ થોડો ભેગો હોય. આહા..હા..! અને ત્યાં આનંદનો અનુભવ મુખ્ય અને રાગનો અનુભવ ગૌણ એમ નથી. આહા..હા..! અહીંયાં એમ નથી. અને દૃષ્ટિની અપેક્ષાએ જ્યારે કહે. અખંડાનંદ પ્રભુ પૂર્ણ આનંદસ્વરૂપની જ્યાં દૃષ્ટિ થઈ તે શુદ્ધપણે જ પરિણમે. એને અશુદ્ધ પરિણમન હોય નહિ. અને એને શુદ્ધનું એક જ વેદન હોય, અશુદ્ધનું વેદન હોય નહિ. આહા..હા..! દૃષ્ટિની અપેક્ષાએ. સમયસારની શૈલીમાં એમ આવે. દૃષ્ટિની અપેક્ષાએ પહેલા.. અહીં તો જ્ઞાનની અપેક્ષાએ. દૃષ્ટિ સાથે જે જ્ઞાન થયું એ જ્ઞાન શુદ્ધને પણ જાણે, અશુદ્ધને જાણે, શુદ્ધને વેદે અને ભેગો અશુદ્ધને પણ વેદે. એમાં મુખ્ય-ગૌણપણે વેદે એમ નથી. શુદ્ધને મુખ્યપણે વેદે અને અશુદ્ધને ગૌણપણે વેદે એમ નહિ. અમરચંદભાઈ! આવી વાતું બાપા! અલૌકિક વાત છે. કેમ ..ભાઈ! ઓહો..હો..! ..ભાઈને પહેલેથી. .. વાત છે. નહિતર ધંધો તો મોટો છે ત્યાં લાકડાની લાતીમાં. દેરાસર જાય છે. જોરાવરના છે. ... છોકરા કરે છે. આહા..હા..!

ભગવાન! તું એવડો મોટો છો કે ન જાણી શકાય એવું તારામાં છે નહિ એમ કહે છે. ન જાણી શકાય એવો તારામાં ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તું તને ન જણાય એવો ધર્મ (નથી), કારણ કે તારામાં એક પ્રમેય-પ્રમાણનો ગુણ છે. એટલે આત્મામાં પ્રમેય નામનો ગુણ છે પોતે જ્ઞાનમાં ન જણાય એવો વસ્તુસ્વભાવ નથી. આહા..હા..! જેઠાલાલભાઈ! તું તને જણાય એવો તારો એક ધર્મ ગુણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ન જણાય એવો ધર્મ આત્મામાં હોય? લે! ન જણાય તો પછી પૂર્ણ થાય જ નહિ એને. સમજાણું?

એ જ્ઞાન ન જણાય એવો ધર્મ કેવો? જણાય... જણાય.. અને જણાય.. પોતાના દ્રવ્યને જાણે, ગુણને જાણે, પર્યાયને. પરિપૂર્ણ પર્યાય પ્રગટ ત્યાં આવી એ પણ વર્તમાનમાં એના જ્ઞાનમાં આવી જાય. સમજાણું કાંઈ? મતિ અને શ્રુતજ્ઞાનના અંશમાં, કેવળજ્ઞાન પ્રમાણ અવયવી છે એનો અવયવ આ છે. અવયવ દ્વારા એ ધર્મને પકડી લે છે ઈ. આહા..હા..! જુઓ, એ આવ્યું જયધવલમાં. ... પર્યાય ભેદવાળો છે. પણ પૂર્ણ અભેદ એકરૂપ દશા છે એનો એ ભાવ છે. .. કેવળજ્ઞાનનો મતિશ્રુત અવયવ? એ તો સર્વઘાતિ કર્મ કહેવાય એ. અરે..! ભગવાન! સર્વઘાતિ પ્રકૃતિમાં તો એક સાથે છૂટે અને એક સાથે આવરણ. એમાં કાંઈ ઓછું-વત્તુ હોય નહિ. એય..! અને જ્યારે કેવળજ્ઞાનનો એક અંશ ..માં છે તો પરઘાતિ પ્રકૃતિ રહી નહિ. અરે..! સાંભળને હવે.

એ આત્મા આનંદસ્વરૂપ ને એકલી જ્ઞાનની મૂર્તિ છે. એને મતિશ્રુતે પકડ્યું એ જ્ઞાન યથાર્થ છે. એથી એ પૂર્ણ જાણે છે. પોતાને જાણે છે અને કેવળજ્ઞાન આવો છે એનો એક ભાગ છે. એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન જાણે ક્યાંથી? ન જાણે તો.. મારામાં અનંત-અનંત કેવળજ્ઞાનની પર્યાય જ્ઞાનગુણમાં પડી છે એ શ્રુતજ્ઞાન પ્રમાણ જાણે છે કે નહિ? શ્રુતજ્ઞાન પ્રમાણ જે જ્ઞાન સ્વભાવ તરફ ઢળ્યું અને સ્વભાવને જાણ્યો, વિભાવને જાણ્યો, એ સ્વભાવમાં જ્ઞાનમાં અનંતી... અનંતી... અનંતી... શક્તિ કેવળજ્ઞાનની છે એ શ્રુતજ્ઞાન દ્વારા વર્તમાન જણાય છે કે નહિ? કે થાશે ત્યારે જણાય? સમજાણું આમાં? દાસ! ઝીણું તો છે ઈ. ઠીક પણ રોકાઈ ગયા એ. સાંભળે તો ખરા. આ તો સાંભળે. વિનંતી કરવા આવ્યા છે એ તો. ત્રીજનું ત્યાં મુહૂર્ત છે. ... પણ કોક વચ્ચે આવી જાય એમ ભાઈ કહે છે. નિહાલભાઈના ભત્રીજા ને આવવા છેને. ભત્રીજાના દીકરા ને બાકી છે બધા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લ્યો ઠીક! લ્યો આ બોલ્યા. વાત સાચી. મેળ એવો આવી ગયો છે. કે ક્યાં બીજું લેવાનો .. રહેતો નથી. આપણે તો પંચ કલ્યાણકની મુખ્યતા છેને? .. કે દિ' હતી એને? પરમેશ્વર પંચપરમેષ્ઠી અને એમાં ભગવાન તીર્થંકરદેવ .. છે. આ પ્રશ્ન થાય છે એ જુદી વાત છે. અહીં કહે છે ઓહો..હો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો હજી એમ કહે છે કે બીજ અહીં કરી ત્રીજે જાવું છે. એ તો કહે છે કે જે નામ ભગવાન આત્માનું પડે છે એ નામ દ્વારા જણાય એવો એ તેનામાં ધર્મ છે. આહા..હા..! એક થયો એ બારમો. નામવાળો પદાર્થ સમજ્યાને? સાકર નામ, ગોળ નામ એમ છેને? વસ્તુનું નામ તો હોયને? .. છે એવો એનામાં ધર્મ છે ત્યારે આ બતાવે

છે એમ કહે. આત્મા શબ્દબ્રહ્મથી જણાય એવો આત્માનો ધર્મ છે. અરે..! એણે નિજને જોવા માટે, જાણવા માટે, પોતાની ઋદ્ધિ નિધાન જોવા માટે પ્રયત્ન કર્યો નથી. બીજાને જોઈને મરી ગયો કરી કરીને. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાં .. એય..! કાંતિભાઈ! લ્યો આવો માર્ગ છે આ વીતરાગનો. પ્રેમ છેને એને તો પ્રેમ છે. કાંતિભાઈ બેય આવ્યા છે. ..મુંબઈથી. કહો, બાર ધર્મ થયા.

હવે **'આત્મદ્રવ્ય સ્થાપનાનયે,...'** જુઓ, આત્માની સ્થાપના કરી શકાય છે. એય..! **'મૂર્તિપણાની માફક, સર્વ પુદ્ગલોને અવલંબનારું છે...'** જુઓ, આપણે ઓલામાં કહ્યું છે કે નહિ? હરિભાઈએ લખ્યું છે એમાં. શું કહેવાય? બાળપોથી. નથી કહ્યું એમાં? આ આત્મા, આ શરીર. કહ્યું છે કે નહિ? એય..! ખાલી ભાગ આત્મા, આ શરીર. આ બાળપોથીમાં આવે છે. એ સ્થાપનાનિક્ષેપે આત્માને ઓળખાવી શકાય એ એનામાં એવી યોગ્યતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ નય છે તે ધર્મ છે અમારો. આહા..હા..! **'સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક,...'** જેમ મૂર્તિની સ્થાપના થાય છે કે આ ભગવાન છે, આ પાર્શ્વનાથ છે, આ મહાવીર છે, આ સિદ્ધ છે લ્યોને. પ્રતિમામાં આવે છે. આપણે છેને સિદ્ધ? ઓલા ઓલા ખાલી ભાગ એ બાહ્ય છે એ સિદ્ધ નથી હોં. ઓલું છેને ચિત્ર? જોયું છે કે નહિ? ..ભાઈ! પીત્તળનો ભાગ ખાલી છેને એ સિદ્ધ છે. ઉપર છે એ સિદ્ધ નથી. એ ખાલી કરીને પણ બતાવ્યું કે સિદ્ધ આવા હોય. અમરચંદભાઈ! છેને આપણે પ્રતિમા છે સિદ્ધની. એ પીત્તળ છે એ સિદ્ધની પ્રતિમા નથી. ઓલો ખાલી ભાગ છે એ સિદ્ધની પ્રતિમા એમ કહેવાય છે. સમજાણું કાંઈ? છેને આમ પીત્તળનો ભાગ જરી. ઓલું પીત્તળ.. રાખ્યું ખાલી. એ ખાલી ભાગ છે તે સિદ્ધપ્રતિમાની સ્થાપના છે. સમજાણું કાંઈ? ઉપરનો જે પીત્તળનો ભાગ છે ઈ નહિ. કહો, સમજાણું? જોઈ છે કે નહિ? પ્રતિમા જોઈ છેને ભીખાભાઈ! ક્યાં જોઈ છે? એ કેવી છે? કેવી છે? પીત્તળની. પીત્તળની ને? પીત્તળની એ નહિ. પીત્તળમાં જે ખાલી ભાગ છે તે. ઈ. પીત્તળની નહિ. અરે..! ખાલી ભાગ છેને? એ સિદ્ધની પ્રતિમા કહેવાય છે અને એને આત્મા નામ કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શાશ્વત મૂર્તિ એ પણ ભગવાનની આમ છે. .. એવી શાશ્વત પ્રતિમાઓ, મૂર્તિ કે આમ જ્યાં જોવા જાય તો ઈન્દ્રોને એમ થઈ જાય કે હમણા બોલશે, હમણા દિવ્યધ્વનિ નીકળશે. એવી રત્નની મૂર્તિ શાશ્વત. શાસ્ત્રમાં તો ત્યાં સુધી આવ્યું છે કે એ પ્રતિમાને દેખીને તો એમ થઈ જાય કે હમણા બોલશે. આ બોલ્યા. એવી શાશ્વત રજકણનું પરિણમન છે એ. શાશ્વત અનાદિનું. સમજાય છે કાંઈ? એમ આત્મામાં એવો એક ધર્મ છે કે સ્થાપના દ્વારા આ આવો આત્મા એમ કહી શકાય છે. એવો એનામાં ધર્મ છે એમ કહે છે. લ્યો સિદ્ધની હજી ખબર નહિ હોય. સિદ્ધ એટલે કોણ? પીત્તળના આકારનો વચલો ભાગ. એ સિદ્ધની પ્રતિમા છે, સિદ્ધની પ્રતિમા છે એમ કહે. ... આ પણ શેઠ કહે છે. પૂજા કરવાની આવે

એમ કહે છે. જે એ વચલો ભાગ ખાલી છેને આમ, એ આખા સિદ્ધને બતાવીને એને સ્થાપના કહેવાય છે. સમજાણું કાંઈ? ઓલો તો બહારનો આકાર છે. એવી રીતે આ આત્મામાં અરૂપી અસંખ્ય પ્રદેશી આવો છે એમ સ્થાપનામાં જેમ મૂર્તિ સ્થાપીને બતાવે છે, એમ આત્માને પણ એવો આકાર કરીને બતાવાય છે કે એ આવો આત્મા હોય. લોકપ્રમાણે અસંખ્ય પ્રદેશી આવો હોય. સમજાણું કાંઈ?

'**આત્મદ્રવ્ય સ્થાપનાનયે,...**' જુઓ, અમૃતચંદ્રાચાર્ય મહારાજ અનાદિથી જે આત્માના ધર્મો આત્મામાં છે એને અહીં વર્ણવી રહ્યા છે અને જ્ઞાની સમકિતી એને આત્માને આવો જાણે છે. જેમ મૂર્તિ સ્થપાય છે એમ આત્માને આ આકારને બતાવે એવો એક એનામાં ધર્મ છે હોં. આને લઈને જાણે એમ કાંઈ નથી. એનામાં એવો એક ધર્મ છે કે મૂર્તિ સ્થાપીને જેમ બતાવે કે આ શું? એવો એક એનામાં ધર્મ છે. આને લઈને એ છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ બધા વાંધા. મૂર્તિ ન માને વાંધા. માને એને ઓલી મૂર્તિ પણ ઓલાને માને પાછી. સિદ્ધની મૂર્તિ .. આખા જડને છે એમ. સમજાણું કાંઈ? આત્મામાં ઉતારવું છેને અહીં તો. કે '**આત્મદ્રવ્ય સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક,...**' જુઓ, અમૃતચંદ્રાચાર્ય પોતે કહે છે. ઓલા કહે છે પણ કુંદકુંદાચાર્યે અને અમૃતચંદ્રાચાર્યે મૂર્તિ નથી કીધી. આ શું કીધી? મૂર્તિ છે એની ઉપમા અહીં આપે છે. ભાઈ! મૂર્તિ છે, સંસારમાં મૂર્તિ છે વીતરાગની. સમજાય છે કાંઈ? એની છે એની અહીં ઉપમા આપે છે. જેમ શબ્દથી મૂર્તિ સ્થાપે છે જેમ આ મૂર્તિ.. સ્થપાય છે આ. ભગવાનની સ્થપાય છે અનાદિથી એવી ચાલી આવે છે. એ ઉપમા અહીં આપી છે. સમજાણું કાંઈ? વિકલ્પ છેને અહીં જુઓને વ્યવહાર સ્થાપ્યો છેને ઓલો વિકલ્પ. ભગવાનની પૂજાનો, ભક્તિનો જે વિકલ્પ છે એ પર્યાયનો ધર્મ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! આ તો .. થોડામાં હળવે-હળવે ચાલી રહ્યું છે. આ સમાજ સામું જોવા જાય તો મોઢામાં બહુ ચેષ્ટા ન દેખાય તો અટકી જાય એવું છે આ. એય..! અમારા પંડિતજી દાંત કાઢે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમજાય નહિ એને એમ લાગે કે આ શું નીકળશે આ? બફમ જેવું લાગે. શું આ કહે છે? અમે તો ધર્મ સાંભળવા આવ્યા છીએ લ્યો! હવે આમાં આવી વાતું કરીને અમારે શું છે? પણ એ વાતમાં ધર્મ છે, સાંભળને. ભાઈ! ઠીક કર્યું આ રોકાણા એમાં સારું આવી ગયું. કેમ હિંમતભાઈ! ઓલું તો થાય ત્યારે ખરું, પણ આ તો થયું પહેલું. મંગળિક, મંગળિક. લ્યો! એ તો કહ્યું હતું તે દિ' મંગળવાર હતો ભાઈ પરિવર્તન કર્યુંને? મંગળવાર અને સવા વાગ્યો હતો. આ વિનંતી કરી એ મંગળવાર અને સવા વાગ્યો હતો. એ કહ્યું હતું ભાઈ. .. એક વાગે આવ્યા હતા. .. એ જુદી વાત છે. આ તો એક મેળ છે. એ તો બહારની. આહા..હા..!

અહીં તો કહે છે કે આત્મામાં એવો એક ધર્મ છે. ધર્મ નામ ભાવ, ભાવ નામ યોગ્યતા, પછી ઈ યોગ્યતાની વળી કોઈ પર્યાય છેને એમ નથી અહીં વાત. પણ એવી એક એની યોગ્યતા છે જેમ મૂર્તિને સ્થાપના દ્વારા સ્થાપી શકાય છે, એમ આત્માને સ્થાપના દ્વારા ઓળખી શકાવાય એવો એનો પોતાનો ધર્મ છે. આહા..હા..! ગજબ વાત છે. અમૃતચંદ્રાચાર્યે તો કામ કર્યા છે. તીર્થંકરના પેટ ખોલીને વસ્તુને કેમ કહેવી એ મૂક્યું છે. એ વખતનો એનો ક્ષયોપશમ ભાવ કામ કરતો હશે. સમજાણું? ... બહારની લાયકાત છે.

ભગવાન આત્મા એવો છે કે સ્થાપનાથી જેમ મૂર્તિને સ્થાપી શકાય છે, એમ '**સર્વ પુદ્ગલોને અવલંબનારું...**' જુઓ ભાષા શું છે? ઓલાને શબ્દબ્રહ્મને સ્પર્શનારું કહ્યું. આ સર્વ પુદ્ગલનો સર્વપુદ્ગલ એટલે? કોઈપણ પુદ્ગલથી એનો આકાર બતાવી શકાય છે. એમ કહે છે અહીં તો. એય..! આવો આત્મા હોય છે. .. થાય છેને. કે આત્મા અસંખ્ય પ્રદેશી આમ છે. પણ મૂળ તો ઓલી ચીજ છે એને બતાવવી છે. સમજાય છે? અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા ચૈતન્યઘન. ઓલામાં આવે છેને. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' એ ચૈતન્યઘન એ એનું ક્ષેત્ર બતાવ્યું છે. સમજાણું કાંઈ? એનો દાખલો આપે છે ક્ષેત્રનો. એનો દાખલો આપે છે. કે જેમ આ .. નહોતી કીધી? આપણે બલુભાઈ ગયા નહોતા? ભાઈ બલુભાઈ... એ આમ ઓલું બધું ચાલતું હતું. ગોળીયું બધી ઝીણી-ઝીણી આમ ચાલતી હતી. દેશી દવા થાય છે લ્યો. બલુભાઈને દેશી દવાઓ બધી. ઝીણી... ઝીણી... ઝીણી... ઝીણી... ગોળીયું. ..એ કાંઈ .. થાય છે, પણ એક સાથે લાખો. સમજાણું? એમ આત્માનો પ્રદેશ છે એ આખો રાઈના દાણા જેવો પડ્યો છે એમ આખો પ્રદેશ ઊંચો-નીચો એમ ફર્યા કરે છે. ક્ષેત્ર ફરે નહિ. આઘો-પાછો થાય. આ પ્રદેશ આમ જાય, આ પ્રદેશ આમ જાય. એવો પ્રદેશ છે. એવો દાખલો આવે છે હોં. શાસ્ત્રમાં દાખલો આવે છે. અને વચલા પ્રદેશ તો ત્યાંને ત્યાં રહે છે એમ. એવો આકાર પુદ્ગલથી પણ એને બતાવી શકાય છે એવો એક એનો ધર્મ છે. એ શ્રુતજ્ઞાન, સાચું જ્ઞાન એને પોતાને કબુલે છે અને પોતાને એ ધર્મને બરાબર જાણે છે.

જુઓ, '**સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્ગલિક સ્થાપના કરી શકાય છે,...**' જુઓ, શેઠ! આહા..હા..! પુદ્ગલ દ્વારા એને બતાવે કે આવો આત્મા હોય, આવો આત્મા પ્રદેશી. આવી ચેષ્ટા કરી છે ઈ બતાવાય છે કે નહિ? પુદ્ગલથી બતાવે છે કે આત્મા આવો હોય, અસંખ્ય પ્રદેશી. સમજાય છે? એ પણ સર્વ પુદ્ગલ ભાષા લીધી. જોયું! કોઈ કોઈ ઠેકાણે ક્યા ક્યા પ્રદેશોથી તે બતાવાય પુદ્ગલથી. એટલે કોઈ અનંત પુદ્ગલથી બતાવે એવું કાંઈ નથી. એમ કહે છે જુઓ, ભારે વાત! '**સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્ગલિક સ્થાપના કરી શકાય છે, મૂર્તિની માફક**).' લ્યો! એવો પણ એક એનો ધર્મ છે. એ શ્રુતજ્ઞાન એવા અનંતા ધર્મ સાથે પોતાને જાણે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૨, બુધવાર, તા. ૦૮.૧૦.૧૯૬૯**
**નય-૧૪ થી ૧૬, પ્રવચન-૨૬૫**

આ પ્રવચનસાર છે. એમાં નય અધિકાર. નય-નય. એટલે કે આ આત્મા જે છે વસ્તુ એમાં અનંત ધર્મો છે. આ પૈસા છેને જેમ બે લાખ, પાંચ લાખ, પચ્ચીસ લાખ, કરોડ, બે કરોડ. એમ આત્મામાં અનંતા ધર્મો છે કહે છે. એવા અનંતા પૈસા તો કોઈને બહાર હોતા નથી. પરમાણુ હોય. પણ રૂપિયા અનંતા છે એવું હોય?

મુમુક્ષુ :- એ.. તો હોય.

ઉત્તર :- .. જુદી વાત છે. અહીં તો અનંતા રૂપિયા કોઈ ચક્રવર્તી પાસે ન હોય. અને આ આત્મા પાસે તો અનંતા ધર્મોરૂપી લક્ષ્મી છે. સમજાણું કાંઈ? એને અનંત ધર્મો સ્વભાવ છે અને એક-એક ધર્મને એક નય એટલે જ્ઞાનનો અંશ એને જોવે. જોઈને આખું દ્રવ્ય શું છે એમ અનુભવે એને સમ્યગ્દર્શન, જ્ઞાન અને આનંદ થાય. ... આવ્યું છે ત્યાં પણ તેર બોલ આવ્યા છેને? તેર બાલ આવ્યા છે.

આત્મા જે વસ્તુ છે આ. આ શરીર, વાણી, મન તો પરવસ્તુ છે. એ તો આત્મામાં નથી અને આત્માની નથી. બરાબર છે? મનુભાઈ! એનામાં અનંત ... દ્રવ્ય વસ્તુ એ વસ્તુરૂપે વસ્તુધર્મ, એની પર્યાયો એટલે ગુણ, ગુણની અનેકતારૂપી એક ધર્મ. અને સ્વથી છે અને પરથી નથી એવો એક ધર્મ. એવા-એવા એનામાં અનંત ધર્મો અસ્તિરૂપે સ્વભાવભાવ છે. તેને આખા દ્રવ્યને જોવા માટે ભાવશ્રુતજ્ઞાન—જે જ્ઞાનની દશા આખા દ્રવ્યને, એની પર્યાયને લક્ષમાં રાખી અને જે સારા દ્રવ્ય ઉપર નજર કરે ત્યારે તેને ભાવશ્રુતજ્ઞાન ધર્મ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

તેર બોલ આવ્યા છે આપણે. એમાં તેર ધર્મ આવ્યા હતા. એમાં ચૌદમો. કે આત્મામાં એવો એક ધર્મ છે યોગ્યતા કે '**આત્મદ્રવ્ય દ્રવ્યનયે,...**' ડાલચંદજી! છે એમાં? આ તમારી ભાષા ચોપડામાં આવે નહિ ક્યાંય. એટલે '**આત્મદ્રવ્ય દ્રવ્યનયે,...**' દ્રવ્ય એટલે પૈસો હશે? આ પહેલું દ્રવ્યનય એક આવી ગઈ છે પહેલી. એમાં તો આખું દ્રવ્ય એ વસ્તુ છેને વસ્તુ દ્રવ્યાર્થિકનય. એક સમયની પર્યાયને લક્ષમાં ન લેતાં આખું દ્રવ્ય જે ધ્રુવ ચૈતન્યદ્રવ્ય છે, તે પણ એક એનો ધર્મ કહેવાય એટલો દ્રવ્યપણાનો એક સ્વભાવ કહેવાય છે. એની દૃષ્ટિ આપતા સમ્યગ્દર્શન થાય, પણ એનાથી-દૃષ્ટિમાંથી થયેલું જે જ્ઞાન દૃષ્ટિનું આવે, એ જ્ઞાન તે દ્રવ્યને એક ધર્મ તરીકે જાણે છે. સમજાણું કાંઈ? ધર્મ એટલે એક વસ્તુ. સમ્યગ્દર્શન આખી ચીજને જાણે છે, પૂર્ણ માને છે. એને તે દૃષ્ટિના વિષયમાં ધ્રુવ અખંડ આત્મા પરિપૂર્ણ થઈને

પ્રસરીને જે નિર્મળ પ્રતીતિ થઈ એ પ્રતીતનો વિષય તો એકલું દ્રવ્ય છે. છતાં એ નિશ્ચયનયનો એક વિષય છે. એટલે એની સાથે થયેલું જ્ઞાન એ દ્રવ્યને એક ધર્મ તરીકે સ્વીકારે છે. આખા દ્રવ્ય તરીકે એ નય સ્વીકારતી નથી. એક નય એક ધર્મને સ્વીકારે. એક-એકને સ્વીકારે. અને આખું શ્રુતજ્ઞાન છે એ આખા દ્રવ્યને અને એની પર્યાયને બધાને લક્ષ કરે, પ્રમેય કરી અને આખા દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે એને ભાવશ્રુતજ્ઞાનરૂપી ધર્મજ્ઞાન અને શાંતિરૂપી સમાધિનું જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

પૈસામાં તો ગમે તેટલા પૈસા હોય તો ક્યાંય શાંતિ નથી. મોટા અબજોપતિ પડ્યા છે અમેરિકામાં. અબજોપતિ અબજોના અબજો મોટા. અશાંતિ... અશાંતિ... અશાંતિ... ગોળીયું રાતે ખાય ત્યારે ઉંઘ આવે. કાંતિભાઈ! ખબર છે કે નહિ? એવી દવા આવે છે કે નહિ? એ ગાદલા હોય પાછા પાંચ-છ પહોળા એટલામાં ફર્યા ફર કરે છે માંડ-માંડ. સખ ન મળે. ... હલાવે ઠીક! ઓલા છોકરાને હલાવે આમ. એને હલાવે ત્યારે ઉંઘ આવે એને. એ માંદા છે કે નહિ? આ છોકરાને હાથમાં લેને ત્યારે જરી. એમ ને એમ રાખે તો નહિ. પછી હાથ આમ-આમ કરે ત્યારે એને જરી છોકરાને એમ થાય કે મને જરી હલાવે છે, રમાડે છે. પંપાળે આમ-આમ કરેને જ્યારે. દુઃખ છે કહે છે. આત્મા સિવાય કોઈપણ ચીજમાં કલ્પના કરવી કે આ મારી છે કે ઠીક છે, એકલો દુઃખનો દરિયો છે.

ભગવાન આત્મા આનંદનો દરિયો, આનંદનો છલોછલ ભરેલો દરિયો છે. એની દૃષ્ટિ કરતા જે દ્રવ્યનો અનુભવ થયો, એમાં જે જ્ઞાન થયું એ જ્ઞાન એક ધર્મને માને છે એને. એ દ્રવ્ય જેને દૃષ્ટિએ આખા દ્રવ્યને માન્યું એ જ્ઞાન એને એક ધર્મ ગણે છે. શુદ્ધનયનો વિષય છેને? નય છેને? અને જે પર્યાય છે અવસ્થા આદિ, એને એક ધર્મ ગણે છે. સમજાણું કાંઈ? એમ પર્યાયોમાં ભેદ-ભેદ ધર્મ થાય એક-અનેક પોતાની યોગ્યતાથી, એ પણ એક ધર્મ છે અને એમાં ને એમાં અભેદ થાય એને પણ એક ધર્મ ગણવામાં આવે છે. એવા-એવા એનામાં ૪૭ ધર્મો અહીંયાં કહેવામાં આવ્યા છે. છે અનંતા.

હવે અહીંયાં આપણે નામનયે ત્યાં સુધી આવ્યું હતુંને આપણે? તેને નામનિક્ષેપે કહીએ તો શબ્દબ્રહ્મથી તેને કહી શકાય છે. આવો ભગવાન આત્મા છે એમ શબ્દ દ્વારા કહી શકાય એવો એનામાં એક ધર્મ છે. અને સ્થાપના દ્વારા મૂર્તિપણાની માફક. મૂર્તિની જેમ સ્થાપના થાય છેને? આ ધવલમાં પણ ભાઈ એમ છે. ધવલમાં આવે છેને નિત્ય ભગવાનની વાણી ..ની. એમાં અકૃત્રિમ પ્રતિમાઓ, અકૃત્રિમ મંદિરો એને અનાદિથી છે. જે ધવલ, મૂળ ધવલ એ તો હમણાં જ બહાર આવ્યા. પહેલા તો બહાર નહોતા આવ્યા અને ત્યારે પુસ્તકો ક્યાં આપણે અહીંયાં હજી.. ત્રણ-ત્રણ ના જય ધવલ, ધવલ, મહા ધવલના ૪૦ પુસ્તકો. એક-એકની ૧૦-૧૦, ૧૨-૧૨ની કિંમત. ભગવાનજીભાઈ! રાખ્યા છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. હજી બહાર. .. એ ૨૭.. હવે તો બહાર આવ્યા છે. થોડા રહ્યા છે બાકી. ૪૦ તો બહાર આવી ગયા છે. પુસ્તકની ૧૦-૧૨ની કિંમત એવા ૪૦ બહાર આવ્યા છે. એમાં અકૃત્રિમ ચૈત્યાલયનું વર્ણન છે મંગળિકને અધિકારે. કે અકૃત્રિમ જે શાશ્વત પ્રતિમાઓ છે અકૃત્રિમ ચૈત્યાલયો ભગવાનના એ પણ એક ક્ષેત્ર મંગળિક છે. શાશ્વત વાણી છે. એ ધવલ .. નહોતું .. અન્યમતના આવ્યા હતાને. મારે તો જોવું છે ઓલું દ્રવ્યને નિક્ષેપે ત્યાં શું કહ્યું છે? કારણ કે આમાં ફક્ત .. અને શેઠ લીધો છે. સમજાય છે? .. ને શેઠ અને ... રાજા. અને બીજામાં લીધું છે જરી શ્રેણિક રાજા તે તીર્થંકર મહારાજા છે એમ દ્રવ્યનિક્ષેપે કહેવાય છે. એવું ભાઈ આમાં આવે છે. હિન્દીમાં હેમરાજજી. પહેલા અહીં. પાઠમાં એટલું છે એણે એટલું લીધું. એક જ બોલ લીધો. બીજો બોલ નથી લીધો.

(૧૩) અહીં શું કહેવું છે? કે **'આત્મદ્રવ્ય...'** એટલે વસ્તુ **'સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક,...'** જેમ ભગવાનની મૂર્તિ સ્થપાય છે તેમ **'સર્વ પુદ્‌ગલોને અવલંબનારું છે...'** જેટલા જગતના પુદ્‌ગલો છે તે દ્વારા આ આત્મા આવો છે એવો આકારે દેખાડી શકાય છે. ત્યારે પુદ્‌ગલો સૂક્ષ્મ પુદ્‌ગલો છેને? એ સૂક્ષ્મ જ્યારે સ્થૂળ થશે ત્યારે પણ એ સ્થૂળ દ્વારા દેખાય તો આત્મા આવો અસંખ્ય પ્રદેશી.. એમ થાયને બધા? એટલે એ સર્વ પુદ્‌ગલોથી આત્મા આવો એમ બતાવી શકાય છે. સમજાણું કાંઈ? **'સર્વ પુદ્‌ગલોને અવલંબનારું છે...'** ભાષા જુઓ, હવે પુદ્‌ગલને અવલંબે જીવ? એનો અર્થ? કે શરીરાદિના જેટલા પુદ્‌ગલો છે એને ... કહેવાય કે જો ભાઈ આવા ભગવાન હતા. આ આત્મા આવો છે, અસંખ્ય પ્રદેશી આવો છે. એમ આ પરમાણુ દ્વારા એનું માપ બતાવ્યુંને એને? કે એવો પણ એક એનો ધર્મ છે. મૂર્તિ જેમ સ્થાપી શકાય છે ... એમાં જો એવું ન હોય તો શબ્દ દ્વારા એનો ઈશારો પણ કરી શકાય નહિ. સમજાણું કાંઈ?

**'સર્વ પુદ્‌ગલો...'** શબ્દ લીધા છે. પણ આખી દુનિયાના? કે આખી દુનિયાના. અનંતકાળના પ્રવાહના શબ્દો અને પુદ્‌ગલો સ્થૂળ થાય અને સ્થૂળ દ્વારા જણાય. આપણે છેને બાળપોથીમાં? બાળપોથીમાં છે. ચિત્ર કાઢ્યું છે ભાઈએ, હરિભાઈએ. આમ. આત્મા આમ નથી પકડાતું? બાળપોથી જોઈ છે કોઈ દિ'? નહિ જોઈ હોય. જોઈ છે? ઠીક લ્યો આ એક તો બોલ્યા જોઈ છે. આમ .. અને એક આમ શરીર આમ બસ એ. આ આત્મા છે એ અપેક્ષાએ. ત્યાં ક્યાં આત્મા છે? પણ અહીંયાં બતાવ્યું. જે પુદ્‌ગલોએ ત્યાં બતાવ્યું. એવા-એવા પુદ્‌ગલો જગતમાં છે. કે જ્યારે-જ્યારે એ પુદ્‌ગલો એ રીતે બતાવવાની યોગ્યતા હોય ત્યારે બતાવવાનો પ્રસંગ એમાં બનશે. માટે સર્વ પુદ્‌ગલોથી આત્મા જણાવી શકાય છે. એવો પણ એક આત્મામાં ધર્મ છે. ધર્મ એટલે યોગ્યતાનો એક ભાવ. ઝીણી વાત છે આ. સમજાણું કાંઈ? ઓલા ..માંથી બહુ નીકળ્યા વિના આ સમજાય એવું નથી. ત્યાં ને ત્યાં ગૂંચવાઈને પડ્યા છે. વળી કાંઈક હળવા થાય તો આ સમજાય એવી વાત છે. . બહારથી

દેખાય ત્યાં રાજી-રાજી થઈ જાય. ધૂળમાંય નથી ત્યાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, .. મળે. સાંભળવા મળે એવા. .. એમ બતાવી શકાય કે જ્યારે જ્યારે ઓલા સૂક્ષ્મપણે સ્થૂળ થશે ત્યારે .. આમાંથી બતાવી શકાય. આને તો સર્વ પુદ્ગલોથી બતાવી શકાય એમ કીધું છે. સમજાણું કાંઈ? એ તો આપણે આવી ગયું છે.

હવે આજ તો આત્મદ્રવ્યમાં એક એવી યોગ્યતા સમકિત પામેલા ભાવશ્રુતજ્ઞાનીની વાત છે. આત્મા અખંડ જ્ઞાનસ્વરૂપ છે એવું અંતર ભાન થયું ધર્મનું, એની સાથે ભાવશ્રુતજ્ઞાન થયું. એ ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્મામાં એ ભાવશ્રુતજ્ઞાનીને આત્મામાં એવી એક યોગ્યતાનો ધર્મ છે કે '**દ્રવ્યનયે, બાળક શેઠની માફક...**' જેમ છોકરો આઠ વર્ષનો હોય તોપણ 'કેમ શેઠ સાહેબ' એમ કહે છે કે નહિ? કેમકે ભવિષ્યમાં શેઠ થવાનો છે. સમજાણું કાંઈ? એ બાળકમાં એવી યોગ્યતા જ વર્તમાનમાં છે. શેઠ થયે છૂટકો છે એ વાત લીધી છે અહીંયાં. ભાઈ! ધ્યાન રાખજો. બાળકને દ્રવ્યનિક્ષેપે શેઠ કહેવો તો એ શેઠ થવાનો જ છે. એથી એને વર્તમાનમાં 'શેઠ સાહેબ' એમ નથી કેટલાક માણસો? હોય છોકરો નાનો. એમ કે શેઠ થવાનો. થવાનો એની વાત હોં. કેટલાક શેઠ હોય અને છોકરા નાના હોય અને પાછા મોટા થઈને ગરીબ થઈ જાય, ભિખારી થઈ જાય એની અહીં વાત નથી.

મુમુક્ષુ :- વર્તમાન પર્યાયની વાત છે.

ઉત્તર :- વર્તમાન પર્યાય નહિ. એ થવાનો જ છે એની વાત છે. થાય જ તે. એક છેને ત્યાં આપણે નહિ? વાંકાનેરમાં. બતાવ્યું હતુંને આપણે .. વાંકાનેરનો એક છે. મોટી ઝવેરીની દુકાન હતી જયપુરમાં. ઝવેરીની. તો એનો છોકરો ત્રણેક વર્ષનો હતો .. ગયો અને ભિખારીની માફક ભીખ માગતો હતો. ભીખ માગતો હતો. ઝવેરીની દુકાન માવજી ત્રિકમ. એ વાંકાનેરના માવજી ત્રિકમની દુકાન હતી. નાત કેવી હતી? .. જાણીતા હતા. નીચે ઉતર્યા. ત્યાં એ માગતો હતો ... ટાલ પડેલી અને ભિખારી જેવા લૂગડાં અને જૂતા જીર્ણ, હાથમાં ઓલું. એય..! મા-બાપ! પૈસા આપજો. મારી નજર ત્યાં ગઈ. કીધું, મૂળ ભિખારી નથી લાગતો. ડાલચંદજી! એને જોઈને કહ્યું કે મૂળ ભિખારી નથી. ત્યારે અમારી સાથે ડ્રાઈવર હતો. કે સાહેબ એ તો માવજી ત્રિકમનો દીકરો છે. ઝવેરીનો દીકરો છે. હેં! શું થયું? બધું ખલાસ. બધું ખલાસ થઈ ગયું દુકાન-બુકાન ગઈ, ભિખારી. માગતો હતો ભિખારી. પૈસા માગે એવી રીતે. જીર્ણ કપડા, જોડા જીર્ણ. મારી નજર ગઈ ત્યાં કે આ માણસ મૂળથી ગરીબ નથી. કીધું કોણ છે આ? એટલે ડ્રાઈવરે કહ્યું કે સાહેબ! આ માવજી. એટલે મારી સાથે ભાઈ બેઠા હતા મહેન્દ્રભાઈ. મહેન્દ્ર આ શેઠના દીકરા. કે સાહેબ! એને મેં બહુ મદદ કરી હતી નાની ઉંમરમાં. એને એમ થયું કે કેવી રીતે થયું? તદ્દન ભિખારી. એ બાળકને શેઠ તરીકે ન કહી શકાય. એવી વાત લીધી છે અહીંયાં.

પણ જે બાળકના એવા જ પુણ્ય છે કે શેઠ થયે છૂટકો. એ વર્તમાનમાં શેઠ નથી, પણ એનામાં યોગ્યતા એવી છે. સમજાય છે કાંઈ? તે થાય જ તે. એ હજી આવ્યું નથી. હવે આવશે. માર્ગ .. એ એમાં નથી. આમાં લખ્યું છે આમાં. શ્રેણિક શેઠ તીર્થંકર મહારાજા છે. શ્રેણિક અહીં લખ્યું. ... જુઓ, 'દ્રવ્યનય કર વહી આત્મા અતીતઅનાગત પર્યાય કર કહા જાતા હૈ. જૈસે શ્રેણિકારાજા તીર્થંકર મહારાજ હૈ.' શ્રેણિક રાજાને તીર્થંકર મહારાજ કહેવા ટાણે એમાં એની યોગ્યતા છે અને તીર્થંકર થવાના જ છે. સમજાણું કાંઈ? કેવી શૈલી લીધી છે! શું કહેવું છે એ આવે છે. આ તો એક .. થાય છે. કે દ્રવ્યનયે... એનું દ્રવ્ય એવું છે. કે આ તો દાખલો. કે બાળકને શેઠની માફક. બાળક દેખીને એમ કહેવું કે આ તો શેઠ છે. શેઠસાહેબ! ... આ તે શેઠ જ થવાના છે. પાંચ-પચ્ચીસ વર્ષે એ દુકાનના થડાના શેઠ તમે છો. અત્યારે શેઠ છો એમ કહે. આહા..હા..! અને એ ભૂતકાળની વાત થઈ. એટલે શું કે ભવિષ્યમાં થશે શેઠ એની વાત છે. અને **'શ્રમણ રાજાની માફક...'** સાધુ હોય અને રાજા પહેલા હોય, એ સાધુને કહેવું કે મહારાજા! રાજા સાહેબ! એ ઓલા ભૂતકાળની અપેક્ષાએ કહ્યું. સમજાણું કાંઈ? એનામાં એવી યોગ્યતા છે અત્યારે હોં અત્યારે. .. રાજા આ છે. જુઓને એના શરીરના ચિહ્નો, એના ઓલા .. એની લાઈન. રાજા છે. રાજા છે. એમ ભૂતકાળમાં થઈ ગયેલો રાજા, વર્તમાનમાં થયેલા સાધુ તેને રાજા કહેવો એવી એનામાં યોગ્યતા છે. એમ આત્મામાં **'અનાગત અને અતીત...'** આવેલી નથી પર્યાય એ. સમજાણું કાંઈ? ભવિષ્યની શ્રેણિક રાજાને તીર્થંકરની પર્યાય આવી નથી. અત્યારે નરકમાં છે અને શ્રેણિક રાજા હતા. અહીં તો જુઓ, .. ખરેખર દ્રવ્યનિક્ષેપે એમ નથી લીધું એને. એટલે કે જન્મે ત્યારથી દ્રવ્ય-નિક્ષેપથી ભાવ ન થાય ત્યાં સુધી. એમ નક્કી થઈ ગયું કે આ જીવ તીર્થંકર થવાનો છે એમ સર્વજ્ઞથી નક્કી થયું, એના આત્માથી નક્કી થયું, એટલે કહે છે કે એ જીવને વર્તમાન તીર્થંકર છો. એક જ નિક્ષેપ એનો વિષય છે. સમજાણું કાંઈ?

જેમ શેઠમાં એવી યોગ્યતા છે કે એ શેઠ જ થશે ઓલા બચ્ચાના. તેમ આ તીર્થંકર જ થશે. એથી એને વર્તમાનમાં તીર્થંકરપણું દ્રવ્ય-નિક્ષેપે વર્તમાનમાં ભાવરૂપે ન હો છતાં દ્રવ્ય-નિક્ષેપે તેને તીર્થંકર મહારાજા કહેવામાં આવે છે. આવી એનામાં વર્તમાનમાં યોગ્યતા છે અને એ તીર્થંકર થયે છૂટકો છે એમ આમાં આવે છે. બીજી રીતે કહીએ તો મતિશ્રુતજ્ઞાનીને કેવળજ્ઞાની અત્યારે કહીએ. ન્યાય તે કેવો ન્યાય પણ! એ મતિશ્રુતજ્ઞાની કેવળજ્ઞાની થવાનો એવી એની વર્તમાનમાં યોગ્યતા છે કહે છે. આહા..હા..! શું શૈલી લીધી છેને? ભાવશ્રુતજ્ઞાની કહ્યો છેને? ભાવશ્રુતજ્ઞાન આત્માને .. દ્રવ્યમાં એવું જોવે છે કે આ જીવ ભવિષ્યમાં કેવળજ્ઞાની થવાનો જ છે. એ કેવળજ્ઞાની થવાનો જ છે. જુઓ, શ્રુતજ્ઞાન પડી જશે એ વાત અહીં છે નહિ. આહા..હા..!

એ ..લઈને આવ્યા હતાને ... એટલે .. આચાર્યની શૈલી જ એવી છે. ઓહો..હો..!

વસ્તુની સ્થિતિ હોય ત્યાં. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનું જ્યાં ભાન થયું અને ભાવશ્રુતજ્ઞાનરૂપે આત્મા જ્યાં વર્તમાન પરિણમ્યો અને તે જ્ઞાનમાં આખો આત્મા વર્તમાન પર્યાય સહિતનો જ્યાં જોયો, તો કહે છે કે એ દ્રવ્યમાં એવી યોગ્યતા પોતાને લાગે છે કે આ જીવ કેવળજ્ઞાન જરૂર પામશે માટે અત્યારે કેવળી છું. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે છેને. .. છેને? કેવળજ્ઞાની છું. વર્તમાનમાં ભાવશ્રુત જ્ઞાન દ્વારા દ્રવ્યની એકતા દેખીને કેવળજ્ઞાની છું અને તે નક્કી છે કેવળજ્ઞાન થવાનું છે. બાળક જેમ શેઠ જ થવાનો છે એમ આ મતિશ્રુતજ્ઞાની શ્રુત ઉપયોગી જીવ દ્રવ્યમાંથી જોવે છે કે આ દ્રવ્ય કેવળજ્ઞાન જ પામવાનું છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું પણ વાત કરી છે! ઓહો..હો..!

મુમુક્ષુ :- એનાથી ભેદ પામે છે.

ઉત્તર :- ભેદ હોય જ. અને તે પણ પડી જશે અને પામશે એ વાત અહીંયાં વાત નથી આમાં. જરી સમકિત થાય અને પછી પડે. અને અર્ધપુદ્ગલે તો થાય કે નહિ? એ વાત જ નથી. એય..! ગજબ વાત છે. અમૃતચંદ્રાચાર્યની શૈલી કેવળીના પેટને ખોલ્યા છે. આહા..હા..!

કહે છે કે આત્મદ્રવ્ય એવી વસ્તુ છે કે અખંડાનંદ પ્રભુ એવી જ્યાં દૃષ્ટિ થઈ અને ભાવશ્રુતજ્ઞાને દ્રવ્ય અને પર્યાયને જ્યાં પ્રમેય તરીકે જોયો, જાણ્યો. ત્યારે તેનામાં દ્રવ્યનિક્ષેપે આ જીવ મતિશ્રુતજ્ઞાની વર્તમાનમાં હોવા છતાં હું કેવળી છું એમ એને દ્રવ્યનિક્ષેપે ભાસે છે. આહા..હા..! સમજાણું કાંઈ? હું પામર છું કે રાંકો છું કે પડી જઈશ એ વાત વસ્તુના ભાનમાં અને વસ્તુમાં નથી. કહો, સમજાણું કે નહિ. આ ઓલા પૈસાની વાત નથી. આ તો અંદરની વાત છે. ઓહો..હો..! કહે છે કે દ્રવ્યનિક્ષેપે ભગવાન આત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર એણે જે આત્મા જોયો એવો જ એણે ભાવશ્રુતજ્ઞાન દ્વારા જોયો સમકિતમાં. સમ્યગ્દર્શનમાં આત્મા જ્ઞાયક પૂર્ણ પ્રતીત કરી અને એના શ્રુતજ્ઞાનમાં દ્રવ્ય અને પર્યાય બેયનું જ્ઞાન કર્યું. એવા ધર્મીને દ્રવ્યનિક્ષેપે કહીએ તો વર્તમાન અલ્પજ્ઞાન હોવા છતાં એ વર્તમાન કેવળજ્ઞાની છે એમ દ્રવ્યનિક્ષેપે કહી શકાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તો દ્રવ્યે પરમાત્મા છે. આ તો પર્યાયે પરમાત્મા છું. પર્યાયની વાત છે ત્યાં.. અહીં તો અપૂર્ણ પર્યાય હોવા છતાં પ્રતીતમાં આખું દ્રવ્ય આવ્યું છે અને ભાવશ્રુતમાં પર્યાય અને દ્રવ્ય બેય જાણવામાં આવ્યા છે. તેથી તેને આ એક ધર્મ ભાવશ્રુતમાં જાણવામાં આવ્યો છે કે આ આત્મા વર્તમાનમાં કેવળજ્ઞાન ન હોવા છતાં દ્રવ્યનિક્ષેપે કેવળજ્ઞાની છું. કારણ કે અંદર જે કેવળજ્ઞાન પડ્યું છે. આખા જ્ઞાનની પ્રતીતિ થઈ છેને? આખો ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવો અનુભવ થયો, એથી એ જ્ઞાનમાં કેવળજ્ઞાનની પર્યાયો બધી

પડી છે યોગ્યતા તરીકે. તો એ દ્રવ્ય તરીકે દ્રવ્યનિક્ષેપે પ્રતીત થઈ તો વર્તમાનમાં કેવળજ્ઞાની છું એવું દ્રવ્યનિક્ષેપે જાણવાનું કહી શકાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ વર્તમાન ક્ષયોપશમ સમકિતી છે છતાં હું ક્ષાયિક સમકિતી છું એવું દ્રવ્યનિક્ષેપે પણ કહી શકાય છે. કારણ કે ક્ષયોપશમ સમકિતવાળો ક્ષાયિક થવાનો જ છે. આહા..હા..! ... સમજાણું કાંઈ? કેટલાક માણસને પુણ્ય એવા હોય છેને કે પુણ્યથી વધતા હોય. એ ચડતી દેગડી કહેતા આપણે લૌકિક ભાષામાં એય..! તમારી. સમજાય છે? ચડતી દેગડી એટલે... એક પછી એક પડેને ઝાડ. શું કહેવાય તમારે આ .. એક છે.. ભાઈ! ચડતી દેગડી છે એને ન ભાંગો. એક છોકરો નીકળે કે આ ચડતી દેગડી આપણા કુળની છે અને આ તું ક્યાં આવો નીકળ્યો હીણો? સમજાણું કાંઈ? એમ કહેવાય છે હોં. સાંભળ્યું છે એવું. એમ અહીં કહે છે કે ભાંગેલ વાત નથી. આહા..હા..! ભગવાન આત્મા આનંદ ને જ્ઞાન ને શાંતિનો સાગર. લ્યો સાગર આવ્યું એય..! તમારે. એ સાગર તો ખારો સાગર છે. આ તો આનંદનો સાગર છે. શોભાલાલજી! આહા..હા..!

ભગવાન આનંદશાગર એવું અંતરમાં અપૂર્વ અનંતકાળે નહિ થયેલું ભાન થઈને પ્રતીત થઈ, એને સમ્યક્ ધર્મ થયો એને એમ થયું કે હું દ્રવ્યે તો વર્તમાન કેવળી છું, દ્રવ્યે વર્તમાન ક્ષાયિક સમકિતી છું, દ્રવ્યનયે વર્તમાન યથાખ્યાત ચારિત્રવંત છું. આહા..હા..! અને વર્તમાન સિદ્ધસમાન નહિ પણ સિદ્ધ છું. સમજાણું કાંઈ? જુઓ, એક આત્માના સમ્યગ્જ્ઞાન અને એના સ્વભાવની કિંમત. સમજાણું કાંઈ? હીરાની કિંમત ઝવેરી પાસે થાય. હીરાની કિંમત કાંઈ... ભરવાડ હોયને ભરવાડ? એના હાથમાં આવે તો હીરાને કાણું પડીને બકરાને કાને બાંધી દે. કિંમત ન હોય. આહા..હા..! કહે છે કે આત્માનું સાચું જ્ઞાન થયું એને દ્રવ્યની કિંમત થઈ ગઈ કે આ દ્રવ્ય એમાં એવી યોગ્યતા છે કે હું કેવળજ્ઞાની જ થવાનો છું. થવાનો શું, અત્યારે પણ કેવળી છું. અત્યારે યથાખ્યાત ચારિત્ર છે અને અત્યારે સિદ્ધ છું. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની વાત નથી. ઈ વાત જ નથી અહીં. એ વાત નહિ. .. શુદ્ધની અહીં વાત નથી. .. પડી જાય એ. દ્રવ્ય પડતું હશે? દ્રવ્યનો વ્યય થાય કોઈ દિ'? વસ્તુ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળાનંદ અખંડાનંદ છે એનો અભાવ થાય કોઈ દિ'? બસ, એની દૃષ્ટિ થઈ એનો પણ કોઈ દિ' અભાવ થતો નથી. એવો દ્રવ્યનો સ્વભાવ છે. એ તો અલિંગગ્રહણમાં આવ્યું છે. ઉપયોગનું હરણ થઈ શકતું નથી. જ્ઞાનના ઉપયોગે ભગવાનને પકડ્યો, ભગવાનનો અભાવ થાય તો ઉપયોગનો અભાવ થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રેણિક રાજાને પણ એમ થાતું કે દ્રવ્યનિક્ષેપે હું તીર્થંકર છું. એ તીર્થંકર થવાના છે. સમજાણું કાંઈ? તીર્થંકર થઈશ એ તો વળી બીજી નય થઈ. પણ આ નયે તો હું તીર્થંકરનો

આત્મા અને તીર્થંકરનું દ્રવ્ય માટે તીર્થંકર છું અત્યારે. આહા..હા..! એવો એક દ્રવ્યનો ધર્મ છે. દ્રવ્યનો ધર્મ છે. અસ્તિરૂપે એવો સ્વભાવ છે એમ કહે છે. અનંતા ધર્મ કીધા છેને ભાઈ? અનંતા ધર્મનો ભાવ .. દ્રવ્ય એમાં આ એક ધર્મ એવો છે કે સમ્યગ્જ્ઞાન આત્માનું ભાન થતાં, ભાન એટલે સવારમાં કહ્યુંને કે ભેદજ્ઞાન રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન થતાં એ ભાવશ્રુતે દ્રવ્યની એવી કિંમત કરી કે આ દ્રવ્ય એવું છે કે મને ભાન થયું કે હું વર્તમાન તીર્થંકર છું, વર્તમાન કેવળી છું. એવું દ્રવ્યનિક્ષેપે તેનું જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું પણ આનો ધર્મ શું છે અને કરવું શું? ભાઈ! આ વસ્તુ જે આત્મા છે એ જે જ્ઞાન પરનું કરે છે એને છોડીને સ્વનું કરવું એ જ્ઞાનમાં આ બધું સમાય જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ સાચું જ્ઞાન, એ જૂઠું જ્ઞાન લ્યો! ડાલચંદજી! તમારે બીડીયું, તમાકુનું બાળબીડી જોઈએ એ જ્ઞાન ખોટું છે. એ રખડાવનાર છે બધું. શું કહ્યું છે પણ? આત્મદ્રવ્ય વસ્તુ, એને દ્રવ્યનયે એટલે યોગ્યતાની નયે એમ. ઓલું દ્રવ્ય એટલે ત્રિકાળી વર્તમાન સામાન્ય એમ નહિ.

'**બાળક શેઠની માફક...**' બાળક તે શેઠ જ છે, બાળક તે શેઠ જ છે. રાજકુમાર તે રાજા છે. સમજાણું કાંઈ? કેટલાકને રાજાને એવું હોય છે. રાજકુમાર જ્યાં મોટો થાયને એને એવું લાગે રાજાને કે હવે આ રાજપદને જ યોગ્ય છે મારી હયાતીમાં. સમજાણું? એના તેજ અને એની ચેષ્ટાઓ બધી વર્તમાન રાજને યોગ્ય છે. સમજાય છે? એના બાપને એમ ન થાય કે તારા.. ભાઈ! તું રાજા બનીશ.. સિંહાસન .. છેને ભાઈ! ખુશી થઈ જાય રાજાથી. બને છેને? સ્થાપનાનિક્ષેપ છે. સમજાણું કાંઈ? આઠ વર્ષનો રાજકુમાર થાય અને એને જ્યાં .. ઓહો..! જુવાન શરીર થતાં ફાટીને ફૂટી નીકળે બધા અવયવો. કહે છે કે ઓહો..! આની જુવાની ફાટી. સમજાણું? એમ એને એને રાગ આઠ વર્ષનો ત્યાં એને અંદર દેખાય કે ઓહો..! આ બધી ચેષ્ટાઓ એકદમ રાજ થવાને લાયક છે. એને રાજગાદીએ બેસાડો. એનો બાપ બેસાડે છે એને. સમજાણું કાંઈ? એમ આત્મામાં એવી યોગ્યતા ભાળે જ્ઞાની પોતાના જ્ઞાન દ્વારા કે હું કેવળજ્ઞાન લેવાનો જ છું. લેવાનો જ છું નહિ પણ અત્યારે કેવળજ્ઞાની છું. આહા..હા..! કેવળજ્ઞાની... આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, એના દ્રવ્યની કિંમત ધર્મના સ્વભાવની!

એ '**બાળક શેઠની માફક...**' અથવા મતિજ્ઞાની કેવળીની માફક અથવા ક્ષયોપશમ જ્ઞાની ક્ષાયિકની માફક. સમજાય છે? એમ શ્રેણીક રાજા વર્તમાન તીર્થંકરની માફક '**અને શ્રમણ રાજાની માફક,...**' સાધુ થયો. આ તો રાજા છે. આહા..હા..! સમજાણું? 'ભાગ ન છૂપે ભભુત લગાયા' ભભુત લઈને રાજા થાય, બાવો થાય શેઠિયો.. આહા..હા..! જુઓ તો ખરા, આ તો રાજા છે અત્યારે! એય..! સાધુ છેને? ભલે સાધુ હોય, પણ દ્રવ્યનિક્ષેપે એની

યોગ્યતા એવી ભૂતકાળની હતી, અત્યારે રાજા છે એમ કહીએ છીએ. સમજાણું કાંઈ? એમ આત્મામાં જોયું! '**શ્રમણ રાજાની માફક,...**' કેવળજ્ઞાન થયું છે તોપણ ભૂતકાળની અપેક્ષાએ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનવાળો પણ વર્તમાન... કેવળજ્ઞાન થયું છે હોં. આ તો સાધક છે અહીં. કે ક્ષાયિક સમકિત થયું લ્યોને. છતાં એને ક્ષયોપશમ સમકિતી પણ કહેવામાં આવે છે. ઓલી ભૂતકાળના દ્રવ્યની યોગ્યતા દેખીને. આહા..હા..! એય..! ભારે વાત ભાઈ! .. સમજવું?

'**અનાગત...**' પર્યાય જે અત્યારે થઈ નથી એને પણ વર્તમાન પર્યાયવાળો દ્રવ્યનિક્ષેપે કહી શકાય અને જે ભૂતકાળે પર્યાય થઈ ગઈ અને વર્તમાન નથી એને પણ તે પર્યાયવાળો વર્તમાન કહેવાય. એવો એક આત્મામાં એક ધર્મ છે. બે થઈને એક ધર્મ હોં એ. એ ધર્મ એક છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એક જ ધર્મના બે થઈ ગયા. એકમાં બે સમાઈ જાય એમ નહિ. આહા..હા..! ભારે ભાઈ આ તો. બે થઈને એક ધર્મ એમ કીધો. .. સમાય એમ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ગયા કાળમાં-ભવમાં સ્ત્રી હોય અને વર્તમાનમાં હોય પુરુષ. તોપણ એને ગયા કાળની અપેક્ષાએ પહેલી સ્ત્રી દ્રવ્યનિક્ષેપે કહેવાય. સમજાણું કાંઈ? વર્તમાન હોય સ્ત્રી અને ભવિષ્યમાં થવાનો હોય પુરુષ, તો એ દ્રવ્યની યોગ્યતાએ વર્તમાન પણ પુરુષ કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્મા આવો છે એમ ભગવાન .. એને તું જો અને જાણ, જ્ઞાન કર. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં નવરાશ ક્યાં છે આ કરવાની? એય..! નેમિદાસભાઈ! એ તો નવરા થઈને બેઠા છે તોપણ હજી.. બીજી એને ઘણી ઉપાધિ હોયને પૂંછડા ગામના. અહીં કહે છે.. સમજાણું કાંઈ? આમ પાછા માગણી કરે ત્યારે એમ કહે છે કે જુઓ અમારી ઉંમર થવા આવી, પાછા ઓલા કામ કરવા હોય ત્યારે તો ઉંમર થવા આવી એ નથી. કે આ પાછી ઉંમર થવા આવી માટે ઝટ કરી લઉં. ... એ કહ્યું છે અંદર. ... માટે હું ઝટ કરી લઉં. અહીંયાં એમ કહે છે .. માટે ઝટ આત્માનું કરું એમ કેમ નથી થાતું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. પણ તકલીફ હોયને.

ઉત્તર :- કાંઈ ધૂળેય તકલીફ નથી. તકલીફ કોને હતી? .. ત્યાં તકલીફ કેવી? એ તો મહા ભગવાન ચૈતન્યમૂર્તિ મહારાજા છે. આહા..હા..! અનંતા કેવળીના પેટ જેણે જ્ઞાનમાં લઈ લીધા છે. અનંતા સિદ્ધો જેના જ્ઞાનગુણમાં પડ્યા છે. ચારિત્ર ગુણમાં અનંતી સિદ્ધ પર્યાય જે નિર્મળ આનંદ તે બધી પડી છે. અનંત-અનંત આનંદ જે સિદ્ધને છે એ બધો અનંત-અનંત આનંદ પર્યાયમાં, ગુણમાં બધો આનંદમાં પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ આવે છે ઓલામાં. શું કહેવાય ઈ? ... અરિહંત સાક્ષાત્ .. અરિહંતના ધ્યાન. એલા! તમે અરિહંતનું ધ્યાન કરો છો તો અરિહંત તો નથી અત્યારે. તત્ત્વાનુશાસન. અરિહંત તો

નથી અને તમે અરિહંતનું ધ્યાન કરો છો. કોણ કહે છે કે નથી? એમ ત્યાં આવ્યું. અરિહંતનું ધ્યાન? જુઓ, આ આત્મા અરિહંત થવાનો છે એ અરિહંત થવાની લાયકાત પડી છે અંદર. એ અરિહંત ઉપર એકાગ્ર થતા એને શાંતિ મળે માટે જો અરિહંત (થવું) ખોટું હોય તો શાંતિ મળે નહિ. સમજાણું કાંઈ? ભગવાન સાક્ષાત્ વર્તમાન અરિહંત છું. કારણ કે જે પર્યાય પ્રગટવાની પર્યાય છે અંદરમાં, એનું અમે ધ્યાન કરીએ છીએ. આહા..હા..! એનું ધ્યાન એટલે અમને અરિહંતનું જ ધ્યાન છે. અરિહંત નથી એનું ધ્યાન છે એમ નહિ. જો નથી એનું ધ્યાન હોય તો ફળમાં શાંતિ અને સમ્યક્ અને પ્રતીતિ ન આવવી જોઈએ, સત્યતા આવવી ન જોઈએ. પણ ભગવાન આત્મા અંતરમાં અરિહંતપદપણે, સિદ્ધપદપણે, સાધુપદપણે બિરાજમાન છે એમાં. એનું ધ્યાન કરતાં વર્તમાન જ અરિહંત છું એમ થતાં સત્યના ફળમાં, સત્યની પ્રતીત અને સત્યનું જ્ઞાન અને સત્યની શાંતિ આવે. આ સત્ જો અરિહંત આત્મા હોય તો એમાં શાંતિ હોઈ શકે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ વ્યક્તિ-ફક્તિની અહીં વાત જ નથી અત્યારે... અહીં તો અત્યારે દ્રવ્યની. સમજાણું કાંઈ? હીરાભાઈ! આહા..હા..! દશાશ્રીમાળી છે હોં.

**'અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે...'** જુઓ, **'અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે...'** અત્યારે એમ કીધું. ભાવશ્રુતજ્ઞાનમાં સમ્યગ્જ્ઞાન થતાં, ધર્મદશા થતાં, આત્મામાં આવો ધર્મ તેને સમ્યગ્જ્ઞાનમાં ભાસે છે. સમજાણું કાંઈ? એને એમ નહિ થાય કે અરે..! આ શ્રુતજ્ઞાન છે, ક્ષયોપશમ છે, પડી જઈશ તો? એ ભાવશ્રુતજ્ઞાન છે નહિ તને. સમજાણું કાંઈ? આમાં પડી જઈશ તો? એ તને ભાવશ્રુતજ્ઞાન છે જ નહિ. અજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા તીર્થંકર પરમેશ્વર કેવળજ્ઞાનીએ જે આ જોયો આત્મા, એવો આત્મા અંદરમાં પૂર્ણાનંદ અને જ્ઞાનસ્વરૂપે બિરાજે છે. આ હાડકા-બાડકા જડ છે, હવે કાઢને, એ ઈ ક્યાં તારામાં હતા? આ તો જડ છે, માટી છે. પુણ્ય અને પાપના વિકલ્પો છે એ તારી પર્યાયમાં છે. પણ એનું જ્ઞાન ક્યારે યથાર્થ થાય? કે દ્રવ્યનું વસ્તુમાં જ્ઞાન બધા ધર્મોને ધરનાર એક જ્ઞાયકમાત્ર છું એવું જ્યારે જ્ઞાન થાય ત્યારે એને રાગ બાકી છે એનું પણ જ્ઞાન ત્યારે થાય. સમજાણું કાંઈ? ભારે અટપટી વાત. આ માણસને સમજણ ન મળે, જ્ઞાન મળે પછી બહારમાં ક્રિયાકાંડમાં ગૂંચી એ મિથ્યાત્વને સેવીને ચાલ્યા જાય. .. કરી નાખ્યા. આહા..હા..! એનો ... છે ક્યાંક. રાગનો વિકલ્પ છે દયા, દાન, વ્રતનો. સમજાય છેને? એ તો વિકલ્પ રાગ છે. રાગનું કર્તૃત્વ અને ત્યાં દૃષ્ટિ હવે પડી છે એને, અને એની સંભાળ કરવા જાય છે એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાય છે? અને એ રાગનું પણ સાચું જ્ઞાન નથી એમ કહે છે. રાગનું સાચું જ્ઞાન ક્યારે થાય? કે એ રાગ વિનાની ચીજ અને એવા અનંત ધર્મવાળો આત્મા એનું જ્ઞાન કરે ત્યારે રાગનું સાચું જ્ઞાન

થાય. આહા..હા..! ગજબ વાત છે. શું શૈલી તે અલૌકિક શૈલી છે. એ વસ્તુ જ એવી છે કહે છે અહીં તો. આ આત્મધર્મ એ વિશ્વધર્મ એ જૈનધર્મ છે. આ કોઈ સંપ્રદાય ધર્મ નથી. વસ્તુનો જ આવો સ્વભાવ છે. ચીમનભાઈ! આહા..હા..!

શું કહે છે? આ આત્મદ્રવ્યમાં એક એવો ધર્મ છે કે '**બાળક શેઠની માફક...**' એ તો દૃષ્ટાંત છે હોં '**અને શ્રમણ રાજાની માફક, અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે.**' ભવિષ્યની પર્યાયે વર્તમાન ભાસે એવો એક આત્મામાં ધર્મ યોગ્યતા છે અને ભૂતકાળની પર્યાયે વર્તમાનમાં ભાસે એવો એક આની યોગ્યતાનો ધર્મ છે. ઝીણું છે એય..! એ ત્યાં પોરબંદરમાં ન વંચાય ત્યાં. આ બધી વાતું ત્યાં સાંભળે કોણ? કહો, શાંતિભાઈ! ઓલા કેટલા માણસ ભેગા થાય? આ બે વર્ષથી માણસ બહુ ભેગા થાય હોં પોરબંદર. સવારે પણ બહુ ભેગા થાય. ભેગા થાય બહુ માણસો ખૂબ આવે, ખૂબ. .. ચાલો ચાલો ધર્મકથામાં. બે વર્ષથી બહુ ખેંચાય છે માણસ. લ્યો! ... સાંભળવાને .. પુણ્ય પ્રકૃતિ દેખે, આમ બધું દેખે. એવા બધા શેઠિયાઓ છે.. માણસને એવું લાગેને કે ચાલો કાંઈક છે. ત્યાં ... છે. બહુ માણસો આવે છે, બહુ આવે છે. અહીં કહે છે, ભગવાન આત્મામાં ભવિષ્યની પર્યાય તે વર્તમાનમાં પ્રતિભાસતો અને ભૂતકાળની પર્યાય તે વર્તમાનમાં પ્રતિભાસતો એવો એક દ્રવ્યમાં ધર્મ છે તેને શ્રુતજ્ઞાની જાણે છે. ભારે!

'**(અર્થાત્ આત્મા દ્રવ્યનયે ભાવી અને ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે,...**' દેખો, આત્મા... કૌંસમાં છેને? '**દ્રવ્યનયે...**' એટલે એની યોગ્યતાની દૃષ્ટિએ, ભાવી એટલે ભવિષ્યકાળ અને ભૂત એટલે ગયો કાળ, એ પર્યાયે વર્તમાનમાં ખ્યાલમાં આવે છે. એમ લેવું. '**જેમ બાળક શેઠપણાસ્વરૂપ ભાવી પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે અને મુનિ રાજાસ્વરૂપ ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે તેમ).**' લ્યો એ ૧૪મો ધર્મ થયો. એ એક ધર્મ થયો.

હવે '**આત્મદ્રવ્ય ભાવનયે,...**' ઓલો તો યોગ્યતાનો ધર્મ વર્તમાન ગણ્યો. હવે વર્તમાન પર્યાય ઉલસી છે. વસ્તુ છે આનંદકંદ પ્રભુ એની દૃષ્ટિ થતાં, સમ્યગ્જ્ઞાન થતાં એની પર્યાયમાં જેવો દ્રવ્ય સ્વભાવ છે એ ફાટ્યો છે પર્યાયમાં. ઉલસ્યો છે, ફાટ્યો, પ્રગટ્યો છે. સમજાણું કાંઈ? '**આત્મદ્રવ્ય ભાવનયે,...**' વર્તમાન પ્રગટ ભાવને જોવાની દૃષ્ટિએ જોઈએ. સમજાણું કાંઈ? '**પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક,...**' આચાર્યે લોકોને સમજાય એવો દાખલો આપ્યો '**તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે-પ્રકાશે-પ્રતિભાસે છે...**' પુરુષને સ્ત્રી વિષય આપતા એ પુરુષની પેઠે સ્ત્રી પણ એવી પર્યાયે પરિણમે એમ. સમજાણું કાંઈ? એ તો દાખલો છે. વીતરાગી મુનિ છે. એમણે સમજવા માટે દાખલો આપ્યો છે. જેમ પુરુષ છે એ સ્ત્રીનો વિષય લે તો પુરુષ ઉપર અને સ્ત્રી નીચે હોય. આ તો કહે પુરુષ નીચે અને સ્ત્રી ઉપર, એવું પણ કોઈ વખતે શરીરાદિનો રોગ પુરુષને હોય એ રીતે જેમ થાય, એમ

દ્રવ્ય ઉલ્લસીને પર્યાયમાં પ્રગટ થાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના પર્યાયરૂપે...**' તત્કાળ પ્રગટ પર્યાય અવસ્થા. વીતરાગી કેવળજ્ઞાન જે જે પર્યાય છે તે તે. પછી ભલે મતિશ્રુતજ્ઞાનની પર્યાય હોય તે તે પર્યાય પ્રગટેલી વર્તમાન.

'**તત્કાળના પર્યાયરૂપે ઉલ્લસે છે...**' ઉલ્લસે છે. દ્રવ્યમાંથી પર્યાય આમ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? પર્યાય દ્રવ્યને અવલંબે છે એ તો ઠીક, કહે છે, પણ દ્રવ્યમાં પર્યાય આમ ઉલ્લસે છે, ભાવ પાછો પ્રગટ થાય છે. નયનો અધિકાર સૂક્ષ્મ વિષય છે. તત્ત્વનો વિષય છે. લોકોને અભ્યાસ થોડો. કોઈને તો આવા ચોપડા જોયા પણ ન હોય? કે કોણ જાણે કેવા હશે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. ખબર નહોતી. ... ખબર ઓલી તો હતી. કાંઈક કરવું એવું તો હતું કે નહિ ત્યાં? સમજાણું કાંઈ?

કહે છે, વર્તમાન આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ભાવનયે પ્રગટ્યા છે. પ્રગટ્યા છે તેને એવો પણ એક એનો ધર્મભાવ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? દ્રવ્ય પોતે ઉલસ્યું છે. સમજાણું? ફુગ્ગો નથી ફુગ્ગો? ફુગ્ગો ઉલ્લસે. આમ પડ્યો હોય.. એમ દ્રવ્ય એવું છે ધ્રુવ, તેમાં એકાગ્ર થતાં પર્યાય ઉલ્લસે, પર્યાય ખીલે. ફુગ્ગાની જેમ ફુલે. સમજાણું કાંઈ? આ ફુગ્ગા નથી હોતા? અત્યારે પ્લાસ્ટિકના અને ઘણા. કાંતિભાઈને બહુ .. અમે જોવા ગયા હતા. પ્લાસ્ટિકના થાય, રબ્બરના થાય. આવડા મોટા. એમ? એમ ભગવાન આત્મા... નિહાલભાઈએ કીધું હતું. કેટલો ફુલાયો છે આત્મા. .. સમજાણું કાંઈ? આત્મામાં અનંત-અનંત શક્તિ દ્રવ્યરૂપે છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત... અનંત... અનંત સ્વભાવ છે. એમાં એકાગ્રતાથી જે ફુલાવ આવ્યો બહાર, એને ભાવનિક્ષેપે એ દ્રવ્ય ફુલ્યું છે, પ્રગટ્યું છે. દ્રવ્ય તો દ્રવ્ય છે, પણ એની પર્યાય ફૂટી છે, ફાલી છે, ફુલી છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે શક્તિરૂપ હતી એ ફુલી છે પર્યાયમાં, એમ કહેવું છે અહીં તો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અંદરમાં જ્ઞાનગુણમાં તો અનંતી કેવળની પર્યાયો પડી છે, પણ જ્યાં અંતર એકાગ્ર થાય છે ત્યાં એ પર્યાય બહાર આવે છે, ઉલ્લસી જાય છે ઉલ્લસી. વધી ગઈ દશા કહે છે. શક્તિરૂપ .. અને શક્તિ... પુરુષને જેમ સ્ત્રીની સ્થિતિ .. હોય છે, એમ દ્રવ્યમાંથી શક્તિરૂપે જે હતું જ્ઞાન, આનંદ આદિ એને પર્યાયરૂપે વ્યક્ત એટલું આવ્યું બહાર કે જાણે આ દ્રવ્યથી આ જુદી આવી પર્યાયનો આ સામર્થ્ય! એ ભાવનયે એવી એની યોગ્યતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ...પર્યાય ફૂલે છે, ફાલે છે એ દ્રવ્યમાંથી આવે છે. આહા..હા..!

એને દ્રવ્યમાં જોર હતું એ પર્યાયમાં બહાર આવ્યું એમ કે આ ફુલ્યું એમ. બહાર આવ્યું. દ્રવ્યમાં સામર્થ્ય હતું એ બહાર આવ્યું. એનું જોર વધ્યું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા

અનાકુળ આનંદસ્વરૂપ શક્તિરૂપ છે. એમાં એકાગ્ર થતાં એ પર્યાયનો ધર્મ છે કહે છે. ભાવનયનો એવો એક ધર્મ છે. એ ભાવરૂપે પરિણમે અને પ્રગટે અને ઉલ્લસે એવો તો એક એનો ધર્મ છે. પર્યાયરૂપે પ્રગટે, ઉલ્લસે, પ્રકાશે એવો એનો ધર્મ છે. આહા..હા..! ભાવશ્રુતજ્ઞાનમાં, સમ્યગ્જ્ઞાનમાં એમ ભાસ્યું કે આ પર્યાય જે પ્રગટી છે, ઉલ્લસી છે એ બરાબર પોતાને કાળે અને પોતાને ભાવે પ્રગટી છે આ. એવો જ એનો એક ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? નયપ્રજ્ઞાપન પુસ્તક આવ્યું છે ઘણા વર્ષ પહેલાં. ઘણા વર્ષ પહેલાં. આ બીજી ઢબનું છે આ. સમજાણું કાંઈ? ઉલ્લસિત થાય છે.

પરિણતિ ઉલ્લસીને દ્રવ્ય ઉપર પરિણમે છે. સમજાણું કાંઈ? જેમ પુરુષ ઉપર સ્ત્રી પ્રવર્તે છે એમ દ્રવ્ય ઉપર પરિણતિ પ્રવર્તે છે એમ કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મદ્રવ્ય એવી ચીજ છે તેમાં એક આ ધર્મ એવો છે કે એમાં એકાગ્ર થતાં પર્યાયમાં ઉલ્લસે છે આમ પ્રગટ કે આહા..હા..! ક્યાં કેવળજ્ઞાન પ્રગટ! અને ક્યાં પૂર્ણ આનંદ પ્રગટ! એવી પર્યાયનો ધર્મ. દ્રવ્ય તો શક્તિરૂપે એકકોર રહી ગયું, પણ પર્યાયમાં આવી પ્રગટદશા થાય છે એવો એક ધર્મ છે. સમજાણું કાંઈ?

'**ઉલ્લસે...**' છે. કોણ? આત્મદ્રવ્ય. કઈ નયે? ભાવનયે. '**તત્કાળના પર્યાયરૂપે...**' તત્કાળ વર્તમાન. ઓલી તો યોગ્યતા હતી શક્તિ. આ તો વર્તમાન પર્યાયરૂપે '**ઉલ્લસે-પ્રકાશે-પ્રતિભાસે છે...**' ત્રણેનો એક અર્થ થયો. સમજાણું કાંઈ? પર્યાય ઉલ્લાસિત. ઉલ્લાસિત થઈ. એનો અર્થ કર્યો છે. ઉલ્લાસિત શબ્દ પડ્યો છેને અંદર? ઉલ્લાસિત-ઉલ્લસે છે, ઉલ્લાસ છે, પ્રગટે છે. ભગવાન આત્મામાં જે શક્તિરૂપ આનંદ અને જ્ઞાન આદિ ગુણ છે શક્તિરૂપ, સત્ત્વરૂપ, એની અંતર એકાગ્રતા થતાં તેની વર્તમાન પર્યાયમાં એ બધી પર્યાયો પરિપૂર્ણ આદિ ઉલ્લસે છે. ... પ્રગટે છે, પ્રકાશે છે તેવો એક એનો ધર્મ છે. કહો, સમજાણું અહીં? અહીં તો છદ્મસ્થની વાત છેને શ્રુતજ્ઞાની. શ્રુતજ્ઞાની એમ જાણે છે કે મારો ધર્મ સ્વભાવરૂપે હતો અને પર્યાયમાં ભાવનિક્ષેપે પ્રગટ્યો છે. ઉલ્લસ્યો છે. હતો તે બહાર આવ્યો છે. એ મારી પુંજી અંદરમાં નહોતી એમ નથી. ભાવરૂપે પરિણમ્યો છે. કહો, સમજાણું? એવો એક ધર્મ છે. '**જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી પુરુષત્વરૂપ પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ).**' લ્યો!

હવે એનો ૧૬મો ધર્મ. '**આત્મદ્રવ્ય સામાન્યનયે,...**' સામાન્યનયે. જુઓ, આ વાત. આ '**હાર-માળા-કંઠીના...**' બધું .. '**દોરાની માફક,...**' આ દોરો છેને? બધામાં વ્યાપ્યો છેને? હારમાં દોરે જે છે અંદર એ બધે વ્યાપ્યો છે કે નહિ? એમ આત્મામાં '**વ્યાપક છે (અર્થાત્ આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે,...**' એની દરેક પર્યાયમાં દ્રવ્ય વ્યાપે છે. કોઈ પર્યાયમાં દ્રવ્ય ન હોય એમ હોઈ શકે નહિ. મણકામાં ક્યાંય દોરો ન હોય એમ છે? ..દેવાની વાત નથી. .. એમ આત્માની પર્યાયરૂપી માળા ક્રમસર જે પર્યાય(રૂપ) માળા એમાં દ્રવ્ય વ્યાપેલું છે. દોરામાં પણ દ્રવ્ય વ્યાપ્યું છે એવો એક એનો ધર્મ છે. ભારે!

તો ક્યો આ ધર્મ? સંવર-નિર્જરારૂપ ધર્મ હશે આ? ધર્મ એટલે એની યોગ્યતાનો એવો એક ભાવ. ... એનો એવો સ્વભાવ, એને અહીં ધર્મ કહ્યો છે.

જુઓ, '**આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે, જેમ મોતીની માળાનો દોરો સર્વ મોતીમાં વ્યાપે છે તેમ**).' આત્મા અનાદિ-અનંત પર્યાયમાં દ્રવ્ય વ્યાપે છે. પર વ્યાપતું નથી. એની પર્યાયમાં દ્રવ્ય વ્યાપે છે. એની પર્યાયમાં એકલું કર્મ અને બીજું વ્યાપતું નથી. એવો એનો એક ધર્મ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૩, ગુરુવાર, તા. ૦૯.૧૦.૧૯૬૯**
**નય-૧૬ થી ૧૯, પ્રવચન-૨૬૬**

પ્રવચનસાર. નય અધિકાર. ૧૬-૧૬મો ચાલ્યો છે. જુઓ, શું કહે છે? કે આ આત્મા જે સ્વ વસ્તુ છે, એ વસ્તુમાં અનંતા ધર્મો છે. એ ધર્મોને ધારનાર આખું એક દ્રવ્ય છે. ધર્મ એટલે એના ભાવો. દ્રવ્યભાવ, ગુણભાવ, પર્યાયભાવ, વિકારભાવ, અવિકારી અવસ્થાભાવ એ બધા અનેક ધર્મો કહે છે. એ બધા ધર્મને જાણનારું ભાવશ્રુત પ્રમાણજ્ઞાન છે અને સમ્યગ્જ્ઞાન પ્રમાણની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? દ્રવ્યનયે આવો હતો એમ આવ્યું હતુંને? પણ એ ભાવશ્રુતજ્ઞાન છે ઈ જાણે છે. સમજાણું કાંઈ આમાં? કે આ આત્મા દ્રવ્યનયે કહ્યું હતુંને કે શ્રેણિક મહારાજા તીર્થંકર છે. પણ ઈ નક્કી કોણે કર્યું? એ પોતે જેને ભાવશ્રુતજ્ઞાન દ્વારા જેને દ્રવ્યની ખબર છે એને અંદર ખબર છે કે આ હું તીર્થંકર થવાનો છું. પણ એ .. તીર્થંકર છું એમ ભાવશ્રુતજ્ઞાન દ્વારા, સમ્યગ્દર્શન દ્વારા આત્માને જાણ્યો છે. એને આ ધર્મો જ્ઞાનમાં આવ્યા છે. કહો, સમજાણું કાંઈ?

જેને આ આત્મા વસ્તુ છે આ સ્વસ્વભાવ, એ ભાવશ્રુત પ્રમાણ દ્વારા એક-એક ધર્મને એક-એક નયથી જાણે. છતાં એક નયથી જાણતા પણ આ દ્રવ્યનો એ ધર્મ છે અને અંતરમાં શુદ્ધ ચૈતન્યને જ જાણે છે. અને શ્રુતજ્ઞાન પ્રમાણ વડે પણ અનંત ધર્મનો ધરનાર એને વર્તમાનમાં પર્યાયનું રાગાદિનું જ્ઞાન હોવા છતાં એ જ્ઞાનના લક્ષમાં રહીને ભલે પણ એ ત્રિકાળી શુદ્ધ ચૈતન્યને જાણે છે. સમજાણું? એમાં આવા ધર્મો એને ભાવશ્રુતજ્ઞાનવાળાને માટે વાત છે. અજ્ઞાનીને એની ખબર પડે નહિ. સમજાણું કાંઈ? જેમ ઓલા સિંહને કહ્યુંને મુનિએ? કે તમે

દશમા ભવે તીર્થંકર થવાના છો, મહાવીર થવાના છો. તો એ પોતે જે મુનિ છે એ તો ભાવશ્રુત દ્વારા પોતાને જાણે છે અને પરને પણ એ રીતે જાણે છે, પણ જ્યારે એને સમ્યગ્દર્શન થાય અને ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્મા જાણવામાં આવે ત્યારે એને એનો આત્મધર્મ ખ્યાલમાં (આવે) કે હા હું તીર્થંકર છું અથવા તીર્થંકર થવાનો છું. સમજાણું કાંઈ? જ્યાં સુધી મિથ્યાદષ્ટિ છે ત્યાં સુધી તો કોઈ નય નથી, પ્રમાણ નથી, તેમ સર્વ ધર્મ શું છે એ એના જ્ઞાનમાં આવ્યા નથી. સમજાણું કાંઈ આમાં? એથી અહીંયાં... આ તો વિચાર જરી વિશેષનયે ... ઓલા ક્રમબદ્ધમાં આવે છે. આપણે વિશેષ આવ્યું છેને આ ૧૭માં. ૧૭મો નય.

૧૬મામાં શું કહ્યું? કે આત્મા વસ્તુ છે એ '**સામાન્યનયે, હાર-માળા-કંઠીના...**' ત્રણે એક જ થયું. કોઈ કંઠી હો, માળા હો કે હાર હોય. એમાં '**દોરાની માફક, વ્યાપક છે...**' આ .. આમ આ દોરો છે આખો. જુઓ, આખો દોરો આમાં વ્યાપક છે. આખો દોરો આખા હારમાં વ્યાપક છે. એમ ભગવાન આત્મા અનંતી પર્યાયોમાં દ્રવ્ય તરીકે વ્યાપક છે. એવું જ્ઞાન કોને થાય? સમ્યગ્દષ્ટિ અને સમ્યક્ ભાવશ્રુતજ્ઞાન થયું છે એ એમ જાણે છે, ભાઈ! સમજાણું કાંઈ જરી? આ તો ઓલો વિશેષ બોલ આવ્યોને ... ઓલા દ્રવ્યનયમાં એ શું એમ કહે. દ્રવ્યનય મિથ્યાદષ્ટિ છે એને કાંઈ ખબર પડે છે કે હું તીર્થંકર છું કે હું તીર્થંકર થવાનો છું?

મુમુક્ષુ :- એનું જ્ઞાન સત્ય નથી.

ઉત્તર :- સત્ય નથી. સમજાણું કાંઈ? જે જ્ઞાન સત્ય થયું છે. ભગવાનની ૐ ધ્વનિમાં જેવો આત્મા આવ્યો છે એવું અંતર જેના... ભલે રાગથી પૃથક્ કરીને જાણે, પણ એ રાગનું જ્ઞાન ભાવશ્રુતમાં તો આવી જાય છે. સમજાણું કાંઈ? રાગથી ભેદજ્ઞાનમાં એમ આવ્યું હતુંને? રાગથી ભિન્ન જાણવો. તો એ રાગથી ભિન્ન જાણ્યો એ દૃષ્ટિમાં આવ્યો કે આ દ્રવ્યસ્વભાવ, પણ તેમાં જ્ઞાન થયું એ જ્ઞાન તો રાગથી પૃથક્ થતાં મારી પર્યાયમાં રાગ છે અને રાગ વિનાની પણ દશા છે અને રાગ વિનાનો ગુણ અને દ્રવ્ય છે એમ ભાવશ્રુતજ્ઞાનના ઉપયોગમાં એમ આવે છે અને તેને સત્ય જ્ઞાન કહેવામાં આવે છે. અજ્ઞાની કલ્પના કરીને પોતે કરે કે આમ છે, એને એ જ્ઞાન સાચું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં પ્રમેય થાય એમ કહ્યું છેને? ભાવશ્રુતજ્ઞાન દ્વારા ભગવાન આવો પ્રમેય થાય. તો જ્ઞેયનું જ્ઞાન એને યથાર્થ હોય છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? એને આ બધા ધર્મો દ્રવ્યનયે, પર્યાયનયે, અસ્તિત્વનયે, નાસ્તિત્વનયે, આ પર્યાય છે અને આ પર્યાયની સન્મુખ આ ભાવ છે, જેનું જ્ઞાન યથાર્થ ભાવશ્રુત હોય એને આ ખ્યાલમાં આવે. અજ્ઞાની ભાવશ્રુત નથી તેથી તે ધર્મો એના ખ્યાલમાં પણ આવતા નથી. સમજાણું કાંઈ? '**(અર્થાત્ આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે,...**' હું ત્રિકાળ બધી પર્યાયોમાં વ્યાપનારો હું દ્રવ્ય છું એવો એક મારો અનંત ધર્મ માહ્યલો ધર્મ છે. '**જેમ મોતીની માળાનો દોરો સર્વ મોતીમાં**

વ્યાપે છે તેમ).'

(૧૭) હવે વિશેષ અહીં છે. **'આત્મદ્રવ્ય વિશેષનયે, તેના એક મોતીની માફક,...'** ઓલો તો આખો દોરો કીધો હતોને વ્યાપક? હવે એક મોતી આ. જુઓ, દૃષ્ટાંત પણ આ પ્રવચનસારની ૯૯મી ગાથામાં આપ્યો છે એ અહીં આચાર્યે આ વાત લીધી અહીંયાં. કે ભગવાન આત્મામાં એવો એક ધર્મ છે. કે જે **'વિશેષનયે, તેના એક મોતીની માફક,...'** એક-એક પર્યાયમાં **'વ્યાપક છે...'** આખો દોરો દ્રવ્યમાં વ્યાપે છે એમ છે નહિ. **'આત્મદ્રવ્ય...'** ભગવાન આત્મા **'વિશેષનયે, તેના એક મોતીની...'** તેના એટલે હારના. **'તેના એક મોતીની માફક, અવ્યાપક છે...'** એક મોતી કાંઈ બધે વ્યાપતું નથી. એક મોતી ત્યાં જ છે, ત્યાં જ છે. એ બધે વ્યાપતું નથી. ધ્યાન રાખજો જરી. **'(અર્થાત્ આત્મા વિશેષનયે...'** તેની માફક એટલે કોની? તેના એક મોતી ઓલા હારની માફક. એમ **'વિશેષનયે અવ્યાપક છે,...'** દરેક પર્યાયમાં એક જ પર્યાય વ્યાપ્ય છે એમાં આખો દ્રવ્ય વ્યાપક નથી, અવ્યાપક નથી.

**'જેમ પૂર્વોક્ત માળાનું એક મોતી આખી માળામાં અવ્યાપક છે તેમ).'** એનો અર્થ એ છે કે જે સમયે જે પર્યાય તે-તે સમયમાં વ્યાપેલી છે, તે-તે પર્યાય ત્યાં છે. બીજા સમયની પર્યાય તે-તે પર્યાયમાં વ્યાપેલી તે ત્યાં છે. ત્રીજે સમયે પર્યાય વ્યાપી તે ત્યાં છે. એમ જે અનાદિ-અનંત તે-તે સમયના એક-એક પયાર્ય વિશેષનયે વ્યાપી છે એનું જ્ઞાન જુઓ, આ ક્રમબદ્ધનું જ્ઞાન કોને થાય એમાં આ વાત આવે છે. શું કીધું? દેવીલાલજી! ક્રમબદ્ધનું જ્ઞાન કોને હોય? મિથ્યાદૃષ્ટિને ન હોય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાનીને જ હોય.

ઉત્તર :- હા, ક્રમબદ્ધનો અર્થ કે જે સમયે જે પર્યાય, પર્યાયમાં વ્યાપી છે તે ત્યાં જ છે. આઘે-પાછે, તેમ બધામાં નથી. તે એક જ સમયની જેમાં એક મોતી એક જ ઠેકાણે વ્યાપ્યું છે એના સ્થાનમાં, તેમ આત્માનો એક પર્યાય તે તે ગુણનો ત્યાં જ વ્યાપેલો છે, રહેલો છે. બીજે સ્થાનમાં એક પર્યાય ત્યાં વ્યાપી. મોતી મોતીના સ્થાનમાં ત્યાં ક્ષેત્રથી છે આ. ઓલો પર્યાયમાં કાળથી છે. એટલો ફેર છે. દાખલો તો કાંઈ બધે લાગુ પડે છે કાંઈ? આ ક્ષેત્રમાં છે. આ ક્ષેત્રમાં એક જ છે, આ ક્ષેત્રમાં બીજું નથી. તેમ આત્મામાં... ભગવાન આત્મા અનાદિ-અનંત છે. તેની એક સમયની જે પર્યાય છે તે તે પર્યાય ત્યાં વ્યાપેલી છે. સમજાણું? એવું જ્ઞાન, એવો ધર્મ, પર્યાય વિશેષનયે એક જ માં વ્યાપ્યો એવો ધર્મ કોને ખ્યાલમાં આવે? કે જે નય જ્ઞાન પ્રગટ્યું તેને એ પર્યાય ખ્યાલમાં આવી અને પ્રમાણ જ્ઞાન પ્રગટ્યું તે દ્વારા એક ધર્મસહિત બધા ધર્મોનો ધરનાર દ્રવ્ય છે એમ ખ્યાલમાં આવે છે. સમજાણું કાંઈ? ૯૯મી ગાથામાં આવ્યું છે ત્યાં કે જે જે મોતી છે તે તે ઠેકાણે છે. એ ક્ષેત્રનો દાખલો. તો શું આપવો ત્યારે?

મુમુક્ષુ :- .. લાગુ પાડ્યો.

ઉત્તર :- હા, ..કહ્યો, પછી એને સિદ્ધાંત તો ... ઉતાર્યો હતો. સમજાણું? ત્યાં તો આત્માના અસંખ્ય પ્રદેશ છેને? એ એક-એક પ્રદેશમાં બીજો પ્રદેશ નથી. એમ અંશભેદ, ભેદ પાડીને ત્યાં બતાવ્યું છે. સમજાણું? આ ભેદનય આવી ગયોને આપણે વિકલ્પનયે? એ આખો આત્મા અભેદ અસંખ્ય પ્રદેશી, પણ એને એક પ્રદેશમાં બીજો નથી, બીજામાં ત્રીજો નથી. એમ ગણો તો એ બધા અંશ ભેદરૂપ છે. સમજાણું કાંઈ? જેમ પર્યાયમાં પણ જે સમયે જે અવસ્થા થવાની તે ત્યાં થશે. પૂર્વમાં થઈ તે ત્યાં થઈ, પછીમાં થશે તે ત્યાં થઈ. તે તે પર્યાય તેટલા કાળમાં એક સમયમાં જ વ્યાપે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એક સમયમાં વ્યાપે છે.

ઉત્તર :- ઈ એક સમયમાં વ્યાપે એટલે એક સમય થયોને ઈ? એક સમયમાં વ્યાપે એટલે એ સમય એ છે. એ સમય કહો, કાળ કહો, પર્યાય કહો એક જ છેને. એને બીજો ક્યાં કાળ હતો? એક સમયમાં એટલે એક સમયની સ્થિતિમાં જ ત્યાં એક સમયની પર્યાય હોય છે. સમજાણું કાંઈ? એક પર્યાય બીજે સમયે હોતી નથી.

મુમુક્ષુ :- સમય કાળ

ઉત્તર :- સમય કાળ નથી. આત્માનો પર્યાય એને કાળ કહેવો છે અહીં. એ આપણે આવી ગયુંને પહેલું? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં. સમજાણું કાંઈ?

અહીંયાં તો ભગવાન આત્મા એક સમયની પર્યાયમાં વિશેષનયે ત્યાં જ વ્યાપે છે. એનો અર્થ કે એક સમયનો જે પર્યાય છે એ ધર્મ, પર્યાયધર્મ, વિશેષધર્મ તે જ્ઞાનીને જ્ઞાનમાં આવે છે. સમજાણું કાંઈ? ભાવશ્રુતજ્ઞાન, જ્યાં સમ્યગ્દર્શન પ્રગટ્યું છે, તેની સાથે જે ભાવશ્રુત જાણ્યું છે એ ભાવશ્રુતજ્ઞાનમાં આવો આ સમયે એમ વિશેષનયે પર્યાય ..માં વ્યાપે છે, બીજે સમયે નહિ. જેમ કે, પહેલા સમયની ધારણા છે જ્ઞાનમાં ભાઈ! ધ્યાન રાખજો. વચ્ચે આવી ગયું છે. વળી લઈએ છીએ પાછું. કીધું કાંઈક રહ્યું એકકોર અંદરથી. કારણ કે એક પ્રશ્ન પૂછાણોને એટલે રહી ગયું.

પહેલા સમયનો જે જ્ઞાનનો પર્યાય છે. અવગ્રહ ઈહા, અવાય, ધારણાનો. એ પર્યાય પર્યાયમાં જ વ્યાપે છે. એ પર્યાય બીજે પર્યાયમાં જાતી જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એક સમયની પર્યાયમાં જે ધારણા .. મતિનું લક્ષ આવ્યું. .. શ્રુતનો પર્યાય. એની એક સમયનો પર્યાય ત્યાં જ વ્યાપે છે. એમ ભાવશ્રુતજ્ઞાનમાં એવા અનંત ધર્મનો ધરનાર દ્રવ્ય એમ લક્ષમાં આવે છે. એટલે કે એ સમયની પર્યાય ત્યાં જ રહે છે. એ બીજે સમયે વ્યાપતી નથી. એટલે તે ધારણાનો એક સમયનો ભાવ બીજે સમયે તે ભાવ રહેતો નથી. સમજાણું કાંઈ? એય..! તો પછી આ જાતિસ્મરણ શી રીતે થાતું હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક સમયે હોય. તે જ ક્ષણે, તે જ સમયે તે સ્મરણ થાય છે. જે પૂર્વનું ધારણાનું કહેવું એ તો એક અપેક્ષાએ છે. સમજાય છે? બાકી તે સમયે જ તે નવું થાય છે. ઉઘાડ છે, પણ એના પર્યાયનું પરિણમન જે છે એ એક જ સમયમાં એક જ છે. ઓહો..હો..! શું સમાડી દીધું જુઓને. અને બીજે સમયે જ્યારે સ્મરણમાં ભાવ આવ્યો. એ પહેલા સમયનો પર્યાય ત્યાં આવ્યો નથી. ત્યાં હતું તે પ્રકારનો ભાવ પોતાનો સીધો એક સમયમાં સીધો પરિણમ્યો છે. આહા..હા..! પૂર્વની પર્યાયની અપેક્ષા રાખ્યા વિના. ધીરૂભાઈ! આજ જવાના છે બેય જણા આજ તો. આજે જવાના છોને? ... પૂરો કરવાનું.

જુઓ, એક માણસ આમ (માળા) ગણતો હતો એ મરી ગયો. આમાં અત્યારે એક બસમાં એક માણસ આવતો હતો તે બસમાં મરી ગયો. હાર્ટ ફેઈલ થઈ ગયું. અહીં ઉતાર્યો. આ તો આમાંથી યાદ આવ્યું એક ઓલા અમરચંદભાઈ હતાને ..વાળા નહિ? દેરાવાસી હતા. માળા ફેરવતા. મંદિરમાં માળા ફેરવતા હતા ત્યાં હાર્ટફેઈલ. મંદિરમાં હાર્ટફેઈલ. આ મોટું મંદિર છેને મોટું આદિશ્વર ભગવાનનું. દાદાનું મંદિર. હાર્ટફેઈલ .. બેઠતા હતા ત્યાં. આ બસમાં વચમાં હાર્ટ ફેઈલ થયું એમ કહે છે. મરી ગયો. જે સમયે જે (થવાનું) એ પર્યાયનું જ્ઞાન કોને હોય? સમજાણું કાંઈ? એને જ સમ્યગ્જ્ઞાન કહેવાયને. જે શ્રુતજ્ઞાન દ્વારા જણાય. એવી શૈલી લીધી છેને. વસ્તુ જ આવી. સમજાણું કાંઈ? કે દ્રવ્યનયનું, ભાવનયનું, સામાન્યનયનું, વિશેષનયનું, દ્રવ્યાર્થિકનયનું, પર્યાયાર્થિકનયનું, સ્વ-અસ્તિપણાનું, પરથી નાસ્તિપણાનું. એ બધો ધર્મ ભાવશ્રુત જ્ઞાન દ્વારા, સમ્યગ્જ્ઞાન થયું છે એ જ્ઞાન દ્વારા (જણાય છે). એક સમયનો પર્યાય એક જ સમય રહે છે અને એ પર્યાય બીજે સમયે આવતો જ નથી, વ્યાપતો જ નથી. એ ભાવ જે પહેલાનો હતો એ ભાવ બીજે આવતો નથી. એ જાતનો ભાવ આવે, પણ ઈ તો એ પોતે નવો એક સમયમાં આવ્યો છે. આહા..હા..! કેવળજ્ઞાન એક સમયમાં એક જ પર્યાય વ્યાપી કે નહિ આમાં? લ્યોને વિશેષનયે. આ તો સાધક છે એટલે એને છે નહિ. એને છે નહિ. આ તો શ્રુતજ્ઞાનની વાત છે. તો શ્રુતજ્ઞાન કે મતિજ્ઞાનનો એક સમયનો જે પર્યાય છે, એક સમયનો પર્યાય ત્યાં જ વ્યાપ્યો છે, બીજે સમયનો પર્યાય બીજે સમયે ત્યાં જ વ્યાપ્યો છે. આ સમયનો પર્યાય છે તે બીજે સમયે આવે છે, ત્યાં અંદર ધારણા હતી માટે એ ધારણાનો અંશ બીજે સમયે આવે છે—એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અત્યારનું ઝીણું છે. શોભાલાલજી! તેથી પછી આ ગુજરાતી વાંચ્યું. ક્યાં ગયા તમારા? ભાવનગર ગયા? ઠીક. સમજાણું કાંઈ? આ ઝીણું છે. સમજાય એવું નથી. કારણ કે અભ્યાસ નહિને. તેથી ઓલું સવારનું રાખ્યું. આ હિન્દીભાષી જરી ન સમજે. બે દિ' અહીં રાખશું અને સવારે ત્યાં બે દિ' રાખશું. પરમ દિ' પછી સ્વાધ્યાય... સમજાણું કાંઈ?

ઓહો..! ભગવાનની લીલા વર્ણવે છે આ. એમ આત્મા અનંત ધર્મ ધારે છે, સ્વભાવને પર્યાયરૂપી ધર્મને ધાર્યો છે, પણ એક સમયનો પર્યાય એક જ સમયમાં વ્યાપે છે અને તે

તે કાળે તે જ પ્રકારે વ્યાપે છે એમ, તે તે કાળે તે જ હોય છે.

મુમુક્ષુ :- એ જ મોતી હોયને?

ઉત્તર :- એ જ મોતી હોય. આ મોતીમાં એ ઠેકાણે મોતી એ જ હોય અને વચલા ઠેકાણે વચલો હોય અને .. ત્યારે આ હોય. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું નિયત જ છે. આહા..હા..! ભગવાન આત્મા એને જોવાનું છે જ્ઞાયકને. એ જ્ઞાયકતત્ત્વ છે એ જોવાનું છે, જોતા એમાં આવા ધર્મો એમાં ભેગા જોવાઈ જાય છે. એટલે કે સમ્યગ્જ્ઞાનીને જ જે સમયે જે પર્યાય છે તે ત્યાં જ વ્યાપે છે અને બીજે સમયે નહિ, બીજે સમયનો બીજો પર્યાય ત્યાં જ વ્યાપે છે એવું જ્ઞાન જ્ઞાનીને યથાર્થ હોય છે. અજ્ઞાનીને હોતું નથી. અજ્ઞાનીને તો, અમારી પર્યાય થવાની હશે તે થાશે એમ કરીને (કહે કે) અમારી થવાની હતી તે થઈ. સમજાણું કાંઈ? પણ તને ખબર નથી હજી વસ્તુની, (અને) થવાની હશે એ ક્યાંથી આવી? કહો, સમજાણું? ક્રમબદ્ધમાં અમારે એમ આવવાનું હતું લ્યો એમ આવવાનું હતું. .. પરસ્ત્રી સાથે લગન થવાના હતા એ ક્રમબદ્ધમાં હતું. ક્યાંથી લાવ્યો આ? સમજાણું કાંઈ? એમ ન હોય. એ તારું જ્ઞાન જૂઠું છે. એને જ્ઞેયને પ્રમેય તરીકે જાણવામાં આવ્યું નથી. અને તું કહે છે કે અમારે આમ થવાનું (હતું). એ વાત જ તારી મિથ્યા શ્રદ્ધા છે. આહા..હા..! ભારે ઝીણું! સમજાણું કાંઈ? તે જ સમયે થવાનું તે જ પર્યાય થાય અને તે જ તેના સમયનો તે ધર્મ છે. જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, ચારિત્રની પર્યાય, આનંદની પર્યાય, અસ્તિત્વની પર્યાય, વસ્તુત્વની એવી અનંતી અનંતગુણની પર્યાય. આહા..હા..! અનંત જેટલા ગુણો છે તેટલી એક સમયમાં પર્યાય અને તે એક એક પર્યાય તે તે ગુણની તે તે પર્યાયમાં વ્યાપી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યાપે તો જાણે? લોકાલોકમાં વ્યાપી જાય છે જ્ઞાન? .. પણ વ્યાપે છે ક્યાં? જાણવાનો સ્વભાવ છે. પરને અડ્યા વિના, સ્પર્શ્યા વિના જાણવાનો સ્વભાવ છે. એ તો .. છે. એક સમયની (જ્ઞાન) પર્યાય, બીજા ગુણની પર્યાયને જ્ઞાનપર્યાય જાણે છે. એટલે જાણે છે તો અડીને જાણે છે? સ્પર્શીને જાણે છે? એનો પર્યાયનો સ્વભાવ એવો છે. પ્રશ્ન થયોને એકવાર ત્યાં. રાણપરમાં શું કહેવાય એ? ઓલા નારણભાઈની જોડે નહિ એક? ખત્રી-ખત્રી. ઓલો ખત્રી હતો ખત્રી. ..ખત્રી. એ આવ્યા હતા એકફેરી. કે આ તમે કહો છો કે આ બધાને જાણે, પણ આ પુદ્ગલમાં તો આત્મા પેસતો નથી. અંદર પેસ્યા વિના શી રીતે જાણે? એવો પ્રશ્ન ૮૪ની સાલમાં થયો. સમજાણું? ખત્રી નહિ આ બાજુ રહે? કે એનો અર્થ શું તમે કહો છો? કીધું. છે એને પેસીને જાણે? એ પરમાણુ છે એમાં જ્ઞાન પેસે તો પરમાણુમાં ..ને જાણે. એનો અર્થ શું કીધું? એમ નથી. એ પુદ્ગલમાં પેસ્યા વિના,

અડ્યા વિના એક સમયની પર્યાય તેને બરાબર જેનું છે તેમ સ્વને જાણતા પરનું જ્ઞાન આવી જાય છે. એવો ચૈતન્ય ચમત્કાર સ્વભાવ છે. સમજાણું કાંઈ? આ વેદાંતવાળાને શું.. બધું જ્ઞાન બધું જ્ઞાન ચીજ છે એમ. એક જ છે. બીજી ચીજને જાણે શી રીતે? બીજી ચીજ તો જુદી છે. એમ જુદામાં આ જ્ઞાન પ્રવેશ ન કરે. જો જ્ઞાન પ્રવેશ કરે તો અદ્વૈત થઈ ગયું બધું—એક થઈ ગયું. એમ નથી. સમજાણું કાંઈ? આ તો પ્રશ્ન તો .. એક સમયની પર્યાય, તેમાં અનંતી બીજી પર્યાય છે. એ બધી પર્યાયને એક સમયની જ્ઞાનની પર્યાય એ જ સમયે બીજી પર્યાયને અડ્યા વિના, સ્પર્શ્યા વિના લોકાલોકને પણ જાણે અને સ્પર્શ્યા વિના એક સમયની પર્યાય સ્વતંત્ર વ્યાપે છે. આહા..હા..! અને એ જ સમયનો પર્યાય પાછો બીજે સમયે એ વ્યાપતો નથી. આહા..હા..! બીજે સમયે તે એક જ સમયનો જ્ઞાનનો પર્યાય, દર્શનનો પર્યાય, આનંદનો પર્યાય સ્વતંત્રપણે તે સમયે તે પ્રકારનો અંશ પર્યાય પર્યાયને કારણે પરિણમીને પોતે પોતાને જાણે છે. ... સમજાણું કાંઈ?

આ તો જેટલા ગુણો છે એટલી એક સમયમાં પર્યાય. અને તે પર્યાય તે જ કાળે, બીજે સમયની પર્યાય તે કાળે તે બીજી. અને ક્રમસર હોય છે. આઘી-પાછી હોતી નથી. આહા..હા..! કે આમાં પછી પુરુષાર્થ ક્યાં રહ્યો? અરે..! પણ ક્રમસરનું જ્ઞાન કોને હોય? જેણે પુરુષાર્થ કરીને દ્રવ્યને જાણ્યું હોય એને હોય. સમજાણું કાંઈ? એમ પર્યાયમાં અમારે યોગ્યતા જોઈએ. પણ યોગ્યતાનું જ્ઞાન કોને હોય? જેણે દ્રવ્ય જાણ્યું છે તેને યોગ્યતાનું જ્ઞાન સાચું હોય. ક્રમબદ્ધ યોગ્યતા. ઓલા શું ત્રણ બોલ લીધા છેને ભાઈએ. .. થવાનું હોય એ થશે. એ ત્રણ લીધું છે. નિહાલભાઈએ લીધું છે એક પ્રસંગ. થવાનું હશે એ થશે. હવે થવાનું હશે તે થશે .. કોણ રહ્યો.. તું જાણે છે? વસ્તુ શેમાં થવાની છે એ વસ્તુને જાણે છે? જાણ્યા વિના થવાનું એ થશે એ લાવ્યો ક્યાંથી તું? સમજાણું કાંઈ? પોપટભાઈ! આ અલૌકિક વાત છે. આહા..હા..!

'**વિશેષનયે,...**' શું વાત કરી છેને. કહે છે કે '**એક મોતીની માફક,...**' એમ એક પર્યાય પર્યાયની માફક એક પર્યાયમાં વ્યાપે છે. ખલાસ. આત્મામાં હોં. અત્યારે આત્માની વાત ચાલે છેને. છે તો બધા દ્રવ્યનો એવો સ્વભાવ. બધા દ્રવ્યનો એવો જ સ્વભાવ છે હોં. અહીં તો આત્માની વાત છે. એટલે પરમાણુમાં, ધર્માસ્તિ આદિ બધાનો જે સમયનો જે પર્યાય તે પર્યાયમાં વ્યાપે એટલું બસ. બીજે સમયની પર્યાય બીજો સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? અહીંયાં પહેલા સમયનો પર્યાય ચાર જ્ઞાનની પર્યાયપણે જ્ઞાનનો પર્યાય પરિણમેલો છે તારો. સમજાય છે? તો તે જ પર્યાય એ જ ચાર જ્ઞાનની પર્યાયપણે પરિણમે. પર્યાય તો એક જ છે જ્ઞાનની. તો એ પર્યાય બીજે સમયે આવે છે, ચાર જ્ઞાનનું જ્ઞાન આમ બીજે સમયે આવ્યું કે નહિ? તો એક સમયના પર્યાયનું જ્ઞાન બીજે સમયે આવ્યું. એ જ્ઞાન એમાં નથી આવ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મતિ અને શ્રુત.

ઉત્તર :- ના, ના, એ મતિનો પર્યાય મતિરૂપે રહ્યો. બીજે સમયે મતિનો પર્યાય મતિરૂપે થયો, શ્રુતનો પર્યાય શ્રુતરૂપે થયો. એ પણ બધી થઈને એક જ પર્યાય છેને ઈ? આહા..હા..! ભારે ઝીણું ભાઈ! વીતરાગ માર્ગ પરમેશ્વર સર્વજ્ઞનું કહ્યું તત્ત્વ ઝીણું અને એવું લાભદાયક છે કે જેને જાણતા કેવળજ્ઞાન અને મુક્તિ થાય. એવી વાત છે. આહા..હા..! એ તો આવી ગયું છેને આપણે પહેલું નહિ? કેવળજ્ઞાની છું. પણ કોને? જેને દ્રવ્યનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન વાસ્તવિક થયું છે એને શ્રુતજ્ઞાનમાં એમ ભાસે કે હું કેવળજ્ઞાની થવાનો છું અલ્પકાળમાં. આ તો છું એ તો વળી દ્રવ્યનયે, પણ એને ભાવનયમાં એવી પર્યાયનું ભાસન થયું કે હું કેવળજ્ઞાન થવાનો છું. અલ્પકાળમાં પર્યાય કેવળજ્ઞાનપણે પરિણમશે એવો હું થવાનો છું. એવું ભાવશ્રુતજ્ઞાન દ્વારા એ જાણવામાં આવે એને એ જ્ઞાન સાચું થાય. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું છે ઝીણું. ઝીણું છે ભાઈ .. શી ખબર પડે? 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે' આવ્યું હતુંને? શ્રીમદ્દે કહ્યુંને. 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે. જેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' એ પર્યાયનું જ્ઞાન યથાર્થ થયું છે. સમજાણું કાંઈ? આ ગૃહસ્થાશ્રમમાં હતા એમ કહે લોકો. આત્મા ગૃહસ્થાશ્રમમાં છે જ નહિ. કોઈએ પૂછયું હતું શ્રીમદ્દને કે શ્રીકૃષ્ણ ક્યાં છે? તો શ્રીકૃષ્ણ ગમે તે સ્થાનમાં હોય, પણ એ આત્મામાં છે. શ્રીકૃષ્ણ વાસુદેવ. લોકોને પ્રશ્ન હતોને કે શ્રીકૃષ્ણ-વાસુદેવ ક્યાં છે? કે એ આત્મામાં છે. એ તો ઓલું પાછું... એય..! અને વાત પણ એમ છેને. સમ્યગ્દૃષ્ટિ કોઈપણ ક્ષેત્રમાં હો, એ પોતે પરક્ષેત્રમાં નથી. પોતાની પર્યાયમાં અને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. સમજાણું કાંઈ? એય..! પોપટભાઈ! આહા..હા..! આવી વાત તો સાંભળવી મુશ્કેલ પડે. આહા..હા..! અલૌકિક વાત છે.

ભગવાન આત્મદ્રવ્ય. દ્રવ્ય લીધું છેને અહીં તો. '**આત્મદ્રવ્ય વિશેષનયે, તેના એક મોતીની માફક, અવ્યાપક છે (અર્થાત્ આત્મા વિશેષનયે અવ્યાપક છે, જેમ પૂર્વોક્ત માળાનું એક મોતી આખી માળામાં...**' વ્યાપક નથી. એમ ભગવાન આત્માનો એક સમયનો પર્યાય, એક ગુણની અવસ્થા એ બીજા ગુણની અવસ્થામાં જાતી નથી. જાતી નથી. એક અવસ્થા બીજી પર્યાયમાં આવતી નથી. આહા..હા..! આ શેનું યાદ આવે છે? ત્યાં દિલ્હીમાં આટલા પૈસા કમાણા અને આટલા ત્યાં ગયા હતા. એ પહેલાની વાતું અત્યારે યાદ આવે છે.

મુમુક્ષુ :- અજ્ઞાનમાં ...

ઉત્તર :- એ નહિ. એ વાત તો અજ્ઞાનમાં છે. એ નહિ. આ તો જ્ઞાનમાં હોય કે આમ હતું અને આમ થયું હતું. ત્યારે એને જ્ઞાનમાં પણ જે યાદ પૂર્વનું આવે એ પણ વર્તમાનનો પર્યાય પ્રગટ પ્રત્યક્ષ પોતાથી થાય છે. પોતાની પૂર્વે ધારણાથી થાય છે એમ નથી. આહા..હા..!

સમજાણું કાંઈ? એ ભગવાન ઈશ્વરની લીલા આત્માની છે. પોતે ઈશ્વર છે. પોતે ભગવાન પરમાત્મા સમય-સમયની એક સમયની પર્યાયમાં વ્યાપી ગયો છે. દ્રવ્ય ત્રિકાળમાં વ્યાપ્યું છે, પર્યાય એક સમયમાં. આત્મદ્રવ્ય એવું છે એમ કીધું છેને? **'આત્મદ્રવ્ય વિશેષનયે,...'** આહા..હા..! સમજાણું કાંઈ? એ દ્રવ્ય જે છે સામાન્યનયે બધામાં વ્યાપ્યું છે. વિશેષનયે એક સમયની પર્યાયમાં જ દ્રવ્ય વ્યાપ્યું છે. આહા..હા..! કેટલો પુરુષાર્થ છે એમાં! સમજાણું કાંઈ? 'આપા નહિ જાના' ગાય છેને? એવું આવે છેને? 'કૈસે જ્ઞાન ધારી રે. આપા નહિ જાના તુને, જ્ઞાન ધારી રે' તારા જાણપણા શું? પણ આ તો આત્મા કોણ છે એ તો જાણ્યું નથી અને આત્માના ધર્મ શું એ જાણ્યું નથી. કેવો જ્ઞાનનો ધારનારો થઈ ગયો તું? ..ભાઈ! હા, એમ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ એય..! આ આવ્યો છેને આજ તમારે? ઠીક. જ્યોતિ આવ્યો છે. સવારે પૂછ્યું હતું, નથી? આ આવ્યો અત્યારે. જુઓ, આ સમજવા જેવું છે આ હોં. કોલેજમાં બધા કોલસા છે. આહા..હા..!

**'આત્મદ્રવ્ય...'** શું પણ અમૃતચંદ્રાચાર્યે ઓહો..હો..! ગજબ કામ કર્યા છેને! મુનિ છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન છે. ત્યાં એક વિકલ્પ ઉઠ્યો તે કાળે અને ત્યાં ટીકા રચાણી. તે કાળે તે પરમાણુની પર્યાય પરિણમવાની હતી તે પરિણમી ગઈ. સમજાણું કે નહિ? એ વિકલ્પને પણ પોતાનો માન્યો નથી અને આ ટીકાની પર્યાય મેં કરી એમ પણ જ્ઞાનીએ માની નથી. આહા..હા..! જ્ઞાન કરવા માટે એની જ્ઞાનની અવસ્થા પહોળી થાય અને પરમાં જાય તો જાણે એવું કાંઈ નથી. એક સમયનું જ્ઞાન ઓહો..હો..! શ્રુતજ્ઞાનની પર્યાય લોકાલોકને જાણવાની એક સમયની પર્યાય. તે સમયની પર્યાય ત્યાં જ વ્યાપી છે. ઓહો..હો..! એવું નિર્વિકલ્પ દૃષ્ટિ અને જ્ઞાન થયું ત્યારે તેને આ સમયની પર્યાય ત્યાં જ હોય છે, બીજે હોય નહિ- એવું એને એક પર્યાયના ધર્મનું સાચું જ્ઞાન થયું. ઝીણું છે થોડું, પ્રવિણભાઈ! શેઠ! કાને તો પડે હવે. આ સાંભળે તો ખરા કે આ શું છે?

પહેલા એનું આ દ્રવ્ય આવું છે એવું પહેલું ધારણામાં તો નક્કી કરે, ધારણામાં. એ ધારણા સાચી ક્યારે કહેવાય? કે અંતર સમ્યગ્જ્ઞાન થાય તો. આહા..હા..! કારણ કે એ ધારણાનો પર્યાય પણ પછી સમ્યગ્જ્ઞાનપણે પરિણમતો નથી. પરલક્ષી જ્ઞાન છેને? સમજાણું કાંઈ? ધારણામાં લે છે કે આવો આત્મા અને આવો એ ધારણા પરલક્ષી, એ પણ એક સમયનો પર્યાય ત્યાં જ છે. જ્યારે સમ્યક્ થાય છે ત્યારે એ જ પર્યાય બીજે સમયે આવતી નથી. આહા..હા..!

મુમુક્ષુ :- એ તો વ્યય થઈ ગયો.

ઉત્તર :- એ તો વ્યય થઈ ગયો. જુઓ, આ વીતરાગદર્શન તો જુઓ! આ વસ્તુનું સ્વરૂપ છે આવું. આણે તો બહુ વાંચ્યું હતું વેદાંત ને ફેદાંતને. આવું છે ક્યાંય? વીતરાગમાર્ગમાં આવું છે, બાપા! આહા..હા..! જૈનના વાડામાં કે બીજે વાડામાં ક્યાં છે આ? અહીં છે એની ખબર નથી. એના અર્થની ખબર નથી, એના ભાવની ખબર નથી. ઉંધા અર્થ કરે

અને આ કરે. અરે..! પ્રભુ! શું થાય? અને આને એકાંત ઠરાવે. લ્યો! એકાંત છે રે. નહિ નિયત. એ વળી નિયત આવશે ત્યારે થાશે. ... એવું એકાંત માને છે. અરે..! ભગવાન! તું .. કેટલો ફરે છે? આહા..હા..! ત્યાં સુધી કે ઓલા ચોપાનિયા આવ્યા છે હોં. આ ઓલી .. શિબિર આજે? હિંમતનગર. શિક્ષણવર્ગને? શું કહેવાય? ... ફુલંચદજીને... એમાં લખ્યું છે કે ઢુંઢતમતનો પ્રચાર છે. અરે..! પ્રભુ! શું કરે છે તું આ? ઢુંઢીયામાં કે દિ', શ્વેતાંબરમાં કે દિ' હતી આ વાત? આહા..હા..! શું કરે પણ માણસને આળ નાખવાની પણ રીત હોય કે નહિ? આવું કરે એ એને શોભે છે? અરે..! શું કરે છે? .. શું એનો હેતુ? કે આ બધા પહેલા મૂર્તિ માનતા નહોતા અને હવે માને છે, પણ મૂર્તિથી લાભ નહોતો, અત્યારે પણ મૂર્તિથી ધર્મ તો માનતો નથી. માટે ઢુંઢત મત છે. અરે..! ભગવાન! એ ચોપાનિયા આવ્યા છે હોં. ત્રણ હતા ત્રણ. .. ભાઈ! અરે..! ભગવાન! એ ઢુંઢકમતમાં આવા મંદિર હશે, માનસ્તંભ હશે? આગમ-પરમાગમ સ્થપાય એ ઢુંઢકમતમાં હશે? .. રામજીભાઈ ત્યાં કહેતા હતા કે આ તે માળા.. આવું હોય બાપા? આમ ન હોય. એમ કહે કે ભાઈ અનેકાંત જે અમે માનીએ છીએ એ પ્રમાણે નથી. એમ કહે તો બરાબર છે એની દૃષ્ટિએ. અનેકાંતનું શું સ્વરૂપ છે એ તો એને ખબર નથી. પછી પણ અમે જે અનેકાંત માનીએ એ રીતે માનતા નથી માટે એકાંત છે. એ કહે તો એની દૃષ્ટિએ સાચું. એની દૃષ્ટિએ હોં. દેવીલાલજી!

અરે..! ભગવાન! આ માર્ગ તો જો બાપુ! ક્યાંય હાથ આવે એવું નથી એવી ચીજ છે આ. એ અંદરમાં છે ઈ. સમજાણું? બહારમાં ક્યાંય નથી. એવો ભગવાન આત્મા પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકરની વાણીમાં આવ્યો. આ પ્રવચનસાર છે કે નહિ? ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું તે આ તત્ત્વ છે. આહા..હા..! ચક્રવર્તીઓ, ઈન્દ્રો બેઠા હતા સભામાં. છ ખંડના લાડા ચક્રવર્તી, ઈન્દ્રો આમ કરોડો અપ્સરાના સ્વામી બેઠા હોય. લાખો-કરોડો દેવો. એમાં ભગવાનની વાણી આ આવી. એ વાણીનું અહીં કથન આચાર્ય દ્વારા કહેવામાં આવે છે. વસ્તુ એમ જ છે. આહા..હા..! માણસને .. એવું ક્યાં કહ્યું છે એમાં કે એ પર્યાય એ સમયે જ થાય? તો આ શું કહ્યું છે આ?

જે સમયનો જે પર્યાય તે ત્યાં જ વ્યાપે છે. બીજા સમયનો એક પર્યાય તે ત્યાં જ વ્યાપે છે, એમ ત્રીજો ત્યાં. એમ અનંત પર્યાયોમાં એક-એક પર્યાય ત્યાં-ત્યાં વ્યાપે. બીજે હોતી નથી. એનો અર્થ શું થયો? સમજાણું કાંઈ? પણ એ ક્રમે તે-તે પર્યાય તે-તે કાળે થાય એવું જ્ઞાન, દ્રવ્યનું જ્ઞાન જેને થાય, અનંતા ધર્મનો ધરનાર ભગવાન આત્મા છે એનું જ્ઞાન થાય તેને આ જ્ઞાન સાચું થાય. સમજાણું કાંઈ? નહિતર તો ક્રમબદ્ધ થવાનું હોય એ થાશે, અમારે રાગ આવ્યો એ પણ .. તારી નજર ક્યાં છે તારી? તારી રાગ ઉપર નજર છે તો તને ખબર નથી વસ્તુની, રાગની ખબર નથી. સમજાણું કાંઈ? અમારે એ વખતે બસ રાગ આવવાનો હતો અને અમારે એ ભોગનો-વિષયનો ભાવ હતો અને એ

વખતે આવવાનું હતું એમ થયું છે. ક્યાં તારી નજર છે?

મુમુક્ષુ :- વિકાર ઉપર.

ઉત્તર :- વિકાર ઉપર મીઠાશ છે. તને એ વિકારનું ભાન નથી. ભાન વિનાનો બોલે છે એ તારી એકેય વાત સાચી નથી. સમજાણું કાંઈ? જેને ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્મા અને આત્માના અનંતા ધર્મો ખ્યાલમાં આવ્યા એને આ વિશેષનયનો ખ્યાલમાં આવ્યો છે. તો એને આવ્યો છે એને તો મિથ્યાત્વ અને અનંતાનુબંધી ગયા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? હવે એવો રાગ પણ ન આવે કે જેમાં સુખબુદ્ધિ થાય. જેમાં એકત્વ થાય એવો રાગ એને હોતો નથી. પરમાં મીઠાશ લાગે, વિષયમાં મીઠાશ લાગે એ ભાવ સમ્યગ્જ્ઞાનીને હોતો નથી. જે સમયે જે થાય એમ જાણનારને પરમાં મીઠાશ લાગતી નથી. પરમાં મીઠાશ લાગે તેને તે સમયે તે થાય છે તેનું તેને જ્ઞાન સાચું નથી. આહા..હા..! કઈ રીતે ગોઠવ્યું છેને! સમજાણું કાંઈ?

વિષય સુખમાં ઠીક છે, મજા છે, તો તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એ આવશે આપણે લ્યો. નિર્જરા આવશેને કાલે? પહેલી ગાથામાં. કાલે આવે છેને શેઠને ઘરે પહેલી ગાથા નિર્જરા. હિન્દી આવશે હોં. સરળ હિન્દી સમજાય છે કાંઈ? આહા..! કહે છે અરે..! ભગવાન! સાંભળને. એ થોડું પણ સત્ય અને સમ્યક્ હોવું જોઈએ. ઘણું અને મોટું વાંચી-વાંચીને ભણીને મોટા થોથા ભેગા કરે મિથ્યાજ્ઞાનના એમાં એકેય અંશ સાચો હોય નહિ. સમજાણું કાંઈ? એ ૧૭મો બોલ થયો. એ ૧૭ આનાનો બોલ થયો. ૧૭ લ્યો.

હવે એક બીજો ધર્મ. આ બધા છે તો આત્મામાં એક સાથે. પણ કથનમાં કાંઈ એક સાથે આવે? કથનમાં ક્રમથી કથનમાં આવે છે. કેવો છે ભગવાન?

જુઓ, (૧૮) '**આત્મદ્રવ્ય નિત્યનયે,...**' જોયું હવે નિત્યનય આવ્યું. ઓલું સામાન્ય હતું એ જુદું પડતા નિત્ય આવ્યું. ઓલું દ્રવ્યાર્થિકનું દ્રવ્ય હતું અને આ હવે નિત્ય આવ્યું. આત્મા વસ્તુ છે ભગવાન એની નિત્યનયે, કાયમ રહેવાની અપેક્ષાએ. એવો એક ધર્મ છે કે '**નટની માફક, અવસ્થાયી છે...**' નટ જેમ કાયમ રહે છે. રામ-રાવણના ગમે તેટલા વેશ ધારણ કરે. એ આમાં સંસ્કૃતમાં નથી, પણ બીજામાં છેને એનું અહીં ઉતારી લીધું છે. છેને એમાં? જુઓ, '**નિત્યનયે, નટ માફકની, અવસ્થાયી છે...**' પછી એને ઉતારી લીધું ઓલામાંથી કે અનિત્યનયે રામ-રાવણ આદિ અવસ્થાયી. એમાંથી લઈ લીધું. એ ન્યાયથી એકમાં ઉતાર્યું. ત્યાં પણ આવી ગયું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા 'નટ નાગરકી બાજી.' એક નટ ગમે તેવી અવસ્થા ધારે પણ એ નટરૂપે રહે છે. અવસ્થાયી રહે છે એમ. નટ ફરીને બીજો થઈ જાય છે? '**(અર્થાત્ આત્મા નિત્યનયે નિત્ય-ટકનારો છે,...**' કાયમ ટકનારો. '**જેમ રામ-રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં...**' લ્યો, રાવણ રાવણનું રૂપ હતુંને. તો એ વખતે એવું એક આવે છે. કોકે

કહ્યું કે તું રામનું રૂપ લઈને સીતા પાસે જા, રાવણનું રૂપ. પોતે તો રાવણ હતો. ત્યાં જા તો તારો આદર કરશે. રાવણે જ્યાં રામનું રૂપ લીધું વિચાર ફરી ગયો. અરે..! રામના રૂપે સીતા .. આહા..હા..! જ્યાં રામનું રૂપ લઉં છું ત્યારે મારા વિચાર ફરી જાય છે. એમાં- રામાયણમાં આવે છે. એય..! સમજાય છે? એમ પણ સીતા આવી મહા સતી, સુંદર, રૂપાળી, ઈન્દ્રોને મળવી મુશ્કેલ એ તારે ઘરે આવી. હવે જાને તું એને તાબે કરી લેને. રાવણને રૂપે જઈશ તો નહિ તાબે થાય. રામને રૂપે જઈશ તો તાબે થઈ જશે. પણ રામનું રૂપ જ્યાં ધારું ત્યારે મારા વિચાર બદલી જાય છે. ત્યારે મને સીતા લેવાનો વિકલ્પ આવતો નથી. છે તો એનો ઈ? પણ રામનો વેશ પહેર્યો ત્યારે ટકનારો તો એનો એ છે, વિચાર બદલી ગયા. આત્મા તો એનો ઈ છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ તો એ છે.

**'નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે...'** અવસ્થાયી-ટકનારો છે. આત્મા ગમે તેટલી પર્યાયો ધારણ કરે. નટ ગમે તેવા વેશ ધારણ કરે. ઢોરના પણ વેશ ધારણ કરે છેને? કુતરાનો વેશ ધારણ કરે લ્યો. કુતરો. કુતરો સમજો છો?... કુતરાનો વેશ લઈને. એક નટ હતો શું કહેવાય? બહુરૂપીયો. બહુરૂપીયો હતો એક આ ..દરબાર છેને. લૌકિક બુદ્ધિવાળો હતો. પછી એ કોઈ દિ' દાંત ન કાઢે. એની ટેવ એવી કે ગમે તે થાવ પણ દાંત જ ન કાઢે—હસે જ નહિ. દરબાર એવા હતા. એક જણાએ કીધું આને હસાવ તો તને કાંઈક બક્ષીશ આપું. કરવું શું? હતો બહુરૂપીયો. પછી એક આવ્યા કાઠી મહેમાન. બહુ ... અને બેઠેલા કોર્ટમાં. બધા મહેમાનની જોડે બેઠા ધોળા લૂગડા ઉજળાને. કૂતરો થઈને આવ્યો એ બહુરૂપીયો. અને .. બરાબર કૂતરો આવે એમ. એટલે કૂતરો જેમ પગ ઉંચો કરે છે એમ ઉંચો કરીને પેશાબ કર્યો ઓલા ઉપર અને દરબાર ઉઠ્યા. ઓલો કહે મારો. મહારાજ! હું બહુરૂપીયો છું, મરાય નહિ. પણ ધોળા લૂગડા પહેરીને... શોભાલાલજી! દરબારનો મિત્ર અને સગાવ્હાલા હતા કોક. બેઠેલા સામે. આને હસાવવો. હસે નહિ, કોઈ દિ' હસે નહિ. એવી એની ટેવ. કોકને હુકમ કરે આમ બોલે શાંતિથી. .. ઘોડાના .. ઉંડો ખાડો ગાળીને દાટી દેજો. બોલવામાં કષાય-બષાય ન લાગે. કરે કાળા કેર. આને ઘોડા સાથે. ઘોડા સાથે સમજો છો કે નહિ? એને ઘોડાના પાછળના પગમાં. ઘોડા-ઘોડા. પાછળ પગ ઘોડાના હોય ત્યાં ખાડો ગાળી માણસને જીવતો નાખી દેજો એમ કહે. પણ શાંતિથી કહે. કષાય કરીને નહિ. બોલે એવું. રબારી હતા રબારી. .. આમ હતું. રૂપ કૂતરાનું ઓલું માની બેઠો. .. આબેહુબ ક્યારે કહેવાય કે ટાંગો ઉંચો કરીને પેશાબ કરે તો. કર્યું અને ત્યારે ઓલા ઉપર એના ધોળા લૂગડા હતા કર્યું ત્યાં દાંત .. કાઢ્યા. છે તો છે એ. કાંઈ કુતરો નથી થઈ ગયો એ. એ તો બહુરૂપીયો છે ઈ. એમ આત્માએ ગમે તેટલા શરીર આદિ ધારણ કરે અને ભવ ધારણ

કરે, પણ એ તો ટકનારો એનો ઈ છે. કહો, સમજાય છે કાંઈ? લ્યો! એવું બનેલું છે હોં.

**'આત્મદ્રવ્ય નિત્યનયે, નટની માફક,...'** જુઓ, 'નટનાગરકી બાજી' આવે છેને? 'સ્થિરતા એક સમયમેં થાનૈ, ઉપજે વિણસે તબહી, ઉલટ પલટ ધ્રુવ સત્તા રાખે યા હમ સુનહી ન કબહી, અબધુ નટનાગરકી બાજી' ભગવાન આત્મા નટ, એક સમયમાં સ્થિતિ રાખે ટકનારું નટ. ટકવું રાખે અને એ જ સમયે નવી અવસ્થા ઉપજે અને જૂની અવસ્થા જાય. 'સ્થિરતા એક સમયમેં થાનૈ, ઉપજે વિણસે તબહી' એ ગુણથી વિરુદ્ધભાવ થઈ ગયો જુઓ, પર્યાયમાં સમજાણું? વિરુદ્ધ ધર્મ છે એમાં. દ્રવ્યનો વિરુદ્ધ ધર્મ છે ઈ. છેને વિરુદ્ધ ધર્મ શક્તિ? ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ બેમાં વિરુદ્ધતા છે. કહો, એક સમયમાં નવી અવસ્થા ઉત્પન્ન થાય, પૂરાની જાય અને ટકે. 'સ્થિરતા એક સમયમેં થાનૈ, ઉપજે વિણસે તબહી, ઉલટ-પલટ ધ્રુવ સત્તા રાખે' ઉલટ-પલટ. પર્યાય આખી પલટી જાય પણ ધ્રુવ સત્તા એની એ રહે છે. ધ્રુવ તો એનું એ રહે છે. 'યા હમ સુનહી ન કબહી, અબધુ નટનાગરકી બાજી, ક્યા જાણે બ્રાહ્મણ કાજી?' એ બ્રાહ્મણના વેદ શું જાણે? અને કાજીના કુરાન આ વાતને જાણે નહિ. ભગવાન સર્વજ્ઞે કહેલું તત્ત્વ એ બીજાને ખબરમાં આવતું નથી. એય..! વિનુભાઈ! કહો, સમજાણું કાંઈ?

કહે છે, ગમે તેટલા ઉત્પાદ-વ્યય અને ઉત્પાદ-વ્યયના પર્યાયો થાય, પણ ટકનારો તો નટ છે એ તો એનો એ છે. **'રામ-રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં...'**.. છેને એ? **'છતાં પણ નટ તેનો તે જ છે તેમ).'** એ અમારે પાલેજમાં એ આવ્યું હતું. ઓલો હતુંને. ભતૃહરિનું નાટક જોવા ગયા હતા. તેનો એક મનેજર હતો એ પીંગળા થવાનો હતો. પીંગળા-પીંગળા. એ હજી વેશ પહેરતો હતો આમ લૂગડા-બૂગડા ..કરીને બધું અંદર. એમાં અહીં .. ગામ થયું. અને એમાંથી ઓલા ઘણા મફત જોવા આવે. એમાં ઉઠી તકરાર કાંઈક. ઘણા વર્ષની વાતું છે આ તો. ... તકરાર ઉઠી તો ઓલા મેનેજરે ઓલા એમ ને એમ બાયડીના અડધા લૂગડા પહેરેલા અને બહાર આવ્યો. .. સ્ત્રીના કપડા પહેર્યા હતા આમ લૂગડા નાખેને અંદર. માથુ ઉઘાડું અને આવ્યો બહાર. અરે..! કીધું આ તો મેનેજર છે. મેનેજર પીંગળા થઈને આવવાનો હશે? હા એ મેનેજર છે. તકરાર થઈ એટલે વાંધો ઉઠ્યો તો મેનેજરને બહાર આવવું પડ્યું. પછી સમાધાન કર્યું અને પછી પીંગળા થઈને આવ્યો હતો મેનેજર. આ પણ મોટો મેનેજર જુદાં-જુદાં ભેખ ધારીને આવે. પણ છે તો એનો એ. આહા..હા..! ખરું કે નહિ? એવો એનો નિત્ય રહેવું એક એવો ધર્મ છે.

અવસ્થાયી નથી આવતું? ..માં આવે છેને. તત્ત્વાર્થસૂત્રમાં નહિ? નિત્ય અવસ્થિત. નિત્ય અવસ્થિત. નિત્ય અવસ્થિત શું? નિત્ય અવસ્થિત એટલે નિત્ય અને અવસ્થિત એમ બે શબ્દ પડ્યા છે. એ તત્ત્વાર્થસૂત્રમાં આવે છેને, નિત્ય અવસ્થિત. એનો એ રહે છે. એવો ને એવો રહે છે. ત્યાં તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. ભગવાન આત્મા ગમે તેટલા ભેખ ધારે, પણ વસ્તુ

તો એનો એ છે. એવો એનો એક ધર્મ છે, ત્રિકાળ રહેવું એનો ધર્મ છે. આમ બીજા નયે અસ્તિ કહેતા ... આ ઓલા અસ્તિત્વ નયે એમ આવે છેને? અસ્તિત્વ. અસ્તિત્વ છ ગુણ છેને? અસ્તિત્વ-વસ્તુત્વ છે. પણ અસ્તિત્વનયનો ગુણ શું? છોકરાને શીખવે છે કે કદી તેની ઉત્પત્તિ થાય નહિ, કદી તેનો નાશ થાય નહિ. એનું નામ અસ્તિત્વ ગુણ કહેવામાં આવે છે. છોકરાને શીખવે છે. એય..! આવડે છે કે નહિ? જ્યોતિ! શું આવડે છે અસ્તિત્વ એટલે?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા, એમ. જે શક્તિને કારણે દ્રવ્યની કદી ઉત્પત્તિ ન થાય અને કદી નાશ ન થાય. એવો ભગવાન આત્મા કદી ઉત્પન્ન થાય નહિ અને કદી નાશ થાય નહિ એવો નિત્યાનંદ ભગવાન છે. આહા..હા..! પણ એ નિત્યનું જ્ઞાન સમ્યગ્જ્ઞાનીને સાચું થાય. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રુતજ્ઞાન દ્વારા એ આખો દ્રવ્ય પ્રમેય થાય છે. ઓહો..હો..! એ ૧૮મો બોલ કહ્યો.

૧૯. **'આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ-રાવણની માફક,...'** જુઓ, એ નટ ઘડીકમાં રામ થાય અને ઘડીક રાવણ થાય અને ઘડીકમાં કૂતરો થાય. આ કહ્યું હતુંને એક ફેરી. .. આવ્યો હતો, ભિખારી થઈને આવ્યો બહુરૂપી ભિખારી. ત્યાં દુકાન હતી નાની. દુકાન સમજ્યાને? તો દુકાન ઉપર ભીંત તો દેખાય અને ગાદી-તકીયા દેખાય. એય..! મા-બાપ કાંઈ રસોડે તમે રાંધો છો એમાંથી આપજો હોં. પણ ખબર નથી કે અહીં ભીંત છે અને બે તકીયા લઈને બેઠા છે. અહીં ક્યાં રસોડું હતું? સામે ભીંત બે તકીયા અને બે શેઠિયા બેઠેલા. એય..! મા-બાપ થોડું રોટલો-રોટલી આપજો. એલા! પણ તને ભાન નથી? પણ તને ભાન નથી કે આ તો બહુરૂપીયો છે? સમજાણું? એને ખબર નથી. એને ખબર છે કે માગે છે. સામે ભીંત દેખે છે. ભીંત સમજ્યાને? નાની દુકાન હોય, શેઠીયા બેઠા હોય. ત્યાં ક્યાં રસોડું હતું? તોપણ ઓલો બોલે. મા-બાપ! રોટલો વધ્યો હોય તો આપજો. પણ અહીં ક્યાં છે? ભાન નથી તને? પણ તને ભાન નથી એ તો બહુરૂપીયો છે? ભિન્ન-ભિન્ન રૂપ લઈને આવ્યો છે. એમ બહુરૂપીયો સમજો છો? પણ પછી પાછો ગોરો થઈને આવ્યો. લાવો શું કહેવાય એ માલની? રસીદ લાવો. આ પંદર પેટીની રસીદ લાવો. એવું બોલે તો ઓલો કહે, આ શું કરે છે? ના પણ પડાય નહિ આ તો ગોરો લાગે છે મારો. ગોરો છેને .. કાલે ઓલો આવ્યો હતો ભિખારી ઈ.

એ જુદાં-જુદાં રૂપ ધારણ કરવા છતાં... સમજાય છે? એ નિત્યમાં ગયું અને અહીંયાં જુદાં-જુદાં રૂપ ધારણ કરે ત્યારે એ એકરૂપે રહેતો નથી. આહા..હા..! જુઓને એકવાર પાંચસો ધનુષનો નારકી થાય, એની પોતાની લંબાઈમાં. શરીર .. અને એકકોર નિગોદના શરીરમાં અનંતા જીવની અવગાહના કેટલી નાની. ઓહો..હો..! પણ એનું જ્ઞાન કોને થાય? કે સમ્યગ્જ્ઞાનીને યથાર્થ થાય, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ-રાવણની માફક, અનવસ્થાયી છે (અર્થાત્ આત્મા અનિત્યનયે અનિત્ય છે,...'** અનિત્યનયે કાંઈ નિત્ય છે? **'જેમ નટે ધારણ કરેલા રામ-રાવણરૂપ સ્વાંગ અનિત્ય છે તેમ).'** ઘડીકમાં પલટાવી નાખે અને ઘડીકમાં એવો ને એવો. ગરીબના એવા એની પાસે સાધન હોય કે ગરીબ આમ થાય અને આમ ચોંટાડે ઓલું સમજ્યાને. રસોળી-રસોળી થાયને? એવું વાળવાળું અહીં ચોંટાડે અને આમ કરે. જાણે આબેહુબ હોય એવું. આહા..હા..! એવું ઘરે રાખે. લ્યો! સ્વાંગ પણ રાખે બધો. પણ એ તો ભિન્ન-ભિન્ન અવસ્થા ધારણ કરે તો ભિન્ન-ભિન્ન અવસ્થા છે. એ વખતે કાંઈ એકરૂપતા નથી. આત્માનો અનિત્યપણે પર્યાય થાય એવો પણ એનો એક ધર્મ છે. એ બધા ધર્મનો ધરનાર ભગવાન તેને શ્રુતજ્ઞાન દ્વારા જાણવો એનું નામ સમ્યગ્જ્ઞાન અને ધર્મ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૪, શુક્રવાર, તા. ૧૦.૧૦.૧૯૬૯**
**નય-૨૦ થી ૨૪, પ્રવચન-૨૬૭**

નય અધિકાર. ૧૯ નય થઈ. ૨૦મી નય. આત્મા વસ્તુ છે એમાં આવા અનંત ધર્મો છે. કહ્યુંને કે આત્મા દ્રવ્ય જે છે એ સર્વ પર્યાયોમાં વ્યાપક છે એ અપેક્ષાએ વ્યાપક ધર્મ ગણવામાં આવે છે. એ જ દ્રવ્ય એક સમયની પર્યાયમાં વ્યાપક નથી. આખું દ્રવ્ય તો એક પર્યાયમાં આવતું નથી. એવો જ એનો ધર્મ છે. એમ નિત્યનયે. આત્મદ્રવ્ય નિત્યનયે અવસ્થાયી છે. ગમે તેટલા ભવ ધારણ કરે છતાં દ્રવ્યથી તો તે નિત્ય છે અને અનિત્યથી આત્મદ્રવ્ય અનિત્ય અનવસ્થાયી છે. પોતે જે આત્મા અનિત્યનયે અનવસ્થાયી-એકરૂપ રહેનારું નથી. જુદી-જુદી અવસ્થાઓ એને પોતાનો જ સ્વતઃ ધર્મ છે. એકરૂપે ન રહેવું, ભિન્ન-ભિન્ન અવસ્થા થવી એવો એક જીવનો પોતાનો નિજસ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? છેલ્લું એ આવ્યું છેને? કોઈ કહે કે ભાઈ! જુઓ, ભિન્ન-ભિન્ન અવસ્થા અનેક પ્રકારની થાય છે. જ્ઞાનની, દર્શનની.. ભિન્ન-ભિન્ન. એકરૂપ નથી. એનું કારણ કોણ? કે કર્મ. એમ કહે છેને પણ અત્યારે?

કે આત્મા વસ્તુ છે એની અવસ્થા એકરૂપ રહેતી નથી. વસ્તુ તરીકે એકરૂપે રહે, પણ અવસ્થા એકરૂપ રહેતી નથી. તો ભિન્ન-ભિન્ન અવસ્થા છે તો એ કર્મને કારણે જ્ઞાન-દર્શન આદિ અવસ્થા એકરૂપ હોતી નથી. ભિન્ન-ભિન્ન થાય. અહીં ના પાડે છે કે એવો એનો ધર્મ છે નહિ. પોતે ભિન્ન-ભિન્ન અવસ્થા થાય એવો જ એનો ધર્મ છે. સમજાણું કાંઈ? ભેદમાં

કહ્યું હતું, ભેદ નયે... અને અનવસ્થાયી છે. એકરૂપ ન રહેવું. આત્મદ્રવ્ય એકરૂપ ન રહે, આત્મદ્રવ્ય અનિત્યનયે, આત્મદ્રવ્ય અનિત્યનયે અનવસ્થાયી છે. એકરૂપ અવસ્થા એમાં છે નહિ અનિત્યનયે. તેવો એનો સ્વતઃ ધર્મ છે. પરને કારણે નહિ. સમજાણું કાંઈ? જ્ઞાનની અવસ્થા ઓછી હોય અને વધારે થાય. લ્યો પછી વધારે (હોય) અને પછી ઓછી થાય. કર્મનો ક્ષયોપશમ હોય એ પ્રમાણે થાય.

મુમુક્ષુ :- ...થાય?

ઉત્તર :- .. ન થાય. એમાં આને શું છે? પોતાને કારણે અવસ્થા જ્ઞાનની, દર્શનની, ચારિત્રની, વીર્યની, આનંદની (આદિ) દરેક ગુણની પર્યાય, આત્મદ્રવ્ય પર્યાય એટલે અનિત્યનયે અનવસ્થાયી જ આત્મદ્રવ્ય છે. આત્મદ્રવ્ય જ અનવસ્થાયી છે એમ. સમજાણું કાંઈ? એકરૂપે રહેવું એ તો દ્રવ્ય નિત્યનય થઈ ગયું અને એકરૂપ ન રહેવું એ અનિત્યનયે જ આત્મદ્રવ્યનો સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરસ્પર બે વિરુદ્ધ છે.

ઉત્તર :- એ તો બધાએ દરેક વિરુદ્ધ સ્વભાવ જણાય સામાન્ય-વિશેષ, નિત્ય-અનિત્ય. લ્યો એ ૧૯ થઈ.

હવે ૨૦ છે આજે. '**આત્મદ્રવ્ય...**' એવો એક એનો ધર્મ છે. ધારી રાખેલો ભાવ. અનંતા ધર્મમાંથી એક-એક ધર્મને જાણનારો એક નય છે અને અનંતા ધર્મને એક સાથે જાણનારો ભાવશ્રુતજ્ઞાન પ્રમાણ છે. સમ્યક્ ભાવશ્રુતજ્ઞાન એ દ્વારા આવા.. જુઓ, એ રીતે કહે છે. રાગની સ્થિતિ એકરૂપ રહેતી નથી, જ્ઞાનની એકરૂપ રહેતી નથી. એવું જ ભાવશ્રુતજ્ઞાન, સમ્યક્જ્ઞાન એમ એને જાણે છે કે મારે કારણે આ છે. સમજાણું કાંઈ? પરને કારણે નહિ. એમ '**આત્મદ્રવ્ય સર્વગતનયે, ખુલ્લી રાખેલી આંખની માફક, સર્વવર્તી...**' આંખ ખુલ્લી હોય તો જાણે આમ ઘટ-પટ જાણે બધામાં વર્તતી હોય એમ લાગેને? પરમાં વર્તતી નથી. પણ એનો અર્થ એ. પરવસ્તુ કહેવામાં આવે. કારણ કે જ્ઞાનમાં બધી ચીજો છે એ એના ખ્યાલમાં, જ્ઞાનમાં જણાઈ જાય. બધી ચીજ સંબંધીનું પોતાની જ્ઞાનની અવસ્થામાં પોતાને કારણે જ્ઞાન પરિણમે છે એથી એને સર્વવર્તી કહેવામાં આવે છે. સર્વવર્તી કહેતા પરમાં વર્તે છે એમ છે નહિ. કહો, સમજાય છે કાંઈ? જુઓ, સર્વગત નય.

ઓલા પંચાધ્યાયીમાં તો કીધું છે કે સર્વગત નય તે નયાભાસ છે. એ તો બીજી વાત પાછી. જ્ઞાન જ્ઞેયમાં પેસી જાય છે... સમજાય છે કાંઈ? નયાભાસ એટલે નય સાચું છે નહિ. જ્ઞાન જ્ઞેયમાં જાય છે અને જ્ઞેય જ્ઞાનમાં આવે છે એવો જો નય હોય તો એ નય સાચો નથી. એ સર્વગત આવે છે, ભાઈ! પેલામાં આવ્યું છે જ્ઞાન અધિકારમાં. અહીં એ રીતે બીજી ઢબે લીધું છે. જ્ઞાન જાણે બધામાં વર્તતું હોય એવો એક એનો ધર્મ છે. વર્તતું નથી કાંઈ પરમાં. સમજાણું કાંઈ? જુઓ, આ એક શ્રુતજ્ઞાનની વાત છે હોં. એ કેવળજ્ઞાનની

વાત નથી અત્યારે. શ્રુતજ્ઞાનનો ભાવશ્રુત ઉપયોગ પ્રમાણજ્ઞાન એમ જાણે છે કે જ્ઞાનની પર્યાય બધામાં જાણે વર્તતી હોય. એવું જાણે છેને (તેથી) એ વર્તતી હોય એવો એક ધર્મ છે. એમ એક નય જાણે અને શ્રુતજ્ઞાન એ બધા ધર્મને એક સાથે જાણે એવો જ એનો સ્વભાવ છે. ઝીણું ભારે! મગજ સાધારણ હોય એને કાંઈ સમજાય નહિ. શું કહે છે? તુંબડીમાં કાંકરા જેવું લાગે. કાંકરા એટલે સમજાણું? તુંબડીમાં કાંકરા છે કે રૂપિયા છે કાંઈ ખબર નહિ. ખખડેને. હવે તો ઓલા બીયાં સૂકા. તુંબડી હોય છેને તુંબડી. આ દૂધી મોટી. એના બીયાં હોયને બીયાં. બીયાં-બી. છૂટા પડે તો ખખડાટ થાય. તે આ તે ખડખડાટ રૂપિયાનો હશે? કાંકરાનો હશે? શેનો હશે? બીયા સૂકા હોય તો ખખડે. ઓલું સમજાય છે? અંદર કાંકરા ભર્યા હોય પણ કાણું તો લાગતું નથી. આખી હોયને તુંબડી? કાણું ક્યાંય લાગતું નથી અને આ તે ખખડે છે તે આ તે શું ગરી ગયું છે અંદર? એ તો બીયાં હોય. કાંકરા, રૂપિયા ત્યાં નથી. તુંબડીમાં કાંકરા એમ નથી કહેવત આપણે? આ એમ નથી.

આ તો સાચું છે જ્ઞાન બધાને.. નથી કહેતા? ખુલ્લી આંખ ઝટપટ મારી આંખ બધે વર્તી ચુકી છે એમ કહે છેને? મારી આંખ બધે ખુલ્લીમાં વર્તી ચુકી છે, એમ. વર્તી ચુકીનો અર્થ કે બધાનું જ્ઞાન મને વર્તે છે. કહો, પોપટભાઈ! ભારે! બધાનું જ્ઞાન વર્તે, પણ બધામાં એ વર્તતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- કેવળજ્ઞાની...

ઉત્તર :- કેવળજ્ઞાનની અત્યારે વાત નથી. અત્યારે તો શ્રુતજ્ઞાનમાં વાત છે. શ્રુતજ્ઞાન એમ જાણે છે કે પોતાની જ્ઞાનપર્યાય ઘણાને જાણે માટે જાણે સર્વવર્તી છે એમ કહેવામાં આવે છે. એમ કેવળજ્ઞાનમાં પણ એ લીધું છે. કેવળજ્ઞાન જ્ઞેયગત ન હોય તો બધાને જાણી શકે નહિ. એમ કહ્યું છે લ્યો! આમાં જ છે પ્રવચનસારમાં. અને જ્ઞેયો જો આમાં ન હોય, જિનવરના જ્ઞાનમાં જ્ઞેય ન હોય તો જ્ઞાન શી રીતે જ્ઞેયને જાણે? જિનવર છે એ સર્વગત ન થઈ શકે. ઝીણી વાત છે. આત્મવસ્તુ જ એવી ચૈતન્ય પ્રકાશનો અરિસો છે. અરિસામાં જાણે બધી ચીજો હોય એમ દેખાય છે કે નહિ? આ અરિસાને સામે ચીજ હોય એ એમાં છે જ નહિ. એ તો અરિસાની પર્યાય છે. અરીસો સમજ્યાને? દર્પણ, શીશો. અરીસો આમ છે અને સામે બાહ્ય ચીજ હોય એ અંદર દેખાય. તો એ ચીજ અંદર છે? એ તો એની અંદર. આ તો પર્યાય અરિસાની અવસ્થા છે. એમ આ ચૈતન્ય અરીસો છે, જ્ઞાન અરીસો છે. એમાં આ શરીર, વાણી, મન, કુટુંબ, કબીલા કે આ જે સંયોગ છે. ઘરની ઘરવખરી આમ બધી પાથરી હોય. એ જ્ઞાનની પર્યાયનો એવો સ્વભાવ છે કે બધું એ જાણે. એટલે જાણે પરમાં વર્તતું હોય એમ કહેવામાં આવે.

મુમુક્ષુ :- .. આદિ શું છે?

ઉત્તર :- અરિસો છે અને ચૈતન્ય.. જડ અરીસો છે. આ શરીર, વાણી, કુટુંબ, કબીલા

આ બધી ચીજો એનાપણે રહી છે. એને જ્ઞાન જાણે. જ્ઞાન જાણે. તેથી જ્ઞાન જાણે પરમાં વર્તતું હોય એમ કહેવામાં આવે. સમજાણું કાંઈ? પણ જ્ઞાનનો એવો ધર્મ નથી કે એ મારા છે અને હું એનો છું એવું માને એવો એનો ધર્મ નથી એકેય. શેઠ! જાણે. ... પણ એનો એવો ધર્મ નથી, જ્ઞાનનો એવો સ્વભાવ નથી કે એ મારા છે અને હું એનો છું. એવો કોઈ એનામા ધર્મ છે જ નહિ. ડાલચંદજી! આરે..! ભારે! પણ એ જ્ઞાન બધાને જાણે એવો એનો એક ધર્મ છે. આ દીકરા પાંચ-છ એમ જ્ઞાન જાણે કે આ છે, પણ મારા છે એવું જ્ઞાનમાં ક્યાં છે? જ્ઞાનનો એવો ધર્મ નથી અને પ્રમેયનો પણ ધર્મ નથી કે જ્ઞાનનું એ જ્ઞેય થઈ જાય. સમજાણું કાંઈ? કહો, શું છે આમાં હીરાભાઈનું?

મુમુક્ષુ :- એ તો ભ્રમણા છે.

ઉત્તર :- ભ્રમણા છે. એ તો ભ્રમણા છે. અહીં તો સર્વવર્તીમાં જુઓ છેને? ૨૦મો બોલ છે.

**'આત્મદ્રવ્ય...'** આત્મા વસ્તુ **'સર્વગતનયે...'** જાણે સર્વમાં વર્તતી હોય. **'ખુલ્લી રાખેલી આંખની માફક,...'** ઘટ, પટ, નટ મકાન, દાગીના આદિ આમ બધે જાણે મારી આંખ બધે ફરી વળી છે. એમ કહેતા નથી માણસ? શેઠ! શું કહે છે સમજાણું કાંઈ? કે મારી આંખ બધે ફરી વળી છે. બધે ફરી વળે છે એમ. ફરી વળી એટલે? જ્ઞાન કાંઈ બીજે જાતું નથી, પણ જ્ઞાનનો એવો સ્વભાવ છે આંખનો કે જે બધું છે તેવું જાણે. જાણે છે તો જ્ઞાન અંદર હોં! આંખ તો જડ છે, એ ક્યાં જાણે છે? પણ જ્ઞાનનો એવો સ્વભાવ છે કે સર્વને જાણે એવું સર્વવર્તી એવો એનો સ્વભાવ ખરો, પણ સર્વમાં વર્તી જાય અને પેસી જાય અને એ મારા છે એવો જ્ઞાનનો ધર્મ છે નહિ એકેય. નથી એને માને છે, મિથ્યાધર્મને ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ?

એકનો એક દીકરો હોય, એ દીકરો એનો હશે કે નહિ? લ્યો ઠીક. એય..! જીતુ! તો શું કરવું? એકનો એક દીકરો હોય એ તો એનો ખરો કે નહિ બાપનો? એને એક છે. એને ક્યાં બે છે? કહો, શેઠ! શોભાલાલજી! શું છે? પાંચ દીકરા હોય અને બે દીકરો હોય. અહીં તો કહે છે, ભગવાન આત્મદ્રવ્યનો એવો સ્વભાવ છે કે જે સંખ્યાએ જેમ છે તેને સર્વમાં વર્તતું એટલે જાણતું જ્ઞાન સર્વને જાણે, પણ કોઈને મારું માને અને આ મારા ને હું એનો એ તો મિથ્યાદૃષ્ટિનો, નથી એવો ભાવ એણે ઉત્પન્ન કરેલો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. મફતનું કાંઈ છે નહિ? આહા..હા..! જુઓને હાર્ટફેઈલ થઈ ગયું કાલે, નહિ? ક્યાંય બાયડી પડી રહી, ક્યાંક છોકરા પડ્યા રહ્યા ક્યાંક. કાલે બસમાં. હાર્ટફેઈલ. ૫૦ વર્ષનો. આમ થઈ ગયું. ઓલો કહે આ શું થયું? ત્યાં તો મરી ગયો. થઈ રહ્યું જાવ. બસમાં ચડ્યો હશે. ચાલીને ચડ્યો હશે કે ચડાવ્યો હશે કોકે? મડદાને .. એમ ચડાવ્યો હશે? શરીર તો

આમ થયું. અરે..! બાપુ!

મુમુક્ષુ :- પૈસા લઈને

ઉત્તર :- હા, પૈસા લઈ, ટિકિટ લઈ. કયે ક્ષણે બદલી જાય છે? એટલે જ્ઞાનનો પર્યાય તેને તે પ્રકારે જાણે ખરો. સમજાય છે કાંઈ? પણ એને મારું છે એમ માને નહિ. જ્ઞાનમાં એ વાત ખ્યાલમાં આવી જાય. સમજાણું? દીપચંદજી શેઠિયા કહેતા હતાને? દીપચંદજી શેઠિયા કહેતા હતા. નીસરણી. નીસરણી કહે છેને? સીઢી. ઉપર જવાની. જ્યાં અમુક સ્થાને ગયા. અંદર ગયા નહોતા. ત્યાં એને ખ્યાલ આવી ગયો કે અહીંથી પડીશ. હજી પડ્યા નહોતા. ભાઈ! અહીં કીધું હતુંને? પડ્યા નહોતા. ત્યાં .. બંધ થઈ ગયું. ખ્યાલ આવી ગયો. એ પગનો એ જાતનો ખ્યાલ આવી ગયો. સમજાણું? એ જાતનો શરીર મોળું છે માટે પડીશ એમ પણ નહિ. એવો ખ્યાલ આવી ગયો અંદરથી. ખ્યાલ જ એવો આવ્યો કે... પડવાનું તો નબળું છે માટે છે એમ નહિ. એ કુદરતનો જ્ઞાનનો પર્યાયનું એવું કામ થઈ ગયું કે પડ્યા ભેગું .. એ જ્ઞાનમાં એ વાત આવી એમ. સમજાય છે? થયા પહેલા. શરીરની નબળાઈ છે માટે પડીશ એમ નહિ. એ જ્ઞાનનો જ પર્યાય ખ્યાલમાં આવી ગયો .. પડીશ. જ્યાં ખ્યાલ આવ્યો એ ભેગો પડી ગયા ફટ દઈને. એ જ્ઞાનનો પર્યાય ધર્મ એવો છે. આ તો એકદમ ખ્યાલ આવ્યો. નહિતર પણ જ્યારે એ વખતે પડતા વખતે પણ જ્ઞાનમાં ખ્યાલ આવે કે આ પડશે. સમજાય છે? એ જ્ઞાનનો ધર્મ છે, આ પડે છે, આમ થાય છે એવું પરને જાણવું. પણ એ હું પડું છું અને એને લઈને મારું પડવું થાય એમ છે નહિ. સમજાણું કાંઈ?

શરીર મોળું છે માટે પડશે એ વળી બીજો .. અને શરીર મોળું છે અને પડશે માટે મને તેનું જ્ઞાન થયું એને લઈને એ બીજી વાત. સમજાણું કાંઈ? પણ કુદરતે એવો અંદરથી ખ્યાલ આવી જાય કોઈ વખતે કે આ .. કાંઈપણ પ્રસંગ વિના એ પર્યાયનો એવો ધર્મ સ્વભાવ છે કે અહીં જાણી લે વસ્તુને. જાણે પરમાં ગયું હોય એમ લાગે. છે નહિ. એય..! બલુભાઈ!

**'સર્વવર્તી...'** એ આંખ જાણે ખુલ્લી આમ બધે વર્તતી હોય જાણે. એમ આત્માનું જ્ઞાન એવો એનો એક સ્વભાવ છે કે જાણે બધે વર્તતું હોય એવો એનો એક ધર્મ છે. છતાં એ રૂપે થતું નથી અને જ્ઞેય તે જ્ઞાનરૂપે થતું નથી. કહો, સમજાણું કાંઈ? કહો, મલુકચંદભાઈ! શું હશે આ? અરે..! પુનમચંદ આમ આવે અને કાળજું ઠરે કે નહિ? રાગ એને લઈને છે? અને રાગનું જ્ઞાન પણ રાગ છે માટે છે? પ્રવૃત્તિમાં તો ઈ આવે છે. સમજાણું કાંઈ? જ્ઞાનનો એવો સ્વભાવ છે કે રાગને જાણે, આને જાણે, જાણે કે બધામાં વર્તતું હોય એમ લાગે. સમજાણું? પણ વર્તતું નથી. જ્ઞાનનો એવો સ્વભાવ ધર્મ છે કે ખુલ્લી આંખની પેઠે જાણે બધામાં વર્તવું હોય, એવું એક નયે એક ધર્મને જોવે અને શ્રુતપ્રમાણ બધા ધર્મોને એક સાથે

જોવે. સમજાણું કાંઈ? **'ખુલ્લી રાખેલી આંખની માફક...'** એટલે ખુલ્લી આંખમાં ઘટ, પટ, મકાન આદિ બધું આમ વર્તે-દેખાય. એવો એક ધર્મ છે. **'(બધામાં વ્યાપનારું) છે.'** લ્યો! ઠીક! અહીં તો વ્યાપનારું કહ્યું. વ્યાપનારું એટલે આમ જાણનારું...

૨૧. **'આત્મદ્રવ્ય અસર્વગતનયે, મીંચેલી આંખની માફક,...'** આંખ મીંચે એટલે એમાં કોઈ બીજું વર્તતું નથી. એકલો આત્મા જ વર્તે છે એમ. **'મીંચેલી આંખની માફક, આત્મવર્તી (પોતામાં રહેનારું) છે.'** આત્મદ્રવ્ય અસર્વગતનયે પોતામાં વર્તનારું છે. આત્મદ્રવ્ય. ત્યાં વજન બધું છે. બધામાં આત્મદ્રવ્ય-આત્મદ્રવ્ય લેવું. સમજાણું કાંઈ? આ **'આત્મદ્રવ્ય અસર્વગતનયે, મીંચેલી આંખની માફક, આત્મવર્તી (પોતામાં રહેનારું) છે.'** એવો પણ એક એનો ધર્મ છે. સર્વમાં વર્તે એવો એક ધર્મ અને પોતામાં વર્તે એવો પણ ધર્મ. બે વિરુદ્ધ ધર્મ થઈને પોતે એકમાં રહેલા છે. ભારે! શું પણ આમાં? સમજાણું કાંઈ? લ્યો અસર્વગતનય. આંખ મીંચી પોતામાં જાણે બધું કાંઈ છે જ નહિ, એકલો આત્મા જ છે પોતે. એમ. ભલે બધું જાણ્યું. સમજાણું? આંખ મીંચેલી હોય, પણ બધું જાણવામાં છે કે નહિ? જાણવા છતાં એ આત્મા પોતે પોતામાં જ વર્તે છે. એ જ્ઞેયમાં વર્તતો નથી. ઓલો જ્ઞેયમાં વર્તે છે એમ ઉપચારથી કહ્યું હતું. આમાં આત્મા ભાસે છે.

જ્યાં જ્યાં બધું જાણતાં આત્મા આત્મામાં જ વર્તે છે. આંખ ખુલી હોય કે ન ખુલી હોય એનો પ્રશ્ન નથી. આ તો દૃષ્ટાંત આપ્યો છે. સમજાણું? ખુલ્લી હોય કે મીંચેલી... એ તો દાખલો આપ્યો છે. એમ આત્મા પોતાની જ્ઞાનપર્યાયમાં બધા ભાવો જણાય છતાં તે આત્મવર્તી ભાવ છે. એ આત્મા આત્મામાં વર્તે છે. એ આત્મા આત્મામાં વર્તે છે. સમજાણું કાંઈ? આત્માની પર્યાયમા—અવસ્થામાં બધું જાણવામાં આવેલું હોવા છતાં તે તે આત્મદ્રવ્ય પોતાની પર્યાયમાં જ વર્તે છે એટલે આત્મદ્રવ્ય પોતામાં જ વર્તે છે. કહો, સમજાણું કાંઈ? કોઈ દિ' એ પરમાં વર્તતો નથી. આહા..હા..! એવો એક ધર્મ છે લ્યો.

હવે ૨૨મો. **'આત્મદ્રવ્ય શૂન્યનયે, શૂન્ય (ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે.'** ખાલી ઘર જેમ હોય એમ બીજા સાથે મળેલું નથી એવું એ છે. પરથી શૂન્ય છે. સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન આત્મા શૂન્યનયનો એક ધર્મ એવો છે કે ખાલી ઘરની માફક... ખાલી મકાન હોય જેનું એવો આત્મા પરથી તદ્દન ખાલી. પરથી તદ્દન ખાલી-શૂન્ય છે. એવો પણ એક એનો શૂન્યનય એ ધર્મ છે. એ પોતાને લઈને છે. સમજાણું કાંઈ? ઘરની માફક એકલું વ્યાપે છે. એટલે પરની સાથે નહિ મળેલું, અમિલિત ભાસે છે.

૨૩મી. **'આત્મદ્રવ્ય અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે.'** વહાણમાં લોકો ભરાઈને બેઠા હોયને ૨૫, ૫૦, ૧૦૦, ૨૦૦, ૫૦૦, ૧૦૦૦ હજાર માણસ. એ જાણે જ્ઞાનમાં બધું ભરેલું હોય એમ ભાસે છે. જ્ઞાનમાં એ જાણે આવી ગઈ હોય. આવતી નથી. એ સંબંધીનું જ્ઞાન છે. પણ **'અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની**

**માફક,...'** એ જ્ઞાનમાં બધું આવી જાય. અશૂન્ય છે. અશૂન્ય એટલે પરથી ખાલી નથી. પરથી ખાલી નથી. પહેલામાં પરથી ખાલી છે એમ કીધું અને આ પરથી ભરેલું છે. પરનું જ્ઞાન અંદરમાં આવી જાય છે. સમજાણું કાંઈ? લોકાલોકનું જ્ઞાન, જ્ઞાનની મહિમા એની પર્યાયમાં આવી જાય છે એટલે અશૂન્ય છે. અશૂન્ય એટલે ખાલી નથી. પરથી ખાલી નથી.

'**લોકોથી ભરેલા વહાણની માફક,...**' લ્યો! મિલિત ભાસે છે. એમ આ આત્માની જ્ઞાનની પર્યાય બધાથી ભરેલી હોય જગતના પદાર્થથી. પદાર્થ તો પદાર્થમાં છે. પણ પદાર્થ સંબંધીનું જ્ઞાન છે એથી એ બીજાથી ભરેલું જ્ઞાન છે, અશૂન્ય છે, ખાલી નથી, ભરેલું છે. એમ પણ એક નયનો એક ધર્મ જાણે છે. સમજાણું કાંઈ? આ ઘરવખરો અને આ બધું એનાથી ખાલી છે એ વાત નથી હોં અહીંયાં. પોતાનો જ્ઞાનસ્વભાવ પર્યાયધર્મ એવો છે કે બધાને જાણતા છતાં પરથી ખાલી નથી. અને પહેલામાં જાણતા છતાં પરથી ખાલી છે. સમજાણું કાંઈ? માળે વિરુદ્ધ ધર્મ એવો મૂક્યો છે. એ સર્વજ્ઞ સિવાય આ વસ્તુ ક્યાંય હોઈ શકે નહિ. શ્રુતજ્ઞાનમાં આવું ભાસે છે એમ કહે છે અહીં તો. '**લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે.**' લ્યો! ૨૩ થઈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભરેલું છે. પરસંબંધીનું જ્ઞાન આમાં ભરેલું છે. એ છે પોતાનું. એ ખાલી નથી એમ. પરથી ખાલી છે. પણ પરસંબંધીના જ્ઞાનથી ખાલી નથી. સમજાણું કાંઈ? આવે છેને? સ્વપણાથી અશૂન્ય છે અને પરથી તે શૂન્ય છે. સપ્તભંગીમાં પહેલા આવી ગયું. સપ્તભંગી. આમાં જ આવ્યું. આત્મા સ્વપણે પોતાના ગુણથી અશૂન્ય છે. છે? કેટલામાં છે એ? ૧૧૫-૧૪? ૧૧૪ છે ક્યાંક. ૧૧૫? ૧૧૫. ૧૫-૧૫ લ્યો. ૧૧૫. '**दव्वट्ठिएण सव्वं दव्वं तं**' એ ૧૧૪માં છે. '**पज्जयट्ठिएण**' તે. ૧૧૫. છે? એ નથી આમાં. .. છે પંચાસ્તિકાયમાં. પંચાસ્તિકાયમાં છે. પંચાસ્તિકાય. પંચાસ્તિકાયમાં ૧૪મી? પંચાસ્તિકાયની ૧૪મી. ૧૪મી છે જુઓ. છે જુઓ, '**કારણ કે સર્વ વસ્તુ (૧) સ્વરૂપાદિથી અશૂન્ય છે, (૨) પરરૂપાદિથી શૂન્ય છે,...**' પોતાના સ્વરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી શૂન્ય નથી, ખાલી નથી. છે. '**સ્વરૂપાદિથી અશૂન્ય છે,...**' '**શૂન્ય નહિ એવું; હયાત; સત્.**' છે પોતાથી અને '**પરરૂપાદિથી શૂન્ય છે,...**' પંચાસ્તિકાયની એક વાત લીધી. આ અમૃતચંદ્રાચાર્યના નયો કાઢેલા છે. આ બધી ટીકા એની છે. '**પરરૂપાદિથી શૂન્ય છે,...**' એ આત્મા, શરીર, વાણી, મન એના રૂપથી ખાલી છે.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. શું? આ બાયડી, છોકરા, આ ડાલચંદજી નાથી આત્મા અંદર છે એ ખાલી છે એમ કહે છે. ડાલચંદજી! અને પોતાના ભાવથી અશૂન્ય છે. અશૂન્ય એટલે ખાલી નથી. પોતાનો જે સ્વભાવ છે એનાથી શૂન્ય નથી એટલે પોતાના ભાવથી અશૂન્ય

છે, પણ પરભાવથી શૂન્ય છે. પોપટભાઈ! શું હશે? આ છ છોકરાથી આત્મા શૂન્ય છે. છ છોકરા અને એના ઓલા પ્લાસ્ટિકના કારખાના, લાદીના. પ્લાસ્ટિકના આને છે. થાણામાં છેને થાણામાં? સમજાણું? તો એનાથી આત્મા શૂન્ય છે. પરવસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્મા શૂન્ય છે.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. અને પોતાના ભાવથી અશૂન્ય છે. પોતાના ભાવથી ખાલી નથી. પોતાના ભાવથી ખાલી હોય? જાદવજીભાઈ! જાદવજીભાઈ! આ પરવસ્તુથી શૂન્ય છે. સાચી વાત હશે? કહેવાય. એમ છે. ભગવાન આત્મા પોતાના ભાવથી ભરેલો છે અને પરભાવથી તદ્દન ખાલી છે, બિલકુલ ખાલી છે. આહા..હા..! સ્ત્રી, છોકરા, પૈસા, મકાન એનાથી આ આત્મા અત્યારે અને ત્રિકાળે ખાલી છે. ખાલી છતાં મારા છે એમ માને છે તે મિથ્યાદષ્ટિ અને મિથ્યાત્વભાવ છે. અમારા છોકરા, અમે બહોળા કુટુંબવાળા છીએ. અમારે બહુ હુંફ છે. અમારે છોકરા બધા ઘણા છે. છ-છ છોકરા હોય તો બધા ઘણા હોયને? આહા..હા..! આઠ છોકરા, એકને દશ છોકરા નહિ આપણે આ બ્રહ્મચારી આવે છે ધન્યકુમાર. આ ધન્યકુમાર નથી આવતા અંતરીક્ષથી? એ દશ ભાઈ. દશ ભાઈ દશ. એમાં નવે લગન કર્યા છે અને આ બ્રહ્મચારી રહેવાના છે ધન્યકુમાર. બારભાયા. ..બારભાયા હતા. પણ અત્યારે બધા... આ તો દશ જીવતા બધાય. ધન્યકુમાર નથી આવતા ઓલા બ્રહ્મચારી? હમણા આવ્યા હતા. અંતરીક્ષમાં વિનંતી કરવા આવવાના છે ત્યાં જવાના એટલે. એમાં એક મંદિર મળ્યું જૂનું દિગંબરનું. એનું પંચકલ્યાણક કરવાનું છે. વિનંતી કરવા આવશે. ... કહેશે હમણા આવશે. એને દશ ભાઈઓ છે. તે નવ ભાઈ પરણેલા છે. દશમા પોતે બાળબ્રહ્મચારી રહેવાના છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આપણે ત્યાં આવે છે. ત્યાં અંતરીક્ષમાં છે. પોપટભાઈના મકાનમાં રહે છે.

આત્મા પરવસ્તુથી શૂન્ય છે. ભગવાનની પ્રતિમા, ભગવાન, સિદ્ધો, કેવળીઓ એનાથી આત્મા શૂન્ય છે. અને પોતાના જ્ઞાનદર્શન, આનંદના ભાવથી શૂન્ય નથી, અશૂન્ય છે. એવો એનો સ્વતઃ સ્વભાવ ધર્મ છે. આહા..હા..! સમજાણું? બાયડી મરી જાય, બાપ પચાસ વર્ષની ઉંમર .. એક બાયડી મરે .. બીજી હોય નહિ. પછી કહેશે કે અમારું હવે સગપણ કરશો કે નહિ? ત્યારે .. નહિ થાય પચાસ વર્ષ થઈ ગયા હવે. પૈસા ખરચીએ બહુ તો? તોપણ નહિ. બસ થઈ ગયું? બાવા થઈ ગયા અમે? કહો, સમજાણું? એક બાયડી મરી ત્યાં બાવા અમે થઈ ગયા? પણ કે દિ' નહોતો બાવો? પરથી ખાલી જ હતો. સમજાણું કાંઈ? બસ, આ બાવન વર્ષની ઉંમર થઈ અને બાયડી ગઈ ત્યાં બધું ગયું અમારું? પૈસા છે અમારી પાસે ૧૫ હજાર, ૨૦ હજાર. લાવો ભાઈ ખર્ચ કરીને.. અત્યારે સગપણ ન થાય. બાવન વર્ષે સગપણ થતા હશે? સગપણ સમજો છો? શું કહેવાય? સગાઈ. સગાઈ.

તો કહે, એમ ન થાય ત્યાં હું બાવો થઈ ગયો? એક ગઈ ત્યાં બાવો થઈ ગયો. એય..! ભગવાનજીભાઈ! એક બાયડી ગઈ ત્યાં બાવો થઈ ગયો? કોઈ નહિ મારું? હવે સાંભળને કે દિ' હતું તારું? આહા..હા..! કહો, હીરાભાઈ! આ એવા બધા ખેલ જોયા છે અમે તો. મૂર્ખાઈ-મૂર્ખાઈ. આહા..હા..! બસ, હું કાંઈ નહિ? એક ગયું ત્યાં કાંઈ નહિ? એક હતી ત્યાં સુધી તો બધી અમારી ગણતરી હતી. કે કોણ જાણે કાલે સવારે છોકરું થાશે, ફલાણું થાશે, ઢીંકણું થાશે. હાથમાં પૈસા છે, નોકર હશે ઘરનો. ભાઈના દીકરા નહિ લઈ લે. બધું એમ કરીને. ત્યાં આ ગઈ ત્યાં બધું ખલાસ થઈ ગયું? આહા..હા..! મૂર્ખ છે કે નહિ? આહા..હા..! મૂર્ખ માથે શિંગડા નહિ, નિશાની હોય. નિશાની હશે કાંઈ? મૂર્ખના માથે શિંગડા ઉગતા હશે? આપણે કહેવાત નથી આવતી? દલપતરામની. 'મૂર્ખ માથે શિંગડા નહિ નિશાની હોય.' મૂર્ખની માથે કાંઈ શિંગડા. શિંગડા સમજો છો? શિંગડા હોય એવું નિશાન નથી હોતું. એ તો એના લક્ષણે મૂર્ખ દેખાય છે. સમજાણું કાંઈ?

મૂર્ખ હતોને મૂર્ખ પછી પાણી પીવા ગયો ત્યાં. કાંઠે .. કાઢ્યો મૂર્ખ મોટો. પાડા જેવો. મારો કાંઈ ભાન ન મળે. મૂર્ખ. પછી ગયો ૨૫-૫૦ ગાઉ છેટે. ત્યાં પણ પાણી પડતું હતું ઉપરથી આમ. નળ શું ઓલા ધોરિયાનું. કૂવાનું છેને અમારે પાલેજમાં છે ત્યાં. પીતા-પીતા ધરાઈ રહ્યો એટલે.. તું લઈ લેને હાથ. એલા! કોણ છે? કે મૂર્ખ છો? કે તમને કોણે કીધું? આ તારા લક્ષણે. તમને કોણ કહેવા આવ્યું કે હું મૂર્ખ છું? શોભાલાલજી! સમજાણું કાંઈ? ડાલચંદજી! પાણીની ધાર પડતી હતી ધાર. પાણી પી લીધું. હવે આમ-આમ કરીશ.. પણ એ તો ધાર પડતી રહે. તું હાથ લઈ લેને. ત્યારે ઓલો માથે હતો એણે કહ્યું આમ-આમ કરે છે મૂર્ખ છો? કે તમને કોણ કહેવા આવ્યું? આ તારા લક્ષણ નથી ભાળતા આમ-આમ કરે છે તે? મૂર્ખ માથે શિંગડા હશે કાંઈ? આવા અજ્ઞાનીઓ પરમાંથી ખાલી હોવા છતાં, પર મારા-મારા માનીને. એને શિંગડા નથી. એને મિથ્યાત્વના શિંગડા છે અનંતા. આહા..હા..! સારા છોકરા હોય, બાપુ! આમ. આહા..હા..! હૈયા ઠરે નામ સાંભળતા લ્યો! એય..! જેઠાભાઈ! ધૂળેય નથી સાંભળને હવે. રાગ તારો નથી, ત્યાં વળી શરીર તારા ક્યાં આવ્યા? ભગવાન આત્મા આત્મદ્રવ્ય અશૂન્યનયે પોતાના સ્વભાવથી ભરેલો છે અને પરભાવથી ત્રિકાળ ખાલી છે. એમ જ્ઞાની પોતાના જ્ઞાન દ્વારા પોતાના આત્માને આવો ભાળે છે. આહા..હા..! અરે..! કોઈ અમારું સેવા-ચાકરી કરનાર નહિ. અમે બીજાના કામ કેટલા કર્યા. ટાણા આવ્યા ત્યારે કોઈ ઉભું રહેતું નથી. એમ કહે કોઈ, અમે ઘણાના કર્યા હતા. હતા કે દિ' તારા? સાંભળને હવે. તારા હોય એ જુદા રહે નહિ અને જુદા હોય એ તારા થાય નહિ. શૂન્ય છે, ભાઈ! પરથી શૂન્ય છે, પ્રભુ! નક્કી કર તારા ઘરને અને તારા સ્વભાવથી ભરેલો છો. આહા..હા..! લ્યો! એ ચાર નય થઈ. નાની-નાની છેને આ તો? બહુ વિસ્તાર થાય એવું નથી આમાં. બહુ ટૂંકું છે. આમાં નાનું-નાનું છેને.

(૨૪) '**આત્મદ્રવ્ય...**' એમાંથી આવવું જોઈએને કાંઈક વિસ્તારનું કથન હોય તો નીકળેને. '**આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે...**' જુઓ લ્યો! '**(જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપનયે), મોટા ઈંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક,...**' લ્યો! એ અગ્નિ ઘણા લાકડાથી બાળીને એકરૂપ અગ્નિ થઈ હોય. હજારો લાકડા બળે લાકડા. ઈંધણ. એકરૂપ અગ્નિ થઈ. એમ આત્મા આવી અનેક ચીજોને જાણતો એકરૂપ જ્ઞાન રહે છે. એ જ્ઞાન એકના બે થતા નથી. તો અદ્વૈતનયે, જ્ઞાન અને જ્ઞેય અદ્વૈતનયે એટલે '**(જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપનયે),...**' જ્ઞાનમાં જ્ઞેય જણાય છે અને એ જ્ઞાન અને જ્ઞેય એક જ વસ્તુ છે અંદરમાં. બધા જ્ઞેયોને જાણવાપણે પરિણમેલું જ્ઞાન અદ્વૈત છે. જગતના જેટલા પદાર્થ છે તે બધાં તેને જાણતું જ્ઞાન, તેને જ્ઞેય અને જ્ઞાન. જ્ઞેયનું જ્ઞાન અને જ્ઞાનનું જ્ઞાન. એ અદ્વૈત એકરૂપ જ્ઞાન છે. સમજાણું કાંઈ?

'**આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપનયે), મોટા ઈંધનસમૂહરૂપે પરિણત...**' લ્યો! લાખોના લાકડા હોય અને અગ્નિ સળગે તો એક જ અગ્નિ થઈ જાય બધો. અગ્નિનો ભડકો એક. એકરૂપ અગ્નિ જુઓ. એમ જ્ઞાન અનેક જ્ઞેયોને જાણતા છતાં એકરૂપ જ્ઞાન થઈ ગયું. જ્ઞેયનું જ્ઞાન અને પોતાનું એકરૂપ જ્ઞાન છે. અદ્વૈત છે. આ રીતે અદ્વૈત છે. બધા થઈને અદ્વૈત છે એમ છે નહિ. જુઓ, એ બોલ નાખ્યો. કે ભાઈ! આ દુનિયામાં આત્મા અદ્વૈત જ છે. સમજાણું કાંઈ? આ દુનિયામાં વિજ્ઞાન એક જ વસ્તુ છે. વિજ્ઞાન આવ્યું હતુંને આપણે સમયસારમાં? વિજ્ઞાન બૌદ્ધ વિજ્ઞાની... વિજ્ઞાન જગતમાં એકલું ગુણ જ છે. જ્ઞાન જ એક પ્રસરેલું છે બસ, બીજી કોઈ ચીજ જ નથી. એમ નથી. આત્મા જ્ઞેયને જાણતા જ્ઞાન અને જ્ઞેય એવું જ્ઞાન એક થાય એ અપેક્ષાએ અદ્વૈત છે. સમજાણું કાંઈ? આખી દુનિયાનું જ્ઞાન. અરીસો છે સામે લ્યોને. એમાં સામી ચીજ જાણતા એ એક જ વસ્તુ થઈ એ અરીસામાં બધું જણાય તો એ અરીસો એક જ થઈ ગયો. બીજી ચીજ છે નહિ. તેમ જ્ઞાનરૂપી અરીસો બધાને જાણે. એ જાણવાના જ્ઞાનની પર્યાય એકરૂપે પરિણમે. એ રૂપે આત્મા જ્ઞાન અને જ્ઞેયની એકરૂપતાથી જાણે એના જ્ઞાનમાં અદ્વૈત થઈ ગયો એકલો. આ રીતે આત્મા છે. કહો, સમજાણું કાંઈ? બધો થઈને આત્મા અદ્વૈત છે એમ છે નહિ.

વેદાંતમાં મોટો પ્રશ્ન ઉઠે છે. અદ્વૈત-અદ્વૈત. એક... એક... એક... ૯૯માં વ્યાખ્યાન ચાલતું હતુંને. સુરેન્દ્રનગર. સુરેન્દ્ર. ત્યારે ઓલા એક હતાને ધાંગ્રધ્રાના રજપુત. ...બાવો. વ્યાખ્યાનમાં આવતા. એક લૂગડું પહેરે. અદ્વૈત અમે. આ બધું સાંભળે ખરા. અદ્વૈત-એક-એક એમ કહે. ૯૯માં હતો. એક જ વસ્તુ. પણ એક છે તે તને એક છે એવું આવ્યું ક્યાંથી પણ તને? બે છે એમાંથી તને ભાસ થયો કે આ એક છે. સમજાણું કાંઈ? છે તો એક જ માને બધું. એમ આ એક નથી. એ જ્ઞેયો જેટલા છે તેનું અહીં જ્ઞાન થાય છે અને એ જ્ઞાનમાં જાણે એક જ જ્ઞાન છે એ અપેક્ષાએ અદ્વૈત છે. બધું થઈને અદ્વૈત છે એમ વસ્તુ છે નહિ. સમજાણું

કાંઈ? અત્યારે તો હવે બહુ વેદાંત .. છેને? વાતું કરનારા ઘણા એમાં નીકળે છે. અદ્વૈત છે, અખંડ છે. ઓલા ફકીરમાં આવે છે એક સુફી. સુફી ફકીર આવે છે. એ પણ એવું માને. સુફી એક ફકીર હતા. એકફેરી જોયા હતા બોટાદ. અમે બરાબર આમ નીકળતા હતા અને એ બેઠા હતા. વૈરાગી હોં. વૈરાગ.. એ બોલે.. ફકીર. એ અદ્વૈત માને. મુસલમાન હોવા છતાં. 'અનહલ હક' હું એક છું. એવું આવે છે એનામાં. છેને ઓલો .. 'મનસુર ચડાવ્યો શુળીએ' ત્યાં શુળીએ ચડાવતા પણ અનહલહક એક ... પદાર્થ છે અંદર. બીજી કોઈ ચીજ છે નહિ. તેમાં એક થઈ ગયો છે. મનસુર થઈ ગયો છે. .. થાય છે. અમે બોટાદમાં જોયો હતો. અમે રાણપર.. બહાર સુફી ફકીર. એવી ખોટી ધૂનમાં ચડી જાય અને જાણે એક જ છે, બીજું છે નહિ. ફકીર-ફકીર હતા. એમ નથી ભાઈ! એ તો ખોટો ભ્રમ છે અજ્ઞાનીનો. એ બધાનું જ્ઞાન અને આ પોતાનું જ્ઞાન. એવું એકરૂપ થયેલું જ્ઞાન એને અહીંયાં અદ્વૈત કહેવામાં આવે છે. એથી કરીને બીજી બધી ચીજ થઈને અદ્વૈત થઈ જાય છે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્વપરપ્રકાશન...

ઉત્તર :- હા, સ્વપરપ્રકાશનની પર્યાય એકલી એકરૂપ થઈ ગઈ. એમ કહે, પણ પરવસ્તુ અને સ્વ એક થઈ ગયું એમ છે નહિ.

'**આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે), મોટા ઈંધનસમૂહરૂપે...**' મોટો લાકડાનો ઢગલો એથી '**પરિણત...**' એના રૂપે થયેલી '**અગ્નિની માફક, એક છે.**' એમ આત્મા એક જ છે એ અપેક્ષાએ હોં. બધું થઈને એક એમ નથી કીધું અહીંયાં. બધાનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન એવું એકરૂપે પરિણમ્યું. આખો ઢગલો લાકડાનો હોય અને અગ્નિપણે પરિણમી જાય. ત્યાં અગ્નિ એક જ છેને? ત્યાં તો બે-ચાર અગ્નિ નથી. એમ આખું જ્ઞાન લોકાલોકને જાણતું જ્ઞાન એકરૂપે પરિણમી ગયું અંદરમાં. જુઓ, અહીં ભાવશ્રુતજ્ઞાનમાં પણ આમ છે કહે છે. સર્વજ્ઞ તો એકકોર રહ્યા. આહા..હા..! ભાવશ્રુતજ્ઞાન-સમ્યગ્જ્ઞાન આત્માને, અનંત જ્ઞેયોને અને એનું જે અહીં જ્ઞાન, જાણે એકરૂપ જ્ઞાન ને જ્ઞેય થયું. આપણે પુસ્તક છેને જ્ઞાનજ્ઞેય. જ્ઞાનજ્ઞેય.. પુસ્તક છે. લીધું? ખબર નથી. સમજાય છે કાંઈ? ટાળવો.. સમજાય છે કાંઈ? હિન્દી છે અને ગુજરાતી છે. બહાર કાઢ્યું હતુંને .. ક્લાસમાં. જ્ઞાનજ્ઞેયનું વાંચીને તો બહુ .. થઈ ગયું. ઘણું વિરુદ્ધ માનતા. જ્ઞાનજ્ઞેય પુસ્તક વાંચીને. ઓહો..હો..!

જ્ઞાન વસ્તુ છે એ જ્ઞેયને જાણતા જ્ઞાન જાણે જ્ઞેયરૂપે થઈ ગયું. એટલે કે જ્ઞેયનો જે સ્વભાવ છે તેનું જ્ઞાન થાય અહીંયાં. આ એક જ જ્ઞાન છે એ અપેક્ષાએ કહેવાય. આખી દુનિયામાં હું એક જ છું. આ અપેક્ષાએ હોં. બીજી ચીજ છે કે નથી એનું મારે શું કામ છે? હું તો બધાને જાણનાર અને મને જાણું એવું જ્ઞાનસ્વરૂપે પરિણમેલો એક જ છું. બીજી

વસ્તુ છે કે નથી એનું મારે શું કામ છે? લ્યો એમ કહે છે નહિ? સમજાણું? નિહાલભાઈમાં આવે છે જુઓ, હું એક જ છું. વસ્તુ મારી અપેક્ષાએ બીજો .. કોઈ નથી. હવે બીજી છે કે નથી મારે શું કામ છે? મારી અપેક્ષાએ કોઈ નથી જ એમ કહે. નારણભાઈના દીકરા. ૮૫. વઢવાણમાં વાત થઈ હતી. છેને .. જતીનો. લાલચંદ.. નહિ? કંસારા નહિ? પંડિત.. ૮૫. વીરજીભાઈ સાથે વાત થઈ હતી. જ્ઞાન અને જ્ઞેય એક તરીકે છે, એને બીજી વસ્તુ અપેક્ષાએ છે જ નહિ આ અપેક્ષાએ. આ દ્વૈત કહે લોકો એમ નહિ. સમજાણું કાંઈ?

એકલો ભગવાન જ્ઞાન એના ખ્યાલમાં લોકાલોક આવી જાય શ્રુતજ્ઞાનમાં હોં. શ્રુતજ્ઞાનની પર્યાયમાં. આ એ કીધું હતુંને ભાઈ! અહીં એકપણું ક્યાં કીધું? કેવળી માટે નથી કીધું અહીંયાં. આ તો છદ્મસ્થના ધર્મમાં આવો ધર્મ એને શ્રુતજ્ઞાનમાં જણાય છે એમ કહે છે. આત્મા જ્ઞાનસ્વરૂપમાં જ્ઞેયને જેટલા જ્ઞેયો જગતમાં. લોકાલોક ને ત્રણ કાળ. કોઈ જ્ઞેય બાકી રહ્યું છે? એમાં છે જુઓ, જ્ઞાનજ્ઞેય એટલે જ્ઞાન આત્મા અને જ્ઞેય અનંત. અને પોતે પણ જ્ઞેય. બધાનું અદ્વૈત નયે એક જ હું જ્ઞાન છું, બસ. બીજી કોઈ ચીજ જ નથી. સમજાણું કાંઈ? મારી અપેક્ષાએ તો બીજી કોઈ ચીજ જ નથી.

મુમુક્ષુ :- કેવળજ્ઞાનની વાત..

ઉત્તર :- ના, ના, કેવળજ્ઞાનની વાત નહિ. હમણા વાત કરીને. આ નીચલા ગુણસ્થાનની વાત છે. સમ્યગ્જ્ઞાનમાં, સાધક જીવને સમ્યગ્જ્ઞાનમાં ચોથા ગુણસ્થાનમાં આ જ્ઞાનનો પર્યાય લોકાલોકને જાણે એ અપેક્ષાએ જ્ઞાન અને જ્ઞેય એકરૂપ થઈ ગયું છે એમ પોતે જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ કેવળીની વાત નથી. આ તો શ્રુતજ્ઞાનમાં પોતાના આટલા અનંતા ધર્મ જણાય એની વાત ચાલે છે. એકલું અંતરમાં ગ્રહણ થવું જોઈએ. આ બધું મારું ને તારું ભેદ બધો કાંઈ નથી એમ કહે છે. આહા..હા..! જુઓ, સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન ભાવશ્રુતપણે પરિણમેલું એવો એક ધર્મ એવો પોતામાં જાણે છે કે મારું જ્ઞાન જેટલા જ્ઞેયો છે એ એના જ્ઞાનપણે પરિણમી ગયું છે. જેમ અગ્નિ બધા ઈંધનના ઢગલાપણે એકરૂપ થઈ ગયાને? .. એકલો અગ્નિનો ઢગલો થયો છે. એકલો અગ્નિનો રહ્યો એમ કહે છેને? એમ આ જ્ઞાનનો ઢગલો એકરૂપ રહ્યો. અનંતા જ્ઞેયોના આટલા ક્ષેત્રમાં, અસંખ્ય પ્રદેશમાં શરીર પ્રમાણે ભિન્નમાં અને લોકનું ક્ષેત્ર અને કાળ મોટા-મોટા હોવા છતાં. આહા..હા..! ત્રણ કાળ અને ત્રણ લોકને, ક્ષેત્રને, અનંત દ્રવ્યને, અનંત ગુણ અને અનંતી પર્યાય. આહા..હા..! એટલું મોટાપણું હોવા છતાં એ બધાને જ્ઞાન પોતે જાણવામાં પરિણમી ગયું છે. જ્ઞાનની પર્યાય બધાને જાણવારૂપ પરિણમી. એ રીતે શ્રુતજ્ઞાન પોતાના એક ધર્મને અદ્વૈત તરીકે પણ જાણે છે. આહા..હા..! બીજી ઢબે છે આ બધી વાતું. ..ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- પુરુષાર્થ...

ઉત્તર :- એ જ પુરુષાર્થ છે. બીજો ક્યો પુરુષાર્થ? પોતાનું જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમ્યું એ

જ પુરુષાર્થ. પુરુષાર્થ કાંઈ કુદવું છે બહારમાં? પોતાનો પુરુષાર્થ જ્ઞાનમય ચિદાનંદ છું અને મારા જ્ઞાનમાં સર્વ જ્ઞેયો જણાઈ ગયા છે. કોઈ બાકી રહ્યા નહિ. આખા લોકાલોક અને અનંતકાળ અને અનંત ક્ષેત્ર. અનંતકાળ અને અનંત ક્ષેત્ર. આહા..હા..! આનો ભાગ નથી પાડ્યો કે જ્ઞેય આટલા અને જ્ઞેય આટલા. ભાઈ એમ કહ્યું છે અહીં? આહા..હા..! ઓહો..હો..! એ તો શ્રુતજ્ઞાન પરોક્ષ જાણે, કેવળી પ્રત્યક્ષ જાણે, બાકી બીજો કાંઈ ફેર છે નહિ. આહા..હા..!

**'આત્મદ્રવ્ય...'** એવો એનો એક ધર્મ છે કે જ્ઞાન અને જ્ઞેય અદ્વૈતરૂપ થઈ ગયા. જાણે એકરૂપ થઈ ગયું. અગ્નિ જેમ બધા લાકડાને બાળીને એકરૂપ થઈ. એમ આ જ્ઞાન બસ, જાણનાર... જાણનાર... જાણનાર... થઈ ગયું. આખા જ્ઞેયોને, અનંતને ત્રણ કાળ, ત્રણ લોકને અનંતા દ્રવ્ય, અનંતું ક્ષેત્ર, અનંતકાળ અને અનંતભાવ. આહા..હા..! તો એવો એક ધર્મ શ્રુતજ્ઞાનમાં છદ્મસ્થને પણ અંતરાત્મામાં ભાસે છે. આહા..હા..! શ્રુતજ્ઞાનમાં. જ્ઞેયો કેટલા છે? સર્વજ્ઞ અનંત છે. બસ, સર્વજ્ઞ કેટલા છે? અનંત છે. સિદ્ધ અનંત છે. કરોડો કેવળીઓ છે. છતાં અંતરાત્મામાં જ્ઞાનની પર્યાયમાં એ બધા જ્ઞેયસંબંધીનું જ્ઞાન એટલે હું જ્ઞાનરૂપે પરિણમેલો અદ્વૈતમાં એક જ હું છું. સમજાણું કાંઈ? ઓહો..હો..! કેવી .. જુઓને. એમાં અદ્વૈતની સામે જે તું કહે છો એમ અદ્વૈત નથી, પણ અમે કહીએ છીએ એમ અદ્વૈત છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા આહા..હા..! આટલા ક્ષેત્રમાં રહ્યો છતાં અનંત ક્ષેત્રને, જ્ઞેયને જાણવાની તાકાતવાળું પરિણમે છે. એક ક્ષણને ઉપયોગનો કાળ રહ્યો છતાં એ ઉપયોગમાં ત્રણ કાળના જ્ઞેયને જાણવાને પરિણમી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવો 'એક છે.' શું કહે છે? કે એવા ધર્મને એક નય જાણે છે. જુઓ, આવો એક ધર્મ છે. એક જ એવો એક ધર્મ છે. એવા અનંતા માહ્યલો એક. જેટલા જ્ઞેયો ત્રણ કાળ, ત્રણ લોકના સંખ્યાએ અનંતને ભાવે અનંત. એવા જ્ઞેયને જ્ઞાન જાણે છે. જાણે છે. એથી જાણે જ્ઞાન અને જ્ઞેય એનું જ્ઞાન થઈ ગયું. માટે અદ્વૈત એકરૂપ થયું. એવાને એક ધર્મ, એક નય જાણે છે. આહા..હા..! આવા ધર્મને એક નય જાણે છે. હીરાભાઈ! આહા..હા..! પ્રમાણ છેને એને ભાઈ સદ્ભૂત વ્યવહારનો વિષય ગણ્યો છે. એક સમયની પર્યાય છેને. પ્રમાણજ્ઞાન છે એને વ્યવહારનો વિષય ગણ્યો છે. વ્યવહારનો વિષય ભેદ છેને? એને પરનું જ્ઞાન એમાં ભેદોપચાર આવે છેને? તો સદ્ભૂત ઉપચાર વ્યવહારનયથી. પ્રમાણ જ્ઞાન હોં. એ શ્રુતજ્ઞાન પ્રમાણ. આ શ્રુતજ્ઞાન પ્રમાણ દ્વારા પ્રમેય થાય છે એમ કહ્યું છેને? શ્રુતજ્ઞાન ભાવશ્રુતજ્ઞાન દ્વારા તે આખો પ્રમેય થાય છે. હવે ભાવશ્રુતજ્ઞાન પોતે પર્યાય છે. સમજાય છે? એથી તે ખરેખર સદ્ભૂત ઉપચાર વ્યવહારનય છે. આહા..હા..! કારણ કે જાણવાનો સ્વભાવ પોતાનો છે છતાં આને જાણે છે, એને જાણે છે એટલો ઉપચાર આવ્યો.

પણ અહીં તો કહે છે કે એવું ભાવશ્રુતજ્ઞાન એ પોતે ભલે સદ્ભૂતવ્યવહારનો વિષય છે, છતાં પણ એ પ્રમાણ આવા અનંતા ધર્મને જાણે, વિષય કરે એવો એનો સ્વભાવ છે.

ભાઈ! શું કીધું સમજાણું કાંઈ? કે ભાવશ્રુતજ્ઞાન, સમ્યગ્જ્ઞાન એ ભાવશ્રુતજ્ઞાન એ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. પ્રમાણ છેને? પર્યાય છેને? પર્યાય છે એટલે અંશ છે માટે વ્યવહાર થયો. પોતાનો છે માટે સદ્ભૂત છે અને પરને જાણે એવી અપેક્ષા આવી માટે એને લોકાલોકને જાણે. પણ એ તો અહીંથી કાઢી નાખ્યું અહીં તો. એ બધા જ્ઞેયોરૂપે પરિણમેલું જ્ઞાન એવો એક ધર્મ શ્રુતજ્ઞાન પ્રમાણ જે સદ્ભૂત વ્યવહારનયનો વિષય એ આવા પ્રમેયને જાણે એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ! કેટલું એમાં મૂક્યું છે જુઓ. એ આ બધો આત્માનો કરિયાવર ખુલે છે. કરિયાવર સમજો છો? ભાઈ! દાયજો. કન્યાને વળાવે ત્યારે દાયજો આપે છેને. દશ હજાર, પચ્ચીસ હજાર. તમારે કામ ન ચાલે દશ હજારે. મોટા-મોટા હોય એને પચાસ હજાર, લાખ. એવા કન્યાને .. ભાઈ તમે જોઈ લ્યો. દેખાડે છેને ભાઈ! કન્યાને વળાવેને? ત્યારે દાયજો દે છે કે આટલા શું કહેવાય આ? વીંઝણા, આટલા સાડલા. ખાટલા પાથરે ખાટલા. સાડી. ખાટલા ઉપર ભિન્ન-ભિન્ન મૂકે. સૌની નજર પડે. આ સાડલા ઉપર સોનાના મોટા મોટા .. છેડાવાળા. છેડો સમજ્યાને છેડો? એ છેડો વળી ખુલ્લો મૂકે. નજરે ચડે.

આજે એક બાઈ જાતી હતી. તો મારી નજર ગઈ. એને શું ઓલું સોનાનું ઓલું હતું ત્યાં સાડલો નહોતો રાખ્યો. આમ ખુલ્લું રાખ્યું હતું. હતી ગરીબ બાઈ. સાધારણ. .. જુઓને જગતને. .. હતું .. ..સોનાનું હતું. એ જેનીકોર હતું ત્યાં સાડલો આમ રાખ્યો હતો. આજે હતું સવારે. સવારમાં એક મળી હતી કીધું હતું કોક નહિ? બાઈ માથે ઉપાડીને જાતી હતી. ઘરે હતાને ભાઈ કોઈ. ધન્નાલાલ હતાને. નહિ એ બાઈ હતી? છોકરો પાછળ હતો. સાડલો હતો તો એ સાડલો જેનીકોર નહોતું તે આમ રાખ્યું અને આનીકોર બતાવવા માટે ચાલે તો ખેતર તરફ ચાલે તો ત્યાં સાડલો આમ હતો અને આ બાજુ હતો ત્યાં સાડલો આમ કર્યો. શું બતાવવું છે આને? ત્યાં પણ .. જાય એની એને ખબર નથી. આ તો દુનિયાના ખેલ એવાને ખેલ. ઓલી એક બાઈ હતીને વાઘરણ જેવી તો એનો ઓલો કુબો-કુબો. પોતાને કાંઈક સોનાનો ઓલો આવેલો. શું કહેવાય? ચુડલો. સોનાનો ચુડલો. હવે કોઈ જોવા ન આવે. તો કરવું શું? તો કુબો સળગાવ્યો. કુબો સળગાવ્યો એટલે.. સળગાવ્યો સમજ્યાને? જલાયા. તો લોકો આવે. પછી હાથ આમ કરીને એય..! મારો કુબો બળે છે. બતાવવું હતું ઓલું. માળા ગાંડા છે કે નહિ? ફક્ત એ બતાવવા માટે કુબો સળગાવ્યો. આહા..હા..! સમજાય છે? એમ પોતાની મોટપ બતાવવા માટે બળી જાય, મરી જાય છે તોપણ એની ખબર પડતી નથી. આહા..હા..! એ શબ્દ કાંઈક આવે છે. પોતાની મોટપ. એવું આવે છે હોં ક્યાંક. કળશટીકામાં આવે છે. આપણે આ વાંચીએ છીએને. સંવર..

મુમુક્ષુ :- સંવર મોટપને લઈને...

ઉત્તર :- મોટપને લઈને.. સંવરમાં લખ્યું છે. સંવર પોતાની મોટપ લઈને ઉભો છે.

સમજ્યાને? સમયસારમાં છે. કળશટીકામાં. આમાં નહિ? આ? મોટપ લઈને ઉભો છે એમ આવ્યું છે. .. નિર્જરાના પહેલા પદમાંને? ... અગ્રેસર થયો છે. 'भरतः' શબ્દ છેને. 'भरतः' 'પોતાની મોટપથી પાસે આવવા દેતો નથી. સંવર, પોતે રાગથી એકતા તોડીને સ્વભાવનું ભાન થયું છે એવો સંવર પોતાની પાસે રાગને અને આવરણને આવવા દેતો નથી. એવી એની મોટપ છે.' આહા..હા..! સંવરની એક સમયની. અને બધાની આવી મોટપ છે. શેઠ! મોટપ-મોટપ સમજો છોને? બડાઈ. બડપ્પન. સંવરની મોટાઈ. એવી મોટાઈ છે કે સાધારણ પ્રાણી એની તરફ આવી શકે નહિ. એવી સંવરની એટલી મોટાઈ છે કે રાગનું આવરણ આવી શકે નહિ. સમજાણું કાંઈ? ...

સમસ્ત નયો.. આત્મા.. તમારો શબ્દ હતોને? સમસ્ત કર્મનો. જુઓ, 'અનેક પ્રકારના-નાના પ્રકારના જ્ઞાનાવરણાદિ, દર્શનાવરણાદિ ઈત્યાદિ અનેક પ્રકારના પુદ્‌ગલ કર્મ.' બધાને જોયું! 'भरतः' 'પોતાની મોટાઈને લીધે પાસે આવવા દેતો નથી. સંવર .. કાંઈક કાર્ય થયું છે.' આ તમારો પ્રશ્ન હતોને. બિલકુલ કોઈ કર્મને આવવા દેતો નથી એવી એની મોટપ છે. એમ આત્માની મોટપ એટલી છે કે એક સમયે આખા જ્ઞેયને જાણે અને એ જ્ઞાનરૂપે પરિણમે એવો મોટો આત્મા છે. એવો અદ્વૈત આત્મા તેને ભાવશ્રુતજ્ઞાન એક ધર્મ તરીકે જાણે છે. બધા ધર્મ તરીકે શ્રુતજ્ઞાન (પ્રમાણ) જાણે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૨, સોમવાર, તા. ૧૩.૧૦.૧૯૬૯**
**નય-૨૪ થી ૨૭, પ્રવચન-૨૬૮**

પ્રવચનસાર. પરિશિષ્ટનો અધિકાર છેને. ૪૭ નય. એટલે શું? કે જેને આત્મા અંતરમાં જાણવામાં આવ્યો છે... આત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય, ગુણ અને એની પર્યાયમાં નિર્મળતા અને મલિન આદિ અવસ્થા-એવું જેણે અંતર સમ્યગ્જ્ઞાન દ્વારા આત્માને જ્ઞેય કરીને જાણવામાં આવ્યો છે. એ આત્મામાં કેટલા ધર્મો એણે ધારી રાખ્યા છે? એની વાત ચાલે છે. અજ્ઞાનીની વાત નથી. અને અજ્ઞાનીની તો આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ જ નથી. દ્રવ્ય એટલે વસ્તુ તરફની દૃષ્ટિ નથી એટલે વસ્તુનો ધર્મ એના જ્ઞાનમાં આવ્યો નથી. રાગાદિ હોય તો એક સમયની પર્યાય હોય એ ઉપર એનું લક્ષ છે તોપણ એકાદ-બે અમુક ધર્મ એના લક્ષમાં આવ્યા. એ પણ ખરેખર જ્ઞાન એનું સાચું નથી. કેમકે એક-બે અનંત ધર્મ લક્ષમાં આવ્યા, પણ આખો અનંત ધર્મનો ધરનાર દ્રવ્ય એ જ્યાં સુધી અંતરમાં પરિણમિત થઈને, જ્ઞેય થઈને એનું જ્ઞાન ન કરે ત્યાં સુધી એને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થાય નહિ.

એમાં (પરિશિષ્ટ) છે એમાં ૨૪ બોલ ચાલ્યા છે. ૨૪મો ફરીને લઈએ જુઓ, કે આત્મદ્રવ્ય એવું છે. આ ભગવાન આત્મા એવો છે, એના અનંત ધર્મભાવ છે એમાં એક ધર્મ એવો છે, એક ધર્મ એટલે ધારી રાખેલો ભાવ એ જ્ઞાન જ્ઞેય અદ્વૈતનય. જાણે જગતનું જ્ઞેય છેને લોકાલોક? એ જ્ઞાનને જાણી લીધું છેને. ભલે ભાવશ્રુતજ્ઞાનની પર્યાય ચાલે છે એમાં હોં. કેવળજ્ઞાનની વાત નથી. ભાવશ્રુતજ્ઞાનની એક સમયની પર્યાયમાં જ્ઞેય લોકાલોક છે તે અંદર જ્ઞાનની પર્યાય જાણવાની તાકાતથી પરિણમે છે. એથી જાણે જ્ઞાન જ જ્ઞેય અને એકરૂપ થઈ ગયું હોય, એટલે જ્ઞેય સંબંધીનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન, એ જ્ઞાન અને જ્ઞેય અદ્વૈત છે. એક મોટા લાકડા રાખેલા અને અગ્નિ સળગે તો અગ્નિ લાકડામય એક જ થઈ જાય. એમાં કોઈ લાકડાનો ભાગ જુદો રહે નહિ. એમ જ્ઞાન આખી દુનિયા લોકાલોકને જાણે. એમાં જાણવામાં કોઈ બાકી રહી જાય નહિ. માટે જ્ઞાન-જ્ઞેય અદ્વૈત (અર્થાત્) જ્ઞેયનું જ્ઞાન અને જ્ઞાનનું જ્ઞાન એકરૂપ થઈ ગયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થઈ ગયું એમ. શ્રુતજ્ઞાનમાં થયુંને? પહેલા તો નહોતું, શ્રુતજ્ઞાનમાં થઈ ગયું. સમજાણું કાંઈ? લોકાલોક અજ્ઞાનમાં તો નહોતું. અને અજ્ઞાનમાં તો પર્યાય ઉપર લક્ષ હતું અને પર ઉપર લક્ષ હતું. એને એક આવો ધર્મ છે અને એવા અનંત ધર્મ છે એવું એને જ્ઞાન હોતું નથી. સમજાણું કાંઈ? લ્યો, આ એક જ ધર્મ લેવો છે પાછો એને. કે જ્ઞાન અને જ્ઞેય અનંત. એ બધા લાકડાને અગ્નિ બાળી અગ્નિરૂપ થઈ ગયું. એવો એક ધર્મ છે, એમ આત્મા લોકાલોકને જ્ઞેયને જાણે જ્ઞાનરૂપ થઈને, એ જ્ઞાનનું જ્ઞેયની અદ્વૈતતા એવો એક એનો ધર્મ છે. જ્ઞેયનું જ્ઞાન અને આનું જ્ઞાન એ અપેક્ષાએ એમ. બે ભિન્ન હોય ભલે, પણ એનું જ્ઞાન છે એ... લોકાલોક હોય જ નહિ કદી. એ લોકાલોક સંબંધીનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન બધું જ્ઞાન પરિણમી ગયું. એમ કહે છે. આહા..હા..! કેવડો મોટો તું છો જોતો ખરો. એની એને ખબર નથી. એને બે-પાંચ ઘર અને કાંઈક બે-પાંચ છોકરા થયા, અને પૈસા થયા, અમે આ છીએ. એને જાણીએ.. બાપુ! એવો તું નથી. મહાન મોટો તું છો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ભગવાન હોય.

ઉત્તર :- ભગવાન જ છે પોતે. મોટો બીજો ક્યો હતો? આને માટે ભગવાન એ મોટો નથી. ભગવાન અનંત ભગવાને એ પણ જ્ઞાનમાં જ્ઞેય તરીકે જ્ઞાનમાં આવી ગયા છે. સમજાણું કાંઈ? આહા..હા..! શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ અનંત કેવળીઓ, અનંત તીર્થંકરો અને સિદ્ધ વર્તે તે, લાખો કેવળીઓ વર્તે તે અને અનંત નિગોદના જીવ—બધા ભાવશ્રુતજ્ઞાનની પર્યાયમાં બધાનું જ્ઞાન આવી ગયું છે. આવું છે, બાપુ! આહા..હા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનની .. છેને ઓલામાં નિર્જરા અધિકારમાં? કે સમ્યગ્દષ્ટિ બોલે છે એ એને સમાધિ છે, ભાઈ!

એ જુઓ જ્ઞેય છેને એટલે. સમ્યગ્દૃષ્ટિ બોલે એ મૌન છે, ચાલે એ સમાધિ છે. આમાં છે (સમયસાર) નાટકમાં. નાટકમાં છે. આ તો સમકિતની વાત છેને. ઓલા નિર્જરા અધિકારમાં નહિ? નિર્જરા-નિર્જરા. .. છેને ત્યાં. લ્યો! અહીં તો એનું જ્ઞાન થઈ ગયું એટલું કહેવું છે હોં.

(નાટક સમયસાર-નિર્જરા અધિકાર-પદ-૨૯) જુઓ, '**જિન્હકે હિયેમેં સત્ય સૂરજ ઉદોત ભયૌ,**' સત્‌નો સૂરજ ઉગ્યો. ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ અનંત ધર્મવાળો જ્યાં જ્ઞાનમાં જણાણો. '**જિન્હકે હિયેમેં સત્ય સૂરજ ઉદોત ભયૌ,**' આ તો હિન્દી છે. '**ફૈલી મતિ કિરન મિથ્યાત તમ નષ્ટ હૈ.**' '**ફૈલી મતિ...**' મતિજ્ઞાનનું કિરણ ફેલાયું. '**મિથ્યાત તમ નષ્ટ હૈ.**' સૂર્ય ઉગે એટલે અંધકાર જાયને? '**જિન્હકી સુદિષ્ટિમેં ન પરચૈ વિષમતાસૌં,**' ધર્મીને વિષમપણું જ નથી. એ બધાનું જ્ઞાન છે. '**જિન્હકી સુદિષ્ટિમેં ન પરચૈ વિષમતાસૌં, સમતાસૌં પ્રીતિ મમતાસૌં લષ્ટ પુષ્ટ હૈ.**' લષ્ટ-પુષ્ટની વિરુદ્ધ છે. મમતાથી વિરુદ્ધ છે અને સમતાથી ભરેલો છે. આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે હોં. જ્ઞાન છેને. કોઈ ચીજને પોતાની માનતો નથી. લોકાલોક પોતાના જ્ઞાનમાં પરિણમાવી દીધું છે એટલો પોતાનો એક ધર્મ છે. ઓહો..હો..! સમજાણું કાંઈ?

'**જિન્હકે કટાક્ષમેં સહજ મોખપંથ સધૈ,**' હઠ નથી ત્યાં, કદાગ્રહ નથી ત્યાં, વેઠ નથી ત્યાં, ક્લેશ નથી ત્યાં. '**જિન્હકે કટાક્ષમેં સહજ મોખપંથ સધૈ,**' જ્ઞાનની .. કટાક્ષમાં મોક્ષપંથ સધો. '**મનકૌ નિરોધ જાકે તનકૌ ન કષ્ટ હૈ.**' મનને નિરોધ જ છે. મનનો સંબંધ જ નથી. બધાનું જ્ઞાન કરનાર છેને. આહા..હા..! '**મનકૌ નિરોધ જાકે તનકૌ ન કષ્ટ હૈ. તિન્હકે કરમકી કલોલૈ યહ હૈ સમાધિ,...**' સમજાય છે? '**સમ્યગ્જ્ઞાની જીવોને વિષય-ભોગ પણ સમાધિ છે.**' અર્થ કર્યો છે. ભારે! કારણ કે એ વિષય-ભોગની.. એનું જ્ઞાન કરે છેને એમ કહેવું છેને. અદ્વૈત છેને અહીંયાં. વિષય-ભોગની વાસના એનું એ જ્ઞાન. દેહની ક્રિયાનું જ્ઞાન, લોકાલોકનું અભેદ જ્ઞાન છે ત્યાં વળી બીજી ચીજ ક્યાં? આહા..હા..! સમજાણું?

'**તિન્હકે કરમકી કલોલૈ યહ હૈ સમાધિ, ડોલૈ યહ જોગાસન બોલૈ યહ મષ્ટ હૈ.**' એ હાલે-ચાલે ઈ એને જોગાસન છે. આહા..હા..! જુઓ, સમજાણું? એ હાલે-ચાલે એ ક્રિયા તો જડની છે. એનું જ્ઞાન થઈ ગયું છેને. આહા..હા..! ક્ષણે-ક્ષણે એના જ્ઞાનની પર્યાય એ પોતે લોકાલોકપણે અને પોતાપણે એ જ્ઞાનપણે પરિણમે જ છે. સમજાણું? જુઓ, '**જેમના હૃદયમાં અનુભવનો સત્ય સૂર્ય પ્રકાશિત થયો છે અને સુબુદ્ધિરૂપ કિરણો ફેલાઈને મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરે છે; જેમને સાચા શ્રદ્ધાનમાં રાગ-દ્વેષ સાથે સંબંધ નથી, સમતા પ્રત્યે જેમને પ્રેમ અને મમતા પ્રત્યે દ્વેષ છે;...**' દ્વેષ એટલે નથી એમ. '**જેમની દૃષ્ટિ માત્રથી મોક્ષમાર્ગ સધાય છે...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ સ્વ અને

પર અદ્વૈત બધું એક એવો તો એક ધર્મ. સમજાય છે કાંઈ? એવો આત્મા જ્યાં દૃષ્ટિમાં અને જ્ઞાનમાં આવ્યો તો કહે છે કે '**જેમની દૃષ્ટિ માત્રથી મોક્ષમાર્ગ સધાય છે અને જે કાયક્લેશ આદિ વિના મન આદિ યોગોનો નિગ્રહ કરે છે, તે સમ્યગ્જ્ઞાની જીવોને વિષય-ભોગ પણ સમાધિ છે,...**' રાડ નાખેને. ભાઈ! તને ખબર નથી, બાપુ! આ આત્મા જ્ઞાન રાગથી ભિન્ન પડ્યો.

'**હાલવું-ચાલવું એ યોગ અથવા આસન છે...**' હાલવું-ચાલવું એ યોગ અથવા આસન છે '**અને બોલવું-ચાલવું એ જ મૌનવ્રત છે.**' આહા..હા..! જુઓ, આ એનું છે. આ નિર્જરા અધિકાર છે. એ 'અચિંત્ય શક્તિ સ્વયમેવ દેવ' એમાં આવે છે ઈ. '**સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં જ ગુણશ્રેણિ નિર્જરા પ્રગટ થાય છે; જ્ઞાની જીવ ચારિત્રમોહના પ્રબળ ઉદયમાં જોકે સંયમ લેતા નથી-અવ્રતની દશામાં રહે છે-તોપણ કર્મનિર્જરા થાય જ છે અર્થાત્ વિષય આદિ ભોગવતાં, હાલતા-ચાલતા અને બોલતાં-ચાલતાં છતાં પણ તેમને કર્મ ખરે છે. જે પરિણામ, સમાધિ, યોગ અને આસન, મૌનનું છે તે જ પરિણામ જ્ઞાનીને વિષય-ભોગ, હાલ-ચાલ અને બોલ-ચાલનું છે,...**' આહા..! આવી વાત. જ્ઞેય જ્ઞાનમાં આવી ગયુંને? તો .. એનું જ્ઞાન થઈ ગયું. એ જ્ઞાન એવો એક ધર્મ, એવા અનંત ધર્મને આત્માને જ્ઞાની જાણે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

જુઓ, '**જ્ઞાનીને વિષય-ભોગ, હાલ-ચાલ અને બોલ-ચાલનું છે, સમ્યક્ત્વનો આવો જ અટપટો મહિમા છે.**' '**જે પરિણામ, સમાધિ, યોગ અને આસન, મૌનનું છે તે જ પરિણામ જ્ઞાનીને વિષય-ભોગ, હાલ-ચાલ અને બોલ-ચાલનું છે,...**' એનો અર્થ શું? કે એ સમયે-સમયે જ્ઞાન જ થાય છે. લોકાલોક, સર્વજ્ઞ, મિથ્યાદૃષ્ટિ, નિગોદ આદિ પરમાણુ અને સ્કંધ-એ સંબંધી જ્ઞાનીનો પર્યાય જ્ઞેયરૂપે જે જ્ઞાન છે તેનું પરિણમન થઈ ગયું. લાખો મણ લાકડા અગ્નિરૂપે પરિણમી ગયા છે. એક જ અગ્નિ છે. એમ એકલો આત્મા એક જ છે. એનો જ્ઞાનધર્મ એક જ છે. લોકાલોકને જાણે એ રૂપે ધર્મ પરિણમી ગયો છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- કોની વાત છે?

ઉત્તર :- કોની વાત ચાલે છે? એ સાધક જીવ સમકિતી, અહીં શ્રુતજ્ઞાનની વાત ચાલે છેને. ..કોની વાત છે આ? ભાવશ્રુતજ્ઞાનીની. આહા..હા..! એ ચીજ શું છે એની લોકોને ખબર નથી બહારની આ ક્રિયા કરે છે, આ મૂકે અને આ છોડે એના ઉપર જેનું વજન. અહીં તો કહે છે કે તારો ધર્મ એવો છે અને શ્રુતજ્ઞાનમાં એવો ધર્મ ભાસ્યો છે એક. જ્ઞાનની પર્યાયે લોકાલોકને જાણી લીધું. જાણે એક જ જ્ઞાન હોય જગતમાં, કે જ્ઞાન જ એક હોય. એમ. ઓલો જેમ અગ્નિ એક જ રૂપે પરિણમી ગઈ છે. આહા..હા..! એકકોર આતમ રામ અને એકકોર આખું ગામ. લોકાલોક... સમજાય છે કાંઈ? ઓહો..હો..!

**'આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે...'** અમૃતચંદ્રાચાર્યે કેટલી વાત મૂકી છે ઓહો..હો..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ તે જ્ઞાન જ કરે છે એ. જ્ઞાન જ કરે છે. લોકાલોકનું જ્ઞાન છે એ પણ પર સામું જોઈને કરતો નથી. સમજાણું કાંઈ? ક્યારે? કે લડાઈ આદિમાં ઉભો હોય તો સ્વસન્મુખમાં જ એનું જ્ઞાન વર્તે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જ્યાં જ્ઞાનની પર્યાયે જ્ઞેય જ્ઞાનને બનાવ્યું ત્યારે જાણે લોકાલોકરૂપે જ્ઞાન થઈ ગયું હોય અને એક જ જ્ઞાન રહ્યું હોય એવો ભગવાન આત્માનો એક ધર્મ એને ભાવશ્રુતજ્ઞાન જાણે છે. દેવીલાલજી! ભારે વાત ભાઈ!

'**(જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે), મોટા ઈંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક,...**' જુઓ, .. લાકડાના.. જુઓને મીલમાં હોય છેને. એમાં અગ્નિ હોયને મીલમાં લાકડા હોય એમાં. બહુ લાકડા લાખો મણ હોય. મીલ-મીલ ચાલેને આ. મીલ ચાલે. એમાં અગ્નિ લાગી હોય. ... જ્ઞાનનો પર્યાય આખા લોકાલોક દેખે. રાગથી, લોકાલોકથી પૃથક્ રહેતું જ્ઞાન જ્ઞાનપણે પરિણમેલું એટલે અદ્વૈત જ છે આત્મા જાણે બસ. આ રીતે અદ્વૈત હોં. લોકો કહે છે કે અદ્વૈત એક આત્મા એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પાખંડીઓને પ્રસિદ્ધ સાધનવાળો-આકારવાળો નહિ. અલિંગગ્રહણમાં આવ્યું છેને. પાખંડીઓને પ્રસિદ્ધ સાધન આકારવાળો નહિ. આવા આકારવાળો ખરો. આહા..હા..! અલિંગગ્રહણમાં આવ્યું છે. અલિંગગ્રહણના ૨૦ બોલ છેને એમાં કેટલામો બોલ? ૧૫મો બોલ. ૧૫મો બોલ અલિંગગ્રહણ. સમજાય છે કાંઈ?

કહે છે, ઓહો..હો..! એક વાત કરીને કેટલી વાત કરી. આખો આત્મા જાણે એક સમયની પર્યાયમાં લોકાલોકરૂપે થઈ ગયું જ્ઞાન. એક જ વસ્તુ છે બસ. સમજાણું કાંઈ? એવા-એવા અનંત ધર્મનો ધરનાર દ્રવ્ય, એના અનંતા ધર્મનું જ્ઞાન કરનારું શ્રુતજ્ઞાન સમાધિ શાંતિરૂપે પરિણમી ગયું. સમજાય છે કાંઈ? આ ચોથા ગુણસ્થાન સમ્યગ્દર્શન ભાવશ્રુતજ્ઞાનની વાત ચાલે છે લ્યો. આહા..હા..! એ પોતે જ છે વસ્તુ ત્યાં. આખી વસ્તુ જ્ઞાનની પર્યાયપણે પરિણમે આખું થઈને. ઓહો..હો..! આ નીચે હોં. કેવળજ્ઞાનની વાત નથી આ. કેવળજ્ઞાન તો પછી, અહીં તો શ્રુતજ્ઞાનની, સાધક જીવની વાત છે. જ્ઞાનીની નજરમાં ભગવાન એકલો જ્ઞાનસ્વરૂપે, જ્ઞાનમય એમાં જાણે લોકાલોક .. જ્ઞેય છે એ રૂપે જ્ઞાન પરિણમી ગયું છે. એક જ જ્ઞેય. એક જ જ્ઞાનરૂપે વસ્તુ છે એમ ભાવશ્રુતજ્ઞાનમાં એવો એક ધર્મ ભાસે છે. એ ૨૪મો બોલ થયો.

'૨૫.' સામે-સામે વિરોધમાં છેને બેય? એ આત્મદ્રવ્ય આવું છે એમ કહેવું છેને મૂળ તો? આત્મદ્રવ્ય આવું છે. આત્મદ્રવ્ય આવું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ૨૫મી. **'આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે,...'** જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે, જાણે આત્માનું જ્ઞાન છે અને જ્ઞેયનું જ્ઞાન એ બેરૂપ થઈ ગયું. એ રીતે બે રૂપ ધારણ કર્યા. **'જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે, પરનાં પ્રતિબિંબોથી**

**સંપૃકત દર્પણની માફક,...**' પરના પ્રતિબિંબોથી '**સંપૃકત દર્પણની માફક, અનેક છે...**' એક છે તે જ અનેક છે. આહા..હા..! '**(અર્થાત્ આત્મા જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે, જેમ પર-પ્રતિબિંબોના સંગવાળો અરીસો...**' અરીસાને આમ દેખો તો અરીસો એકરૂપ છે, પણ ઓલી અનેક ચીજો છે એ ઝળકે છે એ અપેક્ષાએ એને અનેક પણ કહેવાય છે. પણ એની એની ચીજને અનેક કહેવાય છે. પરને લઈને નહિ. ... અરીસાને એકરૂપ કહેવું, અરીસો બધી ચીજોને દેખાડવારૂપે પરિણમ્યું છે તો એકરૂપ છે. એને ને એને બીજા સામે કોલસા .. પડ્યા હોય એમ દ્વૈતરૂપ એનું જ્ઞાન એ છે. એમ અરીસાનો એક ભાગ. દળનો ભાગ તો વળી તદ્દન જુદું. અરીસાનું જે દળ છે એ તો તદ્દન જુદું. આ તો અરીસાની જે અવસ્થા છે એ અવસ્થામાં એકપણું છે અને એ જ અવસ્થામાં દ્વૈતપણું છે એમ અહીં તો સિદ્ધ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરીસાનું જે દળ છે. અરીસાની એક સમયની અદ્વૈત પર્યાય કે દ્વૈત પર્યાયમાં એ દળ આવતું નથી. સમજાણું કાંઈ? અરીસો સમજો છોને?

.. નિર્મળ અવસ્થાથી અરીસાની અવસ્થામાં અરીસો પણ જણાય અને એના નિર્મળતાથી સામે ચીજ છે એ પણ જણાય. એમ જ્યારે એકરૂપ અવસ્થા ગણવી હોય તો એને અદ્વૈત કહેવાય પર્યાયમાં. દળ એકકોર રહી ગયું અને એનું દ્વૈત કહેવું હોય તો જ્ઞેયનું જ્ઞાન અને આત્માનું જ્ઞાન બે રૂપ જાણે હોય એમ કરીને અનેકપણ કહેવાય છે. એના એ એક ધર્મની આ અપેક્ષાએ અનેક કહેવામાં આવે છે. ભારે! ઝીણો વિષય છે, ..ભાઈ! આવી ભાષા તો આકરી. જેમ આવે એ આવે. ચાલી હોય એમ આવેને. સમજાણું? આહા..હા..! વસ્તુ ભગવાન આત્મા જ્ઞાનમાં જ્ઞેયોનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન છે, પણ એ જ્ઞેયનું જ્ઞાન અને જ્ઞાનનું જ્ઞાન એમ દ્વૈતરૂપે એને જોવે તો અનેક પણ છે. જ્ઞેયના જ્ઞાન અને પોતાના જ્ઞાનરૂપે અનેક હોં. જ્ઞેયને લઈને અનેક એમ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતાનું જ્ઞાન અને જ્ઞાનનું એમ જાણે દ્વૈત છે એ પણ એક ધર્મ એનો અનેક છે. જ્ઞેયને લઈને નહિ. જ્ઞેય તો પર રહી ગયું. સમજાણું કાંઈ?

કહ્યુંને જુઓને '**જેમ પર-પ્રતિબિંબોના સંગવાળો અરીસો...**' એમ કહ્યું છેને? અરીસામાં પરનું પ્રતિબિંબ અંદરમાં પડે છે એના સંગવાળો અરીસો એમ. એના પ્રતિબિંબના સંગવાળો અરીસો. પર્યાય છે. ઝીણો નયનો અધિકાર. અલૌકિક અધિકાર. એમ જ્ઞેયના જ્ઞાનમાં સંગવાળો આત્મા. શું કહ્યું સમજાણું? જ્ઞેયના જ્ઞાનનો, જ્ઞેયનું જે જ્ઞાન પોતાનું તેના સંગવાળો આત્મા. હવે અરીસામાં જે પ્રતિબિંબ પડે છે, પરના પ્રતિબિંબોના સંગવાળો. એમ છેને? આ તો મહાશાસ્ત્ર અધ્યાત્મ છે, ભાઈ! એ કાંઈ કથા જેવી વાર્તા નથી કે એક શબ્દમાં પકડાઈ જાય. આ તો મહાસિદ્ધાંત છે. સમજાય છે કાંઈ?

'**જેમ પર-પ્રતિબિંબોના સંગવાળો...**' પરના સંગવાળો નહિ. પરનું જ્યાં પ્રતિબિંબ

પડ્યું તેના સંગવાળો. આહા..હા..! એમ આત્મા જ્ઞાનસ્વરૂપે લોકાલોકને જાણે સમ્યગ્જ્ઞાની શ્રુતજ્ઞાનમાં. તો જાણે પરપ્રતિબિંબ એટલે જ્ઞેયના જ્ઞાનના સંગવાળો એમ દ્વૈતપણે પણ એનો એક ધર્મ છે. આહા..હા..! જેઠાલાલભાઈ! સંગવાળો. ભાષા કેવી છે જુઓને. '**પરનાં પ્રતિબિંબોથી સંપૃક્ત...**' એમ છેને? સંસ્કૃત છે જુઓ, '**परप्रतिबिम्बसम्पृक्तदर्पणवदनेकम्**' સંસ્કૃતમાં છે ૨૫મી. '**परप्रतिबिम्बसम्पृक्तदर्पणवदनेकम्**' દર્પણમાં બિંબ જે સામે છે તેનું પ્રતિબિંબ. બિંબ તો આખી ચીજ સામી. એ બિંબના સંગવાળો નહિ. સમજાણું કાંઈ? સમજાય છે? ડાલચંદજી! આ સાદી ભાષા છે. બહુ ઓલી નથી. બિંબ છે સામી ચીજ, અરીસો અહીં છે. બિંબ તે બહાર છે એ બિંબ અને અહીં પ્રતિભાસે તે પ્રતિબિંબ છે. તો પ્રતિબિંબ એ અરીસાની અવસ્થા છે, એ કાંઈ બિંબની અવસ્થા નથી. એમ જ્ઞાનમાં રાગ, શરીરાદિ અને લોકાલોક એનું જે જ્ઞાન, એ જ્ઞાનના સંગવાળો આત્મા દ્વૈતપણે ભાસે છે. ઝીણું છે. આ પાછળ રાખ્યું હતુંને તેથી. ઓલા ઝાઝા માણસમાં મૂકી દીધું હતું. અભ્યાસ ન મળે. શેઠ! અભ્યાસ જોઈએ. ચોપડા ફેરવ-ફેરવ કરે ઓલા ભણવાના. પણ આ શું છે અને શું કહે છે એની દરકાર ન મળે. આ જિંદગીઓ ચાલી જાય છે જુઓને ઓહો..હો..! ક્ષણમાં ફૂ થઈને. અનંતકાળે આવો મનુષ્યદેહ, એ મનુષ્યદેહ પામવો અનંતકાળે મુશ્કેલ છે. એમાં આ જાતનું જો સમ્યગ્જ્ઞાન ન કર્યું તો એના જન્મ અને મરણના ફેરા એમ ને એમ રહેશે. આહા..હા..! એણે કાંઈ કર્યું નથી હોં. આમ બધા બહારની શેઠાઈ કરી, પૈસા થયા, મોટા રાજ થયા, એ તો ધૂળ હતી, એ તો પરવસ્તુ છે. એ ક્યાં તારામાં ગરી ગઈ છે?

એ પરવસ્તુ સંબંધીનું એ બિંબ છે જ્યારે તો આત્મામાં જ્ઞાનની પર્યાય તેના સંબંધની પોતામાં થઈ તે પ્રતિબિંબ છે. તો પ્રતિ એટલે કે જ્ઞેયના જ્ઞાનના સંગવાળો એને દ્વૈત કહેવામાં આવે છે. કહો, ..ભાઈ! ભારે વાતું આવી. વીતરાગ માર્ગ બાપા જૈનદર્શન એટલે વસ્તુદર્શન છે. વસ્તુનો સ્વભાવ છે એવો. ભગવાન આત્માનો એવો સ્વભાવ છે. એ લોકાલોકને જાણે એ ખરેખર લોકાલોકને નહિ, પણ પોતાની પર્યાયને જાણે છે. એ પર્યાય જાણે લોકાલોક અને જ્ઞાનને એકરૂપ થઈ ગઈ હોય એમ પણ જાણે અદ્વૈત ધર્મ. સમજાણું કાંઈ? અને દ્વૈત ધર્મ. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! અલૌકિક ચૈતન્ય ચમત્કાર તો અંદર જુઓ. કે એક બાજુ જુઓ તો ભગવાન આત્મા લોકાલોકને જાણવારૂપે જાણે એકરૂપ જ્ઞાન પરિણમી ગયું છે એટલે એને અદ્વૈત ધર્મ કહેવામાં આવે છે. જ્ઞાન જ્ઞેયનો અદ્વૈત ધર્મ. એક બાજુથી જ્ઞેયને જ્ઞાનના સંગવાળો કહો, તેને દ્વૈત ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! ગજબ છે. અમૃતચંદ્રાચાર્યે આવા તીર્થંકરના પેટ ખોલીને મૂક્યા છે. આહા..હા..! આવી વાત અત્યારે ભરતક્ષેત્રમાં બીજે ક્યાંય નથી. એ વસ્તુસ્થિતિ. આ તો અસ્તિત્વ અંદરથી એવું છે. એવી વાત એને બેસી જાય એવી છે. સમજાય છે કાંઈ? શોભાલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભિન્ન ચીજનું જ્ઞાન એ સંગવાળું અને ભિન્ન ચીજનું જ્ઞાન અને પોતાનું એકરૂપે પરિણમી ગયું એ અપેક્ષાએ અદ્વૈત. અને ખંડ-ખંડ નહિ. અને આખા લોકાલોકનું જ્ઞાન અને આ પોતે એમ કરીને દ્વૈત એમ લે. સ્વનું સ્વ અને પરસંબંધીનું જ્ઞાન. એ પરના સંબંધીના જ્ઞાનના સંગવાળો એ દ્વૈત ધર્મ. આહા..હા..! વસ્તુ એકની એક, પણ આ જ્ઞાનનું જ્ઞાન અને પરનું જ્ઞાન એવા એના સંગવાળો, પરના જ્ઞાનના સંગવાળો તે દ્વૈત નય. જ્ઞાનજ્ઞેય દ્વૈત નય. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિશેષ તરીકે એમ નહિ. એકલું સામાન્ય તરીકે એટલે? સામાન્યનો અર્થ બીજો થઈ ગયો. એ તો સામાન્ય તો એનો એ પોતે છે એ સામાન્ય અને વિશેષ તો ભિન્ન-ભિન્ન છે. દરેક એક-એક મોતીની માળા એ છેને? મોતી-મોતી ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન... એવો પણ એક એનો ધર્મ છે. અને સામાન્ય એટલે? એકરૂપ બધામાં રહેવું એ પણ એક ધર્મ છે. એ જુદો અને આ ધર્મ જુદો પાછો. આ તો જ્ઞાન અને જ્ઞેય સંબંધીની વાત. એક-એક ધર્મ જુદો પાડ્યો છેને. ઝીણી વાત છે, ભાઈ! એથી આ ઝાઝા માણસમાં નહોતું રાખ્યું. હવે બહુ થોડા છે. જુઓને ભરાઈ ગયેલા છે પણ હવે પહેલા કરતા તો થોડા કહેવાયને? આહા..હા..! આ જ સમજવાની ચીજ જ છે આ. બાકી ધૂળધાણી, વા પાણી. આ તો કહે છે કે ક્રિયાકાંડના પરિણામનો પણ જ્ઞાની જ્ઞાનપણે પરિણમે તેનું જ્ઞાન, તેના જ્ઞાનના સંગવાળો આત્મા એને દ્વૈત કહીએ. રાગને લઈને દ્વૈત કહીએ એમ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

ફરીને કહીએ જુઓ, કે જ્ઞાનીને આત્મામાં જે કાંઈ વિકલ્પ ઉઠે એમ કહેવું, એ પણ કહે છે કે એમ નથી. એ વિકલ્પ જે છે દયા, દાન, વ્રતનો, એ સંબંધીનું જે અહીં જ્ઞાન, એના જ્ઞાનના સંગવાળો એને દ્વૈત નયે જોવામાં આવે છે. એમ કહે છે. આહા..હા..! સમજાય છે કે નહિ? થોડું-થોડું ધ્યાન રાખે તો સમજાય એવું છે. ઝીણું છે ગુજરાતી છે. શું કહે છે? ભાષા સરળ છે પણ આ હિન્દી થોડું.. હવે અહીંયાં રહેવા માગે છે તો હળવે-હળવે કરશે. ગુજરાતી છે. ગુજરાતી મકાન છે અહીં ગુજરાતમાં. છે? ગુજરાતમાં મકાન છે? છોકરાએ ગુજરાતી અભ્યાસ કરવો પડશે. આહા..હા..! વાત તો ઈ છે.

આ અનાદિકાળનો રઝળતો, રખડતો આત્મા એની એને દયા નથી. એની દયા નથી. અરે..! મારું શું થશે? સમજાય છે? મારે ભવ! આહા..હા..! કલંક છે. ભવ કલંક છે. યોગીન્દ્રદેવ કહે છે, જન્મ ધારણ કરવા એ કલંક છે. એ જન્મ ધારણ કરવો એવો આત્મામાં કોઈ ધર્મ નથી. આહા..હા..! પણ જન્મ થાય અને રાગ ભેગો વ્યવહારનો થાય દયા, દાનનો, એ રાગવાળો આત્મા નથી. એ રાગનો પર્યાય લેશે ધર્મ તરીકે અહીંયાં. એને પરિણમન છે એટલે, પણ અહીં તો રાગ અને પરનું જ્ઞાન એકરૂપે જ્ઞાન પરિણમ્યું છે તેથી તેને જ્ઞાનજ્ઞેયમાં અદ્વૈતનયે

એક કહેવાય છે અને રાગ અને પરનું જ્ઞાન એવા પરના જ્ઞાનના સંગવાળો કહેવો એનું જ્ઞાન જ્ઞેય દ્વૈતનય એક ધર્મ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

જુઓ, **'આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે, પરનાં પ્રતિબિંબોથી સંપૃકત...'** કીધુંને? પરનાં પ્રતિબિંબોથી સંપૃકત. પરથી સંપૃકત નહિ. આહા..હા..! અરીસો છે એની સામે કેરી, કોલસા, સોનું એનાથી સંપૃકતવાળો નથી. પણ અરીસો છે એ કેરી અને કોલસાનું (પ્રતિબિંબ)પણે અરીસાનું પરિણમન છે એના સંપર્કવાળો છે અરીસો. આ બે દિ'થી બંધ હતુંને. ચૌદશે વાંચ્યું હતું પાછું આ પંડિતજી..... તો છે નહિ. સ્વરૂપ જ આવું છે. જાણે લોકાલોકને. જ્ઞાન સંબંધે પરિણમીને એકલો .. એવો પણ એક ધર્મ છે. અને એક લોકાલોક સંબંધીનું જે જ્ઞાન એના સંગવાળો છે, પોતાના સંગવાળો છે, પણ એના સંગવાળો છે એને એ રીતે દ્વૈતનયે એક ધર્મ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? હવે રાગનું કહેશે, પણ અહીં તો હજી રાગ અને બધાના જ્ઞાનપણે પરિણમવું એ જ્ઞાનના સંગવાળો તે દ્વૈત નય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. આવો માર્ગ વીતરાગનો લોકોને સાંભળવા મળે નહિ અને બહારથી એકલી પ્રવૃત્તિમાં પડ્યા વસ્તુ હાથ ન આવે ભાઈ! સમજાય છે કાંઈ? લ્યો એ બે બોલ થયા. ૨૫મો થયો.

હવે આ બધા તકરારી બોલ આવ્યા બધા. ૨૬મો બોલ. ૨૬મો બોલ. જુઓ, **'આત્મદ્રવ્ય...'** આત્માનો એવો એક ધર્મ છે **'નિયતિનયે...'** જુઓ, આ લોકો એવો અર્થ કરે છે આનો એ જાણે કે **'નિયતિનયે...'** એટલે નિયતથી થવું હોય તેમ થાય અને અનિયતિ એટલે આડું અવળું થાય એવો આ બેનો અર્થ કરે છે, પણ એમ છે નહિ. મોટા પંડિતો ગોથા ખાય છે અહીં. પુસ્તક આપોને ભાઈ! .. મૂક્યું છે? ગુજરાતી. આ જરી તકરારી બોલ છે. બોલ તો તકરારી નથી, પણ. જુઓ, ગુજરાતી ૪૯૭. ૪૯૭. ... એવા-એવા ૪૭ કહેશે. પછી અનંત છે એમ કહ્યું. એક આત્મામાં એવો એક ધર્મ છે કે નિયતિનયે. તો નિયતનયના આપણે અહીં કહ્યું છેને કે ભાઈ જે સમયે જે થવાનું હોય તે થાય. એને આમાં નાખે છે. આમાં એ નથી. સમજાણું કાંઈ?

અહીં તો **'નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે,...'** એનો જે નિશ્ચય નિર્મળ સ્વભાવ છે તે ભાસે છે. જેમ જ્ઞાન, આનંદ આદિ પર્યાય ભાસે એ નિયતનયે ભાસ્યો કહેવાય. સમજાણું કાંઈ? **'આત્મદ્રવ્ય નિયતિનયે,...'** પર્યાયની વાત છે. **'નિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે...'** જુઓને, અગ્નિની ઉષ્ણ પર્યાય એનો સ્વભાવ છે, ઉષ્ણ પર્યાય એનો સ્વભાવ છે. એમ આત્માનો નિર્મળ પર્યાયરૂપ થવું એ એનો નિયતિનયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? અહીં નિયતનય એટલે ક્રમસર થવું અને અનિયત એટલે અક્રમે થવું એ વાત અહીં છે જ નહિ. સમજાણું કાંઈ? એ પંચાસ્તિકાયનો અર્થ એમ કરે છે. સમજ્યાને? આ પંચાસ્તિકાય છેને? ૧૫૫ ગાથા. બહુ ગોટે ચડ્યા હતા આ રતનચંદજી

આ બીજા ઘણા શું કરે છે એ ખબર ન મળે અર્થની. ૧૫૫ છે પંચાસ્તિકાયમાં જુઓ,

**जीवो सहावणियदो अणियदगुणपज्जओध परमसमओ।**
**जदि कुणदि संग समयं पब्भस्सदि कम्मबंधादो।।१५५।।**

**'જીવ, (દ્રવ્ય-અપેક્ષાએ)...'** આમાં દ્રવ્ય અપેક્ષા લીધું સ્વનિયતિ. પણ એ એમ દેખે આમાં કે નિયત એટલે ક્રમસર થવું તે. એમ આમાં એ નથી. અહીં તો દ્રવ્યસ્વભાવ શુદ્ધ નિર્મળ છે તે નિયત. અને '**अणियदगुणपज्जओध परमसमओ।**' '**અનિયત ગુણપર્યાયવાળો હોય તો પરસમય છે.**' રાગ-દ્વેષની પર્યાયવાળો તેને પરસમય કહેવામાં આવે છે, એને અનિયત કહેવામાં આવે છે. અનિયતનો અર્થ આડી-અવળી પર્યાય થાય એ અહીં વાત છે નહિ. આ તો વિભાવરૂપી તે અનિયત સ્વભાવ કહેવાય છે અને ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તે નિયત સ્વભાવ કહેવાય અહીં હોં. આ નયમાં તો એને વર્તમાન પર્યાય છે. અગ્નિનો ઉષ્ણ સ્વભાવ પર્યાય પરિણમ્યો છે. સમજાણું કાંઈ? એમાંથી આ ઘણા દાખલા આપે છે. ૧૫૫માં આમ કહ્યું છે. અમૃતચંદ્રાચાર્ય નિયત ને અનિયત કહે છે. નિયત એટલે ક્રમસર થવું, અનિયત એટલે આડુ-અવળું થવું અને આ નિયત-અનિયત આ નયમાં પણ એમ અમૃતચંદ્રાચાર્ય કહે છે. બેય વાત ખોટી છે. બેયનો અર્થ એમ છે નહિ. એમાં લખાઈ ગયા છે, અપાણા છે, માળા વાંચે નહિને. ઘણા વ્યાખ્યાન થઈ ગયા પણ હવે શું થાય? કોને સમજાય? કોને સમજાવે? .. નિયતિનયનો અર્થ નિયતસ્વભાવે ભાસે છે.

**'જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે...'** જુઓ, અગ્નિની ઉષ્ણતા તેનો નિશ્ચય સ્વભાવ છે, વાસ્તવિક એનો સ્વભાવ છે. પાણીની ઉષ્ણતાએ એ અનિયત છે. એ એનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? દેવીલાલજી! પત્રમાં આવે છે. ૧૫૫ ગાથા.. આ નયને દેખે. કે જુઓ, ત્યાં નિયતિ-અનિયતિ બે નય કીધી છે. સોનગઢવાળા બે માનતા નથી. કોઈ વખતે .. કોઈ આત્માને ક્રમબદ્ધ હોય અને કોઈ આત્માને અક્રમબદ્ધ હોય એમ અહીં કહે છે. એમ અહીં છે જ નહિ. ક્રમબદ્ધ-અક્રમબદ્ધ પણ નથી અને કોઈ આત્માને .. એમ પણ નથી. એક જ આત્માને તેની નિર્મળ પર્યાયની અપેક્ષાએ નિયત સ્વભાવ કહેવાય અને તેને રાગની પર્યાયની અપેક્ષાએ અનિયત સ્વભાવ કહેવાય. એક સાથે અનંતા ધર્મ રહેલા છે તે શ્રુતજ્ઞાન જાણે છે. અહીં સાધકની તો વાત ચાલે છે. અહીં ક્યાં અજ્ઞાનીની વાત છે? મોટી ચર્ચા ચાલે છે લખાણમાં. પણ આ વાંચતા નથી. અહીંથી જે લખાણ જાય એને વાંચતા નથી. એને એમ કહે કે અમે આટલા તો .. નથી એને એમ થાય છે. વાત સાચી. કરે .. પણ ખોટું કરે. ખોટું ફરી જાય? સત્ય તો સત્ય જ રહે છે.

આ જે નય છે એ નિયત શબ્દે તો આત્માનો નિર્મળ પર્યાય છે, શુદ્ધ પર્યાય છે એ સ્વભાવે ભાસે. આડો, અવળો કે ક્રમસર એની અહીં વાત જ નથી. ક્રમબદ્ધની પણ વાત નથી. ક્રમબદ્ધમાં તો રાગ પણ ક્રમબદ્ધ થાય અને અરાગ નિર્મળ પર્યાય ક્રમબદ્ધ થાય. શું

કીધું? સમજાણું કાંઈ? બેય ક્રમબદ્ધ થાય. કારણ કે તેનો સ્વભાવ જે સમયે નિર્મળ પરિણમ્યો છે પછી પણ નિર્મળ ક્રમબદ્ધ જ નિર્મળ હોય અને જે રાગ થાય છે તે પણ જે સમયે જે રાગ થયો તે સમય અને બીજે સમયે તેવો બીજો રાગ. એ ક્રમબદ્ધ જ થાય છે. એ ક્રમબદ્ધમાં એકલો સ્વભાવ જ આવે અને વિભાવ ન આવે એમ છે નહિ. સમજાણું કાંઈ? એ તો પ્રશ્ન જ ક્યાં છે નિયત આવે તો થાય. આહા..હા..! એ એમ કહે છે જુઓ, અનિયત હોય. જેવું કર્મ આવે, નિમિત્ત આવે એવો સ્વભાવ થાય, અનિયતમાં નાખશે એ. એની અહીં વાત જ નથી. સમજાણું કાંઈ? ઝઘડા ઉઠ્યા અરે..! ભગવાન! અરે..! ભાઈ! આ તો વસ્તુના સ્વભાવની વિરુદ્ધ છે. આ તો બહારની કોઈ કલ્પનાની (વાત નથી). વસ્તુનો સ્વભાવ જ એવો છે કે ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ છે ત્રિકાળ. એ રીતે પર્યાયપણે પરિણમે તે તેનો સ્વભાવ છે. એ તો નિયત-નિશ્ચય-ચોક્કસ થયું એ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

'**આત્મદ્રવ્ય નિયતનયે નિયત સ્વભાવે ભાસે છે,...**' પોતાની નિર્મળ પર્યાયે ભાસે છે. કોની પેઠે? '**જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે...**' જુઓ, નિયમિત શબ્દ આવે છેને? ક્રમનિયમિત. ક્રમનિયમિત આવે છેને? સર્વવિશુદ્ધ અધિકારમાં. નિશ્ચય છે. ક્રમ તેનો નિશ્ચય છે, નિયમિત છે. જે સમયે જે પર્યાય થવાની તે તે દ્રવ્યનું... ત્યાં આગળ ક્રમબદ્ધ સિદ્ધ નથી કરવું. અકર્તાપણું સિદ્ધ કરવું છે. કે આત્મા અકર્તા કેવો છે? કે પર્યાયમાં રાગ હો કે અરાગ હોય, એનો એ કર્તા નથી, એનો એ જ્ઞાતા-દૃષ્ટા છે. સમજાય છે કાંઈ? એ અકર્તાપણું સિદ્ધ કરતાં, સાબિત કરતાં ક્રમે-ક્રમે થાય એ વાત અકર્તાપણું સાબિત કરતા આવી ગઈ છે. ક્રમપણું સાબિત કરતા અકર્તાપણું આવે છે એમ નથી. સર્વવિશુદ્ધમાં એમ છે. સમજાય છે? ક્રમનિયમિત શબ્દ પડ્યો છે. ક્રમે પણ નિયમિત. જે સમયે જે થવાની તે રીતે નિશ્ચિત એ થાય. એમ જ્ઞાની પરનો-રાગનો અને નિર્મળ પર્યાય કરું એનો પણ કર્તા વિકલ્પથી નથી. પરિણમે ભલે નિર્મળપણે. હું નિર્મળ પર્યાય કરું અને રાગ કરું એવું જ્ઞાનીને હોતું નથી. આહા..હા..!

એમ કહે છે કે રાગને કરું એ તો નથી, પણ નિર્મળ પર્યાયને કરું એમ નથી. કારણ કે પરિણમન તો શરૂ છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ થતાં પરિણમન તો શરૂ છે. શરૂ છે એને કરવું શું? દેવીલાલજી! આહા..હા..! પરિણમન તો ચાલુ જ છે. વસ્તુની દૃષ્ટિ થતાં, જ્ઞાયકસ્વરૂપે દૃષ્ટિ પડતા પરિણમન તો ચાલુ જ છે. મિથ્યાત્વ ઉપર દૃષ્ટિ હતી તો પણ પરિણમન ચાલુ જ છે. મિથ્યાત્વ અને ઉંધુ ઉલટું. અને સમ્યક્‌નું ભાન થતાં પરિણમન તો ચાલુ જ છે. એ પરિણમનને કરવું, નિર્મળ પરિણમવું એવું ક્યાં છે? પરિણમે જ છે ત્યાં. સમજાણું કાંઈ? ત્યાં પણ એવું નાખે માળા. કે એ તો પરિણમવું એ કીધું છે કે જીવના પરિણામ જીવના જ થાય એ.. જડના પરિણામ જડમાં થાય એ ક્રમે. એવો અર્થ કરે છે જુઓ, અરે..! ભગવાન! શું કરે છે તું? એકાંત કહીને... શું થાય? જીવની લાયકાત ન હોય. ભાઈ જ્યારે આવ્યા

હતાને દેવકીનંદન. દેવકીનંદન આવ્યા હતા ત્રીજી સાલમાં. એ ક્રમ નિયમિત બતાવ્યું.. ઓહો..હો..! વાસ્તવિક વસ્તુનો સ્વભાવ પરિણમવું .. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપે છે. જે પરિણમન છે એને જાણે, આ રાગ છે એને જાણે. કરવું પરિણમવું નથી, અકર્તાપણે જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું. રહેવું એટલે રહે જ છે. સમજાણું કાંઈ? એવો જ એનો સ્વભાવ છે. જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું. જ્ઞાતા-દૃષ્ટા રહેવું. એમ ક્યાં હતું રહેવું-રહેવું? એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા દૃષ્ટિના અનુભવમાં આવ્યો એટલે જ્ઞાતા-દૃષ્ટાપણે જ પરિણમન નિરંતર વહે છે. રાગ હોય તો જ્ઞાન છે, રાગનું અને રાગ ન હોય તો નિર્મળ પર્યાય તેનું જ્ઞાન છે. ઝીણી વાત છે બહુ ઝીણી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે આત્મદ્રવ્યમાં એવો એક ધર્મ છે હોં આ એક ધર્મ. '**નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે,...**' નિશ્ચયનયે પર્યાયનો જે સ્વભાવ છે તે રૂપે તે ભાસે છે. '**જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે...**' લ્યો! અગ્નિની ઉષ્ણતા નિશ્ચય છે. નિયત એટલે નિશ્ચય છે બસ. અગ્નિની ઉષ્ણતા નિશ્ચય છે કે અનિશ્ચિત છે? આડી-અવળીનો અહીં પ્રશ્ન છે જ નહિ. જુઓને, આવું કરીને કહે કે આમાં પણ ધર્મ સમાડે છે. એ વસ્તુનો ધર્મ આવો છે એમ તારે જાણવું પડશે. સમજાણું કાંઈ? એવો એક ધર્મ છે કે જે સ્વભાવપણે પરિણમે છે. ભાવશ્રુતજ્ઞાનની વાત ચાલે છેને? સાધકની છેને. આત્મા વસ્તુસ્વભાવ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એનું જ્ઞાન થતાં એના જેટલા ધર્મો છે તે બધાનું જ્ઞાન પ્રમેય તરીકે જ્ઞાન કરે છે અને જ્ઞેય તરીકે જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ?

'**એવા અગ્નિની માફક.**' લ્યો! અગ્નિની ઉષ્ણતા એ તો નિયમિત છે, નિયત જ છે. એ કાંઈ કૃત્રિમ છે? અગ્નિની ઉષ્ણતા કૃત્રિમ છે? કે નહોતીને થઈ. એ તો એનો સ્વભાવ હતો એ થાય છે. '**(આત્મા નિયતિનયે નિયતસ્વભાવવાળો ભાસે છે, જેમ અગ્નિને ઉષ્ણતાનો નિયમ હોવાથી...**' અગ્નિને ઉષ્ણતા તો નિયમ છે. નિયમ, નિયમિત. નિયત આટલા અર્થ વાપર્યા છે. નિયતિનયે, નિયતસ્વભાવે, નિયમિત, નિયત અને નિયમ. અગ્નિની ઉષ્ણતા એવો નિયમ છે. સમજાણું કાંઈ? પાણીની ઉષ્ણતા એ એનો નિયમ નથી, એ અનિયત છે. વિભાવરૂપે જળ અગ્નિરૂપે, ઉષ્ણરૂપે થાય તે નિયત નથી. કારણ કે એનો ઈ સ્વભાન નથી. એમ એનો અર્થ છે. વિભાવસ્વભાવ માટે અનિયત છે. એ ૧૫૫ ગાથામાં એમ કીધું હતું કે નિયતસ્વભાવ એટલે ચારિત્ર શુદ્ધપણે પરિણમવું, કે આ ત્રિકાળી દ્રવ્યની અને દૃષ્ટિ થતાં શુદ્ધ પરિણમે એ નિયતનય છે, નિયત છે અને વિભાવ પરસમયે પરિણમવું રાગભાવ છે. પુણ્યપણું તે પરસમય છે. એ અનિયત છે. ૧૫૫ પંચાસ્તિકાયની વાત છે. સમજાણું કાંઈ?

આ તો સહજનો ધંધો છે. 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા' કોની સાથે કેમ કરે? વસ્તુ .. સ્વભાવ છે. અરે..! દેહ છૂટવાનો .. કામ છે? એના કર્મ આવે

છે સાથે? એ જાતની પર્યાય થઈને કર્મ આવે છે. રાગ એ .. લાવે છે? રાગ તો બીજો થઈને સાથે આવે છે. આહા..હા..! સ્વભાવ ત્રિકાળ છે. એ દૃષ્ટિ કરીને અનુભવ ન કર્યો, દેહ છૂટીને જાય છે. જ્યાં જાય છે ત્યાં જાશે. રખડવામાં જાય ત્યાં જાશે. અહીં કહે છે, ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ જેનો દ્રવ્ય-ગુણ છે, એ રીતે જેનું પરિણમન થાય છે એ નિયતિનય કહેવાય છે. નિયમરૂપ એનો ભાવ છે એ. નિશ્ચયરૂપ એનો એ ભાવ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર શુદ્ધપણે પરિણમન એ નિયમરૂપ એનો ભાવ છે, નિશ્ચિત એનો ભાવ છે. સમજાય છે કાંઈ?

'**જેમ અગ્નિને ઉષ્ણતાનો નિયમ હોવાથી અગ્નિ નિયતસ્વભાવવાળો ભાસે છે તેમ.**)' એ પણ જ્ઞાન કરવું છેને અહીં તો પાછું? ભાવશ્રુતજ્ઞાનના આવા અનંતા ધર્મો એક નયથી જોવે તો એ ધર્મ છે અને એને જોઈને આખા દ્રવ્યને જોવે તોપણ શુદ્ધ ચૈતન્યમાત્ર તેની દૃષ્ટિમાં આવે છે. સમજાણું કાંઈ? નિયત-અનિયતમાં બહુ ગડબડ છે અત્યારે. જેઠાલાલભાઈ! ભાઈએ તો લખ્યું છે નહિ? એને માનેલું ઉંધું .. પણ એમ કે નિયત થઈ જાય છે આ તો, નિયત થઈ જાય છે, પણ બાપુ! જે સમયે જે થાય એ નિયતનો અહીંયાં પ્રશ્ન નથી. અહીં તો નિયત એટલે જે આત્મદ્રવ્યનો સ્વભાવ તે સ્વભાવરૂપે પરિણમવું તે નિયમ અને નિયત છે. અહીં એમ વાત છે. ત્યાં ક્રમનિયમિતની વાત છે એ બીજી વાત છે. સમજાણું કાંઈ? સર્વવિશુદ્ધ અધિકારમાં જ્યાંથી ક્રમબદ્ધ નીકળ્યું છે.

જેમ સોનું, સોનાના કણો કુંડળપણે પરિણમે. કે લોઢાપણે પરિણમે? સોનું કુંડળપણે તો એ સોનાપણે પરિણમે, લોઢાપણે પરિણમે? એમ જીવના પરિણામ જે પ્રકારના છે તે પ્રકારે પરિણમે. એમ કે જડપણે ન પરિણમે ઈ ત્યાં કહેવું છે. એમ બીજાની વાત ક્યાં છે? અરે..! કેટલા અર્થો ફેરવ્યા. સમજાણું કાંઈ? ૧૫૫માં અર્થ ફેરવ્યો, ક્રમ નિયમિતમાં ફેરવ્યો, આનો ફેરવ્યો. કે આ નિયત એટલે ક્રમબદ્ધ છે. દેવીલાલજી! ક્રમબદ્ધની અહીં વાત જ નથી. બોલ આવ્યા છે દશ એવા. નિયત, કાળ, સ્વભાવ, પુરુષાર્થ એવા બોલ એક સાથે દશ બોલ આવ્યા છે. દશ બોલ છેને અહીં તો જુઓને. નિયત-અનિયત, સ્વભાવ-અસ્વભાવ, કાળ-અકાળ, પુરુષ-દૈવ એ જે પાંચ બોલ છે એ જ આવ્યા છે આમાં. પણ આ શૈલી બીજી છે. સમજાણું કાંઈ?

ગોમ્મટશારમાં જે છે કે કાળે થાય તે થાય. સમજાય છે? અને એના સ્વભાવથી થાય. એ એક સમયે બધા બોલ છે. એક સમયે બધા છે. સમજાણું કાંઈ? એ કાળે થાય તે કાળે થાય એ વાત જુદી છે. એ અહીં અત્યારે નથી. એ કાળનયમાં આવશે વળી. અહીં તો એનો નિયતસ્વભાવ ભગવાન આત્માનો શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય આનંદસ્વરૂપ, એ આનંદરૂપે થાય તે એનો નિયતસ્વભાવ છે, એનો નિયમસ્વભાવ છે. એ કાંઈ કૃત્રિમ નથી. સમજાણું કાંઈ? '**અગ્નિ નિયતસ્વભાવવાળો ભાસે છે તેમ.**' એ ૨૬મો થયો.

'**૨૭મો**' એની સામે. એ એક ધર્મ કીધો નિયત પણ હોં. પણ એવા-એવા અનંત ધર્મ.

**'આત્મદ્રવ્ય અનિયતિનયે...'** અનિયતિનયે. અનિયતિ એટલે આડુ-અવળું થાય એ નયે એમ નથી ત્યાં. એનો અર્થ એવો કરે છે લોકો. સમજાય છે? કે અનિયત છે. અમૃતચંદ્રાચાર્ય કહે છે કે આત્મદ્રવ્યની પર્યાય ચોક્કસ જ આવી થાય એમ નથી. અનિયત છે, આડી-અવળી થાય લ્યો! એ અહીં વાત જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલે શું? એનો પુરુષાર્થ... કાળે સ્વભાવ એક સમયે પાંચેય છે. એક સમયે પાંચેય છે. આડા-અવળા છે નહિ. તો પહેલો હોય કાળ અને પછી હોય પુરુષાર્થ અને પછી હોય સ્વભાવ અને પછી હોય કર્મનો અભાવ અને પછી હોય ભવિતવ્ય. એમ નથી. સાથે છે. પુરુષાર્થ કરનારને એક કારણમાં પાંચેય કારણ સાથે હોય છે. એક કારણ હોય અને બીજું કારણ ન હોય તો એ વસ્તુ જ નથી. એ પાંચેય બતાવ્યા છે ત્યાં. કાળ લબ્ધિ વસ્તુ છે? કે વસ્તુ શું? જ્યાં આત્માએ પોતાનો પુરુષાર્થ કર્યો એ .. સ્વભાવ જ છે અને તે સમયે થવાનો એ કાળ છે. ભવિતવ્યમાં એ ભાવ હતો. કર્મનો એ સમયે અભાવ છે. પાંચેય બોલ છે. સમજાણું કાંઈ?

આ અનિયતિનયની વ્યાખ્યા બીજી છે. નિયત-અનિયત જે ક્રમ અને અક્રમમાં... અને ત્યાં પણ ક્રમ-અક્રમમાં આપણે આવી ગયું પહેલું કે જેમ બાણ. બાણનું આવી ગયું છેને? લોહમય બાણ છે આ લોહમય-લોઢાનું. આ પણ લોહમય છે. પણ આ લોહમયની અપેક્ષાએ અલોહમય છે. અલોહમય એટલે સોનાનું છે એમ છે? આ આંગળીની અપેક્ષાએ આ આંગળી આમાં નથી. એટલે આંગળીની અપેક્ષાએ આ આંગળી નથી માટે એ આંગળી નથી? આ લોહમયની અપેક્ષાએ અલોહમય છે એમ કીધુંને? અલોહમય છે. એટલે? લોઢાનું નથી એટલે આ લોહમય એમાં નથી. એમ આત્મામાં જે સમયે જે પર્યાય થાય તે ક્રમસર છે, પણ પરની અપેક્ષાએ તે અક્રમસર છે. અક્રમસરનો અર્થ આડી-અવળી થાય છે એમ નથી. .. ન મળે, સંસ્કાર નહિ અને પોતાની કલ્પનાએ અર્થ કરે. એ આવ્યું તમારે આમાં નહિ? કહો, સમજાણું આમાં? વીતરાગ માર્ગ એવો છે, પોતાની કલ્પનાથી સમજાય એવો નથી. .. કાળલબ્ધિ બે મૂક્યા છેને? સમ્યગ્જ્ઞાન દીપિકામાં ઘણું મૂક્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જૂઠીનયે બતાવે છે. એ નયમાં છે નહિ અને એનો અર્થ ઉંધો કરે છે. લોકોને ખબર ન હોય. માથે બેઠા હોય તો હા.. હા.. થઈ રહ્યું, જાવ, બરાબર છે.

મુમુક્ષુ :-...

ઉત્તર :- .. કર્યાને ત્યાં બધા ઓલા? એ આવ્યું છે આમાં ગૌહાટીમાં. ઓલા ભાઈ કેવા? ... .. અરે..! ભગવાન! એકકોર બાબુભાઈ હતા અને એકકોર ઈ હતા અને એક હતા રાજેન્દ્ર. .. સાથે નહિ? મોટી દૃષ્ટિનો ફેર પણ શું થાય? અહીં કહે છે કે અનિયતિ...

મુમુક્ષુ :- ...નહિ આવ્યું હોય?

ઉત્તર :- ના, એ નથી આવ્યું. એમાં ક્યાં આવે? અમારે પંડિત આવ્યા હતા ... નિશ્ચય-વ્યવહારનું બે સ્વરૂપ કહ્યું. ... આ જે અનિયતનો અર્થ ૨૭માં છે એ આડોઅવળો થાય એ અહીં કહેવું નથી. લ્યો! અનિયતસ્વભાવ. જેને ઉષ્ણતા નિયતિથી નથી. પાણી અને ઉષ્ણતા એનો સ્વભાવ છે. '**એવા પાણીની માફક. (આત્મા અનિયતિનયે અનિયતસ્વભાવવાળો ભાસે છે, જેમ પાણીને (અગ્નિના નિમિત્તે થતી) ઉષ્ણતા અનિયત હોવાથી...**' અનિયત એટલે સ્વભાવ નથી, વિભાવ છે. એમ આત્મામાં વિભાવરૂપી એક પર્યાય છે તે અનિયત છે. અનિયત એટલે આડીઅવળી થાય, જેમ નિમિત્ત આવે એવું થાય એ અહીં પ્રશ્ન છે જ નહિ. સમજાય છે કાંઈ? પોતાથી વિભાવપણે થાય એવો એક અનિયત આત્મામાં ધર્મ છે. એવા એક ધર્મને જોતાં આખા દ્રવ્યને જોવે અને કાં બધા ધર્મને જોતા શ્રુતજ્ઞાન બધાને જોવે. તો એને શુદ્ધ ચૈતન્ય દ્રવ્યનો પત્તો લાગે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૪, બુધવાર, તા. ૧૫.૧૦.૧૯૬૯**
**નય-૨૬ થી ૨૮, પ્રવચન-૨૬૯**

પ્રવચનસાર. પ્ર-વચન. પ્ર એટલે વિશેષ-ઉત્કૃષ્ટ વચનો. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, આ આત્માનો સ્વભાવ અંતર સર્વજ્ઞ અને સર્વદર્શી એનું સ્વરૂપ છે એવું જેણે ભાન કરી અને જેની દશામાં વર્તમાન અવસ્થામાં સર્વજ્ઞપણું અને સર્વદર્શીપણું પ્રગટ કર્યું એને પરમાત્મા તીર્થંકર અને અરિહંત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આત્માનો સ્વભાવ, આત્મા જ્ઞ સ્વભાવી છે. જ્ઞ એટલે જાણવું એવો એનો સ્વભાવ છે. જાણવું એવો એનો સ્વભાવ એ સ્વભાવે પરિપૂર્ણ છે. સ્વભાવમાં અપૂર્ણતા, અલ્પજ્ઞતા, વિરુદ્ધતા હોઈ શકે નહિ. એ આત્માનું અંતર જ્ઞાન જ્ઞ સ્વભાવ એટલે કે સર્વજ્ઞ સ્વભાવ છે એનું અંતરમાં ધ્યાન કરીને, એકાગ્ર થઈને જે શક્તિમાં, સત્ત્વમાં, સ્વભાવમાં, ભાવમાં સર્વજ્ઞ સર્વદર્શીપણું હતું એ વર્તમાન દશામાં તે પ્રગટ કર્યું તેને પરમાત્મા અરિહંત અને તીર્થંકર કહેવામાં આવે છે. એ ભગવાનની વાણી દિવ્યધ્વનિ નીકળી ઈચ્છા વિના. એને ઈચ્છા હોતી નથી. ૐ ધ્વનિ. એમાંથી ગણધરોએ શાસ્ત્ર રચ્યા. એનું નામ પ્રવચન અને એ પ્રવચનનો સાર આમાં કહેવામાં આવે છે. એમાં આ નયનો અધિકાર છે. થોડો ઝીણો છે. કાંઈક છે જૈનદર્શનમાં આવું તત્ત્વ એટલું તો ખ્યાલમાં આવશેને?

જુઓ, ૨૭મી નય છે. શું કહે છે? કે આ જે આત્મા છે અંદર એમાં અનંત ધર્મ

રહેલા છે. ધર્મ એટલે? આ એક આત્મા દેહથી ભિન્ન જે છે એ એક-એક આત્મામાં અનંત ધર્મ છે. ધર્મ નામ દ્રવ્ય વસ્તુનો સ્વભાવ, એની શક્તિઓનો સ્વભાવ, એણે હાલત-દશાનો સ્વભાવ એ બધાને ધર્મ કહેવામાં આવે છે. જે વસ્તુ છે ભગવાન આત્મા એણે અનંતા ધર્મો ધારી રાખ્યા છે, માટે તેને આત્મદ્રવ્ય અને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ આત્મામાં અનંત ધર્મો છે એ માહ્યલા ૪૭ ધર્મોનું વર્ણન કરવામાં આવ્યું છે. બાકી અનંતા તો કહી શકાય નહિ એટલે અમુક કહ્યા.

૨૬મો એક ધર્મ આવ્યો આપણે. આની સાથે જો મેળવવો હોય તો. ૨૬મો આવ્યોને પહેલો? કે આત્મદ્રવ્ય એવું છે... ૨૬મો. ઓલો અનિયતિની સાથે મેળવે છે. '**આત્મદ્રવ્ય...**' એટલે વસ્તુ આ ભગવાન આત્મા એવું દ્રવ્ય છે કે જેમાં એક ધર્મ '**નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે એવા અગ્નિની માફક.**' શું કીધું? કે અગ્નિમાં ઉનો સ્વભાવ છે એ સ્વતઃસ્વભાવ, નિશ્ચય સ્વભાવ છે. એમ આત્મામાં ત્રિકાળી સ્વભાવ આનંદ અને શુદ્ધ છે, પણ જ્યાં ધર્મનું ભાન થાય છે ત્યારે તેની દશામાં પણ, વર્તમાન અવસ્થાની હાલતમાં પણ શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, શાંતિ, આનંદ એવી અવસ્થાએ ભાસે એવો એનો નિયતધર્મ, નિશ્ચયધર્મ કહેવામાં આવે છે. શું આમાં સમજવું? લોકોને આ વીતરાગ શું કહે છે એની ખબર ન મળે. બહારની કડાકુટમાં પડ્યા અને તત્ત્વ રહી ગયું એક બાજુ. સમજાય છે કાંઈ? જેને જન્મ-મરણ મટાડવા છે અને જેને ચોર્યાસીના અવતારના દુઃખ ટાળવા છે એણે આવો આત્મા એના જ્ઞાનમાં બરાબર જાણવો અને અનુભવવો જોઈશે. શેઠ!

'**નિયતિનયે...**' નિશ્ચય-નિયત સ્વભાવ દૃષ્ટિએ. જેમ અગ્નિ ઉષ્ણ સ્વભાવ એમાં સ્વતઃ છે એમ ભાસે છે. એમ ધર્મીને, ધર્મી જીવને આત્મામાં નિર્મળ અવસ્થામાં શુદ્ધ, પવિત્ર, આનંદ અને જ્ઞાનના સ્વભાવનું ભાસન થવું એવો એક આત્મામાં તે ભાવનો ધરનાર તેને ધર્મ છે. આહા..હા..! ઝીણી વાત છે, પ્રેમચંદભાઈ! આ નય-નય. આવ્યું છે કે નહિ તમારે? નય પ્રજ્ઞાપન આવ્યું છે? આવ્યું છે? એ તો બધું વાંચે છે. .. છે. નયપ્રજ્ઞાપન પુસ્તક આવ્યું હતું દોઢ વર્ષ પહેલા. આત્મા... આ શરીર, વાણી અને બહારથી આ તો જડ, માટી, ધૂળ. તે સ્વતંત્ર જગતના તત્ત્વો. કર્મ જે છે અંદરમાં એ પણ જગતનું અજીવ સ્વતંત્ર તત્ત્વ. હવે એ સિવાયનો જે આત્મા એને સમ્યગ્જ્ઞાનમાં કેવો આત્મા ભાસે અને કોને સમ્યગ્જ્ઞાન કહેવાય? કે આત્માના અનંત ધર્મોમાં એક ધર્મ એવો ભાસે કે શુદ્ધ આનંદ અને પવિત્ર પર્યાય છે એવો એક ધર્મ જ્ઞાનીને શ્રુતજ્ઞાનમાં ભાસે. સમજાણું કાંઈ? દેવીલાલજી! આ તો ગુજરાતી છે. આ એક તો ઝીણો વિષય, એમાં હિન્દી કરવા જાય તો કાંઈ સમજાય નહિ. એવું ... તત્ત્વ શું છે અંદર ભગવાન આત્મા...

પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકના તીર્થંકર પરમાત્માએ, લોકના સ્વામી ઈન્દ્રોની સમક્ષમાં આ

પ્રવચનો કર્યા હતા. તે પ્રવચનને ગણધરોએ શાસ્ત્રમાં રચ્યા. એ માહ્યલું એક આ પ્રવચનસાર કુંદકુંદાચાર્યદેવનું છે. ભગવાન મહાવિદેહમાં બિરાજે છે, સીમંધર પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરપણે બિરાજે છે હજી. અબજો વર્ષથી બિરાજે છે અને હજી અબજો વર્ષ રહેવાના છે. અબજો એટલે હજી થોડા-થોડા એથી મોટા-મોટા ઘણા છે. જે ભગવાનનું એક કરોડ પૂર્વનું આયુષ્ય છે. આવ્યું હતુંને ભાઈ! .. વિહરમાન ભગવાન... વિહરમાન ભગવાન આવે છેને? વિહરમાન એટલે વિચરનારા ભગવાન. એ જે સ્થિતિમાં સિદ્ધ થઈ ગયા એ તો નમો સિદ્ધાણંમાં જાય. પણ આ તો વિહરમાન. પરમાત્મપદ પ્રગટ થયું છે અને હજી દેહસહિત વિચરે છે એને વિહરમાન ભગવાન કહેવામાં આવે છે. એ મહાવિદેહ ક્ષેત્ર છે આ સીધું જમીન ઉપર ત્યાં બિરાજે છે. ત્યાં આ કુંદકુંદાચાર્ય ગયા હતા. આઠ દિ' રહ્યા હતા. સંવત્ ૪૯ લગભગ. બે હજાર વર્ષ પહેલાની વાત છે. સમજાય છે કાંઈ? ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા છે. એમાં એક આ અધિકાર અમૃતચંદ્રાચાર્યે (રચ્યો છે). કુંદકુંદાચાર્ય પછી નવસો વર્ષે. હજાર થયા... શું કીધું?

મુમુક્ષુ :- સંવત્ ૪૯

ઉત્તર :- સંવત્ ૪૯ એકલા. એકલા ૪૯. બે હજાર વર્ષ થયા. સમજાય છે કાંઈ? મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ એક વંદેવાસ નામનું ગામ છે. વંદેવાસ. દશેક હજારની વસ્તી છે. ત્યાંથી પાંચ માઈલ છેટું એક પોન્નુરહીલ નામની ટેકરી છે. ત્યાં બે વાર ગયા હતા. ત્યાં આગળ ધ્યાનમાં રહેતા હતા કુંદકુંદાચાર્ય, નગ્ન દિગંબર સંત, વનવાસી હતા. એને એવો વિકલ્પ આવ્યો. અરે..! ભરતક્ષેત્રમાં પરમાત્માનો અમને વિરહ છે. એટલો એમને વંદન કરવાનો ભાવ આવ્યો. અને લબ્ધિ હતી. જમીન ઉપર ચાર તસુ ચાલવાની. ભગવાન પાસે ગયા. આઠ દિન ત્યાં રહ્યા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. પોન્નુરહીલની ટેકરી ઉપર રચાયેલા છે આ. જોયું ... આપણે છે? ઠીક. પંદરની સાલમાં પહેલા ગયા હતા. ૨૦ની સાલ. બે વાર ગયા હતા.

એવા ભગવાને પ્રવચનસારમાં આ કહ્યું છે કે તારો આત્મા તેને તારે જાણવો હોય તો એને અનંતા ધર્મોને તારે જાણવા જોઈશે. એટલે કે એક ધર્મ એવો છે એમાં. ધર્મ એટલે ભાવ ધારેલો. એ તો સ્વભાવ શુદ્ધ આનંદ જે તેનો ત્રિકાળી જ્ઞાન અને આનંદ સ્વભાવ છે. અહીં ભાન થયા પછીની વાત છે. એટલે એની દશામાં ધર્મીને, ધર્મ થનારને, પોતાના શ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માની પવિત્રતા પ્રગટ થઈ છે આનંદ અને શાંતિની, એને આત્માએ ધારી રાખેલો ભાવ છે એમ જ્ઞાનમાં તે ભાસે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૂર્ણ હોય. શું કહે છે જુઓ, સ્વભાવ પૂર્ણ હોય. પર્યાયમાં અપૂર્ણ હોય અને પૂર્ણ હોય બેય હોય. વસ્તુ છે એનું અંતઃતત્ત્વ જે શક્તિ છે એ પૂર્ણ હોય, પણ પ્રગટદશામાં

જ્યાં સુધી સાધક છે ત્યાં સુધી ધર્મપર્યાય અપૂર્ણ છે અને પૂર્ણ જ્યારે કેવળજ્ઞાન થાય ત્યારે એક રહે એ પૂર્ણ થઈ જાય. એ પૂર્ણની વાત અત્યારે નથી. અહીંયાં તો... સમજાય છે કાંઈ?

જેમ લીંડીપીપર છે એમાં ચોસઠ પહોરી તીખાશ ભરેલી છે. લીંડીપીપર નથી આવતી? લીંડીપીપર ચોસઠ પહોરી ઘૂંટે છે. અને ઘૂંટ્યા પછી એમાંથી ૨૫, ૩૦, ૩૫, ૪૦ પહોરની શક્તિમાંથી પ્રગટ થાય છે અને હજી ચોસઠ પહોરી થઈ નથી. પૂર્ણ પ્રગટે ત્યારે ચોસઠ પહોરી જે શક્તિ છે તેવી પ્રગટ થાય. એમ અહીંયાં આ પીપર એટલે આત્મા. એના અંતરમાં પરિપૂર્ણ ચોસઠ એટલે પૂરો આનંદ અને પૂર્ણ શક્તિથી ભરેલો આત્મા છે. અને એ પીપરના દાણામાં પૂરી ચોસઠ પહોરી તીખાશ અને લીલો રંગ પૂરો પડ્યો છે. જ્યારે એને ઘૂંટે છે ત્યારે કાળપ જાય છે, લીલપ થાય છે અને ઘણી તીખાશની પ્રગટ દશામાં ૩૫, ૪૦, ૫૦ આદિ પહોરની પ્રગટ થાય છે. એમ અહીં આત્મામાં ભગવાન આત્મા અંદર આનંદ અને જ્ઞાનથી તો પરિપૂર્ણ વસ્તુ છે. વસ્તુ છે એક છે તે પરિપૂર્ણ જ્ઞાન અને આનંદ છે. એવી અનંત શક્તિ પરિપૂર્ણ છે. તેમ અહીંયાં ધર્મનું ધ્યાન થતાં હું એક મારી પર્યાયમાં-અવસ્થામાં રાગ હોવા છતાં મારી દશામાં કર્મ નથી. સમજાય છે કાંઈ? મારી દશામાં પરવસ્તુનો કોઈપણ અંશ મારી દશામાં નથી, પણ મારા ભાવની અંદરના અંશોમાં તે શુદ્ધભાવનો અંશ પણ છે... આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પરિપૂર્ણ વસ્તુ છે, એનો સ્વભાવ છે, એનો .. તત્ત્વ એક છે, એના ગુણ અને શક્તિ પણ એક એટલે અખંડ છે. એનું અંતર ભાન થતાં સમ્યક્ ધર્મ, સમ્યગ્જ્ઞાન થતાં અવસ્થામાં—પર્યાયમાં, તે શક્તિ અને આનંદ જે પૂર્ણ છે એમાં એકાગ્ર થતાં પર્યાયમાં આનંદ અને શાંતિ દેખાય એવો એક આત્માનો ધર્મ ગણવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આનો અભ્યાસ જોઈએ શોભાલાલજી! અદ્ધરથી સમજાય એવું નથી. આ નયનો સૂક્ષ્મ વિષય છે.

'**નિયતિનયે...**' જેમ અગ્નિ ઉષ્ણ પર્યાય સ્વભાવે ભાસે છે એમ ભગવાન આત્મા નિયત નામ નિજસ્વભાવની શુદ્ધિ... કેમકે સમ્યગ્જ્ઞાન દ્વારા આત્માને જોયો એમ જાણે. એટલે એ સમ્યગ્જ્ઞાનમાં પવિત્ર શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ નિજસ્વભાવદશા એ એણે ધારી છે એવો સમ્યગ્જ્ઞાન તે ધર્મને જોવે છે. અને એ ધર્મ દ્વારા આખા આત્માને જોવે છે. ભારે વાત! સમજાણું કાંઈ?

(૨૫) હવે એની સામે અનિયત. '**આત્મદ્રવ્ય અનિયતિનયે...**' એની સામે આ નય છે બીજો ધર્મ. '**અનિયત સ્વભાવે ભાસે છે,...**' જેને ઉષ્ણતા નિયતિ નિમિત્ત નથી. પાણીમાં ઉષ્ણતા એ નિશ્ચય સ્વભાવ નથી. છે? '**એવા પાણીની માફક.**' પાણીની પર્યાય, પાણીનો મૂળ સ્વભાવ ઠંડો છે, પણ જ્યારે ઉષ્ણ છે એ એનો અનિયત સ્વભાવ તે વિકારીભાવ છે. એનો નિશ્ચય સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? પાણી જે છે જળ એ ઠંડુ છે. તો

એનું દ્રવ્ય ઠંડુ, એની શક્તિ ઠંડી અને એની અવસ્થા-હાલત પણ ઠંડી હોય. એ એનો સ્વભાવ છે. એ નિયત છે. પણ એ ઉષ્ણ થાય છે. એ થાય છે એની પર્યાયમાં, પણ એ ઉષ્ણતા તે અનિયત છે. વિભાવિક છે, સ્વભાવિક છે નહિ. સમજાય છે કાંઈ? અને તે પણ ઉષ્ણતા અગ્નિને લઈને પાણીમાં થઈ છે એમ નથી. સમજાણું કાંઈ? પાણી હોય છેને જળ? ઉનું થાય છેને? તો અહીં તો કહે છે કે એ ઉષ્ણતા એનો વિભાવિક સ્વભાવ એ પાણીએ ધારી રાખ્યો છે. અગ્નિને લઈને નહિ. અગ્નિ જુદી ચીજ છે, પાણી જુદી ચીજ છે જળ. એમાં એકપણાની પર્યાય ઠંડી તેનો નિયત સ્વભાવ છે, પણ એનો ઉષ્ણ પર્યાય એનો અનિયતસ્વભાવ, પણ છે એનો પોતાનો ધર્મ અને સ્વભાવ. અગ્નિને લઈને નહિ. આહા..હા..! ભારે કામ!

મુમુક્ષુ :- અગ્નિ વિના પાણી ઉનું?

ઉત્તર :- અગ્નિ વિના જ પાણી ઉનું થયું છે. એય..! શેઠ! અગ્નિ તો પરદ્રવ્ય છે, પાણી પરદ્રવ્ય છે. એ પાણીમાં સ્પર્શ નામની જે શક્તિ છે એ જ્યારે શીતપણે પરિણમે તો એનો સ્વભાવ કહેવાય અને એ સ્પર્શ નામની શક્તિ વિષમપણે પરિણમે ત્યારે વિભાવ કહેવાય, પણ એનો પોતાનો વિભાવસ્વભાવ પરિણમન પોતાને કારણે છે, પરને કારણે નહિ. એમ આત્મદ્રવ્ય... નિયમિત નથી એટલે '**ઉષ્ણતા અનિયત હોવાથી પાણી અનિયતસ્વભાવવાળું ભાસે છે તેમ.**' આત્મા જ્ઞાની, ધર્મી જીવને પોતાની પર્યાય એટલે અવસ્થામાં વિકારપણાનો ભાવ ભાસે છે એ વિભાવભાવ, અનિયતસ્વભાવ આત્માનો છે. એ આત્મામાં ધર્મ પોતાનો છે. કર્મને લઈને નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ!

ભગવાન આત્મા પોતાનું શુદ્ધસ્વરૂપ પ્રભુ છે. એવું અંતરમાં ભાન સમ્યગ્જ્ઞાન દ્વારા થયું. ત્યારે તેને સમ્યક્ શુદ્ધતા પ્રગટી છે એવો પણ એક ધર્મ છે એનામાં. અને એ પૂર્ણ નથી એથી એનામાં જરી વિકાર પણ છે. દયા, દાન, વ્રતાદિના વિકલ્પોની અશુદ્ધતા વિકાર છે. એ વિકાર અનિયતસ્વભાવ છે. એટલે એનો નિયત, નિશ્ચય, કાયમી સ્વભાવ એવો છે નહિ, પણ એવો સ્વભાવ હોવા છતાં છે એનો. એનો, એનામાં, એને લઈને. સમજાણું કાંઈ? વિકાર-વિકાર. એ ધર્મી જાણે છે કે આ વિકાર પણ મારી પર્યાયનો વર્તમાન અનિયતસ્વભાવ છે, માટે વિકાર છે. કર્મને લઈને છે એમ નહિ. તે મારામાં વિકાર પર્યાયમાં નથી એમ નહિ. સમજાણું કાંઈ? ભારે વાતું! હવે આમાં આવી ચર્ચા? દયા પાળવી, વ્રત પાળવા થઈ રહ્યું જાવ રખડી મરશે. ધૂળેય નથી ત્યાં ધર્મ, સાંભળને. દયાનો રાગ એ તો બધો વિકલ્પ રાગ છે. અહીં તો કહે છે કે એવા રાગને કાળે પણ સ્વભાવના ભાનવાળાને રાગ વિનાનો સ્વભાવ પણ પ્રગટ થયો તેને ધર્મ કહેવામાં આવે છે, પણ એને આ રાગભાવ પણ એક એનો ધર્મ એટલે એણે ધારી રાખેલી દશા છે. સમજાય છે કાંઈ? ભારે! જેઠાલાલભાઈ! આ કેટલું સ્પષ્ટ કરે છે! ઓલા કહે, નહિ, અગ્નિ વિના પાણી ઉનું થાય નહિ, કાચા ચોખા ઉના પાણી

વિના ચડે નહિ.

મુમુક્ષુ :- પાણી નાખેને.

ઉત્તર :- નાખે કોણ? અને ચડે કોણ? સાંભળને! એ ચોખો જ પોતે દાણો, રજકણ છે એ જે કઠણ અવસ્થાપણે છે એ પોતે જ પોચી અવસ્થારૂપે પાકો પોતાને કારણે થાય છે. પાણી અને અગ્નિને લઈને નહિ. બલુભાઈ! માથુ ફરી જાય એવું છે આ. લોકોએ તત્ત્વની સ્થિતિની મર્યાદા શું છે તે જાણી નથી. સમજાય છે કાંઈ? પ્રેમચંદજી! એ ચોખો-ચોખો. ચાવલ. ચાવલ કહેને? ચાવલ કહે છેને? ચોખો એક દાણો છે, કોઈ કહે કે એ પાણીને લઈને ચડે છે એ વાત જૂઠી છે. બિલકુલ જૂઠી વાત છે. પાણીને લઈને જો ચોખો ચડતો હોય તો ... થાય. એ પોચો થવાનો એનો પોતાનો પર્યાય અવસ્થાનો ધર્મ માટે પોચો થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાની એમ જાણે છે. મિથ્યાદૃષ્ટિ તો એમ જાણે છે કે પરને લઈને મને વિકાર થયો. એટલે એને શુદ્ધતા છે નહિ, દ્રવ્યની દૃષ્ટિ છે નહિ, સ્વતંત્રતાની ખબર નથી. કર્મ વિકાર કરાવે છે, શું કરીએ ભાઈ! કર્મ વિકાર કરાવે અને કર્મ હોય તો રઝળે. કહો, અરે..! કર્મ .. છે નહિ. પોતાની છે એમ જ્ઞાની પોતે જાણે છે એનો તો અર્થ ચાલે છે આ.

સમ્યગ્જ્ઞાની ધર્મી જીવ પોતાની પર્યાયના વિકાર જે છે એ મારો કરેલો, ધારેલો, મેં ધારેલો, મારાથી મારામાં છે. એમ જ્ઞાની પોતાના વિકારને પણ જાણે છે અને તે જ કાળે અવિકારી દશા થઈ છે તેને પણ જાણે છે. એવા અનંતા ધર્મનો ધરનાર દ્રવ્ય તેને એની દૃષ્ટિ થઈ છે. હજી તો વાંધા નિમિત્ત અને ઉપાદાનના. ઉપાદાન લંગડું છે. એય..! આવે છેને? ક્યાં કીધું હતું? ક્યાંક કીધું હતુંને. ..માં હશે. નિમિત્ત આવે તો ઉપાદાનમાં થાય. એટલે કે પાણી સાધારણ ઉનું અગ્નિ આવે તો થાય. એમ ભગવાન કહે છે કે એ તારી ધારણા અને માન્યતા તદ્દન જૂઠી નયથી છે. એક પાણીના રજકણો અસ્તિ છે. વસ્તુ છેને? અસ્તિ છે કે નાસ્તિ? ન હોય તો દેખાય નહિ. કે રજકણો અસ્તિ છે. છે. એની અંદરમાં .. ગુણ છે. એને લઈને પાણીની અવસ્થા પહેલી ઠંડી હોય, બીજે ક્ષણે તેની ઉષ્ણતારૂપે દશા થાય એ એના પોતાના કારણે થયેલી છે. અગ્નિને કારણે નહિ. સમજાણું કાંઈ?

એમ ધર્મી જીવ. અહીં કહે છેને જુઓ ભાઈ (રામ) છ-છ મહિના... સુધી આવે છેને. લક્ષ્મણજી ગુજરી ગયા. (રામ) અને લક્ષ્મણ બે ભાઈ હતા. લક્ષ્મણ વાસુદેવ હતા અને રામચંદ્ર હતા બળદેવ અને આ પોતે લક્ષ્મણ વાસુદેવ. ગુજરી ગયા પહેલા. છ મહિના સુધી કાંધે રાખ્યા. બહુ પ્રેમને... તો કોઈ એમ કહે કે એ છ મહિના કાંધે રાખ્યું તે કર્મના ઉદયને કારણે, વિકારને કારણે, કર્મના ઉદયને કારણે રાખ્યું. નવનીતભાઈ! એમ ના પાડે છે. એ પણ સમકિતી હતા, જ્ઞાની હતા. રામચંદ્રજી જ્ઞાની હતા, ધર્માત્મા હતા, સમકિતી હતા. એની વર્તમાન દશામાં જે કાંઈ આ રાગ હતો લક્ષ્મણ પ્રત્યેનો, એ રાગની પર્યાય અનિયત, મારામાં,

મારાથી છે એમ જ્ઞાની જાણતા. સમજાણું કાંઈ? આરે ભારે વાત ભાઈ! .. જુઓ, એમ... નો ઉદય હોય ત્યાં સુધી થાય. બાબુભાઈ! કહે છે... તમે કહો છો કે વિકાર પોતાથી છે અને પોતાને કારણે રખડે છે. ..કહે છે કે કર્મને લઈને જીવ રખડે છે. એ તો એને ખબર છે કે નહિ? કહો, સમજાય છે કાંઈ?

અહીં એ કહે છે. ભગવાને પોતે પ્રવચનમાં એમ કહ્યું હતું એવું અહીં શાસ્ત્રમાં ગુંથ્યું છે અને તેવો તેનો સ્વભાવ છે એનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાને એમ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવે, સાધક જીવના ધર્મો સ્વયંસિદ્ધ કેવા છે એ સાધક જીવ.. જાણે છે એવું જ ભગવાને કહ્યું હતું. સમજાણું કાંઈ? ધર્મી સાધક જીવ એ તો ... કહે છે. શું તમારે એકલું પુરુષાર્થથી થાતું હોય અને પર વિના... લાવોને, કેવળજ્ઞાન કરી દ્યોને તમે? અત્યારે કેવળ... પણ સાંભળને એ પુરુષાર્થની કચાશ માટે કેવળજ્ઞાન નથી થતું. કાળ અને કર્મને લઈને નથી થતું એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પણ કાંઈ ખબર ન મળે અને ઉંધો કૂટ્યા કરે ધર્મને નામે. બધાય ધર્મમાં હુશિયાર, બધામાં વાતું કરે માળા. કુંભારના ધંધામાં રામજીભાઈ ન પડે, રામજીભાઈના ધંધામાં કુંભાર ન આવે વકીલાતના ધંધામાં. અને આ ધર્મના ધંધામાં માળા બધાય માથું નાખે. ઉંધા અવળા-સવળા, આડા-અવળા આમ હોય, એલા! પણ તને ખબર નથી ધર્મની શું માથું નાખે છે? કુંભારના કામમાં રામજીભાઈ જાતા હશે? અને કુંભાર પોતે અહીં વકીલાત કરવા આવતો હશે? એ જાણે કે મારો ધંધો આ છે. મારે બીજો ધંધો નથી. એટલી વાત કરે.

અહીં તો ધર્મને નામે તો અજ્ઞાની આલી-દુઆલી બધાય વાતું કરે બહાર. અરે..! ભાઈ! ધર્મ ચીજ કોઈ અલૌકિક છે, બાપુ! એની ખબર પડે એનું તો કલ્યાણ થઈ જાય, જન્મ-મરણ મટી જાય. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ ભગવાન થયે છૂટકો જેણે આવું જાણ્યું એને. એમ કહે ભાઈ! તને ખબર નથી. દ્રવ્યે ભગવાન છે, આ તો પર્યાયે, દ્રવ્યદૃષ્ટિ તો પહેલો બોલ આવ્યો હતો દ્રવ્યનયે. દ્રવ્યનયે, દ્રવ્યાર્થિકનયે આત્મા શુદ્ધ એકરૂપ ચિદ્દ્ઘન છે. એવો એક ધર્મ જ્ઞાની સમકિતી પોતાની દ્રવ્યદૃષ્ટિનો ધર્મ માને છે. સમજાણું કાંઈ? ઈ પહેલી વાત કરીને પછી કરી છે ઈ. ૪૭ નયમાં પહેલી દ્રવ્યનય. દ્રવ્યનય. દ્રવ્ય એટલે વસ્તુ. શુદ્ધ ચૈતન્યદ્રવ્ય ધ્રુવ એ નયે આત્મા જ્ઞાનમૂર્તિ ચિન્મૂર્તિ જ્ઞાનસ્વરૂપ આખું છે. એવો પણ એક એમાં ધારી રાખેલો ભાવ-ધર્મ છે. એમ શ્રુતજ્ઞાની ધર્મી તેને ધર્મ તરીકે દ્રવ્યને સ્વભાવ તરીકે જોવે છે. એની સાથે એવા અનંતા ધર્મમાં આ એક અનિયત નામનો ધર્મ છે.

નિયતદૃષ્ટિ પણ, જ્ઞાનનું ભાન થવા છતાં પણ શુદ્ધ આનંદ અને પરિપૂર્ણ છું તેમ છતાં... જુઓને આ પ્રશ્ન બહુ આવતોને ભાઈ! મગનભાઈને બહુ આવતો પહેલા. મેં જાણ્યું છતાં વિકાર કેમ થાય? મગનભાઈ ... એવો વિચાર. .. વિચાર બહુ. હવે તો બહુ ગડ બેસી ગઈ. પહેલા તો બહુ પૂછતા કે આત્મામાં ભાન થાય હું શુદ્ધ છું, પવિત્ર છું. પછી એને

વિકાર થવાનું કારણ શું? વિકાર કેમ હોય? તો એટલી શ્રદ્ધામાં ફેર છે કે નહિ? ના. શ્રદ્ધામાં આખો આત્મા પૂર્ણાનંદ પ્રભુ ચિદાનંદ મૂર્તિ છે એવું ભાન થવા છતાં પોતાની પર્યાયમાં વિકાર પણ થાય છે એ મારા પુરુષાર્થની ઉલટી દશાનો ધર્મ મારામાં મારે કારણે છે. પરને કારણે નથી. આહા..હા..! ..ચંદજી! એવું છે, ભગવાન! જુઓ, આહા..હા..! એને ખબર ન મળે. આ તો એ નયનો અધિકાર. સમજાણું? એમાં ૪૭ શક્તિ દ્રવ્યનો અધિકાર અલૌકિક.

**'અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે,...'** અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે. ભાસે છે. જ્ઞાનીને જેમ પાણી ઉષ્ણતાનો ધર્મ અનિયત, અચોક્કસ છે, પણ એનામાં છે એમ ભાસે છે. એમ ભગવાન આત્મામાં **'આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે...'** અનિયત એટલે વિકારભાવે ભાસે છે. ભગવાન આત્મા દ્રવ્યે શુદ્ધ ભાસન હોવા છતાં, ગુણે શુદ્ધ હોવા છતાં, પર્યાયે પણ કેટલીક શુદ્ધતા પ્રગટ હોવા છતાં અશુદ્ધપણે પણ જ્ઞાનીને જ્ઞાનમાં ભાસે છે. દેવીલાલજી! કોણ હવે આવી બધી માથાકૂટ કરે? નવરા થઈને જરી કાંઈક કરો આ. ધંધો છોડીને કાંઈક આ કરો, આ કરો. અરે..! ભગવાન! કરવું-કરવું જીવને.. અહીં તો જ્ઞાનાનંદ ચૈતન્યસ્વરૂપ છે. એની અધુરાશમાં ધર્મી શ્રુતજ્ઞાની સમ્યગ્જ્ઞાની એમ જાણે છે કે મારામાં જે કાંઈ રાગ અને દ્વેષની દશા થાય છે તે અનિયતસ્વભાવ છે, કાયમી મારી ચીજ નથી. તો એ સ્વભાવ અનિયત મારામાં મારે કારણે એ મેં ધર્મ એટલે ભાવ ધારી રાખ્યો છે. એમ શ્રુતજ્ઞાની પોતાની પર્યાયને વિકાર તરીકે મારી છે, મારામાં છે, અનિયતસ્વભાવ છે એમ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિકાર પર્યાયમાં ઉત્પન્ન થયો. વસ્તુમાં નથી. અંદરમાં યોગ્યતા છે એ બહાર આવી નિમિત્તાધિન હોય તો. સમજાણું કાંઈ? નિમિત્તાધિન થવું એ પોતાની યોગ્યતાનો નિજસ્વભાવ છે. એ પોતાનો સ્વભાવ છે. નિમિત્તે તે કરાવ્યું નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? માણસ નથી કહેતા કે ભાઈ! અમારે તો કાંઈ રાગ કરવો નહોતો, પણ કોણ જાણે ક્યાંથી ભોમાંથી ભાલું નીકળ્યું છે? એમ વાતું કરે લોકો. વાતું કરે બધા. ભોંમાંથી ભાલો નીકળ્યો એમ કહે છે. ... આ કેળ છેને કેળ? કેળ-કેળ. કેળ વાવેને ત્યારે એ જ્યારે સ્થાપે ત્યારે તો એકદમ સ્થાપે. ... સૂતો હોય તો એના પેટમાંથી ફાટી નીકળે એવો એનો સ્વભાવ છે. આ કેળ-કેળ. કેળ સમજો છો? કેળાનું ઝાડ હોય છેને. કેળ. કેળા-કેળા હોય છેને આ? એની જે કેળ હોય એ વાવે કેળ ત્યારે પહેલી એ જ્યારે ફાટે. એકદમ ઉપર ફાટે. .. નહિ. વાંસનો પણ એવો સ્વભાવ છે. વાંસ છે કે નહિ વાંસ? વાંસ-વાંસ. એ વાંસ ત્યાં.. નહિતર તો જ્યારે ફાટે ગાંઠ તો એકદમ .. નીકળે ખીલીને. એક ક્ષણમાં એવો એનો સ્વભાવ છે. પોતાને કારણે એવો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ આત્મામાં, ભગવાન આત્મા પવિત્ર અને આનંદની મૂર્તિ દ્રવ્યગુણે હોવા છતાં અને એનું

ભાન થયું છતાં, પોતાની પર્યાયમાં પવિત્રતા અને શુદ્ધતારૂપી શાંતિ અને સમકિતદર્શન પ્રગટ થયા છતાં પોતાની પર્યાયમાં રાગાદિ-દ્વેષાદિ, વિષય-વાસના આદિ પર્યાય થાય એ મારો ધર્મ છે એટલે મેં ધારી રાખેલો ભાવ છે. એ કર્મને લઈને છે કે કોઈએ કરાવ્યો છે. સ્ત્રી છે તો વિકાર કરાવ્યો છે એમ જ્ઞાની માનતો અને જાણતો નથી. જ્ઞાની જાણે છે કે મારી નબળાઈને લઈને આ વાસના ઉભી થઈ છે. તે વાસનાને પોતે જાણે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! ..ચંદજી! સમજાણું કાંઈ? આ ઉપાદાન-નિમિત્તના ઝઘડા છે.

અહીં તો કહે છે, પ્રભુ! સાંભળ તો ખરો, ભાઈ! તને તારી ખબર નથી. ખબર વિનાની તારી ધર્મને નામે વાતું તું કરે. સર્વજ્ઞના ભાવને તું સમજ્યા વિના... ભગવાન આત્મા અંતરમાં જ્યાં જ્ઞાને, વર્તમાન જ્ઞાનની દશાએ, વર્તમાન જ્ઞાનની દશાએ આખા જ્ઞાયકમૂર્તિને જ્યાં પકડ્યું ત્યારે તેને સમ્યગ્દર્શન અને જ્ઞાન જે ધર્મની પહેલી દશા થઈ તે દશામાં શ્રુતજ્ઞાન જે થયું, તે શ્રુતજ્ઞાન પોતાની પવિત્ર પર્યાય છે એને પણ જાણે છે અને તે ક્ષણે અપવિત્રતાની દશા મારામાં છે એમ પણ એ જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? આ કહે કે નહિ, ભગવાને કીધું કે કર્મને લઈને રખડે. લ્યો, શ્રેણિક રાજા સમકિતી હતા. તીર્થંકરગોત્ર બાંધ્યું ભગવાનની પાસે. અત્યારે .. શ્રેણિક રાજા. સમકિતી. હજારો રાણી હતી, મોટું રાજ હતું. અને ધર્મ પામ્યા, સમકિત પામ્યા એ સ્ત્રીનું નિમિત્ત હતું. એ સ્ત્રી હતી ધર્મી સમકિતી, આ હતો બૌદ્ધ ધર્મી. બેય જણાને મેળ ન ખાય. એમાં એકવાર કહ્યું કે અમારે વીતરાગ ધર્મ અને વીતરાગ પ્રતિમા આદિ .. ખેદ છે. .. દેખાતું નથી. સમજાણું?

પણ તમારા ગુરુ કેવા છે એની પરીક્ષા મારે કરવી છે. નગ્ન મુનિ હતા. બેઠેલા ત્યાં શાંત આનંદકંદમાં ઝૂલતા. તો સર્પ હતો એક મરી ગયેલો નાખ્યો. આ હતોને. એ કેલેન્ડર હતું. .. નાખ્યો. ઘરે આવીને કહે છે કે તારા ગુરુ ઉપર મેં સર્પ નાખ્યો એ કાઢી નાખ્યો હશે. મરેલો સર્પ નાખ્યો હશે. તું કહે છે કે મારા મહારાજ બહુ શાંત ને જ્ઞાની ને ધર્મીને આવા હોય. એ સર્પ નાખ્યો તો કાઢી નાખ્યો હશે. ચાલો જોવા ચાલો. એ ધ્યાન અને આનંદમાં બેઠા હશે. એ સર્પ નાખ્યો એને કાઢે નહિ. એને ઉપસર્ગ માને. મુનિને ઉપસર્ગ માને. લાખો કીડીયું-લાખો કીડીયું ... નહોતું ઓલા? કાલે નહોતું કહ્યું? .. કાલે હતો ફોટો. નથી? એમાં ફોટો છે. પ્રેમચંદભાઈ દિલ્હીથી.. આમાં છે. કાલે આવ્યું હતુંને. એમાં આવ્યું છે. આ તો કાલે જોયું હતું. ફોટો સારો હતો. બાયડી ભિખારી જેવી દેખાડી છે. ..રાજાને... આ છે જુઓ. આ મુનિ છે એ ધ્યાનમાં બેઠા છે. એની ઉપર મરી ગયેલો સર્પ નાખ્યો છે. રાણી ધર્મી સમકિતી હતા, ચેલણા રાણી ધર્મી. આ બૌદ્ધ હતો. તો ચેલણા રાણીએ ધર્મ સમજાવવા માટે એણે પ્રયત્ન કર્યો. પણ આ કહે તારા ગુરુને નાખી આવ્યો છો સર્પ, હવે તું કહે છે.. કાઢી નાખ્યો હશે ચાલો જોવા. પાછા ત્યાં આવે છે. રાજા ઉભા છે સર્પ કાઢે છે. આ બધી કીડીયું. લાલ-લાલ કીડીયું લાખો કીડીયું ચટકા ભરી ગઈ હતી. એ તો

આનંદસ્વભાવમાં મસ્ત હતા, અતીન્દ્રિય આનંદમાં ધ્યાનમાં. જુઓ, સાહેબ! કેવા છે અમારા સાધુ? સર્પ આવ્યો હોય એને કાઢે નહિ. સાચી વાત છે તારી હોં. પછી તો .. ધર્મ સમજાવ્યો અને સમકિત પામ્યા. અને ત્યાં પછી ભગવાન ... છેને. પછી ભગવાન પાસે મહાવીર પરમાત્માના સમવસરણમાં તીર્થંકરગોત્ર બાંધ્યું. આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થવાના છે. સમ્યગ્દર્શન ક્ષાયિક સમકિતને પ્રતાપે. અત્યારે પહેલી નરકમાં ગયા છે. .. આયુષ્ય બંધાઈ ગયું નરકનું. સાતમી નરકનું આયુષ્ય બંધાઈ ગયું. પછી ગતિ તો ફરે નહિ. લાડવામાં ઘી અને સાકર નાખી હોય એ કાંઈ નીકળે નહિ હવે. એ ઘીની પૂરી ન થાય. એ તો ઘી ખાધે છૂટકો. લાડવો વાળ્યો ખાધે છૂટકો. એમ .. બે-ચાર દિ' સુકવે અને કાં અંદર ઘી નાખે, પણ લાડવામાંથી જુદું કાઢીને પુરી થાય અને લોટ કાઢીને રોટલી થાય એમ થાય નહિ. એમ ગતિનું આયુષ્ય જ્યાં બંધાઈ ગયું એ ગતિ ફરે નહિ. ગતિની સ્થિતિ ઘટાડી દીધી. સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું. ત્યાં સમકિત પામ્યા અને ભગવાન પાસે ... ૩૩ સાગરનું આયુષ્ય બંધાયેલું તે ૮૪ હજાર વર્ષ રહેશે. ૮૪ હજાર વર્ષે અત્યારે પહેલી નરકમાં નારકી છે શ્રેણિક રાજા. ત્યાંથી નીકળીને ભગવાન મહાવીર જેવા પહેલા તીર્થંકર આવતી ચોવીસીમાં થશે. તીર્થંકર હોં. સ્ત્રીનો ત્યાગ નહોતો, રાજનો ત્યાગ નહોતો, પણ આત્મ સમ્યગ્દર્શનનો અનુભવ હતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગનો કણ જ મારો નથીને. હું તો આનંદકંદ શુદ્ધ છું. એવું જે ભાન એને છે, તીર્થંકરગોત્ર બાંધીને ભવિષ્યમાં તીર્થંકર થવાના છે. કહો, સમજાણું કાંઈ? .. હા એમાં. ચેલણાના નાટકમાં આવ્યું છે. છે આપણે? આહા..હા..!

એ શું કહ્યું? શ્રેણિક રાજા સમ્યગ્દષ્ટિ છે, આત્માનું ભાન છે, છતાં રાગનો ભાગ છે અને નરકમાં જોવાની યોગ્યતા છે એ મારે કારણે મારામાં છે એમ ઈ જાણે છે. કર્મને કારણે હું નરકમાં જાઉં છું એમ માનતા નથી. આહા..હા..! ..ભાઈ! ..સ્વભાવ છે. વિકારની યોગ્યતા, હજી હું પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ થયો નથી. મારે કારણે એ રાગનો ધર્મ, પર્યાય. ધર્મ એટલે સ્વભાવ. રાગાદિ પર્યાય છે, દ્વેષાદિ છે. એમ સમ્યગ્જ્ઞાની પોતાની પર્યાયમાં એક આ જાતનો ભાવ છે એમ બધા ધર્મ દેખતા આ ધર્મને પણ જોવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ૨૭ બોલ થયો.

'**(આત્મા અનિયતનયે અનિયતસ્વભાવવાળો ભાસે છે, જેમ પાણીને (અગ્નિના નિમિત્તે થતી) ઉષ્ણતા...**' નિમિત્તે હોં, પણ એ થાય છે પોતાથી. ઓલું નિમિત્ત નાખ્યુંને. નિમિત્તે થઈ. '**ઉષ્ણતા અનિયત હોવાથી પાણી અનિયતસ્વભાવવાળું ભાસે છે તેમ.)**' તેમ ભગવાન આત્મા કર્મના નિમિત્તથી પોતાના અપરાધને કારણે વિકારની અવસ્થા થાય છે તે પણ મારી સ્થિતિથી થાય છે એમ જ્ઞાની પોતાને એક ધર્મને જોવે છે. સમજાણું કાંઈ? એ પારકા કર્મને માથે નાખતા નથી એમ કહે છે. અજ્ઞાની કર્મને માથે નાખે. જ્ઞાની એમ

નાખતા નથી. એમ નાખે કે ચારિત્રમોહનો ઉદય છે, સમ્યગ્દર્શન તો છે, ભાન તો છે, પણ ચારિત્રનો ઉદય છે ત્યાં સુધી મારે રાગ કરવો પડે—એમ જ્ઞાની માનતા, જાણતા નથી. શેઠ! પર્યાયમાં-અવસ્થામાં રાગાદિ છે. દ્વેષાદિ થાય છે. સમજાય છે? સમકિતી હોય જ્ઞાની ક્ષાયિક સમકિત. લડાઈ કરવા જાય જુઓ, લડાઈ કરે એમ દેખાય. સમજે છે કે આ રાગાદિ ભાવ દ્વેષનો પર્યાય એ પણ મારામાં એક ભાવ છે અને તે જ કાળે શુદ્ધિ અને આનંદ છે એ પણ મારી એક દશા છે. એક સમયે બે ધર્મને અને એવા અનંત ધર્મને જોવે છે. સમજાણું કાંઈ? એને વળી વિકાર કરવાનો ભાવ હોય? પણ ભાવ શું? પર્યાયમાં વિકાર થાય છે તો એ ભાવ જ છે એનો. એનું ભાન થાય કોને? સમજાણું કાંઈ? જેને સમ્યગ્જ્ઞાન (દ્વારા) જોયું, જાણ્યું અને સમ્યગ્જ્ઞાન દ્વારા આત્મા દ્રવ્યને જાણ્યો-જોયો એ આ રીતે કબુલ કરીને જાણે છે. અજ્ઞાનીને તેનું ભાન નથી. ન્યાયથી સમજે તો જરી સમજાય એવું છે. વાત તો .. ઠીક સમજાવ્યું છે. ... આવી સમજાવી શકે નહિ. અત્યારે વળી સમજાય એવું નીકળ્યું છે થોડું. ... ... ત્યાં તો જાડું-જાડું આવે મુંબઈમાં. ધીરૂભાઈ! ત્યાં બધું આવું ન મંડાય. ત્યાં દશ હજાર માણસમાં આવું માંડે તો શું થાય? અનિયતનયે પાણીની ઉષ્ણતાની પેઠે એક આત્મામાં અનિયત નામનો ધર્મ છે. શું કહે છે આ તે? ગ્રીક-લેટીન જેવું લાગે. ત્યાં તો અમુક શૈલીથી વાત મુંબઈમાં તો .. આવે. ત્યાં આવે પણ આ જ હોં. પણ અમુક શૈલીમાં આવે. કહો, સમજાય છે કાંઈ? પોણો કલાક થયો હોં અહીંયાં. ઠીક થઈ ગયું.

આત્મા પવિત્ર છે, શુદ્ધ છે એવું જ્યાં અંતર સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થયું. તેમાં એ સમ્યગ્દર્શનનું જ્ઞાન એ ધર્મ. એમ તે ધર્મમાં તે જ્ઞાનમાં એમ પણ જ્ઞાની જાણે કે મારી દશામાં જે રાગ છે એ પણ મારા કારણે છે, પરને કારણે નથી. સમજાણું કાંઈ? ડાલચંદજી! એ ૨૭મો ધર્મ થયો.

૨૮. '**આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે...**' જુઓ, શું કહે છે? ભગવાન આત્મા એવો જ એનો પવિત્ર અને આનંદ સ્વભાવ છે કે જેથી પર્યાયમાં આનંદ સ્વભાવ સહજપણે પ્રગટ થાય છે. કોઈ પરના સંસ્કાર નાખ્યે પ્રગટ થાય એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? પહેલી ભાઈ એ વાત લઈ અને પછી ઓલું નાખે. .. એ તો નાખે. એ તો એક સમયે છે. પણ બીજે સમયે? આત્મવસ્તુ ભગવાન આત્મા અંતર પ્રભુ આત્મા જે છે... આ તો માટી ને રજકણ અને રાગ-દ્વેષાદિ વિકાર. અંદર વસ્તુ જે છે ચૈતન્યદ્રવ્ય તે સ્વભાવનયે એનો સ્વભાવ જોઈએ તો એ સ્વભાવની દૃષ્ટિએ સંસ્કારને... સાંભળેલા ભાવથી એમાં કાંઈક લાભ થાય એવું એ દ્રવ્ય છે નહિ. એય..! દેવીલાલજી! ત્રણ લોકના નાથ તીર્થંકર દેવ હોય અને સભામાં એની ધ્વનિ ઉઠતી હોય ૐ ધ્વનિ. સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં સિંહ અને વાઘ પણ ભગવાનની વાણી સાંભળવા આવ્યા હોય, તો કહે છે કે એ આત્મદ્રવ્ય એવી ચીજ છે કે એ નિમિત્તને લઈને અંદર સ્વભાવમાં કાંઈક લાભ થાય એવું આત્મદ્રવ્ય

છે નહિ. કહો, શોભાલાલજી!

મુમુક્ષુ :- સંસ્કાર...

ઉત્તર :- ના, ના સંસ્કાર.. નિમિત્ત તો પછી લેશે. અહીં તો હજી સંસ્કાર નિરર્થક કરનારું છે એમ. નિયતિ એટલે પરથી પણ લાભ થાય કે પરથી પણ શુદ્ધતા આવે એવું આત્મદ્રવ્ય નથી. પછી નિમિત્તથી લેશે શુભમાં. એવો પણ યોગ્યતાનો ધર્મ છે એમ લેશે. ધીરેથી ભાઈ સમજવા જેવી ચીજ છે આ તો. આ તો સર્વજ્ઞના પેટની વાતું છે. આ તો સર્વજ્ઞની દુકાન ચાલે છે એના મુનિપણા થવાને લાયક છે. આ તો સાધારણ કરોડ કે અબજવાળા માણસ હોય ત્યાં કુંભારને .. રાખતા હશે મુનિ? સાધારણ હોય ત્યારે. એય..! પોપટભાઈ! મોટા નોકર રાખવા હોય તો બબ્બે હજારના પગારદાર રાખવા જોઈએ, ત્રણ-ત્રણ હજારના પગારદાર રાખવા જોઈએ. એ ત્યારે કુંભારને રાખતો હશે ઓલા ૨૫નો પગાર અને ૫૦ પગાર બેસશોને? કહે હા, બેસશું. શું કરશે કુંભાર?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એમાં સાધારણના કામ નથી. આહા..હા..!

ભગવાન દુલારો અંદર ચિદાનંદ સ્વરૂપ બિરાજે છે કહે છે. આહા..હા..! કહે છે કે એનો જે સ્વભાવ છે એ પર્યાયમાં સહજપણે પ્રગટ થાય અને પરથી કાંઈ લાભ ન થાય અને પરથી કાંઈ સંસ્કાર નાખી શકાય નહિ એવો એક જીવનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ વસ્તુ, દ્રવ્ય એટલે વસ્તુ. આત્મદ્રવ્ય એટલે વસ્તુ. સ્વભાવનયે, એનો સ્વભાવ જોઈએ તો દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવથી, પર્યાય સ્વભાવમાં સ્વતંત્ર સ્વભાવપણે પ્રગટે તે કાળે. એને પરના કાંઈક સંસ્કાર પડે અને પ્રગટે એવો એનો સ્વભાવનયે ધર્મ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! વારંવાર સાંભળવાથી સંસ્કાર અંદર પડે. એમ ના પાડે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તારામાં ભર્યો છે એ પ્રગટ તારાથી થાય છે. એ કોઈથી છે નહિ. આહા..હા..! પર્યાયની નજર જ્યાં નિધાન ઉપર પડી ત્યાં પોતાને કારણે પર્યાય પ્રગટ થાય છે. બહારના કોઈ કારણે, કોઈ વજ્રનારાચ સંહનન મજબુત હોય તો આત્મામાં ધર્મના સંસ્કાર ઉંચા થાય, આ મા-બાપના સંસ્કાર દીકરા ઉપર પડે. લોકો વાતું કરે છે. કરે છેને બધા ભાષણ આપે છે. ભાઈ! મા-બાપ નાની ઉંમરમાંથી છોકરાને જેવા સંસ્કાર નાખે એવા થાય. ધૂળેય ન થાય, કહે છે, સાંભળને. એય..! એનો પોતાનો જે સ્વભાવ છે તે રીતે તેને સ્વભાવ પ્રગટ થશે. પરને કારણે કાંઈપણ એમાં થાય એવો એનામાં ધર્મ અને ગુણ છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત એ છે. એ .. વાત છે ભાઈ! ગુજરાતી છે પણ સહેલી ભાષા છે હોં. અમારી ગુજરાતી અઘરી નથી. દૃષ્ટાંત આપીએ ત્યારે ન સમજાય. ગુજરાતીમાં દાખલો

આપીએ ત્યારે જરી ન સમજાય. શાસ્ત્ર ભાષા હોય ત્યારે સમજે. ઓહો..હો..! ભગવાન! તું એવો છો અંદર કે તારા આનંદના સ્વભાવ, શાંતિના જ્ઞાનની પર્યાયનો સ્વભાવ પ્રગટ કરવા માટે કોઈ થોડું વાંચન કરે અને તો એ જ્ઞાનની પર્યાય પ્રગટે. કહે છે કે પરના સંસ્કારને નિરર્થક કરનારો આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી એના વિરોધમાં આવશે. એ તો એની સ્પષ્ટતા આવશે પછી. પણ જ્યાં પહેલી આ વાત. તે જ સમયે પછી બીજી વાત. પછી બીજે સમયે કોકને સંસ્કારથી થાય અને કોકને અસંસ્કારથી થાય એમ નહિ. એક જ જીવને પોતાનો સ્વભાવ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનનો સાગર ચૈતન્યના, આનંદના ઉછાળા મારે છે. જેમ સાગરમાં ભરતી આવે છે, એ ભરતી આવે એ એનો પોતાનો સ્વભાવ છે. કોઈ બહારથી ભરતી લાવે છે એમ છે નહિ. ભાઈ! ચંદ્ર-સૂર્યનું આવેને? એ તો નિમિત્તની વાત છે. એનો પોતાનો ભરતી આવવાનો એનો સ્વભાવ છે. પૂનમને દરિયે વધારે.. સાંભળ્યું હતું ત્યારે તમારે મુંબઈ. દરિયાનો સ્વભાવ છે સ્વતંત્ર કે તે સમયે તેની ભરતી... ભરતીને શું કહે છે તમારે? બાઢ. બાઢ કહે છેને જ્વાર. એને કોઈ કારણ-ફારણ નથી.

પણ ભગવાન દરિયો ચિદાનંદ સ્વભાવથી ભરેલો ચૈતન્ય રત્નાકર. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદ એવા અનંત ચૈતન્ય રત્નાકરથી ભરેલો આત્મા છે. એને સ્વભાવની શક્તિમાંથી પ્રગટ થવામાં બીજા ભાવોના સંસ્કાર તે નિરર્થક કરી નાખે એવો એ આત્મા છે. આહા..હા..! કહો, ભીખાભાઈ! જરીએ નહિ. એ કહે છે. અહીં તો પૂર્વની પર્યાય સંસ્કાર કામ કરે પરને ... એ બિલકુલ નથી. એ સ્વતઃ એ સમયના પર્યાયનો પ્રગટ સ્વભાવ થાય એવો એનો સ્વભાવ છે. પૂર્વની પર્યાયના પૂર્વદશાના કાંઈક ધર્મ સંસ્કાર હતા માટે વર્તમાન પર્યાયમાં આવે છે. ના, એમ કહે છે અહીં. કારણ કે પૂર્વની દશાની જે અવસ્થા હતી એ તો વ્યય થઈ જાય, અભાવ થાય છે. નવી અવસ્થા થાય છે. અને નવી અવસ્થામાં પૂર્વની અવસ્થાના સંસ્કાર અંદર લાભ થાય એમ બિલકુલ નથી. નિરર્થક કરનાર છે એનો દ્રવ્યનો સ્વભાવ. એક પર્યાયની વાત એક સમયની છે. એક સમયે વ્યય થઈ જાય છે, અભાવ થઈ જાય છે. નવી પર્યાય પ્રગટે છે. તો નવી પર્યાય પ્રગટ થવામાં જૂની પર્યાયના જરી સંસ્કાર છે તો પ્રગટે છે એમ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- .... સંસ્કાર નાખે છે.

ઉત્તર :- નાખે છે. એ તો અહીંયાં .. કઈ અપેક્ષાએ છે? આહા..હા..! એક યોગ્યતા એવી છે. પણ તે જ સમયે સંસ્કાર નિરર્થક કરનારું, તે જ સમયે સંસ્કાર સાર્થક કરનારું- એવી યોગ્યતાના બે ધર્મ ગણ્યા છે. નહિતર પરને લઈને થાય એ પ્રશ્ન અહીં છે જ નહિ. સમજાય છે? એક જીવને સંસ્કાર પડે અને બીજા જીવને સંસ્કાર ન કરે એની અહીં વાત જ નથી. એક જ ભગવાન આત્મામાં અનંત ધર્મમાં એક ધર્મ એવો ભાવ કે પરના સંસ્કારને નિરર્થક કરે, તે જ સમયે બીજો ભાવ કે બીજાના સંસ્કારને સાર્થક કરે. સાર્થક નામ યોગ્યતા

એવી ગણવામાં આવી છે. આહા..હા..! એ વ્યવહાર છે. આ નિશ્ચય છે. બેય પણ પર્યાયની યોગ્યતા પોતાની છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મ ભાઈ! અમારે કરવો એમાં આ બધું શું કામનું? એ આ સમજ્યા વિના ધર્મ થાય નહિ. ધર્મ તે પણ અદ્ધરથી લટકે છે ક્યાંયથી તે થાય?

ધર્મી એવો જે ભગવાન આત્મા અનંત સ્વભાવને ધરનારો એવું જે સમ્યગ્જ્ઞાનીને, સમ્યગ્દૃષ્ટિને ધર્મનું ભાન થતાં એને એવો એક ધર્મ ભાસે છે કે મારી નિર્મળ પર્યાય પરથી, હું પરને કારણે કાંઈક સંસ્કાર પ્રગટ થાય એવો મારો ધર્મ છે જ નહિ. આહા..હા..! કહો, દેવીલાલજી! ભારે! ..પ્રશ્ન કર્યો પૂર્વની પર્યાયનો. એ પૂર્વની પર્યાય સંસ્કાર.. એવો જ એનો ધર્મ છે. સમજાણું કાંઈ? .. ચાર જ્ઞાનના સંસ્કાર છે માટે પછી કેવળજ્ઞાન થાય છે એમ નથી. શ્રુતજ્ઞાન હોય તો શ્રુતજ્ઞાન બીજું થાય એમ પણ નથી. પહેલા સમયનું જે શ્રુતજ્ઞાન છે તેના સંસ્કારને કારણે બીજા પર્યાયના એ સંસ્કાર એ ત્યાં આવે છે માટે સંસ્કાર છે, એમ પણ નથી. એક-એક પર્યાય સ્વતંત્ર પરના સંસ્કારને નિરર્થક કરનારું સ્વતંત્ર સત્ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કર્મના સંસ્કાર તો નહિ, પણ ધર્મના સંસ્કાર પહેલી પર્યાય દ્વારા થયા એ બીજી પર્યાયે નહિ એમ કહે છે. આહા..હા..! એવો જ દ્રવ્યનો સ્વભાવ છે. ભગવાન આત્માનું સ્વરૂપ જ એ જાતનું છે. સત્ જ એ રીતે. સત્ એ રીતે છે. સત્ એટલે હોવાપણું એ રીતે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કાંઈ સમજાય છે એમ કહેવાય છેને? બધું સમજાઈ જાય તો ન્યાલ થઈ જાય એનો. અરે..! કાંઈક સમજાય તો એનો અંશ તો આવી જાયને અંદર. આહા..હા..! આ માર્ગ અને આ રીત! પોપટભાઈ! અત્યારે તો ગડબડ... ગડબડ... ગડબડ... બધે ચારેકોર. ઉંધી વાતું અને સવળી વાત એવી બધી. એ ભગવાન આત્માનો એક સ્વભાવ ધર્મ—ધારી રાખેલી દશા એવી છે. એ દશાને બીજા કારણે કાંઈક સંસ્કાર પડે અને કાંઈક સુધરે એમ એનો ધર્મ નથી.

જુઓ, છેને? '**(અર્થાત્ આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરુપયોગી છે),...** ' આહા..હા..! સમજાણું કાંઈ? '**જેને કોઈથી અણી કાઢવામાં આવતી નથી** (પણ જે **સ્વભાવથી જ અણીવાળો હોય છે) એવા તીક્ષ્ણ કાંટાની માફક.**' લ્યો! એ કાંટો હોય છેને કાંટો આ? આ બોરડીના કાંટા બહુ થાય. ગોરડ-ગોરડ થાય છેને? એવો તીખો કોણે ઘડ્યો છે? સોનીએ ઘડ્યો છે કોઈએ? આ .. આ શું કહેવાય? બાવળ. ... શું કહે? ગાંડા બાવળ. આ ગાંડા બાવળ બહુ ઉગે છે ભાઈ! એ કાંટો એવો વાગેને. મલુકચંદભાઈને એવો વાગ્યો કે લોહી કાઢ્યું. એ કાંટો કોણે ઘડ્યો? એના સ્વભાવથી ઘડેલો છે, સહજ દેખાય છે. એને કોઈ ઘડી શકે નહિ. એમ આત્માની નિર્મળ પર્યાયને કોઈને કારણે ઘડાય, રચાય એવો એનો સ્વભાવ છે નહિ. એવું જ્ઞાની પોતાના સ્વભાવને આ રીતે જોવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૫, ગુરુવાર, તા. ૧૬.૧૦.૧૯૬૯**
**નય-૨૮ થી ૩૧, પ્રવચન-૨૭૦**

પ્રવચનસાર. નય અધિકાર. ૨૮મી નય ચાલુ છે. અધિકાર જરી ઝીણો છે, પણ આવું એક તત્ત્વ છે એ એના ખ્યાલમાં તો લેવું જોઈએને. અનાદિ સંસારમાં રખડતો ચોર્યાસીના અવતારમાં. ... એમાં જે આ આત્મા છે એવો. એવું એ જ્ઞાન નહિ કરે તો એના પરિભ્રમણનો ક્યાંય અંત આવવાનો નથી. એ માટે આત્મા કેટલા ધર્મ સ્વભાવ ધરનાર છે એનું એણે સ્વસન્મુખ થઈને જ્ઞાન કરવું જોઈએ. સમજાણું? આત્મદ્રવ્ય કેવું છે વસ્તુ? કે એમાં અનંતા જ્ઞાન, દર્શન, આનંદ એવો એનો ત્રિકાળી સ્વભાવ છે અને એ સ્વભાવની વર્તમાન પર્યાયમાં સ્વભાવનયે એના કાળે તે સ્વભાવ સ્વભાવથી પ્રગટ થાય છે એવો એક એનો ધર્મ છે. સમજાય છે કાંઈ? સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે.

ભગવાન આત્મા અંતરનો સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ એનો સ્વભાવ છે. એ સ્વભાવની વર્તમાન અવસ્થા સ્વભાવથી પ્રગટ થાય છે. કોઈ પરના કારણે નહિ. સમજાણું કાંઈ? એવો એનો સ્વતઃ સ્વયંસિદ્ધ સ્વભાવ છે. એ રીતે જાણે નહિ, બીજી રીતે જાણે તો એનું આત્માનું વાસ્તવિક જ્ઞાન સાચું નથી. સાચું નથી એટલે જૂઠું છે અને જૂઠું છે એટલે દુઃખદાયક છે. સમજાણું કાંઈ? સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે. ચાહે તો વીતરાગની વાણી હોય, શાસ્ત્રનું વાંચન લાખ-કરોડ કરે, પણ અંતરનો સ્વભાવ જે શુદ્ધ ચૈતન્ય છે એની પર્યાયમાં પરિણમન માટે કોઈની અપેક્ષા છે નહિ.

મુમુક્ષુ :- ઉપેક્ષા છે?

ઉત્તર :- ઉપેક્ષા છે.

વસ્તુ સ્વભાવ છે ચિદાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ, એની દૃષ્ટિ એ પણ એક એનો સ્વભાવ છે. એની દૃષ્ટિ થવી એ પણ એક એનો સ્વભાવ છે. એનું જ્ઞાન થવું એ પણ એક સ્વભાવ છે. એમાં સ્થિરતા થવી એ પણ એક સ્વભાવ છે. એ સ્વભાવનયે પરના કારણે કાંઈ સ્વભાવમાં ફેરફાર થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? આ તો બધું વીખાઈ જશે બહારના સાધનો. અંદરનું વીખાય એમ નથી એવું એ તત્ત્વ છે એમ કહેશે. સમજાણું કાંઈ? દાખલો આવ્યો છે. ઓલામાં આવે છેને શ્રીમદ્‌માં? વિદ્યુત લક્ષ્મી,... એમ લક્ષ્મી ચંચળ કલ્લોલ જેવી છે. દરિયામાં મોટા પર્વત જેવા મોજા ઉઠે. શેઠ! શું કહ્યું? દરિયામાં પથરા મોટા ડુંગરા જેવા મોજા ઉઠે અને ક્ષણમાં પાછા સમાઈ જાય. એમ લક્ષ્મીના ઢગલા દેખાય, ક્ષણમાં સમાઈ જાય. નવનીતભાઈ! .. આહા..હા..! જાણે ઓહો..હો..! મોટો .. પાક્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... જેટલા ઉંચા થાયને. આની સામે વાદળા થાય છેને શું કહેવાય? વાદળા. એવા .. ઓહો..હો..! એક આમ નજર કરે ત્યાં બધું ખલાસ. એમ લક્ષ્મી ચંચળ કલોલ.. ભગવાન ધ્રુવસ્વરૂપ છે. સમજાણું કાંઈ? અને બહારના સંયોગ સ્ત્રી, પુત્ર આદિ સમાગમ. ... સમાગમ છે. ..માં હોયને બધું ઘણા ભેગા થઈ ગયા. આ માટે .. તો કોઈ ન મળે. કુટુંબ ને પરિવાર, ધૂળ અને ધાણીને બધી વાત.. સપના જેવો સંસાર છે. એ જેમ સપનું આવ્યું અને તરત ખલાસ થઈ ગયું. બરાબર હશે? અને આ યુવાની. એ શરીરની યુવાની રૂમાં પોલ જેવું છે. પોલ હોયને પોલ સમજો છો? પુંમડું. આ રૂનું પુંમડું હોયને. વંટોળીયામાં ઉડે તો ક્યાંનું ક્યાંય અથડાય. અને તે પાછું ધૂળમાં ભેગી હોય તો ધૂળમાં ભેગું થાય. ભારે થઈને ત્યાં પડે ... ત્યાં પણ ચુંથાઈ જાય અને પાછું પડે ભાર થઈને. રજકણ ઉડેને બહુ? એમ આ યુવાની જડ-માટી વીંખાઈ જશે. સમજાણું કાંઈ? રૂના પોલની જેમ વીંખાઈ જશે અને પાપના બોજા કર્યા હોય એ પાછો જાય આમ ક્યાંક જઈને પડશે ચોર્યાસીના અવતારમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યારે ઝટ કામ કરી લ્યો એમ કહે છે. જુવાની રૂના પોલ જેવી ચુંથાઈ જશે એવી છે. ધૂળમાંય નથી કાંઈ? પાંચ-દશ .. થાય ત્યાં તો એં..એં.. થઈ જાય. બાપુ! તારું આત્મતત્ત્વ અંદર નિરાળું અખંડ-અનંત ગુણનો ધણી, અનંત સ્વભાવથી ભરેલો પ્રભુ, એની દૃષ્ટિ અને ઓળખાણ ન કરી તો ચાર ગતિના ભવ માથે પડ્યા છે. સમજાણું કાંઈ? આ તો કાંઈ રહેવાનું નથી. આ તો કેટલા વર્ષ? ૫, ૧૦, ૨૦ વર્ષ, ૨૧ વર્ષ એથી શું પણ? અનંતકાળના હિસાબમાં ૨૫-૫૦ વર્ષ એટલે કાંઈ ન મળે. આ ભગવાન આત્મા બધી ચીજથી ઉદાસીન થઈ, સ્વભાવ સન્મુખ જોવે તો એને પર્યાયમાં સ્વભાવ સંસ્કાર પ્રગટ થાય, સમજાય છે કાંઈ? કે જેનો કાયમી સ્વભાવ છે તે પર્યાયમાં પ્રગટ થાય, એમ કહે છે. સમજાણું કાંઈ? એને કોઈ નિમિત્તની વાણી સાંભળીને થાય એવો એ આત્મા નથી એમ કહે છે.

મુમુક્ષુ :- આત્મા હંમેશા જુવાન...

ઉત્તર :- જુવાન તો બહારની વાત થઈ. ધર્મ સમજે તો એની જુવાની કહેવાય. નહિતર બાળક કહેવાય. સમજાય છે કાંઈ? આ તો માટીના પીંડલા ધૂળ હવે આમ જરી દેખાય, જરી આમ દેખાય. સાંજે ઓલા .. જાય તો .. દેખાય. આમ ને આમ જરીક એક મિનિટ નજર કરો ત્યાં વીંખાઈ જાય બધું. આ તો બધું નાશવાન, ધૂળ નાશવાન. એમાં શું.. ત્યાં... કરનારો તો અવિનાશી ભગવાન આત્મા છે. એનો એવો જ સ્વભાવ છે કે એની નજર કરતા સ્વભાવની પર્યાય સહજ પ્રગટે. ધર્મની પર્યાય સહજ પ્રગટે. આહા..હા..! એને કોઈની સામું જોવાની જરૂર નથી. જુઓ, કહે છેને કે ભાઈ! ક્ષાયિક સમકિત થાય આત્માને. તો ભગવાનના સમીપે હોય તો થાય લ્યો. પણ એ તો પોતાનો સ્વભાવ છે માટે થાય છે.

ભગવાનની સમીપે છે માટે થાય છે એમ નથી. સમજાણું કાંઈ? એટલે કહે છે કે સ્વભાવથી જુઓ તો બીજાના સંસ્કાર એ નિરુપયોગી છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોની પેઠે? **'અણી કાઢવામાં આવતી નથી એવા તીક્ષ્ણ કાંટાની માફક.'** ભગવાન આત્મા સહજશુદ્ધ સ્વભાવથી ભરેલો છે એવા સ્વભાવની સન્મુખ જોતા, સ્વભાવની પર્યાય પરની અપેક્ષા રાખ્યા વિના પ્રગટ થાય છે એવો સ્વભાવ છે એનો. સમજાણું કાંઈ? એની સામે અસ્વભાવનય. છે તો એનો એ ભાવ હોં ત્યાં. પણ સ્વભાવથી જુઓ તો જાણે પોતાથી પ્રગટ્યું છે. સંસ્કારની જરૂર નથી. એ જ કાળે તેની એક યોગ્યતા એવી ગણવામાં આવી કે જાણે સાંભળ્યું અને સંસ્કાર પડ્યા અને પ્રગટ્યું એ આરોપથી કથન છે. એવી એક યોગ્યતા ગણવામાં આવી છે. સમજાણું કાંઈ? સામે સામે બે છે.

(૨૯) **'અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે...'** એવો એનો એક સમયનો એના સ્વભાવનયનો જેવો ધર્મ છે એવો જ સંસ્કાર એવો પણ એક ધર્મ તેને સમયે તેને તે કાળે તે સ્વભાવનયમાં ગણવામાં આવ્યો છે. કોકને સ્વભાવનયે થાય અને કોકને સંસ્કારથી થાય એમ નથી અહીંયાં. એક જ જીવને અને એક જ સમયમાં એવો જ એનો સ્વભાવ. સ્વભાવથી જુઓ તો પરથી અપેક્ષા વિનાનો છે. અસ્વભાવથી જુઓ તો જાણે નિમિત્તની અપેક્ષાએ એમાં યોગ્યતા પ્રગટી એવો એક યોગ્યતાનો ધર્મ છે. છે તો પોતાથી પ્રગટેલો, પણ એને નિમિત્તની અપેક્ષાએ લઈએ તો જાણે સંસ્કાર છે એમ કહેવામાં આવે છે. સમય બીજો નથી. જ્યાં સંસ્કાર નિરર્થક છે ત્યાં સંસ્કાર સાર્થક છે. સમજાણું કાંઈ? એટલે કે કોઈ બીજાના નિમિત્તે ત્યાં સંસ્કાર પડે છે એમ નથી, પણ એવી યોગ્યતા એની ગણવામાં આવી છે. સમજાય છે કાંઈ? કે જાણે નિમિત્તથી એને સંસ્કાર થયા. એવો એક યોગ્યતાનો અનંત ધર્મ માહ્યલો એક સ્વભાવધર્મ, એવો અસ્વભાવ નામનો એક ધર્મ છે. ઝીણું છે. સમજાણું કાંઈ?

કોની પેઠે? કે **'લુહાર વડે અણી કાઢવામાં આવી હોય છે એવા તીક્ષ્ણ તીરની માફક.'** દાખલો બીજો આપ્યો છે આ. લુહાર જેમ ઓલા તીરને ઝીણી કરે છેને? એમ જાણે આત્માને સંસ્કાર પડ્યા હોય પરથી. એવો એક યોગ્યતાનો ધર્મ સ્વભાવની દૃષ્ટિ વખતે એવો એક ધર્મ ગણવામાં આવ્યો છે. એક જ જીવને, સાધક જીવને, સમ્યગ્દૃષ્ટિ છે એની આ વાત ચાલે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જોવે એને... એક અધિગમ કહો તો નિમિત્તની અપેક્ષાથી પણ થયો છે તો પોતાથી. પણ એ નિમિત્તની અપેક્ષાએ એને અધિગમ કહેવામાં આવે છે. વાત એમ છે. ઠીક કર્યો પ્રશ્ન એની સાથે... સમ્યગ્દર્શન આત્માનું અંતર સ્વરૂપનું ભાન એ તો પોતાથી, નિમિત્તથી થાય છે બેયમાં. પણ ઓલું સાંભળ્યું હતું અને તરત થયું તો તેને તે થયું છે

તો પોતાના સ્વભાવથી. એને અધિગમ કહેવામાં આવ્યું છે. ગુરુગમથી થયું અને સાંભળીને થયું એમ કહેવામાં આવ્યું. નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા. એવું છે. ભારે! સમજાણું કાંઈ? એમ સમકિતમાં, એમ જ્ઞાનમાં સંસ્કાર પડી શકે એમ કહેવામાં આવે છે. એવી એક યોગ્યતા ગણી છે. જે સમયે સ્વભાવનયે નિરર્થક કરે સંસ્કારને એ જ સમયે સંસ્કાર સાર્થક છે એવો એક યોગ્યતાનો ધર્મ ગણવામાં આવ્યો છે. એ જીવને કોઈ વખતે સ્વભાવનયે થાય અને કોઈ વખતે અસ્વભાવનયે થાય એમ નથી. એમ બીજા જીવને સ્વભાવનયે થાય અને .. અસ્વભાવનયે થાય એમ તો નથી. એને માટે સ્વભાવનયે કોઈ કાળે થાય અને કોઈ કાળે અસ્વભાવનયે થાય એમ પણ નથી. આહા..હા..! ઝીણી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..માં કાંઈ ન મળે. ધૂળ શું છે? સન્મુખ થયું એટલે થયું એમ એક અપેક્ષાએ કહેવામાં આવ્યું કે સ્વભાવ સહજ છે. અને એક અપેક્ષાએ કહેવામાં આવ્યું કે નિમિત્ત હતું તો આ થયું એમ અપેક્ષાથી કહેવામાં આવ્યું છે. કર્મનો અભાવ કહો, નિમિત્ત કહો, આ સાંભળ્યું માટે થયું, બહુ સંસ્કાર પડ્યા તો સાંભળતા... સાંભળતા... સાંભળતા... એને સંસ્કાર એવા પડ્યા કે સંસ્કાર ખીલી ગયા. વાત સાચી. એવા દૃઢ સંસ્કાર અંદર એકાગ્રતાના હોય એમ સંસ્કાર શબ્દે એકાગ્રતા. સમજાય છે કાંઈ? કે અંતર અનુભવ થયા વિના છૂટકો નથી. ... એક ..માં જોયા હતા. સવાર થાય ત્યાં એક પંખી ક્યાંક જાય અને એક પંખી ક્યાંક જાય. કોઈની કોઈ દિશાનો મેળ નહિ. આહા..હા..! એમ આ બધા ભેગા ક્યાંકથી ક્યાંક એમાં કર્મના યોગે આવીને ભેગા થયા. મરશે ત્યારે એક ક્યાંક જાશે. બાયડી મરીને નરકમાં જાય અને ભાઈડો મરીને માણસ થાય. ધણી મરીને નરકે જાય અને બાયડી મરીને સ્વર્ગમાં જાય. આમાં ક્યાં કાંઈ કોઈને સંબંધ શું છે? સમજાણું કાંઈ? એક ભાણામાં જમનારા એને ..

શ્રેણિક રાજા હતાને શ્રેણિક રાજા? સમકિતી હતા. તીર્થંકરગોત્ર બાંધેલું. ... નથી. તો શ્રેણિક રાજા અને એક અભયકુમાર. નથી તમારે વાણિયાને લખાય છેને ઓલા ચોપડામાં? અભયકુમારની બુદ્ધિ હજો. ક્યાં નાખીશ પણ એવડી બુદ્ધિ? શાલીભદ્રની ઋદ્ધિ હજો. લખે છેને ચોપડામાં? ધીરૂભાઈ! ઓલા ચોપડામાં નહિ? શું કરે? દિવાળીમાં. શાલીભદ્રની ઋદ્ધિ હજો. ક્યાં નાખીશ ઋદ્ધો તારો? આત્માની ઋદ્ધિ હજો એમ લખને. અને ભગવાન જેવી કેવળજ્ઞાનની બુદ્ધિ હજો. કેવળજ્ઞાન બુદ્ધિ કહેવામાં આવે છે. .. કહે છેને ત્યાં એ અભયકુમાર બહુ બુદ્ધિવાળો હતો. દીકરો હતો એનો. બહુ બુદ્ધિ. એના બાપને પણ કોઈ વખતે .. કરવી હોય તો એને પૂછે. પિતાજી! કેમ થાય? .. શું થયું છે? ... પિતાજી .. કહે છે. હા ભાઈ તારાથી થાય એમ કર. એમ કહીને .. સમજાણું? એ અભયકુમાર મરીને સ્વર્ગમાં જવાના. શ્રેણિક મરીને નરકે જવાના. રાણીઓ કહે છે કે મરીને સ્વર્ગમાં જવાના. પુત્રો કહે મરીને

નરકમાં જવાના. એક ભાણામાં બેસીને ખાતા હોય. .. પછી ભાણું-ભાણું સમજ્યાને? મોટો થાળ હોય. આ ટેબલ ઉપર બેસે. પણ ઓલું તો એક જ વાસણ મોટું. સોનાનો, હીરોના થાળ મોટો હોય મોટો. એક ખુણે આ ખાય અને બાપ એક ખુણે આ ખાય. એવો થાળ મોટો હોં! બે-ત્રણ આખો થાળ. એ થાળ મોટો હોય. એના એ થાળમાં એક ખુણામાં દીકરો ખાય, એક ખુણામાં બાયડી ખાય અને એક ખુણામાં પોતે ખાય એક થાળમાં. હવે એક મરીને નરકે જાય અને એક મરીને ઢોરમાં જાય અને એક મરીને એકેન્દ્રિય લીલોતરી થાય. આ શું છે? આહા..હા..! સમજાણું કાંઈ? અહીં કહે છે કે ભગવાન તારો સ્વભાવ એવો છે કે એ સારા નિમિત્તો મળે અને તે વખતે જાણે સંસ્કાર પડ્યા એવો એક ધર્મ ગણવામાં આવે છે. સમજાણું કાંઈ? દૈવ નય પછી આવશે. .. જુદો ધર્મ.

હવે આવ્યો ૩૦મો ધર્મ. આ મોટા વાંધાવાળો ધર્મ. શું કહે છે? કે ભગવાન આત્મા અનંત-અનંત જ્ઞાન, દર્શન, આનંદનો કંદ પ્રભુ છે. એ કહે છે કે એવો એક એનો ધર્મ ગણવામાં આવ્યો કે જે સમયે તેની મુક્તિ થશે તે સમયે થશે. આડા-અવળા કાળે થશે નહિ. શોભાલાલજી! શું કહ્યું જુઓ, **'આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે...'** જે સમયે તેને કેવળજ્ઞાન થવાનું, જે સમયે સિદ્ધદશા થવાની તે જ સમયે સિદ્ધ દશા થાય, તે જ સમયે થશે એવો એનો એક ધર્મ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! પણ એનું રહેવાનું ક્યાં છે? એ કાળનયે મુક્તિ થશે તે સમયે એવો એક ધર્મ છે, પણ એ દ્વારા જોવું છે શુદ્ધ ચૈતન્યદ્રવ્યને. કહો, સમજાય છે કાંઈ? એને કાળનયે આ સમયે થાશે માટે પર્યાયને એક ધર્મે જોવી છે, એક નયે ધર્મને ભલે જોવે, પણ એ જોતા પણ અંતર શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે ત્યાં નજર જવી જોઈએ. એવું અટપટું છે. સમજાણું કાંઈ? શેઠ!

વસ્તુ ભગવાન આત્મા એવી ચીજ છે કે તેને કાળનયે જેની સિદ્ધિ એટલે મુક્તિ **'સમય પર આધાર રાખે છે એવું છે...'** સમજાણું? એ સિદ્ધિ એટલે પ્રાપ્તિ. કોઈપણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, ચારિત્રની પ્રાપ્તિ, સિદ્ધિની પ્રાપ્તિ તે કાળે પ્રાપ્ત થાય તેવો એનો એક ધર્મ છે. સમજાણું કાંઈ? પછી આમાં પુરુષાર્થ કરવાનો ક્યાં રહ્યો? વળી એમ માણસ કહે. આ તો કાળનયે મુક્તિ થશે. આ તો ક્રમબદ્ધમાં આવી ગયું. છે કે નહિ એમાં? જુઓને આ? એય..! ..ભાઈ! આ તો કાળનયે મુક્તિ થાશે. એક સમયે છે બધું. આઘું-પાછું છે નહિ. આ તો એક એવો ધર્મ છે કે જે સમયે જે એનો સમય છે સમ્યગ્દર્શનનો, જે સમય પ્રાપ્તિનો કેવળજ્ઞાનનો, જે સમયે પ્રાપ્ત ચારિત્રનો, જે સમયે પ્રાપ્ત શુક્લધ્યાનનો, શુદ્ધિની પ્રાપ્તિનો સમય છે તે જ સમયને આધારે તે પ્રગટ થાય છે. પણ એવો એક ધર્મ ગણવામાં આવતા, એક જ્ઞાનના અંશનો એક ધર્મ જેને લક્ષમાં રાખે છતાં લક્ષમાં રાખીને જોવું છે દ્રવ્ય ઉપર. સમજાણું કાંઈ?

જેનામાં ધર્મ છે એવો જે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એવી દૃષ્ટિ કરતાં એને શુદ્ધ

ચૈતન્ય જ જ્ઞાનમાં આવે છે. એવો પર્યાયનો એક સમય લક્ષમાં રહે. સમજાય છે કાંઈ? જે સમયે થવાની શુદ્ધિથી થાય. એ લક્ષ રહે, પણ એનાથી લક્ષ છોડીને પાછું દ્રવ્ય તરફ જાય તો એ લક્ષ આખું કહેવાય. જરી આ નયો બહુ ઝીણા છે એટલે મૂકી દીધું હતું. સમજાણું કાંઈ? ત્યારે કહે, એવો એક એનો ધર્મ છે, પણ એ ધર્મ કોણ જાણે છે? સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાની. પણ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની થયો છે એ આમ જાણે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો દ્રવ્ય ઉપર છે, પણ આ તો જાણેલો છે, સમ્યગ્દૃષ્ટિ છે એ આ ધર્મને જાણે છે. અજ્ઞાનીને ધર્મની ખબર નથી. સમજાણું કાંઈ? માળે આવો ધર્મ કેવો? એ મહાપુરુષાર્થ છે એમાં. જે કાળે થશે તે જ કાળે એમ લક્ષ રહેતા છતાં એની દૃષ્ટિમાં પુરુષાર્થ તો સ્વભાવ ઉપર છે. સ્વભાવ તરફ છે એનું જે જ્ઞાન થાય એ જ જ્ઞાનમાં આ સમયે થાય એવું એક બીજું જ્ઞાન થાય. વીતરાગ માર્ગને સમજવો ભાઈ! અનંતકાળે એને ખ્યાલમાં લીધો જ નથી. એમ ને એમ પોતાની કલ્પનાએ માન્યું છે. ધર્મને નામે કલ્પના કરી છે, પણ તત્ત્વ સમજાણું નથી.

અહીં તો કહે છે, ભગવાન પરમેશ્વરના પ્રવચનનો સાર છે આ. વીતરાગની વાણી ત્રિલોકનાથના મુખમાંથી નીકળી સો ઈન્દ્રની સમક્ષ, એ વાણીમાં આ આવ્યું છે કે જેને સમ્યગ્જ્ઞાન થયું છે, સમ્યગ્દર્શન થયું છે એ આવા અનંત ધર્મને ભાવશ્રુતજ્ઞાન દ્વારા એક સાથે જાણે છે અને એક-એક નયથી, એક-એક ધર્મને જાણતા પણ તે દ્રવ્યને જોવે છે. આ યાદ પણ રહે નહિ આ ભારે. ઘરે કહે કે શું તમે સાંભળીને આવ્યા? કાંઈક કહેતા હતા હવે. શેઠ! બીડીયું હોય કાંઈ બાળબીડીનું હોય તો તરત સમજાય લ્યો ૫૦ હજારની થપ્પી એક મહિનામાં, એક દિ'માં. એક દિ'માં લાખ, બે લાખની થપ્પી. આનું આમ થયું. આનું આમ થયું. તરત આમ નજરે. .. તો હવે અગમની વાતું.

મુમુક્ષુ :- .. બધાને જાણે.

ઉત્તર :- ... જાણે એનો પ્રમેય સ્વભાવ છે. જાણ્યા વિના રહે નહિ એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એને અંતરનો વિશ્વાસ નથીને. આ ભગવાન આખો પરમાત્મા છું. એ વર્તમાન પ્રગટ અવસ્થા પણ એક અવસ્થા તો એક સમયની છે, ભલે અનંતગુણની હોય પ્રગટ, પણ આખું તત્ત્વ જે છે અસ્તિરૂપે ધ્રુવ, એ તો એક સમયની પર્યાયની પાછળ આખો કંદ પડ્યો છે મોટો. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શ્રુતજ્ઞાન પ્રમાણનો અંશ છે, પણ પ્રમાણ અંશમાં એક-એક ધર્મને જોતું એક નય, એને પણ જોતા આખા દ્રવ્યને જોવે છે અને શ્રુતજ્ઞાન આખું પ્રમાણ થયું આટલા અનંતા ધર્મવાળો એક દ્રવ્યને જોવે છે. એક દ્રવ્યને જોવે. એ પ્રમાણ એ તો છે શ્રુતજ્ઞાન

પ્રમાણ. બધા ધર્મો.. શ્રુતજ્ઞાન પ્રમાણ. સમજાણું કાંઈ? આ જુઓને જે કાળે થાશે તો પછી આમાં.. આવે છેને? તકરાર બહુ લે છે આ લોકો. ઓલું તત્ત્વાર્થરાજવાર્તિકમાં. કાળે મોક્ષ ના પાડે છે તત્ત્વાર્થરાજવાર્તિક. અરે..! એમ ના નથી પાડતા સાંભળ તો ખરો. બહુ ચર્ચા આવે છે. ખબર વિના બિચારા માણસો માથે લે. સાંભળનારને ખબર ન મળે. એથી એ પણ બેસે. જી હા... જી હા... કરે. ખબર શું પડે? દશ બોઘડા, દશ બોઘડી, દશ બોઘડાના બચ્ચા, ઓલો મારે ગપ્પા, ઓલા કહે સચ્ચા. ખબર ન મળે કાંઈ. એય..! શેઠ! એ તો ચાલતું રહે? ડાલચંદજી!

અહીં કહે છે કે ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! આખા પ્રવચન સિદ્ધાંતનો સાર અને એવું જે ભાવશ્રુતજ્ઞાન પ્રગટ્યું છે, સમ્યગ્દર્શન થયું છે, એ જીવ જે સમયે મુક્તિ થશે તેવો એક ધર્મ મારામાં છે (એમ) એ જ્ઞાની જાણે છે. કેમકે એને દ્રવ્યની દૃષ્ટિમાં દ્રવ્યધર્મને પણ એણે સ્વીકાર્યો છે. આહા..હા..! .. દ્રવ્યધર્મ પહેલો લીધો હતો. પહેલો નય છે. દ્રવ્ય એટલે આખી ચીજ, વસ્તુ, ધ્રુવ ચૈતન્યમૂર્તિ. આહા..હા..! શું હશે? અંદર મોટો પડદો પડ્યો છે. પર્યાયને પડદે આખું દ્રવ્ય પડ્યું છે. પડદો ચીરીને અંતર જો તને ખબર પડે કે આ શું ચીજ છે? આહા..હા..! સમજાણું કાંઈ?

અરીસાનો પાછલો ભાગ હોય અને આમ જોવે તો દેખાય કાંઈ? અરીસો પણ ન દેખાય અને મોઢું ન દેખાય પાછલા ભાગમાં. ફેરવી નાખે તો? બધું દેખાય. એમ એક સમયની અવસ્થાની દૃષ્ટિએ જોવે તો કાંઈ નહિ દેખાય આત્મા. એ પર્યાયનું જ્ઞાન પણ સાચું નહિ થાય. સમજાણું કાંઈ? કહો, શોભાલાલજી બરાબર છે કે નહિ દૃષ્ટાંત? અરીસો હોય ને અરીસો? એમ કહે છે કે ભાઈ! તને નજર તો કર. એક સમયની એક ધર્મદશા છે એને જોતાં તો એનું પણ સાચું જ્ઞાન નહિ થાય અને આ દ્રવ્યનું પણ નહિ થાય. સમજાય છે કાંઈ? પણ અનંત ધર્મનો ધરનાર એવો જે દ્રવ્ય, તેનો એક-એક ધર્મ આવો છે એવું જ્ઞાન સમ્યગ્જ્ઞાનીએ, સમ્યગ્જ્ઞાનીએ દ્રવ્યને જોયું છે, જાણ્યું છે. એમાં એક આવો ધર્મ કાળે થશે એવો ધર્મ પણ સમ્યગ્જ્ઞાનમાં જણાય છે. આહા..હા..! ભારે વાત! સમજાણું કાંઈ? આ તો મોક્ષના મારગડા છે, ભાઈ! જેના ફળ અનંત આનંદ છે. આ તો ચાર ગતિના દુઃખ તો હેરાન થશે, મરી જશે. ભાન નથી તો જ્યાં હોય ત્યાં સુખ માનીને કલ્પીને બેસી ગયો. ધૂળમાં ને શરીરમાં ને બાયડી ને છોકરા. સ્વર્ગ મળ્યું ત્યાં ધૂળ મળી, સુખી. મૂઢ થઈને દુઃખી છે એને સુખ કરીને માન્યું .. કરી શકે? સમજાણું? આહા..હા..!

કહે છે કે આ પ્રમાણે જાણવું જોશે તારે. આ જાણ્યા વિના, એ પરથી દૃષ્ટિ ફેરવ્યા વિના સ્વનું જ્ઞાન, એકેય ધર્મનું સાચું જ્ઞાન થશે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? અને સાચા જ્ઞાન વિના સત્‌નો ધર્મ પ્રગટ થાય નહિ. આહા..હા..! અને સત્‌નો ધર્મ પ્રગટ્યા વિના અસત્‌નો નાશ થાય નહિ. એમ વાત છે પણ હવે ... ભાઈ! શું કહેતા હતા ત્યાં? ઓલી

બાયું પૂછે. કાંઈક કહેતા હતા કે કાળે થાશે ને આમ થાશે, એ દ્રવ્યને જાણે, એ પર્યાયને પણ જાણે, પર્યાયમાં એ જ કાળે મોક્ષ થાય એવો ધર્મ છે. મૂળ ચીજનો અભ્યાસ ન મળેને. જગતના બીજા કુવિદ્યાના અભ્યાસ બધા. આ શાસ્ત્રનો એકલો અભ્યાસ એ પણ કુવિદ્યા છે એમ લખે છે. કારણ કે એ પરનો અભ્યાસ-પરસત્તાવલંબી જ્ઞાન એ સાચું જ્ઞાન ક્યાં છે? જે વસ્તુ ભગવાન આત્મા મધ્યબિંદુમાં સર્વજ્ઞ પદ પડ્યું છે. આત્માના દરિયાના મધ્યબિંદુમાંથી ભરતી આવે છે. દરિયામાં ભરતી ક્યાંથી આવે છે? માથે ૧૧૮ તડકો હોય ૧૧૮ ડિગ્રીનો, છતાં જ્યારે ભરતીનો કાળ છે ત્યારે મધ્યબિંદુમાંથી ઉછળીને ભરતી આવે છે. એને ૧૧૮ ડિગ્રી તડકો રોકી શકે નહિ. અને જ્યારે ઓટ હોય ત્યારે હજાર નદીના પાણી અને ૨૪ કલાકમાં ૨૫-૫૦ ઈંચ (વરસાદ) એક સાથે આવ્યો હોય તો ઓટની એ પાણી ભરતી કરી શકે એમ ત્રણ કાળમાં બને નહિ. જુઓને આ એક ફેરી નહિ ૨૪ કલાકમાં કેટલા ઈંચ આવ્યો હતો? પોરબંદર. એક ફેરી ૨૫ ઈંચ વરસાદ આવ્યો એમ કાંઈક હતું. ૨૪ કલાકમાં ૨૬ ઈંચ. .. એ બધું પાણી દરિયામાં પડ્યું. નદીના ધોધ પડ્યા દરિયામાં, પણ જ્યારે ઓટનો કાળ હોય ત્યારે એ પાણી ભરતી ન લાવી શકે. એમ ભગવાન આત્માના મધ્યબિંદુમાં આનંદ અને પૂર્ણ જ્ઞાન પડ્યું છે. એની નજરું કર્યા વિના પર્યાયમાં-અવસ્થામાં સમ્યગ્જ્ઞાન આવશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પાંચ ઈન્દ્રિયો અને મનથી ભણી-ભણીને આમ કર્યું હોય. કહે છે કે એથી ભરતી ન આવે.

મુમુક્ષુ :- રૂપિયાથી..

ઉત્તર :- ધૂળમાંય રૂપિયા ક્યાં એના બાપના હતા? એના ક્યાં હતા? એના બાપના તો ઠીક. એય..! ભગવાનભાઈ! ભગવાનદાસજી! આહા..હા..! એ તો દાખલો આપ્યો નહિ પહેલા? એ દાખલો અમૃતચંદ્રાચાર્યનો. એમ કે દરિયામાં મોટા ડુંગરા ઉઠે આમ. ઓહો..હો..! માળ, બે માળ, ત્રણ માળ જેટલા. એ બીજે ક્ષણે .. જળ... એમ બધા કરોડો અને લાખો રૂપિયાના ઢગલા દેખાય એ એક ક્ષણે ધૂળ થઈને ઉડી જશે. એ તો ચંચળ કલ્લોલ છે. ચંચળ કલ્લોલ છે. કલ્લોલ ઉઠે મોટા પર્વત જેવું. આની સાથે .. થઈ ગઈ લ્યો! ચંચળ કલ્લોલ છે. સમજાય છે? અને આ બધો પર્યાયનો સમૂહ સપના જેવો છે. સપના જેવું છે. ફૂ થઈને ક્યાંય ચાલ્યું જશે. કોના બાયડી? કોના છોકરા? કોના મકાન? કોની આબરૂ? લ્યો! ભગવાનભાઈ! આ તમે બુંદેલખંડના બાદશાહ કહેવાય. કહેવાય છે હોં. ધૂળેય નથી ત્યાં. કહેવાય છે, લોકો કહે છે. આ તો સાંભળેલી વાત કરીએ છીએ. આપણે ક્યાં જોવા ગયા છીએ? ... એના મકાનમાં જ ઉતર્યા હતા. મેડીમાં નહિ મેડી? લોકો વાતું કરે. બે ભાઈઓ મોટા આવે છે ને તેવા છે. ... આ શરીર પણ એનું નથી પછી આ શરીરને કારણે આત્મા આવડો છે એ ક્યાંથી કહેવો? આ તો માટી છે, ધૂળ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, કહે છે કે સમ્યગ્જ્ઞાન જ્યાં થયું સ્વભાવની સન્મુખ થઈને, પર્યાયબુદ્ધિ

ટળીને, રાગ અને નિમિત્ત ઉપરના રુચિનો ભાવ ટળીને જ્ઞાયક ચિદાનંદ દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ ત્યારે પછી એનામાં કેટલા ધર્મો કઈ જાતના છે એનું તેને સાચું જ્ઞાન થાય. સમ્યગ્જ્ઞાની જ કાળે મોક્ષ થાય એમ માની શકે. એમ કહે છે ભાઈ! અજ્ઞાની માને? કારણ કે અજ્ઞાનીને ધર્મની પર્યાયની ખબર નથી, દ્રવ્યની ખબર નથી. આહા..હા..! સમજાણું? ..

લખે છેને એક ઠેકાણે નિહાલચંદભાઈ. નિહાલચંદભાઈ નહિ? કલકત્તાવાળા સોગાની એ દ્રવ્યદૃષ્ટિમાં લખે છે કે અમને તો કોઈ એમ કહે કે ક્રમબદ્ધે થાશે, એની યોગ્યતા હશે ત્યારે થાશે, કાળે થાશે. અમને ધ્રાસકો લાગે છે કે આ શું કહે છે? વસ્તુને સમજ્યા વિના દૃષ્ટિ.. ત્યાં વાત કરીને ઉભો છે એ તો અસત્ય વાત છે. પર્યાયબુદ્ધિ છે. કહો, શેઠ! તમને નહિ સમજાય એવું છે આ બધું. ૨૦૧ પત્રમાં છે. પત્ર નહિ બોલ. યોગ્યતા ક્રમબદ્ધને કાળે થશે. તે વાત જ્ઞાનીને જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ વિના એકલી વાતું કરે એ વાતનું જ્ઞાન સાચું એને નથી. સમજાણું કાંઈ? કહો, જેઠાભાઈ! પણ કાળનયમાં, છે તો એ ધર્મ એનો પોતાનો. કે જે સમયે મુક્તિ, જે સમયે સર્વજ્ઞપદ થશે તે સમયે જ થશે. પણ એ સમયનું જ્ઞાન કોને છે? શ્રુતજ્ઞાનીને. શ્રુતજ્ઞાનીની દૃષ્ટિનું જોર ક્યાં છે? કે દ્રવ્ય ઉપર. આહા..હા..! શું રચના કરી છે પણ આચાર્યે ગજબ કર્યું છે! ઓહો..હો..! સંતોએ, દિગંબર સંતોએ કેવળજ્ઞાનીના પેટ ખોલ્યા છે. આખું દ્રવ્યનું સ્વરૂપ ખડું કરી દીધું છે. જરી વિચાર અને ખ્યાલમાં લે તો ખબર પડે કે આ શું કહેવા માગે છે અને શું કઈ રીતે અંદર ભાવના એને વર્તે છે? એવો ભાવ એને ભાસન થાય ત્યારે ખબર પડે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો હજી એ પ્રમાણે કેમ નીકળ્યું છે સ્વતઃ. એ સ્વતઃ સ્વભાવ છે આત્મદ્રવ્ય. ભાઈ! તારા દ્રવ્યનો સ્વભાવ, વસ્તુને તેં જ્યારે જાણ્યો છે કે આ તો વસ્તુ ચૈતન્યમૂર્તિ છે. એવો એનો દ્રવ્યસ્વભાવ દ્રવ્યાર્થિકનયે. જે નયનું—જ્ઞાનના અંશનું પ્રયોજન ત્રિકાળી દ્રવ્યનું પ્રયોજન છે. એ ત્રિકાળી દ્રવ્યને જેણે લક્ષમાં લઈને જેને જ્ઞાન થયું છે તેને એ જ કાળે મુક્તિ થાય એવો એક ધર્મ પણ તેને બરાબર બેસે છે. કારણ કે પ્રમાણજ્ઞાન થયું તેને આ નયનું જ્ઞાન બેસે છે. સમજાણું કાંઈ? એ શબ્દ આવે છેને નહિ? કાંઈક ઓલા ધવલમાં આવે છે. નય, પ્રમાણ ... નયથી પ્રમાણનું કાર્ય થયું એ શબ્દ આવે છે. સમજાણું? નયનું કાર્ય પ્રમાણ છે એવો શબ્દ આવે છે. નયનું કાર્ય પ્રમાણ છે એમ આવે છે. સમજ્યાને? ધવલ અહીં છે? ધવલ. પહેલો ભાગ ધવલ. ... પહેલો ભાગ આવ્યો છેને ધવલનો. એમાં પહેલા પ્રસ્તાવનામાં છે જુઓ નય. આવા ૪૦ પુસ્તક છે. ૧૦-૧૦, ૧૨-૧૨ રૂપિયાનું એક-એક એવા ૪૦ પુસ્તક. ... ખ્યાલમાં આવી ગયું છે. જુઓ અર્થમાં છે. પ્રમાણ—નય—નય... પ્રમાણને કાર્ય છે તે.. એ લખ્યું હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. આડુઅવળું નહિ. એ તો કાર્ય છે. પ્રમાણનું કાર્ય નય છે, નયનું કાર્ય પ્રમાણ છે. કાર્ય શબ્દ છે. ..માં છે. ઓલામાં ન નીકળ્યું. મેં કાલે લખ્યું. ..માં ભાઈએ લખ્યું છે .. પાને લખ્યું છે. અર્થમાં લખ્યું છે નય? તદ્દન પહેલું. તદ્દન પહેલે પાને લખ્યું. આવ્યું? એ છે? નહિ.

અહીં તો શું કહેવું છે કે પ્રમાણજ્ઞાન થયું છે તેને નયનું જ્ઞાન સાચું હોય છે. સમજાણું કાંઈ? એમાં જ છે પહેલા ભાગમાં. ... શું કહે છે? કે આ આત્મદ્રવ્ય જે અનંતગુણનો પિંડ છે એની ધ્રુવદૃષ્ટિ થતાં, તેને આત્મધર્મની પર્યાય સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? અને એની સાથે ભાવશ્રુતજ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે. તો ભાવશ્રુત પ્રમાણ છે એ આખા આત્માને અનંતગુણનો... આ જે આયતન એ ગુણ છે ધર્મ. જે કાળે મુક્તિ થાય એવો પણ એક આત્મામાં ધર્મ સ્વતઃ ધર્મ છે. પરના કાળને લઈને કે એને લઈને નહિ. સમજાણું કાંઈ?

એ '**કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે...**' એટલે એની સામું જોવું એને? કયે સમયે મુક્તિ થાશે એની સામું જોવું? એની અહીં વાત જ નથી. અહીં તો સમ્યગ્જ્ઞાન થયેલું છે, એને સમ્યગ્દર્શન થયું છે, દ્રવ્યસ્વભાવનું ભાન છે, એને આ સમયે મુક્તિ, જે સમયે થવાની થાય એવો એક ધર્મ તે જ્ઞાનના એક નયે જાણે છે અને એવા અનંત ધર્મસહિતનો આત્મા તેને શ્રુતજ્ઞાન પ્રમાણ વડે જાણે છે. ભારે! સમજાણું કાંઈ? આ મોટા વાંધા છેને. કાળનયે છે અને પાછું અકાળનયે પણ મોક્ષ છે એમ કહ્યું છે આમાં? જુઓ, આમાં લખ્યું છે તરત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ બાજુને પાને અહીં છે. આ ઠેકાણે અહીં. આ નય કીધી. ... આ પુસ્તક...

શું કહ્યું સમજાણું કાંઈ? એમ કહે છે જુઓ, '**ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક.**' દાખલો આપ્યો. ઉનાળે આંબે કેરી સહજ પાકે. બરાબર છે? સમજાણું કાંઈ? ઉનાળો હોયને ઉનાળો? જ્યારે જેઠ મહીનો કહે, આંબે કેરી એની મેળાએ પાકે. એને કોઈ ઘાસમાં નાખવાની જરૂર પડે નહિ. એમ આત્માની મુક્તિની પર્યાયનો કાળ છે ત્યારે એની મુક્તિ થાય. એવું ધર્મનું જ્ઞાન, આત્માનું જ્ઞાન થયું છે તે આવાને જાણે છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને એની ખબર નથી. એના સ્થાને આ છે જુઓ, કેટલાક કહે છે, ઓલા નિયતિનયે અને અનિયતિનયે બેય કહ્યું છે ભગવાને. અને સોનગઢવાળા નિયતનયને માને છે અને અનિયતને માનતા નથી. અરે..! ભગવાન! હવે કાળ .. તો નિયતનયને માને છે કે અકાળે પણ અનિશ્ચિત થાય, આત્મામાં પર્યાય અનિશ્ચિત હોય. ઈ વાત જ ક્યાં છે અહીં? અહીં તો નિયતનયે નામ જે સમયની પર્યાય છે એ નિયતસ્વભાવ છે એમ કહેવું છે અને અનિયત પણ ભાવ છે એમ કહેવું છે. એની આડીઅવળી થાય એ પ્રશ્ન છે નહિ. .. સમજાણું?

લ્યો, અહીં પણ તકરાર છે. કે કાળનયે '**ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક.**' એના કાળે જ કેરી પાક પાકે. એને શું કહે ... એવો એક આત્મામાં જે સમયે મુક્તિ થવાની તે સમયે થાય એવો એક એમાં ધર્મ, જ્ઞાનીને જ્ઞાન થયું છે તે સમ્યગ્દષ્ટિ ધર્મ પ્રગટ્યો છે તે એમ જાણે છે. સમજાણું કાંઈ?

(૩૧) હવે અકાળ. '**આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી...**' લ્યો, આ વાંધા હવે આવ્યા.

મુમુક્ષુ :- કોકને આમ, કોકને આમ.

ઉત્તર :- કોકને આમ અને કોકને આમ એની વાત જ નથી. એ જ જીવને કાળ અને અકાળ એક સમયે લાગુ પડે છે. એને કોઈવાર એને મુક્તિનો કાળ અને કોઈ વખતે અકાળ એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી...**' હવે એકકોર કહે સમય પર આધાર રાખે છે અને બીજીકોર કહે સમય પર આધાર રાખતી નથી. એટલે? કે અનંત સંસાર તોડ્યો, અનંત કાળ પુરુષાર્થ કર્યો આમ જે કહેવામાં આવે છે એવી એક એમાં યોગ્યતા તે સમયે મુક્તિ થાય તે સમયે એવી એક યોગ્યતાનો ધર્મ ગણવામાં આવ્યો છે. સમય ફરતો નથી. '**अचिरात्**' કારણ આવે છેને? અલ્પકાળે મુક્તિ થઈ, પરિત સંસાર કર્યો. એવો જે ભાવ એને એક સમયમાં કાળે મુક્તિ થઈ તે જ સમયે એવો એક ભાવ ગણવામાં આવ્યો છે. બીજે સમયે બીજો અને પહેલે સમયે આ એમ નહિ. ઝીણી વાત છે, ભાઈ! આ તો સમ્યગ્જ્ઞાનનો વિષય અને સમ્યગ્જ્ઞાનનો શું શું ધર્મ છે... અલૌકિક વાતું. જૈન વીતરાગ સિવાય, પરમેશ્વર કેવળજ્ઞાની સિવાય આ વાત હોતી નથી. સમજાણું કાંઈ?

'**અકાળનયે...**' જુઓ, '**આત્મદ્રવ્ય...**' હોં પાછું આત્મદ્રવ્ય. એવું તે જે સમયે મુક્તિ થવાની તેવો તેનો એક ધર્મ છે એમ સમ્યગ્જ્ઞાની જાણે અને એ જ સમયે નથી એમ પરિત સંસાર કહેવામાં જે આવ્યો. છે તો એક સમય. એની એ પર્યાયને કાળે કીધી અને એની એ પર્યાયને અકાળે કીધી. સ્વભાવ પુરુષાર્થ અનંત સંસાર તોડી નાખ્યો, મિથ્યાત્વનો ભાવ જે અનંત સંસાર હતો એને કાપી નાખ્યો, મિથ્યાદષ્ટિ અનંત સંસારને વધારે છે એમ આવે છે કે નહિ? પ્રવચનસારમાં આવે છે. .. અનંત સંસારને તોડે છે એવી એક યોગ્યતા તે સમયે જીવમાં ગણી છે. સમય બીજો નથી. આ અનંતા ધર્મો એક સમયમાં એક સાથે સમ્યગ્જ્ઞાની જાણે છે. ઝીણું ભારે ભાઈ! ક્યાં હવે માથાકૂટ કરવા જાય? એ કરતા વ્રત પાળો, પૂજા કરો ને ભક્તિ કરો. ધૂળેય નથી તારા વ્રત પાળ અને પૂજા, ભક્તિ કરીને મરી જા. સુકાઈ જાય તોપણ એમાં ધર્મ છે નહિ. ધર્મચંદજી! છે? જુઓ આવ્યું. આ બાજુ છેને. સુધાર્યું છે જુઓ. સમજાણું? એમ છેને. ... પ્રમાણ જેનું કાર્ય છે એવી નય છે. સુધાર્યું છે. બરાબર

નથી. અર્થ કર્યો છે. નય કઈ? કે નય પ્રમાણનું કાર્ય. એમ પાઠમાં સુધાર્યું છે. પ્રમાણ જેનું કાર્ય છે એવો નય છે. નયનું કાર્ય પ્રમાણ છે. આ તો સુધાર્યું. ટીકામાં છે. ... નયના ભેદ અને જેટલા .. પરસમય. નયોમાં પ્રમાણતા કેમ સંભવે? નયના એક ધર્મમાં પ્રમાણતા કેમ સંભવે? એમાં પ્રમાણતા કેમ આવે? નહિ. કેમ? કે પ્રમાણ જેનું કાર્ય છે એવો નય છે. એ નયનું કાર્ય જ પ્રમાણ છે કહે છે. પ્રમાણ જેનું કાર્ય છે એવો નય છે એમ. સમજાણું?

અહીં તો નયપ્રમાણ જ્ઞાનવાળાને હોય છે અને નય છે એ નયથી પ્રમાણનું કાર્ય છે એમ. પ્રમાણ જેનું .. કાર્ય છે. નયનું પ્રમાણ કાર્ય છે. જુઓ, આ શબ્દ છે. ચેતનજી! આડોઅવળો શબ્દ ન ચાલે અહીં. જે હોય એ આવવું જોઈએને. .. એ તો વળી બીજી વાત થઈ. અહીં તો પ્રમાણ જેનું કાર્ય. જેનું. કોનું? નય. નયનું પ્રમાણ કાર્ય છે. એક અંશે એક ધર્મ જોયો એ બધા ધર્મને જાણે એવું નયનું કાર્ય છે, એમ કહે છે. અલૌકિક વાતું છે આ. .. ભગવાનની છેકની વાણી છે આ. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલી એ છેકની. આવા ૪૦ પુસ્તક છે. એક-એક દશ-દશ, બાર-બારનું એવા ૪૦. આ સમયસાર, પ્રવચનસારથી જુદી જાતના. આગમ છેક ભગવાનના મુખમાંથી આવેલા ધરસેનાચાર્ય દિગંબર હતા ગિરનારમાં ચંદ્ર ગુફાએ ત્યાં હતા. કુંદકુંદાચાર્ય થયા એને બે હજાર વર્ષ થયા. એના પહેલા ધરસેનાચાર્ય ત્યાં હતા. એને આ કંઠસ્થ ઘણું જ્ઞાન હતું. વૃદ્ધાવસ્થા .. બે સાધુને બોલાવ્યા મહાવીતરાગી મુનિઓને. પછી આ પુસ્તક જોઈને ત્યાં .. પૂર્ણાહૂતિ કરી. બહુ અલૌકિક વાત. પણ હવે તો જરી ધીરેથી એને સમજે અને સાંભળે તો. એવા ચોપડાના પાર ન મળે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેઠું નથી, વાત સાચી. આહા..હા..!

'પ્રમાણ જેનું કાર્ય છે એવી નય.' ભાઈ! એમ કીધુંને? પ્રમાણ જેનું કાર્ય છે. જોયું! નયનું કાર્ય છે. અંશનું આખું કાર્ય પ્રમાણ છે એમ કહે છે. એક અંશ ધર્મને જોનાર આખા પ્રમાણના વિષયને જોવે છે. આત્માના જે સમયે મુક્તિ થાય તે ધર્મને જોનાર આખા દ્રવ્યને જોઈને પ્રમાણ એનું કાર્ય કરે છે એમ કહે છે અહીં તો. આહા..હા..! હવે નય શું ને પ્રમાણ શું? કરવા દ્યોને ભાઈ જાત્રા. હવે ભગવાનની જાત્રા, કરી થઈ રહ્યું જાવ. અપવાસનું બહુ આવ્યું ઓલું. ચારોકોર અપવાસ. બાર વર્ષની છોડીએ આઠ અપવાસ કર્યા અને ફલાણાએ આટલા કર્યા. હવે અપવાસ કર્યો એમાં ધર્મ શું ધૂળ થયો? કાંઈ ધર્મ નથી. રાગની કોઈ મંદતા હોય, એમાં પાછું અભિમાન હોય, અમે જુઓ આટલા અપવાસ કરીએ છીએ. મિથ્યાત્વનું પોષણ છે. એને ખબર ન મળે શું થાય? આ .. આવ્યું છેને આ? બહુ ઘણી તપસ્યા અને આ તપસ્યા. મૂળ તો .. ઓલા ચંદ્રમાં છે. ... ચંદ્ર ઉપર ગયો નથી એમ કહે છે. એ . ઘણા બોલ નાખ્યા છે. પહેલા આવ્યું છે. ... એ ચંદ્રમા નથી ગયો, બીજે ગયો છે. એ સિદ્ધ કરવા માગે છે. ઘણીવાર પહેલા પણ આવી ગયું છે.

હવે ઈ કહે છે કે અમે અહીં ગયા. પણ એ ક્યાં ગયા છે? એ નક્કી કરો. શાસ્ત્ર કહે છે એ તો શાસ્ત્ર પ્રમાણે બરાબર કહે છે. પણ કઈ અપેક્ષાએ છે એ આપણે ન સમજી શકીએ, એની ટીકા કરાય? જુવાનીયા અત્યારે જુવાનીયા ન માને કોઈ. .. તો બીજે જ ઉતર્યું છે, બીજે જ ઉતર્યું બધે એમ કહે. બીજો ઉપાય નથી એનો કહેવાનો. છોડી શકતા નથી. અનંત જ્ઞાની આમ સીધા જઈને... ગયા અને પાછા ... ઉતર્યા છે. એ તો .. સુધી ગયા એમ કહે. .. નીચે ઉતરી જાય. એમ એવું હોય તો બધા કેટલાક શું કહેવાય? ..શું કહેવાય? ..બાયું કરેને. ... વાંચ્યું છેને એ. કાંઈ બધા ખોટા? ... ... અમેરિકાની વિરુદ્ધ રશિયા હતા. .. આપણને મેળવી શકાય એમ શાસ્ત્ર પ્રમાણ માટે એવી ચીજને... સમજાણું કાંઈ? શાસ્ત્ર તો યથાર્થ કહે છે. શાસ્ત્રમાં જે કહ્યું છે એ અપેક્ષાએ બરાબર છે. પોતે ન મેળવી શકે એની માટે આ .. છે જ નહિ.

અહીં તો કહે છે કે હવે અહીં ઉતરને આત્મામાં? બહારનું શું કામ છે તારે? મોટો ભગવાન ચંદ્ર બિરાજે છે શીતળ છાયા અંદર આનંદકંદ એને જોને. બધો તને ખુલાસો થઈ જશે. શંકા શેની તને પડે છે? આહા..હા..! અહીં કહે છે કે જે સમયમાં મુક્તિ થાય એ જ દ્રવ્યમાં અકાળે પણ શુદ્ધિ થાય એમ પાઠ છે જુઓ. પણ એનો એ, સમય તો એનો એ છે. એને એ સમયમાં અનંત સંસાર તોડ્યો એમ કહેવામાં આવે છે એવી એક અપેક્ષા તે સમયના તે ધર્મની ગણવામાં આવી. કહો, સમજાણું કાંઈ? આ તો હમણા થોડા માણસ હોય એટલે બધું આવે હળવે-હળવે આવું. ઝાઝા માણસમાં ન ચાલે આ.

**'આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે, કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.'** લ્યો આ આંબાથી ઉતારીને ઘાસ નથી નાખતા? ઘાસ નાખીને પકવે છેને? એ તો પાકવાનો સમય એનો હતો. સમય બીજો નહોતો, પણ એને આ અપેક્ષાએ થઈ એટલે એવો એક ધર્મ ગણવામાં આવ્યો છે. બાકી એ જ સમયે પાકવાની હતી. સમજાય છે કાંઈ? બહારને કારણે પાકી છે એમ છે નહિ, પણ બહારના નિમિત્તથી આવું થયું એવો એક વ્યવહાર ગણવામાં આવે છે, એવો એક ધર્મ ગણવામાં આવ્યો છે. આડીઅવળી કેરી પાકે એની વાત છે નહિ અને પરને લઈને પાકે એમ પણ છે નહિ. એવો ભગવાન આત્મા જે કાળે મુક્તિ થાય તે જ કાળે અનંત સંસારને તોડી નાખ્યો એવો જે વ્યવહાર છે એવો એક ધર્મ ગણવામાં આવ્યો. એ સમ્યગ્જ્ઞાની એક સમયના બે નયના ધર્મને એક સાથે જોવે છે. આહા..હા..! કોક વખતે કાળે થાય અને કોઈને અકાળે થાય (એમ નથી). એ જ જીવને કાળે થાય અને એ જ જીવને અકાળે થાય એમ છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૬, શુક્રવાર, તા. ૧૭.૧૦.૧૯૬૯**
**નય-૩૧ થી ૩૪, પ્રવચન-૨૭૧**

આ પ્રવચનસાર. નયનો અધિકાર ચાલે છે. ૩૧ નય થઈ. અકાળનય આવ્યુંને? આત્મામા અનંત ધર્મ એટલે ભાવ છે. દ્રવ્યસ્વભાવભાવ, ગુણસ્વભાવભાવ, પર્યાયસ્વભાવભાવ. એવા અનંતા ધર્મો આત્મામાં છે. એને એક-એક ધર્મને જોવા માટે એક નય છે. એક નય એક ધર્મને જોવે છતાં આખા આત્માને દેખે છે. એક ધર્મ જાણ્યો, આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્ય છું એને જોવે એનું નામ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન કહેવાય છે. અને આખા આત્માના અનંત ગુણધર્મને એક સાથે ભાવશ્રુતજ્ઞાન જાણે તેને પ્રમાણજ્ઞાન કહે છે. બેય ધર્મ સમ્યગ્જ્ઞાનની વાત છે આ. આત્મામાં રાગથી પૃથક્ એવો આત્મા ધ્રુવસ્વભાવ ઉપર દૃષ્ટિ આપતા, ધ્રુવમાં એકાગ્ર થતાં જે સમ્યગ્દર્શન પ્રગટ થાય, એ સમ્યગ્દર્શનની સાથે જે સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય એ સમ્યગ્જ્ઞાન આવા અનંત ધર્મને એક સાથે જાણે છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન પામવાની રીત તો જે છે ઈ છે. સમજાણું કાંઈ? નિમિત્તથી કે રાગથી કે પર્યાયબુદ્ધિથી સમ્યગ્દર્શન થાય જ નહિ કોઈ દિ'. વસ્તુ જે ચિદ્ઘન આનંદકંદ સ્વભાવભાવ, સામાન્ય સ્વભાવ છે, ધ્રુવસ્વભાવ છે એનું લક્ષ અને એનો આશ્રય કરતા સમ્યગ્દર્શન થાય. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' એ ૧૧મી ગાથા. ત્રિકાળ. રાગ પણ નહિ અને એક સમયની પર્યાય પણ અભૂતાર્થ છે. અભૂતાર્થ એટલે ત્રિકાળી ચીજ નથી. ત્રિકાળી વસ્તુ ધ્રુવ ચૈતન્ય સ્વભાવ, ચૈતન્યદળ જેમાં એક સમયની પર્યાયને પ્રવેશ નથી એવા આત્મદ્રવ્યના દળને અંતર અનુભવમાં, પ્રતીતમાં લેવો એનું નામ સમ્યગ્દર્શન છે અને એ સમ્યગ્દર્શનની સાથે જે સમ્યગ્જ્ઞાન થયું એમાં એક-એક ધર્મને જોવાના ભાગને નય કહે છે અને બધા ધર્મોને એક સાથે જોનારને શ્રુતજ્ઞાન પ્રમાણ કહે છે. ઝીણો છે આ અધિકાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરથી જાણે એ તો ભલે ન જાણે, પણ અહીં તો પોતાને જાણે એ વાત લેવી છે. પોતામાં સ્વપર પ્રકાશક શક્તિ છે એમાં પર જણાય એ તો પોતાનું જ્ઞાન છે. એ કોઈ પરનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે આ આત્મદ્રવ્ય વસ્તુ જે છે, એમાં અનંતભાવ સ્વભાવરૂપ ધર્મો છે એ માહ્યલા ૪૭ ધર્મની વ્યાખ્યા ચાલે છે. કે સમ્યગ્જ્ઞાનીને આ ધર્મની પ્રતીતનું જ્ઞાન હોય છે. અજ્ઞાનીને નહિ. પછી કાળે મોક્ષ થાય એવો જે એનો ધર્મ છે એ પણ સમ્યગ્જ્ઞાની એને જાણે છે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! ઝીણું ભારે બહુ. પણ થોડું ... બધા .. આવેને પછી અહીંયાં કરવું-કરવું કઠણ આવી જાય તો? એય..! શેઠ! બેય શેઠિયા આવ્યા

હતા. હળવું કહો કે આકરું કહો આ છે. નવનીતભાઈ! ... ઘણી રુચિ છે એને. એ.. બધી વાત આ. પહેલી સમજણમાં તો નક્કી કરવું પડશે કે નહિ એને?

આ વસ્તુ છે પૂર્ણ શુદ્ધ ચૈતન્ય સત્ અને એનો સત્ત્વ જે સ્વભાવ કાયમી ધ્રુવ, એના ઉપર દૃષ્ટિ મૂકતા જે નિર્વિકલ્પ નિર્ણય સમ્યગ્દર્શન થાય એ મુક્તિનો માર્ગ ત્યાંથી શરૂ થાય છે. લાખ ક્રિયાકાંડ કરે, ... કરે એનાથી મોક્ષમાર્ગ શરૂ થતો નથી. અને એ સમ્યગ્દર્શનની સાથે જે સમ્યગ્જ્ઞાન થયું, એને એ રીતે થયું કે સમ્યગ્દર્શન કારણ અને સમ્યગ્જ્ઞાન કાર્ય. એમ થયું, પણ સાથે થયા છતાં કાર્ય-કારણ કહેવાય છે. સમજાય છે? એ જ્ઞાનમાં-ભાવશ્રુતજ્ઞાનમાં આત્મામાં જેટલા ધર્મો છે તે બધા ભાવશ્રુતજ્ઞાને એક સાથે જાણે છે. જ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ એને એવો એક આત્મામાં ધર્મ છે તે જાણે છે કે જે સમયે મોક્ષ થવાનો તે સમયે થશે, જે સમયે ચારિત્રની પર્યાય થવાની તે સમયે થશે. એવો એક એનો ધર્મ છે એ સમ્યગ્દૃષ્ટિ સમ્યગ્જ્ઞાનમાં આ રીતે નયથી જાણે તે આખા દ્રવ્યને લક્ષ કરે અને પ્રમાણથી જાણે તોપણ આખા દ્રવ્યને જાણે છે. સમજાણું કાંઈ?

એ કાળે અને અકાળનયે. હવે કાળ અને અકાળ કાંઈ સમયભેદ નથી. મુક્તિ અને કેવળજ્ઞાન કે ચારિત્રદશા થાય એ જ્ઞાની જાણે છે કે તે સમયનો કાળ હશે ત્યારે થશે, પણ એની દૃષ્ટિ એક સમયના ધર્મ ઉપર નથી. સમજાય છે કાંઈ? દૃષ્ટિ તો અનંત ધર્મનો ધરનાર દ્રવ્ય છે તેના ઉપર દૃષ્ટિ છે. ત્યારે તેને કાળે તે મોક્ષ થાય એવા ધર્મનું જ્ઞાન ત્યારે સાચું થાય છે. સમજાય છે કાંઈ? આ કાળલબ્ધિ કહે છેને? ભાઈ! કાળલબ્ધિએ મોક્ષ થાય. પણ એ કાળલબ્ધિનું જ્ઞાન કોને હોય? સમજાય છે કાંઈ? કે જેને સ્વદ્રવ્ય ચૈતન્યમૂર્તિનું જ્ઞાન થયું છે એને કાળલબ્ધિની પર્યાયનું જ્ઞાન એને સાચું હોઈ શકે છે. ભારે વાતું! આમાં કાંઈ વ્રત-તપ કરીને થાય એવું એમાં હશે કે નહિ કાંઈ? વ્રત એટલે વસ્તુસ્વરૂપ છે તેમાં વીંટાઈ જાવું. ઈચ્છાનો અભાવ કરીને અમૃતસાગરને અંદરમાંથી ઉછાળવો એનું નામ તપ અને વ્રત કહેવામાં આવે છે. ભારે!

અહીં કહે છે કાળ અને અકાળ બે સામે-સામે છેને? તો કાંઈ નિર્ણય ખરો જૈનદર્શનમાં? કે કાળે થાય અને અકાળે પણ થાય એટલે કાંઈ મેળ નહિ. કોકને કાળે અને કોકને અકાળે અથવા એ જીવને કોઈ વખતે કાળે થાય કાંઈક લાભ અને કોઈ વખતે અકાળે થાય એમ હશે? એ તો જે સમયે થવાનું તે જ થવાનું છે એવું સમ્યગ્જ્ઞાનીનું જ્ઞાન દ્રવ્યના જ્ઞાને તેનું જ્ઞાન એને સાચું જણાય છે. પ્રેમચંદજી! ભારે વાત! અને '**અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે,...**' એટલે? સમય તો તે જ છે, પણ એકદમ ઘાસમાં નાખીને કેરી પાકી એમ કહેવાય છેને? એવો એક ધર્મ ગણવામાં આવ્યો. ધર્મકાળે, કાળનયે અકાળે એક ધર્મ પુરુષાર્થથી સંસાર તોડ્યો, અનંત સંસાર કાપ્યો, પરિત સંસાર કર્યો એવું જે કહેવામાં આવે, એવો એક યોગ્યતાનો તે કાળે મોક્ષ થાય તે જ કાળે એવો એક ધર્મ

ગણવામાં આવ્યો છે. કાળ બીજો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- પુરુષાર્થ શેમાં ગયો?

ઉત્તર :- પુરુષાર્થ લાગ્યોને. હવે પછી આવશે. પુરુષાર્થ પછી આવશે. એ કાળે-અકાળે. અહીં તો કાળ-અકાળનું યથાર્થ જ્ઞાન કોને હોય છે એ જરી સિદ્ધ કરવું છે. એ કાળે થશે... કાળે થશે... પણ કાળે થશે એનું જ્ઞાન કોને? કાળે મોક્ષ થશે તો એક ધર્મ થયો. એ નયનું જ્ઞાન થયું. પણ એ નયજ્ઞાન પ્રમાણજ્ઞાન થયા વિના નયનું જ્ઞાન હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એટલે શું? કે આખું દ્રવ્ય અખંડ અભેદ છે એવું જ્ઞાન (થાય એને) એના એક સમયના પર્યાયથી જ મુક્તિ થશે એવું જ્ઞાન એને સાચું હોય. સમજાણું કાંઈ? પણ એનો તો પુરુષાર્થ સ્વભાવ સન્મુખ થઈ ગયો છે એને માટે કાળનું જ્ઞાન હોય એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અકાળે પણ એમ છે. છેને? '**આમ્રફળની માફક.**' લ્યો! '**પકવવામાં આવતા આમ્રફળની માફક.**' કેરી ઘાસમાં નાખે તો ઝટ પાકે, પણ એનો અર્થ એવો નથી કે એ સમયના કાળ પહેલા પાકી ગઈ. પાકે કોણ? નાખે કોણ? અને રાખે કોણ? એ તો પાકવાને કાળે પાકે ત્યારે આ ઘાસાદિ હતું એથી એનાથી પાક્યું એમ કહેવામાં આવ્યું. બાકી તો તે સમયે પાકવાનો એનો સમય છે. એ સમયફેર થતો નથી. આહા..હા..! ભારે વાત!

મુમુક્ષુ :- પુરુષાર્થ કરવાનો...

ઉત્તર :- કોનો પુરુષાર્થ ક્યાં? પરમાં પુરુષાર્થ શું કામ કરે?

મુમુક્ષુ :- ઘાસ મૂક્યું એ.

ઉત્તર :- ઘાસ કોણ મૂકે? જડને મૂકે કોણ? કહો, કેરી સરખી કરે કોણ? અહીં કેરી પડી હોય એને આમ કરે કોણ? એની સ્વતંત્ર એની પર્યાય છે. બીજો કરે કોણ? આંગળા વડે આમ ફેરવે? ત્રણ કાળમાં ફરે પરદ્રવ્ય? કેરી-કેરી-આમ. એવી સુગંધ એવી સુગંધ હોય. અમારે ઉમરાળામાં તો બહુ કેરી એવી આવે. ઉમરાળા નહિ? આંબા નજીક. કેરીની એવી સુગંધ એવી આમ. ટોપલો પડ્યો હોય તો સુગંધ આવે. નાની ઉંમરમાંથી અમે જોતા. તેર વર્ષની ઉંમરે ત્યાં હતાને એ વખતની ખબર. અમારા પિતાજી શોખીન બહુ. એ ... પણ ખાવા-પીવાના શોખીન ખુબ. છોકરા ન ખાય પણ એ ખાય. અમને ખબર છે તે વખતે હોં. ગૃહસ્થના દીકરા હતાને. સુંવાળું શરીર. અને કેરી પહેલી આવે ગમે તેવી મોંઘી હોય તો પહેલી એ પોતે લઈ આવે. પણ એ સુગંધ જ્યાં એ પડી હોય ત્યાં ખાતા હોય ત્યાં સુગંધ મારે કેરીની. એવી ઉંચી હોય. ઉમરાળામાં. તો એ પાકને કાળે પાકી હશે કે આડે અવળે પાકી હશે? કેરી પાકને કાળે પહેલામાં ગઈ, અકાળે બીજામાં આવ્યું. એ તો જે સમયે પાકે છેને બાપુ! એ જ સમયે પાકવાની. એનું કાર્ય કોઈ બીજો કરી દે અને બીજો કાળ ફરી જાય એવી વાત છે નહિ. એવી એક યોગ્યતા એનામાં ગણવામાં આવી કે ભાઈ આ અકાળે પાકી. અકાળે પાકી એમ આત્માનો અકાળે મોક્ષ થયો એમ એવી યોગ્યતા ગણવામાં

આવી. બાકી સમય તો તે જ છે. એ જ સમયમાં બે પ્રકારની અપેક્ષા છે. આહા..હા..! જીવ એક, સમય એક એની બે અપેક્ષાના ધર્મ ગણવામાં આવ્યા છે. વાંચે નહિ, વિચારે નહિ, આખું તત્ત્વ શું છે એના ઝઘડા ચાલે. આ કહ્યું છે જુઓ, ત્યાં કાળે મોક્ષ કીધો અને અકાળે કહ્યો, તમે એમ માનતા નથી. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! એ બે વાત કરી.

હવે આવ્યો **૩૨મો** ધર્મ. હવે પુરુષાર્થ આવ્યો. '**આત્મદ્રવ્ય પુરુષકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય છે...**' લ્યો! દેવીલાલજી! શું આવે છે? યત્નસાધ્ય ..આવે છે? કળશટીકામાં. યત્નસાધ્ય છે એ એક અપેક્ષા છે, યત્નસાધ્ય નથી એ બીજી અપેક્ષા છે. બેય ધર્મ એક સમયમાં રહે છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ એનો પ્રયત્ન કરતા અંદરમાં સમ્યગ્દર્શન થાય છે, મોક્ષ થાય છે, કેવળજ્ઞાન થાય છે. '**આત્મદ્રવ્ય પુરુષકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય છે...**' પુરુષાર્થમાં યત્નસાધ્ય જેની મુક્તિ છે. સમજાય છે કાંઈ? એ કળશમાં નાખ્યું છે રાજમલજીએ કે યત્નસાધ્ય નથી. વાંચ્યું છે ભીખાભાઈ? એ બધું લખ્યું છે. પુરુષાર્થથી થાય છે. બધું થાય, એમાં શું છે? આહા..હા..! ત્યાં તો કાળલબ્ધિને સિદ્ધ કરે છે, એક ધર્મ. તો એનું જ્ઞાન કોને થાય? સમજાણું કાંઈ? જેણે દ્રવ્યનું જ્ઞાન કર્યું છે તેને તે જ્ઞાન યત્નસાધ્ય નથી એમ થાય. યત્નસાધ્ય છે એનું જ્ઞાન થાય અને યત્નસાધ્ય નથી એવું પણ જ્ઞાન તેને સાચું થાય. એક સમયે બે વાત છે.

૪૭ નય, ૪૭ શક્તિ, અલિંગગ્રહણના ૨૦ બોલ બધા અલૌકિક છે. આહા..હા..! જૈનદર્શનનું માખણ છે. કહે છે કે એક '**આત્મદ્રવ્ય...**' વસ્તુ તો આત્મદ્રવ્ય.. પહેલો એનો શબ્દ પડ્યો છેને? કે વસ્તુ ભગવાન આત્મા '**પુરુષકારનયે...**' પુરુષાર્થ વડે '**જેની સિદ્ધિ યત્નસાધ્ય છે...**' એવું છે. કહો, દરેક જીવની પર્યાય પુરુષાર્થથી પ્રગટ છે. પુરુષાર્થ વિના ક્યો પર્યાય પ્રગટ થાય? પુરુષાર્થ વીર્યની સ્ફૂરણા વિના ક્યું પર્યાય પ્રગટ થાય? ઉલટા પુરુષાર્થમાં પણ વીર્ય તો એમાં છે. અને સુલટામાં પણ વીર્ય તો એમાં છે. વીર્ય વિના કોઈ પર્યાય હોઈ શકે નહિ. તો અહીં તો ધર્મનો પુરુષાર્થ છે. કોઈ લૌકિક પુરુષાર્થથી પૈસા મળે એ વાત અહીંયાં નથી. કહો, શેઠ! પુરુષાર્થ લૌકિક કરે અને પૈસા મળે એમ અહીંયાં નથી. ઓલા એમ કહે કે ભાઈ! ઘણો રાગ કરે એને પૈસા મળે. પૂર્વના પુણ્ય હોય તો પૈસા મળે નહિ એવો એક ભાગ છે જગતનો. એમ નથી. એ તો પૈસા મળવાના હોય ત્યારે એના શાતાનો ઉદય હોય ત્યારે મળે એવો સંયોગ થાય. એ લાવતો નથી. એને આવવાનો હોય પુરુષાર્થ ત્યારે એને શાતાનો ઉદય નિમિત્ત હોય, એનો પુરુષાર્થ પણ એને નિમિત્ત હોય. ઉપાદાન ન હોય. સમજાણું કાંઈ? એ યત્નસાધ્ય, પુરુષાર્થની ગરીબીમાંથી તવંગર થવું એ યત્નસાધ્ય છે એમ નથી. શોભાલાલજી! કેમ હશે આ? બધા ભેગા થઈને પુરુષાર્થથી કર્યું હશે?

મુમુક્ષુ :- ધ્યાન રાખે તો...

ઉત્તર :- ધ્યાન ધૂળમાં રાખે? ધ્યાન પોતાની પર્યાયમાં રહ્યું, પરમાં ક્યાં રહ્યું? સાવચેતી

રાખે. સાવચેતીની પર્યાય શેમાં અસ્તિપણે રહે? પોતાની પર્યાયમાં રહે. હવે એમાં પરમાં શું કરે ઈ? ધ્યાન બહુ રાખે તો આ બધા નોકરો ખાઈ ન જાય, નોકરો સચવાય, ફલાણું થાય, ઢીંકણું થાય એમ હશે? લ્યો! નિહાલભાઈએ પણ લખ્યું છે એક ઠેકાણે. નોકર ખાઈ ગયો, લઈ ગયો પછી વિચાર આવ્યો કે આ બધું જશે. એટલે વિકલ્પથી ત્યાં રોકાઈ ગયો. આવે છે કે નહિ? આવે છે. નોકર ઉઘરાણી કરીને પૈસા ખાઈ ગયો, લઈ ગયો. હવે આ તો બધું ઉડાડી દેશે નિહાલભાઈનું..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થાય, એ જાતનો વિકલ્પ આવે, પણ આવે એથી બહારમાં રોકી શકે અને રાખી શકે છે એમ નથી. આ તો એમ બરાબર છે. કે જેવો અંતર સ્વભાવ સન્મુખ થઈને યત્ન કરે ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને મોક્ષ થાય, થાય ને થાય. કહો, સમજાણું કાંઈ? એવી વાતું છે.

**'પુરુષકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય છે...'** લ્યો! પછી મુક્તિ, કેવળજ્ઞાન, શુક્લધ્યાન બધું લઈ લેવું. **'જેને પુરુષકારથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે...'** આ ઝાડ વાવે છેને? પુરુષાર્થથી .. ત્યાં ખેતરમાં બધે આખા લીંબુના ઝાડ. લીંબુના ઝાડ હોય અહીં લીંબુ બહુ પાકે છે. કહે છે કે **'જેને પુરુષકારથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે (ઊગે છે)...'** એટલે પુરુષાર્થથી આ ઉગાડે છે એમ કહેવાય છે. **'એવા પુરુષકારવાદીની માફક. (પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે, જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે તેમ.)'** પણ અહીં તો દૃષ્ટાંત આપે છે. એ પ્રયત્નથી લીંબુનું ઝાડ પ્રાપ્ત કર્યું એ તો વ્યવહારની વાત છે. અરે..! ભાઈ! એ લીંબુનું ઝાડ ઉગ્યું એ એના પ્રયત્નથી ઉગ્યું છે એમ નથી. એ પુરુષાર્થ નિમિત્ત હતો એટલું તો બતાવવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમ **'પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે તેમ.)'** .. ક્ષેત્ર નહિ. લીંબુ વાવ્યા. ઓહો..હો..! એક-એક ઝાડે હજારો લીંબુ. લીંબુનો એક દાણો વાવ્યો હોય. એમ આત્મામાં અનંતગુણનો પિંડ પ્રભુ એમાં પુરુષાર્થ એક સમયની પર્યાયનો. એ અનંતો પુરુષાર્થ જે અંદર છે એમાંથી એક સમયના પુરુષાર્થની એક ... આખા પુરુષાર્થને પ્રસિદ્ધ કરી દીધો. આખા આત્માને કબ્જે કરી લીધો. એવા પુરુષાર્થથી આત્માનું કાર્ય ધર્મનું થાય છે. ધર્મનું હોં! પૈસાનું અને કર્મનું નહિ. કહો, સમજાણું કાંઈ?

એની સામે હવે. આ તો પુરુષાર્થ તો મૂળ વસ્તુ છે. ઓલું કીધુંને ટોડરમલજીનું? કાળલબ્ધિમાં આવ્યું ત્યાં તો એ પુરુષાર્થ થયો એને પાંચેય સમવાય પાકી ગયો. એક કાર્ય પુરુષાર્થ કરે તેને સ્વભાવ, કાળ બધું પાંચેય સાથે હોય. ન કરે એને એકેય ન હોય. શું છે પણ? સમજાણું? નહિતર તો અમારે બહુ પુરુષાર્થ ચાલતું હતુંને પહેલું? પુરુષાર્થ કાંઈ કામ કરે નહિ, પુરુષાર્થ કાંઈ કામ કરે નહિ. અરે..! પુરુષાર્થ પોતાનું કામ કરે ત્યારે બધું સાથે હોય છે. કેમ ત્યાં

બેઠા? ...બે ને પાંચ થઈ અને આ બે જણા આવ્યા. હજી તો વાર છે અને આ વહેલા કેમ આવ્યા? પણ આ તો અઢી થયા આજે. સાચી વાત છે. આ શેઠીયા આવીને બેઠા હતાને એમાં બે ને પાંચ થઈ ગઈ. બે ને પાંચ થઈ ગઈ.

ભગવાન આત્મા... જેમ પુરુષાર્થ દ્વારા લીંબુનું ઝાડ પ્રાપ્ત કરે છે એ લૌકિકમાં કહેવાની રીત છે. એમ આ સાચી વાત છે. કે પુરુષાર્થ દ્વારા આત્માને ધર્મની પ્રાપ્તિ થાય છે. પુરુષાર્થ વિના એની મેળાએ થાતું નથી. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, પરમ આનંદ, શુક્લધ્યાન, કેવળજ્ઞાન, અનંત આનંદ એ પ્રગટ કરવામાં એનો પુરુષાર્થ ત્યાં કામ કરે છે. કહો, હવે એની સામે લીધું.

(૩૩) '**આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે...**' એ વાત ચાલી છે ભાઈ પંડિતજી સાથે. એમ કે એક લાડવો. લાડવો. લાડવો કહે છેને? લડ્ડુ. બંસીધરજી સાથે ચાલી હતી. એક લાડવો તૈયાર કરીને એકને આપ્યો અને એક લાડવા પોતે (રાખ્યો) બે તૈયાર કર્યા. એ પુરુષાર્થથી કર્યા. એક લાડવો પુરુષાર્થથી કર્યો અને ઓલાને આપ્યો તો ઓલાને પુરુષાર્થ વિના (મળ્યો). એ તો બે વાત થઈ ગઈ. એમ અહીં નથી. અહીં તો પુરુષાર્થ કરીને પ્રાપ્ત થાય એવો એક ધર્મ છે અને દૈવ એટલે કર્મ ખરે છે અને એની યોગ્યતા એને ગણવામાં આવી છે કે જુઓ કર્મ ખર્યું અને આ થયું, દર્શન(મોહ)નો નાશ થયો ને સમકિત થયું, ચારિત્રનો નાશ થયો ને ચારિત્ર થયું. એવી એક નિમિત્તની અપેક્ષાવાળો યોગ્યતાનો ધર્મ જે સમયે પુરુષાર્થથી કામ કરે છે, તે જ સમયે આ એક પર્યાય છે, તે સમયનો એક ધર્મ છે. આગળ-પાછળનો ધર્મ છે નહિ. સમજાણું કાંઈ? ભારે!

'**દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે (-યત્ન વિના થાય છે)...**' એટલે? '**પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી...**' એના બદલે લાડવાનો દાખલો આપ્યો છે ભાઈએ બંસીધરજીએ. એમ કે બે લાડવા એક માણસે તૈયાર કર્યા એ પુરુષાર્થથી કર્યા અને એકને દીધો. હું ખાઉં અને એ બેઠો તું પણ ખાય. ઓલાએ પુરુષાર્થ કર્યો નહોતો, પણ પોતે એને આપ્યો લાડવો. એમ એને દૈવથી મળ્યો. એમ એકને (પુરુષાર્થથી) મળ્યો અને એકને મળ્યો (દૈવથી) એમ નથી. એમ છે નહિ. અહીં તો એક જ આત્માની એક જ સમયની પર્યાયમાં બે ધર્મ ગણવામાં આવે છે. આહા..હા..! અઘરું કામ, કઠણ કામ ભારે! સમજાણું કાંઈ?

જુઓને, આ નાના-નાના છોકરાને સાંભળીને કેટલો વૈરાગ્ય થાય છે. જુઓ, આ નવીનનું સાંભળીને સવારમાં કેટલું થયું અંદર! આહા..હા..! ભાઈ! .. છેને. બ્લડપ્રેશર થઈ ગયું ૨૭ વર્ષની ઉંમર લ્યો. કેવું શરીર છે રૂપાળું લઠ જેવું. બહુ સાદો માણસ. બહુ થોડું બોલે. ... આ? કાલે સુધી તો કાંઈ નહિ. માળું આમાં કરી લેવાનું આત્માનું છે કે આ તે પર સામું જોવાનું છે એને? સમજાણું કાંઈ? શરીર તો દગો આપશે. દગો એટલે તારા ધાર્યા પ્રમાણે

નહિ વર્તે. હમણા આ કર્યું અને પછી આમ થાશે. આ દવા લીધી માટે આમ ધૂળેય નહિ થાય. કહો, શેઠ! એ તો એ દવા લે છે ... આવી જાય છે. દવા શું કરે? એ જડની પર્યાયનો સમય જે પ્રકારનો છે એ થયે છૂટકો. દેવેન્દ્રદેવ એને ફેરવી શકે નહિ. તું એની સામું ન જો, શરીરમાં શું થાય? મફતમાં તારા વિકલ્પ જાય છે. શરીર કરવા માટે વિકલ્પ જાય એ આને માટે મફત જાય અને આત્મા માટે મફત જાય છે. આહા..હા..!

કહે છે કે આત્માના પુરુષાર્થથી થાય એવો પણ એક ધર્મ છે અને એક દૈવથી થાય એવો તે જ સમયે-તે જ ક્ષણે એક બીજો ધર્મ છે. બીજે ક્ષણે છે અને પછી છે એમ છે નહિ. આહા..હા..! પ્રેમચંદજી! **'દૈવનયે જેની સિદ્ધ અયત્નસાધ્ય છે (-યત્ન વિના થાય છે) એવું છે, પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી...'** જુઓ, પહેલા લીંબુનું પ્રગટ કર્યું અને એક ઝાડ આપ્યું બીજાને. જેણે નથી પુરુષાર્થ કર્યો એને. લીંબુના ઝાડની અંદરથી.. એમાં એ લીંબુના ઝાડમાં પાક્યું માણેક ઠળીયાને ઠેકાણે. ઠળીયો સમજ્યાને? બી-બી. બીજ હોય છેને? બીજને ઠેકાણે માણેક પાકે છે. લીંબુમાં. સાચી વાત છે આ. ભગવાન તો કહે છે, પણ આ વાત વીરજી ભાઈ કહેતા. ..કહેતા કે ૨૦ હજારનું માણેક લીંબુમાંથી નીકળ્યું. ડાલચંદજી! આ લીંબુ-લીંબુ હોય છેને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય નથી હવે. ત્યાં બબ્બે હજારના હોય કે ધૂળ હજારના હોય. અહીં તો દાખલો છે. એક પુરુષાર્થથી લીંબુંનું ઝાડ પાક્યું. હવે એમાં એક ઝાડ આપ્યું કોકને. કે ભાઈ! આ ઝાડ તારું અને એ ઝાડમાં નીકળ્યું લીંબુમાં માણેક. બીને બદલે માણેક. એમ દાખલો આપ્યો છે આચાર્યે પોતે. અમૃતચંદ્રાચાર્ય પોતે કહે છે જુઓ, **'મધુકુક્કુટી' 'નો અર્થ લીંબુનું ઝાડ કર્યો છે.'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. હોય છે. વીરજીભાઈ કહેતા અમારે વીરજીભાઈ વકીલ નહોતા ઈ? વૃદ્ધ હતા જામનગરવાળા. નવની સાલમાં ગુજરી ગયા. તમે તો આવ્યા હતા નહિ જામનગર? એ વીરજીભાઈ કહેતા કે હું કલકત્તે ગયો હતો, લીંબુમાંથી નીકળેલું એક માણેક હતું મોટું. ..માણેક. ૨૦ હજારની કિંમતનું. માણેકનું ૨૦ હજારની કિંમતનું. પથરો એમ પરિણમ્યો ત્યાં. લીંબુમાં પરિણમ્યો. રજકણ પરિણમે એમાં શું છે પણ? અહીં પાકતું નથી? અહીંયાં શું કહેવાય પથરી? અને મહાપુરુષને અહીંયાં માણેક પાકે. વાસુદેવ, બળદેવ, તીર્થંકર, ચક્રવર્તી હોય એને અહીં પાકે. હાથી હોય એને અહીં પાકે. આવડું મોટું શું કહેવાય? મુક્તફળ. મોટા હાથીને ... મરી ગયા હોય તો .. ફળ પડ્યા હોય લાખો. આ .. પુણ્યવંત પ્રાણી હોય એને મગજમાં ... ફળ હોય છે. આપણે નથી આવતું? .. આવે છે ભાઈ કથામાં. એક બાઈએ આ મુક્તાફળની પૂજા કરી. ભગવાનની પૂજા મુક્તાફળથી કરી. શું નામ આવે છે? યાદ છે? એક બાઈ શું?

ગજમોતી-ગજમોતી. શું છે ..જી! એ બાઈનું શું નામ છે? સુધર્મ.. ગજમોતીથી પૂજા કરવી. ..ચંદજી! કથામાં આવે છે. એ ..મોતીની.. કરીશ. ... મોતી આવ્યું. પુણ્યવંતને બધું મળે. એ આવે છે. કથામાં આવે છે. આપણે બહુ કથા વાંચેલી નહિ. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે દૈવથી જેમ એને લીંબુનું ઝાડ આપ્યું કોકે, એમાંથી નીકળ્યું... ઓલા બીજા હજાર લીંબુના ઝાડ હતા. પુરુષાર્થ કરનારે કર્યો, હજાર લીંબુના ઝાડ વાવ્યા અને એક લીંબુનું ઝાડ બીજાને આપ્યું કે આ લીંબુનું ઝાડ તારું. એમાં નીકળ્યું માણેક અને આ ૯૯૯માં માણેક નહિ. સમજાય છે કાંઈ? એ ભાગ્યમાં છે એનો અર્થ કે આત્માનો પુરુષાર્થ જ્યારે કરે છે એ સમયે કર્મનો અભાવ થાય છે એટલે તેને અભાવ ગણીને કર્મના દૈવથી થયું એમ કહેવામાં આવે છે. આહા..હા..! રીત છેને. કથનશૈલીએ નય છે. ..થી કથન હોય છેને. માર્ગ કહેવાય. છે નહિ. એવી યોગ્યતા ગણવામાં આવી છે કે કર્મ ખર્યું માટે આમ થયું, કર્મ ગળ્યું માટે આમ થયું. આવશે હજી. સમજાણું કાંઈ? આવે-આવે. એ ક્રિયાનય આવે છેને. આહા..હા..! બહારમાં એમ બને છેને. બાપે થોડી જમીન આપી એકને. જમીન થોડી. હવે એ જમીનમાંથી નીકળ્યા હીરા-માણેક. પોતાને જમીન ઘણી હતી. અને થોડી આપી હશે કોકને. છેને? સમજાણું કાંઈ? એમ આત્માના પુરુષાર્થથી જ્યારે ધર્મ થયો ત્યારે કર્મ ખસી ગયું માટે એનાથી થયો એવો એક ધર્મ ગણવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, .. પુણ્યનું હતુંને કીધુંને ભાઈ એક મુસલમાન હતો. મુસલમાન હતો કરોડપતિ તે નવી પરણ્યો. છોકરા નવીના નાના અને જૂનીને જુદો. એને બાપ ઉપર પ્રેમ અને બાપને એના ઉપર પ્રેમ છોકરા ઉપર. જૂનીનો છોકરો હતો. પછી એને જુદો કર્યો. નવી પરણ્યા ખરાને. જુદો કર્યો. કરોડપતિ માણસ. મુસલમાન. લે બેટા! આ આઠ હજાર રૂપિયા તારા અને આ એક મકાન. આઠ હજાર રૂપિયા આપ્યા. એય..! શોભાલાલજી! પિતાજી! તમારી મહેરબાની. પૈસા .. એવું છોકરો બોલ્યો. આઠ હજાર લીધા અને .. આઠ હજાર રૂપિયા સમજ્યા? ઓલા પાસે કરોડ રૂપિયા, પણ નવી પરણેલો અને નવીને છોકરા નાના બે. બેટા! તારા માટે તો આઠ હજાર ભાગ પાડ્યો. બાપુજી! તમારી કૃપા જ બસ છે. પૈસાનું મારે કામ નથી. એ છોકરો કહે. એ આઠ હજાર જુદા પાડ્યા અને ... એમાં ચાર- છ મહિને મરી ગયો ડોસો. સમજાય છે? હવે ઓલા છોકરા નાના. એની માએ બોલાવ્યો, એની નવી માએ. નવી માએ બોલાવ્યો, બેટા! તું મારો દીકરો છો, ભાઈ! આ કોક ખાઈ જશે બીજા. અને આ નાના છોકરા છે. એ (વીલ) કર્યું હતુંને એ ફાડી નાખ. આ પૈસા કરોડ બધાય તારા છે. આ તારા નાના ભાઈ છે, બાળક છે. એને તારે આપવા હોય તો આપજે. બાકી તું કર્તા-હર્તા અને ધણી તું છો. ઓલી નવી માએ કહ્યું એને. સગા બાપે આઠ હજારે ખુલાસો કર્યો. એય..! અને ઓરમાન માએ એને દીકરા! આ તું મારો દીકરો છોને. મારા ધણીનો

દીકરો છોને? એ આઠ હજારનું .. ફાડી નાખ. બધુંય તારું છે. આ .. .. લાલપર ગામ છેને. જુઓ, ઓલાના નસીબમાં હતું તો એની ઓરમાન મા-નવી માએ બધું દઈ દીધું એને. અહીં કહે માજી! છોકરા તો મારા ભાઈ છેને. મારા ભાઈ છે હું બધું સાચવીશ. મારા બાપે ભલે ન આપ્યું. હું જુદો થાઉં નહિ. મારા બાપે એ.. માને તો એમ થાય. પણ ઓલા પુણ્ય હોય એ ક્યાં જાય? નવી માએ બોલાવ્યો દીકરાને. દીકરા! કરોડ રૂપિયા તારા છે હોં. આ દુકાન તારી. આ છોકરા નાના છે. કોઈ ખાઈ જશે એ કરતા તું મારો દીકરો તું ખા તો મારે લેખે પણ ગણાય. કોક ખાઈ જશે આ કરોડો રૂપિયા. છોકરા નાના છે તો. લ્યોને એને પૈસા...

એમ આત્માના પુરુષાર્થથી જ્યાં મોક્ષ થાય છે, તો તે કાળે કર્મનું ખસી જવું. .. આત્માની આનંદદશા પ્રગટ થાય છે. એવો એક યોગ ધર્મ ગણવામાં આવ્યો છે. ઓલા નથી કહેતા શું કહે છે? નસીબ આડે પાંદડુ છે. પાંદડુ છે તો પાંદડુ ખસી ગયું, પણ તે પુરુષાર્થ આમ કર્યો. સમજાણું કાંઈ? પૈસાની અહીં વાત નથી હોં. દાખલો તો અત્યારે ઈ આપ્યો છે કે લીંબુના ઝાડમાં માણેક પાકે. જુઓ એ પરમાણુ. અહીં પણ પાકે છેને? પેશાબમાં શું કહેવાય? પથરી. પથરી પાકે છે પેશાબમાં. પથરી થાય. આડા અવળા કટકા. ઘણા બતાવ્યા હતા. માણેક પાકે હવે. પરમાણુ પુણ્યવાળા હોય એને એમ પાકે. માણેક પાકે. હાથીને પાકે માણેક તો પછી વાસુદેવને પાકે, બળદેવને પાકે મગજમાં. સમજાણું કાંઈ? અને તીર્થંકર જન્મે ત્યારે ઓલા રત્નના પરમાણુ છે અના રતન થઈને પડે નીચે. સ્કંધ પડ્યા હોય અમથા. પુણ્યવંત પ્રાણી છે. કુદરતી પુરુષ છે. .. થાય. ત્યાં આ પરમાણુનો સ્કંધ .. પડ્યો છે એ રત્ન થઈને પડે નીચે. એમ આત્માના અંતર પુરુષાર્થથી અનંત રત્ન જ્યાં પ્રગટ કર્યા એ પુરુષાર્થથી થયું. તે જ સમયે એ કર્મ ખસી ગયું એવો એક ધર્મ ગણવામાં આવ્યો છે.

મુમુક્ષુ :- .. અનુભવાય.

ઉત્તર :- ગાણા ગવાતા નથી. એ વખતે એવી યોગ્યતા કહેવામાં આવી. આઘા-પાછા ધર્મની વાત નથી. એક જીવને આમ, એક જીવને આમ એમ નથી. તેમ એ જીવને પણ કોઈ વખતે પુરુષાર્થ અને કોઈ વખતે કર્મ ખસે એમ પણ નથી. એક જ જીવને એક જ સમયે આ અપેક્ષાએ બે પ્રકારના ધર્મ ગણવામાં આવ્યા છે. એવી વાત છે. આહા..હા..! સમજે નહિ તો પછી આડા-અવળા અર્થ કરે. લ્યો તો ભાઈ એને થઈ જાય. કોઈ વખતે ન થાય તો કર્મ ખસી જાય અને થઈ જાય. એ દૃષ્ટાંત તો દાખલો આપે છે. દાખલાનો સિદ્ધાંત લેવો જોઈએને સરખો? ..ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ બલિહારી કરે નહિ. આડોઅવળો ધર્મ છે? જ્યારે પુરુષાર્થ યત્નથી અંદર એકાગ્ર થાય છે ત્યારે તે જ વખતે આ એક ધર્મ છે. એનો પ્રશ્ન ક્યાં રહ્યો? દેવીલાલજી!

આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ અનેકાંત છે. આ વળી શું કહે છે જુઓને. અનેક અંત નામ તેની પર્યાયમાં આવા ધર્મો અનેક પ્રકારના એક સમયે વર્તે છે. શું થાય? કોણ સમજાવે? કોને કોણ સમજાવે અને કોનાથી કોણ સમજે? એની .. પડતા થાય એટલે એની મેળાએ બધા સમજી જાય એવું આ છે. આમાં ને આમાં ઝઘડા ઉઠાવે. જુઓને દાખલો એ આપ્યો છે. બે લાડવાનું આમ થાય. એક લાડવાનું આમ થાય. કીધું લાડવાનો દાખલો અહીં લાગુ ન પડે. એ તો અપેક્ષાની વાત છે. એ તો લીંબુનો દાખલો, લીંબુનું ઝાડ અને લાડવો બધું એક જ છે. ઝાડ ઉગાડ્યા હોય પોતે અને એક માણસને કહે ભાઈ .. એક લીંબુનું ઝાડ તારું, લે જા. હવે એમાંથી નીકળ્યું ઓલાને માણેક. શું થાય? એ તો દાખલો છે. સિદ્ધાંત માટે એમ નથી. સિદ્ધાંત માટે તો જે સમયે પ્રયત્નથી ચિદાનંદ સ્વરૂપનું ભાન થઈને જ્ઞાન, દર્શન, આનંદ પ્રગટ્યો તે જ સમયે કર્મનો અભાવ થઈને દૈવથી, કર્મથી થયું એમ કહેવામાં આવે તેવો એક ધર્મ ગણવામાં આવ્યો એ એક સમયનો છે. સમયભેદ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આત્મદ્રવ્ય...'** એ તો આ એક નયે જોવે તોપણ દ્રવ્ય શુદ્ધ ચૈતન્ય ઉપર એની નજર ગઈ. અને આવા અનંતા ધર્મો એક સમયે રહેલા છે. એક સમયે રહેલા છે. આડે અવળે સમયે અને બીજા જીવને આમ એ વાત અહીં છે નહિ. આહા..હા..! શું થાય પણ? લ્યો ઓલા કહે કે કાળનયે આમ થાય, અકાળે આમ થાય. નિયતિ.. અરે..! પણ તું ખબર વિના આવા અર્થ કરે છે શાસ્ત્રના? સમજાણું? આહા..હા..! 'જન્મ અંધનો દોષ નહિ આકરા' આવે છેને. 'જાતિ અંધનો દોષ નહિ આકરો' .. અર્થ શું કરે? 'મિથ્યાદૃષ્ટિ તેથી આકરો કરે અર્થના અનર્થ.' હવે ઈ સાચાને અર્થના અનર્થ કરે એમ ઠરાવે. .. પણ કઈ અપેક્ષાએ કહ્યું જો તો ખરો અંદર. એક સમયમાં આત્મામાં અનંતા ધર્મ પહેલા તો સિદ્ધ કર્યા છે. નવનીતભાઈ! આડે અવળે સમયે કે બીજા સમયે આ ધર્મ અને પહેલે સમયે આ ધર્મ એમ પણ છે નહિ. અને એક સાથે શ્રુતજ્ઞાન અનંતા ધર્મને એ દ્રવ્યને પ્રમેય કરે છે. તો તે એક સમયની વાત છે. આહા..હા..! ડાલચંદજી! ઝીણો વિષય છે. બહુ ગડબડ કરે છે એમાં. કોઈને પુરુષાર્થથી થાય, કોઈને કર્મથી પણ થાય. આ લખ્યું. શું લખ્યું છે? જોઈને લખ્યું છે. એ તો પહેલા તમને કહ્યુંને. આ પહેલા કીધુંને. શું આવ્યું પહેલું જુઓને.

**'પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે,...'** લ્યો! એ તો એક સાથે છે પણ પહેલું. પહેલું-પહેલું. એ પાનું છે ૪૯૩. ૪૯૩. ૯૩ કહે છે શું કહે છે. ૪, ૯ અને ૩. ૪૯૩ અને .. પેરેગ્રાફ. **'પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે,...'** એક સમયમાં અનંતા ધર્મને ધરનાર એક દ્રવ્ય છે. એક સમયમાં

ધરનાર અનંત ધર્મ એમ અહીં કહ્યું છે. આડાઅવળા સમયે ... 'કારણ કે **અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં...**' એક-એક ધર્મને જોનાર એક નય તેમાં વ્યાપે છે એમ કહેવામાં આવે છે. '**તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે.**' આ મથાળું. પછી તરત વાત કરી છે. આ તો બે-ત્રણ દિ ચાલ્યું સમજાણું? જુઓ, ચૈતન્ય સામાન્ય દરેકમાં ગુણ અને પર્યાયમાં ચૈતન્ય જ વ્યાપે છે. આ જે પુરુષાર્થનયનો ધર્મ અને દૈવનયનો ધર્મ એમાં ચૈતન્ય પોતે જ વ્યાપે છે. એમાં કોઈ પરને લઈને છે એમ છે નહિ. સમજાણું કાંઈ? કેટલું સ્પષ્ટ કર્યું! ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્યે તીર્થંકરના પેટને સાદી ભાષામાં ગાગરમાં સાગર ભરી દીધો છે. આવી વાત અને આવું સ્વરૂપ આ શાસ્ત્ર સિવાય ક્યાંય બીજે છે નહિ. કહો, સમજાણું કાંઈ? જુઓ, આ બધું આરસપહાણમાં લખાશે. આ પરમાગમ મંદિરમાં અક્ષર કોતરાશે. સંસ્કૃત ટીકા છે. આરસપહાણમાં કોતરાઈ જશે. એય..! જુઓ! મુંબઈવાળાને કેટલો ઉત્સાહ છે! પાંચ લાખનું થાશે પરમાગમમંદિર. રમણિકભાઈ કહે આઠ, દશ લાખનું ભલે થાય વાંધો નથી. એમ કહ્યું છેને ..ભાઈએ? ઉત્સાહની વાત છેને. મુંબઈવાળાએ કર્યું છે... દશ લાખનું થાય, પણ આપણે સારું કરવું છે. એય..! છોકરાના લગન હોય તો કેવી રીતે ખર્ચતો હશે? ૧૦-૨૦ લાખની મૂડી હોય અને એકનો એક છોકરો હોય. પહેલો પ્રસંગ એક જ હોય અને સારી કન્યા-બન્યાને સામે .. વેવાઈ... લાખ-લાખના ખર્ચ કરે. લાખ-લાખ રૂપિયાના ... કન્યાના બાપને લાખ. ... એ પણ .. આ તો આત્માના અંદર પુરુષાર્થથી. આહા..હા..! ભગવાન ઉછાળે ઉછળે છે કહે. પ્રયત્નથી ભગવાન આત્મા કેવળજ્ઞાન ઉછળે છે એમ ઉછળે છે. એ પુરુષાર્થથી થાય છે. એ વખતે કર્મનો... હતો એમ કહેવામાં આવે છે. કર્મનો ક્ષયોપશમ થયો તો એમાં આ થયું એમ કહેવામાં આવ્યો તે ધર્મ. જે સમયે પુરુષાર્થ કર્યો તે જ સમયે આ ધર્મ છે. એમ પુરુષાર્થથી કર્યો હોય એનો બીજો સમય અને આનો કર્યો બીજો સમય એમ છે નહિ. પરસ્પર વિરુદ્ધ એક જ સમયમાં એક જ પર્યાયમાં આવા ધર્મ ગણવામાં આવ્યા છે. આહા..હા..! એને પોતાને સત્ય જોઈતું હોય તો એને દુરાગ્રહ ન હોય. સત્ય જે રીતે છે એ રીતે એને જાણવું જોઈએ. પોતાની કલ્પનાથી શાસ્ત્રને ન જોવા. શાસ્ત્ર જે અપેક્ષાએ કહે છે તે અપેક્ષાથી જોવા. પોતાની દૃષ્ટિએ શાસ્ત્રને ન ખતવવા. શાસ્ત્રની દૃષ્ટિએ આત્મામાં લઈ જવું. સમજાણું કાંઈ?

કહે છે જુઓ, '**દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે...**' તેવી એક યોગ્યતા ગણવામાં આવી છે. તે જ સમયે હોં. કર્મના .. છૂટી જાય. એવી એક યોગ્યતા ગણવામાં આવી. પણ સમયભેદ નથી. એક ધર્મ કોકને હોય અને બીજો .. હોય એમ છે નહિ. બાહુબલીજી... એમ કહે છેને? .. આ બાહુબલીજીમાં એમ કહે છે. ... અહીંયાં પ્રતિમા ભગવાન બિરાજે છે મોટી. માર તીર .. એ વખતે કર્મના .. ખસી જશે. ખસ્યા વિના રહેશે નહિ. એની

માથે.. ખસ્યો માટે.. ધર્મને.. આહા..હા..! એક સમય રહેનારા છે. કોક જીવને પુરુષાર્થથી થાય અને કોકને પુરુષાર્થ વિના થાય એ વાત અહીં છે નહિ. એ જ જીવને પુરુષાર્થથી થાય અને એ જ જીવને કોઈ વખતે પુરુષાર્થ વિના થાય એમ સમયભેદ નથી. સમજાણું કાંઈ?

એવા '**દૈવથી માણેક પ્રાપ્ત થાય છે એવા દૈવવાદીની માફક.**' .. કર્મ .. આવશે. એવું આવે છેને માનનારા? આ અમારે કર્મ આવશે... એમ અમારા પુરુષાર્થમાં છે એ વખતે કર્મ માર્ગ આપશે .. ગણીએ છીએ. ભાવશ્રુતમાં જાણે છે લ્યો. એક નય માને અને બીજી નય ન માને. બે નય એક સાથે છે પછી પ્રશ્ન ક્યાં? સમજાણું કાંઈ? એક છે નિશ્ચયનું અને એક વ્યવહારની યોગ્યતા આહા..હા..! ... મોટા કેવળજ્ઞાનના પેટ ખોલી નાખ્યા છે. કેટલી ગંભીરતા! કેટલી ઉંડપ અને કેટલું રહસ્ય! અને પૂર્વાપર વિરોધ રહિત કેટલા નયનો વિચાર.. સમજાણું કાંઈ? એ ૩૩ થઈ.

(૩૪) હવે કહે છે કે કોઈ એમ કહે કે ભાઈ શું કરીએ? કર્મ પરવશ કરે છે આત્માને. કર્મ પરવશ કરે માટે આત્માને પરવશ થાવું પડે છે. એમ કોઈ કહે તો એ વાત ખોટી છે એમ આચાર્ય સિદ્ધ કરે છે. '**આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે,...**' પોતે પરવશ થાય છે એવો એક એનામાં ધર્મ છે. બીજો એને પરવશ કરે છે એ એનામાં ધર્મ નથી. સમજાય છે કાંઈ? જુઓ, કર્મના નિમિત્તે... કર્મનો પ્રભાવ કેટલો છે જુઓ, .. અને મોહ કર્મનો અનુભાગ. તીવ્ર અનુભાગ આવે તો એને તીવ્ર રસમાં જોડાવું પડે એમ કહે લ્યો! કર્મ ફળ કોને દે? .. દે? કોને દે? એ તો પાક આવીને ખરી ગયું. આત્મા પોતાને સ્વવશ છે એટલો થોડો પરવશ પોતે પોતાથી થાય છે. કર્મ એને પરવશ કરે છે એ આત્મધર્મ પર્યાયમાં છે નહિ. કહો, દેવીલાલજી! ઈશ્વર છે એમ કહે છે. આહા..હા..! પ્રભુ છેને? આવે છેને? પંચાસ્તિકાયમાં. પંચાસ્તિકાયમાં કહ્યું છે કે પ્રભુ છે. રાગ કરવામાં, દ્વેષ કરવામાં, વિકાર કરવામાં પ્રભુ છે. એને બીજો કરાવે કર્મ એમ વસ્તુમાં છે નહિ. કર્મનો મોટો ગોટો ચાલ્યો.. જ્ઞાનાવરણીયનો ઉદય આવે એટલે જ્ઞાન રોકાય નહિ, પોતે પોતાની પર્યાયમાં નિમિત્તને આધીન થઈ જાય છે. એવો એનો પોતાનો નિજધર્મ છે. ધર્મ એટલે યોગ્યતા. સમજાય છે કાંઈ? કહો, ..ભાઈ! કર્મની માંડી છેને બધાએ? કર્મ રખડાવે 'કર્મે રાજા કર્મે રંક કર્મે વાળ્યો આડો અંક' એવી બધી વાતું કરે. પ્રરૂપણા કરે જ્યારે શરૂઆતમાં. આવે છેને ચંદુભાઈ! સ્તુતિ કરેને 'કર્મે રાજા કર્મે રંક કર્મે વાળ્યો આડો અંક.' એ તો... વાત છે. 'કર્મે રાજા અને કર્મે રંક' એ તો સંયોગની વાત છે, પણ એને વશ થવું એ કોઈ કર્મ કરાવતું નથી. સમજાણું કાંઈ?

'**ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક.**' મુસાફર નીકળ્યો, એને બાળક હતું, એની માને દૂધ આવતું નહોતું. તો એ ધાવની દુકાન હતી બાળકને ત્યાં ધવડાવ્યું. ધાવમાતા ધવરાવે ત્યાં સુધી .. પડે. ધાવમાતા હોય છેને. બાળક હોય. દૂધનું ટાણું થયું, એની માને દૂધ આવ્યું નહિ. હવે દૂધ ઓલું તાજું

મળે નહિ તરત. તો ધાવની દુકાને .. બાળકને ધવડાવવું પડે એટલી પરાધીનતાની યોગ્યતા એની છે. એની માના ખોળામાંથી ધાવના ખોળામાં જાય છે. એમ આત્મામાં એવો એક ધર્મ છે કે નિમિત્તને વશ પોતે થાય છે. નિમિત્ત તેને વશ કરાવે છે એમ નથી. કહો, ..ભાઈ! શું કરીએ? ભોંમાંથી ભાલા નીકળે કર્મના. કર્મ ક્યાં હતો તારી પાસે? કર્મ નથી, તારામાં કર્મ નથી. કર્મ દૂર રહ્યું, જડ ચીજ છે.

અહીં તો ભગવાન એમ કહે છે કે અહીં સમ્યગ્જ્ઞાની એમ જાણે છે. સમ્યગ્દષ્ટિ, ક્ષાયિક સમકિતી કે ગણધર. ગણધરદેવ ચાર જ્ઞાનના ધણી એમ પોતાના આત્મામાં એવો એક ધર્મ જાણે છે, જોવે છે કે ઈશ્વરનયે હું પરાધીન પોતે હું પરને આધીન છું. અને ગણધરદેવ પોતાના આત્મામાં આવો એક ધર્મ ભાવશ્રુતજ્ઞાનમાં અનંતામાં આ એક ધર્મ જાણે છે. સમજાણું કાંઈ? આ સાધકની વાત છેને? કોઈ કેવળીની વાત નથી. ચાર જ્ઞાનના ધણી ભગવાન પોતે ગણધર, ચૌદ પૂર્વની અંતરમુહૂર્તમાં રચના કરનાર, બાર અંગની રચના કરનાર એવા ગણધર ચાર જ્ઞાનના ધણી ક્ષાયિક સમકિતી. એ એમ જાણે છે કે આ રાગ થાય છે એમાં હું પરને આધીન છું એ મારી યોગ્યતાથી થાઉં છું. એમ ગણધર જાણે છે. આહા..હા..! ... ન હોયને. ગૌતમસ્વામી જેવા ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના ધરનાર. અંતરમુહૂર્તમાં રચના. ચાર જ્ઞાન ઉત્પન્ન અને બાર અંગની રચના કરનાર એ પોતામાં એમ જાણે છે કે આ રાગ થાય છે, હું પરને વશ થાવ છું એવો મારો ધર્મ માટે આમ થાય છે. પર મને વશ કરાવે છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

ભાવશ્રુતજ્ઞાની જાણે ચાર જ્ઞાનના ધણી ને ભાવશ્રુત જ્ઞાની છે... આહા..હા..! બાર અંગ તો જેને ઉઘડ્યા છે. સર્વાર્થસિદ્ધના દેવ એકાવતારી કેટલાકને બાર અંગનું જ્ઞાન હોં બાર. પૂર્વ તો ક્યાંય રહી ગયું એથી વધારે શ્રુતજ્ઞાન દ્વારા એમ જાણે છે કે જે રાગ થાય છે એ પરને વશ હું થાઉં છું એવી એક મારી યોગ્યતાનો મારો ધર્મ છે. કર્મ મને વશ કરીને રાગ કરાવે છે એવો મારો ધર્મ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! બે એકાવતારી લીધા. ઓલા ગણધર, ઓલા સર્વાર્થ સિદ્ધના દેવ. આ બાર અંગના ધરનાર, ઓલા બાર અંગના ધરનાર. આ તો મુનિ છે... ભાવશ્રુતજ્ઞાન દ્વારા એમ જાણે છે કે આ જે રાગાદિ પંચ મહાવ્રતનો વિકલ્પ છે એ નિમિત્તને આધીન-વશ થાઉં છું. માટે મારી યોગ્યતાથી વશ થાઉં છું. નહિ કે મને કોઈ કર્મ ચારિત્રનો ઉદય આવ્યો માટે મને અહીં રાગ થાય છે, એ મને વશ કરાવે છે એવું મારામાં છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આટલી વાત સ્પષ્ટ છે. તો જ્યાં હોય ત્યાં માળા કર્મ-કર્મ નાખે. કર્મને લઈને આમ થાય... કર્મને લઈને આમ થાય... એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. .. ઓલા કહેતાને, દાણે દાણે ખાનારનું નામ છે. ઓલા ફીરોજાબાદવાળા છેને માણેકચંદ. આંગળાથી છાયા પડે છે એ આંગળાથી છાયા પડે ત્યાં લખ્યું છે? કહે હા. ... પરને આધીન થાય. પરને આધીન થાય. અહીં કહે છે

કે ના, ના ત્રણ કાળમાં .. આત્માએ લખ્યું નથી. આત્મા પોતે પરને આધીન થાય એ પોતાની યોગ્યતાને લઈને એવો ધર્મ એ જાણે છે. બીજી રીતે જાણે તો મિથ્યાજ્ઞાન છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૯, રવિવાર, તા. ૧૯.૧૦.૧૯૬૯**
**નય-૩૪-૩૫, પ્રવચન-૨૭૨**

આ પ્રવચનસાર. એમાં નયનો અધિકાર છે. ૩૪મી નય. શું કહે છે એમાં પહેલા? જે આ આત્મા છે આત્મા એ શરીર, કર્મથી ભિન્ન છે, અને પોતાનું શુદ્ધ ધ્રુવ સ્વરૂપ એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન નિર્મળ આનંદની પર્યાયના અનુભવસહિત જે પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આત્મા એક સમયમાં શુદ્ધ સત્તા ચૈતન્યમૂર્તિ આનંદ અભેદ એની દૃષ્ટિ થવાથી, દૃષ્ટિ ધ્રુવમાં સ્થાપવાથી જે અનાદિની પર્યાય-અંશબુદ્ધિ હતી, રાગમાં એકત્વબુદ્ધિ હતી એ બુદ્ધિનો નાશ થઈને, જ્ઞાયકભાવ શુદ્ધ ધ્રુવમાં પોતાની પર્યાયને સ્થાપે છે તો ત્યાં સમ્યગ્દર્શનની પર્યાય અનંતકાળમાં ઉત્પન્ન ન થઈ હોય એવી ઉત્પન્ન થાય છે. એ સમયે જે જ્ઞાન ઉત્પન્ન થયું એની વાત અહીં ચાલે છે.

સમ્યગ્દર્શનને કાળે જે સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થયું જેને શ્રુત પ્રમાણજ્ઞાન કહે છે. ઝીણો અધિકાર છે. થોડું ઝીણું છે અને અમને બરાબર હિન્દી આવડતી નથી. હવે આજે હિન્દી થોડું ચલાવીએ. સવારમાં થોડું હિન્દી ચાલ્યું હતું. આ જરી ઝીણું છે. આ આત્મા... એ પહેલા આવ્યુંને. પહેલા જુઓ પહેલા શરૂઆતમાં પહેલા. પહેલા. '**પ્રથમ તો, આત્મા...**' જુઓ, શરૂઆતમાં છે. ૪૦૨ પાને. ૪૦૨ પાને. '**પ્રથમ તો, આત્મા...**' છે? સોભાગભાઈને બતાવો. હિન્દીમાં ૪૦૨ પાનું છે. એ બીજી વાત. બીજું હિન્દી છે. '**પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત...**' પોતાનું ચૈતન્યપણું, સામાન્યપણું જે કાયમ છે એ પોતાની પર્યાયમાં પણ વ્યાપે છે. એ '**અનંત ધર્મોનું અધિષ્ઠાતા એક દ્રવ્ય છે,...**' અહીં સમ્યગ્જ્ઞાનમાં સમ્યગ્દૃષ્ટિને કેવો આત્મા ભાસે છે? એ વાત ચાલે છે. અજ્ઞાનીની વાત નથી. સમજાણું? એક સમયમાં ભગવાન પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એ એના દ્રવ્યમાં વ્યાપે છે, ગુણમાં વ્યાપે છે અને એની પર્યાય નિર્મળ અને મલિન બેયમાં સામાન્ય ચૈતન્ય વ્યાપક છે. સવારની વાતને લક્ષમાં ન લેવી. અત્યારે જ્ઞાનની પ્રધાનતાથી કથન છે. ધીરેથી સમજવું. સમજાણું કાંઈ?

આ આત્મા કેવો છે? એવો પ્રશ્ન હતો. '**આ આત્મા કોણ છે (-કેવો છે)?**' બસ એટલું? એની વાત ચાલે છે. અને એ કેમ પમાય? એ પછી આવશે. તો કેવો છે આત્મા? તો પહેલા તો આત્મા '**ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા એક દ્રવ્ય છે,...**' અનંત ધર્મોનો અર્થ? દ્રવ્યધર્મ, ગુણધર્મ, નિર્મળ પર્યાયધર્મ, વિકારી પર્યાય ધર્મ. એ બધાને ધર્મ કહેવામાં આવે છે. ધર્મ નામ ધારી રાખેલો ભાવ. ધર્મ નામ દ્રવ્યે-ગુણે અને પર્યાયમાં ધારી રાખેલો છે, ધારણ કર્યો છે એનું નામ ધર્મ છે. સવારની સાથે ન મેળવવું. સવારમાં જે હતું તે દૃષ્ટિની પ્રધાનતાથી કથન હતું. સમજાણું કાંઈ?

આ સમ્યગ્દર્શનમાં સમ્યગ્જ્ઞાન શ્રુતજ્ઞાન થયું, એ શ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન કેવા આત્માને પ્રમેય કરે છે? કે એ આત્મા સામાન્ય ચૈતન્ય છે. એ પોતાના સર્વ ગુણમાં વ્યાપે છે, દ્રવ્યમાં છે અને એની નિર્મળ પર્યાય છે એમાં પણ વ્યાપ્ત છે અને એમાં મલિનતા... સાધક જીવની વાત છે. સાધક જીવ શ્રુતજ્ઞાની આત્માને કેવી રીતે જાણે છે એની વાત છે. મિથ્યાદૃષ્ટિની નહિ, કેવળજ્ઞાનીની નહિ. પંડિતજી! છે? સાધકની વાત છે. આ નયનો અધિકાર જરી ઝીણો તો છે. તો કહે છે કે સાધક જીવ પોતાનો શુદ્ધ ભગવાન ચિદાનંદ સ્વરૂપ અનુભવમાં લીધો, પર્યાયમાં અનુભવમાં લીધો. દ્રવ્ય તો દ્રવ્ય છે. દ્રવ્યનો અનુભવ નથી થતો. અનુભવ તો પર્યાયમાં થાય છે. દ્રવ્ય તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? તો ધ્રુવ તરફની દૃષ્ટિ કરતાં જે પોતાના અનુભવમાં આનંદ આદિની પર્યાય પ્રગટી એ સાથે સમ્યગ્જ્ઞાન જે થયું એ સમ્યગ્જ્ઞાન કેવા આત્માને જાણે છે? કે અનંત ધર્મમાં વ્યાપક એવો અધિષ્ઠાતા અનંત ધર્મનો આધાર આત્મા એક દ્રવ્ય છે એને સમ્યગ્જ્ઞાની જાણે છે. જરી નયનો અધિકાર ઝીણો છે, ભાઈ! સમજાણું કાંઈ?

શું કહે છે જુઓ, '**આત્મા ખરેખર...**' તો. ખરેખર શબ્દ હિન્દીમાં આવે છેને? ખરેખર શબ્દ આવે છે કે નહિ? યથાર્થ-ખરેખર. એ સામાન્ય શબ્દ છેને. વાસ્તવમાં, યથાર્થમાં '**ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત...**' પોતાના દ્રવ્યમાં, ગુણમાં અને અનંત ધર્મ આદિ પર્યાય. નિર્મળ પર્યાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય થઈ એમાં પણ આત્મા વ્યાપ્ત છે. કેમકે પર્યાય એની છેને? અને એમાં રાગાદિ બાકી છે. સાધક છેને? તો રાગ છે, દ્વેષ છે, વિષય-વાસનાની પર્યાયપણે પરિણમન છે. એ પણ એની પર્યાયમાં આત્માએ ધારણ કર્યો છે. સમજાણું કાંઈ? ..ચંદજી! તો સમ્યગ્જ્ઞાન છે, ગણધરનું જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન લ્યો ગણધર ચાર જ્ઞાન, ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં થાય છે. એવા ગણધરનું જે શ્રુતજ્ઞાન છે કે સમ્યગ્દૃષ્ટિનું શ્રુતજ્ઞાન હોય સાધારણ. એ શ્રુતજ્ઞાન આત્મા અનંત ધર્મનો અધિષ્ઠાતા સ્વામી છે. જુઓ, કેમકે રાગાદિ પોતાની પર્યાયમાં થાય છે તો એનો એ સ્વામી છે. અત્યારે એમ ન લેવું કે રાગનો સ્વામી જડ છે અને આત્મા (નથી) એ અત્યારે નથી લેવું. એ તો દૃષ્ટિનો વિષય આવે ત્યારે. અને જ્ઞાનની પર્યાય તો જ્ઞાન સ્વપરપ્રકાશક છે, તો જ્ઞાન તો .. પહેલા દ્રવ્યથી

લીધું છે. આત્મદ્રવ્ય દ્રવ્યનયે. તો દ્રવ્યનય નામ પહેલો બોલ એ લીધો છે. દ્રવ્યનયે એક ધર્મ થયો. ત્રિકાળી દ્રવ્ય છે એવી એક નયનો એક ધર્મ થયો. એવા-એવા એમાં અનંત ધર્મ છે. ધર્મ શબ્દે? દ્રવ્યે ધારી રાખેલો, ટકાવી રાખેલા ભાવ એને અહીંયાં ધર્મ કહેવામાં આવે છે. સંવર-નિર્જરા ધર્મની અહીં વાત નથી. સંવર-નિર્જરાને પોતાની પર્યાયમાં ધારી રાખ્યો છે અને આસ્રવ અને રાગાદિ પણ પોતાની પર્યાયે ધારી રાખ્યા છે. સાધક જીવ એમ જાણે છે. સમજાણું કાંઈ? આવી વાત વેદાંતમાં કાંઈ નથી. સમજાણું કાંઈ?

આ તો સર્વજ્ઞથી આત્મા સિદ્ધ થયો અને સમ્યગ્દષ્ટિમાં જે આત્મા સિદ્ધ થયો એની વાત ચાલે છે. કહે છે કે '**અનંત ધર્મોનું અધિષ્ઠાતા એક દ્રવ્ય છે,...**' ધર્મ અનંત છે, પણ દ્રવ્ય એક છે. કેમ? '**કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો...**' છે. શું કહે છે? જેટલા એમાં ધર્મ છે એટલી નય છે. એટલી નય છે. કારણ કે નય જ્ઞાનનો અંશ છે. તો જ્ઞાનનો અંશ છે તે એક-એક ધર્મને જાણે છે. તો નય એક ધર્મને જાણે છે તો બીજો ધર્મ પણ સાથે રહે છે. નય છેને? સમ્યગ્જ્ઞાનનો અંશ નય છે. તો કહે છે કે '**જે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...**' છે. જુઓ, આત્મા વસ્તુ છે, એમાં અનંત ધર્મ છે. ધર્મ શબ્દે ભાવ, પર્યાય, ગુણ અને એ અનંત ધર્મો અનંત નયોથી વ્યાપ્ત છે. કેમકે એક નય એક ધર્મને જાણે છે. એવા અનંત નયો શ્રુત પ્રમાણમાં વ્યાપ્ત છે. જરી ધ્યાન રાખે તો પકડાય એવી વાત છે. સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ સાધક જીવની દ્રવ્ય અને ગુણ, પર્યાય કેવી છે એવી એણે જાણ્યું એ અહીં બતાવે છે. સાધક નામ સમ્યગ્દષ્ટિ જીવ-ધર્મી જીવ એ કેવા આત્માને જાણે છે? માને છે? એવું ભગવાને જે જોયું છે એની વાત કરે છે. સમજાણું કાંઈ? તો કહે છે કે '**અનંત ધર્મોમાં જે અનંત નયોમાં વ્યાપનારા...**' અને એ અનંતનય, '**તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ...**' જુઓ, નય એક-એક અંશ છે અને શ્રુતપ્રમાણ આખો અંશ અવયવનો અવયવી છે. આ નય અધિકાર ઝીણો છે. આત્મામાં જેટલા ધર્મ છે એટલી જાણનારી નય છે અને નય છે એ અવયવ છે અને આખું શ્રુતજ્ઞાન પ્રમાણ છે તે અવયવી છે. તો અનંતનય શ્રુતજ્ઞાન પ્રમાણમાં વ્યાપ્ત છે. સમજાણું કાંઈ? શેઠ! લ્યો આજે તો ભાઈ હિન્દી ચાલે છે. કાલે તો ગુજરાતી ચાલતું હતું.

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્યમાં ભાગમાં જે સમ્યગ્દષ્ટિમાં અને સમ્યગ્જ્ઞાનમાં આત્મા પ્રમેય થયો, તો કહે છે કે એ આત્મામાં અનંત ધર્મ છે. કેટલા અનંત? સમજાણું કાંઈ? ગુણ એટલા અનંત છે, ગુણ એટલા અનંત છે. એ સિવાય ધર્મ વળી બીજી અપેક્ષા રાખે છે. સમજાણું કાંઈ? તો અનંતગુણ છે અને અનંત એ સિવાય અપેક્ષિત નિત્ય-અનિત્ય આદિ ધર્મ છે. સમજાણું કાંઈ? નિત્ય-અનિત્ય ધર્મ છે. પછી નિત્ય-અનિત્ય ગુણ છે ને

નિત્યધર્મની એક પર્યાય અનિત્ય છે એમ અહીંયાં નથી. તો અનેક એ ધર્મ છે અને અનંત ધર્મની એક પર્યાય એમ નથી. એ ધર્મ નામ એ જાતનો અપેક્ષિત ભાવ. ભારે! સમજાણું કાંઈ? ૩૩ નય તો થઈ ગઈ છે. અહીં તો શું મથાળુ બાંધ્યું છે એની વાત ચાલે છે. કે એ થનારું પ્રમાણ, એ પ્રમાણપૂર્વક. એ પ્રમાણપૂર્વક... એક આત્મામાં અનંત ધર્મ છે અને અનંત નયથી વ્યાપ્ત ધર્મ છે. એ અનંતનય શ્રુતજ્ઞાન પ્રમાણ વ્યાપ્ત છે. એ '**શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે...**' અંતરના અનુભવથી '**(તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે.**' શ્રુતજ્ઞાનમાં અનુભવમાં એ આત્મા પ્રમેય નામ જ્ઞેય નામ એનું યથાર્થ જ્ઞાન થાય છે. આહા..હા..! ડાલચંદજી! થોડું ઝીણું છે. ભાઈ! ચાલતો અધિકાર છે. ચાલ્યું તો આવ્યું. પહેલા છોડી દીધું હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... અમારી એટલી તાકાત ક્યાં છે? સમજાણું કાંઈ? આ તો આચાર્યોએ ઘણું સરળ કરીને કહ્યું છે એમાંથી કંઈક કહેવામાં આવે છે. એવી વાત છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**તે પ્રમાણપૂર્વક...**' પ્રમાણપૂર્વક શું થયું? કે જે આત્મા વસ્તુ છે પોતાનું નિજદ્રવ્ય. એમાં જે અનંત ધર્મ છે, એ અનંત ધર્મમાં અનંત નય વ્યાપે છે, એ અનંતનય શ્રુતજ્ઞાન પ્રમાણમાં વ્યાપ્ત છે. એ શ્રુતજ્ઞાન પ્રમાણપૂર્વક ભગવાન આત્મા પ્રમેય, અનુભવમાં પ્રમેય થાય છે. સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાનીને, ધર્મીને ચોથા ગુણસ્થાનથી માંડીને. આહા..હા..! એમાં પહેલા એક ધર્મ એવો લીધો અનંતમાંથી કે '**આત્મદ્રવ્ય દ્રવ્યનયે,...**' એ પહેલા લીધું. દ્રવ્ય એટલે વસ્તુ જે છે ધ્રુવ, દ્રવ્યાર્થિકનયનો વિષય. દ્રવ્યાર્થિક. દ્રવ્ય જેનું પ્રયોજન એવું નય. જ્ઞાનનો અંશ પ્રયોજન દ્રવ્ય છે. એવું ત્રિકાળી ધ્રુવ છે એ પણ એક ધર્મ છે. સમજાણું કાંઈ? કપુરચંદભાઈ! આ ફેરી જુદી જાત છે. આ ચાલતો અધિકાર છે. પહેલા તો છોડી દીધો હતો. કારણ કે બહારથી બહુ આવ્યા હતાને. આ શું કહેવાય આપણે? આ ક્લાસ ચાલતા હતાને. ક્લાસ ચાલતા હતા તો ૪૦૦ માણસ તો બહારથી આવ્યા હતા હિન્દુસ્તાનથી ને બધેથી. તો આ વાત સમજે નહિ. અત્યારે એવી વાત અંતરની વાત છે. એ બહારની કડાકૂટમાં ચાલ્યો ગયો છે. અંતરની ચીજ શું છે અને કેમ પમાય અને એની પમાય એ કેમ જણાય? એ વાત અપૂર્વ રહી ગઈ છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એ પહેલા તો '**આત્મદ્રવ્ય દ્રવ્યનયે, પટમાત્રની માફક, ચિન્માત્ર છે...**' જ્ઞાયકભાવ ચિન્માત્ર એને પણ એક ધર્મ ગણવામાં આવ્યો છે. એવા-એવા અનંત ધર્મો છે. તો ૩૩ ધર્મ તો ચાલી ગયા છે. ૩૪મો ધર્મ આપણે ચાલે છે. આ તો પહેલા નવા માણસ હતાને તો થોડું લીધું. સમજાણું કાંઈ? હવે કહે છે... ૩૩ ધર્મ તો કહી દીધા. એ પણ બધા એક સમયમાં છે હોં! એક સમયમાં. કથનમાં એક પછી એક આવે. તો એમાં

ધર્મ એક પછી એક નથી. એક સમયમાં અનંત ધર્મો સાથે રહે છે. કાળે મોક્ષ થયો એ પણ એક ધર્મ છે. એની સાથે અકાળે મોક્ષ થયો એ પણ એની સાથે ધર્મ છે. કોઈને કાળે મોક્ષ થાય અને કોઈને અકાળે થાય છે તો એ જીવને કાળે મોક્ષ અને ક્યારેક અકાળે થાય એમ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શૈલી આવી છે.

ઉત્તર :- શૈલી આ છે. એમાં કાંઈ એવું નથી પણ ઓલું જરી... કારણ કે પહેલું માન્યું હોયને એ જરી અંદર નડતું હોય એને કાઢીને સાંભળે તો સમજાય. એમ કાળે મોક્ષ થાય અને અકાળે મોક્ષ થાય એ બેય નય આવી ગઈ. સમજાણું કાંઈ? ત્યાં એમ છે (અને) એવો અર્થ કર્યો. કે જે સમયે મોક્ષ થશે એ સમયે થશે. એવો સમ્યક્ શ્રુતજ્ઞાની પોતાની પર્યાયમાં એવો ધર્મ જાણે છે. સમજાણું કાંઈ? અને અકાળે મોક્ષ. અકાળનો અર્થ સંસાર પરિત્યાગ કર્મ નાશ કર્યો એમ કહેવામાં આવે છેને? તો એવો એ સમયે એક ધર્મ ગણવામાં આવ્યો. સમયભેદ નથી. ધર્મમાં સમયભેદ નથી, કાળભેદ નથી, જીવભેદ નથી. એ જ જીવને એ જ સમયે કાળે મોક્ષ છે એવું શ્રુતજ્ઞાની જાણે છે અને એ જ જીવને અકાળે એટલે કે કર્મનો નાશ થયો, સંસાર પરિત કર્યો એવી અપેક્ષા ગણીને એક ધર્મ એ જ સમયે ગણવામાં આવ્યો છે. એ કાળે-અકાળે બેય ધર્મ એક સમયમાં એક જીવને છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ માટે તો પહેલા કહ્યું કે અનંત ધર્મોનું અધિષ્ઠાતા એક દ્રવ્ય એક સમયમાં છે અને અનંત ધર્મમાં વ્યાપ્ત અનંત નય છે, એ અનંતનય એક સમયમાં શ્રુતજ્ઞાન પ્રમાણે વ્યાપે છે. એ શ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન એવા આત્માને અનંત નયથી અનંત ધર્મને એક નયે જુઓ તોપણ શુદ્ધ ચૈતન્યમૂર્તિ દેખે છે અને આખા પ્રમાણથી જોવે તો પણ શુદ્ધ ચૈતન્યમૂર્તિ જોવે છે. એ પછી એનો કળશ આવશે. ભારે ધર્મ ભાઈ આકરો હોં આમાં.

મૂળ ચીજ વસ્તુ અંદર છે. શરીરથી ભિન્ન, કર્મથી ભિન્ન એ તો સ્વતંત્ર. શરીર શરીર થઈને રહ્યા છે. શરીર પોતાની પર્યાયમાં રહીને રહ્યું એમ છે નહિ. તો શરીર પોતાની પર્યાયમાં રહ્યું એવો તો કોઈ ધર્મ આત્મામાં નથી. શરીર જે છે. આ વાણી છે, કર્મ છે એ અજીવ થઈને રહ્યા છે. એનું દ્રવ્ય, એનો ગુણ, એની પર્યાય અજીવ થઈને રહી છે. અજીવ થઈને અજીવમાં રહી છે. જીવની પર્યાયમાં કર્મ, શરીર, વાણી કદી એક સમય પણ આવ્યો નથી. સમજાણું કાંઈ?

હવે એમાં સમ્યગ્જ્ઞાની, શ્રુતજ્ઞાન, ગણધર હોય તોપણ એમ જાણે છે કે ઈશ્વરનયે. જુઓ, 'પરતંત્રતા ભોગવનાર છે,...' ૩૪મી. ધર્મ. ૩૪મો ધર્મ. શું કહે છે? એક એવો એમાં ધર્મ છે યોગ્યતા. 'ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે,...' નિમિત્તને આધીન થઈ જાય એવો પોતાની પર્યાયનો એક ધર્મ છે. નિમિત્ત આધીન કરે છે એમ નથી. પંડિતજી! ઈશ્વરનય-ઈશ્વરનય ઝીણી છે. આહા..હા..! ઈશ્વરનય એ પહેલા કહ્યું હતુંને કે અનંત ધર્મનો અધિષ્ઠાતા

છે તો પોતાનો ધર્મ પોતે ધારી રાખેલો છે. હવે એમાં એક ધર્મ એવો છે. જેમ કાળનયનો ધર્મ છે, અકાળનયનો ધર્મ છે. એવો એક ઈશ્વરનયનો પોતાની પર્યાયમાં પોતાથી શ્રુતજ્ઞાની, ભાવશ્રુતજ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ અને ગણધર... કેવળીની વાત અહીંયાં નથી. સાધકની વાત છેને? તો ગણધર પણ એમ જાણે છે કે મારી પર્યાયમાં એવો એક ધર્મ છે. કે હું નિમિત્તને આધીન થઈ જાઉં છું એ મારી પર્યાયની યોગ્યતા છે. પર મને પરાધીન કરે એવો કોઈ મારામાં ધર્મ નથી. આહા..હા..! ..ચંદભાઈ! સમજાય છે કે નહિ? એય..! શેઠ! ના, ના, એ બરાબર કહેતા નથી. હજી બરાબર નથી બેઠું. એ હળવેથી કીધું બરાબર. એમ નથી સમજતા? ભાષા તો સાદી છે. કે આત્મામાં વસ્તુ. શરીર, વાણી એકકોર છોડી દો. શરીર, વાણી, કર્મ એ તો એની દશામાં રહ્યા છે. આત્માની પર્યાયમાં એ રહ્યા નથી, આત્માના ક્ષેત્રમાં એ નથી. એ તો એનું પરક્ષેત્ર છે. આ ક્ષેત્ર ભિન્ન છે.

તો આત્મા સમ્યગ્જ્ઞાનીને, શ્રુતજ્ઞાનીને, સાધકજીવને શ્રુતજ્ઞાનમાં એવો આત્મા દેખે છે, જાણે છે, પ્રમેય કરીને પ્રમાણ જાણે છે. તો કેવો? કે એક એમાં એવો ધર્મ છે, યોગ્યતા એવી છે કે નિમિત્ત કર્મનો ઉદય હોય એને આધીન થવું પડતું નથી. પણ પોતાની પર્યાય એને આધીન થઈ જાય એવો એક પોતાનો ધર્મ છે. જ્યારે સાધક હોય ત્યારે. ભારે! નવનીતભાઈ! સમજાણું કાંઈ? ભાષા તો સહેલી છે પણ એની .. જરી ખ્યાલ રાખે તો સમજાય આ તો.

'ઈશ્વરનયે...' આત્મામાં એક ઈશ્વરનય છે. કે '**પરતંત્રતા ભોગવનાર છે,...**' કોની પેઠે? '**ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક.**' રાહગીર-મુસાફર. મુસાફર નીકળ્યો એની સ્ત્રી પણ સાથે હતી. અને એનો દીકરો પણ હતો. પણ સ્ત્રીને દૂધ નહોતું આવતું. તો ધાવની દુકાન હોયને ધાવની દુકાન? દુકાન ઉપર બાળકને છોડી દીધું કે આને દૂધ પીવડાવી દો. સમજાણું કાંઈ? તો ત્યાં સુધી બાળક પરાધીન છેને? ધાવમાતાને પરાધીન છેને? એમ આત્મા સમ્યગ્જ્ઞાનમાં એવો ભાસે છે. પહેલા દ્રવ્ય તો કહ્યું. દ્રવ્ય એકરૂપ ધ્રુવ છે એમ ભાસે છે એવો એક ધર્મ. પણ બીજો ધર્મ આ. એવા-એવા અનેક ધર્મો આવી ગયા. એવો એક ધર્મ એમ ભાસે છે કે મારી જ્ઞાનની પર્યાય ... જ્ઞાનાવરણીયનો ઉદય એ તો પરપર્યાય છે, એમાં એ જાતી નથી. એ ઉદય થયો તો જ્ઞાનની પર્યાય હીણી થઈ એવો મારો ધર્મ નથી. મારી પર્યાય હીણી નિમિત્તને આધીન થાય છે એવી મારી પર્યાયમાં એક મારો ધર્મ છે. એવું ગણધરદેવ પોતાના આત્મામાં શ્રુતજ્ઞાન વડે એવો એક નયનો એક ધર્મ જાણે છે. આહા..હા..! પંડિતજી! ભાષા તો સાદી છે આમાં.

કોઈ એમ કહે કે નહિ, અમને રાગ થયો એ કર્મથી થયો. તો એ પોતાના ધર્મને જાણતો નથી અને ધર્મને ધરનાર દ્રવ્યને પણ જાણતો નથી. એનું જ્ઞાન સાચું નથી અને દૃષ્ટિ પણ સાચી નથી. શોભાલાલજી! કેમ લેવું? કડક લેવું કે મીઠું? .. ભાઈ અમારી પાસે જે છે એ છે. કડક કહો કે મીઠો કહો. માર્ગ તો આ છે.

મુમુક્ષુ :- આવવાનું હોય તે આવે...

ઉત્તર :- આવવાનું તો આ યથાર્થ મારું લાગે. અયથાર્થ સારું લાગે એવું કહેવામાં આવે છે? આહા..હા..!

જુઓ, ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞે એક સમયની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક, અનંત સિદ્ધ ને કેવળીને એક સમયની પર્યાયમાં જાણે છે. સર્વજ્ઞની એક સમયની પર્યાય અનંતા કેવળીને જાણે છે. જાણે છે કે નહિ? બધાને જાણે તો એક સમયમાં અનંત કેવળીને જાણે છે. તો એ જ્ઞાનમાં સાધક જીવ કેવો છે એ પણ જ્ઞાનમાં આવ્યું. સમજાણું કાંઈ? તો કહે છે કે સાધકજીવ એવો આવ્યો છે અને સાધકજીવને પણ એવો આત્મામાં... જેમ ભગવાન સાધકજીવને જાણે છે એમ સાધકજીવ પોતાનો ધર્મ પોતામાં એવો જાણે છે. ધીમે-ધીમે સમજવા જેવી વાત છે. અમારી ગુજરાતી આવે છે થોડી.

**'ઈશ્વરનયે...'** હવે જેટલી પોતાના ગુણની પર્યાય છે એ જ્ઞાનની હીણી દશા હોય તો કહે છે કે મારી પર્યાયનો એવો ધર્મ છે. હું પરાધીન થઈ જાઉં છું એ મારો ધર્મ છે. પર પરાધીન કરે છે એવો મારામાં ધર્મ નથી. એવું શ્રુતજ્ઞાની ચાર જ્ઞાનને ધરનાર ગણધરદેવ ચૌદપૂર્વની જેણે રચના કરી, એ પોતાની પર્યાયમાં પરાધીન થાય છે એવા પોતાના ધર્મને એક નયે દેખે છે. અને એવા અનંત નયોનું શ્રુતપ્રમાણ એ વડે અનંત ધર્મને ધરનાર આખું દ્રવ્ય એને જાણે છે. ભારે વાત ભાઈ આવી! સમજાણું કાંઈ? એવું જ્ઞાન, એવું દર્શન. દર્શન ઉપયોગ. દર્શન ઉપયોગમાં કોઈ કહે છેને ભાઈ! જુઓ, વસ્તુ તો એકરૂપ હોવી જોઈએ. કર્મના નિમિત્ત વિના આત્મામાં વિષમતા કેમ થઈ? કર્મ વિના વિષમતા કેમ થઈ? અલ્પજ્ઞાન, અલ્પદર્શન કેમ થયું? કે કર્મને કારણે થઈ. અહીં ભગવાન કહે છે કે એવી વાત છે નહિ. એવું સમ્યગ્જ્ઞાની પણ જાણે છે કે કર્મને કારણે મારામાં ખામી છે એમ નથી. સમજાણું કાંઈ? જ્ઞાનની ખામી એ પણ મારી પર્યાયનો એક ધર્મ છે. પરાધીન થઈને. દર્શનની ખામી એ પણ દર્શનાવરણી નિમિત્તાધિન થવાની મારી યોગ્યતાનો એક ધર્મ છે. ચારિત્રની ખામી, વિપરીતતા, એ ચારિત્રમોહનો ઉદય તો નિમિત્ત છે, પણ એને આધીન હું થાવ છું એવો મારો એક ધર્મ છે. એવું શ્રુતજ્ઞાની, ગણધર પણ પોતામાં એવો ધર્મ પોતાને કારણે છે, એ ધર્મને ધરનાર હું આત્મા છું, અધિષ્ઠાતા હું છું એવું જ્ઞાની જાણે છે.

મુમુક્ષુ :- પરને કારણે.

ઉત્તર :- બિલકુલ નહિ. પરનો આશ્રય પરમાં રહ્યો. શેઠીયા! આ નયનો અધિકાર છે. નયનું થોડું છપાઈ ગયું છે ઘણા વર્ષ પહેલા હોં. શું કહેવાય નય? નયપ્રજ્ઞાપન. ઓલા .. પુસ્તક છપાશે. ગુજરાતી છેને? ગુજરાતી. અહીં તો ભાઈ... સમજાણું કાંઈ? ઓહો..હો..! પહેલા એક નાનું પુસ્તક છપાઈ ગયું. આ તો હવે ચાલ્યું. એક પુસ્તક છે એનું. પહેલા વ્યાખ્યાન થઈ ગયા હતાને? એનું ગુજરાતી છપાઈ ગયું નયપ્રજ્ઞાપન. ગુજરાતી જાણો છો? ગુજરાતી

વાંચો છો પંડિતજી! નહિ. સમજાણું કાંઈ?

આ એક નયમાં એટલો અપેક્ષિત ધર્મ છે કે સમ્યગ્દર્શનની પર્યાય તો પ્રગટ થઈ છે એની વાત છે. હું દર્શનમોહને આધીન થાઉં એવો મારો ધર્મ એ વાત અહીંયાં છે જ નહિ. સમજાણું કાંઈ? કેમકે અહીંયાં તો સમ્યગ્જ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ પોતાના દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં ધારેલો ધર્મ કેવો છે એવું જાણે છે. તો સમ્યગ્જ્ઞાની દર્શનમોહના ઉદયને આધીન થયો એવો કોઈ ધર્મ છે નહિ. પણ સમ્યગ્જ્ઞાનીને ચારિત્રમોહનો ઉદય છે. તો પોતાની પર્યાયમાં નબળાઈને લીધે... શાસ્ત્રમાં એવું આવે છેને ભાઈ! વશ બહુ આવે છે. કર્મને વશ... કર્મને વશે... ઉદય નથી થતું. ઉદીત વશ એવો શબ્દ બહુ આવે છે. .. સ્વયં વશ થાય છે. નિમિત્તને આધીન થાય છે એવી એક પોતાની પર્યાયની પોતાની યોગ્યતા છે. નિમિત્ત પરાધીન કરે છે એ વાત ત્રણ કાળમાં વસ્તુમાં નથી. આહા..હા..! ખબર નથી તો શું કરે? ખબર નથી તો એવું માને. વસ્તુ તો એવી છે.

ઈશ્વરનયમાં જ્ઞાન, દર્શનોપયોગ. સમ્યગ્દર્શન ન લેવું. સમ્યગ્દર્શન તો છે જ. એટલે પરને વશ થવું એ તો છે નહિ. ચારિત્રમાં ઉદય આવે છે એ તો પોતાની પર્યાયમાં એવી એક યોગ્યતા છે તો રાગ થઈ જાય છે. તો પોતાનો આનંદગુણ છે. આનંદ ગુણ છે. એ દુઃખની પર્યાયમાં નિમિત્તમાં.. પરાધીન થશે. એવો મારી પર્યાયનો ધર્મ છે. પર્યાયમાં દુઃખ થયું એ મારી પર્યાયનો ધર્મ છે. એવું શ્રુતજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પોતાને ધર્મને ધારનાર દ્રવ્યને જાણે છે એમાં એક ધર્મ આ પણ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, વીર્ય. આત્મામાં જે અનંત વીર્ય છે એ પર્યાયમાં વીર્યાંતરાય કર્મને આધીન થઈ જાય છે. એ પોતાની પર્યાયને આધીન છે. પોતાની પર્યાયની યોગ્યતાનો ધર્મ છે. નહિ કે કર્મનો ઉદય આધીન કરાવે છે એમ છે નહિ. આહા..હા..! એમ કોણ જાણે છે? સમ્યગ્જ્ઞાની, ભાવશ્રુતજ્ઞાની, પોતાના સાધકસ્વભાવમાં બાધકપણું એટલું છે એ પણ મારા ધર્મથી છે, પરથી નથી એવું સમ્યગ્જ્ઞાની જાણે છે. બીજી રીતે જાણે તો આત્મામાં બીજું માને એમ તો છે નહિ. તો એનું જ્ઞાન પણ જૂઠું છે. આહા..હા..! સમજાણું કાંઈ? શોભાલાલજી! સમજાય જાય એવી વાત છે હોં. એવી કોઈ ભાષા આકરી નથી. છે? સાદી ભાષા છે. અમને હિન્દીનો અભ્યાસ નથી એટલે સાધારણ-સાધારણ હિન્દી આવડે છે. આહા..હા..!

ભગવાન! કહે છે કે તું તારો ભગવાન છે, તારામાં પ્રભુતા નામની એક શક્તિ છે, ગુણ છે. એ ગુણ પ્રભુતામાં પામરપણે પરિણમે છે. આહા..હા..! એ પોતાના ધર્મને કારણે છે. કર્મને કારણે પામરતા પરિણમે છે એવો આત્મામાં કોઈ પર્યાયધર્મ પણ નથી. ગુણમાં તો નથી, પણ પર્યાયધર્મમાં એવું નથી. આહા..હા..! જ્ઞાનચંદજી! સમજે તો ખરા, ભગવાન! આ ટાણા આવા આવ્યા મનુષ્યદેહ. એમાં સત્ય સમજશે નહિ તો સત્યની રુચિ થશે નહિ અને રુચિ વિના સમ્યગ્દર્શન કદી થશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ઘરની

ચીજની વાત છે. આહા..હા..!

એક બાજુ કહે કે રાગાદિનો સ્વામી પુદ્ગલ છે. સમયસાર દૃષ્ટિનો અધિકાર લે છે. એ બીજી વાત છે. એ તો દૃષ્ટિમાં દ્રવ્યદૃષ્ટિ તરવરે છે. આખો દ્રવ્ય-ધ્રુવ એકલો. તો એ અપેક્ષાએ વિકારનો સ્વામી પુદ્ગલ છે. કેમકે કાઢી નાખવો છે અને પોતાના સ્વભાવમાં નથી એ અપેક્ષાએ. પણ અહીંયાં તો છે એ પોતાના ધર્મને કારણે છે. એટલું જ્ઞાન સ્વપરપ્રકાશક જ્ઞાનની શક્તિની એટલી તાકાત છે એમ જાણે છે. સમજાણું કાંઈ? જ્ઞાન-દર્શન-ચારિત્ર-આનંદ વીર્ય. કર્તા, કર્મ, કરણ આદિ શક્તિ ગુણ છેને? એ પર્યાયમાં હીનપણે પરિણમે છે, હીનપણે પરિણમે છે એ નિમિત્તાધીન પોતાની પર્યાયનો ધર્મ પોતાથી છે. ગુણ-દ્રવ્યમાં નથી. પર્યાયમાં એવો ધર્મ છે. નિમિત્તાધીન પરિણમે છે. એવો સાધક બાધકપણાનું પરિણમન છે એ મારા કારણે છે એવું સમ્યગ્જ્ઞાની જાણે છે. સમજાણું કાંઈ?

આ કહે છેને ભાઈ! જુઓ, શ્રીકૃષ્ણને બળભદ્રે છ મહિના સુધી (ખભે) ઉપાડ્યા. છ મહિના સુધી કાંધે-કાંધે ઉપાડીને. કાંધે શું કહે છે? છ મહિના સુધી. તો ચારિત્રમોહનો ઉદય હતો તો છ મહિના સુધી રહ્યા. પણ ચારિત્રમોહ ગળી ગયો તો છોડી દીધું. એ વાત ખોટી છે એમ કહે છે. એ વાત ખોટી છે. એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? એમ કોઈ કહે કે છ મહિના સુધી એને ચારિત્રમોહનો ઉદય હતો ત્યાં સુધી એને ... કાંધે રાખ્યા. અને ચારિત્રમોહ ગળી ગયો તો શુદ્ધ થયો. એમ ના પાડે છે. એમ નથી. બળભદ્ર સમકિતી .. પણ એમ નથી જાણતા. છે કે ચારિત્રમોહના ઉદયને કારણે હું એને.. મારી પર્યાયમાં પરને આધીન રાગ થવો એવી યોગ્યતાને કારણે મને રાગ થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાન તો આત્મા છે. ચારિત્ર પરિણમે છે. રાગને આધીન તો ચારિત્ર છે. જ્ઞાનમાં તો હીણી પર્યાય આધીન છે.

મુમુક્ષુ :- જ્ઞાનમાં .. કષાયને આધીન

ઉત્તર :- કષાયને કારણે નહિ. પોતાને કારણે છે. એ તો પહેલાથી કહ્યું. કષાય બીજા ગુણની પર્યાય છે, જ્ઞાનની પર્યાય બીજા ગુણની પર્યાય છે. બીજા ગુણની પર્યાયને કારણે બીજા ગુણની પર્યાય હીણી છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ માટે દાખલો આપ્યો કે જ્ઞાનની હીનતા છે એ પોતાની પર્યાયનો ધર્મ છે. અને દર્શનની પર્યાય છે, દર્શન ઉપયોગ હોં! સમ્યગ્દર્શનની અહીંયાં વાત નથી. અહીંયાં તો સાધકજીવની વાત છે. દર્શન ઉપયોગની હીનતા છે એ પોતાની પર્યાયનો ધર્મ છે અને ચારિત્રની હીનતા છે એ પોતાની પર્યાયનો ધર્મ છે. આ અનંતી ખામી છે અને દુઃખની પર્યાય એવી છે એ પણ પોતાની યોગ્યતાને કારણે છે. પરને કારણે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

એવા અનંતગુણની પર્યાય... અનંતગુણ છે. સામાન્ય પણ અનંતગુણ છે, વિશેષ પણ

અનંતગુણ છે. આત્મામાં સામાન્ય પણ અનંતગુણ છે અને વિશેષ પણ અનંત છે. અને વિશેષમાં વિકારપણે થવાલાયક પણ ઘણા (ગુણ) છે અને વિકારપણે નહિ થવાલાયક અસ્તિત્વગુણ આદિ વિકારપણે કદી થતા જ નથી. અને વિકારપણે થવાલાયક જે ધર્મ છે એ પોતાથી છે એમ સમ્યગ્જ્ઞાની પોતામાં પોતાની પર્યાયની ખામી જાણે છે. મને કર્મનો ઉદય આવ્યો તો મને જોડાણ થયું એવી વાત વસ્તુની સ્થિતિમાં સમ્યગ્જ્ઞાની જાણતા નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સમયનો પોતાની પર્યાયનો ધર્મ છે. એ સમયનો હોં. ત્રિકાળી નથી. ત્રિકાળી નથી. ત્રિકાળી તો દ્રવ્ય અને ગુણ છે. એક સમયની પર્યાયમાં જેટલું હીણું, વિપરીત. હીણું એટલે જ્ઞાન, દર્શન અને વીર્ય હીણું થાય છે, ઓછું થાય છે અને રાગાદિ-દુઃખાદિ વિપરીત થાય છે. એ સમયની પર્યાયનો ધર્મ આત્માએ અનંત ધર્મનો અધિષ્ઠાતા હોવાથી આત્માએ ધારી રાખ્યો છે. કર્મને કારણે ધારી રાખ્યો એવો ભાવ આત્મામાં છે નહિ. સમજાણું કાંઈ? બહુ ગડબડ જૈનમાં છે. કર્મને નામે તો ગોટા વાળ્યા છે બધા. જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે છે. લ્યો પહેલેથી ભૂલ. સમજાણું કાંઈ? કહે ના એમ છે નહિ. કેવળજ્ઞાનાવરણીય છે તો જ્ઞાનની પર્યાય એને કારણે હીણી થઈ છે એવો આત્માની પર્યાયમાં ધર્મ નથી. ગુણમાં તો છે જ નહિ. ગુણ તો ત્રિકાળી ધ્રુવ છે. સમજાણું કાંઈ? ..ભાઈ કહે છેને. 'કર્મે રાજા કર્મે રંક કર્મે વાળ્યો આડો અંક.' એ બહારની વાત જુદી છે. કર્મને લઈને અઘાતિને કારણે રાગ થાય (એમ નથી), એ તો સંયોગની વાત છે. પણ ઘાતિને કારણે હીણી દશા થાય છે એમ (પણ) નથી. અઘાતિ સંયોગમાં નિમિત્ત છે અને ઘાતિ વિકારની યોગ્યતા કરે એમાં નિમિત્ત છે. પણ ઘાતિ વિકાર કરાવે છે અને અઘાતિ ચીજ લાવી શકે છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એકેએક પર્યાય સ્વતંત્ર. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતાની પર્યાય પણ પર્યાય પોતાનો ધર્મ ન હોય તો છોડે ક્યારે? સ્વભાવનો આશ્રય હશે તો છૂટશે. પરનો ધર્મ હોય તો પર છૂટે તો એ છૂટે એ તો પોતાને આધીન રહ્યું નહિ. એવું વસ્તુમાં છે જ નહિ. એમ માને એને વસ્તુ કે પર્યાય એનું સમ્યગ્જ્ઞાન નથી અને મિથ્યાજ્ઞાન છે. મિથ્યાજ્ઞાન છે ત્યાં શ્રદ્ધા મિથ્યા છે અને ત્યાં આચરણ પણ મિથ્યા છે. વ્રતાદિ પાળતો હોય તો પણ મિથ્યા આચરણ છે. સમજાણું કાંઈ? પ્રભુત્વશક્તિ પર્યાયની નબળાઈને લીધે પરાધીન થાય છે. ઈશ્વરનય પોતાની ઈશ્વરતાની યોગ્યતા એવી છે. એ કારણે જેમ **'ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક.'** એમ પોતાની પર્યાયમાં જે નબળાઈ-હીણી અને વિપરીત અવસ્થા એ પોતાની પર્યાયની યોગ્યતાને કારણે છે. એવું સમ્યગ્જ્ઞાની પોતાની પર્યાયનો એવો ધર્મ જાણે છે. સમ્યગ્જ્ઞાન છેને? તો સમ્યગ્જ્ઞાન

જેવું છે એવું જાણે. મિથ્યા જાણે? આહા..હા..! કર્મને માથે તો એટલું નાખ્યું છે લોકોએ. કર્મને લઈને રખડે ભાઈ! કર્મને લઈને. કર્મનું ઘણું જોર હોય છે. જોર કોનું? જડની પર્યાય જડમાં છે. ચૈતન્યની પર્યાયને જડ અડતી નથી. ચૈતન્યની પર્યાય જડની પર્યાયને અડતી જ નથી. ઉદય તો જડની દશા છે. અજીવની અવસ્થા છે, રૂપી અવસ્થા છે, માટીની અવસ્થા છે, પુદ્‌ગલની અવસ્થા છે. એને તો આત્મા અડતો પણ નથી. સમજાણું કાંઈ? પોતાની પર્યાયને સ્પર્શે છે, તો જ્ઞાની જાણે છે કે મારી પર્યાયમાં નબળાઈને કારણે આવો પર્યાયધર્મ મારો છે.

એની સાથે બીજો ધર્મ હવે. સાથે ને સાથે હોં. કોઈને ઈશ્વરધર્મ છે અને કોઈને અનીશ્વર ધર્મ છે એમ પણ નથી અને એક જીવને કોઈવાર ઈશ્વરધર્મ કામ કરે છે અને કોઈવાર અનીશ્વરધર્મ કામ કરે એમ પણ નથી. સમજાણું કાંઈ? એ કાળ-અકાળ, નિયત-અનિયતમાં ઘણું આવી ગયું. આ તો ઈશ્વર-અનીશ્વરનય. બાળકની માફક. એ .. હોય છેને? એની માતા તો બરાબર દે છે, પણ એનાથી પરાધીન છેને? સમજાણું કાંઈ? અમૃતચંદ્રાચાર્ય વસ્તુને સ્પષ્ટ કરવામાં એટલી સરળતાથી કરે છે. કે એને ખ્યાલ આવી જાય કે આમ કહે છે અને આમ છે. સમજાણું કાંઈ? આ ચીજ બીજી રીતે જાણે, માને તો એને આત્માનો ધર્મ છે એમ નથી માનતો અને પરના કારણથી ધર્મ છે એમ માને છે એ આત્માને જાણતો નથી. એનું જ્ઞાન સાચું અને શ્રદ્ધા પણ સાચી નથી અને આચરણ પણ સાચો નથી.

(૩૫) બીજો ધર્મ. એ જ સમયે હોં. એ જ સમયમાં અનંત ધર્મ માહ્યલો એક ઈશ્વરધર્મ છે, એક અનીશ્વરધર્મ છે. '**આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે,...**' પરને આધીન ન થવું, પોતાને આધીન થવું એવો પણ એ સમયે એક ધર્મ છે. ધર્મ એટલે આ સંવર-નિર્જરા એની અહીં વાત નથી. સમજાણું કાંઈ? એ પર્યાયની યોગ્યતા છેને તો પોતાનો ધર્મ છે. પોતાની યોગ્યતા છે. ગુણધર્મ છે, દ્રવ્યધર્મ છે.

મુમુક્ષુ :- એક-એક સમયના અલગ-અલગ ધર્મ?

ઉત્તર :- અલગ-અલગ નહિ. એક-એક સમયમાં અનંતા એક સાથે. એ માટે તો કહીએ છીએ. અલગ-અલગ નથી. ઝીણું છે, ડાલચંદજી! બીડીમાં બહુ રોકાઈ ગયા છોને. આ સમજવા માટે રોકાવું પડશે. એક સમયમાં એક જીવને એક સાથે અનંત ધર્મ એક સમયે છે. એની વાત ચાલે છે. કોઈ જીવને આવા અને કોઈ જીવને આવા એવી વાત અહીંયાં નથી. અને એક જીવને એક ધર્મ એક સમયે અને બીજો ધર્મ બીજા સમયે એમ પણ નથી. .. વાત છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. એ તો પહેલાથી કહ્યું છે કે અનંત ધર્મ એક સમયે સાથે છે. જેમ ઈશ્વરધર્મ એક સમયમાં છે એ જ સમયે અનીશ્વર ધર્મ પણ એ જ સમયે પોતાની પર્યાયમાં પોતાને કારણે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આવ્યું હતુંને? પુરુષકારમાં આવ્યું હતુંને ભાઈ! પુરુષકાર. એમાં પુરુષાર્થથી આત્મા કામ કરે છે એવો પણ એક ધર્મ

છે અને એક દૈવનયે ધર્મ છે. એ પહેલા આવી ગયું. દૈવનયનો અર્થ? ૩૨-૩૩માં આવી ગયું.

એક માણસ છે એ પુરુષાર્થ કરીને... લીંબુનું દૃષ્ટાંત છેને? લીંબુ વાવ્યા હતા લીંબુ હજાર-હજાર. તો પુરુષાર્થ કરીને વાવ્યા. આ તો વાવી શકે છે એનો પ્રશ્ન નથી. આ તો દૃષ્ટાંત છે. કોઈ પ્રતિક્રિયા કરી શકે છે એ પ્રશ્ન અહીંયાં નથી. આ તો દૃષ્ટાંત છે. કે એક માણસે પુરુષાર્થથી એક હજાર લીંબુના ઝાડ વાવ્યા. તો એક માણસને એક ઝાડ આપી દીધું કે જાવ આ એક ઝાડ તમારું. વાવ્યા છે મેં. પણ તમને એક દઉં છું. તો એ ઝાડ જેને આપ્યું એને એક લીંબુમાં એક માણેક નીકળ્યું. એ તો અહીંયાં પહેલા આવી ગયું. લીંબુમાં માણેક થાય છે. ઠળીયા હોયને ઠળીયાને શું કહે છે? બીજને સ્થાને માણેક થાય છે. લીંબુમાં માણેક થાય છે. ૨૦-૨૦ હજારની કિંમતનો એક લીંબુમાં. પહેલા આવી ગયું છે. એ વાત થઈ ગઈ છે. એ તો અમારે વીરજીભાઈ હતા એણે જોયું હતું કલકત્તામાં. લીંબુનું એક માણેક હતું ૨૦ હજારની કિંમતનું. એ વકીલ હતાને? ૯૩ વર્ષની ઉંમરે ગુજરી ગયા. જામનગરના. બહુ અભ્યાસ હતો. દિગંબરનો અભ્યાસ પહેલો એમને હતો... પહેલા. એ વખતે ગુજરી ગયા. ૯૨-૯૩ વર્ષે ગુજરી ગયા. કહે, અમે વકીલાત માટે કલકત્તા ગયા હતા તો એકની પાસે લીંબુનું માણેક ૨૦ હજારનું હતું. એ પરમાણુમાં પરિણમી જાય. એમાં શું છે? જેમ લીંબુનો ઠળીયો હોય છે. ઠળીયાને શું કહે છે? બીજ-બીજ. એવું એક માણેક થયું. આવી ગયુંને? પહેલા આવી ગયુંને?

પુરુષાર્થનયે આત્માની... જુઓ, અને **'દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે એવું છે, પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી જેને માણેક પ્રાપ્ત થાય છે...'** એમ યત્ન પોતે કર્યો. એ સાથે કર્મ પણ એની સાથે ટળી ગયું એવો પણ એક પોતાની પર્યાયનો ધર્મ છે. ટાળવો પડતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એક જ સમયની વાત છે હોં. પુરુષાર્થ પણ એક સમયનો ધર્મ છે અને પુરુષાર્થરહિત દૈવ નય પણ એ જ સમયે છે. એ જ સમયે છે. એક જીવને-સાધકને એ જ સમયે છે. એવા શ્રુતજ્ઞાની પોતામાં એક સાથે અનંતધર્મને શ્રુતજ્ઞાન વડે જાણે છે. એક નય વડે એક ધર્મને જાણે છે. સમજાણું કાંઈ? અરે..! ભારે! નય ને પ્રમાણને આ, જાણવું. બાપુ! વસ્તુ એવી છે. પ્રમેય કરવો છે એને. ચીજ તો જેવી છે એવી એને પ્રમેય કરવો, પ્રમેય નામ જ્ઞેય કરવું. જ્ઞાન પ્રમાણનું પ્રમેય કરવું. એ પહેલા આવ્યુંને? એ પ્રમેય કરે તો શ્રુતજ્ઞાનીને એવો પ્રમેય પ્રમાણમાં પોતાનો આત્મા આવે છે. કે ઈશ્વરનયે હું પરાધીન થઈ જાઉં છું એવી મારી યોગ્યતા છે અને હું સ્વતંત્ર રહું છું એ જ સમયે મારી પર્યાયની યોગ્યતા છે. એ જ સમયે હોં.

મુમુક્ષુ :- જેટલી શુદ્ધિ એટલી પર્યાય શુદ્ધ.

ઉત્તર :- શુદ્ધિ છેને? જેટલી શુદ્ધિ છે એ સ્વાધીનપણે કરે છે. અશુદ્ધ નિમિત્તને આધીન થઈને થાય છે, પણ બેય ધર્મ મારો મારામાં છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે '**અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે,...**' નિર્મળ-નિર્મળ એક-એકની પર્યાય પોતાની યોગ્યતાથી હું ભોગવનાર છું. પરાધીન-ફરાધીન હું નથી. એક ધર્મમાં હોં. એક ધર્મે પરાધીન થાય તો એક ધર્મે સ્વાધીન છે. એવો એક સમયમાં બે ધર્મ છે. એક જીવને-સાધકને-શ્રુતજ્ઞાનીને એક સમયે બે ધર્મ આ રીતે જણાય છે. વિરુદ્ધ છે તોપણ એક સમયે રહે છે. આહા..હા..! સંતોએ કેટલું કામ ... કમાલ કર્યું છેને. આહા..હા..! આવી વાત દિગંબર સંત સિવાય આ વસ્તુના અનુભવની વાત છેને. તો એ અનુભવ સિવાય એ વાત કોઈ દિ' નીકળતી નથી. સમજાણું કાંઈ? જૈન દિગંબર સંતોએ કેવળજ્ઞાનીનું પેટ ખોલીને અંદરથી પ્રગટ કર્યું છે. તો એમાં ભાષા દ્વારા આવી ગયું. ભાષા તો ભાષાથી થઈ છે. સમજાણું? એ ચીજ જ એવી છે. સમજાણું કાંઈ? કોઈ બની બનાવેલી નથી. વસ્તુ એવી છે.

ભગવાન આત્મા પોતાની પર્યાયમાં પરવશતા એવો એક ધર્મ એ સમયે જ્ઞાની, સમકિતી જાણે છે. એ જ સમયે સ્વવશતા આદિ મારી પર્યાયમાં મારાથી છે. હું પરવશ નથી થતો. નિર્મળ પર્યાયમાં હું સ્વવશ છું. એવી પણ એક સમયની પર્યાયમાં બીજો આ જાતનો ધર્મ એમાં છે. સમજાણું કાંઈ? ઝીણું છે. આ ફેરી જરી વિષય ઝીણો છે. પણ હવે સમજવું તો પડશે કે નહિ? શુકનચંદજી! આહા..હા..! અરે..! ભાઈ! તારી પાસે ઝીણું શું? એક સમયમાં કેવળજ્ઞાન લેવાની તાકાત છે. આહા..હા..! આ તો સાધકજીવના શ્રુતજ્ઞાનની વાત ચાલે છે. સમજાણું કાંઈ? કોઈ એમ કહે કે ભાઈ! સ્વાધીન હોય તો કેવળજ્ઞાન કેમ નથી લેતા? સ્વાધીન હોય તો વર્તમાનમાં કેવળજ્ઞાન કેમ પ્રાપ્ત નથી કરતા?

મુમુક્ષુ :- કર્મ આડા આવે છે.

ઉત્તર :- કર્મ આડા નથી આવતા. એ તો પહેલામાં કહ્યું. મારી પર્યાય એટલી નિર્મળપણે પરિણમતી નથી એ મારી નબળાઈને કારણે છે. કાળને કારણે કે પંચમ કાળ છે તો કેવળજ્ઞાન નથી થતું. એમ છે નહિ. યોગ્યતા છે. પરમાં શું છે? પર પરમાં રહ્યું. કાળ પણ પર છે, દ્રવ્ય પણ પર છે. કોઈ સંહનન મજબુત છે વજ્રનારાચ સંહનન તો કેવળજ્ઞાન થાય છે. કે નહિ, પોતાની પર્યાયમાં એમ છે જ નહિ. હું સ્વાધીન થઈને કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ કરું છું. અને વર્તમાન શ્રુતજ્ઞાનીમાં પણ જેટલી નિર્મળ પર્યાય છે, સમ્યગ્દર્શનની. મેં સ્વાધીનપણે નિર્મળ પ્રગટ કરી છે. કોઈ દર્શનમોહનો અભાવ થયો તો મને સમ્યગ્દર્શનની પર્યાય થઈ એવું સમ્યગ્જ્ઞાની માનતા-જાણતા નથી. આહા..હા..! એક સમયમાં અનંત ધર્મ કહ્યા. આગળ-પાછળની વાત જ નથી. અને કોઈ જીવને એવું અને કોઈ જીવને એવું એમ પણ નથી. એક જ જીવને, એક જ સાધકને એ અનંતનયોના અનંત ધર્મ એક સમયે થાય છે. એવી વાત છે. વાત-વાતમાં ફેર છે. કોઈને આમ થાય અને કોઈને આમ થાય એમ નથી. આ ઈશ્વરનય કોઈને આવી અને અનીશ્વર કોઈ જીવને આમ એવી વાત નથી. એક જીવને પણ ઈશ્વરનયે કોઈ વખતે અને અનીશ્વરનય કોઈ વખતે એમ નથી. એક જ સમયમે ઈશ્વરનયે પરાધીન થવું

એવી મારી યોગ્યતા છે અને એ જ સમયે મારા શુદ્ધ અનુભવની પર્યાયમાં સ્વાધીન થાઉં એવો મારો ધર્મ એ જ સમયે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આખા ગોમ્મટશારમાં આ .. થાય છે.

અનંતા ધર્મ છે આ તો. અનંત સાથે છે. પહેલા કહ્યુંને અને પછી પણ બતાવ્યું હતું. એક સમયની વાત છે. આગળ-પાછળનો સમય નથી અને બીજો જીવ નહિ. એ જ સાધકજીવ એના એક સમયમાં શ્રુતજ્ઞાનમાં અનંતા ધર્મ અનંતનયોમાં વ્યાપ્ત છે એ અનંતનયનું પ્રમાણ એક સમયમાં જાણે છે. આહા..હા..!

મુમુક્ષુ :- દરેક સમયે આવું?

ઉત્તર :- દરેક સમયે. બીજા સમયે જરી રાગ થયો, વિશેષ શુદ્ધિ થઈ તો એ પણ મારે કારણે થઈ છે એમ જાણે છે. સમજાણું કાંઈ? એને કાંઈ પત્તો લાગે એવું નથી. એ તો સાંભળ્યા પછી ખબર પડે. એમાં એમ નથી. સમજાણું કાંઈ? એ તો આચાર્યોનું હૃદય બીજું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે,...**' હું સમ્યગ્દષ્ટિ, સમ્યગ્જ્ઞાની એવું જાણે છે કે સમ્યગ્દર્શનની પર્યાય મારી સ્વતંત્રતાથી હું ભોગવનાર છું. અને આનંદની મારી પર્યાય સ્વસંવેદન આત્માનો સ્વાદ સમ્યગ્દર્શનને કાળે, સમ્યગ્જ્ઞાનને કાળે જે આત્માના આનંદનો સ્વાદ આવે છે એને હું સ્વતંત્ર ભોગવનાર છું.

મુમુક્ષુ :- વિકાસ..

ઉત્તર :- વિકાસ કહો કે સુખદશા એમ કહો. એક જ કાળે વિકાસ અને એ જ કાળે અવિકાસ. એક સમયે બે. બેની વાત ચાલે છેને. કેમકે વિકાસ જ્યારે પૂર્ણ થઈ ગયો હોય તો તો કેવળજ્ઞાન થાય. બિલકુલ વિકાસ ન હોય તો મિથ્યાદષ્ટિ છે. આ તો સાધકની વાત ચાલે છે. સમજાણું કાંઈ? થોડું-થોડું ખ્યાલમાં રાખવું કે આવી ચીજ છે. સમજાણું કાંઈ? થોડા શબ્દમાં-ગાગરમાં સાગર ભરી દીધો છે આચાર્ય અમૃતચંદ્રાચાર્યે. ... કુંદકુંદાચાર્યનું તો શ્લોક પૂરા થઈ ગયા, પણ આ પ્રવચનસારમાં પાછળ નય મૂકી દીધી. એ સમયસારના ૪૧૫ શ્લોક પૂરા થયા પછી ૪૭ શક્તિ મૂકી છે. શક્તિ જ્યાં દ્રવ્યદૃષ્ટિનો વિષય છે ત્યાં શક્તિ મૂકી. જ્ઞાનનો નય છે ત્યાં નય મૂકી. જ્ઞાનની પ્રધાનતાનું કથન છે તો નય કહી. ત્યાં દૃષ્ટિની પ્રધાનતાથી કથન છે તો દ્રવ્યની શક્તિ કહી. અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? શું કહે છે?

મુમુક્ષુ :- છપાઈ ગઈ છે.

ઉત્તર :- હા, છપાઈ ગઈ છે. છપાણી છે કે નહિ? હિન્દી? પ્રસિદ્ધિ. આત્મપ્રસિદ્ધિ હિન્દીમાં? આપણને ખબર નથી. અહીંયાં તો લોકો વાત કરે છે. અમને તો ખબર પણ નથી કે કોણ છાપે અને શું કરે? સમજાણું કાંઈ? આ તો આત્મામાં એવો ધર્મ છપાયેલો

છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે ક્ષાયિક સમકિત લેવાની પર્યાયમાં હું સ્વતંત્ર ભોગવનાર છું એમ કહે છે. શ્રુતકેવળી છે અને એ કારણે મારી સ્વતંત્રતાની પર્યાય એ કારણે ઉત્પન્ન થઈ છે એમ છે નહિ. એ તો નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવવાની ચીજ છે. ક્ષયોપશમ સમકિતમાંથી ક્ષાયિક સમકિતની પર્યાયને હું સ્વતંત્ર કરનાર, ભોગવનાર, રચના કરનાર છું. આહા..હા..! એવો મારી પર્યાયમાં એક સ્વતંત્ર ધર્મ છે. સમજાણું કાંઈ? લ્યો! એ આ પ્રશ્ન તો અમારે ઘણા કાળથી ચર્ચાતો હતો. એમાં છેને? સર્વવિશુદ્ધ અધિકારમાં. પહેલો પ્રશ્ન છેને. બહુ ૯૦ની સાલમાં આવ્યા હતા. ૯૦. આ નહિ કેવું કહેવાય? દિવાનપરામાં ચોમાસું. ત્યારે ૯૦માં એક .. હતા. એની સાથે ચર્ચા થઈ હતી. આમાં છેને. સ્વાધીન-પરાધીન. સર્વવિશુદ્ધ અધિકારમાં પહેલો બોલ નથી? સ્યાદ્વાદનો છેને? એ નહિ એ બીજો. આ તો સ્વાધીન છે કે પરાધીન. સર્વવિશુદ્ધ ને? સ્યાદ્વાદ હોં. સ્યાદ્વાદ અધિકાર. પહેલો બોલ. સ્યાદ્વાદ. 'શિષ્ય કહે સ્વામી જીવ સ્વાધીન કે પરાધીન.' સ્યાદ્વાદનો બીજો બોલ છે. ... એનો અર્થ. આની ઘણી ચર્ચા અમારે ૯૦ની સાલમાં થઈ હતી. ૯૦ની સાલ કેટલા વર્ષ થયા? ૩૬. ૩૬ થયા. સ્વાધીન છે કે પરાધીન? કીધું, દ્રવ્યદૃષ્ટિએ સ્વાધીન છે, પર્યાયે પોતાથી પરાધીન થાય એવો આત્માનો ધર્મ છે. સમજાણું કાંઈ? સંપ્રદાયમાં હતાને ત્યારે જોયું હતું પહેલા. મુળી છેને મુળી એક ગામ? ત્યાં ... ભાઈ હતા એ કર્મની વાત બહુ કરતા હતા. એ કહે જુઓ, 'શિષ્ય કહે સ્વામી જીવ સ્વાધીન કે પરાધીન, જીવ એક હૈ કીધો અનેક માન લીજીએ... જગતમાંહી. જીવ અવિનશ્વર કે નશ્વર કહ દીજીએ. સદ્‌ગુરુ કહે જીવ હૈ સદૈવ નિજાધીન, એક જિનેશ્વર દ્રવ્યદૃષ્ટિ દીજીએ.' સમજાણું કાંઈ? 'જીવ પરાધીન ક્ષણ ભંગુર અનેકરૂપ નાહી જહાં તહાં પરજૈ પ્રમાણ કીજીએ.' પર્યાયનું પ્રમાણ કરો તો પરાધીન છે એવો પણ પોતાનો સ્વભાવ છે. દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો પરાધીન છે નહિ. પણ પોતાને કારણે હોં. પરને કારણે નહિ. એ સમયસાર નાટક છે. બનારસીદાસ.

કહે છે કે **'અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે, હરણને સ્વચ્છંદે ફાડી ખાતા સિંહની માફક.'** આહા..હા..! દાખલો જુઓ. હીરણને સિંહ આમ મારે. ફાડીને તોડી નાખે. એમ આત્મા પોતાની સ્વતંત્રતાને પ્રગટ કરે એમાં કોઈની સહાયતા-અપેક્ષા છે નહિ. સમજાણું કાંઈ? એવો એક ધર્મ છે. સર્વ ધર્મને જાણનાર શ્રુતજ્ઞાન પ્રમાણ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૦, સોમવાર, તા. ૨૦.૧૦.૧૯૬૯**
**નય-૩૫-૩૬-૩૭, પ્રવચન-૨૭૩**

પ્રવચનસાર. નય અધિકાર ચાલે છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં આત્માને સમ્યગ્જ્ઞાની કેવો જાણે એ વાત ચાલે છે. સમજાણું કાંઈ? આત્મા પરથી, રાગથી, નિમિત્તથી અને એક સમયની પર્યાયનું પણ લક્ષ છોડીને ધ્રુવ ચૈતન્ય દળ જે આનંદકંદ દળ છે એમાં દૃષ્ટિ કરે છે તો નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-શ્રદ્ધાની વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે. એની સાથે સ્વનું જ્ઞાન, જેવો આત્મા છે, જેવો ગુણ છે, જેવી પર્યાય છે અને જેવો એમાં એક સમયનો વિકાર પણ છે-બધાને ભાવશ્રુતજ્ઞાન પ્રમેય કરીને યથાર્થ-જેમ છે તેમ જાણે છે. એનું નામ ભાવશ્રુતજ્ઞાન, એનું નામ જૈનશાસન, એનું નામ ધર્મ. સમજાણું કાંઈ? ૧૫મી ગાથામાં કહ્યું છેને કે ભાઈ ભાવશ્રુતજ્ઞાન એ જૈનશાસન છે.

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।

એમ ભગવાન આત્મા વીતરાગ સ્વભાવથી પૂરું ભરેલું દ્રવ્ય છે. એની દૃષ્ટિ કરતાં પર્યાયમાં અનાદિથી એકતાબુદ્ધિ છે. પર્યાય શબ્દે શુભરાગ અથવા અવસ્થા-રાગ અને રાગને જાણનારું જ્ઞાન. એ જ્ઞાનની પર્યાયમાં અનાદિથી એકતાબુદ્ધિ છે એ મિથ્યાબુદ્ધિ છે. સોભાગભાઈ! ઝીણું છે આ ફેરી હોં. આ ફેરી ઝીણું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનાદિથી પર્યાયબુદ્ધિ છે. પર્યાયબુદ્ધિનો અર્થ? કાં રાગ ઉપર રુચિ છે કાં રાગનું જ્ઞાન, જે વર્તમાનમાં રાગનું જ્ઞાન જણાય છે એ એક સમયની અવસ્થા છે. તો એક સમયની અવસ્થામાં ત્રિકાળી દ્રવ્યની એકત્વબુદ્ધિ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેમ કહ્યુંને. એ પર્યાય છે એટલો હું છું. એક અંશ જે અવસ્થા છે એટલો હું છું તો ધ્રુવની સાથે પર્યાયનું એકત્વ કર્યું. પર્યાયથી ભિન્ન દ્રવ્ય છે. એક સમયની પર્યાય જેટલું દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? એક સમયની પર્યાય જેટલું દ્રવ્ય નથી. દ્રવ્ય તો ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ જ્ઞાયકમૂર્તિ આત્મા છે. એક સમયની પર્યાય તો વ્યવહાર ઉપચાર છે. એક સમયની પર્યાયને આત્મા કહેવો એ વ્યવહાર આત્મા છે, અભૂતાર્થ આત્મા છે. ઝીણી વાત છે, ભાઈ! એ ત્રિકાળી જ્ઞાયકભાવ છે એ ભૂતાર્થ આત્મા છે, સત્યાર્થ આત્મા છે, સાચો આત્મા છે. સમજાણું કાંઈ? એની ઉપર એકતા ન કરતા, એક સમયની પર્યાયમાં એકતા કરે છે એ પર્યાયબુદ્ધિ અનાદિથી મિથ્યાદૃષ્ટિ છે. વાત તો એવી છે, ભગવાન! સમજાણું કાંઈ?

બધા આત્મા ભગવાન છેને. ભગવાન તરીકે જ બોલાવે છે અહીંયાં તો. ૭૨ ગાથામાં કહ્યુંને કર્તાકર્મમાં? ભગવાન આત્મા. ...માં લીધું છે અમૃતચંદ્રાચાર્યે. પુણ્ય-પાપનો ભાવ અશુચિ છે, મેલ છે, ભગવાન આત્મા અતિ નિર્મળ છે. એવો શબ્દ છે સંસ્કૃતમાં. ૭૨ ગાથા. કર્તાકર્મની. ભગવાન આત્મા શુભ-અશુભભાવ અશુચિ છે, મેલ છે. જેમ પાણીમાં કાઈ-લીલ છે. મેલનો અનુભવ છે એ. એવો પુણ્ય-પાપનો ભાવ મેલ છે. એનો અનુભવ છે એ મિથ્યાદૃષ્ટિ છે. અને ભગવાન આત્મા એ અશુચિથી ભિન્ન શુચિ છે. પવિત્ર છે, અતિનિર્મળ છે. એવા પવિત્ર નિર્મળ ભગવાનની સાથે એકતા કરવી એનું નામ સમ્યગ્દર્શન અને દ્રવ્યદૃષ્ટિ કહેવામાં આવે છે. નવનીતભાઈ! સમજાણું કાંઈ? ભગવાન.. કહ્યું, ત્રણ વાર. અને રાગ, '**असुचितं च विवरीयभावं च। दुक्खस्स कारणं**' કર્તાકર્મની ૭૨મી ગાથા છે. આ તો પ્રવચનસાર છે. એ સમયસારમાં છે. ૭૨ કર્તાકર્મની. '**असुचितं च विवरीयभावं च। दुक्खस्स कारणं ति य तदो णियतिं कुणदि जीवो।**' એમ જાણીને પાછો વળ. રાગથી, પુણ્યથી, પર્યાયથી પાછો ફરીને દ્રવ્યબુદ્ધિ કરે તો એને સમ્યગ્દર્શન (થાય)-પૂરો આત્મા પરમાનંદ પ્રતીતમાં આવે, પૂરો આત્મા એક સમયમાં આખું ધ્રુવ પ્રતીતમાં આવે ત્યારે ભૂતાર્થ આત્માની શ્રદ્ધા કરી એમ કહેવામાં આવે છે. એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન છે. એ નિશ્ચય સમ્યગ્દર્શન ચોથે ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? કોઈ કહે છે કે નહિ? ચોથે સરાગ સમ્યગ્દર્શન છે, નિશ્ચય સમ્યગ્દર્શન નથી. એ વાત લીધી. સમજાણું કાંઈ? આહા..હા..!

તો કહે છે કે એવું સમ્યગ્દર્શન થયું એની સાથે સમ્યક્ ભાવશ્રુતજ્ઞાન પ્રમાણ થયું. ભાવશ્રુતજ્ઞાન પ્રમાણજ્ઞાન થયું. છે તો ભાવશ્રુત જ્ઞાનગુણની એક સમયની પર્યાય. સમજાણું કાંઈ? ભાવશ્રુત છે એ પણ છે તો એક સમયની પર્યાય. ઉપયોગ ભલે અસંખ્યમાં જાય. સમજાણું કાંઈ? વસ્તુ છે એ ત્રિકાળ છે અને એનો જ્ઞાનગુણ છે એ ત્રિકાળ છે. અને એનો જે ઉપયોગ થયો, ભાવશ્રુતજ્ઞાન એ તો પર્યાય છે. તો એ પર્યાયને પ્રમાણજ્ઞાન કહે છે કે જે પ્રમાણજ્ઞાનમાં આખું દ્રવ્ય, ગુણ અને પર્યાય ખ્યાલમાં આવે છે એ અહીં લેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે એ ભાવશ્રુત... ત્યાં તો એમ કહ્યું. '**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं॥**' જેમાં અભેદ, અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, સામાન્ય, પુણ્ય-પાપની આકુળતાથી સંયુક્ત નથી, અસંયુક્ત છે એવો ભગવાન આત્મા અનુભવમાં લીધો, એ ભાવશ્રુતજ્ઞાન ઉપયોગ છે એ જૈનશાસન છે. જૈનશાસન દ્રવ્ય-ગુણ નથી. પર્યાય છે. સમજાણું કાંઈ? ભાવશ્રુતજ્ઞાન વીતરાગ પર્યાય છે. સમજાણું કાંઈ? એ ભાવશ્રુત જ્ઞાનોપયોગ, અહીંયાં પ્રવચનસારમાં એકલું દ્રવ્ય ન લેતાં એની પર્યાયમાં, વિકાર અને અવિકાર બે છે. સાથે દ્રવ્ય લીધું. બધાને અહીં લઈ લીધા છે. ત્યાં તો એકલો અબદ્ધસ્પૃષ્ટ આદિ લીધો ભાઈ! દ્રવ્યની પ્રધાનતાથી કથન છેને ત્યાં. અહીં જ્ઞાન પ્રધાનતાથી વાત છે તો પોતાની પર્યાયમાં રાગ છે એ પણ એક

એનો ધર્મ છે. ધર્મ નામ એણે ધાર્યા છે. એણે ટકાવ્યા છે. સાધક સમ્યગ્દષ્ટિ શ્રુતજ્ઞાનમાં એમ માને છે, એમ જાણે છે. સમજાણું કાંઈ? એમ કહીને અહીંયાં ઈશ્વર-અનીશ્વરનય સુધી આવ્યું.

ઈશ્વરનયમાં એમ કહ્યું કે ભગવાન આત્મામાં એવો એક ધર્મ છે કે જે નિમિત્તને આધીન થવું, નિમિત્ત આધીન કરાવતું નથી, નિમિત્તને વશ થવું એવું એક પર્યાયમાં એમાં એક યોગ્યતાનો ધર્મ છે. તો એ ન્યાયે આત્મા નિમિત્તને આધીન પરતંત્રતા ભોગવનાર છે એવો પણ એક ધર્મ છે. એવું ભાવશ્રુતજ્ઞાન સમ્યગ્દર્શન સહિતનું જ્ઞાન એવા એક પોતાના ધર્મને એક નયથી જાણે છે અને એને જાણતાં પૂર્ણ પૂરો આત્મા શુદ્ધ ચૈતન્ય છે. એક નયથી જાણો કે પૂર્ણ શ્રુતજ્ઞાનથી જાણો, પણ જાણવું તો અંદર શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય ઉપર એની દૃષ્ટિ પડે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ સ્પષ્ટ લેશે પછી. આ ૪૭ નય થયા પછી સ્પષ્ટ લેશે. જુઓ, એ ૪૧૩ પાનું છે. ૪૧૩. ૪૧૩ છેને એમાં? ૪૦૯ ચાલે છે આપણે. એ ૪૧૩. એ બાજુ ૪૧૩. ૪૧૩ એ. જુઓ, અર્થ છેને? '**આ રીતે સ્યાત્કારશ્રીના (સ્યાત્કારરૂપી લક્ષ્મીના) વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે જુએ તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.**' એ બધાનો આ કળશ છે. પૂરું થઈને કળશ બનાવ્યો. સમજાણું? ૧૯મો કળશ છે ઉપર.

स्यात्कारश्रीवासवश्यैर्नयौघैः
पश्यन्तीत्थं चेत् प्रमाणेन चापि।
पश्यन्त्येव प्रस्फुटानन्तधर्म-
स्वात्मद्रव्यं शुद्धचिन्मात्रमन्तः।।१९।।

ઝીણી વાત છેને. કે એક ધર્મને જોતા પણ આખા આત્માને જોવે છે અને સર્વધર્મને જોવે છે એ પણ શ્રુતપ્રમાણથી આત્માને જોવે છે. છેને? '**નયસમૂહો વડે જુએ તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.**' એનું નામ ભાવશ્રુત ધર્મ કહેવામાં આવ્યો છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? આ તો નયનો અધિકાર છે. તો કહે છે કે ઈશ્વરનય આવી ગઈ, અનીશ્વરનય આવી ગઈ.

(૩૬) હવે આજ તો ગુણગ્રાહી. ગુણીનય છે એક. આત્મા વસ્તુ છે એમાં વિદ્યમાન અનંતધર્મ છે. એવા ધર્મમાંથી એક ગુણીનયનો એક ધર્મ છે. એક હોં એક સમયે. બધા એક સમયમે. એવું એક '**આત્મદ્રવ્ય...**' ભગવાન આત્મા '**ગુણીનયે ગુણગ્રાહી છે,...**' જ્યાં-ત્યાંથી ગુણ ગ્રહણ કરે છે એ અહીંયાં નથી લેવું. સાંભળો. સમજાણું કાંઈ? ભાઈ કહે છેને કેટલાક? જ્યાં-ત્યાંથી આપણે ગુણ ગ્રહણ કરવા. પણ મિથ્યાદૃષ્ટિમાંથી ક્યા ગુણ ગ્રહણ કરવા?

એ વાત અહીંયાં છે જ નહિ. જ્યાં-ત્યાંથી ગુણ ગ્રહણ કરવા એ તો વિનય છે. સમજાણું કાંઈ? કહે છેને કેટલાક? આપણે તો ... સમજાણું કાંઈ? નયમાં તો એટલી સ્પષ્ટતા કરી દીધી છે. એ ગુણગ્રાહીમાં આવે છે. પુરુષાર્થ છેને. વૈનયિક મિથ્યાદષ્ટિને. જય નારાયણ બધાને. એ મિથ્યાદષ્ટિ છે. વૈનયિક મિથ્યાદષ્ટિ છે. એની અહીંયાં વાત નથી.

અહીંયાં તો સમકિતી જ્ઞાની છે એ ગુણ... સમજાણું કાંઈ? શું કહ્યું? ફરીને કહીએ કે **'આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે,...'** તો શું કહે છે? સમ્યગ્દષ્ટિ સિવાય જેમાં ગુણ નથી. મિથ્યાદષ્ટિમાં તો કોઈ ગુણ છે જ નહિ. હવે સમ્યગ્દષ્ટિથી માંડીને પાંચમું ગુણસ્થાન, મુનિનું કે કેવળજ્ઞાની. તો સમકિતી, જ્ઞાની એમાં જે ગુણ છે એને જાણે છે કે આ ગુણ એ જાણે છે. એ જાણે છે એનું નામ ગુણગ્રાહી કહેવામાં આવે છે. એવો એનો એક ધર્મ છે. પણ એ પરને જાણવું ... સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કોણ કરે .. એ ગુણી છે. જ્ઞાનીનું જ્ઞાન એને ... છે. એમ કહ્યું. સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, સમ્યક્ચારિત્ર છે. સમજાણું કાંઈ? શું? કોને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનો પ્રશ્ન ક્યાં છે? .. એ પ્રશ્ન અત્યારે છે જ નહિ. એ પ્રશ્ન અહીં ક્યાં છે. ગુણીને, પોતાથી અધિક ગુણી હોય એને વંદન કરે. એ પ્રશ્ન જ અહીં નથી. સાંભળો-સાંભળો. એવો વિકલ્પ આવે તો ગુણીને વંદન કરે એ બીજી ચીજ છે. અહીં તો આત્મામાં એક ગુણગ્રાહી નામનો એક ધર્મ છે એમ કહેવું છે. એનું સ્વરૂપ શું છે એ ચાલે છે. ..ભાઈ! એમ ઝટ સમજાય જાય એવી ચીજ નથી, ભાઈ! આ તો વીતરાગ છે. સર્વજ્ઞ પરમેશ્વરે સિદ્ધ કરેલું, ત્રણ કાળ, ત્રણ લોકમાં આત્મા આવો છે એવું સિદ્ધ કર્યું છે. સર્વજ્ઞ સિવાય એવા આત્માને બીજા કોઈ જાણી શકે નહિ. બીજા આત્મા-આત્મા કરે જાય. ભગવાન કહે છે એ આત્મા નથી. એ તો કલ્પના આત્મા અજ્ઞાનીનો છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે ભગવાન આત્મામેં એવા અનંત ધર્મ છે એ સમ્યગ્જ્ઞાની જાણે છે. એમાં એક ગુણગ્રાહી નામનું છેને? **'ગુણીનયે ગુણગ્રાહી છે,...'** એનો અર્થ? આ વ્યવહાર ગુણ છે. સામામાં જે ગુણ છે એ જ્ઞાનમાં આવે છે કે આ ગુણ છે. એવું જાણવું એનું નામ ગુણગ્રાહી કહેવામાં આવે છે. પણ પરગુણને જાણવા એ પરઅપેક્ષિત જ્ઞાન થયું. ભાઈ! સમજાણું કાંઈ? પણ એવો પણ એક ધર્મ છે એમાં. પરસત્તાવલંબી જ્ઞાન એવું થાય એવો પણ એનામાં એક ધર્મ છે. સમજાણું કાંઈ? શું કહે છે? કે આત્મદ્રવ્ય ... બધાને નમવું, એ પણ ઠીક અને આ પણ ઠીક. એ ગુણી નથી એ તો વૈનયિક મિથ્યાદષ્ટિ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોને? કોને પણ ધર્મ ગણીએ? સાંભળ્યું નથી એટલા દિવસથી? ધર્મનો અર્થ

પોતાની પર્યાયમાં એવી યોગ્યતા. ધર્મ થાય છે એમાં શું કહ્યું? હજી પક્કડમાં નથી આવતું. અંદર તૈયારી હોય તો પકડાઈ જાય. એય..! ડાલચંદજી! અહીં ધર્મ શબ્દે સંવર-નિર્જરા ધર્મની વ્યાખ્યા અહીં ક્યાં છે? અહીં તો કેટલા દિવસથી ચાલે છે. રાગ પણ ધર્મ છે. તો રાગ ધર્મ છે? પોતાની પર્યાયમાં ધારેલો એનું નામ ધર્મ કહેવામાં આવે છે. આ તો ઘણા દિવસથી કહીએ છીએ, પણ લક્ષ નથી રહેતું. બીડીયુંમાં જેવું લક્ષ છેને પૈસામાં. ધૂળમાં-ધૂળમાં. એટલા આવ્યા અને એટલા ગયા. ધૂળમાંય નથી. શું છે? બધું નિરર્થક છે. એય..! શોભાલાલજી!

એ કહ્યું હતુંને પરમાત્મપ્રકાશમાં નહિ? કે પૂર્વના પુણ્યના કારણે વૈભવ મળે છે. પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવ કહે છે, અને વૈભવથી મદ થાય છે. મદથી મતિ ભ્રમ થાય છે, મતિભ્રમથી પાપ થાય છે. એવું પુણ્ય અમને ન હો. આચાર્ય યોગીન્દ્રદેવ કહે છે. સમજાણું કાંઈ? પૂર્વના પુણ્યથી એવો શુભભાવ હોય બે-પાંચ કરોડ મળી જાય. એમાં તને શું છે? એ તો ધૂળ છે.

મુમુક્ષુ :- આ તો મોંઘી ચીજ છેને.

ઉત્તર :- મોંઘી ક્યાં છે. એ તો ચીજ એવી છે. ગરીબ માણસો પણ આ .. .. એમાં શું છે? નહિ એ? બતાવ્યું નહિ વાણિયા અમારા છે ત્યાં ગોવામાં વાણિયો છે. શાંતિલાલ ખુશાલ. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા છે. બે અબજ ચાલીસ કરોડ. શું છે પણ એમાં? કહો, રાજા પાસે પણ એટલા નથી. એ ગોવા છેને ગોવા? શું કહે છે? એમાં શાંતિલાલ ખુશાલ જૈન છે. એની પાસે બે અબજ ચાલીસ કરોડ છે એમ કહે છે. એના બનેવી કહે છે. અમને તો ક્યાંથી ખબર હોય? એના બનેવી આપણ મુમુક્ષુ છેને. શું છે? એ તો ધૂળ છે. અને પુણ્યથી વૈભવ મળે તો વૈભવમાં મદ થાય છે. કેમકે પુણ્યભાવનો અહંકાર કર્યો છે કે મારું છે... મારું છે... મારો શુભભાવ છે. તો શુભભાવથી પુણ્ય બંધાણું, ધૂળ મળી તો મદ થશે. હું લક્ષ્મીવાળો છું, હું મોટો છું. અમને પેદાશ કરતા આવડે છે, અમને આવી વ્યવસ્થા કરતા આવડે છે. એમ મૂઢ જીવ પૂર્વના પુણ્યને કારણે વૈભવ મળ્યો તો વૈભવમાં મદ કરશે અને મદથી એની મતિ ભ્રષ્ટ થશે. ભાન ભૂલી જાશે અને મતિભ્રષ્ટથી પાપ થશે એવો પાઠ છે.

પરમાત્મપ્રકાશમાં કહ્યું હતુંને એ? જુઓ, છે કે નહિ આમાં? ખબર છે કે નહિ? ડાલચંદજી! યોગીન્દ્રદેવ પરમાત્મપ્રકાશ. બીજો અધ્યાય. ૬૦મી ગાથા છે. 'अथ निश्चयेन पुण्यं निराकरोति-' સંસ્કૃત ટીકા છે.

पुण्णेण होइ विहवो विहवेण मओ मएण मइ-मोहो।
मइ-मोहेण य पावं ता पुण्णं अम्ह मा होउ।।६०।।'

એવું પુણ્ય અમને ન હો. અમને તો આત્મા પવિત્ર જોઈએ.

મુમુક્ષુ :- ... મુનિની વાત છે.

ઉત્તર :- મુનિ અરે..! સમ્યગ્દૃષ્ટિની વાત છે. મુનિ હોય કે સમ્યગ્દૃષ્ટિ બેય એક વાત છે.

મુમુક્ષુ :- .. પૈસાની જરૂર નથી.

ઉત્તર :- સમ્યગ્દૃષ્ટિને પૈસાની જરૂર નથી. રાગની જરૂર નથી તો વળી પૈસા શું છે? સમજાણું કાંઈ? શુભરાગ આવે છે એની જરૂર નથી, બેકાર છે. મારા આત્મામાં માટે શુભભાવ બેકાર છે. લાભદાયક છે નહિ. ... રાજમાં પડ્યો હોય તોપણ રાગના પુણ્યનો પ્રેમ નથી, પુણ્યનો પ્રેમ નથી, રુચિ નથી. બેકાર શુભભાવ મારા આત્મા માટે બેકાર છે. મારા આત્માના લાભ માટે ભાવ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંસાર રખડવાનો છે, એ તો કહ્યુંને. અહીં તો રખડવા માટે છે. પણ અહીં તો મોક્ષમાર્ગ બતાવવો છે કે રખડવાનું બતાવવું છે? બધું લખ્યું છે હોં. '**પુણ્યસે ઘરમેં ધન હોતા હૈ, ઔર ધનસે અભિમાન,**' થાય છે અને '**માનસે બુદ્ધિભ્રમ હોતા હૈ,**' થાય છે. '**મતિમોહ બુદ્ધિકે ભ્રમ હોનેસે (અવિવેકસે) પાપ હોતા હૈ,**' પછી તો મિથ્યાત્વનું મોટું પાપ થાય છે. '**ઈસલિયે ઐસા પુણ્ય હમારે ન હોવે.**' ન હો.. ન હો.. હું તો ચિદાનંદ આત્મા છું. વીતરાગ સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ આત્મા એ હું છું. ... એમ નિષેધ કરતા... કરતા... પુણ્ય તો થાય છે એને, સ્વર્ગમાં જશે. આ નહિ... આ નહિ... આ નહિ... હું નહિ. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે ગુણગ્રાહી એટલે ગુણી જે છે જ્ઞાની એમાં ગુણ છે. એને જાણવું. જાણવું એ ગુણગ્રાહી નય કહેવામાં આવે છે. કેમકે પરના ગુણને જાણવા એ તો પરઅપેક્ષિત થયું, પણ એવો એક ધર્મ આત્મદ્રવ્યમાં જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી એવું થાય છે.

મુમુક્ષુ :- ગુણને જાણવું એ તો પર્યાયને જાણવું થયું.

ઉત્તર :- અરે..! આખા દ્રવ્યને, બધા ગુણને, બધી પર્યાય બધા આખું દ્રવ્ય ભગવાન સર્વજ્ઞ દ્રવ્ય છે. ગુણ અને પર્યાય જાણવી, પણ જ્ઞાનમાં પરની પર્યાય જાણવી તો પર અપેક્ષિત જ્ઞાન થયુંને? એ પોતાનું સ્વજ્ઞાન નથી. પણ એવો એક યોગ્યતાનો ધર્મ ગણવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે, શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે...**' એવો પાઠ છે જુઓ. '**શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવા કુમારની માફક.**' રાજકુમાર હોય રાજકુમાર. એને શિક્ષા દેનાર માસ્તર હોય તો એની પાસે શાંતિથી શીખે. શાંતિથી શીખે. એવું ન કરે હું રાજા છું. સમજાણું? રાજા. કરોડ, પાંચ-પાંચ કરોડ, દશ કરોડની માસિક ઉપજ હોય, પણ માસ્તર પાસે તો નરમ થઈને શીખે. સમજાણું કાંઈ? એ દૃષ્ટાંત દીધું છે. એમ ધર્મી જીવને, જ્ઞાનીને સમ્યગ્જ્ઞાનમાં એવો ધર્મ જણાય

છે કે જ્ઞાની ધર્મી એને .. એ જ્ઞાનમાં જાણે છે. સમજાણું કાંઈ? એ જાણે છે કે ... ગુણી છેને? જ્ઞાની કહે છે એ બરાબર કહે છે. એ જે જ્ઞાન કહે છે એ જ્ઞાન બરાબર છે. શ્રદ્ધા એવી કહે છે, વીતરાગતા એમ કહે છે એ બરાબર જાણવું. એનું નામ ગુણગ્રાહીનય કહેવામાં આવે છે. કેમકે હજી પરલક્ષી એટલું જાણવું એ વાસ્તવિક ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અલિંગગ્રહણમાં આવ્યું છે આપણે. અલિંગગ્રહણના વ્યાખ્યાન થઈ ગયાને? કે ઉપયોગમાં પરજ્ઞેય અવલંબી ઉપયોગ તે ઉપયોગ નથી. સમજાણું કાંઈ? અલિંગગ્રહણના વ્યાખ્યાન હમણા થઈ ગયા. અલિંગગ્રહણના ૨૦ બોલ છેને. પ્રવચનસારની ૧૭૨ ગાથા. તો એવો એક બોલ છે. સાતમો. સાતમો બોલ છે. અલિંગગ્રહણ છે. એમાં સાતમો બોલ છે. છેને? ૧૭૨ છેને? જુઓ, .. બહુ ઝીણી વાત છે. એ સાતમો બોલ છે જુઓ, '**જેને લિંગ વડે...**' ત્રીજી લીટી છે. ૨૬૯ પાનું છે. ૨૬૯. ૨, ૬ અને ૯. ૨, ૬, અને ૯. હા. ૧૭૨ ગાથા. ૧૭૨ ગાથા છે. નીચેથી ત્રીજી લીટી છે. નીચેથી ત્રીજી લીટી. '**જેને લિંગ વડે એટલે કે...**' ત્રીજી લીટી છે ત્રીજી. '**ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી...**' આહા..હા..! ઝીણી વાત છે. જે ઉપયોગમાં.. અહીંથી .. ભાઈ! સમજાણું કાંઈ? શું કહ્યું? કે '**આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી...**' આત્મા છે એનો જે ઉપયોગ છે. એ ઉપયોગ અને બાહ્યપદાર્થોનું .. આલંબન અને જ્ઞાન થાય એ ઉપયોગ જ નથી. અણુપયોગ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

તો અહીંયાં પણ એમ કહેવામાં આવ્યું છે કે એવી યોગ્યતા છે. ..એવી યોગ્યતા છે. બસ, પણ એ વાસ્તવિક જ્ઞાન નથી. સમજાણું કાંઈ? ઉપયોગ જે છે, જાણન-દેખન જે ઉપયોગ છે એ તો પોતાના દ્રવ્યને અવલંબને જે ઉપયોગ ઉત્પન્ન થયો તેને ઉપયોગ કહે છે. અને જે ઉપયોગમાં બાહ્ય જ્ઞેય ભગવાનની વાણી હોય, ભગવાન સાક્ષાત્ હોય, એવા પરજ્ઞેયનું આલંબન થયું. ઉત્પન્ન થયું... ..પોતાથી થયું. એવા ઉપયોગને ઉપયોગ ભગવાન કહે છે. આહા..હા..! ઝીણી વાત ભારે ભાઈ! સમજાણું કાંઈ?

એ કાલે તો ચાલ્યું છે. આજે બીજો બોલ. જુઓને '**ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી...**' એ પરજ્ઞેયનું આલંબન એ ઉપયોગ જ નથી. આહા..હા..! શેનાથી લાભ થાય છે? લાભ પોતાના દ્રવ્યથી થાય છે કે પરથી થાય? ભાઈ! અહીં તો પોતાનો દ્રવ્યસ્વભાવ છે એ ઉપયોગ દ્રવ્યનો છે, લક્ષણ દ્રવ્યનું છે. એ જ્ઞેય આલંબનનું લક્ષણ છે? સમજાણું કાંઈ? .. બોલ અલૌકિક છે. અલિંગગ્રહણમાં આવે છે. સાતમો બોલ આની સાથે મેળ ખાય છેને. ગુણગ્રાહી કહ્યું તો એનો અર્થ શું? શું અજ્ઞાનીના ગુણ પણ જાણવા? અને જ્ઞાની જે ધર્મી છે એના ગુણ જાણવા? એ પણ

જ્ઞેય પદાર્થનું અવલંબન છે. તો ખરેખર એ ઉપયોગ નથી, પણ એવો એક ધર્મ વ્યવહારે ગણવામાં આવ્યો છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? આ તો સ્વભગવાન આત્મા જેનું લક્ષણ છે. કોનું? આત્માનું. તો આત્માનું લક્ષ કરીને જે ઉપયોગ થાય તે ઉપયોગ. આહા..હા..! જેનું લક્ષણ છે. એનું લક્ષ કરીને જે ઉપયોગ થયો તે ઉપયોગ. જેનું લક્ષણ નથી... જ્ઞેયનું લક્ષણ છે ઉપયોગ? એ ઉપયોગમાં જ્ઞેય અવલંબી જે જ્ઞાન થયું એને ઉપયોગ કહેવામાં આવતો નથી. વાસ્તવિક ઉપયોગ નથી. પણ અહીંયાં એને જ્ઞેય અવલંબનમાં જે ગુણ છ એને જાણવામાં આવ્યો, એવી એક યોગ્યતાનો ધર્મ ગણીને સમ્યગ્જ્ઞાની જાણે છે કે આ એક મારામાં યોગ્યતા છે. બસ એટલું. આહા..હા..! સમજાય છે કે નહિ? એય..! ડાલચંદજી! આહા..હા..!

ભગવાન! આ તો તારી ચીજ જ એવી છેને કે જેની ખાણમાં તો અનંતકેવળજ્ઞાન પડ્યું છે. સમજાણું કાંઈ? દરિયો છેને સમુદ્ર? સમુદ્રમાં ભરતી આવે છેને ભરતી. તો ભરતી આવે છે એ બહારના પાણીથી આવે છે? હજાર નદી હોય અને એક કલાકમાં દશ-દશ ઈંચ વરસાદ થાય. ૨૪ કલાક પડે. તો શું દરિયામાં ભરતી આવે છે તો એનાથી આવે છે? જ્યારે ઓટનો સમય છે. ઓટને શું કહે છે? જ્વાર. હજાર નદીનું પાણી પડે તો શું ભરતી લાવી શકે? એનો સ્વભાવ જ એવો નથી. પણ જ્યારે ભરતી આવે છે ત્યારે ૧૧૮ ડિગ્રીનો તડકો બહારમાં હોય, પણ મધ્યબિંદુમાં જુઓ તો દરિયો અંદરથી ઉછળે છે. ભરતી એમાંથી આવે છે. સમજાણું કાંઈ? એવી ભગવાન આત્માની પર્યાયમાં ઉપયોગની ભરતી દ્રવ્ય તરફથી આવે છે. દ્રવ્યના મધ્યબિંદુમાં અનંત-અનંત જ્ઞાન-દર્શન આદિ પડ્યા છે. એનો ઉપયોગ લક્ષણ એનો છે. કે લક્ષ્યને પકડવાથી જે ઉપયોગ પ્રગટ થયો એ ધાર્મિક ઉપયોગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ જો ઉપયોગમાં પરજ્ઞેયનું જેટલું અવલંબન રહે એને વાસ્તવિક ઉપયોગ કહેતા નથી. ઔપચારિક ઉપયોગ કહો, વ્યવહારે ઉપયોગ કહો કે એવી એક યોગ્યતા કહો. વ્યવહારનયનો વિષય છે.

મુમુક્ષુ :- વર્તમાન પર્યાયમાં એક અંશ...

ઉત્તર :- એટલો એક અંશ ઉપયોગ પરાલંબી છે એ જાણવામાં આવ્યો એવો એક ધર્મ ગણવામાં આવ્યો. ધર્મ નામ યોગ્યતા. આહા..હા..! સમજાણું કે નહિ જ્ઞાનચંદજી! આ તો તીર્થંકર કેવળજ્ઞાનની લીલા છે. આહા..હા..!

કહે છે કે '**આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે, શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે...**' કેવળજ્ઞાની દ્વારા, સંતો દ્વારા કે સમકિતી દ્વારા જે એને શિક્ષા દેવામાં આવે છે તો એના ખ્યાલમાં-જ્ઞાનમાં આવે છે કે આ.. આ.. ગુણ. સમજાણું? તો એવી એક યોગ્યતા ધર્મની ગણવામાં આવે છે. જ્યાં અલિંગગ્રહણમાં ના પાડી હતી, ભાઈ! અહીંયાં વ્યવહારથી હા પાડી છે. એવો એક વ્યવહાર ધર્મ છે.

મુમુક્ષુ :- આત્મા આવ્યા વિના રહેતો નથી.

ઉત્તર :- રહેતો નથી. જ્યાં સુધી છદ્મસ્થ છે. સાધક જીવ છેને. સાધક જીવ છે, કેવળજ્ઞાન નથી એની વાત ચાલે છે. તો અહીંયાં એમ કહ્યું કે જે પરજ્ઞેયના અવલંબને... અવલંબન છે તો એને તો જ્ઞાન થતું નથી. જ્ઞાન તો પોતાથી થાય છે. એ તો નિમિત્તમાત્ર છે. પણ નિમિત્ત ક્યારે કહેવાય? કે પોતાની નૈમિત્તિક પર્યાય ઉત્પન્ન થવાને લાયક થાય તો એને નિમિત્ત કહે છે, પણ એ નિમિત્તના લક્ષવાળી પોતાને કારણે ઉત્પન્ન થયેલો ઉપયોગ એ પણ ઉપયોગ નથી. એ પરાલંબી ઉપયોગ છે. આહા..હા..! એને અહીં ... કીધી બસ એટલી વાત છે. આહા..હા..!

સમ્યગ્જ્ઞાની જાણે છે. પોતાના અનંત ધર્મમાં એક એવી યોગ્યતા છે કે ગુણીનું હું જ્ઞાન કરું છું. એ જ્ઞાન તો પોતાનું છે. એ પરાલંબી થયુંને? કેવળીને જાણે '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**' ૮૦મી ગાથામાં આવે છેને? '**सो जाणदि अप्पाणं**' તો એનું લક્ષ છોડીને પોતાની સન્મુખ થાય ત્યારે પોતાનું જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં સુધી અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય આવા છે એવું લક્ષ છે ત્યાં સુધી પરાલંબી છે. આહા..હા..! એમાં છે ૮૦મી ગાથામાં. પછી એ લક્ષ છોડીને પોતાની પર્યાય ગુણમાં સમાડી દે છે અને ગુણ દ્રવ્યમાં સમાડી દે છે—અભેદ કરી દે છે ત્યારે તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે. સુમેરુચંદજી! વસ્તુ તો એવી છે, ભગવાન! કઠણ લાગે. અમારે શેઠને કઠણ લાગે છે. કે બહુ કઠણ ન કહેતા. ... પછી .. આવ્યા. અમારી પાસે તો ગુપ્ત છે નહિ. એવી ઘણી વાત કહી. બાપુ! વસ્તુ તો જે છે ઈ છે. કોઈ વ્યક્તિ માટે નથી. માર્ગ એવો છે. આહા..હા..!

અરે..! અહીં તો કહે છે કે અગિયાર અંગ અને નવ પૂર્વ થયાને. તો મિથ્યાદૃષ્ટિને એવું જ્ઞાન થાય. એ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? અહીં તો સમ્યગ્દૃષ્ટિને જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે દશ પૂર્વનું જ્ઞાન થાય છે તો એને સમ્યગ્દર્શન થાય જ છે. નવ પૂર્વ સુધી તો સમ્યગ્દર્શન ન પણ હોય, સમજાણું કાંઈ? પણ એવા નવ પૂર્વનું જ્ઞાન પણ પરાલંબી મિથ્યાદૃષ્ટિને પણ હોય છે. એ ઉપરાંત અહીંયાં સમકિતીને પણ લેવા છે અહીંયાં. આહા..હા..! કે સમ્યગ્દર્શન થયું. ભલે પૂર્વનું જ્ઞાન ન હોય, સ્વના આશ્રયે થોડું જ્ઞાન હોય. સ્વના આશ્રયે, દ્રવ્યના આશ્રયે જેમાં નિધિ પડી છે એની એકાગ્રતાથી જે ઉપયોગમાં આવ્યો એ સમ્યગ્જ્ઞાન થોડું છે, પણ છે વિજ્ઞાનઘન.. આદિ. સમજાણું કાંઈ? એ વિજ્ઞાનઘન પોતાની પર્યાયનો ધર્મ છે. એવી એક પોતામાં એવી યોગ્યતા છે કે જે જ્ઞાન કેવળી કહે છે, સર્વજ્ઞ કહે છે, સંતો કહે છે. એ જાણે છે, એ જાણે છે. એ જાણે છે તો પોતાની પર્યાયથી. પણ એટલું નિમિત્તનું લક્ષ રહ્યુંને? પરાલંબી રહ્યોને? એવી એક યોગ્યતા આત્મામાં છે. એવા ધર્મને જ્ઞાની પોતામાં છે એમ જાણે છે. જ્ઞાનચંદજી! સમજાણું કાંઈ? ભારે! ઝીણી વાત છે.

હજી તો પરથી તો જ્ઞાન થતું નથી, પણ પરના લક્ષે પોતામાં થયું એ પણ સમ્યગ્જ્ઞાન

નથી. સમજાણું કાંઈ? કેમકે લક્ષણ જેનું છે એનું લક્ષ કરીને જે જ્ઞાન થાય એ ઉપયોગ યથાર્થ ધર્મ અને યથાર્થ ઉપયોગ છે. પણ એ એની સાથે જ્યાં અલિંગગ્રહણમાં નિષેધ કર્યો હતો કે પરજ્ઞેય આલંબી ઉપયોગ એ આત્માનો ઉપયોગ નથી. તો અહીંયાં એક ધર્મ એવી યોગ્યતા વ્યવહારથી ગણવામાં આવી છે કે પરલક્ષી જે જ્ઞાન છે એવો એક ધર્મ એમાં છે. એમ જ્ઞાની જાણે છે. ભારે ઝીણું ભાઈ! ડાલચંદજી! સમજાય છે કે નહિ? લ્યો એની માળા ગણે છે.

મુમુક્ષુ :- કાંઈ પકડાય એવું નથી.

ઉત્તર :- પકડાય એવું નથી એમ કોણ કહે? આ તો કેવળજ્ઞાન લઈ શકે અને પકડાય નહિ એમ કહે? ડાલચંદજી! અભ્યાસ ન હોય. અભ્યાસ કરવો. અનંતકાળે આ ચીજ શું છે એને જાણી નથી તો જાણવાનો પ્રયત્ન કરવો. પ્રયત્ન વિના તો .. પ્રગટ થાય છે? પ્રયત્ન વિના એને કારણે સહજે પ્રગટે એવી વાત નથી.

મુમુક્ષુ :- આપ તો કહો છો સહજ...

ઉત્તર :- એ સહજનો અર્થ શું? પણ સહજનો અર્થ રાગનો-વિકલ્પનો પુરુષાર્થ નથી, પણ સ્વભાવનો પુરુષાર્થ તો અંદર છે જ. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો આપણે આવી ગયુંને. યત્નસાધ્ય અને અયત્નસાધ્યમાં બધું આવી ગયું છે. એ નય આવી ગઈ.

અહીં તો આપણે અત્યારે આ ચાલે છેને જુઓને. .. એના પહેલા ખ્યાલમાં શું આવ્યું કે ઓલો ગુણગ્રાહી કહ્યું છેને ભાઈ! તત્ત્વાર્થસારમાં એ ભાઈ બંસીધરજી કોલ્હાપુરવાળા. કોલ્હાપુરવાળાને? આ ..ના ભાઈ. એણે તત્ત્વાર્થસારમાં લીધું છે. ગુણગ્રાહીપણું વિનય મિથ્યાદષ્ટિમાં. .. મિથ્યાદષ્ટિનું જ્ઞાન .. એમાં તત્ત્વાર્થસારમાં. એ ગુણગ્રાહીપણું લીધું છે ત્યાં. ગુણગ્રાહી એટલે? કે મિથ્યાદષ્ટિનો પણ ગુણગ્રાહી એમ છે? કે નહિ. કહે છેને કોઈ પાસે ગ્રહણ કરો. ક્યાંથી ગ્રહણ કરે?

શ્રીમદ્‌માં આવે છેને. સમજ્યાને? ગમે ત્યાંથી લાવો. આવે છે. શ્રીમદ્‌માં એક આવે છે. 'નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે, એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે.' દિવ્યશક્તિમાન. દિવ્યશક્તિમાન ભગવાન આત્મા જંજીર નામ કેદમાં પડ્યો છે. રાગની એકતા કેદમાં પડ્યો છે. એનું નિધાન ખુલ્યું નથી, બંધ છે, તાળું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ... લે છેને? 'નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે.' એ ૧૬ વર્ષે કહે છે ૧૬ વર્ષે. હજી તો ૧૬ વર્ષની ઉંમરે પૂર્વનું જાતિસ્મરણ હતું શ્રીમદ્‌ને. પંડિતજી! જાણો છોને શ્રીમદ્ રાજચંદ્ર. શ્રીમદ્ રાજચંદ્ર નથી જાણતા? પંડિતજી! શ્રીમદ્ રાજચંદ્ર. એને નાની ઉંમરમાં પૂર્વ ભવનું ઘણું જાતિસ્મરણ હતું. તો ૧૬ વર્ષે આ બનાવ્યું. ૧૦૮ પાઠ મોક્ષમાળા. ૧૦૮ મણકા હોય છેને દાણા? તો ૧૦૮ પાઠ બનાવીને નામ આપ્યું મોક્ષમાળા. ૧૬મા વર્ષે. તો એમાં એક પદ લીધું. એમાં પાંચ ગાથાનું એક પદ છે. એમાં એક પદ

એવું લીધું. 'નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે, એ દિવ્યશક્તિમાન જેથી જંજીરે...' જંજીર નામ જાળ 'જંજીરેથી નીકળે.' એક પદ એવું લીધું છે. એવા પાંચ પદનો એક પાઠ. એવા ૧૦૮ પાઠ છે. ૧૬ વર્ષની ઉંમરે. ઉંમર તો દેહની છે. આત્મામાં ક્યાં ઉંમર છે? સમજાણું કાંઈ?

તો કહે છે કે ગમે ત્યાંથી લ્યો એનો અર્થ કરે છે ભાઈ! ગમે ત્યાંથી લ્યો. એમ નહિ. ગમે નામ જ્ઞાન કરીને આત્મામાં છે એમાંથી લ્યો. આનંદ અને સુખ ભગવાન આત્મામાં છે. બહાર ધૂળમાંય નથી. પુણ્યના પરિણામમાં નથી, તો વળી પુણ્યની ધૂળમાં બાયડી, છોકરા, કુટુંબ, રાજપાટમાં ઝેર છે. પર તરફ લક્ષ કરે તો ઝેર છે. સુખ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? એ બંગલામાં .. છે એ ઝેર છે. તમારે છેને. કોઈ નવ લાખનું, કોઈ છ લાખનું એમ કહે છે. એવું સાંભળ્યું છે. તમારા પંડિતજી કહે છે. એ ઠીક છે. ટાણા આવ્યા એટલે. શેઠને આવડે છે ખરું નાખતા. તમારે ..ભાઈ કહેતા હતા એ. એવું મકાન છે. નવ લાખનું છે. છ લાખનું છે. કીધું ધૂળના છે. બ્રહ્મદત્ત ચક્રવર્તીને પાંચ બંગલા એવા હોય છે, જેની સોળ હજાર દેવ તો સેવા કરે છે. બ્રહ્મદત્ત જેવો મિથ્યાદૃષ્ટિ લ્યો. દેવના બનાવેલ પાંચ. કીધુંને. છે ક્યાં ધૂળમાં? આહા..હા..!

અહીં તો પરમેશ્વર એમ ફરમાવે છે કે પોતાનો ઉપયોગ જાણન-દેખન જેનું લક્ષણ છે એમાં જે આવે છે તેને ઉપયોગ કહેવામાં આવે છે. નહિતર પરાલંબી ઉપયોગ જાણવું આદિ છે. એ જાણવું આદિ યથાર્થ પોતાનો ઉપયોગ છે નહિ. સમજાણું કાંઈ? જેના પરાલંબી ઉપયોગમાં પણ યથાર્થતા નથી. યથાર્થતા પરાલંબી ઉપયોગમાં પણ નથી એને અંતરની યથાર્થતા કદી આવતી નથી. આહા..હા..! હજી તો બહારની ભૂલ છે. આમ થાય અને ધૂળથી થાય છે, નિમિત્તથી થાય છે, વ્યવહારથી નિશ્ચય થાય છે. એ તો ધારણાનું પરાલંબી જ્ઞાનમાં પણ અયથાર્થતા છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત છે, ભાઈ! .. અરે..! ભગવાન! આ તો નજીક થવાની વાત છે. સમજાણું કાંઈ?

ઓહો..! ક્યાંથી ક્યાં નીકળ્યું લ્યો! એક ફક્ત વિચાર આવ્યો હતો ગુણગ્રાહી છેને ભાઈ! ઓલામાં તત્ત્વાર્થસાર છે. તત્ત્વાર્થસાર છેને. એમાં આવ્યુંને એ બંસીધરજી, સુખચંદજીના ભાઈ. એને .. ગુજરાતી છે. હિન્દી આવ્યું હતું પહેલા. ... મિથ્યાત્વનું જોર છેને. ... જુઓ, પાઠમાં છે. 'ગુણગ્રહણની અપેક્ષાએ અનેક ધર્મોમાં પ્રવૃત્તિ થવી તે વૈનયિકમિથ્યાત્વ છે. .. અજ્ઞાન મુખ્ય કારણ નથી.' પાઠ .. છેને અજ્ઞાનમુખ. તો અજ્ઞાન ભિન્ન ચીજ છે, વૈનયિકમિથ્યાત્વ ભિન્ન ચીજ છે. એવી પાંચ પ્રકારની ભિન્નતા બતાવે છે. 'કિંતુ વિનય સ્વભાવનો અતિરિક્ત મુખ્ય કારણ છે.' અતિરેક થાય છે. વસ્તુનું ભાન નથી. અને અજ્ઞાનીને પણ જય નારાયણ... જય નારાયણ... કરે છે. સમજાણું કાંઈ? આપણે તો બધાને સારું લગાડવું. બસ કોઈને દુઃખ ન લાગે. પણ સારું લગાડવું છે કોને? સત્યની ખબર નથી. સત્ય શું છે? વીતરાગ

પરમેશ્વરે કહ્યું એ હોં. એની ખબર નથી. એક અંશમાં પણ જ્યાં મિથ્યાત્વનો અંશ રહે છે એવાને તો વંદન-નમસ્કાર એ તો મિથ્યાત્વ વિનય છે. સમજાણું કાંઈ? 'પાંચમો ભેદ અજ્ઞાનથી જુદો .. પડ્યો છે. એનું લક્ષણ ઉપરના ચારેયથી ભિન્ન છે.' મિથ્યાદૃષ્ટિ અસંખ્યાત્ છે. .. જેને બધાને જય નારાયણ કરવા. સમજાણું કાંઈ? એય..! શેઠ! શેઠને લાગુ પડે છે કે નહિ? .. ચાલ્યું છેને. એણે સાંભળ્યું છે. એ બાવા છેને કોક, આવ્યા હતા સાગરમાં. પછી એને પ્રમુખ બનાવ્યા. અન્યમતિના બાવાને. લ્યો! શેઠિયાને એવું. એવા ગૃહીત મિથ્યાત્વમાં પ્રમુખ થવું. એય..! શેઠ! શોભાલાલજી! અહીં તો ભાઈ એવી ચીજ છે. ત્યાં માન મળે. સમાજભુષણ, મોટા શેઠ છે. શેઠમાં શું છે પણ? શેઠમાં નીચે ઉતરી જાય છે. દૃષ્ટિ વૈનયિક મિથ્યાત્વ થાય છે એ. સમજાણું કાંઈ? હવે એટલી પણ ખબર નથી એને રાગથી ભિન્ન આત્માનો વિવેક કદી થતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. ઘણી જૂની થઈ ગઈ.

ઉત્તર :- અરે..! જૂની થઈ ગઈ પણ ખ્યાલમાં તો આવે છેને. એ સાગરમાં કોઈ બાવો આવ્યો હશે. શેઠને મોઢા આગળ કરે. જાવ તમે મોઢા આગળ. પણ શેમાં મોઢા આગળ? સમજાણું કાંઈ?

અહીંયાં ભગવાન પરમેશ્વર કહે છે કે સમ્યગ્દર્શન વિના પ્રાણીને કોઈપણ ગુણ અંશે પણ નથી થતો. તો એમાંથી ગુણ કાઢવા અને માનવું એ તો મિથ્યાદૃષ્ટિ, વૈનયિક મિથ્યાદૃષ્ટિ છે. અહીં જે કહે છે કે ધર્મી જીવના ગુણ જે છે. કેવળીના ગુણ, મુનિઓના, ચારિત્રદશાનો ગુણ, સમ્યગ્દૃષ્ટિના, દર્શન-જ્ઞાનના ગુણ આદિ, સમ્યગ્દર્શન સ્વરૂપાચરણ આદિ ગુણ થાય છે, ચોથેથી થાય છે. સમજાણું કાંઈ? તો એવો ગુણ જ્ઞાનમાં જાણવો એનું નામ ગુણગ્રાહી પરાલંબી યોગ્યતાનો એક ધર્મ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? એ ૩૬ થઈ. ૩૬ થઈ લ્યો.

હવે ૩૭. એની સામે છે. જે કહ્યું એની સામે બીજો. ભારે વાત! ગજબ વાત છે. અમૃતચંદ્રાચાર્ય એમ કહ્યું. ૯૦૦ વર્ષ પહેલા થયા. ચાલતા સિદ્ધ. આહા..હા..! જેનો પ્રવાહ, અંદરનો અનુભવ અને ક્ષયોપશમનો પ્રવાહ શું છે એ એમાંથી પ્રસિદ્ધ થાય છે. **'આત્મદ્રવ્ય...'** ભગવાન આત્મામાં એવો એક ધર્મ છે કે **'અગુણીનયે કેવળ સાક્ષી જ છે...'** જુઓ, પરના લક્ષનું જ્ઞાન પોતામાં ગ્રહણ કરતા જ નથી. આહા..હા..! શું કહે છે? ભાઈ! આ તો કહે છે કે **'અગુણીનયે કેવળ સાક્ષી જ છે (-ગુણગ્રાહી નથી),...'** પરને જાણવું એ એમાં નથી. એવી એક યોગ્યતા છે. સમજાણું કાંઈ? આવું બધું સમજવું ભારે કઠણ પડે. એ કરતા તો દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરે એમાં ધર્મ માનવો એ સહેલો તો પડે. રખડવાનું તે. આહા..હા..! વસ્તુની ખબર ન મળે, સમ્યક્ શું છે અને સમ્યગ્જ્ઞાન શું છે વસ્તુના સ્વભાવનું. ઓહો..હો..! એના પાતાળકૂવામાં અંદરમાં શું પડ્યું છે એનો પત્તો નથી અને બહારમાં ભટક... ભટક... ભટક... આમ કર્યું, આમ કર્યું, આમ ખાવું, આમ પીવું

એ બધી પુણ્યની ક્રિયામાં ભૂલી ગયો, મૂઢ ક્લેશમાં અનાદિથી મરી ગયો. સમજાણું કાંઈ? પણ પોતાનો ભગવાન આત્મા એ રાગની ક્રિયાના વિકલ્પથી પણ પાર છે. છતાં એમાં એ રાગ થાય એને જાણે છે અને ગુણીનું જ્ઞાન થાય એને પણ એક ધર્મ જાણે છે. બીજાને એ જ સમયે. પાછું એક સમયમાં ગુણગ્રાહી ધર્મ અને બીજા સમયે અગુણગ્રાહી ધર્મ એમ નથી. એક જ સમયમાં અનંત ધર્મો સાથે છે. આહા..હા..! અને તે પણ સાધક શ્રુતજ્ઞાની જાણે છે. અજ્ઞાનીને એ ધર્મનો પત્તો નથી. કહો, દેવીલાલજી! આવી વાત મુંબઈમાં બહુ ન કહેવાય હોં. નહિતર કહે, આ શું કહે છે? દશ-દશ હજાર માણસમાં મૂકે કે આ છે. આ શું કહે છે? ચાલો, આપણને ધર્મ સમજાતો નથી. .. સમજાણું? સાધારણ લાગે. એક તો માણસ ત્યાં તો .. મધ્યસ્થ. તો એ કહે, મહારાજ કહે છે એ કાંઈ મને સમજાતું નથી. હવે આવી વાત તો હતી નહિ ત્યાં. મૂળ અભ્યાસ ન મળે. ચૈતન્ય સ્વસન્મુખનું શું ભાન છે એ વાત પણ એવી થઈ ગઈ. ખાલી.. ખાલીને ભરેલું માને છે.

અહીં તો ભગવાન કહે છે કે તારી એક યોગ્યતાનો એવો ધર્મ છે કે પરનું જ્ઞાન કરવું એ તારો ધર્મ નથી. સ્વનું કરવું અને સાક્ષી રહેવું એ તારો ધર્મ છે. એય..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે...'** ભાષા એમ છેને? **'કેવળ સાક્ષી જ છે...'** એટલા શબ્દો પડ્યા છે. સમજાણું કાંઈ? જુઓ, **'अगुणीनयेनोपाध्याय विनीयमानकुमारकाध्यक्षवत् केवलमेव साक्षि।।' 'केवलमेव साक्षि'** એકલો સાક્ષી. સાક્ષી નામ જાણનાર-દેખનાર પોતામાં... એ પરાલંબી જે જ્ઞાન થયું એને પણ જાણે. પોતાના લક્ષે હોં. સમજાણું કાંઈ? પોતાના લક્ષે જે જ્ઞાન થયું એમાં જે પરાલંબીની યોગ્યતાનો ધર્મ છે એને પણ આ જાણે. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ જીવ ગુણગ્રાહી છે અને કોઈ જીવ અગુણગ્રાહી છે એવું તો અહીંયાં છે નહિ. પણ એક જીવ માટે કોઈ વખતે ગુણગ્રાહી છે અને કોઈ વખતે અગુણગ્રાહી છે એમ પણ નથી. કેમકે નય છે. નયનો ધર્મ એક સમયે સાપેક્ષ રહે છે. નહિતર નય કહેવામાં આવતી નથી. સમજાણું કાંઈ? તો એ નય એક સાથે બધા ગુણ છે એમ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આત્મદ્રવ્ય...'** ધ્યાન રાખે તો સમજાય એવી ચીજ છે. ન સમજાય એવું નથી. પણ આ તો હજી સાંભળવામાં આવે છે એ પણ હજી પરલક્ષી જ્ઞાન છે. આહા..હા..! શેઠિયાજી! સમજાણું કાંઈ? વાત તો એવી છે. પાંચે ઈન્દ્રિયોથી કે મનના અવલંબનથી ગમે તેટલું જ્ઞાન થાય એમાં આત્માના સમ્યગ્જ્ઞાનની ભરતી નથી હોતી એમાં. મધ્ય દરિયામાં બહારનું પાણી પડે તો કાંઈ ઓટને કાળે ભરતી નથી આવતી. સમજાણું કાંઈ? ભરતી સમજો છોને બાઢ. .. એ શું? જ્વાર-ભાટ. એ તો ભગવાન આત્મા મધ્યબિંદુમાં અનંત આનંદ આદિ જ્ઞાન પડ્યું છે. એમાં અંતર દૃષ્ટિ દેવાથી જે ઉપયોગ થયો. એ ઉપયોગને બરાબરને જાણવું અને

દ્રવ્યને જાણવું એવી યોગ્યતાનો એક ધર્મ છે. સમજાણું કાંઈ? ભીખાભાઈ! હવે આમાં તો ક્યાંય વયા ગયા હોં. ગુરુ ગયાને? ગુરુથી જ્ઞાન એ પણ બધું ગયું. નવનીતભાઈ!

કહે છે કે એવું જે જ્ઞાન થાય એ પણ હજી પરાલંબી જ્ઞાન છે. આ તો અજર પ્યાલા છે ભાઈ! સમજાણું કાંઈ? કાળમાં એમ કહે છે કે સ્વ તરફ વળ, સ્વ તરફ વળ. એવું સાંભળીને જે ખ્યાલ આવ્યો એ પણ પરાલંબી જ્ઞાન છે, ભાઈ! એવું જ્ઞાન તો અનંતવાર થયું. આહા..હા..! અજબ-ગજબનો માર્ગ છે, ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. અને જેનું ફળ કેવળજ્ઞાન અને અનંત સાદિ-અનંત આનંદ. આહા..હા..! જેનું ફળ સાદિ-અનંત આનંદ એની કારણરૂપ દશા કેવી દુર્લભ છે અને કેવી યોગ્યતા છે.

કહે છે કે '**(-ગુણગ્રાહી નથી),...**' લ્યો! પહેલા ગુણગ્રાહી કહ્યું અને વળી કહે ગુણગ્રાહી નથી. છેને? એવી એક યોગ્યતા ગણવામાં આવી. બીજામાં એવી યોગ્યતા આવી કે આત્મા પરથી પરાલંબી જ્ઞાન એને છે જ નહિ. એ નિજના જ્ઞાનમાં સાક્ષી છે પરનો. સમજાણું કાંઈ? જેને પરાલંબીની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી, પણ નૈમિત્તિકમાં પરલક્ષી જ્ઞાન થયું એની પણ અપેક્ષા નથી. નિરપેક્ષ ભગવાન આત્મા અંતરમાંથી દ્રવ્યની શક્તિનો સાગર ભગવાન આત્મા એની દૃષ્ટિ કરવાથી જે નિર્મળ ઉપયોગ આવ્યો એને અહીંયાં સાક્ષીપણે ગણવામાં આવે છે. આખા દુનિયાનો સાક્ષી છે.

કોની પેઠે? છેને? '**શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવો જે કુમાર તેને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક.**' જુઓ, જોડે ઉભા હોય એ જોવે છે. એને કાંઈ લેવા-દેવા છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! '**શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવો જે કુમાર તેને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક.**' આહા..હા..! એવા ભગવાન આત્માનો નિજલક્ષી એક ઉપયોગધર્મ છે. એ બધા એક સાથે રહે છે. શ્રુતજ્ઞાન સર્વને જાણે એનું નામ સમ્યગ્જ્ઞાન અને ધર્મ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૩, શુકવાર, તા. ૦૭.૧૧.૧૯૬૯**
**નય-૩૬ થી ૩૮, પ્રવચન-૨૭૪**

આ પ્રવચનસારનું પરિશિષ્ટ છે. ૪૭ નયનો અધિકાર છે. એટલે શું? એમ પૂછ્યું છે શિષ્યે કે આ આત્મા કેવો છે અને કેમ પ્રાપ્ત થાય? એવા બે પ્રશ્ન છે. આત્મા કેવો છે અથવા કોણ છે? ત્યારે અહીં કહે છે કે આ જેટલા નયો છે એવા ધર્મવાળો એ છે. સમજાણું કાંઈ? જરી આ ઝીણું છે. બધા .. મૂકી દીધું હતુંને? ... સમજાણું કાંઈ? એ પ્રશ્ન છે કે આ આત્મા... શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા કેવો છે? કોણ છે એટલે કે કેવો છે? અને એ કેમ પ્રાપ્ત થાય એ બીજો પ્રશ્ન છે. બીજા પ્રશ્ન ઉપર પછી આવશે. આ પહેલો આત્મા કોણ છે એટલે કે કેવો છે? સમ્યગ્જ્ઞાનમાં આત્મા કેવો જણાય? એને સમ્યગ્જ્ઞાન કહે એમ વાત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

પહેલા આવ્યું છે, આત્મામાં અનંત ધર્મ છે. ધર્મ એટલે? ભાવ. ધર્મસ્વભાવ, દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવ, પર્યાય વિકારી સ્વભાવ અને અવિકારીભાવ. એ બધાને ધર્મ ગણીને આત્મા એવો છે. સમજાય છે કાંઈ? આત્મા આવો છે કે જેમાં અનંતા ધર્મ છે. ધારી રાખેલા ભાવ. દ્રવ્યભાવ, વસ્તુભાવ, ગુણભાવ, પર્યાયના બે પ્રકાર શુદ્ધ પર્યાય ધર્મ અને અશુદ્ધ પર્યાય ધર્મ—એવો આત્મા છે. અહીં અત્યારે ઓલા સમ્યગ્દર્શનનો વિષય અને કર્તાકર્મનો ઝીણો .. એની સાથે મેળ નહિ ખાય. એ દૃષ્ટિનો વિષય હતો. ..થયેલું જ્ઞાન. સમજાણું કાંઈ? ભૂતાર્થ ચૈતન્યને પકડીને જે જ્ઞાન થયું એ જ્ઞાનમાં સ્વ અને પર્યાય, દ્રવ્ય અને પર્યાય, ગુણ અને પર્યાય જે એનામાં છે તેટલો, તેવો જ્ઞાનમાં જણાય એનું નામ સમ્યગ્જ્ઞાન અને એનું નામ અનંતા ધર્મને જાણનારે એણે આત્માને જાણ્યો. સમજાણું કાંઈ?

કેવો છે? કે ઈ આવો છે. સમ્યગ્જ્ઞાનમાં આત્મા કેવો છે એમ. મિથ્યાજ્ઞાનીને તો આત્મા કેવો છે એની તો ખબર હોય જ નહિ એટલે પ્રશ્ન છે નહિ. સમજાય છે કાંઈ? આત્મા સમ્યગ્જ્ઞાનમાં કેવો આત્મા જણાય? અને કેવો છે? એ જેવો છે એવો જણાયને? એમ. સમ્યગ્જ્ઞાનમાં સમ્યગ્દૃષ્ટિને, પછી ચાર જ્ઞાનના ધરનાર ગણધર હોય કે બે જ્ઞાનના ધરનાર સાધકજીવ શ્રુતજ્ઞાની હોય, પણ એનો આત્મા કેવો છે? એટલે કોણ છે અને કેવો જ્ઞાનમાં જણાય? જેવો છે એવો જ્ઞાનમાં જણાય અને જ્ઞાન તેને એ જાતનું જ્ઞેય કરે તો તેણે આત્મા જેવો છે એવો જાણ્યો. સમજાણું કાંઈ? તેને સમ્યગ્જ્ઞાનરૂપી ધર્મ થાય.

અહીં ૩૭ નય આવી ગઈ છે આપણે. ૩૬-૩૭ ફરી લઈએ જરી જુઓ. ૩૭ આવી ગઈ છે. છેને? આ ઝીણું છે હોં! ..ભાઈ! સાંભળજો જરી આ. આ તો તદ્દન... આ શરીર

ને વાણી ને કર્મ ને મન હવે એની સાથે આમાં કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? એનામાં વિકારી, અવિકારી પર્યાય, ગુણ અને દ્રવ્ય એની સાથે સંબંધ છે. તો એ આત્મા આવો છે એવો અનંતધર્મવાળો છે. અનંત ધર્મ જેણે ધાર્યા છે. ધર્મ એટલે ભાવ, પર્યાય, ગુણ એ બધા ધર્મ કહેવાય અને એવા અનંત ધર્મને એક-એક નય એટલે જ્ઞાનનો એક અંશ એક-એક ધર્મને જાણે. તેથી તે અનંત ધર્મમાં જ્ઞાનના અનંત નયો વ્યાપીને રહેલા છે. અને તે અનંતનય-જ્ઞાનનો અંશ જે છે એ શ્રુતજ્ઞાનરૂપી આખું પૂર્ણ પ્રમાણ તેમાં વ્યાપીને રહે છે.

આ તો મૂકી દીધું હતુંને. બે દિ' ચાલ્યું અને પછી તમે આવ્યા પછી બે દિ' ચાલ્યું. બેય સાથે જ આવ્યા હતાને. ભાઈ ઓલા રાતે આવ્યા હતા ..લાલ અને આ તમે બધા દિલ્હીવાળા અને શેઠિયા આવ્યા સવારમાં. બે દિ' ચાલ્યું જ્યાં. ત્યાં ઓલાએ ના પાડી કે અમને સમજાય નહિ. અમે નવા છીએ. સાગરવાળા કહે, અમે નવા છીએ. નવા છીએ અમને ઝટ સમજાતું નથી. બે દિ' ચાલ્યું તમે આવ્યા ત્યારે. ત્રીજે દિ'થી ૭૨ ગાથા લીધી. ૧૭ દિ' ચાલ્યું. ૭૩થી ૭૯. ખ્યાલ રાખે કે શું કહે છે એ તો એના ખ્યાલમાં આવવું જોઈએને. જેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપી ધર્મ થયો છે એને આત્મા કેવો જણાય છે? એ જેવો છે એવો જણાય છે એમ. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન અને જ્ઞાન જ્યાં સાચો ધર્મ થયો છે એને આત્મા કેવો છે જેવો છે તેવો તેને જ્ઞાનમાં જણાય છે. અને હોય આત્મા આવો અને માને જ્ઞાન તેવો (બીજો) તો એ સાચું જણાણું છે જ ક્યાં? તો એ જ્ઞાન તો મિથ્યા થયું. સમજાણું કાંઈ? તો એ આત્મા વસ્તુ... આ શરીર, વાણી, કર્મ આદિ એ તો પર ચીજ છે. એ કાંઈ આત્મામાં છે નહિ. તેમ પુણ્ય-પાપના વિકલ્પો તો આત્મામાં છે એમ સિદ્ધ કરવું છે. એવો આત્મા છે. સમ્યગ્જ્ઞાનમાં એવો જણાય તેનું નામ આત્મા કહેવાય છે એમ કહે છે. આહા..હા..! કહો, દેવીલાલજી!

આત્મા.. એક વ્યવહાર અને એક નિશ્ચય લગભગ એવી રીતે વર્ણન કર્યું છે. આપણે જુઓ, ૩૬. આત્મદ્રવ્યમાં એવો એક ધર્મ છે કે **'ગુણીનયે ગુણગ્રાહી છે,...'** ગુણીનયે ગુણગ્રાહી છે. **'શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવા કુમારની માફક.'** રાજકુમારને શીખવવામાં આવે. માણસો શીખવે. તો એને શીખવે એમ શીખી લે છે. ગુણગ્રાહી થયુંને એ? શીખીને જાણી લે. એમ શાસ્ત્ર, દેવ, ગુરુ આદિ કહે છે એવું એક આત્મામાં જાણપણું થાય એને અહીં ગુણગ્રાહી કહેવામાં આવે છે. જેવો ભાવ કહે છે, જેવા ગુણી જ્ઞાની છે, જેવા કેવળી ગુરુ આદિ છે એવું જ્ઞાનમાં જણાય એને ગુણગ્રાહીપણું કહેવામાં આવે છે. એ વ્યવહાર છે. કારણ કે પરનું જ્ઞાન છે એ હજી વ્યવહાર છે. પણ એવો એક એનામાં ધર્મ છે. ધર્મ એટલે? કેવો છે? કે એ આવો છે. સમજાણું કાંઈ?

હવે આ બધા તો પર્વના દિવસ છેને. ..દિવસ. શું કહેવાય? ધનના દિવસ કહેવાય. આજે લક્ષ્મીનું પૂજન લોકો કરે. આ લક્ષ્મી છે એમ કહે છે. આત્માને જેવો છે એવો એને

જ્ઞાનમાં જાણવો. ત્યારે જ્ઞાની એટલે ધર્મી કેવો જાણે છે? કે મારામાં અનંતા ધર્મ છે. એ માહ્યલો એક ધર્મ એવો છે કે જ્ઞાનમાં, ગુણી જ્ઞાનીઓ આદિ જે કહે છે તેનું અહીં જ્ઞાન થાય છે. થાય છે પોતાથી, પણ નિમિત્તના લક્ષવાળું જ્ઞાન છે, એવો પણ એક ધર્મ છે મારામાં. સમજાણું કાંઈ?

એટલે કહે છે કે '**આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે,...**' ગુણને જાણે છે. ગ્રાહી નામ જાણે છે. ગુણ જ્ઞાનીના, સર્વજ્ઞના શાસ્ત્ર કહે છે તે તેને જાણે છે. હજી જાણે છે એ હજી પરલક્ષી, પરસત્તાવલંબી જ્ઞાન છે. એવો પણ એક એનામાં ધર્મ છે. સમજાણું કાંઈ? કહે છે, '**કેળવણી આપવામાં આવે છે એવા કુમારની માફક.**' રાજકુમાર હોય મોટા. અને શિક્ષક માસ્તર તો હોય સાધારણ પાંચસો-સાતસોનો પગારદાર. ઓલાને તો કરોડોની ઉપજ હોય મહિના-મહિનાની રાજકુમારની. પણ અહીંયાં શિક્ષક કહે એ બરાબર સાંભળી લે, શીખી લે. એમ આત્મા મહા અનંત કેવળજ્ઞાનનો પિંડ મહાપ્રભુ છે અને છતાં જ્ઞાની કહે, ગુરુ કહે એ રીતે જ્ઞાન જાણી લે. જ્ઞાન જાણી લે એવો પણ એક આત્મામાં.. કેવો છે આત્મા? કે આવો છે. આવા પણ એક ધર્મને ધારી રાખે એવો એ આત્મા છે. સમજાણું કાંઈ? કહો, વકીલ! ઝીણું બહુ આ ઝીણું. સમજે તો એ તો પરાણે આપણે કહી દઈએ. અભ્યાસ-અભ્યાસ જોઈએને.

વસ્તુ છેને અને તે જ્ઞાનસ્વરૂપ છે એનું અને જ્ઞાનસ્વરૂપમાં અનંતા ધર્મો બીજા છે. હવે ઈ જ્ઞાનના સ્વરૂપમાં વર્તમાન પર્યાયમાં એ જે જ્ઞાની આદિ કહે છે એ જાણે છે, જાણે છે પોતાની પર્યાયમાં, પણ એ ગુણગ્રાહી નામ આ ગુણી-કેવળી આવા છે, સિદ્ધ આવા છે, શાસ્ત્ર આમ કહે છે—એવું જે જ્ઞાન થાય છે એને ગુણગ્રાહી, ગુણનું ગ્રહવું એટલે ગુણનું જાણવું એમ કહેવામાં આવે છે. એવો આત્મા છે એમ પાછો વળી.

મુમુક્ષુ :- બધાયમાંથી ગુણ હોય...

ઉત્તર :- ગુણ એવું કોણે કીધું? ગુણગ્રાહી જે ગુણ છે તેને જાણે છે એમ કીધું. જે જ્ઞાનીમાં, સર્વજ્ઞમાં, ગુરુમાં, શાસ્ત્ર કહે છે એનામાં ગુણ શું છે? એ ગુણને જાણવું એકલું. એ તે દિ' ઘણું કહ્યું હતું. ગુણગ્રાહી એટલે જેના-તેના ગુણ ગ્રહે. ગુણ નથી એને શું ગ્રહે? મિથ્યાદષ્ટિમાં ગુણ છે નહિ, ભાન નથી એને ગુણ શું એમાંથી ગ્રહે? એ તો વૈનયિક મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આપણે તો બધામાંથી ગુણ પકડવા. જય નારાયણ કરવા. એ નહિ. હોય નહિ જરીએ. મિથ્યાદષ્ટિમાં જરીએ ગુણ નથી. જેની દષ્ટિ જ આખી તત્ત્વથી વિપરીત છે. એક અંશેય ગુણ નથી. એ અહીં વાત નથી.

અહીં તો આત્મામાં સ્વતઃ અંતરથી જ્ઞાન પ્રગટે એવો ધર્મ હોવા છતાં, એવો એક જ્ઞાનમાં ધર્મ યોગ્યતા ગણવામાં આવી છે કે જ્ઞાની, કેવળી, ગુરુ, સંત આદિ જે કહે તેના ગુણને જાણી લે કે આમ કહે છે... આમ કહે છે... સમજાણું કાંઈ? તે દિ' હતા કે નહિ આ?

તે દિ' તો હતા. સમજાણું કાંઈ? એવી એક એનામાં યોગ્યતાનો ધર્મ એને એક નયે એને જોવે. અને એ બધી નયો શ્રુતજ્ઞાનમાં વ્યાપે અને આખું શ્રુતજ્ઞાન આવા બધા ધર્મને એક સાથે જાણે. ..ભાઈ! ઝીણું છે આ હોં થોડું. હવે આ ...પડશે એને. વસ્તુદર્શનનો, સમ્યગ્દર્શનનો વિષય તો એકલો ધ્રુવ અભેદ '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' પણ હવે જ્યારે એને જ્ઞાન પ્રગટ્યું. જ્ઞાનનો વિષય એકલો જ્ઞેય જ ક્યાં છે એક જ્ઞેય?

મુમુક્ષુ :- આત્મામાં તો અસંખ્ય ગુણો હોય છેને.

ઉત્તર :- એ આવે એવો સ્વભાવ છે. જાણે શું? સ્વતઃ જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. સ્વપરપ્રકાશક સ્વતઃ છે એમાં એ પરને જાણવાનો એવો પણ એક ધર્મ છે. આહા..હા..! એવું નથી? પરને જાણે છે એવું એક જ્ઞાન એવું પરાલંબી જ્ઞાન નથી?

મુમુક્ષુ :- એનું કામ શું છે? ધ્રુવમાં એકાગ્ર થવું.

ઉત્તર :- ના, ના, ધ્રુવમાં એકાગ્ર ભલે થાઓ. ધ્રુવમાં એકાગ્ર, પણ આ પર્યાયમાં આવો એક ધર્મ છે. એવું ન જાણે તો આનું પૂરું સ્વરૂપ જાણતો નથી.

મુમુક્ષુ :- તો સમ્યગ્દર્શન ન હોય?

ઉત્તર :- નથી. એનો નકાર આમાં નિષેધ કરે તો સમ્યગ્દર્શન નથી.

મુમુક્ષુ :- ધ્રુવનો આશ્રય લીધો તોપણ?

ઉત્તર :- ધ્રુવનો આશ્રય છૂટી જાય પછી. આવું જે જાણે છે, એવા અનંત ધર્મવાળો આત્મા છે આવું જો જ્ઞાનમાં ન લે તો જ્ઞાન ફરી જાય, દૃષ્ટિ ફરી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! અહીં તો ...આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો જાણવું. આ ગુણ જે કહે છે એ જાણવું. એક એની યોગ્યતાનો ધર્મ ગણ્યો છે વ્યવહારે. એના ખ્યાલમાં આવે છે કે નહિ કે આ ભગવાન આમ કહે છે, કેવળી આમ કહે છે, તીર્થંકર આમ કહે છે, ગુરુ આમ કહે છે? તો એવી એક યોગ્યતા થાય છે એની પોતાની પર્યાયમાં, પણ નિમિત્તમાં જે ગુણ છે એ જાણવા લાયક છે. જાણવાનો એક પર્યાય છે. ગુણગ્રાહક જેને-તેને ગુણ ગ્રહે એ પ્રશ્ન અહીં નથી. ગુણગ્રાહી એટલે ગુણને જાણવું. જેનામાં જે ગુણ છે તેના ગુણને જાણવું. એ પણ હજી પરના ગુણને જાણવું એવો પણ એક પરાલંબી-પરસત્તાવલંબી જ્ઞાનનો એક ધર્મ પર્યાયમાં છે. સમજાણું કાંઈ? એવા એક અંશવાળો જે ધર્મ છે એને ન જાણે તો આખો આત્મા કેવો છે એ એના ખ્યાલમાં આવે જ નહિ. ક્યાં કર્તાકર્મની વાત હતી. હવે એની સાથે જ્ઞાન થાય એ જ્ઞાન આવા બધા પોતામાં જેટલા યોગ્યતાઓમાં સાધકમાં બાધક આદિ છે એ બધાને જાણે છે. કહો, ભીખાભાઈ!

'**આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે...**' જુઓ, એ ગુણનો જાણવાનો પર્યાય છે એ પણ પરાલંબ એનો એ સાક્ષી છે. સ્વને જાણતા પોતાનું સ્વપરપ્રકાશક છે તેમાં પોતાને

જાણે છે. એમાં પરથી ગ્રહવું છે અને પરથી જાણવું એવું છે નહિ. આહા..હા..! જાણે છે તો પરથી જાણતો નથી, જાણે છે તો પોતાથી, પણ પરના ગુણો છે કે આવા છે એવો જ એક ધર્મ એની સાથે બીજો ધર્મ સાક્ષીરૂપ છે. એ જાણવાનું થયું એને પણ એ જાણે છે.

મુમુક્ષુ :- એ જ સમયે?

ઉત્તર :- એ જ સમયે. એ જ સમયે. સમય બીજો નથી, આ બધા ધર્મો એક સમયમાં અનંતા છે. આવી વાતું મગજને કેળવવું પડે એવું છે આ. ..ભાઈ! આ સંસારમાં માળા પાંચ-પચ્ચીસ લાખ પેદા કરવા કેટલા માથા ફોડે છે. આ તો ભગવાન આત્મા આવી ચીજ છે. જુઓને કેવી રીતે નાખ્યું? પ્રવચનસાર જ્ઞાનપ્રધાન કથન એટલે આ નય નાખ્યું એમાં. દૃષ્ટિપ્રધાન કથનમાં શક્તિને નાખી સયમસારમાં ૪૭. કારણ કે એકલું દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્યમાં જે શક્તિ.. અને આ જ્ઞાનપ્રધાન કથન છે તો એકેએક અંશ એના જ્ઞાનમાં, સાધકપણામાં જે અંદર છે તે આવવા જોઈએ. એવો જ એનો સ્વભાવ છે એમ કહે છે. સમજાણું કાંઈ? પણ આવી એક ચીજ છે એમ તો ખ્યાલમાં આવે કે નહિ કે આ આમ કહે છે. ત્યારે શું પણ આ પકડાય નહિ. એકદમ લાગે કે આ માળો હવે.. આ ...ચંદભાઈને પૂછો તો કાંઈ નહિ આવડે એને આગળ-પાછળનું. જય નારાયણ. લ્યો! પણ એટલું તો કહે કે આ કાંઈક કહે છે બસ. છે કહો, સમજાણું કાંઈ? કેટલાક તો એવા હોય કે એને કાંઈ આવડે જ નહિ. બસ મૌન કરીને સાંભળ્યા કરે. અંદરમાં કાંઈ ન હોય. એય..! આવી વાતમાં તો એક શબ્દ પૂછો તો નહિ આવડે એને.

મુમુક્ષુ :- ... વિકલ્પ હોય

ઉત્તર :- ના, ના, વિકલ્પની ક્યાં વાત છે? લે! આવો આત્મામાં યોગ્યતાનો એક ધર્મ સાધકને સદાય હોય છે. સમજાણું કાંઈ? દેવીલાલજી! ભાઈ! આ તો બહુ તૈયારી હોય અને જેને આત્માની ગરજ હોય કે મારું મારે કરવું છે. નહિતર હું ચાલ્યો જઈશ ક્યાંય ચોર્યાસીના અવતારમાં. ક્યાંય પત્તો ખાશે નહિ. એ દુનિયા કાંઈ સાથે નહિ આવે અને બહારનું કાંઈ મદદ કરશે નહિ. ફૂ થઈને ચાલ્યો જશે, જાવ ચોર્યાસીના અવતારમાં. સમજાણું કાંઈ? માટે એને જાણવા માટે ધ્યાન દેવું પડે બધી દરકાર મૂકીને આમ. શરીરની, વાણીની, આની ને તેની. શરીરને રાખવા માટે કેટલો ભાવ રાખે છે જુઓ, સવારમાં પાણી-બાણી ચોપડી, અમથા બેઠા હોય તો આમ-આમ કર્યા કરે. ભૂતડા જેવો લાગે. પણ ક્યાં સુધી આ તે? ઘરે સાફ કરીને આવ્યા હોય અને અહીં પાછા સાફ કરીને આવે ત્યાંથી પાણી રેડીને થોડું. કારણ કે થોડું સુકાઈ ગયું હોય તો. પાછું અહીં આમ-આમ કરતા-કરતા આવે. એમ લાગે કે અરેરે..! આ શું કરે છે? જયસુખભાઈ! સમજાય છે આમાં? આહા..હા..! ભારે કામ આકરું. જગતને આત્માનું કરવા માટે દરકાર જ ઘણાને નથી. કાંઈ ન મળે. એ તો એક વખત ગાળવો

હોય એટલું. એય..! ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- સમજવા માટે વખત ગાળવો જોઈએ.

ઉત્તર :- ઈ વખત ગાળવો જોઈએ હાં. આહા..હા..!

કહે છે કે '**આત્મદ્રવ્ય અગુણીનયે...**' હવે એક બોલ .. જાય. અમારા ફાવાભાઈ કહે એક જ્યાં પકડીએ ત્યાં બીજે બીજું આવે. આમાં પકડવું શું? અમારે ફાવાભાઈ હતાને. એક પકડીએ ત્યાં... મગજ સાધારણ. મગજ-બગજ ન મળે. બેસે ખરા પણ પકડાય નહિ, કાંઈ પકડાય નહિ. ... આહા..હા..! એ મગજ જ એવા સાધારણ એને સાધારણ અને પાછું ગોઠવ્યું હોય બીજામાં. દુરુપયોગ કર્યો હોય એટલા ઉઘાડનો પણ પરમાં. આ જાણવા માટે એને અંદર અવકાશ રહેતો ન હોય. સમજાણું કાંઈ? કહે છે, '**આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે...**' કોઈના ગુણને જાણવું કાંઈ છે નહિ. એ જ વખતે હોં. કોઈના ગુણને, કેવળીને જાણવા એ પણ એનામાં અગુણીનયમાં એ પણ નથી કહે છે. પોતાનું જ્ઞાન છે. એનો એ સાક્ષી થઈ જશે. એવું જાણે છે અને એનો એ સાક્ષી થઈ જશે. એવો જ એ સમયે ધર્મ છે. કહો, નવરંગભાઈ! આ ભાઈ મોડા આવ્યા. કાલે પૂરું થઈ ગયું હતું. છતાં આ તો આવેને બાકી છે તો. પછી આવશે ઠીક હોં. આ દશ બોલ પછી. શું કરવું પણ આમ જ્યાં દેખાય ત્યાં .. જેવું લાગે. કહો, જેઠાભાઈ! તે દિ' હતા કે નહિ તમે? તે દિ' હતા. આ પહેલા શરૂઆત કરી ત્યારે. હતાને ઘણા વખતથી છો તમે.

'**કેવળ સાક્ષી જ છે (-ગુણગ્રાહી નથી),...**' એટલે? બીજાના ગુણને જાણવું એવો એક એનામાં ધર્મ નથી. પહેલો ધર્મ કીધો હતો, પાછા બીજાના ગુણને જાણવું એવો ધર્મ નથી. એક સમયે બે છે. એય..! આહા..હા..! આવ્યું નથી આજે સ્તવનમાં નથી આવ્યું? દ્રગ સમકિતીનું શું અટપટી છે. એય..! આમાં આવ્યું છેને આ નહિ? હા એ. આમાં પણ કહે છે. 'ચિન્મુરત દગધારીકી મોહી રીતી લગત હૈ અટાપટી.' નાખ્યું લાગે છે. '..અબ હમ કબહુ ન નિજઘર આયે.' ... સારું લખ્યું છે. એક અને બે બહુ સારા નાખ્યા છે. લોકોને જરી ખ્યાલમાં આવે. જુઓ, 'ચિન્મૂરત દગધારીકી મોહી રીતી લગત હૈ અટાપટી, બાહ્ય નારકી કૃત દુઃખ ભોગે.' બહાર દેખો તો સાતમી નરકના નારકીના દુઃખ દેખાય. 'અંતર સુખ રસ ગટાગટી.' એ વખતે પણ સમકિતીને અંતરના આનંદની ગટાગટ-ગટાગટ છે. આહા..હા..! મીઠાશ. મોસંબીના પાણી પીતો હોય તૃષા લાગી હોયને ગટ-ગટ. એમ સમકિતીને આત્મધર્મનું ભાન છે એટલે અનંતા દુઃખમાં ગર્યો એને પણ આનંદની ગટાગટી અંદર આનંદનો સ્વાદ આવ્યા કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ અટાપટી ઉપર આવ્યું. ચીમનભાઈ! આ તમારું અટાપટી. 'બાહ્ય નારકી કૃત દુઃખ ભોગે, અંતર સુખ રસ ગટાગટી, રમત અનેક સુરની સંગતે પૈ પરિણતિમેં નિત્ય હટાહટી.' આહા..હા..! અનેક દેવાંગના સાથે સમકિતી ભોગમાં દેખાય. સમજાણું? 'રમત અનેક સુરની સંગ પૈ પરિણત તે નિત્ય હટાહટી.' એ

વિકલ્પથી પાછો હટ્યો જ જાય, ખસતો જ જાય, ખસતો જ જાય. નિર્મળતા વધતી જાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'જ્ઞાન વૈરાગ્ય શક્તિ તૈ વિધિફલ ભોગત તે વિધિ ઘટાઘટી.' જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ છે. તેનાથી વિધિ .. કર્મના ફળ અને કર્મફળ આવ્યું, સંયોગ મળ્યા એમાં ભોગ તો દેખાય છે. ભોગતે શબ્દ એમ જ વપરાયને? વિધિફલ ભોગત તે વિધિ ઘટાઘટી. પણ કર્મ તો ઘટતું જ જાય છે. ક્ષણે-ક્ષણે ઘટતું જ જાય છે. આહા..હા..! 'સદન નિવાસી તદપિ ઉદાસી, તાતે આસ્રવ છટાછટી' મોટા બંગલામાં વસે છે. 'તદપિ ઉદાસી' બંગલાથી દૂર છે, રાગથી પણ દૂર છે તો બંગલાથી પણ દૂર છે. 'તાતે આસ્રવ છટાછટી.' આસ્રવનો તો નાશ થતો જાય છે. 'જે ભવહેતુ અબુધક તે તસ કરત બંધકી જટાજટી' એ અજ્ઞાનીને એ બંધના કારણો વિષય ભોગાદિ છે એ જ્ઞાનીને કર્મ અને બંધની જટાજટી. ઝરી જાય છે એને. આહા..હા..! લ્યો આ અટાપટી.

મુમુક્ષુ :- એવી જ્ઞાનકળા ખીલી જાય.

ઉત્તર :- એવી જ્ઞાનકળા એટલે લોકોને અટપટી જેવું લાગે કે આ શું? લે. 'જે ભવ હેતુ અબુધક તે તસ બંધકી જટાજટી, નારક પશુ તિય ષઢ વિકલત્રય, પ્રકૃતિનકી હૈ કટાકટી' એટલા બંધ ન થાય. 'સંયમ ધર ન સકે પૈ સંયમ ધારનકી ઉર ચટાચટી. તાસુ સુયશ ગુનકી દોક્ષલતકી લગી રહૈ નિત રટારટી.' આવા ગુણની તો રટારટ લાગે છે અમને કહે છે. સમજાણું કાંઈ? આત્મા આનંદમૂર્તિ પ્રભુ! આનંદનો રસકંદ, સુખકંદ. તો સુખકંદ આવ્યુંને આમાં? ઓલા આમાં પણ આવ્યું. શેમાં આવ્યું? 'હમ તો કબહુ ન નિજઘર આયે. પરઘર ફિરત બહુત દિન બીતે, નામ અનેક ધરાયે, અબ હમ કબહુ ન નિજઘર આયે, પરપદ નિજપદ માન મગન વ્હૈ' એ વિકલ્પ પર શુભ-અશુભ રાગ એ પરપદ છે. નિજપદ છે નહિ. આહા..હા..! 'પરપદ નિજ પદ માન મગન વ્હૈ પરપરિણતિ લિપટાયે' એ રાગની પરિણતિમાં લપટાઈ ગયો. 'શુદ્ધબુદ્ધ સુખકંદ મનોહર' ભગવાન આત્મા 'શુદ્ધ બુદ્ધ સુખકંદ મનોહર.' આત્મા શુદ્ધ--પવિત્ર, બુદ્ધ-જ્ઞાનનો ઘન, સુખનો કંદ એટલે જ્ઞાન અને આનંદ બે નાખ્યા છે. શુદ્ધમાં પવિત્ર આખું બધું. 'શુદ્ધ બુદ્ધ સુખકંદ' સુખનો કંદ. એ શક્કરકંદ એકલો જેમ મીઠાશનો કંદ છે એમ આત્મા સુખનો કંદ છે. આહા..હા..! 'શુદ્ધ બુદ્ધ સુખકંદ મનોહર ચેતનભાવ ન ભાયે. નરપશુ દેવ નરક નિજ જાન્યો. પરજય બુદ્ધિ લહાયે' પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ, અંશબુદ્ધિ, શરીરબુદ્ધિ 'અમલ અખંડ અતુલ અવિનાશી, આતમગુણ નહિ ગાયે. યહ બહુ ભૂલ ભયી હમરી.' ગયા કાળનું યાદ કરે છે. 'યહ બહુ ભૂલ ભયી હમરી ફિર, કહાં કાજ પછતાયે?' કાજ કરીને પછતાણો. 'દોલ તજૌ અબહુ વિષયનકો સદ્ગુરુ વચન સુનાયે.' આહા..હા..! જુઓ, આ પહેલાના પંડિતો પણ યથાર્થ તત્ત્વને કેવી રીતે વર્ણવે છે જુઓ, આ તો અત્યારના પંડિતો જ ગોથા ખાય છે કે આમ ન હોય... આમ ન હોય... આમ

ન હોય... આમ ન હોય... અહીં તો કહે છે કે સમકિતીને સાતમી નરકમાં દુઃખ દેખાય, પણ અંદરમાં આનંદ છે. ઓલા કહે, નહિ, ચોથે આનંદ ન હોય એમ કહે છે.

મુમુક્ષુ :- ... હોય જ નહિ.

ઉત્તર :- હોય નહિ. ચોથા સિવાય હોય નહિ એને. એનો તો દાખલો આપ્યો કે ભાઈ! ભગવાન આત્મા અંદર પવિત્રધામ અહો..! વિકલ્પના રાગની બુદ્ધિ છોડીને સ્વભાવબુદ્ધિ થઈ એને બહારના નારકીના દુઃખ દેખાય છે કે દુઃખને ભોગવે, છતાં અંદર આનંદનો રસનો ઘૂંટ પીવે છે. અંતર તો આનંદના રસની ઘૂંટ પીએ છે. આહા..હા..! ઓલા કહે નહિ. ચોથે એમ હોય નહિ. ચોથે તો શ્રદ્ધામાત્ર જ આત્મા છે. અરે..! ભગવાન! શું કરે છે તું આ? આહા..હા..! સમજાણું કાંઈ?

આવો આત્મા કહે છે '**અગુણીનયે કેવળ સાક્ષી જ છે, શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવો જે કુમાર તેને જોનાર પુરુષની માફક.**' લ્યો! ઓલા કુમાર શીખે છે. બીજો દેખે છે. એને કાંઈ શીખવું નથી. એવો પણ એક આત્મામાં ધર્મ છે. એક સમયે આ બધા ધર્મ છે હોં. પરના ગુણને જાણે એવો એક ધર્મ અને પરના ગુણમાં સાક્ષી રહેવું એવો પણ એક ધર્મ. સમજાણું કાંઈ? ત્યાં સુધી તો આપણે આવી ગયું છે.

(૩૮) હવે અહીં આવ્યું. '**આત્મદ્રવ્ય કર્તૃનયે,...**' .. બહુ ચાલી ગયોને. કહે છે કે આત્મવસ્તુ ભગવાન આત્મા કેવો છે? કે એમાં એક રાગનું પરિણમન છે એવો છે ઈ. દૃષ્ટિના વિષયમાં એકલી ચીજ છે. જ્ઞાન તો બેયને જાણે છે. જ્ઞાનનો વિષય એકલો સ્વજ્ઞેયને જાણવું, સ્વ અખંડને જાણવું એવું નથી. જ્ઞાન તો દ્રવ્યને, ગુણને, પર્યાયને, અંશને ભેદ-ભેદ કરીને જાણે છે. એ માટે વાત છે. સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાનમાં, શાંતિના જ્ઞાનના કાળમાં કહે છે કે જ્ઞાનીને એવો એક ધર્મ જ્ઞાનમાં જણાય છે. ધર્મ એટલે ધારેલો ભાવ. ધારેલો ભાવ. કે '**કર્તૃનયે, રંગરેજની માફક,...**' સમજાણું? રંગારો જેમ રંગના કામ કરનારો છે રંગારો. આ કપડાનો. આમ કરે છેને રંગરેજ. આમ ઉંચું કપડું કરીને ધોતા હતા એકફેરી જોયું હતું. ત્યાં આપણે ગયા હતાને મહેન્દ્ર કેવો? ભુપેન્દ્ર. ભુપેન્દ્રની દુકાને. ડાઈંગ વર્કસ ગયા હતા તે દિ' . લાકડું ઉંચું કરીને. બોળેને ઉના પાણીમાં આમ ઉંચું કરીને. બરાબર થાય તો સારા રંગમાં નાખશે. .. એ નોખું હોયને બધા. એકફેરી જોયું હતું આમ બધું લાકડું .. ઉના પાણીમાં. લાકડી લઈને આખી લાકડી કરી. એ રંગારો રંગરેજ કામ લે છે, એમ આત્મા પણ રાગથી રંગાયેલો એવી પર્યાયમાં છે એમ જ્ઞાની જાણે છે. એય..! શું બધા .. આટલા પાંચ દિ' સાંભળ્યું નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાણવાનું કરવું જોઈએ. જાણવું એ તો એક-એક અંશને ભિન્ન-ભિન્ન કરીને બધું જાણે છે. દૃષ્ટિમાં તો દૃષ્ટિ પોતે નિર્વિકલ્પ રહી ગઈ છે, વિષય તો તેનો અભેદ જ

છે. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં કાંઈ ભેદ કરીને જાણવું એવો એનો સ્વભાવ નથી. એટલે દૃષ્ટિના કાળમાં જે જ્ઞાન સાચું થાય તે જ્ઞાન જ્ઞાનીનું, આવો આત્મા છે એમ જ્ઞાન જાણે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દેવ છે. સમજાણું કાંઈ? અભેદમાં રાગ નથી, વિકલ્પ નથી, એ પર છે. જેને રાગને પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ. સમજાય છે? અભેદ સમ્યક્ છે અને એનો વિષય અભેદ છે. એ અપેક્ષાએ ભેદ-બેદ બધું આત્માનું નહિ, પરનું. પણ જ્યારે તે જ ક્ષણે તેમાં જે જ્ઞાન થયું છે એ જ્ઞાન તો પોતાના અભેદને જાણે, એ પણ એક ધર્મ જાણે અને રાગરૂપ પરિણમન છે જીવમાં. સાધક છેને? અહીં ક્યાં કેવળી થઈ ગયો છે? આહા..હા..! શું વાત કરી છે. સમજાણું કાંઈ? કરવાલાયક છે એમ નહિ. પણ પરિણમનમાં રાગની પર્યાયપણે પરિણમે છે એમ સમ્યગ્જ્ઞાન જાણે છે. એવો એક મારો ધર્મ છે. પરને લઈને છે એમ નહિ. આહા..હા..! એથી તો આ ધર્મ એનો નાખ્યો ભાઈ! કે કર્મને લઈને આ રાગનું પરિણમન છે (એમ) બિલકુલ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મારા પર્યાયનું, સમ્યગ્જ્ઞાની એમ જાણે છે સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન કે મારી પર્યાયનો રાગરૂપે થવાનો, પરિણમવાનો એક ધર્મ છે. એ મારો ધર્મ છે. એ કર્મને લઈને આ ધર્મ છે એમ નહિ. મારે લઈને એ ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ મોટો ગોટો ઉઠાવે છેને અત્યારે. જીવમાં વિકાર થાય, કર્મ વિના ન થાય, કર્મ હોય તો થાય. નિમિત્ત અને નૈમિત્તિક સંબંધ એને કહીએ. કર્મ નિમિત્ત થઈને આવે એટલે એને વિકાર કરવો જ પડે. એ તો પરને લઈને ધર્મ થયો. એ કાંઈ પોતાનો ધર્મ થયો નહિ. એમ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! બાપુ! આ તો બહુ પ્રયત્ન કરે અને અંદર દરકાર થાય તો આ જણાય એવી વાત છે. માટે એમ ને એમ મળી જાય કોઈ, સમજાણું કાંઈ? એ કોઈ સફારિશ-બફારિશ કરીને મળી જાય એવું હશે કે નહિ? આહા..હા..!

કહે છે કે પરમાત્મા પરમેશ્વર કહે છે તે સંતો અહીં કહે છે કે આત્મા કેવો છે? સમકિતીને સમ્યગ્જ્ઞાનમાં કેવો જણાય છે? એક એ ધર્મ એવો છે, પોતાનો પોતાને લઈને પોતામાં. સમજાણું કાંઈ? જુઓને ત્યાં પંચાસ્તિકાયમાં ૬૨ ગાથામાં એ કહ્યુંને? કે આત્મામાં જેટલો વિકાર થાય છે... ત્યાં તો સમ્મુચય છે, ત્યાં તો મિથ્યાત્વાદિ બધો. અહીં એ નથી. અહીં તો સાધકની વાત છે. ત્યાં ૬૨મી ગાથામાં જે કહ્યું ત્યાં તો આત્મામાં શાંતિ થાય, રાગ-દ્વેષ થાય એ બધો એક સમયના પર્યાયનો ષટ્કારકરૂપી ધર્મ એનો છે. રાગ મિથ્યાત્વ કરે, એનો કર્તા, એનું એ કર્મ, એનું એ સાધન, એનું એ અપાદાન-એનાથી થાય, એનું સંપ્રદાન-રાખે અને આધાર. એ બધો પોતાનો પર્યાયનો ધર્મ છે. કર્મને લઈને નહિ, પરદ્રવ્યને લઈને નહિ. અને તે તો સ્પષ્ટ કર્યું ૬૨મી ગાથામાં. એ તો મોટી ચર્ચા ચાલી હતી. તેરની સાલમાં. ૧૨ વર્ષ પહેલા. .. શું કહેવાય એ? મધુવન-મધુવન.

નિશ્ચયથી પરના કારકો ને કારણોની અપેક્ષા રાખ્યા વિના જીવમાં વિકાર પોતાથી નિશ્ચયથી નિરપેક્ષ થાય છે. બધા બેઠા હતા અને .. વાત ચાલી હતી. બધા પંડિતો હતા બધા ઘણા હતા. વર્ણીજી, બંસીધરજી, ફુલચંદજી બધા હતા. રામજીભાઈ હતા. તમે હતા કે નહિ? તમે નહોતા તે દિ'? હિંમતભાઈ હતા. નહોતા આવ્યા?

મુમુક્ષુ :- ચર્ચામાં નહોતા આવ્યા.

ઉત્તર :- ચર્ચામાં નહોતા આવ્યા ઠીક. આ જાત્રામાં હતા બધા. કહો, સમજાણું આમાં? આત્મામાં અનાદિ એની વિકારની યોગ્યતા જે પોતાની છે એ પરની અપેક્ષા રાખ્યા વિના... ૬૨ ગાથામાં. કારકાતંર અપેક્ષા વિના. ઘણું થયું હતું. વર્ણીજી હતા, બંસીધરજી હતા. પછી ગડબડ થઈ ગઈ ગડબડ. અરે..! આહા..હા.. તો વિકાર પરની અપેક્ષા વિના થાય તો એ વિકાર સ્વભાવ થઈ જાય. આહા..હા..! અરે..! સાંભળને અહીં તો પર્યાયનો સ્વભાવ છે તે સ્વતંત્ર છે, નિશ્ચયથી, પોતાથી છે. પરથી નથી. પરની અપેક્ષા કર્યા વિના વિકાર પોતાથી મિથ્યાત્વ થાય છે. દર્શનમોહના નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના મિથ્યાત્વ પોતાથી પોતામાં થાય છે. રાગ-દ્વેષમાં ચારિત્રમોહની અપેક્ષા રાખ્યા વિના રાગ-દ્વેષ પોતાની પર્યાયમાં થાય છે. એ વાત સિદ્ધ કરી તે દિ'. ગડબડ-ગડબડ થઈ બધી. ગડબડ. આહા..હા..! પકડાણા આ લોકો. શું કરે ભાઈ! એ વાતની ખબર જ નથી. અનાદિની દૃષ્ટિ પરાધીન પરસંયોગની દૃષ્ટિ સંયોગથી.. સંયોગી ચીજ તે અહીં વિકાર કરાવે છે. કરાવે એમ ક્યાં કહીએ છીએ? અમે તો કહીએ છીએ કે નિમિત્તથી નૈમિત્તિક થાય એમ કહીએ છીએ.

મુમુક્ષુ :- .. કરવું પડે.

ઉત્તર :- કરવું પડે. એ નિમિત્ત આવે એટલે નિમિત્તનું જોર છે તો પ્રધાનતા તો નિમિત્તની એમાં છે. માટે નિમિત્તની પ્રધાનતાથી ઉદય આવ્યો એટલે અહીં વિકાર કરવો પડે. એ ભગવાન કહે છે કે ત્રણ કાળમાં એ વાત એકેય અંશ સાચી નથી. એ અહીં કહે છે જુઓ, સમકિતી ચાર જ્ઞાનના ધણી ગણધરદેવ પણ શ્રુતજ્ઞાન દ્વારા અને શ્રુતજ્ઞાનના પેટાભેદના નય દ્વારા એમ ગણધર જાણે છે કે '**કર્તૃનયે,...**' મારામાં પરિણમન રાગનું મારો ધર્મ છે એથી તેને જાણનારા નયે આત્મા રાગથી રંગાઈ ગયેલો પોતાથી છે. એમ ગણધરદેવ જાણે છે. કેટલી મોટાની સાક્ષી. આ શ્રુતજ્ઞાનની વાત છે કે નહિ? તો શ્રુતજ્ઞાનના, ચાર જ્ઞાનના ધણી શ્રુતજ્ઞાની ગણધર પણ આવ્યા. તો ગણધર એમ કહે છે કે અમારામાં રાગનું જે પરિણમન છે એ અમારાથી અમારે લઈને અમારો એક ધર્મ છે. પરને લઈને એ વસ્તુ હોઈ શકતી નથી. એમ ચાર જ્ઞાનના ધરનાર ગણધરદેવ એ ભગવાને કહ્યું હતું એ પ્રમાણે ગણધરદેવે આત્માને જોયો. કહો, સમજાણું કાંઈ? ભારે વાત! ગજબ વાતું મૂકી છે કેવી!

'**આત્મદ્રવ્ય કર્તૃનયે, રંગરેજની માફક,...**' રંગરેજ. '**રાગાદિપરિણામનું કરનાર છે...**' ભાષા દેખો એય..! જયકુમારજી! લ્યો આ તમારી ઓલી પાંચ ગાથા સાંભળી હતી ત્યાં.

... જ્ઞાનની અપેક્ષાએ જ્ઞેય છે. સમજાણું કાંઈ? દૃષ્ટિના જોરમાં જેને રાગ ને દયા, દાનના પરિણામને પુદ્ગલના પરિણામ કહ્યા હતા, એને અહીં કહે છે કે એ મારો રાગપણે પરિણમવાનો મારો ધર્મ છે. કર્મનું પરિણામ એ નહિ. કર્મનું પરિણામ એ નહિ. આહા..હા..! ઠીક આવ્યું બધું સાથે સાથે. સમજાણું કાંઈ? બાપુ! આ તો અંતરની ચીજો એને અંતરમાં પકડવી જોશે. સમજાણું કાંઈ? એ બહારમાં ધારણા-બારણા કાંઈ કામ આવશે નહિ. આહા..હા..! એ ધારણાની સાથે બીજો ધર્મ લીધોને ધર્મ? અગુણગ્રાહી. આ એવી વસ્તુ છે. શું કીધું? ધીરૂભાઈ!

રાગ રૂપે, દ્વેષ રૂપે, વિષય વાસના રૂપે જેની જેવી યોગ્યતા ચોથે, પાંચમે. રાગરૂપે પંચ મહાવ્રતપણાના વિકલ્પપણે પરિણમું છું. રાગાદિ પરિણામનું કારણ છે, કરનાર છે, એવો એક ધર્મ છે કર્તૃત્વનયે કે રાગાદિ પરિણામનો કરનાર છે. '**(અર્થાત્ આત્મા કર્તાનયે રાગાદિ પરિણામનો કર્તા છે,...**' રાગાદિ—રાગ, દ્વેષ, હરખ, શોક આદિ. એ તો ભોક્તા પણ છે. અહીં કરવામાં પણ હરખ-શોક છે. ઓલું તો ભોક્તામાં જાય છે, પણ અહીં કરવામાં હરખ-શોક આવે છેને? સમજાણું? એ આવી ગયું કર્મફળમાં. ૧૭૮ ગાથામાં. કર્મફળને પોતાના માને માટે તેને કર્તાકર્મ કહેવામાં આવે છે. ત્યાં એમ સિદ્ધ થયું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા આ પરમાણુ કર્મને તો અડ્યો જ નથી, અડતો પણ નથી અને અને એની સાથે કાંઈ સંબંધ નથી. સર્વે સંબંધ પરદ્રવ્યથી છૂટી ગયેલા છે. સર્વ સંબંધ નાસ્તિ નહિ? સર્વોપિ સંબંધ. બે ગાથા. કળશ. કોઈ દ્રવ્ય સાથે પરદ્રવ્યને સર્વોપિ સંબંધ નાસ્તિ. કર્મનો નિમિત્ત સંબંધ છે માટે નૈમિત્તિક વિકારને થવું પડે છે એવું વસ્તુના સ્વરૂપમાં ત્રણ કાળમાં ભગવાને જોયું નથી અને ગણધરો એમ જોતા નથી એમ કહે છે. આહા..હા..! બાર અંગના રચનાર, જેણે કર્મ તત્ત્વ આદિ બાર અંગની રચના કરી. એ ગણધર કહે છે કે મારા આત્મામાં રાગરૂપે પરિણમવું એવો મારો ધર્મ છે, એ રાગાદિ પરિણામાનો હું કરનાર છું. કરનાર એટલે પરિણમનાર છું. એવો મારો ધર્મ નથી. મારામાં છે એ ધર્મ પરને લઈને નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

ગુણગ્રાહીનો ધર્મ હતો એ કાંઈ પરને લઈને નહોતો. એ ... પોતાને લઈને, પરાલંબી પણ પોતાને લઈને હતો. આહા..હા..! આ પણ કર્તૃત્વનયનો ધર્મ, અહીં સર્વજ્ઞની વાત છે જ નહિ, અહીં તો શ્રુતજ્ઞાનીની વાત છે. ધર્મી સાધકજીવની વાત છે. સમજાણું કાંઈ? કે '**આત્મદ્રવ્ય કર્તૃનયે, રંગરેજની માફક,...**' રંગરેજ લ્યો. '**રાગાદિ...**' રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, શુભ-અશુભભાવ જેને જે પ્રમાણે હોય ત્યાં. સમજાય છે? સાધક જીવની વાત છે. સાધક સમકિત દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાની ચોથા ગુણસ્થાનથી માંડીને છઠ્ઠા ગણધર આદિ. સમજાણું કાંઈ? એ ગણધર ભગવાન બાર અંગની રચના કરનાર એમ જાણે છે કે મારે વિકલ્પ ઉઠ્યો છે જે રચવાનો એ રાગપણે પરિણમેલો મારો ધર્મ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગ હોય ત્યાં સુધી. અહીં તો અત્યારે સાધક.. છઠ્ઠા સુધી. પછી ... સમજાણું કાંઈ? આહા..હા..!

'**રાગાદિપરિણામ...**' ભાષા છેને. સંસ્કૃતમાં પણ છે એ બોલ તો. જુઓ, '**कर्तृनयेन रञ्जकवद्रागादिपरिणामकर्तृ।**' એકકોર કહે કે દયા, દાનના પરિણામ પુદ્‌ગલનું વ્યાપ્ય. એ પુદ્‌ગલ વ્યાપક થઈને ત્યાં પ્રસરે છે, જેમ માટી પ્રસરીને ઘડો થાય છે એ માટી વ્યાપક કર્તા અને ઘડો કર્મ છે, એમ પુણ્ય-પાપના વિકલ્પો તીર્થંકરગોત્રનો ભાવ બાંધવાનો એ પણ પુદ્‌ગલના પરિણામ, પુદ્‌ગલનું વ્યાપ્ય, પુદ્‌ગલ વ્યાપક. અહીં કહે છે કે એ કર્તૃત્વ ધર્મ ઈ મારો છે માટે મારામાં પરિણમન રાગનું છે. એનું વ્યાપ્ય થઈ ગયું.

મુમુક્ષુ :- દ્રવ્યની ધૂનમાં છે...

ઉત્તર :- ધૂનમાં વળી કેવું? ... એય..! ધૂનમાં નહિ. દ્રવ્યદૃષ્ટિના ભાવની અંદરમાં આમ એટલું. એ ઠીક લગાવ્યું આણે એય..! ભારે તમારા પંડિતો ભાઈ! બેય સરખું જ છે.

મુમુક્ષુ :- દ્રવ્યના જોરમાં...

ઉત્તર :- દ્રવ્યની દૃષ્ટિનું, જ્યાં વસ્તુ છે એ કથનમાં એ રાગ પોતાની પર્યાયનો નથી. એમ ત્યાં દ્રવ્યદૃષ્ટિ. કારણ કે દૃષ્ટિ છે તેમાં ભેદ... દૃષ્ટિ પોતે ભેદવાળી નથી, તે ભેદનો વિષય કરતી નથી.

મુમુક્ષુ :- .. ધૂન.

ઉત્તર :- ધૂન નહિ. આ ઠીક. એય..! શું છે? ધૂન નહિ. એ દૃષ્ટિ ધ્રુવને પકડે છે અહીં તો એકલું.

મુમુક્ષુ :- ઓલાને પર્યાય નથી જોતી.

ઉત્તર :- જોતી નથી? પર્યાયનું લક્ષ નથી. પર્યાય ગૌણ કરી છે. પર્યાય ગૌણ કરી છે. અભાવ નથી કર્યો. દૃષ્ટિમાં પર્યાયને ગૌણ કરી છે. વ્યવહાર ગૌણ કરી વ્યવહાર કહીને નથી એમ કહ્યું છે. અભાવ છે એમ કરીને નથી એમ નથી કહ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી, છતાં એ જ્ઞાનમાં ગૌણ કરીને નય છેને? નય છેને નય? તો નય છે એટલે નયમાં નિશ્ચયનય જે છે... પરમ ભૂતાર્થ વસ્તુને નય કીધી છે એક તો. ત્રિકાળી દ્રવ્ય વસ્તુ એને જ નય કીધી છે. અને એ નય એટલે એ જ્યાં દૃષ્ટિ થઈ એટલે એ દૃષ્ટિમાં પર્યાયનો વર્તમાન તો ગૌણ થઈ ગયું. એના ઉપર લક્ષ રહ્યું નહિ. અને તેને ગૌણ કરી, વ્યવહાર કહીને નથી એમ કહ્યું છે. પર્યાયમાં પર્યાય નથી એમ નહિ. એને મુખ્યપણામાં, મુખ્યપણું અહીં લઈ, પર્યાયને ગૌણ કરી, વ્યવહાર કરીને અભાવ છે એમ કીધું છે. એ જ્યાં ગૌણ કરીને અભાવ કીધો હતો એને આ મુખ્યપણે પર્યાય મારી મારામાં છે એમ જ્ઞાન જાણે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એને ..

ઉત્તર :- આ ... શેનો ચાલે છે આ? .. અમૃતચંદ્રાચાર્ય. ત્યાં પણ અમૃતચંદ્રાચાર્યે ટીકા કહી. એ આ અમૃતચંદ્રાચાર્યે આ નયો કાઢી. ભાઈ! આ કઈ અપેક્ષાએ? બરાબર વાસ્તવિકતા છે એ. કારણ કે જ્યાં દૃષ્ટિ છે એ તો નિર્વિકલ્પ છે. દૃષ્ટિ કાંઈ પોતાને જાણતી નથી. ફક્ત દૃષ્ટિનો વિષય તો અભેદ થઈ જાય છે, અભેદ થઈ જાય છે. કારણ કે અભેદ છેને, આખા ધ્રુવ ઉપર જાય છે બસ એટલું. પણ જાય છે એટલે એ તો એક અપેક્ષા કહેવાયને. આ ધ્રુવ છે અને આ દૃષ્ટિ જાય છે એમ પણ ક્યાં છે? તો તો જ્ઞાન થઈ ગયું. એનો અર્થ કે દૃષ્ટિ જ્યારે આમ અંતર જાય છે ત્યારે એને અંતરમાં સામાન્ય જ દૃષ્ટિમાં હોય છે. હોય છે, આ સામાન્ય છે દૃષ્ટિમાં એમ નહિ. કારણ કે આમ અંતર જાય એટલે એને એકપણું જ દૃષ્ટિમાં હોય, બેપણું હોય જ નહિ. કારણ કે આમ જોવે તો એકપણું જ હોય એમ કહે છે. ધીરૂભાઈ! કઠણ પડે. લ્યો આ બધા અહીંના આવનારાને કઠણ પડે છે. અમારા આ કિરણભાઈને હજી નવા .. આવ્યા છે. પણ આવું કાંઈક છે બાપા જાય છે ત્યાં. એણે સાંભળીને નક્કી તો કરવું પડશેને એને. અહીં બે લાખના મકાન નાખ્યા છે તો કાંઈક હેતુથી નાખ્યા હશેને? કહો, એય..! આહા..હા..! ધીમે... ધીમે... ધીમે... એમાં કાંઈ ન સમજાય એવું કાંઈ નથી. એના ઘરની ચીજ છે ને એને ન જણાય એવું હોય? એની અપેક્ષાઓ, એના પડખા, એના પ્રકાર એના લક્ષમાં આવવા જોઈએ. કહો, આ તો જ્ઞાનની બહોળપ છે. જ્ઞાનની બહોળપ એટલે વિશેષતા, અતિશયતા છે.

એ જ્ઞાન એ દૃષ્ટિમાં એકલો ભૂતાર્થ અભેદ છે. કારણ કે અંતર વળ્યો એટલે પછી એમાં ભેદ રહ્યો ક્યાં? એ તો સામાન્ય ઉપર જ ગયું એનો. સામાન્ય ઉપર જાઉં છું એ જ ક્યાં છે ત્યાં? સમજાણું કાંઈ? પણ તેમાં જઈને જે દૃષ્ટિ થઈ અને એ જ્ઞાન થયું. હવે જ્ઞાન તો મહા વિશાળ. જ્ઞાન તો એક-એક પર્યાયના ભેદ પાડી-પાડીને જાણે એવું જ્ઞાન છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું. એક-એક પર્યાયના અનંતા અંશને પણ એક સમયનો પર્યાય જાણે. જ્ઞાન શું ન જાણે? 'સ્વપર પ્રકાશક શક્તિ હમારી તાતૈ વચન ભેદ ભ્રમ ભારી.' એનો સ્વભાવ સ્વતઃ એવો છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનનો પર્યાય સમ્યગ્જ્ઞાન પ્રમાણ, એનો અંશ અવયવનય એ નય એમ જાણે છે કે કર્તૃનયે રાગરૂપે જુઓ, છ ખંડના રાજમાં છન્નું હજાર સ્ત્રીના ભોગને કાળે જે વાસના છે એ વાસનાનું પરિણમન મારું છે. મારામાં છે—મારી પર્યાયમાં છે. એવો એક ધર્મ જ્ઞાની જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો હોય. .. હોય સીધા. અંદર ચોથું ગુણસ્થાન હોય બાહ્ય દ્રવ્યલિંગમાં

અઠ્યાવીશ મૂળગુણ હોય પણ એ સહજ હોં હઠ નહિ. એકલો હોય ત્યારે એને છઠ્ઠું આવી ગયું અને છઠ્ઠાનો વ્યવહાર કહેવાયને? આ હઠથી જે છે. આ તો હઠથી પરાણે કરે એ તો વસ્તુ ચોથું પણ નથી અને છઠ્ઠું નથી અને કાંઈ નથી. સમજાણું કાંઈ? ઝીણી વાતું બાપુ! આહા..હા..! કહે છે કે ભગવાન સહજસ્વરૂપ છે. એવો એની પર્યાયમાં-અવસ્થામાં રાગપણે, દ્વેષપણે છ ખંડ .. સમકિતી સાધવા જાય અરે..! ભરત અને બાહુબલી બે લડાઈએ ચડ્યા લ્યો. યોદ્ધે યોદ્ધા. ત્રણ આવે છે કે નહિ?

મુમુક્ષુ :- .. લડવાની છૂટ આપીને.

ઉત્તર :- છૂટવાની કોણે કીધું? એની ક્રિયા જ છૂટવાની થાય છે એને એ જાણે છે અને ત્યાં જરી કાંઈક દ્વેષનો અંશ આવ્યો છે એ પરિણમન મારું છે એવો મારો ધર્મ છે, મારે લઈને છે, કર્મને લઈને નથી, બસ એમ જાણે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિમિત્તનું જ્ઞાન છે, એ તો પહેલા આવી ગયુંને. નિમિત્ત આવી ગયું. એ તો પહેલા જ આવ્યું. પહેલું દ્રવ્યનયે, પર્યાયનયે એ તો પહેલી શરૂઆત કરી છે. પહેલી નય દ્રવ્ય એટલે ધ્રુવ. ધ્રુવ એ પણ એક ધર્મ છે. એ બધો નય છેને? નયમાં ક્યાં બધા અંશો આવે? નયમાં તો એક જ અંશ આવે. પ્રમાણજ્ઞાન તો બધા અંશને જાણે. આહા..હા..! ભારે વાત ભાઈ! એ ધ્યાન રાખે તો પકડાય એવું છે જરી. પણ હવે કોઈ દિ' પરિચય બહુ ન હોય તો શું થાય? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, .. આવ્યું નહિ. ... થઈ જાય. ધ્યાન કરવા ગ્યો પણ ધ્યાન ચાલ્યું નહિ અંદર અને મારી પુરુષાર્થની કચાશ છે એટલી. એટલું વીર્ય કામ કરતું નથી. એ પ્રશ્ન પૂછી લીધો વચમાં ભાઈએ. ... જુઓ, આહા..હા..! આ તો આત્મ દરબારમાં શું શું છે એની વાતું ચાલે છે. આહા..હા..! શું આચાર્ય વાત કહે છે! અમૃતચંદ્રાચાર્ય કહે છે કે ગણધરો પણ સાધક છે, શ્રુતજ્ઞાની છે તેથી એ શ્રુતજ્ઞાનીનો એક અંશ એ નય, એ '**કર્તૃનયે, રંગરેજની માફક, રાગાદિપરિણામનું કરનાર છે...**' '**જેમ રંગારો રંગકામનો કરનાર છે તેમ.**' રાગાદિના પરિણામનો કર્તા હું છું. પરિણમનની અપેક્ષાએ હોં. કરવાલાયક છે એમ બધી આ વાત નથી અહીંયાં. પરિણમવું તે કર્તા એમ ગણીને કર્તૃત્વનય કહેવામાં આવી છે. આહા..હા..! શું છે? કહો, સમજાય છે કે નહિ? .. ક્યાં ગયા જીતુને? જીતુ! સમજાય છે કે નહિ આ? લ્યો .. સામે આવ્યો મારો. એ તો હુશિયાર માણસ છેને. આ તો બધું વીંખી-વીંખીને, પીંખી-પીંખીને તો વાત ચાલે છે આમાં. આમાં તો ક્યાં એમાં ગડબડ કાંઈ રહેલી છે? આહા..હા..! અને એણે જે માન્યું હોયને કે કર્મ નિમિત્ત થઈને આવે, માટે તેમાં નિમિત્તની પ્રધાનતા છે, વિકાર કરનારની પ્રધાનતા ઉપાદાનની નહિ, અને રાગ કરે અને સ્ત્રીને દેખીને

કરે, ન કરે ત્યાં નિમિત્ત થઈને નહિ એ નિમિત્ત બનાવે છે રાગને. એ બધી ગપેગપ વાતું છે. તદ્દ્ન તત્ત્વથી વિપરીત માન્યતા છે. એય..! ભીખાભાઈ! આહા..હા..!

ઓલા તો અભ્યાસ બધા કર્યા બી.એ.ના, એલ.એલ.બી., એમ.એ.ના પૂંછડા બધા. થોથે-થોથા છે એમાં. આ તો સમજવાનો અભ્યાસ તો કર, અભ્યાસ તો કર અંદરમાં .. કરીને. લ્યો એક બોલ થયો. તો આ ધર્મની સાથે બીજો ધર્મ સાથે ને સાથે અકર્તા છે. એ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૪, શનિવાર, તા. ૦૮.૧૧.૧૯૬૯**
**નય-૩૮ થી ૪૦, પ્રવચન-૨૭૫**

આ પ્રવચનસાર. પરિશિષ્ટ અધિકાર ચાલે છે. નયનો અધિકાર. ૩૮મી નય ચાલી કાલે નહિ? કેટલાકને બરાબર ઠીક ન પડ્યું—સમજાણું નહિ. લ્યો! છ દિ' ઈ ચાલ્યું કે આત્મા વિકારનો કર્તા નથી. કાલે આવ્યું કે વિકારનો કર્તા. પ્રશ્ન તો થાય. થાય અને ન પણ થાય. આ આટલો બધો ફેર શો? સમજાણું કાંઈ? જુઓ, આ આત્મા છે વસ્તુ, આત્મા વસ્તુ છેને? સત્ છેને સત્? અસત્ એ વસ્તુ હોય? વસ્તુ સત્ છે. આ આને લઈને નથી. આ શું કહેવાય? આ શરીરને લઈને સત્ નથી. પોતાને લઈને છે. તો એવો જે આત્મા વસ્તુ છે તો એમાં જે શક્તિ હોયને, એનો સ્વભાવ હોયને. જેમ આત્મા ત્રિકાળી સત્ છે એમ એની શક્તિઓ એટલે ગુણો પણ ત્રિકાળી સત્ છે. હવે એની પર્યાય એટલે વર્તમાન અવસ્થાના આ બધા ફેરફાર છે. સમજાણું કાંઈ? જે વર્તમાન એની અવસ્થા છે, એનું કાર્ય છે, દશા છે એમાં અનાદિથી એને એનો દ્રવ્યસ્વભાવ શું છે એની ખબર નથી. પ્રભુ મહા આનંદ અને શાંતિનો સાગર અપરિમિત સ્વભાવથી ભરેલો વસ્તુ છેને? અને વસ્તુનો સ્વભાવ છે તો સ્વભાવ તો બેહદ-અનંત હોય, સ્વભાવને હદ હોઈ શકે નહિ. એવો જે આત્મા અનંત-અનંત જ્ઞાન, આનંદ આદિ મર્યાદા વિનાનો શક્તિવાળું એ તત્ત્વ છે. એવી તત્ત્વની દૃષ્ટિની ખબર નથી, એવા મહાસત્તાનો સ્વીકાર નથી, એનો એને વિશ્વાસ નથી. કે હું આવો છું. સમજાણું કાંઈ? એના વિશ્વાસમાં તો સત્તા દેખે છે શરીર, વાણી, મન કે એ હું છું અને કાં તો અંદરમાં પુણ્ય-પાપના રાગ થાય તેટલો તે હું છું અને કાં તો તેને જાણનારી વર્તમાન અવસ્થાનો એક અંશ છે જાણવાનો અંશ, એ જ્ઞાનના અંશ જેટલો છું. આવું એને વિશ્વાસમાં

વર્તે છે. એ વિશ્વાસ મિથ્યાવિશ્વાસ છે. એ દુઃખના પંથે દોરાય એવો એનો વિશ્વાસ છે. સમજાણું કાંઈ?

હવે જેને સુખી થવું છે. આ દુઃખ છે એ. વસ્તુ આનંદસ્વરૂપ છે એમાં પુણ્ય-પાપના ભાવ-વિકલ્પ એ એની ચીજમાં નથી, છતાં એટલો એ હું છું, એનો હું કર્તા છું, એનો હું ભોક્તા છું, એ દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિપણે છે, કેમકે વસ્તુમાં નથી અને એમ માને છે એ મિથ્યાદૃષ્ટિપણે વાત સાચી છે. સાચી એટલે કે રાગને-વિકારને કરે છે અને વિકારને ભોગવે છે એ દુઃખદશા છે. હવે જેને દુઃખદશા ટાળવી છે એને શું કરવું? અને એને શું હોય? ઈ અહીં ચાલે છે. આ આત્મા આનંદસ્વરૂપ સત્ મહાપ્રભુ એવો જેને અંતરમાં પૂર્ણ સ્વભાવનો વિશ્વાસ, રુચિ, દૃષ્ટિ થઈ છે. સમજાય છે કાંઈ? જે વિશ્વાસ રાગ ઉપર અને પુણ્ય ઉપર અને અલ્પજ્ઞતા ઉપર હતો, એ વિશ્વાસ પલટીને આખા પૂર્ણ દ્રવ્ય ઉપર વિશ્વાસ આવ્યો. સમજાય છે કાંઈ? જે આખી ચીજ જ પડી(-બાકી) રહેતી વિશ્વાસમાં. સમજાય છે કાંઈ આમાં? એ વિશ્વાસની જે ચીજ આખી આ આનંદમૂર્તિ દ્રવ્ય વસ્તુ પોતે ત્રિકાળી અનાદિ-અનંત અને જેનો ગુણ એટલે સ્વભાવ એટલે શક્તિ અનંત પણ અનાદિ-અનંત. એ ચીજ વિશ્વાસમાંથી ગઈ હતી અનાદિથી. અને વિશ્વાસ એનો ફક્ત પુણ્ય-પાપ અને શરીર મારા એમાં હતો. એ વિશ્વાસને ભગવાન મિથ્યાદર્શન કહે છે. બરાબર છે?

ભાઈ! પ્રશ્ન થયો હતો. રસ્તામાં પ્રશ્ન ઉઠ્યો હતો. મહારાજ કાલ સુધી તો કહેતા હતા કે રાગનો કર્તા નથી અને આજ વળી પાછો રાગ પોતામાં આવ્યો ક્યાંથી? કહો, સમજાણું આમાં? એ આવે છેને. હળવે-હળવે આવે છે. એની શરૂઆત થઈ છે. કહો, સમજાણું આમાં? કે જ્યારે આત્મામાં વસ્તુ પોતે પરમ આનંદનો સ્વભાવ સ્વરૂપ છે એવો જ્યાં વિશ્વાસ એટલે સમ્યગ્દર્શન થયું. સમ્યક્ એટલે જેવો સ્વભાવ છે એવી સમ્યક્ પ્રતીતિ સાથે થઈ. સમજાય છે? ત્યારે એ સમ્યક્ પ્રતીતિમાં, સમ્યક્ પ્રતીતિ-દર્શન પર્યાય છે. અને દર્શન પર્યાય છે એ નિર્વિકલ્પ, નિર્વિકલ્પ એટલે? સ્વને અને પરને જાણે એવી સમ્યગ્દર્શનની શક્તિ નથી. સમ્યગ્દર્શનની શક્તિ સ્વને-પરને જાણે એવી નથી. ફક્ત સમ્યક્ 'છે' એટલી હયાતી. અને એ સમ્યગ્દર્શન પૂર્ણ વસ્તુ છે ધ્રુવ મહાપ્રભુ એની શ્રદ્ધા કરે છે એટલે કે એનામાં વળેલી છે. એટલે પોતે જેમ સમ્યગ્દર્શન નિર્વિકલ્પ છે, ભેદવાળી ચીજ નથી, ભેદને જાણતો નથી. એવો એનો વિષય પણ એકલો દ્રવ્યસ્વભાવ અભેદ છે. સમજાય છે કાંઈ?

હવે એવો જે અભેદ સ્વભાવનો વિશ્વાસ થયો ત્યારે એ દૃષ્ટિની અપેક્ષાએ જે રાગાદિ હતા એ દ્રવ્યમાં નથી, ગુણમાં નથી. અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ ત્યારે એના પરિણમનમાં પણ એ દ્રવ્યનું પરિણમન છે, વસ્તુનું પરિણમન છે. એ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ પુણ્ય અને પાપ આદિ વિકલ્પો છે એ આત્માની દશામાં નથી. કારણ કે વસ્તુ દ્રવ્ય છે અને દ્રવ્યનો સ્વભાવ નિર્મળ છે, એ નિર્મળની દૃષ્ટિએ પરિણમન જે થયું એ નિર્મળ થયું. એ નિર્મળમાં

આ રાગાદિ છે નહિ. એથી એને પરના ગણીને, પુદ્‌ગલના ગણીને કાઢવા જેવા છે અને નીકળી ગયા છે અત્યારે દૃષ્ટિમાંથી. દૃષ્ટિમાંથી નીકળી ગયા છે અને પછી સ્થિરતા કરીને નીકળી જશે. સમજાય છે કાંઈ? એથી એને એમ કહ્યું, સમ્યગ્દર્શનના વિષયને દૃષ્ટિમાં રાખીને કે એ વિકારના પરિણામ એના નથી. એટલે એના નથી એટલે કે પરચીજના છે. કર્મ પરચીજ છે અને વિકાર પણ પર છે. બેને એક ગણીને, એનાથી ભિન્ન પડેલી ચીજ (છે તેથી) ભિન્નનો કર્તા અને ભિન્નનું કાર્ય એનું છે નહિ. એમ દૃષ્ટિની મુખ્યતાથી કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ ક્યાં છે અત્યારે? એ તો સર્વજ્ઞ.. અત્યારે એ ક્યાં નાખ્યું? સાંભળો-સાંભળો. એ તમારી વાત વિષયાંતર થઈ ગઈ. સ્વવિષય. એ સર્વજ્ઞ સર્વદર્શી પૂર્ણજ્ઞાન પૂર્ણ દર્શન- એ ઉપયોગની વાત છે. સમકિતની વાત ક્યાં છે? એ તમારે હજી બરાબર નક્કી કરવું પડશે. કહો, સમજાણું કાંઈ?

અહીંયાં તો દર્શન શુદ્ધ ચૈતન્ય પોતે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શન પોતાને જાણતું નથી. અસ્તિ છે. એ પોતે કોણ છે એને જાણતું નથી, તેમ એનો વિષય શું થયો એને જાણતું નથી. એથી તો તેને સમ્યગ્દર્શનના વિષયના અભેદની અપેક્ષાએ વિકારને ભિન્ન ગણીને, વિકારનું કાર્ય કર્મનું છે, આ દ્રવ્યનું નથી. પર આનું નથી એટલે પરનું છે એમ કહીને પરનો કાર્ય કર્તા પર છે એમ કહ્યું વિકારી. બીજી અપેક્ષાએ કે સમ્યક્... એમાં તો ઘણી વાતો કહેવાતી. કે સમ્યગ્દર્શન દૃષ્ટિની અપેક્ષાએ કે જે વિકાર છે એ નિર્જરી જાય છે ખરેખર તો. અને દૃષ્ટિની અપેક્ષાએ તો એ કર્તા તો નથી, પણ આવેલી ચીજ એ ખરી જાય છે. એટલે દૃષ્ટિના અભેદની અપેક્ષાએ તેને નિર્જરા કીધી અને સ્વની જ્ઞાનદશા જે છે એ જ્ઞાનમાં સ્વ-પર બધાને જાણવાની તાકાત છે. જ્ઞાન પોતે પોતાને જાણે, જ્ઞાન જ્ઞેયને જાણે, જ્ઞાન પૂર્ણને જાણે, જ્ઞાન અલ્પને જાણે, જ્ઞાન વિકારને જાણે, જ્ઞાન અવિકારને જાણે. એથી દૃષ્ટિની સાથે જે થયેલું જ્ઞાન એ જ્ઞાન એકને જ જાણે એવું નથી. એ જ્ઞાનની અપેક્ષાએ રાગને ખરેખર પરજ્ઞેય ગણ્યું છે. છતાં અહીંયાં જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાન સ્વપરને જાણનારું બધું છે. માટે આત્મામાં જે રાગાદિ થાય છે એનો પર્યાય કર્તૃત્વ ધર્મ છે એમ જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ?

પહેલી વાત કરી હતી એ તો તદ્દન દૃષ્ટિના અભેદની અપેક્ષાએ વાત હતી. આ તો સાથે જે જ્ઞાન થયું એ જ્ઞાનનો સ્વભાવ જ મહાવિશાળ છે. અનંત-અનંતને ભેદ પાડીને, ભેદ પાડીને જાણે છે, છતાં તેને રાગનો આશ્રય નથી. એવો જ જ્ઞાનના પર્યાયનો જાણવાનો સ્વભાવ છે. તો એ જ્ઞાન પૂર્ણને જાણે. સમ્યગ્દૃષ્ટિએ પૂર્ણ જેની દ્રવ્ય પ્રતીતિ કરે એને પણ જાણે, એ જ્ઞાન ગુણભેદને જાણે કે અનંતા ગુણ છે. એ જ્ઞાન વર્તમાન પર્યાયમાં અંશે રાગ

છે મારે લઈને, પરને લઈને નહિ. સમજાણું કાંઈ? એ કર્તૃત્વનય એમ જાણે. જ્ઞાનની અપેક્ષાએ કર્તૃત્વ મારામાં છે, આ રાગનો અંશ મારામાં મારે લઈને છે. દ્વેષનો અંશ મારી પર્યાયમાં છે. મારી પૂર્ણદશા નથી. એટલે અપૂર્ણતામાં મારો જે વિકારભાવ છે એ કર્તૃત્વનય જ્ઞાન બરાબર જાણે છે. સમજાણું કાંઈ?

એ તો પહેલેથી કહ્યું છે કે ભગવાન આત્મા પહેલા શરૂઆત કરી ત્યાં. આત્મા દ્રવ્ય છે. કેવો છે? કે અનંત ધર્મનો અધિષ્ઠાતા સ્વામી દ્રવ્ય છે. પરની અપેક્ષાએ એમાં નથી. એનામાં જેટલા દ્રવ્ય પોતે વસ્તુ છે, એના જે ગુણો છે, એની વિકારી-અવિકારી પર્યાય છે—એ બધાનો ધારનાર અધિષ્ઠાતા સ્વામી આત્મા છે. આ તો ધર્મની દૃષ્ટિ થયા પછીની વાત છે. આહા..હા..! ચીમનભાઈ! જરી ઝીણું છે. જરી ઝીણું છે હોં, બહુ ઝીણું નથી. પણ માણસને અભ્યાસ ન મળે. આ સંસારના ઉકરડાના અભ્યાસ બધા. આ શું ચીજ છે? એણે કોઈ દિ' પોતાની નિજનિધિ એમાં શું તાકાત છે? એની કેટલી શક્તિ છે? એમાં કેટલા શક્તિના ગુણોની સંખ્યા છે? અને છતાં તેનું રૂપ વસ્તુ તરીકે એક છે. આહા..હા..! એમ જેને અંતરમાં દૃષ્ટિમાં વસ્તુનો વિશ્વાસ નિર્વિકલ્પ બેઠો, સમજાણું કાંઈ? ત્યારે તે સુખને પંથે પડ્યો. તો દુઃખને પંથે હતો. દુઃખ હોં એકલું દુઃખ ચાર ગતિનું. એ પુણ્ય અને પાપના વિકલ્પો અને તે મારા એવો મિથ્યાત્વભાવ એકલી દુઃખદશા છે. તે આકુળતા અગ્નિથી શેકાય છે એ. એ જ્યારે અંતર ભાન થયા અરેરે..! આ નહિ હું. આ આકુળતાના વિકલ્પો એટલો એ મારામાં નહિ. હું તો એક એનો જાણનાર ભિન્ન તત્ત્વ છું. ચિદાનંદ પ્રભુ વસ્તુ, વસ્તુનો સ્વભાવ એવો વિશ્વાસમાં, દૃષ્ટિમાં આવ્યો એટલે એની પરિણમનમાં-દશામાં પણ નિર્મળતા દશા થઈ. સમજાણું કાંઈ? એટલે મલિનતાનો અંશ દૃષ્ટિના અભેદની અપેક્ષાએ. દૃષ્ટિ અભેદ અને વિષય અભેદ. એની અપેક્ષાએ રાગનું થવું જે જ્ઞાનીને રહ્યું, એનું કર્મનું કાર્ય ઢંકાઈ ગયું. આત્મદ્રવ્યનું નથી. કારણ કે દૃષ્ટિનો વિષય દ્રવ્ય છે, એનું તે નથી. એથી કર્મનું છે તેમ આ અપેક્ષાએ કહ્યું.

અને અહીં તો પાછો એ અંશ એનામાં થાય છે. કારણ કે અનંત ધર્મનો અધિષ્ઠાતા આત્મા છે, એનો એ વિકારી પર્યાયનો ધણી આત્મા છે. વિકારી પર્યાયનો ધણી કર્મ-ફર્મ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલા તો ત્રણ બોલ લેતા. દૃષ્ટિની અપેક્ષાએ વિકારની નિર્જરા થાય છે, જ્ઞાનની અપેક્ષાએ રાગ જ્ઞેય છે વિકાર, ચારિત્રની અપેક્ષાએ વિકાર તે એકલું ઝેર છે. દયા, દાન, અને વ્રતના પરિણામ થાય એ પણ સ્વરૂપની સ્થિરતામાં ખામી છે અને ચારિત્રની અપેક્ષાએ એને ઝેર કહ્યું છે. વ્રત, તપ અને દયા, દાનનો વિકલ્પ ઉઠે એ ઝેર અગ્નિ છે. સમજાણું કાંઈ?

હવે ત્રણ બોલ અહીં બીજા. કે મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ રાગ અને પુણ્ય મારા છે, માટે એનું પૂર્ણ કર્તવ્ય અજ્ઞાનીનું અજ્ઞાનમાં વિકારનું છે. બરાબર છે? હવે જ્ઞાનીના બે બોલ આવ્યા.

ઓલી મિથ્યાત્વની વાત કરી. હવે જ્ઞાનીના બે બોલ. જ્ઞાની સમ્યગ્દર્શનમાં પૂર્ણ વસ્તુ ભગવાન સત્ મહાપ્રભુ સચ્ચિદાનંદ આત્મા આનંદનું નિધાન એવી દૃષ્ટિમાં જ્યાં આવ્યું. એ અપેક્ષાએ રાગાદિ દૃષ્ટિમાં નથી, એની શ્રદ્ધાના પર્યાયમાં નથી, શ્રદ્ધાના વિષયમાં નથી. માટે તેને વિકારના પરિણામ પર ગણીને, પરનું કર્તૃત્વ પરમાં છે આત્મા(માં નહિ) એમ કહ્યું. હવે ઈ દૃષ્ટિની સાથે જે જ્ઞાન થયું એ જ્ઞાનનો એવો સ્વભાવ છે કે અંશે-અંશે જેમ જેમ હોય પોતામાં તેને બરાબર જાણે. સમજાણું કાંઈ? લ્યો! ભગવાનભાઈ! આ કાલે જરી કહ્યું એમાં આ ..ભાઈ કહે પણ આ શું? પરમ દિ' ઓલું આવ્યું, આજે આ આવ્યું. પાછું વળી અમારે અહીં જરી બહેનને પ્રશ્ન ઉઠ્યો હશે રસ્તામાં. કે આ શું? પરમ દિ' મહારાજ આમ કહેતા હતા અને આજે આમ કહે છે. શું છે? વાત તો સાચી હોં. એ પ્રશ્ન ઉઠે એવો છે. એ સ્થાન એવું છે. હવે પરમ દિ' બપોરે જે કહે છે કે પુણ્ય-પાપના પરિણામ પુદ્‌ગલના પરિણામ.

મુમુક્ષુ :- આજે કહે છે આત્માના.

ઉત્તર :- આ કહે છે કે આત્માના. રાતે કાંઈક ત્રીજું હશે? સવારે આ અને બપોરે આ. વાત એવી છે. સમજાય છે? કે જે છોકરો દુશ્મન છે એની અપેક્ષાએ એનો બાપ કહે એ મારો છોકરો જ નથી. ભાઈ! એમ કહે છે એ ભાષા એવી છે હોં. બીજી ભાષા છે તોછડી. બહુ જ્યારે મેળ ન ખાયને તો મારા ... સાંભળ્યું હતું. સંસારમાં બધું છેને બધું સાંભળેલું એમાં એક-એક શબ્દ કેમ બોલે? ક્યાં બોલે? પહેલેથી વિચાર તો ચાલતા હતા બહુ. વળી પાછો કહે કે મૂડી-બુડી દેવી હોય તો એને દે. કોકના ઢેઢના છોકરાને દે? મારો નહોતો એ કહ્યું અને વળી પાછું થઈ ગયો મારો પાછો. એમ વસ્તુના સ્વભાવની મૂડી જ્યાં જોઈ. પરની અપેક્ષાએ રાગ-દ્વેષ મારી મૂડી નથી, પૂંજી-ચીજ જ નથી. એ મારી પ્રજા જ નથી. પ્રજા કહો, કે પર્યાય કહો. પુણ્ય-પાપના પર્યાય વિકારીભાવ મારી પ્રજા જ નથી. પણ જ્યાં જોતા અંદર બોલે છે કે મારી ખામી છે મારામાં. સમજાણું કાંઈ? માટે ખામી છે એ પર્યાય મારી છે. પરની છે નહિ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! એ તો ચૈતન્યનો પૂંજ પ્રભુ છે ભાઈ! એમાં તો એકલું સમજવું... સમજવું... સમજવું... સમજવું જ એના ઘરમાં છે. એના ઘરમાં કરવું-ફરવું એવું કાંઈ છે નહિ. ત્યાં સમજવું એ કરવું છે. આહા..હા..!

એટલે અહીંયાં ૩૮મી નયમાં એમ કહ્યું કે '**આત્મદ્રવ્ય...**' જુઓ, '**કર્તૃનયે, રંગરેજની માફક, રાગાદિપરિણામનું કરનાર છે...**' એના એ આચાર્ય ત્યાં કહે. અહીં અપેક્ષાએ પરિણમનમાં જેટલી કચાશ છે એ મારા કારણે છે, મારામાં છે, મારે કારણે છે. એવું જ્ઞાન કરાવવા ત્યાં કહ્યું છે. ભાઈ! કિરણભાઈ! કિરણભાઈએ કાલે ખુલાસો તો કર્યો હશે થોડોઘણો. કહો, સમજાણું આમાં? પણ આ સમજવા જેવી વાત છે, ભાઈ આ તો ભલે ન બેસે તોપણ ચર્ચા કરીને જરી એને નક્કી તો કરવું પડેને ભાઈ! મગનભાઈ! એમાં શું ન સમજાય એવી એ વાત એવી છે, બાપુ! અનંતકાળમાં એણે જાતની ભાત પાડી જ નથી. આ દયા,

દાન, વ્રત, ભક્તિ, આ કર્યું ને તે કર્યું, આ ધૂળ કરી. બધું કર્તાબુદ્ધિ કરીને મિથ્યાત્વને સેવ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! દુઃખી પ્રાણી અનાદિનો છે, ભાઈ! મિથ્યાદષ્ટિ તે દુઃખી છે, પણ જ્યારે સુખને પંથે ચડ્યો. હું તો આનંદમૂર્તિ પ્રભુ પૂર્ણ છું એવો વિશ્વાસ દષ્ટિમાં નિર્વિકલ્પ આવ્યો. ત્યારે એને આનંદ પણ પ્રગટ્યો અને હજી દુઃખ પણ થોડું છે. મિથ્યાત્વભાવમાં એકલું દુઃખ હતું. સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિમાં તો એકલો રાગ અને પુણ્યનો વિકલ્પ છે. આ વસ્તુ ભગવાન પાછળ ચિદાનંદ સ્વરૂપ છે, એ વીતરાગમૂર્તિ જ આત્મા છે. જિનસ્વરૂપ તે જિનેશ્વરનું સ્વરૂપ છે. જિનેશ્વરને પર્યાયમાં પ્રગટ્યું છે. આ વસ્તુસ્વરૂપે છે. આત્મા ભગવાન બધા સિદ્ધ સમાન બિરાજે છે. એવા આત્માને જ્યારે કબુલ્યો નહોતો ત્યારે તો એનાથી વિરુદ્ધ પુણ્ય-પાપ મારા અને એ કર્તા કબુલ્યો તો એકલો દુઃખી હતો. હવે?

જેણે પૂર્ણ સ્વરૂપની પ્રતીતિ કરી, પણ પૂર્ણ સ્વરૂપમાં સ્થિરતા પૂરી નથી. જો પૂર્ણ સ્થિરતા થઈ જાય તો સર્વજ્ઞ થઈ જાય. તો એને સુખ અને દુઃખના બે ભાગ રહે નહિ. અજ્ઞાનીને જેમ સુખનો ભાગ નથી, એકલો દુઃખનો છે. એમ ભગવાનને એકલો સુખનો ભાગ રહે, દુઃખનો ભાગ રહેતો નથી. પૂર્ણ સ્થિરતા થઈ છેને?

મુમુક્ષુ :- આ વચગાળાની સ્થિતિ છે.

ઉત્તર :- આ વચગાળાની સ્થિતિની વાત છે. સાધકની વાત છેને ભાઈ! વચગાળાની વાત છે. હજી સ્વરૂપની દષ્ટિ અને અનુભવ થયો, પણ સ્થિરતા પૂર્ણ થઈ નથી તો વીતરાગ કેવળજ્ઞાની થયો નથી. એને કેમ છે? કે એનો જીવ કેવો છે? એમ પૂછયું છેને?

આત્મા કોણ છે? એટલે કે સાધકજીવનો આત્મા કેવો છે? એ સાધક જીવનો આત્મા આવો છે. જેઠાલાલભાઈ! આહા..હા..! અજ્ઞાનીનો આત્મા કેવો છે? કે એને તો આત્મા કાંઈ છે જ નહિ એટલે એને તો રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ બહિરાત્મા છે. એ તો બહિર્ એટલે વસ્તુમાં નથી એવા વિકારીભાવને પોતાના માની દુઃખી થાય એ તો બહિરાત્મા છે. એની વાત છે નહિ અને પરમાત્માની વાત નથી. પૂર્ણ સ્વરૂપ જેને પ્રગટી ગયું. પહેલા સાધક થઈને-અંતરાત્મા થઈને બહિરાત્માપણું છોડી, અંતરાત્માનું સાધન કરી પરમાત્મા થયા. એની અહીં વાત નથી. હવે અહીં તો અંતરાત્મા થયો એને શું છે એની વાત ચાલે છે. અંતરાત્માનો આત્મા કેવો છે? ભાઈ! અંતરાત્માનો આત્મા કેવો છે? એમ પૂછયું છે. આહા..હા..! સુમનભાઈ! વચગાળાનું ભાઈએ કહ્યું. વચગાળાની વાત છે. આહા..હા..!

પૂર્ણ જો રાગ ટળી ગયો હોય તો તો પરમેશ્વર વીતરાગ અરિહંત થઈ જાય. અને બિલકુલ રાગ ન ટળ્યો હોય એ તો મિથ્યાદષ્ટિ અનાદિનો બહિરાત્મા છે. હવે અંતરાત્મા શું છે એની વાત મૂકી અહીંયાં તો. સમજાણું કાંઈ? આહા..હા..! આ વસ્તુ આખી ચિદાનંદ ભરેલો સ્વભાવ મહાસાગર છે ચૈતન્યરત્નાકર. જેમાં રાગના વિકલ્પની વસ્તુના દ્રવ્ય-ગુણમાં ગંધ નથી. એ

પર્યાયમાં ઉભી કરેલી વાત છે. એથી કહે છે કે વર્તમાન અવસ્થા-હાલતના અંશને જ જોનારો અને એને પુણ્ય-પાપને જ માનનારો એ તો મહાદુઃખી મિથ્યાદૃષ્ટિ છે, ચક્રવર્તી હોય કે સાતમી નરકનો નારકી બેય સરખા દુઃખી છે હોં. અલ્પ ફેર હશે? આહા..હા..! છ ખંડના રાજમાં ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો હોય, પણ જેને આત્મા મહા પ્રભુ અસ્તિ અને સત્તાપણે, હોવાપણે વસ્તુ છે એવા અનંતા આનંદ અને શક્તિનો ભંડાર આત્મા એનો જેને સ્વીકાર નથી, સન્મુખતા નથી, તેનાથી વિમુખતા છે. પુણ્ય-પાપના ભાવને પોતાના માનીને દુઃખી થઈ રહ્યો છે. એ દુઃખી સાતમી નરકનો નારકી હોય કે છ ખંડનો ધણી બ્રહ્મદત્ત આવે છેને? બ્રહ્મદત્ત ચક્રવર્તી. દુઃખી છે બિચારા. આહા..હા..!

મુમુક્ષુ :- નવમી ગ્રૈવેયકે શુક્લલેશ્યા છે.

ઉત્તર :- શુક્લલેશ્યા છે તો શું છે? દુઃખી છે. શુક્લલેશ્યા એ દુઃખ છે. લેશ્યા એટલે કષાયનો ભાગ છે એ. દુઃખી છે. એ પુણ્યભાવ, શુભભાવ એ દુઃખ છે, અંગારા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની જેવા. હા. જાત ઈ જ છેને. એ તો તારતમ્યતાના અંશનો ફેરની વાત નથી. મિથ્યાદૃષ્ટિના દુઃખ તરીકે સરખા છે. સમજાણું કાંઈ? એ તો અંશે-અંશે ફેર હોય એ તો એ ક્યાં વાત ચાલે છે? એ તો દરેકમાં ફેર હોય, પોતાને ફેર પડે એમાં શું છે? અહીં એમ વાત નથી. આહા..હા..! આ તો દુઃખી છે બસ.

મુમુક્ષુ :- પરિપૂર્ણ દુઃખી.

ઉત્તર :- પરિપૂર્ણ દુઃખી હોં. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું એકલું સ્વરૂપ જ છે પ્રભુ તો. કારણ કે વસ્તુ પોતે દુઃખરૂપ ન હોઈ શકે, વસ્તુ વિકૃત ન હોઈ શકે, વસ્તુ અપૂર્ણ ન હોઈ શકે. વાત તમે સમજ્યા? વસ્તુ જે આત્મા વસ્તુ છે, ભગવાન સર્વજ્ઞદેવ પરમેશ્વર કહે છે. પણ લોજિકથી પણ આમ હોવું જોઈએ કે વસ્તુ જે હોય એ વિકૃત ન હોઈ શકે. વિકૃત તો કુરૂપ બતાવે છે. એ એનું દ્રવ્ય-ગુણનું સ્વરૂપ બતાવતું નથી. અને અપૂર્ણ ન હોય. એ વસ્તુ છે એ પોતે વિકાર ન હોય, વસ્તુ છે એનો ગુણ અને દ્રવ્ય તેમાં અપૂર્ણતા ન હોય. સમજાય છે કાંઈ? એ વસ્તુ પોતે છે. ભલે ક્ષેત્રથી આટલામાં હોય એનો કાંઈ પ્રશ્ન નથી. પણ વસ્તુ પૂર્ણ છે. વિકાર નથી, અપૂર્ણ નથી, જેમાં વિરોધભાવની ગંધ નથી. આહા..હા..! અવિરોધ સ્વભાવથી ભરેલો ભગવાન છે. આવી ગયું છે કર્તાકર્મમાં. આહા..હા..!

પુણ્ય-પાપના ભાવમાં અવિરોધી સ્વભાવનો અભાવ હોવાથી તે પુણ્ય-પાપના ભાવ તે જીવનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે આ આત્મા જ્યાં મહાસત્તા ચૈતન્યની જેવી છે એવી, જેવો છે એવો પૂર્ણ, એમ જ્યાં સમ્યગ્દર્શનમાં, પ્રતીતમાં જ્ઞાન થઈને આવ્યું ત્યારે તેને હજી પર્યાયમાં, જેવો દ્રવ્ય અને ગુણમાં આનંદ છે એવો પર્યાયમાં

આનંદ આવ્યો, પણ એ આનંદ પૂર્ણ નથી હજી. એથી એને જે રાગ અને દ્વેષના દુઃખના પરિણામ છે એ એની પોતાની જાતના છે. સમજાય છે કાંઈ? જ્ઞાન તો અંશે અંશને ભેદ પાડીને જાણનાર છે. એટલે જ્ઞાનનો સ્વભાવ સવિકલ્પ છે, એનો વિષય બધોય છે પોતાની જાતમાં જેટલું હોય એનો. પોતાની વાત છેને. પરની સાથે પ્રશ્ન નથી અત્યારે. સમજાણું કાંઈ?

કહે છે છ દિ' સુધી, સાત દિ' સુધી કેટલું ચાલ્યું? એટલે થાય હોં થાય. શિખરચંદજીએ કર્યો હતો સાંજે પ્રશ્ન. કે આવું ક્યાંથી આવ્યું પાછું આવું? આટલા દિવસ સુધી રાગ પરનો, રાગ પુદ્ગલનો, વળી રાગ પોતાનો (કહેવો). એય..! બાપુ! આ સાધકજીવ છેને. નથી મિથ્યાદષ્ટિ, નથી પરમાત્મા. પરમાત્મા થયો એટલે પૂર્ણ નિર્દોષદશા પૂર્ણ થઈ ગયેલી હોય. મિથ્યાદષ્ટિ હોય તો જરીએ સદોષતા ટળી હોય નહિ. પૂર્ણ સદોષતા ભરી છે. હવે અહીંયાં ધર્મી થયો છે સમ્યગ્દષ્ટિ એની વાત ચાલે છે. કારણ કે એને જ્ઞાન સાચું હોય છેને? સમ્યગ્જ્ઞાન એને સાચું હોય છે. એથી એ જ્ઞાનના વિષયમાં આત્મા કેવો છે એમ બતાવે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

ઓલા ચૌદશમાં ઓલા મંત્ર સાધે છે બધા. નથી સાધતા બધા? ગપેગપ. કાળી ચૌદશે. બે દિ' પહેલા એવું સાંભળ્યું કે કાળી ચૌદશને બીજી રીતે રૂપ ચૌદશ કહે છે. લોકો એમ કહે છે. મેં તો આટલા વર્ષમાં પહેલું સાંભળ્યું. એ કાળી .. ન સાંભળને. એ કોક કહેતું હતું. કોઈ કહેતું હતું. રૂપ ચૌદશ કહે છે એને. એ ઓલું કાળું ગોઠતું ન હોય એટલે રૂપ ચૌદશ. સમજાણું કાંઈ? કહે છે. આહા..હા..! એ જ્ઞાનની મજા તો જુઓ, એ કહે છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન ચિદાનંદસ્વરૂપ એ જ્ઞાનનું જ્ઞાન થયા. એ જ્ઞાનનું જ્ઞાન થયું (તો) આનંદ સાથે આવ્યા વિના રહે નહિ. કારણ કે જ્ઞાને આખા દ્રવ્યને જાણ્યું. તો દ્રવ્યમાં એકલું જ્ઞાન નથી. જ્ઞાન, આનંદ, શાંતિ એટલે વીતરાગતા બધી જ શક્તિઓ છે. એટલે આત્માનું ભાન થતાં મહાસત્તાનો સ્વીકાર નિઃશંકપણે અનુભવમાં થતાં, આહા..હા..! કહે છે કે એમાંથી જેટલી શક્તિઓ કે સ્વભાવ હતો એમાં એકાગ્ર એમાં થયો એટલે એ શક્તિનો બધાનો અંશ પ્રગટ પર્યાયમાં આવ્યો. આનંદ આવ્યો, શાંતિ આવી, સ્વચ્છતા આવી, પ્રભુતા આવી. બધા. પણ હજી પૂર્ણ નથી એથી એ જ્ઞાન સમ્યક્ થયેલું એ કર્તૃત્વ નામ રાગ અને દ્વેષનો મારી પર્યાયમાં અંશનું પરિણમન છે એમ એ જ્ઞાન જાણે છે. એવો જ આત્મા છે એમ કહે છે. અંતરાત્માનો આવો જ આત્મા છે. એમ કહે છે. જુઓ, તેથી કહ્યુંને ભાઈ! આત્મા કોણ છે? પછી ભાઈએ પછી કેવો છે એમ લખ્યું છે. ... હિન્દીમાં? કેવો છે એના ઉપર વધારે વજન. કોણ છે છેને પહેલું?

કૌંસમાં. કેવો છે અને કોણ છે. એનો અર્થ કેવો છે એમ લખ્યું. સમજાણું? આમાં છે કે નહિ? એમાં તો છે. આપણે આ જૂનામાં શું છે? જયચંદ પંડિત. સમયસાર હા. આ

પ્રવચનસાર ક્યાં છે? છે? હિન્દી નહિ હોય. ઓલું છે. હેમરાજ પંડિત. કહો, સમજાણું આમાં? જેઠાલાલભાઈ! લોજિકથી, ન્યાયથી તો કહેવાય છે, પણ હવે માણસને દરકાર ન હોય પછી કહે કે અમને સમજાતું નથી, અમને સમજાતું નથી. આ તો ઝીણો દોરો ૧૨૦ નંબરનું પહેલું. મોતીમાં ઝીણો દોરો ચાલે મોતી ઝીણું હોય તો. સોય પણ ઝીણી હોય. જાડી સોય મોતીમાં ચાલે? મોતીનું નથી નાળીયેર કરતા? કેવો છે?

**'આ આત્મા કોણ છે? (-કેવો છે) અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે...'** આત્મા કેવો છે બસ એ. આત્મા કેવો છે? એનો અર્થ કેવો છે. આત્મા કેવો છે લ્યો! **'એવો પ્રશ્ન કરવામાં આવે...'** એમ. **'એવો પ્રશ્ન કરવામાં આવે. આ આત્મા કોણ છે (-કેવો છે) અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે...'** એ પછી આવશે. પણ અહીં તો કેવો છે? એ ઠીક શબ્દ છે લ્યો. સમજાણું કાંઈ? આ હીરો કેવો છે એમ નથી કહેતા માણસ? હીરામાં ઓલો નવો જરી .. સો-સો એના આંકા હોય? હાંસ-હાંસ. તો એક હાંસમાં પણ મેલ હોય તો હીરો આવો છે એમ કહે કે નહિ? એ ખરેખર મેલ એનું સ્વરૂપ નથી, પણ એના ભાવમાં છેને એના અંશમાં? તો હીરો કેવો છે? ૯૯ પાસા સારા છે અને એક અંશમાં મેલ છે. એમ ભગવાન હીરો કેવો છે? અંતરાત્માની વાત ચાલે છે. અંદર પર્યાયમાં દ્રવ્ય-ગુણ તો છે એવા છે, હવે એની પર્યાયમાં-અવસ્થામાં, વસ્તુસ્વરૂપનો જ્યાં સ્વીકાર થઈને શક્તિનું ભાન થયું, પ્રગટ દશા થઈ કે આનંદનો અંશ પણ છે એટલે એ નિર્વિકારી પર્યાય પણ છે અને જરી મેલનો અંશ પણ સાથે છે. આત્મા એવો હીરો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રાગ-દ્વેષ કાઢી નાખો એટલે ..

ઉત્તર :- નથી. જાણે ઓલો દૃષ્ટિમાં નથી એ મારું નથી. નીકળી ગયેલો જ છે. દૃષ્ટિમાંથી નીકળી ગયેલો છે અને પર્યાયમાંથી પણ નીકળી ગયો છે એ ન્યાયે તો. પણ અહીં ઈ છે એની પર્યાયનો અંશ. એક પર્યાયના બે ભાગ. એક પર્યાયના બે ભાગ. જે આનંદનો અંશ છે એ પોતાનો ગણ્યો અને રાગનો અંશ એ પોતાનો ન ગણીને ભેદ પાડી દીધો. અને અહીં બે પર્યાયમાં આમ જે નિર્મળ પર્યાય એ પણ મારો પર્યાય અને એ પર્યાયમાં જે મલિનતા છે એ પણ મારો જ પર્યાય છે. એમ જ્ઞાન એને વિશાળથી સવિકલ્પ એટલે સ્વપરને પૂરું જાણનાર તાકાત છે માટે જ્ઞાન સમ્યક્ આમ જાણે છે. કહો, ભીખાભાઈ! કાલથી તો કાંઈક સહેલું શીખશે કે નહિ? જયસુખભાઈ! થોડું-થોડું સમજે. એવી વસ્તુ છે. સીધી ચીજ છે. આહા..હા..!

આમ પર્યાયદૃષ્ટિ છોડીને આ દ્રવ્યદૃષ્ટિનો સ્વીકાર થયો ત્યારે હવે કેવો છે આત્મા? એમ પૂછ્યું. ..ભાઈ! આહા..હા..! કે એનો આત્મા આવો છે કે રંગરેજ જેમ રંગને રંગે છે, એમ જીવ રાગાદિ પરિણામનો કર્તા છે. એટલું પરિણમનની દશામાં છે. ન હોય તો તે વીતરાગ અને કેવળજ્ઞાન હોવો જોઈએ, તો કેવળજ્ઞાનપણે દેખાવો જોઈએ. તો કેવળજ્ઞાનપણે અને

વીતરાગપણે નથી દેખાતો માટે રાગનો અંશ છે. એમ સમ્યગ્જ્ઞાન પોતાના... બરાબર ધીરૂભાઈ! ગુણ નહિ હોં. .. પાછું એમ કહે. અમે તો મુંઝાઈ ગયા કે ગુણ હશે? પર્યાયની વાત ચાલે છે આ. ગુણ તો ત્રિકાળી શુદ્ધ વસ્તુ છે. પણ એની પર્યાયના અંશમાં એક અંશ નિર્મળ છે અને તે તે અંશને તે જ કાળે એક અંશ મલિન છે. કહો, આવી ગયું હવે ૩૮?

(૩૯) હવે એ જ તે કાળે પાછું. લ્યો! એ જ સમયે '**આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે...**' જેવો રાગનો અંશ છે તે સમયે જ રાગનું પરિણમન નથી એવો અકર્તાપણાનો પર્યાય પણ પ્રગટ દેખાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાધક જીવની વાત છેને આ? '**અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે...**' રાગનું પરિણમન એનો પર્યાયમાં નથી. એવો એક અકર્તૃત્વ નામનો ધર્મ તે જ સમયે છે. જે સમયે રાગનું પરિણમન છે તે સમયે રાગના નહિ પરિણમનરૂપ અકર્તૃત્વ પરિણમન તે જ સમયે છે. સમય જુદો નથી. ભારે વાત! સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? એય..! ચંદુભાઈ! આવો ધર્મ ભારે છે. લોકો તો કહે દયા પાળવી, વ્રત પાળવા, ભક્તિ કરવી અને અપવાસ કરવો જાવ. નહોતું એમ? આહા..હા..! આ તો પર છે. હવે એનું ક્યાં હતું? એનામાં ક્યાં છે? પણ કર્મેય એનામાં ક્યાં છે? પણ રાગનો અંશ તો એનામાં છે. જો એનામાં ન હોય તો વીતરાગતા તે વખતે પૂર્ણ હોવી જોઈએ. તો જેવું હોય એવું જ્ઞાન જાણે કે ન હોય એવું જાણે? જ્ઞાન સમ્યક્ છે કે મિથ્યા?

તો '**અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે...**' તે સમયે પાછો હોં. રાગના અંશના પરિણમન વિનાનો અકર્તૃનયે પણ તે જ કાળે નય શોભી રહી છે. આહા..હા..! સર્વથા જો રાગનું જ એકલું પરિણમન હોય તો તો એ ધર્મી નથી. અને બિલકુલ અકર્તાપણાનું આખું પરિણમન હોય તો તે સાધક નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે '**આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે (-કર્તા નથી),...**' હવે કર્તા છે એનો કહેવો છે કે કર્તા નથી. સમજાણું કાંઈ? જેટલે અંશે રાગના પરિણમન રહિત દશા થઈ છે એટલે અંશે અકર્તા છે એટલે રાગનો જ સાક્ષી છે. આહા..હા..! 'ભવભયથી ડરી ચિત્ત' આવ્યું હતું. જેને ભવભ્રમણનું દુઃખ લાગતું હોય. અરે..! આ ભવ ચોર્યાસીના અવતાર આહા..હા..! કોઈ પાંજરાપોળ નથી, કોઈ શરણ નથી, ક્યાં જશે? ક્યાં રહેશે? સમજાણું કાંઈ? રાતે દશ છોકરા હોય અને સૌની પથારી કરી હોય અને આમ નજર કરતા એક છોકરું ન દેખાય તો કહે ક્યાં ગઈ? કેમ આવી નથી? ખાટલો ખાલી જોઈને ગોતવા માંડે. એમ આ ભગવાન આત્મા અનંતા ગુણનો પિંડ ખોવાઈ ગયો અને ખોજવા નીકળ્યો. ક્યાં ગયા ગુણ બધા પણ આવા? ... સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને ખ્યાલ નથી કે આ અંદર મહાસુખ છે એ આ આત્મામાં છે. આત્મા આનંદનું ધામ, કહે છે કે એમાં સુખ અને આનંદની સૈજા છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? એનું નામ ધર્મ છે. ભગવાન મહાસુખ સત્તાસ્વરૂપ, સુખના હોવાવાળો ભગવાન આત્મા

પોતાનો. એ હોવાવાળાને હોવાવાળાપણે જ્યાં શ્રદ્ધામાં, જ્ઞાનમાં લીધો. એ હોવાવાળામાંથી એ હોવાપણું આનંદનું નીકળ્યું. આહા..હા..! સ્વીકાર નહોતો અને સ્વીકાર થયો તો કાંઈક એમાં ફેર પડ્યો કે નહિ? આખો આવરણમાં પડ્યો છે, સ્વીકાર નહોતો ત્યારે તો. આહા..હા..! એકલો વિકારમાં રંગાયેલો. એકલો વિકારમાં રંગાયેલો, પણ ધર્મી થયો. અરે..! આત્મા. હું તો પ્રભુ સચ્ચિદાનંદ જિનસ્વરૂપ છું એવું દૃષ્ટિમાં આવ્યું એને ધર્મ થયો, એને જ્ઞાન થયું, તે જ્ઞાન એમ જાણે છે કે મારો પર્યાય, અવસ્થા રાગરૂપે નથી પરિણમતો એવો પણ તે જ સમયે મારો એક ધર્મ છે. રાગરૂપે પરિણમું છું એવો પણ એક ધર્મ છે-મેં ધારી રાખેલો ભાવ અને રાગરૂપે ન પરિણમવું એવો પણ મારો જ તે ક્ષણે એક સમયમાં એક જ જીવને, સાધકને છે. કોઈ જીવને કર્તૃત્વ અને કોઈ જીવને અકર્તૃત્વ એમ નથી. તેમ એક જીવને કોઈ વખતે રાગનું કર્તૃત્વ અને કોઈ વખતે રાગનું અકર્તૃત્વ એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

એકાંત કોઈ લઈ જાયને .. જ્યાં આત્માનું ભાન થયું હોય વિકાર-વિકાર મારી પર્યાયમાં અંશે પણ નથી, પૂર્ણ થઈ ગયો. એ મિથ્યાભાસી છે. સમજાય છે? એને નિશ્ચયની વાસ્તવિક તત્ત્વદૃષ્ટિ હોય ત્યારે કેવું હોય એની ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! સિદ્ધ સમાન છીએને અમે. પણ સિદ્ધ સમાન તો દ્રવ્યે સિદ્ધસમાન છે. પર્યાયે સિદ્ધસમાન હોય તો પછી કાંઈ પુરુષાર્થ કરવો અને અંદરમાં ઠરવું રહે છે ક્યાં? સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે '**આત્મદ્રવ્ય અકર્તૃનયે...**' એક ધર્મ એવો છે ધારી રાખેલો ભાવ પર્યાયમાં કે નિર્મળપણે પરિણમ્યો છે દ્રવ્ય તેમાં રાગનો સાક્ષી જ છે. રાગના પરિણમનકાળે પણ એક નય, એક ધર્મ રાગનો સાક્ષી જ છે. એવો જ ધર્મ ધારી રાખેલો આત્મામાં એનો તે આત્મા અધિષ્ઠાતા છે. ભારે! એક બાજુ એમ આવે કે વિકારનો સ્વામી પુદ્ગલ છે. અને સ્વસ્વામી સંબંધની શક્તિમાં વિકાર સ્વ અને એનો સ્વામી એ આવતું નથી. આહા..હા..! કહો, સમયસારની જ્યાં ૪૭ છેલ્લી શક્તિ સ્વસ્વામી છે. ત્યાં તો એકલા દૃષ્ટિના વિષયની જ વાત છે. એટલે ત્યાં તો કહે સ્વસ્વામી સંબંધ (એટલે) એ મારું વસ્તુ ધ્રુવ, એના ગુણ ધ્રુવ અને એનું પરિણમન પર્યાય જેવું છે ધ્રુવમાં તેવી આવી છે. તેથી તે સ્વ અને તેનો સ્વામી.

અહીંયાં કહે છે કે રાગનું પરિણમન બાકી છે, હજી ઓછું વીતરાગ છે, એ સાધકજીવ એને પણ પોતામાં પરિણમન મારું છે અને એનો હું સ્વામી છું. આહા..હા..! ભારે વાતમાં ફેર. એય..! વજુભાઈ! માણસને મૂંઝવે, ન સમજે એને. ન સમજે એની જ મૂંઝવણ છેને? મૂંઝવણ ન સમજણની મૂંઝવણ છેને? 'સમજ પીછે સબ સરલ હૈ, બિન સમજે મુશ્કેલ.' આહા..હા..! એ રાજકુમાર, ચક્રવર્તીના પણ રાજકુમાર હોય એ ચાલી નીકળતા હશે જ્યારે આનંદને ખોજવા. આનંદનું ભાન તો થયું હોય, પછી આનંદને વિશેષ ખોજવા (નીકળે). એ એમ જાણે છે અંદર કે અરેરે..! મારી પર્યાયમાં આનંદ થોડો છે, શક્તિમાં પૂર્ણ છે. સમજાણું? મારા પર્યાયમાં આનંદ થોડો છે અને જરી દુઃખનો ભાવ પણ છે. બે ભાવ,

સાધક છે એટલે બે છે. અરે..! મારું પૂર્ણ સ્વરૂપ પ્રભુ શોધવા, સાધવા હું જાઉં છું માતા! મને રજા દે બા! એમ કહે છે. આહા..હા..! મારી ખાણને ખોજવા માટે હું નિવૃત્તિ લઉં છું. હું વનવાસે જાઉં છું. આહા..હા..! જ્યાં માણસનો પગરવ પણ ન હોય એવે રસ્તે હું જાઉં છું અને અંતરમાં જ્યાં રાગનો અંશ નથી એવે રસ્તે હું જાઉં છું. આહા..હા..! માતા! જનેતા! દુઃખ તને થાતું હોય તો થાય, પણ હવે હું બીજી મા નહિ કરું હોં. અવતાર ફરીને નથી, માતા! કોલકરાર કરીને કહીએ છીએ. એય..! મૃગાપુત્રનું આવે છે. આહા..હા..! ... બનાવે રાજકુમાર. ભાઈ! તું આવો. આ મણિરત્નના નીચે તળીયા. શું કહેવાય? આ લાદી. જેને નીચે મણિરત્નની લાદીયું, જેના હીરા અને માણેક જડ્યા હોય અબજોના. ભાઈ! અને આ પદ્મણી જેવી સ્ત્રીઓ. ભાઈ! તું સુખે સુનારો. તેં તડકા જોયા નથી, ટાઢ જોઈ નથી, ભાઈ! માતા! અમારો આનંદ અમને જોવાણો છે. એને અમે શોધવા, પરિપૂર્ણ કરવા હવે નીકળી જઈએ છીએ. અમને ટાઢ-તડકાની કાંઈ ખબર પડતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ધન્ય અવતાર છેને. નગ્નદશા થઈ. આઠ વર્ષનો બાળક રાજકુમાર નીકળતો હશે. આહા..હા..! નવરંગભાઈ! આહા..હા..! એક મોરપીંછી નાની, એક કમંડળ નાનું. મણિરત્નની પૂતળી હોય પૂતળી. 'સિદ્ધ સ્વરૂપ સદા પદ મેરો.' મારું સ્વરૂપ તો અંતરમાં આનંદ છે.

આ મોક્ષાર્થીનો અર્થ એવો મગજમાં આવ્યો, દુઃખથી છૂટવું એનું નામ મોક્ષ એમ. દુઃખથી શું છૂટવું? કે મોક્ષ તો શુદ્ધ પર્યાય છે, પણ દુઃખથી છૂટવું અને પૂર્ણાનંદનું થવું એનું નામ મોક્ષ. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે સાધક જીવની દૃષ્ટિમાં ભગવાન મોટો ખાણ આખી પડી છેને. પણ પર્યાયમાં હજી પૂર્ણ પ્રગટ નથી એટલે બે ધર્મો એટલે બે દશાઓ એક સમયની પર્યાયમાં વર્તે છે. આહા..હા..! એક સમયનો પર્યાય ત્યાં રાગ વિનાનો સાક્ષીરૂપે, એનો ને એનો એક પર્યાયનો એક અંશ રાગના પરિણમનરૂપે. આહા..હા..! આ વીતરાગ સિવાય આવી વસ્તુ ક્યાંય હોઈ શકે નહિ. પર્યાયમાં નહિ અને ઓલા વેદાંતી નિશ્ચયાભાસ. સમજ્યાને? પર્યાય-પર્યાયને માને નહિ. આ તો પાછા એક પર્યાયના બે ભાગ.

મુમુક્ષુ :- માનવા પણ કઠણ.

ઉત્તર :- માનવા કઠણ. આહા..હા..! વસ્તુ એવી છે એને માને, ન માને. માને છૂટકો એને છે. બદલે છે, ભગવાન આત્માને જાણતો જ્યાં પર્યાય બદલે છે. બદલે છે ત્યારે એ પૂરી થઈ નથી. પૂરી થઈ નથી એટલે એક સમયની અવસ્થામાં કાંઈક આનંદ અને કાંઈક દુઃખ, કાંઈક અકૃત્વ અને કાંઈ કર્તૃત્વ એવા ભાવ હોય જ એમાં. સમજાણું કાંઈ? કહો, પ્રવિણભાઈ! લ્યો આ બધું સાંભળવાનું તો મળ્યું આ દિવાળી પહેલા આવ્યું. આ દિવાળી છે દિવાળી. આહા..હા..! ભગવાન મોક્ષ પધાર્યા કાલે જુઓને. આ લોકોને એવું આવે છે શ્વેતાંબરને કે અઢાર દેશના રાજાએ છઠના પોષા કર્યા હતા. ભગવાન .. એમ આવે છે શ્વેતાંબરમાં. અઢાર દેશના રાજા મલ્લી ગચ્છી. મલ્લીગચ્છના રાજા એવું શ્વેતાંબરમાં આવે છે. ભગવાનને

મોક્ષની પર્યાય થઈ. સ્થિર થઈ ગયા, થંભી ગયા. પછી દિવ્યધ્વનિ છૂટતી બંધ થઈ ગઈ. રાજાઓ આવ્યા કે ઓહો..! ભગવાનને મોક્ષની પર્યાય ચાલી. છઠ બે દિવસ સુધી આહાર-પાણી છોડી ત્યાં ધ્યાનમાં રહ્યા રાજાઓ અઢાર. શ્વેતાંબરમાં આવે છે. ભગવાન છેલ્લે દિવાળીએ સવારમાં દેહ છૂટ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દિવાળી પહેલા. દિવાળીને સવારમાં. એ શ્વેતાંબરમાં વાતું કરે છે. .. શું કામ આવે છે? ... સવારમાં ચૌદશની સવારે કહે છે એમ કહે. ચૌદશની સવારે હોય તો ... જોઈએ. દિવાળી સવારે થઈ માટે દિવાળી કરી તરત. એમાં પડવા અને પડવો ક્યાંથી આવ્યો? એમાં ફેર છે. તમારી વાતમાં ફેર છે. એમ નથી. એને ચૌદશમાં મોક્ષ જાય છે અને દિવાળીએ .. એમ છે એ. પણ આ એમ નથી. અહીં તો દિવાળીએ સવારમાં મોક્ષ જાય અને તે દિ' ઉજવે છે. .. વર્ષ બેસતું તે દિ' ભગવાનનું? વર્ષ બેસતું કાલે છેને? ભગવાન તો મોક્ષ પધારવાના. દિવાળી કાલે છે. થઈ ગઈ તે દિ' એને યાદ કરે છે લ્યોને. આહા..હા..!

કહે છે કે જેમ **'પોતાના કાર્યમાં પ્રવૃત્ત રંગરેજને જોનાર...'** ઓલો રંગના કામ કરે છે, પણ જોડે તટસ્થ માણસ છે તે જોવે છે લ્યો કે આ કપડું રંગે છે. જોવે છે એને કાંઈ છે? એમ આત્મામાં સાધક જીવને રાગનો અંશ પરિણમન હોવા છતાં તે જ કાળે રાગનું પરિણમન નથી એમ સાક્ષીપણે જોવે છે. આહા..હા..! ભારે વાત ભાઈ!

બીજો બોલ. ૪૦. **'આત્મદ્રવ્ય ભોક્તૃનયે...'** લ્યો! ત્યાં એમ આવ્યું હતું કર્તાકર્મમાં કે સુખ-દુઃખનો ભોક્તા પુદ્‌ગલના પરિણામ. ૭૫ ગાથાથી શરૂ થઈ. રાગ-દ્વેષ, સુખ-દુઃખ આદિ ... પરિણામ. તદ્દન નિરાળું દ્રવ્ય છે. એની પર્યાયમાં પ્રસિદ્ધિ નિર્મળ ભાવથી થાય છે. એટલે ત્યાં ગણ્યું અહીં પર્યાયમાં જરી રાગ છે અને ભોક્તા પણ છે. જ્ઞાની, સમકિતી પોતાના સ્વભાવમાં પૂર્ણ આનંદનો ભોક્તા નથી. પૂર્ણ આનંદનો ભોક્તા હોય તો કેવળજ્ઞાની હોય. અનંત આનંદનો ભોક્તા પરમાત્મા કેવળી છે. અને મિથ્યાદૃષ્ટિ જે છે એ જરીએ આનંદના અંશનો ભોક્તા નથી. બરાબર છે બે? ..સામાસામા છે.

હવે સાધક જીવની અહીં વાત ચાલે છે. ધર્મી થયેલાનો આત્મા કેવો પર્યાયમાં હોય? કે ધર્મી થયેલો આત્મા એને હજી એ હરખ-શોકના ભોગવવાની પર્યાયનું પરિણમન એક નય જાણે છે. સામસામી બે વાત આવી. ભાઈ કાલે કહેતા હતાને. ... કહો, સમજાણું આમાં? ભગવાન તારી સ્તુતિ શું છે એ અહીં તો વર્ણવે છે. આહા..હા..! **'ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે,...'** સંયોગની વાત નથી આ. અંદરમાં અણગમો જરી થાય, કલ્પના સુખ-દુઃખની અને ગમો થાય કે આ ઠીક છે એવી કલ્પના. એવી સુખ-દુઃખની કલ્પનાનો ભોક્તા સમ્યગ્દૃષ્ટિ પર્યાયમાં છે એમ જ્ઞાન જાણે છે. પરનો ભોક્તા નહિ. પરનો કર્તાની વાત નથી. કર્તૃત્વનયમાં રાગરૂપ પરિણમન છે કર્તૃત્વ એ મારો ધર્મ છે એ મારે લઈને એમ જાણે. પણ

શરીર, વાણી, મનને કરું એવો તો આત્મામાં કોઈ ધર્મ છે નહિ. એમ કર્મને લઈને મારામાં કાંઈક થાય એવો મારો ધર્મ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સુખ-દુખાદિનું ભોગવનાર છે,...**' સમ્યગ્દષ્ટિનો જીવ, જ્ઞાનીનો જીવ, અંતરાત્માનો જીવ. એને અંતરાત્માપણું પ્રગટ્યું છે. અંતર વસ્તુ છે એવું ભાન સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ અંશ થયો છે. આનંદનો અનુભવ છે, પણ સાથે પૂર્ણ આનંદનો અનુભવ નથી. પૂર્ણ આનંદનો અનુભવ પરમેશ્વરને, અરિહંતને અને બિલકુલ આનંદનો અનુભવ નહિ, એકલા દુઃખને ભોગવનારો મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એકલું દુઃખ. સંયોગની વાત નથી. એમાં આકુળતા જે છે મિથ્યાત્વની અને રાગ-દ્વેષની એકલી આકુળતાનો અનુભવનારો અજ્ઞાની. એ કહે જ્યારે કરોડોપતિ કે અબજોપતિ લાડવા ખાતા હોય અને સુખી છે. બધી દુઃખની દશા અંદરમાં છે. સમજાણું કાંઈ? એ પરને ભોગવી શકે છે એ વાત અહીં નથી. એવો ધર્મ નથી. આહા..હા..! શરીરને પણ હું હલાવી શકું, આંખને હલાવી શકું એવો આત્માની પર્યાયમાં દ્રવ્ય-ગુણમાં નથી, પણ પર્યાયમાં એવી યોગ્યતા પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું?

તે પર્યાયની યોગ્યતા એવી છે. ઉદયભાવની યોગ્યતા હોં આ. યોગ્યતા ચાર ભાવમાં ન હોય એમ કહે છે. અરે..! ભગવાન! શું કરે છે? એ વાત પાને-પાને છે. વાતે-વાતે ફેર. યોગ્યતા પારિણામિક ભાવમાં હોય, પારિણામિક ધ્રુવ છે ત્રિકાળી. યોગ્યતા ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકમાં યોગ્યતા ન હોય. અહીં ભગવાન કહે છે કે સમકિતી પોતાની પર્યાયને રાગને ભોગવવાની યોગ્યતા છે એવો ધર્મ જ્ઞાની પોતામાં જાણે છે. પરનો ભોક્તા નહિ, પર મને ભોગાવડાવે એમ નહિ કે અશાતાનો ઉદય આવ્યો માટે દુઃખ થયું છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સુખ-દુઃખ એટલે આત્માના સુખની વાત નથી આ.

'**ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે,...**' સુખ-દુઃખની કલ્પના છેને. સમજાણું? એવી એક પર્યાયમાં ભોક્તૃત્વ ધર્મ પર્યાયમાં છે. પણ એ આનંદનો પૂર્ણ ભોક્તા થયો નથી. એટલે સુખ-દુઃખની કલ્પના, હરખ-શોકની પર્યાય, મારી પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં છે એમ એક નયે તે ધર્મને જાણે છે અને શ્રુતપ્રમાણથી બધા ધર્મોને એક સાથે જાણે છે. સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ભાઈ! માણસને આમ વાંચવું નથી, સાંભળવું નથી. પ્રયોગ અંદર શું ચીજ છે એને જોવું નથી. અને ઉપરથી વાંચ્યું, આ કર્યું, આ લખ્યું... આ લખ્યું... બધું લખ્યું શાસ્ત્રમાં, પણ વસ્તુને સમજ્યા વિના? સમજાણું કાંઈ?

કહે છે કે એક સમ્યગ્દષ્ટિ જીવ સાથે થયેલું સમ્યગ્જ્ઞાન, એ સમ્યગ્જ્ઞાન પ્રમાણમાં અનંત નયો વ્યાપે છે અને એ અનંતનયો આત્મામાં રહેલા અંતરાત્માની પર્યાયની અને દ્રવ્ય-ગુણના ધર્મોમાં એક-એક નય વ્યાપે છે. એ અનંત નય પ્રમાણ-શ્રુતપ્રમાણમાં વ્યાપે છે. એ શ્રુતપ્રમાણ વડે આત્માનો અનુભવ કરતા આત્મા શુદ્ધ છે એમ એને અનુભવમાં આવે છે. સમજાણું

કાંઈ? આવું એને લક્ષમાં છે કે ભોક્તાનો પર્યાય મારામાં છે. એવું લક્ષ છોડી દઈને આ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? પહેલા આવ્યું હતુંને? પહેલા નયમાં નહિ? શરૂઆતમાં. આત્મદ્રવ્યનું. **'આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા છે એક દ્રવ્ય છે, કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે તે પ્રમેય થાય છે.'** એટલે આ ભોક્તાનયનો પર્યાય જ્ઞાનના લક્ષમાં છે એ સહિત દ્રવ્યમાં જાય છે ત્યારે અનુભવ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ સુખ-દુઃખ એટલે આ કલ્પનાનું સુખ-દુઃખ હોં. આ આત્માના આનંદની આ વાત નથી. મંદ આકુળતા હોય અને તીવ્ર આકુળતા હોય. આહા..હા..! પંચાધ્યાયમાં આવે છે. અરે..! સમકિતીને પણ અસંખ્ય પ્રદેશમાં દુઃખના ઘા વાગ્યા છે કહે છે. એવું આવે છે. .. લખ્યું છે. સાંધા ..ને સાંધા આ. આમ ચાલી શકે નહિ. સાંધેસાંધા. આ સાંધા હોય, પગના સાંધા, આ સાંધા... આ સાંધા... જ્યાં જ્યાં સાંધા આ સાંધા. સાંધા પકડાય એમ અસંખ્ય પ્રદેશમાં કહે છે કે ધર્મીને આત્માનું ભાન છે, અનુભવ છે. છતાં અસંખ્ય પ્રદેશમાં સાંધા પકડાઈ ગયા એટલો દુઃખનો ભોક્તા છે. એય..! એકકોર એણે ના પાડી છે કાંઈ છે નહિ, પાછું બીજું લીધું છે. પંચાધ્યાયમાં. આહા..હા..! વાત તો હોયને જેવી વસ્તુ છે તે. સમકિતીને એકકોર કર્મચેતના, કર્મફળ ચેતના નથી. આહા..હા..! શું કીધું? ભગવાન આત્માનું ભાન થયું ત્યાં રાગનું કરવું અને રાગનું ભોગવવું એ ચેતના નથી. એ તો એકલી જ્ઞાનચેતના છે, પણ પાછી નથી એને છે અંદર અંશે રાગરૂપ પરિણમન એ કર્મચેતના છે અને હરખનું ભોગવવું એ કર્મફળચેતના છે. એને જાણે છે કે મારામાં આ છે. તો એ સમ્યગ્જ્ઞાન કહેવાય નહિતર સમ્યગ્જ્ઞાન કહેવાય નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૫, રવિવાર, તા. ૦૯.૧૧.૧૯૬૯**
**નય-૪૦ થી ૪૩, પ્રવચન-૨૭૬**

આ પ્રવચનસાર. પરિશિષ્ટ અધિકાર. નયનો અધિકાર છે. ધર્મીનું જ્ઞાન કેવા આત્માને જોવે-જાણે છે? એ વાત છે. શિષ્યે પ્રશ્ન કર્યો છે કે આ આત્મા તે કેવો છે? કે જે ધર્મીના જ્ઞાનમાં જેવો આત્મા છે તેવો જણાય છે એ આત્મા કેવો છે? સમજાણું કાંઈ? આત્મા અનંત શક્તિવાળું તત્ત્વ છે, આનંદવાળું તત્ત્વ છે. છતાં અનાદિકાળથી તેની સન્મુખની દૃષ્ટિ વિના, એનાથી વિમુખ દૃષ્ટિમાં પુણ્ય અને પાપના વિકલ્પોના ભાવ કર્યા અને એને ભોગવ્યા એ બધો અધર્મભાવ છે. સમજાણું કાંઈ? એમાં ધર્મભાવ જરીએ આવતો નથી. ભગવાન આજે મોક્ષ પધાર્યા એને અધર્મભાવ જરીએ નહોતો. પરમેશ્વર મહાવીર પરમાત્મા કેવળજ્ઞાની તો હતા. પણ આજ પાછલી રાતમાં અજોગપણાની સ્થિતિ પામી સાદિ અનંત-અનંત એવી મુક્તિપદને પામ્યા એ પૂર્ણ દુઃખરહિત, અધર્મરહિત પદને પામ્યા. અને અનાદિનો અજ્ઞાની પૂર્ણ અધર્મપદમાં રખડી રહ્યો છે. સમજાય છે કાંઈ?

હવે લ્યો આ વચગાળાનું ઈ આવ્યું. ભાઈ કહેતા હતાને, વચગાળાનું. હવે વચગાળો, ધર્મીજીવ છે એની શું સ્થિતિ છે? અને એ કઈ રીતે ધર્મ પામ્યો તેમાં શું થયું એને ધર્મ પામતા. સમજાણું કાંઈ? આ નયે આવ્યું છે આપણે. ભોક્તૃનયે. ધર્મી જીવને જે સમ્યક્ જ્ઞાન થયું. એ જ્ઞાનમાં આત્માને એવો જાણે છે કે મારી પર્યાયમાં જરી રાગનો ભોગવવાપણું છે એવો એક ધર્મ છે, યોગ્યતા છે એમ જાણે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ધર્મ એટલે .. યોગ્યતા કહેવી.

ઉત્તર :- ધર્મ એટલે આ યોગ્યતાનો ધર્મ. ઓલો આનંદનો ધર્મ નહિ માટે યોગ્યતા કીધી. સમજાણું કાંઈ? આત્મા પરિપૂર્ણ બ્રહ્મ આનંદસ્વરૂપ એવું અંતરમાં ભાન થતાં ધર્મ થયો. તો ધર્મ થયો અને ત્યાં હજી બાકી રાગ રહી ગયો છે. તે રાગને ભોગવે છે, ભોક્તા છે તેવો પણ એક યોગ્યતા-લાયકાતનો ધર્મ જીવે ધારી રાખ્યો છે. નયનો અધિકાર ઝીણો છે. સમજાણું કાંઈ? ધીરૂભાઈ! ગુણ નહિ હોં ગુણ નહિ. પર્યાય. ક્ષણિક પર્યાયમાં ક્ષાયિક સમકિતી જીવ હોય કે ગણધરનો આત્મા હોય. જેને એ ભવે કેવળ પામે. જ્યાં સુધી સાધક છે, શ્રુતજ્ઞાની છે. તો એ શ્રુતજ્ઞાનમાં એવો આત્માને જાણે છે. પહેલા દ્રવ્યથી તો વાત આવી છે. દ્રવ્યસ્વરૂપે ત્રિકાળ ધ્રુવ છું એવો જાણે છે એક ધર્મ. પર્યાય ક્ષણે-ક્ષણે બદલે એવો પણ એક ધર્મ. એમ કરતાં આપણે અહીંયાં કેટલામું આવ્યું છે આ? ૪૭? ૪૦. ૪૦મી આવી છે આ. સમજાણું કાંઈ?

આત્મામાં આનંદ છે, શુદ્ધ પવિત્ર સ્વરૂપ છે. એવું આત્મામાં સ્વસન્મુખ થઈને પરથી વિમુખ થઈને, રાગ-દ્વેષના વિકલ્પો એનાથી વિમુખ થઈને સ્વસન્મુખ થયો. એથી સમ્યગ્દર્શન-જ્ઞાન થયું. છતાં હજી રાગના ભોક્તાપણાનો ભાવ બાકી રહ્યો છે. સર્વથા જો રાગરૂપ ભોક્તાપણું ન હોય તો તે એકલો આનંદનો ભોક્તા એ તો પરમેશ્વરપદ થઈ ગયું. સમજાય છે કાંઈ? એ તો પરમાત્મપદ થયું. આ તો અંતરાત્માની દશા કેવી એની વાત ચાલે છે.

કહે છે, '**ભોક્તૃનયે સુખ-દુઃખાદિ...**' કલ્પના હોં. એનો જીવ '**ભોગવનાર છે,...**' એવી એક યોગ્યતાની દશા જીવમાં છે એમ સમ્યગ્જ્ઞાની, શ્રુતજ્ઞાની, ગણધર જેવા પણ એમ જાણે છે. સમજાણું કાંઈ? કોની પેઠે? '**હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક.**' હિતકારી અન્ન ખાય, એને સુખરૂપ કલ્પના થાય એમ લાગે. ઠીક છે મને. અહિતકારી-અપથ્ય આહાર ખાય, હોજરી સાધારણ અને અપથ્ય ખાય ડુંગળીના દડા મોટા શેકીને તો રોગ થાય. તો એ રોગનું દુઃખ થાય એને અને ઓલી નિરોગતાની એને સુખની કલ્પના. સમજાણું કાંઈ? '**હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક.**' એ ખાઈ શકે છે એ પ્રશ્ન અહીં નથી કરવો, ભાઈ! આહા..હા..! સમજાણું? આત્મા ખાવા-પીવાની ક્રિયા તો ત્રણ કાળમાં અજ્ઞાની પણ કરી શકતો નથી.

મુમુક્ષુ :- બેયને હિતકારી-અહિતકારી.

ઉત્તર :- હિતકારી આ તો એક સમજાવવું છે. દૃષ્ટાંત તરીકે એને ખ્યાલ દેવો છે કે આ ભગવાન આત્મા સમ્યગ્દર્શનમાં પ્રતીતરૂપ અખંડ અભેદ છે એમ થયું છતાં એનું જ્ઞાન બધા ભાગોને અને આખા અખંડને બધાને જાણે છે. તો એ જ્ઞાનમાં એવો એક ભાવ સમકિતી ચાર જ્ઞાનના ધણી ગણધર પણ એમ જાણે છે કે મારી પર્યાયમાં રાગનું ભોગવવાપણું છે એવી એક પર્યાય, એવી એક મારી યોગ્યતા છે. એ મારે લઈને છે. પરને લઈને નથી. અને તદ્દન હું શુદ્ધ થઈ ગયો એમ પણ નથી. સમજાણું કાંઈ?

'**હિતકારી-અહિતકારી...**' એક તો ખાવા-પીવાની ક્રિયા કહેવી છે. ખાઈ શકે છે એ તો વાત અહીં છે નહિ. ખાવા-પીવાની બધી ક્રિયા જડની જ છે. એમ હશે? ધીરૂભાઈ! જીભ ખાતી હશે? જડની પર્યાય છે. અનુભવપ્રકાશમાં તો ભાઈએ બહુ બોલ લીધા છે. શું કહેવાય? દીપચંદજીએ. અનુભવપ્રકાશને? એમાં પણ લીધા છે અને ઓલા આત્માવલોકનમાં બેયમાં લીધા છે. બહુ બોલ લીધા છે. ખાવું, પીવું, હાલવું, ચાલવું, ઝઘડા, ફઘડા, બોલવાનું બધી ક્રિયાઓ જડની, એકલી જડની છે. અજ્ઞાની મૂઢ માને છે કે આ મારી ક્રિયા મારે લઈને થાય છે. છે એ? કાઢોને ભાઈ હવે અહીં જરી ખાવાનું આવ્યું છે તો. કે આ દિવાળી છે તો લાડવાને એ ખાઈ શકતો હશે કે નહિ? દળના લાડવા થાય છે નહિ દળ-દળ? નહિ? દળ.. દળના લાડવા કરે છે. ગઢડામાં સાંભળ્યું નહોતું આપણે? એક દળનું આખું એવું કર્યું છે. મંદિરમાં આપણે કર્યું હતું. એક સંઘ કર્યો હતો લાઠીવાળાએ દળનો. આ તો ઘણા વખતની

વાત છે. છે એમાં ક્યાંય? દીપચંદજી કહે છે હોં. કેટલે પાને છે લખ્યું છે?

જુઓ, કહે છે '**દશપ્રકારનો પરિગ્રહ-ગૃહક્ષેત્ર, બાગ, નગર, કૂપ, વાપી, તડાગ (તળાવ), નદી આદિ બધુંય પુદ્‌ગલ, માતા, પિતા, કલત્ર, પુત્ર, પુત્રી, વધૂ, બંધુ સ્વજન આદિ બધાય (કુટુંબીજનો), સર્પ, સિંહ, વ્યાઘ્ર, ગજ, મહિષ આદિ બધાય દુષ્ટો, અક્ષર, અનક્ષર, શબ્દાદિ ગાવું, બજાવવું, સ્નાન, ભોગ, સંયોગ-વિયોગની બધી ક્રિયા, પરિગ્રહનો મેળાપ તે મોટો પરિગ્રહનાશ તે દરિદ્ર વગેરે બધી ક્રિયા, ચાલવું, બેસવું, હલવું, બોલવું, કંપવું, વગેરે બધી ક્રિયા, - લડવું, બાથ ભીડવી, ચઢવું, ઊતરવું, કૂદવું, નાચવું, ખેલવું, ગાવું, બજાવવું વગેરે બધી ક્રિયા-સર્વ પુદ્‌ગલનો ખેલ જાણ.**'

'**નરક, નારક, તિર્યંચ, દેવ, તેમના વૈભવ, ભોગકરણ, વિષયરૂપ ઇન્દ્રિયોની ક્રિયા આદિ સર્વ પુદ્‌ગલનું નાટક છે.**' નવરંગભાઈ! કહો, બરાબર હશે? '**દ્રવ્યકર્મ, નોકર્મ આદિ સર્વ પુદ્‌ગલનો અખાડો છે. તેમાં તું ચિદાનંદ રંજિત થઈ પોતાના** જાણે છે.' મહામૂર્ખ છે કહે. કહો, સમજાણું કાંઈ? .. ઓલામાં લખ્યું છે પહેલું. આત્માવલોકનમાં પાનું-(૮૯). આનું આ છે. આમાં લખ્યું છે. કહો, આ ખાવાની ક્રિયા કરી શકે એમ અહીં સિદ્ધ નથી કરવું. આ તો દૃષ્ટાંત છે.

મુમુક્ષુ :- પણ આચાર્ય કહે છે.

ઉત્તર :- પણ આચાર્ય દૃષ્ટાંત તરીકે કહે છે કે સિદ્ધ તરીકે વસ્તુ ખાઈ શકે અને પી શકે માટે કહે છે. એય..! કનુભાઈ!

મુમુક્ષુ :- આચાર્ય તો સત્ય જ બોલે છે.

ઉત્તર :- સત્ય જ બોલે છે.

મુમુક્ષુ :- ખાતો હોય ત્યારે જ કહેને.

ઉત્તર :- ખાય છે ક્યાં? ઈ પ્રશ્ન જ ક્યાં છે? આ તો દૃષ્ટાંતનો એક સિદ્ધાંત અંશ લેવો છે. ખાવા પરમાણુની જેટલી પર્યાય આવી જરી આમ ભુક્કો થાવું, ચાલવું એ બધી પુદ્‌ગલ, પુદ્‌ગલ અને પુદ્‌ગલની પર્યાય છે. એમાં જીવ (માને કે) તે હું કરું છું અને થાય છે, એ અજીવને જીવ માનવામાં મિથ્યાદૃષ્ટિ છે.

અહીં તો દૃષ્ટાંત તરીકેનો એક અંશ લેવો છે કે જેમ '**હિતકારી-અહિતકારી અન્નને...**' અન્ન હિતકારી અને અહિતકારી છે? હવે ઓલો અઘોરી બાવો વિષ્ટા ખાય એ જોયું છે મેં. .. માગવા આવતાને? વિષ્ટા આમ ઉભો-ઉભો આમ પૈસા ન આપે તો વિષ્ટા ખાય. પૈસા આપો... ખોટા બોલાના બીડીની દુકાન છેને ત્યાં ઉભો હતો એકવાર. તે દિ' મેં જોયું હતું. આ તો ઘણા વર્ષની વાત છે. ૬૦-૭૦ વર્ષ પહેલાની વાતું. માળો આ કીધું બજારમાં, મધ્ય બજારમાં ચોક છે. ત્યાં ખોટાબોલાની દુકાન બીડીયુંવાળાની. ત્યાં મારો .. પણ અમે

છોકરા નિશાળથી નીકળ્યા. નિશાળેથી નીકળ્યા અને .. હાથમાં આ વિષ્ટા કાઢી. કોણ જાણે .. ક્યાંથી કાઢતો હશે અને શું હશે? એ ખાવાની ક્રિયા આત્માની છે? આહા..હા..! એ તો પરમાણુ છે બાપુ! એ તો વિકલ્પ એને હો, પણ એ વિકલ્પથી ક્રિયા જડની થાય છે (એમ છે નહિ). હવે ઈ તો એને સારું માને છે એમ કહેવું છે. હવે અહિતકર છે એને હિતકર માને. લ્યો! આ હું કરું તો આ પૈસા આપશે. એથી કાંઈ હિતકર-અહિતકર છે નહિ. એ તો એક સમજાવવા માટે વાત છે.

કે '**હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીને માફક.**' તાવ આવ્યો હોય અને એ વખતે સરખાઈનો શીરો ખાય. પાંચ-છ ડિગ્રીનો તાવ હોય. ... લસલસતો શીરો કરીને ખાવ. એટલે '**હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક. (આત્મા ભોક્તાનયે સુખદુઃખાદિને ભોગવે છે, જેમ હિતકારી કે અહિતકારી અન્નને ખાનાર રોગી સુખ કે દુઃખને ભોગવે છે તેમ.)**' એમ સિદ્ધ એટલું કરવું છે. રોગી કલ્પનામાં સુખ-દુઃખને ભોગવે છે, એમ આત્મા અનાદિથી હજી પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત થયો નથી, તેમ અજ્ઞાની પણ રહ્યો નથી એની વાત છે. સાધક છે. એને હરખ-શોકનું ભોગવવું પર્યાયમાં થાય છે. એવો એક યોગ્યતાનો ધર્મ જ્ઞાની એક નયે એકને જોવે છે. એ જ કાળે હવે બીજો ધર્મ છે પાછો.

(૪૧) '**આત્મદ્રવ્ય અભોક્તૃત્વનયે કેવળ સાક્ષી જ છે,...**' એટલે કે ધર્મદશા પ્રગટી છે એથી હરખ-શોકનું ભોગવવું અંશે તો નીકળી ગયું છે. સમજાણું કાંઈ? આત્મા આનંદસ્વરૂપ છે એવું ભાન થતાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે જેટલો, એટલો તો હરખ-શોકનો ભોક્તા નથી. ધ્યાન રાખવા જેવું છે આ તો ભાઈ! આ કાંઈ દુકાનની બંગડીનો ધંધો નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, વસ્તુ આત્મદ્રવ્ય એવી ચીજ છે વસ્તુ ભગવાન આત્મા કે જેણે એ આત્માને પ્રાપ્ત કર્યો સમ્યગ્દર્શન-જ્ઞાનમાં, તે જ્ઞાની ગણધર પણ એમ જાણે છે કે હરખ-શોકનો ભોગવવાનો એક ધર્મ છે અને એને નહિ ભોગવવો એવો એક પણ એક બીજો એ જ સમયમાં એ જ પર્યાયમાં બીજો ધર્મ છે. સમજાણું કાંઈ? એક પર્યાયના બે ભાગ. સમજાણું? એક અવસ્થાના બે ભાગ. એક ભાગમાં ભોગવવાનો અંશ છે, તો એક ભાગમાં એને ભોગવવાનો નથી. સમજાણું કાંઈ? કેમકે આત્મા સમ્યગ્દર્શન ધર્મ પામ્યો એટલે એને દરેક આનંદનો અંશ પણ એના વેદનમાં આવી ગયો. આવી ગયો એટલે આ આનંદ વેદન છે તે આખો આત્મા આનંદમય છે એમ ભાનમાં, પ્રતીતમાં આવી ગયું. એટલે એટલો પર્યાય આનંદનો જે વેદાય છે એ હરખ-શોકનો નથી. એ હરખ-શોક વેદતા નથી. એટલે એને કહે છે કે '**અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે,...**' એ હરખ-શોકનો પણ તે જ ક્ષણે જ્ઞાતા-દૃષ્ટાપણે સાક્ષી છે. અરેરે..! સમજાણું કાંઈ? એક જીવને ભોક્તાનયે અને બીજા જીવને અભોક્તાનયે એમ નથી. તેમ એ જ જીવને જ્યારે હરખ-શોકને ભોગવે છે ત્યારે પાછો હરખ-શોકનો ભોક્તા નથી એ (બીજે) કાળે એમ નથી. બીજે કાળે અભોક્તા છે અને પહેલે કાળે

ભોક્તા એમ નથી. સમજાણું કાંઈ? ..ભાઈ! ભારે માર્ગ ભાઈ!

આ તો એક જ ક્ષણમાં એટલે એક સમયમાં જ્યાં આત્માનું ભાન થયું, ધર્મ થયો ત્યારે એને એટલા ભાગનો તો હરખ-શોકનો ભોક્તાપણું એક સમયની પર્યાયના એક ભાગમાં તો નથી. એક ભાગમાં છે અને એક ભાગમાં નથી. એક જ સમયમાં બે ધર્મો-યોગ્યતાઓ રહેલી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એના ખ્યાલમાં તો આવવું જોઈએ કે ધર્મ પામે ત્યારે શું થાય? એમ કહે કે અમે ધર્મ કરીએ છીએ, પણ ધર્મ પામનારને તો આનંદનો અંશ વેદનમાં આવે અને સાથે જરી હરખ-શોકનું પણ વેદન હોય છે. બેયનું જ્ઞાન એક ક્ષણે શ્રુતજ્ઞાન પ્રમાણમાં એક સાથે કરે છે. સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ!

'**આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે,...**' લ્યો આ દિવાળીનું ભોક્તા-અભોક્તા આવ્યું. સમજાણું કાંઈ? '**હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીને જોનાર વૈદ્યની માફક.**' વૈદ્ય જોવે છે કે આને આમ થયું, આમ થયું. વૈદને કાંઈ વેદવાનું છે? રોગીના રોગને કે નિરોગતાની પર્યાયને કાંઈ વૈદ્યને વેદવી છે વૈદ્યને? જાણે છે કે આને થાય છે. શું છે? એમ આત્મા વસ્તુનો સ્વભાવ પ્રભુ ચિદાનંદ સ્વરૂપ એની મહાસત્તા એટલે મહા હોવાપણે એનું અવલંબન લીધું એટલે એને ધર્મદશા પ્રગટ થઈ. તેમાં તેને તે સમયે આનંદનું વેદન પણ છે. એ આનંદના વેદનની પર્યાયમાં હરખ-શોકનું વેદન નથી. એટલો અભોક્તાનય પણ તે જ કાળે આત્મામાં છે એમ જ્ઞાની જાણે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

એક જ જીવમાં અનંતા ધર્મો એક સાથે છે. એમાં એક-એક ધર્મને એક નય જાણે. અને એ બધી નયોનો આખો સમુદાય તે પ્રમાણ એ આખા બધા આત્મા આ રીતે જાણે. જ્ઞાનીના લક્ષમાં હરખ-શોકનો ભોગવવાની પણ એક યોગ્યતારૂપી ધર્મ ગણ્યો છે એ પણ જાણે, અને હરખ-શોકને નથી ભોગવતો એ પર્યાયમાં એ પણ જાણે. શશીભાઈ! ભાઈ આવું તો સાંભળ્યું પણ ન હોય કોઈ દિ'.

આ વસ્તુ ભગવાન આત્મા અંદર એનું જ્યાં અજ્ઞાન વર્તે છે, એટલે કે એના ભાન વિનાનો જીવ અનાદિનો એ તો હરખ-શોક અને રાગ-દ્વેષનો કર્તા અને હરખ-શોકનો ભોક્તા છે. એ તો .. પૂર્ણ છે. એમાં કાંઈ જરીએ હઠ્યો નથી. કહો, સમજાણું કાંઈ? પરવસ્તુને ભોગવે છે એ વાત નથી અહીં. એ દાળ-ભાતને ભોગવી શકે કે સ્ત્રીને કે દાગીનાને કે લૂગડાને-કપડાને? એ તો જડ પરપદાર્થ છે. એની પર્યાય તો એનામાં થાય, આની પર્યાય અહીં થાય. એની પર્યાય અહીં ક્યાં થાય છે? એટલે એને પરને ભોગવે એ અહીં વાત છે નહિ. કે પરને વળી થોડું ભોગવે અને થોડું ન ભોગવે એ અહીં વાત નથી. સમજાણું કાંઈ? આત્મા વસ્તુસ્વરૂપે મહાપ્રભુ ચૈતન્ય આનંદનો કંદ વસ્તુ છે. એને દૃષ્ટિએ સ્પર્શ કરીને આત્માનું ભાન થયું અને ભાન થવાનો ઉપાય પણ આ. સ્વદ્રવ્યની અંતરમાં દૃષ્ટિ મૂકતા, ઉપયોગને ત્યાં લક્ષમાં લેતા જે આત્માનું ભાન થાય, તેનું દર્શન થાય એનું નામ ધર્મ કહેવાય છે. સમજાણું

કાંઈ? શાસ્ત્રનું ભણતર ઓછું-વત્તું હોય એની સાથે સંબંધ નથી. આહા..હા..! દેડકો હોય, નવ તત્ત્વના નામ પણ નથી આવડતા. પણ આત્મા વસ્તુ છે એવું અંતર્મુખ થઈને જ્યાં ભાન થયું. તો એ આવા ધર્મોને તે ક્ષણે બધાને સાથે જાણે છે. આહા..હા..! પરને ભોગવી શકે છે, શરીરને, વાણીને, આહારને એ વાત તો અહીં છે નહિ. અજ્ઞાની પણ પરને તો ભોગવી શકતો નથી ત્રણ કાળ, ત્રણ લોકમાં. ફક્ત અજ્ઞાની આત્માના આનંદના પૂર્ણ સ્વભાવના ભાન વિના હરખ-શોકને અને રાગ-દ્વેષને કરે અને હરખ-શોકને ભોગવે. એ પૂર્ણરૂપે વેદન વિકારનું એને છે. વીતરાગને પૂર્ણ વેદન આનંદનું છે. આનંદના ભોક્તા અને આનંદના કર્તા અને આનંદનું પરિણમન છે. પરમેશ્વર અરિહંતને. એ પરમેશ્વર પદના સાધનારને જે રાગ અને વિકારને અનાદિથી સાધતો હતો એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? પણ ભગવાન આત્મા ચૈતન્યદૃષ્ટિ જ્ઞાનનો સાગર એમ વસ્તુની દૃષ્ટિ કરીને જે આત્માને સાધે છે, સાધકપણે વર્તે છે, તેને અભોક્તાપણું પણ એક જ સમયમાં, હરખને નહિ ભોગવવું એવો સાક્ષી જ્ઞાતાપણાનો ભાવ તે જ સમયે આત્મામાં વર્તે છે કહો, સમજાણું કાંઈ આમાં? ભારે વાત ભાઈ! લ્યો આ ફેરી આ નયો આવી છે આ દિવાળીના દાડામાં. ... વળી વેદ્ય-વેદક આવ્યું છે સવારે. એય..! વેદ્ય-વેદક શું હશે? જે વેદાવાયોગ્ય ઈ અને વેદ કરનારો આત્મા છે કહે છે. આ ઈચ્છા અને ઈચ્છા વેદ્ય અને ઈચ્છા પ્રમાણે સામગ્રી મળે તે અત્યારે ભોગ વેદક એવું આત્મામાં છે નહિ. આહા..હા..! ધર્મમાર્ગ બાપા અલૌકિક છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? '**આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે,...**' ભોક્તા નથી. એટલે ભોક્તા છે તે કાળે ભોક્તા નથી.

મુમુક્ષુ :- ... ભાગ શુદ્ધ છે.

ઉત્તર :- આની પાસે શુદ્ધ છે પણ એના વેદનમાં હજી અશુદ્ધતા થોડી છે એટલું છે. અને એનો સાક્ષી રહે છે. એ સાક્ષીનો અર્થ વેદન બીજું છે. સાક્ષી રહે છે. એટલો અભોક્તાનયે તે જ કાળે છે. આહા..હા..! એક પર્યાયના બે ભાગ. એને એક નયે ભોક્તા અને એક નયે અભોક્તા એક જ સમયમાં હોં. ન્યાય સમજાય છે કે નહિ? ૪૧ થઈ આ લ્યો. હવે આવ્યા ક્રિયા ને જ્ઞાન ... તે. તકરારી ગાથા આવી છે.

મુમુક્ષુ :- ક્રિયાથી ધર્મ થાય એ આપ ના પાડો છો અને આમાં લખ્યું છે.

ઉત્તર :- એ લખ્યું નથી આમાં. સમજાણું કાંઈ?

(૪૨) હવે '**આત્મદ્રવ્ય...**' ક્રિયાનયે. જુઓ, એક એવો ધર્મ ગણવામાં યોગ્યતા આવી કે રાગની મંદતામાંથી નીકળ્યો અને જ્યારે યોગ્યતા સ્વભાવનું ભાન થયું અને રાગની મંદતા થઈ અને એને લઈને થઈ એવો એક યોગ્યતાનો વ્યવહાર ગણવામાં આવ્યો. તે એક જ જીવને માટે. કોકને ક્રિયાનય અને કોકને જ્ઞાનનય એમ બે નય સમયભેદે નથી. જીવભેદે નથી, તેમ સમયભેદે નથી. એટલે શું કહ્યું?

મુમુક્ષુ :- એ જ કાળે ક્રિયા અને એ જ કાળે જ્ઞાન?

ઉત્તર :- એ કાળે ક્રિયા અને એ કાળે જ્ઞાનનય. એવો એક સમયમાં બે ધર્મ એક સાથે છે. ગંભીરતા છે પ્રભુ! માર્ગની. સમજાણું કાંઈ?

**'આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે,...'** લ્યો! પ્રધાનતા-મુખ્યતા લીધી. ઓલામાં પણ મુખ્યતા લેશે બેયમાં. એવું એક કથન આવે છેને કે કષાય મંદ કર્યો. સમજાય છે? તેથી ત્યાં આગળ .. પામ્યો, એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગ...

ઉત્તર :- થયો એમ કહેને. વ્યવહાર મોક્ષમાર્ગથી મોક્ષ થાય. વ્યવહારમોક્ષમાર્ગ તો રાગ છે. વ્યવહારમોક્ષમાર્ગ તો રાગ છે.

મુમુક્ષુ :- એ સાધન.

ઉત્તર :- સાધન કહે, એને કારણ કહે, હેતુ કહે. એવી એક યોગ્યતા એક સમયે ગણવામાં આવી. પણ નહિ કે રાગના કારણે આત્માને ધર્મ પમાય. એમ નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આના ઉકેલ કરવા પણ કઠણ. એક જ સમયમાં સમ્યગ્દર્શનના કાળમાં, સમ્યક્ અનુભવના સ્થાનમાં એક રાગની મંદતા એનાથી આત્માને મોક્ષ મળ્યો, એનાથી આત્માને નિર્જરા થાય લ્યોને આવ્યું છેને ભાઈ એમાં? જયધવલમાં. શુદ્ધોપયોગથી નિર્જરા થાય અને શુભોપયોગથી નિર્જરા થાય એમ આવ્યું લ્યો. એટલે? શુદ્ધ ઉપયોગ તે નિર્જરા નથી. એ તો નિમિત્ત છે એવી એક યોગ્યતા ગણીને ક્રિયાનયના પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે.

મુમુક્ષુ :- એ નિમિત્તાધીન.

ઉત્તર :- એ નિમિત્તથી વ્યવહારનું કથન છે. સમજાણું કાંઈ? આમ તો અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો 'મુનિવ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' છતાં ત્યાં સમ્યગ્દર્શન પામ્યા વિના આત્માનું સુખ થયું નહિ. ત્યાં વળી અહીં આમ કહે છે. અહીં તો સમ્યગ્દષ્ટિ સમ્યગ્દર્શન પામ્યો છે વસ્તુના આશ્રયે, એને આવા પ્રકારના અનંતા ધર્મમાં એક આવો ધર્મ ગણવામાં આવ્યો. સમજાણું કાંઈ?

**'થાંભલા વડે માથું ભેદાતાં દૃષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે...'** એ યોગ્યતા. આંખમાં .. ઓલું હતું. થાંભલે અથડાણું થાંભલામાં. આમ નીચે જોયું તો નિધાન. સમજાણું કાંઈ? .. જુઓ આ આપણા છેને રાજકોટવાળા. હાડકું ખસી ગયું હતુંને. પછી કાંઈ જાવું હતું મુંબઈ જાવું મટાડવા. .. એમાં સાઈકલમાં ગયા તો એમાં પડ્યા. પડ્યા ત્યાં હાડકું સરખું થઈ ગયું. દેવશીભાઈ ભાઈ છેને આ? સમજાણું? દેવશીભાઈ ગયા હતા. તમારે ત્યાં આવ્યા હતાને ભગવાનજીભાઈ! છ મહિના ત્યાં. એને ઈ મુંબઈ જાવું હતું હાડકું ફેરફાર.. એમાં સાઈકલથી પડ્યા. પડ્યા ત્યાં હાડકું સરખું થઈ ગયું. ઉભા થયા તો એલા! આ શું થયું! આ તો રોગ મટી ગયો. સમજાણું? માટે બીજે .. એનાથી? બીજાએ સાયકલેથી પડવું

રોગ મટે માટે એ તો એક યોગાનુયોગ થઈ ગયું. એમ આત્મામાં રાગના ભાવથી નિર્જરા થાય છે એવું એક કહેવામાં આવે છે. નિમિત્ત ગણીને. એવી એક યોગ્યતા ગણીને ક્રિયાનયની પ્રધાનતાથી આત્માનું ભાન થયું એમ વ્યવહારનયનો એક ધર્મ એક જ સમયમાં સમકિતીને છે, મિથ્યાદષ્ટિની અહીં વાત જ નથી. મિથ્યાદષ્ટિ જે છે, રાગની મંદતાની ક્રિયાથી નિર્જરા માને એ તો મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ?

અહીં તો સમ્યગ્દર્શન થયું છે, આત્મા પૂર્ણાનંદનો સાક્ષી ભગવાનનો ભેટો થયો છે, એને કહે છે કે એક ધર્મ એવો શ્રુતજ્ઞાનમાં એક નયે જાણે છે કે ક્રિયાની અનુષ્ઠાનની મુખ્યતાથી સિદ્ધિ સધાય એવું છે. '**થાંભલા વડે માથું ભેદાતાં દષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે એવા અંધની માફક.**' લ્યો! '(**ક્રિયાનયે આત્મા અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય એવો છે, જેમ કોઈ અંધ પુરુષને પત્થરના થાંભલા સાથે માથું ફોડવાથી માથામાંના લોહીનો વિકાર દૂર થવાને લીધે આંખો ખૂલી જાય અને નિધાન પ્રાપ્ત થાય તેમ.**)' મોક્ષ મળે. રાગથી મોક્ષ મળે એમ કહે છે. આવે છેને. એય..! છેને પ્રવચનસારમાં? રાગને કારણે શ્રાવકને પરંપરાએ મોક્ષ મળે. રાગને કારણે લ્યો! પ્રવચનસાર ૨૫૪. એ આમાં ને આમાં ૨૫૪માં. એ એક યોગ્યતા. સમકિત દષ્ટિ પામ્યો છે એની અહીં વાત છે. સમજાણું કાંઈ? અને એ સમ્યગ્દર્શન આ (રાગ) વડે પામ્યો છે એમ નથી. પણ સમ્યગ્દર્શન અનુભવ આત્માનો, નિર્વિકલ્પ આત્મા છે એવું વેદન થયું, અનુભવ થયો, ભાન થયું, સાક્ષી થયો. ત્યારે તેને એક ધર્મ આવો ગણવામાં આવ્યો છે. ત્યારે હોં. સાક્ષી અને સમ્યગ્દર્શન પામ્યો ત્યારે. સમજાણું કાંઈ? લક્ષ્મીચંદભાઈ! ભારે વાત ભાઈ! આહા..હા..!

ક્રિયાનયે આંખો ખૂલીને નિધાન પ્રાપ્ત થયું. એવો એક ધર્મ, યોગ્યતા, એવી એક યોગ્યતા એક સમયમાં ગણવામાં આવી છે. સમજાણું કાંઈ? હવે એ જ સમયે પાછી. સમય તો એનો એ સમકિતીનો. ક્ષાયિક સમકિતી હોય, તોપણ તે એક પ્રકારનો આવો ધર્મ તે કાળે જાણે છે અને તે જ કાળે ક્ષાયિક સમકિતી પણ પોતાના જ્ઞાનનયે મને આ ધર્મ થયો છે એવું પણ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું! આ નયનો અધિકાર બીજે ક્યાંય લીધો નથી. એક ઠેકાણે સમ્યગ્જ્ઞાન દિપીકામાં લીધો છે. નામ જ લખ્યા છે. પણ બીજે તો એવું પણ નથી ક્યાંય. શક્તિનું વર્ણન તો હજી આવ્યું ઘણું દિપચંદજીમાં. ૪૭ શક્તિનું વર્ણન ઘણે ઠેકાણે આવ્યું છે. દીપચંદજીમાં આવશે. એ સિવાય બીજે નથી. દીપચંદજી સિવાય બીજે નથી. ૪૭ શક્તિનું વર્ણન. આનું વર્ણન તો ક્યાંય આવ્યું નથી. સમજાણું કાંઈ?

આત્મા આનંદનું ધામ એવો ભગવાન આત્મા એની જે વર્તમાનમાં પુણ્ય-પાપના વિકલ્પોની દુ:ખદષ્ટિ હતી. એ દુ:ખદષ્ટિ છે. મિથ્યાદષ્ટિ કહો કે દુ:ખદષ્ટિ કહો. એ દષ્ટિ ટાળીને સ્વભાવ સન્મુખનું સમ્યગ્દર્શન થયું છે. એવા સમ્યગ્દર્શનના કાળમાં સમ્યગ્જ્ઞાન જે થયું છે તે સમ્યગ્જ્ઞાન

તે કાળમાં આવી યોગ્યતાના બે પ્રકારના ધર્મ એક સાથે છે એમ જાણે છે. નવરંગભાઈ! સમજાણું કાંઈ? ઓલામાં કહે જુઓ, આમાં અમૃતચંદ્રાચાર્યે લખ્યું છે. તમે કહો કે ક્રિયાથી ન થાય આણે લખ્યું. પણ સાંભળને કઈ અપેક્ષાથી લખ્યું છે? આ તો સમ્યગ્દર્શન જીવને, ક્ષાયિક સમકિત પામ્યો એ જીવને પણ આ જાતનો એક ધર્મ રાગથી નિર્જરા થાય, વ્યવહારથી મોક્ષ થાય એવું જે કહેવામાં આવે છે એવું વાચ્ય યોગ્યતાનો ધર્મ ગણવામાં આવ્યો છે. આમ છે. બાકી કાંઈ કરવા જાય આડુંઅવળું તો પૂર્વાપરવિરોધ જ થશે. સમજાણું કાંઈ? સિદ્ધાંતમાં પૂર્વાપરવિરોધ વીતરાગમાર્ગમાં હોઈ શકે નહિ. ધ્યાન પડ્યું કે અનંતવાર તેં આવા અનુષ્ઠાન કર્યા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' તો એનાથી લાભ ન થયો અને અહીં લાભ કહે તો વિરોધ થયું. સમજાણું કાંઈ? વિરોધ છે જ નહિ. કઈ અપેક્ષાના કથન છે એને જ્ઞાનથી જ્ઞાની બરાબર જાણે છે. સુમેળ કરે છે. દુમેળ કરતો નથી. નહિતર દુમેળ થઈ જશે.

એકકોર કહ્યું, જ્ઞાનગુણના રાગની ક્રિયા કરનારા પરમાર્થે ધર્મને પામતા નથી. લ્યો! પુણ્ય-પાપ નથી આવ્યું? અમારી પહેલા આવી ગયું છે. પુણ્ય-પાપને બે ભેદ માનનારા મહા ઘોર સંસારમાં રખડશે એમ આવી ગયું છે આમાં. શુભ-અશુભ બે ભાવ. શું? શુભ અને અશુભભાવ બેને ભેદ માનનારા કે આ શુભ કાંઈક ઠીક છે અને અશુભ ઠીક નથી. એમ ભેદ માનનારા ઘોર સંસારમાં રખડશે. ૭૭મી છેને? ૭૭-૭૭ લ્યોને. જુઓ. જુઓ, ૭૭. પાનું ૧૩૧ છે. અહીં કહી ગયા અને વળી અહીં કહે છે તો વિરોધ થાય. ૭૭ ગાથા. બે સાત. ૭૭ ગાથા જોતા નથી આવડતી?

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं।**
**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।।७७।।**

નીચે ગુજરાતી.

**નહિ માનતો—એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે,**
**તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે. ૭૭.**

એ પુણ્યભાવ અને પાપમાં કાંઈ ફેર નથી. પુણ્યભાવથી કાંઈક લાભ થાય અને પાપથી અલાભ થાય એમ માનનારા '**મોહથી આચ્છન્ન...**' મિથ્યાદષ્ટિ મોહથી ઢંકાઈ ગયેલા છે. '**ઘોર અપાર સંસારે ભમે.**' ઘોર સંસારમાં રખડશે. આહા..હા..! જુઓ, એકકોર શુભભાવનું ફળ સારું માનનારા ઘોર સંસારે રખડશે એમ કહે છે.

મુમુક્ષુ :- પુણ્યફળ તો અરિહંત છે.

ઉત્તર :- પુણ્યફળ. એ તો બિચારા પંડિતે કહ્યું હોં. કે મારી .. ભૂલ છે એમ તમે કહ્યું. પુણ્યફળા અર્હંતા લખ્યું. આહા..હા..! આવ્યા હતાને ... પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં અર્થ કર્યો છે. આ તો શું? પુણ્યફળમાં તો તમે વીતરાગનું વિજ્ઞાન લખ્યું છે.

મુમુક્ષુ :- પુણ્યફળા અર્હંતા.

ઉત્તર :- અર્હંતા ૪૫ ગાથા. .. ભૂલ કરી. ઠીક કાંઈ વાંધો નથી. કૌંસમાં લખ્યું હતું કે પુણ્યના ફળમાં વીતરાગી વિજ્ઞાન મળે. ભાઈ! આ શું લખ્યું? કીધું. એ તો પુણ્યના ફળમાં તો દેહની ક્રિયા અરિહંતને થાય છે હાલવા-ચાલવાની એની વાત છે. અને પુણ્યફળ તીર્થંકરને અકિંચિત્કર છે એ તો પાઠ છે મહાફળ. અહીં છે કે નહિ? આમ. શું કહેવાય એ? ૪૫. એ ૪૫ ગાથા જુઓ. ૪૫ છે. જુઓ, '**तीर्थंकृता पुण्यविपाकोऽकिंचित्कर**' ૭૫ પાનું. ઉપર-ઉપર તદ્દન ગાથા ઉપર સંસ્કૃત. અથવા તમારે ગુજરાતી જુઓ, '**તીર્થંકરોને પુણ્યનો વિપાક અકિંચિત્કર જ છે (-કાંઈ કરતો નથી, સ્વભાવનો કિંચિત્ ઘાત કરતો નથી)...**' ઘાત કરતો નથી એટલે લાભ પણ કરતો નથી એ (પણ) એમાં આવી ગયો. એ તો જડની ક્રિયા છે એમ કહે. ચાલવું, બોલવું. .. સ્ત્રી.. માયા થઈ જાય છે એ સ્ત્રીઓને માયાચારી.. એ શબ્દ છે. સ્ત્રીને સહજ... જુઓને છેને? '**સ્ત્રીઓને પ્રયત્ન વિના પણ, એના પોતાના યોગ્યતાના સ્વરૂપભાવથી...**' જુઓ, યોગ્યતા આવી એમાં. ૪૫ ગાથા પહેલા. ૪૪ ગાથાનો અર્થ છે. ૪૪માં છે એ બાજુ. '**જેમ સ્ત્રીઓને, પ્રયત્ન વિના પણ, તેવા પ્રકારના યોગ્યતાના સદ્ભાવથી સ્વભાવભૂત જ માયાના ઢાંકણથી ઢંકાયેલો વ્યવહાર પ્રવર્તે છે, તેમ કેવળીભગવંતોને, પ્રયત્ન વિના પણ, તેવા પ્રકારની યોગ્યતાના સદ્ભાવથી...**' ભગવાનને પણ એવી યોગ્યતા જડની પર્યાયની. '**(-ઊભા રહેવું), આસન (-બેસવું), વિહાર અને ધર્મદેશના સ્વભાવભૂત જ પ્રવર્તે છે.**' એ પુણ્યના ફળ તરીકે સહજ થાય છે. આત્મા ક્યાં એની પાસે જાય છે? સમજાણું કાંઈ?

ત્યાં કહ્યું કે શુભભાવ અને અશુભભાવ, શુભથી પુણ્ય બંધાય અને અશુભથી પાપ બંધાય. એ બેય બંધનનું જ કારણ છે. એમાં કાંઈ ફેર માને કે પુણ્યથી કાંઈક લાભ થશે હળવે-હળવે. સ્થિતિ રસ ઘટશે અને પછી પરંપરાએ ધર્મ પામશે. એમ ફેરફાર જરી શુભભાવ અને અશુભમાં માને, મિથ્યાદૃષ્ટિ ઘોર સંસાર નિગોદ આદિમાં જશે. નવરંગભાઈ! ભારે! ઈ જ પાછે અહીં એમ કહે કે એ શુભભાવથી એને ધર્મ થયો. એ તો શુભભાવ પરંપરા એને કહ્યું. પરંપરા શું કરવા? કે ટાળીને શુદ્ધોપયોગ કરશે એ. રાગ તો નુકસાનકારક એનું કારણ રાગ તો જ્ઞાનીને ઝેર છે. આહા..હા..! ભારે જગતને ભાઈ! સત્યને સમજવા માટે પણ એને આગ્રહના પાર ન મળે. હજી એટલું શાસ્ત્રના અર્થને સમજવાના ઠેકાણા ન મળે, એને આત્મ અર્થની પ્રાપ્તિ થાય. ક્યાંથી થાય?

કહે છે કે એ ઓલાના લોહીનો જેમ વિકાર દૂર થયો અને આંખ ખુલી અને નિધાન દેખાણું. જુઓ, એ શુભભાવથી મોક્ષ થાય એમ પુરુષાર્થસિદ્ધિમાં આવે છે. બેથી મોક્ષની પ્રાપ્તિ થાય. નિશ્ચય અને વ્યવહાર બે મોક્ષમાર્ગથી થાય. સમજાણું? એ કથન છે. નિમિત્તનું જ્ઞાન કરાવે છે. સમજાણું? કેટલામી? ૨૨? ૨૨૨ નીકળી લ્યો. ૨૨૨.

सम्यक्त्वबोधचारित्रलक्षणो मोक्षमार्ग इत्येषः।
मुख्योपचाररूपः प्रापयति परं पदं पुरुषम्।।२२२।।

જુઓ, '**આ રીતે આ પૂર્વકથિત નિશ્ચય અને વ્યવહાર...**' મુખ્ય એટલે નિશ્ચય અને ઉપચાર એટલે વ્યવહાર. '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર લક્ષણવાળો મોક્ષનો માર્ગ આત્માને પરમાત્માનું પદ પ્રાપ્ત કરાવે છે.**' એ નિમિત્તની યોગ્યતાનું જ્ઞાન કરાવ્યું છે. શું થાય? 'વાદવિવાદ કરે સો અંધા.' તત્ત્વને સમજે નહિ અને વાદવિવાદમાં પડે. તત્ત્વ શું વસ્તુ છે એની ખબર નથી. સમજાણું?

અહીં કહે છે કે જે જીવને ધર્મદૃષ્ટિ પ્રગટી છે, આત્માનો અનુભવ થયો છે. સમજાણું કાંઈ? એવા ધર્મી જીવને એવી યોગ્યતાવાળો એક ધર્મ ગણવામાં આવ્યો છે. એવો વ્યવહાર હોય તેને જે પ્રકારનો કષાય મંદ, જે દેવ-ગુરુ-શાસ્ત્ર .. જેવો રાગ હોયને એવો હોય એટલે એમાં નિમિત્તથી આરોપ કરીને કહેવામાં આવ્યું છે. કહેવામાં આવ્યું એવો એક ધર્મ ગણવામાં આવ્યો. બસ એટલી વાત. સમજાણું કાંઈ? હવે એ જ જીવને, એ જ જીવ એ જ સમયમાં બીજો ધર્મ છે મારામાં એ પણ ત્યાં જોવે છે.

(૪૩) '**આત્મદ્રવ્ય જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી...**' જુઓ, '**સિદ્ધિ સધાય એવું છે,...**' વિવેકથી-વિવેકથી. એમાં કાંઈ આવા ક્રિયા, તપ કરે અને એમાં થાય એવું નથી. એમ સમકિત થયા પછી એમ જાણે છે એમ કહે છે. અજ્ઞાની ચણ્યાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર જેવો. કહો, એક માણસ પાસે ચિંતામણિ હતું. ઓલો વાણિયો ગયો. એને ખબર પડી કે માળુ આ તો ચિંતામણિ છે. એના અજવાળે રોટલા કરતા હતા. એને કાંઈ ખબર નહિ. આ તો અમારે ઘાસતેલ બળતું આટલું, પ્રકાશ થઈને. એ તો જે ચિંતવે એવું પ્રગટ થાતું હતું એને ખબર નહિ કે આમાંથી થાય છે. ઓલો કહે, આ તો ચિંતામણિ રત્ન છે આની પાસે. તારે આ દેવું છે મને? આ ચણા દઈએ. તો ચણ્યા ખાવામાં કામ આવે. આ શું કામ આવે? મુઠ્ઠી ચણા આપ્યા. લ્યો! .. કર્યું હતું.

ભાઈ હતાને. નટુભાઈ. નટુભાઈ વારિયા હતા. એ દરિયામાં અંબર નીકળેને અંબર? ભાઈ! ઉંચું અંબર આવે છેને? તે દિ' સો રૂપિયાનો તોલો હતો. હવે તો ગમે તે થયું હોય. આ તો ઘણા વર્ષની વાત છે. સો રૂપિયાનો એક તોલો. એટલે ઓલા ખજુરનું વહાણ ભરીને વાણિયાને આપ્યો. ખજુરનું વહાણ ભરીને. એમાં ઓલા આવે શું કહેવાય એ ખારિયા-ખારવા. ખારવા. મણ-મણ બબ્બે મણ અંબર લઈને આવે. ઓલું કર્યું હોયને બહુ ગરમ મગરમચ્છ. બહુ ગરમ હોય. બહુ .. પડ્યા હોય ઓલા ફીણ-ફીણ. એ ફીણને અફીણ કહે છે ઓલા અંબર કહે છે. મગરમચ્છના ફીણ. બહુ ગરમ પાણીમાં રહેનારા અને બહુ માછલા ખાનારા. અને એનું ફૂ... કરે એમાં ફીણ નીકળે એનો ઢગલો થાય. સો-સો રૂપિયાનો તોલો તે દિ' હતો હોં. અત્યારે હોય જ શેનો? અંબર. એ ઓલા લઈને આવે, શેઠ! આ લેશો? શું છે

આ? કે આ છે ઓલા મગરમચ્છનો સંદેશો. ત્યાં .. હોયને. ચાર મણ ખજુરની વાડીયું અને આ દોઢ મણ અંબર. સો રૂપિયાનો તોલો. નટુભાઈ કહેતા. નટુભાઈ વારિયા. પૈસા આમ થઈ ગયા હતા. સમજ્યાને. અમે ક્યાં રળવા ગયા હતા? પૈસા આમ થઈ ગયેલા. દોઢ મણ એક મણનું અંબર. એક સો રૂપિયાનો તોલો. એક મણનું આવે અને ચાર મણ ખજુર આપી દે. વાડીયું ચાર મણ ખાય ખુશી-ખુશી થઈ જાય કહે આહા..હા..! શેઠે બહુ આપ્યું. એમ કે આ ખજુરના વાડીયા હોયને ચાર-ચાર મણના આવતા. હવે ચાર મણનું તે દિ' હતું દશ રૂપિયાનું. અઢી રૂપિયાનો ખજુર હતો. બે રૂપિયાનું. આઠ રૂપિયાનું .. સમજ્યાને આખું. આઠ રૂપિયાનું દઈને કેટલા લાખોનું એ કહેવાય. સો રૂપિયાનું તોલું એવો એક શેર. એવા-એવા મણ, દશ મણ લઈને આવે. ભાન ન મળે એને કે આ તે અંબર છે. આ તો ઉંચી ચીજ છે. શેઠિયાને ઘરે, રાજ ઘરે વેચે સો-સો રૂપિયાનો તોલો. એમ અજ્ઞાનીને ભાન નથી. સમજાય છે? એવા જીવની પાસેથી કહે છે જેમ લીધું એમ જ્ઞાનનયે પ્રધાનતાથી **'ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર એવો જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક.'** લ્યો!

મુમુક્ષુ :- એમ સરળતાથી પૈસા કમાઈ ગયો એમ સરળતાથી ધર્મ થાય.

ઉત્તર :- સરળમાં આમ અંદર જે ભગવાન છે. વિકલ્પ વિનાની ચીજ છે એની દૃષ્ટિનો અનુભવ થયો છે તો એવો એક ધર્મ પણ તે સમયે જાણે છે. જ્ઞાનના ભાનથી થયો છે આ. થયો છે અને તે વખતે પણ એક ધર્મ છે. સ્વસંવેદન જ્ઞાન. કાંઈ મહેનત નહિ, કષ્ટ નહિ, દુઃખદાયક નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી જીવને સમ્યગ્દર્શન થયા વખતે આવો એક ધર્મ પછી પણ જાણે છે કે સ્વસંવેદનથી આખો આત્મા પ્રાપ્ત થાય છે. આત્માનું સ્વ નામ પોતાપણું, સં નામ પ્રત્યક્ષ. મતિશ્રુતજ્ઞાનના પ્રત્યક્ષ દ્વારા આત્મા પ્રાપ્ત થાય છે. એવો એક મારામાં ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ઘરના ખૂણામાં બેઠેલો. જુઓ, દુકાન માંડીને બેઠેલો નહિ. ઘરના ખૂણામાં વેપારી. એવા હોય છે વેપારી. એને ઘરે માલ હોય. માલ લેવા જાયને. એ ઘરે જ વેચે. ભાઈ! ઘરે જ રાખતા. ગૃહસ્થ હતો. અમે માલ લેવા જતાને જ્યારે. એક બાપ-દીકરા હતા. હતા ભોળા બહુ. પણ એને ત્યાં માલ પડ્યો મણિયારાનો બધો. એને ઘરમાં જ હોય માલ. વેપાર દુકાન-બુકાન નહિ. એમાં પડ્યો હોય. એ .. કાઢ્યો દશ-દશ, પાંચ-પાંચ હજાર, દશ-દશ હજાર માલ. ભરૂચની વાત છે હોં આ તો ઘણા વર્ષની વાત છે. ભેખડ મોટી હતી. એની કોર ...બહેન રહેતા હતા. બહુ બાપ-દીકરો એવા હતા કે ઘરમાં પૈસા હતા તો પૈસાનો માલ રાખે. જેને આવવું હોય એ મારે ઘરે આવો. દુકાન-બુકાન નથી. આ ઘરના ખૂણામાં બેઠો ઓલો લેવા આવ્યો હતો અહીં. એમ આત્માની અંદરમાં એકાગ્ર થઈ અને આત્માનો આનંદ અને શાંતિ મળે છે. એવો એક ધર્મ આત્મામાં જે વખતે ક્રિયાનયનો ધર્મ ગણ્યો છે તે જ

વખતે એક આવો ધર્મ ગણ્યો છે. એક જીવને આમ ક્રિયા થઈ અને બીજાને જ્ઞાનનયથી એમ પણ નથી, તેમ તે તે જીવને કોઈ વખતે ક્રિયાનયથી અને કોઈ વખતે જ્ઞાનનયથી એમ પણ નથી. માસ્તર!

એક જ સમયમાં આત્મામાં, પહેલા કહી ગયા છે, અનંતા ધર્મો છે એક સમયમાં. એ દરેક ધર્મને એક-એક નય જાણે એટલે નય વ્યાપે એમ કહેવામાં આવે છે. એ અનંતા નયો એક જ સમયમાં શ્રુતજ્ઞાનમાં વ્યાપે છે. શ્રુતજ્ઞાન દ્વારા આવા ધર્મ જાણતા શુદ્ધ દ્રવ્ય છે એમ જ્ઞાનીને અનુભવમાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્રિયાની કીધુંને. રાગ મંદ છેને એ વખતે? ભક્તિ આદિ છે કે નહિ એને? અને એ વખતે પણ છેને. એ વખતે રાગ મંદ છેને ભક્તિ આદિ. એ ચર્ચા ચાલી છે મોટી આત્મવૈભવમાં. ઓલા શું કહેવાય? ભરતેશ વૈભવમાં. વૈભવમાં એ ચર્ચા ચાલી છે. બાપ-દિકરાને. ચક્રવર્તી પિતા હતા અને એનો પુત્ર હતો. એ તો ચક્રવર્તી એટલે કે એક-એક સેકન્ડની કરોડો-અબજો રૂપિયાની પેદાશ. મોટા રાજા. ચૌદ હજાર દેવ તો સેવા કરે. પહેલા તો મામાની દીકરીને એમ પરણતાને એ તો. એના મામા આવેલા ઓલા નમી છેને નમી. વૈતાલક પર્વતમાં વિદ્યાધરો એ નમી એના મામા થાય એ છોકરાના અને નમીને એની બહેન હતી ભરતને ઘરે. બહેનનો દીકરો અને પોતાની દીકરી પરણે એ વખતે એમ હતુંને. તો એ દીકરી દેવા આવેલા. સગપણ કરવા. અને એમાં થઈ ચર્ચા છોકરા સાથે. અને એના મામા સાથે. પછી એના મામા સાથે વાત થતાં એના મામાએ તો કહ્યું કે અભેદ રત્નત્રયથી મુક્તિ થાય, ભેદરત્નત્રયથી, વ્યવહારથી નહિ. સમજાણું? એ ચર્ચા એની સાથે છોકરાને. તો એ છોકરાને એના બાપ પાસે-ભરત પાસે ચર્ચા ચાલી. ભાઈ! રાજકુમાર મોટા હોં. મણિરત્નના પુતળા.

ભરત કહે છે અરે..! ભાઈઓ! અરે..! છોકરાઓ! વ્યવહારરત્નત્રયથી મુક્તિ ધર્મ પમાય કે નહિ? ના. શું આ દેવ આદીશ્વર ભગવાન બિરાજે છે ત્રણ લોકના નાથ અમારા પિતા એની ભક્તિથી નહિ? આ શું કરો છો તમે? સમજાણું કાંઈ? આ ભગવાન બિરાજે છે કેવળજ્ઞાની આપણા પિતા. બધું મૂકીને ત્યાગી-મુનિ થયા છે, કેવળ પામ્યા. એની ભક્તિથી ધર્મ નહિ. ના. ના. કહે. છોકરા કહે. બાપા! શું થઈ ગયું તમને આ? છોકરા કહે છે બાપાને. કે બાપા! તમે કાંઈક પહેલા તો ના પાડતા હતા અને વળી અત્યારે શું થઈ ગયું? માળા તમે ફરી ગયા? ઓલો ભરત છોકરાને કહે છે, ઓલો કન્યા દેવા આવ્યો છે તો તારા મામાના પક્ષમાં ગરી ગયા તમે? ના. ના. પિતાજી! તમે કહેતા હતા પહેલા કે વ્યવહારરત્નત્રયના વિકલ્પથી આત્માને ધર્મ અને નિર્જરા, મુક્તિ થાય નહિ. અભેદ રત્નત્રયથી થાય. માણેકલાલ! વાંચ્યું છે તમે? ભરતેશ વૈભવ ગુજરાતી આવે છે. ભરતેશ વૈભવ. એમાં આ ચર્ચા. પછી ભરત

કહે છે કે વાહ! વાહ! દીકરા! પછી પહેલા તો બાપ તમે દીકરી દેવા આવ્યા એટલે એના પક્ષમાં ચડી ગયા? તારો મામો ના પાડે વ્યવહારથી એટલે સાચું થઈ ગયું? પિતાજી! એમ નથી. અમે તો સાચી વાત તમે કહેતા એ માનીએ છીએ અમે તો. તમે કહેતા હતા કે ઋષભદેવ ભગવાનની, ભક્તિથી રાગ થાય. એનાથી ધર્મ થાય નહિ. આપ જ કહેતા હતા. વાહ! બેટા વાહ! એય..! ડોક્ટર! આ બધું પહેલેથી ચાલ્યું આવે છે હોં. કાંઈ નવું નથી. આપણે તો ભક્તિ કરીએ બસ ભગવાનની, આપણે બીજું કાંઈ નહિ. ભક્તિ કરીએ આપણું કલ્યાણ થાય. ધૂળેય નહિ થાય. અહીં તો ત્રણ લોકના નાથની સમવસરણમાં ભક્તિ કરને મણિરત્નના દીવા અને હીરાના થાળ (વડે). શુભભાવ છે, પુણ્ય છે. એ પરસન્મુખનો ભાવ છે. એ સ્વસન્મુખનો ભાવ નથી અને એના વડે સ્વસન્મુખ થવાય એમ પણ છે નહિ. અરે..! અરે..! ભારે વાત ભાઈ! એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કીધુંને ઘોર સંસારમાં કીધું. પુણ્યભાવથી, શુભભાવથી ધર્મ થશે અને પરંપરાએ પણ કલ્યાણ થશે તો એને પુણ્ય-પાપના ભેદને જુદા-જુદા જાણ્યા. બે એક જાત છે બંધના કારણ, એમ જાણ્યા નથી. મિથ્યાદૃષ્ટિ ઘોર સંસારમાં રખડશે. આહા..હા..! આવી વાત સ્પષ્ટ છે છતાં. એ તો ભાઈ એમ કહેતા હતા બંસીધરજી. આ ગાથા બોલતા હોં બંસીધરજી. બંસીધરજી કહે, આ વાત બરાબર છે. ભગવાન કહે છે ૭૩મી ગાથામાં. શુભ અને અશુભભાવ બેય બંધના કારણ છે. બિલકુલ બંધના કારણ છે. એને બિલકુલ લાભનું કારણ નથી. એમ કહેતા. સમજાણું કાંઈ? અહીં જે કહ્યું એ તો એની યોગ્યતાનો એક ધર્મ ગણ્યો. સમકિત પામ્યા પછીની વાત છે. પામશે અને એમ વાત અહીંયાં નથી. સમજાણું કાંઈ?

કહે છે કે '**જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું...**' દ્રવ્ય છે એમ કહેવું છેને? એવું આત્મદ્રવ્ય. '(**જ્ઞાનનયે આત્માને વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે, જેમ ઘરના ખૂણામાં બેઠેલો વેપારી ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદી લે તેમ.**)' સમજાણું કાંઈ? બીજી વાત આવે છેને આપણે. અનુભવપ્રકાશમાં આવે છે. કે એક માણસ હતો. ઘણા ત્યાં રત્ન હતા રત્ન. ચિંતામણિ નહિ પણ રત્ન. મોટા નિલમણિના. એમાં મોટા ડુંગરા હતા. માલ ત્યાં રહેતો હતો. એની કાંઈ કિંમત નહિ, પણ એકાદ બે કંદોરે બાંધી દીધેલા. કંદોરે. એમાં ન્હાવા ગયો. એને કાંઈ ખબર નહિ ન્હાવામાં. એમાં એક વેપારી આવ્યો. ઓલો ન્હાતો હતો એમાં એનું પાણી લીલું થઈ ગયું બધું. ઝવેરી કહે આ શું? આ તો ગરીબ માણસ છે અને આ તો નિલમણી લાગે છે. પાણી બધું લીલું થઈ ગયું. બોલાવ્યો. મારે ઘરે ચાલ. કહે શું છે શેઠ? જો આ સોનાની વખાર છે. સેંકડો સોનાની વખારો પડી છે સોનાની લગડીયું. ઓલું તારી પાસે છે એ મને દેવું હોય અને આ લેવું

હોય તો લે. હેં! અરે..! હું જ્યાં રહેતો હતો ત્યાં તો આવી નિલમણીના ઢગલા હતા. આ તો એક રહી ગયું કંદોરે એટલે. આટલી કિંમતનું? બાપા! .. અમારી આ સોનાની સેંકડો વખારું છે. એક આપીએ તો ... લઈ જાવને શેઠ! સમજાણું કાંઈ? હવે ત્યાં નિલમણી સોનામાં ક્યાં ગણતરીના પાર ન મળે એટલી કિંમતવાળું હોય છે. એમ આત્માનો જ્યાં વિવેક થયો છે તે આમ જાણે છે. અહો..! ભગવાન વગર કષ્ટે અને વગર કલેશે મળે એવો પ્રાપ્ત છે. ફક્ત રાગના ભેદ પાડીને સ્વભાવમાં ઠરે એવી મારામાં એક યોગ્યતાનો ધર્મ છે એમ સમકિતી જાણે છે. આહા..હા..! દેવીલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દુઃખી-દુઃખી નથી. એ તો પહેલી યોગ્યતા ગણી. ઓલું હમણા સુખે-સુખે કીધું ખરુંને. રાગથી નિર્જરા કીધી છે શાસ્ત્રમાં. રાગથી મોક્ષ કીધો છે શાસ્ત્રમાં. એનો અર્થ કે છે નહિ, પણ એ વખતે એવી કષાયની મંદતાના એક યોગ્યતાનો ભાવ ગણીને સમકિત થયા પછીની વાત છે આ. સમ્યગ્દૃષ્ટિ પોતાની યોગ્યતામાં એક વ્યવહારુ ધર્મ આવો પણ જાણે છે અને એ નિશ્ચયધર્મ વિવેકથી થાય એમ પણ જાણે છે. એમ કહે છે. એક જ સમયમાં.

મુમુક્ષુ :- ભરત ચક્રવર્તીને મોક્ષ થાય.

ઉત્તર :- ઈ વાત જ સમજતા નથી. એ વાત અમારે થઈ હતી. પ્રકાર એક જ છે. એક ફેરી અંદરમાં તર્ક કરેલું. કીધું આ ઓલા એમાં તો એમ આવેને મરુદેવી હાથીને હોદ્દે મોક્ષ જાય. અને બીજા બાર-બાર મહિનાના અપવાસ કરે. કહે આ બેમાંથી સારું શું? ૮૭ની વાત છે. ત્યારે કોક ઓલા કહે આહા..હા..! હાથીને હોદ્દે! મોક્ષની વાત સમજતા નથી. સમજાણું? એ વાત .. એમાં ચાર પ્રકાર મૂક્યા. એ મોક્ષ ગયા, ઘણા કષ્ટ કરીને ગયા. ... કીધું આમાં પાસ શું કરો તમે? ૮૭માં આ વાત થઈ હતી હોં. આવું હોય તો પછી... અરે..! તમને મોક્ષની ખબર નથી. મોક્ષ તો રાગથી રહિત આત્માનો આશ્રય કરીને મુક્તિ થાય એનું નામ મુક્તો છે. હવે આ આટલા કષ્ટ ત્યાં હશે?

મુમુક્ષુ :- આખો દુઃખી થાય...

ઉત્તર :- એ બધી ખોટી વાતું બધી. .. શુભ વિપાકનું કથન જ ખોટું છે બધું. શ્વેતાંબરમાં આવે છેને. ત્યાં તો એને આહાર-પાણી સાધુને દે અને સંસાર પરિત કર્યો એમ કહે છે. .. ત્રણ કાળમાં હોય છે? પરદ્રવ્યને, ભલે તીર્થંકર ત્રણ લોકના નાથ હોય, પણ એને આહાર આપવાનો ભાવ એ પુણ્ય છે. નિર્જરા ધર્મ છે નહિ. સમજાણું? એ અમારે બધી ચર્ચા બહુ થઈ હતી. કીધું ... તમારા ધરમશી. એના મિત્ર બહેનના સસરા. .. એ ૭૭ની વાત છે. ૭૭ની સાલની. એક આર્જિકા કહે જુઓ પરિત સંસાર આમ થયો. ગોંડલમાં ૭૭ની વાત છે. પરિત સંસાર-ફંસાર નથી. આહાર ભગવાનને દે તો સંસાર પરિત-ઘટી જાય એવું વસ્તુનું

સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આર્જિકાને વાંધો હતો. એ આર્જિકા હતા. મોટી .. પાર્વતીબાઈ નામ હતું. બહુ બૌદ્ધ. .. ન હોય. બાપા સાંભળો ભાઈ! એમ વાત સાચી નથી. ત્રણ લોકના નાથ પણ છદ્મસ્થ જ્યારે આવે અને આહાર આપે તો એને પરને લક્ષે પરિત સંસાર થઈ જાય એ વસ્તુનું સ્વરૂપ નથી. એય..! શ્વેતાંબરમાં તો એ લેખ છે. સમજાણું કાંઈ? .. સાધુને આહાર આપતા .. નિર્જરા.. ધૂળેય નિર્જરા થાતી નથી. શુભભાવથી નિર્જરા નહિ, સંવર નહિ, એનાથી પરંપરા મુક્તિ ત્રણ કાળમાં નહિ. અહીં તો એ કહે છે કે રાગની મંદતા એનો યોગ ગણીને એવો એક ધર્મ ગણ્યો, તે જ સમયે જ્ઞાનનો વિવેકવાળો ધર્મ ગણ્યો. એક જીવને બે સમયે કે બે ક્ષણે છે કે જુદાને જુદા એમ પણ નથી. આવી એક યોગ્યતાનો ધર્મ ગણીને જ્ઞાની પોતાના જ્ઞાનમાં જાણે છે. ત્યારે તેનું સમ્યગ્જ્ઞાન સાચું કામ કરે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧, સોમવાર, તા. ૧૦.૧૧.૧૯૬૯**
**નય-૪૩ થી ૪૫, પ્રવચન-૨૭૭**

પ્રવચનસાર. એમાં નયનો અધિકાર છે પરિશિષ્ટનો. એટલે શું કહે છે? કે આ આત્મા જે છે આત્મા એ વસ્તુ છે અને એમાં વસેલા અનંત ગુણો છે. એ અનંતગુણનું એકરૂપ એવું જે આત્મદ્રવ્ય વસ્તુ, એની સમ્યગ્દર્શન દશા પ્રગટ કરતાં એટલે કે એ વસ્તુ પોતે સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર ભગવાને જે આત્મા પ્રગટ કર્યો એવો આ આત્મા છે. જે સિદ્ધના ગુણો જે અનંત પ્રગટ થયા એ બધા ગુણો અંતરમાં હતા એમાંથી આવ્યા છે. એ કાંઈ રાગની ક્રિયા કે નિમિત્તના અવલંબનથી એ કાંઈ પર્યાય પ્રગટ થાય છે એમ નથી. એ વસ્તુ જ પોતે ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યકંદ, સુખકંદ આત્મા છે. એની દષ્ટિ સંયોગની ચીજ ઉપરથી હટાવી, સંયોગી વિકલ્પોના પુણ્ય-પાપના ભાવની ગતિઓથી ઉઠાવી, એક સમયની

પર્યાય ઉપર જે અનાદિનું લક્ષ છે એનાથી ઉઠાવી અને ધ્રુવ ચૈતન્ય છે એમાં દૃષ્ટિને સ્થાપતા આત્માનો અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનમાં એના ધ્યેયમાં તો ધ્રુવ છે આખું. અખંડ અભેદ ચીજ. પણ એનું જે દર્શન થયું એની સાથે જે જ્ઞાન થાય છે એ જ્ઞાન આત્મામાં જેટલા પ્રકારના ગુણો, એકરૂપ દ્રવ્ય, અનેક પ્રકારની પર્યાયો નામ અવસ્થા વિકાર કે અવિકાર જે કાંઈ સાધક છે એટલે જે છે, એ બધાને સમ્યગ્જ્ઞાન બરાબર જાણે છે. સમજાણું કાંઈ? હવે આજથી આ ઝીણો વિષય થોડો.

આત્મામાં અનંત ધર્મ છે. ધર્મ એટલે? એમાં રહેલા ભાવો. શરીર, વાણી, મન એ પર છે. એની સાથે કાંઈ સંબંધ નથી. એ તો જગતના પદાર્થો. જગતથી તેને કારણે ટકી અને પરિણમી રહ્યા છે. આત્મા જે વસ્તુ છે એ આત્મા કેવો? કે જે સર્વજ્ઞ પરમેશ્વરે જોયો તેવો. સમજાણું કાંઈ? એવો જે આ આત્મા એ તો શરીર, વાણીની ક્રિયાથી ભિન્ન છે, દયા, દાન, વ્રતના વિકલ્પોથી પણ એ તો જુદો છે અને એક સમયની અવસ્થા જે હાલત વ્યક્ત પ્રગટ છે એનાથી મૂળ ચીજ અવ્યક્ત દ્રવ્ય પણ જુદી છે. સમજાણું કાંઈ? એવી ચીજ જે આખો આનંદનો સુખકંદ પ્રભુ છે. એની દૃષ્ટિ એટલે આ વસ્તુ છે એમ શ્રદ્ધામાં, અનુભવમાં આવવું એને ધર્મની પહેલી દશા કહેવામાં આવે છે. એ ધર્મ પ્રગટ્યો છે એનું ધર્મી જીવને જ્ઞાન થયું છે. એની દશામાં સુખ હોય છે અને તે એક-એક ધર્મને એક નય એટલે જ્ઞાનનો એક અંશ જાણે અને બધા ધર્મને એમાં અનંત નયોનો સમૂહ પ્રમાણ શ્રુતજ્ઞાન સમકિતીનું બધાને એક સાથે જાણે. સમજાણું કાંઈ? પરને જાણવા-જોવાની વાત આમાં રહી નહિ.

એ અહીંયાં કહે છે. જુઓ આપણે ૪૩મો બોલ આવી ગયો છેને? ચાર નય બાકી છે. ૪૭ નય ચાલી છે. ક્રિયાનય અને જ્ઞાનનય બે નયની વાત ચાલી ગઈ છે. સમજાણું કાંઈ? કે આત્મામાં છેલ્લી '**૪૩મી**' હોં. કે '**જ્ઞાનનયે...**' ધર્મી જીવ પોતાના વસ્તુના આત્મજ્ઞાનમાં આવ્યો, આત્માનું જ્ઞાન થયું, જે આત્મા છે તેનું જ્ઞાન થયું. નહોતું જ્ઞાન ત્યારે પરનું જ્ઞાન હતું, પોતાનું હતું નહિ. એ જ્યારે પોતાનો આત્મા જ્ઞાનનો પિંડ પ્રભુ છે એવું જે આત્માનું જ્ઞાન થયું, એ જ્ઞાનનો પર્યાય શ્રુતપ્રમાણરૂપ છે એ આખા આત્મામાં જેટલા ભાવો છે એને જાણવાનું કામ કરે છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે '**જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે,...**' ફક્ત ત્યાં વિવેક જોઈએ. માણસ નથી કહેતા? 'ધર્મ વિવેકે નિપજે જો સમજે તો થાય.' કરીએ તો થાય. પણ એ સમજે એ કરવું છે. કરીએ તો એટલે શું? જો સમજે તો થાય. એમ વાત છે. આ નથી કહેતા માણસ? ધર્મ હાટે શું કહે છે? હા, 'ધર્મ વાડીએ નીપજે અને ધર્મ હાટે ન વેંચાય, ધર્મ વિવેકે નીપજે જો સમજે તો થાય.' એટલે આત્મા પોતે જ ધર્મ એટલે સ્વભાવનો પિંડ જ પોતે છે. એના ધર્મની દશા કાંઈ બહારથી આવતી નથી. અને

ધર્મ એ દશા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ધર્મ છે એ આત્માની એક દશા છે. એ દશા એટલે અવસ્થા છે. એ અવસ્થા કાંઈ બહારથી આવતી નથી. રાગની ક્રિયામાંથી એ અવસ્થા આવતી નથી. નિમિત્તમાંથી આવતી નથી. ભગવાનને દેખવાથી કાંઈ ભગવાનમાંથી આવતી નથી. ભગવાનની પ્રતિમા દેખવાથી કાંઈ ત્યાંથી એ પર્યાય આવતી નથી. દેવીલાલજી! આરે ભાઈ!

ભગવાન અનંતગુણનો પિંડ છે એમાં કહે છે કે વિવેકે ધર્મ થાય છે. એ રાગથી ભિન્ન પડીને જ્ઞાને આત્માને પકડ્યું. સહજ સ્વભાવ સ્વસંવેદન જ્ઞાન દ્વારા આત્માનો અનુભવ થાય છે એ સ્વભાવિક વસ્તુ વિવેકથી થાય છે. એમાંથી કોઈ કષ્ટને બહુ આ કરવું પડે અને આવા અપવાસ કરે અને ફલાણું એવું છે નહિ. સમજાણું કાંઈ? દાખલો આપ્યો છેને એમાં જુઓને. **‘ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર એવો જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક.’** ..ઓલો અંબરનો નહોતો આપ્યો? ખજુરનું વાડીયું દઈને એક મણ અંબર, દોઢ મણ અંબર લઈ લીધું. સો રૂપિયાનું તોલો. ચાર મણ કેટલું થાતું હશે? લાખ સવા લાખ રૂપિયા. લાખ, સવા લાખ થાય. એક તોલાના સો એવું ચાલીસ રૂપિયા ભાર અને એવું ચાર મણનો ખજુર. એ ચાર મણના ખજુરના અઢી રૂપિયા અને ઓલાના આઠ રૂપિયા. ... એ ખજુર આપીને ઓલું લઈ લીધું. પાછું ખુશીથી આપ્યું એમ. અરે..! આ તો ખજુર ખવાય. કાંઈ અંબર ખવાય છે કાંઈ? પણ ઓલાને દરિયામાંથી મળેલા. અને ઘણીવાર આવે કહે. પંદર દિ' મહિને, બે મહિને લઈને આવે. ખજુરનું વાડીયું આપીએ એટલે ખુશી થાય. હવે તો બધા પહોંચી ગયા છે. હવે તો પહોંચી ગયા છે. હવે તો બધા. તે દિ' વાત છે આ તો .. વર્ષ પહેલાની. હવે તો બધા જાણી ગયા કે ઓય માળે! આ તો ભારે કિંમતની ચીજ છે. આપણે ઓલા વહાણમાં નાખીને શહેરમાં લઈ જઈએ. અને શહેરમાં એની કિંમત કરાવીએ. આ તો જે દિ' નહોતા તે દિ'.

એમ આત્મા અંતરમાં જ્ઞાનનિધિ વસ્તુ છે. એના જ્ઞાનની એકાગ્રતા દ્વારા, રમણતા દ્વારા તેની પ્રાપ્તિ થાય છે. એને કોઈ બહારની ક્રિયાકાંડમાં કષ્ટ થાય તો પ્રાપ્ત થાય એવો આત્મા છે જ નહિ એમ કહે છે. ક્રિયાનયમાં તો આવ્યું હતું. એ તો એ આવ્યું હતું શું? ઓલું શુભભાવથી થાય છે એવી યોગ્યતા ગણી, પણ શુભભાવથી થાતો નથી. સમજાણું કાંઈ? જ્ઞાન કરાવ્યું છે એ તો. એક વ્યવહાર અને એક નિશ્ચય, એક વ્યવહાર અને નિશ્ચય એવી રીતે જ્ઞાન કરાવ્યું છે. અહીં કહે છે **‘ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર...’** એક મુઠ્ઠી આપે અને ચિંતામણિ. ચિંતામણિ પાછું હોં. ઓલું નથી કીધું હોં. રત્ન-બતન નહિ આ તો ચિંતામણિ. ચિંતામણિ એટલે કે ચિંતવે એવું થાય. એમ ચિંતામણિ. મણિરત્નની વાત નથી અહીં તો. ચિંતામણિ લીધું. હાથમાં હતું એને કાંઈ ખબર નહિ. લ્યોને આ ચણાને ખવાશે. એ કાંઈ ખવાશે નહિ. હા. ... લ્યો! સમજાણું કાંઈ? આ નાના છોકરાને હોય છેને

આ દિવાળીના ઓલામાં .. એના દાગીના પહેરીને બહાર રમવા મોકલ્યા હોય. એવો લાગ જોઈને કોઈ કંદોઈ (બનીને) નીકળે, પેંડા-બેંડા હોય એની પાસે. પેંડા આમ ચખાડે. કોઈ ન હોય મા-બાપ આસપાસ. ચખાડે તો ઓલો ડોકમાં હોયને .. દાગીનો. આમ લઈને ચખાડે તો સારો લાગે. આહા..! ત્યાં ઓલો દાગીનો લઈ લે એની ખબર ન પડે. દાગીનો એની જીભે અડાડે તો સારું ન લાગે. પણ પેંડો અડાડે મોટા આવડો મોટો. આમ આપે તો હોય ચાર આનાનો. તે દિ' તો ચાર આના ક્યાં હતા. આ તો બે પૈસાનો પેંડો હતો. બે આનાનો શેર. બે આનાના શેર પેંડા હતા. ૫૦ વર્ષ પહેલા. બે આનાના શેર. બે આનાના શેર સારામાં સારા ઉમરાળામાં કહેવાય તે. ઉમરાળાના પેંડા ઉંચા કહેવાય છે. અમારે તો આ બધી અનુભવેલી વાત છે. છ પૈસાના શેર ગાંઠીયા અને બે આનાના શેર પેંડા. કાળીદાસભાઈ! હા હા. ઓલા બીડીયુંવાળાની દુકાન નહોતી જુઠાબોલાની.

મુમુક્ષુ :- દાસના પેંડા.

ઉત્તર :- હા દાસના પેંડા. દાસ પુરૂષોતમ દાસના. એ .. આ તો ત્યાં અપાસરાની જોડે હતા. અમે ત્યાં દીક્ષા લીધી હતી. છ પૈસાના ગાંઠીયા સારા હોં. અત્યારે કોણ જાણે તમારે બે રૂપિયે પણ મળે નહિ અને બે આનાના પેંડા. બે આનાના પેંડા. કહે છે કે ઓલાને પેંડો ખવરાવીને બસ્સો રૂપિયાનો દાગીનો લઈ લે છોકરાના હાથમાંથી. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા પોતાનો અંતર વિવેક (વડે) વિકલ્પ અને પરથી ભિન્ન ભગવાનને ભાળતા જોતાં આખો પરમેશ્વર પ્રાપ્ત થાય છે. એવો એક જ્ઞાનનયથી એવો એક ધર્મ છે એને જ્ઞાની જાણે છે. આહા..હા..!

ચિંતામણિ રત્ન પાછું એમ. ઓલું મણિરત્ન કીધું નથી. ચિંતામણિ ચિંતવે. એવો આત્મા છે કે જેણે જ્ઞાનથી અંતર આત્માને પકડ્યો, અનુભવ્યો, જેટલો એકાગ્ર થાય એટલો આનંદ વધારે આવે. એવો એ ચિંતામણિ રત્ન સમાન ભગવાન આત્મા છે. આ આત્મા માટે ચિંતામણિ બીજો નહિ એમ કહે છે. પરમેશ્વર ત્રણ લોકના નાથ પણ આ આત્મા માટે એ ચિંતામણિ નહિ એમ કહે છે. નવરંગભાઈ! આહા..હા..! એવો ભગવાન આનંદથી ભરેલો, કહે છે કે એનો સ્વાદ જ્ઞાનથી આવે. સહજ... સહજ... સહજ... સમજાણું કાંઈ? એવો એક અંદર આત્મામાં એ જાતનો સહજપણે સ્વસંવેદનથી પ્રાપ્ત થાય એવો એક યોગ્યતાનો આત્મામાં ધર્મ ભગવાને જોયો એવો જ્ઞાની પોતે જોવે છે. એ ૪૩ થઈ.

'૪૪.' '**આત્મદ્રવ્ય...**' એવું છે. ભાન થયેલાને કેવું દેખાય છે એમ કહે છે. કે '**વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે...**' આ વ્યવહારનયે એટલે ઓલા રાગ અને વ્યવહારને એમ નહિ. સમજાણું કાંઈ? પુસ્તકને કોણીનો ટેકો ન દેવાય ટેકો. સમજાણું કાંઈ? શું કીધું? વ્યવહારનયે એટલે ઓલા પુણ્યના પરિણામ દયા, દાનના વ્યવહારનયે થાય એ અહીં વાત નથી. એનાથી થતું નથી. અહીં તો વ્યવહારનય એટલે ભગવાન આત્મા વસ્તુ છેને ચૈતન્ય ચિંતામણિ મહાપ્રભુ.

એને **'બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે,...'** એ આત્મા. **'બંધક (બંધ કરનાર) અને મોચક (મુક્ત કરનાર) એવા અન્ય પરમાણુ સાથે સંયુક્ત થતા અને તેનાથી વિયુક્ત થતા એવા પરમાણુની માફક.'** એક પરમાણુ બીજા પરમાણુની સાથે આમ સંબંધપણાને પામે છેને? અને પાછો છૂટી જાય છે. તો એને અપેક્ષા આવે છે પરમાણુના સંબંધની અને પરમાણુની છૂટવાની. એ વ્યવહાર થઈ ગયો એ. પરની અપેક્ષા આવીને એટલો વ્યવહાર થયો. એ પરનો સંબંધ અને અસંબંધ. છે અને છૂટ્યો..

**'બંધક અને મોચક એવા અન્ય પરમાણુ સાથે સંયુક્ત થતા અને તેનાથી વિયુક્ત થતા એવા પરમાણુની માફક.'** ધીમેથી પછી અર્થ આવશે હોં. **'(વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં (પુદ્ગલ સાથે) દ્વૈતને પામે છે,...'** એટલે કે આ કર્મ છે એનું સંબંધપણું છેને એ વ્યવહાર થયો. આ એનો અભાવ થયો એ પણ વ્યવહાર થયો. સમજાણું કાંઈ? **'(વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં (પુદ્ગલ સાથે) દ્વૈતને પામે છે,...'** એટલે પરની અપેક્ષાને પામે છે એટલું. નિમિત્તની અપેક્ષા છેને. નિમિત્તનો અભાવ થયો. **'જેમ પરમાણુના બંધને વિષે...'** એ એક રજકણ **'અન્ય પરમાણુ સાથે સંયોગ પામવારૂપ દ્વૈતને પામે છે અને પરમાણુના મોક્ષને વિષે...'** પરમાણુનો મોક્ષ. મોક્ષ એટલે પરમાણુનું છૂટવું. બીજા પરમાણુથી એક પરમાણુનું છૂટવું. **'અન્ય પરમાણુથી છૂટો થવારૂપ દ્વૈતને પામે છે તેમ.)'** આત્મા કર્મનું નિમિત્તપણું છે એ વ્યવહાર થયો બંધ. અને એનો અભાવ થયો એ પણ એક પરની અપેક્ષા થઈ. એવા વ્યવહારનયનો એક ધર્મ આત્મામાં ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

**'અન્ય પરમાણુથી છૂટો થવારૂપ દ્વૈત...'** એટલે કર્મ અન્ય દ્રવ્ય છે, ભગવાન અન્ય દ્રવ્ય છે. તો એ અન્યદ્રવ્યને અન્ય દ્રવ્યના નિમિત્તપણાનો સંબંધ અને એનો અભાવ. બંધમાં નિમિત્તનો સંબંધ અને મોક્ષમાં એ નિમિત્તનો અભાવ-વિયોગ. નિમિત્તનો વિયોગ. તેટલી અપેક્ષાવાળો એક ધર્મ ગણવામાં આવે છે. એ બીજી ચીજ છે એમ સિદ્ધ કરવું છે. બીજી ચીજનો સંબંધ છે એ વ્યવહાર છે. આ એનો અભાવ થવો એ પણ વ્યવહાર છે. પરની અપેક્ષા છેને? આહા..હા..! કોઈ એમ ન લઈ લે કે એકલો આત્મા જ એક છે અને બીજી ચીજ કોઈ જગતમાં નથી અને બંધથી મુક્ત થયો એટલે પરનો સંબંધ હતો જ નહિ અને સંબંધ છૂટ્યો જ નથી. વ્યવહારનયે એમ છે. સમજાણું? પરની અપેક્ષાના કથન એને વ્યવહારનય કહે છે. એટલે વ્યવહારથી કર્મનો સંબંધ હતો એવો જ એનો વિયોગ થયો. વસ્તુ તો પોતાને કારણે છૂટી ને બંધમાં હતી. પણ પરની અપેક્ષાથી એને વ્યવહારનયથી એવો એક ધર્મ... ધર્મ એટલે ભાવ, એવો ભાવ આત્મામાં છે એમ ગણવામાં આવે છે. સમજાણું કાંઈ?

(૪૫) હવે નિશ્ચય **'આત્મદ્રવ્ય નિશ્ચયનયે...'** નિશ્ચયથી જુઓ, સ્વઆશ્રયથી જુઓ તો **'બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે,...'** બંધના ભાવમાં પણ રાગની

અપેક્ષાનો બંધભાવ પોતાથી નિશ્ચયથી હતો અને એનો અભાવ થયો તોપણ પોતાથી થયો એ પરની સાથે કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! **'એકલો બંધાતો અને મૂકાતો એવો જે બંધમોક્ષોચિત સ્નિગ્ધત્વરૂક્ષત્વગુણે પરિણત પરમાણુ તેની માફક.'** એક પરમાણુ છે. પેલો ચીકાશવાળો વિશેષ હતો અને પછી ચીકાશવાળો એનાથી વિશેષ થયો, પણ એ પોતાથી થયો છે. એમાં કાંઈ પરની અપેક્ષા નથી. એક રજકણને બે ગુણ ચીકાશ હોય તો બીજા સાથે સંબંધ પામે. પણ એ સંબંધ પામવો એ તો વ્યવહાર થયો. પણ બે ગુણ ચીકાશ પોતાથી છે માટે બંધને યોગ થયો અને છૂટ્યો તો પોતાથી છૂટ્યો છે. બંધ મોક્ષ એક ગુણ ચીકાશ રહી ગઈ કે પોતાને કારણે બંધ અને મોક્ષ પરની અપેક્ષા એમાં છે નહિ. સમજાણું કાંઈ?

**'એકલો બંધાતો અને મૂકાતો એવો જે બંધમોક્ષોચિત સ્નિગ્ધરૂક્ષત્વગુણે પરિણત...'** ચીકાશ અને લુખાપણે પરિણમેલો એ પરમાણુ **'તેની માફક. (નિશ્ચયનયે આત્મા એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે,...'** શું કહે છે? નિશ્ચયનયે બંધનો, રાગનો સંબંધ છે એ પોતાનો છે. પરની સાથે સંબંધ નથી. એ રાગનો સંબંધ છે એવો એક ધર્મ નિશ્ચયનયથી જ્ઞાની પોતામાં જાણે છે અને એ રાગનો અભાવ થવો અને મુક્તિ થવી એ પોતાને કારણે છે. પરની અપેક્ષા છે નહિ. અરે..! આ તો કોઈને પાછા નિશ્ચય એકલું વેદાંત જેવું ન લાગી જાયને એથી આ બધો ખુલાસો કર્યો છે. એકદમ અદ્વૈત-અદ્વૈત અને શુદ્ધ-શુદ્ધ એટલે બધા વેદાંત અને આ બધુ એક છે એમ થઈ જાય એમ નથી. સમજાણું કાંઈ? કારણ કે ઘણા એમ લે છેને કે **'ववहारोऽभूदत्थो'** એમાંથી કાઢે છે. ઓલા નાથુલાલ હતાને કોણ? પંડિત નહોતા ઓલા મુંબઈમાં? નાથુરામ. નથુરામ. નથુરામ પ્રેમી. એણે એમ કહ્યું હતું કે આ સમયસારને કુંદકુંદાચાર્યે વેદાંતના ઢાળામાં સમયસાર ઢાળ્યું છે. ખોટી વાત છે. કારણ કે એનો જ્યાં મૂળ અર્થ જોવા જાય કે વ્યવહાર તે અસત્યાર્થ છે, એટલે કે પર્યાય પણ જૂઠી છે. થઈ ગયું એટલે વેદાંત થઈ ગયું એકલું. **'ववहारोऽभूदत्थो'** આવ્યુંને? અસત્યાર્થ છે. પાઠ એવો છે લ્યો! **'ववहारोऽभूदत्थो'** વેદાંત થઈ ગયું એમાં તો. સમજાણું કાંઈ? **'ववहारोऽभूदत्थो'** પરવસ્તુ પણ જૂઠી છે, વિભાવ પણ જૂઠો છે. એક સમયની પર્યાય જે આત્મામાં છે એ પણ જૂઠી છે. વ્યવહાર છે એ તો વ્યવહાર થયો. એ અસત્ છે. સત્ શું રહ્યું? કે ત્રિકાળી એકરૂપ વસ્તુ તે સત્યાર્થ છે. સમજાણું કે નહિ આમાં? સત્યાર્થ તો એક રહ્યો. સત્યાર્થ બે નહિ. એય..! વજુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ જ આવ્યો હતો. એ સત્યાર્થ કોણ? ત્રિકાળની અપેક્ષાએ ધ્રુવ તે સત્યાર્થ છે એમ. સમજાણું કાંઈ? આમ તો ગણો તો આત્મામાં ક્ષાયિકભાવ નથી, આત્મામાં આ નથી. આ નથી આવતું નિયમસારમાં? ક્ષાયિકભાવ નથી. હવે આત્મા છે.. તો આત્મા કોણ

છે? તો આત્મા પારિણામિકભાવ. હવે એકલો એને આત્મા કહ્યો છે લ્યો! કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા વસ્તુ છે અનાદિ-અનંત સત્-સત્ તે અવિનાશી. એમાં તો કહે છે કે ક્ષાયિકભાવ જે કેવળજ્ઞાનની પર્યાય છેને એ ક્ષાયિકભાવ એમાં નથી. લ્યો ઠીક! ત્યારે કાઢી નાખ્યું. પર્યાય નથી એમ થયું. એય..!

મુમુક્ષુ :- પણ દ્રવ્યમાં નથી.

ઉત્તર :- પણ દ્રવ્ય... એ તો આની અપેક્ષાએ અવસ્તુ, પણ એની અપેક્ષાએ વસ્તુ છે. એ શૈલી છેને એટલે જરી કઠણ પડે છે. એટલે ઓલાને થઈ ગયું હતું. જુઓ, આ તો ક્ષાયિકભાવ નહિ. ઉદયભાવ નહિ, .. નહિ, ક્ષાયિકભાવ એ દ્રવ્ય.. તો શું રહ્યું? આ તો પર્યાય વિનાનું દ્રવ્ય એકલું રહ્યું. એકલું દ્રવ્ય તો વેદાંત જેવું થઈ ગયું. પણ એમ નથી. સમજાણું કાંઈ? નિયમસારમાં તો એમ આવે લ્યો! ઉદયભાવ ઠાણા, અનુભાગઠાણા,.. ઠાણા આત્મામાં છે જ નહિ. ભાઈ! ત્યારે પર્યાયવાળો આત્મા એ આત્મા નહિ? કે ના. લે! એય..! આહા..હા..! વીતરાગનો માર્ગ, પ્રભુ પોતે પરિપૂર્ણ સત્ છેને ધ્રુવ, એમાં એ ક્ષાયિકભાવની પર્યાયનો અભાવ છે. એટલે એની પર્યાયમાં પર્યાય છે. એકલું દ્રવ્યવસ્તુનું, દ્રવ્યાર્થિકનયનો જે ધ્રુવ વસ્તુ છે એમાં એ નથી એવી દૃષ્ટિ કરાવવા એમાં નથી એમ કહ્યું છે. પણ નથી એવો નિર્ણય કરનાર કોણ છે? એ તો પર્યાય છે. કહો, સમજાણું કાંઈ? એવા બે-ત્રણ સિદ્ધાંતો છેને. ખરો સિદ્ધાંત તે વ્યવહાર અભૂતાર્થ એમાંથી બધું આવી જાય છે. જુઓ, કાઢો, કરો નક્કી કરો. વ્યવહાર અભૂતાર્થ છે એનો અર્થ કરો. અને ક્ષાયિકભાવ આત્મામાં નથી એનો અર્થ કરો. અને આપણે કાલે આવ્યું હતું ઓલામાં નિર્જરામાં. જ્ઞાની તો એકલો ધ્રુવ જ્ઞાયકભાવ એક તે નિત્ય છે. હવે પર્યાય-બર્યાય નથી જ્ઞાનીને? પર્યાયદૃષ્ટિ નથી એટલે પર્યાય નથી. દ્રવ્ય દૃષ્ટિ છે માટે દ્રવ્યદૃષ્ટિમાં પર્યાય નથી. આહા..હા..! વસ્તુ એવી સ્વતંત્ર છે. પર્યાય છે અવસ્થા ક્ષણિક. કહો, દેવીલાલજી! આ ભાઈ આવો વિષય આવી ગયો લ્યો. હવે સાંભળવો તો પડે. આ ૨૬મું વર્ષ બેઠું આ. કેટલાય વર્ષ વયા ગયા એવા તો. આહા..હા..! એની જાતને જાણ્યા વિના એનું વર્ષ બેસતું નથી. પ્રભાત થતું નથી. પ્રભાત થાય ત્યાં પ્રકાશ થાય એમ કહે છે. આહા..હા..!

ભગવાન આત્મા એવા બે-ચાર સ્થિતિના બોલ લે કે સંવરને... ન કહ્યું શુદ્ધભાવમાં? કે સંવર, નિર્જરા, મોક્ષતત્ત્વ અંદરમાં નથી. અંતરતત્ત્વમાં એ નથી. ઓહો..! ત્યારે અંતઃતત્ત્વ જે વસ્તુ છે ધ્રુવવસ્તુ એમાં મોક્ષ નથી, સંવર-નિર્જરા નથી. તો ક્ષાયિકભાવ નથી એમ આવી ગયું એમાં. મોક્ષ... સમજાણું કાંઈ? દેવીલાલજી! એ તો '**વવહારોऽભૂદત્થો**' માંથી જ બધું આખું કાઢ્યું છે. આ તો મહાસિદ્ધાંત ગાથા છે. પણ એટલે કે વ્યવહાર નિશ્ચયની અપેક્ષાએ અસત્યાર્થ કહેવામાં આવ્યું, પણ વ્યવહારની અપેક્ષાએ પર્યાય પર્યાયપણે છે. પર્યાય પર્યાયપણે છે. રાગ રાગપણે છે. એ અપેક્ષાએ પર્યાયનયે તે પર્યાય અસ્તિ છે. દ્રવ્યનયે પર્યાયનું અસ્તિપણું

દ્રવ્યમાં નથી. અરે..! ભારે ભાઈ! જયકુમારજી! આહા..હા..! એવો ... ક્ષાયિકભાવ જીવને નથી, પણ પર્યાય પણ જીવ? પર્યાયવાળો જીવ નથી લેવો તમારે? કે ના. પર્યાયવાળો જીવ નથી. એક અંશવાળો જીવ? આહા..હા..! અને વસ્તુ ત્રિકાળી એ જ મૂળ જીવસ્વરૂપ છે એમ કહ્યું છે. પર્યાય ઉત્પાદ-વ્યયનો જે સમયનો પર્યાય એ વાસ્તવિક એનું ત્રિકાળી સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! દાસ! જીવમાં ક્ષાયિકભાવ નથી. ત્યારે વળી જીવ ક્યો રહ્યો? ત્રિકાળી પરમસ્વભાવભાવ, જે સમ્યગ્દર્શનનો વિષય, જે સમ્યગ્દર્શનનું ધ્યેય—એમાં એ નથી માટે તેને દૃષ્ટિના વિષયની અંદરમાં ક્ષાયિકભાવ નથી. સમજાણું કાંઈ? પણ પર્યાયમાં પર્યાય નથી તો નિર્ણય કરે કોણ? કે આ મારામાં આ નથી એવો નિર્ણય કોણ કરે? એ તો પર્યાય નિર્ણય કરે. દ્રવ્ય નિર્ણય કરે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... હું માનું. પર્યાય માને છે કે દ્રવ્ય માને છે?

ઉત્તર :- આ માન્યું દ્રવ્ય, ત્યારે એને પર્યાયનું પછી સાચું જ્ઞાન થાય એમ કહે છે.

મુમુક્ષુ :- કોણ માને?

ઉત્તર :- પોતે.

મુમુક્ષુ :- પોતે એટલે?

ઉત્તર :- પર્યાય. માનવાનું પર્યાયમાં છે કે એમાં?

મુમુક્ષુ :- પોતે નિત્ય તો સાચું .. પોતે પર્યાય...

ઉત્તર :- એ નિત્ય છે એમાં અનિત્ય નથી. પણ નિત્યનો નિર્ણય અનિત્ય કરે છે. આ તો વસ્તુ છે બાપુ! એનું સ્વરૂપ જ એવું છે. સમજાણું કાંઈ? આ ધ્રુવ છે એમાં ક્ષાયિકભાવ નથી. તો નથી પણ કોણે નિર્ણય કર્યો? પર્યાય પોતે જ નિર્ણય કરે છે. ક્ષયોપશમભાવની પર્યાય છે ક્ષયોપશમવાળી. એને ક્ષાયિકને કેવળજ્ઞાન ક્યાં છે એને? સમજાણું? ક્ષયોપશમનો જે પર્યાય છે ઉઘાડનો કે આ દ્રવ્યમાં ક્ષાયિકભાવ નથી. અસ્તિ છે એમાં આ નથી. અસ્તિ છે આ વસ્તુ, પૂર્ણ પ્રભુ હું છું. કહેવામાં તો એમ આવેને. હું છું એ પણ એક વિકલ્પ છે. એ પણ એમાં નથી. સમજાણું કાંઈ? એકલો ધ્રુવધામ એ જ આત્મા, એને જ આત્માનું સ્વરૂપ કહ્યું છે. ઉત્પાદ-વ્યયનું સ્વરૂપ આત્માનું કહ્યું નથી નિશ્ચયથી. વ્યવહાર વ્યવહારે. વ્યવહારે વ્યવહાર છે. પર્યાયનયે પર્યાય છે. સમજાણું કાંઈ?

અહીં તો પાછું એવી રીતે લીધું છે કે એ બંધ અને મોક્ષની પર્યાયપણે એ બેય નિશ્ચય છે. એ નિશ્ચય છે. ઓલા પરના સંબંધ અને સંબંધનો અભાવ એ તો વ્યવહાર થઈ ગયો. આ તો પોતામાં ને પોતામાં રાગમાં અટકેલો બંધભાવ સ્વનિશ્ચય એને આત્માનો આશ્રય કરીને છૂટ્યો તો પણ એ પોતે જ છૂટ્યો છે. પોતે જ અટક્યો છે અને પોતે છૂટ્યો. પરની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! એ નિશ્ચયમાં ગઈ. નિશ્ચયમાં લીધી. રાગ અને બંધની પર્યાય નિશ્ચયમાં મૂકી. શું કીધું ભીખાભાઈ! શું કીધું?

મુમુક્ષુ :- ..પોતે અને છૂટ્યો પણ પોતે.

ઉત્તર :- શેમાં? કર્મની સાથે?

મુમુક્ષુ :- ના, ના કર્મની ...

ઉત્તર :- કર્મની સાથે તે નિમિત્તની અપેક્ષાએ બંધ અને અભાવ એ તો વ્યવહારમાં ગયું. અહીં તો નિશ્ચય ભગવાન આત્મા આનંદનો કંદ પ્રભુ રાગમાં અટક્યો છે એ પોતે સ્વનિશ્ચયથી અટક્યો છે. એ નિશ્ચયસ્વભાવ છે એનો. પર્યાય પણ એ નિશ્ચય સ્વભાવ છે. આહા..હા..! પર્યાયનો નિશ્ચય સ્વભાવ છે. સ્વઆશ્રય પર્યાય એટલે પોતાની પર્યાય પોતાની છે, એ કાંઈ પરની પર્યાય નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી. આખી વાત જ જુદી છે આ. સમજાણું કાંઈ? ધ્રુવ ભગવાન આત્મા એ તો ધ્રુવ છે. પણ એની પર્યાયમાં, રાગમાં અટકેલો, રાગ છે, વિકલ્પમાં અટક્યો એ ભાવબંધ નિશ્ચયથી છે. નિશ્ચય એટલે સ્વમાં છે. એમાં પરની અપેક્ષા નથી. આહા..હા..! જુઓ એ. જુઓ આ તો થઈ ગયું ઓલું ના પાડીને. વિકારમાં પરની અપેક્ષા હોય. નિમિત્ત વિના વિકાર થાય નહિ. અહીં તો નિમિત્ત વિના વિકાર થાય એની નિશ્ચયની વાત કીધી છે. આહા..હા..! એવી જ વાત છે. સમજાણું કાંઈ? શું કીધું? દેવીલાલજી! કે આત્મામાં જે વિકાર થાય છે. રાગ-દ્વેષ અને મિથ્યાત્વ એ કર્મના પાક વિના ન થાય. એમ કહે. એ પાક વિના ન થાય એ તો વ્યવહારનો વિષય થયો, નિમિત્તનો સંબંધ બતાવવા, પણ અહીં તો પોતાથી પોતામાં રાગ-દ્વેષ અને અહીં મિથ્યાદૃષ્ટિની વાત નથી. મિથ્યાત્વ થાય એની વાત અહીં છે જ નહિ. મિથ્યાત્વ થાય એ તો એકલો પરલક્ષે થાય છે અને તે થાય છે તે નિશ્ચય પોતાથી. મિથ્યાત્વભાવ ભ્રમણા પણ એનો કર્તા જીવપર્યાય છે પર્યાયકર્તા, એ કર્મ પર્યાયનું છે, કાર્ય પર્યાયનું, સાધન પર્યાયનું, ઉપાદાન છએ ષટ્કારક. એક સમયમાં વિકારના ષટ્કારક જીવના નિશ્ચયથી, પોતાથી, પરની અપેક્ષા વિના છે. એય..! અરે..! ભારે.

એ કોઈ કહે કે વિકાર પરનો છે, આત્માનો છે જ નહિ. ..ભાઈ! હવે કાલે કહેતા હતા કે પરનો છે અને વળી આજ કહે છે કે સ્વનો છે. શું છે આ? આ બે દિ' ચાલ્યું હતું. કર્તા-કર્મ ૭૫થી ચાલ્યું. ભાઈ! કઈ અપેક્ષાથી છે? ત્યાં એકલી વસ્તુ છે અને વસ્તુની દૃષ્ટિમાં જે વસ્તુ આવી ત્યાં તો રાગાદિ દૃષ્ટિમાં છે નહિ. દૃષ્ટિના વિષયમાં પણ નથી. એટલે એ જોરની અપેક્ષાએ જે રાગ રહ્યો એ નીકળવાનો છે અને પરની અપેક્ષાથી થયેલો તે પરમાં જ છે, મારામાં છે નહિ. સમજાણું કાંઈ? એ દૃષ્ટિના અભેદના જોરની અંદર વિકાર-બિકાર મારામાં છે જ નહિ. આ તો જ્ઞાનીની વાત છે કે નહિ? વિકાર છે તે પુદ્ગલનું કાર્ય છે. મારા દ્રવ્યનું પરિણમન થઈને વિકાર થાય એવો હું છું નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાનીના ..માં જે નાખે તે ... એમ કહે છે. એક જણો એમ કહે છે હોં. એક જણો એમ

કહેતો હતો. જ્ઞાનીનો .. ઉંધું મારે તો સમાય? કીધું શેનું ઉંધુ મારે? સાંભળને. જેમ હોય એમાં ..કહેવાય કે ન હોય એમાં કહેવાય? ઘણા વર્ષ પહેલાની વાત છે હોં. ૩૦-૪૦ વર્ષ પહેલાની.

મુમુક્ષુ :- લોકો કહે છે.

ઉત્તર :- લોકો કહે છે. જ્ઞાનીના ગમમાં એવું હતું. ગમમાં એટલે હોય એવું જ્ઞાન કરે કે મફતનો ગડબડ કરતો હશે?

મુમુક્ષુ :- ગમા છેને? ગમા એટલે જ્ઞાન.

ઉત્તર :- જ્ઞાન છે. એ ગમાનું આખું સૂત્ર છે ભગવતીમાં. ગમાનું. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! તારા સ્વરૂપમાં દ્રવ્ય, ગુણ-વસ્તુ છે એની શક્તિઓ છે એમાં તો વિકાર છે નહિ અને વિકાર જે છે એ તારા પર્યાયમાં છે. પરની અપેક્ષા નિમિત્તની વ્યવહાર થઈ ગયો અને પરની અપેક્ષા નથી અને તારાથી થાય છે તે નિશ્ચય થઈ ગયો. જ્ઞાની સમકિતી ચાર જ્ઞાનનો ધણી ગણધર શ્રુતજ્ઞાની ચૌદ પૂર્વની રચના જેણે કરી છે એ પણ એમ જાણે છે કે રાગનું નિશ્ચય બંધન મારો સ્વ-ભાવ છે. મારું સ્વ પરની અપેક્ષા વિનામાં રાગમાં અટકેલો છે. એમ એવો ધર્મ જ્ઞાની ચાર જ્ઞાનનો ધણી જાણે. આહા..હા..! અને તે રાગથી છૂટો છું એ પણ સ્વને આશ્રયે. મારે કારણે છૂટ્યો છું. એ છૂટવું એ મારો પર્યાયનો નિશ્ચય ધર્મ છે. પરને લઈને છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? બાકી નિશ્ચયથી તો વળી કર્મ વ્યાપક અને વિકાર વ્યાપ્ય. ૭૫ અને ૭૬. હવે ત્યાં કઈ અપેક્ષાથી કથન છે? આ કઈ..

અહીં તો સમ્યગ્દર્શન થયું છે, સમ્યગ્દર્શન (ઉપરાંત) ધ્રુવ ચૈતન્યને અવલંબીને આત્મજ્ઞાન થયું છે. જ્ઞાન થયું છે તે જ્ઞાન આવા એના અસ્તિત્વમાં સ્વમાં જે પ્રકાર છે તેને તે બરાબર જાણે છે.

મુમુક્ષુ :- પહેલા નંબરના .. બીજા નંબરના ભેદજ્ઞાનમાં ...

ઉત્તર :- એમ કે પરથી ભિન્ન પાડવા માટે શું એમ કહે. છે તો એમ જ તે. પરથી ભિન્ન પાડવાની અપેક્ષાએ .. પણ પોતાથી ભિન્ન પાડવાની અપેક્ષા એ રાખતા જ નથી. શું છે? ચીમનભાઈ! કહો, સમજાય છે કે નહિ આમાં? ધીરૂભાઈ! કે મૂંઝવણ આવે છે?

મુમુક્ષુ :- થોડી-જરાક આવે છે.

ઉત્તર :- થોડી. આહા..હા..! કહે છે મૂંઝવણ આમાં છે જ નહિ.

મુમુક્ષુ :- મૂંઝવણ કાઢવા માટે તો...

ઉત્તર :- મૂંઝવણ કાઢેલાની તો વાત છે. મૂંઝવણ ઉતરી ગયેલાને શું છે એની તો આ વાત છે. જ્ઞાની, ધર્મી પોતાના વસ્તુસ્વભાવની દૃષ્ટિનું ભાન હોવા છતાં તેને જ્ઞાનમાં, મારામાં રાગભાવ, રાગ-દ્વેષ આદિ હોય. મિથ્યાત્વની અહીં વાત નથી. અનંતાનુબંધીનો રાગ નથી. પરથી.. અપ્રત્યાખ્યાન રાગાદિ છે એનું અસ્તિત્વ મારી પર્યાયમાં છે. સ્વઆશ્રય છે, નિશ્ચયથી

છે, પરની અપેક્ષા વિના છે. એમ જ્ઞાની સાધક સાચા જ્ઞાનવાળો આવા અંશને એના તત્ત્વમાં છે એમ સાચું જ્ઞાન બરાબર જાણે છે. આહા..હા..! વીતરાગનો માર્ગ તો જુઓ. આ વીતરાગ એટલે આત્મા પાછો હોં. વીતરાગસ્વરૂપ એ જૈનસ્વરૂપ છે પોતે. એની પર્યાયમાં જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ ન થાય ત્યાં સુધી આવો રાગ જ્ઞાની જાણે ચાર જ્ઞાનનો ધણી ગણધર. કે રાગને લઈને બંધ મારે છે. બંધ અટક્યો છે એ રાગ મારો નિશ્ચયભાવ છે એમ જ્ઞાની બરાબર જાણે છે. સમજાણું કાંઈ? પરને લઈને, પરની અપેક્ષામાં પણ કાંઈ પરને લઈને અટક્યો નહોતો, પણ એમાં નિમિત્તનું લક્ષ હતુંને એથી એને નિમિત્તની અપેક્ષા ગણીને વ્યવહાર ગણ્યો, એનો અભાવ ગણીને વ્યવહાર ગણ્યો એમ. વ્યવહારનયમાં નિમિત્તને કારણે અટકેલો હતો એમ નથી એમાં પાછું. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યવહારનય જે કીધો માટે પરને લઈને અટક્યો હતો રાગમાં, એ અહીંયાં નથી કહેવું. પણ રાગ થવામાં નિમિત્તપણું જે હતું એની અપેક્ષા ગણીને વ્યવહાર કહ્યો. અને એનો અભાવ થયો ઓલા પરનો. અભાવ થયો ત્યારે એને પરની અપેક્ષા અભાવની આવીને? થયો એને કારણે અભાવ, પણ એટલી અપેક્ષા આવી. એથી તેને પરની અપેક્ષા પરાશ્રિતો વ્યવહાર. તો પરાશ્રિત એટલે પરને આધીન થયો છે માટે વ્યવહાર. પર આધીન કરાવે છે માટે વ્યવહાર એમ છે નહિ. કહો, ધીરૂભાઈ! આમાં તો કાંઈ મૂંઝવણ થાય એવું નથી હોં. આહા..હા..!

કહે છે કે આત્મદ્રવ્યમાં, વસ્તુ ભગવાન આત્મામાં એવો એક ધર્મ એટલે ભાવ એણે ધારી રાખેલો છે નિશ્ચયથી. કે રાગભાવ જે વિકલ્પ ઉઠે છે એ એનામાં નિશ્ચયથી છે અને એ ભાવબંધસ્વરૂપ છે. એમાં પરની અપેક્ષા આવતી નથી. અને એ ભાવબંધ છૂટ્યો એમાં પણ પરની અપેક્ષા આવતી નથી. એકલો પરમાણુ જેમ પોતાની ચિકાશને કારણે રહેલો છે. વિશેષ ચિકાશ થઈ તોપણ પોતાને કારણે પરના નિમિત્તરૂપે સંબંધ થયો છે. એ કાંઈ પરના કારણે સંબંધ છે નહિ. સમજાણું કાંઈ? આ તો ભાઈ વર્ષ બેસતાને દિ' આ આવ્યું. આ તો માંગલિક છે જુઓ, આ મોટી સુપ્રભાત છે આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, મેળ છે. આ જ્ઞાનસમ્યક્ આનું નામ કહેવાય. સમ્યગ્જ્ઞાન સૂર્ય ઉગ્યો એ પોતાનો એક એક અંશ રાગ છે એના ધર્મને જાણે એનું નામ સમ્યગ્જ્ઞાન કહેવાય. રાગ મારો નથી અને પરને લઈને થયો એમ માને એમ છે નહિ. વ્યવહારનયમાં એ પરને લઈને થયો એમ તો છે જ નહિ, ભાઈ! વ્યવહારમાં પરને લઈને થયો એમ તો છે નહિ, પણ થવામાં નિમિત્ત હતું એટલી અપેક્ષા રાખીને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભારે ધર્મ ભાઈ! એમ છે. .. તો આવવું જોઈએને. આહા..હા..!

**'આત્મદ્રવ્ય...'** તારો ભગવાન (અને) જ્ઞાનીએ પોતે જોયો એનો પોતાનો ભગવાન. એ ભગવાનમાં આવો એક ધર્મ, એક વ્યવહાર ધર્મ એટલે નિમિત્તનું હતું એટલી અપેક્ષા.

નિમિત્તથી થયું એમ પ્રશ્ન અહીં નથી. સમજાણું કાંઈ? પણ નિમિત્ત સંબંધ છે એ વ્યવહાર થઈ ગયો. અને એનો અભાવ થયો એ પણ વ્યવહાર થયો. નિશ્ચયમાં પરનું કાંઈ નહિ. રાગ થયો એ મારામાં છે, મારાથી છે. અટક્યો છું નિશ્ચય મારાથી છૂટ્યો છું એ મારાથી છે. એવો એક બંધ-મોક્ષથી પરની અપેક્ષા વિનાનો બંધ-મોક્ષ પોતાથી છે એવો એક ધર્મ-યોગ્યતા આત્મામાં આત્માએ ધારી છે તેને સમ્યગ્જ્ઞાની પોતાને આ રીતે જોવે છે. આહા..હા..!

'**નિશ્ચનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે,...**' અદ્વૈતને એટલે? પરને નહિ. સ્વને એમ. અદ્વૈતને અનુસરનારું સમજાણું કાંઈ? શું આવ્યું છે એમાં? છે કે નહિ? '**બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે,...**' ઓલામાં દ્વૈતને અનુસરનાર તો પોતે જ હતો. આહા..હા..! કેટલી વાત નાખી છે અમૃતચંદ્રાચાર્યે! કોઈ એકાંત ન લઈ જાય વસ્તુ. અભેદ ને નિશ્ચય ને વસ્તુ સત્યાર્થ તો ધ્રુવ જ છે. પર્યાય અસત્યાર્થ છે. આ બંધ-મોક્ષ પર્યાય બેય અસત્યાર્થ છે લ્યો વ્યવહારનયે.

મુમુક્ષુ :- વ્યવહારનયે.

ઉત્તર :- વ્યવહારનય એટલે ઓલો વ્યવહાર. આ પરની અપેક્ષાનો વ્યવહાર નહિ. પર્યાયનો વ્યવહાર. ભગવાન આત્મા ધ્રુવ બિંબ ચૈતન્ય છે એ નિશ્ચય. એ નિશ્ચય ત્યાં. અને અહીં બંધનો રાગ અને છૂટવું મોક્ષ તે બેય પર્યાય છે. તો પર્યાય તે વ્યવહાર છે. ત્યાં એ વ્યવહાર કીધો ઓલા ત્રિકાળીની અપેક્ષાએ. અહીં નિશ્ચય કહ્યો પરના સંબંધમાં અભાવની અપેક્ષાએ નિશ્ચય કહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું હતું? ઓલામાં '**બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે,...**' નિમિત્તની સાપેક્ષમાં હતો અને નિમિત્ત છૂટ્યું એટલું અનુસરનારો નિમિત્તની અપેક્ષાએ વ્યવહાર ગણ્યો. પરને લઈને છે, પરને લઈને અહીં કાંઈ છે ઈ વાત અહીં છે જ નહિ ક્યાંય. ભાઈ! આ .. વ્યવહારનય કહ્યો છે. પણ વ્યવહાર શું છે એ સમજ્યા વિના? આહા..હા..! વ્યવહારનય નથી? એનો વિષય નથી? એનો વિષય પરની અપેક્ષાવાળો વિષય છે તો વ્યવહાર જાણે છે. બસ, નિશ્ચય અદ્વૈતને અનુસરનારું છે.

'**એકલો બંધાતો અને મૂકાતો એવો જે બંધમોક્ષોચિત...**' બંધ-મોક્ષને લાયક. '**સ્નિગ્ધત્વરૂક્ષત્વ પરિણત પરમાણુ...**' પરમાણુ ક્વચિત્ એ રીતે બે ગુણપણે પરિણમ્યો છે એ બંધને યોગ્ય થયો. તે એક ગુણે પરિણમ્યો, બંધને અયોગ્ય થઈ ગયો. એ પોતાને કારણે છે. સમજાણું કાંઈ? શું કીધું એ વળી? પરમાણુ એક પોઈન્ટ છે રજકણ. આ તો ઘણા રજકણનું દળ છે આ. એનો પોઈન્ટ છેલ્લો ભાગ, છેલ્લો જેના બે કટકા ન થાય એ પરમ અણુ. એ રજકણમાં સ્પર્શગુણ છે અને એમાં ચીકાશગુણ અને લુખાશ ગુણ. બે પર્યાય બે ગુણની ચીકાશ હોય તો પર સાથે સંબંધને યોગ્ય ગણાય. એક ગુણ હોય પરની સાથે સંબંધને યોગ્ય નથી. પણ એ પોતાને લઈને છે કહે છે. સમજાણું કાંઈ? એમાં નિમિત્તની અપેક્ષા છે નહિ. આહા..હા..! ભારે! કહો, સમજાય છે કે નહિ? ચંદુભાઈ! આ બધા ઘણીવાર

આવતા હોય બીજું સંભળાવનાર બીજું ઝીણું લાગે એટલે આ. કાંઈ અમદાવાદમાં આવું મૂકાતું હશે? ..કહે આ શું માર્ગ છે? મુંબઈમાં આવી વાત મૂકે તો કહે શું કહે છે આ? ઓલા બધા માથાના ફરેલા હોય સાધારણ. હજી ધર્મની કાંઈ ખબર ન હોય. ગમે તે વાત લોજિકથી વાત થાય. પણ એ વસ્તુ સૂક્ષ્મ છે એને જે રીતે કહેવાય છે એ રીતે જો ખ્યાલમાં ન આવે તો તેને મૂંઝવણ થયા વિના રહે નહિ.

કહે છે, ઈ જેમ પરમાણુ એક પરમાણુમાં બે ગુણ ચીકાશ. ચીકાશ એટલે પર્યાયમાં હોં. સ્પર્શગુણ ત્રિકાળ છે તો એની પર્યાય વર્તમાન છેને. જુઓ, દેખો, એક પરમાણુ છે રજકણ. એમાં સ્પર્શગુણ શક્તિ ત્રિકાળ છે, પણ વસ્તુ છે એ વસ્તુ છે. હવે એમાં ગુણ છે કે નહિ સ્પર્શ નામની શક્તિ? એ શક્તિની પર્યાય પ્રગટ. બે ગુણની, બે અંશરૂપે પરિણમે એ બંધ અને મોક્ષ પોતાથી છે. એ ગુણ પરિણમે તો બંધને યોગ્ય પોતાથી નથી. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? કહો, ..ભાઈ! માંડ માંડ પકડાય. ગરી ગયા ઓલામાં. શું કહે છે આ? ભગવાન આત્મા છે કે નહિ? વસ્તુ છે. આ જાણનારો છે કે નહિ? જાણવાનું અસ્તિત્વ આત્માનું છે કે જાણવાનું અસ્તિત્વ જડનું છે? એ જાણવાનું જેનામાં હોવાપણું તે આત્મા. સમજાણું કાંઈ? એવા-એવા અનંતા ગુણોનો પિંડ તેને આત્મા કહેવામાં આવે છે. પ્રત્યક્ષ એ જ છે કરીએ તો. ખરેખર તો એ જ પ્રત્યક્ષ છે. બીજી ચીજને નક્કી કરનાર, હા-ના કરનાર તો ઈ જ છે.

જે દરેક વસ્તુની મુખ્યતામાં જ્ઞાનવાળો આત્મા ન હોય તો આ તોડવાલાયક છે, આ લેવાલાયક છે, આ જડ છે—એવું ... જ્ઞાન ન હોય તો આ શું છે? આ રાગ છે, આ પર છે એ જાણ્યું કોણે? દરેક ક્ષણમાં પહેલા આત્મા ન હોય તો જ્ઞાન વિના તેને આ ત્યાગ અને આ ગ્રહણ, આ આવ્યું, આ ગયું. એ જાણ્યું કોણે? કહો, સમજાણું કાંઈ? ખરેખર તો એની જ મુખ્યતા અને પ્રત્યક્ષતા છે. આ તો પરની ગરી ગઈ માળાને. એય..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. એમાં પોતે જ મુખ્ય છે. શરીર આવ્યું, આ શરીર ગયું, આ સંયોગ થયો, આ સંયોગ ગયો. આ દાળ-ભાત આવ્યા, આ ગયા. એનો જાણનાર તો તે ક્ષણે પોતે પોતાની પર્યાયથી જાણે છે. એની જો મુખ્યતા ન હોય તો આ આવ્યું અને ગયું અને ફલાણું એ જાણે કોણ? સમજાણું કાંઈ? બરાબર છે કે નહિ? પ્રવિણભાઈ! એ શ્રીમદ્‌નું વાક્ય છે. શ્રીમદ્‌નું છેને એ? નથી આમાં? પુસ્તક નથી. ઊર્ધ્વતા 'સમતા રમતા ઊર્ધ્વતા...' આવે છેને? 'જ્ઞાયકતા સુખભાસ' એ સમયસાર નાટકનું. આ તો કહે તમે કહો છો ઈ છે પણ આ તું કહે છે ઈ છે અહીં તો કહે છે. કેટલામાં છે ઈ? ૨૬માં લખ્યું છેને આ? ૨૬માં હશે. ૨૬માં. જુઓ, શું કહે છે? ઊર્ધ્વતા આનો ગુણ છે આ જીવનો. સ્વભાવ.

મુમુક્ષુ :- મોટાપણું.

ઉત્તર :- મોટા પણ બધાથી મોટાપણું, બધાથી જુદાપણું અને બધામાં હાજર. '**કોઈપણ જાણનાર ક્યારે પણ કોઈપણ પદાર્થને પોતાના અવિદ્યમાનપણે જાણે એમ બનવાયોગ્ય નથી.**' બરાબર છે? '**કોઈ પણ જાણનાર...**' જાણનાર આત્મા. '**ક્યારે પણ...**' કોઈ કાળે પણ '**કોઈ પણ પદાર્થને...**' કોઈપણ પદાર્થ—શરીર, વાણી, મન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, વિકલ્પ આદિ કોઈપણ ચીજ. '**પોતાના અવિદ્યમાનપણે...**' પોતે નથી એમ જાણે એમ બને? પોતે નથી અને જાણનાર થયો. બધા પોતાના અવિદ્યમાનપણે જાણે એટલે પોતે નથી અને જાણે '**એમ બનવા યોગ્ય નથી. પ્રથમ પોતાનું વિદ્યમાનપણું ઘટે છે.**' પહેલું પોતાની હયાતી ઘટે છે. હયાતી ઘટે ક્યારે? કે આ છે... આ છે... આ છે... એવું જ્ઞાન જ જીવને થાય છે. એ પોતાની હયાતી છે. પરની હયાતીનો સ્વીકાર નથી, કહે છે અહીંયાં તો. પોતાને લઈને હયાતી છે.

'**અને કોઈપણ પ્રદાર્થનો ગ્રહણ, ત્યાગાદિ...**' જુઓ, '**કે ઉદાસીન જ્ઞાન થવામાં પોતે જ કારણ છે.**' કે આ વસ્તુ લીધી, ગઈ, એ તો દીધી-લીધી ક્યાં લઈ શકે છે? પણ આવી અને ગઈ એના જ્ઞાનમાં પોતે છે. અથવા એનાથી ઉદાસીન થયો. એના જ્ઞાનમાં તો એ પોતે જ છે. પોતે જો જ્ઞાનની હયાતી વિદ્યમાનપણે ન હોય તો આ ગ્રહણ-ત્યાગનું કોણે જાણ્યું? એની હયાતીમાં જ્ઞાનની હયાતી-ચૈતન્ય જ્ઞાનની વિદ્યમાનતામાં આ બધું જણાય છે. સમજાણું કાંઈ? '**કોઈપણ પદાર્થનો ગ્રહણ, ત્યાગાદિ બીજા પદાર્થના અંગીકારમાં તેના અલ્પમાત્ર પણ જ્ઞાનમાં પ્રથમ જે જો હોય તો જ થઈ શકે એવો સર્વથી પ્રથમ રહેનારો જે પદાર્થ...**' આહા..હા..! મુખ્ય રહેનારો, પ્રથમ રહેનારો. ભગવાન જ્યાં હોય ત્યાં પોતે જ મુખ્ય છે જાણનાર.

'**જે પદાર્થ તે જીવ છે. તેને ગૌણ કરીને એટલે તેના વિના કોઈ કંઈપણ જાણવા ઇચ્છે...**' એનું વિદ્યમાનપણું જાણનાર ભગવાન વિના કોઈપણ જાણવા ઇચ્છે '**તો તે બનવા યોગ્ય નથી, માત્ર તે જ મુખ્ય હોય તો જ બીજું કંઈ જાણી શકાય એવો એ પ્રથમ ઊર્ધ્વતાધર્મ તે જેને વિષે છે, તે પદાર્થને શ્રી તીર્થંકર જીવ કહે છે.**' ...ભાઈ! બહુ સરસ છે. ભાઈ! શ્રીમદ્‌માં છે. ૨૬ વર્ષની ઉંમરે. સાત વર્ષે જાતિસ્મરણ હતું. સોળ વર્ષે મોક્ષમાળા બનાવી. સોળ વર્ષની ઉંમરે મોક્ષમાળા બનાવી ૧૦૮ પાઠ. .. બનાવી નાખ્યું. ૧૦૮ માળાના મણકા હોય છેને? ૧૦૮ ..મોક્ષમાળા નામ આપ્યું. ૨૬ વર્ષે કહે છે. આ છે શબ્દો બનારસીદાસના. સમયસાર નાટકના. 'સમતા રમતા ઊર્ધ્વતા જ્ઞાયકતા સુખભાસ, વેદકતા ચૈતન્યતા એ સબ જીવવિલાસ.' એમાં ઊર્ધ્વતાનો એકનો અર્થ. .. બધાનો છે. જેનામાં પહેલાં કોઈપણ ગ્રહણ, ત્યાગ કે ઉદાસીન એમાં મુખ્યતા વિદ્યમાન જીવની ન હોય તો તે જાણવામાં આવતું નથી. માટે બધામાં વિદ્યમાનતા જાણવાની પોતાની જ છે. એ જ્યાં હોય ત્યાં ભગવાન જ પોતે અસ્તિપણે જણાય છે એમ કહે છે. ૧૭-૧૮માં આવે

છેને, આબાળ-ગોપાળને જણાય છે તો આત્મા, પણ માને છે માળો આ જણાય છે. સમજાણું કાંઈ?

કહે છે, નિશ્ચયથી તો ભગવાન આત્મા પોતાનાથી નિશ્ચયનયે. આ નિશ્ચયનય સ્વના પર્યાયની અપેક્ષાની નિશ્ચયનય છે. આ નિશ્ચયનય, ત્રિકાળી નિશ્ચયનો વિષય છે એ અહીં નિશ્ચયનય નથી. એ પણ એક પહેલો ધર્મ આવી ગયો છે પહેલાનો દ્રવ્ય. દ્રવ્યનયે. પહેલો જ એ દ્રવ્યનયે. એકરૂપ રહેનાર વસ્તુ તે દ્રવ્યનયે છે. એવી-એવી આ એક ૪૭ નયો, ૪૭ ધર્મ ગણ્યા. પણ છે અનંતા. '**બંધાતો અને મૂકાતો એવો જે બંધમોક્ષોચિત...**' એમ બંધ અને મોક્ષની યોગ્યતાવાળો જીવ, એમ લેવો. પરમાણુની સાથે બંધ અને મોક્ષનો યોગ્ય જીવ જ પોતે પોતાથી છે. એમ સમ્યગ્જ્ઞાની શ્રુતજ્ઞાની ધર્મી આમ જાણે છે. સમજાણું કાંઈ? પાછું એમ કહે કે સમ્યગ્દર્શન થયું, પણ હવે જે રાગ રહ્યો છે એ પરને લઈને રહ્યો છે. એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! વાસના થાય છે એ તો ચારિત્રમોહનો ઉદય હોય એટલે વાસના થાય. એમ નથી કહે છે. સમજાણું કાંઈ? એ વાસનાનો પર્યાય મારામાં છે, નિશ્ચયથી છે, સ્વઆશ્રયે છે, સ્વને જ અનુસરનાર છે. પરની અપેક્ષા અનુસરનાર નથી. એવો એક મારો ધર્મ છે. આહા..હા..! એમ શ્રુતજ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ આમ જાણે છે. આ તો કહે ના, ના, એ કર્મ વિના વિકાર થાય જ નહિ. અને કર્મની પ્રધાનતા એ વળી જુદું. આ તો કર્મનો તો નિમિત્તની પ્રધાનતાથી કર્મ આવે છે. એટલે કર્મ બળવાન છે એમાં. અહીં ભગવાન શું કહે છે. તું ઉંધુ મારે છે આ. ભગવાન એને ઘરે રહ્યો. આત્મામાં ક્યાં ભગવાન છે? એ તો અજીવ છે. એ અજીવની પર્યાય છે. આ જીવની પર્યાયમાં બળવાનપણું આવ્યું ક્યાંથી? એકબીજામાં અત્યંત અભાવ છેને. કર્મના ઉદયની જડ પર્યાય છે અને રાગની પર્યાય તો ચૈતન્યની વિકારી અવસ્થા છે. બેમાં એકબીજાનો અભાવ છે. તો એને લઈને આ થયું એ આવ્યું ક્યાંથી? એમ કહે છે અહીંયાં.

સમ્યગ્જ્ઞાની ધર્મી પણ, ગણધરદેવ પણ પોતાના પર્યાયમાં રાગનો બંધભાવ છે એમ નિશ્ચયથી મારે લઈને છે. સમજાણું કાંઈ? એમ જ્ઞાની જાણે છે. અને રાગનો અભાવ થઈને વીતરાગ થાય એ પણ હું એકલાને લઈને વીતરાગતા છે. બીજાનો અભાવ થયો માટે વીતરાગતા થઈ એમ નથી. આહા..હા..! ઝીણું તો છે, પણ હવે એને સમજવું તો પડશેને. હવે અહીં તો કેટલા વર્ષ થઈ ગયા? ૩૫મું વર્ષ બેઠું પરિવર્તન પછીનું. ૯૨માં પહેલું વર્ષ બેઠું હતું. ઓલામાં હતા. ૯૨, ૯૩ અને ૯૪ હીરાભાઈના મકાનમાં. ૯૫માં અહીં.

'**જેમ બંધ અને મોક્ષને ઉચિત એવા...**' '**(નિશ્ચયનયે આત્મા એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે,...**' એનો અર્થ થયો. નિશ્ચયનયે એકલો જ બદ્ધ અને મુક્તિ થાય છે. એકલો જ બંધ અને મુક્ત થાય છે.

મુમુક્ષુ :- બેકલો ક્યાં ગયો?

ઉત્તર :- બેકલો ગયો વ્યવહારમાં. સમજાણું કાંઈ?

**'केवलबध्यमानमुच्यमानबन्धमोक्षोचितस्निग्धरूक्षत्वगुणपरिणतपरमाणुवद्बन्धमोक्षयोरद्वैतानुवर्ति।'** અનુવર્તિ છે અંદર. અનુવર્તિ છે. વર્તે .. છેને. પોતે અદ્વૈતને પોતાને અનુસરીને રાગ છે. પોતાને અનુસરીને રાગ છે. જ્ઞાની સમકિતી પોતાને અનુસરીને રાગ એમ માને છે. એમ કહેને જુઓ ભાઈ! આ રામ અને લક્ષ્મણ. લક્ષ્મણને છ મહિના સુધી રાખ્યા. એ તો ચારિત્રમોહનો ઉદય હતો માટે રાખ્યા હતા. અહીં ના પાડે છે. એમ એ પોતે રામપણે એમ જોતા નથી. આ રાગ મારામાં મારે લઈને છે એમ જોવે છે. સમજાણું કાંઈ? પછી કહે, જ્યારે છ મહિનાનો રાગ છૂટ્યો, ચારિત્રમોહ છૂટી જાય. એમ નથી, એમ કહે છે. એ રાગ હતો ત્યારે પોતાને અનુસરીને અને ચડ્યો તો પોતાને અનુસરીને છે. પરને કારણે છે નહિ. આહા..હા..! .. વિવેક કર્યો છે. સમજાણું કાંઈ? **'બદ્ધ અને મુક્ત થાય છે તેમ.'** લ્યો! એવા-એવા ૪૭ ધર્મો. અનંત ધર્મો એને જેવું છે તેમ સમ્યગ્જ્ઞાન જાણે છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ થયો એટલે સાચું જ્ઞાન થયું. સાચા જ્ઞાનમાં આવા ધર્મ પોતામાં છે એમ જાણે છે. ત્યારે એનું નામ સમ્યગ્દર્શનની સાથે સાચું જ્ઞાન થયું કહેવામાં આવે છે અને એ જ્ઞાન ધર્મજ્ઞાન છે, એ સાચું જ્ઞાન છે. રાગ મારાથી અને રાગ છૂટ્યો મારાથી એનું નામ સાચું જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૨, મંગળવાર, તા. ૧૧.૧૧.૧૯૬૯**
**નય-૪૫-૪૬-૪૭, શ્લોક-૧૯, પ્રવચન-૨૭૮**

પ્રવચનસાર ચાલે છે. શું કહે છે? કે પહેલો જેને ધર્મ થાય એને કેમ થાય અને પછી એના જ્ઞાનમાં આત્મા કેવો જણાય? સમજાણું કાંઈ? ધર્મ થાય એને કઈ રીતે થાય? કે આત્મા વસ્તુ પોતે અનંત આનંદ ને જ્ઞાનાદિ સ્વભાવનો ભંડાર એને શરીર, વાણી, મનને પૃથક્ કરીને-ભેદ પાડીને, પુણ્ય-પાપના વિકલ્પોને પણ જુદા પાડીને સ્વભાવની એકતાની અંતર દૃષ્ટિ કરે ત્યારે તેને સમ્યગ્દર્શનરૂપી પ્રથમ ધર્મ થાય. સમજાણું કાંઈ? અનંત-અનંત શાંતિ અને આનંદનો સ્વભાવ એનો છે અને ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાનો એનો સ્વભાવ છે. રાગથી

માંડીને કોઈપણ ચીજ મારી છે એ માનવાનો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? શુભ વિકલ્પ દયા, દાન, ભક્તિનો વિકલ્પ ઉઠે એ પણ મારો છે કે મને લાભદાયક છે એ માનવાનો એનો સ્વભાવ નથી. એનો સ્વભાવ તો શુદ્ધ ઉપયોગ સ્વરૂપ એનો સ્વભાવ છે. એવો આત્મા પુણ્ય અને પાપના વિકલ્પથી ભિન્ન પાડી અને શુદ્ધ ઉપયોગ સ્વરૂપ છે એવું ભાન થતાં તે ધર્મીનું જ્ઞાન શું શું આત્માના ધર્મને જોવે છે તે વાત ચાલે છે. સમજાણું કાંઈ? કહો, હવે આમાં તો સમજાય છે કે નહિ? આ ધર્મ કેમ કરવો એનું આવે છે. પણ એ તો ધર્મ થયો .. એ આનાથી વિરુદ્ધ જોવું નહિ. એમ આવ્યું કે નહિ, જેઠાલાલભાઈ! આહા..હા..!

અહીં કહે છે. આપણે અહીંયાં કેટલામી નય આવી? ૪૫ આવી ગઈ. આત્મા સ્વસ્વરૂપ એ એને વ્યવહારનયે એમ કહ્યું કે ઈ નિમિત્તને અનુસરીને દ્વૈતપણે અનુસરે એવો એક એનો ધર્મ છે, પોતાનો હોં. નિમિત્ત એને અનુસરાવે એમ નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાન થયું એવો જે ધર્મી રાગ-વિકલ્પથી ભિન્ન પડતાં છતાં, એની દૃષ્ટિમાં અભેદપણું હોવા છતાં એ અભેદની દૃષ્ટિ સાથે જે જ્ઞાન થાય એ જ્ઞાન એમ જાણે છે કે આ દ્રવ્યની મારી પર્યાય નિમિત્તને અનુસરે છે, કર્મને અનુસરે છે પોતે. અને એનો અભાવ થાય ત્યારે પરનો અભાવ થયો. એટલું દ્વૈતપણું અનુસરે છે એવો એક મારી યોગ્યતાનો ધર્મ છે. કર્મ એને અનુસરાવે છે એવો મારામાં ધર્મ નથી. સમજાણું કાંઈ? એ વ્યવહારનયની વાત થઈ.

નિશ્ચયનયે ધર્મી, પોતાને ગણધર પણ એમ જાણે છે કે મારો આત્મા આ જે પર્યાયમાં રાગ છે એ ભાવબંધને નિશ્ચયથી અનુસરે છે. પરને નહિ. અને ભાવબંધનો અભાવ પણ મારામાં નિશ્ચયથી મારે લઈને થાય છે. એમાં અદ્વૈતને અનુસરે. અદ્વૈત એટલે એક આત્માને અનુસરે છે. સમજાણું કાંઈ? એવો એક આત્મામાં ધર્મ-ધારી રાખેલો ભાવ છે. એમ જ્ઞાની ચાર જ્ઞાનના ધણી ગણધર પણ એમ જોવે અને દેડકો પણ આટલું નાનું શરીર હોય અને સમ્યગ્જ્ઞાન હોય, તે સમ્યગ્જ્ઞાન દ્વારા આમ જોવે છે. સમજાણું કાંઈ? દ્રવ્યે તો નિત્ય છે એમ જોવે છે. પર્યાયે અનિત્ય છે એમ જોવે છે, દ્વૈત અનુસરે છે આત્મા એવો એક ધર્મ છે એમ જોવે છે અને હું એકલો મને અનુસરનાર છું, પરની અપેક્ષાએ (નહિ) એવો પણ એક મારો ધર્મ છે. સમજાણું કાંઈ આમાં?

હવે આજ તો (૪૬) આત્મદ્રવ્ય એવી ચીજ છે અને એમ જોવે છે જ્ઞાની અશુદ્ધનયે. ભાષા અશુદ્ધનય લીધી છે. અને '**ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક,...**' જાણે કે માટીમાં ઘટ અને પાત્ર પર્યાયની જેમ ઉપાધિ હોય એવી શૈલી વાપરી છે. ભાઈ! ભેદરૂપ પર્યાય છે એ ઉપાધિ છે એમ. ધ્યાન રાખજો. ભગવાન આત્મા વસ્તુ છે પૂર્ણાનંદ ચિદાનંદ પ્રભુ, પણ એની પર્યાયમાં, કહે છે કે અહીંયાં માટીમાં જેમ પર્યાયમાં ભેદ પડે છે ઘટ, રામપાત્ર વગેરે, તો એ એકરૂપ માટીમાં એ ભેદ છે તે અશુદ્ધતા છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ '**અશુદ્ધનયે, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક,...**'

માટી જેમ ઘટપણે, રામપાત્રપણે... ત્યાં રામપાત્ર લીધું છેને? એક ડોશીને રામનું નામ નહોતું આવડતું. રામનું નામ બોલે નહિ. રામ બોલે તો ધર્મ થઈ જશે. રામ નહિ. રામ નહિ. પછી એક વખત મરતા વખતે એક શકોરુ લાવીને મૂક્યું હતું. ડોશી! આનું નામ શું? તો રામપાત્ર ન કહ્યું શકોરું. આ વાત .. ગામ છેને. આવા તો એક .. ગામ છેને ત્યાં. .. પાસે. ... રામનું નામ પણ નામમાત્રથી મોક્ષ થાય છે. હવે ભાઈ! એ ડોશી કોઈપણ રીતે રામ બોલે એ માટે કાંઈ ઉપાધિવાળી .. આખો દિ' બધા ઢસરડા કરીને મરવાની તૈયારી થઈ ગઈ. આ છાણા .. હોયને ઘરમાં ગાયું ને ભેંસુ સવારમાં છાણા ભેગા કરે, છાણ ભેગું કરે. પાણી.. રાંધવા ટાણે રાંધે અને મરવા ટાણે પછી મરવાનું ટાણું આવ્યું. પણ કોઈ દિ' રામ નામ ન મળે. એય..! મનસુખભાઈ! ઢસરડા કર્યા બધા. કેટલીક બાયું એવી હોય કે એ વહુરુ કરે એ એને પસંદ ન પડે. એ પોતે કરે ત્યારે પસંદ પડે. સમજાણું? ... પસંદ એમ નહિ,પણ પોતે કરે એમ કે આપણે વહુને ન કરવા દેવું. એટલે આખો દિ' એમાં જ રહે. ભગવાન આત્મા શું એની કાંઈ ખબર નહિ. પછી એક જણો કહે કે આ મરવાની તૈયારી છે કે લાવને આ રામ મોઢામાં આવે તો એટલો તો લાભ થશે કહે. ઓલું શકોરું લઈને બતાવ્યું આમ. ડોશીમાં આ શું છે? રામપાત્ર બોલે તો ઠીક કહે. શકોરું. ઓહો..હો..! એ તો આપણે આવે છેને મહાવીર... કાલે આવી ગયું. ભગવાન મહાવીરના નામે પણ ભલું થાય. ..પેલામાં છે. શરૂઆતમાં કહ્યું. પેલામાં આવ્યું છે. શાસ્ત્રમાં તો બધી વાતું છે, ભાઈ! શેમાં? છઠ્ઠી.

જુઓ પાનું છઠ્ઠું. કહે છે 'પરમ ભટ્ટારક મહાદેવાધિદેવ પરમેશ્વર પરમ પૂજ્ય જેમનું નામગ્રહણ પણ સારું છે.' છે? મનસુખભાઈ! શું બોલો જોઈ?

મુમુક્ષુ :- પરમ પૂજ્ય...

ઉત્તર :- પરમ નામ આવ્યું પહેલું. ભટ્ટારક ન આવ્યું. એ કોઈ દિ' આવડ્યું ન હોયને ચોપડા ન વાંચે. પરમ ભટ્ટારક. ભટ્ટારક એટલે મહાપૂજ્ય. 'પરમ ભટ્ટારક મહાદેવાધિદેવ પરમેશ્વર પરમ પૂજ્ય જેમનું નામગ્રહણ પણ સારું છે એવા શ્રી વર્ધમાનદેવ.' વર્ધમાન ભગવાન પરમેશ્વર. ભગવાનના નામ ઘણા છેને. પાંચ છે. કહે છે આચાર્ય પોતે અમૃતચંદ્રાચાર્ય. સમજાય છે કાંઈ? પરમેશ્વર ત્રિલોકનાથ મહાવીર પરમાત્મા ભટ્ટારક છે. પરમ ભટ્ટારક પરમસૂર્ય. ભટ્ટારકનો અર્થ સૂર્ય થાય છે. પરમ સૂર્ય. દેવાધિદેવ, મહાદેવાધિદેવ. એકલા દેવાધિદેવ નહિ. પરમેશ્વર. પરમ ઈશ્વર છે. પરમપૂજ્ય છે, મહાપૂજ્ય છે. 'જેમનું નામ ગ્રહણ પણ સારું એવા વર્ધમાન દેવને વર્તમાન તીર્થના નાયકપણાને લીધે પ્રથમ પ્રણમું છું.' આચાર્ય પોતે કહે છે. સમજાણું? નામ કહેતા એમાં યાદ આવેને કે મહાવીર. મહાપુરુષાર્થથી પ્રાપ્ત કર્યો એવો ભગવાન આત્મા તે મહાવીર. એમ નામમાં ઓલો ભાવ યાદ આવે એ માટે વાત છે. સમજાણું કાંઈ? આ તો કાંઈ કોઈ દિ' વાંચવાનો વખત મળ્યો ન હોય. પુસ્તક તો પડ્યું હશે ત્યાં. મનસુખભાઈ! કપાટમાં પડ્યું હોય એક અહીં પડ્યું હોય, કપાટમાં પડ્યું હોયને ત્યાં. કહો, સમજાણું આમાં?

કહે છે, રામપાત્ર. અહીં રામપાત્ર લખ્યું છે જુઓ, શકોરું નથી લખ્યું. '**ઘટ અને રામપાત્રની વિશિષ્ટ...**' વિશિષ્ટ એટલે ખાસ. '**માટીમાત્રની માફક,...**' એ છે તો માટીના બધા .. પણ એના પર્યાય થયાને ભેદ? એવું '**સોપાધિસ્વભાવવાળું છે.**' આહા..હા..! ભગવાન આત્મદ્રવ્ય પર્યાયના ભેદવાળું એ સોપાધિવાળું છે. માળે ભારે! સમજાણું કાંઈ? ધ્રુવ ચૈતન્યબિંબ અનાદિ-અનંત સનાતન સત્ય વસ્તુ અનાદિ-અનંત છે. એની અંદરમાં ધ્રુવમાં પર્યાયના ભેદો પડે, અવસ્થા ભેદ પડે. કહે છે કે એ પણ ભેદ નિરૂપાધિ એકરૂપ સ્વભાવની અપેક્ષાએ ઉપાધિ છે. હાય... હાય.. સમજાણું કાંઈ? ... આહા..હા..!

કહે છે, એવું આત્મદ્રવ્ય તેવું છે એમ એક નયે જોવે છે. સમજાણું કાંઈ? પર્યાયના ભેદવાળું છે. છેને ઓલા ૧૬માં આવે છેને નહિ મેચક? મેલ નથી. આવ્યું હતું. ભેદપૂર્વક... ૧૬મી ગાથા. એવો ધર્મ છે કે વસ્તુ જે ત્રિકાળ છે... છે... છે... છે... છે... છે... સળંગ વસ્તુ ધ્રુવ, એમાં પર્યાયના ભેદો... આત્મા એવો છે, એવો જાણ્યો છે સમકિતીએ. એના જ્ઞાનમાં એમ જણાય છે કે વસ્તુ જે ત્રિકાળ છે એની જે પર્યાયો-ભેદ પડે છે એ પણ એક ઉપાદિરૂપ છે, એટલે એકરૂપતા નથી એવો એનો એક ધર્મ જાણે છે. સમજાણું કાંઈ?

'**સોપાધિસ્વભાવવાળું છે.**' લ્યો! છતાં એ પર્યાયમાં રાગ છે પણ ઉપાધિ છેને? અહીં તો પર્યાય વિનાની. પર્યાયને જ અંતર ઉપાધિ કહે છે. અહીંયાં તો ભેદ પાડે એને ઉપાધિ કીધી છે. નય ચાલે છે નય. ઝીણો અધિકાર છે. કહો, સમજાણું કાંઈ? વસ્તુ એ અભેદ ત્રિકાળ ચિદાનંદ સ્વરૂપ છે ધ્રુવ. એમાં એની અવસ્થાઓ-હાલતો, જેમ માટી એકરૂપ છે એની હાલતો ઘટ અને રામપાત્ર વગેરે, એ એકમાં અનેકપણું એ ઉપાધિ છે. એમ આત્મામાં વસ્તુ ધ્રુવપણે એકરૂપ છે એમાં પર્યાયના-અવસ્થાના ભેદો છે એ જ ઉપાધિ છે ભાઈ! એવું પણ જ્ઞાની પોતાની પર્યાયમાં એક ધર્મ છે એમ જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

છેલ્લો '૪૭.' હવે. ૪૭ નય પૂરી થાય છે. તેરશથી શરૂ કરી હતીને. ધનતેરશથી શરૂ કરી હતી. તેરશ, ચૌદશ, .. અને પાંચમ. '**આત્મદ્રવ્ય શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક, નિરુપાધિસ્વભાવવાળું છે.**' જુઓ, ઉપાડ્યું હતું દ્રવ્યે.. ભાઈ! દ્રવ્ય પહેલું ઉપાડ્યું હતું. એ નિરુપાધિ... ઓહો..હો..! વસ્તુ દ્રવ્યનયે, દ્રવ્યનયે કાયમ છે... કાયમ છે... કાયમ છે... એમ પહેલો નય ઉપાડ્યો હતો. એમ અહીંયાં છેલ્લે કહે છે, વસ્તુ ભગવાન આત્મા શુદ્ધનયથી જુઓ, શુદ્ધનયથી જુઓ (તો) કેવળ નિરુપાધિ અભેદ સ્વરૂપ છે. જુઓ, ભૂતાર્થને શુદ્ધનય કીધી. ... વસ્તુ જે ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અભેદ એ કેવળ માટીની માફક. પર્યાયભેદ નહિ. આહા..હા..! સમ્યગ્જ્ઞાની આત્માને ભેદ નથી એવો પણ એક ધર્મ છે એવો જોવે છે અને ભેદ છે એવો પણ એક ધર્મ છે.

'**નિરુપાધિસ્વભાવવાળું છે.**' સમજાણું કાંઈ? લ્યો ૪૭ થઈ. '**તેથી કહ્યું છે કે-**' એ ગોમ્મટસારનું છે.

जावदिया वयणवश तावदिया चेव होंति णयवादा।
जावदिया णयवादा तावदिया चेव होंति परसमया।।
परसमयाणं वयणं मिच्छं खलु होदि सव्वहा वयणा।
जइणाणं पुण वयणं सम्मं खु कहंचि वयणादो।।

'(**અર્થ :- જેટલા વચનપંથ છે...**' એટલે કે વચનના પ્રકારો જેટલા ભેદો નયોના પડે છે એ અપેક્ષા સહિત નય તે સમ્યક્ નય છે. અપેક્ષા રહિત તે મિથ્યાનય છે. તેથી જેટલા સમ્યક્ નયો છે તેટલા મિથ્યાનયો છે. દ્રવ્યનયે એક નય છે અને બીજી નયની અપેક્ષા રાખે તો તે સમ્યક્ નય છે અને એક નયે દ્રવ્ય જ છે અને બીજી નયની અપેક્ષા ન રાખે તો તે નય મિથ્યા છે. સમજાણું કાંઈ? અભેદ વસ્તુ છે એ એક નયનો વિષય છે, પણ એક જ નય પોતાનો વિષય રાખીને બીજા નયની અપેક્ષા ન રાખે તો એ નય પણ મિથ્યાનય છે. સમજાણું કાંઈ? જેટલા વચનના પંથ છે એટલે પ્રકાર છે. પંથ-પ્રકાર. '**તેટલા ખરેખર નયવાદ છે; અને જેટલા નયવાદ છે તેટલા જ પરસમય (પર મત) છે.**' એકાંત એમ. એક જ નયથી જીવને જોવે તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ ધ્રુવ શુદ્ધનયનો વિષય તે ધ્રુવ છે. પણ બીજી નયની અપેક્ષા જો ન હોય તો, પર્યાય છે, ભેદ છે એ જો નયની અપેક્ષા ન હોય તો એ નય મિથ્યાનય થઈ જાય છે. સમજાણું કાંઈ? અને એ નય એક શુદ્ધ છે એવું પણ જાણે અને બીજી નય અહીં પર્યાયમાં ભેદ પણ છે, અશુદ્ધતા પણ છે, વિકાર પણ છે, રાગનું પરિણમન પણ છે, રાગનું ભોગવવાપણું પણ છે. એવો એક નય છે એની અપેક્ષા રાખીને એક નય જોવે તો તે નય સમ્યક્ છે. સમજાણું કાંઈ?

જેમ નિશ્ચયથી ધર્મ થાય એમ એ એક જ માને અને વ્યવહારથી ધર્મ ન થાય એ એકાંત છે અપેક્ષા રાખીને. એમ હશેને? નહિ? નિશ્ચય છે અને વ્યવહાર નથી તો એ નય મિથ્યા થઈ જશે. નથી માને તો. એ પ્રશ્ન અહીં ક્યાં છે? હજી આમાં નાખે છે ઘણા. હા, ભગવાનનો માર્ગ તો સ્યાદ્વાદ છે. સ્યાદ્વાદ તે જે રીતે વસ્તુ હોય એમ હોય કે નહિ? ધર્મ તો આત્માના દ્રવ્ય આશ્રયે જે શુદ્ધતા પ્રગટે તે જ ધર્મ છે. જેટલો દયા, દાન, વ્રત ને ભક્તિનો વિકલ્પ આવે એ બધો ધર્મ નથી, પણ વ્યવહાર છે ખરો. એકલો નિશ્ચય માને અને વ્યવહાર નથી એમ માને તો નિશ્ચયનય મિથ્યા થઈ. અને નિશ્ચયનય અભેદ માને અને સાથે રાગ છે વ્યવહાર એવો વ્યવહારને માને છે, તો એ નય સાપેક્ષ સમ્યક્ થઈ. સાપેક્ષ સમ્યક્. આમાં ગોટા વાળે બધા ઘણા. આમ પણ થાય. આમ પણ થાય. સમજાણું કાંઈ?

'**જેટલા નયવાદ છે તેટલા પરસમય છે.**' એકાંત હોય. જેટલા નયોનો એક-એક નયનો એક જ પક્ષ સ્વીકારે અને બીજો પક્ષ સ્વીકારે નહિ તો એ બધો પરસમય મિથ્યાદષ્ટિની વાત છે. જૈન વીતરાગમાર્ગમાં એક નયનું જે જ્ઞાન છે તે યથાર્થ છે. એની સાથે બીજા નયનું જ્ઞાન સ્વીકારે તો. એ બીજા નયની અપેક્ષાનું જ્ઞાન ન સ્વીકારે તો એ જૈનમાં જૈનપણું

રહેતું નથી એમ કહે છે. એથી કહ્યુંને **'जइणाणं'** સમજાણું કાંઈ? **'પરમસમયોનું (મિથ્યામતીઓનું) વચન સર્વથા...'** એ બીજી ગાથામાં છે. **'(મિથ્યામતીઓનું) વચન સર્વથા (અર્થાત્ અપેક્ષા વિના) કહેવામાં આવતું હોવાથી ખરેખર મિથ્યા છે;...'** **'सव्वहा वयणा'** હવે આત્મા નિત્ય જ છે, અનિત્યની અપેક્ષા રાખતું નથી. આત્મા ક્ષણિક, બૌદ્ધ કહે, ક્ષણિક જ છે. નિત્યની અપેક્ષા રાખતું નથી. તો એ વચન તદ્દન મિથ્યા અને એનો ભાવ પણ તદ્દન મિથ્યા છે. સમજાણું કાંઈ?

**'પરમસમયોનું (મિથ્યામતીઓનું) વચન સર્વથા (અર્થાત્ અપેક્ષા વિના) કહેવામાં આવતું હોવાથી ખરેખર મિથ્યા છે;...'** પણ આમાં તો ઈ કહેવું કે નહિ? કે વ્યવહાર દયા, દાન, વ્રતના, ભક્તિના પરિણામ પણ એક સંવર અને નિર્જરા છે અને આત્માને આશ્રયે શુદ્ધતા પ્રગટે એ પણ સંવર-નિર્જરા છે. બે અપેક્ષા રાખવી કે નહિ આમાં? એમ અહીં કહેવું નથી. અહીં તો કહે છે કે નિશ્ચય સ્વભાવને આશ્રયે જે ધર્મ થાય એ પણ એક નય માને છે અને વ્યવહાર અંદર દયા, દાનના વિકલ્પ છે. છે. પુણ્ય છે. વ્યવહાર ધર્મ છે. વ્યવહાર ધર્મ. એમ જાણે છે તો બીજી નયની અપેક્ષા છે. એ વ્યવહારધર્મ પરમાર્થધર્મ છે નહિ. તો તો બે નય એક થઈ ગઈ. સમજાણું કાંઈ? કહો, સ્યાદ્વાદના નામે મોટા ગોટા ઉઠાવે છે માળા. આમ પણ હોય અને આમ પણ હોય. નિર્ણય તો કોઈ નહિ એક જાતનો.

કહે છે **'(મિથ્યામતીઓનું) વચન સર્વથા (અર્થાત્ અપેક્ષા વિના) કહેવામાં આવતું હોવાથી ખરેખર મિથ્યા છે; અને જૈનોનું વચન...'** વીતરાગી સંતોનું, વીતરાગી સમકિતીનું વચન **'કથંચિત્ (અર્થાત્ અપેક્ષા સહિત) કહેવામાં આવતું હોવાથી ખરેખર સમ્યક્ છે.)'** નિત્યાનંદ શુદ્ધ ધ્રુવ તે જ આત્મા છે. તેમ કહે લ્યો! કીધુંને? ક્ષાયિકભાવ પણ આત્મામાં નથી. એ ક્ષાયિકભાવ આત્મામાં નથી એ દ્રવ્યસ્વરૂપની અપેક્ષાએ વાત છે. પણ પર્યાય પર્યાયમાં નથી તો તો આખું મિથ્યાનય થઈ જાય. સમજાણું? આહા..હા..! ભગવાન આત્મા.. જુઓને ત્યાં સુધી કીધું કે વસ્તુ જે જીવ જેને કહીએ એમાં તો ક્ષાયિકભાવ પણ નથી, ઉપશમભાવ નથી, કેવળજ્ઞાન નથી. કેવળજ્ઞાનની પર્યાય ક્ષાયિકભાવ. એ વસ્તુમાં ક્ષાયિકભાવની પર્યાય નથી. લ્યો આ શું?

મુમુક્ષુ :- બંધ-મોક્ષ નથી.

ઉત્તર :- બંધ-મોક્ષ પણ દ્રવ્યમાં ક્યાં હતું? વસ્તુમાં ક્યાં છે? બંધ-મોક્ષ તો વ્યવહારનયમાં છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ નથી. બંધ નથી, મોક્ષ નથી, કેવળજ્ઞાન નથી. ધ્રુવમાં કાંઈ છે જ નહિ. ધ્રુવ તો એકરૂપ ચિદાનંદ અખંડાનંદ અભેદ એ સિદ્ધ કરવું હોય ત્યારે તો દ્રવ્ય એવું છે, જીવસ્વરૂપ એવું છે એમ કહે. પાછા બીજી અપેક્ષા લે તો નિષેધ કર્યો જેનો એ એની પર્યાયમાં

છે કે નહિ? છે. પર્યાયનયે એની દશામાં ક્ષાયિકભાવ છે, રાગભાવ છે, ક્ષયોપશમ છે. છે એટલું હોં. એને આશ્રયે લાભ થાય એ પ્રશ્ન છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છે-છે. ત્યારે ઓલા એમ કહેને ... જૈનમતને પ્રવર્તાવો તો નિશ્ચય-વ્યવહાર બે ન મૂકવો. તો એનો અર્થ કે વ્યવહાર નથી એમ ન મૂકવો એમ. પણ વ્યવહાર પણ ધર્મ છે એમ નથી ત્યાં. આહા..હા..! જો વ્યવહાર છોડશો તો તીર્થનો નાશ થશે. એમ આવે છેને? નિશ્ચય છોડશો તો તત્ત્વ જ નહિ રહે આત્મા અભેદ અખંડાનંદ છે એ. તીર્થનો નાશ થશે એટલે કે પર્યાય જે છે સમકિતની, જ્ઞાનની, રાગની, ચોથાની, પાંચમાની, છઠ્ઠાની—એ બધું તીર્થસ્વરૂપ એટલે વ્યવહારસ્વરૂપ છે. છે. જો એ પર્યાયને ન જ માને તો એ તીર્થ જ રહેતું નથી. ચોથું, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનની જે દશા છે, ગુણસ્થાન દશા એ વ્યવહાર છે. સમજાણું? વ્યવહાર ન માને તો ગુણસ્થાનની દશા જ રહેતી નથી અને નિશ્ચય ન માને તત્ત્વનો આશ્રય જ રહેતો નથી. ત્યાં રહ્યું શું પણ? વ્યવહાર કે દિ' હતો? ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

'**(મિથ્યામતીઓનું) વચન સર્વથા (અર્થાત્ અપેક્ષા વિના) કહેવામાં આવતું હોવાથી ખરેખર મિથ્યા છે; અને જૈનોનું વચન કથંચિત્ (અર્થાત્ અપેક્ષા સહિત) કહેવામાં આવતું હોવાથી ખરેખર સમ્યક્ છે.)**' લ્યો છે? '**जइणाणं पुण वयणं सम्मं खु कहंचि वयणादो।।**' ૪૭ નય કીધી એમાં એક નય એવી આવી કે ભાઈ સામાન્ય વસ્તુ છે એમાં બાળક, યુવાન અને વૃદ્ધ એવા ભેદો નથી. સમજાય છે? એમાં આવ્યું છેને શું? સવિકલ્પ ભાઈ! સવિકલ્પમાં બાળ, કુમાર અને વૃદ્ધના ભેદો છે. અવિકલ્પમાં ભેદો નથી. લ્યો આ બે પ્રકાર. સમજાણું કાંઈ? સામાન્ય નયમાં તો એમ આવ્યું હતું કે હારમાળા કંઠી અને દોરાની માફક વ્યાપક છે. આખો હારમાં એમ આખો આત્મા અનાદિ-અનંતમાં વ્યાપે છે. વિશેષનયે તો એક મોતીની માફક. એક જ મોતી અને એક જ પર્યાયમાં આખું દ્રવ્ય વ્યાપક નથી. ભારે વાત! એક જ મોતીમાં આખો હાર નથી. મોતીમાં મોતી એકલું છે. એક જ પર્યાયમાં આખું દ્રવ્ય નથી. એવો પણ એક વિશેષ ધર્મ છે. અને આખું દ્રવ્ય દરેક પર્યાયમાં એટલે કે દરેકમાં એકલું વ્યાપે છે એ સામાન્યનય થઈ. બે નયોનું જ્ઞાન જ્ઞાનીને યથાર્થપણે હોય છે. એકને માને અને બીજાને ન માને તો મિથ્યાનય થઈ. એમ મિથ્યાનય છે. આહા..હા..!

વ્યવહાર આવે ત્યાં કહે, જુઓ વ્યવહાર આ કહ્યો. જો વ્યવહાર ન હોય તો શરીરને મસળી નાખતા પાપ ન લાગે એમ જીવને મસળી નાખતા પાપ ન લાગે. ૪૬મી ગાથામાં આવે છે. એ તો વ્યવહાર એટલે શરીર અને આત્માનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વ્યવહારે છે. ત્યાં એમ બતાવે છે. સમજાણું કાંઈ? એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી એમ નથી. છે બસ એટલું. એ આદરણીય છે એમ નથી. સમજાણું કાંઈ? વ્યવહાર ન માને તો રાગપણું છે આત્મામાં એ વ્યવહાર છે લ્યો. તો બંધ જ સિદ્ધ ન થાય. અને બંધ સિદ્ધ ન થતાં

બંધનો અભાવ પણ સિદ્ધ ન થાય. વ્યવહાર રાગ છે, સંસાર છે પર્યાયમાં. પર્યાયમાં સંસાર છે એ વ્યવહાર છે અને એનો અભાવ થાય છે મુક્તિ એ પણ વ્યવહાર છે. સિદ્ધ પણ વ્યવહાર છે. એ નિશ્ચય ક્યાં હતો? પર્યાય થઈને? ભેદ પડ્યોને પર્યાયમાં ઈ? સંસાર વ્યવહાર જે અનાદિ-અનંત પર્યાય છે એ તો વ્યવહારનયનો વિષય છે. ધ્રુવપણું છે એ નિશ્ચયનો વિષય છે.

જો વ્યવહાર ન માને તો બંધ-મોક્ષ પણ સિદ્ધ થતો નથી. વ્યવહાર ન માને તો વિકાર સિદ્ધ થતો નથી અને વિકારનો અભાવ પણ સાબિત થતો નથી. બસ એટલી વાત છે. પણ એનો અર્થ એવો નથી કે વ્યવહાર માને તો વ્યવહારનો આશ્રય લેવા લાયક છે. જ્ઞાન કરવાલાયક છે. ડોક્ટર! વાત તો એવી છે અટપટી. અરે..! લોકો ક્યાંકના ક્યાંક મૂંઝાણા છે બિચારા. વસ્તુ હાથ આવે નહિ તો ક્યાંક અટકી-અટકીને મિથ્યા શ્રદ્ધા સેવે અને માને કે અમે કાંઈક આગળ વધ્યા છીએ અને હવે વ્રતનું ચારિત્ર પાળીએ. ધૂળમાંય વ્રત ક્યાં હતા તારા? હજી શ્રદ્ધાના ઠેકાણા નથી. દર્શનશુદ્ધિ કોને કહેવી એની ખબર નથી. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ છે આ તો બાપુ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે કહેલો છે. ... શું કહેવાય એમાં? નિત્યાનંદ છે? સમજાય છે કાંઈ?

જો આત્મામાં વ્યવહારનય ન માને તો... આત્મામાં સંસારનો ઉદયભાવ છે એ વ્યવહાર છે. અને નિશ્ચય ન માને તો તત્ત્વ આખું જે અભેદ આશ્રય કરવા જેવું છે એ રહેતું નથી. આહા..હા..! એવી વાત છે. કહે છે, એ જૈનનો વીતરાગનો માર્ગ પરમેશ્વર સર્વજ્ઞદેવે કહેલો એવો જ માર્ગ સમકિતીનો, જૈનોનો છે. સમકિતી એટલે જૈન. સમકિતી જૈન, પાંચમા ગુણસ્થાનવાળો, જૈન મુનિ જૈન.. જેણે રાગની એકતા તોડી છે અને સ્વભાવમાં એકતા કરી છે એનું નામ જૈન. સમજાય છે કાંઈ? જીતવું છેને જૈનમાં જીતવું? શું જીતવું? કે જે રાગનો વિકલ્પ હતો એ મારામાં એકત્વ માન્યો હતો એ અજૈન હતો. એ રાગ એકત્વ નથી, પણ મારાથી ભિન્ન છે અને હું સ્વભાવમાં એકત્વ છું એવું જે અનુભવમાં આવવું એનું નામ જૈન. એ જૈન કોઈ સંપ્રદાય નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે.

એ જૈનનું વચન એવું હોય છે કે તદ્દન બીજી અપેક્ષા વિનાનું એકાંતિક વચન હોતું નથી. નિશ્ચય જ છે અને વ્યવહાર નથી, વ્યવહાર જ છે અને નિશ્ચય નથી, દ્રવ્ય જ છે અને પર્યાય નથી અને પર્યાય જ છે અને દ્રવ્ય નથી—એવું વચન જ્ઞાનીનું હોતું નથી, વીતરાગનું હોતું નથી. એ તો વીતરાગી મુનિ અને સમકિતી બધા વીતરાગ છે. સમજાણું કાંઈ?

**'આ રીતે આ (ઉપરોક્ત) સૂચન પ્રમાણે (અર્થાત્ ૪૭ નયોમાં સમજાવ્યું તે વિધિથી) એક એક ધર્મમાં એક એક નય (વ્યાપે)...'** શું કીધું? આત્મામાં અનંતા ધર્મ છે એમાં એક નય—એક જ્ઞાનનો અંશ એક ધર્મને જોવે. તો એક નયનો ધર્મ બધા ધર્મને જોવે? ભલે એક નયનો એક ધર્મ જોતાં આખું જોવે એ જુદી વાત છે. એ તો કહેશે હમણાં.

છતાં એક દ્વારા જણાય આખું. '**સૂચન પ્રમાણે** (**અર્થાત્** ૪૭ **નયોમાં સમજાવ્યું તે વિધિથી**) **એક એક ધર્મમાં એક એક નય** (**વ્યાપે**) **એમ અનંત ધર્મોમાં વ્યાપક અનંત નયો વડે નિરૂપણ કરવામાં આવે...**' નિરૂપણ કથનની શૈલી લીધી છે, પણ જાણવામાં આવે છે.

'**સમુદ્રની અંદર મળતા...**' દરિયામાં જ્યારે ભળે છેને. '**શ્વેત-નીલ ગંગા-યમુનાના જળસમૂહની માફક,...**' ગંગાનું પાણી ધોળું છે અને જમનાનું પાણી વાદળી નીલ રંગનું હોય છે. દરિયામાં પડે ત્યારે એક સાથે અંદર ભેગા પડે ગંગા-યમુના દરિયામાં. '**અનંત ધર્મોને પરસ્પર અતદ્‌ભાવમાત્ર વડે જુદા પાડવા અશક્ય હોવાથી,...**' આત્મામાં દ્રવ્ય છે, પર્યાય છે, અશુદ્ધતા છે, શુદ્ધતા છે—એ બધા ધર્મોને પરસ્પર અતદ્‌ભાવ છે. અતદ્‌ભાવ નામ એક ધર્મ બીજા ધર્મરૂપે નથી. છતાં જુદાં પાડવા અશક્ય હોવાથી. સમજાણું કાંઈ? '**પરસ્પર અતદ્‌ભાવમાત્ર વડે જુદા પાડવા અશક્ય હોવાથી,...**' ફક્ત એક ધર્મ બીજા ધર્મરૂપે નથી એટલું છે. '**અતદ્‌ભાવમાત્ર વડે જુદા પાડવા અશક્ય હોવાથી,...**' પણ જુદા પાડી શકાતા નથી. માળે ભારે વાત કરી છે!

એક સમયમાં આત્મા અશુદ્ધપણે પરિણમે છે કર્તા એવો પણ એક ધર્મ છે. કરવું, કરવાલાયક છે એમ પ્રશ્ન નહિ. પણ રાગપણે પરિણમે છે એવો એક પણ સમ્યગ્દૃષ્ટિ પોતાના જ્ઞાનથી એક ધર્મ જોવે છે. સમજાણું કાંઈ? એક ધર્મ, એક ધર્મ એ જોવે છે કે રાગનું પરિણમન મારામાં નથી. ત્યારે એક સમયની પર્યાયમાં રાગનું પરિણમન થોડું છે અને થોડું નથી. બેય ધર્મ એક સાથે જોવે છે. હવે કહે છે કે એ એક ધર્મ બીજા ધર્મ રૂપે તો અતદ્‌ભાવ છે. પણ એકલા '**અતદ્‌ભાવમાત્ર વડે જુદા પાડવા અશક્ય હોવાથી,...**' ભાઈ! જુદા પાડી શકાતા નથી. અતદ્ ખરો. રાગ છે એ અરાગ નથી અને અરાગધર્મ તે રાગ નથી. બે અતદ્‌ભાવ છે. અતદ્ એટલે તે ભાવ નથી. છતાં જુદાં પાડવા અશક્ય છે. કારણ કે એક સાથે છે બધા. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

કોની પેઠે? કે '**સમુદ્રની અંદર મળતા શ્વેત-નીલ ગંગા-યમુનાના જળસમૂહની માફક,...**' ત્યાં તો બધું ભેગું થઈ ગયું. એને જુદું પાડી શકાય? છે અતદ્‌ભાવ. લીલું તે ધોળું નહિ અને ધોળું તે લીલું નહિ. છે તો એમ પણ છતાં ત્યાં બધું ભેગું છે. દરિયામાં તો ભેગું છે. '**અનંત ધર્મોને પરસ્પર અતદ્‌ભાવમાત્ર વડે જુદા પાડવા અશક્ય હોવાથી,...**' દરિયામાં બે પાણી ભેગા હોવા છતાં જુદાં પાડવા અશક્ય છે. સમુદ્રની અપેક્ષા છે. એમ '**આત્મદ્રવ્ય અમેચકસ્વભાવવાળું,...**' એક સ્વભાવવાળું એમ. એક ધર્મ એક જ સ્વભાવવાળું છેને બધું થઈને એક. અમેચક સ્વભાવ. નીચે છે. '**અભેદ; વિવિધતા રહિત; એક.**' '**એક ધર્મમાં વ્યાપનારું,...**' નયનો વિષય લેવો છેને પહેલો. એક ધર્મમાં એક નયમાં આખું દ્રવ્ય વ્યાપનારું. જોયું! '**એક ધર્મી હોવાને લીધે યથોક્ત એકાંતાત્મક** (**એકધર્મસ્વરૂપ**)

છે.' ભગવાન આત્મા એક ધર્મની અપેક્ષાએ એક ધર્મ સ્વરૂપ છે. ઝીણું ભારે ભાઈ! .. છેને? એક નયે શુદ્ધ દેખે છે તો એ શુદ્ધ જ પોતે આખાને ભાળે છે બધા. શુદ્ધ એટલે? પરથી જુદો. અશુદ્ધ દેખે છે તો એ અશુદ્ધની પર્યાય જેવો છે. પણ એનાથી આખું જુદું પાડી શકાતું નથી.

'**આત્મદ્રવ્ય અમેચકસ્વભાવવાળું, એક ધર્મમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે યથોક્ત એકાંતાત્મક (એકધર્મસ્વરૂપ) છે. પરંતુ...**' હવે .. લે છે. '**યુગપદ્ અનંત ધર્મોમાં વ્યાપક એવા અનંત નયોમાં વ્યાપનારા એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ વડે નિરૂપણ કરવામાં આવે તો,...**' અનંતા ધર્મો એક સમયમાં... જે આ ૪૭ કીધા એ બધા એક સમયમાં છે. એક જીવને, એક સમયમાં. એક જીવને જ્ઞાનનય અને એકને ક્રિયાનય અને એકને સામાન્યનય, બીજાને વિશેષ એમ છે નહિ. એક સાથે બધા ધર્મો એક સમયમાં રહેલા છે. સમજાણું? '**યુગપદ્ અનંત ધર્મોમાં...**' જુઓને એક-એક ધર્મમાં એક-એક નય વ્યાપે છે એમ હતું. અહીં '**યુગપદ્ અનંત ધર્મોમાં વ્યાપક એવા અનંત નયોમાં વ્યાપનારા એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ વડે નિરૂપણ કરવામાં આવે તો, બધી નદીઓના જળસમૂહના...**' લ્યો! '**સમવાયાત્મક (સમુદાયસ્વરૂપ) એક સમુદ્રની માફક,...**' એક સમુદ્ર આખો. '**અનંત ધર્મોને વસ્તુપણે જુદા પાડવા અશક્ય હોવાથી...**' અનંત જુદા-જુદા છે એને વસ્તુપણે જુદા પાડી શકાતા નથી.

'**આત્મદ્રવ્ય મેચકસ્વભાવવાળું,...**' ભેદસ્વભાવવાળું છે. આ અનેક ધર્મવાળું છેને? પ્રમાણનો વિષય. નીચે છે. '**જુદા જુદા; વિધવિધ; અનેક.**' ધર્મો છે. '**અનંત ધર્મોમાં વ્યાપનારું એક ધર્મી હોવાને લીધે યથોક્ત અનેકાન્તાત્મક...**' પ્રમાણથી તે અનેક ધર્મસ્વરૂપ છે. નયથી એક ધર્મસ્વરૂપ છે, પ્રમાણથી અનેક ધર્મસ્વરૂપ છે. આહા..હા..! ખુલાસો કર્યો કૌંસમાં. '**(જેમ એક વખતે એક નદીના જળને જાણનારા જ્ઞાનાંશ વડે જોવામાં આવે...**' જુઓ આમાં ખુલાસો કર્યો છે. '**એક વખતે એક નદીના જળને જાણનારા જ્ઞાનાંશ વડે જોવામાં આવે તો સમુદ્ર એક નદીના જળસ્વરૂપ જણાય છે,...**' દરિયો એક જળના સ્વરૂપે જણાય. '**તેમ એક વખતે એક ધર્મને જાણનારા એક નયથી જોવામાં આવે તો આત્મા એક ધર્મસ્વરૂપ જણાય છે;...**' એક નયથી જુઓ તો આખો એક ધર્મસ્વરૂપ જ છે. જુદો પડતો નથી. '**પરંતુ જેમ એકીસાથે સર્વ નદીઓનાં જળને જાણનારા જ્ઞાન વડે જોવામાં આવે તો સમુદ્ર સર્વ નદીઓનાં જળસ્વરૂપ જણાય છે,...**' તો બધું પાણી આખું એક સમુદ્ર જ છે. '**તેમ એકીસાથે સર્વ ધર્મોને જાણનારા પ્રમાણ વડે જોવામાં આવે તો આત્મા અનેક ધર્મસ્વરૂપ જણાય છે. આ રીતે એક નયથી જોતાં આત્મા એકાંતાત્મક છે અને પ્રમાણથી જોતાં અનેકાંતાત્મક છે.**' એક નયથી જોતાં એ આત્મા એક ધર્મસ્વરૂપ છે. પ્રમાણથી જોતાં એ આત્મા અનંત ધર્મસ્વરૂપ છે. અરેરે..!

સમયસારની વ્યાખ્યા દ્રવ્યદૃષ્ટિની ... ઝીણું છે, બાપુ! એનો જેવો સ્વભાવ છે એમ જ્ઞાની જાણેને? પરથી જુદો, પરને કાંઈ સંબંધ નથી. એમાં જેટલા ધર્મો જેટલા વિકાર, અવિકાર પોતાને લઈને રહ્યા એ બધું જાણે છે. એમાં એકપણ (નયે) જાણે કે વિકાર મારી પર્યાયમાં નથી તો સાધકપણું રહેતું નથી. નિર્મળતા મારી પર્યાયમાં નથી તોપણ સાધકપણું રહેતું નથી. અરે..! સમજાણું કાંઈ? એકલું મલિન પણું હોય તો તો મિથ્યાદૃષ્ટિ છે. એની અહીં વાત નથી. અહીં તો સાધકની વાત છે. પૂર્ણ શુદ્ધ થઈ ગયા કેવળી એની પણ અહીં વાત નથી. અહીં તો અંતરાત્મા બહિરાત્મપણું છોડી, બહિરાત્મા એટલે જે આત્મામાં ભાવ નથી તેનાથી જુદો પડી અને અંતરાત્મા એટલે જેના સ્વભાવમાં આનંદ અને જ્ઞાન છે એવા અંતરાત્માપણે પરિણમ્યો, એવા જ્ઞાનીને જ્ઞાન દ્વારા આત્મામાં ક્યા-ક્યા ધર્મો છે તે જણાય છે.

શ્રુતકેવળી પણ એમ જોવે. મારી પર્યાયમાં રાગ છે એમ જાણે. સમજાણું કાંઈ? શ્રુતકેવળી પણ એમ જોવે. એકકોર કહે દ્રવ્યમાં ક્ષાયિકભાવ નથી. કઈ અપેક્ષા છે? દ્રવ્યમાં ક્ષાયિકભાવ પણ નથી. ત્યારે કહે કે પર્યાયમાં રાગભાવ પણ છે. કહો, સમજાણું કાંઈ? પણ જેમ બે નયોના બે ધર્મ છે, તેમ એક-એક નયે જોતાં આખો આત્મા જણાય અને આખા અનંતધર્મને જોતાં પ્રમાણ દ્વારા આખો આત્મા .. દ્વારા જણાય. આહા..હા..!

'**(હવે એ જ આશયને કાવ્ય દ્વારા કહીને આત્મા કેવો છે એ વિષેનું કથન પૂરું કરવામાં આવે છે:)**' લ્યો! એ આત્મા આવો છે એમ જ્ઞાની જાણે. એનાથી વિરુદ્ધ જાણે તો એને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન નથી. આહા..હા..! શ્લોક છેને?

स्यात्कारश्रीवासवश्यैर्नयौघैः
पश्यन्तीत्थं चेत् प्रमाणेन चापि।
पश्यन्त्येव प्रस्फुटानन्तधर्म-
स्वात्मद्रव्यं शुद्धचिन्मात्रमन्तः।।१९।।

'**(અર્થ :-) આ રીતે સ્યાત્કારશ્રીના** (સ્યાત્કારરૂપી લક્ષ્મીના) **વસવાટને વિષે વર્તતા નયસમૂહો વડે** (જીવો) **જુએ...**' એમ. એક નયથી પણ બીજી અપેક્ષા રાખીને જોવે 'તોપણ...' અને તોપણ એ... '**પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.**' શું કીધું? શુદ્ધચૈતન્યમાત્ર એટલે? પરથી જુદો, રાગવાળો અને રાગ વિનાનો એવા અનંતધર્મવાળો શુદ્ધચૈતન્યમાત્ર દેખે. શું કીધું? શેમાં ફરી ગયો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માત્ર ક્યાં? અહીં તો બધા ધર્મ એક સાથે છે. એને અહીં શુદ્ધ આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પ્રમાણ વડે જુએ ત્યારે ઓલો અશુદ્ધ આવી ગયો કે નહિ? અને એક નય વડે જુએ તો ઓલો શુદ્ધધર્મ પણ એમાં આવી જાય છે. એ અશુદ્ધથી જુઓ

તોપણ એ શુદ્ધ છે એટલે પોતે પરની અપેક્ષા એમાં છે નહિ. અનંત નયોથી જુઓ તોપણ એ અશુદ્ધવાળો, આખા ધર્મવાળો જુઓ તોપણ એ શુદ્ધ છે. પરદ્રવ્યથી જુદો. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગવાળો આત્મા છે એમ જોવે જ્ઞાની તોપણ એ શુદ્ધ છે. શુદ્ધ છે એનો અર્થ એમાં પરની પ્રતિષ્ઠા ક્યાંય આવતી નથી. એમ શુદ્ધ છે. અરે..! કનુભાઈ! ઝીણું છે થોડું. એ તો બુદ્ધિવાળા માણસ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ જુદી વાત છે. સમયસારમાં શુદ્ધ દ્રવ્યને ભાળે એ તો દ્રવ્યદૃષ્ટિની વાત છે. અહીં શુદ્ધપણું તો અનંતા ધર્મોવાળો આત્મા તે શુદ્ધપણું છે. સમજાણું કાંઈ? એ અશુદ્ધપણું જોવે તોપણ એ શુદ્ધ છે. શુદ્ધ એટલે એમાં પરને લઈને નથી એમ કહે છે. આહા..હા..! શુદ્ધને જ જોવે છે અંદર, પણ એ દ્રવ્યને શુદ્ધ જોવે છે, પણ પર્યાયને અશુદ્ધ જોવે એ પણ શુદ્ધ જ છે. અરે..! સમજાણું કાંઈ? એ તો ૮૯માં આવ્યું હતું. ૮૯-૯૦ નહોતું આવ્યું? પરની અપેક્ષાવાળો વ્યવહાર તે અશુદ્ધનય છે. પોતાનો-પોતાનો વ્યવહાર રાગાદિ છે એ બધો શુદ્ધ જ છે. એ શુદ્ધનયનો વિષય છે. આહા..હા..! એકકોર શુદ્ધનય ભૂતાર્થને કહે, એકકોર શુદ્ધનય પર્યાય અનુભૂતિને કહે, એકકોર રાગવાળો આત્માને જોઈને આખા આત્માને બધાને ધર્મોને જોવે તો એને પણ શુદ્ધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

શુદ્ધનો અર્થ? પરનું એમાં કાંઈ નથી. પોતાનું જે છે એ છે, એમ સ્વતંત્ર. રાગાદિ છે પણ એ પોતાનું છે ઈ. એ તો એક સમયે બધું છેને? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્યે પરિણમન થયું નિર્મળ. તો નિર્મળ વખતે જરી રાગ પણ છે એ રાગ છે અને નિર્મળતા બેય એક સાથે છે. એ બેયને પરની અપેક્ષા નથી અને પરપણું એમાં નથી અને પરને લઈને એમાં નથી, માટે તેને શુદ્ધ કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ શુદ્ધનય.

ઉત્તર :- એ શુદ્ધનયનું આવું કથન છે. સ્વદ્રવ્યની પરિપૂર્ણતા જેવી છે એમ જાણવું એનું નામ શ્રુતજ્ઞાન. અત્યારે ઈ. સમજાય છે કાંઈ? એકકોર કહે કે હું શુદ્ધ. એ શુદ્ધને જ જોવે છે અંદર. દ્રવ્ય છે એ તો. પણ પર્યાયને અશુદ્ધ છે એ પણ આખું દ્રવ્ય અને શુદ્ધ એ પ્રમાણે શુદ્ધ છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? આ શુદ્ધ (એટલે) પોતામાં જેમ છે એમ જાણે એનું નામ શુદ્ધ. પરને લઈને કાંઈ નથી અને પરમાં પોતે નથી. પોતે પોતામાં જે સાધકપણે સાધ્યું છે એ બધું જે છે એને પ્રમાણ વડે જાણવું. તો પ્રમાણમાં તો બધું અશુદ્ધ પણ આવી ગયું. અશુદ્ધે આવ્યો તોપણ એને પ્રમાણ વડે જોવે તો શુદ્ધ છે એમ કીધું. નયે પણ એમ છે. એક અશુદ્ધનયથી જોવે તોપણ એ શુદ્ધ જ છે. સમજાણું કાંઈ આમાં? કહો, હિંમતભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પોતે શુદ્ધ જ છે, પરથી જુદો એ શુદ્ધસ્વરૂપ છે. આહા..હા..! ભારે! આત્મદ્રવ્ય આવું છે, આત્મદ્રવ્ય આવું છે. આહા..હા..!

મુમુક્ષુ :- ... પર્યાય સાથે જ સંબંધ છે.

ઉત્તર :- એ પર્યાય સાથે સંબંધ છે એ જ પોતે પોતાનો શુદ્ધભાવ છે. એની શુદ્ધતા કીધી. .. વાત છે. સમજાણું કે નહિ આમાં? ઝાઝા માણસમાં તો ભાઈ આ તો ૨૬મું વર્ષ બેઠું. આ ૩૫મું વર્ષ આ પરિવર્તન પછી બેસશે. હવે તો કાંઈક એણે સમજવું પડશે કે નહિ? ઝીણું-ઝીણું ક્યાં સુધી કહેશે? કહો, શાંતિભાઈ! સર્વજ્ઞ પરમેશ્વરે આવો આત્મા સાધકનો જોયો અને સાધક એ રીતે જોવે છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા એના જ્ઞાનની પર્યાયમાં સાધકનો આત્મા કેટલામાં રહે છે, સમાય છે એવો જે જોયો તેવો જ્ઞાની પોતાને એવો જ જોવે છે. સમજાણું કાંઈ?

એકકોર કહે કે શુદ્ધનય તો એકલો '**भूदत्थो देसिदो दु सुद्धणओ**।' સમયસારની ૧૧મી ગાથા. એકલો ભૂતાર્થ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... તે શુદ્ધનય. પર્યાય-ફર્યાય શુદ્ધ નહિ. આહા..હા..! બીજી રીતે જ્યાં જોવે તો કહે, રાગનો ભાગ પણ સમકિતી એમ જાણે છે કે મારામાં છે. પરને લઈને નહિ. પરમાં આ નહિ. મારું દ્રવ્ય જ ગુણ અને પર્યાયપણે આવું આખું ... છે. દ્રવ્ય સત્, ગુણ સત્ અને પર્યાય સત્. એ ત્રણમાં આ રીતે વ્યાપેલો છે. એને પણ અહીંયાં સમ્યગ્જ્ઞાની શુદ્ધ છે એટલે પરની અપેક્ષા વિનાનો છે એમ જોવે છે. કહો, સમજાણું? એ શુદ્ધ દ્રવ્ય ૮૯માં કીધું. ભારે વાત ભાઈ!

'**સ્યાત્કારશ્રીના વસવાટને વશ...**' અપેક્ષા વાત રાખીને '**વર્તતા નયસમૂહો...**' એમ. એક નયની અપેક્ષા બીજા નય રાખે છે. પણ અપેક્ષામાં વાંધા ઉઠે છે આ. કે આ સોનગઢવાળા એકાંત નિશ્ચય... નિશ્ચય... નિશ્ચયથી ધર્મ થાય, નિશ્ચયથી ધર્મ થાય એમ કહે, પણ વ્યવહારથી ધર્મ થાય એમ કહેતા નથી માટે એકાંત છે. આ ભગવાન એમ કહે છે કે એમ જ છે. પણ આત્મા છે કેવો? કેટલો? કે રાગ પણ, વ્યવહાર પણ છે એનામાં. એ વ્યવહાર અહીં નિશ્ચયમાં લીધો છે. જેને દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધપણું પ્રગટ્યું, એને કાંઈક રાગ બાકી રહ્યો એને વ્યવહાર કહ્યો દૃષ્ટિના અભેદની અપેક્ષાએ, પણ અહીંયાં જ્ઞાનની અપેક્ષાએ તો રાગ એનામાં છે એ એનો નિશ્ચય કહ્યો. જે રાગને દૃષ્ટિની અપેક્ષાએ વ્યવહાર કહ્યો હતો એ રાગને અહીંયાં નિશ્ચય કહ્યો સ્વમાં છે માટે. સમજાણું કાંઈ? ભારે પડખાં ભાઈ! જાણ્યા વિનાનું એવું આકરું લાગે માણસને. કે હવે આવું કેમ? ૧૬ દિ' સુધી તો કાંઈક કાંઈક કહ્યું. પરદ્રવ્યના પરિણામ પુદ્ગલના છે. વળી અહીં કહે કે જીવના પરિણામને એને શુદ્ધ કહેવો. કઈ અપેક્ષા છે એમ સમજવું જોઈએને એને? સમજાણું કાંઈ? આ કર્તાકર્મનો અધિકાર જ્યાં લીધો ત્યાં તો ભગવાન આત્મા શુદ્ધ એકલું દ્રવ્ય છે તેને પરિણમે છે, તે સમ્યગ્દૃષ્ટિ તે જ પર્યાયને પોતાની માને છે. રાગનો ભાગ જે કાંઈ ઉઠે છે તે પુદ્ગલના પરિણામ છે, નીકળી જવાના માટે અજીવના

પરિણામ છે, મારા નહિ એમ સમ્યગ્દૃષ્ટિ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં પાછું કીધું કે એ પરના કીધા હતા એ તો શું કરવા? કે નીકળી જાય છે અને એની દ્રવ્યનું પરિણમન એવું નથી એથી કહ્યું હતું. પણ દ્રવ્યનું પરિણમન દ્રવ્ય દૃષ્ટિએ એવું નથી, પણ પર્યાયનું પરિણમન એની પર્યાયથી અશુદ્ધતા છે. ભાઈ! શું કીધું સમજાણું? દ્રવ્યનું પરિણમન દ્રવ્ય પોતે છે એનું પરિણમન અશુદ્ધ નથી. કારણ કે દ્રવ્ય પોતે શુદ્ધ છે એટલે પર્યાયનું પરિણમન ત્યાં પરનું લઈ લીધું હતું. સમજાણું કાંઈ? એને અહીંયાં પોતાની પર્યાયનું પરિણમન છે એમ જ્ઞાનમાં સિદ્ધ કર્યું છે. આહા..હા..! ન્યાય સમજાય છે? આ તો જેને ભાઈ આત્મા શું છે એને જાણવો હોય, સ્વભાવનું જ્ઞાન કરવું હોય અને .. આવો છે એમ જાણે તો એને કાંઈક પ્રયત્ન એમાં કરે. એમ ને એમ ઓઘે-ઓઘે હાંકે, એ ભગવાન એમ કાંઈ પ્રાપ્ત થાય એવો નથી. સમજાણું કાંઈ?

'સ્યાત્કાર...' એટલે સ્યાત્કારરૂપ એક કથન કીધો. વસવાટને વશે કથંચિત્‌ને તાબે થઈને '**વર્તતા નયસમૂહો...**' એમ એક નય બીજા નયને વર્તતો નથી એમ નહિ. એ '**વડે જુએ તોપણ...**' નિજ આત્માને '**આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.**' એમ લીધુંને ભાઈ! આમથી લેવું પાછું. ત્યાંથી આમ લેવું થોડું. '**વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે જુએ તોપણ...**' એ '**નિજ આત્મદ્રવ્યને શુદ્ધચૈન્યમાત્ર દેખે છે જ.**' '**છે જ.**' વળી પાછું. કહો, ધીરૂભાઈ! આરે..! ભારે! સમકિતી એમ જાણે છે કે રાગનું પરિણમન છે એ મારું, મારા પર્યાયનો મારો ધર્મ છે એમ જાણે છે. કાંઈ કર્મને લઈને એ ધર્મ થયો છે એમ જાણતો નથી, એમ કહે છે. અને એ જાણવું એનું નામ શુદ્ધપણું છે. એમાં પરનું મિશ્રિતપણું કાંઈ આવતું નથી. એકનયે અશુદ્ધને જોવે અને એ નયનો ધર્મ છે એ અનંત ધર્મમાંથી જુદો પાડી શકાતો નથી. તો એક ધર્મ વડે આખાને દેખે તોપણ એ શુદ્ધ છે અને અનંતા ધર્મોને એક સાથે શ્રુતપ્રમાણથી જુએ તોપણ પરની અપેક્ષા વિનાનું એકલું દ્રવ્ય પોતામાં સમાઈ ગયું છે જેમ છે એમ. ... એ પણ શુદ્ધ છે. એ કેવો છે એની વ્યાખ્યા પૂરી થઈ. હવે કેમ પ્રાપ્ત થાય? એ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૩, બુધવાર, તા. ૧૨.૧૧.૧૯૬૯**
**શ્લોક-૧૯, પ્રવચન-૨૭૯**

પ્રવચનસાર. પરિશિષ્ટનો અધિકાર. આત્મા કેવો છે એ વાત થઈ ગઈ. હવે આત્મા તેની પ્રાપ્તિની રીત શું છે? આવો આત્મા પમાય કેમ? સમજાણું કાંઈ? આ આત્મા છે એની પ્રાપ્તિની રીત શું? કે જેથી એને ધર્મ થાય અને પછી મુક્તિ થાય. સમજાણું કાંઈ? કેવો છે એ વાત આવી ગઈ. એમાં પણ ઉપાય તો બધો હતો સાથે, પણ આનું સ્વરૂપ વર્ણવ્યું છે સમ્યગ્જ્ઞાન દ્વારા. હવે એની પ્રાપ્તિ. પ્રાપ્તિ, પહેલા અનાદિથી પ્રાપ્તિ કેમ થઈ નથી એની વાત કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ નહિ કમજોરી. એ કહે છે જુઓ, **'પ્રથમ તો,...'** મૂળ વાત તો એ છે કે **'અનાદિ પૌદ્‌ગલિક કર્મ જેનું નિમિત્ત છે...'** જેનું. એટલે મોહભાવના, પોતાની મોહભાવના, પરપ્રત્યે રાગાદિ, પુણ્યાદિ, પાપની ભાવના, મિથ્યાત્વની ભાવના. એમાં પુદ્‌ગલકર્મ નિમિત્ત છે. સમજાણું કાંઈ? **'અનાદિ પૌદ્‌ગલિક કર્મ જેનું નિમિત્ત છે એવી મોહભાવના...'** મોહનો અનુભવ એટલે વિકારનો અનુભવ. શુભ-અશુભ વિકલ્પો વિકાર અને એ મારા એવો જે મિથ્યાત્વભાવ એનો અનુભવ. એના **'પ્રભાવ વડે...'** એના પ્રભાવ વડે **'આત્મપરિણતિ...'** આત્માની અવસ્થા, દશા **'સદાય ઘૂમરી ખાતી હોવાથી...'** ચક્કર મારે છે. જેમ દરિયામાં ઘૂમરી આવે છેને? એમ આ રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ એવા ચક્કર ખાધા કરે છે અનાદિથી.

ભગવાન આત્મા આનંદ અને શુદ્ધ સ્વરૂપ છે એની દૃષ્ટિ નહિ હોવાને લઈને મોહભાવના... નિમિત્ત કર્મ છે અને મોહભાવનાને પ્રભાવે... પોતાનો ભાવ જે મિથ્યાત્વભાવ છે, રાગ અને પુણ્યાદિ પાપભાવ મારા એવો જે ભાવ. જુઓ, અનાદિની વાત છે. નિગોદમાં પણ આમ છે. અનાદિ નિત્ય નિગોદમાં પણ આ રીતે છે. પોતે પોતાના **'મોહભાવનાના પ્રભાવ વડે આત્મપરિણતિ...'** આત્માની જે નિર્મળદશા જોઈએ એને ઠેકાણે આત્મપરિણતિ વિકારમાં **'સદાય ઘૂમરી ખાય...'** છે. શુભ-અશુભ... શુભ-અશુભ... શુભ-અશુભભાવ... નિગોદમાં પણ શુભ અને અશુભભાવ થયા જ કરે છે. નિત્ય નિગોદ છે એમાં પણ પુણ્ય અને પાપ, ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ. એવો ભાવ કોઈ કે કોઈ દિ' ત્રસ નહિ થાય એવા જીવને પણ શુભ અને અશુભભાવ તો અનાદિનો થાય છે. એ કાંઈ નવી ચીજ નથી. સમજાણું કાંઈ? એ શુભ-અશુભભાવમાં ઘૂમરી-ચક્કર ખાય છે, પલટો મારે છે કે **'આ આત્મા સમુદ્રની**

**માફક...'** સમુદ્રની માફક. સમુદ્રમાં જેમ તરંગો ઉઠે છે સમુદ્રમાં. **'તેમ પોતામાં જ ક્ષુબ્ધ થતો થકો...'** આકુળ-વ્યાકુળ ક્ષુબ્ધ દરિયામાં તરંગ ઉઠે પોતાનું શાંત આનંદસ્વરૂપ એને અનાદિથી ભૂલેલો, પોતાની વર્તમાનદશામાં આકુળતાની ક્ષુબ્ધતા. મિથ્યાત્વ અને રાગ-દ્વેષથી આકુળતા થયો થકો.

**'ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ વડે પરિવર્તન પામે છે,...'** બહુ ટૂંકામાં કહ્યું છે. અનાદિથી કેમ રખડે છે? નિગોદથી માંડી નવમી ગ્રૈવેયકે દ્રવ્યલિંગી દિગંબર જૈન સાધુ (થયો). દિગંબર અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા પાળનાર નગ્ન જંગલમાં વસનાર. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આનંદ સ્વરૂપના અનુભવના આનંદના વેદન વિના સમ્યગ્દર્શન હોય નહિ અને સમ્યગ્દર્શનમાં આનંદ આવ્યા વિના રહે નહિ. અતીન્દ્રિય આનંદનું વેદન સમ્યગ્દર્શનમાં આવે એ આનંદના વેદન વિના અનાદિકાળથી આ ક્ષુબ્ધ-ક્ષુબ્ધ એટલે આકુળતામાં ક્ષોભાયમાન અનાદિનો છે. સમજાણું કાંઈ? દરિયા ઉપર જેમ તરંગો ઉછળે. ક્ષુબ્ધ... ક્ષુબ્ધ... ક્ષુબ્ધ... દરિયો આમ. એમ ભગવાન આનંદસ્વરૂપ છે એની પર્યાયમાં-એની પરિણતિમાં મોહ મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષની ક્ષુબ્ધતા-આકુળતા પ્રવર્તે છે. સમજાણું કાંઈ? ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિ-વ્યક્તિ. ભાષા.

આત્મામાં જાણવાની અવસ્થાની પ્રગટદશા, જાણવાની અવસ્થાની પ્રગટદશા એ જ્ઞપ્તિ-વ્યક્તિ. એની જે વ્યક્તિ નામ પ્રગટતા અનંત. પર્યાય પર્યાયમાં ક્ષણે-ક્ષણે નવી-નવી જાણવાની પર્યાય પ્રગટ થાય છે. **'ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ વડે પરિવર્તન...'** પર્યાયમાં પોતાનું પરિણમન **'પામે છે,...'** કહો, આ સમજાય છે? ઓલા નય કરતા તો આ સહેલું છે જરી. કહો, ભગવાનજીભાઈ! નયના તો બહુ પડખા. પ્રાપ્ત કરવા માટે. ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ છે એની સન્મુખ જોઈને આત્માના આનંદનું વેદન કરવું જોઈએ તે સમ્યગ્દર્શન, તે સમ્યગ્જ્ઞાન અને એ સ્વરૂપ આચરણરૂપ સ્થિરતાનો અંશ. એના અભાવે ક્ષુબ્ધતા .. આકુળ-વ્યાકુળ... આકુળ-વ્યાકુળ... મુનિ દ્રવ્યલિંગી થયો, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, પણ એ અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ તો ક્ષુબ્ધતા-આકુળતા છે.

મુમુક્ષુ :- .. તોફાન કર્યું એમ છે?

ઉત્તર :- તોફાન છે. દરિયામાં જેમ તોફાન ઉઠે છે, એમ ઈ પંચ મહાવ્રતના પરિણામ અને અઠ્યાવીશ મૂળગુણના પરિણામ એ પણ તોફાન છે કષાયના. સમજાણું કાંઈ? ખબર નથી એને શું ચીજ છે અને કેમ થાય? એ તો રોવે... રોવે... આ ધર્મ છે અને આ ધર્મ છે. અનાદિથી જુઓ, **'ક્ષુબ્ધ થતો થકો...'** પોતામાં જ ક્ષુબ્ધ થતો થકો. પાછી ભાષા એમ છે. પણ કર્મમાં ક્ષુબ્ધ થતો નથી. કર્મ તો એક નિમિત્તમાત્ર છે. ઉપાદાન તો પોતાનો અંદર ભાવ છે. ક્ષુબ્ધ થાય છે પોતામાં. રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, શુભ-અશુભભાવ એ મારા અને એ જ્ઞાનની અવસ્થા પ્રગટ-પ્રગટ ક્ષણે-ક્ષણે નવી થાય છેને? એવી ક્રમે પ્રવર્તતી અનંતી

જ્ઞપ્તિઓ. એક સાથે નથી, પણ '**ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિઓ...**' ક્રમે-ક્રમે જ્ઞાનનો પર્યાય જે અંશ છે એ પ્રગટ થાય છે. એ જ્ઞપ્તિવ્યક્તિ-જાણવાની પ્રગટતા. જાણવાની પર્યાયની પ્રગટતા. એ '**વડે પરિવર્તન પામે છે,...**' કહો, નવરંગભાઈ! કહો, સમજાય છે કાંઈ? આત્મા કેમ પ્રાપ્ત થયો નથી? આ કારણે થયો નથી એમ કહે છે.

મુમુક્ષુ :- એ ધર્મ ન કર્યો માટે પ્રાપ્ત ન થયો.

ઉત્તર :- પણ ધર્મનો અર્થ શું? કે એણે અધર્મ કર્યો માટે પ્રાપ્ત ન થયો. તો અધર્મ એટલે શું? અધર્મ એટલે શું? કે જ્ઞાનની પ્રગટ અવસ્થા જે થાય છે એમાં રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ક્ષુબ્ધના ભાવ ઉત્પન્ન કર્યા એ માટે એણે અધર્મ ઉત્પન્ન કર્યો. સમજાણું કાંઈ? કહો, મનસુખભાઈ! કહો, સમજાય છે કે નહિ?

હવે સિદ્ધાંત કહે છે કે એની મૈત્રી અનાદિની ક્યાં પ્રવર્તે છે? કે ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એના અંતરનો અનુભવ તો નથી. એથી એને અંતરના સ્વભાવનો પ્રેમ તો નથી. ભલે કહે કે અમે આત્મા આવો છે, આવો છે. પણ અંદર સ્વભાવનો પ્રેમ અંદરમાં આવ્યો નથી. આવ્યો હોય તો એને જ્ઞપ્તિવ્યક્તિના પ્રેમમાં '**જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે...**' શું કહે છે? આહા..હા..! દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર જે બાહ્ય ચીજ છે એ જ્ઞાનની પ્રગટ અવસ્થામાં નિમિત્તરૂપ છે. એ જ્ઞપ્તિવ્યક્તિ-જાણવાની પર્યાય જે પ્રગટ, વ્યક્તિ એટલે પ્રગટ થાય છે એના નિમિત્ત હોવાથી જ્ઞેયભૂત પદાર્થ. પરપદાર્થ જ્ઞેય છે.

'**એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે,...**' આત્મવસ્તુ ભગવાન આત્મા અનાકુળ આનંદ છે એની મૈત્રી છૂટી ગઈ છે અનાદિથી. અને આત્માના જ્ઞાનની પર્યાયમાં આમ ભિન્ન-ભિન્ન અવસ્થા થાય એના નિમિત્તો પણ ભિન્ન-ભિન્ન હોય. એટલે એને એમ લાગે છે કે આ નિમિત્તને લઈને આ મારી જ્ઞાનની પર્યાય ભિન્ન-ભિન્ન થાય છે. માટે એને નિમિત્તનો પ્રેમ છૂટતો નથી. સમજાય છે કાંઈ? આખું છે તો સર્વજ્ઞપદ. કેવળજ્ઞાનનો કંદ એ તો છે વસ્તુ. હવે એ તરફની દૃષ્ટિના અભાવે. તેની પ્રાપ્તિ નથી કેમ? કે એની દૃષ્ટિનો અભાવ છે. ત્યારે સદ્ભાવ શું છે? કે જાણવાની પર્યાય જે છે પ્રગટ. છે કે નહિ અંશ? મતિ-શ્રુતનો અંશ પ્રગટ છે કે નહિ? નિગોદને પણ છે. અને નવમી ગ્રૈવેયક ગયો જૈન દિગંબર સાધુ દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ, એને પણ ક્ષયોપશમ જ્ઞાનની પર્યાયમાં તો વર્તે છે. એ ક્ષયોપશમ પર્યાયમાં રાગ નિમિત્ત છે, બાહ્ય પદાર્થ નિમિત્ત છે. એથી તેને જાણવાની પર્યાય જાણે પ્રગટ થાય છે એ આનાથી થાય છે. એથી તેનો પ્રેમ એને ખસતો નથી. સમજાણું કાંઈ?

જુઓ, પર્યાયદૃષ્ટિનું વર્ણન કરે છે. આ વસ્તુ આખી પડી રહી છે ચિદાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ ધ્રુવ. તે એક સમયની અવસ્થામાં જ્ઞાનની પ્રગટ, વ્યક્તિએ પ્રગટતાઓ, જાણવા, જ્ઞપ્તિ એટલે જાણવાની ક્રિયા નિમિત્ત પ્રગટતા. એ પ્રગટતામાં બાહ્ય પદાર્થ નિમિત્ત છે. શુભરાગ

તો નિમિત્ત છેને? જાણવાની પર્યાયમાં શુભરાગ, અશુભરાગ, શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ અને શાસ્ત્ર એ જાણવાની પર્યાયમાં બધા નિમિત્તો છે. આહા..હા..! બહુ વાત કરી. કહે છે કે '**જ્ઞપ્તિવ્યક્તિઓનાં...**' જાણવાની પ્રગટદશામાં જે નિમિત્તભૂત હોવાથી. પરવસ્તુ તો નિમિત્ત છે. ચાહે તો ત્રણ લોકના નાથનું સમવસરણ હો. પણ એ જ્ઞપ્તિ પ્રગટ અવસ્થામાં એ તો નિમિત્ત છે. પણ એની દૃષ્ટિ ક્યાં છે? કે આ બધી પ્રગટ-પ્રગટ અવસ્થા થાય છે, એટલે નિમિત્ત છે તો થાય છે. હું છું તો થાય (એમ જાણે) તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય. સમજાણું કાંઈ?

ભગવાનની વાણી છે એ પરદ્રવ્ય છે. એને જાણવાની પર્યાય પ્રગટ થાય છે પ્રગટતા, પહેલે ક્ષણે નહોતી અને બીજે ક્ષણે વિશેષ થઈ. તો વિશેષ થઈ તો જાણે એમાં નિમિત્ત તો વીતરાગની વાણી છે. એટલે એમ થાય કે આ વાણી છે તો આ જ્ઞાનની પર્યાય વધે છે. સમજાણું કાંઈ? કહો, ..ભાઈ! ભારે ઝીણું ભાઈ! વસ્તુ તો પર્યાય થાય છે એ અંતરથી પ્રગટ થાય છે. પણ આ એની દૃષ્ટિ ત્યાં છેને. પ્રગટ જ્ઞાનની મતિ શ્રુતનો જે પ્રગટભાવ અજ્ઞાન એમાં બાહ્ય નિમિત્તો છે અને એની દૃષ્ટિ ત્યાં છે. અને પહેલેથી કાંઈક જ્ઞાન ઓછું હતું અને બીજે ક્ષણે વધ્યું. નિમિત્ત લક્ષ કરે તો વાણી સાંભળે, ભગવાન પાસે બેસે, .. એમાં વધ્યું. ત્યારે એને એમ થાય છે કે હા. આ ચીજ અહીં તો વધી. ઘરે બાયડીને ભાળતો હતો ત્યારે જ્ઞાન નહોતું વધતું હતું. આ ભગવાનને ભાળ્યા, ભગવાનને સાંભળ્યા ત્યારે મારું જ્ઞાન વધ્યું. એમ અજ્ઞાનીને પોતાની જ્ઞાનની પ્રગટ અવસ્થામાં નિમિત્તભૂત તો જ્ઞેય છે. એવી બાહ્ય પદાર્થ વ્યક્તિ ઉપર તે ભિન્ન-ભિન્ન થાય છેને પાછી બાહ્ય પદાર્થ. બાહ્ય પદાર્થની પ્રગટતા એ પણ વ્યક્તિ વસ્તુ. '**પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે,...**' એ નિમિત્તનો તેને પ્રેમ વર્તે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિમિત્તથી લાભ ક્યાં થાય છે? થાય છે પોતાની પર્યાયથી. એ પોતાનું ઉપાદાન પર્યાય તે પ્રમાણે થાય, પણ એનું લક્ષ ત્યાં છેને. જુઓ, આ પહેલી અવસ્થા થોડી હતી અને .. શાસ્ત્ર વાંચ્યા. જ્ઞાનની પ્રવૃત્તિ નિમિત્ત .. વિશેષ વધી. એ વિશેષ વધી એમાં આ નિમિત્ત છે એટલે એને શાસ્ત્રનો પ્રેમ ખસતો નથી. શાસ્ત્ર તો જડ છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનની અવસ્થામાં ક્રમે-ક્રમે અનંત પ્રગટતાઓ થાય, પણ પ્રગટ વ્યક્તિઓમાં નિમિત્ત તો પરવસ્તુ છે. એટલે એનું લક્ષ ત્યાં જાય છે કે હા, આ નિમિત્ત ફર્યુંને ત્યાં જ્ઞાનની અવસ્થા ફરી. નિમિત્ત સારું આવ્યુંને તો જ્ઞાનની અવસ્થા કાંઈક સારી થઈ. એટલે અજ્ઞાનીને નિમિત્તનો પ્રેમ-મૈત્રી દૂર થતી નથી. એ મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે એમ કહે છે. આહા..હા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ?

જેમ ઓલો શુભરાગ થયો. તો જ્ઞાનની પર્યાય તો પોતાની છે. અહીં જ્ઞાનની પર્યાયની

વાત ચાલે છે. શુભરાગ થયો, પણ એને જ્ઞાનને જાણ્યું કે આહા..! પહેલું જ્ઞાન એને નહોતું. પહેલા અશુભનું હતું. તો એ મારા જ્ઞાનમાં શુભરાગ નિમિત્ત છે, માટે એને શુભરાગમાં પ્રેમ, મૈત્રી, રુચિ છૂટતી નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અપૂર્વ વાત એણે કોઈ દિ' હજી અંતરમાં ઓગાળી નથી, વિચાર કર્યો નથી, એની .. શું છે એની ખબર નથી. માની બેઠો છે. અનંતવાર માની બેઠો છે. અમે સમજીએ છીએ, આપણને આવડે છે. આપણે શાસ્ત્ર જાણીએ છીએ. એમ શાસ્ત્ર જાણવાના અભિમાન કરેલા. પણ જાણ્યું નહિ. શાસ્ત્ર શું કહે છે એને જાણ્યું જ નથી. સમજાણું કાંઈ?

હવે પંચમહાવ્રત... કહે છે એમાં આવી ગયુંને ભાઈ આ માટે? એ ભાવ આવી ગયો. નવમી ગ્રૈવેયકનો દિગંબર જૈન સાધુ હજારો રાણી છોડી જંગલમાં મૌનપણે રહેનારો. એને પણ એમ અહીં કહે છે કે અંદરમાં ઓલું જ્ઞાન જરી પર્યાયમાં વધે છેને. જંગલમાં બેઠો તો જ્ઞાન કાંઈક વિશેષ આવ્યું નિવૃત્તિનું. એટલે એને એમ લાગે છે કે આ.. આ.. નિમિત્તનું .. આ જંગલ એકાંત છે માટે મારું જ્ઞાન વધ્યું. એટલે એને નિમિત્તનો મૈત્રીભાવ છૂટતો નથી. સમજાણું કાંઈ? આ બે કલાક વાંચ્યું મેં શાસ્ત્રની સામું જોઈને, ત્યારે પહેલું જ્ઞાન ઓછું હતું અને બીજે વખતે વધ્યું. એટલે એને થયું કે એ વાંચ્યું માટે આ જ્ઞાન વધ્યું માટે મારા જ્ઞાનમાં આ નિમિત્ત છે, એની મૈત્રીનો પ્રેમ છૂટતો નથી. વાત તો આવી છે. એને સમજ્યા વિના થોથા છે બધા. હવે મૂળ ચીજની ખબર ન મળે અને ઉપરથી એને વ્રત ને તપ, ત્યાગ અને તપ આવી જાય એ બધા એકડા વિનાના મીંડા છે. માને છે, માને ભલે, માને તો ભલે સ્વતંત્ર અનાદિથી માન્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ .. શાસ્ત્રમાં આવે છે? એય..! પંડિતજી! જુઓ, આ શાસ્ત્ર આવે, દેવ આવે અરિહંત, ગુરુ આવે મુનિ સંત ભાવલિંગી. એ બધા જાણવાની ક્રિયામાં ભિન્ન-ભિન્ન જ્ઞાન વખતે, ભિન્ન-ભિન્ન (અવસ્થા) થાય ક્ષણે-ક્ષણે, એમાં એ નિમિત્તો છે. એટલે એને એમ થાય છે કે આવા નિમિત્તને લઈને મને આ જ્ઞાન થયું એટલે નિમિત્તનો પ્રેમ મિથ્યાદૃષ્ટિને છૂટતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...શુભભાવ કર્યો હતોને ... સાંભળે.

ઉત્તર :- ધૂળેય સાંભળે નહિ. શું સાંભળે? મહાવિદેહમાં જાય. અહીં અંદરમાં જાતો નથી અને મહાવિદેહમાં તો ત્યાં ને ત્યાં ઉભો છે. ભલે ક્ષેત્રમાં ઉભો હોય ભગવાનના સમવસરણમાં. સમવસરણના ક્ષેત્રમાં ઉભો હોય. અનંતવાર સમવસરણમાં ગયો છે. એકવાર ગયો છે? અનંતવાર મિથ્યાદૃષ્ટિ જૈન થઈ અને ભગવાનના સમવસરણમાં દિવ્યધ્વનિ અનંતવાર સાંભળી છે. સમજાણું કાંઈ? ભગવાન સમવસરણમાં પણ એણે જોયા છે. મિથ્યાદૃષ્ટિ. આહા..હા..! પણ એ જાણવાની પર્યાય બહારમાં ઓછી હતી અને અહીં કાંઈક આમ સાંભળતા વધી એટલે એને એમ લાગે છે કે આને લઈને વધે. મારો દ્રવ્ય સ્વભાવ ભિન્ન છે. માટે એમાંથી જ્ઞાન આવવું જોઈએ એની એને ખબર નથી. તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય. આ દૃષ્ટિ

નિમિત્ત ઉપર જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાત!

મુમુક્ષુ :- ઉપાદાન ...

ઉત્તર :- ઈ કહે છે. શુદ્ધ ઉપાદાન પણ અંતર જાતિનું. ભારે વાત છે, બાપુ! માર્ગ તો એવો છે ઝીણો. વસ્તુનું સ્વરૂપ એવું છે. અત્યારે તો લોકોએ વીંખી નાખ્યો માર્ગને, ચુંથી નાખ્યો. તત્ત્વદૃષ્ટિના પડખાં, એના શું પ્રકાર છે. બહુ ફેરફાર. ઘણો ફેરફાર બહુ. સમજાણું કાંઈ? અને લોકોને એક બીજું એવું સાધારણ કહે, વાત અહીંથી થાય એ ગોઠે એટલે એને ઈ વાત સારી લાગે માણસને. કહે છે કે અહીં તો જાણવાની પર્યાયો ક્ષણે-ક્ષણે ભિન્ન-ભિન્ન થાય અને નિમિત્તો પણ ક્ષણે-ક્ષણે બીજી જાતના હોય. એટલે બીજી જાતના નિમિત્ત છે માટે આ જ્ઞાનની પર્યાયમાં ફેર પડ્યો. એમ નિમિત્તરૂપ હોવાથી જાણવાની ક્રિયાની પ્રગટતામાં-પર્યાયમાં બાહ્ય વસ્તુ નિમિત્ત હોવાથી '**જે જ્ઞેયભૂત છે...**' એ કાંઈ જ્ઞાનભૂત નથી. અહીં જ્ઞાનભૂત એ જ્ઞેય. જ્ઞપ્તિ..ક્રિયા એટલે જ્ઞાનભૂત છે. ભલે અજ્ઞાન છે પણ જ્ઞાન છે. પણ એની સામે ચીજ છે એ કાંઈ જ્ઞાનભૂત નથી. એ તો જ્ઞેયભૂત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પરમાત્મપ્રકાશમાં આવે છે નહિ? એ વીતરાગની દિવ્યધ્વનિ, સંતોની વાણી, એનાથી પણ આત્મા જણાય એવો નથી. સમજાણું કાંઈ? કેવી વાત છે! કહે છે, અનાદિથી અજ્ઞાની નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક જૈન સાધુ થયો. એને કેમ આત્માની પ્રાપ્તિ ન થઈ? કે આત્માની જ્ઞાનની જે પ્રગટ અવસ્થા છે પ્રગટ. શક્તિરૂપ તો આખું કેવળજ્ઞાન છે સર્વજ્ઞ. પણ પ્રગટ અવસ્થાઓ તે ક્ષણે-ક્ષણે બદલે છે ભિન્ન-ભિન્ન. અને જેવી બદલે છે એવા નિમિત્તો પણ ભિન્ન-ભિન્ન બદલે છે. એટલે અજ્ઞાનીને એના જ્ઞેયભૂત પદાર્થ જે નિમિત્ત છે એવી બાહ્યપદાર્થ પ્રગટતા. ભિન્ન-ભિન્ન એ પદાર્થ છેને પણ? બાહ્ય પણ ભિન્ન-ભિન્ન હોય. એમ ભિન્ન-ભિન્ન અવસ્થા, ઓલી ભિન્ન-ભિન્ન અવસ્થા. ઘરે હતો તો બાયડી-છોકરાને દેખતો નિમિત્તરૂપે. આગળ ગયો તો શાસ્ત્રમાં પણ નિમિત્ત ફર્યું અને જ્ઞેયની પર્યાયની ફરી. આગળ સમવસરણમાં ગયો એટલે નિમિત્ત ફર્યું અને જ્ઞાનપર્યાય બીજી ફરી. એટલે... વસ્તુ તો આમ છે. બેસે ન બેસે અહીં તો .. છે. અનાદિથી રખડ્યો છે. એ રખડવાની રીત ભગવાન .. છે. આહા..હા..! શું થાય? સમજાણું કાંઈ?

કારણ કે ભિન્ન-ભિન્ન જ્ઞાનની અવસ્થાઓ તે પર્યાય છે અને એની બુદ્ધિ પર્યાય ઉપર છે. અનાદિની પર્યાયબુદ્ધિ છે. અને પર્યાયબુદ્ધિમાં ભિન્ન-ભિન્ન પ્રકાશતા જ્ઞાનની પ્રગટતામાં પદાર્થો પણ ભિન્ન-ભિન્ન આવે છે. એ ભિન્ન-ભિન્ન અવસ્થાને અહીં એને નિમિત્તનો મેળ ખાઈ જાય છે માટે એને લાગે છે કે આને લઈને આ થાય, આને લઈને આ થાય, આને લઈને આ થાય. કહો, સમજાણું કાંઈ?

'**એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ...**' વ્યક્તિ એટલે એ પણ ભિન્ન-ભિન્ન છેને એમ કહેવું છે. એક જ બાહ્ય પદાર્થ ક્યાં છે? આહા..હા..! '**પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે,...**' અજ્ઞાનીને

જ્ઞાનની ભિન્ન-ભિન્ન અવસ્થામાં શુભરાગાદિ નિમિત્ત દેખીને તેને શુભરાગમાં અને પરમાં તેને પ્રેમ વર્તે છે. એને શુભરાગ થયો તો તો જાણવાનું એ જાતનું શુભરાગનું થયું. પહેલો અશુભ થયો તો એનું જાણવું થયું કે ઓહો..હો..! શુભરાગમાં શાંતિ દેખાય. શાંતો ક્યાં હતો? એ તો આકુળતા છે.

મુમુક્ષુ :- વિલાસ કષાયનો છે.

ઉત્તર :- વિલાસ શેનો? ચેષ્ટાનો શુભ-અશુભ જોગનો ચેષ્ટાનો વિલાસ છે. કષાય અગ્નિ છે. ભગવાનની ભક્તિનો ભાવ પણ કષાય અગ્નિ-ભઠ્ઠી છે. અજ્ઞાનીને એની ખબર પડતી નથી. તેથી પરનો પ્રેમ તેને ખસતો નથી. એય..! વાતું તો આવી છે માર્ગ તો બાપા! આહા..હા..! ઓલામાં એકલા અશુભભાવની વાત હશે કે બેયની હશે? શુભ-અશુભ તો બેય ક્ષણે-ક્ષણે થયા જ કરે છે. કીધું નહિ? છઠ્ઠા ગુણસ્થાન સુધી. છઠ્ઠે મુનિ થાય એને પણ શુભ-શુભ, અશુભ-અશુભ થયા કરે છે. સાતમા પછી નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન મુનિપણું ભાવલિંગ આનંદકંદમાં ઝૂલે. મુનિ સાચા હોય એને તો એક અંતર્મુહૂર્તમાં હજારોવાર છઠ્ઠું-સાતમું આવે. એટલી દશા અંદર આનંદકંદમાં ઝૂલતો હોય છે. મહાવ્રતનો વિકલ્પ આવે એનો એ કર્તા થાય નહિ. એનો એ જ્ઞાતા રહીને સમાધિમાં રહે છે. આહા..હા..! સમાધિમાં એટલે આમ ધ્યાનમાં બેઠો એમ નહિ કાંઈ? અંતરમાં શુદ્ધનું પરિણમન છે એ સમાધિ છે. સમજાણું કાંઈ?

કહે છે ઓહો..! જુઓ, આમ ભગવાન આત્મા અખંડ આનંદ અભેદ ચીજ છે તેનો તેને પ્રેમ નથી. તેનો તેને પ્રેમ હોય તો તો પ્રાપ્તિ થાય. પ્રાપ્તિ કેમ ન થઈ? કે જ્ઞપ્તિની ભિન્ન-ભિન્ન પર્યાયમાં ભિન્ન-ભિન્ન નિમિત્તો ઉપર લક્ષ હોવાથી તેને નિમિત્તનો મૈત્રીભાવ, પ્રેમભાવ, ઇષ્ટબુદ્ધિ ખસતી નથી. ભગવાન પોતે એમ કહે છે, અમને સાંભળતા, વાણીને સાંભળતા અને અમારા શરીરાદિને દેખતા જેના જ્ઞાનની પર્યાયમાં ભિન્ન-ભિન્નતા થાય છે, થાય છે એને પોતાને કારણે, એના ઉપાદાનને કારણે, પણ આ નિમિત્ત છે અને ભિન્ન-ભિન્ન અવસ્થા ભાળતા એને (એમ થાય છે કે) આને લઈને થાય. એ બેની એકતા થઈને નિમિત્તની મૈત્રી તેને ખસતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન એમ કહે છે. ભગવાન કહે છે એ સંત કહે છે. બધી વાત તો એક જ છેને. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરે સમવસરણની મધ્યમાં આ વાત કહી હતી અને આ છે. એ વાત, કુંદકુંદાચાર્ય ત્યાં ગયા અને સાંભળી હતી મહાવિદેહ ક્ષેત્રમાં. ભગવાન અત્યારે બિરાજમાન છે અને એ વખતે આયુષ્ય મોટું છે ત્યાં. એ વાત ત્યાં ભગવાને કરી હતી. એ અહીં કુંદકુંદાચાર્ય અનુભવીને પોતે કહે છે. ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. પાંચસો ધનુષનો દેહ, કરોડપૂર્વનું આયુષ્ય. દિવ્યધ્વનિમાં એ આવ્યું હતું ઇન્દ્રની સમક્ષમાં. શક્રેન્દ્ર અને ઈશાન ઇન્દ્ર. અર્ધ-અર્ધલોકના સ્વામી અને ગણધરોની મધ્યમાં ભગવાનની વાણી આ આવી

હતી કે અનાદિથી કેમ અજ્ઞાની રખડે છે? કે એને ભિન્ન-ભિન્ન જ્ઞાનની પર્યાયની પ્રગટદશામાં નિમિત્તો પણ ભિન્ન-ભિન્ન ફરે છે એથી તેને નિમિત્તની મૈત્રી અંતરમાં રુચિ ખસતી નથી. એ જ મિથ્યાત્વભાવ છે. મગનભાઈ! આહા..હા..! આ વાત. વસ્તુનું સ્વરૂપ અનાદિ આવું જ છે. સંતોએ કાંઈ ઘરનું કહ્યું નથી. એવી સ્થિતિ છે એવી જાણી છે એવી કહી છે કે આમ છે, ભાઈ! આહા..હા..! અંદર શલ્ય રહી જાય છે ઉંડે-ઉંડે એને. સમજાણું?

જાણવાની પર્યાયો ભિન્ન-ભિન્ન થાય છે પર્યાયમાં. એને ભિન્ન-ભિન્ન નિમિત્તો... સમજ્યાને? જ્ઞાનની પર્યાયમાં નિમિત્તથી ફેર ન પડતો હોય તો તમે સમયસાર કેમ વાંચો છો? લ્યો! ત્યારે તમે ત્યાં આગળ શું કહેવાય? પદ્મપુરાણ કેમ વાંચતા નથી? કેમકે પદ્મપુરાણ સામે નિમિત્ત હોય તો એવું જ્ઞાન અંદર ઉઘડતું નથી અને આ સામે નિમિત્ત એવું જ્ઞાન ઉઘડે છે. એમ કેટલાક કહે. અરે..! ભગવાન! પણ બેય (વાત) અજ્ઞાન છે. બેય વાત તારી ખોટી છે. પદ્મપુરાણ સામે હોય. શું કહેવાય? પદ્મપુરાણ. આ ભગવાનનું. તોપણ એ જ્ઞાનીનું નિમિત્ત છે અંદર અને જ્ઞાનની પર્યાય ભિન્ન-ભિન્ન પોતાથી થાય છે. સમજાણું કાંઈ? અને સમયસાર સામે હોય તોપણ જ્ઞાનની જ્ઞપ્તિ પર્યાય પોતપોતાને કારણે એની પર્યાયના ક્રમમાં જે આવવાની તે આવે છે એને. આને લઈને આવતી નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાંચે કોણ? વાંચે છે એ તો એની મેળાએ હશે? આને આમ લાવવી એ આત્માના અધિકારની વાત છે? એ પરમાણુના પુદ્‌ગલોમાં અહીંથી અહીં લાવે અને આમ લાવે એ આત્માનો અધિકાર છે? એ જડની અવસ્થાનો કાળ છે તે પ્રમાણે આવે છે. એય..! નવરંગભાઈ! ભારે વાતું ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના પાડે તો ન્યાય અપાય. આ પુદ્‌ગલ છે. આ શું છે આ? પુદ્‌ગલનો પર્યાય હોય છે કે નહિ? તો પર્યાય એકરૂપ રહે? દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે ... પણ પર્યાય એકરૂપ ન રહે એટલે બદલે ભિન્ન... ભિન્ન... ભિન્ન... થાય. ભિન્ન થઈને અહીં આવવાની પર્યાયનો કાળ છે તો અહીં આવ્યું છે. આ પાનું ઉઘડે છે ઈ એને કારણે ઉઘડે છે. આત્માને કારણે નહિ. આ આંગળી આમ કરે માટે ઉઘડે છે એમ પણ નથી. આહા..હા..! આંગળીની પર્યાય ભિન્ન છે, આની પર્યાય ભિન્ન છે. તો આંગળીની પર્યાયને લઈને આ પાનું ફરતું હશે? સમજાણું કાંઈ? અને આ પાનાને લઈને સામે જ્ઞાનની પર્યાય ભિન્ન-ભિન્ન થાતી હશે? અજ્ઞાનીની વાત છે હોં હજી. આ તો અનાદિની વાત છે.

એ જાણવાની ક્રિયાઓ... જુઓને ભાષા કેવી લીધી! '**ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ...**' ક્રમે-ક્રમે જ્ઞાનની અવસ્થાઓ. કારણ કે એક સમયનું ત્રિકાળી જ્ઞાન એ તો છે નહિ. નહિતર એનો સ્વભાવ તો એક સમયમાં ત્રણ કાળને જાણવું એવો જ સ્વભાવ

છે. પણ એ સ્વભાવની દૃષ્ટિની ખબર નથી. એટલે ક્રમે જ્ઞાનની અવસ્થા ક્ષણે-ક્ષણે ભિન્ન-ભિન્ન થાય જ એવો એનો... ક્રમે-ક્રમે એના કાળે જે અવસ્થા તે ક્ષણે ક્રમબદ્ધને કારણે, જે કાળે જે પર્યાય થાય તે કાળે તે થવાની, થવાની ને થવાની જ. અને એમાં નિમિત્તો પલટે છે એટલે નિમિત્તો પણ ભિન્ન-ભિન્ન પલટવાનો એનો ક્રમનો કાળ સામે હોય છે. સમજાણું કાંઈ? અરે..! એ સૂક્ષ્મ શલ્યની વાતું એને ખબર નથી પડી અનાદિથી. એટલે એમાં ને એમાં માન્યું છે અને માનીને એમ ને એમ રખડે છે. સાધુ થયો, શ્રાવક થયો, અનંતવાર બાર વ્રત લીધા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? એ પાળ્યા. રાગ છે એને પાળ્યો હતો એણે. પાળ્યો હતો એ મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મજૂરી છે બધી. વખત ક્યાં છે? રખડવા માટે લાભદાયક છે. સમજાણું કાંઈ? કહે છે. કેવી આ અમૃતચંદ્રાચાર્ય ટીકા કરે છે! આ અમૃતચંદ્રાચાર્યની છે.

મુમુક્ષુ :- એકલા જ્ઞાનથી જ લીધું છે.

ઉત્તર :- એકલું જ્ઞાનનો પર્યાય જાણે છેને? જાણે છેને? જાણવામાં ભિન્ન-ભિન્ન અવસ્થા થાય છેને. જ્ઞાનપ્રધાન આખું કથન છે. સમજાણું કાંઈ? ૪૭ નય જ્ઞાનની પ્રધાનતાથી લીધી છેને. સમયસારમાં ૪૭ શક્તિ લીધી છે એ દ્રવ્યપ્રધાન કથન છે. દ્રવ્ય વસ્તુમાં શક્તિનું વર્ણન કર્યું. જ્ઞાનપ્રધાન તો જ્ઞાનથી વાત લીધી છે. સમજાણું કાંઈ? અંદર ધ્યાનમાં બેસે. પછી વિકલ્પ ઊઠે. આમ ધ્યાનમાં નિર્વિકલ્પ દૃષ્ટિનો અનુભવ નથી તેને વિકલ્પ ઉઠ્યા વિના રહે નહિ. એ વિકલ્પ જેવો ઊઠે એવું અહીં જ્ઞાનમાં ફેર પડે. જ્ઞાનની પર્યાયમાં ફેર પડે. એટલે એને એમ લાગે છે કે આ વિકલ્પ ફર્યો માટે જ્ઞાન થયું. એટલે એને વિકલ્પનો પ્રેમ ખસતો નથી. નવનીતભાઈ! સમજાણું આમાં? એ મિથ્યાત્વનું શલ્ય કેમ રહ્યું છે એમ બતાવે છે. આહા..હા..!

જુઓ, એક જણો શ્વેતાંબર કહેતો હતો કે અહીં ઉભા હોય તો આવા પરિણામ થાય, જ્યારે શેત્રુંજય જઈએ ત્યારે બીજા પરિણામ થાય. તમે કહો કે ના, ના પરને લઈને કાંઈ થાય નહિ. ઓલો કેવો હતો એ? શું કહેવાય એ? .. કહેતો હતોને. ... ૮૫. .. ભૂલી ગયા તમારા બધા. કસ્ટમનો હતો એક. કસ્ટમ નથી કહેતા? અમલદાર. કસ્ટમનો અમલદાર. હતો દેરાવાસી શ્વેતાંબરનો. ઉમરાળે વ્યાખ્યાન સાંભળ્યું. મહારાજ! આ પણ તમે કહો, ભગવાનની મૂર્તિના દર્શન કરીએ તો પરિણામ એને લઈને થાય નહિ એમ તમે કહો છો. ... એને લઈને થાતું હશે? શુભ થાય છે એ પોતાને લઈને થાય છે. ત્યારે ઓલાને નિમિત્ત કહેવાય છે. તો અહીં થતાં નથી, ત્યાં થાય છે તો ફેર નથી પડતો? કહે. એલા પણ ત્યાં એની પર્યાયનો કાળ છે કે નહિ કીધું. અહીં બીજી પર્યાય, ત્યાં બીજી પર્યાય છે. ભગવાનના સમવસરણમાં ગયો ત્યાં બીજી પર્યાય છે. આ પર્યાય ત્યાં છે? એ વખતે એ પર્યાય છે અને એ પર્યાયમાં ઓલું નિમિત્ત છે. પણ નિમિત્ત છે માટે ત્યાં શુભપરિણામ થયા છે એમ

છે? સમજાણું કાંઈ? નિમિત્તનું અસ્તિત્વ છે તો અહીંયાં શુભ પરિણામનું અસ્તિત્વ છે એમ છે નહિ. એક સત્નો અંશને લઈને બીજાના સત્ના અંશ છે એમ છે કોઈ દિ' અજ્ઞાનમાં પણ? ચાલતું હતું સરખાઈનું એમાં માર્યું કહે છે. અમારે ચાલતું હતું બધું સંપ્રદાયમાં એક જાતનું. એમાં એક લાકડું માર્યું ઉંધું. દેરાવાસી હતો એક. આહા..હા..! બાપુ! ધીરો થા, ભાઈ! શાંત થા. આ તો આત્માની પર્યાય જ્ઞપ્તિની ક્રિયા પણ તે જ કાળે પોતાને કારણે સ્વતંત્ર થાય છે. ભગવાનના દર્શન વખતે શુભભાવ થાય તે તેના પોતાના ચારિત્ર ગુણનો તે વખતનો વિપરીત શુભભાવનો ક્રમ હતો તે થયો. કાંઈ ભગવાનની મૂર્તિને લઈને થયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વાંધા આ બધા. લે! મહારાજ મંદિરો કરાવે પણ કહે કે મંદિરથી લાભ ન થાય. એટલે આ તો પછી નહિ મંદિરે જાય. એમ કહે કેટલાક. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, ભાઈ! કહો, ભીખાભાઈ! તો આ શું કહે છે આ જરા સાંભળને. તને ખબર નથી.

એ તો જેને સમ્યગ્દર્શન વીતરાગભાવ થશે એને એવા કાળે એવો શુભભાવ આવ્યા વિના રહેશે નહિ, છતાં એ શુભભાવનો કર્તા નહિ થાય અને જ્ઞાતા રહેશે. અને એ શુભભાવ નિમિત્તથી થયો નથી પણ મારી પુરુષાર્થની કમજોરીથી થયો એનો હું જાણનાર છું. એને એવો વિવેક વર્તશે. અજ્ઞાનીને એવો વિવેક છે નહિ. આહા..હા..! ભારે વાત!

'**જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી...**' એમ પાછા. જાણવાની પર્યાયની પ્રગટતાના નિમિત્તરૂપ હોવાથી '**જે જ્ઞેયભૂત છે...**' પાછું એમ. જ્ઞપ્તિપર્યાય .. છે એમ નથી. સામી ચીજ કાંઈ જ્ઞપ્તિપર્યાય ભૂત નથી. એ તો જ્ઞેયભૂત છે. '**એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ...**' બાહ્ય પદાર્થની ભિન્ન... ભિન્ન... ભિન્ન... અવસ્થાઓ '**પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે, તેથી આત્મવિવેક શિથિલ થયો હોવાને લીધે...**' જુઓ, તેથી આત્માનો વિવેક વિપરીત થયો હોવાને લીધે. એવો .. કરવો અહીં તો. અહીં નિમિત્ત કીધું છેને? .. કહેશે. '**બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી અને તેથી આત્મવિવેક સુપ્રતિષ્ઠિત થયો હોવાને લીધે...**' સામે લેશે ભાઈ! ઈ-ઈ. '**આત્મવિવેક સુપ્રતિષ્ઠિત થયો હોવાને લીધે...**' આમાં અપ્રતિષ્ઠિત નથી. વિપરીત છે આ. આ અમૃતચંદ્રાચાર્યની શૈલી અસ્તિ-નાસ્તિથી બહુ ... કરે છે.

મુમુક્ષુ :- બે શબ્દો એ સામા-સામા છે.

ઉત્તર :- સામા-સામા ઈ છે. એને '**આત્મવિવેક સુપ્રતિષ્ઠિત...**' છે. સ્વરૂપમાં પ્રતિષ્ઠિત થયો છે. ઓલા સ્વરૂપથી વિપરીત છે એને. સમજાણું કાંઈ? આ તો શાંતિથી સમજવા જેવી વાત છે, બાપા! આમાં કાંઈ વાદવિવાદ અને ઝઘડા ચાલે એમ નથી. આ માર્ગ એવો છે. એ કાંઈ મોટી પંડિતાઈ ભણે જાય માટે આ સમજાઈ જાય એવું પણ નથી. એમ તો અગિયાર અંગ અને નવ પૂર્વનું અનંતવાર ભણતર કર્યું. અગિયાર અંગ અને નવ પૂર્વ અભવિએ

પણ કર્યું અને ભવિએ પણ કર્યું. એમાં થયું શું? એ તો જાણવાની પર્યાયનો ક્ષયોપશમભાવ તે પ્રકારનો તેને હો પર્યાયમાં. એથી એમાં દ્રવ્યદૃષ્ટિ અને સમ્યગ્દર્શન ક્યાં આવ્યું? આહા..હા..! જેમ કષાયની મંદતા, સાધુ થઈને નવમી ગ્રૈવેયક ગયો તો શુક્લલેશ્યા. શુક્લલેશ્યા. તે વિના નવમી ગ્રૈવેયક જાય નહિ. શુક્લલેશ્યા હોં, શુક્લધ્યાન નહિ. શુક્લધ્યાન છે એ આઠમે ગુણસ્થાને હોય સમકિતીને. શુક્લ અભવિને હોય શુક્લલેશ્યા. એમાં શું છે? શુક્લલેશ્યા રાગની મંદતાનો એ શુભભાવ છે, અજ્ઞાનભાવ છે. અજ્ઞાન એટલે કાંઈ આત્માના જ્ઞાનનો ભાવ નથી. શુક્લલેશ્યા એ કાંઈ આત્માના જ્ઞાનનો ભાવ નથી. એ તો જ્ઞાનથી વિરુદ્ધ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે મિથ્યાત્વ એમ નહિ. એના જ્ઞાનના સ્વભાવનું કિરણ નથી, માટે શુક્લલેશ્યાના શુભભાવને ભગવાન અજ્ઞાન કહે છે. આહા..હા..! શુભભાવને અજ્ઞાન કહે છે. એ આવી ગયું આપણે પુણ્ય-પાપના અધિકારમાં. નિર્જરા અધિકારમાં આવી ગયું. બધે ઠેકાણે એ તો આખી શૈલી સમયસારની અલૌકિક. ઓહો..હો..! એવે ક્ષણે અને પળે સમયસાર મળી ગયું છે. ... પરમાણુની પર્યાય એ વખતે ... મુનિનો વિકલ્પ હતો માટે બન્યું છે એમ છે (નહિ). આહા..હા..!

આને કારણે. એટલે શું કીધું? કે આત્મામાં જાણવાની પર્યાયની અનેકાતની વિચિત્રતા ક્રમે-ક્રમે ભિન્ન-ભિન્ન હોવાથી અને તેના બાહ્ય પર્યાયો વાણીના, શરીરના, દેવ-ગુરુના, સ્ત્રી, કુટુંબના, સમ્મેદશિખરના... સમ્મેદશિખર પાછું લીધું. ત્યાં જ્ઞાનની પર્યાય બીજી થાય છે પોતાને કારણે. તો એને લાગે કે આ સમ્મેદશિખરને લઈને થયું.

મુમુક્ષુ :- પાલિતાણામાં...

ઉત્તર :- પાલિતાણા જાય તો બીજી થાય, ત્યાં જાય તો બીજી થાય, ગિરનાર જાય તો બીજી થાય. જ્ઞાનનો પર્યાય ભિન્ન-ભિન્ન બીજો થાય. પણ એને નિમિત્ત ઉપર... આ નિમિત્ત અહીં ભગવાનની મૂર્તિ દેખીને. આહા..હા..! એને લઈને જ્ઞાનની પર્યાય થઈ. એવી દૃષ્ટિ મિથ્યાત્વને લઈને એને બાહ્ય પદાર્થનો મૈત્રીભાવ અંતરથી છોડતો નથી. સમજાણું કાંઈ?

'**તેથી આત્મવિવેક...**' વિપરીત થઈ ગયો. રાગ અને નિમિત્તથી ભિન્ન પાડીને પ્રગટ થવું જોઈએ એને ઠેકાણે આત્માને અને રાગને એક કરીને, પરને એક કરીને વિવેકની વિપરીત દશા થઈ ગઈ. સમજાણું કાંઈ? '**આત્મવિવેક શિથિલ થયો હોવાને લીધે...**' એ તેથી કહ્યુંને શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. ... આ. વિપરીત છે બધું. શું થાય? ભાઈ! એ કોઈ સંપ્રદાય તરીકે એને એમ થાય તો તો આકરું લાગે. પણ એ શ્વેતાંબર સંપ્રદાય એવી રીતે નીકળ્યો છેને. આખું તત્ત્વનો વિરોધભાવ કરીને નીકળ્યો છે. જે દિગંબર પંથ અનાદિ-સનાનત ચાલતો હતો એમાં દુકાળ પડ્યો એટલે ઓલા અર્ધફાલક કટકો લીધો આડો રાખવાનો. એમાંથી આખો સંપ્રદાય નીકળ્યો. ગૃહીત મિથ્યાદૃષ્ટિ થયા પછી એણે શાસ્ત્ર બનાવ્યા છે. સમજાણું કાંઈ? લાગે એવું ઘા વાગે અરર..! બાપુ! માર્ગ તો એમ છે. સમજાણું કાંઈ? તેથી વિપરીત બધું છે. શાસ્ત્ર વિપરીત, ગુરુ વિપરીત અને દેવનું સ્વરૂપ વિપરીત. અને એને

માને એને ગૃહીત મિથ્યાત્વ થાય છે. આવી વાત છે પણ હવે એ...

અહીં તો વીતરાગ એમ કહેવા માગે છે કે એવા નિમિત્તોનો જેને પ્રેમ છે. એનાથી થાય, નિમિત્તો ... આ કેવા કહેવાય? પંડિતો.. નિમિત્તો મેળવવા. ધન્નાલાલ. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં.. મેળવવા. એમ લખ્યું છે ..માં. ... જુઓ અહીં આવ્યાને એટલું નિમિત્ત. પણ કોનું નિમિત્ત? હજી પર્યાય અહીં થઈ નથી. એનું નિમિત્ત અહીં આવ્યું ત્યારે એ પર્યાય છે એનું એ નિમિત્ત કહેવાય. પણ ત્યાં નિમિત્ત હતું કાંઈ? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સમયનો હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્તો મેળવવા એનો અર્થ શું? આત્મા પરદ્રવ્યને મેળવી શકે છે? આ શાસ્ત્રને નજીક લાવી શકે છે? બાર વ્રત લાવી શકે છે? પરદ્રવ્યનો સ્વતંત્ર ઈશ્વર છે પોતે જડેશ્વર છે. એનો આત્મા માલિક છે? આહા..હા..! એમ ભગવાનને આપણે મેળવવા. મેળવવા એટલે શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ જાવું એટલે શું? આ દેહની ક્રિયા થવાની હોય તો આમ થાય અને આત્માના ક્ષેત્રાંતર પ્રદેશ થવાના હોય તો તે કાળે (થાય). પણ એને આ નિમિત્ત છે એમ ક્યાં કહ્યું? નિમિત્ત તો ક્યારે? કે ક્ષણે-ક્ષણે પર્યાય એનું નિમિત્ત. એનું નિમિત્ત બીજું છે. અહીં આવ્યો ત્યારે પર્યાય નિમિત્ત બીજું છે. એમાં આ પર્યાયનું આ નિમિત્ત પહેલેથી ક્યાંથી આવ્યું? ભારે આકરું કામ. બરાબર છે કે નહિ મગનભાઈ! તમે વઢવાણથી અહીં આવ્યા તો નિમિત્ત સામે આવ્યા કે નહિ? ઉપાદાનમાં તો બધું...

મુમુક્ષુ :- ...જાય?

ઉત્તર :- જાય? પણ નિમિત્ત કહેવું કોને? એ વાંધા આખા. હજી વ્યવહાર શ્રદ્ધાના વાંધા. નિમિત્ત તો જ્યારે જે પર્યાય... અહીં તો જ્ઞપ્તિવ્યક્તિઓ જે જે ક્ષણે થઈ તે તે સમયનું જે નિમિત્ત છે તેને નિમિત્ત કહેવામાં આવે. પછીની પર્યાય થવાની એને પહેલું નિમિત્ત છે એમ નિમિત્ત શી રીતે કહેવું પણ એને? એ વાત આવી ગઈ છે. આહા..હા..! અરે..! ઝઘડા... ઝઘડા... ભગવાન! તારામાં બહુ ઝઘડા. ભગવાન આવે તો માળો સમજે નહિ. ઉંધો પડ્યો એ પણ ભગવાન છેને. ઉલટો પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? અનુભવપ્રકાશમાં દીપચંદજીએ કહ્યું છે, તેરી અશુદ્ધતા ભી બડી, તેરી શુદ્ધતાની તો વાત શું કરવી? પણ અશુદ્ધતા પણ તેરી બડી. કે ત્રણ કાળના તીર્થંકરો આવીને સમજાવે તોપણ તું સમજ નહિ એવો છો. ઉલટી પ્રતીતમાં પડ્યો એ તીર્થંકરથી પણ સમજે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે, તેથી આત્મવિવેક...**' પરથી ભિન્ન પડવાનો વિવેક વિપરીત થઈ ગયો. વિપરિત થઈ ગયો. '**અત્યંત બહિર્મુખ...**' લ્યો ભાષા આવી. '**અત્યંત બહિર્મુખ...** બહિર્મુખ જ દૃષ્ટિ છે એની. રાગ, ..માં. સમજાણું કાંઈ? એ જે વિપરીત થયોને લીધે '**અત્યંત બહિર્મુખ એવો તે ફરીને પૌદ્‌ગલિક કર્મને**

રચનારા...' નવા. '**બહિર્મુખ એવો તે ફરીને પૌદ્ગલિક કર્મને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપે પરિણમે છે...**' ... રાગ અને દ્વેષરૂપે દ્વૈત-બેપણે પરિણમે. એકલો ભગવાન આત્મા એને ભૂલીને એ દ્વૈતરૂપે રાગ અને દ્વેષ. મિથ્યાત્વના રાગ અને દ્વેષરૂપે પરિણમે છે. આહા..હા..! બાહ્ય ચીજની તો અહીં વાત જ નથી. એમાં પોતાના પોતાને લઈને મિથ્યાત્વભાવથી જ્ઞપ્તિ પર્યાયને નિમિત્ત દેખીને તેનો મૈત્રીભાવ વર્તતો એવો જે મિથ્યાત્વભાવ, એને રાગ-દ્વેષપણે પોતે પરિણમન કરે છે. લ્યો પરિણમે છે હોં. '**રાગદ્વેષદ્વૈતરૂપે પરિણમે છે...**' એને નવા કર્મનું એ નિમિત્ત છે એમ. ઓલા જૂના કર્મ, વિકાર થયો મોહભાવ એને નિમિત્ત છે. પહેલા કહ્યું હતુંને? અનાદિ પૌદ્ગલિક કર્મ જેનું નિમિત્ત છે. એવું જૂનું કર્મ. આ નવું. નવું જે બંધાણું એને અજ્ઞાનીનો રાગ-દ્વેષભાવ નિમિત્ત છે. પુદ્ગલ પુદ્ગલને કારણે બંધાય છે, પણ નિમિત્ત આનું છે. એમ અજ્ઞાનમાં જ્ઞાનની પર્યાય પર્યાયને કારણે થાય છે, પણ નિમિત્ત બાહ્ય જ્ઞેયનું છે. એમ અજ્ઞાનભાવમાં મોહભાવ પોતાથી થાય છે. અંતરમાં મોહકર્મ. સમજાણું કાંઈ? જુઓ, નોકર્મમાં નિમિત્ત અને પછી નોકર્મનું નિમિત્ત...ભાઈ!

પહેલા કહ્યું કે અનાદિથી મોહભાવનું ... અને પોતાનો મોહભાવ છે. એને લઈને આ બધી ગુલાંટ ખાધી. જ્ઞેય જ્ઞાન.. અનેક પ્રવૃત્તિમાં ભિન્ન-ભિન્ન અવસ્થામાં નિમિત્ત ભિન્ન-ભિન્ન ... સમજાણું? એટલે એ મોહકર્મમાં પ્રેમ ગયો. ઓલામાં કર્મનું નિમિત્ત સાધારણ કહ્યું. થયું પોતાથી. અને અહીં પણ જ્ઞપ્તિપર્યાય થઈ પોતાથી. પણ ભિન્ન-ભિન્ન અવસ્થામાં ભિન્ન-ભિન્ન નિમિત્તો દેખીને ભિન્ન-ભિન્ન કાળે.. જુઓ, કાંઈ ફેર. નિમિત્તમાં ફેર પડ્યો તો અહીં ફેર પડ્યો કે નહિ? મૂઢ છે. એય..! ..ભાઈ! એથી એને નોકર્મનો પ્રેમ વર્તે છે એમ કીધું અહીં તો બાહ્ય પદાર્થથી. ઓલા કર્મ આમ આવ્યું. આહા..હા..! સમજાણું?

જ્ઞાનાવરણીયનું નિમિત્ત છે માટે અહીં જ્ઞાન અટક્યું છે એ પણ માનનારાને પરદ્રવ્ય પ્રત્યે મૈત્રી છે. પણ એ કાંઈક ખસે તો મને લાભ થાય. જ્ઞાનાવરણીય જેટલો ક્ષયોપશમ પરમાં થાય એટલો ઉઘાડ અહીં થાય. એમ માનનારા મૂઢ પરને પોતાનું માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને નિમિત્ત પ્રત્યે... કર્મ કાંઈક ખસેને તો મારો ઉઘાડ થાય. પણ મારા પુરુષાર્થથી મારામાં ઉઘાડ થાય ત્યારે કર્મનો ક્ષયોપશમ એને કારણે હોય એમ નિમિત્ત માનતો નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

'**તેથી તેને...**' રાગ-દ્વેષરૂપે પરિણમે છે '**તેથી તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે.**' લ્યો! આ કારણે એને આત્મ સમ્યગ્દર્શન થતું નથી. આને કારણે એને આત્મા પ્રાપ્ત, અનુભવમાં આવતો નથી. બરાબર છે? હવે સવળી વાત કરે છે. '**પરંતુ હવે જ્યારે આ જ આત્મા...**' આત્મા તો એનો એ છે પાછો, એમ કહે છે. '**પ્રચંડ કર્મકાંડ વડે...**' એ વ્યવહારનયનો વિષય છે. એ વ્યવહારનયનું કથન છે. જે પહેલો ધર્મ આવ્યો હતોને? વ્યવહારનયની યોગ્યતા ગણી હતીને ક્રિયાનયની? શુભભાવ. એની યોગ્યતા ગણીને એક એવો ધર્મ ગણ્યો. વાસ્તવિક

આત્માનું કલ્યાણ એનાથી નથી, પણ એવી એક યોગ્યતા ગણી છે કે જ્યાં **'પ્રચંડ કર્મકાંડ વડે...'** વ્યવહારનયનું વચન છે. કે કષાયની મંદતા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એવી ચોખ્ખી કરી કે એવા વિકલ્પનો અભાવ કર્યો જ્યારે. ત્યારે આને લઈને એનું 'પ્રચંડ કર્મકાંડ વડે થયું' એવું વ્યવહારનયનું કથન છે. વ્યવહારનય નિમિત્તની અપેક્ષા રાખીને અન્યથા કથન કરે છે. છે? છે? ક્યાં? મોક્ષમાર્ગપ્રકાશકમાં. મોક્ષમાર્ગપ્રકાશકમાં વ્યવહારનય કારણકાર્ય ભેળવે છે એકબીજામાં. એ મિથ્યાત્વ છે એમ માને છે. છેને? એમ આવે છેને? ૨૫૬ છે. લ્યો આવ્યું. **'વ્યવહારનયનું શ્રદ્ધાન છોડી નિશ્ચયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે.' 'વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને વા તેના ભાવોને વા કારણ-કાર્યાદિને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે...'** આહા..હા..! કહો, સમજાણું કાંઈ? વ્યવહારનયનું કથન જ એવું છે. આનાથી થાય. ઈ કેમ એમ કહે છે? જુઓ, **'કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતાસહિત વ્યાખ્યાન છે તેને એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે...'** બહુ સરસ સ્પષ્ટ કર્યું. હવે આ સમજે નહિ અને જુઓ, આમાં આવ્યું. આ બોલ ઓલાએ લીધો. ..માં. ભાઈએ લીધો સમ્યગ્જ્ઞાન દીપિકા. સમ્યગ્જ્ઞાન દીપિકાએ આ બોલ કાઢી નાખ્યો છે. ધર્મદાસ ક્ષુલ્લકે. સમ્યગ્જ્ઞાન દીપિકા છેને ધર્મદાસ ક્ષુલ્લકની? આ બોલ લીધો નથી. પણ વાંધો નથી. કહેવાની કથન શૈલી.

**'આત્મા પ્રચંડ કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી...'** લ્યો! આહા..હા..! રાગની મંદતાની યોગ્યતા એટલી બધી થઈ કે એની રુચિ છોડીને જ્ઞાનમાં, આનંદમાં આવ્યો ત્યારે કર્મકાંડ વડે જ્ઞાનકાંડ થયું એમ નિમિત્તથી, વ્યવહારનયથી અન્યથા કથન કરવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? શાસ્ત્રના ઉકેલમાં પણ વાંધા, અર્થ કરવામાં પણ વાંધા. ભગવાન કહે છે કે ભાઈ! શાસ્ત્રનો પહેલા અર્થ કરવો, પછી આગમ શું કહે છે એનો અર્થ કરવો એક-એક ગાથામાં. એમાં અન્યમતિ શું કહે છે એ અર્થ કરવો. આ વ્યવહારનું કે નિશ્ચયનું વાક્ય છે એનો અર્થ કરવો અને પછી એનો સાર-તાત્પર્ય શું છે એમ અર્થ કરવો. પાંચ. શબ્દાર્થ, આગમાર્થ, મતાર્થ, નયાર્થ, ભાવાર્થ. હવે આ સમજ્યા વિના પોતાની દૃષ્ટિએ લખ્યું એનો અર્થ કરે. આ લખ્યું. પણ કઈ નયનું કથન છે? સમજાણું કાંઈ? શાસ્ત્રમાં તો ઘણા લખાણ આવે બધા ઘણા લ્યો. એકકોર કહે, સાધુએ જ્યાં જીવ દેખે ત્યાં પગને ઉપાડવો. (જીવ) મરે નહિ એટલે. બીજે ઠેકાણે કહે કે પગનું ઉપાડવું આત્મા ત્રણ કાળમાં કરી શકે નહિ, એ જડની ક્રિયા છે. પણ ત્યારે ઓલો વ્યવહારનયનું કથનનો અર્થ કે ત્યાં પ્રમાદ એને ન કરવો. એમ કથન કરવા માટે પગ ઉપાડવો એમ એને કહેવામાં આવે છે. આંખની પાંપણેથી આમ કર્યું એ આત્માના અધિકારની વાત છે? એ તો જડની પર્યાય છે.

મુમુક્ષુ :- સાજો હોય તો કરે.

ઉત્તર :- સાજો પણ કરે નહિ અને માંદો પણ કરે નહિ. આ પગ આમ ચાલે છે એ

તો દેહની ક્રિયા છે. સમજાય છે? હાલવું, ચાલવું, ખાવું, પીવું એ તો જડની ક્રિયા છે. એ આત્મા કરે છે? અજ્ઞાની માને છે કે હું કાંઈક પ્રેરણા કરું છું માટે ચાલે છે આ. એ તો મૂઢની માન્યતા છે. એમ અહીંયાં કહે છે કે પ્રચંડ સુધી આવી ગયું ભાઈ! મૂળ તો એમ કહેવું છે. આ આત્મા છે અને એમાં આનંદ છે. એવા ગુણગુણીના ભેદ સુધી વિકલ્પ આવ્યો. (એનો) અભાવ કર્યો. મૂળ તો એમ કહેવું છે. સમજાણું કાંઈ? એના તરફની રુચિ છોડી અને સમ્યક્ ધ્રુવ ભગવાન આત્મા એમાં શ્રદ્ધાને પ્રસરાવીને જે અનુભવ થાય ત્યારે તેને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થયું કહેવામાં આવે છે. પછી એનો થોડો અધિકાર આવશે... લાંબો ..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૪, ગુરુવાર, તા. ૧૩.૧૧.૧૯૬૯**
**શ્લોક-૧૯-૨૦-૨૧, પ્રવચન-૨૮૦**

પ્રવચનસાર છેલ્લો અધિકાર. અનાદિથી કેમ રખડે એ વાત આવી ગઈ. હવે નિત્ય કેમ થાય એ વાત છે. '**પરંતુ હવે જ્યારે આ જ આત્મા પ્રચંડ કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી...**' કષાયની મંદતાના નિમિત્તને ઉગ્રપણે કરીને. સમજાણું કાંઈ? તેનો અભાવ કરીને એને ઠેકાણે 'એને લઈને' એમ વ્યવહારનયનું કથન છે. પ્રચંડ જ્ઞાનકાંડ વડે. નિમિત્ત વડે. નિમિત્ત વડે. ... નિમિત્ત વડે એમ આ નિમિત્ત વડે થયું એમ કહેવામાં આવે છે. '**અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી...**' ભગવાન અખંડ જ્ઞાનમૂર્તિ એની જ્ઞાનક્રિયા. કાંડ એટલે એની ક્રિયા. સ્વભાવની અંતર ક્રિયાને પ્રચંડ-પ્રગટ કરવાથી, જ્ઞાનક્રિયાને પ્રચંડ કરવાથી '**અનાદિ-પૌદ્ગલિક-કર્મરચિત મોહને...**' અનાદિનો પૌદ્ગલિક કર્મરચિત જે મોહ છે. '**વધ્યઘાતકના વિભાગજ્ઞાનપૂર્વક વિભક્ત (જુદો) કરવાને લીધે...**' વધ્ય-હણાવાયોગ્ય આત્મા અને મોહ ઘાતક-હણનાર. વિકારી પરિણામ જે છે એ હણનાર છે અને આત્માની પર્યાય શાંતિની અને વીતરાગતાની હણાય છે. સમજાણું કાંઈ? એનો વિભાગ કરવાથી.

'**વધ્યઘાતકના વિભાગ...**' એટલે વહેંચણી ભેદજ્ઞાન. '**વિભક્ત (જુદો) કરવાને લીધે...**' એ રાગ અને દ્વેષના પરિણામ તેને આત્માના સ્વભાવથી ભિન્ન કરીને. શુભ-અશુભભાવ જે થતાં એ આત્માની શાંતિનો ઘાત કરતાં, એટલે વધ્ય આત્મા નિર્મળ આનંદદશાને વધ્ય થતો. ત્યારે પુણ્ય-પાપના ભાવ, રાગાદિના ભાવ એ ઘાત કરતાં. એને જુદા પાડીને. કહો, આ ધર્મ કરવાની આ રીત છે. '**વધ્યઘાતકના વિભાગજ્ઞાનપૂર્વક...**' એટલે ભેદજ્ઞાનપૂર્વક '**(જુદો) કરવાને લીધે...**' શુભ-અશુભ જે વિકલ્પ છે રાગ, એનાથી આત્માને જુદો કરવાને

લીધે. '**કેવળ આત્મભાવનાના પ્રભાવ વડે...**' એકલા આત્માના અનુભવ. અનુભવના પ્રભાવ વડે કર્મનું ક્ષય... કહો, સમજાણું કાંઈ? '**વધ્યઘાતકના વિભાગ જ્ઞાનપૂર્વક વિભક્ત (જુદો) કરવાને લીધે કેવળ આત્મભાવના...**' કેવળ એકલો આત્મ શુદ્ધ ચૈતન્ય અને આનંદનો કંદ છે એનો અનુભવ. કહો, સમજાય છે કાંઈ?

આત્મા આનંદ જ્ઞાનમૂર્તિ છે તેને પુણ્ય-પાપના રાગથી ભિન્ન કરી, એટલે પર તરફની રુચિ છોડી અને સ્વભાવ તરફની દૃષ્ટિમાં જાય, એ બેનો થઈ ગયો વિવેક. વિવેક થતાં જે આત્માનો અનુભવ થાય, એ રાગ-દ્વેષની એકતા માનવાથી રાગ-દ્વેષનો જે અનુભવ હતો એને ભિન્ન પાડવાથી આત્માનો અનુભવ થયો. સમજાણું કાંઈ? કેવળ આત્મા એટલે રાગનો કણ પણ જેમાં હવે નથી. શુભ વિકલ્પ પણ. એનાથી તત્ત્વ જુદું જ છે. એને જુદું દૃષ્ટિમાં લઈને એકાગ્ર આત્માનો અનુભવ કરે, એ અનુભવના '**પ્રભાવ વડે પરિણતિ નિશ્ચળ કરી હોવાથી...**' પોતાની અવસ્થા સ્થિર કરવાથી. લ્યો આ મુક્તિનો માર્ગ. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થઈને આત્માનો અનુભવ કરવો અને એ પરિણતિને સ્થિર કરવી એ મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ?

'**કેવળ આત્મ...**' અનુભવ એની ભાષા છે. '**કેવળ આત્મભાવના...**' શબ્દ છે જુઓ, ઓલા ભાવના-ભાવના કરે છેને. ભાવના એટલે ચિંતવન, કલ્પના. '**કેવળ આત્મભાવના...**' એકલો આત્મા પુણ્ય અને પાપના શુભ-અશુભ રાગ એ આસ્રવતત્ત્વથી જ્ઞાયકતત્ત્વને ભિન્ન પાડીને એકલા આત્માનો અનુભવ, પરિણતિ નામ પર્યાયમાં સ્થિર કરવાથી '**નિશ્ચળ કરી હોવાથી સમુદ્રની માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહેતો થકો...**' લ્યો! સમુદ્ર જેમ પોતામાં સ્થિર રહે છે. એમ પોતે પોતામાં '**અતિ નિષ્કંપ રહેતો થકો...**' ભારે આકરું ભાઈ! ટૂંકામાં સમાડી દીધું. મોક્ષમાર્ગ... કોઈ ક્રિયાકાંડ કરવાથી અને વ્રતાદિના વિકલ્પથી કાંઈ ધર્મબર્મ છે નહિ. એનાથી જુદો પાડતા આત્મામાં સ્થિર થાય તે ધર્મ છે એમ કહે છે.

મુમુક્ષુ :- ... આવી ગયું છે.

ઉત્તર :- ક્યાં આવી ગયું છે? એ તો ના પાડી છે ત્યાં. એ તો એના વડે એટલે નિમિત્ત વડે એમ કહેવામાં આવ્યું છે. નિમિત્ત વડે એટલે નિમિત્ત છે એટલે એના વડે એમ કહેવામાં આવ્યું. 'વડે' કીધુંને? વડે કીધું છે. નિમિત્ત વડે. કુંભાર વડે ઘડો થયો એટલે કે કુંભાર વડે થયો નથી. વ્યવહારનયનું વચન છે. નિમિત્તાદિને દેખીને અન્યથા કથન કરે. કુંભારથી ઘડો થયો. એ નિમિત્ત વડે થયો. એટલે એમ છે નહિ. કુંભાર વડે થયો નથી, પણ કુંભાર ત્યાં હતો બસ એટલું. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને વૈરાગ્યના કેટલા પ્રસંગ દેખાય છે અત્યારે. જુવાન-જુવાન છોકરા બિચારાને આમ થઈ જાય, પક્ષઘાત થઈ જાય. આહા..હા..! ... પરમાત્મપ્રકાશમાં તો કહ્યું છેને, વિધાતાએ તારું વેર લઈને આ શરીર બનાવ્યું છે એમ કહે. પરમાત્મપ્રકાશમાં છે. આ શરીર વેરીએ-દુશ્મને બનાવ્યું છે. ... આ તો માટી, ધૂળ છે.

વેરીએ-દુશ્મને બનાવ્યું છે તને પંજામાં નાખવા. સમજાણું કાંઈ? એમ આ શરીર મારું, હું રૂપાળો, મારી આંખ સારી, મારું શરીર નિરોગી, મારા પગ ઢેલ જેવા, મારી આંખ હરણ જેવી, મારું નાક ગરૂડ જેવું. ધૂળેય નથી, સાંભળને. એવું ક્યાંક છે હોં! પરમાત્મપ્રકાશમાં. વિધાતાએ વેર લઈને આ તારું શરીર બનાવ્યું છે. વેર કરવા માટે. પંજામાં નાખવા. પકડાઈ જઈશ તું એમાં. બાપુ! આ શરીર જ જ્યાં વેરીએ બનાવ્યું પર છે એમાં તારી કઈ ચીજ હવે કરવાની છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય થાતો નથી. સમજાણું? ઈ ક્યાંક છે ખરુંને? પાછળમાં છેને? પાછળમાં છે. વેરીએ બનાવ્યું છે એમ છે હોં. ... એ છે ભાષા. વેરીએ બનાવ્યું છે એવું છે. ... મહા નુકસાન છે. ઘણી ગાથાઓ જોઈએ હોય એમાં કયે ઠેકાણે હોય એ કાંઈ યાદ રહે? એવું પણ આવે છે આમાં. વેરીએ તારે... આ બાજુ છે. વેરીએ બનાવ્યું છે વેરીએ. પણ વેરીનો અર્થ વિધાતા કર્મ. એ તારાથી વિરુદ્ધ દુશ્મન છે. આ એણે બનાવ્યું શરીર પાંજરું તને પકડવા માટે. એમાં તો શરીરને સાચવવા માટે તો મરી જાય સવારથી સાંજ સુધી. વેરીએ બનાવ્યું એને માટે. .. સવારે નવરાવવું, ખવરાવવું. ન્હાતો હોયને ત્યારે આમ-આમ કરતો હોય તો ગાંડો-પાગલ જોઈ લો. શું કરવું જાણે? સાબુ લઈને આમ મોઢું કરેને. જોયું છેને? ગાલ ધોવે. .. પાગલ એકાકાર. અરે..! પણ આ તો માટી દુશ્મન છે. આહા..હા..! તારું શરીર તો જ્ઞાનશરીર છે. આમાં આટલામાં છે ક્યાંક જુઓ. પાછળ છે થોડું? પાછળ ગાથામાં. સમજાણું કાંઈ? આહા..હા..!

એ કર્મ છે એ આત્માનો વેરી એટલે અજીવ-જડ એમ કહે છે. અને એ જડે આ બનાવ્યું દુશ્મન તને પાંજરામાં નાખવા માટે. હવે બીજી ચીજ તો ક્યાંય રહી ગઈ બાયડી, છોકરા ને, મકાન, ધણી ક્યાંય આહા..હા..! ભાઈ! નહિતર આ કીડા પડશે હોં. ... તારી જુવાની સડી જશે. એ વૃદ્ધાવસ્થારૂપી કીડા પડશે અને બળીને સ્મશાનમાં રાખ થશે. ભસ્મ થઈને... વૈરાગીભાવ ... અરે..! ભાઈ! તારી ચીજ છે એને સંભાળને. એને સંભાળતા તને આનંદ થાય. પરને સંભાળતા તો દુઃખ થાય છે માળા. આહા..હા..! કોની સેવા કરે? જડની? ચૈતન્ય ભગવાન જડને સેવે? આહા..હા..! કહે છે કે એકવાર તો તું જડ અને રાગથી ભિન્ન પડ. અને ભિન્ન છો. અનાદિ-અનંત શાંતની મૂર્તિ પ્રભુ. અનાકુળ આનંદનો કંદ છે એ તો. આહા..હા..! કેમ બેસે? અહીં તો જરી જાંબુ હોય માખણમાં. આ શું કહે છે? માખણ નહિ પણ શું કહેવાય? માવાના. માવાના જાંબુ ઘીમાં તળેલા જ્યાં આવે ત્યાં .. થઈ જાય અંદરમાં. શું હશે? ધૂળ છે, વિષ્ટા છે, લ્યો! છ કલાકે વિષ્ટા થશે. વિષ્ટાનું પૂર્વરૂપ છે. અને આ તો અમૃતનું રૂપ છે ભગવાન તો. આહા..હા..! સમજાણું કાંઈ? એ દેવ તું, તીર્થ તું, ગુરું તું, બધું તું એવો છો પણ કહે. એવો પરમાત્મા પોતાનો દિવ્યશક્તિમાન મહા દિવ્ય

આનંદ અને જ્ઞાન અને શાંતિની શક્તિમાં એને પુણ્ય-પાપના રાગથી જુદો પાડીને જુદાની સેવા કર આત્માની એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? કરવાનું હોય તો આ છે બાકી મનુષ્યપણું.. ધૂળેય નથી.. વ્યવહાર વચ્ચે આવે પણ એ બધા બંધના કારણો છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

અહીં તો 'કેવળ **આત્મભાવનાના પ્રભાવ વડે...**' એમ કીધું જુઓ પરિણતિ. ઓલા રાગ અને શુભભાવથી પરિણતિ નિર્મળ થઈ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? 'કેવળ **આત્મભાવનાના પ્રભાવ વડે પરિણતિ...**' એટલે અવસ્થા. '**નિશ્ચળ કરી હોવાથી સમુદ્રની માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહેતો થકો...**' અજ્ઞાની નિષ્કંપ ડોલાયમાન રાગમાં, પુણ્યમાં અને પાપમાં હતો. એનાથી ભિન્ન ભગવાનમાં દૃષ્ટિ કરીને નિષ્કંપપણે પોતામાં રહ્યો. ભારે વાત. ભગવાનની અગમ્ય વાત. ..જેવું. .. કરવું ધ્યાન આમ. ધ્યાન તો અહીં આત્માનું કરવું છે, મન માંકડું જ્યાં ત્યાં ફર્યા કરે. મારું આમ કરવું ને તેમ કરવું. મૂકને મડદાને મારને. તારા હાથની વાત છે કહે છે. સમજાણું કાંઈ?

'**આત્મભાવનાના પ્રભાવ વડે...**' એક જ સિદ્ધાંત લીધો. આત્માના અનુભવના પ્રભાવ વડે. આત્મામાં નિશ્ચળ સ્થિરતા કરતો થકો. એક વાત છે. કહો, સમજાણું કાંઈ? ધ્રાસકો લાગી જાય એકવાર. ઓલા છોકરાને મરી ગયા સાંભળતા થાય. પણ જતાં એણે કીધું એટલું કે બહેન શાંતિ રાખજો કીધું. એને કાંઈક વહેમ તો પડ્યો. કાંઈક છે. સમજે ... આ જગતની રીત. આહા..હા..! અને રૂપિયા ઘણા કેટલાય લ્યો. ઘણા લાખો છે. શું ધૂળ કરે પૈસા? આવો મનુષ્યદેહ મળ્યો એમાં આ કરવાનું એ ન કરે. એ ચોર્યાસીના અવતારે ક્યાં જશે? રહેશે ક્યાં? કોઈ સામું જોનાર નથી. ક્યાંય ... ત્યાં બહાર જાય તો પાંજરાપોળ નથી. એ વિશ્રામઠામ તો ભગવાન આત્મા છે કહે. ઠરીને ઠરવા જેવું, ઠરીને ઠરવા જેવો તો એ આત્મા છે. એમાં પણ હજી જેને નિર્ણયના ઠેકાણા નથી એ તો ક્યાં જઈને રખડશે? આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધઘન, આનંદકંદ છે. એ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના વિકલ્પો બધા વિકાર ઝેર છે. આહા..હા..! ઝેરથી અમૃતને જુદો પાડી. કામ તો ગહન અને અપૂર્વ છે. પણ આ વિના એનો કોઈ નિસ્તાર નથી. જુઓ, '**સમુદ્રની માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહેતો થકો એકીસાથે જ અનંત જ્ઞપ્તિવ્યક્તિઓમાં વ્યાપીને...**' હવે ક્રમ રહ્યોને. જ્ઞાતા તરફ દૃષ્ટિ થઈને. જ્ઞાનસ્વરૂપ આનંદ એના ઉપર દૃષ્ટિ થઈ એટલે પ્રગટ અવસ્થાઓ તે અભેદપણે થઈ. '**અનંત જ્ઞપ્તિવ્યક્તિઓમાં વ્યાપીને અવકાશના અભાવને લીધે...**' હવે અવકાશ રહ્યો નથી પરમાં ખંડ પાડવાનો. '**બિલકુલ વિવર્તન પામતો નથી,...**' ભગવાન પોતાના સ્વરૂપમાં પરિણતિ .. સ્થિર થઈને એક-એક કાળે બધી જ્ઞપ્તિવ્યક્તિઓને છોડતો, સ્વભાવમાં અભેદપણે થતો. આ છેક સુધી લઈ જવું છેને મોક્ષ સુધી?

'**ત્યારે જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી...**' શરીર હોય તો ઠીક, દેવ-ગુરુ હોય તો ઠીક, ગીરીગુફા હોય તો ઠીક. એવા બાહ્ય પદાર્થ પ્રત્યે પ્રેમનો અવકાશ ત્યાં રહેતો નથી. મૈત્રી તુટી જાય છે એમ કહે છે. આહા..હા..! ધ્રુવ ભગવાન આત્મા, ધ્રુવની સાથે ધ્યેય બાંધ્યું અને જે પરિણતિ થઈ એ પરિણતિમાં, પહેલું જે જ્ઞપ્તિક્રિયા ભિન્ન-ભિન્ન થતી એના નિમિત્તરૂપ પદાર્થો તેના પ્રત્યે મૈત્રી હતી એ મૈત્રી રહેતી નથી. સમજાણું કાંઈ?

'**બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી...**' આહા..હા..! બાહ્ય પદાર્થની અવસ્થા ત્રણ લોકના નાથ તીર્થંકર હો કે સમવસરણ હો કે સાક્ષાત્ ભગવાન હોય સામે, પણ એના પ્રત્યે નિમિત્તની પ્રીતિ ધર્મીને અંતરમાં ઉતર્યો છે એટલે રહેતી નથી. સમજાણું કાંઈ? લ્યો આ મોક્ષનો માર્ગ. એના ખ્યાલમાં તો પહેલું આવવું જોઈએ કે માર્ગ આ છે. એને પછી ખ્યાલમાં આવે તો પ્રયોગ કરે. ખ્યાલમાં ન આવે તો પ્રયોગ શી રીતે કરે? સમજાણું? '**અને તેથી આત્મવિવેક સુપ્રતિષ્ઠિત થયો હોવાને લીધે...**' લ્યો! ઓલું હતુંને આત્મવિવેક શિથિલ થયો હોવાને લીધે. શિથિલ-શિથિલ. '**આત્મવિવેક સુપ્રતિષ્ઠિત...**' પરથી ભિન્ન પડીને સ્થિર થયો છે અંદર. '**અત્યંત અંતર્મુખ થયેલો...**' જુઓ, ઓલામાં હતું બાહ્યપદાર્થ '**અત્યંત બહિર્મુખ એવો...**' એમ હતું. શબ્દ-શબ્દમાં ફેર છે. ઓલામાં બાહ્ય પદાર્થ હતા. આમાં અંતર પદાર્થમાં એકાકાર ભગવાન ધ્યેય કરી, ધ્રુવસ્વરૂપને ધ્યેય બનાવી, વિષય બનાવી ધ્યાનનું લક્ષ બનાવી. કામ ભારે. ભગવાન સામું જોઈને ધ્યાન કરવાથી ઠીક લાગે. ઈ ક્યાં ધ્યાન છે? એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? આ ભગવાન સામું જોઈને ધ્યાન કરાય. પર્યાયમાં વસ્તુને વિષય બનાવી. ધ્યાનનું ધ્યેય એવું ધ્રુવ તેને વિષય બનાવી, સમજાણું કાંઈ?

'**અત્યંત અંતર્મુખ થયેલો...**' આગળ વધી ગયો છેને પછી? અંતરમાં અત્યંત પરિણમ્યો. સ્વભાવ સન્મુખ, સ્વભાવ સન્મુખ અંતરમાં ઉતરતો જાય. '**એવો આ આત્મા પૌદ્‌ગલિક કર્મને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપ પરિણતિથી દૂર થયો થકો...**' લ્યો! પૌદ્‌ગલિક કર્મને રચનારા ત્યારે નવું બંધાયને? તો એનું નિમિત્ત કોણ? કે રાગ-દ્વેષરૂપ. અહીં તો પુદ્‌ગલ કર્મને રચનારા રાગદ્વેષરૂપ. એમ કીધું છે. પુદ્‌ગલ કર્મ તો એની મેળે રચાય છે, પણ એનું નિમિત્ત તત્ત્વ રાગ અને દ્વેષ. '**પૌદ્‌ગલિક કર્મને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપ પરિણતિથી દૂર થયો થકો પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માને...**' આહા..હા..! ટીકા તે પણ. એક જ આ શક્તિ છે. રખડવાની શું અને મુક્તિ થવાની એટલામાં સમાઈ જાય છે બધું. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**પૌદ્‌ગલિક કર્મને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપ...**' જુઓ, રાગ-દ્વેષ હોય તો પૌદ્‌ગલિક કર્મ રચાય. નિમિત્ત સંબંધની વાત કરી છે. રાગ-દ્વેષ કરે તો પૌદ્‌ગલિક કર્મને રચનારી પર્યાય કર્મરૂપે થવાની થાય. એને છોડી દઈને એ પરિણતિથી દૂર થયો થકો એમ. પૂર્વે નહિ અનુભવેલા

અનંતકાળમાં. એવા અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન. જ્ઞાન અને આનંદસ્વભાવી ભગવાન પ્રજ્ઞાપુંજ અને આનંદનો કંદ એવો આત્મા. એવી ચીજ છે ઈ. એને '**ભગવાન આત્માને...**' જુઓ, આચાર્યે કહ્યું, ભગવાન આત્મા. લ્યો આ મોક્ષનો માર્ગ ધર્મ કરવાની રીત. એ ક્યારે આવા વ્રત પાળવા? ક્યારે વ્રત લેવા? ફલાણું એ તો આવ્યું નહિ કાંઈ આમાં. પણ વ્રતનો વિકલ્પ છે એ તો રાગ છે એનાથી ભિન્ન પાડીને ઠરવું એ તો ધર્મ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ૧૪૪? એ નહિ. એ તો છે. આ તો શરીર... શરીર દુશ્મન છે. વિધાતાએ બનાવ્યું છે. વિધાતારૂપી વેરીએ શરીર .. શું કહેવાય? ..માં નાખવા માટે બનાવ્યું છે. હાડકાના પીંજરા છે આ તો. જગતની ચીજ છે. એક વખતે આ પરમાણુ વિષ્ટારૂપે હતા, એક વખતે આ પરમાણુ મૈસુબરૂપે હતા, એક વખતે આ પરમાણુ મોસંબીના પાણી તરીકે હતા. એક વખતે આ પરમાણુ લોહીના રજકણપણે હતા. સમજાણું કાંઈ? એ કાંઈ રજકણની અવસ્થા અને રજકણ કાંઈ તારા નથી. એનાથી ચૈતન્યબિંબ જ્ઞાનવિગ્રહ-જ્ઞાનરૂપી શરીર, પુંજ અરૂપી જ્ઞાન ભગવાન તારું શરીર છે. આહા..હા..!

'**પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી...**' દેખો, આમાં આનંદ છે. ઓલા વિષયાનંદ ને ભોગાનંદ કહે છેને. જુઓને છોકરાઓ જુવાનીયાને ચડાવે છે ઓલો રજનીશ. જુવાનીયા જાય પડે પતંગિયા પડે .. દાસ! વિષયને છૂટો મૂકો. અહીં કહે છે પરમાત્મપ્રકાશમાં કે વિષયરૂપી ઓલા શું કહેવાય? ઉંટડા. એને ચરવા ન દે બહારમાં. અંદરમાં જા એમ કહે છે અહીં તો લ્યો. પાંચ ઈન્દ્રિયરૂપી ઉંટડાને આ વિષય ચરવા ન દે. ખાઈ જશે તારું બધું. આહા..હા..! ઓલો કહે કે નહિ, વિષયને છૂટો મૂકો, બાંધો નહિ. એમાં સુખ થાય. ધૂળેય નથી સાંભળને. હેરાન થઈને ચાર્વાક જેવો મત છે. આહા..હા..! દુનિયા આ જુવાની હોય શરીર, ફૂટડું હોય એમાં પાંચ, પચ્ચીસ લાખ પૈસા હોય કે પચાસ, લાખ, બે લાખ હોય. અને કાંઈક સરખાઈ કુટુંબ આદિની હોય પછી થઈ રહ્યું. હા, બરાબર છે... બરાબર છે... આત્મા .. સુખી કરવો.

એક ફેરી ઘણા વર્ષની ૭૦ની વાત છે. વરસાદ આવતો હતો. ઓલા રામજીનું મંદિર હતું. ત્યાં ... ત્યાં એ બાવો બોલ્યો દેખીને. એને ખબર કે આ મહારાજ... નારાયણને દુઃખી ન કરવો એમ કહે. આત્મા નારાયણ છે. એને દુઃખી ન કરવો એમ કહે. એને દુઃખી ન કરવો. આ તો.. અરે..! નારાયણને દુઃખી ન કરવો એનો અર્થ આ રાગ કરવો .. એ દુઃખી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વીતરાગધર્મ છે એ વીતરાગભાવથી સુખ થાય છે. રાગભાવથી સુખ થતું નથી. આહા..હા..! ચાહે જેટલા દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, તપ એવા વિકલ્પો બધા .. દુઃખ, દુઃખ અને દુઃખ છે. એનાથી ભગવાન આત્માને ભિન્ન પાડી શ્રદ્ધામાં, જ્ઞાનમાં જુદો પાડી એમાં ઠરવું અને એ અનુભવેલા આનંદમાંથી એને

પૂર્વે નહિ અનુભવેલો આનંદ એવો જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન. ભાષા શું છે? એ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન, એ રાગસ્વભાવી અને પુણ્યસ્વભાવી ભગવાન આત્મા નથી. વ્યવહાર ને વ્યવહાર કરે છેને લોકો? કે વ્યવહાર-વ્યવહાર હોય. તારો વ્યવહાર એ વ્યવહાર સ્વભાવી આત્મા નથી લે. સમજાણું કાંઈ? આહા..હા..!

૨૫-૨૫ વર્ષનો જુવાન માણસ હોય અને આમ .. એકદમ .. બાયડીને કાંઈક થાય, એને કાંઈક અને માને કાંઈક થાય. ... ફાટાફાટ... શું છે પણ હવે? આ તું મરી જા છો એને તો રો. કહો, ભીખાભાઈ! અરે..! તને દુઃખ થાતું નથી? બાપુ! આ ચોર્યાસીના રખડવાના ભાવમાં પ્રેમ કરીને પડ્યો. સમજાય છે? એ ચોર્યાસીના અવતારમાં ક્યાં જઈશ? એને મૂકવાનો અવસર તો આ છે. સમજાણું કાંઈ?

'**પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માને અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે.**' જુઓ, જ્ઞાનાનંદમાં એકાગ્ર થતાં જ્ઞાનાનંદ સ્વભાવી આત્માને જ પ્રાપ્ત કરે છે. એને પુણ્ય, પાપ ને ગતિ-બતિ હોતી નથી. '**જગત પણ...**' હવે આચાર્ય કહે છે અરે..! જગત! એટલે જગતના જીવ એમ. જગત એટલે કાંઈ... '**જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ.**' આહા..હા..! હે જગતના જીવો! અમૃતચંદ્રાચાર્ય સાગમટે નોતરું આપે છે બધાને. આહા..હા..! ભગવાન! હવે તું તારામાં જાને ભાઈ! આ કરને. કરવાનું તો આ છેને ભાઈ! બાકી તો બધા દુઃખના રસ્તા, દુઃખના પંથ છે, ભાઈ! એવો 'જ' શબ્દ બે ઠેકાણે પડ્યો છે હોં. '**આત્માને અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે.**' હે જગતના જીવો! '**જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ.**' આ પરમાત્મા પાછા હોં. પરમાત્મા બીજો નહિ. આહા..હા..! હજી તો એને શ્રદ્ધામાં વાંધો આવે. એવું હોય નહિ, એવું હોય નહિ. પહેલું આ કરે તો થાય, પહેલું રાગ કરે, ક્રિયા કરે, વ્યવહાર કરે, વ્યવહાર સુધારે પછી આ નિશ્ચય થાય. કોલસાને જ્યારે સુધારે તો કોલસો ધોળો થાય? સુધારવા જાય તો કોલસો કાળો રહેશે સરખાઈનો. બાળીને કોલસો ધોળો થાશે. એમ રાગની ક્રિયા જેટલી છે એને બાળી મૂકે કે એ મારું સ્વરૂપ નથી. એનાથી મને કાંઈ લાભ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી પૃથક્ કહ્યુંને પહેલું? કહો, નવરંગભાઈ! ભારે વાત ભાઈ!

'**જગત પણ જ્ઞાનાનંદાત્મક પરમાત્માને...**' પાછી વ્યાખ્યા કરી છે કે આત્મા પોતે કેવો છે? પરમસ્વરૂપ તે જ્ઞાનાનંદસ્વરૂપ જ છે એ તો. જ્ઞાન અને અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એમાં પુણ્ય-પાપના વિકલ્પ છે એ આત્મા નથી. સમજાણું કાંઈ? એની સમજણ અને શ્રદ્ધાના બીજડા તો રોપ. આ સિવાય બીજી ચીજ મારે પ્રાપ્ત કરવા જેવી નથી. આહા..હા..! કહો, સમજાણું?

હવે શ્લોક છે લ્યો!

आनन्दामृतपूरनिर्भरवहत्कैवल्यकल्लोलिनी-
निर्मग्नं जगदीक्षणक्षममहासंवेदनश्रीमुखम्।
स्यात्काराङ्कजिनेशशासनवशादासादयन्तूल्लसत्।
स्वं तत्त्वं वृतजात्यरत्नकिरणप्रस्पष्टमिष्टं जनाः।।२०।।

લ્યો! **'આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્યસરિતામાં (મુક્તિરૂપી સરિતામાં) જે ડૂબેલું છે, જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી શ્રી (મહાજ્ઞાનરૂપી લક્ષ્મી) જેમાં મુખ્ય છે,...'** ઓહો..હો..! **'આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્યસરિતામાં (મુક્તિરૂપી સરિતામાં)...'** આહા..હા..! સમજાણું કાંઈ? કેવી મુક્તિ છે આત્માની? કે એ તો આનંદામૃતના પૂરમાં ભરચક વહેતી કૈવલ્ય નદી છે. એનું નામ મુક્તિ છે. મહા આનંદામૃત-આનંદનું અમૃત, અતીન્દ્રિય આનંદરૂપી અમૃત. લ્યો, આમાં નામ પણ આવ્યું. આનંદામૃત. **'પૂરથી ભરચક...'** પૂર મોટું પાણીનું આવેને. માથે ૨૫ ઈંચ વરસાદ આવ્યો અને પાણી અહીં પૂર મોટું આવે ઘોડાપૂર. ઘોડાપૂર. એટલે ઘોડો જેમ આવેને દોડતો એવું પૂર આવે પાણીનું. અમારે ઉમરાળામાં બહુ આવતું. છોકરાઓ રમતા હોયને માથે પૂર આવે. ઘોડા.. એમ. ત્રણ-ત્રણ, ચાર-ચાર હાથ ઉંચું પાણી એકદમ. ત્રણ-ચાર હાથ ઉંચું એક સાથે આમ. પાણીનું દળ આવે. ... છોકરાઓ ઓલીપાર વયા જાવ. વૃદ્ધો રાડે રાડ પાડે. ભાગો રે ભાગો પાણી આવે છે. ઘોડાપૂર આવે છે. ભગવાનજીભાઈ! પણ આત્મામાં આનંદામૃત આવો રે આવો એમાં એમ કહે છે. આહા..હા..! અરે..! આવો આત્મા પણ બેસે શી રીતે? રાંકો થઈ એક બીડી વિના ચાલે નહિ. જરી માન આપે ત્યાં તો. જુઓ, ... આવે એકદમ. શું છે પણ હવે? મરી ગયો .. અંતર તત્ત્વની ખબર ન મળે એવો આનંદ શેનો? સમજાણું કાંઈ?

**'આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્યસરિતામાં (મુક્તિરૂપી સરિતામાં) જે ડૂબેલું છે,...'** આહા..હા..! સમજાય છે? અને **'જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી શ્રી (મહાજ્ઞાનરૂપી લક્ષ્મી) જેમાં મુખ્ય છે,...'** એટલે શું? આત્મામાં જ્ઞાન એવું છે કે ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવા મહાજ્ઞાનલક્ષ્મી મુખ્ય છે આત્મામાં. **'જગતને જોવાને...'** જગતને પોતાનું માનવાને નહિ. સમજાણું કાંઈ? **'જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી શ્રી (મહાજ્ઞાનરૂપી લક્ષ્મી) જેમાં મુખ્ય છે,...'** .. સ્રી જેમાં મુખ્ય છે. જુઓ, મહાજ્ઞાનરૂપી લક્ષ્મીમાં જ મુખ્ય છે. **'ઉત્તમ રત્નના કિરણ જેવું જે સ્પષ્ટ છે...'** કહો, સ્વસત્ત્વ હોં. એવું સ્વસત્ત્વ. **'ઉત્તમ રત્નના કિરણ જેવું જે સ્પષ્ટ છે...'** ઉત્તમ રત્ન. સાધારણ રત્ન નહિ એના કિરણો સ્પષ્ટ હોય. રત્ન ચમકતું રત્ન હોય. એવો ભગવાન આત્મા એવું તત્ત્વ. **જેવું જે સ્પષ્ટ છે,** પ્રત્યક્ષ એમ કહે છે.

**'અને જે ઈષ્ટ છે એવા ઉલ્લસતા સ્વતત્ત્વને...'** વ્હાલામાં વ્હાલી ચીજ તો એ

આત્મા છે કહે છે. આહા..હા..! કહો, **'સ્પષ્ટ છે અને જે ઈષ્ટ છે એવા ઉલ્લસતા (પ્રકાશમાન, આનંદમય) સ્વતત્ત્વને જનો...'** હે જીવો! **'સ્યાત્કારલક્ષણ જિનશાસનના વશે...'** અપેક્ષાએ જે વચનો કહ્યા એવા જે ભાવને સમજી સ્યાત્કારલક્ષણ. એ જિનશાસનનું સ્યાત્કારલક્ષણ. સ્યાત-કથંચિત્. આમાં મોટો ગોટો વાળે બધા. સ્યાત્કાર. લ્યો! કથંચિત્ વ્યવહારથી થાય, કથંચિત્ નિશ્ચયથી થાય. કથંચિત્ નિમિત્તથી કાર્ય થાય, કથંચિત્ ઉપાદાનથી થાય. એમ નહિ. સ્યાત્કારનો અર્થ કે પોતાથી થાય અને પરથી ન થાય. આહા..હા..! શું થાય? ઈ સ્યાત્કાર ક્યાં રહ્યું?

**'એવા ઉલ્લસતા...'** ઉલ્લસિત ફાટ્યું છે. આનંદ અને જ્ઞાનથી ભરેલું જે સ્વભાવ હતો એ તત્ત્વ ફાટ્યું-ફાટ્યું. ફૂલ્યું. ફાલ્યું-ફૂલ્યું પર્યાયમાં. અવસ્થામાં. આહા..હા..! કેવળજ્ઞાન, કેવળદર્શન લોકાલોકને જોનાર એવી શક્તિ પર્યાયમાં પ્રગટ થઈ. એવા સ્વતત્ત્વ અને એવું જે આ સ્વતત્ત્વ. જુઓ, આમાં આવ્યું સ્વતત્ત્વ. પરતત્ત્વ નહિ. વીતરાગ દેવ, ગુરુ અને એ બધા બહાર પરતત્ત્વ. સમજાણું કાંઈ? લ્યો! તેથી તો શબ્દ વાપરવો પડ્યો સ્વતત્ત્વ. **'स्वं तत्त्वं'** જુઓ ચોથો છેને. **'स्वं तत्त्वं'** મીંડું છે એમાં? **'स्वं'** મીંડું છે. સ્વતત્ત્વને. **'स्वं तत्त्वं'** બેયને માથે મીંડા છે. **'સ્વતત્ત્વને...'** ભગવાન આત્મા મહારત્ન કિરણનો પિંડ પ્રભુ જ્ઞાનના પૂર્ણમાં. રત્નના કિરણો તો જડના નીકળે. આત્મા ચૈતન્ય રત્ન ભગવાન એના કિરણો તો અનંત જ્ઞાન, આનંદના કિરણો જેમાં છે. એવું ચૈતન્યરત્ન સ્વતત્ત્વ. હે જનો! **'સ્યાત્કારલક્ષણ જિનેશશાસનના વશે પામો...'** એ વીતરાગના માર્ગના ન્યાયે પામો કહે છે. બીજી રીતે ક્યાંય પમાય એવું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર એણે જે તત્ત્વ કહ્યું તેના પ્રકારે સમજીને તેના વશે પામો. બીજે કોઈ કારણથી પમાય એવું નથી. સમજાણું કાંઈ? ત્યાં કહે બધે ધર્મ છે. અમારે અહીં ધર્મ છે. લ્યો! ધૂળેય નથી. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે જે જૈનશાસન કહ્યું એને જ વશે આત્માની પ્રાપ્તિ થાય, બાકી કોઈ રીતે પ્રાપ્તિ થાય એવી નથી. સમજાણું કાંઈ? એ તો હજી કાંઈક .. .. કાંઈક રોગ મટી જાય. ત્યાં બાવાએ હાથ ફેરવ્યો તો રોગ મટી ગયો. ઓહો..હો..! ચમત્કાર. ધૂળેય નથી. આહા..હા..! હાથ ફેરવે ત્યાં આમ રોગ મટી જાય. ...હવે એની જડની પર્યાય મટવા ટાણે મટે. એનાથી મટે નહિ ત્રણ કાળમાં, સાંભળને. જૈનમાં જન્મ્યા નામ ધરાવે એને ભાન ન મળે. માથા ફોડે છે સાંઈબાબાને. કહો સમજાણું? આહા..હા..! સાંઈબાબો તો આ આત્મા છે. સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવો આનંદ જ્ઞાનાદિ ગુણનો ભંડાર એની સેવા છોડીને દેવી અને દેવલા. .. ધૂળ. અહીં તો સર્વજ્ઞ કહે છે કે હું દેવ છું. મારી સેવાથી તારું તત્ત્વ પ્રાપ્ત થાય એવું નથી એમ અહીં તો કહે છે. કુદેવ ને કુગુરુ ને કુશાસ્ત્રને. દેવી, દેવલા એ તો મહાભ્રમણાના સેવનારા એને સેવે છે.

**'સ્વતત્ત્વને જનો...'** બહુ ટૂંકું કહીને. આવું જે ઉલ્લસતું સ્વતત્ત્વ. શક્તિમાં જે સત્નું

તત્ત્વ સામર્થ્યનું પર્યાયનું ઉલ્લસી ગયું એમ કહે છે. લાખ પાંખડીનું એક કમળ હોય. .. આમ ખુલે ત્યાં આમ. તેમ ભગવાન આત્મા અંતરમાં અનંત-બેહદ જ્ઞાન આનંદ જે સ્વભાવ શક્તિ સત્ત્વ .. હતો એમાં અંતર એકાગ્રતાનો અનુભવ કરતાં એ પર્યાયમાં બધું ઉલ્લસિત થઈ ગયું, એમ. સમજાણું કાંઈ? એવા તત્ત્વને **'સ્યાત્કારલક્ષણ જિનેશશાસનના વશે પામો...'** સમજાણું? **'(સ્યાત્કાર જેનું ચિહ્ન છે...'** એ અપેક્ષાએ કહેવું એમ. દ્રવ્યે નિત્ય છે, પર્યાયે અનિત્ય છે. દ્રવ્યમાં સુખ છે, પર્યાયમાં અનાદિથી અજ્ઞાનીને દુઃખ છે. એમ જેવું એનું સ્વરૂપ છે. એવું ભગવાને કહ્યું છે. **'એવા જિનભગવાનના શાસનનો આશ્રય કરીને પામો.)'** કહો, સમજાણું કાંઈ? આ પક્ષની વાતું તો નહિ હોયને. .. જૈનશાસન એટલે આત્માનો સ્વભાવ. પરથી અબદ્ધસ્પૃષ્ટ જ્યાં અનુભવ્યું એ જિનશાસન. સમજાણું કાંઈ? એ જૈનશાસન. જૈનશાસન કાંઈ બહાર રહેતું નથી. એ ધર્મની પર્યાય છે. પર્યાય તો આત્મામાં રહે.

તેથી તો ખુલાસો કરવો પડ્યો કે આવું જૈનશાસન છે જેનો દ્રવ્ય-ગુણ-પર્યાય શક્તિરૂપ, પ્રગટરૂપ એવા પ્રકારો, જે જે વસ્તુ છે તેમ કથંચિત્ પ્રકારે જે કહેવામાં આવ્યું. એવા જૈનશાસનને સેવે અને જૈનશાસનનો આશ્રય કરો તો એને લઈને આત્મા પમાય છે. બાકી એ વિના પમાય એવો નથી. કહો, હવે આ સર્વજ્ઞ ભગવાન આ પામવાની વાત કરે એ તો કરતો નથી. અને બધી તકરારું કરે બહાર. એ ઓલા સંવરમાં આમ કહ્યું, ઢીંકણા. હવે શું જે થયું તે એના ઘરે રહ્યું. તારે શું કામ છે? આપણે ન મેળવી શકતા હોય તો આ તો મેળવી શકાય એમ છે આ.

મુમુક્ષુ :- .. મેળવે પણ પામે શું?

ઉત્તર :- ત્યારે એને એમ કે આ બધા ખોટા પડે છે. .. ખોટા તને ખબર નથી. સાંભળ તો ખરો હવે. એય..! રાગના વચનો સંતોએ કહેલા છે એ કઈ અપેક્ષા અને કેમ છે એ આપણને મેળવતા ન આવડે, પણ આ તો મેળવતા આવડે છે. સમજાણું કાંઈ? ઈ કરને. જે અધ્યાત્મની વાત કરી એને તો મેળવ. ઓલું બધું સમજાઈ જશે જેમ છે એમ. મગનભાઈ! એવી તકરાર લાવે છે માળા ચારેકોરથી. કરવું અને ભોગવવુ પાછું. આ સ્વનો જાણનાર, ભોગવવો ...એને લેને. આહા..હા..!

અહીં તો કહે છે... સમજાણું? **'जिनेशशासनवशादासादयन्त'** આહા..હા..! એને લઈને પામો, ભાઈ! પરમેશ્વર સર્વજ્ઞદેવ વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માએ જે આત્મા કહ્યો તેને તે રીતે જાણી, શ્રદ્ધીને પામો. બીજે ક્યાંય કોઈ પ્રકારથી પમાય એવું નથી. બીજે વાત સાચી છે જ નહિ ક્યાંય. વીતરાગ જિનશાસન સિવાય, લાખ, કરોડ બધા ધર્મ કહેવાતા હોય વેદાંત ને બ્રહ્મ ને ઢીંકણું ને ફીંકણું, યોગ ને વાસના-બધાય કલ્પિત એકાંત મતના માનનારાઓ છે. એ વસ્તુના સ્વરૂપને સમજ્યા નથી. કહો, સમજાણું કાંઈ? તેથી આધાર છેલ્લો એ કહેશે.

**'(હવે, 'અમૃતચંદ્રસૂરિ આ ટીકાના રચનાર છે' એમ માનવું યોગ્ય નથી એવા**

**અર્થના કાવ્ય દ્વારા યથાર્થ વસ્તુસ્વરૂપને દર્શાવી સ્વતત્ત્વપ્રાપ્તિની પ્રેરણા કરવામાં આવે છે :)'**

**व्याख्येयं किल विश्वमात्मसहितं व्याख्या तु दुम्फो गिरां**
**व्याख्यातामृतचन्द्रसूरिरिति मा मोहाज्जनो वल्गतु।**
**वल्गत्वद्य विशुद्धबोधकलया स्याद्वादविद्याबलात्**
**लब्ध्वैकं सकलात्मशाश्वतमिदं स्वं तत्त्वमव्याकुलः।।२१।।**

શું શૈલી છે! દિગંબર સંતોની કથની તો કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ? એક-એક શ્લોકમાં આખું જૈનશાસન ભરી દીધું છે. એક-એક શ્લોકમાં. એવી શૈલી છે. એવી શૈલી છે. વસ્તુસ્થિતિ એવી છેને. કહે છે એ **'(ખરેખર પુદ્ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે,...'** બસ, શાસ્ત્રો અમે નથી કર્યા કહે છે. આ ટીકા .. ... આહા..હા..! .. કહેતા હતા તમે બોલો છોને. કોણ બોલે ભાઈ સાંભળને! બોલે એ તો બીજો. ભાષા જડ. ભગવાનજીભાઈ! તો આ કહે છે શાસ્ત્ર શબ્દે બનાવ્યા, અમે નથી બનાવ્યા એમ કહે છે. આહા..હા..! મોટા પુરુષ તો એમ જ કહેને. એમ કેટલાક કહે.

મુમુક્ષુ :- મોટા પુરુષો...

ઉત્તર :- પણ એમ કહેને નિર્માણપણે એમ કહેને. બનાવ્યા તો છે એણે. પણ એમ કહે કે નથી બનાવ્યા. પણ અહીં તો કહે છે કે ઈ શબ્દથી બન્યા, અમારાથી બન્યા નથી. આહા..હા..! ..ભાઈ!

**'(પુદ્ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે...'** સ્વયં એને પરિણમે છે. આત્માનું નિમિત્ત છે, રાગનું અને જ્ઞાનનું, માટે પરિણમે છે એમ નથી. એમ કહે છે. આહા..હા..! ઓહો..! પરમેશ્વર આ વસ્તુ કહે છે. હવે અહીં તો કાંઈ ભાન ન મળે. અને થઈ રહ્યા. સાધુ થયા, લૂગડા ફેરવ્યા. ગૃહિત મિથ્યાત્વને પોષે અને માને કે અમે સાધુ થઈ ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્વતંત્ર છેને. ઉંધા પડવાની પણ સ્વતંત્રતા છે. અહીં તો કહે છે કે શબ્દની પર્યાય પરિણમે છે એ અમારાથી નહિ. તમે ચાલો એની ક્રિયા થાય. આ દેહ ઈર્યાસમિતીથી જોઈને ચાલજો. તો ..આત્મા ચાલી શકતો હશે? આમ-આમ કરી શકે? આહા..હા..! કહો, સમજાણું? અહીં તો કહે છે કે આ શરીરની પર્યાય જે થાય છે એ એને જડને કારણે સ્વયં. આત્માને બિલકુલ કારણે નહિ. આત્મા જ્ઞાન અને વિકલ્પ હો તેથી થાય છે એમ છે નહિ. એમાં ભાષા પરિણમે છે એ સ્વયં શબ્દરૂપે પરિણમે છે. આત્માનો વિકલ્પ છે માટે શબ્દ પરિણમે છે? આહા..હા..! સમજાણું કાંઈ? આપણે બોલવા માગીએ તો બોલીએ, મૌન રહેવા માગીએ તો મૌન રહીએ. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. અટકે છે આમાં. શું કરે? ઓલું તો આમ અસાધ્ય થઈ ગયા હોય અને પછી બોલવા... ભાષાને કાળે ભાષા પરિણમે તો નીકળે છે. આત્માથી થાય? હવે ભાષા એને કાળે પરિણમે. પણ એને કાળે આવી કેમ પરિણમી? સમજાય છે કાંઈ? અરે..! પ્રભુ! એ વખતે એ પરમાણુની પર્યાયનો સ્વકાળ એ રીતે થવાનો છે. સમયસારના વાચક શબ્દપણે પરિણમવાનો એ પરમાણુનો સ્વભાવ છે. આહા..હા..! આત્મા તે ટીકાને કરતો નથી. હે મોહજનો! ન નાચો, એમ ન કરો. એ શબ્દથી મેં જ પ્રગટાવ્યું છે એમ ન માનશો એમ કહે છે. એમ તમે પણ ભાષાને કાળે ભાષા નીકળે એ મારાથી નીકળે છે એમ ન માન ભાઈ! આહા..હા..! જડનો ગુલામ થશે બાપા મિથ્યાત્વ. મહાપાપ. ચૈતન્યની શાંતિનું ખૂન કરનાર એ ભાવ છે. હવે આવું માને અને પછી અમે પંચ મહાવ્રત પાળીએ છીએ. ધૂળેય નથી. આત્મા પાળતો નથી. મિથ્યાત્વને પાળે છે.

કહે છે '**આત્મા તેમને પરિણમાવી શકતો નથી,...**' કોને? પુદ્‌ગલોને પરિણમાવી શકતો નથી. આવા રજકણો... આ રીતે ધીમે બોલું તો એમ બોલાય, ઉગ્ર બોલું તો એમ બોલાય એવું વસ્તુમાં નથી એમ કહે છે. જે કાળે જે પરમાણુમાં ભાષા થવાની લાયકાત છે તે પરમાણુઓ તેરૂપે સ્વયં પરિણમે છે. એને આત્માના જ્ઞાન અને રાગની અપેક્ષા નથી. ગાંડા જ કહે હોં બીજાને પાગલ જાણે. આહા..હા..! ભાષા કેમ અહીં ભીંતમાંથી કેમ નથી નીકળતી ત્યારે? ભાષાવર્ગણા હોય એમાંથી બને કે કોઈ આત્મા ... એવી વર્ગણા છે. સ્થૂળ. આ તો સૂક્ષ્મ પરમાણુઓ છે. અમૃતચંદ્રાચાર્ય કાળે જ એ પરમાણુ પરિણમવાના હતા? તો કહે હા. તો તો નિશ્ચય થઈ ગયો, ક્રમબદ્ધ થઈ ગયો. એમ કહે છે. ... સમજાણું કાંઈ? આહા..!

આ શરીરના રજકણે રજકણ એને સ્વકાળે પરિણમે એમાં આત્માનો અધિકાર બિલકુલ નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? સવારે ઉઠ્યા હશે ત્યારે કેટલો હરખ હશે? ..ભાઈ બિચારા ઉઠ્યા. એ ઉઠ્યા એ સૂતા નહિ. કહો, પૈસા ઘણા, લાખો, .. લાખો. બાપુ! શું કરે? ... એનો સ્વકાળનું પરિણમન એનો બીજો સમય ન થાય. એ દેહ છૂટવાનો જે સમય છે એ બીજો સમય થાય નહિ. આહા..હા..! માણસને અજ્ઞાન કે દેહને આમ રાખી દઉં. .. અરે..! ભગવાન! જડ છે, ભાઈ! ઈશ્વર જેમ જગતનો કર્તા માને તેમ તું આમાં પરિણમનને માન બેય શ્રદ્ધા, મિથ્યાદૃષ્ટિની સરખી શ્રદ્ધા એક વર્ગમાં છે. સમજાણું કાંઈ?

'**આત્મા તેમને પરિણમાવી શકતો નથી,...**' '**नमः समयसाराय**' એ શબ્દની પરિણતિ તે કાળે તે ભાષાની પરિણતિથી પર્યાય થઈ. આત્મા એને કરતો નથી. આહા..હા..! એ કોની સંભાળ રાખે એ કોની? બાપુ! પરજીવની દયા પાળે ને સંભાળ રાખે. એનું પરિણમન એને લઈને હતું. તારો વિકલ્પ ત્યાં પરને દયા પાળવાનું કામ કરી શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**આત્મા તેમને પરિણમાવી શકતો નથી, તેમ જ ખરેખર સર્વ પદાર્થો**

**જ સ્વયં જ્ઞેયપણે-પ્રમેયપણે પરિણમે છે,...**' શું હવે કહે છે? ઓલા શબ્દો છેને શબ્દો? એ એને જ્ઞાન કરાવે છે એમ નથી એમ કહે છે. એમ કહે છે. શબ્દો શબ્દોથી પરિણમે છે અને સામે જ્ઞાન થાય છે ઈ આ શબ્દથી થયા છે એમ નથી. એમ કહે છે. કહો, ભીખાભાઈ! આહા..હા..!

'**તેમ જ ખરેખર સર્વ પદાર્થો...**' સર્વ પદાર્થ. '**સર્વ પદાર્થો જ...**' એમ. '**સ્વયં જ્ઞેયપણે-પ્રમેયપણે પરિણમે છે,...**' એટલે જે જાણનાર જીવ છે એ પોતાની જ્ઞાનની પર્યાયપણે પોતાથી પરિણમે છે. શબ્દને લઈને તે જ્ઞાનની પર્યાય પરિણમે છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? શબ્દ એ વાણી છે. એ વાણીનો પરિણમનનો કાળ છે તે વાણી થાય છે. આત્મા તેનો કર્તાહર્તા નથી. મારાથી હું છું માટે વાણી પરિણમી, એ જડનો સ્વામી અજીવને જીવ માને છે. આમ બોલે કે અજીવને જીવ માને તો મિથ્યા, જીવને અજીવ માને તો મિથ્યા. પાછું માને આવું બધું. એવું તે કાંઈ હોય? આત્મા નિમિત્ત થાય ત્યારે ભાષા થાતી હશે? કે નિમિત્ત વિના થાતી હશે? અહીં કહે કે નિમિત્ત વિના થાય એમ કહે છે. આ નિમિત્તવાળાને વાંધો આવે. એ ભૂક્કો ઉડાવે છે એના નિમિત્તનો. એ વાણી નિમિત્ત છે માટે જ્ઞાન પરિણમે છે. કે ના. આત્મા નિમિત્ત છે જ્ઞાનમાં માટે વાણી પરિણમે છે? કે ના. આહા..હા..! આવું નિરાલંબી તત્ત્વ એક-એક સ્વયંસિદ્ધ એ સર્વજ્ઞ પરમેશ્વર કહે એ સિવાય બીજામાં એ હોઈ શકે નહિ. અહીં તો કર્તા ઈશ્વર છે અને કાં તો ઢીંકણું છે, કાં તો ઈશ્વર તારે તો તરીએ. હે ભગવાન! તે રખડાવીને માર્યા હવે મને તાર. તું તારતો નથી એટલે તારો વાંક. એમ જ થયોને અર્થ? કર્તા એને ઠરાવ્યો. પણ તું તારા સ્વરૂપને જાણતો નથી માટે બૂડેલો છો અને સ્વરૂપને જાણ તો તું તારાથી તરી શકે છે. માટે કોઈ તને તારનાર છે નહિ. સર્વજ્ઞદેવ કહે છે કે માળા વાણી? એને લઈને પરિણમી. વાણીથી ત્યાં જ્ઞાન થાય છે? કે ના. એ તો જ્ઞેય પોતે સ્વતંત્ર જ્ઞાનની પર્યાયપણે તે જ્ઞેય પરિણમવાને તે સમયને તે જ પર્યાય પરિણમવાને લાયક છે. ક્રમબદ્ધ જ થઈ ગયું. શું થઈ ગયું? એનો કાળ જ એમ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે-પ્રમેયપણે પરિણમે છે, શબ્દો તેમને જ્ઞેય બનાવી-સમજાવી શકતા નથી...**' શબ્દો તેને જ્ઞેય બનાવી એટલે આ... આ.. છે એમ સમજાવી શકે એમ નથી. આહા..હા..! '**માટે)...**' આ કારણે '**આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય...**' આખું આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય '**(સમજાવવાયોગ્ય) છે,...**' એમ ન માનો. સમજાવવાયોગ્ય કાંઈ નથી, એ તો જગત જગતને કારણે પડ્યું છે અને એને કારણે રહે છે. '**આત્મા સહિત વિશ્વ...**' એટલે બધું છએ દ્રવ્ય. '**તે વ્યાખ્યેય (સમજાવવાયોગ્ય) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે...**' વાણીની ગૂંથણી તે સમજાવનારની સમજૂતીનું કારણ છે અને એને લઈને સમજે છે. એમ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દિવ્યધ્વનિ ગઈ અને બધું ગયું. આ દિવ્યધ્વનિનો પર્યાય ભગવાનનો છે માટે અહીં સમજે છે કે એમ ના પાડે છે. ઓલા કહે કે ... પહેલેથી સમજાવો છો તમે તો બાળપોથીમાં. હરિભાઈએ નાખ્યું છેને પહેલું? શાસ્ત્રથી જ્ઞાન નથી. શાસ્ત્રમાં જ્ઞાન નથી. પછી એક જણો શેઠિયો બોલ્યો પહેલેથી આ? પણ પહેલેથી સાચું શીખવવું કે ખોટું? ખોટું શીખવવું પહેલું? કહે છે કે '**વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે...**' એમ છે નહિ. '**અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા છે...**' અને હું સમજાવનાર છું એમ ન માનશો. હું તો જ્ઞાનમાં છું, વાણી વાણીમાં છે અને સમજનાર એની પર્યાયથી સમજે છે. આવું વસ્તુનું સ્વરૂપ છે. વિશેષ કહેશે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ લખ્યું છે નિમિત્તથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૫, શુક્રવાર, તા. ૧૪.૧૧.૧૯૬૯**
**શ્લોક-૨૧-૨૨, પંચાસ્તિકાય સંગ્રહ-શ્લોક-૧, ૨, ૩.**
**પ્રવચન-૨૮૧**

પ્રવચનસાર. ૨૧મો કળશ. આચાર્ય પોતે કહે છે કે આ '**(ખરેખર પુદ્‌ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે,...**' આ શાસ્ત્ર શબ્દે કર્યું છે. આત્માએ કર્યું નથી. '**આત્મા તેમને પરિણમાવી શકતો નથી,...**' શબ્દની ભાષા પર્યાયને આત્મા પરિણમાવી શકતો નથી. ભાષાના પરમાણુઓ જે સમયે શબ્દની પર્યાયરૂપે પરિણમવાના હોય છે તે કાળે તે પરિણમે છે. બીજો દ્રવ્ય એને શું પરિણમાવે? '**તેમ જ ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે-પ્રમેયપણે પરિણમે છે,...**' એટલે પોતાને જણાવાલાયક જ્ઞાનની પર્યાયપણે પોતે પરિણમે છે. તો જાણનાર ભાષાથી જ્ઞાન થાય છે તેમ છે નહિ. વીતરાગની વાણીથી પણ જ્ઞાન થાય છે એમ નથી. એ તો એમાં આવશે હોં પંચાસ્તિકાયમાં શરૂઆતમાં. શરીર નાશક.. મધુવન.. જ્યારે જેને શું ચીજ કોણ છે એનું જ્ઞાન કરાવવું હોય ત્યારે તો એમ જ કહેને. આ વસ્તુસ્વરૂપ તો આ રીતે છે. કોઈપણ શબ્દ વીતરાગની વાણી કે આચાર્યોના વાક્યો એ સામાને જ્ઞાનની પર્યાયપણે જ્ઞેય પરિણમે. પોતે જ્ઞેયપણે થઈને પોતે જ્ઞાનને જાણે એવું થાય, પણ પોતાને જ્ઞેય જ્ઞાનનું પરિણમન બીજો કોઈ કરાવે એમ છે નહિ.

'**શબ્દો તેમને જ્ઞેય બનાવી-સમજાવી શકતા નથી માટે**)...' સમજાણું કાંઈ? શબ્દો તેને જ્ઞેય બનાવે કે હું જ્ઞાન છું અને તું જ્ઞેય છો. લાવ હું તને સમજાવું. એમ છે? ભારે વાત.. તો કોણ બોલે છે આ? બોલે છે બીજો જડ. આત્મા કોણ બોલે? પરમાણુની અંદર સંગ્રહ પડ્યો છે એમાંથી પર્યાય થાય છે ભાષાની. આત્માથી નહિ, આત્મામાં નહિ અને આત્માને લઈને નહિ. ભાઈ!

મુમુક્ષુ :- આત્મામાં...

ઉત્તર :- રાગ વડે નહિ. આ રાગ તો ભિન્ન ચીજ છે. પરમાણુની પર્યાય ભિન્ન ચીજ છે. રાગનું પરિણમન રાગમાં. એને પણ જ્ઞાન જાણે. રાગરૂપે ખરેખર તો આત્મા પરિણમતો નથી. વસ્તુ આત્મા કહીએ એ રાગરૂપે કેમ પરિણમે? આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા એટલે આનંદ અને શુદ્ધ ચૈતન્યદળ એ વિકારપણે કેમ પરિણમે? એ વિકારને પરરૂપે, એ વિકારને પણ પરિણમાવતો નથી. આહા..હા..! તો ભાષાને કરે, પરિણમાવે એવું તો વસ્તુમાં છે નહિ.

'**આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય**...' વ્યાખ્યા કરવાલાયક. '(**સમજાવવાયોગ્ય**) **છે**,...' આત્મા સહિત છ દ્રવ્ય એમ. વિશ્વ એટલે સમસ્ત છ દ્રવ્યો એણે વ્યાખ્યેય નામ સમજાવવાયોગ્ય છે એમ નથી. '**વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે**...' એમ નથી. ભારે ભાઈ! તો શું કરવા શાસ્ત્ર રચો છો? ક્યાં ગયા એક કાગળ આવ્યો છે ભાવનગરથી આજે. ભાવનગર નથીને કોઈ? એક ભાઈ છેને .. મહારાજ શુભભાવને હેય... હેય... કરે છે તો આ મંદિર શું કરવા ગામોગામ બનાવે છે? ત્યાં મંદિર બને છે ખરુંને? તો એમ કે અમારા મિત્રો અમને પ્રશ્ન કરે છે. તો એનો ખુલાસો આપજો. શું ખુલાસો આપે? અહીં આવીને સાંભળ ભાઈ! એ ભાઈ અહીં છે. અહીં આવે છે. કોક-કોકવાર આવે છે. શુભભાવ હેય... શુભભાવ હેય... તો કરે છે શું કરવા? હેય કરવું શું કરવા જોઈએ? પણ કોણ કરે છે? સાંભળને! એ તો જે કાળે થાય અને સામી ચીજ પણ એને કાળે હોય. ભાવનગરમાં મંદિર બને છેને? પંચકલ્યાણક કરવાના છે મોટું. હીરાલાલને બધા ભેગા થઈને. આ પણ ગામોગામ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ રચે પણ? એ વખતે એ વખતના પરમાણુની પર્યાય એ પણે પરિણમે છે. એને બીજા શબ્દો પરિણમાવી શકતો નથી તો વળી મંદિરને બીજો બનાવી શકે (એમ નથી). તમારી વાતમાં એવો ફેર પડે છેને અંદરથી. તો એનો ભાવ તો ખરોને. ભાવ વિના બની જાય એની મેળાએ મંદિર? હા. આહા..હા..! મંદિર એ મંદિરને કારણે બને, પુસ્તક પુસ્તકને કારણે બને, ભાષા ભાષાને કારણે પરિણમે. ક્યાં છો ભાઈ! સમજાય છે? જ્યાં તું છો ત્યાંથી ક્યાં જઈશ? શું ભાષામાં જઈશ તું? રાગમાં જઈશ કે રાગને પરિણમાવી

શકીશ તું? શું કરીશ તું ભાઈ? તું તો ચૈતન્યનો પુંજ છેને. હવે તો આગળ કહેશે બીજું કાંઈ નથી. .. સાંભળને હવે. સમજાણું કાંઈ?

**'આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવાયોગ્ય) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે...'** વાણીની રચના થાય તો સમજૂતી અપાય. ..ભાઈ! ત્યારે તમે બધા સાંભળવા શું કરવા આવ્યા કહે છે લ્યો! વળી એમ કહે છે. એનાથી કાંઈ ન થતું હોય તો બધા ભેગા શું કરવા થયા? સાંભળો છો શું કરવા? પણ સાંભળને! સાંભળવાના વખતનો જે વિકલ્પ છે તે કાળે આવે અને તે કાળે જે જ્ઞાન થવાનું તે પોતાથી થાય. ભારે કામ ભાઈ! પણ નિશ્ચય એટલે સાચું અને વ્યવહાર એટલે ઉપચારિક કથન છે.

મુમુક્ષુ :- બે નય ભગવાને કીધા છેને.

ઉત્તર :- બે નય એટલે બીજું વ્યવહાર છે એટલું જાણવા માટે. વાણી છે, વિકલ્પ છે. છે એટલું. પણ એનાથી થાય છે એ કાંઈ બે નય નથી એનું નામ.

મુમુક્ષુ :- .. દેખાય છે.

ઉત્તર :- ક્યાં દેખાય છે? શું દેખાય છે? કોણ વ્યાખ્યાન કરે છે? ભાષા થાય છે કે આત્મા કરે છે? ભાષાનો અવાજ આવે છે કે આત્મા અરૂપી છે. નવનીતભાઈ! એવી વાતું છે, ભાઈ! જુઓને આ ધનસુખને કેટલું જુવાન જરીક સહેજ ઓલું થઈ ગયું. .. થઈ ગયુંને થોડું? ..ના દીકરાને. .. એ તો બીજા છે કહ્યું હતું. કોણ કરે એને? એ પરમાણુ જે સમયે એવા થવાના. .. નહિ શકું કાંઈ. એમ કહે છે. .. નહિ શકાય. રગ પકડાઈ ગઈ. આત્મા કરી શકતો હોય તો .. તો છે. માટે આ હાથ આમ થાય છે ઈ આત્માથી નહિ, પોતાથી થાય છે. શરીરની પર્યાય એને લઈને પરિણમે છે. આહા..હા..!

અહીં તો ભાષા .. જેવું તમે જ્ઞાન કહેવાણું એવી ભાષા પરિણમે છે. એ ભાષામાં પણ જ્ઞાન આવે છે કે નહિ કાંઈ? એય..! જેઠાભાઈ! ભાષામાં જ્ઞાન ન આવતું હોય આમાં સમજાય શી રીતે? ભાષામાં તો ભાષા આવે. ભાષામાં જ્ઞાન કેવું? અને એ સમજે છે જ્ઞાન એ ભાષામાંથી સમજે છે એવું કેવું? એ તો એના જ્ઞાનમાંથી સમજે છે. એના જ્ઞાનમાંથી એ જાતની પર્યાય થાય એમાંથી સમજે છે. સમજાણું કાંઈ?

**'અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા છે...'** એ અમૃતચંદ્રસૂરિ આ ટીકાના કરનાર છે **'(એમ મોહથી જનો ન નાચો...'** એ મિથ્યાત્વથી એમ **'(-ન ફુલાઓ).'** આહા..હા..! મોહથી ન નાચો એમ મોહથી ન પરિણમો એમ કહે છે. એ તો મિથ્યાત્વનો ભાવ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તત્ત્વ જ આખું ભગવાન ચૈતન્ય સ્વયં સિદ્ધ પદાર્થ પરમાણુ પણ સ્વયંસિદ્ધ પદાર્થ છે. એની વર્તમાન પરિણતિની અવસ્થાને બીજો કરે કોણ? સમજાણું કાંઈ? **'ન નાચો...'** મોહથી મિથ્યાત્વથી ન પરિણમો એમ કહે છે. એ ભ્રમણા છે તને. હું ભાષાથી સમજું છું, ભાષા મને સમજાવે છે, ભાષાના કરનાર ટીકાકાર છે—એમ નહિ.

મિથ્યાત્વથી ન પરિણમો એમ કહે છે. આ બધા ઓડીટરના ચોપડા લખાતા હશે એ એની મેળાએ લખાતા હશે? વ્યવસ્થિત અક્ષરો આવે, આડા-અવળા ન આવે. હળવે-હળવે. ... છે એમ ભાઈ! આહા..હા..!

'(-ન ફુલાઓ). (પરંતુ)...' જુઓ હવે ખુલ્લું મૂકે છે. **'સ્યાદ્વાદવિદ્યાના બળથી...'** જુઓ, સ્યાદ્વાદ વિદ્યા એને કહે છે કે આત્મા આત્માને પરિણમાવે પણ આત્મા પરને ન પરિણમાવે એનું નામ સ્યાદ્વાદ છે. આત્મા પોતે પણ પરિણમે અને આત્મા પરને પણ પરિણમાવે એનું નામ સ્યાદ્વાદ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? **'સ્યાદ્વાદવિદ્યાના બળથી...'** જુઓ, નિમિત્તથી કથન હો એને સમજો. એ તો નિમિત્તના કથન છે. આણે કર્યું, આણે સમજાવ્યું, આનાથી સમજો, આ મને સમજાવે છે, એનાથી હું સમજ્યો—એ બધા નિમિત્તના કથનો છે. પણ એનાથી સમજતો નથી, વાણી સમજાવતી નથી, સમજાવનાર ભાષા તરીકે પરિણમતો નથી. એમ સ્યાદ્વાદ કહેવાય છે જુઓ, સ્યાદ્વાદ એમ નહિ કે પોતે પણ પરિણમે અને પરને પરિણમાવે, કર્તા થાય. જુઓ, આ ઓલા કહે છે. પરનો કર્તા ન માને તો દિગંબર જૈન નહિ. અરે..! ભગવાન! શું કરે છે ભાઈ! સ્વતંત્ર એ વસ્તુ નથી કે જે કર્તા એટલે કર્તૃત્વ થઈને ન પરિણમે? એ તો સ્વતંત્ર પદાર્થ છે.

**'સ્યાદ્વાદવિદ્યા...'** સ્યાદ્વાદના જ્ઞાનના બળથી. કે હું મારા ભાવને કરું. જ્ઞાનને હોં ભાવ એટલે હું તો જ્ઞાનમાં છું, રાગ રાગમાં છે, વાણી વાણીમાં છે. સમજાણું કાંઈ? **'સ્યાદ્વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે...'** જુઓ, ભાષા! **'વિશુદ્ધ જ્ઞાનની કળા વડે...'** અંદર જ્ઞાનની પર્યાયમાં સમ્યગ્જ્ઞાનના પ્રકાર વડે **'આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે...'** ભાષા જુઓ, છેલ્લા. અરે..! **'આ એક...'** આ એક જ આત્મા છે. આખો આત્મા પૂર્ણ એમ કહે છે. આખો પૂર્ણ. **'શાશ્વત...'** એવું શાશ્વત છેને... છેને... છેને... છે. એક આખું છે. એક આખું છે. આખું છે તે આ એક છે. સમજાણું કાંઈ? **'આ એક...'** આ એક. **'આખા શાશ્વત સ્વ તત્ત્વને...'** કહો, સમજાણું? **'सकलात्मशाश्वतमिदं'** સકળનો અર્થ કર્યોને? આખો. સ્વ તત્ત્વને કારણ. સ્વતત્ત્વ ભગવાન પરિપૂર્ણ છે, ભાઈ! એને અનુભવને. સમજાણું કાંઈ? આહા..હા..!

તે પણ **'પ્રાપ્ત કરીને...'** **'શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને...'** આ રીતે. શરીર, વાણી, મારાથી નથી, રાગ મારાથી નથી, હું રાગથી અને પરથી નથી. એમ સ્યાદ્વાદ જ્ઞાનના બળથી... હું આત્મા એ રાગને લઈને નથી, રાગ મારે લઈને નથી, વાણી મારે લઈને નથી, વાણીને લઈને હું નથી. ભારે વાતું ભાઈ! વ્યાખ્યાતા મોટા-મોટા દશ-દશ હજાર માણસને સમજાવે આમ ધમધોકાર ભાષાથી. ના, ના એ ભાષા જડની છે, ભાઈ! હળવેથી બોલો, તાણીને બોલો. નહોતું આવતું ... .. જે હતું કહેવાઈ ગયું છે. આપણે નહિ? કૈલાસચંદજી છે કે નહિ? હતાને. બુલંદ શહેર પહેલા એમ કહેતા હળવે બોલો, તાણીને બોલો. બસ એકરૂપ

બોલાય જુઓ. હળવે બોલવું હોય તો હળવે બોલાય, તાણીને બોલવું હોય તાણીને બોલાય. એ હળવે-હળવે ચાલો. બહુ ઉતાવળ ન કરો. એમ હશે? કોણ હળવે ચાલે? એ તો પુદ્‌ગલની પર્યાય એમ ચાલવાની હોય તો એમ ચાલે. વિશેષ ઉતાવળ અને આઘા ક્ષેત્રાંતર થવાની હોય તો એમ ચાલે. એ શું આત્માથી ચાલે છે? ના, ના. ભારે વાત ભાઈ!

'**આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને...**' દેખો, ધ્રુવ. આ એક આખો, આ એક સકળ ધ્રુવ એવું '**સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે** (**જનો**)....' આહા..હા..! '**આજે...**' આજે. સમજાણું? '(**જનો**) **અવ્યાકુળપણે નાચો...**' મિથ્યાત્વપણે ન નાચતા, આનંદપણે નાચો એમ કહે છે. '**મોહ**' કીધું હતુંને? વસ્તુ ભગવાન આત્મા પૂર્ણાનંદ આત્મા એની સન્મુખતાના ભાવથી પરિણમો એમ કહે છે. પર તરફથી ખસી જાવ. કારણ કે પરમાં તું નથી અને પર તારે લઈને નથી. ઓહો..હો..! દિગંબર સંતોનું કથન જુઓ. અમે તને સમજાવી શકતા નથી. આકરી વાત ભારે! બીજા તો .. એવું કહે છે કે તમને વક્તા નહિ માને. અરે..! સાંભળને. તો તમને કાંઈ બહુમાન તમારું નહિ આવે અને તમને પછી બહુ ભક્તિથી આહારપાણી નહિ દે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ છે જ ક્યાં એને? એની શક્તિ નથી પછી પ્રશ્ન શું? એ તો થવાનું હોય તે થાય છે. આવું જે સમજશે એને જ્ઞાની પ્રત્યે વિકલ્પનો બહુમાન આવ્યા વિના રહેશે જ નહિ. આહા..હા..! આવશે એ જુદી વાત છે, પણ એ પરને લઈને આવે છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? નહી તો પદવી નહિ રહે. આમ જો કહીશું તો આપણે મોટા પદવીદાર પાંચસોના પગાર લેવા હોય, હજારના પગાર હોય પાઠશાળામાં અને જૈનશાળામાં. આ તો કોઈથી સમજાય નહિ જુઓ. કહેતા હતા કે શાસ્ત્ર જ્ઞાન નથી, શાસ્ત્રથી જ્ઞાન થતું નથી. આવું છોકરાવને પહેલેથી સમજાવશો તો લોકો આવા થાય. અરે..! હવે ત્યારે શું સમજાવું? એને ઉલટું સમજાવું? પરથી જ્ઞાન થાય તો .. છે એ. પરથી જ્ઞાન ત્રણ કાળમાં થાતું નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... કોણ ખોલે છે? ખોલે કોણ અને તોડે કોણ? એય..! એ તો એને કાળે એને થાય. એવું છે. વક્તા એમ અભિમાન કરે કે અમારે લઈને આ બધું થાય છે. એ સ્વતંત્ર છે. એથી કાંઈ થઈ જાય છે? ભાષા તો ભાષાને કાળે નીકળે. એય..! જયંતિભાઈ! શું છે આ? આવો બધો માર્ગ લુખ્ખોલસ થઈ જશે. નિશ્ચય-નિશ્ચય. સાચું-સાચું. એમાં ખોટું થોડું નાખો તો રહેશે, કહે.

અરે..! '**આજે** (**જનો**) **અવ્યાકુળપણે નાચો** (**-પરમાનંદપરિણામે પરિણમો**).' એમ કહે છે. ભાઈ! તું પરમાનંદ છોને, પ્રભુ! તારે બહારમાં ક્યાં જોવાનું છે? અને બહારથી

ક્યાં આવે એવું છે? અને બહારથી ક્યાં તને પ્રાપ્ત થાય એવું છે? બહારનો તો અભાવ છે તારામાં. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આનંદમૂર્તિ છેને. બસ, આનંદમૂર્તિને પામીને આનંદરૂપે પરિણમો. ભ્રમણારૂપે ન પરિણમો એમ કહે છે. સમજાણું કાંઈ?

'**(હવે કાવ્ય દ્વારા ચૈત્યનો મહિમા ગાઈને, તે જ એક અનુભવવાયોગ્ય છે એમ પ્રેરણા કરીને, આ પરમ પવિત્ર પરમાગમની પૂર્ણાહૂતિ કરવામાં આવે છે :)**' લ્યો!

इति गदितमनीचैस्तत्त्वमुच्चावचं यत्
चिति तदपि किलाभूत्कल्पमग्नौ हुतस्य।
अनुभवतु तदुच्चैश्चिदेवाद्य यस्माद्
अपरमिह न किञ्चित्तत्त्वमेकं परं चित्।।२२।।

'**(અર્થ :-) આ રીતે (આ પરમાગમમાં)...**' આ પરમાગમ છે ભગવાનની વાણી. હવે એકકોર કહે કે વાણી એની નહિ અને આ ભગવાનની વાણી. વ્યવહારના કથનો જ એવા વ્યભિચારી છે. જુઓ, '**(આ પરમાગમમાં) અમંદપણે...**' લ્યો! અમંદની શું વ્યાખ્યા કરી? '**अमनीचै**' '**अमनीचै**' '**(જોરથી,...**' એટલે જેમ છે તેમ તે રીતે કહેવાણું છે એમ. અમંદપણે એટલે કાંઈ આમ હશે કે તેમ હશે, કેમ હશે-એમ નહિ. જેમ છે તે રીતે કહેવાણું છે. '**(જોરથી,...**' જોરથી એટલે શું કાંઈ જોર કરવું છે એમાં? એટલે જે રીતે વસ્તુનું સ્વરૂપ છે તે રીતે મૂકાણું છે. '**બળવાનપણે, મોટે અવાજે)...**' ઠીક! અમંદપણે એટલે.

મુમુક્ષુ :- કહેવું છે ખરુંને એટલે અવાજ મોટો.

ઉત્તર :- એ કહેવાનો અર્થ અવાજ. પછી મોટો એટલે કાંઈ તાણીને બોલે તો મોટો અવાજ એવું કાંઈ નહિ. ચોખ્ખે અવાજે જેવું છે એવું સ્પષ્ટ અવાજે એમ. જેવું છે એવું. ... કરે તો ઓલા ન સમજે એમ નહિ. ચોખ્ખે અવાજે. આમ છે.

'**જે થોડુંઘણું તત્ત્વ કહેવામાં આવ્યું,...**' દેખો, ભાષા! ટૂંકા વચન. થોડુંઘણું. જે કાંઈ થોડુંઘણું તત્ત્વ કહેવામાં આવ્યું. લોકો આપણે નથી કહેતા? થોડું લખ્યું ઘણું કરીને માનજો. હવે આવે છે લખાણમાં. કાગળ-બાગળ લખેને કંકોત્રીને. '**થોડુંઘણું તત્ત્વ કહેવામાં આવ્યું, તે બધું ચૈતન્યને વિષે ખરેખર અગ્નિમાં હોમાયેલી વસ્તુ સમાન (સ્વાહા) થઈ ગયું.**' કહ્યું એ ન કહ્યા જેવું. એમાં કાંઈ સમાઈ ગયું. તોપણ હજી બાકી કેટલું હતું. એ તો પૂરું કહી શકાતું નથી એવી ચીજ છે. આહા..હા..! સમજાણું? '**બધું ચૈતન્યને વિષે ખરેખર અગ્નિમાં હોમાયેલી વસ્તુ સમાન (સ્વાહા) થઈ ગયું. (અગ્નિને વિષે હોમવામાં આવતા ઘીને અગ્નિ ખાઈ જાય છે, જાણે કે કાંઈ હોમાયું જ ન હોય! તેવી રીતે અનંત માહાત્મ્યવંત ચૈતન્યનું ગમે તેટલું વર્ણન કરવામાં આવે તોપણ જાણે કે એ સમસ્ત વર્ણનને અનંત મહિમાવંત ચૈતન્ય ખાઈ જાય છે;...**' કાંઈ ગણતો નથી. શબ્દમાં એની પૂરી વાત આવતી નથી. આહા..હા..! આ ગમે એટલી કીધી કહે લ્યો.

એવો ભગવાન અનંત ચૈતન્ય મહિમાવંત પ્રભુ '**ચૈતન્યના અનંત મહિમા પાસે બધું વર્ણન જાણે કે વર્ણન જ ન થયું હોય એમ તુચ્છતાને પામે છે.**) **તે ચૈતન્યને જ ચૈતન્ય આજે...**' ભાષા દેખો, એ ચૈતન્યને જ ચૈતન્ય આજે ... વિકલ્પથી નહિ, નિમિત્તથી નહિ, ચૈતન્યને જ્ઞાનાનંદ સ્વભાવને, જ્ઞાનસ્વભાવને, જ્ઞાનભાવને, જ્ઞાનભાવથી '**આજે પ્રબળપણે-ઉગ્રપણે અનુભવો...**' કહો, સમજાણું કાંઈ? '**(અર્થાત્ તે ચિત્સ્વરૂપ આત્માને જ આત્મા આજે અત્યંત અનુભવો) કારણ કે આ લોકમાં બીજું કાંઈ જ (ઉત્તમ) નથી,...**' ચૈતન્યસ્વરૂપ સિવાય કોઈ વસ્તુ જ નથી. તારે માટે એક જ ચૈતન્ય છે. બીજી કોઈ ચીજ જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ચૈતન્યનો પિંડલો છે ...

અહો..! આ ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ છે એને ચૈતન્ય દ્વારા અનુભવો. બીજો કોઈ ઉપાય જ નથી. સમજાણું કાંઈ? '**આ લોકમાં...**' ભગવાન ચૈતન્યસ્વરૂપ આનંદની મૂર્તિ, અનાકુળ શાંતરસનો કંદ, બસ ઈ એક જ આત્મા છે. બીજું કાંઈ છે જ નહિ. બીજું નથી એટલે તારે માટે બીજું કાંઈ નથી. પછી ઉત્તમ કરવો પડ્યો અર્થ. '**આ લોકમાં બીજું...**' છે. ઓલામાં .. લખ્યો. આમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ ઈ એકનું કરવું પડ્યું. '**ચૈતન્ય જ એક પરમ (ઉત્તમ) તત્ત્વ છે.**' ચૈતન્યતત્ત્વ શબ્દમાં નથી.

મુમુક્ષ :- પરમ છેને?

ઉત્તર :- એ તો પરમ છે. એ પરમતત્ત્વ છે એ એક પરમ તત્ત્વ છે એમ. એક જ પરમ તત્ત્વ છે. ઉત્કૃષ્ટ તત્ત્વ હોય તો તું એક જ તત્ત્વ છો. બીજા બધા હોય તો તારામાં છે નહિ. પુણ્ય-પાપના વિકલ્પો શરીર, વાણી અનંત આત્મા હોય એન ઘરે, પણ તારામાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**ચૈતન્ય જ એક પરમ (ઉત્તમ) તત્ત્વ છે.**' પરમ એટલે તું જ એક પરમ તત્ત્વ છો તારે માટે. બીજું કોઈ તત્ત્વ છે નહિ. આહા..હા..! આ વસ્તુ ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ સત્+ચિદ્+આનંદ. એવો આખો આત્મા પરિપૂર્ણ એક જ પોતે. પુણ્ય-પાપ નહિ, શરીર, વાણી નહિ, કાંઈ નહિ. દેવ-ગુરુ-શાસ્ત્ર-બાસ્ત્ર એ પરમેશ્વર રહી ગયો એને ઘરે. પરમેશ્વર પણ અહીં નહિ. કહો, શાંતિભાઈ! આહા..હા..! પરમેશ્વર પરમેશ્વરના ઘરમાં. આમાં નહિ. તારા પરમેશ્વરના ઘરમાં બીજા પરમેશ્વરનો પ્રવેશ નથી. આહા..હા..! એવો ચૈતન્યઘન ભગવાન અનાકુળ આનંદનો કંદ પ્રભુ મહાશાશ્વત ધ્રુવ ચીજ એને અનુભવો.. એ સિવાય (તારા) માટે કોઈ પરમ છે નહિ. એ ઉત્તમ કોઈ ચીજ, ઉત્કૃષ્ટ તત્ત્વ તું એક જ છો. સમજાણું કાંઈ? જુઓ, પરમેશ્વર એ તારે માટે ઉત્તમ નથી.

મુમુક્ષુ :- ..બીજા કેટલા આદરવાલાયક છે...

ઉત્તર :- આ એક જ આદરવાલાયક છે લ્યો! વાત તો એમ છે. બીજાનો આદર આવે

એ એક વિકલ્પ છે વ્યવહારની ભૂમિકામાં. છતાં એ વિકલ્પનો પણ આદર નથી. આહા..હા..! આવી ચીજ છે. સમજાણું કાંઈ?

'**આ લોકમાં બીજું કાંઈ જ (ઉત્તમ) નથી, ચૈતન્ય જ એક પરમ (ઉત્તમ) તત્ત્વ છે.**' પરમ મહા ભગવાન જ પરમ વસ્તુ પોતે છે. જ્ઞાનનો સ્વભાવ, કેવળજ્ઞાનનો કંદ છે એ તો. અનંતી કેવળજ્ઞાનની દશા ત્રણ કાળને જાણવાની દશા. એવી અનંતી-અનંતી દશાને અંદર પેટમાં રાખીને ગર્ભમાં પડ્યો છે આત્મા. આહા..હા..! એવું તત્ત્વ છે એને પ્રવચનસારનો સાર કહે છે આ. ભગવાનની વાણીમાં આ આવ્યું છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માની ધ્વનિમાં ૐ ધ્વનિ આવી એમાં આ આવ્યું છે કે ભાઈ! તારે માટે તું જ પૂર્ણ પરમ સત્ત્વ છો. શુદ્ધ આનંદઘન એ સિવાય પુણ્યનો વિકલ્પ એ બધું નિરર્થક છે. તારે માટે કામના નથી. તારામાં એ નથી, તને લઈને એ નથી. આહા..હા..! ભારે આકરું! આ પરમાગમ પ્રવચનસાર પૂર્ણ કરે છે. ત્યાં પૂરું થઈ જાય છે કહે છે.

ભગવાન આત્મા આત્મામાં સમાય છે. બસ સ્વમાં સમાય છે. ત્યાં જ એનું પૂરું થાય છે. ક્યાંય એને પુણ્ય-પાપના વિકલ્પો કરવા અને એનાથી કાંઈ લાભ થાય એવું વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? લ્યો! '**(શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત) તત્ત્વદીપિકા નામની સંસ્કૃત ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.**' લ્યો.

મુમુક્ષુ :- છેક છેલ્લામાં..

ઉત્તર :- પહેલામાં શું કામ લખે?

આ પ્રવચનસાર પૂરું થયું લ્યો. કાલે **પંચાસ્તિકાય** શરૂ થાય છે. અડધો કલાક ચાલ્યું એ. આ પણ કુંદકુંદાચાર્યનું શાસ્ત્ર છે.

'**ૐ શ્રી સર્વજ્ઞ વીતરાગાય નમઃ**' '**શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પંચાસ્તિકાયસંગ્રહ.**' લ્યો! એ આને પાંચ વર્ષ થાય છે. ૨૦ની સાલમાં આસો મહિને પૂરું થયું. પાંચ વર્ષ પૂરા થયા. એક યુગ થયો.

મુમુક્ષુ :- પંડિત...

ઉત્તર :- .. પંડિત? ૨૦ની સાલની વાત છે. છેલ્લે આસો મહિને પૂરું થયું હતું.

મુમુક્ષુ :- બંસીધરજી ગયા હતાને પંદરમી ગાથા.

ઉત્તર :- .. **પંચાસ્તિકાય.**

'**श्रीमदमृतचन्द्राचार्यदेवविरचिता समयव्याख्या।**' મંગળિકનો પહેલો કળશ.

सहजानन्दचैतन्यप्रकाशाय महीयसे।
नमोऽनेकान्तविश्रान्तमहिम्ने परमात्मने।।१।।

'**શ્લોકાર્થ :- સહજ આનંદ...**' અતીન્દ્રિય સહજ આનંદ છે એવા પરમાત્મા. એને

પરમાત્મા કહીએ. કોઈના કર્તાહર્તા પરમાત્મા નથી. સહજ જેને આનંદ છે આત્મામાં પ્રગટેલો પૂર્ણ. '**અને સહજ ચૈતન્યપ્રકાશમય હોવાથી...**' જ્ઞાન અને આનંદ બે લીધા. સ્વભાવિક ચૈતન્ય પ્રકાશ કેવલ સૂર્ય પ્રગટ થયો છે.

મુમુક્ષુ :- એવો આનંદ લીધો છે.

ઉત્તર :- હા, .. સહજાનંદ છેને. સહજ આનંદસ્વરૂપ આત્મા. જેવો આનંદ છે એવો આનંદ પ્રગટ્યો કહે છે. જ્ઞાન પ્રગટ્યું ઠીક, પણ આનંદ પ્રગટ્યો. જ્ઞાનનો અંશ તો પ્રગટ હતો. સમજાય છે? આનંદનો અંશ તો પ્રગટ નહોતો. એ પરમસ્વરૂપ ભગવાન આત્મામાં પરમેશ્વરપદ પરમાત્મપદને પામ્યા. એને પરમાત્મા કહીએ કે જેને અંતર અતીન્દ્રિય આનંદ અને ચૈતન્યનો પ્રકાશ પૂર્ણ પ્રગટ થઈ ગયો છે. '**જે અતિ મહાન છે...**' એને લઈને તે પરમાત્મા મહાન છે એમ કહે છે. દુનિયાને કરે અને રચે અને મદદ કરે માટે પરમેશ્વર મહાન છે એમ છે નહિ.

મુમુક્ષુ :- તીર્થંકર નામ ખરું માટે મહાન નથી?

ઉત્તર :- એને લઈને મહાન નથી. તીર્થંકરને લઈને મહાન નથી. આવા સહજાનંદ પ્રભુ વસ્તુમાં આનંદ અતીન્દ્રિય રસકંદથી ખીચોખીચ ભરેલો ભગવાન આ આત્મા છે. એને જેને પર્યાયમાં, દશામાં પૂર્ણ આનંદ પ્રગટ્યો અને જેના જ્ઞાનમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાયની શક્તિ પડી હતી એ શક્તિમાંથી વ્યક્તતા પર્યાયમાં થઈ ગઈ. એવો ચૈતન્યનો પ્રકાશ જેને પૂર્ણ ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાનો પ્રકાશ થયો. એને લઈને એ આત્મા પરમાત્માને મહાન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ પરમાત્માની વ્યાખ્યા પહેલી.

મુમુક્ષુ :- .. ન આવ્યું.

ઉત્તર :- એ જ કહે છેને. મહાન આને લઈને છે એમ કીધું. જાણવાને લઈને અને આનંદને લઈને મહાન છે. કોઈના કર્તા છે માટે મહાન છે એમ છે નહિ. એ તો હીનબુદ્ધિ છે. પરને કર્તા માને એ તો હીનબુદ્ધિ છે, હલકી બુદ્ધિ છે કારણ કે વસ્તુ છે જગતની. એને કરે, બનાવે એ તો હલકીબુદ્ધિ થઈ ગઈ. સમજાણું કાંઈ? અથવા ચીજ નહોતી અને બનાવી ત્યારે પહેલા ભૂતકાળનું જ્ઞાન તો એને રહ્યું નહિ. વર્તમાન બની એનું જ્ઞાન રહેશે. ત્રિકાળી જ્ઞાન તો થયા નહિ, સર્વજ્ઞ થયા નહિ. બેનું જ્ઞાન થયું. એ તો સર્વજ્ઞ ન થયા. સર્વજ્ઞ તો ત્રણ કાળમાં ત્રણ કાળનું જ્ઞાન એને સર્વજ્ઞ કહીએ. તો જે ભૂતકાળમાં વસ્તુ નહોતી તો એનું જ્ઞાન એને હોય નહિ. તો ત્રિકાળી જ્ઞાન થયું નહિ. તો ચૈતન્યનો પ્રકાશમાં એ સહજ પ્રકાશ હોવાથી તે મહાન છે. ત્રણ કાળ, ત્રણ લોકને જાણે માટે ચૈતન્યના પ્રકાશથી તે મહાન પ્રભુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

નહિતર તો .. સમયસારમાં. ઓલા ..વાળા આવે છેને? કલકત્તાથી નથી આવતા? કલ્યાણમાં.. સુમેરો. શેખચંદજી. સુમેરુ. એને આ પ્રશ્ન ઉઠ્યો હતો. એના બૈરાને આ પ્રશ્ન

થયો હતો. એના બૈરાને થયો હતો. કે સર્વજ્ઞ જો કહો તો પહેલી ચીજ અનાદિથી હતી તેને જાણે. નહોતી અને કરી એ તો જાણે એ તો ભૂતકાળનું જાણવું રહ્યું નહિ. ભૂતકાળની ચીજ રહી નહિ. એના બૈરાને પ્રશ્ન થયો હતો. અહીં આવ્યા હતા નહિ? ... એ તો આત્માને ચૈતન્યનો પ્રકાશ સર્વજ્ઞ કહો, સર્વજ્ઞ. પરમેશ્વરને. તો સર્વજ્ઞમાં ભૂતકાળ, વર્તમાન, ભવિષ્ય ત્રણ કાળને જાણે. તો ભૂતકાળમાં વસ્તુ હોય એને જાણે કે ન હોય એને જાણે? નહોતી અને બનાવી. તો તો ભૂતકાળનું જ્ઞાન એને છે નહિ. તો ત્રિકાળી જ્ઞાન થયું નહિ. એ પરમેશ્વર જ ન કહેવાય કહે. સમજાણું કાંઈ? અને એવા પરમેશ્વરને માને એ પરમેશ્વરને માનનારો જૂઠો છે. આહા..હા..!

મુમુક્ષુ :- લોજિક છે.

ઉત્તર :- ન્યાય છે કે નહિ? એનો પ્રશ્ન હતો ઘણા વર્ષ પહેલા. શેઠિયા પાસે ... તર્ક ઉઠ્યા હતા બધા. ભાઈ! એકપણ આત્માને તમે સર્વજ્ઞ કહેશો. સર્વજ્ઞ. સર્વને જાણનાર. સર્વને જાણનાર કહેતા. ભૂતકાળને, વર્તમાનને, ભવિષ્યને. ભૂતકાળ તો થોડો રહ્યો. કારણ કે વસ્તુ તો નહોતી. પોતે એકલા હતા. અને ભૂતકાળમાં બીજું જાણવાની સર્વ શક્તિ તો રહી નહિ. સમજાણું કાંઈ? વર્તમાન હજી બન્યું ત્યારે એણે જાણ્યું. બન્યું ત્યારે જાણ્યું. એમ એ અજ્ઞાન થયું. ભવિષ્યનું રહ્યું. ભૂતકાળનું રહ્યું નહિ એને. માટે સર્વજ્ઞ એને કહી શકાય નહિ. જે કાંઈ કર્તા બને સર્વજ્ઞ રહી શકે નહિ અને સર્વજ્ઞ હોય એ કર્તા બની શકે નહિ. આહા..હા..! શું થાય? મોટી ભૂલ છે ...માં. સમજાણું કાંઈ? એય..!

તેથી આ કહ્યું '**સહજ ચૈતન્યમયપ્રકાશ...**' પોતાને કારણે હોં! '**સહજ આનંદ અને સહજ ચૈતન્યમયપ્રકાશ હોવાથી...**' એમ. આવા હોવાથી એમ છેને? '**सहजानन्दचैतन्यप्रकाशाय महीयसे।**' એને કારણે પરમાત્મા મહાન-મોટા કહેવામાં આવે છે. ..ભાઈ! કહો. '**અને અનેકાંતમાં સ્થિત જેનો મહિમા છે,...**' હવે જુઓ ખુલાસો કર્યો. પોતાપણે છે અને પરપણે નથી. પરનું જ્ઞાન છે ત્રણ કાળનું, પણ પરપણે નથી. સ્વપણે છે અને પરપણે નથી. એટલે પરવસ્તુ સિદ્ધ થઈ ગઈ. સમજાણું કાંઈ? આત્મા સિવાય અનંત આત્માઓ, અનંત પરમાણુઓ બધું છે, પણ તેનું પ્રકાશમય જ્ઞાન પોતાનું છે. પણ તેમાં એ નથી અને આત્મામાં એ ચીજ છે નહિ. સમજાણું કાંઈ? સર્વને જાણે. એમ કીધુંને? '**સહજ ચૈતન્યપ્રકાશમય...**' તો એવા પ્રકાશમાં બીજી ચીજો ભૂતકાળની, વર્તમાનની, ભવિષ્યની, બીજા જડ, આત્મા એને બધું જાણે પોતાના પ્રકાશમાં. પોતે પોતાને જાણે એમાં જણાય જાય. પણ છે કેવો ત્યારે હવે ઈ? અનેકાંતમાં સ્થિત છે એ તો. સ્વરૂપમાં સ્થિત છે અને પરમાં સ્થિત નથી. એ એની મહિમા અને... જુઓ '**એવો જેનો મહિમા છે,...**' આહા..હા..! વાહ રે વાહ!

ત્યા '**महिम्ने**' શબ્દ લેશેને? '**नमोऽनेकान्तविश्रान्तमहिम्ने परमात्मने।**' આહા..હા..! જુઓ આ મંગળિકમાં આ કરે છે. પરમેશ્વર પરમાત્મા આવા હોય. આ સિવાય બીજી રીતે

કલ્પે તો એ પરમાત્માને અને આત્માને જાણતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ભાઈ! વનવાસી સંતોએ થોડા શબ્દમાં—ગાગરમાં સાગર ભરી દીધો છે. સાગર ભરી દીધો છે ગાગરમાં. '**અને અનેકાંતમાં સ્થિત...**' અનેક ધર્મમાં સ્થિત. પોતાપણે અસ્તિ, પરપણે નાસ્તિ, શાંતિપણે અસ્તિ, આકુળતાપણે નાસ્તિ, ચૈતન્યપણે અસ્તિ, બીજા ચૈતન્યપણે નાસ્તિ, ચૈતન્યપણે અસ્તિ, બીજા જડપણે નાસ્તિ. એવા અનંત ધર્મ જે અનંત ગુણ અસ્તિ-નાસ્તિ આદિના છે. એ અનેકાંતમાં સ્થિત જેનો મહિમા છે. એ જ એની મહિમા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે. શુદ્ધ કહ્યું. બીજા છે. જાણ્યું એમાં તો આવી ગયું પહેલું ... શબ્દ નહોતો વાપર્યો. સમજાણું કાંઈ? અનેકાંતમય-અનંક ધર્મવાળો. સ્વપણે છે, પરપણે નથી. ત્રણ કાળ, ત્રણ લોક જગતના પદાર્થપણે આ આત્મા પરમાત્મા નથી. અને એ ત્રણ લોક ને ત્રણ કાળ પરમાત્માને લઈને નથી. આહા..હા..! વસ્તુ તો જુઓ, આવી વસ્તુ ન હોય તો કોઈ રીતે વસ્તુ સ્થિત થતી નથી. જ્ઞાન જ સાબિત થતું નથી ત્રણ કાળમાં આત્માનું જ્ઞાન. આહા..હા..! અજ્ઞાનીને અનાદિથી મોટી ભ્રમણા છે. એ ભ્રમણાને સમજાવે છે અહીંયાં. મંગળિક કરતા જ ઉપાડ્યું. આહા..હા..! મંગ નામ પવિત્રતાની પ્રાપ્તિ. અને પાપનું ગળવું-નાશ. એવો જે મંગળિક ભાવ. આવા પરમાત્માને જો શ્રદ્ધામાં લે એને પાપ ગળે અને પવિત્રતાની પ્રાપ્તિ થાય. સમજાણું કાંઈ? '**અનેકાંતમાં સ્થિત જેનો મહિમા છે, તે પરમાત્માને નમસ્કાર હો.**' એને હું નમન કરું છું. એ સિવાય પરમાત્માનું બીજું સ્વરૂપ કહેતા હોય એને હું નમન કરતો નથી. એટલે કે એ પરમાત્મા એવા હોઈ શકતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ મંગળિક કર્યું મંગળિક.

બીજો શ્લોક. '(**હવે ટીકાકાર આચાર્યદેવ શ્લોક દ્વારા જિનવાણીની સ્તુતિ કરે છે :**)' પહેલી દેવની વાત કરી. દેવને ... હવે વાણીને. પોતે કહે છે. ..

**दुर्निवारनयानीकविरोधध्वंसनौषधिः।**
**स्यात्कारजीविता जीयाज्जैनी सिद्धान्तपद्धतिः।।२।।**
**सम्यग्ज्ञानामलज्योतिर्जननी द्विनयाश्रया।**
**अथातः समयव्याख्या संक्षेपेणाऽभिधीयते।।३।।**

બીજો અને ત્રીજો શ્લોક છે. પછી આવશે પાછળ એ.

ટીકાકાર કહે '**શ્લોકાર્થ :- સ્યાત્કાર જેનું જીવન છે...**' પહેલેથી જુઓ. વીતરાગદેવની સિદ્ધાંત પદ્ધતિનો જીવન સ્યાત્ છે. કથંચિત્ કોઈ અપેક્ષાએ કહેવું. એટલે કે આત્મા દ્રવ્યે-વસ્તુએ નિત્ય છે, પર્યાયે અનિત્ય છે એમ કહેવું, પણ આત્મા એકાંત નિત્ય જ છે એ વસ્તુનું સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- હોય એમ કહેવું કે ન હોય એમ કહેવું?

ઉત્તર :- હોય એમ કહેવું છેને. કે અનિત્ય-નિત્ય બેય છે. કારણ કે નિત્ય છે એ ધ્રુવ છે અને અનિત્ય છે તેનું પરિણમન બદલે છે. બદલવું જો ન હોય તો વસ્તુમાં શુદ્ધતા આવીને અશુદ્ધતા ટળી શકે નહિ. નિત્ય કૂટસ્થ જો હોય તો આત્માના આનંદનો અનુભવ કૂટસ્થમાં હોઈ શકે નહિ. દુઃખનો નાશ અને આનંદની પ્રાપ્તિ એ તો પરિણમન હોય તો થાય, બદલતો હોય તો થાય, પણ એકલો ધ્રુવ હોય તો દુઃખનો નાશ અને એના સ્થાનમાં આનંદની પ્રાપ્તિ એ પરિણમનનું બદલવું અનિત્યતા ન હોય તો બની શકે નહિ. ન્યાય સમજાય છે કાંઈ? આમ તો માણસને કહે કે .. અમે સમજીએ, પણ સમજવની શૈલી બહુ ઝીણી છે. એય..! શાંતિભાઈ! ભજન-બજન બનાવે છેને એ પણ? કોક કહેતું હતુંને આ .. આ કહે નહિ? ... વઢવાણમાં. ત્યારે કહ્યું કે ...જ્ઞાન જાણે. ભલે પછી ઠોઠ નિશાળિયા કહેવાય, પણ .. કહેવાયને? કવિ કાગ છેને દુલા? અત્યારે અહીં છે. ...માં છે. આહા..હા..!

કહે છે '**સ્યાત્કાર જેનું જીવન છે...**' કોનું? વાણીનું. સિદ્ધાંત. શાસ્ત્રના વચનોમાં સ્યાત્કાર છે. આત્મા દ્રવ્યે, વસ્તુએ નિત્ય છે, પર્યાયે... આવે છેને ઓલામાં? 'આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય. બાળાદિ વય ત્રણનું જ્ઞાન એકને થાય.' એક જ રૂપ રહેતો હોય તો એને સમજીને અશુદ્ધતા ટાળવી અને પવિત્રતા પ્રગટ કરવી એવું પરિણમન અનિત્ય ન હોય તો બની શકે નહિ અને નિત્ય ન હોય તો એમાંથી પરિણમ્યો કોને આધારે? બદલે છે કોને આધારે? એ પણ રહેતું નથી. ભારે ઝીણું!

વીતરાગની વાણી. '**એવી જૈની (-જિનભગવાનની) સિદ્ધાંતપદ્ધતિ—**' કહે છે જુઓ, '**જિનદેવની સિદ્ધાંતપદ્ધતિનું જીવન છે.**' ''**સ્યાત્'પદ જિનદેવની સિદ્ધાંતપદ્ધતિનું જીવન છે. (સ્યાત્ = કથંચિત્; કોઈ અપેક્ષાથી; કોઈ પ્રકારે.)**' ભગવાન આત્મા સંસારમાં રહ્યો શુદ્ધ છે. એ કઈ અપેક્ષાએ? કે ધ્રુવ દ્રવ્યની અપેક્ષાએ. પર્યાય અપેક્ષાએ અશુદ્ધ છે. જો અશુદ્ધ ન હોય તો દુઃખ ન હોય અને દુઃખ ન હોય તો એને કાંઈ સમજવાનું રહેતું નથી. સમજવું છે અને અણસમજણ ટાળવી છે. એવી એની દશામાં પરિણમન અનિત્યનું ન હોય તો આ થતું નથી. સમજાણું કાંઈ? એટલે જિનવાણીનું જીવન સ્યાત્ અપેક્ષાએ કહેવું તે જીવન છે. તો જ વાણીનું વાણીપણું છે. જીવન એટલે એ. નહિતર વીતરાગની વાણી ન હોય એ વાણી સાચી નથી. આહા..હા..! વાતમાં આનંદ છે, આનંદ છે. પણ આનંદ કઈ રીતે છે? વર્તમાન દશામાં આનંદ છે? કે દશામાં આનંદ હોય તો કરવાનું એને રહે શું? સમજાણું કાંઈ? આનંદ તો એનો સ્વભાવ ત્રિકાળી ધ્રુવ આનંદ ધ્રુવ સ્વરૂપ છે, પણ એ જિનવાણી એને ધ્રુવસ્વરૂપે આનંદ કહે છે અને પર્યાયમાં એને દુઃખ છે એમ જિનવાણી કહે છે. સમજાણું કાંઈ?

જો આ રીતે વાણીનું જીવનપણું ન હોય તો કોઈ રીતે વસ્તુ નિત્ય-અનિત્ય સિદ્ધ થતી નથી. અને નિત્ય-અનિત્ય સિદ્ધ થયા વિના કાયમ રહેનારું અને બદલવું, કાર્ય થવું એ સંભવતું

નથી. પરિણમે નહિ તો કાર્ય ન થાય. અને એકલો પરિણમન રહે તો પરિણમન કોને આધારે થાય? તો ધ્રુવ ન રહે. અરે..! ભારે વાત ભાઈ! ગિરધરભાઈ! આ બધું સમજવું પડશે હોં. વેપારી જાણે કે અમે તો વેપારી અમારે બહુ સમજવું નહિ. એ વકીલો સમજે. એમ હશે? એ તો વેપારી કહે કે આપણે બહુ સમજવું નહિ. વેપાર કરનારા. ચંદુભાઈ! લ્યો એ તો જજ છે. જજ અને બુદ્ધિવાળા સમજે કહે. પણ બુદ્ધિવાળા જ છે બધાય. આત્મા જ્ઞાનસ્વરૂપ કેવળજ્ઞાનનો કંદ છે. એની પર્યાયમાં, અવસ્થામાં ભાન નથી એને. ભાન નથી તો એ ભાનને ટાળવા માટે, અભાન ટાળવા માટે ભાન કરવાની વાત છે. કહે છે કે જિનવાણીમાં એ જીવન છે કે એના ટાળવાનું બતાવે અને નિત્ય છે એવું પણ એને બતાવે. ટાળવાનું ક્યારે બતાવી શકાય? કે એમાં પલટવાની પર્યાયનો અનિત્ય ધર્મ હોય તો. અનિત્ય ધર્મ ન હોય તો નિત્ય જ હોય તો પલટવું બની શકતું નથી. સમજાણું કાંઈ?

**'સ્યાત્કાર જેનું જીવન છે...'** આહા..હા..! **'સિદ્ધાંતપદ્ધતિનું જીવન છે.'** સિદ્ધાંત વાણીનું પણ એવું જીવન. ..ભાઈ! વાહ! નહિતર વાણી સાબિત થતી નથી. વાચ્ય જે પદાર્થ છે એવો જ વાચકમાં એ જાતનો ભાવ હોય તો તે વાચકતત્ત્વ સાચું કહેવાય. વસ્તુમાં છે એનાથી વિરુદ્ધ વાચક હોય તો વાચક ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? વસ્તુ જ એવી છે કે ભગવાન આત્મા કે પરમાણુ હોય રજકણ, પોઈન્ટ, દરેક વસ્તુથી નિત્ય રહે અને અવસ્થાથી, હાલતથી બદલે. બદલવાનો એનો ધર્મ છે અને ટકવાનો પણ બેય એનો ધર્મ છે. આહા..હા..! એક સાથે છે. એવું કહેનાર જે વાણી છે તે વાણીની પદ્ધતિ આ સ્યાત્કારની છે. કથંચિત્ નિત્ય છે, કથંચિત્ અનિત્ય છે, કથંચિત્ શુદ્ધ છે વસ્તુએ. સંસારની અપેક્ષાએ અશુદ્ધતા દુઃખ છે દશામાં. જો દુઃખ ન હોય તો દુઃખને ટાળી અને આનંદ અંદર છે એ પ્રગટ કરવો એ રહેતો નથી. સમજાણું કાંઈ?

**'એવી જૈની (-જિનભગવાનની) સિદ્ધાંતપદ્ધતિ—કે જે દુર્નિવાર નયસમૂહના વિરોધનો નાશ કરનારી ઔષધિ છે...'** **'નિવારવો મુશ્કેલ; ટાળવો મુશ્કેલ'** છે નયસમૂહનો વિરોધ. નહિતર વિરોધ ટળી શકે નહિ. જુઓ, આત્મા... આત્મા નિત્ય નથી? અનિત્ય છે? આ સાંભળો વધારે. બે હજારની સાલમાં એક બાવો આવ્યો હતો. એમ કે મહારાજ જૈનના છે અને આત્માની વાત કરે છે. ચાલો સાંભળવા જઈએ. રાતે. એમાં રાતે ચર્ચા નીકળતા-નીકળતા. ઓલો રોશનીમાં બેઠો હતો ..લાલ. જુઓ, વસ્તુ દરેક છે એ કાયમ રહેનારી પણ છે અને બદલે છે. બદલતી ન હોય તો એમાં કાર્ય ન થાય. હેં! આત્મા અનિત્ય! ભાગો. એવું થયું હતું ત્યાં વાંકાનેરના ઉતારામાં. સમજાણું કાંઈ? એ વસ્તુની આખી એવી ગડબડ કરી છેને લોકોએ. ત્યારે કહે જુઓ, આત્યંતિક દુઃખથી મુક્ત થાવું. ત્યારે દુઃખ છેને? દુઃખ છેને? દુઃખની અસ્તિ છેને? દુઃખની અસ્તિ છે તે શી રીતે છે? એ પર્યાયમાં દુઃખની અસ્તિ છે, અવસ્થામાં કે ત્રિકાળમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ વસ્તુની ખબર નથી એને ધર્મ થઈ શકે નહિ. જે રીતે વસ્તુ છે તે રીતે તેનું જ્ઞાન ન થાય તો તે વસ્તુ સત્‌નો સ્વીકાર થયા વિના એને સત્‌નો લાભ મળી શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કરોડોપતિ હોય એને એમ કહે કે ભિખારી છો. જવાબ આપશે? એમ આત્મામાં જે રીતે સત્‌પણું ત્રિકાળપણું છે અને પર્યાયે બદલવું છે. ત્રિકાળી આનંદ છે અને પર્યાયમાં દુઃખ છે—એ રીતે છે. એ રીતે છે એમ જ્યાં સુધી બરાબર નહિ જાણે. ત્યાં સુધી એને આત્માનો જવાબ સાચો મળશે નહિ. કે તત્ત્વની સાચી શ્રદ્ધા થાશે નહિ. સમજાણું કાંઈ? જ્યાં શ્રદ્ધામાં જ ભૂલ છે એને આત્માનો અનુભવ થાય નહિ એમ કહે છે.

એ '**દુર્નિવાર નયસમૂહના વિરોધનો નાશ કરનારી...**' જુઓ, અસ્તિ કહેવું, વળી એને જ નાસ્તિ કહેવું. આત્મા છે? કે હા. આત્મા નથી? કે હા. હવે આ શું વળી? છે અને નથી? કે છે એ પોતા વડે અને નથી એ પરને લઈને નથી. એવી અપેક્ષાના કથન વસ્તુને સિદ્ધ કરે છે. એ અપેક્ષા ન સમજે એને એ વસ્તુની સિદ્ધિ થતી નથી. કહો, સમજાણું કાંઈ? ઘણા વર્ષ પહેલા એક આચાર્ય હતાને? કેવા હતા? એક ફેરી ઘણા વર્ષની વાત. ૯૨ની સાલ હશે ઘણું કરીને. ... અમે ગયા હતા. પછી રસ્તામાં આવેને સાથે-સાથે આવે. અમારે ત્યાં જવું અને એને ઓલામાં જવું. કે જૈન અજીવ છે પણ ખરો અને અજીવ નથી પણ, એમ કહે છે. પણ શી રીતે છે નથી? એક અપેક્ષાથી છે બસ ઈ. અજીવ એ છે. .. છે પણ ખરો અને નથી પણ ખરો. એટલે શું પણ કીધું?

અજીવ પોતાની અપેક્ષાએ, આત્માની અપેક્ષાએ નથી. પણ અજીવ અજીવની અપેક્ષાએ છે. એમ વાત છે. એ ઓલા વાંચેલું હોયને બહુ એટલે જરી ..ચંદ્રકાંત.. જુવાન હતા. આચાર્ય હતા. અહીં .. આ ૯૨ની વાત છે. ૯૨ની જેઠ સુદ પાંચમ. ત્યાં ગયા હતાને ઉતારે. ત્યાં એના દેરાસર.. વળતા સાથે-સાથે હતા. આ વાત .. થશે. આ દરવાજો છેને એના .. ખૂણે. ત્યાં આગળ. કે અજીવ જડ છે પણ ખરું અને જડ નથી પણ ખરું. એટલે પણ છે ખરું અને નથી ખરું એની વ્યાખ્યા શું? કાંઈ નિર્ણય ખરો? છે ખરું એટલે પોતે જડ જડપણે છે, પણ આત્માપણે જડ નથી. એટલે જડ છે અને નથી એ આમ છે અને નથી કહેવાય. પણ જડ છે પણ ખરો અને જડ માનો તો છે અને ન માનો તો નથી એમ છે કાંઈ? સમજાણું કાંઈ? મોટો ગોટો છે એમાં આખા તત્ત્વનો.

કહે છે '**દુર્નિવાર નયમસમૂહના વિરોધનો...**' પાછો વિરોધ કીધોને? '**દરેક વસ્તુ નિત્યત્વ, અનિત્યત્વ વગેરે અનેક અંતમય** (ધર્મમય) **છે.**' છેને નીચે? '**વસ્તુની સર્વથા નિત્યતા તેમ જ સર્વથા અનિત્યતા માનવામાં પૂરેપૂરો વિરોધ આવતો હોવા છતાં, કથંચિત્** (**અર્થાત્ દ્રવ્ય અપેક્ષાએ**) **નિત્યતા અને કથંચિત્** (**અર્થાત્ પર્યાય-અપેક્ષાએ**)

**અનિત્યતા માનવામાં જરા પણ વિરોધ આવતો નથી એમ જિનવાણી સ્પષ્ટ સમજાવે છે.'** મંગળીક શરૂઆત કરે છે. **'આ રીતે જિનભગવાનની વાણી સ્યાદ્વાદ વડે (અપેક્ષાકથનથી) વસ્તુનું પરમ યથાર્થ નિરૂપણ કરીને,...'** વસ્તુનું પરમ યથાર્થ નિરૂપણ કરીને. **'નિત્યત્વ-અનિત્યત્વાદિ ધર્મોમાં (અને તે તે ધર્મ બતાવનારા નયોમાં) અવિરોધ (સુમેળ)...'** લ્યો! જયકુમારજી! સુમેળ કરે છે. **'અબાધિતપણે સિદ્ધ કરે છે અને ધર્મો વિના વસ્તુની નિષ્પત્તિ જ ન હોઈ શકે એમ નિર્બાધપણે સ્થાપે છે.'** આ બધું વાંચે તો સમજાય એવું છે. અદ્ધરને અદ્ધરથી પકડાય એવું નથી આ. ઉપરથી મારે ગપ્પા. .. અંદર થોડુંઘણું સાંભળવાથી જાણે... હા પણ બધા પર્યાયમાં .. જ્યાં ત્યાં સ્થાપે. બીજામાં ભળે, બીજામાં ભળે, જ્યાં હોય ત્યાં બધા રજનીશમાં ભળે. હમણા આવ્યા છે ત્યાં. આવ્યા છેને ત્યાં? હવે નથી જતા? ઠીક. લ્યો તમારા ... એ એમ કીધું. આહા..હા..! એ કહે કે બધા જ્યાં મોઢા આગળ માન મળે ત્યાં જાય.

મુમુક્ષુ :- બધા મોઢા આગળ મૂકે.

ઉત્તર :- મૂકે પણ ઈ માન માટે જાય. મૂકે તો એટલે શું કરવા જાતા હશે ખોટામાં? બોકડા કપાતા હોય ત્યાં .. માનનારા એમ જાતા હશે ત્યાં? એમ આ પણ જ્યાં તત્ત્વનો વિરોધ સાબિત કરતા હોય ત્યાં બોકડા કપાય છે. આત્માની હિંસા થાય છે. એવા તત્ત્વની મુખ્યતા થઈને માનવું એ વાત સાચી નથી, સારી નથી એમ એટલે સાચી નથી એમ. કહો, સમજાણું? એય..! ગિરધરભાઈ! ભાઈ વાત થાય તો બધી આવે.

જુઓ, શું કીધું? **'દુર્નિવાર નયસમૂહ...'** નિત્ય અને અનિત્ય. હવે એનો નિવેડો શી રીતે કરવો કહે છે. તો એ **'વિરોધનો નાશ કરનારી ઔષધિ છે...'** આ ઔષધિ છે. આત્મા એક છે, વસ્તુ પણ એક છે. તો એ જ એક છે તે અનેક છે. આ માળે ભારે વિરોધ આ તો. કઈ રીતે અનેક છે? એમાં અનંતી શક્તિઓ જ્ઞાન, દર્શન, આનંદ અને એવી દશા અનેક છે તે અપેક્ષાએ અનેક છે. વસ્તુ તરીકે એક છે. એની એ ચીજ એક છે અને એની એ ચીજ અનેક છે, અપેક્ષાફેરે. સમજાણું કાંઈ? એવા એક અને અનેકનો વિરોધ મટાડનાર કથંચિત્ અપેક્ષાએ કહીને વિરોધ મટાડી દે છે તે જિનવાણીને યથાર્થ વાણી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લ્યો! **'વિરોધનો નાશ કરનારી ઔષધિ છે તે—જયવંત હો.'** લ્યો! એ વાણી જયવંત હો એમ કીધું. એય..! વીતરાગવાણી સર્વજ્ઞની પરમાત્માના મુખથી નીકળેલી, આવું સ્વરૂપને બતાવનારી જયવંત છે. એમ કરીને મંગળિક કર્યું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



: પ્રકાશક :
**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
વિલે પાર્લા, મુંબઈ.
www.vitragvani.com